૧૯૮૧

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ જાન્યુઆરી, ૧૯૮૧, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

આપણી ફરજ

દેશની દિવસે દિવસે વધારે વણસતી જતી પરિસ્થિતિથી સૌને ભારે બેચેની અને ચિંતા થાય છે. વણસતી પરિસ્થિતિનું વર્ણન કરવું સહેલું છે, તેનાં કારણો શોધવાં પણ અઘરાં નથી, પણ કોઈને તેનો ઉપાય કે માર્ગ સૂઝતો નથી. કેટલાક લોકો એવા હતાશ થઈને બેઠા છે અને એમ માને છે કે બધું ખાડે જવાનું છે, આપણે અટકાવી શકવાના નથી, છેવટ અરાજકતા થશે અથવા હિંસક બળવો થશે. કેટલાક એમ માને છે કે આ પરિસ્થિતિ સુધારી શકાય તેવી નથી, માટે ઈરાદાપૂર્વક તેને વધારે ખરાબ કરવી અને જેમ બને તેમ વહેલી એવી પરિસ્થિતિ લાવવી કે, અંધાધૂંધી થાય. આવા લોકો માને છે કે એક વખત આવી અંધાધૂંધી થશે પછી જ તેનો કોઈ માર્ગ કે ઉપાય સૂઝશે. નવી નેતાગીરી જાગશે અને નવસર્જન થશે. શ્રીમતી ઈન્દિરા ગાંધીના એક વર્ષના નવા શાસનની નિષ્ફળતા સૌ કોઈ સ્વીકારે છે. ઈન્દિરા ગાંધી વિરોધ પક્ષોનો દોષ કાઢે છે. કૉંગ્રેસ મહાસમિતિમાં તેમણે કહ્યું કે જનતા પક્ષો આટલું બધું બગાડી નાખ્યું છે તેની મને કલ્પના ન હતી, મારી પાસે જાદુઈ લાકડી નથી, પરિસ્થિતિ સુધારતાં વાર લાગશે. એક રીતે આ નિષ્ફળતાનો એકરાર છે. પરિસ્થિતિ વિકટ છે જ અને કેટલાંક કારણો ઈન્દિરા ગાંધીના કાબૂ બહારનાં છે તે સ્વીકારીએ તો પણ એટલું કહેવું જોઈએ કે જે પગલાં લેવા જોઈએ અને લઈ શકાતાં હતાં તે લીધાં નથી અથવા લેવાની હિંમત કે તાકાત હવે રહી નથી, તે વાત હવે સ્પષ્ટ છે. ઈન્દિરા ગાંધી વિશે એવી છાપ છે કે વિકટ પરિસ્થિતિ હોય ત્યારે જ તેમનું ખમીર દેખાઈ આવે છે અને તેઓ ઝબકી ઊઠે છે. આ એક વર્ષના શાસને આ માન્યતા ખોટી પાડી છે. ઈન્દિરા ગાંધી ના આ શાસનકાળ વિષે 'ઈલસ્ટ્રેટેડ વિકલી'ના તંત્રી શ્રી કામઠે તેના છેલ્લા અંકમાં લખ્યું છે તે નોંધવા જેવું છે. તેઓ કહે છે.

The Prime Minister believes that she is providing a government that works. Apparently, she has not been reading the papers. During the Janata regime, we were treated to a show of indicipline and disunity among Janata leaders that was hilarious but not damaging. Under the Congress (I) regime, there have been more police shootings, more murders, more agitations, more hikes in prices of essential commodities and more destructive strikes than probably at any other comparable period in history.

Mrs. Gandhi's tendency is to blame the Opposition. How long is this *tamasha* to last? There is no Opposition now and certainly it is not the Opposition that is responsibible for the country's slide down. And did Mrs Gandhi, in opposition, do any better? Her minions were raiding courts, destroying legal papers and otherwise creating all sorts of trouble and if the chicken are coming home to roost, she has none to blame but herself. If she and her partymen had shown some sense of responsibility when they were in the wilderness, they would have been in a better position to criticise the Opposition today. The fact of the matter is that the Congress (I) has no sense of direction. And blaming the Press, the Judiciary and the Opposition is not accepting responsibility. Mrs. Gandhi divides people. She should bring them together.

'વડા પ્રધાન માને છે કે તેઓ કામ કરતી સરકાર પૂરી પાડી રહ્યાં છે. દેખીતું જ છે કે, તેઓ અખબારો વાંચતાં જણાતાં નથી. જનતા શાસન દરમિયાન પક્ષના આગેવાનો વચ્ચે અશિસ્ત અને અનૈક્યનો ખેલ આપણને માણવા મળ્યો, એ હાસ્યાસ્પદ હતો, પણ હાનિકારક નહિ. ઈન્દિરા કૉંગ્રેસના શાસન હેઠળ ઈતિહાસમાં એવા કોઈ સરખામણીપાત્ર ગાળા દરમિયાન સંભવતઃ થયાં હશે તે કરતાં વધુ ગોળીબારો, વધુ ખૂનો, વધુ આંદોલનો, આવશ્યક ચીજવસ્તુઓના વધુ ભાવવધારા અને વધુ વિનાશક હડતાળો નોંધાયાં છે.

'શ્રીમતી ગાંધીનું વલણ વિરોધ પક્ષોને દોષ દેવાનું રહ્યું છે. આવો તમાશો ક્યાં સુધી ચાલશે? અત્યારે વિરોધ પક્ષ જેવું કશું નથી અને દેશની પડતી દશા માટે કોઈ જવાબદાર હોય તો તે વિરોધ પક્ષો તો નથી જ. વળી શ્રીમતી ગાંધી જ્યારે વિરોધ પક્ષે હતાં ત્યારે તેમણે શું સારો દેખાવ કર્યો હતો? તેમના ખુશામતખોરો અદાલતો પર હુમલા કરતા હતા. કાનૂની દસ્તાવેજોનો નાશ કરતા હતા અને બીજી જાતજાતની મુશ્કેલીઓ સર્જતા હતા અને હવે 'વાવ્યું તેવું લણવાનો વખત આવ્યો હોય તો તે માટે પોતાની જાત સિવાય તેઓ બીજા કોઈને દોષ દઈ શકે તેમ નથી. ઈન્દિરા ગાંધી અને તેમના પક્ષના માણસોએ તેઓ જ્યારે વનવાસની સ્થિતિમાં હતા ત્યારે જો થોડીકેય જવાબદારની ભાવના દાખવી હોત તો આજે વિરોધ પક્ષોની ટીકા કરવા માટે તેઓ વધુ સારી સ્થિતિમાં હોત. વાસ્તવિક હકીકત એ છે કે ઈન્દિરા કૉંગ્રેસને આજે કોઈ દિશાસૂઝ નથી. અને અખબારો, ન્યાયતંત્ર અને વિરોધ પક્ષોને દોષ આપવાનો અર્થ એ થાય કે એ પક્ષ જવાબદારી સ્વીકારતો નથી. શ્રીમતી ગાંધી લોકોમાં ભાગલા સર્જી રહ્યાં છે. તેમણે લોકોને સંગઠિત કરવાં ઘટે છે.'

ઈન્દિરા ગાંધી પોતે શું વિચારે છે? પોતાની રીત પ્રમાણે પોતે સીધી રીતે બોલતાં નથી પણ બીજા પાસે બોલાવે છે. સંસદીય લોકશાહી નિષ્ફળ ગઈ છે અને પ્રમુખપદ્ધતિ જ આ પરિસ્થિતિનો એક માત્ર ઉપાય છે. બીજું, ન્યાયતંત્ર દેશના વિકાસ માટે ત્વરિત પગલાં લેવામાં આડખીલી રૂપ છે અને ન્યાયતંત્રની સત્તા ઉપર અંકુશ મૂકવો જોઈએ. પાર્લામેન્ટને સર્વોપરી બનાવવી જોઈએ અને પાર્લામેન્ટે કરેલ કોઈ કાયદાને બિનબંધારણીય જાહેર કરવાની સત્તા ન્યાયતંત્રને હોવી ન જોઈએ. કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં આવા વિચારો જોરશોરથી મૂકાયા અને તે પ્રચાર ચાલુ છે, અન્તુલે, પોતાના વતી જ બોલે છે, એમ માનવાને કારણ નથી.

સંસદીય લોકશાહી કે પ્રમુખપદ્ધતિના ગુણદોષની ચર્ચામાં અહીં હું ઉતરતો નથી. ન્યાયતંત્ર દેશના વિકાસમાં બાધક છે કે નહિ તેની ચર્ચામાં પણ અત્યારે ઉતરતો નથી. પણ મુદ્દો એ છે કે આ પરિસ્થિતિને પહોંચીવળવા ઈન્દિરા ગાંધીને એ એક જ ઉપાય સૂઝે છે કે સરકારને એટલે કે અત્યારે તેમને અમર્યાદ સત્તા જોઈએ. એવી વ્યાપક સત્તા વિના વર્તમાન પરિસ્થિતિને તે પોતે પહોંચી નહિ શકે એવો ગર્ભિત એકરાર કરે છે. લોકોનો વધારે સંપર્ક સાધવો, લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરવો, લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચારને ડામવો, સૌનો સહકાર મેળવવા પ્રયત્ન કરવો, પોતાની આસપાસ વીંટળાએલ નબળા અને સ્વાર્થી માણસોને છોડી પ્રામાણિક કુશળ અને ન્યાય બુદ્ધિવાળા માણસોને તંત્રમાં લેવા, આર્થિક ક્ષેત્રે વધતી જતી ભયંકર અસમાનતા દૂર કરવી અને સ્થાપિત હિતોને તોડવાં, પોતાના દાખલાથી લોકોમાં ત્યાગની અને નિઃસ્વાર્થતાની ભાવનાને પેદા કરવી, નૈતિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરવી, એવી કોઈ વિચારણા કરતા હોય તેમ જણાતું નથી. ટૂંકમાં વર્તમાન પરિસ્થિતિનાં કારણો દૂર કરવાનો વિચાર કરવાને બદલે, તેને દાબી દેવાં અને પોતે સત્તા ભોગવવી એવા વિચારો જ કરતાં જણાય છે. ઈન્દિરા ગાંધી લોકોથી દૂર જાય છે. લોકશાહીમાં લોકસંપર્ક અને લોકોનો વિશ્વાસ પાયાની વસ્તુ છે. તે હોય તો જ સત્તાનો ઉપયોગ ફળદાયી થાય છે, નહિ તો વિરોધ વધે છે.

વિરોધ પક્ષો - જે કાંઈ છે તે-બળતામાં ઘી હોમે છે. વિરોધ કરવા સિવાય તેમની પાસે કોઈ રચનાત્મક નીતિ નથી. વિધાનસભા કે પાર્લામેન્ટમાં ધાંધલધમાલ કરવી, સભાત્યાગ કરવો, મોરચા કાઢવા, તેટલું જ કરે છે. લોકોના અસંતોષનો લાભ ઉઠાવી અશાંતિ વધારવી એ જ તેમનો ધંધો છે. તેમને પણ લોકસંપર્ક નથી. લોકોને તેમના ઉપર વિશ્વાસ નથી. ઈન્દિરા ગાંધીને કે કોંગ્રેસ (આઈ) ને હટાવી રાજ્ય ચલાવવાની તેમની તાકાત નથી. લોકશાહી અને નાગરિક સ્વાતંત્ર્યની માત્ર વાતો જ કરે છે. ભારતીય જનતા પક્ષ ગાંધીવાદી સમાજવાદની વાતો કરે તે કેટલી હાસ્યાસ્પદ છે?

આ સંજોગોમાં લોકો શું કરે? સબળ નેતૃત્વ વિના લોકો અસરકારક પરિણામ લાવી શકતા નથી. આડાઅવળા દોરવાઈ જાય છે અને વખારે સહન કરવું પડે છે. આવું નેતૃત્વ ન મળે ત્યાં સુધી, સમજદાર અને પ્રમાણિક વ્યક્તિઓએ, પોતપોતાનાં નાના મોટા ક્ષેત્રમાં નિઃસ્વાર્થતાથી, નિડરપણે, પોતાના વિચારો રજૂ કરવા અને લોકોને સાચું માર્ગદર્શન આપવું, લોકસંપર્ક વધારવો અને લોકોને સંગઠિત કરવા. ઉશ્કેરણી કરવાથી આ કામ થાય તેમ નથી. વાતાવરણમાં ખૂબ હિંસા ભરી છે ત્યારે હિંસાને ઉત્તેજન મળે એવું કાંઈ જ ન કરવું. અત્યારે દરેક વર્ગ પોતાના સ્વાર્થનો જ વિચાર કરે છે. એવા વર્ગહિતોને ઉશ્કેરવાથી સંઘર્ષ વધવાનો. અસામાજિક તત્ત્વોનું જોર બહુ વધ્યું છે, વધતું જાય છે. પોલીસના રક્ષણની હવે બહુ આશા રાખવા જેવું નથી. આપણે એક વિષચક્રમાં પડયા છીએ. તેમાંથી બહાર નીકળવા, કોઈએ ત્યાગની ભાવનાથી પહેલ કરવી પડશે. વિનોબાજીએ આચાર્યકુળ અને શાન્તિ-સેનાના વિચારો આપ્યા છે. તેને અમલી બનાવવાનું કામ વિનોબાજી કરી શકે તેમ નથી. સર્વોદયના આગેવાનો અને કાર્યકર્તાઓ, લોકોમાં દટાઈ જવા તૈયાર હોય તો ક્રાંતિક કરી શકે. બીજાઓ પણ જે સાચા સેવાભાવી હોય તે પોતપોતાના ક્ષેત્રમાં થોડું ઘણું કામ કરી શકે.

આ દૃષ્ટિએ વિચારતા અત્યારે દેશના જુદા જુદા ભાગમાં જે બની રહ્યું છે તેનો જુદી રીતે જ વિચાર કરવો પડે. ખેડૂત આંદોલનો અને મોરચાઓ એક નવો પ્રવાહ છે. ખેડૂતોને ન્યાય મળવો જોઈએ તે વિષે બે મત ન હોય, પણ અત્યારે જે રીતે આંદોલન થઈ રહ્યું છે, તેમાં ખેડૂતોને અને સમગ્ર પ્રજાને હાનિ થવા સંભવ છે. ગામડાં વિરુદ્ધ શહેરો, ખેડૂત વિરુદ્ધ ઉદ્યોગ કે વેપારી, એવું વલણ હિતકારી નથી. શરદ જોષીએ નવો નાદ શરૂ કર્યો છે. ભારત વિરુદ્ધ ઈન્ડિયા. શરદ પવાર અને યશવંતરાવ ચવ્હાણ રાજકીય હેતુથી કૂદી પડયા. તામિલનાડુમાં, ગામડાઓમાંથી જીવન જરૂરિયાતની વસ્તુઓ શહેરમાં જતી અટકાવવાની હાકલ થઈ છે. આ આંદોલન મોટેભાગે મોટા ખેડૂતોના હિતમાં હોય તેવું લાગે. નાના ખેડૂતો અને ખેતમજૂરોની અવગણના છે. તેથી વસંતદાદા પાટિલ જેવા આ આંદોલનને ટેકો આપે છે, સુગર લોબીને મજબૂત કરવા. લોકોને ધીરજથી આ બધું સમજાવવું પડે. છેવટે સમગ્ર પ્રજાનો - ક્રન્ઝ્યુમરનો - ગરીબ જનતાનો વિચાર પ્રધાન હોવો જોઈએ.

આસામનું આંદોલન ખતરનાક છે. આસામને ઘણો અન્યાય થયો છે તે સાચી વાત, લાખો લોકો પશ્ચિમ બંગાળ કે બંગલા દેશમાંથી હિન્દુ અને મુસલમાન - આસામમાં જમા થયા છે, તેમાંથી ૧૯૫૧ પછી આવેલ 'વિદેશી'ને વીણીવીણી જુદા પાડવા શક્ય નથી. વર્ષો સુધી તપાસ ચાલે, દરમિયાન ગંભીર અશાન્તિ રહે. આસામના ટુકડા થઈ ગયા અને કેટલાક પ્રદેશો તેમાંથી જુદા પાડી નવા રાજ્યો કર્યા. આસામનો આર્થિક વિકાસ ઘણો ખેદજનક રહ્યો અને તેની પેદાશ - તેલ - નું તેને વળતર મળવું જોઈએ તે ન મળ્યું, એનો ઉપાય કરવો જોઈએ. પણ વાસ્તવિકતાની અવગણના કરીને તે નહિ થાય. રાજકીય હેતુથી કે આંધળી રીતે આ આંદોલનને ટેકો ન અપાય. આસામના લોકોને સમજાવવા પડે અને યોગ્ય માર્ગ કાઢવો પડે. દમનથી પણ નહિ થાય. સરકાર પાસે દમન સિવાય માર્ગ નથી એટલે સંઘર્ષ વધે છે. સજ્જન વ્યક્તિઓએ લોકસંપર્ક સાધી, સમાધાન લાવવું જોઈએ.

અસામાજિક તત્ત્વો, ગુંડાગીરી, કાળાં બજાર, ભ્રષ્ટાચાર અનહદ વધ્યા છે અને વધતા જાય છે. સખત પગલાં લેવાં જ પડે. આવાં અનિષ્ટોને પહોંચીવળવા અટકાયતી ધારો કે નેશનલ સિક્યોરિટી એક્ટનો આવા લોકો સામે ઉપયોગ કરવો પડે તો તે અનિવાર્ય અનિષ્ટ સહન કરવું પડે. તેનો દુરૂપયોગ ન થાય તેની પૂરી તકેદારી રાખવી પડે, પણ તેનો આંધળો વિરોધ, વર્તમાન સંજોગોમાં, બરાબર નથી. નાગરિક સ્વાતંત્ર્ય મોંઘી વસ્તુ છે પણ કોને માટે? લોકોને રંજાડનાર અને લૂંટનાર માટે? સરકારમાં આપણને વિશ્વાસ નથી અને આ કાયદાઓનો પૂરો દુરૂપયોગ થવા સંભવ છે એ ભય અસ્થાને નથી. તે માટે પૂરી જાગ્રતિ રાખવી પડે. આપણા ધારાસભ્યો અને સંસદસભ્યોએ જાગ્રત રહેવું પડે અથવા આપણે તેમને

જાગ્રત રાખવા પડે. એટલી લોકજાગ્રતિ ઊભી કરવી એ આપણી ફરજ છે. આવા અનિષ્ટોને ડામવા પ્રામાણિકપણે સખત પગલાં લે તો આવશ્યક માનવા પડે. કાળાં નાણાંનું અનિષ્ટ એટલું બધું વધી પડયું છે કે સરકાર સખત પગલાં નથી લેતી તો તેમ કરવા સરકારને ફરજ પાડવી પડે. કાયદામાં ઘણી જોગવાઈ છે તેનો અમલ થતો નથી.

બિહારના ૧૫ પોલીસને સસ્પેન્ડ કર્યા છે. તેને છોડાવવા દેશનું સમગ્ર પોલીસતંત્ર સાબદું થયું છે તે અસહ્ય છે. બિહાર સરકાર તેમાં નમતું ન મૂકે તે જોવાની આપણી ફરજ છે. હવે તો એમ લાગે છે કે બિહારના મંત્રીમંડળે રાજીનામું આપવું જોઈએ એટલો ભયંકર આ બનાવ છે.

દેશમાં બનતા કેટલાક બનાવોની અહીં આછી નોંધ લીધી છે. તેની પાછળની દૃષ્ટિ સમજાવવા મેં પ્રયત્ન કર્યો છે. વિરોધ અને સંઘર્ષનું જ વાતવરણ વધારવું તેના કરતાં, શાંતિથી રચનાત્મક કામ કરવું તે આત્યારે જરૂરનું છે. ગાંધીજીની આ રીત હતી. લડત કરવી પડે ત્યારે કરવી પણ તેની પૂરી તૈયારી હોય અને તે માટે વાતાવરણ અનુકુળ હોય તો જ લડત સફળ થાય. ત્યાં સુધી શાન્તિ જાળવવી પડે અને લોકો વચ્ચે બેસી સમજણ આપવી પડે. અત્યારે આપણી પણ આવી ફરજ છે એમ મને લાગે છે.

૨૫-૧૨-૮૦ ચીમનલાલ ચકુભાઈ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સંચાલિત

વિદ્યાસત્ર

☆

વિદ્યાસત્રનું આ પાંચમું વર્ષ છે. તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે નક્કી થયેલ છે. તો સર્વ, રસજ્ઞ ભાઇ-બહેનોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

વક્તા : ડો. ગુણવંત શાહ
[સાઉથ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના વડા]

વિષય : **માનવને ઉગવા દઇએ''**

ઉપરોકત વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો
(૧) શિક્ષણ (૨) સ્ત્રી-પુરુષ સહજીવન (૩) ધર્મ.

સ્થળ : તાતા ઓડિટોરિયમ, ઓમ્બે હાઉસ,
પુસ સ્ટ્રીટ, મુંબઇ ૪૦૦૦૦૧

દિવસ ને સમય : સોમ-મંગળ-બુધ તા. ૫-૬-૭
જાન્યુઆરી, ૧૯૮૧. રોજ સાંજના ૬ વાગે.

પ્રમુખ : ડો. રમણલાલ ચી. શાહ

ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

તૃતીય જૈન સાહિત્ય પરિષદ

તા. ૧૯, ૨૦ અને ૨૧ મી ડિસેમ્બર ૧૯૮૦, આ ત્રણ દિવસ સૂરતમાં શ્રી શત્રુંજય વિહાર ધર્મશાળા ટ્રસ્ટના રજત જયંતી ઉત્સવ નિમિત્તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સહયોગથી ટ્રસ્ટના ઉપક્રમે અને આપણા એક સમર્થ અને સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ, ભાષાશાસ્ત્રી તથા વિદ્વાન સંશોધક ડો. ભોગીલાલ સાંડેસરાના પ્રમુખપદે તૃતીય જૈન સાહિત્ય પરિષદ યોજાઈ ગઈ.

તા. ૧૯ મીએ સાંજે ૬-૩૦ વાગ્યે ગાંધી સ્મૃતિ ભવન (નાનપરું-સૂરત) માં, મુંબઈ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, પાટણ તથા અન્ય સ્થળોએથી સારી એવી સંખ્યામાં આવેલા પ્રતિનિધિઓ, સૂરત શહેરમાં વસતા અગ્રણી સાહિત્યકારો અને પ્રજાના સાહિત્યરસિક વર્ગની ઉપસ્થિતિમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી કે. એસ. શાસ્ત્રીને હસ્તે પરિષદનું ઉદઘાટન થયું હતું.

પરિષદનો આરંભ

પરિષદનો આરંભ શ્રી રમાબહેન ઝવેરીની પ્રાર્થનાથી થયો હતો. શ્રી સૌભાગભાઈ લાકડાવાળાએ શુભેચ્છા સંદેશાઓ વાંચ્યા પછી ઉકત ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઈ જરીવાળાએ તથા એક અન્ય ટ્રસ્ટી અને જૈન સાહિત્ય સમારોહના એક મંત્રી શ્રી અમર જરીવાળાએ સહુનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

સ્વાગત

શ્રી અમર જરીવાળાના સ્વાગત પ્રવચનમાં બે ત્રણ વાત ધ્યાનાર્હ હતી, જેમ કે ધર્મસહિષ્ણુતાને કારણે સૂરતમાં સારી એવી સંખ્યામાં ખ્રિસ્તી દેવળો છે, પારસી અગિયારીઓ છે, સુવિખ્યાત મસ્જિદો છે અને હિન્દુ દેવસ્થાનો છે. શહેરમાં ૮૦ઉપરાંત જૈન મંદિરો છે. શહેરના જ્ઞાનભંડારોમાં હજારો હસ્તલિખિત પ્રતો જળવાઈ રહી છે, દુર્ગારામ મહેતાજી, નવલરામ પંડ્યા, નંદશંકર મહેતા અને કવિ નર્મદ તથા પંડિત પરંપરાના મહા વિદ્વાન રા. વિ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમ જ અન્ય અનેક વિદ્વાનો સાહિત્યસર્જનને કારણે સૂરત સાહિત્યના નકશા ઉપર ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. સન ૧૯૫૪માં શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટ સ્થપાયું હતું. ટ્રસ્ટ દ્વારા શત્રુંજય તીર્થમાં એક વિશાળ ધર્મશાળા ખરીદવામાં આવી હતી. ૧૯૭૧માં તેના મેદાનમાં તેના એક ભાગરૂપે એક નવી ધર્મશાળા બંધાવવામાં આવી હતી.

પરિષદની ભૂમિકા

સાહિત્ય સમારોહના મંત્રી અને ગુ.ઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા તથા વિદ્વાન સાહિત્યકાર ડો. રમણલાલ ચી. શાહે જૈન સાહિત્ય પરિષદની ભૂમિકા સમજાવી હતી. તેમણે કહ્યું હતું : "પ્રથમ પરિષદ મુંબઈમાં, દ્વિતીય મહુવામાં અને તૃતીય સૂરતમાં-એમ દર બે વર્ષે જુદી જગ્યાએ ભરાતી રહેતી આ જૈન સાહિત્ય પરિષદ પાછળ કોઈ સંકુચિત કે સામ્પ્રદાયિક દૃષ્ટિ નથી, આમે ય જૈન દર્શન અત્યંત વ્યાપક અને સમન્વયશીલ છે. વર્ણાશ્રમ વગેરેમાં કશો ભેદભાવ નથી. મહાવીર ક્ષત્રિય હતા. આચાર્ય હરિભદ્રસૂરિ બ્રાહ્મણ હતા. કુમારપાળે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. જૈનેતર કોમમાં પણ પોતાની દાન પ્રવૃત્તિ વિસ્તારીને તેઓ મહાશ્રાવકની કોટીએ પહોંચ્યા હતા. આ પરિષદનું કોઈ બંધારણ પણ નથી. પરિષદના પ્રથમ અધિવેશનનું ઉદ્‌ઘાટન જૈન નહિ એવા મહવિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રીએ કર્યું હતું. પરિષદ યોજવા પાછળનો ઉદ્દેશ જ્ઞાનની ઉપાસના અને ધર્મ તથા તત્ત્વદર્શનની પ્રવૃત્તિને વેગ પ્રાપ્ત થાય એ છે.

ડો. રમણભાઈએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો એક સંસ્કારવન્ત સાહિત્યિક સંસ્થા લેખે મહિમા કર્યા પછી કહ્યું હતું: "વર્ષો સુધી ગુજરાતી સાહિત્ય પરિષદમાં એક જૈન સાહિત્ય વિભાગ રહેતો. કેટલાંક વર્ષોથી હવે એ વિભાગ નથી. જૈન સાહિત્યને તેની વિશિષ્ટતા છે. તેની સમૃદ્ધિ અખૂટ છે અને અમૂલ્ય છે. સૂરત, પાટણ તથા રાજસ્થાન અને અન્યત્ર જૈન સાહિત્યની વીસ લાખ કરતાં વધુ હસ્તપ્રતો છે. તેનું સંશોધન હાથ ધરાય તો ૮૦૦ થી ૧૦૦૦ વર્ષ સુધી કામ થઈ શકે. કમનસીબે આ સંશોધનકાર્ય કરનાર વિદ્વાનો અલ્પ સંખ્ય છે. આવા સાહિત્ય સમારોહથી પ્રેરાઈને કોઈને રસ પડે તો રાસ, ફાગુ, પ્રબંધ, સ્તવન, સઝાય વગેરેમાંથી કોઈ પણ એક સાહિત્ય પ્રકાર ઉપર સંશોધન કરી શકે એટલી અઢળક સામગ્રી છે. અલગ સાહિત્ય સમારોહ યોજવા પાછળ સંશોધન અને વિદ્યાવિસ્તારનું જ લક્ષ્ય છે. આ સમારોહ પૂરો થયા પછી પણ આ પ્રવૃત્તિ ચાલુ રહે અને વિકસે એવી અભિલાષા છે."

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી રતીલાલ કોઠારીએ કહ્યું: "મહાવીર જૈન વિદ્યાલય ૬૫ વર્ષ ઉમર કેવળ પંદર વિદ્યાર્થીઓથી શરૂ થયું હતું. આજે તેમાં ૭૫૦ વિદ્યાર્થીઓ છે. આ સંસ્થામાંથી છ હજાર વિદ્યાર્થીઓએ દુનિયામાં અને જીવનમાં સુયશ પ્રાપ્ત કર્યો છે. આજે સંસ્થાની સાત શાખા છે. સમાજમાં ને દેશમાં તેની સારી પ્રતિષ્ઠા છે. વીસ હજાર હસ્તલિખિત પ્રતો અને વીસ હજાર પુસ્તકો ધરાવતું તેનું ગ્રન્થાલય છે. જૈન સમાજના કોઈ પણ ડબલ ગ્રજ્યુએટ ભાઈ-બહેન ઠેઠ સુધીનો અભ્યાસ કરવા તૈયાર હોય તો તેની લોન સુદ્ધાં જતી કરવા મહાવીર જૈન વિદ્યાલયની તૈયારી છે. જ્ઞાનોપાસક કોઈને પણ સહકાર અને સહાય આપવા વિદ્યાલય તૈયાર છે.

જૈન ધર્મ અને અહિંસા

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના વડા ડો. ગુ વંતભાઈ શાહે કહ્યું: "જૈન ધર્મ પ્રત્યે મને ખાસ આકર્ષણ એ કારણસર છે કે એ ધર્મે અહિંસાને કેન્દ્રીય સ્વીકૃતિ આપી છે. અહિંસાને હવે કેવળ આદર્શરૂપે રાખવી પોસાય એમ નથી. તેને સ્થૂલ કક્ષાએ પણ આચરવી રહેશે. સાઈબીરિયાના ઘાસનાં વિશાળ મેદાનોમાં વિચરતી ખાસ જાતની ક્રીડીઓ હણવા ઉપર મુકાએલા પ્રતિબંધનો ઉલ્લેખ કરી મનુષ્ય નામનું પ્રાણી સ્વાર્થથી પ્રેરાઈને "ઠેકોલોજી" પર્યાવરણને વિક્ષિપ્ત કરે છે તે આજના વિજ્ઞાનયુગના એક અનિષ્ટ પ્રત્યે ધ્યાન ખેંચીને તેમણે ભગવાન તથાગતનું દૃષ્ટાંત રજૂ કર્યું હતું અને જીવનમાં તમામ ક્ષેત્રોમાં "અવેરનેસ"નો મહિમા કર્યો હતો. તેમણે વિશ્વ આજે જ્યારે સ્ફોટક પરિસ્થિતિમાં મૂકાયેલું છે ત્યારે અહિંસાને વ્યવહારુ સ્તર ઉપર લાવવાના પ્રયાસ કરવાનો અનુરોધ કર્યો હતો.

પ્રો. સૂર્યકાન્ત શાહે જૈન સાહિત્યની બે લાક્ષણિકતા - એક, ધ્યેયલક્ષિતા અને બીજી ગાંભીર્ય - પ્રત્યે ધ્યાન ખેંચીને તે સાહિત્યની સ્વરૂપગત અને વિષયગત પરિવર્તનશીલતાનો નિર્દેષ કર્યો હતો. અઢી હજાર વર્ષ પૂર્વેના સોક્રેટિસ અને તેના શિષ્ય સાથેના સંવાદોની સાથે ભગવાન મહાવીર અને ગૌતમ (બ્રાહ્મણ હતા) વચ્ચેના સંવાદોને તુલનાવતાં પ્રો. શાહે સોક્રેટિસના સંવાદોને સામાજિક જ્યારે મહાવીરના સંવાદોને ઐશ્વર્યપૂર્ણ લેખ્યા હતા. તેમણે જૈન સાહિત્યની સ્વયં શિસ્તને પ્રશંસી હતી. જૈન સાહિત્ય લોકભોગ્ય બનતું નથી તથા સમાજથી દૂર જતું હોવાનો સૂર કાઢી તેમણે જૈન સાહિત્ય સમગ્ર સમાજને ઉપકારક બની રહે એવા પ્રયત્નો કરવાની હિમાયત કરી હતી.

પરિષદનું ઉદઘાટન

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી કે. એસ. શાસ્ત્રીએ પરિષદનું ઉદઘાટન કરતાં કહ્યું હતું: "વિદ્યાર્થી અવસ્થાથી જૈન સાહિત્ય અને જૈન સમાજનો અનુભવ થતો રહ્યો છે. પર્યટન ગોઠવ્યું હોય અને જૈન તીર્થસ્થાનોમાં જવાનું હોય તો મુશ્કેલી ન પડે. સગવડ જે જૈન સમાજના શ્રાણપણનું અંગ છે તેનો લાભ મળે જ મળે. ક્યારેક વિચાર આવે છે કે તપ જે સ્થળે કેન્દ્રસ્થાને હોય ત્યાં સગવડ પણ હોય તે વિરોધાત્મક પરિસ્થિતિ ન લેખાય?' તપને અગવડ, મુશ્કેલી કે હાડમારીના સંદર્ભમાં પણ સમજવામાં આવે છે. ભોજન હોય અને તંદુરસ્તી પણ હોય છતાં ભોજન ન કરવું તે તપ છે. તપ અને આધ્યાત્મિક વિકાસ એ વ્યક્તિનો પ્રશ્ન છે. જૈન સમાજમાં વ્યક્તિ અને સમાજ બંનેના સમન્વયનો ખ્યાલ રહ્યો છે, કારણ તેમાં કેન્દ્રસ્થાને માનવ છે. વ્યક્તિવાદ ઉપર ભાર મૂકાય ત્યારે ઉદભવતાં વલણો ધર્મના પાયામાં રહેલી સમન્વયદૃષ્ટિની સાથે સુસંગત થાય નહિ. વ્યક્તિગત તપ અને સામાજિક સગવડો આ તીર્થસ્થાનોની વ્યવસ્થા પરત્વેનો એક અનુભવ છે. બીજો અનુભવ તે વ્યક્તિગત અનુભવ છે. એમ.એ.માં હતો ત્યારે પ્રાકૃત અર્ધમાગધીના પાઠ્યપુસ્તકો મળે નહિ. વિદ્યાર્થીઓએ પુસ્તકોની હાથે જ નકલ ઉતારી લેવાની. તેમાં તપનો ખ્યાલ હશે. મને પણ તપની તાલીમ મળી પરંતુ વ્યક્તિને સામાજિક સગવડને અભાવે તપ કરવું પડે એવી પરિસ્થિતિ તેને માટે અથવા વિદ્યાર્થી માટે ના હોવી જોઈએ.

યુનિવર્સિટીમાં "ચેર"

શ્રી શાસ્ત્રીએ જૈન સાહિત્યની સમૃદ્ધિ સૂરતમાં અખૂટ છે એમ કહીને તેનો ભારતીય સંસ્કૃતિ અને ભારતીય ઈતિહાસના મહત્ત્વના અંગ લેખે મહિમા કર્યો હતો અને કહ્યું હતું: જૈન સમાજ સમૃદ્ધ છે. અનેક અર્થોમાં સમૃદ્ધ છે. તે બધા અર્થોનો સમન્વય કરીને એક વ્યવસ્થા એવી વિચારવી જોઈએ જે સાહિત્ય, જૈન સમાજ અને બૃહદ સમાજની દૃષ્ટિએ ઉપકારક નીવડે. જૈન સાહિત્યની સમૃદ્ધિ અંગે આયોજન કરવું હોય તો સંગ્રહસ્થાન જોઈએ. યુનિવર્સિટીમાં સાહિત્યની 'ચેર'ની યોજના પણ વિચારી શકાય. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જૈન સાહિત્ય માટે 'ચેર' (સંશોધન વિભાગ) સ્થાપવાનું વિચારાય તો યુનિવર્સિટી તે અંગે ભૌતિક સાધનોની સગવડ આપવા તૈયાર છે.

પરિષદની ફલશ્રુતિ

અહીં એ નોંધવું જોઈએ કે શ્રી શાસ્ત્રીની આ ઉત્સાહપ્રેરક તત્પરતાનો પૂર્ણપણે અનુકૂલ એવો પ્રતિભાવ, વિદ્વાનોના સન્માનાર્થે શ્રી ચંદ્રકાંત ગાંધી અને શ્રી રાજેશ ગાંધીએ યોજેલા ભોજન સમારંભમાં, સૂરત મહાવીર જૈન હોસ્પિટલના સર્જન ડો. આનંદીલાલ કોઠારીએ સૂરત અને પાલનપૂરના જૈન સમાજના સહકારથી ઓછામાં ઓછા રૂા. પાંચ લાખ જૈન સાહિત્યના સંશોધન વિભાગ 'ચેર' અર્થે એકત્ર કરી આપવાની જવાબદારી સ્વીકારતા હોવાની જાહેરાત કરીને દાખવ્યો હતો. પરિષદની આ એક મહત્ત્વની ફલશ્રુતિ લેખાય.

પરિષદના પ્રમુખનું વ્યાખ્યાન

પ્રમુખપદેથી ડો. ભોગીલાલ સાંડેસરાએ વ્યાખ્યાનારંભે સદ્‌ગત આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહામાનવ મુનિશ્રી જિન વિજયજી તથા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી, જેવી વિભૂતિનું સાદર સ્મરણ કરીને કહ્યું હતું: "સૂરત કેવળ ગુજરાતનું જ નહિ, પશ્ચિમ ભારતનું એક અદ્‌ભુત શહેર છે. આ શહેરે જોયા છે એવા વારાફેરા બહુ ઓછાં શહેરોએ જોયા હશે." સૂરતને નર્મદનગરી તરીકે ઓળખાવીને ડો. સાંડેસરાએ—

> **તાપી દક્ષિણ તટે સૂરત મુજ ધાયલ ભુમિ**
> **ભોંય તારી મેં ચૂમી.**

એ કવિ નર્મદની કાવ્યપંક્તિ ઉદ્‌ગારી એ વીર નરને સંભાર્યો હતો. નંદશંકર જીવન ચરિત્ર સંદર્ભે શ્રી નંદશંકર મહેતાને યાદ કર્યા હતા અને કહ્યું હતું કે જમીન એ પ્રદેશ પ્રદેશ વચ્ચે ભેદ પાડે છે ત્યારે પાણી દેશ પરદેશને જોડે છે. જગતભરમાં મહાસાગર વાહનવ્યવહાર માટે જબરદસ્ત અવકાશ નિર્માણ કરે છે. સૂરત એ પશ્ચિમ ભારતનું અરબસ્તાન અને યુરોપ સાથે જોડનારું શહેર છે. સૂરત એ દક્ષિણ ગુજરાતનું કાશી છે. સૂરત અને તેની આસપાસનાં નગરોમાંના પારસી વિદ્વાનોએ પારસી ધર્મગ્રંથોનો જૂની ગુજરાતી અને સંસ્કૃતમાં અનુવાદ કર્યો છે. સંજાણ બંદરે પારસીઓ ઉતર્યા. તેમણે ઈરાન સુધી સંસ્કૃત વિદ્યાનો પ્રચાર કર્યો. સૂરત અને રાંદેરમાં સંસ્કૃત, પાકૃત તથા જૂની ગુજરાતીમાં ગ્રંથો રચાયા છે. અર્વાચીન કાળમાં જૈન આગમોની વાચના થઈ છે. તેમાં સૂરતનું ઘણું મોટું પ્રદાન છે. મૂળ કપડવંજના વતની સાગરાનન્દજીએ સૂરતને પોતાની

ગીતાનું કેન્દ્રબિંદુ

પહેલી નવેમ્બરના 'પ્રબુદ્ધ જીવન'માં 'ગાંધીજી અને ગીતા' નામનો મનનીય લેખ આવ્યો છે તેમાં ગાંધીજીએ ગીતામાંથી તારવેલા અર્થ વિષે પ્રારંભિક ચર્ચા છે.

ગાંધીજીએ પોતે જ અનાસક્તિ યોગની પ્રસ્તાવનામાં એ કહ્યું જ છે કે,—"ભૌતિક યુદ્ધ કર્મફળ ત્યાગીથી થઈ શકે એવું ગીતા-કારની ભાષાના અક્ષરમાંથી ભલે નીકળતું હોય પણ ગીતાના શિક્ષણને પૂર્ણતાએ અમલમાં મૂકવાનો લગભગ ૪૦ વર્ષ પર્યંત સતત પ્રયત્ન કરતાં મને તો નમ્રપણે એવું લાગ્યું છે કે સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના કર્મફળત્યાગ મનુષ્યને વિષે અસંભવિત છે."

આમાં બે બાબતો સ્પષ્ટ છે.

(૧) ગીતાની ભાષામાંથી કર્મફળત્યાગીથી ભૌતિકયુદ્ધ થઈ શકે છે તેવું તારવી શકાય તેમ છે.

(૨) છતાં પોતાના અનુભવના જોરે ગાંધીજીનો દાવો એવો છે કે, 'અહિંસાના સંપૂર્ણ પાલન વિના કર્મફળત્યાગ મનુષ્ય વિષે અસંભવિત છે. અહિંસાના સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ કર્મફળ ત્યાગ સર્વસંજોગોમાં અસંભવિત છે એમ કહ્યું હોત તો વધારે સુયોગ્ય થાત. કારણકે કર્મફળ વિષે આસક્તિ - લાલસા કે ચીકાશ રાખ્યા વિના આજના સમાજમાં નાના માણસો પણ કેટલાંક કામો કરે છે. દા.ત. ટપાલી ટપાલ વહેંચવાવાળો સારા—માઠા સમાચારનો કોથળો પોતાના ખભે લઈને વહેંચતો હોય છે. પણ તે કાગળોમાં રહેલ તેના માલિક માટેનાં સુખદુઃખ ટપાલીના ખભા પર રહેતાં નથી. તે વગર લેવાયે સુખ કે દુઃખના ખબર પહોંચાડે છે. એવું જ ન્યાયા-ધિશ વિષે. ન્યાયાધીશને રોજ કોઈકને મુકત કરવાના, કોઈકને લાંબી ટૂંકી સજા કરવાના ચુકાદા આપવા પડે છે. પણ બહુધા તેનાથી તે લેવાતો નથી. આવા બીજા કિસ્સા પણ શોધી શકાય એટલે સંપૂર્ણ ફળત્યાગ અને અહિંસાના સંપૂર્ણ પાલનની આખરી અવસ્થાની ઝાંખી ભલે કરાય, પણ વચગાળાની અવસ્થાઓ પણ છે, અને અર્જુન માટે એ જ તત્કાળ મહત્ત્વનું છે. તે સંપૂર્ણ હતો નહિ અને મહાભારત વાંચનાર એ જાણે છે કે ગીતા સાંભળ્યા પછીથી પણ સંપૂર્ણ થયો નહોતો. શ્રીકૃષ્ણને પણ આની ખબર છે, એટલે તો ફલાસકિતના ત્યાગનો મહિમા સમજાવતી વખતે તેમણે લાક્ષણિક રીતે કહ્યું કે, 'સ્વલ્પમપ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્'— આ - ધર્મનું સ્વલ્પ આચરણ કરનાર પણ મહાન ભયમાંથી ઊગરી જાય છે.

ગીતાની આવશ્યકતા અર્જુન પોતાનાં સગાંવહાલાંને સામે ઊભેલાં જોઈ એ બધાંને મારવાં પડશે તે મનોમંથનને લીધે થઈ છે. અર્જુનને તેની જોડેની જ મૂંઝવણ છે — એ કે મારવાં અને તે પણ મારા રાજ્યસુખ લોભ માટે? આ રુધિરરંગ્યા ભોગો ભોગવવા મારે મારા પિતામહ, ગુરુ, મામા - સાળા - ભાણેજ ભત્રીજાને હણવા?

આ મુંઝવણનો ઉકેલ એક અનુભવી, જ્ઞાની વડિલ મિત્રે બીજા જ્ઞાની સ્વભાવના મિત્રને આપ્યો છે. તત્ત્વજ્ઞાનની ચર્ચા, અર્જુનની જિજ્ઞાસા વધતી ગઈ તેમ આવતી ગઈ છે.

શ્રીકૃષ્ણનો પહેલો પાયો એટલો જ છે કે, કર્મ છોડી દેવાનું કહેવાથી કર્મ છૂટતું નથી. ચારેબાજુ પારાવાર પાણીથી ઊછળતા સાગરમાં રહેનારા માટે તરંગ ઉલ્લંઘવાનું અસંભવિત છે, તેને બદલે મહાસાગર પાર કરવાના તરાપા શોધવાની છે

કર્મત્યાગનો મિથ્યાચાર થઈ શકે - ઘણા કરે છે. પણ તે મિથ્યાચાર છે. કારણ કે બેસવું, ઉઠવું, ખાવુંપીવું - ઊંઘવું - જાગવું અને આંખ પટપટાવવી આ બધાં કર્મો છે. દેહધારીને કર્મ એ પ્રકૃતિગત છે. એમાંથી કોઈ છૂટતું નથી. એટલે જનકાદિ પૂર્વ પુરુષોએ પોતાને ભાગે આવતાં પ્રકૃતિ પ્રમાણેનાં કામો લપાયા વિના કર્યાં છે. લેપ લાગે છે ક્યારે? જ્યારે વાસનાત્મક મનને કર્મનું સંગી બનાવીએ છીએ કે બનવા દઈએ છીએ ત્યારે આ વલણને ગીતાએ આસકિત કહી છે. ઈચ્છા અને આસકિત એક વસ્તુ નથી. અજાગ્રત રહેવાય તો ઈચ્છામાંથી આસકિત આવશ્ય જન્મે છે. પણ બંને એક નથી. અસંગ રહીને પ્રવાહ-પ્રાપ્ત, પ્રકૃતિગત કર્મો કરી શકાય છે એવું ગીતાનું પાકું વિધાન છે. પણ બધાં જ કર્મો અસંગ રહીને કરી શકાય છે તવું ગીતાએ કહ્યું નથી.

પ્રવાહપ્રાપ્ત એટલે જાતે શોધવા ગયા વિનાનું. કારણ શોધવા ગયા એટલે આશકિત આવી.

પ્રકૃતિગત, સ્વભાવગત, એટલે સહજ. તે કર્મમાં કર્મ કરવાનો જ આનંદ અને સંતોષ પ્રધાનતઃ હોય છે, ચિત્રકારને ચિત્ર કરવામાં આનંદ આવે છે, તેના પૈસા વધારે ઓછા આવે તે ગૌણ છે. કવિને કવિતા કરવામાં આનંદ છે, છપાય તે ગૌણ છે. સત્ય શોધકને સત્ય શોધવામાં જ રસ છે, તેનાથી મળતાં દુઃખ કે સુખ ગૌણ છે. આમ પ્રકૃતિગત કર્મો ઓછા તાણથી અને આસકિત વિના થવાની શકયતા છે. ગીતાને મતે એક રીતે પ્રકૃતિ પોતે જ ગુણધર્મો પ્રમાણે કર્મપ્રવૃત્તિ કરે છે, 'गुणाः गुणेषु वर्तन्ते'—આપણને નાહક આપણી જાતને કર્તા માનીએ છીએ, વસ્તુતઃ આપણે પ્રેક્ષક બનીએ.

આ વિચારનું ગીતાને એટલું બધું મહત્ત્વ લાગે છે કે લાંબા સંવાદને અંતે ૧૮માં અધ્યાયમાં ફરી શ્રીકૃષ્ણ અર્જુનને યાદ દેવરાવે છે કે—"અહંકારને વશ થઈને નહિ લડું"—એમ તું માને તો એ તારો નિશ્ચય મિથ્યા છે, તારો સ્વભાવ જ તને તે તરફ બળાત્કારે ઘસડી જશે." (૫૯) હે કૌન્તેય સ્વભાવજન્ય કર્મથી બંધાયેલો તું મોહને વશ થઈ જે આજે કરવા નથી તે પરાણે કરીશ." (૬૦)

આરંભમાં પણ શ્રીકૃષ્ણે "તને આવો મોહ આ કસમયે કયાંથી થયો "તેવો ખેદ દર્શાવ્યો છે, અને અંતે પણ ફરી "તું મોહવશ થઈને જ આ આવી પડેલું પ્રકૃતિગત કર્મ કરતો નથી. "તેમ કહી ચેતવે છે કે "આજે આ નહિ કરે તેથી તારી પ્રકૃત્તિ બદલાવાની નથી - તું પછીથી આવાં જ કર્મો પરાણે કરીશ."

અહિં પ્રકૃતિ એટલે સ્વભાવ. તેના ચાર વિભાગ પાડયા છે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. પ્લેટોએ આવા જ વિભાગ તત્ત્વ-જ્ઞાનિઓ, યોદ્ધાઓ અને સંપત્તિપ્રિય એવા ભાગ પોતાના મહા-ગ્રંથ 'રીપબ્લિક'માં પાડયા છે. શુકની તેને જરૂર જ નથી લાગી કારણ કે એથેન્સમાં જીવતા ઓજારો જેવા ગુલામો હતા.

(૧) સત્યશોધક, (૨) સંરક્ષક—આર્તત્રાણ કાંઈક અંશે આબરૂને મહત્ત્વ આપવાવાળા ક્ષાત્ર સ્વભાવી. (૩) સ્થૂળ સંપત્તિ પ્રિય સુખોપભોગી, (૪) અને આળસુ-પ્રમાદી આવા ચાર પ્રકારો ગીતાએ સ્વભાવની મીમાંસા કરતાં પાડયા છે અને સમાજશાસ્ત્રીઓ ઈતિહાસના અભ્યાસીઓ તેમાં સંમત થવાના.

કર્મભૂમિ બનાવી. આગમનાં નવ અંગો ઉપર ટીકા લખી. આગમ-વાચનાનું પ્રચંડ કાર્ય તેમણે એકલે હાથે કર્યું. તેમણે તે કાર્ય સૂરતમાં વસીને કર્યું."

જૈન સાહિત્ય

ડો. સાંડેસરાએ તે પછી જૈન સાહિત્ય વિશે એક સ્પષ્ટતા કરતાં કહ્યું: જૈન સાહિત્ય એટલે જૈન વિદ્વાનોએ કેવળ ધાર્મિક વિષય પર જ નહિ, કોઈપણ વિષય પર લખેલું સાહિત્ય. જૈન સાહિત્ય એટલે જૈન આગમ; જૈન સૂત્રો; જ્ઞાનના જેટલા જેટલા વિષયો ખેડાયા છે જેમાં આયુર્વેદ અને જ્યોતિષનો પણ સમાવેશ થાય છે, તેમાંનો એક પણ વિષય એવો નથી જે જૈનોને હાથે ન ખેડાયો હોય. દુનિયાભરમાં જ્યાં જ્યાં ધર્મસ્થાન છે. ત્યાં વૈદક અને જ્યોતિષ ઉપર ભાર મૂકાયો છે. જૈનો દ્વારા ન ખેડાયો હોય—પાકૃતમાં અને સંસ્કૃતમાં—એવો કોઈ જ વિષય નથી." ડો. સાંડેસરાએ આ હકીકતનું અશ્વઘોષના નાટકોના નિર્દેશથી સમર્થન કર્યું હતું. જૈન સાહિત્ય રચનારા બધા જ કંઈ જૈન સાધુઓ ન હતા. જૈન આગમ એ પરંપરાથી વિકસેલી વીતરાગની વાણી છે. જૈન આગમ બધું એક સાથે અધિલેખારૂઢ થયું છે."

મહત્ત્વનાં સૂચન

ડો. સાંડેસરાએ એક કાળે અપરિગ્રહ ની વિભાવના ગ્રંથોને પણ આવરી લેતી હતી તે હકીકતનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે "જ્ઞાન સાધ ના માટે સમય જતાં પુસ્તક આવશ્યક લેખાતાં પુસ્તકો લખવા માંડ્યા. અને સંઘરાવા લાગ્યાં. જૂન સમાજમાં ગ્રન્થનું જ્ઞાન લેખે મૂલ્ય એટલું બધું છે કે છાપેલા અક્ષરો ઉપર પણ પગ પણ ન મૂકાય.

પાટણમાં અભયદેવસૂરિએ તથા પુણ્યવિજયજીએ કરેલા કામનો તથા ટીકારૂપે લખાયેલી ચૂર્ણીની મિશ્રણિયા ભાષાના જ્ઞાનના ક્ષેત્રે ઐતિહાસિક સાતત્યના સંદર્ભમાં ઉલ્લેખ કરીને તથા વલભીથી માંડીને પાટણ, સૂરત અને આજે મહાવીર વિદ્યાલયમાં થઈ રહેલા સંશોધનકાર્યનો તેમ શ્રી ચીમનલાલ દલાલે પાટણના ભંડારોમાં ના ગ્રંથોનું જે સંશોધન કાર્ય કર્યું છે તેનો વિગતે નિર્દેશ કર્યો હતો શ્રી દલાલે કર્યું છે તેવું કામ સૂરતના જૈન ભંડારોમાંના ગ્રંથોના સંશોધનનું કામ હાથ ધરાવું જોઈએ એમ સૂચવ્યું હતું. બીજે ક્યાંય ન મળતાં પ્રાચીન જૈન ભંડારોમાંના જૈનેતર ગ્રંથોનું પ્રકાશન પણ થવું જોઈએ. થોડાક પણ એવા વિદ્યાર્થીઓ ઊભા થવા જોઈએ જેઓ પોતાના પુરોગામી વિદ્વાનોને ખભે ઊભા રહી તેમના સંશોધન કાર્યને આગળ ચલાવે. આ કામ ભક્તિપૂર્વક થવું જોઈએ. ભક્તિ જેટલી નિષ્ઠાથી થવું જોઈએ.

વિદ્વાનોનું પુષ્પહારથી સન્માન અને આભારદર્શનથી જૈન સાહિત્ય પરિષદોનો ઉદઘાટન સમારંભ સમાપ્ત થયો. તે દિવસે રાત્રે સુરત વિશા શ્રીમાળી જૈન જ્ઞાતિ મહિલા મંડળ તરફથી મનોરંજન કાર્યક્રમ થયો હતો.

પરિસંવાદ

પરિષદ પ્રસંગે યોજવામાં આવેલા પરિસંવાદની ત્રણ બેઠક મળી હતી. પ્રથમ અને બીજી બેઠક તા. ૨૦મી ડિસેમ્બરે સવારે અને બપોરે અખિલ હિંદુ મહિલા પરિષદ સભાગૃહમાં યોજાઈ હતી. પ્રથમ બેઠકનો વિષય હતો "જૈન તત્ત્વજ્ઞાન" તેના અધ્યક્ષપદે હતા બનારસ હિંદુ યુનિવર્સિટીમાંના દર્શન શાસ્ત્ર વિભાગના વડા ડો. સાગરમલજી જૈન. બીજી બેઠકનો વિષય હતો "જૈન ઈતિહાસ અને કળા" તેના અધ્યક્ષપદે હતા ઈતિહાસ, સ્થાપત્ય અને સંશોધનક્ષેત્રના ભારતભરમાંના એક અગ્રણી વિદ્વાન ડા. હરિપ્રસાદ શાસ્ત્રી. ત્રીજી બેઠક રવિવારે સવારે "સમૃદ્ધિ" (નાનપરું: સૂરત)માં મળી હતી. તેનો વિષય હતો "જૈન સાહિત્ય". અધ્યક્ષપદે હતા ઉત્તમ કોટીના વ્યાપારી અને છતાં અસાધારણ વિદ્યાવ્યાસંગી વિદ્વાન શ્રી નાગરચંદજી નહાટા. તેમણે અત્યાર સુધીમાં પાંચ હજારથી પણ વધુ લેખો લખ્યા છે. તેમની સ્મૃતિ અદભુત રીતે સતેજ છે. પરિસંવાદમાં રજૂ કરવા માટે બે ડઝન નિબંધો આવ્યા હતા. તેમાંના સોળ નિબંધો સંક્ષેપમાં વંચાયા હતા. જે ચાર નિબંધકારો અનુપસ્થિત હતા તેમના નિબંધોનો વસ્તુસાર ડો. રમણભાઈ શાહે સંક્ષેપમાં રજૂ કર્યો હતો.

પરિસંવાદની પ્રથમ બેઠક

પરિસંવાદની પ્રથમ બેઠકના આરંભે વિદ્વાન લેખક શ્રી દલસુખભાઈ માલવણિયાએ ડો. સાગરમલ જૈનનો પરિચય કરાવ્યો હતો. ડો. સાગરમલ જૈન બનારસ હિન્દુ વિદ્યાપીઠમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી સ્થાપિત દર્શન સંશોધન વિભાગના વડા છે અને તત્ત્વજ્ઞાનના અધ્યાપક છે. તેઓ દર્શન શાસ્ત્રના પી.એચ.ડી. છે.

જૈન તત્ત્વજ્ઞાન

ડો. સાગરમલ જૈને પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું "દર્શનના ક્ષેત્રમાં ધ્યાનમાં આવતી પહેલી વાતએ છે કે આપણે ત્યાં દર્શનનું અધ્યયન આધ્યાત્મને અનુલક્ષીને પરંપરાગત સ્વરૂપમાં થતું આવ્યું છે. જૈન દર્શનનો પણ અભ્યાસ એ રીતે થતો હતો. ખરું જોતાં જેમ કોઈ પણ દર્શનનો તેમ જૈન દર્શનનો અભ્યાસ પણ અન્ય દર્શનોના પરિપ્રેક્ષ્યમાં થવો જોઈએ. કારણ કોઈ પણ દર્શન શૂન્યમાંથી પ્રગટ થતું નથી. દર્શનનો અભ્યાસ કરતી વેળા કયા ક્રમમાં તેનો વિકાસ થયો તે પણ જોવું તપાસવું જોઈએ. એ ખરું કે એકને જાણે છે તે સર્વને જાણે છે. આત્માને જાણે છે તે પરમાત્માને જાણે છે. લોભ, મોહ, માયા ઈત્યાદિ કષાયો પૈકી કોઈ એક કષાયનો અભ્યાસ કરો તો બીજા કષાયોનો ખ્યાલ આવે. જૈન આગમોને ઈતિહાસના સંદર્ભમાં જોવા ઘટે."

આત્મા શું છે?

ડો. સાગરમલ જૈને વધુમાં કહ્યું હતું: "ભગવતીસૂત્રમાં ગૌતમે મહાવીરને પ્રશ્ન કર્યો કે "આત્મા શું છે?" ભગવાન મહાવીરે જવાબ આપ્યો કે: આત્મા સામાયિક છે. આત્માનું લક્ષ્ય સામાયિકને પ્રાપ્ત કરવાનું છે." આજની વિજ્ઞાનની દૃષ્ટિથી જોઈએ તો આત્મા શું છે? આત્મા સ્વતંત્ર વસ્તુ છે. આપણે જે કંઈ છીએ તે જડચૈતન્યના સંયોગરૂપ છીએ. એ એક વિશિષ્ટ અવસ્થા છે. ચૈતન્ય શું છે? જેમ "મની" (પૈસા)ની પરિભાષા છે કે "મની ઈઝ વોટ મની ડઝ" તેમ ચૈતન્યનું લક્ષણ એ છે કે એ જે કરે છે તે જ એનું લક્ષણ છે. "કોન્શ્યસનેસ ઈઝ વોટ કોન્શ્યસનેસ ડઝ" દરેક વસ્તુ સમતુલન પ્રાપ્ત કરવા ઈચ્છે છે. મન શું કરે છે? મન તનાવોથી મુક્ત રહીને શાંતિ તરફ જવા ઈચ્છે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય એ ચૈતન્યનાં લક્ષણ છે. સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્ર્ય દ્વારા ચૈતન્યનું સમતુલન જળવાઈ રહેવું જોઈએ. નેત્ર છે તો વસ્તુનું સ્વરૂપ જોઈ શકીએ છીએ. પદાર્થનું સ્વરૂપ જોતાં દ્વેષનો વિક્ષેપ આવે તો સમતુલા ડગી જાય આથી દૃષ્ટિ સંપૂર્ણપણે અથવા અંશેપણે રાગદ્વેષવિવર્જિત એવી નિર્મળ જોઈએ.

દર્શનનું અધ્યયન આધુનિક સમાજના ઉપયોગની દૃષ્ટિએ આધુનિક દર્શનના પરિપ્રેક્ષ્યમાં થવું જોઈએ. બીજી રીતે કહીએ તો દર્શનને આધુનિક સંદર્ભમાં સમાજના સંદર્ભમાં જોવું જોઈએ. કારણ, સામાજિક દૃષ્ટિએ દર્શનની કંઈક ઉપયોગિતા છે. દર્શનની અવધારણાને જીવન સાથે સંબંધ હોવો જોઈએ. આથી દાર્શનિક અવધારણાનું જીવનના અને સામાજિક સંદર્ભમાં મૂલ્યાંકન થવું જોઈએ. જૈન દાર્શનિક સિદ્ધાંતોએ આધુનિક સંદર્ભમાં મૂલવવા જોઈએ.

આત્માને શી રીતે જાણવો?

ડો. જૈને વિશેષમાં કહ્યું હતું: "આત્માને શી રીતે જાણવો? આ આત્માની ખિજાન એ એક સુદીર્ઘ જ્ઞાનયાત્રા છે. આત્માને સીધેસીધો કોઈ જાણી શકતો નથી. ઈન્દ્રિય કે મન દ્વારા તે પકડાતો નથી. તો હવે "સબ્જેક્ટ"ને "ઓબ્જેક્ટ" બનાવવાની જરૂર છે. આત્માને ન જાણી શકાય તો યે અનાત્મને તો જાણી શ'ય છે. જે પ્રજ્ઞાથી પર અલગ થઈ જાય તો શેષ જે રહેશે તે આત્મા હશે. આપણે આપણી એકેએક મર્યાદા, નિર્બળતા, ભાવના તથા વૃદ્ધિના દ્રષ્ટા થવું જોઈએ. આપણે આપણી જાતનો સાક્ષી થવાની જરૂર છે. આપણને ક્રોધ થતો હોય તો ક્રોધ પ્રત્યે જાગ્રત થવું જોઈએ. ક્રોધ પ્રત્યે જાગ્રત થવું અને ક્રોધ કરવો એ બે એકી સાથે બની શકશે નહિ. આપણે આપણી જાતને દ્રષ્ટાભાવથી એટલે કે સાક્ષી ભાવથી જોવી જોઈએ. દર્શકની સ્થિતિમાં રહીને સંસારનો અનુભવ કરવો જોઈએ. અર્થાત સંસારનો અનુભવ અનાશક્તિ ભાવથી કરવો જોઈએ અથવા અનાસક્ત રહીને સંસાર અનુભવવો જોઈએ, ભોગવવો જોઈએ."

ડો. સાગરમલ જૈનના વ્યાખ્યાન પછી નિબંધ વાંચન થયું હતું.

ક્રમશ:

—કૃષ્ણવીર દીક્ષિત

આ દરેકના ગુણકર્મની મીમાંસા ગીતાએ ૧૮મા અધ્યાયમાં વિગતે કરી છે.

અર્જુનની પ્રકૃતિ ક્ષત્રિયની છે. તે વ્યાસદેવે અદભુત રીતે દર્શાવ્યું છે. ક્ષાત્રસ્વભાવ પ્રમાણે અર્જુને પ્રતિજ્ઞા લીધી છે કે એના ગાંડીવનું અપમાન કરનાર કે એને ગાંડીવ છોડી દેવાનું કહેનારનો વધ કરવો. કર્ણપર્વમાં કર્ણના બાણોથી વીંધાઈ–પરાજિત થઈ, શરમ અનુભવતા યુધિષ્ઠિર એકવાર આકળા થઈને અર્જુનને તે કર્ણનો વધ કરી ન શકતો હોય તો ગાંડીવ છોડી, શ્રીકૃષ્ણને સોંપી દેવાનું કહે છે. એ સાંભળતાં જ ક્રોધાવિષ્ઠ થઇ અર્જુન યુધિષ્ઠિરને પણ મારવા ધસે છે. આ તેની ક્ષાત્રપ્રકૃતિનો ઉદ્રેક છે.

આમ જે કર્મો છૂટતાં નથી, તો પ્રકૃતિગત સહજ કર્મો ફલાસક્તિ છોડીને કરવાં તે ગીતાનો ગાયાનો ઉકેલ છે. આને જ ગીતાએ સ્વધર્મ કહ્યો છે, અને પરધર્મ એટલે પરસ્વભાવ મુજબના ક્રમો સહેલા અને આકર્ષક લાગતાં હોય તો પણ તે ન કરતાં પહેલી નજરે અઘરાં લાગે તેવાં સ્વભાવનિયત કર્મ કરવાં તેમ સ્પષ્ટ સમજાવ્યું છે.

એટલું જ નહિ, આગળ જઇને શ્રીકૃષ્ણને એ પણ ખ્યાલ છે કે આવાં કર્મો કોઇવાર કોઇક દોષવાળાં લાગે તો પણ તે જ કર્મો કરવાં.

સહજ-સ્વાભાવિક કર્મ કોઇવાર દોષવાળાં લાગે તો પણ છોડવાં નહિ.

કારણ કે અગ્નિમાત્રમાં થોડો ધુમાડો હોય તેવું બનવાનું. તે કર્મમાં થોડો દોષ હોય તેવું બને પણ ખરું, શુદ્ધકર્મ એટલે સંપૂર્ણ નિર્દોષકર્મ-એવાં તો જવલ્લે જ થવાનાં.

"સહજં કર્મ કાન્તેય સદોષં અપિ ન ત્યજતે.

સર્વારંભા હિ દોષેણ ધૂમેનાગ્નિર ઇવાવૃતા:" (૧૮-૪૮)

આનું મેરૂ શીખર સમું ઉદાહરણ મહાભારતમાં ધર્મવ્યાધનું આપ્યું છે. આ ધર્મવ્યાધ કસાઇ છે પણ તે કર્મ તેને સહજપ્રાપ્ત છે, ફલાસક્તિ વિના કરે છે એટલે બ્રાહ્મણને તેની પાસે જ્ઞાન લેવા મોકલ્યો છે, એવું જ બીજું ઉદાહરણ તુલાધાર જાજલિનો અદ્‌ભુત સંવાદ છે. જેમાં તપથી અહંકાર ઉપજેલા બ્રાહ્મણ તપસ્વીને તુલાધાર વ્યાપારી પાસે મોકલેલ છે. આમ વ્યાસદેવે મહાભારતમાં એકસૂત્રિતા અખંડ દર્શન આપ્યું છે, અને તેનું સમગ્ર સારદોહન ગીતામાં મૂકયું છે. પણ તે વિચારનો તંતુ તો સમગ્ર મહાભારતમાં વ્યાપ્ત છે.

એમને મતે લોકસંગ્રહબુદ્ધિથી જે કર્મો સહજ હોય તે કરવાં ધન્ય છે. તેનું ઉલ્લંઘન અજ્ઞાન છે.

મહાભારત અને તેના લખનાર વ્યાસ, તેના મૂખરૂપ શ્રીકૃષ્ણને માટે લોકસંગ્રહ એક આધારશિલા છે. લોકનો નાશ થાય તેવું ઈચ્છતા નથી. કેટલાક આ સંસાર કોઈક દહાડે નાશ પામવાનો છે તે આજે નાશ પામે તો પણ હરકત શું? આ બધી માયા છે, તે વહેલો નાશ પામે રોમાં શોક શેનો? રોમ કહે છે. પણ શ્રીકૃષ્ણ કે મહાભારતકારનું મંતવ્ય તેવું નથી.

કરોડો વર્ષને અંતે આદિમત્સ્યમાંથી આ માનવ ઉદભવ્યો છે. આ રમણીય ઉત્ક્રાંતિ તેમને માટે શ્રેયસ્કર છે. કરોડો વર્ષનો આ અદ્‌ભુત મહિમા કોઈ દુષ્ટ લોકોને હાથે નાશ પામે, અને સજ્જન લોકો તે નાશ જોયા કરે તે શ્રીકૃષ્ણને મન મોહિત કે ભ્રાંતચિત્ત અવસ્થા છે. સૃષ્ટિને સંરક્ષવાના આ લોકસંગ્રહમાં એમને એટલો બધો રસ છે કે ભગવાન એને સંરક્ષવા વારે વારે અવતાર લે છે તેનું આશ્વાસન આપ્યું છે.

એટલે અર્જુનની પોતાના સગા-સંબંધીઓને ન મારી સંન્યાસ લેવાની મનોવૃત્તિને અધર્મ એટલા માટે ગણાવે છે કે તે તેની પ્રકૃતિને જોતાં તે કરી શકશે નહિ, વળી એમ કરવાથી દુષ્ટોનું જોર ઘણું વધે છે - લોકસંગ્રહ થતો નથી.

એટલે ભલે કર્મ દ્વારા મોક્ષાવસ્થા કોઈને પ્રાપ્ત થઈ હોય તો પણ તેણે તે પછીથી જીવંત વિદેહાવસ્થામાં પણ કર્મો છોડવાનાં નથી, અગાઉ કર્મયોગનો હેતુ કર્મ દ્વારા સદેહે મોક્ષાવસ્થા પ્રાપ્ત કરવાનો છે, પણ તે અવસ્થા પ્રાપ્ત થયા પછી કર્મ છોડવાનાં નથી. કારણ?

"લોકસંગ્રહ મેવાપિ સંપશ્યન્ કર્તુમર્હસિ" લોકસંગ્રહને નજર સામે રાખીને કર્મ કરવાં તે (૩-૨૦) આવશ્યક છે, અને ભગવાન પોતે જ કહે છે–

હું પોતે જ લોકસંગ્રહાર્થ–મારે કશું જ મેળવવાપણું નથી છતાં કર્મ કરું છું–નં કરું તો લોકનો નાશ થાય.

"ઉત્સેદીયુરિમા લોકા ન કુર્યાં કર્મચેદ અહમ્

સંકરસ્ય ચ કર્તા સ્યામ્ ઉપહન્યામ્ ઈમા: પ્રજા:" (૩-૨૪)

"જો હું કર્મ ન કરું તો આ લોકો નષ્ટ થાય, હું અવ્યવસ્થાનો કર્તા બનું અને આ લોકોનો નાશ કરું."

આમ ગીતામાં મુખ્યત્વે ત્રણ પ્રતિપાદનો છે.

(૧) કર્મ છૂટતાં નથી, કર્મ દ્વારા જ સામ્યાવસ્થા કે મોક્ષ મેળવવાનો છે.' કર્મણૈવ હિ સંસિદ્ધિમ્–આસ્થિતા જનકાદય:' (૩-૨૦)

(૨) આ અવસ્થા પ્રાપ્ત થયા પછી પણ કર્મ કરવાના છે.

"સક્તા કર્મણ્યમ્ વિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત,

કુર્યાદ વિદ્વાંસ તથા અસક્તશ-ચિકિર્ષુર લોકસંગ્રહમ" (૩-૨૫)

(૩) અને કર્મો શોધવા જવાના નથી, પ્રકૃતિગત-સહજ કર્મો કર્તાપણાના ભાન વિના આસક્તિ છોડીને કરવાનાં છે.

"તસ્માત્ અસક્ત સતતમ્ કાર્યં કર્મ સમાચાર."

આવાં કર્મોમાં કોઈને ભાગે સંરક્ષણ કરવાનું કામ આવે, તેમાં થોડો દોષ દેખાય તો પણ તે કરવાનાં છે.

પૂજ્ય ગાંધીજીની વાતનો આની સાથે કેમ મેળ પાડવો? તેમણે અનુભવથી કહ્યું છે, આપણા જેવાનો જાગૃત પુરુષાર્થ અલ્પ છે, અને તે છતાં ગીતા અને મહાભારતમાંના અંત:પ્રમાણ પ્રમાણે ઉપલો નીચોડ જ સાચો છે. તેનું મોટામાં મોટું પ્રમાણ આ ઉપદેશને અંતે અર્જુને યુદ્ધ કર્યું તે છે, એટલું જ નહિ ખુદ શ્રીકૃષ્ણે તેનું રથીત્વ કર્યું.

પણ આમ હોવા છતાં ગીતામાં બીજી બાજુ સ્થિતપ્રજ્ઞના, ગુણાતીતના, ભકતના, જ્ઞાનીનાં લક્ષણો વર્ણવતી વખતે અહિંસા તેનાં લક્ષણોમાં મૂકાઈ જ છે. જુઓ–

"આદ્વેષ્ટા સર્વભૂતાનાં, મૈત: કરુણ એવ ચ

ક્ષમ: શત્રૌ ચ મિત્રે ચ તથા માનપમાનયો:

શી તોષ્ણ સુખદુ:ખેષુ–(૧૨-૧૩).

માનાપમાનયો તુલ્ય:

તુલ્ય પ્રિયા પ્રિયો ધી ૨: સમ લોષ્ટાશ્મકાંચન (૧૪-૨૪-૨૫)

ફરી દૈવી–આસુરી સંપત્તિમાં જોઈએ

અહિંસા–સત્યમ્ અક્રોધ: ત્યાગ: શાંતિ: અપૈશુનમ્

દયા ભૂતેષુ, અલોલુપ્ત્વમ માર્દવં હીર અચાપલમ્ (અ. ૧૬-૨)

સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત, જ્ઞાની, ભક્તનાં લક્ષણોમાં સર્વભૂતહિતેર, દયાધન—આ બધાં ગણાવ્યાં જ છે. તેની સાથે તો ગાંધીજીએ સંપૂર્ણ ફલાશકિત ત્યાગ સંપૂર્ણ અહિંસા વિના શકય નથી તેમ જ બંધ બેસે છે.

અને છતાં ગીતાએ પ્રકૃતિગત કર્મો સદોષ હોય તો પણ કરવાની આજ્ઞા આપી છે. ક્ષાત્રિય માટે—

શૌર્યં, તેજો ધૃતિર દાક્ષ્યમ્ યુદ્ધે ચ અપલાયનમ્
દાનમ્ ઈશ્વરભાવશ્ય ક્ષાત્રે કર્મ સ્વભાવજમ્ (અ. ૧૮-૪૩)

અને બ્રાહ્મણના લક્ષણ ગણાવતાં—

શમ:, દમ: તપ: શૌચમ્ શાંતિ: આર્જવમ્ એવમ—ગણાવ્યા છે (અ. ૧૮-૪૨)

ગીતા પ્રમાણે એનો અર્થ એટલો જ થાય કે બ્રાહ્મણથી હિંસા ન કરાય, તે પોતાના તપોબળે શકય તે તે કરે, પણ જે બ્રાહ્મણ નથી અને તેવા જ ગાઢા છે, તેને માટે ખાસ કરીને ક્ષાત્રિય સ્વભાવવાળા માટે આતતાયીઓને વશ કરવા અને અનિવાર્ય હોય ત્યાં હણવા તે પ્રાપ્ત કર્તવ્ય છે.

આવું કર્મ આસકિત વિના થઇ શકે? તેનો ઉત્તર મહાભારત અને ગીતાએ હકારમાં આપ્યો છે, જેમ ન્યાયાધીશે ફાંસીની સજા કરે છે: થઈ શકે એનો અર્થ થાય જ છે તેવું નથી. અહીં થઈ શકે કે નહિ તેનો નિર્ણય આપવાનો છે—ગીતાએ તે આપ્યો છે—યુદ્ધસ્વ વિગતજ્વર અને શ્રીકૃષ્ણની દોરવણી નીચે બને તેટલા વિગતજ્વર થઈને યુદ્ધ કર્યું; તેમ પ્રમાણ્યું છે. આ વિગતજ્વર વૃત્તિ કઈ હિંસા પ્રમાણ છે, અને કઈ અપ્રમાણ છે તે ઠરાવશે.

સ્ત્રી-પુરુષ સંગ સૌથી તીવ્રતમ આસકિત જન્માવનારુ કર્મ છે. મહાભારતકારે વ્યાસને નિયોગમાં પ્રયોજ્યું એવું કર્મ પણ વિગતજ્વર થઈને કરી શકાય તેવી મહોર મારી છે.

છતાં એ વાત સાચી છે કે ગીતા પ્રમાણે પણ બ્રાહ્મી સ્થિતિએ પહોંચેલો સૌના સુખી અને અનુભવતો—સહુ કોઈના હિતમાં પરોવાયેલો કર્મ કરતો છતાં હિંસા આચરતો નથી. પણ ગીતા આ અનાસકિત કે અહિંસાના પ્રક્રિયા વિકાસમાં પણ મિથ્યાચાર, દંભ કે અસહજ કર્મો ન પેસે તે વિષે સાવધ છે. મનોવૃત્તિ ક્ષાત્રિયની હોય અને કર્મ અહિંસક રાખવા મિથ્યા પ્રયત્ન કરે તે કૃત્રિમ થાય તે અનાસકિત નથી.

આથી એક અનુભવી અને જ્ઞાની મિત્રે બીજા ભકત, અનુજ મિત્રને તેની પ્રકૃતિ જોઈ વિગતજ્વર થઈ લોકસંગ્રહાર્થે લડવાની સલાહ આપી છે તેવું અનુમાન સયુકિતક છે.

મનુભાઈ પંચોળી–દર્શક

* પ્રેમળ જ્યોતિ *

પ્રેમળ જ્યોતિના બહેનો ઘણી બધી સંસ્થાઓની મુલાકાત લે છે અને ઘણા બધા જરૂરિયાતવાળાને આર્થિક રીતે ઉપયોગી બને છે.

ઘણી સંસ્થાઓમાં રહેતી નિરાધાર વ્યકિતઓને દરેક જાતના કપડાં, ધોતિયા-સાડીયો વિ.ની ઘણી જ જરૂર છે, તે તરફ વાંચકોનું ધ્યાન દોરવામાં આવે છે. સૌ પોતાનો પ્રેમ વરસાવે એવી વિનંતી. – મંત્રીઓ

મહાભારત અને ગાંધીજી

[૨]

ડો. ઉપેન્દ્રરાય સાંડેસરાએ મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં આપેલા પાંચ વ્યાખ્યાનોમાંના પંચમા અને છેલ્લા વ્યાખ્યાનમાં "મહાભારત અને ગાંધીજી"નો સાર 'પ્રબુદ્ધ જીવન'ના ગઈ તા. ૧૫મી ડિસેમ્બર ૧૯૮૦ના અંકમાં આપવા શરૂ કરેલો તે આ અંકમાં પૂરો થાય છે. વ્યાખ્યાનનો સાર શ્રી કૃષ્ણવીર દીક્ષિતે તારવ્યો છે.

ડો. ઉપેન્દ્રરાય સાંડેસરાએ ભગવદ્‌ગીતાના મહાભારત પ્રોકત સમર્થ ભાષ્ય જેવી "અનુગીતા"માં રાજા જનકની જીવનચર્યાનું નિષ્કામ કર્મયોગનો મર્મ સમજાવતું એક દૃષ્ટાંત રજૂ કર્યું હતું. આ દૃષ્ટાંતની પૂર્વે ત્રિગુણાત્મક પ્રકૃતિના નવે મહાદોષોનો નિગ્રહ કરીને એ મહાશત્રુઓનો પરાજય કરીને આધ્યાત્મિક આધિરાજ્ય—ચક્રવર્તીપદ પ્રાપ્ત કર્યું તેની કથા છે. તે કથા પછી આવું સાર્વભૌમત્વ પ્રાપ્ત કરનાર રાજા જનકનું દૃષ્ટાંત આવે છે; ટૂંકમાં આ મુજબ છે: રાજા જનકે અપરાધમાં આવેલા એક બ્રાહ્મણને શિક્ષા ફરમાવતાં કહ્યું: "તારે મારા રાજ્યમાં રહેવું નહિ." આ સાંભળીને બ્રાહ્મણે રાજાના આદેશ પ્રમાણે વર્તવાની તૈયારી સાથે તેને કહ્યું, "તારા રાજ્યની સીમા મને કહે, કારણ હું બીજા રાજ્યમાં જવા માગું છું."

આ અર્થઘન વચન સાંભળીને જનક એક મુહૂર્ત સુધી વિચારમાં પડી ગયો, પછી બોલ્યો, "આ રાજ્યમાં ઘણા જનપદો મારે સ્વાધીન છે પણ મને એમાં મારું પોતાનું રાજ્ય દેખાયું નહિ. મિથિલામાં પણ કંઈ મળ્યું નહિ. મારી પ્રજામાં શોધ કરતાં ત્યાં પણ મળ્યું નહિ. હું ગુંચવાઇ ગયો. પરંતુ હવે ગુંચવાડો દૂર થતાં લાગે છે કે આ સર્વ રાજ્ય મારું છે અથવા મારું નથી. આ આત્મા પણ મારો નથી અથવા આ સર્વ પૃથ્વી પણ મારી છે. આત્માપિ चायं न मम, सर्वा वा पृथिवी मम-हुं માનું છું કે જેમ આ મારું છે તેમ તે બીજાઓનું પણ છે. માટે તું ઇચ્છે ત્યાં સુધી અહીં રહે.

કઇ જ્ઞાનબુદ્ધિથી રાજાએ મમત્વ ત્યાગ્યું તે કહેવાનું બ્રાહ્મણે કહેતાં જનકે જવાબમાં કહ્યું, "જગતમાં સર્વ કર્માવસ્થાઓ નાશવંત છે તેથી "આ મારું જ છે." એવી મમત્વ બુદ્ધિ હું કરતો નથી." ઇશોપનિષદના પહેલા મંત્રનું સ્મરણ થઇ આવતાં જનકે કહ્યું, "આ કોનું છે? આ ધન કોનું છે? એવું વેદવચન છે. આથી "આ મારું છે." એવી બુદ્ધિ મને થતી નથી. હું "મારે માટે" કંઇ પણ ઇચ્છતો નથી કે કાર્ય કરતો નથી. પાંચે ઇન્દ્રિયો અને તેના વિષયો ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દને હું "મારે માટે" ભોગવતો કે ઇચ્છતો નથી. મારા મનને, મંતવ્યને, વિચારોને, બુદ્ધિને પણ હું "મારે માટે" ઇચ્છતો નથી. મારી સર્વ કાર્ય પ્રવૃત્તિ દેવો, પિતૃઓ, પ્રાણીઓ અને અતિથિઓ માટે જ હોય છે એટલે મન અને સર્વ ભૂતોને તેના વિષયો સહિત મેં વશ કર્યાં છે.

આ સાંભળી, મુકત હાસ્ય વેરતા બ્રાહ્મણ રૂપધારી ધર્મે કહ્યું: "આ બ્રહ્મરૂપી નાભિવાળા તથા બુદ્ધિરૂપી આરાવાળા કદી ખસું નહિ ફરનારા, આત્યંતિક ગતિવાળા અને સત્ત્વગુણ રૂપ 'નેમિ' એટલે કે ધરિથી વીંટાયેલા એવા ધર્મરૂપી ચક્રનો તું એક પ્રવર્તક છે.' લોકસંગ્રહી રાજા જનકે એટલે કે મહાભારતકારે 'ઇશોપનિષદ'ને સ્મરણમાં રાખ્યું છે. મહાભારતમાં અન્યત્ર વ્યાસે પુત્ર શુકદેવને "ઇશોપનિષદ"ના પહેલા મંત્રનું રહસ્ય સમજાવીને કરેલા સમારોપનું અવતરણ રજૂ કરતા અને તેનો મહિમા કરતાં વકતાએ

કહ્યું હતું: "સર્વ વેદોના રહસ્યરૂપ, અનુમાન કે આગમ પ્રમાણથી સમજાય નહિ પણ સ્વાનુભવથી જ સમજાય તેવું, ધર્મ અને સત્યને લગતાં બધાં આખ્યાનો અને ઋગ્વેદની દશ હજાર ઋચાઓમાંથી મંથન કરીને તારવેલું આ પ્રવચન છે.

ગાંધીજીએ ઈશોપનિષદના આ પ્રથમ મંત્રનો કેટલો બધો મહિમા કર્યો છે તે ખ્યાલ આપતાં વક્તાએ કહ્યું હતું: "ગાંધીજીએ "ઈશોપનિષદ"ના કર્મફળ ત્યાગના વિચારને સમગ્ર હિન્દુ ધર્મના અને તેનાં તમામ શાસ્ત્રોના સારરૂપે કહીને ભગવદ્ ગીતાને આ વિચારના ભાષ્યરૂપે ગણાવી છે. "ઈશોપનિષદ" ના પ્રથમ મંત્રની મહત્તા વર્ણવતાં તેમણે કહ્યું છે: "કારણવશાત્ ઉપનિષદો અને સર્વે શાસ્ત્રો બળીને ભસ્મ થઈ જાય, પરંતુ "ઈશોપનિષદ"નો પહેલો મંત્ર આખો જો હિંદુઓના સ્મરણમાં રહે તો હિન્દુ ધર્મ અમર રહેશે એવો મારો આખરી મત છે. એ જ પ્રવચનમાં ગાંધીજીએ આ મંત્રને સર્વધર્મીઓ અને સર્વ "શાસ્ત્રી"ઓ કે "વાદી"ઓને સંતોષ આપનાર ગણાવ્યો છે. ગાંધીજીએ આ મંત્રને વિશ્વના કોઈ પણ ભાગમાંથી ખોળી શકાય તેવા તત્ત્વજ્ઞાનના અને ધર્મના ભંડાર તરીકે તથા તત્ત્વજ્ઞાન અને ધર્મની વિરુદ્ધ હોય તે બધાથી મુક્ત રૂપે જણાવ્યો છે.

વક્તાએ તે પછી "અનુગીતા"માં અહિંસાની "સર્વશ્રેષ્ઠ કૃત્ય, ઉદ્વેગરહિત પદ તથા વરિષ્ઠ ધર્મલક્ષણ અને કલ્યાણકાર જ્ઞાન" તરીકે કરવામાં આવેલી પ્રતિષ્ઠાનો નિર્દેશ કર્યો હતો. બહારના વિગ્રહ કરતાં ચિત્તમાં નિરંતર ચાલતા દેવાસુર સંગ્રામને વિશેષ ઉગ્ર લેખતા તથા સત્યાગ્રહી અહિંસાથી તેને કેવી રીતે જીતવો તે મહર્ષિ વ્યાસના માર્ગદર્શનનો ઉલ્લેખ કર્યો હતો અને તે સાથે તેમણે તેની એક મર્યાદા પણ દર્શાવી હતી કે વૈયક્તિક ચિત્તનાં આંતરિક ઘર્ષણો મોટા પાયા ઉપર સામૂહિક ચિત્તક્ષોભ જન્માવી એમાંથી તીવ્ર ત્રાસમાધાન, કટુતા, હિંસા, દમન અને અન્યાય પરિણમે તો અહિંસક માર્ગે તેનું શમન થાય કે કેમ તે વ્યાસે દર્શાવ્યું નથી. વક્તાએ આ અંગે કહ્યું હતું કે અનાસક્તિપૂર્વક યુદ્ધ એનો આદર્શની દૃષ્ટિએ એક ઉકેલ છે ખરો; પરંતુ એ તો ભૂમિતિની આદર્શ રેખા અથવા લોલકની વજનવિહોણી આદર્શ સ્થિતિ જેવો છે અને કદી પણ વ્યવહારમાં પૂર્ણતયા આચારસ્થ થઈ શકે એવો નથી. એ વાસ્તવિકતાના સંદર્ભમાં વ્યાસજી યુદ્ધની નિરર્થકતા અને પ્રેમની સર્વોપરિતા દર્શાવીને અટકયા હોવાનું તેમણે જણાવ્યું હતું. યુદ્ધના વિકલ્પે શું એ પ્રશ્નનો વ્યાસે વિચાર કર્યો છે અને મહાભારતમાં એ વિષે વિસ્તૃત ચર્ચાવિચારણા પણ કરી છે; પરંતુ સૂત્રધાર શ્રીકૃષ્ણને નિઃશસ્ત્ર રહેતા દેખાડીને ભવિષ્યમાં કોઈ નરોત્તમ ઉપર એમણે પ્રશ્નોનો ઉકેલ છોડીને સંતોષ માન્યો જણાય છે એમ વક્તાએ જણાવ્યું હતું.

આ સંબંધમાં ગાંધીજીએ શું પ્રદાન કર્યું છે, તે મુદ્દા પર આવતાં વક્તાએ કહ્યું હતું કે "વ્યાસે બાકી રાખેલા એ પ્રશ્નનો ઉકેલ ગાંધીજીએ વ્યાસની જ પદ્ધતિએ ચિત્તને ઉત્ક્રાન્ત કરીને ઉકેલવા પ્રચંડ પ્રયત્ન કર્યો હતો. અલબત્ત એમાં ઘણી ખામીઓ રહી હોવા છતાં બળતી માનવતાને સંપૂર્ણ કે બહુ અંશે નહિ છતાંય સહેજે અલ્પ મહત્ત્વની નહિ એવી નોંધપાત્ર સફળતા મળી. એ સફળતાનું માપ તાત્કાલિક સિદ્ધિથી નહિ પણ બુદ્ધ, મહાવીર, શ્રીરામ, શ્રીકૃષ્ણ વગેરેએ જેનું બીજારોપણ સંવર્ધન અને સંગોપન કર્યું હતું એવી અવૈર પ્રેમના મહાસિદ્ધાન્તરૂપી વાડીમાંથી એક વિશિષ્ટ ફળ ઉતારી ભવિષ્ય માટે દુનિયા સમક્ષ બચવાનું આશ્રયસ્થાન બની શકે એવી શકયતાનું સફળ અને આશાસ્પદ દિગ્દર્શન કરાવ્યું છે તેનાથી નીકળી શકે. તાત્કાલિક સિદ્ધિ પણ એટલી તેજસ્વી છે કે એણે ભારતને હવે કહેવા ખાતર કહો કે ભારતીય ઉપખંડને લશ્કરી રકતપાત વિના રાજકીય રીતે સ્વતંત્ર કર્યું. કિંમી વિદ્વેષ અને રકતપાત અને અન્ય અમાનુષી કૃત્ય થયેલાં તે અને એવા બીજા ઘણા મુદ્દાઓ "અહિંસક સત્યાગ્રહ"ના ગર્ભમાં રહેલા શોધનના પુષ્કળ અવકાશના નિદર્શક છે] આ કારણે પ્રજાના ચિત્તમાં રહેલી દૈવીવૃત્તિઓ અન્યાયનો સામુદાયિક સામનો અહિંસાથી સફળતાપ્રર્વક કરી શકે છે અને સત્ય પ્રતિષ્ઠિત અહિંસક બળ એ જાણમાં આવેલી સર્વોત્તમ શકિત છે એ પુનઃ જાણવામાં આવ્યું અને હવે પછી જન્મનારા પુરુષોત્તમો અર્થાત્ સાચા માનવો મહાભારતના વ્યાસે મૂકેલા કોયડાનો, જેમ ગાંધીજીએ વ્યાસ-કૃષ્ણાદિ પુરુષોત્તમોના ખભા ઉપર ઊભા રહીને ઉકેલ કરવા પ્રયત્ન કર્યો તેમ ગાંધીજીના અને એવા બીજા જ્ઞાત-અજ્ઞાત દ્રષ્ટાઓના ખભા ઉપર ઊભા રહીને વિશેષ સારો ઉકેલ કરશે એવી આશા જન્માવે છે. અહીં વક્તાએ "મંગલ પ્રભાત"માં ગાંધીજીએ કરેલા એક વિધાનનો નિર્દેશ ગીતાની એક ઉકિત સંદર્ભમાં સામ્યદૃષ્ટિ એ કર્યો હતો. "અહિંસા પરમો ધર્મ: સ ચ સત્યે પ્રતિષ્ઠિત:, આ ઉકિતની સાથે સરખાવવા જેવું ગાંધીજીનું વિધાન આ પ્રમાણે છે "અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ. આપણે વિશ્વાસ ન છોડતાં એક જ મંત્ર જપીએ કે "સત્ય છે. તે જ છે તે જ એક પરમેશ્વર તેનો સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ, એક જ સાધન તે અહિંસા."

ડો. સાંડેસરાએ તે પછી શરશય્યા ઉપર પોઢેલા, બુઝાતા અગ્નિ સમા જણાતા ગાંગેય ભીષ્મની સાથે પ્રેમાદર સહિત વાતચીત કરતાં શ્રીકૃષ્ણે એમની પ્રશંસા કરી હતી તેનો નિર્દેશ કરતાં કહ્યું હતું: "શ્રીકૃષ્ણે ભીષ્મને "બ્રહ્મમય નિધિ –જ્ઞાનના સાગર તરીકે વર્ણવીને એક નોંધપાત્ર વિધાન કર્યું હતું. જે આ મુજબ છે:

त्वां हि राज्ये स्थितं स्फीते समग्राज्ञामरोगिणम् ।
स्त्री सह स्त्रैः परिवृतं पश्यामी हो ध्रुवं रेतसम् ॥

શ્લોકનો અર્થ સમજાવતાં વક્તાએ કહ્યું હતું: "તમે (કૌરવ) મહારાજ્યનું શાસન કરતા હતા, સંપૂર્ણ તંદુરસ્ત હતા અને અસંખ્ય સ્ત્રીઓથી વીંટાયેલા રહેતા હતા તો પણ હું તો તમને સતત ઊર્ધ્વ રેતા–દઢ બ્રહ્મચર્યવાળા જ જોઉં છું.

આ સાથે વક્તાએ મહાભારતમાં અન્યત્ર આવેલા કેટલાક ધ્યાનાકર્ષક સંદર્ભોનો નિર્દેશ કર્યો હતો. જેમ કે પિતામહ ભીષ્મે ત્રીસ અથવા વધુ અશ્વમેધ કરેલા. પિતા માટે સત્યવતીનું માગુ કરવા ગયેલા દેવવ્રત એમની વિદ્યુત પ્રતિજ્ઞા વેળાં બોલ્યા હતા: "દાશરાજ! પિતા માટે સર્વ રાજાઓનાં સાંભળતાં મારાં વચન તમે સાંભળી લો. રાજ્ય તો મેં પૂર્વે જ ત્યજ્યું છે, હવે સંતાન અર્થે હું આ પ્રતિજ્ઞા કરું છું કે આજથી હું બ્રહ્મચારી રહીશ."

વક્તાએ એક બીજો નિર્દેશ પણ કર્યો હતો કે મહાભારતની દક્ષિણની વાચના તૈયાર કરનારાઓએ ભીષ્મ પરણ્યા હોવાનો સંકેત કર્યો છે. તેમના મુખમાં આ વચન મૂકવામાં આવ્યું છે: "હું રાજ્ય અને મૈથુનનો સર્વથા ત્યાગ કરું છું. તને (એટલે કે દાશને) હું સાચું કહું છું કે હવેથી હું ઊર્ધ્વરેતા બનીશ!

આદિ પર્વ (૯૭ ૯ થી ૧૧)માં વિચિત્રવીર્યના નિધન પછી અપર માતા સત્યવતીએ ભીષ્મને કાંતો નિયોગ દ્વારા કે કાં ધર્મપૂર્વક પત્ની કરીને સંતાનોત્પત્તિ કરવા આગ્રહ કર્યો હતો.

ભીષ્મ પિતામહના સ્વર્ગારોહણ પ્રસંગે યુધિષ્ઠિર હસ્તિનાપુરથી નીકળ્યા ત્યારે મોખરે ભીષ્મના અગ્નિઓને લઈ જવામાં આવતા હતા. ભીષ્મ પાસે પહોંચીને યુધિષ્ઠિરે તેમને જાણ કરી કે "તમારા અગ્નિઓને લઈને હું સમયસર હાજર થયો છું, આનો એવો અર્થ થયો કે ભીષ્મ આહિતાગ્નિ હતા. આહિતાગ્નિ ગૃહસ્થાશ્રમી હોય જ એ જાણીતું છે. આહિતાગ્નિના મૃત્યુ પછી તેના શબની સાથે તેના

અગ્નિઓને પણ દાહ સંસ્કાર માટે સ્મશાનમાં લઈ જવામાં આવે છે.

વક્તાએ એ પણ કહ્યું હતું કે આ સર્વ સંદર્ભો પૈકી એક સંદર્ભને અનુલક્ષીને કુમારિલ ભટ્ટે ભારતીય સમાજમાં જેમનું મહત્ત્વનું સ્થાન છે એવા દશ મહાપુરુષોએ કયા કયા ધર્મનું અતિક્રમણ કર્યું હતું તેનું વિવેચન કર્યું છે એમાં ભીષ્મ પિતામહે કરેલા અશ્વમેધ યજ્ઞોને લક્ષમાં રાખીને આ મુજબ સમીક્ષા કરી છે: "ભીષ્મ તો "ભાઈઓમાંના એક ભાઈને પણ પુત્ર હોય તો તે પુત્ર વડે સર્વ ભાઈઓને પુત્રવાળા સમજવા એમ મનુએ કહ્યું છે તે મુજબ વિચિત્રવીર્યના ક્ષેત્રજ પુત્રોના કારણે પુત્રવાન હતા અને પિતૃ-ઋણમાંથી મુક્ત થયેલા. તેથી કેવળ યજ્ઞ કરવા માટે પત્ની સંબંધ હતો એમ અર્થાપત્તિથી કહ્યા વિના પણ સમજાય છે "કેવળ યજ્ઞાર્થ પત્ની સંબંધ આસીદિત્યર્થો પત્યા અનુક્તમપિ ગમ્યતે વળી જાણતા હતા છતાં પણ શાસ્ત્રાર્થનું અતિક્રમણ થશે એ ડરથી પિતાને પિંડદાન દીધું નહોતું , તેઓ એકાકી રહીને કેવી રીતે યજ્ઞ કરે?

વક્તાએ આ સર્વ સંદર્ભો રજૂ કર્યા પછી સમજવા જેવી વાત એ કહી હતી કે અશ્વમેધ એક એવો મહાયજ્ઞ છે કે જેમાં એકથી વધુ પત્ની હોવી જરૂરી છે. આમેય વૈદિક યજ્ઞોમાં યજમાનને પત્ની હોવી જ જોઈએ. અશ્વમેધની ખાસ વિધિઓ જોતાં વિશિષ્ટ રીતે જરૂરી છે.

અશ્વમેધ સાધારણ રીતે ચક્રવર્તીઓ કરે પરંતુ બીજાઓ પણ કરે. જેમ કે શ્રીકૃષ્ણનો પિતા વસુદેવે અશ્વમેધ કરેલો. ૧૮મી સદીના પૂર્વાર્ધમાં રાજસ્થાનમાં આમેરના (એટલે કે જયપુર રાજ્યના) મુ ગલોના ખંડિયા સવાઈ જયસિંગે અશ્વમેધ કરેલો.

ભીષ્મે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી ત્યારે પોતાની પત્નીઓનો ત્યાગ કરેલો. આથી સત્યવતીએ ભીષ્મને સંતતિ અર્થે પણ એ ત્યજી દીધેલી પત્નીઓનો અંગીકાર કરવાનું કહ્યું હતું એવા પંડિત નીલકંઠના વિધાનનું તેમ જ અગાઉ રજૂ કરેલા સંદર્ભનું અવલોકન કરતાં વક્તાઓ કહ્યું હતું કે "ભીષ્મ પરણ્યા હતા. એમણે વૈદિક કર્મ કરવા અગ્નિ સ્થાપન કરેલું અને તે પછી સત્યવતી સાથે પિતાનું લગ્ન થઈ શકે તે માટે બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા લીધેલી. ભીષ્મે બ્રહ્મ-ચર્ય પાલનની પ્રતિજ્ઞા લીધેલી ત્યારે એમની ઉંમર ચાળીસ વર્ષની હતી. સામાન્યત: જે ઉંમરે પહોંચ્યા અગાઉ મનુષ્ય પરણી જાય એવી તે ઉંમર છે. એ જમાનામાં અને આજે પણ વિવાહિત બ્રહ્મચારી ભીષ્મ એક મહારાજ્યના વડાપ્રધાન તરીકે કાર્ય બજાવતા. તે અંગે અસંખ્ય સ્ત્રીઓ સાથે સંપર્કમાં આવતા. વૈદિક યજ્ઞો પણ કરતા છતાં ઊર્ધ્વરેતા બ્રહ્મચારી રહ્યા હતા.

ડૉ. સાંડેસરાએ અહીં, ગાંધીજીએ ગ્રહણ કરેલા બ્રહ્મચર્ય વ્રતનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું: "ગાંધીજીએ સારી પેઠે ચર્ચા કર્યા પછી અને પુખ્ત વિચારો કર્યા પછી સન ૧૯૦૬માં એટલે કે ૩૭ વર્ષની ભરયુવાન વયે બ્રહ્મચર્ય વ્રત લીધું. એ વ્રત અંગે ગાંધીજી લખે છે· "બ્રહ્મચર્યનું પાલન એટલે બ્રહ્મદર્શન આ જ્ઞાન અને શાસ્ત્ર મારફતે નહોતું થયું. એ અર્થ મારી આગળ ધીરે ધીરે અનુભવ સિદ્ધ થતો ગયો. તેને લગતાં શાસ્ત્ર વાક્યો મેં પાછળથી વાંચ્યાં. બ્રહ્મચર્યમાં શરીર-રક્ષણ, બુદ્ધિરક્ષણ અને આત્માનું રક્ષણ છે એ હું વ્રત પછી દિવસે દિવસે વધારે અનુભવવા લાગ્યો કેમ કે હવે બ્રહ્મચર્યને એક ઊંચા તપશ્ચર્યારૂપ રહેવા દેવાને બદલે તેને રસમય બનાવવાનું હતું. તેની જ ઓથે જીનભનું હતું. એટલે હવે ખૂબીઓનાં નિત્ય નવાં થવા દર્શન લાગ્યાં ('આત્મકથા' પાંચમી આવૃત્તિ ભાગ ત્રીજો પ્રકરણ-૮)

હિંદુ ધર્મે આત્મસાક્ષાત્કાર અર્થે પાયાના પાંચ સિદ્ધાન્ત પ્રબોધેલા છે. એ પાંચ યમ આ પ્રમાણે છે: અહિંસા, સત્ય, અપરિ-ગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્ય. આ પાંચેય અન્યોન્ય સાથે સંલગ્ન છે. એકની પણ ક્ષતિ પાંચેમાં ક્ષતિ આણીને આત્મજ્ઞાનમાં અવરોધ ઊભો કરે આથી ગાંધીજીએ નોઆખલીમાં અનુભવ્યું કે અહિંસા જેવી અપરિમેય શક્તિ ત્યાંના મુસલમાનોમાં સારો પ્રતિભાવ જગાડી શકતી નથી ત્યારે તેમણે આત્મખોજ આદરી પોતે અત્યંત તેજસ્વી બ્રહ્મચર્ય પાળતા હતા, છતાં તેમાં પણ અપૂર્ણતા હોઈ શકે એમ માનીને તેમણે બ્રહ્મચર્યના ક્ષેત્રમાં અશ્રુતપૂર્વ અને અભૂતપૂર્વ પ્રયોગો આદર્યા. તેની શરૂઆત તેમણે પોતાની પૌત્રી-ભત્રીજીની દીકરી મનુ ગાંધીથી કરી. આ પ્રયોગોને કારણે નિર્મળ બોઝ જેવા સાથી છૂટા પડ્યા. ઠક્કર બાપા અને આચાર્ય કૃપાલાની જેવાએ એનો વિરોધ કર્યો. કિશોરલાલ મશરૂવાળા અને નરહરિ પરીખ જેવા પૂજ્યભાવ ધરાવનારા નિકટના સાથી અને શિષ્ય સમાન પુરુષોએ ગાંધીજીના પ્રયોગોના પ્રાર્થના પ્રવચનોમાંથી એમના બ્રહ્મચર્ય અંગેના નિર્દેશો અને ઉલ્લેખો "હરિજન" સાપ્તાહિકોમાં છાપવાના બંધ કરીને વિરોધ દર્શાવ્યો. કાકા કાલેલકર જેવા તેમના વિચારોના સમર્થક શાસ્ત્રી જેવા સજ્જનોએ તેમની શુદ્ધ બુદ્ધિમાં વિશ્વાસ મૂક્યો. પરંતુ તેમની સાથે સહમત ન થયા. કેવળ એક બાદશાહ ખાને-સરહદના ગાંધીએ તેમને સમજવાની પૂરી કોશિશ કરી અને ટેકો આપ્યો. એમ ગાંધીજીએ પોતાની બ્રહ્મચર્યની સાધના પાંચે યમોના પાલન દ્વારા બ્રહ્મને પ્રાપ્ત કરવાની સાધના ભારતીય જનતાની લોકસંગ્રહી કર્યો દ્વારા સેવા કરવાની સાધના ઓકલે હાથે અને લગભગ કોઈના સમર્થન વિના કર્યા કરી. એ વખતના ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટ બેટનના શબ્દોમાં "પંજાબમાં પચાસ હજાર સૈનિકો ન મેળવી શકયા તેવો વિજય "એક માણસના બનેલા સૈનિક દળે "કલકત્તામાં પ્રાપ્ત કર્યો" એટલી સિદ્ધિ તો મેળવી જ.

ભારતના પિતામહ ભીષ્મ અને ઈસુની વીસમી સદીના ગૃહસ્થ બ્રહ્મચારી રાષ્ટ્રપિતા ગાંધીજીના બ્રહ્મચર્ય વચ્ચેનું સામ્ય તુલના કરવા જેવું છે. ભારતીય સાધના ધારાના એક પરમ પવિત્ર નદનાં એમાં દર્શન થયા વિના રહેશે નહિ.

સંપૂર્ણ

સંકલન: કૃષ્ણવીર દીક્ષિત

સાભાર સ્વીકાર

ઘ્રિતનો ગુલાબી રંગ: નાથાલાલ દવે:
પ્રકાશક: સાધનાપથ પ્રકાશન.
૧૦૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
મૂલ્ય એક રૂપિયો.

O O O

શ્રી એચ. એમ. પટેલ અમૃતમહોત્સવ
અભિનંદન ગ્રંથ.
પ્રકા. ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગર.
કિંમત-રૂપિયા પચાસ

O O O

અહિંસક ક્રાન્તિ સંગઠન
લે. દાદા ધર્માધિકારી
પ્રકા. યજ્ઞ પ્રકાશન, હજીરાતપાગા, વડોદરા.
કિંમત -છ રૂપિયા

O O O

વિનોબાજી કૃત ગીતાઈ (સમશ્લોકી ભાષાંતર)
ભાષાંતરકર્તા-ગોકુળભાઈ ભટ્ટ
પ્રકા. પરંધામ, પ્રકાશન, પવનાર, વર્ધા.
કિંમત-એક રૂપિયો

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ જાન્યુઆરી, ૧૯૮૧, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

જૈન તીર્થોના ઝઘડા

□ ચીમનલાલ ચકુભાઈ

આ વિષયે લખતાં સંકોચ થાય એવું છે. સાંપ્રદાયિક મમત્વ-વાળા આળાં હૈયાઓને દુઃખ થવા સંભવ છે. એ જોખમ વ્હોરીને પણ હવે લખવાની ફરજ છે એમ માનું છું. દિગમ્બર તથા શ્વેતામ્બર મૂર્તિપૂજક બન્ને સમાજનો બહુ મોટો વર્ગ અંતઃકરણપૂર્વક ઈચ્છે છે કે આ ઝઘડાઓનો અંત આવવો જોઈએ. છતાં બહુજનસમાજ નિરૂપાય થઈ ગયો છે– બન્ને પક્ષો, જેના હાથમાં આગેવાની છે તેઓ હિમતથી કામ ન લે ત્યાં સુધી નિરાકરણ નહિ થાય. તાજેતરમાં અંતરિક્ષજી તીર્થ સંબંધે વાતાવરણ કેટલુંક ઉગ્ર થતું જાય છે. કેટલાક મિત્રોએ આગ્રહથી મને કહ્યું છે કે એક નિષ્પક્ષ વ્યક્તિ તરીકે મારે આ સંબંધે લખવું જોઈએ. જૈન સમાજના અંગ તરીકે, જૈનોની એકતાના હિતમાં પણ સ્પષ્ટ કહેવાનો સમય પાક્યો છે.

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ પ્રસંગે અને તે ૩-૪ વર્ષના ગાળામાં એકતાનું સારું વાતાવરણ થયું, જેના પરિણામે આ બાબત સમાધાન માટે ઠીક પ્રયત્નો થયા. દુર્ભાગ્યે તેમાં સફળતા ન મળી.

તીર્થોના આ ઝઘડાઓ વિષે, ખાસ કરી સમેતશિખર અને કેસરીયાજી તીર્થો વિષે, સારી પેઠે અભ્યાસ કરવાની મને તક મળી હતી. અંતરિક્ષજી વિશે પણ માહિતી મળી હતી. લગભગ એક સદીથી ચાલતા આ ઝઘડાઓનો ઈતિહાસ જોઈ આશ્ચર્ય સાથે ઉંડો ખેદ થયો. ધર્મને નામે સમાજમાં વાતાવરણને ક્લુષિત કરતાં આવા પ્રસંગો બને તેમાં ધર્મની ગ્લાનિ છે. એ સૌ કોઈ સ્વીકારે છે. છતાં સામ્પ્રદાયિક મમત્વ એટલું ઉંડું છે કે લેશ પણ નમતું મૂકી સમાધાન કરવાની વૃત્તિ થતી નથી. લાખો રૂપિયાની બરબાદી કરી, પ્રીવી કાઉન્સીલ અને સુપ્રીમ કોર્ટ સુધી અનેક વખત લડ્યા અને હજી પણ કોર્ટ કચેરીના મામલા ચાલુ છે. બીજી બધી રીતે શાણા અને વ્યવહાર-કુશળ ગણાતા જૈનોમાં આવું ધર્મઝનૂન હશે એવું કોઈ કલ્પી ન શકે. બન્ને પક્ષો આ સંબંધે ઉશ્કેરણી કરવામાં અને દુરાગ્રહ સેવવામાં કેટલાક મુનિઓનો ફાળો ઓછો નથી. આવા ઝઘડાની નિરર્થકતા અને હાનિકારકતા સમજવા છતાં જેઓએ આ બાબતમાં આગેવાની લીધી છે તેઓ રૂઢિચુસ્ત સમાજના અને કેટલાક મુનિઓના ભયથી અને નિર્બળતાથી, લેશ પણ નમતું ન મુક્યું અને છેવટ સુધી લડ્યું જ એવી વૃત્તિના થઈ જાય છે.

કેટલાક તીર્થોનો વહીવટ શ્વેતામ્બર સમાજ હસ્તક છે. જેવા કે શત્રુંજય, આબુ, રાણકપુર વિગેરે. કેટલાક તીર્થોનો વહીવટ દિગમ્બર સમાજ હસ્તક છે. જેવા કે શ્રવણ બેલગોલા. આ તીર્થોમાં અન્ય સમાજના ભાઈઓ, બહેનો, અને સ્થાનકવાસી, તેરાપંથી પણ, દર્શન માટે જાય છે. તેમાં કોઈ તકલીફ પડતી નથી. પણ કેટલાક તીર્થો એવા છે કે જે દિગમ્બર શ્વેતામ્બર બન્ને પોતાના હોવાનો દાવો કરે છે. તેમાં મુખ્ય છે, સમેતશિખર, કેસરીયાજી, અંતરિક્ષજી વિગેરે. મેં જે કાંઈ અભ્યાસ કર્યો છે તે ઉપરથી મને લાગ્યું છે કે તકરારમાં ત્રણ મુખ્ય મુદ્દા છે. (૧) તીર્થનો કબજો અને વહીવટનો અધિકાર-માલિકીની ભાવના. (૨) મૂર્તિનું સ્વરૂપ. (૩) પૂજાની વિધિ. પાયામાં માલિકીની ભાવના છે. મૂર્તિનું સ્વરૂપ અને પૂજાની વિધિ તેમાં નિમિત્ત બને છે.

શ્વેતામ્બર માન્યતા પ્રમાણે મૂર્તિ આભૂષિત હોય છે. કૃત્રિમ ચક્ષું હોય છે. કછોટો કંદોરો હોય છે વિગેરે. દિગમ્બર માન્યતા પ્રમાણે મૂર્તિને કોઈ આભૂષણ હોય નહિ. મૂર્તિ દિગમ્બર હોય છે. પૂજાની વિધિમાં પણ થોડો ફેર છે. મને બધી વિગતોની ખબર નથી પણ દિગમ્બરોમાં આંગી વિગેરે નથી હોતી તેમજ મૂર્તિનું પ્રક્ષાલન થાય છે.

એક રીતે વિચારીએ તો આ ગૌણ બાબતો છે. મૂર્તિ તીર્થંકરની જ હોય છે. ભગવાન મહાવીરની હોય, પાર્શ્વનાથની હોય, આદેશ્વર ભગવાનની હોય કે બીજા કોઈપણ હોય. દર્શન અને વંદન, પ્રાર્થના અને પૂજા સૌ કોઈ કરી શકે. પણ જ્યાં વહીવટ એક સંપ્રદાયના હસ્તક હોય ત્યાં મૂર્તિનું સ્વરૂપ અને પૂજાની વિધિ તે સંપ્રદાયની માન્યતા પ્રમાણેની હોય છે અને હોવી જોઈએ એવો આગ્રહ હોય છે, અન્યત્ર કોઈ આવી દર્શન પ્રાર્થના કરે તેમાં બાધ નથી, છતાં આટલું બધું મમત્વ અને ઝઘડા શા માટે? કારણ, માલિકીની ભાવના છે.

સમેતશિખર ઉપર ૨૦ તીર્થંકરો નિર્વાણ પામ્યા છે. તેમના ચરણો (ફૂટ પ્રીન્ટસ) છે. એક સમય એવો હતો કે સમેતશિખર જવું બહુ વિકટ હતું. ગાઢ જંગલ હતું અને આદિવાસીઓથી લુંટાવાનો ભય હતો. અતિ રમ્ય સ્થળ છે. એમ લાગે છે કે સદીઓ પહેલાં, કલકત્તાના કેટલાક શ્વેતામ્બર જૈનો તેનો વહીવટ સંભાળતા. હજી પણ વહીવટ કલકત્તાની સમિતિ હસ્તક છે. ઓગણીસમી સદીના અંતમાં અથવા વીસમી સદીની શરૂઆતમાં દિગમ્બરોએ પોતાના હકકો માટે લડત શરૂ કરી. બે ત્રણ વખત પ્રીવી કાઉન્સીલ સુધી કેસો પહોંચ્યા. અહીં તો ઘણાં દાવાઓ અને ફોજદારી કેસો થયા, છેવટ પ્રીવી કાઉન્સીલે ફરમાવ્યું કે બન્ને પક્ષને પોતાની રીતે પૂજા કરવાનો અધિકાર છે, પંણ વહીવટ શ્વેતામ્બરો હસ્તક રહ્યો. પાર્શ્વનાથનું મંદિર અને જલ–મંદિર શ્વેતામ્બરોને હસ્તક જ છે. લગભગ ૧૯૨૦ આસપાસ સમેતશિખરના પહાડનો તેના તે વખતના જમીનદાર પાસેથી કબજો મેળવવા બન્ને પક્ષો વચ્ચે હરિફાઈ થઈ. એમ કહેવાય છે કે શ્વેતામ્બર સમાજે તે વખતના વાયસરોયની લાગવગ લગાડી, પહાડનો પટ્ટો મેળવ્યો. તેમાં પણ દાવાઓ થયા અને ખૂબ લડત ચાલી. બિહાર સરકારે

૧૯૫૦ના જમીન ટોચ મર્યાદાના કાયદા મુજબ પહાડનો કબ્જો લીધો. આણંદજી કલ્યાણજીની પેઢીએ બિહાર સરકાર સાથે કરાર કરી, કેટલાક હકો મેળવ્યા. દિગમ્બરોએ મહેનત કરી, તેમને પણ બિહાર સરકારે એવા જ કરાર કરી આપ્યા. પરિણામે, બન્ને પક્ષોના હકદાવા થયા. જેથી લડત ચાલુ છે. શિખર ઉપર દિગમ્બરોને યાત્રાર્થીઓ માટે એક ધર્મશાળા (વિશ્રામસ્થાન) બાંધવી છે. ત્યાં કોઈ રાત રહેતું નથી. પણ તે માટે શ્વેતામ્બરો–આણંદજી કલ્યાણજીની પેઢીની મંજુરી મળતી નથી.

કેસરિયાજીનો પણ કાંઈક એવો જ ઈતિહાસ છે. તે પણ જંગલમાં છે, જ્યાં જવું બહુ કઠીન હતું. દિગમ્બરોના કહેવા પ્રમાણે આ દિગમ્બર તીર્થ હતું. ઉદેપુર રાજ્યમાં શ્વેતામ્બરો અધિકારપદે હતા ત્યારે આ તીર્થમાં તેમની લાગવગ અને વહીવટ થયા. કેટલીય વખત તકરારો થઈ. ધ્વજ–દંડ બાબત એટલી મોટી તકરાર થઈ કે કેટલાક મૃત્યુ થયા. ઉદેપુર રાજ્યે ૫૦-૬૦ વર્ષ પહેલા મન્દિરનો વહીવટ પોતાના હસ્તક લીધો અને હજી પણ રાજ્ય હસ્તક જ છે. પરિણામે અન્ય ધર્મીઓનો સારો પેઠે પગ પેસારો થયો છે. થોડા વર્ષ પહેલા, શ્વેતામ્બરોએ વહીવટ પોતાના હસ્તક લેવા રાજસ્થાન હાઈકોર્ટમાં રીટ અરજી કરી. આ રીટ અરજીમાં રાજસ્થાન સરકારે એટલે સુધી કહ્યું કે આ હિન્દુ તીર્થ છે. રાજસ્થાન હાઈકોર્ટે તેને શ્વેતામ્બર તીર્થ ઠરાવી, શ્વેતામ્બરોને વહીવટ સોંપવો તેવો ચુકાદો આપ્યો. આ રીટ અરજીમાં દિગમ્બરો પક્ષકાર ન હતા તેથી આ ચુકાદો તેમને બંધનકર્તા ન હતો. રાજસ્થાન સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમ કોર્ટમાં દિગમ્બરો હાજર થયા અને પૂરી હકીકતો રજૂ કરી. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો રદ કર્યો અને આ તીર્થ હિંદુનું નહિ તેમજ કોઈ સંપ્રદાયનું નહિ પણ જૈનોનું છે એમ ઠરાવ્યું. રાજસ્થાનમાં પબ્લિક ટ્રસ્ટ એક્ટ છે. તે મુજબ પોતાના તીર્થોનો વહીવટ દરેક ધર્મના અનુયાયીઓ પોતે કરે એવો પ્રબંધ છે. શ્વેતામ્બર–દિગમ્બર બન્ને મળી, સરકારને અરજી કરે તો આ તીર્થનો વહીવટ જૈનો હસ્તક આવે અને બન્ને સાથે મળી વહીવટ કરી શકે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને સાત વર્ષ થયા પણ હજી એટલું કરી શક્યા નથી. તેથી વહીવટ સરકારને હસ્તક જ છે અને અન્ય ધર્મીઓનો પગપેસારો વધતો જાય છે. જૈનો સવેળા નહિ જાગે તો સુપ્રીમ કોર્ટે જૈન તીર્થ જાહેર કર્યું હોવા છતાં, હકીકતમાં હિન્દુ તીર્થ બની જશે.

અંતરિક્ષજી તીર્થ પ્રમાણમાં નાનું છે. તેમાં શત્રુંજય, કે સમેતશિખરનું સૌંદર્ય નથી કે આબુ અથવા રાણકપુરની ભવ્યતા નથી. અરપુર નાનું ગામડું છે, મૂર્તિ ભોંયરામાં છે જૈનોની વસતિ પણ બહુ નથી. દિગમ્બરોના કહેવા મુજબ દિગમ્બર મૂર્તિ છે, શ્વેતામ્બરોના કહેવા મુજબ શ્વેતામ્બર મૂર્તિ છે. પ્રીવી કાઉન્સીલ સુધી લડયા છે. મારામારી અને ફોજદારી કેસો થયા છે. લંડનમાં બેઠેલ આંગ્રેજ જજોએ ચુકાદો આપ્યો કે બંને પક્ષ ત્રણ ત્રણ કલાક વારાફરતી પૂજા કરી શકે. એટલે ત્રણ કલાક ચક્ષુઓ ચડાવે, પાછા ઉતારી નાખે, વળી ચડાવે. મૂર્તિ ઉપર લેપ હતો, ફરી લેપ કરવાની જરૂર પડી અને હતો તે લેપ ઉખાડયો ત્યારે દિગમ્બરોએ કહ્યું કે હવે દેખાય છે કે દિગમ્બર મૂર્તિ છે, એટલે ફરી દાવાઓની પરંપરા શરૂ થઈ અને ચાલે છે. એક ધર્મશાળા બાબત પણ કાંઈક તકરાર છે. અંતરિક્ષજીમાં શ્વેતામ્બરોએ બીજું મોટું મંદિર પણ બાંધ્યું છે. હવે, મુંબઈમાં એક શ્વેતામ્બર મુનિરાજે આ લડત કરવા એક કરોડ રૂપિયા ભેગા કરવાની જાહેરાત કરી છે અને જોરદાર પ્રવચનો થાય છે. દિગમ્બર સમાજ પણ નિર્વાણમહોત્સવ દરમ્યાન સારી પેઠે સંગઠિત થયો છે અને તે પણ પુરું લડી લેવા તત્પર થયો છે.

આટલા બધા કેસો થયા તેમાં કેટલાકમાં ખોટા દસ્તાવેજો ઉભા કરવા અને ખોટા સાક્ષીઓ લાવવાના કિસ્સાઓ પણ બન્યા છે. વહીવટ જેના હસ્તક હોય તેણે મૂર્તિનું સ્વરૂપ રાખવા ચરણો બદલાવી નાખે તોયું પણ બન્યું છે. એક વખત સમેતશિખર ઉપર એકે ચરણો બદલાવી નાખ્યા. મામલો પ્રીવી કાઉન્સીલ સુધી ગયો અને પૂર્વે હતા તેવા ચરણો મૂકવા હુકમ થયો

મેં આ બધું લખ્યું છે તે કોઈને દોષ દેવાના ઈરાદે લખ્યું નથી. ઊંડો ખેદ થાય છે. શેને માટે આ બધું? ધર્મને નામે? ભગવાનને નામે?

તટસ્થભાવે અને શુદ્ધ બુદ્ધિથી વિચાર કરીએ તો જરૂર લાગશે કે આ ઝઘડાનું સમાધાન અઘરું નથી. સામ્પ્રદાયિક મમત્વ અને માલિકીની ભાવના ન રહે તો સમભાવપૂર્વક નિરાકરણ તુરત થઇ શકે. અનેકાન્ત અને સમત્વની વાતો કરવાવાળા જૈનો પોતાની બુદ્ધિનું આવું દેવાળું બતાવે ત્યારે શરમથી માથું નીચું નમે છે.

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ દરમિયાન આ બધા મતભેદોને દૂર રાખી, દીર્ઘદૃષ્ટિથી, ધર્મભાવનાથી, બધા જૈનોએ એક થઈ ભવ્ય ઉત્સવ ઉજવ્યો. અનેક સંસ્થાઓમાં, વ્યવહારમાં, વ્યાપારમાં, સંબંધોમાં, ગાઢ રીતે સંકળાયેલા આપણને સૌને એટલી સદ્‌બુદ્ધિ ન સુઝે કે ધર્મને નામે અને ભગવાનને નામે લડવામાં, ઝઘડણો કરવામાં, ધર્મની હાંસી ઉડાવીએ છીએ, ભગવાનનું ઘોર અપમાન કરીએ છીએ! આપણી પાસે પૈસો થયો તેનો સદુપયોગ કરવાનો બીજો કોઈ માર્ગ મળતો નથી કે લડવા માટે લાખો વેડફી નાખીએ? હજી મોડું થયું નથી. જાગવાનો સમય પાકી ગયો છે.

પૂર્ણ સદ્‌ભાવપૂર્વક આ લખ્યું છે. કોઈને ખોટું લાગે તો ક્ષમા માગી લઉં છું.

જીવન વિકાસ

જીવનવિકાસ પરત્વે એટલે કે દિલનો ભાવ પ્રગટાવવા પરત્વે જ વિશેષ ને વિશેષ મહત્ત્વ આપણે પ્રગટાવ્યા કરવાનું છે.

જીવન જે જીવવું જ હોય તો જીવન વિકાસના યજ્ઞ કાજે, મશીફીટી સર્ગ રીતે ફના થઈ જવા કાજે. એવી જીવનની ફનાગીરીમાંથી જ જીવનની ફોરમ પ્રગટે છે.

જીવનનું ઘડતર કંઈ એમ ને એમ બનતું નથી. એ કાજે તો હથોડાના ઘા પણ સહન કરવા પડે છે, ચારે બાજુથી તથા ઉપર અને નીચે ટીપાવું પડે છે.

જીવનમાં વ્યવસ્થિતિ પ્રગટાવો. જે જે કર્મ મળેલું છે, તેમાં વ્યવસ્થા, ખંત, ઉત્સાહ હિમ્મત, સાહસ, ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે પ્રગટાવવાનું આપણાથી નહિ બની શકયું, તો જીવનવિકાસના ક્ષેત્રમાં આપણે બીજું બળ કયાંથી પ્રગટાવી શકવાનાં છીએ?

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પરિતોષિક

સમાજશિક્ષણ વિષયક અને ચિંતનાત્મક લેખો અંગે બે વર્ષના ગાળામાં પ્રગટ થયેલી કૃતિ તરીકે શ્રી શાસ્ત્રી જયેન્દ્રભાઈ દવે કૃત 'શિક્ષણ પરિભાષા કોશ'ને રૂ. ૫૦૦નું પારિતોષિક. સણોસરા જ્ઞાનસત્ર સમયે, તા. ૨૭ ડિસેમ્બરે ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રથમ બેઠકમાં પ્રમુખશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.

તૃતીય જૈન સાહિત્ય પરિષદ

☐ કૃષ્ણવીર દીક્ષિત

[૨]

(ગયા અંકથી સંપૂર્ણ)

સૂરતમાં તા. ૧૯, ૨૦ અને ૨૧મી ડિસેમ્બર ૧૯૮૦ એ ત્રણ દિવસ શ્રી શત્રુંજય વિહાર ધર્મશાળા ટ્રસ્ટના રજત જયંતી ઉત્સવ નિમિત્તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સહયોગથી ટ્રસ્ટના ઉપક્રમે અને વિદ્વાન ઈતિહાસ સંશોધક અને અગ્રણી સાહિત્યકાર ડૉ. ભોગીલાલ સાંડેસરાના પ્રમુખપદે યોજાઈ ગયેલી તૃતીય જૈન સાહિત્ય પરિષદના ઉદઘાટન સમારંભનો તથા પરિષદ નિમિત્તે યોજાયેલા પરિસંવાદની પ્રથમ બેઠકના અધ્યક્ષ ડૉ. સાગરમલજી જૈનના વ્યાખ્યાનનો વૃત્તાન્ત, "પ્રબુદ્ધ જીવન"ના તા. ૧-૧-૧૯૮૧ના અંકમાં પ્રસિદ્ધ થઈ ચૂકયો છે. અહીં પરિસંવાદની પ્રથમ બેઠકમાં થયેલા નિબંધ વાંચનનો તથા પરિસંવાદની બીજી અને ત્રીજી બેઠકની કાર્યવાહીનો વૃત્તાન્ત રજૂ કરવામાં આવે છે. પરિસંવાદમાં રજૂ કરવા માટે આશરે બે ડઝન નિબંધો આવ્યા હતા જેમાંના મોટા ભાગના નિબંધો સંક્ષેપમાં વંચાયા હતા.

ડૉ. સાગરમલજી જૈનના વ્યાખ્યાન પછી નિબંધ વાંચન શરૂ થયું.

જૈન આગમોમાં જ્ઞાન-પ્રમાણના સમન્વયનો પ્રશ્ન

પ્રા. કાંતિભાઈ પટેલે (પાટણ) "જૈન આગમોમાં જ્ઞાન-પ્રમાણના સમન્વયનો પ્રશ્ન" એ વિષેના નિબંધમાં સહુ પ્રથમ આગમોમાં જ્ઞાન વિચારના વિકાસની ત્રણ ભૂમિકાઓ—પ્રથમ આગમિક અને બાકીની બે તાર્કિક સમજાવી હતી. તે પછી તેમણે આગમિક અને તાર્કિક એમ બંને પદ્ધતિએ સમગ્ર જ્ઞાનવૃત્તિનું નિરૂપણ થયેલું હોવા છતાં કયાંથી એ બે પદ્ધતિઓનો પરસ્પર સમન્વય કરાયેલો જણાતો નથી એમ કહીને જ્ઞાન અને પ્રમાણના સમન્વયના પ્રશ્નની વિચારણા કરી હતી. તેમણે સુખ દુઃખાદિનો વિષય કરનાર માનસજ્ઞાન તે પ્રત્યક્ષ અને અનુમાન ઉપમાન આદિ માનસજ્ઞાન તે પરોક્ષ આ બંનેનો પૂર્ણ સમન્વય કેવી રીતે થઈ શકે તે વિચારણા કરી હતી. ઉપરાંત મતિજ્ઞાન તરીકે વર્ણવાતું ઈન્દ્રિય જન્ય જ્ઞાન જે પ્રત્યક્ષ કહેવાયું છે તથા મતિ અને શ્રુત જે બંનેને પરોક્ષ જ્ઞાન કહેવાયું છે તે બેનો સમન્વય જિનભદ્રગણિ ક્ષમા શ્રમણ અને દિગમ્બર આચાર્યોમાં ભટ્ટારક અકલંકે કઈ રીતે કરી બતાવ્યો છે અને તે સમન્વય કેટલો બધો આસંદિગ્ધ છે તે સમજાવ્યું હતું.

દંડશાસ્ત્ર અને જૈન ધર્મગ્રન્થો

ડૉ. રમેશ સી. લાલને (મુંબઈ) "ધ કન્સેપ્ટ ઓફ જૈન પીનોલોજી, એઝ પ્રોપાઉન્ડેડ ઈન ધ થિસિસ "પીનોલોજી એન્ડ જૈન સિકયર્સ" એ શીર્ષક હેઠળ લખેલો નિબંધ વાંચતાં જૈન ધર્મ ગ્રન્થોમાં દંડ વિજ્ઞાનની શી વિભાવના છે તેની વિસ્તારથી વિચારણા કરી હતી. તેમના વકતવ્યનો સાર એ કે "દંડશાસ્ત્ર એ અપરાધ વિજ્ઞાનનું એક અંગ છે અને ગુનાઓ શાથી થાય છે તથા તે કઈ રીતે અટકાવી શકાય એ સમસ્યા સાથ તેને સંબંધ છે જૈન દંડશાસ્ત્રમાં કર્મ સામેના સંઘર્ષમાં અપનાવવા ઘટતા વ્યૂહ અથવા કૂટ નીતિ તરીકે તેની વિચારણા થઈ છે. જૈન ધર્મ ગ્રન્થો પ્રમાણે દંડશાસ્ત્રોનું મૂળ અને ઉદભવ સપ્ત દંડ નીતિમાં રહ્યાં છે. વકતાએ ખાસ જાણવા જેવું એ કહ્યું કે જૈન દંડ વિજ્ઞાન અથવા દંડ શાસ્ત્રની વ્યાખ્યામાં શિક્ષાની ભાવનાનો જ સદંતર લોપ કરવામાં આવ્યો છે. જૈનદર્શનમાં કોઈ પણ વ્યકિતને તેના કોઈ પણ અપરાધ વા દુષ્કૃત્ય માટે કોઈ પણ પ્રકારની સજાનો નિર્દેશ નથી. ને તેનું કારણ હૃદય પરિવર્તનની અમર આશા અને શ્રદ્ધામાં રહ્યું છે. ગમે તેવા ભયંકરમાં ભયંકર અપરાધ માટે પણ અપરાધીને શિક્ષા નહિ પણ ક્ષમાની હિમાયત કરવામાં આવી છે. કર્મનું જે ફળ આવવાનું હોય તે ધર્મથી ટાળી શકાય છે એવી એક માન્યતા છે. તે સાથે જૈન દંડ શાસ્ત્રમાં સંવારણાના આકાર થકી વ્યકિતની ગુનાખોર વૃત્તિ અને વલણ અટકાવવાની કોશિશ કરવાનું સૂચવાયું છે. આ વસ્તુનું ભાવાત્મક દૃષ્ટિએ સામાજિક મહત્ત્વ ઘણું બધું સ્વીકારાયું છે.

જૈન ધર્મમાં સ્યાદવાદ

શ્રી જયેન્દ્ર શાહે ("મુંબઈ-સમાચાર"-મુંબઈ) "જૈન ધર્મમાં સ્યાદ-વાદ" એ વિષેનો પોતાનો અભ્યાસપૂર્ણ નિબંધ વાંચતાં સ્યાદવાદ કે અનેકાન્તવાદની વ્યાપક દૃષ્ટિ જૈન દર્શનમાં કયાં કયાં સ્પર્શે છે અને વ્યવહાર તથા અધ્યાત્મમાં આ દૃષ્ટિનું શું મહત્ત્વ છે તે તપાસવાનો ઉપક્રમ રાખ્યો હતો. ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુથી વસ્તુને અવલોકવાની પદ્ધતિને અનેકાન્તવાદ અથવા સ્યાદવાદ કહે છે એમ વ્યાખ્યા કરીને વકતાએ "સ્યાદવાદ સંશયવાદ નથી પરંતુ તે વસ્તુદર્શનની વ્યાપક કળા આપણને શીખવે છે" એ આચાર્ય આનંદશંકર ધ્રુવનું મંતવ્ય ટાંકીને ઉત્પત્તિ, સ્થિતિ અને લય, પદાર્થના ત્રણ ધર્મોની આત્માના સંદર્ભે સમજ આપી હતી. તેમણે કહ્યું કે "આત્મા મૂળ દ્રવ્યરૂપ નિત્ય છે. કિન્તુ અવસ્થા ભેદે તે અનિત્ય છે. માણસ મૃત્યુ પામે એટલે એ દેવ થયો એમ કહીએ છીએ. મૃત્યુ પામતાં તેના મનુષ્ય પર્યાયનો નાશ થયો અને દેવ પર્યાયની ઉત્પત્તિ થઈ. આમ જૈન દર્શનમાં "આત્માને નિત્ય અને પરિણામી માનવામાં આવ્યો છે" એમ કહ્યા પછી વકતાએ જૈન દર્શનમાં જેને 'સપ્તભંગી' જુદી જુદી સાત કથનરીતિ-કહેવામાં આવે છે તે પાંચ સમવાય કારણો-કાળ, સ્વભાવ, પૂર્વકર્મ, ઉદ્યમ અને નિયતિ-નિશ્ચય દૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિ, પાંચ પ્રમાણ અને સાત નય વગેરે વિષે વિસ્તારથી કહ્યું હતું. સ્યાદવાદ વિષયક સાહિત્ય વિષે વાત કર્યા પછી વકતાએ અન્ય દર્શનોમાં પણ સ્યાદવાદને મળતી આવતી પદ્ધતિની વાત કરીને અંતમાં સ્યાદવાદની જીવનમાં મોટામાં મોટી ઉપકારકતા શી છે તે કહ્યું હતું.

સાધના કે નયા આયામ

શ્રી શેખરચન્દ્ર જૈને "સાધના કે નયા આયામ" એ વિષેના પોતાના નિબંધમાં સાધના પથની યાત્રા—સામાયિક બહિર્જગતથી, આન્તરજગતની યાત્રા—કઈ રીતે કરવી ઘટે તે, સત્યને તત્ત્વની બારીમાંથી (પરંપરાની બારીમાંથી નહિ) વિલોકવા ઉપર ભાર મૂકીને નિરપેક્ષ વૃત્તિ અને નર્વિચારયોગનો મહિમા કર્યો હતો.

અપરિગ્રહ અને પરિગ્રહ પરિમાણ

પ્રાધ્યાપક તારાબહેન શાહે "અપરિગ્રહ અને પરિગ્રહ પરિમાણ" એ વિષય પરનો પોતાનો નિબંધ વાંચતાં સર્વ પ્રથમ અપરિગ્રહ અને અહિંસા બન્ને પરસ્પર પૂરક હોવાનું જણાવીને અપરિગ્રહનો અહિંસાની આધારશિલા તરીકે મહિમા કર્યો હતો. જૈન શાસ્ત્રાનુસાર પરિગ્રહના મુખ્ય સંબંધ મનની વૃત્તિ સાથે હોવાનું જણાવીને વકતાએ તેને પાપના મૂળ તરીકે ઓળખાવી તેનાં અનિષ્ટો વર્ણવ્યાં હતાં. ધન પ્રાપ્તિ સંબંધમાં જૈન ધર્મે સૂચવેલા નિયમોનો નિર્દેશ કરીને વકતાએ ઉપનિષદે અને ગીતાએ તથા ભગવાન મહાવીર, બુદ્ધ,

અને ગાંધીજી વગેરે વિભૂતિઓએ તપ તથા સંયમ ઉપર મૂકેલા ભારનું મહત્ત્વ દર્શાવ્યું હતું. ધન સંબંધમાં ગાંધીજીની ટ્રસ્ટીશિપની ભાવનાને દઢાવી હતી. કારણ ધન ઉપર સ્વામીત્વ રાખવામાં શીલ નથી, તપ નથી અને સંયમ નથી. કાર્લ માર્કસે પણ ભગવાન મહાવીરની "સ્વામીત્વના ઉન્મૂલન"ની ભાવનાને અનુરૂપ કરેલા ઉદબોધનનો વક્તાએ ઉલ્લેખ કર્યો હતો. ભગવાન મહાવીરે મર્યાદિત પરિગ્રહના અતિચારનો પણ જે વિચાર કર્યો હતો તેનો પરિચય કરાવી વક્તાએ આચારશુદ્ધિ અને મર્યાદિત પરિગ્રહ માટે દર્શાવેલાં ત્રણ વ્રતો (૧) ઈચ્છા પરિમાણ વ્રત, (૨) દિશા પરિમાણ વ્રત તથા (૩) ભોગોપભોગ પરિમાણ વ્રત –ની સમજણ આપી તથા પરિગ્રહના આંતર બાહ્ય પ્રકાર વર્ણવ્યા હતા. તેમણે કહ્યું: "ધન ધાન્ય, જમીન જાગીર ઝવેરાત વગેરેનો સંગ્રહ તે બાહ્ય પરિગ્રહ છે: ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આ બધા માનવમનના દુર્ભાવો, તથા તૃષ્ણા ઈત્યાદિ વિકારી ભાવો તો સૂક્ષ્મ પરિગ્રહ છે. 'મારું તે જ સાચું' એવો સ્વમતાગ્રહ અને "જેટલું સાચું તેટલું મારું" એવો વૈચારિક પરિગ્રહ તથા સાંપ્રદાયિકતા, રાષ્ટ્રીયતા, શરીરબળ, સત્તાકાંક્ષા, અને ધનવાનોની ખુશામત આ સર્વ પણ સૂક્ષ્મ પરિગ્રહો જ છે. વધારે પડતું કમાઈને દાન કરવું તે કીચડમાં પગ મૂકીને ધોવા સરખું છે એ આચાર્ય હરિભદ્રસૂરિનું મંતવ્ય રજૂ કરીને વક્તાએ દાન કરતાં પણ ત્યાગનો અને એ રીતે અપરિગ્રહનો મહિમા કર્યો હતો.

જૈન ઈતિહાસ અને કળા

બપોરે મળેલી બીજી બેઠકનો વિષય હતો "જૈન ઈતિહાસ અને કળા." પરિષદ પ્રમુખ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ બેઠકના વિભાગીય અધ્યક્ષ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનો પરિચય કરાવ્યો હતો. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ "ગુજરાતનાં પ્રાચીન ઈતિહાસ, સ્થાપત્ય, શિલ્પ આદિ કલાઓમાં જૈન ધર્મનું પ્રદાન" એ વિષય ઉપરના પોતાના ઊંડા અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનમાં કહ્યું હતું: "પ્રાગૈતિહાસિક પાષાણ યુગીન સંસ્કૃતિમાં જૈન સંપ્રદાય જેવા સંપ્રદાયો હોવાનું જાણવા મળ્યું નથી. પુરાતત્ત્વીય, પુરાવસ્તુકીય, સ્થળ તપાસમાં તથા ઉત્ખનનો દ્વારા આદ્ય ઐતિહાસિક સંસ્કૃતિના દર્શનમાં પણ જૈન અને બૌદ્ધ સંપ્રદાયોનાં વિશિષ્ટ લક્ષણ નિશ્ચિત સ્વરૂપે ભાગ્યે જ દેખા દે છે."

"ગુજરાતનો પ્રમાણિત ઈતિહાસ મૌર્ય કાળથી શરૂ થાય છે" એમ કહીને વક્તાએ મૌર્ય રાજા અશોકના પૌત્ર સંપ્રતિએ ગુજરાતમાં શત્રુંજય ઉપર, ભરુ કચ્છમાં તથા ગિરનાર ઉપર જિનાલય બંધાવ્યાં હોવાનો જૈન અનુશ્રુતિમાં ઉલ્લેખ હોવાનું જણાવ્યું હતું. તે સાથે તેમણે વધુમાં કહ્યું હતું:" એમ છતાં સ્થાપત્યની ઐતિહાસિક દૃષ્ટિએ એટલાં જ પ્રાચીન ગણાય એવાં કોઈ મંદિર હજી મળ્યાં નથી."

ગુજરાતના ઇતિહાસના સુદીર્ઘ પ્રાચીનકાળ "ક્ષાત્રપકાલ"માં ક્ષહરાત કુલના પ્રસિદ્ધ રાજા નહપાનના સિક્કા રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં મળ્યા હોવાનું તથા મહારાષ્ટ્રમાં એના સમયના અભિલેખ મળ્યા હોવાનું જણાવ્યું હતું. પાલીતાણા, ભરૂચ, ટાંક, સ્તંભનક (હાલનું થાણે) શંખપુર વગેરે સ્થળો આ કાળ દરમિયાન જૈનતીર્થો તરીકે ખ્યાતિ ધરાવતાં હોવાનું કહ્યા પછી એમ પણ કહ્યું હતું કે એ કાલનું સ્થાપત્ય સ્વરૂપ ધરાવતાં ચણતરી જિનાલય મળ્યાં નથી. જૂનાગઢ પાસેની બાવાપ્યારા ગુફાઓ જૈન સંપ્રદાયની હોય એ સંભવિત ખરું, છે જ એમ નિશ્ચિત નહીં કહેવાય. પરન્તુ ટાંક (જિલ્લો રાજકોટ)ની ગુફાઓમાં આદિનાથ, શાંતિનાથ, પાર્શ્વનાથ તથા મહાવીર સ્વામી વગેરેની પ્રતિમાઓ કંડારેલી હોઈ એ ગુફાઓ જૈન સાધુઓ માટે નિર્માઇ હોવાનું નિશ્ચિત છે. આકોટા (વડોદરા)માં મળેલી ઊભા આદિનાથની ખંડિત ધાતુ પ્રતિમા સવસ્ત્ર તીર્થંકરની સહુથી જૂની જ્ઞાત પ્રતિમા છે."

વલ્લભીનો નાશ થવાનું જાણતાં ત્યાંના જૈન સંઘના ચિંતાયક વર્ધમાન સૂરિની સૂચનાથી ત્યાંની જૈન પ્રતિમાઓ અન્યત્ર ખસેડાઈ એમ કહ્યા પછી વક્તાએ મૈત્રક કાલનું સ્થાપત્ય સ્વરૂપ ધરાવતું કોઇ જિનાલય હજી ગુજરાતમાં મળ્યું નથી. પરન્તુ આકોટામાં આ કાલની અનેક ધાતુ પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે એમ જણાવ્યું હતું. કનોજના રાજા નાગભટ રાજાએ આણહિલપુર, મોઢેરા વગેરે સ્થળોએ જિનાલય બંધાવ્યાં હતાં. એમ જણાવ્યા પછી વક્તાએ સોલંકી કાળમાં ગુજરાતમાં જૈન ધર્મનો ઘણો અભ્યુદય થયો હોવાનું જણાવીને અર્બુદગિરિ ઉપર દંડનાયક વિમલે આદિનાથ ચૈત્ય બંધાવ્યું હોવાનું કહ્યું હતું.

સિદ્ધરાજ જયસિંહના પ્રેરણા અને પ્રોત્સાહનથી હેમચન્દ્રાચાર્યે તૈયાર કરેલું સિદ્ધ હેમ શબ્દાનું શાસન તથા દ્વયાશ્રયમાં સોલંકી રાજાઓના થયેલા ચરિત્ર નિરૂપણનો ઉલ્લેખ કર્યા પછી કુમારપાળે જૈન ધર્મનો અંગીકાર કર્યો તથા પ્રભાસના સોમનાથનો જીર્ણોદ્ધાર કર્યો એ હકીકત કહીને વક્તાએ વધુમાં જણાવ્યું હતું કે ભીમ દેવરાજાના સમયમાં જૈન ધર્મના પરમ ઉપાસક વસ્તુપાલે શત્રુંજય ઉપર ઋષભદેવની આગળ ઈન્દ્ર મંડળ અને તેની બંને બાજુએ પાર્શ્વનાથ તથા પુંડરિકની નવી મૂર્તિઓ કંડારાવી હતી. તેજપાલે આબુ ઉપર દેરાસર બંધાવ્યું તે તથા મંદિરના સ્તંભો, ગૂઢ મંડપના મુખ્ય દ્વારની બે બાજુએ સુંદર નકશીવાળા બે ગોખલા વગેરેમાં વર્તાતા મનોહારી શિલ્પ સૌંદર્યની વાત કરીને વક્તાએ ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાં તેમ જ સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલામાં જૈન ધર્મના અનુયાયીઓ, પ્રભાવકો તથા પ્રોત્સાહકોએ કેવું ગણનાપાત્ર પ્રદાન કર્યું છે તે જણાવ્યું હતું.

જૈન કલા વૈભવ

શ્રી નાનાલાલ વસા (મુંબઈ)એ "જૈન કલા વૈભવ" વિષેનો પોતાનો નિબંધ વાંચતાં પ્રત્યેક ભારતીય નાગરિક ગૌરવ લઈ શકે એવો વિરાટ કલા વૈભવ જૈનોએ નિર્માણ કર્યો હોવાનું તથા જૈન ધર્મની કલાકૃતિઓનો ઈતિહાસ છ હજાર વર્ષ જૂનો હોવાનું જણાવીને જૈન કલા ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ઝાંખી કરાવી હતી.

વક્તાએ જૈન કલા તથા સ્થાપત્યની ઝાંખી કરાવતી ખંડગીરી તથા ઉદયગીરીની ગુફાઓ, મથુરાના કંકાલી ટિબા અને ત્યાંની શિલ્પ સમૃદ્ધિ, મથુરામાંના ગાંધાર છાપની જૈન કલાના અવશેષો તથા બિહાર, ઉત્તરપ્રદેશ, ગુજરાત વગેરે પ્રદેશોમાં પ્રાપ્ત થયેલા જૈન કાંસ્યકલાના અસંખ્ય નમૂનાઓ વગેરેનો વિગતે ઉલ્લેખ કરીને આવ્યું, કુંભારિયા, અચલગઢ, રાજસ્થાન, રાણકપુર વગેરે વિસ્તારોમાંનાં દેરાસરોની શિલ્પ સમૃદ્ધિ, કર્ણાટકની બાહુબલિની વિરાટ પ્રતિમા, ચિતોડનો કીર્તિ સ્તંભ, શત્રુંજય અને ગિરનાર ઉપરનાં દેરાસરો વગેરે કલાવૈભવનો ખ્યાલ આપીને વક્તાએ જૈન કલા વૈભવની રક્ષા અર્થે કેટલાંક વ્યવહારુ સૂચનો કર્યાં હતાં.

પ્રો. કે. સી. શાહે ઈતિહાસ સંશોધન કરવામાં પોતાને નડેલી મુશ્કેલીઓ તથા પાતાને વરતાયેલી ઊણપો જણાવી હતી. પ્રો. બાવીસીએ પોતાના વ્યાખ્યાનમાં હરપ્પા સંસ્કૃતિ તે સૂર સંસ્કૃતિ હોવાનો સંભવ વ્યક્ત કર્યો હતો.

શ્રી અગરચંદજી નહાટાએ મહાભારત ભગવાન મહાવીરના સમયમાં ઈતિહાસરૂપ હતું, તેમ મહાભારતમાં મળે છે તે નિર્દેશો જૈન ગ્રંથોમાં પણ મળે છે વગેરે કહીને અરિષ્ટનેમી સંપ્રદાયનો દૃષ્ટકોણ છોડી વિશાળ દૃષ્ટિથી જોવાની હિમાયત કરી હતી.

શ્રી નટવરલાલ શાહે (મુંબઈ) પોતાના નિબંધમાં જૈન ધર્મનાં સ્તોત્રોમાંની મંગલ ભાવના તથા જૈનોનાં તપવ્રતો અને ધાર્મિક દૃષ્ટિની દિનચર્યાનું રહસ્ય છતું કર્યું હતું.

દ્વિતીય બેઠક સમાપ્ત થયા પછી સાંજે સૂરતના મેયર શ્રી નવીનભાઈ ભરતિયા તરફથી કોર્પોરેશન હોલમાં સન્માન સમારંભ યોજાયો હતો તથા રાત્રે "જ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી" તરફથી ફિલ્મ બતાવવામાં આવી હતી.

જૈન સાહિત્ય

તા. ૨૧ મી ડિસેમ્બરે સવારે ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર (શાહપોર)અને જૈનાનન્દ પુસ્તકાલય તથા જ્ઞાનમંદિર (ગોપીપરા)ની મુલાકાત બાદ "સમૃદ્ધ" (નાનપરા)માં પરિષદની ત્રીજી બેઠક શ્રી અગરચંદજી નહાટાના અધ્યક્ષપદે મળી હતી. પરિસંવાદનો વિષય હતો "જૈન સાહિત્ય."

આરંભમાં શ્રી ચીમનલાલ એમ. શાહે ("ક્લાધર") "જૈન દર્શનમાં સ્યાદ્વાદ" વિષે તથા પ્રો.કુમારી ઉત્પલા મોદીએ "ઈશ્વર વિશે જૈન દર્શન" એ વિષે પોતાના નિબંધો વાંચ્યા હતા. પ્રો. ઉત્પલા મોદીએ વેદાન્ત, શાંકર અને પાતંજલ દર્શનનો ઈશ્વરના સંદર્ભમાં સંક્ષેપમાં ઉલ્લેખ કર્યા પછી જૈન દર્શન ઈશ્વર સંદર્ભે અન્ય સર્વ દર્શનોથી કઈ રીતે જુદુ પડે છે તે વિસ્તારથી કહ્યું હતું. તેમના વક્તવ્યનો સાર એ કે આ જગત એ ઈશ્વરની રચના નથી. ઈશ્વરમાં જે ગુણોનો આરોપણ થાય છે તે ગુણો પણ તર્ક આગળ ટકી શકતા નથી. શાંકર મત પણ ટકી શકે એવો નથી. જગતની વ્યવસ્થા ચલાવવા માટે એક કે અનેક ઈશ્વરના અસ્તિત્વની જરૂર નથી. વક્તાએ ઇશ્વર સંબંધમાં જૈનશાસ્ત્રોના સિદ્ધાન્તોને ધ્યાનાર્હ લેખાવ્યા હતા. તેમણે કહ્યું હતું: "જૈન દર્શન પ્રમાણે મુક્ત જીવ એ જ ઈશ્વર છે. તીર્થંકર સાક્ષાત ભગવાન અથવા પ્રત્યક્ષ ઈશ્વર છે." તેમણે જૈન ધર્મને વિશ્વધર્મ તરીકે ઓળખાવ્યો હતો.

જૈન સાહિત્યની વિશિષ્ટતાઓ

ઉક્ત બે નિબંધો વંચાયા પછી સાહિત્ય વિભાગની બેઠક શરૂ થઈ હતી.

શ્રી અગરચંદજી નહાટાએ પોતાના અધ્યક્ષીય વ્યાખ્યાનમાં કહ્યું હતું: "છેલ્લાં બાવન વર્ષથી જૈન સાહિત્યના સમુદ્રને મંથન કરતો આવ્યો છું તેમ કરતાં મને પ્રતીત થયું છે કે જૈન સાહિત્ય અત્યંત વિશાળ છે અને વૈવિધ્યપૂર્ણ છે. જૈન સાહિત્ય વિષે લોકોની જાણકારી ઘણી ઓછી છે. જૈન ધર્મની જૈન સાહિત્ય ઉપર ઘણી પ્રગાઢ અસર છે. જૈન સાહિત્યનો આરંભ જૈન તીર્થંકરોની વાણીથી થયો છે. તીર્થંકરોએ પોતાની વાણીનો પ્રચાર લોકભાષામાં કર્યો હતો અને તેથી જૈન સાહિત્ય એ લોકભોગ્ય સાહિત્ય છે. સંસ્કૃત, પ્રાકૃત, લોકભાષા અને અપભ્રંશમાં લખાયેલું જૈન સાહિત્ય જીવન્ત સાહિત્ય છે તેનામાં પ્રજાને પ્રેરણા આપવાની શક્તિ છે. તે સત સાહિત્યનું નિર્માણ છે અને તેથી મનુષ્યના જીવનનું ઉત્થાન કરવાનું તેનું સામર્થ્ય છે.

જૈન સાહિત્યની વિશેષતા તેની કથાઓ, કહેવતો અને મુહાવરાઓમાં વરતાય છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો પહેલાં કથા સાહિત્ય અને પછી ઐતિહાસિક સાહિત્ય પ્રગટ થયું. કોણ કોણ આચાર્યો થઈ ગયા અને તે દરેકનું શું શું અર્પણ છે તે સર્વ સંક્ષેપમાં કહ્યા પછી શ્રી નહાટાએ જૈન સાહિત્યની જે અનેક વિશિષ્ટતાઓ છે તે "અંગવિચાર" "બાલાવબોધ" અને અન્ય ગ્રન્થોના દાખલા આપીને દર્શાવી હતી. શ્રી. નહાટાએ સૂરતમાં જૈન સાહિત્ય વિપુલ પ્રમાણમાં હોવાનું જણાવીને તેનો સંશોધનનાર્થે ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

કરવા જેવાં કેટલાંક કામ

શ્રી અગરચંદજી નહાટાના વ્યાખ્યાન પછી શ્રી રતીલાલ દીપચંદ દેસાઇએ જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધન માટે કરવા જેવાં કેટલાંક કામ સૂચવ્યાં હતાં. જેમ કે તેમણે કહ્યું હતું કે: શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ તૈયાર કરેલો માહિતી સભર જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ જે હાલ અનુપલબ્ધ છે તે જરૂરી સુધારાવધારા સાથે અથવા મૂળરૂપે ફરી છપાવવો જોઇએ. તે જ પ્રમાણે "જૈન ગુર્જર કવિઓ"ના ચાર ખંડોમાંના ત્રણ ખંડોનું પુનર્મુદ્રણ થવું જોઇએ. પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીએ સંખ્યાબંધ ગ્રંથોમાં સંપાદકીય નિવેદનો તથા પ્રસ્તાવનારૂપ કરેલાં લખાણો તેમ તેમના સ્વતંત્ર લેખો ગ્રંથસ્થ કરવાં ઘટે. વિદેશમાં જૈન વિદ્યાના અધ્યયન સંશોધન અંગે થયેલા કામની તથા આપણા દેશમાં વિદ્વાનોએ આ દિશામાં કરેલા કામની માહિતી ગ્રંથ કરવી જોઇએ. પ્રાકૃત ભાષાનો અભ્યાસ શ્રમણ વર્ગમાં ઘટી રહ્યો છે. પ્રાકૃત તથા અર્ધમાગધી ભાષાનો અભ્યાસ આગળ વધે તે માટે કશીક વ્યવસ્થા થવી જોઇએ. લહિયાઓ હવે ઓછા થતા જાય છે તે વધુ ને વધુ સંખ્યામાં તૈયાર કરવા જોઇએ તેમ નહીં થાય તો પ્રાચીન હસ્તપ્રતો એમની એમ પડી રહેશે.

કુમાપુત્તચરિયમ: એક અભ્યાસ

પ્રાધ્યાપક અરુણભાઇ જોશી (ભાવનગર)એ "કુમાપુત્તચરિયમ એક અભ્યાસ" એ શીર્ષક હેઠળ પોતાનો નિબંધ વાંચ્યો હતો. મનોવાંછિત વસ્તુની પ્રાપ્તિ અર્થે ભાવ એ ચિંતામણિ રત્ન સમાન છે એ વાત અનન્તહંસ રચિત "સિરિ કુમ્મા પુત્ત ચરિયમ"માં એક સરસ કથા દ્વારા કહેવાઇ છે. તેનો તત્ત્વાર્થ એ કે સાધુ થયા વગર, ગૃહવાસમાં વસતાં વસતાં પણ ભાવ થકી કેવલી થઇ શકાય છે વક્તાએ એ આખી કથા અત્યંત સંક્ષેપમાં કહી હતી. કુમ્મા એક પૌરાણિક કથાનું પાત્ર છે. ભાવનું મહત્ત્વ સમજાવવાનું કર્તા લક્ષ્ય કવિએ કેટલાંક સુંદર પદ્યો, તથા જીવનોપયોગી સુંદર દૃષ્ટાંત તેમ જ કેટલાંક સુભાષિતો દ્વારા સિદ્ધ કર્યું છે. કાવ્યની ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત તથા શૈલી નિરાડંબરી છે.

ઉપદેશમાલા અને સાંસ્કૃતિક મૂલ્યબોધ

પ્રો. અમૃત ઉપાધ્યાયે (પાટણ) "ઉપદેશમાલા અને સાંસ્કૃતિક મૂલ્યબોધ: 'વિનય'નો સંપ્રત્યય" એ શીર્ષક હેઠળ વાંચેલા નિબંધમાં આરંભમાં ભારતીય સંસ્કૃતિનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણોની ચર્ચા કરી હતી. તેમણે તારવ્યું હતું કે આચાર એ ધર્મ અને સંસ્કૃતિનું મૂળ છે. જૈન પરંપરામાં સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્ર્ય એ રત્નત્રય સમગ્ર માનવ જીવનનો મર્મ રજૂ કરે છે: સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્ર્ય એ સમ્યક ધ[illegible] મૂર્ત કરે છે, જે સમ્યક જીવનને શક્ય બનાવે છે અર્થાત સમ્યક [illegible] માટે સમ્યક ધર્મ અનિવાર્ય છે અને એ ધર્મનો પાયો છે "ઉપદેશ માલા"માં નિરૂપાયેલા પ્રાચીન ભારતીય સંસ્કૃતિન[illegible] સંપ્રત્યયોમાં "વિનય"નો સંપ્રત્યય અગ્રગણ્ય છે. આ પછી વક્તાઓ ગુરુ પ્રત્યેના શિષ્યના વિનયનું મહાત્મ્ય સમજાવ્યું હતું. વિનયનો જુદા જુદા અનેક સંદર્ભમાં [illegible] પછી વક્તાએ એમ તારવ્યું હતું કે વિનય એ ચારિત્ર્યનો, જ્ઞાનનો, સત્યનો અને ધર્મનો પાયો છે. "ઉપદેશ માલા' સંશોધન સામગ્રીની દૃષ્ટિએ નોંધપાત્ર પુસ્તક હો વક્તાએ નિબંધ સમાપ્ત કર્યો હતો.

આત્મયોગીની ઉત્તરયાત્રા

ડૉ. કુમારપાળ દેસાઇએ "આત્મયોગીની ઉત્તર[illegible] શીર્ષક હેઠળના પોતાના નિબંધમાં યોગનિષ્ઠ આચાર્ય [illegible] જીની રોજનિશીનો સવિસ્તર ખ્યાલ આપ્યો હતો. આ[illegible] સાગરજીએ ૨૪ વર્ષ સાધુ જીવન ગુજર્યું. તેમણે ૨૦૮

લખ્યા છે. જેમાં ૨૫ તત્ત્વજ્ઞાનના, ૨૪ કવિતાના અને ૨૨ સંસ્કૃત પ્રબંધ છે. તેમની કવિતા હિન્દુ, જૈન તથા મુસ્લિમ પણ વાંચી શકે એવી છે. આચાર્ય બુદ્ધિસાગરજીની રોજનિશી એ કર્મયોગી, ધર્મયોગી અને જ્ઞાનયોગીની ડાયરી છે. એમાં શ્રી કેશવ હર્ષદ ધ્રુવ વિશે એક અપ્રગટ કાવ્ય છે. એક કાવ્ય સ્મશાન વિષે પણ છે. તે ૨૮ કડીનું છે. રોજનિશીની વિશિષ્ટતા તેના લખનાર બુદ્ધિસાગરજીની પ્રામાણિકતા ઐતિહાસિક દૃષ્ટિ અને આત્મ સમાધિની શોધ છે: એ રોજનિશીને વક્તાએ બુદ્ધિ સાગરજીના આધ્યાત્મિક પ્રવાસની ઝાંખી કરાવનાર તરીકે ઓળખાવી હતી.

ઉપમિતિ ભવપ્રપંચ

શ્રી સુમનબહેન શાહે "ઉપમિતિ ભવ પ્રપંચ-તેનાં સ્ત્રી પાત્રો' એ શીર્ષક હેઠળ વાંચેલા નિબંધમાં જણાવ્યું હતું કે : "ઉપમિતિ ભવ પ્રપંચ"એ કથાના લેખક શ્રી સિધ્ધર્ષિ છે: તેમનો સમય ઇ. સ. ૯૦૬નો છે. તેમાં દસમી સદીના સમાજનું દર્શન છે. તે સાથે તે સમયના રાજા અને રાજનીતિનું ચિત્રણ પણ છે. ઉપરાંત સામાજિક નીતિ નિયમો, સમાજમાં સ્ત્રી-પુરુષોનું સ્થાન તથા સમાજના જુદા જુદા સ્તરના માનવીઓના માનસનું દર્શન પણ એમાં મળે છે. વક્તાએ "ઉપમિતિભવ પ્રપંચ" એક રૂપક કથા હોવાનું જણાવીને તેમાની આઠ વાર્તાઓમાંનાં સ્ત્રી પાત્રોની ચર્ચા કરી હતી. તેમણે તારવી આપ્યું કે દસમી સદીમાં પણ આજની જેમ સ્ત્રીનાં અનેક રૂપ હતાં. અને સમાજમાં તેનું અનેકવિધ સ્થાન હતું. એક હજાર વર્ષથી આપણા સમાજમાં સ્ત્રી ખાસ આગળ વધી નથી.

હળકુંજર રચિત રાવણ પાર્શ્વનાથ ફાગ

ડૉ. રમણલાલ ચી. શાહ (મુબઇ) "હળકુંજર રચિત" રાવણ પાર્શ્વનાથ ફાગ" જ એક અપ્રગટ ફાગુ કાવ્ય છ તન વિષય કરીન લખેલા નિબંધ વાચ્યો હતો. રાવણ પાર્શ્વનાથ અ ડૉ. રમણલાલના જણાવવા પ્રમાણ રાજસ્થાનમા આલવર શહરથા ચારક માઇલ દૂર એક પહાડા નાચ આવલુ પ્રાચીન તાથ છ: આ તાથ સાથ રાવણનુ નામ કઇ રીત સકળાયુ ત કથા રાવણના રાણા સતા મદોદરીના શાલના પ્રભાવના સાથ સકળાયેલા છ. પ્રસ્તુત ફાગ ચાર ચાર પંક્તિના એક આવા અકવાસ કડીના રચના છ તમા ઋતુ વસંતનુ આલખન થયુ હોવાથા રચના 'ફાગુ' નામ ઓળખાઇ છ. ડૉ. રમણભાઈએ રચનાનુ રસદર્શન કરાવા, કાવ્ય તત્ત્વનાં દૃષ્ટાઓ તેમાં પ્રસન્નચન્દ્ર સૂરિના આ વિષયના ફાગુ કૃતિ કરતાં વિશેષ ચમત્કૃતિ જોવા મળે છ એમ તારવ્યું હતુ.

શૃંગાર મંજરીમાંનાં પ્રહેલિકાઓ

ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવદા (મુબઇ)એ કવિ જયવંત સૂરિ "શૃંગાર મંજરી" માન. પ્રહેલિકાઓ આ વિષના નિબંધમા પ્રથમ (ઉખાણા) વસ્તુત: શુ છ, તનાં શા શા પ્રયોજના છ અને માન ગુજરાતા સાહિત્યમા સાહિત્યના એક પ્રકાર તરીકે કેવુ નોંધપાત્ર સ્થાન છ ત કહ્યુ હતું. પ્રહેલિકા અટલ નાદ પરન્તુ સાહિત્યમા એ સ્થાન પામ ત્યાર ત હતુલક્ષો ણાય છે અમ કહી વક્તાએ તના વિવિધ હતુઓનો ખ્યાલ અને "શૃંગાર મંજરી"માં કવિ જયવંત સૂરિ પાતાના નિ. અને નાયિકા શીલવંતી વચ્ચ પ્રશ્નોત્તરરૂપ જે એસી પ્રહેલિકા ઓ યોજી છે ત તના અનુક્રમમાં તપાસી હતી. કેટલ બધી જાતિની છે અને ન પ્રત્યેકમાં શા ચમત્કૃતિ રહ્યા લાગે છે. ત શ્રી ભૂપેન્દ્રભાઈએ અઠ્યાસી પ્રહેલિકા- ઓ દર્શાવી તેની અર્થ ચમત્કૃતિ પ્રત્યે ધ્યાન ખેંચ્યું છે. જો નિબંધ વાચ્યો ન હતા (કોઈએ જ વાંચ્યો નહોતો) માત્ર તિ સંક્ષેપ રજૂ કર્યો હતા.

ગુજરાતી સાહિત્યનો કોશ

પ્રો. જયન્ત કોઠારીએ ગુજરાતી સાહિત્ય પરિષદને આશ્રયે પોતે ગુજરાતી સાહિત્યનો કોશ તૈયાર કરવાના હાથ ધરેલા કાર્યની વાત કરતાં કોશની રૂપરેખાનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો હતો ને તે અંગે થયેલા કામની માહિતી આપી હતી. તેમના જણાવવા પ્રમાણે કોશના પ્રથમ ગ્રંથમાં સન ૧૮૫૦ સુધીના લેખકોને તે પ્રત્યેકની કૃતિઓના નિર્દેશ સાથે સ્થાન અપાનાર છે અને ત્રણ હજાર ઉપરાંત લેખકોનાં કાર્ડ તૈયાર થયાં છે. જેમાં સાઠ ટકા જૈન છે અને ચાળીસ ટકા જૈનેતર છે. તેમણે જ્યાં જ્યાંથી સહાય મળે ત્યાંથી તે મેળવવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી જે પોતાના કાર્યમાં આપી શકે તે હરકોઈ વ્યક્તિ સહાયભૂત થાય એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. ૧૮૫૦ પહેલાંના તનામ લેખકોને કોશના પ્રથમ ભાગમાં સ્થાન અપાનાર છે એમ તેમણે જણાવ્યું હતું.

ઉપસંહાર

પ્રો. બળવંતભાઈ જાનીએ "હેમચન્દ્રાચાર્યનું સાહિત્ય" એ વિષેનો નિબંધ સંક્ષેપમાં રજૂ કર્યા બાદ શ્રી અગરચંદજી નહાટાએ ઉપસંહાર કરતાં ડા. કુમારપાળ દેસાઈના નિબંધને પ્રશંસ્યો હતો. સાહિત્ય કોશની યોજનાને આવકારી હતી. તેમાં જૈન ગુર્જર કવિઓની પૂર્તિ કરવાનું તેમણે સૂચવ્યું હતું. તેમણે જૈન સાહિત્યનો ઈતિહાસ નવેસર રચવાનું સૂચવ્યું. સૂરતના જ્ઞાન ભંડારોમાંના વિપુલ ગ્રંથ રાશિ અને હસ્તલિખિત પ્રતોનો સંશોધનાર્થે ઉપયોગ કરવાનું તથા કોઈ સ્થાયી કામ થવું જોઈએ એવો અભિલાષ દર્શાવ્યો હતો.

આભારદર્શન

તે દિવસે સાંજે 'સમૃદ્ધિ'માં યોજાયેલા મિલન સમારંભમાં પ્રો. તારાબહેન શાહે પ્રાસંગિક વક્તવ્ય કરતાં શત્રુંજય વિહાર ધર્મશાળા વિષે પ્રશંસાવચન ઉચ્ચાર્યાં હતાં. ડો. ધનવન્ત શાહે ટ્રસ્ટી મંડળનો આભાર માન્યો હતા. ડો. ભોગીલાલ સાંડેસરાએ વિદ્વાનોના પ્રતિનિધિ તરીકે કૃતજ્ઞતા ભાવ દાખવ્યો હતા. ડો. રમણલાલ શાહે શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને એની સાહિત્ય સમારોહ વતી આભાર માન્યો હતા. શ્રી જગદીશભાઈ બાબુભાઈએ ટ્રસ્ટ વતી આભારની લાગણીઓ વ્યક્ત કરી હતી.

ચતુર્થ જૈન સાહિત્ય પરિષદ માટે સોનગઢ મહાવીર ચારિત્ર્ય રત્ન કલ્યાણ આકામ તરફથી નિમંત્રણ અપાયું હોવાની જાહેરાત બાદ પરિષદની વિધિસર પૂર્ણાહુતિ થઈ હતી.

પ્રેમળ જ્યોતિને મળેલી ભેટ

૨૦૦૦-૦૦	સર દોરાબજી ટાટા ટ્રસ્ટ
૧૨૫૦-૦૦	શેઠ સુખાનંદ ગુરુમુખરાઈ ટ્રસ્ટ
૧૦૦૧-૦૦	શ્રી ચીમનલાલ જ. શાહના સંતાનો તરફથી
૫૦૦-૦૦	,, રાયચંદ એન્ડ સન્સ
૨૫૧-૦૦	,, કે. કે. કાપડિયા
૨૫૦-૦૦	પ્રો. સાવિત્રીબેન વ્યાસ
૨૦૦-૦૦	કિરણભાઈના લગ્ન પ્રસંગે ભેટ
૧૫૧-૦૦	શ્રી જસવંતલાલ વી. શાહ
૧૨૫-૦૦	,, એક ભાઈ
૧૦૧-૦૦	,, રમાબેન જયસુખલાલ પારેખ
૧૦૧-૦૦	,, શૈલેશકુમાર રતિલાલ મહેતાના લગ્નપ્રસંગે
૧૦૧-૦૦	,, અરુણા મૂલચંદભાઈ શાહ
૧૦૧-૦૦	,, શકુન્તલાબેન મહેન્દ્રભાઈ શાહ ચિ. બેલાના લગ્નનિમિત્તે.
૧૦૧-૦૦	,, રમેશભાઈ વી. શેઠ
૫૨-૦૦	,, અરુણભાઈ એમ. વીરાણી
૫૧-૦૦	સ્વ. બાળાલક્ષ્મી વાડીલાલ શાહ
૫૧-૦૦	શ્રી હીરાલક્ષ્મીબેન ભગત
૨૫-૦૦	ઉર્મિલાબેન જયંતિલાલ શાહ
૨૧-૦૦	સ્વ. દિવાળીબેન હરજીવન ટીંબડીઆ.
૬૪૩૩-૦૦	

દત્તક બાળકો અંગે

૮૦૦-૦૦	શ્રી કેસરબેન ચંદુલાલ પરીખ (બે બાળકોના)
૪૦૦-૦૦	,, એક સદ્‌ગૃહસ્થ
૪૦૦-૦૦	,, અરુણ કે. મુન્સીફ
૧૬૦૦-૦૦	

મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહની અઢી દાયકાની વિવિધ સેવાઓની કદર કરવા ગયા શનિવારે યોજાયેલા આનંદપર્વના પ્રસંગે સભારંભના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પ્રવચન કરી રહ્યાં છે. આ તસવીરમાં ડાબી બાજુથી શ્રી ચીમનભાઈના વડીલબંધુ શ્રી વાડીભાઈ, ડૉ. રમણલાલ શાહ, શ્રીમતી મંજુલાબહેન ચીમનલાલ જે. શાહ, મુંબઈ જૈન યુવક સંઘના ઉપ-પ્રમુખ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી, સમારંભના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકભાઈ શાહ, શ્રી અજિત શેઠ, શ્રીમતી નીરુપમા શેઠ અને જૈન સોશ્યલ ગ્રુપ (મુંબઈ) ના પ્રમુખ શ્રી સી. એન. સંઘવી નજરે પડે છે.

☆ ચીમનલાલ જે. શાહ : સત્કાર સમારંભ ☆

મુંબઈ શહેર અને બૃહદ ગુજરાતમાં જૈન અને જૈનેતર સમાજમાં સાહિત્ય, કલા અને ધર્મક્ષેત્રે છેલ્લા ૨૫ વર્ષથી સેવા આપી રહેલા મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી અને જૈન સોશ્યલ ગ્રુપના સ્થાપક સભ્ય શ્રી ચીમનલાલ જે. શાહની અઢી દાયકાની સમાજસેવાને બિરદાવવા અને તે સાથે જ તેમની ષષ્ટીપૂર્તિ ઉજવવા શનિવાર તા. ત્રીજી જાન્યુઆરીએ સાંજે બિરલા ક્રિડા કેન્દ્રમાં એક ખાસ સમારંભ યોજવામાં આવ્યો હતો.

શ્રી ચીમનલાલ જે શાહે મુંબઈ જૈનયુવક સંઘના મંત્રી તરીકે ૨૫ વર્ષ સેવા પૂરી કરી તથા બીજી અનેક સંસ્થાઓમાં રસપૂર્વક કાર્ય કર્યુ એ નિમિત્તે સંઘના ઉપ-પ્રમુખ શ્રી રસિકભાઈ ઝવેરી તથા શ્રી ચીમનભાઈના મિત્રો, સાથી કાર્યકરો, શુભેચ્છકો વગેરે દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે અનેક વક્તાઓએ શ્રી ચીમનલાલ શાહની સામાજિક સેવાની પ્રસંશા કરી હતી અને નવોદિત કલાકારોને આગળ વધવામાં સહાય કરવા ઉપરાંત સાહિત્ય, કલા, ધર્મ તથા 'લોકવાણી'ના લેખક તરીકે પત્રકારત્વના ક્ષેત્રમાં તેમણે આપેલા ફાળાને બિરદાવ્યો હતો. તેમનાં પ્રવચનો અત્રે અહીં પ્રગટ કર્યા છે.

શરૂઆતમાં જૈનસોશ્યલ ગ્રુપના મંત્રી શ્રી કે. પી. શાહે કહ્યું હતું કે છ એક મહિનાથી અમારા મનમાં થયા કરતું હતું કે આવા સુખી, આવા આનંદી અને આવા લાડીલા શ્રી ચીમનભાઈનું આ પ્રકારે સન્માન કરવું જોઈએ, પણ તેઓ માનતા નહોતા. તેઓ એક જ વાત કહેતા કે જુઓ ભાઈઓ, તમે કંઈ પણ કરશો તો મારૂં પુણ્ય ખવાઈ જશે. આટલી આકરી ભાષામાં શ્રી ચીમનભાઈએ આવો કોઈપણ પ્રસંગ યોજવાની અમને સ્પષ્ટ ના પાડી હતી. પરંતુ જૈન યુવક સંઘ કોઈપણ પગલું ભરતી વખતે એ જ કાર્ય કરતો રહ્યો છે અને એ કાર્યમાં શ્રી ચીમનભાઈનું કાર્ય જો નિમિત્ત બનતું હોય તો એ સેવાનું બહુમાન થવું જ જોઈએ—એ આખો મુદ્દો શ્રી રસિકભાઈએ શ્રી ચીમનભાઈને શાંતિથી સમજાવ્યો ત્યારે, સન્માન કે એવા શબ્દો દ્વારા નહીં પણ આનંદપર્વ રૂપે આવું કંઈક કરવા દેવા શ્રી ચીમનભાઈએ તૈયારી બતાવી અને આજે આપણે 'આનંદપર્વ'ના પ્રસંગે ભેગા થયા છીએ.

હું વિચાર કરતો હતો કે શ્રી ચીમનભાઈનું ગોત્ર શું લેવું જોઈએ, એમની જાતી શું લેવી જોઇએ અને મને વિશ્વવિખ્યાત કવિશ્રી રવિન્દ્રનાથ ટાગોરના શબ્દો યાદ આવી ગયા, કે "ઉત્સવ આમાર ગોત્ર, આનંદ આમાર જાતિ." અને શ્રી ચીમનભાઈને માટે પણ ખરેખર કહી શકાય કે ઉત્સવ આમાર ગોત્ર, આનંદ આમાર જાતિ.

ચીમનલાલને ૬૦ મું વર્ષ ચાલે છે. પણ તેમનો તરવરાટ, તેમની સ્ફૂર્તિ અને એમનાં વ્યક્તિત્વનાં આજે વરસોથી અમે સૌ સાક્ષી છીએ. આ બધા વર્ષો તેઓ અંતરચક્ષુ ખોલીને જીવનનું દર્શન કરતાં રહ્યાં છે.

તેમનાં પત્ની મંજુલાબેનનો પણ તેમને ખૂબ સાથ મળ્યો છે અને તે બંનેએ સમાજ સમક્ષ એક આદર્શ યુગલનું ચિત્ર રજૂ કર્યું છે.

શ્રી ચીમનલાલ શતાયુ થાય, સતત પ્રવૃત્તિશીલ રહે અને ઈશ્વરના તેમનાં પર આશીર્વાદ ઊતરે એવી હું ઈશ્વરને પ્રાર્થના કરું છું.

મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ શાહે કહ્યું, ભાઈશ્રી ચીમનલાલ જે. શાહ જૈન યુવક સંઘના મંત્રી તરીકે ૨૫ વર્ષ પૂરાં કરે છે તે પ્રસંગે અને ૬૦મા વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગે એમનું અભિવાદન કરવા આપણે એકત્ર થયા છીએ.

ચીમનલાલને આપણે બધા જાણીએ છીએ. એમનો સ્વભાવ

સૌજન્યશીલ છે, તેઓ અનેક નાની મોટી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે, ઘણી બધી પ્રવૃત્તિઓમાં મગ્ન હોય છે. એમનાં વ્યક્તિત્વના વિવિધ પાસાં છે. પણ એ વિષે હું કંઈ પણ કહેવા જાઉં તે પહેલાં આટલો ખુલાસો કરું, તેઓ મારા મિત્ર છે, સહકાર્યકર્તા છે. જૈન યુવક સંઘમાં ૨૧ વરસથી તેઓ મંત્રી છે અને આ પદ માટે ક્યારેય વોટીંગ નથી થયું. એ પણ સૂચક છે કે એમને આગ્રહપૂર્વક બધા મંત્રીપદે રાખે છે.

ચીમનભાઈ લાંબુ નિરોગી આયુષ્ય ભોગવે એવી ઈચ્છા વ્યકત કરું છું: ચીમનભાઈને વિનંતિ કરું છું કે યુવક સંઘના મંત્રી તરીકે એમનાં ૯૦ વર્ષ પુરાં થાય ત્યારે હુ ઘરનો માણસ હોવા છતાં મને પ્રસંશાના બે શબ્દો કહેવા દેશે!

નાટયકાર શ્રી જગદીશ શાહે કહ્યું હતું, 'આપણે આજના પ્રસંગને "આનંદ પર્વ" નામ આપ્યું છે, પણ મને એ નથી સમજાતું કે સ્વયં આનંદનું તે વળી આનંદ પર્વ હોતુ હશે?! ચીમનભાઈ તો પોતે જ મૂર્તિમંત આનંદ છે. હકીકતે તો આપણે ભેગા થયાં છીએ અને આનંદની એક અંજલી આપીએ છીએ એમ જ કહેવું જોઈએ.

ચીમનભાઈ આનંદનો ભંડાર લઈને જ આવેલાં છે. તેઓ આનંદના એક એવા ભામાશા છે કે જ્યારે જ્યારે રાણા પ્રતાપો જીવન જંગ જીતવામાં હતાશા અનુભવે છે, નિરાશા અનુભવે છે ત્યારે ચીમનભાઈ એમનાં આનંદનો ભંડાર ખોલીને એવા રાણા પ્રતાપોને જીવવાની ને જીતવાની શકિત આપે છે.

એક બીજી પણ વાત છે. ચીમનભાઈ આનંદની પ્રવૃત્તિ કરતાં કરતાં, એમની સંસ્થાઓને બતાવવા નાટકો લે છે અને નાટયકારોને આર્થિક પ્રોત્સાહન આપે છે તે પણ એમનું એક બહુ મોટું પ્રદાન છે. નાટયક્ષેત્ર સદાયે એ રીતે ચીમનભાઈનું ઋણી રહ્યું છે. એમણે હંમેશા સારા, સંસ્કારી અને પ્રોત્સાહન આપવા યોગ્ય નાટકોમાં રસ લીધો છે અને તે માટે અમે એમના આભારી છીએ. તેઓ ૬૦ વર્ષની વયના હોવા છતાં નવલોહીયા છે અને એવા નવલોહીયા ચીમનભાઈને મારા હાર્દિક અભિનંદન.

ડો. યમવંત ત્રીવેદી: પ્રભુની ઈચ્છા પ્રમાણે ઘડાતા જવું, પરમાત્માની આંગળીનો સ્પર્શ કરાવવો, એમની આંખોમાં એ વિસ્મય લઈને જીવવું, ગુલાલ ઉડાડવો, અને એમની સાથોસાથ હરેક કદમમાં મનુષ્યને સાથે લેવો. આ આત્મીયતા ચીમનભાઈની ખાસિયત છે. હકીકતે ચીમનભાઈનું વ્યકિતત્વ જ મને ફુલનું લાગ્યું છે. જો એક ચિત્રકાર બનીને ચીમનભાઈનું પોટ્રેઈટ બનાવવું હોય તો એક ફૂલ દોરવું પડે. ચીમનભાઈ, કદાચ કયું જ નથી, માત્ર ફુલ છે.

આટલું કહી, હું ચીમનભાઈને પ્રણામ કરું છું.

મીનળ દિક્ષીત: ચીમનભાઈ અને મારો ૨૦ વર્ષનો સંબંધ છે. પણ સભામાંની મોટી હાજરી જોઈ મને તો ચીમનભાઈ માટે કંઈ જ કહેવાની જરૂર હોય એમ લાગતું નથી. હકિકતે ચીમનભાઈ તો લોકોના મનમાં જ વસેલાં છે.

ચીમનભાઈ સામાજીક કાર્યકરને શોભે એવા અર્થમાં વીરલ છે. તેમને કોઈએ કદી ગુંચવાડામાં જોયા નહીં હોય, ગુસ્સામાં પણ નહીં જ અને છતાં પણ તેમનાં કામમાં પાછા પડીને જોવાનું રહેતું નથી. તેમનામાં અજબની ચાતુરી છે. બીજા કાર્યક્રમોમાં પણ એમની હાજરી જ બધાને માટે આશ્વાસનરૂપ અને આરામદાયક બની રહે છે.

ચીમનભાઈના વડીલ બંધુ વાડીલાલ જે. શાહે કહ્યું હતું, 'અમે બંને ભાઈઓ ૪૫ વર્ષથી અત્યંત નિકટતાથી રહ્યાં છીએ. આજનો દિવસ અમારા કુટુંમ્બ માટે ખૂબ આનંદનો દિવસ છે.

મારાં નાના ભાઈ, ચીમનભાઈમાં ઘણાં ગુણો છે. તેઓ હાસ્યકાર નથી છતાં લોકોને હસાવી શકે છે. તેઓ લેખક નથી છતાં લેખો લખી શકે છે. કવિતા લખતાં ન હોવા છતાં તેમનામાં કવિત્વ શકિત છે જ. તે જ રીતે સેવાને વરેલાં છે તે છતાં કયારેય તેમણે ફળની આશા રાખી નથી.

તેમનું સ્કૂલનું જીવન બાબુ પન્નાલાલ પુનમચંદ જૈન હાઈ-સ્કૂલથી શરૂ થયું તેથી ધર્મના સંસ્કાર મૂળમાં જ હતા. ચીમનભાઈ કોઈ સંપ્રદાયના બંધનમાં નથી. ચીમનભાઈ ગુણાનુરાગી છે એમ નિશંકપણે કહી શકાય.

મારા નાના ભાઈ માટે કુટુંબીજનોને પણ અત્યંત માન અને પ્રેમ છે, જે કંઈ રીતે વ્યકત કરવો તે અમને સમજાતું નથી. પરમ કૃપાળુ પરમાત્મા ચીમનભાઈને ખૂબ ખૂબ લાંબુ અને તંદુરસ્ત આયુષ્ય આપે અને તેઓ આજીવન સમાજસેવા કરતા રહે એ જ અંતરની ભાવના છે.

અજીત શેઠ: આ સમાજમાં યોજક દુર્લભ છે અને આપણાં ઉત્તમોત્તમ યોજકોમાં ચીમનભાઈનો પ્રથમ હરોળમાં સમાવેશ થાય છે.

તેમણે ટાગોરના એક ગીતનો અનુવાદ રજુ કર્યો હતો. તેનો છેવટનો ભાગ નીચે પ્રગટ કર્યો છે.

રવિન્દ્રનાથ અંતે કહે છે, 'હે અનામી જનોના નિર્વાક મનના કવિ તું આવ, મર્મની બધી વેદનાઓ બહાર કાઢ, આ પ્રાણહીન દેશમાં જ્યાં ચારે દિશાઓ ગીતાવિહોણી છે, તેને તું રસથી પૂર્ણ કરી દે. તારા અંતરમાં અમૃતઝરણ છે, તેને તુ વહેતું કરી દે.

સાહિત્યના વૃન્દવાદનની સંગીત સભામાં જેમની પાસે કેવળ એકતારો જ છે, તેઓને પણ સન્માન મળો. જેઓ દુ:ખમાં અને સુખમાં મુક છે. નત:શિશ અને મુંગા છે, જેઓ પાસે રહેવા છતાં દૂર છે, એવા અનામી, અખ્યાત કવિની વાણી સાંભળવા આપણે પામીએ. આપણે તેનાં સ્વજન થઈને રહીએ. આજના તમારા આનંદ પર્વે વિશેષ શું કહું ચીમનભાઈ, તમારી ખ્યાતિમાં પેલા સર્વે અજ્ઞાત કવિઓ, પેલા સર્વે અજ્ઞાત કળાકારો ખ્યાતિ પામે. અમે તમને વારંવાર નમીએ છીએ ચીમનભાઈ! (કાવ્યમાં મેં થોડી છૂટ લીધી છે.)

જૈન સોશ્યલ ગ્રુપના પ્રમુખ શ્રી સી. એન. સંઘવી: વિખ્યાત કવિ હરીન્દ્ર દવેની એક કૃતિ છે " માધવ ક્યાંય નથી ઉપવનમાં," પરંતુ આપણે માધવ તો આપણને આ બીરલાના ઉપવનમાં મળી ગયો છે. વર્ષોથી અમે આનંદ પર્વ ઉજવતા આવ્યા છીએ—કહો કે ચીમનભાઈએ ઉજવાવ્યા છે.

સરળ, નિખાલસ, હસતાં હસાવતાં, ચીમનભાઈને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ચીમનભાઈ મિત્રો ઊભા કરવાની, મૈત્રી જાળવવાની જે આગવી કળા જાણે છે તે બધાને વહેંચે એવી ઈચ્છા વ્યકત કરું છું.

પરમ કૃપાળુ ઈશ્વરને હું એટલું જ પ્રાર્થું છું કે ચીમનભાઈને દીર્ઘ અને તંદુરસ્ત આયુષ્ય આપે.

હરીન્દ્ર દવેએ કહ્યું હતું, 'ગાલીબની ૧૮૩મી જન્મ જયંતિ હાલમાં ઉજવાઈ રહી છે, તેમની બે પંકિતઓ મારા મનમાં રમે છે. તેઓ કહે છે, કોઈ કામ સરળ હોતું જ નથી. તે જ રીતે માણસને માટે પણ માણસ થવું અતિશય મુશ્કેલ છે. મનુષ્ય થવાનો પ્રયત્ન કરવાનું પણ મુશ્કેલ છે એમ કહીએ તો અતિશયોકિત નથી. એવો પ્રયત્ન કરનારા જે થોડા મીત્રોને મેં જોયા છે એમાં ચીમનભાઈનું પણ નિશ્ચિત સ્થાન છે.

ચીમનભાઈનાં વર્તનમાં એમની સંસ્કારી મુદ્રા ઉપસે છે. એમનાં રસના વિષયો ઘણાં બધા વિવિધ છે. તેમની પુસ્તકની પસંદગી પણ અપ્રતિમ છે.

આપણે તેમની સેવાને બિરદાવવા પચીસ વર્ષ પછી ફરી ભેગા મળવાનું સૂચન છે. પચીસ વર્ષ પછી ભલે મળીએ પણ ૪૦ વર્ષ પછી પણ અહીં જે હોય તે ભેગા મળી ચીમનભાઈને બિરદાવી શકે અમ હું ઈચ્છું છું ત્યારે એમની સેવાના ૬૫ વર્ષો પૂરાં થયા હશે પણ તે સાથે જ તેઓ પણ સો વર્ષના થયા હશે!

જીગરના એક શેરથી મારી વાત પૂરી કરું. સંસ્કારિતાથી જીવવાની વાત તેમાં આવે છે. જીગર કહે છે. રાજકારણના માણસોનું કર્તવ્ય ભલે એ જાણે પણ મારો રહેશે પ્રેમ છે અને તે જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી ચીમનભાઈનો પ્રેમ કેટલી હદે પહોંચ્યો છે તેની ખાતરી અહીં થાય છે. ચીમનભાઈને અભિનંદન આપું છું.

સુરેશ દલાલ: મનુષ્યના હું બે ભાગ પાડું છું. કેટલાંક માણસોનું વ્યક્તિત્વ સરકારી પીળા પરબીડીયા જેવું હોય છે. કેટલાકનું દિવાળીના ગ્રીટીંગ કાર્ડ જેવું. ભાઈ ચીમનભાઈનું વ્યક્તિત્વ ગ્રીટીંગ કાર્ડ જેવું છે. એમનામાં હંમેશ આનંદ, ઉલ્લાસનું તત્ત્વ રહેલું છે.

હું ને ચીમનભાઈ બંને આયોજકો છીએ તેથી મને તેમના પ્રત્યે વિશેષ આત્મીયતા છે, કારણ યોજક ખરેખર દુર્લભ છે.

આપણો આખો સમાજ ચોવીસ કલાક નિંદા કરતો હોય, કુથલી કરતો હોય છે. દરેક માનવી એકમેકનું શોષણ કરતો હોય, એકમેકનું બૂરું બોલતો હોય, એવા સમાજમાં ચીમનભાઈ જુદા પડે છે, તેથી આપણે તેમને સન્માનવા ભેગા થયા છીએ તેનું અતિશય મહત્ત્વ છે.

ચીમનભાઈનો નાતો કલા સાથે છે. સ્વ. વર્ણીભાઈની પંક્તિ છે. 'કરવતથી વરેલા, કાનસથી છોલેલાં, ઝેરણીથી રેઝેલા, વેરેલા ઝરેલાં, છોલેલાં તોય અમે લાગણીના માણસ તે માણસ. ચીમનલાલ આવો લાગણીનો માણસ, ઉષ્માનો માણસ છે. તેઓ અન્યોમાં જીવંત રસ લઈ શકે છે.

જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી ચીમનલાલ જે. શાહના કાર્યને બિરદાવતાં કહ્યું:

ભાઈ ચીમનલાલે ૨૫ વર્ષ સુધી જૈન યુવક સંઘના મંત્રી તરીકે જે સતત સેવા આપી છે તેની આજે કદર થાય છે તેમાં અંગત રીતે મને ઘણો આનંદ થાય છે. આ પચીસ વર્ષના ગાળામાં ૧૫ વરસ સુધી ભાઈ ચીમનલાલે પરમાનંદભાઈ સાથે કામ કર્યું અને દસ વર્ષથી તેઓ મારી સાથે કામ કરે છે.

ભાઈ પરમાનંદની રીત એવી હતી કે બધું કામ તેઓ જાતે કરતા, એટલે બીજાને કામ કરવાની બહુ ઓછી તક મળતી. મારી રીત એવી છે કે, હું જાતે કંઈ કામ કરતો નથી. બીજાની પાસેથી જ કામ લઉં છું. એટલે ભાઈ ચીમનલાલને હું ધારું છું કે સારા પ્રમાણમાં કામ કરવાની તક મળી છે.

ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત આમે તોળી રહ્યા છીએ એમાં ખરા ગોવાળીયા તો ચીમનલાલ અને અન્ય કાર્યકરો છે એમ અહીં આ અગાઉ કહેવાયું તે સાચું જ છે.

આજે જ્યારે આટલી ૨૫ વરસની અવિરત સેવા પછી ભાઈ ચીમનલાલની આપણે કદર કરીએ છીએ ત્યારે એમની કામ કરવાની રીત વિષે મારે બે શબ્દો કહેવા જોઈએ, અને જરા પણ અતિશયોકિત વિના હું એમ કહી શકું કે મારી સાથે કામ કરવું સહેલું નથી. જેમને છેલ્લાં દસ વર્ષમાં સીધેસીધું મારી સાથે કામ કરવાનું આવ્યું તેમને પહેલાં શંકા હતી કે ચીમનભાઈની સાથે કામ કરવું ફાવશે કે નહિ! મને લાગે છે એ શંકા હવે પૂરેપૂરી દૂર થઈ છે અને અમે એક કુટુંબ તરીકે કામ કરીએ છીએ, તેમાં ભાઈ ચીમનલાલનો મોટો ફાળો છે. એમનાં કામથી મને પૂરેપૂરો સંતોષ થયો છે. ચીમનભાઈમાં કામ કરવાની આવડત, સુઝ અને ધગશ છે. અને વિશેષ તો એકરાગીના ને નમ્રતાથી કામ કરવાની એમનામાં કળા છે. આ બધા ગુણો એક સાથે હોવા ખરેખર દુર્લભ છે.

તેમણે જૈન યુવક સંઘની અનન્યભાવે સેવા કરી છે. જૈન યુવક સંઘના વિકાસમાં ચીમનભાઈનો અતિ મહત્ત્વનો ફાળો છે. જૈન યુવક સંઘની પ્રવૃતિ આજે અતિશય ફૂલીફાલી છે તેમાં ઘણે ભાગે યશભાગી ચીમનલાલ છે.

આજે એની કદર થાય છે તે યોગ્ય સમયે છે અને આપણે આપણું ઋણ અદા કરી રહ્યાં છીએ.

આજે મને સૌથી વધુ આનંદ, ચીમનભાઈના વડીલબંધુ વાડીભાઈએ જે શબ્દો કહ્યાં તેનો છે. વાડીભાઈ આધ્યાત્મિક પ્રકૃત્તિની વ્યકિત છે ને ખોટી પ્રશંસા કરવાનું તેમનાં સ્વભાવમાં નથી. હું તો વાડીભાઈને પણ ધન્યવાદ આપું છું.

ચીમનભાઈએ તેમનાં જીવનનો જે વિકાસ કર્યો છે તે સૌએ ધ્યાનમાં લેવા જેવો છે. સેવા માટે ત્યાગ કરવો પડે છે અને ચીમનભાઈએ તે કર્યો છે. મંજુલાબેન પણ પતિના જાહેર કાર્યમાં પૂરો સાથ આપે છે. ચીમનભાઈના પુત્ર નીતિને પણ પિતાને ઘણો સાથ આપે છે.

હું ચીમનભાઈને અંત:કરણપૂર્વકની શુભેચ્છા આપું છું કે જે માર્ગે પોતાના વિકાસને પંથે તેઓ છે તેમાં તેઓ સતત વિકાસ કરતા રહે અને એમની આધ્યાત્મિક સમૃદ્ધિ ખૂબ વધે એવી શુભેચ્છા.

ત્યારબાદ શ્રી. ચીમનલાલ જે. શાહે સન્માનનો નમ્રતાસભર ઉત્તર આપતાં કહ્યું,

'મિત્રો અને મુરબ્બીઓ,

હમણાં ચીમનભાઈ જે. શાહના જે ગુણગાન ગવાયા તે ચીમનલાલ તો બીજા જ છે. હું માનતો જ નથી કે તે હું છું, એટલે મને આનંદ છે. હું એક ત્રીજી વ્યકિત વિશે આ બધું સાંભળી રહ્યો હતો. નમ્રતાનો ડોળ કર્યા વગર હું કહેવા માગું છું કે તે હું નથી– ખરેખર જ તે હું નથી.

મારે વિષે જે શબ્દો કહેવાયા તેમાં અતિશયોકિત છે, પણ હકીકતે એવી વ્યકિતને આપણે સમાજમાંથી ઊભી કરવી છે એ દૃષ્ટિએ આ પર્વને મેં માણ્યું છે.

હરીન્દ્રભાઈની એક પંકિતની જેમ મારા મનમાં પણ થાય છે, "હૈયામાં હેતની ભરતી આવે છે, શું કરું? હું શું કરું? ખરેખર મનમાં એટલું હેત ઉભરાય છે કે શું કરું એ સમજાતું નથી." મારે આજે શરૂઆતમાં જ વંદન કરવાના છે, મારા સ્વ. 'બા'ને. હું કોલેજમાં ગયો ને બાનું અવસાન થયું. મોટા ભાભી (વાડીભાઈના પત્ની)એ અમને બધાને મોટા કર્યા. એ ભાભીએ-એ બાએ, એ મારા બાપુજીએ મને પ્રેમ ન આપ્યો હોત તો હું આજે આ કામ ન કરી શકયો હોત. અને ગાંધીજીની અસર પણ મારા પર ખરી જ. એક જબરજસ્ત અસર, અને તે કારણે પણ સેવાનો આ માર્ગ મળ્યો છે.

મેં ધંધો સ્વીકાર્યો, ત્યારે મારાં ભાગીદાર સાધુ જેવું જીવન ગાળતા. ત્યારે અને આજે પણ મને સમજ નથી પડી કે પૈસા કયાંથી આવે છે. ધંધામાં અમારે કદી સંઘર્ષ થયો નથી.

મને લાગે છે, ઈશ્વરની અસીમ કૃપા મારા પર રહી છે અને તે કારણે બધું નિશ્ચિતપણે ચાલ્યા જ કરે છે. હું શ્રીમંત કે મુડીવાદી નથી પણ જીવતમાં સંતોષ છે.

પરમાનંદ કાપડિયા, ખીમજી ભૂજપુરીયા, મુરબ્બી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વગેરે પાસેથી ઘણું શીખ્યો છું. તે જ રીતે કવિમિત્રો પાસેથી પણ ઘણું શીખ્યો છું. વહીલ બધું વાડીભાઈ અને કુટુંબીઓના પ્રેમે પણ મને ઘણી વાતો શીખવી છે.

ખલીલ જીબ્રાને જીવનના ત્રણ સત્યો કહ્યા. એક, જીવન સત્ય છે. બે, મૃત્યુ સત્ય છે. ત્રણ, જીવન અને મૃત્યુ વચ્ચેનો પ્રેમસાગર. અને પ્રેમ ઉલેચવાનું કાર્ય મને ગમે છે. પરમાત્માને શું ગમશે તેવો વિચાર કરું છું ને તે રીતે વર્તું છું. રસથી અને જાગ્રતપણે જીવનની કળા શીખી રહ્યો છું ને તે પછી વાત આવે છે, જીવનના રહસ્યો પામવાની, તે પણ મુરબ્બી ચીમનલાલ ચકુભાઈ પાસેથી પ્રેરણા મળે છે પણ તેની માટે હું ઘણો નાનો છું. મારે મહાન માણસ થવું નથી. મારો પ્રયત્ન સજ્જન વ્યકિત થવાનો છે. જીવન એક ખેતર છે, તેમાં સુકૃત્યોના બીજો મારે વાવવા છે. વાવી શકીશ તો આનંદ થશે.

ખલીલ જીબ્રાને કહ્યું છે, માણસના દિલમાં પ્રીત છે તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે કૃતિ બને છે. કૃતિ કહો કે કાવ્ય કહો. કૃતિ અને કાવ્ય જુદા નથી. જે કાવ્ય રૂપાંતર પામ્યું છે તે કૃતિ થઈ. જે કૃતિ હૃદયમાં ગુંજન કરતી થઈ તે કવિતા બની. એ રીતે હું પણ પ્રેમી છું - કવિ છું.

સ્વ. પ્રિયકાંત મણીયારની ચાર પંકિતઓ ટાંકી હું મારું વકતવ્ય પૂરું કરું છું.

એકેય એવું ફૂલ ખીલ્યું છે નહીં કે જે મને બહુ ના ગમ્યું. જેટલા જોયા, મને તો એ બધા એવા ગમ્યાં કે જે નથી જોયા–થતું કયારે હવે જોઉં?

ધન્યવાદ.

મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલ સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં 'માનવને ઉગવા દઈએ' એ વિષય પર યોજાયેલાં વ્યાખ્યાનોમાં ડૉ. ગુણવંત શાહ વ્યાખ્યાન આપી રહ્યા છે. તસ્વીરમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ, ડૉ. રમણલાલ શાહ, શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી અને શ્રી જોરમલ મંગળજી મહેતા છે.

'માનવને ઉગવા દઈએ' : વિદ્યાસત્રનાં વ્યાખ્યાનો

મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા તા. ૧૦ મીથી સાતમી જાન્યુઆરી સુધી મુંબઈના તાતા ઓડિટોરિયમમાં ત્રણ દિવસના વિદ્યાસત્રનું આયોજન થયું હતું. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના વડા ડૉ. ગુણવંત શાહે 'માનવને ઉગવા દઈએ.' વિષે ઉપરોકત ત્રણ દિવસ વિચારપ્રેરક વ્યાખ્યાનો આપ્યા હતા.

વિદ્યાસત્રના પ્રથમ દિવસે 'માનવને ઉગવા દે, તેવું શિક્ષણ બીજા દિવસે, 'માનવને ઉગવા દેતેવો ધર્મ, અને ત્રીજા દિવસે 'માનવને ખતમ ન કરે તેવું વિજ્ઞાન,' એ વિષે તેઓ બોલ્યા હતા.

પ્રથમ દિવસના તેમના પ્રવચનનો સૂર એ હતો કે આજના શિક્ષણને સ્થાને, સમાજની સમસ્યાઓ સાથે ઓતપ્રોત થાય એવા શિક્ષણની જરૂરિયાત અતિશય તાકીદની બની છે. બીજા દિવસે તેમણે કહ્યું હતું કે ધર્મમાંથી અંધશ્રદ્ધા અને બાહ્યાચારના તત્ત્વો દૂર થાય તો જ માનવને ઉગવા દે તેવો ધર્મ અસ્તિત્વમાં આવી શકે. ત્રીજા દિવસના તેમનાં પ્રવચનના કેન્દ્રમાં આ મુદ્દો હતો કે વિજ્ઞાને માનવીને અમર્યાદિત સત્તા આપી છે, એ ખરું, પણ એ સત્તા માનવ માત્ર સુધી આપણે પહોંચાડી શકીશું તો જ માનવીનું પ્રફુલ્લીકરણ શકય બનશે.

તેમણે ત્રણે દિવસની વ્યાખ્યાનમાળાનું સમાપન કરતા કહ્યું હતું, 'હકીકત એ છે કે માનવીને ઉગવા દેવો હોય તો શિક્ષણ, ધર્મ અને વિજ્ઞાન - ત્રણેને એવી રીતે ગોઠવવા પડશે જેમાં માનવીની કેન્દ્રીયતા જળવાઈ રહે.'

ડૉ. ગુણવંત શાહે સ્વસ્થતાથી સરળ ભાષામાં અને શ્રોતાઓને રસ પડે એવી શૈલીમાં ત્રણે દિવસે પ્રવચન કર્યા હતા. આ વ્યાખ્યાનો અભ્યાસપૂર્ણ તો હતા જ, પણ તેમાં આત્મ પ્રતીતિનો રણકો હતો, જે શ્રોતાઓનું મન મોહી ગયો હતો.

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પોતે તત્ત્વચિંતક છે. તેમણે ડૉ. ગુણવંત શાહના ત્રણે દિવસના પ્રવચનોમાંની ભૂમિકાને અનુમોદન આપતાં કહ્યું હતું કે સામાન્ય માનવી સુદ્ધાં સત્યાસત્યની પરખ કરી શકે છે ખરો પણ માણસ જ્યારે સત્યને શોધવા નીકળે છે ત્યારે એ અકળામણ અનુભવે છે અને એ અકળામણ તેનાથી સહન થતી નથી તેથી જ તે સત્યનું આચરણ ત્યજી પરંપરામાં ચાલવાનું પસંદ કરે છે.

તેમણે કહ્યું હતું, "હકીકતે જીવનમાં શ્રેય અને પ્રેયનું તેમ જ અન્ય જે જે દ્વંદ્વો છે તેમાંથી આપણે કોઈ પણ એકની જ પસંદગી કરવી જોઈએ. આપણે ક્ષણે ક્ષણ પૂરેપૂરાં જાગૃત રહેવું જોઈએ. એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું."

વિદ્યાસત્રનું પ્રમુખસ્થાન મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ સી. શાહે લીધું હતું. તેમણે ડૉ. ગુણવંત શાહનો પરિચય આપતાં વિદ્યાસત્રના પ્રથમ દિવસે કહ્યું હતું કે ડૉ. શાહ માત્રશિક્ષણ શાસ્ત્રી જ નથી, પણ વિદ્વાન અને સમાજચિંતક પણ છે.

તેમણે વિદ્યાસત્રના અંતિમ દિવસના પ્રવચનમાં કહ્યું હતું કે આ માનવ સમાજની કમનસીબી એ છે કે ખોટા કાર્યો કરનારાઓની સંખ્યા દિવસે દિવસે વધતી જ જાય છે.

જૈન યુવક સંઘના એક મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આવકાર આપ્યો હતો જ્યારે બીજા મંત્રી શ્રી કે. પી. શાહે આભાર માન્યો હતો.

વિદ્યાસત્રનું આ પાંચમું વર્ષ છે. જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાતા વિદ્યાસત્રમાં વ્યાખ્યાનોની વિશેષતા એ હોય છે કે વ્યાખ્યાતાઓ વિદ્યાવ્યાસંગી નિવડેલા અને વિદ્વાન હોય છે અને સંપૂર્ણ સજ્જતા સાથે જ શ્રોતાઓ સમક્ષ ઉપસ્થિત થાય છે. આમ વરસોવરસ વ્યાખ્યાનમાળાઓનું ઉચ્ચ ધોરણ જળવાઈ રહે છે.

આવતા અંકથી ડૉ. ગુણવંત શાહના ત્રણે દિવસના વ્યાખ્યાનો ક્રમે ક્રમે આપવામાં આવશે.

સંકલન : રમેશ તાહમનકર

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ પીપલ્સ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ ફેબ્રુઆરી, ૧૯૮૧, રવિવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

સંસદીય લોકશાહી કે પ્રમુખશાહી ?

☐ ચીમનભાઇ ચકુભાઈ

આ વિવાદ આપણે ત્યાં જોરશોરથી ચાલી રહ્યો છે. ખાસ કરી, એક વર્ષ પહેલાં, ઈન્દિરા ગાંધી સત્તા પર આવ્યા ત્યારથી પ્રચાર થાય છે કે સંસદીય લોકશાહી નિષ્ફળ ગઈ છે અને પ્રમુખપદ્ધતિ જ વર્તમાન અસ્થિરતાનો ઉપાય છે. કેટલાક એમ માને છે કે, આ પ્રચાર ઈન્દિરા ગાંધીની પ્રેરણાથી થાય છે અને તેમને પ્રમુખ પદ્ધતિ લાદવી છે તેની આ બધી ભૂમિકા રચાય છે. ઈન્દિરા ગાંધીએ બે-ત્રણ વખત સ્પષ્ટતા કરી છે કે તેઓ પ્રમુખપદ્ધતિનું સમર્થન કરતા નથી અને પ્રમુખપદ્ધતિ દાખલ કરવાનું વિચારતા નથી છતાં તેમણે કબૂલ કર્યું છે કે આ વિષય ઉપર રાષ્ટ્રીય સ્તરે ચર્ચા થાય તેને તેઓ આવકારે છે અને લોકશિક્ષણ માટે આવી ચર્ચા જરૂરી માને છે. અન્ય રાજકીય પક્ષોએ અને નાગરિક સ્વાતંત્ર્યની ચિન્તા સેવતી આગેવાન વ્યક્તિઓએ પ્રમુખપદ્ધતિનો સખ્ત વિરોધ કર્યો છે.જનતા, લોકદળ, સમાજવાદીઓ, ચાગલા, જે. સી. શાહ, તારકુંડે જેવા બંધારણનિષ્ણાતોએ, સૌએ પ્રમુખપદ્ધતિને વખોડી છે. તે બધાનો એ સૂર છે કે સરમુખત્યારી લાદવાની ઈન્દિરા ગાંધીની આ ચાલબાજી છે.

આ વિવાદ કાંઈક કૃત્રિમ વાતાવરણમાં ચાલી રહ્યો છે. It looks like shadow-boxing in an unreal atmosphere વિરોધી રાજકીય પક્ષો તો વિરોધ કરે જ, કારણ કે સત્તાધારી રાજકીય પક્ષ તરફથી તેની હિમાયત થાય છે. ઈન્દિરા ગાંધી લોકશાહીનો નાશ કરી સરમુખત્યાર થવા ઈચ્છે છે એમ લોકોને કહેવાની તક મળે છે. આ વિવાદને ઉત્તેજન આપવામાં ઈન્દિરા ગાંધીની શું મુરાદ છે તે કહેવું મુશ્કેલ છે. સંભવ છે કે પ્રમુખપદ્ધતિથી વધારે વ્યાપક સત્તા મળે એવી કલ્પના હોય.

આ વિવાદ નવો નથી. બંધારણ ઘડાતું હતું ત્યારે બંધારણ સભામાં એક વર્ગ તરફથી પ્રમુખપદ્ધતિની જોરદાર હિમાયત થઈ હતી અને ગંભીર ચર્ચા થઈ હતી, પ્રો. કે. ટી. શાહ આ વર્ગના આગેવાન હતા. કોંગ્રેસ પાર્ટીની મિટિંગોમાં પણ આ વિષયની વિશદ છણાવટ થઈ હતી. છેવટ બ્રિટિશપદ્ધતિની સંસદીય લોકશાહી સ્વીકારવાનો નિર્ણય થયો હતો. તેનું મુખ્ય કારણ આ પદ્ધતિ શ્રેષ્ઠ છે તે ન હતું. પણ આપણે આ પદ્ધતિથી પરિચિત હતા અને કોઈ નવો પ્રયોગ કરવાની ઈચ્છા કે જરૂરિયાત જણાઈ નહિ. આપણું બંધારણ મોટે ભાગે ૧૯૩૫ના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ પર આધારિત છે. તેમાંનો ઘણો ભાગ આપણા બંધારણમાં લીધો છે. ૧૯૦૬ના મોર્લી–મીન્ટો રીફોર્મથી માંડી ૧૯૧૭ના મોન્ટેગુ ચેમ્સફર્ડ રીફોર્મ, સાયમન કમિશન અને ૧૯૩૫નો એક્ટ–બધા સંસદીય લોકશાહી પદ્ધતિ આધારિત હતા. આપણા રાજકીય પુરુષો ખાસ કરી લીબરલ વર્ગ ગોખલે, સપ્રુ, જયકર, માલવીયા વગેરે આ સંસદીય લોકશાહીથી જ પરિચિત હતા. નહેરુને પણ બીજી કોઈ રાજકીય પદ્ધતિનો અનુભવ ન હતો.

અંતે તો એ લક્ષમાં રાખવું જોઈએ કે સંસદીય લોકશાહી કે પ્રમુખશાહી એક રાજકીય પદ્ધતિ છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો માનવજાતે, રાજ્ય અને સમાજરચના કરી પછી અનેક પ્રકારની પદ્ધતિઓ અજમાવી છે. રાજાશાહી, સામંતશાહી, ગણતંત્ર, વગેરે–અંતિમ લક્ષ લોકકલ્યાણનું છે. કોઈએ આદર્શ રાજ્યની રચના કરી છે. પ્લેટોએ તત્ત્વજ્ઞાની-રાજા (Philosopher king) ની કલ્પના કરી. તો કેટલાકે રાજ્યનો જ વિરોધ કર્યો છે. ક્રોપોટકીન અને ટોલ્સ્ટોય જેવા રાજ્યના જ વિરોધી હતા. They were spiritual anarchists. કઈ પદ્ધતિથી લોકોનું વધારે કલ્યાણ થશે એ જ જોવાનું રહે છે. જેના હાથમાં સત્તા હોય તે બધા યે એક અથવા બીજી રીતે લોકોને લૂંટયા છે. રાજા પરોપકારી, પરદુઃખભંજન હોય તો લોકોનું કલ્યાણ કરે. આજે પણ Benevolent Ruler or Dictator ની હિમાયત કરવાવાળા છે.

સંસદીય લોકશાહીમાં સાચી લોકશાહી છે અને પ્રમુખપદ્ધતિથી સરમુખત્યારી આવે છે એમ અનિવાર્યપણે નથી. બ્રિટિશ પદ્ધતિની પાલમેન્ટને ગાંધીજીએ વંધ્યા અને વેશ્યા કહી હતી. ગાંધીજીને રામરાજ્ય જોઈતું હતું. આ પ્રકારની સીધી ચૂંટણી પદ્ધતિના ગાંધીજી વિરોધી હતા. લુઈ ફીશર સાથે અક મુલાકાતમાં ગાંધીજીએ ગામડા, તાલુકા, જિલ્લા, પ્રાન્ત એવા વિવિધ સ્તરે ચૂંટણી (Indirect election) હિમાયત કરી હતી. ફીશરે કહ્યું, આ તો સોવિયેટ પદ્ધતિ થઈ. ગાંધીજીએ કહ્યું, સોવિયેટ પદ્ધતિ શું છે તે મને ખબર નથ પણી અવી (Indirect election) થી સાચા લોકપ્રતિનિધિ, ચૂંટાવાનો સંભવ છે. વિનોબાજી વર્તમાન પદ્ધતિના વિરોધી છે. તેઓ પક્ષહીન અને સર્વસંમતિની લોકશાહી કલ્પે છે, માત્ર માથા ગણવાની નહિ.

અમેરિકા અને ફ્રાન્સમાં પ્રમુખપદ્ધતિ છે. ત્યાં સરમુખત્યારશાહી છે એમ કોઈ નહિ કહે, ત્યાં પણ લોકશાહી છે. સાચી સરમુખત્યારી સામ્યવાદી દેશોમાં અથવા જ્યાં લશ્કરી રાજ્ય છે ત્યાં છે. સાચી લોકશાહી ક્યાંય નથી. પણ સંસદીય લોકશાહી અથવા અમેરિકન અને ફ્રેન્ચ પદ્ધતિની પ્રમુખશાહીમાં લોકશાહીનો અંશ છે એમ કહી શકાય.

આ બધું લખવાનો ઉદ્દેશ એ છે કે બ્રિટિશપદ્ધતિની સંસદીય

લોકશાહી અથવા અમેરિકન કે ફ્રેન્ચ પદ્ધતિની પ્રમુખશાહી પરસ્પર વિરોધી નથી. બન્ને અંશતઃ લોકશાહી છે. બેમાંથી કઈ વધારે અનુકૂળ છે, વધારે લોકહિતકારી છે, તેનો ગુણદોષ ઉપર અને વાસ્તવિકતાના સ્તરે વિચાર કરવો જોઈએ. સિદ્ધાંતની દૃષ્ટિએ, એકનું સમર્થન જ અને બીજાનો વિરોધ જ વાસ્તવિક નથી. બન્નેના ગુણદોષ છે.

પુખ્તવય મતાધિકાર આધારિત સીધી ચૂંટણીવાળી, સંસદીય લોકશાહી પદ્ધતિનો આપણે ૩૨ વર્ષ અનુભવ કર્યો. આટલા મોટા દેશને અને આપણી વારસાગત પરંપરા અને સંસ્કૃતિ જોતાં આ પદ્ધતિ આપણા માટે હિતકારી છે કે નહિ તે વિચારવાનું છે. આ પદ્ધતિની ગંભીર ક્ષતિઓ આંખે ઊડી વળગે છે. તેનો ભ્રષ્ટાચાર, ચૂંટણી પદ્ધતિની ગેરરીતિઓ, તેનું વિનાશક ખર્ચાળપણું, તેનાથી ઉદ્‌ભવતા જ્ઞાતિવાદ, કોમવાદ, પ્રદેશવાદ ખતરનાક માલુમ પડ્યા છે. આ પદ્ધતિમાં સજ્જન, પ્રમાણિક, કુશળ, વ્યકિતઓને બહુ અવકાશ નથી. પણ મધ્યમ અને કનિષ્ટ કોટિના, કેટલાંક ગુંડાગીરી કરીને, આગેવાની અને સત્તા હાંસલ કરે છે અને આપણા ઉપર રાજ્ય કરે છે. આ દુષણો આ પદ્ધતિમાં અંતર્ગત છે. બ્રિટિશ પદ્ધતિમાં પણ મોટા ફેરફારો કરવાનો વિચાર ચાલી રહ્યો છે. વિશિષ્ટ સંજોગોમાં આ પદ્ધતિ બ્રિટનમાં ઉત્પન્ન થઈ અને વિકસી. આ પદ્ધતિની ઉત્પત્તિનો ઈતિહાસ જોઈએ તો જણાશે કે તેનું ઉગમસ્થાન મૂડીવાદ છે. ઔદ્યોગિક ક્રાન્તિને પરિણામે મૂડીવાદીઓનો નવો વર્ગ થયો. તેમનો તે વખતની રાજાશાહી અને સામંતશાળી સામેનો આ શાન્ત બળવો હતો અને અંતે તેમણે સત્તા પ્રાપ્ત કરી. બ્રિટન પ્રમાણમાં નાનો દેશ છે અને એક જ પાર્લામેન્ટ છે. તેની પ્રજાની પ્રકૃતિને આ પદ્ધતિ કાંઈક અનુકૂળ હતી અને તેની સફળતા માટે યોગ્ય પરંપરા ઊભી કરી શકયા. બીજા દેશો તેનું આંધળું અનુકરણ કરે તેમાં લોકોનું હિત નથી. તાજેતરમાં રહોડેશિયા અને યુગાન્ડામાં 'ચૂંટણીઓ' થઈ પારાવાર ગુંડાગીરી અને ભ્રષ્ટાચાર થયાં. સામ્યવાદી દેશો પણ ચૂંટણીનું ફ્રાસ કરે છે. રાજકર્તા વર્ગ, લોકોનો પોતાને સાથ, સહકાર અને ટેકો છે તે બતાવવા ઈચ્છે તે સ્વાભાવિક છે. બીજી રીતે, રાજ્ય શાસનમાં લોકોનો અવાજ હોય, લોકોનો ફાળો હોય, લોકોની સંમતિથી થાય તે આવશ્યક છે. જબરજસ્તીથી, બળાત્કારથી રાજ્યસત્તા ભોગવે તે સરમુખત્યારી છે. લોકોનું હિત પોતે જ જાણે છે, લોકો અજ્ઞાન છે, માટે પોતાને સત્તા ભોગવવાનો અધિકાર છે તે સરમુખત્યારી છે. લોકોને ભૂલ કરવાનો પણ અવકાશ હોય તે લોકશાહી છે. વ્યકિતસ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, સ્વતંત્ર ન્યાયતંત્ર, કોઈ વ્યકિતનું મનસ્વી રાજ્ય નહિ પણ કાયદાનું રાજ્ય હોય Rule of Law ત્યાં લોકશાહી છે. પછી સંસદીય પદ્ધતિ હોય કે અમેરિકન કે ફ્રેન્ચ પદ્ધતિની પ્રમુખશાહી હોય.

આવી પ્રમુખશાહીમાં પણ ઓછા દુષણ નથી; ત્યાં પણ એટલો જ ભ્રષ્ટાચાર, પૈસાનું જોર, ગુંડાગીરી, રાજ્ય કરે છે. એટલે પ્રમુખશાહી પદ્ધતિ સ્વીકારવાથી રામરાજ્ય કે સુરાજ્ય આવી જવાનું છે એવી ભ્રમણામાં રહેવાની જરૂર નથી. પ્રમુખશાહી પદ્ધતિની હિમાયત કરવાવાળાનું ધ્યેય કદાચ જુદું જ હોય, તેનો વિરોધ કરવાવાળાનો હેતુ પણ જુદો હોય. ગુણદોષ ઉપર વિચાર થયો જ નથી.

વર્તમાન પદ્ધતિ ચાલુ રાખીએ તો પણ તેમાં મોટા ફેરફાર કરવાની આવશ્યકતા છે તે સ્પષ્ટ છે. ખાસ કરી ચૂંટણી પદ્ધતિ. તેનો ભ્રષ્ટાચાર, પૈસાનું જોર, ગુંડાગીરી. આ બધું ચાલુ રહે તો આ પદ્ધતિ ખતરનાક છે. પક્ષાન્તરનો ભયંકર રોગ આપણા દેશને લાગુ પડ્યો છે, બ્રિટનમાં તે નથી. પક્ષાન્તર રોકવા કાયદા કરવાનું ઘણા સમયથી વિચારાય છે તેનો ખરડો પણ તૈયાર છે, પણ ન તો જનતા પક્ષે કર્યું, ન તો વર્તમાન શાસક પક્ષ આ વિષે કાંઈ વિચારે છે તે જ પ્રમાણે ચૂંટણી—ધારાઓમાં ફેરફાર કરવા કેટલાય સમયથી માગણી થાય છે; પણ તે વિષે કાંઈ પગલા લેવાતા નથી; પણ આ પદ્ધતિ જ નિષ્ફળ ગઈ છે અને પ્રમુખપદ્ધતિ લાવવી જોઈએ એટલો પ્રચાર છે. વર્તમાન શાસકપક્ષ, વર્તમાનપત્રો અને ન્યાયતંત્રો બહુ અસહિષ્ણુ છે. વર્તમાનપત્રો, ન્યાયતંત્ર અને વિરોધ પક્ષો ઉપર પ્રહાર કરવાની કોઈ તક છોડી નથી.

આ વિવાદ ચાલુ રાખવો હોય તો રાજકીય હેતુથી નહિ પણ લોકહિતની દૃષ્ટિથી, વાસ્તવિક ભૂમિકાએ ચર્ચા થાય તો સાચું લોકશિક્ષણ થશે.

દશ હજારની નોટ

☐ ચીમનલાલ ચકુભાઈ

હું અર્થશાસ્ત્રી નથી. અર્થશાસ્ત્ર ઘણું અટપટું શાસ્ત્ર છે, પોતાની જાતને અર્થશાસ્ત્રી કહેવડાવવાવાળા પંડિતો પણ આ શાસ્ત્રની બધી આંટીઘૂંટી સમજતા નહિ હોય, પણ કોઈ વખત શાસ્ત્રો ન સમજે તે સામાન્ય માણસ સાદી સમજણથી સમજે. સરકારે દસ હજારના અનામી (હું નનામી શબ્દ લખવા જતો હતો, પણ તે અળખામણો છે.) બોન્ડ કાઢવાની જાહેરાત કરી છે તે વિષે પ્રથમ દૃષ્ટિએ મને જે લાગે છે તે લખું છું.

આ બોન્ડ કાઢવાની નૈતિક બાજુની ચર્ચા નથી કરતો. સરકાર પણ સ્વીકારશે કે નૈતિક દૃષ્ટિએ સર્વથા અયોગ્ય છે, કાળા નાણાંને ઉત્તેજન આપવા જેવું છે અને પ્રામાણિકપણે વર્ત્યા હોય તેને દંડવા જેવું છે; પણ સરકાર પહેલાં આવું કરી ચૂકી છે અને હવે પછી કરશે એમ માની લઈએ. સરકાર એમ કહે કે નિરૂપાય છીએ. આ સિવાય કાળા નાણાંના અનિષ્ટને ડામવા બીજો કોઈ માર્ગ નથી. આ બચાવ ખોટો છે તે સરકાર પણ જાણે છે. સરકાર પાસે કાયદામાં હાલ જે માર્ગો છે તે સરકારને લેવા નથી. બીજા લઈ શકાય એવા છે તે પણ લેવા નથી. તેના કારણોમાં અત્યારે ન ઊતરું.

સરકાર આ પગલાંથી શું આશા રાખે છે અને શું પરિણામ આવવા સંભવ છે તે વિચારીએ.

કાળું નાણું કેટલું ફરે છે તેનું ચોક્કસ માપ કોઈને નથી. ઓછામાં ઓછો ૧,૫૦૦ થી ૨,૦૦૦ કરોડ સુધીનો અંદાજ મુકાય છે. કેટલાક લોકો ૧૫, ૦૦૦થી ૨૦,૦૦૦ કરોડ અંદાજે છે. કાળા નાણાંને કારણે ફુગાવો, મોંઘવારી અને કરચોરી વધતા રહે છે એ દેખીતું પરિણામ છે. સમસ્ત અર્થતંત્ર અને સામાજિક જીવન વિકૃત થાય છે તે વ્યાપક પરિણામ છે. દુનિયાભરમાં વ્યાપેલ આ અનિષ્ટ છે.

સરકાર પણ આશા નહિ રાખતી હોય કે છે એટલું બધું કાળું નાણું બોન્ડમાં ફેરવાઈ જશે. જેની પાસે કાળું નાણું છે અને જેને હજી પણ કાળા નાણાંની લેવડદેવડ કરવી છે, તેઓ બોન્ડ લેવાથી શું લાભ-ગેરલાભ છે તેનો વિચાર કરી તેમાં રોકાણ કરશે. એટલે સાચો ખ્યાલ તો આવા અનુભવીઓ આપી શકે. આ પહેલાની યોજનાઓ મહદંશે નિષ્ફળ ગઈ છે. હજારની નોટો ચલણમાંથી પાછી ખેંચી લીધી, ૬૦-૪૦ની યોજના કરી તેથી કાળું નાણું ફરતું અથવા ઉત્પન્ન થતું અટકયું નથી. ભાવિ ઉપયોગ અને વ્યાજની દૃષ્ટિએ વિચાર કરે તો આ યોજના આકર્ષક લાગતી નથી. એક વખત બોન્ડમાં રોકયા પછી દસ વર્ષ પડયા રહે તે રકમ ચોપડે જમે ન થાય, બીજા ઉપયોગમાં ન આવે, બે ટકાનું વ્યાજ મળે અને દસ વર્ષે મળશે ત્યારે ૧૨૦૦૦/-ની સાચી કિંમત શું હશે તે તો કહેવું મુશ્કેલ છે. જેને ચાલુ કાળા નાણાંનો ઉપયોગ કરવો છે, વ્યાપાર-વ્યવહારમાં, તે આવી રીતે રોકી ન શકે. એક બોન્ડ દસ હજારનું છે એટલે

સરકારની અપેક્ષા એવી હશે કે મોટી રકમનું કાળું નાણું જેની પાસે છે તે જ તેમાં રોકશે.

કાળા નાણાંને કાયદેસર સફેદ કરવાના માર્ગનું મોટામાં મોટું આકર્ષણ કે લાલચ, ભય છે. જેલ જવું પડશે, મોટો દંડ થશે. સમાજમાં પ્રતિષ્ઠા જશે, એ ભયે માણસ કાળા નાણાંમાંથી છૂટવાનો માર્ગ મળે તો ગમે તે ભોગે છૂટી જવા વિચારે, એવો ભય છે? વર્તમાનમાં અથવા ભવિષ્યમાં? વર્તમાનમાં તો નથી જ. તે હોત તો કાળું નાણું આટલું વ્યાપક ન હોત અને સરકાર આટલી લાચાર ન હોત. ભવિષ્યમાં એવો ભય છે? સરકાર સખતમાં સખત પગલાં લેવાની છે? હવે પછી કોઈ સંજોગોમાં કાળું નાણું કોઈ જ પાસે રહે નહિ, નવું ઉત્પન્ન થાય નહિ, એવા પગલાં સરકાર લેવાની છે? લઈ શકે તેમ છે? અત્યાર સુધીનો ઈતિહાસ કહે છે આવું કાંઈ બનવાનું નથી. આ અથવા આવા પ્રકારની સરકાર છે ત્યાં સુધી તો નહિ જ. કોંગ્રેસ (ઈ) હોય કે જનતા કે ભાજપ. કોઈ જબરજસ્ત ક્રાન્તિ થાય તો જુદી વાત છે. એવી ક્રાંન્તિનો નજીકના ભવિષ્યમાં સંભવ નથી.

બીજું, રાજદ્વારી વ્યક્તિઓને કરોડો રૂપિયાનું કાળું નાણું જોઈએ છીએ, છેવટ ચૂંટણીઓ માટે. આવું કાળું નાણું મળી રહે તેનો માર્ગ ખુલ્લો રાખવો જ જોઈએ. લાંચરુશ્વતની વાત બાજુ પર રાખું.

આ બોન્ડ આપવા બંધ કર્યા પછી સરકાર અતિ સખત પગલાં લેવાની છે એવી ખાતરી હોય તો સંભવ છે, સારા પ્રમાણમાં કાળું નાણું આવા બોન્ડમાં ખેંચાય. તો માણસને મન થાય કે આ પાપમાંથી છૂટી જઈએ અથવા છાતી પર આ પથરો છે તેનો ભાર હળવો કરીએ. સરકાર તરફથી આવો કોઈ ભય જણાતો નથી અને કાળા નાણાંનો ઉપયોગ કરનાર આવા ભયથી પર થઈ ગયા છે. It has become a way of Life કેટલાક એવા હશે જે છૂટવા ઈચ્છે અથવા બહુ વધારેપડતું હોય તો થોડો બોજો ઓછો કરે.

પણ આ બોન્ડનું એક આકર્ષણ છે, જે સરકારે ઈચ્છ્યું નહિ હોય. આ બોન્ડ અનામી છે, છતાં સરકારી છે એટલે દરેક બોન્ડ દસ હજારની કાયદેસરની નોટ છે. એક હજારની નોટનું ચલણ ખેંચી લીધું. હવે સરકાર કાળા નાણાથી ખરીદેલ દસ હજારની નોટનું ચલણ, સમાન્તર અને કાયદેસર આપે છે. જેને કાળા નાણાંનો ચાલુ વ્યવહાર કરવો છે તેને માટે આ કાયદેસરનો માર્ગ છે જેમાં કોઈ ભય રહેતો નથી. લાંચરુશ્વત આપવી હોય તો પણ તે કાયદેસર ચલણમાં આપી શકાય એવી સુવિધા થઈ. અલબત્ત, મોટી લાંચરુશ્વત આપવી હોય ત્યાં.

અત્યારે મિલકતના સોદાઓ થાય છે. વ્યાપારમાં કાળા નાણાંનો ઉપયોગ છે ત્યાં દસ હજારની નોટનું કાયદેસર ચલણ મળી રહે છે. છડેચોક તેની લેવડદેવડ થઈ શકે છે. બોન્ડની વર્તમાન કિંમત ઓછી ગણાય. પણ જેને આપસમાં ચાલુ લેવડદેવડ કરવી છે તેને માટે બોન્ડની વર્તમાન કિંમત ગૌણ છે. ૨૫ લાખની મિલકત વેચે, પાંચ લાખનો દસ્તાવેજ કરે, ૨૦ લાખના બોન્ડ લે, કદાચ શરૂઆતમાં ૨૦ને બદલે ૨૫ લાખના માંગે. લાંચ લેવી હોય તો આવી ગણતરીની જરૂર નથી. કબાટમાં ૨૫ લાખના બોન્ડ પડયા હોય તો પણ કોઈ પૂછી શકે તેમ નથી, અલબત્ત, જેની પાસે બોન્ડ છે તે કાળા નાણાંના છે તે તો ઉઘાડી વાત છે, પણ કાયદા પ્રમાણે તેનો ભય નથી. સામાજિક શરમ તો છે જ નહિ. આ બોન્ડની રકમ ચોપડે જમે ન થાય, પણ બોન્ડની લેતી દેતી કરી તેની નોંધ કરવી ગેરકાયદેસર કદાચ ન ગણાય, કારણ કે તેને બક્ષિસ આપી શકાય છે. કોઈ કરવેરો નથી, કોઈ નામનિશાન નથી. સરકારી નોટ પેઠે ચલણ છે અને માત્ર કરમુકત છે. એટલું જ નહિ, પણ ભયમુકત છે જે મોટી વાત છે.

વખત જતાં આ બોન્ડની કિંમત વધતી જવા સંભવ છે. જો પ્રાથમિક રોકાણ ઓછું થશે. ૧૦૦-૨૦૦ કરોડનું – તો કિંમત વધતી જશે. પ્રાથમિક રોકાણ વધારે થશે તો એટલી બધી કિંમત નહીં વધે; પણ ૧૯૮૧ જેમ નજીક આવશે તેમ વધશે – સિવાય કે કાળા નાણાંનું ઉત્પાદન સરકારે સદંતર બંધ કર્યું હોય, જે સંભવ નથી.

એમ કહેવાય છે કે કાળું નાણું મોટા પ્રમાણમાં રાજદ્વારી વ્યકિતઓ અને અમલદારો પાસે છે. એમ લાગે કે તેને સફેદ કરી સરકારી કાયદેસરનું ચલણ બનશે તેનો લાભ લેવા આ યુકિત શોધી કાઢી હોય.

આ બોન્ડથી, અત્યારે મોટા પ્રમાણમાં ચલણમાં ફરતા કાળા-નાણાંને પાછું ખેંચવાનો ઈરાદો હોય તો હકીકતમાં દસ હજારની નોટનું કાયદેસર ચલણ કાળા નાણાંને સ્થાને મળે છે.

બાકી રહી જાય તે કાળા નાણાંને જપ્ત કરવા અને નવું કાળું નાણું ઉત્પન્ન ન થાય તે જોવા, સરકાર કોઈ પગલાં લે છે કે નહિ તેના ઉપર આ યોજનાની સફળતા કે સાર્થકતાનો આધાર છે.

દાખલા તરીકે, સુવિદિત હકીકત છે કે મિલકતના સોદામાં મોટા પ્રમાણમાં કાળું નાણું વપરાય છે. અત્યારના કાયદામાં જોગવાઈ છે કે કોઈ મિલકતનો દસ્તાવેજ રજીસ્ટર થવા આવે અને સરકારને લાગે કે દર્શાવેલ કિંમત બહુ ઓછી છે તો દર્શાવેલ કીંમત કરતા ૧૫ ટકા વધારે આપી સરકાર આ મિલકત પ્રાપ્ત કરી શકે છે. આ કાયદાનો ઉપયોગ સરકારે હજી સુધી કર્યો નથી અથવા નહિવત્ કર્યો છે. એવા દસ્તાવેજો થાય છે કે જેમાં ૮૦ અથવા ૯૦ ટકા ઉપરના અપાયા હોય. સરકાર, આ બધું બરાબર જાણે છે. થોડા દાખલામાં પણ પગલાં લે તો ઘણો ફેર પડે. કેટલાક વ્યાપારમાં મોટા પ્રમાણમાં કાળા નાણાંનો ઉપયોગ થાય છે તે પણ સરકાર જાણે છે. તે અટકાવી શકાય તેટલી સત્તા સરકાર પાસે છે. નેશનલ સિકયુરિટી એકટ આ માટે કર્યો છે, પણ તંત્ર પોતે જ સડેલું હોય ત્યાં સડો કયાંથી દૂર થાય?

છેવટ તો સફેદ હોય છે તે નાણું કાળું થાય છે. ફુગાવો વધે છે. સરકાર વધારે નોટો છાપે છે. નાણાં પુરવઠા ઉપર સખત અંકુશ મુકાય તો કાળા નાણાંનો ઉપયોગ ઓછો થાય.

કાળા નાણાં ઉત્પન્ન થાય છે તેના ઘણાં કારણો છે. કેટલાક અંશતઃ દૂર કહી શકાય તેવાં છે. એક કારણ ઊંચા કરવેરા આપવામાં આવે છે તેથી કરવેરા ઓછા કરવાની ભારપૂર્વક ભલામણ થાય છે. લાઈસન્સ, પરમીટ, કવોટા અંકુશો વગેરે કારણો પણ અપાય છે તેમાં ફેરફાર થઈ શકે, પણ કરવેરા ઓછા કરવાથી કાળા નાણાંની વપરાશ ઘટશે એમ માનવાને ખાસ કારણ નથી. આ એક આદત થઈ ગઈ છે અને માણસના લોભને અંત નથી.

કાળા નાણાંનો સદંતર ઉપયોગ બંધ થાય એવી પરિસ્થિતિ નજીકના ભવિષ્યમાં કલ્પી શકાતી નથી. કોઈ પણ ભોગે પૈસા મેળવવો એ વૃત્તિ પ્રબળ છે ત્યાં સુધી કેટલેક દરજ્જે કરચોરી, અને કાળું નાણું રહેશે. નાના માણસો, નોકરિયાત, મોંઘવારીને કારણે, આવક ઓછી હોવાથી લાંચરુશ્વત લે તે રહેવાનું. ખોટા ખરચાના મોહમાં પડેલા કાળા નાણાંનો ઉપયોગ કરવાના. આ બધું અટકાવવા માનસપરિવર્તન જોઈએ તે વર્તમાનમાં દેખાતું નથી. પૈસાની પ્રતિષ્ઠા તૂટી જાય. પ્રામાણિકતાની પ્રતિષ્ઠા થાય તો ફેર પડે. અત્યારે દુનિયાનો પવન જૂદી દિશામાં છે. સામ્યવાદી દેશોમાં પણ કાળા નાણાંનું ચલણ ઓછું નથી. જીવનની જરૂરિયાતો ઓછી કરી સાદા જીવનની કિંમત ન સમજાય ત્યાં સુધી આ અનિષ્ટ વધતા ઓછા પ્રમાણમાં રહેશે. સમાજની આગેવાન કહેવાતી વ્યકિતઓ આ અનિષ્ટની જનેતા છે.

આ પરિસ્થિતિનો વર્તમાનમાં વિસ્ફોટ થયો છે. તેને રોકવા, ઉચ્ચ જીવનધોરણને નામે ભોગવિલાસમાં ડૂબ્બા છીએ, જે રોગ સમાજના બધા વર્ગોને લાગુ પડયો છે, તેને રોકવા, ભગીરથ પુરુષાર્થની જરૂર છે.

૧૮-૧-૮૧

મરાઠી ભાષાની 'માનવીની ભવાઈ'

[] જયા મહેતા

ધારો કે તમને પહેલવહેલી નોકરી મળે છે, એક નાનકડા ગામમાં, ગામઠી શાળાના સરકારી માસ્તર તરીકે. તમે ત્યાં પહેલી જ વાર જઈ રહ્યા છો. ખભે ઢેબરાંની થેલી લટકાવી તમે ચાલ્યા કરો છો. તારા ઝબૂકતા હતા ત્યારથી ચાલવાનું શરૂ કર્યું છે, ને હવે અંધારું અદશ્ય થઈ ગયું, તારાઓ સંતાઈ ગયા, તમરાંનું ગુંજન બંધ થઈ ગયું, લાલ-પીળો સૂરજ મેદાનને છેડેથી ઉપર ચડી આવ્યો, બોરડીના જાળામાં 'સાત બહેનો' પૂંછડીઓ નચાવીને શોર મચાવવા લાગી, હોલાં ઘૂઘવવા લાગ્યાં, કાગડાઓએ ઊડાઊડ કરવા માંડી, ચકલીઓ ઊંચે ઊડી તીર વેગે પાછી ઊતરવા લાગી..... તાપ સખત વધી ગયો, માખીઓનું ટોળું તમારા માથા પર બણબણ કરતું ઊડવા લાગ્યું..... ને તોય એકેય ઘર દેખાય નહીં, ઝાડનાં ઝૂંડ દેખાય નહીં, તો તમે શું કરો?

...પણ હવે તો ચાલ્યા વગર છૂટકો જ નથી, એટલે તમે આગળ ને આગળ ચાલ્યા જ કરો છો ને અંતે થોડાં છાપરાં દેખાય છે ને ઝાડ નીચે બાંધેલા ચોતરા પર પગ લટકતા રાખી તમે બેસો છો, ભૂખ લાગી છે, ભૂખ જેટલી જ કકડીને તરસ લાગી છે, ને કોઈ તમને લાલ આંખથી નિહાળી મૂછો પર હાથ ફેરવી, જમીન પર થૂંકીને પૂછે કે "કેમ રે! ઈડાંવાળો છે શું?" ને બને તેટલી શાંતિથી તમે કહો કે હું નવો માસ્તર નિમાયો છું, ને પેલો લાલ આંખવાળો માણસ તુચ્છતાથી બોલી ઊઠે, "હટ! અહીં માસ્તરનું શું કામ છે? અહીં નિશાળ ચાલે છે જ ક્યાં? વાડીમાં બાળકો જ ક્યાં છે? શું સરકાર ઓ નથી જાણતી? નકામી વાહિયાત વાત....." તો તમે શું કરો?

વળી એક બીજો, સફેદ મૂછવાળો, લાકડીને ટેકે ચાલતો બુઢ્ઢો આદમી આવીને તમારી સામે ઊભો રહે, આંખ પર હાથનું નેજવું કરી તમને ધ્યાનથી જુએ, ખોવાયેલા ઢોરને નિશાનીઓ પરથી ખોળવું હોય એ રીતે તમને નીરખે, તો તમે શું કરો?

ગામમાં નવો આવેલો માસ્તર શું કરે છે એનું સરસ આલેખન કર્યું છે વ્યંકટેશ માડગૂળકરે. મરાઠી ભાષામાં લખાયેલી એમની લઘુનવલ છે 'બનગરવાડી.' ગોપાળરાવ વિદ્વાંસે કરેલો એનો ગુજરાતી અનુવાદ પણ નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયાએ ઉપલબ્ધ કરી આપ્યો છે.

વ્યંકટેશ માડગૂળકરે અત્યંત સરળ ને પ્રવાહી શૈલીએ બનગરવાડીના ભરવાડોના જીવનનું, – તેમના અજ્ઞાન ને ગરીબીનું, માણસાઈ ને ભલમનસાઈનું, તેમના સુખદુઃખનું, વહેમો ને માન્યતાઓનું, તેમની આસપાસની પ્રકૃતિનું ને તેમનાં ઢોરનું, કુદરતી આફતોનું ને માનવસર્જિત આપત્તિઓનું, તેમ જ નગરસભ્યતા ને નાગરી સંસ્કૃતિથી તદ્દન અસ્પષ્ટ એવા પ્રાકૃતિક જીવનનું, તેમાં ભાગ્યયોગે આવી ચડેલા માસ્તરની મુશ્કેલીઓને કાર્યનિષ્ઠાનું મર્મસ્પર્શી આલેખન કર્યું છે.

આ નવલકથામાં કોઈ એક વ્યક્તિ નાયક કે નાયિકા નથી. સમગ્ર ગ્રામ સમાજ તેનો નાયક છે.

બનગરવાડી એ ભરવાડોનું નાનકડું ગામ છે. ભારતના અનેક ગામડાંઓમાંનું એક. એમાં વસે બહારની દુનિયાની કશી માહિતી વગરના, અભણ, અણઘડ, ભલા, ભોળા, સીધા સાદા, સારા, ખરાબ, ગરીબ, કાયમ ખુલ્લે શરીરે રહેતા કાળામશ ભરવાડો, તેમાના કેટલાકે તો સાત-આઠ વર્ષના હતા ત્યારથી ઢોર ચારવવાનું શરૂ કરેલું તે બુઢ્ઢા થયા ત્યાં સુધી ઓ જ કર્યું, બીજું કશું જ જોયું જાણ્યું નથી.

આવી વસતિ વચ્ચે આવી પડ્યો છે સુકલકડી કાયાવાળો નવોસવો છોકરા જેવો, ફાઈનલ – સાત ધોરણ – સુધી ભણેલો એક સરકારી નોકર – માસ્તર?

'અહીં છોકરા જ ક્યાં છે?' એવા નકારાત્મક પ્રશ્નથી આવકાર કહો કે અનાદર પામેલો માસ્તર પોતાની કાર્યદક્ષતા, ભલમનસાઈ અને કંઈક કરી બતાવવાની ઝંખનાથી સૌનો માનીતો થઈ જાય છે, ધણી–ધણિયાણીના ઝઘડાથી માંડીને ઢોરની ચોરી સુધીની ફરિયાદો માસ્તર પાસે આવવા માંડે છે. નિશાળ એટલે કોર્ટ, ચોરો, પોલીસથાણું, મ્યુનિસિપાલીટી – બધું જ હોય! અને માસ્તર એટલે ન્યાયાધીશ, પોલીસ અધિકારી, પટેલ, તલાટી અને તે ટિકિટ વેચવાવાળો પણ બને!

અને આ ભરવાડો...કોઈ પોતાના છોકરાઓને નિશાળે ભણવા મોકલવા તૈયાર નથી કારણ કે છોકરાઓ આખો દિવસ ઘેટાં ચારવા જાય છે. એ કામ છોડી તેઓ લખવા-વાંચવાનું શીખવા જાય તો..." તો એમનાં પેટ ભરવાનું શું?" આ પ્રશ્નનો ઉત્તર માસ્તર પાસે નહોતો, ને લજ્જાથી મારી, તમારી કે આપણી સરકારની પાસે એનો ઉત્તર હોય એમ લાગતું નથી. એટલે જ માસ્તરને રહી રહીને લાગ્યા કરે છે કે "હું તો કેવળ ગ...મ...ય...ન" લખતા શીખવું છું, પણ આ લોકોની જરૂરિયાત બીજી જ છે. આયબુને ઘર માંડવું છે. આનંદાને રોટલા જોઈએ છે, શેકુને બળદ જોઈએ છે..."

આવા ભરવાડોની જ મુખ્ય વસતિવાળી બનગરવાડી. તેમાં ગામલોકોનો આદર પામતો પટેલ, ગદુ શરીર ને ગંદાં કપડાંવાળો આયબુ કસાઈ, ચોરીનો જ ધંધો કરતો આનંદા રામોશી, કાંઈ પણ કર્યા વગર બેસી રહેવું જેને ગમે છે એવો રામો ભરવાડ, પરગામની ઉપાળી યુવાન વિધવાને નસાડી જતો જગન્યા, પટેલની દીકરી અંજી, અંજી પાછળ ઘેલો શેકુ, બળદની જગાએ જોતરાઈને વાવણી કરાવતી શેકુની, પત્ની... ભરવાડોના છોકરાઓના ગજા નાચ, અખાડાનું મકાન બાંધવાના માસ્તરના પ્રયાસો, ભરવાડોની આનાકાની, સહકાર, અસહકાર, અખાડાના મકાન માટે રાજા સરકારની પધરામણી, તેનો ઉત્સવ, અનાવૃષ્ટિ, દુષ્કાળ, ઘેટાંમાં મહામારીનો રોગચાળો, દુષ્કાળપીડિત લોકોની યાતના ને છતાં "રડ્યા વગર, ચિડાયા વગર પરગામ ચાલી નીકળતા લોકો", મૂંગી બની જતી બનગરવાડી, ત્યાં હવે સ્મશાનવત શાંતિ ને એકલતા - આ બધાંનું આલેખન કરીને લેખકે સમગ્ર ગ્રામ-સમાજને જીવંત કર્યો છે.

અ ભ્યા સ વ ર્તુ ળ

આગામી કાર્યક્રમ

વક્તા: શ્રી હેલ આઈઝેન (HAL ISEN)-EST ટ્રેઈનર

વિષય: EST ટ્રેનિંગ અને માનવ સંબંધો

સ્થળ: બ્લેવેટ્સ્કી લૉજ, ફ્રેન્જ બ્રીજ, મુંબઈ-૪૦૦૦૦૭.

સમય: તા. ૯-૨-૮૧ સોમવાર સાંજે ૬-૧૫ થી ૮-૧૫.

* * *

થોડાંક સમય ઉપર EST વિષે આપણે યોજેલાં બે વાર્તાલાપો અને પ્રબુદ્ધ જીવનમાં ત્યારબાદ પ્રગટ થયેલાં બે લેખોએ વાચકોમાં EST ની તાલીમ, પ્રવૃત્તિ અને અભિગમ વિષે સારો રસ પેદા કર્યો છે. EST ની આ વખતની તાલીમ ફેબ્રુઆરીમાં યોજાઈ છે. અને આ વખતે ટ્રેઈનર શ્રી હેલ આઈઝેન મુંબઈમાં આવી રહ્યાં છે. EST ની તાલીમ આપનાર કોઈ ટ્રેઈનરનો આપણા સભ્યોને સીધો સંપર્ક થઈ શકે એ હેતુથી અને EST of India ની મુંબઈની શાખાના સહયોગથી આપણે તેમનો વાર્તાલાપ ગોઠવી શક્યા છીએ.

શ્રી હેલ ૧૯૭૫ થી ટ્રેઈનિંગ આપે છે. ભારત ત્રીજી વાર આવે છે. અને અત્યાર સુધીમાં અંદાજે ૪૦,૦૦૦ વ્યક્તિઓને તાલિમ આપી ચૂક્યા છે. ખાસ કરીને બાળકોને તાલીમ આપવામાં તેઓ નિષ્ણાત છે.

વાર્તાલાપ અંગ્રેજીમાં થશે. પરંતુ પ્રશ્નોત્તરી ગુજરાતીમાં અથવા અંગ્રેજીમાં થઈ શકશે. સૌ મિત્રોને આ તકનો લાભ લેવા નિમંત્રણ છે.

લિ. સુબોધભાઈ એમ. શાહ કન્વીનર, અભ્યાસવર્તુળ

માનવને ઊગવા દે તેવું શિક્ષણ

[ડૉ. ગુણવંત બી. શાહે સંઘના ઉપક્રમે યોજાયેલા સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રમાં 'માનવને ઉગવા દઈએ' એ વિષય પર ત્રણ વ્યાખ્યાનો આપ્યા હતાં. એમાંનું પહેલું વ્યાખ્યાન 'માનવને ઉગવા દે તેવું શિક્ષણ' અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.]

ડૉ. ગુણવંત બી. શાહ

પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણ વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

ભૂમિકા :

જે અર્થમાં નવું બંધાતું મકાન મોટું થતું જાય છે તે અર્થમાં કોઈ વૃક્ષ મોટું નથી થતું. મકાનના અસ્તિત્વનું કદી અંકુરણ નથી થતું. આ અર્થમાં મકાન કદી ઊગતું નથી હોતું. વૃક્ષનું ઊગવું એ એના અસ્તિત્વના પ્રફુલ્લનની પ્રક્રિયા છે, એની અંદર પડેલી ચેતનાનો વિસ્તાર છે. કંઈક આવા ભાવથી પ્રેરાઈને મેં મારાં ત્રણે વ્યાખ્યાનોનો વિષય 'માનવને ઊગવા દઈએ' એવો રાખ્યો છે. આજના જાગતિક સંદર્ભમાં મારી દૃષ્ટિએ ત્રણ બાબતો માનવના પ્રફુલ્લનમાં નિર્ણાયક સાબિત થાય તેમ છે :

(૧) માનવને ઊગવા દે તેવું શિક્ષણ
(૨) માનવને ઊગવા દે તેવો ધર્મ
(૩) માનવને ખતમ ન કરે તેવું વિજ્ઞાન

આ સભામાં બેઠેલા મહાનુભાવો સમક્ષ આજે વાતો કરવાનો મારો અધિકાર ખૂબ મર્યાદિત છે, એ હું જાણું છું. શિક્ષણ અને સાહિત્યના એક વિદ્યાર્થી તરીકે અને દુનિયાના અવનવા રંગો જોનારા એક જનસામાન્ય તરીકે આ ત્રણ દિવસો દરમિયાન થોડીક વાતો કરવાનો છું.

નિરદ ચૌધરીએ પોતાની માતાના ગામ મહાર અંગે લખેલી વાત મને યાદ આવે છે. એ ગામમાં કાલિમાતાનું મંદિર હતું અને એ મંદિરનાં માતા ખૂબ જીવંત ગણાતાં. એવી લોકવાયકા હતી કે જ્યારે વધ માટે ઘેટાંને લાવવામાં આવતાં ત્યારે એક કૌતુક જોવા મળતું. જેવું મંદિરનું બારણું ખૂલે કે તરત વાડાને નાકે હારમાં પહેલું ઊભેલું ઘેટું મૂર્તિને જોઈને આગળ ધસી જતું અને ભોગ ધરાવવા માટેના ચોકઠામાં પોતાનું ડોકું ગોઠવી દેતું. આ જ પ્રમાણે પછી બધાં ઘેટાં વારાફરતી કાલિમાતાને શરણે જતાં.

લગભગ પેલાં ઘેટાંની માફક ક્યારેક માણસો પણ માન્યતા-આના, વિચારોના, રૂઢિઓના અને સદીઓથી જામી ગયેલી ધાર્મિક અને સામાજિક પરંપરાઓના ચોકઠામાં સામે ચાલીને પોતાની જાતને ધરી દેતા હોય છે. મારે આજના વિષય પર આવી જતાં પહેલાં એટલું જ કહેવું છે કે માનવીય પ્રફુલ્લનમાં શિક્ષણ, ધર્મ અને વિજ્ઞાન મોટો ફાળો આપે છે એ સાચું હોવા છતાં આ જ ત્રણે બાબતો બધિયાર મનના માનવીના પ્રફુલ્લન પર પાટુ મારનારી સાબિત થાય એવો પણ પૂરો સંભવ છે. આટલી સ્પષ્ટતા કર્યા પછી માનવને ઊગવામાં ટેકો કરી આપે એવા શિક્ષણ અંગે બે વાતો કરવા ધારું છું.

માનવને ઊગવા દે તેવું શિક્ષણ

માણસ હમેશાં સ્મારકપ્રેમી રહ્યો છે. અમુક ઘટનાનું સ્મરણ કરાવવાનું કામ સ્મારક કરે છે. ધર્મ નામની ઘટનાનું સ્મારક એટલે મંદિર. ન્યાય નામની ઘટનાનું સ્મારક ન્યાયાલય છે. આ જ તર્ક પ્રમાણે ગુનાનું સ્મારક કેદખાનું ગણાય. નશાનું સ્મારક શરાબખાનું ગણાય. કામાસક્તિનું સ્મારક વેશ્યાગૃહ ગણાય અને જ્ઞાનનું સ્મારક પુસ્તકાલય ગણાય. આ અર્થમાં હું નિશાળને 'શિક્ષણ' નામની એક અત્યંત વ્યાપક ઘટનાનું સ્મારક ગણું છું.

પણ સ્મારકની એક મર્યાદા છે. સ્મારક વ્યાપક ઘટનાને સીમાના ચોકઠામાં બંદી બનાવી દે છે. ઘટનાનો અંશ એ સાચવી તો રાખે છે પણ ક્યારેક વ્યાપકતા અને સૂક્ષ્મતા બેઉ ખતમ થાય છે. ન્યાયલયની બહાર ન્યાય (અને અન્યાય) હોઈ શકે છે. મંદિરમાં પુરાઈ રહેલો ધર્મ ગંધાઈ ઊઠે એમ બને. ગુનો કેદની ઊંચી દીવાલો અતિક્રમીને સમાજમાં હરતો ફરતો રહે છે. પુસ્તકાલયમાં જ્ઞાનનો ભંડાર જરૂર હશે પણ સ્વિમિંગ પુલને સાગર માનવાની ભૂલ ટાળવા જેવી છે. પ્રતિક્ષણ ચાલતી રહેતી શિક્ષણની વ્યાપક અને સૂક્ષ્મ ક્રિયાનો એક ઘણો જ નાનો અંશ નિશાળ નામની એક સામાજિક સંસ્થામાં સાચવી રાખવામાં આવ્યો છે. પિરામિડોમાં મમી જળવાઈ રહે તે જ રીતે એ અંશને જાળવી રાખવામાં થોડું જોખમ છે. સ્વિમિંગ પુલમાં પણ હવે તો સતત વહેતા પાણીનો આગ્રહ રાખવામાં આવે છે.

આ વાત હું 'નિશાળ' ને નાબૂદ કરવાની હિમાયત કરવા માટે નથી કરી રહ્યો. 'નિશાળ' ગમે તેટલી સારી હોય તોય એ અંતે તો – 'શિક્ષણ' નો પર્યાય ન બની શકે.

'સ્મોલ ઇઝ બ્યૂટિફૂલ' નામના સુંદર પુસ્તકના જાણીતા લેખક સ્વ. ઇ.એફ. શુમાકરે 'એ ગાઈડ ફોર ધી પરપ્લેક્સ્ડ' નામનું બીજું પુસ્તક પણ પ્રગટ કર્યું છે. પુસ્તકની શરૂઆત ફ્રૂંકડી છે. લેખક પોતાની લેનિનગ્રેડની મુલાકાતને યાદ કરે છે. ત્યાં ફરતી વખતે સાથે રાખેલા નકશા પર ચર્ચા નહોતાં બતાવ્યાં પણ રસ્તા પર ઘણાં ચર્ચ જોવા મળ્યાં. આ વાત ન સમજાવાથી એમણે દુભાષિયાને પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો: "અમે નકશામાં ચર્ચ બતાવતા નથી." શુમાકર કહે છે: નિશાળો અને કોલેજોમાં મને હમેશાં જીવનનો અને જ્ઞાનનો નકશો આપવામાં આવેલો. આ નકશા પર જેની મને ખૂબ જ દરકાર હોય એવી ચીજો ભાગ્યે જ જોવા મળતી."

નિશાળની મર્યાદાઓ હશે પણ આપણને તેની ગરજ તો રહેવાની. એ નિશાળ સમાજપરિવર્તનનું ઉપકરણ બની શકે તો!

દૂધમાં પરિવર્તન આણવા માટે આપણે તેમાં મેળવણ નાખીએ છીએ. મેળવણમાંથી વછૂટતું પ્રત્યેક બેક્ટેરિયમ દૂધના બુંદમાં શાંત અને વિધાયક પરિવર્તન આણે છે. સમાજપરિવર્તનનું મેળવણ છે શિક્ષણ. સમાજની સમસ્યાઓ સાથે ઓતપ્રોત (સમાજોન્મુખ) શિક્ષણ એ આજની તાતી જરૂરિયાત છે. વિશાળ સમાજ અને શિક્ષણની સંસ્થાઓ વચ્ચેનું મરજાદીપણું દુનિયાના માલદાર દેશોને પણ પોષાતું નથી. વિકાસગામી દેશોને માટે તો આવો વૈભવ બોજારૂપ જ નીવડે.

રાજ્યમાં દુકાળ હોય અને નિશાળ એમ જ ચાલ્યા કરે તે હવે નહીં ચાલે. ગામમાં નેત્રદંતયજ્ઞ હોય અને નિશાળનું સમયપત્રક જરા પણ નહીં ખોરવાય તે કેમ ચાલે! આંધ્ર વાવાઝોડાની તારાજી ભોગવે ત્યારે ત્યાંની જ નિશાળ કોઈ સામાજિક કાર્ય ન ઉપાડે એ એક અવિવેક ગણાવો જોઈએ. નિશાળ છોડતાં બાળકોને કાંઈ નહીં તો કેટલાંક લઘુતમ કૌશલ્યો તો મળી રહેવાં જોઈએ. જે યુવાન ઓકી વખતે દસ કિલોમીટર ચાલી ન શકે, ત્રણ ચાર મીટર ઊંચેથી કૂદી ન શકે, બે મીટર ખાડો ઠેકી ન શકે, ઝાડ પર ચઢી ન શકે

અને દોઢ મીટર ઊંચી તારની વાડ સહેલાઈથી ઉલ્લંઘી ન શકે તે સમાજ માટે તે શી ધાડ મારવાનો! રવિશંકર મહારાજ તો કહે છે કે, 'કૂદકા મારીને હિંડે તે કુમાર.'

ઘણાં વર્ષો પહેલાં બોધગયા સર્વોદય સંમેલન (૧૯૫૪)માં વિનોબાએ પંડિત નહેરુની હાજરીમાં એક વાત કરેલી. યુરોપના કોઈ પણ યુવાન વિશે નિરાંતે કહી શકાય કે એને તરતાં આવડતું હશે, હોડી ચલાવતાં આવડતું હશે, બરફની રમતો આવડતી હશે, ટાઈપિંગ અને ડ્રાઈવિંગ આવડતું હશે, ભારતના યુવાન માટે વિશ્વાસપૂર્વક કહી શકાય એવું કોઈ એક કૌશલ્ય ખરું?

આજે દેશમાં ૧૨૧ જેટલી યુનિવર્સિટીઓમાં, ૪૫૦૦ જેટલી સંલગ્ન કૉલેજોમાં, ૪૦ હજાર જેટલી માધ્યમિક શાળાઓમાં, ૬ લાખ જેટલી પ્રાથમિક શાળાઓમાં કુલ ૩૫ લાખ જેટલા શિક્ષકો દસ કરોડ વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે અને આ માટેનો ખર્ચ વાર્ષિક રૂા. ૨૮૦૦ કરોડ જેટલો થવા જાય છે. આટલા ખર્ચ પછી પણ ૧૧ થી ૩૫ વર્ષના વયગાળામાં દસ કરોડ વિદ્યાર્થીઓ તો અભણ રહી જાય છે. આમ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એક બિનવિદ્યાર્થી Non — Student આપણા દેશમાં છે. આ સ્થિતિ માત્ર આપણા દેશની જ છે, એવું ય નથી. હમણાં જ વર્લ્ડ બેંક તરફથી શિક્ષણ માટેનો 'સેક્ટર પોલિસી પેપર' (એપ્રિલ ૧૯૮૦) બહાર પડ્યો છે. બધી પ્રગતિ થઈ હોવા છતાં હજી તો દુનિયાનાં ૨૫ કરોડ બાળકો અને ૬૦ કરોડ પ્રૌઢો સુધી 'નિશાળ' જેવું કંઈ પહોંચ્યું નથી! છેલ્લાં દોઢ દાયકાથી 'વિકાસ'ની વ્યાખ્યાને આર્થિક ઉત્પાદનની સાંકડી સીમમાંથી બહાર કાઢીને સારા ય માનવ જીવનના વિશાળ સંદર્ભમાં મૂલવવાના પ્રયત્નો થયાં છે. માનવની વ્યક્તિતા પાંગરે, માનવનું માનવ્ય ઝૌંગરાઈ ન જાય અને એનું પ્રફુલ્લન થતું રહે તે માટે 'વિકાસ'ની વિભાવનાને પણ નવો ઘાટ આપવો પડે એ વાત હવે સ્વીકારાતી થઈ છે. આ માટે વર્લ્ડ બેંકના અહેવાલમાં 'વિકાસ' ની પ્રક્રિયામાં શિક્ષણનું મૂલ્ય નીચેના ત્રણ મુદ્દાઓમાં રજૂ થયું છે.:

(૧) મૂળભૂત માનવીય જરૂરિયાત તરીકે
(૨) બીજી જરૂરિયાતો સંતોષવાના સાધન તરીકે
(૩) વિકાસની પ્રક્રિયાને વેગવાન બનાવનાર પ્રવૃત્તિ તરીકે

જાણીતા અર્થશાસ્ત્રી ગુન્નાર મિરડાલે પણ "Asian Drama"માં આવો જ સૂર કાઢીને શિક્ષણને 'માનવમાં થતાં મૂડીરોકાણ' તરીકે ગણાવેલું. સન ૧૮૭૧માં થયેલા ફ્રાન્સ અને જર્મની વચ્ચેના યુદ્ધમાં ફ્રેન્ચો હાર્યા પછી હારનાં કારણો શોધાયાં ત્યારે જણાયેલું કે જર્મનોને મળતી (વ્યવસાયલક્ષી) કેળવણી એમના વિજય માટે જવાબદાર હતી! એક વિચાર કે તો ત્યાં સુધી કહેલું કે જે દેશનું શિક્ષણ ખર્ચ ઘટે છે તેનું સંરક્ષણ ખર્ચ વધે છે. એચ. જી. વેલ્સે તો માનવ ઇતિહાસને 'શિક્ષણ અને સર્વનાશ વચ્ચેની હરીફાઈ' તરીકે જ ગણાવેલો.

સારુ શિક્ષણ માનવો ઊગાડે એ ખરું પણ શિક્ષણપાત્ર એ નામ કરે જ એમ માનવાની ભૂલ ટાળવા જેવું છે. જેને આપણે 'School' કહીએ છીએ તેની જોડણી જૂના અંગ્રેજીમાં 'Schole' હતી અને એનું પગેરું લેટિનમાં 'Schola' (જેનો અર્થ છે 'નવરાશ')માંથી મળે છે. એક જમાનામાં નિશાળે જવા માટેની પૂર્વશરત હતી: 'નવરાશ'! હજી આજેય કદાચ આ વાત ઘણા લોકો માટે સાચી છે. આજેય હજી કામગરા લોકોને નિશાળમાં જવાનું પાલવતું નથી.

આપણા આજના વિદ્યાર્થીઓએ કદાચ 'નિશાળ' નો આ મૂળ અર્થ આજેય પકડી રાખ્યો છે.

માનવને ઊગાડે એવું શિક્ષણ ગોઠવવું હોય તો એમાં રહેલી અનેક અસમતાઓ (Imbalances) દૂર કરવાં પડશે. આજે નીચેની અસમતાઓ — વિષમતાઓથી શિક્ષણ પીડાય છે:

— ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ વચ્ચેની અસમતા
— સ્ત્રી અને પુરુષોના શિક્ષણ વચ્ચેની વિષમતા
— શહેરો અને ગામડાંઓમાં શિક્ષણના ફેલાવાની વિષમતા
— પુસ્તકિયા જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવ વચ્ચેની વિષમતા

આ યાદી હું લંબાવવા ઇચ્છતો નથી. માહિતીના ઘારમાંથી જ્ઞાનનું દૂધ નીપજે અને વળી એમાંથી ડહાપણ (વૈદગ્ધ્ય)નું નવનીત નીપજે તો જ આપણો શુક્રવાર વળે. ગુજરાતના એક નિષ્ઠાવાન શિક્ષક કરુણાશંકર માસ્તરે 'બોધ' અને પ્રબોધ' વચ્ચેનો તફાવત સમજાવેલો. શિક્ષણ માત્ર 'બોધ' આપે તે નહીં 'પ્રબોધ' પ્રેરે એ જરૂરી છે.

લિયોનાર્દ દ'. વિન્સીની એક મર્માળી ટકોરનો ઉલ્લેખ કરીને હું મારું વકતવ્ય પૂરું કરીશ. તેણે કહેલું:

લોકોના ત્રણ વર્ગો હોય છે:
—એક વર્ગના લોકો કશું જોતાં નથી,
— બીજા વર્ગના લોકો જ્યારે દેખાડવામાં આવે ત્યારે જુએ છે, અને
— ત્રીજા વર્ગના લોકો પોતાની જાતે જુએ છે.

શિક્ષણનું કાર્ય ત્રીજા વર્ગના લોકોની સંખ્યા વધારતાં રહેવાનું છે.

માણસને પોતાના ગંતવ્યનું ભાન કરાવે એટલી અપેક્ષા તો શિક્ષણ પાસે રહે જ. આપણી આ વીસમી સદીમાં વિજ્ઞાને વસ્તુતા (Somethingness)નું મૂલ્ય ખૂબ જ વધારી દીધું છે. સદીઓ સુધી ધર્મોએ વસ્તુશૂન્યતા (Nothingness)નો મહિમા ખૂબ ગાયો હતો. આ બે મૂળભૂત બાબતો આ સદીમાં ટકરાતી જોવા મળે છે. ઈશોપનિષદની વિદ્યા અને અવિદ્યા વચ્ચે એટલે કે બ્રહ્મવિદ્યા અને વિજ્ઞાન વચ્ચે કોઈ તકરાર નથી. ઉલટું, ઉપનિષદકાર તો બેમાંથી એકની જ ઉપાસના કરનારને માટે ગાઢ અંધકાર જ પ્રાપ્ત થાય છે એવી ખુલ્લી ચેતવણી સામે ધરે છે.

માર્સેલના 'કન્સેપ્ટ ઓફ હેવિંગ એન્ડ બીઈંગ'માં અને એરિક ફ્રોમના 'ટુ બી ઑર ટુ હેવ?' પુસ્તકમાં આ જ બે મુખ્ય પ્રવાહો આપણી સામે વારંવાર એક દ્વંદ્વ ખડું કરતા રહે છે. ભૌતિક વિકાસ અને નૈતિક વિકાસ વચ્ચે જાણે ખેંચતાણ હોય એવી છાપ પણ પડે છે. કઠોપનિષદના 'શ્રેયસ' અને 'પ્રેયસ' વચ્ચે પણ મૂળભૂત વિરોધ હોય તેવો ભ્રમ મનમાંથી જલદી નીકળતો નથી. પરિણામે ગંગા અને જમના જેવા બે મહાનદ વચ્ચે પ્રયાગ રચાતું નથી. બે પ્રવાહો વચ્ચે જાણે મૂળભૂત આંતર-વિરોધ હોય એવી છાપ છે. પરિણામ એ આવે છે કે સમન્વય દૂર ને દૂર રહી જાય છે. વસ્તુતા (Somethingness)ની ઉપેક્ષાને લઈને પૂર્વ ગરીબ રહ્યું અને નરી વસ્તુનિષ્ઠાને કારણે પશ્ચિમ સમૃદ્ધિના અભિશાપોથી પીડાતું રહ્યું. અમર્યાદ ઉપભોગવાદનાં દૂષણો ઓછાં નથી હોતાં તે સાથે અછતની અતિશયતા કંઈ ધાર્મિકતા માટે ઉપકારક નથી હોતી. બધી સમૃદ્ધિ વચ્ચે વૈરાગ્યનો અનુભવ, ગતિની વચ્ચે આગતિનું એક કેન્દ્ર, ઘોંઘાટના લોકારણ્યમાં શાંતિની એક ગુફા અને બધા સંબંધોનાં ઓશિંજાળા વચ્ચે અસંગનો એક કોશેટો રચવાની કળા શિક્ષણ જો આ સદીમાં માણસને ન શીખવાડે તો એ જીવતો રહેશે અને ખતમ થશે. ઉમાશંકરની પંક્તિઓ અહીં યાદ આવે છે:

માઈલોના માઈલો મારી અંદર
દોડતી ગાડીમાં હું સ્થિર અચલ.

શરદબાબુએ ક્યાંક પેલા વાંસની વાત કરી છે ને (એ અંદરથી આખો ને આખો સળગ્યો. હોય તો ય ટટ્ટાર ઊભો તો હોય જ) અંદરથી ખખડી ગયેલો માણસ પણ જીવ્યે રાખતો હોય છે. એ જીવે છે. એનો દાર્શનિક પુરાવો એટલો જ છે કે, એનું હૃદય ધબકે છે!

ગન્તવ્યના ભાન વગર દોડતા માણસને દિશા બતાવી ન શકે તે શિક્ષણ માણસને ઉગાડે એવું ન જ બને.

કઠિયારો પણ વૃક્ષના પરિચયમાં તો આવે છે પરંતુ વૃક્ષનો મૂળગામી પરિચય તો માત્ર માળીને જ હોય છે.

માણસોને ઊગાડવા માટે બાળકો સાથે શિક્ષકે આવો મૂળગામી પરિચય કેળવવો પડશે અને એમને જીવનના ગંતવ્યનું પ્રાપ્તવ્યનું, દષ્ટવ્યનું શ્રોતવ્યનું અને કર્તવ્યનું ભાન કરાવવું પડશે.

દક્ષિણ અમેરિકાનાં સંઘર્ષગ્રસ્ત રાષ્ટ્રો

☐ મનુભાઈ મહેતા

સાન સાલ્વાડોર, ચીલી, પેરૂ વગેરે દક્ષિણ અમેરિકાનાં હમેશાં સંઘર્ષ-ગ્રસ્ત રહ્યાં છે. ત્યાં એક બાજુ હંમેશાં મુખત્યારવાદી લશ્કરશાહી પોતાનો પગદંડો જમાવવા પ્રયત્ન કરી રહી છે તો બીજી બાજુ ઉદ્દામવાદી બળો અને લોકશાહી બળો હમેશાં સરમુખત્યારશાહી લશ્કરવાદનો સામનો કરી રહ્યાં છે. સામાન્યત: એવો આક્ષેપ હમેશાં થયા કરે છે કે દક્ષિણ અમેરિકામાં, ઉદારમતવાદી બળોની સામે લડતાં સરમુખત્યારશાહી બળોને યુનાઈટેડ સ્ટેટસની સહાય મળતી રહી છે. ચીલીના સામ્યવાદી તરફી કહેવાતા પ્રમુખ એલેન્દે (અથવા એયેન્દે)ની સામે લશ્કરે બળવો કર્યો અને જનરલ ઉગારતેના હાથમાં સત્તા આવી તેમાં પણ ચીલીના લશ્કરને મળેલી અમેરિકન શસ્ત્રોની સહાય તથા સી. આઈ. એ.ના કાવાદાવા કારણભૂત હતા એવો આક્ષેપ, આલેન્દે અને ઉગાર્તે વચ્ચે લડાઈ ચાલતી હતી ત્યારે વારંવાર થતો હતો. કહેવાતું હતું કે ૧૯૬૪માં ચીલીએ, અમેરિકન માલિકીની તાંબાની ખાણોનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારથી અમેરિકાના મનમાં ખટકો રહી ગયો હતો અને એથી જ એણે એલેન્દેને ટકાવી રાખવા માટે સહાય નહોતી કરી.

ચીલીમાં આજે પણ ઉદારમતવાદીઓનું ભયંકર દમન ચાલી રહ્યું છે. "પ્રતિબદ્ધ લોકસ્વરાજ" નામનું, સર્વોદય અને સંપૂર્ણ ક્રાન્તિને સમર્પિત એવું જે હિન્દી અનિયતકાલિક હમણાં મુંબઈથી, વિનોબાજીના શિષ્યગણની નિગેહબાની હેઠળ પ્રગટ થવા માંડ્યું છે તેમાં ચીલીના એક ઉદ્દામ કવિ અને ગાયક-વાદકની, લોહીના આંસુએ રડાવે એવી કારમી કથની પ્રગટ થઈ છે. આપણે ત્યાં માનવીઓને ઠંડે કલેજે અંધ કરનારા રાક્ષસો જેમ વસે છે તેમ બીજે પણ વસે છે એ આ કવિની વાત આપણને કહી જાય છે... અને બીજું પણ ઘણું બધું કહી જાય છે!

કવિનું નામ હતું વિક્ટર જારા. ઉમ્મર ૩૭ વર્ષ. ચીલીમાં તો એની કવિતા ખૂબ જ લોકપ્રિય, એનું ગાન પણ ખૂબ જ લોકપ્રિય અને એનું ગિટાર વાદન પણ ખૂબ જ લોકપ્રિય. (સ્પેનિશ ગંશની પ્રજાનું પ્રિય વાદ્ય ગિટાર છે એ તો ઘણા જાણતા હશે.) આજે તો વિક્ટર નથી અને ચીલી દેશ પર દમનનો કોરડો વિંઝાઈ રહ્યો છે છતાં કિસાનો અને મજદૂરો માટે એણે લખેલી કવિતા અને લોક ગીતો ચીલીના ઘર ઘરમાં ગૂંજ્યા કરે છે. આખા દક્ષિણ અમેરિકા અને અન્ય સ્પેનિશભાષી દેશોમાં પણ વિક્ટરની રચનાઓ આજે ગવાઈ રહી છે. એલેન્દે જ્યારે ચીલીમાં શાસન કરતા ત્યારે તો વિક્ટર ખભે ગિટાર ભેરવીને પોતાના લખેલાં ગીતો ગાતો ગાતો આખા ચીલીની ગલીઓમાં ભમ્યા કરતો.

૧૯૭૩માં સેનાપતિ ઉગાર્તેએ સત્તા હાથ કરી ત્યારે વિક્ટરને ગિરફતાર કરી લેવામાં આવ્યો. વિક્ટર તે દિવસે એક ઈજનેરી વિદ્યાલયના સંગીત સમારોહમાં ભાગ લેવા માટે પોતાની ગિટાર લઈને ગયો હતો.

કહેવાય છે કે એ દિવસે, એ વિદ્યાલયના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય વગેરે બધાં મળીને ૫૦૦૦ (પાંચ હજાર) માણસોને સૈનિકોએ છાપો મારીને પકડી લીધા હતા અને દુનિયાના મશહુર સાન્ટિયાગો સ્ટેડિયમમાં પૂરી રાખ્યાં હતાં. વિક્ટરે ઈચ્છ્યું હોત તો પોતે કોણ છે તે જાહેર કર્યા વિના ગુપચુપ બેસીને પોતાનો જાન એણે કદાચ બચાવ્યો હોત પણ એમ ચુપ રહે તો વિક્ટર શેનો! એણે તો ગિટાર હાથમાં લીધી અને અચાનક બંદી બનવાને કારણે હતોત્સાહ થઈ ગયેલા વિદ્યાર્થીઓના જૂથમાં ઉત્સાહ પ્રેરવા દેશભક્તિનાં ગીતો ગાતો ગાતો ઘૂમવા લાગ્યો. એવે સમયે જ એક લશ્કરી અફસરે એને ઓળખી લીધો.

"અરે અમે તો તને જ શોધતા હતા" એમ કહીને એણે એને પકડીને સ્ટેડિયમના મેદાનની વચ્ચોવચ ખડો કરી દીધો. એની સામે એક ટેબલ મૂકવામાં આવ્યું અને એ ટેબલ પર એના બન્ને હાથ મૂકવામાં આવ્યા. એ પછી એક સૈનિકે એક ચમકતી ફરસી (કુહાડી)નો એ હાથ પર ઘા કરીને એના બન્ને હાથને એક ઝાટકે કાપી નાખ્યા– એ હાથો જેની નાજુક આંગળીઓ વડે લોકોને ઉત્સાહિત કરતું પ્રાણવાન સંગીત પીરસતો હતો!

અને પછી પેલો અફસર બોલ્યો: "કેમ, ગિટાર વગાડવી છે ને? ઉઠાવ તારી ખ્વારી ગિટાર અને ગા તારાં ગીત જ તું આજ સુધી ચીલીની ગલીઓમાં ગાતો ગાતો ફરતો હતો!

વિક્ટરે એક તિરસ્કાર યુક્ત નજર, પેલા અફસર પર ફેંકી, બીજી નજર, આ ભયાનક નાટક ગુપચુપ જોઈ રહેલા જનસમુદાય પર ફેંકી–એવી નજર જેમાંથી નર્યું દર્દ ટપકતું હતું અને પછી આવી રહેલી બેભાનાવસ્થાને ખાળતો, પોતાના લોહી નીંગળતા ઠૂંઠા હાથો ઊંચા કરતો પોતાની ખ્વારી ગિટાર તરફ એ આગળ વધ્યો.. અભૂતપૂર્વ મનોનિગ્રહ વડે એણે મન પર કાબૂ મેળવ્યો, જેમ તેમ ગિટાર ખોળામાં લીધી અને ૫૦૦૦ સાથી કેદીઓ સમક્ષ પોતાનું અંતિમ ગીત ગાવું શરૂ કર્યું. પછી તો કેદીઓનો સમુદાય પણ એમાં તાલ આપવા માંડ્યો.

પણ પેલા ઉન્મત્ત અફસરથી આ કેમ સહ્યું જાય? એણે પોતાની મશીનગન ઉઠાવી અને ઠપ.. ઠપ.. વિક્ટરને ગોળીઓથી વીંધી નાખ્યો. આખું સ્ટેડિયમ સ્તબ્ધ બનીને ઊભું રહ્યું.

વિક્ટરની એ અંતિમ કવિતાનો સ્વૈર સારાંશ નીચે આપ્યો છે. સંપૂર્ણ કવિતા "પ્રતિબદ્ધ લોકસ્વરાજ"માં છપાઈ છે:–

"શહેરના એક નાનકડા ખૂણામાં આજે અમે પાંચ હજાર અહીં જમા છીએ.. પણ આખા દેશના ખૂણે ખૂણામાં તો કેટલા બધા હશે! (વિક્ટર સમગ્ર દેશ જ જાણે બંદીવાન છે એમ કહેવા માગે છે).

જુલ્મ, મારપીટ વગેરે જોઈને વિક્ટર પોતાના કાવ્યમાં પૂછે છે: માનવીને બીજો માનવી આ રીતે મારી શકે છે એ તો મારા માન્યામાં પણ નથી આવતું. હે ભગવાન આવી તે કેવી દુનિયા તેં બનાવી? આવી દુનિયા બનાવવા માટે તેં અઠવાડિયાના સાતે દિવસ પરિશ્રમ કર્યો? (બાઈબલ માં સૃષ્ટિની ઉત્પત્તિ અંગેની જે કથા છે તેનો અહીં નિર્દેશ છે.)

મેક્સિકો, ક્યુબા અને દુનિયાભરના નાગરિકો! આ અત્યાચારોની સામે અવાજ ઉઠાવો.

આમારા સાથીઓનું લોહી એક દિવસ જરૂર જાગશે અને અમે મશીનગનોથી પણ વધારે પ્રબળ એવો પ્રહાર કરીશું.

માટે તો આજે માત્ર ભીષણતાનું ગીત ગાવાનું છે. આવું ગીત ગાવું અને જીવવું એ કેટલું બધું કઠણ છે! અને આજે તો મારું જીવન એ મૂર્તિમંત વેદના જેવું છે. હું જીવું પણ છું અને મરું પણ છું. અનંતની આ ક્ષણોને હું એક એક કરીને ભેગી કરી રહ્યો છું.. એમાંથી હું કંઈ શોધી રહ્યો છું.

આજે તો કેવળ સ્મશાનની શાંતિ અને મોત જ મારા ગીતોના અંતિમ સૂરો બની રહ્યા છે. હું જે જોઈ રહ્યો છું તેવું મેં પહેલાં કદી જોયું નથી; પરંતુ મેં જે અનુભવ કર્યો અને કરી રહ્યો છું તે તો અનંતની જે ક્ષણ મને લાધી છે તેને નવી જિંદગી અર્પશે.

વિક્ટરનું કાવ્ય અહીં પૂરું થાય છે અને એની કારમી કથા પણ અહીં પૂરી થાય છે. નથી લાગતું કે હિટલર જ્યાં હશે ત્યાં એ એની અરધી મૂછમાં હસતો હશે?

હવે આપણે સાન સાલ્વાડોર પર નજર કરીએ. આજે (તા. ૩૦-૧૨-૮૦ ને દિવસે) બી. બી. સી. પર આંતરરાષ્ટ્રીય સમાચાર સાંભળતો હતો ત્યાં સાંભળ્યું કે સાન સાલ્વાડોરના ઉત્તરી પ્રદેશમાં

ઉદ્દામવાદી ગેરીલાઓએ શરૂ કરેલાં યુદ્ધમાં ગેરીલાઓને સરકારી લશ્કરે ઘેરી લીધા છે. સમાચારનો અન્વયાર્થ એવો હતો કે ગેરીલાઓની સ્થિતિ હવે કફોડી થશે.

સાન સાલ્વાડોરમાં રાજકીય સ્થિતિ જરા વિચિત્ર છે. ત્યાં સિવિલિયન પ્રમુખ ઓસેજ ડુઆર્ટે છે જેને લશ્કરે સ્વીકારેલા છે, જો કે સત્તા તો લશ્કરી સેનાપતિઓના હાથમાં જ છે. આથી જ જ્યારે સાન સાલ્વાડોરમાં નાગરિક પ્રમુખ નીમવાનો છેતરામણો ફેરફાર કરવામાં આવ્યો અને એ ફેરફારને પગલે પ્રમુખ કાર્ટરે સાન સાલ્વાડોરને મદદ ફરી ચાલુ કરી (એ મદદ લશ્કરી બળવા વખતે બંધ કરાઈ હતી) ત્યારે સાન સાલ્વાડોરના ઘણા ઉદારમતવાદીઓએ પ્રમુખ કાર્ટરને અપીલ કરી હતી કે "ભાઈ તમે આ મદદ ચાલુ નહિ કરો." આવી અપીલ કરનારાઓમાં સાન સાલ્વાડોરના આર્ચબિશપ ઓસ્કાર રોમેરો પણ હતા.

અને આ ઓસ્કાર રોમેરોને ગયા માર્ચની તા. ૨૪મીએ ગોળીએ દેવામાં આવ્યા હતા!

આર્ચબિશપ રોમેરોએ તો સાન સાલ્વાડોરના પોલીસ અને લશ્કરને ઉદ્દેશીને પણ, શાસકોના અમાનુષી આદેશો માનવાનો ઈનકાર કરવાની હાકલ કરી હતી (યાદ આવે છે ને જે. પી.?) તેમણે પોલીસ દળ તથા લશ્કરના સભ્યોને પોતાના અંતરાત્માના અવાજને અનુસરવાની સલાહ આપી હતી. તેમણે તેમની હાકલમાં જણાવ્યું હતું કે: "જ્યારે ચારે બાજુ સર્વનું પતન થઈ રહેલું જણાય છે ત્યારે ઈશ્વર અને માનવીની પરમ પ્રતિષ્ઠા કરનારો ખ્રિસ્તિ ધર્મ મૂંગો રહી જ ન શકે."

પરિવર્તન માટેનો કાનૂન જો આમ જનતાના લોહીથી રંગાયેલો હોય તો એવા કાનૂનનો અર્થ શો? આથી જ ઈશ્વરને ખાતર, અને આસમાન ફાડીને જેની ચીસ ઈશ્વર સુધી પહોંચી રહી છે તે અન્યાય તથા અત્યાચાર હેઠળ કચડાયેલી આમ જનતાની ખાતર હું સરકારને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરું છું કે હવે તો આ દમનને રોકો.

હિંસાને અમે ધિક્કારીએ છીએ અને અહિંસાનું સ્વાગત કરીએ છીએ એ કહ્યા સિવાય પણ મારે નહિ ચાલે—પછી ભલે એ અરણ્य-રૂદન સમાન જ હોય.'

("પ્રતિબદ્ધ લોકસ્વરાજ"ના પહેલા બે અંકોને આધારે.)

मधुराधिपतेः अखिलं मधुरम्

તા. ૧૦ ડિસેમ્બરની સાંજે અભ્યાસવર્તુળના ઉપક્રમે શ્રી તુલસીદાસભાઈ વિક્રામનું "ભગવાન શ્રીકૃષ્ણ-એક પ્રેમીની દૃષ્ટિએ" વિષય ઉપર એક રસદાયક પ્રવચન મુંબઈ જૈન યુવક સંઘના ખંડમાં ગોઠવાયું હતું. પ્રારંભમાં, વિષયને અનુરૂપ ભગવાન શ્રીકૃષ્ણનાં સુંદર વર્ણનવાળા 'મધુરાષ્ટક'નાં સંસ્કૃત શ્લોકો ગાઈ માધવી ઝાલાએ વાતાવરણને મધુર અને રસાદ્ર બનાવ્યું.

ત્યાર બાદ શ્રી તુલસીભાઈ જેઓ એક વેપારી હોવા ઉપરાંત વંશપરંપરાગત ગોસેવક છે તેમણે વક્તવ્ય આપતાં કહ્યું: "શ્રીકૃષ્ણ આજથી લગભગ ૫૦૦૦ વર્ષ પૂર્વે થઈ ગયા છતાં આજ સુધી એમને માટે ઘણું યે બોલાયું ને લખાયું છે અને હવે પછી પણ લખાતું રહેશે. કારણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ; પૂર્ણ પુરુષોત્તમ, પરમહંસ અને વિશેષ કરી પ્રેમના દેવ હતા. પ્રેમ કરવા બૌદ્ધિક સ્તરની જરૂર નથી હોતી. ભાવસમાધિ અને પ્રેમસમાધિ હોય તો જ કૃષ્ણ મળે. તે જ પ્રમાણે અહંનો ત્યાગ કરીએ તો જ ખરા કૃષ્ણ સ્વરૂપને પામી શકાય.

શ્રીકૃષ્ણનાં ત્રણ સ્વરૂપો કહી શકાય: (૧) ઐતિહાસિક યુગપુરુષ, (૨) ગીતાના યોગેશ્વર; (૩) ભાગવતના રસેશ્વર. જેમાં બાલ્યકાળના બાલકૃષ્ણનો પણ સમાવેશ થાય છે.

બાલ્યવસ્થામાં એમણે સામાન્ય ગોવાળો સાથે બાલસુલભ ક્રીડાઓ કરી. ગોપીઓ સાથે ગમ્મત કરી. અવતાર રૂપે કૃષ્ણે કંસ અને જરાસંધનો વધ કર્યો. સત્યની સંસ્થાપના અને અસત્યનું નિકંદન કર્યું. આ રીતે 'सत्यं परं धिमहि' એ ભાગવત સૂત્રને ચરિતાર્થ કર્યું. મહામાનવરૂપે પણ લોકો વચ્ચે રહી જનહિતનું કામ કર્યું. વ્યવહારધર્મમાં સમદૃષ્ટિ અને સમાનતાનું આચરણ કર્યું. એમના અંતરમાં સામાન્ય ગોવાળ મિત્રો, સુદામા જેવા રંક અને ઉદ્ધવ જેવા પ્રખર બુદ્ધિશાળી વગદાર મિત્ર - આ પ્રત્યે સમાનભાવ હતો. સુદામા જેવા દરિદ્ર બાલસખાનાં ચરણામૃત પાન કરી ગુરુજન જેવું સન્માન કર્યું.

મહાભારતના યોગેશ્વર શ્રીકૃષ્ણ તો જાણે કે જ્ઞાનના સ્રોત સમા હતા. એમણે એ મહાન યુદ્ધમાં નિઃશસ્ત્ર ભાગ લીધો, યુદ્ધ નિવારણ માટે વિષ્ટિ કરવા દૂત બનીને ગયા કેમકે તેઓ માનતા કે યુદ્ધ નિરર્થક છે, યુદ્ધ સંહારક છે. તેમ છતાં જો યુદ્ધ અનિવાર્ય થઈ પડે તો પાપના નાશ માટે લડવું જ રહ્યું - ખૂનખાર રીતે કેમ ન લડાય, તો પણ એવો તેમની માન્યતા હતી. ગીતાનો સંદેશ કર્તવ્યપાલનમાં દૃઢ રહેવા માટેનો અને ધર્મચરણ માટેનો હતો. આમ કરતાં અનેક કસોટીઓમાંથી શ્રીકૃષ્ણને પાર થવું પડ્યું હતું.

ભગવાન વેદ વ્યાસે ભાગવતનાં ૧૮ હજાર શ્લોકો લખ્યા. તેમાં કૃષ્ણ લીલા અનેક રૂપે આલેખી છે. શ્રીકૃષ્ણનું રસિક શિરોમણિ સ્વરૂપ, નટવર રૂપ તેમાં નિરૂપાયું છે અને જગદ્ ગુરુ રૂપ પણ પાછળથી છતું થાય છે.

કોઈકે પૂછ્યું - શંકા કરી કે તદ્દન ગોરા માતાપિતાનાં આ સંતાન શ્યામ વર્ણના કેમ? ખુલાસો મળે છે 'ગોપીઓની કાજલ આંજેલી આંખોમાં શ્રીકૃષ્ણ રાતદિન વસતા એટલે તે કાળા દેખાતા" કેવી સુંદર ઉપમા!

કૃષ્ણ ક્યાં નથી? ભારતમાં પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધીના અનેક સ્થળોએ કૃષ્ણ મંદિરો છે, જ્યાં શ્રીકૃષ્ણે વિવિધ નામે બિરાજમાન છે. જ્યાં જ્યાં કૃષ્ણ મંદિર ત્યાં ત્યાં તીર્થસ્થાન. ગુજરાતનાં પ્રાચીન કવિઓ અને સાહિત્યકારો જેવા કે નરસિંહ, પ્રેમાનંદ, દયારામભાઈ, સૌ કૃષ્ણ ભક્તિમાં રસતરબોળ હતા. મીરાં તો કૃષ્ણમય જ હતાં. આસામ કૃષ્ણ નૃત્ય અને પદાવલીઓમાં મોખરે હતું. આદિ શંકરાચાર્ય પણ કૃષ્ણભક્તિનાં પ્રતિપાદનમાં 'भज गोविंदम' રચ્યું. બંગાલમાં શ્રીકૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુએ ૨૧ વર્ષ સુધી એક જ સ્થળે મહાભાવમાં રહી કૃષ્ણની આરાધના કરી. શ્રી મદનમોહન માલવિયા, સર પ્રભાશંકર પટણી, શ્રી અરવિંદ ઘોષ, કવિ ન્હાનાલાલ જેવી મહાન વ્યક્તિઓ કૃષ્ણના પરમ ઉપાસકો હતા. વળી હમણાં હમણાં 'Krishna Consciencenes 'ઈસ્કોન' નો જગતમાં વહેતો પ્રવાહ કૃષ્ણભક્તિની સાક્ષી પૂરે છે.

"કૃષ્ણ પ્રેમ જીવનામૃત છે. કૃષ્ણભક્તિ એ જીવન ઔષધિ છે. પરમ શાંતિની પ્રાપ્તિ માટે અને ખાસ કરીને ઈશ્વરે કર્યત્વ અનુભવવાને માટે કૃષ્ણ અધરામૃતનું પાન કરવું જોઈએ."

ઉપર પ્રમાણે શ્રી તુલસીદાસભાઈએ શ્રીકૃષ્ણને અનેક પાસાંઓમાં પ્રગટાવ્યા અને અનેક રંગે રંગ્યા. તત્કારણે શ્રોતાજનો પણ અજાણતાં જ પ્રેમરસનાં રંગમાં ઓછાવત્તા રંગાયા અને ધન્યતા અનુભવી.

મુ. શ્રી ચીમનલાલ ચકુભાઈએ સુંદર સમાપન કરતાં કહ્યું કે શ્રીકૃષ્ણ આમજનતાના પ્રેમી હતા. ભાગવતના રસેશ્વર હતા. શ્રી તુલસીદાસભાઈ કૃષ્ણભક્તિ અને કૃષ્ણપ્રેમથી પૂરેપૂરા રંગાયેલા છે. એમણે ખૂબ વાંચ્યું છે અને આ વિષય પર બોલવાના તેઓ અધિકારી છે.

અંતે આનંદવિભોર બની શ્રોતાઓ વિખરાયાં.

સંકલન : ગણપતલાલ ઝવેરી

'ધબકતા જીવનમાંથી લખું છું' – સિંગર

□ કાન્તિ ભટ્ટ

યીડીશ નામની ઇઝરાયલીઓની એક ભાષાને સાહિત્યમાં જીવતી રાખનારા એકમાત્ર લેખકનું નામ ઇશાક સિંગર છે અને તેણે લખેલા સાહિત્ય માટે તેને નોબેલ પારિતોષિક મળ્યું છે તે તમામ સાહિત્ય તેણે જગતમાં બહુ ઓછા લોકો જાણે છે તે યીડીશ ભાષામાં લખ્યું હતું. ૭૭ વર્ષના આ સાહિત્યકારની મુલાકાત સેટરડે રિવ્યુના કટાર લેખિકા કાથા પોલીટે લીધી હતી. તેમાં તેમણે માટે 'સર્જન અને સર્જક' એ વિષયને કેન્દ્રમાં રાખીને ઇશાક સિંગરને સવાલો પૂછ્યા હતા. 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકો માટે તે મુલાકાતના મહત્વના સવાલ જવાબ અહીં આપું છું :

પ્રશ્ન: આપે લખવાની ક્યારથી શરૂઆત કરી?

ઉત્તર: હું બાર વર્ષનો હતો ત્યારથી. કોનાન ડોયલની શેરલોક હોમ્સની વાર્તાનું હું ત્યારે અનુકરણ કરતો. આ વાર્તાઓ મેં યીડીશ ભાષામાં વાંચેલી, પરંતુ ૧૯ કે ૨૦ વર્ષની ઉમરે જ મેં ખરેખર લખવાનું શરૂ કર્યું અને તે તમામ લખાણ યીડીશ ભાષામાં હતું.

પ્રશ્ન: તમે લેખક બની રહ્યા છો તે બાબતનો કુટુંબમાં વિરોધ થયેલો?

ઉત્તર: આમારું કુટુંબ ધર્મિષ્ઠ હતું. નસીબજોગે મારો મોટો ભાઈ લેખક બની ગયો હતો અને તે બાબતનો કજીયો પતી ગયો હતો. મારા માતાપિતા માનતા કે પ્રેમકથાઓ લખવી તે ભ્રષ્ટ થવા જેવું છે. દુન્યવી બાબતની વાર્તાઓ લખનારને તે લોકો ધિક્કારતા અમારા ઘરમાં ધર્મની જ હવા ચાલતી એટલે બિનધાર્મિક લખાણ લખવું તે ખોટું ગણાતું.

પ્રશ્ન: તમારા માતાપિતાની નામંજૂરી તમારે માટે તકલીફ દેહ બની?

ઉત્તર: તમે જ્યારે જુવાન હો છો ત્યારનો તરવરાટ એવો હોય કે કશું જ તકલીફવાળું લાગતું નથી. લેખન કદી મુશ્કેલીવાળું કે તકલીફવાળું હોઈ શકે. તમે જો ખરેખર કંઈક કરવા માગતા હો તો બસ પત્યું. માર્ગ ખુલ્લો છે. નિરાંતે કૂદ જાઓ. વહેલા ઊંડી જડીને કામે લાગી જાઓ. કોઈ પણ ચીજવસ્તુ મુશ્કેલ છે તેમ મેં કદી માન્યું નથી. જેટલું મુશ્કેલ તેટલું વધુ સારું - હાર્ડર ધી બેટર.'

પ્રશ્ન: ઘણા ઊગતા લેખકો લેખક બનવા માટે જૂના લેખકોના સર્જનાત્મક લખાણો વાંચે છે. તમે એવું કરતા હતા? તમારા ગુરુ કોણ?

ઉત્તર: અરે સાહેબ લખાણ માટે તે કોઈ શિક્ષણ હોય! મેં કોઈ લેખનનો કોર્સ કર્યો નથી. તમને શિક્ષક શું શીખવી શકે? બીજા લેખકો જે રીતે લેખક બને છે તેમ હું બન્યો-હું અવલોકન કરતો ખૂબ વાંચતો જે કે હવે હું પોતે શિક્ષક જેવો છું. મને લાગે છે કે, લેખનમાંથી કંઈક સારું પેદા થઇ શકે; પરંતુ તે માટે તમારી પાસે બુદ્ધિ જ નહીં પણ કસબ હોવો જોઈએ. ઈજનેરી શાખા તે રીતે લેખન શીખી શકાય નહિ.

પ્રશ્ન: તમારે વિષે એક ટૂચકો સાંભળું છું. તમે જુવાન હતા ત્યારે પ્રકાશન માટે સ્વીકારાયેલા એક પુસ્તકને પછીથી તમે પ્રકાશનમાંથી ખેંચી લીધું હતું. આ સાચું છે?

ઉત્તર: હા સાચું છે. ૨૬ કે ૨૭ નો હતો ત્યારે એક પ્રકાશકે મારો વાર્તાસંગ્રહ પ્રકાશન માટે સ્વીકાર્યો હતો. કંપોઝ થયા પછી ગેલીઓના પ્રૂફ મને મોકલાતા હતાં. એ વાંચ્યા પછી મને લાગ્યું કે આવું પુસ્તક મારા જીવનનું પ્રથમ પુસ્તક બને તો તો બહુ ખરાબ થશે. મને વાર્તાઓ ગમી જ નહિ. મેં પ્રકાશકને આગળ વધવા ના પાડી. પ્રકાશક તો મૂંઝાઈ ગયો. તેને મોટું નુકસાન જાય તેમ હતું એટલે મેં તેનું નુકસાન વાળી આપવા બીજા મહત્વના પુસ્તકનો અનુવાદ કરી આપ્યો. એ પછી બીજું પુસ્તક પ્રગટ કરવા માટે મેં ૨૮ વર્ષ રાહ જોઈ.

પ્રશ્ન: એ દિવસો કેવા હતા?

ઉત્તર: અંગ્રેજીમાં પણ લખી શકતો હતો. પણ મારી માતૃભાષાને વળગી રહ્યો. નિરાશ ન થયો. લખતો જ ગયો. જે થવાનું હોય તે થાય.

પ્રશ્ન: તમારા લખાણમાં તમે વાચક ઉપર કેટલું છોડો છો?

ઉત્તર: ઘણું ઘણું. હું માની લઉં છું કે મારો વાચક મારા જેવો બુદ્ધિશાળી છે. મારા વાચકો પણ જીવન વિષે ઘણું જાણે છે. હું તમને બધી જ વાતો કહી દેતો નથી કે વાચકને કંઇ શીખવવાનો દાવો કરતો નથી. કેટલાક લેખકો ડરે છે કે, તેના વાચકો સમજશે નહિ. જાણે કે, તે બહુ ઊંચું લખતા હોય. હું આવો કોઇ ભ્રમ રાખતો નથી.

હું માનું છું કે સારું સાહિત્ય તમને શીખવે છે પણ સાથે સાથે તમારું મનોરંજન પણ કરે છે. તમે વાંચો છો ત્યારે કંઈ પરાણે વાંચતા નથી. તમને ગમે તે જ અને ત્યારે જ વાંચો છો. સારો લેખક તો તમને હાઇપ્નોટાઈઝ કરે છે. અને તેથી જ તમે વાંચો છો તેનું લખાણ એક સારી વાનગી જેવું હોય છે જેને તમે જમ્યા કરો. ખરા લેખકે ખુલાસા લખ્યા કરવા પડતા નથી. એટલા માટે જ ટોલ્સ્ટોય સ્કોલર કે શેખોવ - સ્કોલર જેવા બહુ ઓછા છે. બીજા જે લેખકોના ભાષ્યો લખાય છે તે લેખકો જનતા માટેના નથી.

પ્રશ્ન: તો શું લેખન માત્ર મનોરંજન માટે જ હોવું જોઈએ? તમારી વાર્તામાં તમે મનોરંજન કરવા ઉપરાંત વાચકને જરા ચીંટીયો પણ ભરતા હો તેવું લાગે છે.

ઉત્તર: મેં કયાં છે કહ્યું છે કે, લેખનનો મકસદ માત્ર મનોરંજન જ હોવો જોઇએ. મનોરંજન સર્વોપરી નથી. જુઓ સાંભળો. કોઈ પણ રેસ્ટોરામાં જાઓ ત્યાંનો ખોરાક સારો હોવો જોઈએ. એ પછી તમે જુઓ છો કે આસપાસનું વાતાવરણ સારું છે. વેઈટરો નમ્ર છે અને તે પછી બીજી વાતો આવે છે. મનોરંજન લઘુતમ હોય પણ હોવું તો જોઈએ જ. ઇટ ઇઝ ઓ મસ્ટ. પરંતુ સંદેશ કે, ઉપદેશ આવશ્યક નથી. તમે જુઓ કે, 'આન્ના કેરેનીના' નામની ટોલ્સ્ટોયની વાર્તામાં કોઈ સંદેશ જ નથી. તે વાર્તાની નાયિકાની માફક જે સ્ત્રી પ્રેમમાં હોય તેણે આપઘાત કરવો જ જોઈએ તેવું તારણ કાઢી શકાય નહિ. આમ છતાં આ વાર્તા એટલી જોરદાર છે કે તે સંદેશ વગર જામી ગઈ છે. માત્ર કચરા જેવી વાર્તાઓએ કોઈ સંદેશનો ટેકો લેવો પડે.

પ્રશ્ન: પણ ટોલ્સ્ટોય પોતે માનતા હતા કે કલામાં કોઈ સંદેશ હોવો જોઇએ.

ઉત્તર: તેની ઉત્તરાવસ્થામાં તેઓએ એવું વિચાર્યું હશે. એ પછી પણ તેણે ઘણી સુંદર વાર્તા લખી. તે લખ્યા વગર તેને છૂટકો ન હતો: પરંતુ જે ખરેખરો ટોલ્સ્ટોય હતો તે જુવાનીના લખાણવાળો હતો. વળી તેઓ ખ્રિસ્તી ધર્મ વિષે લખતા ત્યારે તેને કોઈ ગંભીર રીતે લેતું નહોતું.

પ્રશ્ન: ગંભીર વાર્તાઓના લેખક તરીકે તમો ચોકાક અનોખા ગણાઓ છો માત્ર બૌદ્ધિકો જ નહિ પણ ધોબી પણ તમારી વાર્તાને માણે છે. આવા એક ધોબીને હું જાણું છું.

ઉત્તર: સાચી વાત તો એ છે કે સાહેબ કે આ ધોબી જીવનને જાણે છે તેનાથી વધુ હું જાણતો નથી. તે કોઇ અમુક ભાષા જાણતો નથી પણ જીવનને ન જાણનારો જીવનને વધુ સારી રીતે જીવી જાણે છે. ધોબી જીવે છે. ખરો લેખક તો તેના શબ્દો વાટે લગભગ તમામ હૃદયો સુધી પહોંચી શકે છે.

પ્રશ્ન: તમને અમેરિકાના નવા લેખકો પ્રત્યે હમદર્દી નથી? તેની નવી વાર્તાઓ કોઈ વાંચતું નથી.

ઉત્તર: આ પુસ્તકોને કોઈ વાંચતું નથી કારણ કે લેખકો તે રીતે લખે છે. વાંચી શકે તેવા લોકો માટે તે લખતા નથી. તમે જો પૃથકજન માટે લખો તો જ લોકો સુધી પહોંચી શકે.

પ્રશ્ન: તો પછી ગંભીર સાહિત્ય અને લોકપ્રિય સાહિત્ય એવા કોઈ ભેદ તમે પાડવા માગતા નથી?

ઉત્તર: હા ભેદ તો છે જ. લોકપ્રિય લેખક જાણે છે કે, વાર્તા કઈ રીતે કહેવી અને જે એવી લોકપ્રિય ઢબે કહે છે અને જૂની ઢબે હવે કહે છે કે લોકોને ગળે ઊતરે. પ્રશ્ન એ છે કે, કઇ ચીજ કોના મનોરંજન માટે છે.

પ્રશ્ન: અમને લાગે છે કે તમે તો બન્ને વર્ગને મનોરંજન કરાવો છો?

ઉત્તર: મારા પ્રકાશક એક વખત મને કહેતા હતા કે જો ડુક્કરને તમે કચરાપટ્ટી આપો તો તે ખાશે; પર તુ તેને સારા ઘઉંમાંથી બનાવેલી કંઈક પીરસો તો તે પણ ખાશે જ. આવા દરેક જણની અંદર આવી કશીક ડુક્કરની ખાસિયતો છુપાયેલી છે જ.

પ્રશ્ન: આપે કહેલું છે કે, સારી નવલકથા સર્જવા માટે લેખકના મૂળ ઊંડા હોવા જોઇએ એટલે શું?

ઉત્તર: હા એ સાચું છે. ખરા પાત્રો તો સમાજમાંથી જ સાંપડે છે અને આ લોકોના જીવનના મૂળ ઊંડા હોય છે. માત્ર કોઈ અજાણ્યા 'માનવજાતિના પુરુષ' વિષે તમે લખી ન શકો. તમારે કોઇ ચોકકસ વ્યકિતને પકડવી જોઇએ. તે વ્યકિતનું કંઇક નામ સરનામું તમારા મગજમાં હોવું જોઇએ. હું માનું છું કે, ખરેખરા લેખક પોતાના જ સ્વદેશી વાતાવરણમાં રહે છે અને પોતાનો એક ખૂણો પસંદ કરી લે છે: ફ્રેન્ચ લેખક ફ્લોબર્ટે 'મેડમ બોવરી' નામની વાર્તા લખી તેમાં તેણે કોઇ ફ્રાંસનું ગામડું પસંદ કર્યું છે.

પ્રશ્ન: આપે આધ્યાત્મવાદ, ગૂઢવાદ, ભૂતપ્રેત વિષે પણ ...

ઉત્તર: ના, મેં આધ્યાત્મવાદ વિષે લખ્યું નથી. પરંતુ ક્લેયર-વોયન્સ અને ટેલીપથી વગેરે બાબતો વિષે લખ્યું છે. મને લાગે છે કે, માનવીમાં ગૂઢ શકિત છે અને તે ચમત્કાર સર્જી શકે છે. આપણા સાહિત્યમાં આ તત્ત્વની ઉપર દુર્લક્ષ કરાયું છે. મને લાગે છે કે, તે બધું જીવનમાં વણાયેલું છે.

પ્રશ્ન: તમે ખરેખર સાહિત્યકાર તરીકે આમાં માનો છો? કે માત્ર એક રૂપક તરીકે આ બધી ગૂઢ વાતોને વણો છો.

ઉત્તર: સાહિત્યના એક રૂપક તરીકે વાપરું છું અને હું ગૂઢ તત્ત્વોમાં માનું પણ છું. તેને તમે આત્મા કહો કે, અદશ્ય શકિત જે કહેવું હોય તે. તેના અસ્તિત્વ માટે કોઇ વૈજ્ઞાનિક પૂરાવો નથી. છતાં એ બધું અનુભવું છું. તમે તે બધી ચીજોનો ફોટો પાડીને લેબોરેટરીમાં લાવી શકો નહિ ... અને તમે પ્રેમ, બુદ્ધિમત્તા અને માનવીના જીવન જરસાનો પણ ફોટો પાડી શકતા નથી? ખરું ને?

પ્રશ્ન: પરંતુ સારા નવલકથાકાર બનવા માટે ભૂતપ્રેત રાક્ષસ વગેરેને વાર્તામાં લાવવા - જરૂરી છે?

ઉત્તર: એવું મેં કદી કહ્યું જ નથી. લેખક ભૌતિકવાદી હોઈ શકે છે. નાસ્તિક પણ હોઇ શકે છે અને છતાં વાર્તા લખી શકે છે. લેખક બનવા માટે અમુક વસ્તુ અનિવાર્ય નથી. જો કે, તમે જોશો કે, મહાન લેખકોની વાર્તામાં સત્ય કે ઇશ્વરની શોધ માટેનો પ્રયાસ તમને દેખાશે. મહાન લેખકો હંમેશાં સનાતન પ્રશ્નોના ઉત્તરો શોધતા હોય છે. એ લોકો માટે આ અનિવાર્ય છે.

પ્રશ્ન: તમે બીજા લેખકો પાસેથી પણ હજી ય કંઇક શીખો છો કે?

ઉત્તર: હું જે કંઇ શીખું છું તે સાહિત્યમાંથી નહીં પણ ધબકતા જીવનમાંથી શીખું છું. મેળવું છું. હાલના લેખકો એ કાંઇ ૧૯મી સદીના લેખકો જેવા નથી. આપણી પાસે ટોલ્સ્ટોય; દોસ્તોવસ્કી કે ફ્લોબર્ટ જેવા લેખકો હવે નથી. જો કે આ સદીમાં બધું સમાપ્ત થઇ હું કહેતો નથી.

પ્રશ્ન: કોઈ નવા લેખક તમને ગમે છે?

ઉત્તર: બાપરે! શું કહું-અરછા મારા સદ્ભાગ્ય છે કે, જૂના લેખકોના પુસ્તકો હજી છે!

પ્રશ્ન: આપને નવલકથા અને વાર્તાઓનું શું ભવિષ્ય લાગે છે?

ઉત્તર: હું તમને માંડીને કહું. બહુ જ સારા અને બહુ જ ખરાબ એમ બે પ્રકારની વાર્તા લખનારા માટે સારું ભવિષ્ય છે. ઊંચા સાહિત્ય માટે અને હલકા સાહિત્ય માટે હંમેશાં ગ્રાહકો રહેવાના જ. પરંતુ મધ્યમ કક્ષાના કે સરેરાશ કક્ષાના લેખકો માટેનું ભવિષ્ય અંધકારમય છે કારણ કે હવે લોકો તેમનું મનોરંજન ફિલ્મો અને ટેલિવિઝનમાંથી લેવા માંડયા છે એટલે જ્યારે નવો લેખક કે જવાન લેખક વાર્તા લખવા માટે ટેબલ પર બેસે ત્યારે તેણે નક્કી કરી લેવું કે, ઉચ્ચ વર્ગ માટે તે લખવાનો છે કે નીચની કક્ષા માટે લખવાનો છે. જે વાચક પાસે કોઈ પસંદગીની શકિત નથી અને ઢોંગો છે તેવા વાચક માટે તેણે ન લખવું. દંભી લોકોને નજરમાં રાખીને લખનારો નિષ્ફળ જશે. કારણ કે આ વાચક અદશ્ય થઇ જશે. હું ઇચ્છું છું કે, તે અદશ્ય થાય. કોઇ મધ્યમ કક્ષાની અને ડોળવાળી વાર્તા કરતાં હું સાવ બીભત્સ સાહિત્ય પણ પસંદ કરીશ જેમાં કોઇ ઊંડા મૂળ ન હોય કે, ચોકકસ વ્યકિત વિષે વાત ન હોય તે વાર્તાને હું પસંદ કરતો નથી. સારી વાર્તા અનોખી હોવી જોઇએ. કોઈએ બીજાની બુદ્ધિનો નકલ ન કરવી જોઈએ. મૌલિક રહીને જ લખવું જોઇએ.

સુવિચાર

બ્રહ્મચર્યનો પૂરો ને બરોબર અર્થ બ્રહ્મની શોધ. બ્રહ્મ સૌમાં વસે છે. એટલે તે શોધ અંતર્ધ્યાન ને તેથી નીપજતા અંત જ્ઞાનથી થાય. એ અંતર્જ્ઞાન ઈન્દ્રિયોના સંપૂર્ણ સંયમ વિના અશકય છે. તેથી સર્વ ઈન્દ્રિયોનો મનથી, વાચાથી ને કાયાથી સર્વ ક્ષેત્રે સર્વ કાળે સંયમ તે બ્રહ્મચર્ય.

આવા બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરનાર સ્ત્રી કે પુરુષ કેવળ નિર્વિકારી હોય. તેથી એવાં સ્ત્રી પુરુષો ઈશ્વરની સમીપ વસે છે; તે ઈશ્વર જેવાં છે.

આવા બ્રહ્મચર્યનું મન, વાચા ને કાયાથી અખંડિત પાલન શકય છે એ વિષે મને શંકા નથી.

-ગાંધીજી

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ્મેન પીપલ્સ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ ફેબ્રુઆરી, ૧૯૮૧ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૧ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

દેશ અને દુનિયા

☐ ચીમનભાઈ ચકુભાઈ શાહ

દિલ્હીમાં અલિપ્ત રાષ્ટ્રોના વિદેશમંત્રીઓની પરિષદ ચાર દિવસ મળી. ૯૬ દેશોએ તેમાં ભાગ લીધો અને બીજા કેટલાક દેશો નિરીક્ષક તરીકે હાજર હતા. દુનિયાની ૨/૩ વસ્તીના પ્રતિનિધિઓ, વિશ્વની વર્તમાન જટિલ સમસ્યાઓની વિચારણા કરવા મળ્યા હતા. આ દેશો મુખ્યત્વે એશિયા, આફ્રિકા, દક્ષિણ અમેરિકાના દેશો—જેને Third world countries કહેવામાં આવે છે તે હતા. આ દેશો વિકસતા અથવા અણવિકસિત ગણાય છે. મોટા ભાગના આ દેશોએ બીજા વિશ્વયુદ્ધ પછી સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે અને ગરીબ દેશો છે. દુનિયાની વર્તમાન સ્ફોટક પરિસ્થિતિમાં, વિશ્વશાન્તિ અને પોતાના દેશની સલામતી તથા આર્થિક પ્રગતિ, તેમની સમક્ષ મુખ્ય પ્રશ્નો છે.

અલિપ્તતાની વિદેશનીતિ દુનિયાને નહેરુની દેણગી છે. બીજા વિશ્વયુદ્ધ પછી, અમેરિકા અને રશિયા વચ્ચે ઠંડુ યુદ્ધ શરૂ થયું. અમેરિકા, સમૃદ્ધિ અને શક્તિને શિખરે હતું. રશિયાએ બીજા વિશ્વયુદ્ધમાં પારાવાર સહન કર્યું હતું. આણુ બૉમ્બ અમેરિકા પાસે જ હતો. આ બે મહાસત્તાઓ વચ્ચે સંઘર્ષ વધતો જતો હતો. અમેરિકામાં આઈઝનહોવર પ્રમુખ હતા, પણ સાચી સત્તા તેમના વિદેશમંત્રી જોહ્ન ફોસ્ટર ડલેસના હાથમાં હતી. ડલેસ સામ્યવાદના કટ્ટર વિરોધી હતા અને સામ્યવાદને પ્રસરતો અટકાવવા કટિબદ્ધ હતા. મેકાર્થીનો યુગ હતો. અમેરિકામાં સામ્યવાદનું નામ પણ ન લેવાય. અમેરિકા મૂડીવાદી છે અને બીજા દેશોમાં પ્રગતિશીલ બળો સામે, પ્રત્યાઘાતી બળોને ટેકો આપતું રહ્યું છે. નહેરુ સમાજવાદી અને રશિયન ક્રાન્તિ પ્રત્યે સહાનુભૂતિવાળા હતા પણ અમેરિકા સાથે કોઈ દુશ્મનાવટ બાંધવી ન હતી. પરિણામે, અલિપ્તતાની નીતિનો જન્મ થયો. બેમાંથી કોઈ જૂથના વર્ચસ્વમાં ન રહેવું અને દરેક પ્રશ્નનો સ્વતંત્રપણે વિચાર કરી નિર્ણય કરવો. એક નવું બળ પેદા કરવું જે વિશ્વશાંતિ માટે સદા જાગ્રત અને પ્રયત્નશીલ રહે. અમેરિકાને આ નીતિ પસંદ ન હતી. અમેરિકા ઈચ્છતું કે ભારત તેનું તાબેદાર અથવા તેના વર્ચસ્વમાં રહે. નહેરુને આ માન્ય ન હતું. નહેરુને નાસર, સુકર્ણ અને ટીટો જેવા સમર્થ આગેવાનોનો ટેકો હતો, પરિણામે અલિપ્ત રાષ્ટ્રોની પ્રથમ પરિષદ બાંડુગમાં થઈ અને તેને આકાર અપાયો.

ત્યાર પછી તો દુનિયાના રાજકારણમાં કાંઈક પલટાઓ આવ્યા. રશિયાએ આણુબોમ્બ બનાવ્યો, એટલું જ નહિ પણ અમેરિકાનું હરીફ થયું. ચીન અને રશિયા-બે મહાન સામ્યવાદી દેશો વચ્ચે વૈમનસ્ય થયું. ચીને આપણા ઉપર આક્રમણ કર્યું અને નહેરુને મોટો આઘાત થયો. તેમાં અમેરિકાએ આપણને સારી મદદ કરી. નિક્સન-કિસિન્જર બેલેડીએ ચીન સાથે સારા સંબંધો બાંધ્યા. આ બન્ને આગેવાનો ભારતના વિરોધી રહ્યા અને પાકિસ્તાનને મદદ કરી. બંગલાદેશના યુદ્ધ વખતે અમેરિકા આપણી વિરુદ્ધ રહ્યું. રશિયાએ તે વખતે આપણને ઘણી મદદ કરી અને ત્યાર પછી રશિયા સાથેના આપણા સંબંધો ગાઢ થતા ગયા. દુનિયામાં બીજા ઘણા બનાવો બન્યા અને વિશ્વનું રાજકારણ પલટાઓ લેતું રહ્યું.

માણસ એમ માને છે કે પોતે બધું કરે છે અને તેનું અભિમાન લે છે. હકીકતમાં અણધાર્યા બનાવો બને છે. પરિસ્થિતિ પલટાઈ જાય છે અને માણસે પરિસ્થિતિને અનુકૂળ થવું પડે છે. સત્તા કોઈ વ્યક્તિના હાથમાં છે તેથી ઘણો ફેર પડે છે પણ તે સાથે, બધા સંજોગો ઉપર તેનો કાબૂ નથી હોતો. ઈરાનમાં શાહનું પતન થયું, ખોમેનીએ ક્રાન્તિ કરી, અમેરિકન બાન પકડાયા, કાર્ટર હારી ગયા અને રીગન પ્રમુખ થયા, ઈરાકે ઈરાન ઉપર આક્રમણ કર્યું, રશિયાએ અફઘાનિસ્તાન ઉપર આક્રમણ કર્યું, ઈજિપ્તે ઈઝરાયલ સાથે સંધિ કરી અને આરબ દેશો, ઈજિપ્ત વિરુદ્ધ થયા, વિયેટનામે કામ્પુચિયા અને કેટલેક દરજ્જે લાઓસનો કબજો લીધો, પોલેન્ડમાં મજૂરોનો બળવો થયો, હિન્દી મહાસાગરમાં રશિયા અને અમેરિકાની લશ્કરી જમાવટ થઈ અને આ પ્રદેશમાં ભય વધ્યો, આપણા દેશમાં ઈન્દિરા ગાંધી ફરી સત્તા પર આવ્યાં, ચીનમાં માઓનું અવસાન થયું અને તેની નીતિના વિરોધીઓને હાથ સત્તા આવી. દુનિયાના લગભગ બધા દેશોની આર્થિક સ્થિતિ બગડી અને સર્વત્ર અશાન્તિ વધી. આ બધા બનાવોથી દુનિયાના રાજકારણમાં મોટો પલટો આવ્યો છે.

આવે સમયે અલિપ્ત રાષ્ટ્રોના દેશોની આ પરિષદ મળી છે. વિદેશ નીતિમાં કાયમી મિત્ર કે કાયમી દુશ્મન હોતાં નથી. પલટાતા સંજોગો પ્રમાણે દેશનું હિત લક્ષમાં રાખી દરેક દેશે પોતાની વિદેશનીતિમાં ફેરફાર કરતાં રહેવું પડે છે. જે અલિપ્ત રાષ્ટ્રો દિલ્હીમાં મળ્યા, તે દરેકને પોતાના દેશનું હિત જોતાં, આ બધી સમસ્યાઓ પ્રત્યે, જુદી જુદી દૃષ્ટિ હોય તે સ્વાભાવિક છે, પણ ત્રણ બાબતોમાં આ બધા દેશો સંમત છે.

(૧) વિશ્વશાન્તિ જાળવવી અને યુદ્ધ નિવારવું.

(૨) દુનિયાના વિકસિત અને સમૃદ્ધ દેશોએ પછાત દેશોને મદદ કરવી જોઈએ.

(૩) અલિપ્ત દેશોનું સંગઠન ટકી રહે અને તેમની વચ્ચે સહકાર વધે.

પણ એક બાબતમાં સારીપેઠે મતભેદ રહે છે. કેટલાકનું વલણ અમેરિકા પ્રત્યે વધારે હોય છે, કેટલાકનું રશિયા પ્રત્યે. આ બન્ને મહાસત્તાઓ વિશ્વસંઘર્ષના મૂળમાં છે. બન્ને પોતાના સ્વાર્થે માટે દુનિયાના બીજા દેશોમાં એક અથવા બીજી રીતે દખલગીરી કરતા હોય છે. આવા બધા સંજોગોમાં અલિપ્ત રાષ્ટ્રો વચ્ચે સર્વસંમતિ લાવવી અઘરી છે, પણ ઘણો પુરુષાર્થ કરી એક સર્વસંમત નિવેદન બહાર પાડી શકાયા છે. આમાં લઘુતમ સંમતિ છે, છતાં મતભેદો ઢાંકી શકાયા નથી, તો પણ દુનિયાની વર્તમાન સ્ફોટક સ્થિતિમાં આ

નિવેદન અને દુનિયાના આટલા બધા રાષ્ટ્રોનો અભિપ્રાય અગત્યનો ભાગ ભજવશે તેમાં શંકા નથી.

રીગન, અમેરિકાના પ્રમુખ થયા પછી, વાતાવરણ વધુ તંગ થયું છે. અમેરિકાની શકિતનો હુંકાર તેમના મંતવ્યો અને પગલાંમાં દેખાઈ આવે છે. શસ્ત્રદોટ અનહદ વધી છે અને ઠંડું યુદ્ધ વધતું જાય છે. રશિયા માટે, અફઘાનિસ્તાન ઉપરનું આક્રમણ અને પોલેન્ડમાં મજૂરોનો બળવો શિરોવેદના છે. આપણા દેશનું વલણ રશિયા તરફી વધારે છે, તેવી છાપ પાયા વિનાની નથી પણ અમેરિકાએ આપણો વિશ્વાસ મેળવવા ખાસ પ્રયત્નો કર્યો નથી એટલું જ નહિ પણ રીગન પોતે નિકસન-કિસિન્જર નીતિ અપનાવે છે એવી છાપ ખોટી નથી. આપણે રશિયાના અફઘાનિસ્તાન પરના આક્રમણને વખોડયું નથી, કામ્પુચિયાને સ્વીકૃતિ આપી છે, રશિયા પાસેથી મોટા પ્રમાણમાં શસ્ત્રો ખરીદીએ છીએ તે બધું અમેરિકાને ખટકે તેવું છે. અમેરિકા ફરી દુનિયાના પ્રત્યાઘાતી બળોને ટેકો આપે છે તેમ દેખાય છે. સાલ્વેડોર, દક્ષિણ આફ્રિકા, પાકિસ્તાનમાં આ બધું દેખાઈ આવે છે. આરબ રાષ્ટ્રોનું વલણ અમેરિકા તરફી છે. આફ્રિકાના દેશોનું વલણ મોટેભાગે રશિયા તરફી છે. દક્ષિણ અમેરિકાના દેશોમાં ડાબેરી બળો લશ્કરી સરમુખત્યારોનો સામનો કરી રહ્યાં છે. મધ્યપૂર્વની અત્યંત સ્ફોટક સ્થિતિ છે. ઈરાનની અસ્થિરતા ભયજનક છે. દૂરપૂર્વમાં, વિયેટનામને રશિયાનો પૂરો ટેકો છે. જ્યારે ચીનમાં અસ્થિરતા છે અને અમેરિકા સાથેના સંબંધો નજીકના થતાં જાય છે. ઈંગ્લાંડમાં મિસીસ થેચર અને અમેરિકામાં રીગનની નીતિમાં એકસૂત્રતા છે. બન્ને ultra-Conservative છે. રશિયા એટલું જ સત્તાકાંક્ષી અને સામ્રાજ્યવાદી છે.

અત્યારે દુનિયાને સૌથી મોટો ભય, અમેરિકા અને રશિયા વચ્ચે વધતા જતા સંઘર્ષનો છે. તેવા સંજોગોમાં આટલા બધા અલિપ્ત રાષ્ટ્રોનો વિશ્વશાન્તિ માટેનો અવાજ ફળદાયી થાય અને સળગતા પ્રશ્નોનું શાન્તિપૂર્વક સમાધાન થાય એવી પ્રાર્થના કરવી રહી. આ પરિષદ આપણા દેશમાં મળી છે તે આ સમયે સૂચક છે. અલિપ્ત રાષ્ટ્રોની આગેવાની ફરી ભારત લે છે. બધા અલિપ્ત રાષ્ટ્રોમાં આપણો દેશ આવી આગેવાની માટે યોગ્ય છે.

૧૧-૨-૧૯૮૧

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત
વિહારલેઈક પર્યટન

ઘણા લાંબા સમયથી સભ્યોની માંગણી હતી તેને લક્ષ્યમાં રાખીને આ પર્યટન યોજાય છે, એટલે તેમાં સભ્યોનો સારો સહકાર સાંપડશે એવી આશા રાખવામાં આવે છે.

બાર કલાક માટે મુંબઈના ધમાલિયા જીવનથી અલિપ્ત રહેવાય અને છતાંય સંપૂર્ણ આનંદ માણી શકાય એવા સૃષ્ટિસૌંદર્યથી સભર "વિહાર લેઈક" જવા માટેના પર્યટનનું આયોજન સંઘ દ્વારા કરવામાં આવેલ છે. તેમાં સંઘના સભ્યો તેમજ તેમના કુટુંબીજનો જોડાઈ શકશે.

ત્યાં જવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવી છે– બસ, સંઘના કાર્યાલયેથી બરાબર ૭-૩૦ વાગે ઉપડશે. જેમની આ પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેઓ પહેલી માર્ચ સુધીમાં કાર્યાલયમાં પૈસા ભરીને નામ નોંધાવી જાય. હાલ તુરત એક જ બસ કરી હોઈ, વહેલો તે પહેલોના ધોરણે નામો નોંધવામાં આવશે.

સમય: રવિવાર તા. ૮ માર્ચ, સવારના ૭-૩૦.
ચાર્જ: વ્યકિત દીઠ રૂા. ૩૦
પોતાનાં વાહનમાં આવનાર માટે રૂા. ૨૫,
સ્થળ: સંઘનું કાર્યાલય: પ્રાર્થના સમાજ,
૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
-મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રવણબેલગોલામાં બાહુબલિજીનો મહામસ્તકાભિષેક

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

ભારતનાં સુપ્રસિદ્ધ જૈન તીર્થોમાં શત્રુંજય, સમેતશિખર, દેલવાડા અને રાણકપુર જેમ છે, તેમ શ્રવણબેલગોલા (શ્રમણબોલગોલા - બેલગોડા) પણ છે. શ્રવણબેલગોલા દિગંબર પરંપરાનું ભવ્ય તીર્થ છે. ઐતિહાસિક દૃષ્ટિએ તે અત્યંત મહત્ત્વનું તીર્થ છે. દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો પ્રચાર એની ચરમકોટિએ કેટલો પહોંચ્યો હતો તેની પ્રતીતિરૂપ આ તીર્થ છે.

શ્રવણબેલગોલા, 'ગોમ્મટેશ્વર' અથવા 'બાહુબલિજી'ના નામથી પણ પ્રખ્યાત છે.

શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ આ તીર્થ જગતનાં આ પ્રકારનાં તીર્થોમાં અદ્વિતીય છે. ત્યાં બાહુબલિજીની સત્તાવન ફૂટ ઊંચી ઊભી પ્રતિમા છે. આ પ્રતિમા બહારથી ઘડીને લાવવામાં આવી નથી, પરંતુ પર્વતની ટોચ ઉપરના પથ્થરને કોતરીને તેમાંથી કંડારવામાં આવી છે. આ રીતે પર્વતમાંથી કોતરવામાં આવેલાં શિલ્પસ્થાપત્ય Rock-Carvings ભારતમાં જૈન, બૌદ્ધ અને હિન્દુ પરંપરામાં જુદે જુદે સ્થળે જોવા મળે છે. Rock-Carvingsના પ્રકારનાં શિલ્પ - સ્થાપત્ય દુનિયામાં બીજે સ્થળે પણ છે, પરંતુ એ બધામાં સત્તાવન ફૂટ જેટલી ઊંચી માનવ–પ્રતિમા બીજે કયાંય નથી.

કર્ણાટક રાજ્યમાં માયસોર અને બેંગ્લોર પાસે આવેલા આ તીર્થની પ્રતિષ્ઠા થયાને આ વર્ષે એક હજાર વર્ષ પૂરાં થાય છે. દર બાર વર્ષે ત્યાં કેસર, ચંદન, સુવર્ણ, રજત વગેરે યુકત દૂધ વડે મસ્તકાભિષેક થાય છે. હજાર વર્ષ પૂરાં થયાં એટલે આ મહિનામાં પરમ પૂજ્ય એલાચાર્યશ્રી વિદ્યાનંદજી મહારાજની નિશ્રામાં તેનો મહામસ્તકાભિષેકનો સમારોહ યોજાયો છે. એક હજાર વર્ષ સુધી આ ભવ્ય અને પ્રશાંત પ્રતિમાએ પ્રતિવર્ષ લાખો માણસોને શ્રદ્ધાસહિત ધર્મબોધ કરાવ્યો છે અને પ્રેરણા ને શાંતિ આપ્યાં છે. દિગંબર પરંપરાની આ પ્રતિમા છે, એટલે તે નગ્ન પ્રતિમા છે. શિલ્પીઓએ કાઉસગ્ગ ધ્યાનમાં ઊભેલા બાહુબલિજીની આ પ્રતિમાના ચહેરા ઉપર અદ્‌ભુત અને અપૂર્વ એવો ઉપશમનો, શાંતિ અને કરુણાનો, ત્યાગનો અને વિરકિતનો ભાવ મૂકયો છે. એટલે જ પુરુષની આવી નગ્ન પણ ભવ્ય પ્રતિમા જોનારના મનમાં ક્ષોભ કે વિહ્‌વળતા નથી જન્મતાં પણ ભકિત અને શાંતિ જન્મે છે. આ પ્રતિમાનાં પ્રત્યક્ષ દર્શનથી પ્રભાવિત થયા વિના ભાગ્યે જ કોઈ રહી શકે. શિલ્પની દૃષ્ટિએ આ પ્રતિમાનાં આંખ, નાક, કાન, હાથ, પગ વગેરે અંગોપાંગો એટલાં બધાં સપ્રમાણ અને લાવણ્યયુકત છે કે શિલ્પાકૃતિના એક ઉત્તમ નમૂના તરીકે પણ તેને ગણાવી શકાય. આવી અદ્વિતીય પ્રતિમાનું નિર્માણ કરનાર એ શિલ્પીઓને અને એનું આયોજન કરનાર - કરાવનાર મહાનુભાવોને ધન્ય છે! કેવા કેવા ભકિત અને ઉલ્લાસના શુદ્ધ ભાવો તેઓના મનમાં ત્યારે રમતા હશે તે કલ્પી શકાય છે. તે વિના આવી બેનમૂન શિલ્પાકૃતિનું સર્જન થઈ જ ન શકે.

એ સમયના શિલ્પીઓ અને બીજી વિદ્યાઓના જાણકારોની પથ્થરની પરીક્ષા પણ કેટલી ચોકકસાઈવાળી હશે કે હજાર વર્ષે પણ આ પ્રતિમાનાં દર્શન આજે આપણને સુલભ છે. સૂર્યનો તડકો, ઠંડી, પવન, વરસાદ, વાવાઝોડું, વીજળી, ધરતીકંપ

વગેરેની અસરથી કેટકેટલી વસ્તુઓ જીર્ણપ્રાય કે નષ્ટ થઈ જાય છે. હજાર વર્ષથી ગ્રેનાઈટ પથ્થરની આ પ્રતિમાને ખાસ કંઈ અસર પહોંચી નથી. (થોડા સમય પહેલાં એક ઝીણી તડ તેમાં દેખાઈ હતી પણ તે દુરસ્ત કરી લેવામાં આવી છે) અને બીજા હજાર વર્ષે પણ તે એટલી જ ભવ્ય ગણાતી હશે !

ડુંગરની ટોચ ઉપર આ પ્રતિમા રચાવેલી છે. ઠેઠ ઉપર જઈએ અને મંદિરના મંડપમાં દાખલ થઈએ ત્યારે પ્રતિમાનાં પૂર્ણ દર્શન થાય છે. પ્રતિમાની મુખાકૃતિનું દર્શન ચારે બાજુ માઈલો દૂરથી થઈ શકે છે. દૂરથી જોતાં જ અજાણ્યા માણસને ખબર પડી જાય છે કે ડુંગર ઉપર કોઈ માનવ આકૃતિનું સર્જન થયું છે.

બાહુબલિની આ પ્રતિમાનો ઐતિહાસિક દૃષ્ટિએ એટલો બધો પ્રભાવ પડયો છે કે દક્ષિણમાં ત્યાર પછી કારકલ, મુડબિદ્રિ વગેરે સ્થળે પણ એવી પ્રતિમાની કોરણી ડુંગરમાંથી કરવામાં આવી છે. એમની ઊંચાઈ અલબત્ત ઓછી છે અને એમની ભવ્યતા પણ ગોમ્મટેશ્વર જેટલી નથી.

જૈનોની શ્વેતાંબર અને દિગંબર એવી બે મુખ્ય પરંપરાઓ છે. એમાં બાહુબલિનું જેટલું મહત્ત્વ અને ગૌરવ દિગંબર પરંપરામાં થયું છે તેટલું કદાચ શ્વેતાંબર પરંપરામાં જોવા નહીં મળે. દિગંબર પરંપરામાં પણ બાહુબલિની આ પ્રતિમાના નિર્માણ પછી જેટલું મહત્ત્વ વધ્યું છે તેટલું કદાચ તેની પૂર્વેના સમયમાં નહિ હોય.

શ્વેતાંબર પરંપરામાં મંદિરોમાં ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી વગેરે ચોવીસ તીર્થંકરોની પ્રતિમા મુખ્યત્વે હોય છે અને તેમની પ્રજા થાય છે. ઉત્તર ભારતમાં દિગંબર મંદિરોમાં પણ તીર્થંકરની પ્રતિમાને મુખ્ય સ્થાન અપાયું છે આમ છતાં દિગંબર પરંપરામાં બાહુબલિની પ્રતિમાની ખાસ તો કાઉસગ્ગ ધ્યાનમાં ઊભેલી પ્રતિમાની પૂજા થતી જોવામાં આવે છે. બાહુબલિ તીર્થંકર નહોતા. છતાં બાહુબલિને દિગંબર પરંપરામાં હજારેક વર્ષથી તીર્થંકર જેટલું મહત્ત્વ અપાયું છે. શત્રુંજય, આબુ, કુંભારિયાજી જેસલમેર વગેરે કેટલાંક શ્વેતાંબર તીર્થોમાં બાહુબલિની વસ્ત્રયુક્ત પ્રતિમા છે, પરંતુ તેની વિધિપૂર્વક પૂજા થતી નથી.

શ્રવણબેલગોડામાં બે નાના પર્વતો આવેલા છે. એ બેમાં મોટો પર્વત તે વિંધ્યગિરિ [અથવા ઈન્દ્રગિરિ તરીકે ઓળખાય છે. એની સામે આવેલો બીજો નાનો પર્વત ચન્દ્રગિરિ તરીકે ઓળખાય છે. ચન્દ્રગિરિ સાથે સમ્રાટ ચંદ્રગુપ્તનું નામ જોડાયેલું છે. પ્રાચીન સમયમાં છેલ્લા શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી ઉત્તર ભારતમાં સતત દુકાળ પડવાને લીધે પોતાના બાર હજાર શિષ્યો સાથે વિહાર કરીને દક્ષિણ ભારતમાં કર્ણાટકમાં પધાર્યા હતા. સમ્રાટ ચંદ્રગુપ્ત પણ ભદ્રબાહુસ્વામીના અનુયાયી હતા. ભદ્રબાહુસ્વામીની ધર્મવાણી સાંભળી એમણે એમની પાસે દીક્ષા લીધી હતી. ભદ્રબાહુસ્વામીએ અને ત્યાર પછી ચંદ્રગુપ્ત મુનિએ પોતાનો દેહ આ નાની ટેકરી ઉપર સમાધિપૂર્વક છોડયો હતો. એટલા માટે આ નાનો ડુંગર ચન્દ્રગિરિ તરીકે ઓળખાય છે. ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં આ ઘટના બની હોવાનું મનાય છે.

ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં પધાર્યા ત્યારથી દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો ખૂબ પ્રચાર થયો. એમાં શ્રવણબેલગોડા પણ એક મહત્ત્વનું કેન્દ્ર બની ગયું. અહીં કોઈને કોઈ મહાન જૈન આચાર્યની ઉપસ્થિતિ હમેશાં રહેતી. અહીં બાહુબલિજીની પ્રતિમા ચામુંડરાયે બનાવડાવી તેને માટે એક દંતકથા પ્રવર્તે છે. ચામુંડરાયની માતાનું નામ કાલલાદેવી હતું. એક વખત કાલલાદેવી આચાર્ય અજિતસેનનું



વ્યાખ્યાન સાંભળવા ગયા હતાં. વ્યાખ્યાનમાં આચાર્ય મહારાજે ભરત-ચક્રવર્તીએ પોતનપુર (પોદનપુર) માં બાહુબલિની એક ભવ્ય પ્રતિમા કરાવી હતી તેનો ઉલ્લેખ કર્યો. આથી કાલલાદેવીને એ પ્રતિમાજીનાં દર્શન કરવાની તીવ્ર અભિલાષા થઈ. તેમણે પોતાના પુત્ર ચામુંડરાયને એની વાત કરી. એટલે ચામુંડરાય પોતાની માતાને લઈને પોતનપુર જવા નીકળ્યાં. માર્ગમાં તેઓ શ્રમણબેલગોલા આવ્યાં ત્યાં સિદ્ધાંત ચક્રવર્તી આચાર્ય નેમિચંદ્ર બિરાજમાન હતા. કાલલાદેવીએ અને ચામુંડરાયે તેમને વંદન કર્યાં અને પોતાની ઈચ્છા વ્યકત કરી, પરંતુ આચાર્ય નેમિચંદ્રે કહ્યું કે 'પોતનપુર પાસે આવેલી બાહુબલિની પ્રતિમાનું દર્શન હવે શકય નથી, કારણ કે ત્યાં જવાનો રસ્તો હવે ઘણો વિકટ અને દુર્ગમ બની ગયો છે.' આથી ચામુંડરાય અને કાલલાદેવી નિરાશ થઈ ગયાં. તે દિવસે રાત્રે આ ક્ષેત્રનાં શાસનદેવી કુષ્માંડિની દેવીએ ચામુંડરાયને કાલલાદેવીને અને આચાર્ય નેમિચન્દ્રને - એ ત્રણેયને એક જ સમયે સ્વપ્નમાં દર્શન આપ્યું અને કહ્યું કે, 'પોતનપુરની બાહુબલિજીની પ્રતિમાનાં દર્શન હવે દુર્ગમ છે, પરંતુ અહીં જ તમને સવારના બાહુબલિજીનાં દર્શન થશે. સવારના ચંદ્રગિરિની તળેટીમાંથી, ઉત્તર દિશામાં મોઢું રાખીને પૂર્વ દિશામાં વિંધ્યગિરિ ઉપર બાણ છોડજો. જ્યાં બાણ પડશે ત્યાં બાહુબલિજીની પ્રતિમાજી પ્રગટ થશે.' સ્વપ્ન અનુસાર સવારે ચામુંડરાયે આચાર્ય નેમિચંદ્રને વંદન કરી, તેમના આશીર્વાદ લઈ વિંધ્યગિરિ ઉપર બાણ છોડયું. જ્યાં બાણ પડયું ત્યાં જાણે ડુંગરમાંથી કંડારી કાઢયાં હોય તેવાં બાહુબલિજીનાં પ્રતિમાજીનાં દર્શન થયાં.

ત્યાર પછી નેમિચંદ્રાચાર્યની સૂચના પ્રમાણે આખા ભારતમાં ઉત્તમ ગણાતા સ્થપતીઓને અને શિલ્પીઓને બોલાવીને તેમની પાસે ચામુંડરાયે બાહુબલિની પ્રતિમા વિંધ્યગિરિ ઉપર કંડારાવી.

શ્રવણબેલગોલાની આ પવિત્ર ભૂમિ પ્રાચીન સમયથી સુપ્રસિદ્ધ છે. પ્રાચીન સમયમાં એનું નામ કટવપ્ર હતું. કટવપ્ર એટલે જે પર્વત ઉપર યોગીઓ સમાધિ લેતા હોય તે પર્વત. ત્યાર પછી આ સ્થળ શ્રવણબેલગોડાના નામથી સુપ્રસિદ્ધ થયું. બેલગોલા અથવા બેલગુડાનો અર્થ થાય છે 'શ્વેત કમળોવાળું સરોવર'. અહીં બે પર્વતોની વચ્ચે નાનકડું સરોવર આવેલું છે. અહીં જૈન શ્રમણો આવતા જતા એટલે આ સ્થળનું નામ 'શ્રમણ-બેલગોડા' અથવા 'શ્રમણબેલગુડા' એવું પડી ગયું. ત્યાર પછી જ્યારથી બાહુબલિજીની પ્રતિમાની અહીં પ્રતિષ્ઠા થઈ ત્યારથી એનું નામ 'ગોમ્મટેશ્વર' એવું પણ ચાલુ થયું.

આહીંના શિલાલેખ પ્રમાણે ચામુંડરાયે ઈ. સ. ૯૭૬માં આ પર્વત ઉપર બાહુબલિની પ્રતિમા કરાવવાની યોજના કરી હતી. ઈ. સ. ૯૮૧માં તે કાર્ય પૂરું થયું. ચામુંડરાય દક્ષિણ ભારતમાં તે સમયના ગંગ રાજ્યના રાચમલ્લ બીજાના મુખ્ય સેનાપતિ અને મુખ્ય મંત્રી હતા. તેઓ જેમ યુદ્ધકલામાં નિપુણ હતા તેમ સાહિત્યકલામાં અને ધર્મકલામાં પણ પ્રવીણ હતા. એમણે કેટલાક ગ્રંથોની રચના કરી હતી એટલા માટે એમને એમના ગુરુએ 'ગોમ્મટ' અથવા 'ગુમ્મટ' એવું બિરુદ આપ્યું હતું. આથી આહીંની બાહુબલિજીની પ્રતિમા 'ગોમ્મટસ્વામી' અથવા 'ગોમ્મટેશ્વર' તરીકે લોકોમાં ઓળખાઈ.

શ્રવણબેલગોલામાં વિંધ્યગિરિ ઉપર બાહુબલિની પ્રતિમા પાસે પહોંચવા માટે લગભગ છસો પગથિયાં ચઢવાં પડે છે. ડુંગરનો ઢાળ સરળ છે અને તેનો પથ્થર નક્કર છે. એટલે ઘણાંખરાં પગથિયાં ડુંગરના પથ્થરમાંથી કોતરીને બનાવવામાં આવ્યાં છે. ડુંગર ઉપર ચઢતાં વચ્ચે આઠ જિનમંદિર આવે છે. એમાં સૌથી મોટા મંદિરમાં ઋષભદેવ ભગવાનની મનોહર પ્રતિમા છે. ચંદ્રગિરિ ઉપર ચૌદ જિનમંદિર છે. એમાં સમ્રાટ અશોકે પોતાના પિતામહ સમ્રાટ ચન્દ્રગુપ્તની સ્મૃતિમાં બંધાવેલું મંદિર સૌથી પ્રાચીન છે. તદુપરાંત ચામુંડરાયે પોતે બંધાવેલું મંદિર પણ છે. બધાં મંદિરોમાં તે શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ ચઢિયાતું છે. આ પર્વત ઉપર એક ગુફા પણ છે. એ 'ભદ્રબાહુ ગુફા' તરીકે ઓળખાય છે, કારણ કે ભદ્રબાહુસ્વામીએ ત્યાં સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો. ત્યાં ભદ્રબાહુસ્વામીનાં પગલાં છે. ચંદ્રગિરિ ઉપર એક મંદિરમાં શિલાલેખ પણ છે, જેમાં ભદ્રબાહુસ્વામી અને ચંદ્રગુપ્તની દક્ષિણ યાત્રાનો ઉલ્લેખ છે. વિંધ્યગિરિ, ચન્દ્રગિરિ અને શ્રવણબેલગોડા ગામમાં દસમી શતાબ્દી સુધીના બધા મળીને ૫૩૭ જેટલા શિલાલેખો છે.

શ્રવણબેલગોડામાં બધાં મળીને બત્રીસ જિનમંદિરો છે. આ ઉપરાંત ચામુંડરાયે આચાર્ય નેમિચંદ્રની સ્મૃતિમાં જે એક મઠની સ્થાપના કરી હતી તે મઠ હજાર વર્ષથી અવિરત ચાલે છે અને આજે પણ હયાત છે. આ મઠના વર્તમાને અધિષ્ઠાતા શ્રી ચારુકીર્તિ ભટ્ટારક સ્વામી છે.

બાહુબલિ જૈનોના પ્રથમ તીર્થંકર આદિનાથ એટલે કે ઋષભદેવના પુત્ર હતા. ભગવાન ઋષભદેવને સો પુત્ર હતા. તેમાં રાણી સુમંગલાથી થયેલા સૌથી મોટાનું નામ ભરત હતું અને રાણી સુનંદાથી થયેલા પુત્રનું નામ બાહુબલિ અથવા ભુજબલિ હતું. ઋષભદેવને બે પુત્રીઓ હતી—બ્રાહ્મી અને સુંદરી. ઋષભદેવ ગૃહસ્થ-જીવનનો ત્યાગ કરી સંયમ સ્વીકારી દીક્ષિત થયા તે વખતે તેમણે પોતાના સામ્રાજ્યમાંથી ભરતને વિનીતાનું અને બાહુબલિને તક્ષશિલાનું રાજ્ય સોંપ્યું. (દિગંબર પરંપરા પ્રમાણે બાહુબલિને પોદનપુરનું રાજ્ય સોંપ્યું) અને બીજા પુત્રોને નાનાં નાનાં રાજ્યો સોંપ્યાં. ઋષભદેવનાં પુત્રોમાં ભરત સૌથી મોટા પુત્ર હતા. તેમણે ચક્રવર્તી થવા માટે દિગ્વિજય શરૂ કર્યો. એમના બીજા ૯૯ ભાઈઓએ ઋષભદેવની સલાહ અનુસાર રાજ્યત્યાગ કરીને ભરતને બધી સત્તા સોંપી દીધી અને પોતે સંસારનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી, પરંતુ બાહુબલિએ ભરતની સત્તાનો સ્વીકાર ન કર્યો. આથી બંને ભાઈઓ વચ્ચે કોની સત્તા સર્વોપરી છે તે નક્કી કરવા માટે યુદ્ધની સ્થિતિ ઊભી થઈ. બાહુબલિએ અને બંને પક્ષના મંત્રીઓએ દરખાસ્ત મૂકી કે બંને પક્ષની સેનાઓના યુદ્ધમાં અસંખ્ય સૈનિકો મૃત્યુ પામશે માટે તેવા ઘોર નરસંહારના પોતે નિમિત્ત ન બનતાં બંને ભાઈઓએ શસ્ત્ર વગર એકબીજા સાથે દ્વંદ્વ યુદ્ધ કરવું. બંનેએ તે વાત કબૂલ રાખી. બંને વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થયું. બંનેએ એકબીજા ઉપર મુષ્ટિપ્રહાર કર્યા. બાહુબલિમાં એમના નામ પ્રમાણે ઘણી તાકાત હતી. એમની મુષ્ટિનો પ્રહાર ઝીલવાની પોતાની અશક્તિ જણાતાં ભરતે શસ્ત્ર હાથમાં ધારણ કર્યું. એ શસ્ત્ર તે દેવતા પાસેથી એમને મળેલું ચક્ર હતું, પરંતુ યુદ્ધની શરત હતી કે કોઈએ શસ્ત્ર ધારણ કરવું નહિ. ભરતે આ શરતનો ભંગ કર્યો. એથી બાહુબલિને અત્યંત ખેદ થયો. એમણે યુદ્ધભૂમિ ઉપર જ પોતે રાજ્યત્યાગ કરે છે એમ ભરતને જણાવી દીધું અને પોતે પોતાનાં વસ્ત્ર, આભૂષણ વગેરે ઉતારી નાખ્યાં. એમણે ભરતને મારવા માટે ઉગામેલી મુષ્ટિ પાછી વાળીને મસ્તક ઉપરનાં કેશનો લોચ કર્યો અને દીક્ષા ગ્રહણ કરી.

બાહુબલિને આમ કરતા જોઈ ભરતને પોતાની ભૂલ માટે બહુ પશ્ચાત્તાપ થયો, પરંતુ હવે તેનો કંઈ ઉપાય ન હતો. તેઓ બાહુબલિના ચરણોમાં નમી પડ્યા.

બાહુબલિએ દીક્ષા ગ્રહણ કરી, પરંતુ પોતાના પિતા પાસે તેઓ ન ગયા કારણ કે તેમના મનમાં એક વાત ખૂંચતી હતી તે એ કે પોતાના અઠ્ઠાણું નાના ભાઈઓએ પોતાના કરતાં વહેલી દીક્ષા લીધી છે. માટે જો હવે ઋષભદેવના સમુદાયમાં પોતે જાય તો નાના ભાઈઓને વંદન કરવાં પડે. એથી એમણે વિચાર્યું કે 'ઘોર તપશ્ચર્યા કરીને પ્રથમ હું કેવળજ્ઞાન મેળવું, કારણ કે કેવળજ્ઞાન મેળવ્યા પછી કેવળીઓને બીજા કોઈને વંદન કરવાનાં રહેતાં નથી.' આથી તેમણે વનમાં જઈ ઘોર તપશ્ચર્યા આદરી.

આમ, બાહુબલિએ દીક્ષા લીધા પછી તરત જ ઘોર તપશ્ચર્યા ચાલુ કરી. આ તપશ્ચર્યામાં તેઓ એક વર્ષ સુધી કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. તેમણે ઊભા ઊભા કાઉસગ્ગ મુદ્રા ધારણ કરી. તેઓ પોતાના ધ્યાનમાં એટલા બધા લીન હતા અને તેમનું શરીર એટલું સ્થિર હતું કે પોતે જ્યાં ઊભા હતા ત્યાં વેલાઓ ધીમે ધીમે તેમના શરીરને વીંટળાઈ વળ્યા. તેમના પગ પાસે માટીમાં કીડીઓના અને સાપના રાફડા થયા. બાહુબલિની કાયા ઘણી મોટી હતી. એટલે એમના કાનમાં પક્ષીઓએ માળા કર્યા. આમ છતાં બાહુબલિ પોતાની ઘોર તપશ્ચર્યામાંથી બિલકુલ ચલિત થયા નહિ.

એક વર્ષની ઘોર તપશ્ચર્યા થઈ છતાં તેમને કેવળજ્ઞાન ન થયું, કારણ કે તેમના મનમાં હજુ થોડો અહંકાર – થોડો માનકષાય રહી ગયો હતો. ભગવાન ઋષભદેવે પોતાના જ્ઞાનથી આ જાણી લીધું. એટલે તેમણે બાહુબલિને સમજાવવા માટે સાધ્વી થયેલી પોતાની બે દીકરીઓને – બ્રાહ્મી અને સુંદરીને બાહુબલિ પાસે મોકલી. એ બહેનોએ બાહુબલિ પાસે આવીને એટલું જ કહ્યું:

વીરા મારા, ગય થકી ઊતરો રે,
ગજ બેઠાં, કેવળ ન આવે રે.

એટલે કે, હે ભાઈ! તમે હાથી ઉપર ચઢયા છો તો તેના ઉપરથી 'ઊતરી જાવ, કારણ કે હાથી ઉપર બેઠેલાને કેવળજ્ઞાન થતું નથી.

આ શબ્દો સાંભળીને બાહુબલિને મનમાં પ્રશ્ન થયો કે 'મારી બહેનો આવું ખોટું કેમ બોલે છે? હું ક્યાં હાથી ઉપર બેઠો છું?' પરંતુ પછી વિચાર કરતાં તરત એમને સમજાઈ ગયું કે આ હાથી તે માનરૂપી – અહંકારરૂપી હાથી છે. એના ઉપરથી હું જ્યાં સુધી ઊતરું નહિ ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય નહિ.'

બાહુબલિના ચિત્તમાંથી તરત અહંકાર ગલિત થઈ ગયો. પોતાના નાના ભાઈઓને વંદન કરવાનો તેમણે નિશ્ચય કરી લીધો. નિશ્ચય થતાં તરત જ તેમણે જવા માટે જ્યાં પગ ઉપાડ્યો ત્યાં જ એમને કેવળજ્ઞાન થયું.

બાહુબલિના જીવનનો માનકષાયનો આ પ્રસંગ દિગંબર પરંપરાના કેટલાક ગ્રંથોમાં જોવા મળે છે અને કેટલાકમાં તે મળતો નથી. માનકષાયનો પ્રસંગ બીજી રીતે પણ જોવા મળે છે. તપશ્ચર્યા દરમિયાન બાહુબલિને થાય છે કે ભરતની ભૂમિ ઉપર ઊભા રહી પોતાને તપશ્ચર્યા કરવી પડે છે. આ વાત તેમને ખૂંચતી હતી, પરંતુ ભરતને ખબર પડી એટલે તેમણે કહેવડાવ્યું કે, 'બાહુબલિ જ્યાં તપશ્ચર્યા કરે છે તે ભૂમિ તો તેમની પોતાની છે, મારી નથી.' આ જાણીને બાહુબલિના મનનું શલ્ય નીકળી ગયું અને તેમને "કેવળજ્ઞાન" થયું.

બાહુબલિ આ રીતે જૈન પરંપરામાં એમની આકરી તપશ્ચર્યા માટે જાણીતા છે. એટલા માટે જ દિગમ્બર પરંપરામાં એમને તીર્થંકર જેટલું મહત્ત્વ અપાયું છે. કારકલના એક દિગમ્બર શિલાલેખમાં બાહુબલિને 'જિનપતિ' તરીકે ઓળખાવ્યા છે.

શ્રવણ બેલગોલાના બાહુબલિ આ રીતે અનેક પેઢીઓ માટે પ્રેરણાસ્રોત રહ્યા છે અને રહેશે. એમને આપણાં અનેકશઃ વંદન હો!

બાહુબલિ : ચક્રવર્તીના વિજેતા

☐ ઉપાધ્યાય અમરમુનિજી

ચક્રવર્તી ભરત દિગ્વિજય કરીને પાછા ફર્યા હતા. અયોધ્યા નગરીમાં વિજય મહોત્સવ મનાવાઈ રહ્યો હતો. સુહાસિનીઓએ ચક્રવર્તીની મંગલ આરતી ઉતારી. બધી બાજુ આનંદ અને ઉલ્લાસનો સાગર ઉછાળા મારી રહ્યો હતો. આ સમયે સેનાપતિ સુષેણે આવીને નિવેદન કર્યું, 'મહારાજ! ચક્રરત્ન હજુ પણ અયોધ્યા નગરીના ગોપુર દ્વારમાં પ્રવેશ કરી રહ્યું નથી. આયુધશાળામાં શાંત ભાવથી યથાસ્થાને પ્રતિષ્ઠિત થઈ રહ્યું નથી.'

ચક્રવર્તીની મુખાકૃતિ પર ચમકતો વિજયનો આનંદ ક્ષીણ થઈ ગયો : 'શું હજુ પણ દિગ્વિજય અધૂરો છે?'

મહામાન્ય રાજપુરોહિતે ચક્રવર્તીની ચિંતાનું વિશ્લેષણ કરતાં કહ્યું, 'મહારાજ! આપે બીજા બધા રાજાઓને જીતીને, આપને આધીન બનાવેલ છે, પરંતુ આપના ભાઈઓએ હજુ આપની અધીનતા સ્વીકારેલ નથી. જ્યાં સુધી તેઓ આપની આધીનતા સ્વીકારી ન લે ત્યાં સુધી આપનો આ દિગ્વિજય અધૂરો છે. વિચાર-વિનિમય બાદ બધા ભાઈઓ પાસે દૂત મોકલવામાં આવ્યો. બાહુબલિ સિવાય બાકીના બધા ભાઈઓ ભરતનો આદેશ સાંભળીને ભગવાન ઋષભદેવ પાસે પોતાની સમસ્યા લઈને પહોંચ્યા અને તેમના ઉપદેશથી જાગૃત બનીને દીક્ષિત થઈ ગયા. બાહુબલિએ ભરતના આદેશનો અસ્વીકાર કરીને, દૂતને પાછો મોકલી આપ્યો. દૂતે વનીતા પહોંચીને ભરતને કહ્યું કે મહારાજ, બાહુબલિએ આપણા વિનમ્ર આમંત્રણની અવહેલના કરતાં કહ્યું કે "નાના ભાઈઓનું રાજ્ય છીનવી લેવાની લોલુપતાને હું ધિક્કારું છું. બાળક રાજકુમારોને ડરાવી – ધમકાવીને રાજ્ય છીનવી લેવું તેમાં કઈ મોટી વીરતા છે? પરંતુ બાહુબલિ બાળક નથી, જે ધાક-ધમકીથી ડરી જાય. તેમની ભુજાઓમાં બળ છે, નસોમાં ક્ષત્રિયત્વનું અજય લોહી વહે છે. બીજાને જીતવાથી શું થઈ ગયું, જ્યાં સુધી મને જીતેલ નથી. ભરત મોટો ભાઈ હોવાને કારણે તેના ચરણોમાં હું શતશત પ્રણામ કરી શકું છું, આખું રાજ્ય જ નહિ; પરંતુ પ્રાણ પણ અર્પણ કરી શકું છું, પરંતુ ચક્રવર્તી સમ્રાટને નાતે હું ભરતની કોઈ આજ્ઞા માની નહિ શકું, એટલું જ નહિ પરંતુ ભેટ રૂપે ફૂટી કોડી પણ આપીશ નહિ.

સુવેગના મોઢેથી બાહુબલિનો રોષ અને વ્યંગભર્યો ઉત્તર સાંભળીને, મહારાજા ભરત સ્તબ્ધ બની ગયા. બાહુબલિના અપરાજિત બળથી તેઓ પરિચિત હતા. નાનપણમાં જ્યારે બંને ભાઈઓ સાથે રમતા હતા ત્યારે ભરતે અનેકવાર બાહુબલિના પ્રચંડ બળ અને શકિતનો ચમત્કાર દેખ્યો હતો. પોતાના નાના ભાઈના બળ અને પરાક્રમ પર તેમને ગર્વ હતો, પરંતુ નાનો ભાઈ આખરે તો નાનો ભાઈ છે; તેણે મોટાનું સન્માન કરવું જોઈએ, તેની મર્યાદા ધ્યાનમાં રાખવી જોઈએ, જે ચક્રવર્તી છે. બાહુબલિ આ રીતે ચક્રવર્તીની અવજ્ઞા અને અવહેલના કરશે તેની ભરતને કલ્પના પણ ન હતી. "બાહુબલિને ચક્રવર્તીની અધીનતાનો સ્વીકાર કઈ રીતે કરાવવામાં આવે, જેથી ભાતૃ-સ્નેહનો પવિત્ર સંબંધ તૂટે નહિ અને યુગની નવી પરંપરા પણ જળવાઈ શકે."– ભરત માટે આ સમસ્યા ગંભીર ચિંતાનો વિષય બની ગઈ. આ ગંભીરતા આગળ વધતાં, એવે તબક્કે પહોંચી કે બાહુબલિ સહજ સ્નેહપૂર્ણ આજ્ઞા સ્વીકારે નહિ તો ભલે ચક્રવર્તીપદને તિલાંજલિ દેવી પડે; પરંતુ ભાતૃભાવની સ્નેહગાંઠ તો તૂટવી ન જ જોઈએ.

ચક્રવર્તીની ગંભીર મુખમુદ્રા જોઈને પુરોહિત, મંત્રી અને સેનાપતિએ સમજાવતાં કહ્યું, 'મહારાજ! શાસન એ શાસન છે. તેની સમક્ષ ભાઈનો સંબંધ આડો ન આવી શકે. તેમાં તો શાસનની મર્યાદાનો પ્રશ્ન મુખ્ય બને છે. એ સાચું છે કે બાહુબલિ પણ ભગવાન ઋષભદેવનો પુત્ર છે, આપનો પ્રિય બંધુ છે, પરંતુ ચક્રવર્તીની અખંડ મર્યાદા અનુસાર, બાહુબલિએ આપની આજ્ઞા સ્વીકારવી પડશે અને તે માટે હવે યુદ્ધ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

ભરત કેટલોક સમય સુધી ધર્મસંકટમાં વિચારમગ્ન બની ગયા. આખરે પુરોહિત અને સેનાપતિ સાથેના પરામર્શ અનુસાર બાહુબલિ સામે યુદ્ધની ઘોષણા કરવી પડી, રાજનીતિએ પરિવાર નીતિ પર વિજય પ્રાપ્ત કર્યો.

બીજી બાજુ બાહુબલિએ પણ ભરત વિરુદ્ધ રણભેરી બજાવી દીધી. બંને બાજુઓની વિશાળ સેનાઓ તક્ષશિલાના મેદાન પર આવીને ખડી થઈ ગઈ.

બાહુબલિ સમર ક્ષેત્રમાં આગળ આવ્યા. તેમણે ભરતને પડકાર કરતાં કહ્યું, 'નિરપરાધ મનુષ્યોનું ખૂન વહાવવા માટે કેમ તૈયાર થઈ રહેલ છે? સંઘર્ષનું મૂળ આપણી બંને વચ્ચે છે, તો પછી આપણે બંને જ આપણી શકિતની કસોટી કરી લઈએ. ઘાતક શસ્ત્રોથી નહીં, પરંતુ સાત્ત્વિક સંઘર્ષ કરીએ. જય–પરજયના નિર્ણાયક આપણા સૈનિક નહિ, ઘાતક શસ્ત્રો પણ નહિ, પરંતુ એક માત્ર શુદ્ધ બાહુબળ પર આપણી શકિતની પરીક્ષા કરીએ.

ભરતે બાહુબલિની આ નૈતિક ચુનૌતીનો સ્વીકાર કરી લીધો. બંનેએ સાથે મળીને દૃષ્ટિયુદ્ધ, વાગ્‌યુદ્ધ, બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધ – આ પ્રકારે અઘાતક યુદ્ધ-પદ્ધતિ સ્વીકારી. તે મુજબ બંનેની સેનાઓ થોભી ગઈ અને દર્શકની જેમ દૂર ઊભી રહી ગઈ અને ભરત–બાહુબલિ એકબીજાની સામે આવીને, રણક્ષેત્રમાં ખડા થઈ ગયા.

બંનેએ દૃષ્ટિયુદ્ધ શરૂ કર્યું. બાહુબલિની તેજપ્રદીપ્ત આંખો સામે ભરતની આંખો વધુ વખત મટકું માર્યા વગર સ્થિર રહી શકી નહિ. પછી વચનયુદ્ધ, બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધમાં પણ ભરત હારી ગયો. ભરતના પ્રયાસો નિષ્ફળ ગયા, ભરતને તેના શૌર્ય અંગે શંકા ઉત્પન્ન થઈ, "ચક્રવર્તી હું છું કે તે? છ ખંડ જીતનારનું પરાક્રમ આજે પરાજિત થઈ રહ્યું છે! આમ બનવાનું કારણ શું? ભરતનું હૃદય ભય અને શંકાથી એટલું હચમચી ગયું કે તે દંડ-યુદ્ધ કરતાં કરતાં, યુદ્ધની નિર્ધારિત પ્રતિજ્ઞાને ભૂલીને, બાહુબલિનું મસ્તક ધડથી જુદું કરવા માટે "ચક્ર"ને ફેરવવા લાગ્યા. ફેરવ્યું જ નહિ, આવેશમાં ભાન ભૂલીને ચક્રનો ઉપયોગ પણ કરી નાખ્યો!

ચક્ર બાહુબલિની નજીક આવ્યું પરન્તુ આ દૈવીશકિતથી સંચાલિત શસ્ત્ર હતું. તે બંધુહત્યા કેવી રીતે કરી શકે? ચક્ર બાહુબલિની નજીક આવ્યું, શાંત થયું અને બાહુબલિને પ્રદક્ષિણા કરીને પાછું જતું રહ્યું.

ભરત દ્વારા ચક્રનો પ્રયોગ થયેલો જોઈને, બાહુબલિનો રોષ ભયંકર દાવાગ્નિની જેમ સળગી ઊઠ્યો. બાહુબલિનો રોષ તક્ષક નાગની જેમ હવામાં ફૂંફાડા મારવા લાગ્યો–જાણે કે હમણાં જ પ્રલય સર્જાશે. ભરતનું હૃદય થરથર ધ્રૂજવા લાગ્યું: 'શું આ જ યુગમાં એકસાથે બે ચક્રવર્તી થશે? શું ચક્રવર્તીત્વના ઈતિહાસનું પહેલું પાનું એક બંધુના બીજા બંધુ દ્વારા નિર્મમ વધથી જ શરૂ થશે? દિગ્‌મૂઢની જેમ ઊભા રહીને વિચારવા

બાહુબલિનો રોષ ઉત્તરોત્તર વધવા લાગ્યો, 'શું ભરત પ્રતિજ્ઞા-ભ્રષ્ટ બનીને મારા પર ચક્ર છોડે છે? સારું! હમણાં જ એક મુષ્ટિ પ્રહાર વડે, ચક્રને ધીમે ધીમે ફેરવીને તેના ચૂરેચૂરા કરી નાખું છું. બાહુબલિએ મદોન્મત્ત હાથીની જેમ ચક્રવર્તી તરફ મુષ્ટિ ઉઠાવી અને બાહુબલિ ભરત ચક્રવર્તી તરફ દોડ્યા. ભરતની સેના ક્ષુબ્ધ સાગરની જેમ વિશુબ્ધ તથા વિચલિત બની ગઈ.

અચાનક બાહુબલિના વિચારોમાં એક વિચાર ઝબકી ગયો, 'અરે! કયાં જઈ રહ્યો છું હું? ઈક્ષ્વાકુ વંશની મર્યાદા મિટાવવા? ભાઈનું લોહી વહેવડાવીને આ રાજ્યને મારે શું કરવું છે?'

બાહુબલિની મુષ્ટિ જેમની તેમ બંધ જ રહી ગઈ. પગ અટકી ગયા. તેમને પિતાશ્રી ઋષભદેવની વાણી યાદ આવી ગઈ "ભરત પ્રથમ ચક્રવર્તી થશે." પિતાશ્રી ઋષભદેવની આ વાણી સાચી પડી રહી છે, તે ભલે પ્રથમ ચક્રવર્તી થાય?

બાહુબલિ ત્યાં જ સ્થિર થઈ ગયા. વિશ્વનો પ્રથમ માનવ સંહાર થતો થતો અટકી ગયો.

બાહુબલિ યુદ્ધથી પાછા વળી ગયા. ભૌતિક સામ્રાજ્યને સ્થાને આધ્યાત્મિક સામ્રાજ્ય પ્રાપ્ત કરવાનો તેમણે નિર્ણય કરી લીધો. બાહુબલિએ તે જ હાથે મુષ્ટિલોચ જારી લીધેા. રણક્ષેત્રના મહાન વિજેતા જોતજોતામાં આત્મવિજેતા સાધુ બની ગયા. ભરત એકાએક આશ્ચર્ય-ચકિત બનીને બાહુબલિના ચરણોમાં ઝૂકી ગયા. દેવતાઓએ "સાધુ-સાધુ" કહીને પુષ્પવૃષ્ટિ કરી.

બાહુબલિને ખબર ન રહી કે સેનાઓ રણક્ષેત્રમાંથી કયારે પાછી જતી રહી? તેઓ તો ધ્યાન-મુદ્રામાં અંતર્લીન થઈ ગયા હતા. એક વિચાર આવ્યો, 'પ્રભુ ઋષભદેવના ચરણોમાં પહોંચી જાઉં.' બીજી જ ક્ષણે એક ખૂણામાં દબાયેલ ક્ષાત્ર-અહંકાર સળવળ્યો, 'ત્યાં મારાથી નાના ભાઈઓ પણ છે. તે સાધુ બની ગયા છે. સંઘ શાસનની મર્યાદા અનુસાર પૂર્વ પ્રવ્રજિત નાના ભાઈઓને વંદના-નમસ્કાર કરવા પડશે. હું મોટો થઈને નાના ભાઈઓને માથું કેમ નમાવું? નહિ, તેમ નહિ થઈ શકે. હવે તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જ જઈશ. પછી નાના મોટાના ભેદ સમાપ્ત થઈ જશે. નહિ રહે વાંસ, નહિ બજે બંસરી. પછી વંદના નમસ્કાર કરવાના નહિ રહે. આ સૂક્ષ્મ અહંકારે બાહુબલિને જકડી લીધા. બીજી બાજુ તેઓ ઉત્તુંગ ગિરિ-શિખરની જેમ અચલ ધ્યાનમાં ઊભા રહી ગયા.

આંધી-તુફાન આવ્યાં, ગરમીની જ્વાલાઓ જલી ઊઠી, વર્ષાની મસ્ત હવાઓ ફરકવા લાગી, શરદીનો હિમશીતલ પવન કાળજું વીંધી નાખતો પસાર થઈ ગયો. બાહુબલિ ન હલ્યા, ન ડગ્યા. તેમના શરીર પર માટીના થર પર થર જામવા લાગ્યા. ભૂમિની અંકુરિત લતાઓ શરીરને, વૃક્ષની જેમ લપેટતી લપેટતી ચાલી ગઈ. માથા પરની જટાઓમાં પક્ષીઓએ માળા બાંધ્યા, પરંતુ તે આદિ યુગના મહાભીમ બાહુબલિ ધ્યાનમાં સ્થિર, અડગ ઊભા હતા. તોફાની પવન અને વીજળીના પ્રચંડ અવાજોથી પહાડો પણ કંપી જતા હતા, પરન્તુ આ ચૈતન્ય ગિરિરાજ જરા પણ વિચલિત થવા પામ્યા નહિ-બહાર તેમ જ અંદર પણ.

મહાયોગીના તપ: પૂત દેહથી પ્રસ્ફુરિત તપોમય કિરણોના સંસ્પર્શથી આસપાસનું વાતાવરણ શાંત તપોવન જેવું બની ગયું. પશુઓ પરસ્પરના જન્મગત વૈરભાવ ભૂલી ગયા. સિંહ અને શિયાળ સાથે કૂદવા-રમવા લાગ્યા; સિંહણ હાથીના બચ્ચાઓને રમાડવા લાગી. હરણ અને સિંહ સગા ભાઈની જેમ સસ્નેહ મહામુનિના ચરણોમાં એક સાથે વંદન કરવા લાગ્યાં. ખોંયરામાંથી કાળા નાગ નીકળીને મુનિના ચરણોમાં ફેણ ફેલાવીને બેસી ગયા— જાણે કે પૂજા-[illegible]માં નીલકમલનાં ગુચ્છો ધરી દીધાં હોય! દુષ્ટ અને ક્રૂર જીવો પણ પોતાનાં જન્મ-જાત સંસ્કાર ભૂલીને શાંતિ અને પ્રેમના અપૂર્વ વાતાવરણમાં પ્રફુલ્લિત બની રહ્યા હતા. તપસ્વીના તપોમંડળથી સંસ્પૃષ્ટ હવાઓ વડે વનનો ખૂણેખૂણો શાંતિ, પ્રેમ અને અહિંસક વાતાવરણથી ભરાઈ ગયો હતો. બરાબર એક વર્ષ સુધી દિવ્ય પુરુષ અને દિવ્ય પ્રકૃતિનો આ અદ્‌ભુત ખેલ ચાલતો રહ્યો.

ભગવાન ઋષભદેવના જ્ઞાનમાં આ બધું ઝળકી રહ્યું હતું, 'બાહુબલિની સાધનાની ભૂમિકા આખરી તબક્કે પહોંચી રહી છે, પરન્તુ નાનો સરખો અહંકાર તેમને જકડીને બેઠો છે. તેમની સાધ-નાને અંતિમ કક્ષાએ પહોંચવામાં બાધક બની રહેલ છે.' પ્રભુએ બાહુબલિને જાગૃત કરવા માટે આર્યા બ્રાહ્મી અને સુંદરીને મોકલ્યાં. બ્રાહ્મી-સુંદરી બાહુબલિની નજીક આવી ગયાં. વજ્ર, સ્તંભની જેમ ધ્યાનમાં સ્થિર બાહુબલિને જોઈને, તેમના શિર શ્રદ્ધાથી ઝૂકી ગયાં. પછી એક મધુર સ્વર હવામાં ગૂંજી ઊઠ્યો, 'બંધુ! હાથીથી નીચે ઊતરો. હાથી ઉપર કયારના બેસી રહ્યા છો. હાથી પર બેસી રહેવાથી જ્ઞાન થતું નથી.'

બાહુબલિ બહેનોના પરિચિત સ્વરથી આશ્ચર્યમાં પડી ગયા: "શું કહી રહેલ છે મારી બહેનો? હું રાજ્ય-વૈભવનો ત્યાગ કરીને સાધુ બની ગયો છું. હવે મારી પાસે હાથી કયાંથી હોય? બંને બહેનો ગૃહસ્થ દશામાં પણ આ પ્રકારે કદી જૂઠું બોલી નથી, ત્યારે હવે તો તે સાધ્વી છે. મિથ્યા ભાષણ કરે નહિ - મશ્કરીમાં પણ મિથ્યા બોલે નહિ. તો પછી શું હું ખરેખર હાથી પર બેઠો છું? હા... હા વાત સાચી છે. હું અહંકાર રૂપી હાથી પર બેઠો છું. ખરો હાથી તો જ્ઞાનનો પ્રતિબંધક નથી. તેના પર બેઠા બેઠા તો દાદીમા મરુદેવીને કેવળજ્ઞાન થઈ ગયું હતું, પરન્તુ આ અભિમાનનો હાથી તો ઘણો દુર્દમ છે. રાજ્ય-વૈભવ ત્યાગી દીધા, સુખ-સુવિધાઓ છોડી દીધી, પરન્તુ નાનો સરખો અહંકારનો ત્યાગ ન થઈ શકયો? નાના-મોટા ભાઈનો વિચાર મારા મનને જકડીને બેસી ગયેલ છે. મનુષ્યના શરીરને શું નાનું અને શું મોટું? દેહ અને જન્મની મોટાઈ તે ખરી મોટાઈ નથી, સાધનામાં ખરી મોટાઈ રહેલી છે. શરીર વંદનીય નથી, વંદનીય તો ગુણ છે, ત્યાગ છે. જેનામાં ગુણ છે તે વંદનીય છે, પૂજનીય છે. નાના-મોટાના અહંકારમાં મારામાં ગુણાનુરાગ કયાં રહ્યો? ગુણ-દૃષ્ટિ વિના સમ્યક્ દર્શનની નિર્મળતા કયાંથી આવે? અને સમ્યક્‌ત્વની નિર્મળતાના અભાવમાં આ પ્રવ્રજ્યાનું પણ મહત્ત્વ કેટલું? કઠોર સાધનાનો પણ અર્થ શું? અહંકારમાં જકડાયેલો રહું ત્યાં સુધી મંજિલે કેવી રીતે પહોંચાય? ગુણ જ્યેષ્ટ ભાઈઓને નમસ્કાર કરવાનું મારું કર્તવ્ય બને છે." આ વિચારે બાહુબલિ ભગવાન ઋષભ-દેવના ચરણોમાં જવા અને પોતાના ૯૮ નાના ભાઈઓને વંદના-નમસ્કાર કરવા કૃતનિશ્ચયી બનતાં જ, અહંકારની ગાંઠો ખૂલવા લાગી અને ધીમે ધીમે અહંકાર નિર્મૂળ બનતાં, હૃદય સ્વચ્છ અને સ્ફટિક જેવું નિર્મળ બની ગયું. આવા નિર્મળ ભાવો સાથે તેઓએ જેવો ભગવાન ઋષભદેવના ચરણોમાં જવા પગ ઉપાડ્યો કે જ્ઞાન-જ્યોતનો નિર્મળ પ્રકાશ ફેલાઈ ગયો, સાધના સિદ્ધિના શિખરે પહોંચી ગઈ, કેવળજ્ઞાન પ્રગટી ગયું.

(હિંદી પરથી) અનુ.: એમ. જે. દેસાઈ

સુખની ડોકાબારી, દુઃખનો દરવાજો

○ સુખને દાખલ કરવા નાની ડોકાબારી ખોલવા જાઓ ત્યાં જ શોકનો દરવાજો ઊઘડી ગયો જાણો.

—જર્મન સુભાષિત

○ ગમે તે ભાષા વાપરો, પણ તમે જેવા હશો તેવા જ શબ્દો તમારા મોંમાથી બહાર આવશે.

—એમર્સન

માનવને ઊગવા દે તેવો ધર્મ

□ ડૉ. ગુણવંત શાહ

[અધ્યક્ષ, શિક્ષણ વિભાગ, દ. ગુજરાત યુનિવર્સિટી]

[મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલા વિદ્યાસત્રની 'માનવને ઊગવા દઈએ' વ્યાખ્યાનમાળાનું બીજું પ્રવચન અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.]

[૨]

શિક્ષણ માણસને ઊગવામાં મદદરૂપ થાય એ ખરું પરંતુ સાથે એ ય સાચું કે, કુશિક્ષણ (Miseducation) એને અતમ પણ કરી શકે. એવું જ ધર્મને માટે પણ કહી શકાય.

જ્યોર્દાનો બ્રુનો નામના ઇટાલિયનને જીવતો બાળી મૂકવામાં આવેલો. તેનો ગુનો માત્ર એટલો જ હતો કે, પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ વાતને તે દઢતાપૂર્વક વળગી રહેલો. કવિ નર્મદના સમયમાં શિક્ષકો વિદ્યાર્થીઓને કહેતા: 'પૃથ્વી છે તો ચોરસ (સપાટ) પણ ઈન્સ્પેક્ટર સાહેબ પૂછે તો ગોળ છે એમ કહેવાનું.' આજથી સવાસો વર્ષ પર આ સ્થિતિ હતી.

ક્યારેક થાય કે કેટલા દયાનંદ સરસ્વતી પાકે તો આ દેશમાંથી અંધશ્રદ્ધા ટળે? સમાજમાંથી વહેમને ટાળવા માટે કેટલા દુર્ગારામ મહેતાજી જોઈએ? એક સુધારો એટલે કેટલા નર્મદ? કોષ્ટક આગળ ચલાવીએ તો સંપૂર્ણ ક્રાંતિ માટે કેટલા જયપ્રકાશ જોઈએ? એકાદ વહેમ માંડ જરાતરા નબળો પડે ત્યાં તો કોઈકના હાથમાંથી ઝરતી રાખ ફરી વળે છે અને સુધારો કેટલાય જોજન દૂર હડસેલાઈ જાય છે!

માણસ જેવો માણસ ચંદ્ર પર ચાલી આવ્યો તો ય આ સ્થિતિ હોય તો પછી આજથી પૂરાં સવાસો વર્ષ પર રંદેરમાં પંદર રૂપિયાની મંતુજીગીરી કરનાર નર્મદ પર શું નહીં વીત્યું હોય? પૃથ્વી ગોળ છે એ બાબત પણ ત્યારે એક જબરદસ્ત વિચારક્રાંતિ જેવી જણાઇ હતી. એ ક્રાંતિની વાર્તા કંઈક આવી છે. સન ૧૮૫૮ ની ત્રીજી જુલાઈને દિવસે સાંજના સાત વાગે અમદાવાદના હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટમાં એક વિદ્યાભ્યાસક સભા મળી હતી. સભાપતિ હતા નગરશેઠ પ્રેમાભાઈ. દોઢસો જેટલા માણસોની સભામાં ભોગીલાલ પ્રાણવલ્લભદાસે પૃથ્વી ગોળાકાર છે એ વિષય પર ભાષણ કર્યું. આ ભાષણ ૧૮૫૮ની સાલના ઓગસ્ટ મહિનાનાં 'બુદ્ધિપ્રકાશમાં' છપાયું હતું. આ 'બુદ્ધિપ્રકાશ' નાં પાનાં ફેરવતી વખતે કાળજી નહીં રાખીએ તો ફાટી જાય એવાં થઈ ગયાં છે. એવા એક પાના પરથી થોડીક વાતો જાણવા મળી. ૧૮૫૭ નો બળવો થયો તેને બીજે જ વર્ષે ઈનિડાસે ન નોંધેલી એક શાંત વિચારક્રાંતિની આ શરૂઆત હતી. એક વાત નોંધવા જેવી છે. આ જ વર્ષમાં સુરત અને ભરૂચ વચ્ચે રેલવે લાઈનનું બાંધકામ શરૂ થયું. 'બુદ્ધિપ્રકાશ' માં રેલવે લાઈન માટે 'લોઢાની સડક' શબ્દ વપરાયેલો એ વાંચીને આજે કેવી રમૂજ ઉપજે! એક વિચાર આવે છે. કવિ દલપતરામ સદેહે પાછા આવે અને ટીવી પર 'છાયાગીત' નો કાર્યક્રમ જુએ તો! વળી ટીવીવાળા એમને જ રજૂ કરે તો એ જામે ખરા!

સદીઓથી માણસ પોતાના વર્તનને સમજવાનો પ્રયત્ન કરતો રહ્યો છે. વર્તનનું સ્વરૂપ અતિશય સંકુલ હોવાને પરિણામે એને સમજવાનું કામ થોડું મુશ્કેલ બની રહે છે. સદ્‌ગુણ અને દુર્ગુણ, ડહાપણ અને ગાંડપણ, સુજનતા અને દુર્જનતા, પાપ અને પુણ્ય જેવાં અને શબ્દયુગ્મો માનવીય વર્તનને ઇચ્છનીય અને અનિચ્છનીય એમ બે પ્રકારોમાં વહેંચવાના પ્રયત્નરૂપે પ્રચલિત થયા છે. બાઇબલમાં ગોલ્ડીઝ સારપ (Goodness) ને 'ન્યાય' માં જુએ છે. પ્લેટો સારપને 'ડહાપણ' માં જુએ છે. બુદ્ધ સારપને 'કરુણા' માં જુએ છે. ઇસુ ખ્રિસ્ત સારપને 'પ્રેમમાં' જુએ છે. મહાવીર સારપને અહિંસામાં જુએ છે. સદ્‌ગુણને સમજવા છતાં માનવ સ્વભાવમાં કયાંક એવાં તત્ત્વો પડેલાં છે, જેમને કારણે સદ્‌-અસદ્‌ની આથડામણ ચાલ્યા જ કરે છે. મનના કુરુક્ષેત્ર પર જાણે સતત એક સંઘર્ષ ચાલતો રહે છે.

આ સંઘર્ષની નીપજ એટલે યુદ્ધ બી. આ. મ. કોલે 'The Untold Story નામનું પુસ્તક લખ્યું છે જેમાં એમણે સન ૧૯૬૨ના ચીનના આક્રમણની અને આપણી હારની વાર્તા લખી છે. તેઓ લખે છે કે છેલ્લાં પાંચેક હજાર વર્ષના ઈતિહાસમાં નાનાં મોટાં લગભગ દશ હજાર યુદ્ધો થયાં છે. યુદ્ધ એ માનવજાતનો ઈતિહાસ છે. જ્યારે શાંતિ એ માનવજાતનું સ્વપ્ન છે. આ યુદ્ધો ધર્મને નામે થયાં છે અને રાષ્ટ્રીયતાને નામે થયાં છે. બ્રિટિશ ઈતિહાસમાં તો 'ગુલાબોનો વિગ્રહ' પણ જાણીતો છે. માણસ 'ગુલાબ'ને નામે પણ લડી શકે એ કેવી વિચિત્ર વાત છે.' 'ગુલાબ' ને નામે પ્રેમ થઈ શકે. યુદ્ધ શી રીતે થઈ શકે?

વોલ્ટેરે કહેલી એક વાત મને યાદ આવે છે. એણે કહેલું: "જીવનમાં હું બે વખત પાયમાલ થયો છું. એક વખત હું કોર્ટમાં કેસ જીત્યો ત્યારે અને બીજી વખત કોર્ટમાં કેસ હારી ગયો ત્યારે". આ વાત યુદ્ધને પણ લાગુ પડી શકે છે. મહાભારતના વિજય પછીનું સ્વર્ગારોહણ એ આ વાતની પાંચ હજાર વર્ષ જૂની સાબિતી ગણાય. આવા મહાન વિજય પછી પાંડવોને હિમાળો ગાળવાનું સૂઝે એટલો વિષાદ એ વિજયને અંતે પેદા થયો હતો.

ગીતામાં વપરાયેલ 'આતતાયી' શબ્દના છ અર્થ થાય છે. 'આતતાયી' એટલે 'આગથી મારનાર', 'ઝેરથી મારનાર', 'હથિયારથી મારનાર', 'સ્ત્રીનું હરણ કરનાર' અને 'ધનની ચોરી કરનાર' અને ધરતી પચાવી પાડનાર.' આ વિશેષણ કૌરવો અંગે વાપરવા માટે પાંડવો પાસે પૂરતાં કારણો હતાં. આતતાયીઓ સાથે કામ પાડવાનો એક જ માર્ગ તે વખતે પ્રચલિત હતો. એ હતો 'શત્રુઘ્ન માર્ગ' 'મહાભારત માર્ગ' કે પછી 'ક્ષાત્રિય માર્ગ'. ક્ષાત્રધર્મ આતતાયીઓને હણવાનું પ્રતિપાદન કરનારો ધર્મ હતો. બરાબર અઢી હજાર વર્ષ પછી આખી દુનિયામાં છ મહામાનવોનું અવતરણ થયું. ભારતમાં બુદ્ધ અને મહાવીર થયા. ચીનમાં લાઓત્સે અને કન્ફ્યુશિયસ થયા તથા ગ્રીસમાં પાયથાગોરાસ અને હિરેક્લિટસ થયા. બુદ્ધ અને મહાવીરે 'શત્રુઘ્ન માર્ગ' ની જગ્યાએ આતતાયીઓ સાથે કામ પાડવાનો નવો માર્ગ બતાવ્યો. જેને 'અજાતશત્રુ માર્ગ' કહી શકાય. અઢી હજાર વર્ષોમાં જે વૈચારિક યાત્રા ચાલી તેનું આ પરિણામ હતું. મહાભારતના 'વીર માર્ગ' ની જગ્યાએ પૂરા અઢી હજાર વર્ષ પછી 'મહાવીર માર્ગ' ની શોધ થઈ હતી. અહીં એ પણ નોંધવા જેવું છે કે, મહાવીરના સમકાલિન એવા પાયથાગોરાસે પણ ગ્રીસમાં લગભગ એવો જ પ્રચાર કર્યો હતો.

જનસામાન્ય તરીકે મારા મનમાં સતત એક પ્રશ્ન ચકરાયા કરે છે, ધર્મોના પ્રચાર અને પ્રસાર છતાં આપણા જીવનમાં એનો વિનિયોગ થતો જોવા નથી મળતો એનું શું કારણ? કહેવાતા ધાર્મિક માણસના જીવનમાં શોષણ, અસત્ય, ભ્રષ્ટાચાર અને ચરમપંથીનો આક્રાય શી રીતે થઈ શકે? આપણી તથાકથિત ધાર્મિકતા ગાલ પર લગાડેલા

વેનિશિંગ ક્રીમ જેવી કેમ? અર્જુનની માફક આપણો વિષાદ 'વિષાદ યોગ' કેમ નથી બની શકતો?'

ગૌતમ બુદ્ધે સંસારના માત્ર ચાર કરુણ દૃશ્યો જોઇને પછી મહાભિનિષ્ક્રમણ કરેલું. આજે હવે આવાં અનેક દશ્યો જોયા પછી આપણું રુંવાંડુય ફરકતું નથી. શહેરોમાં હાથલારી ખેંચનારાઓના પગમાં ચંપલ નથી હોતાં, વૈશાખી બપોરે ડામર પીગળે ત્યારે રસ્તા સાથે ભારે વજન ખેંચવા માટે પકડ લેવા મથતાં એ ઉઘાડા પગ પર શું વીતતું નહીં હોય! એની પાસેથી જ કારમાં વહી જતા માણસને ચંપલની ઝાઝી ગરજ નથી હોતી; પરંતુ માત્ર આદતને કારણે જ એના પગને ચપલ વળગી રહે છે! શિયાળાની ઠંડી સવારે, પોતે વાંચી ન શકે એવાં છાપાં લઇને ફેરિયો લોકોને ઘેર પહોંચી જાય છે. મહિનાઓ સુધી છાપું વાંચનારો એનું મોં પણ જોવા નથી પામતો. એક ઘરડા ટપાલીને હું રોજ બપોરે લોકોના મનીઓર્ડર કે રજિસ્ટર્ડ પત્રો લઇને જતો જોઉં છું. એના ગજવામાં રૂપિયાની નોટોના થોકડા હોય છે અને છતાં ય એની ગરીબી તો સદા જુવાન! કોઈ મોટા નેતા આવવાના હોય ત્યારે રસ્તે પથરાયેલા તડકાને કાબૂમાં રાખવાનો નિષ્ફળ પ્રયત્ન કરતા પ્રભાવહીન પોલીસને તમે જોયો છે? કલાકો સુધી લંબાયે જતી ઓની ડ્યૂટી એના જીવનને સહરાના રણ જેવું બનાવી નહીં મૂકતી હોય! મુંબઇમાં કેટલાક માણસો રોજ એવી મોટર ગાડીઓ ધૂએ છે જેમાં પોતે કદી બેસી નહીં શકે.

હોટેલોમાં સારી સારી વાનગીઓ પીરસતો બાલમજૂર ઓ વાનગીઓ સાથે એક જુદા જ પ્રકારનો સંબંધ રચી રાખે છે. બધી વાનગીઓને એ બિચારો નાકથી જ માણે છે, બધી જ ઋતુઓ જેની કાળી પીઠ પર ઠલવાતી જ રહે છે. એવો હળપતિ જ્યારે ફસલ ઊતરે ત્યારે પોતે જ પકવેલા મબલખ દાણાથી કેટલો દૂર રહી જાય છે? ગમે તેટલું સારું પાકે તો ય એને કદી બોનસ નહીં જ મળે! હરિયાળી ક્રાંતિ પણ એના ઉજજડ જીવનમાં ઝાઝી ખલેલ નથી પહોંચાડતી.

રેલવે સ્ટેશન પર ગમે તેટલો ઘરડો હમાલ પણ ભલભલા યુવાનનો સામાન ઉપાડી શકે છે. એ યુવાન વેઈટ લીફ્ટિંગ ચેંપિયન હોય તો ય સામાન તો હમાલ પાસે જ ઉપડાવશે ને! એક માણસ પોતાની નાજુક ડોક પર કેટલો સામાન ઉપાડી શકે તે માટે કોઈ નિયમો તો હશે જ ને! એક ખટારો કેટલું વજન વહી શકે તે અંગે મર્યાદા હોય છે, આવી મર્યાદા માણસ માટે હશે ખરી? અનાજના ગોદામમાં પોતાની પીઠ પર પાંચ મણની ગૂણી ઉપાડીને જતા આદમીની કરોડરજજુને કોઈ જ હાનિ નહીં પહોંચતી હોય? દૂર દૂરને ગામડેથી સાઈકલ પર દૂધનાં દેગડા લઇને શહેરના ફળિયા સુધી આવી પહોચતા દૂધવાળાના કંતાઇ ગયેલા પગ જોવાની ફુરસદ આપણને કયારેય મળશે ખરી?

આક બાજુ આવી બાબતો જોઈને આપણને કશું ય નથી થતું. જ્યારે બીજી બાજુએ નાની નાની વાતો આપણને હતાશ કરી મૂકે છે. નવા પડેલા ચલચિત્રની ટિકિટ માટે લાઈનમાં ઊભા રહીએ અને આપણો નંબર લાગવાની તૈયારી હોય અને ટિકિટ ખલાસ થઇ જાય ત્યારે આપણે નિરાશ થઈ જઈએ છીએ. છાપું ન આવે અથવા મોડું આવે એટલામાં બેચેન બની જતા માણસો મેં જોયા છે. એસ. એસ. સી.ની પરીક્ષાનું પરિણામ બહાર પડે ત્યારે આપઘાતના બનાવો બને એ શું બતાવે છે? કેટલીકવાર તો દીકરો નપાસ થાય અને માતા રડવા માંડે છે! પરિણામ બહાર પડવાનું હોય એ દિવસે અમદાવાદના કાંકરિયા પર પોલીસ ગોઠવવી પડે છે!

અર્જુનનો વિષાદ સો ટચનો હતો તેથી જ કદાચ એ વિષાદમાંથી વિષાદયોગ બનીને ગીતાનું આરંભબિંદુ બની રહ્યો. હતાશની પળોનો ઉપયોગ જીવનને આરપાર જોવાની એક તક તરીકે કરવાનું આપણને કયાંથી સૂઝે! બારી પાસેની સીટ ન મળે એટલામાં નિરાશ થઇને ઝઘડી પડનાર વિમાન-પ્રવાસીઓ અને ટ્રેન પ્રવાસીઓ પણ હોય છે. ઘણીવાર તો બને છે એવું કે આપણે નિરાશ હોઇએ છીએ ત્યારે એને પૂછવામાં આવે કે તું કેમ મૂડમાં નથી? એ કહે છે કે, મૂડમાં કેમ નથી એની એને પોતાને જ ખબર નથી!

હતાશા પણ કયારેક બહુ સાપેક્ષા બની રહે છે. મને એક યહૂદી સાધુનો પ્રસંગ યાદ આવે છે. બુડાપેસ્ટમાં એક માણસે એ યહૂદી સાધુ પાસે જઇને ફરિયાદ કરી અને કહ્યું : અમે એક નાની ઓરડીમાં નવનવ જણાં છીએ, શું કરવું?'

સાધુએ એને ઠંડે કલેજે જવાબ આપ્યો: તારી સાથે એક ઘેટું લેતો જા."

પેલો માણસ મૂંઝાયો, પરંતુ સાધુએ કહ્યું: "હું કહું તેમ કર." પેલા માણસે તેમ કર્યું.

અઠવાડિયા પછી પેલો માણસ પાછો આવ્યો. એ લગભગ અધમુઓ થઈ ગયો હતો. એણે સાધુને કહ્યું: હવે તો નથી બેસાતું, ઘેટું ગંધાય છે."

સાધુએ નિરાંતે એને કહ્યું, "તું પાછો જા અને ઘેટાને બહાર કાઢી મૂક અને મને અઠવાડિયા પછી મળજે."

બરાબર અઠવાડિયા પછી પેલો માણસ યહૂદી સાધુ પાસે ખુશ થતો ગયો અને બોલ્યો:

"સાધુ મહારાજ! હવે જીવન મજાનું છે અને અમે પ્રત્યેક પળ માણીએ છીએ. હવે તો ઘેટું પણ નથી. માત્ર અમે નવ જ જણ છીએ!"

થોડાજ દિવસો પર 'નવ જણ' હતા પરંતુ ઘેટું ગયું પછી એટલા જ માણસો માત્ર નવ જણ બની ગયા.

જીવનનો સ્વીકાર કરનારે વિષાદનો પણ સ્વીકાર કરી જ લેવો રહ્યો. એક જર્મન સુભાષિતમાં આ વાત સરસ રીતે કહેવાઈ છે. સુખની એક નાની ડોકાબારી ખોલવા ગયા ત્યાં તો હતાશાના કે દુ:ખના દરવાજા ખૂલી જ ગયા જાણવા." જરાક વિચારીએ તો તરત જણાશે કે હતાશાની પળો કોના જીવનમાં નથી આવી!

થોડા જ દિવસો પર વિષાદની પળોમાં ફૂટેલી કાવ્ય પંક્તિઓ જ બાકીની વાત ભલે કહેતી:

એક પરમાણુ પર
શું શું વીતતું હશે
ત્યારે
બોમ્બ બનતો હશે?
અને
એક શાણો આદમી
પાગલ બની જાય
ત્યારે
ઓના પર શું નહીં વીત્યું હોય?

જીવનનો પુરુષાર્થ વિષાદને પણ વિષાદયોગમાં પલટી નાખવામાં રહેલો છે એવું લાગે છે.

તથાકથિત ધર્મ પણ માનવના પ્રફુલ્લનમાં રુકાવટ ઊભી કરી શકે છે. ધર્મ પણ માનવની સ્વસ્થતા પર પ્રહાર કરી શકે છે. આખું ઈરાન આજે ખોમૈનીના ધાર્મિક ઉપદ્રવોથી પીડાય છે. ગ્રંથ અને ગ્રંથિથી બચવાનું પણ જરૂરી છે. ગ્રંથની આવી પકડમાંથી છૂટવા

માટે 'નિર્ગ્રન્થ' થવું પડે. 'જૈન' શબ્દ પ્રમાણમાં અર્વાચીન છે. ભગવાન મહાવીરના સમયમાં એ માટે એક અનોખો શબ્દ વપરાતો હતો 'નિર્ગ્રન્થ.' ગ્રંથિચ્છેદની સાધનાનું પરિણામ છે ખુલ્લું મન. કયારેક એવું લાગે છે કે દુનિયામાં સૌથી મોટું કોઇ પરાક્રમ હોય તો તે સ્વસ્થ હોવું તે છે.

માનવને ઊગવા દે તેવો ધર્મ માત્ર વ્યક્તિગત સ્વસ્થતાની ફીકર નથી કરતો. 'ત્યારે કરીશું શું' પુસ્તકમાં ટોલ્સ્ટોયે સુખી માણસનું સુખ કેટલા માણસોના સુખનો ભોગ લેનારું હોઇ શકે તે અંગે ઘણી સચોટ વાતો કરી છે. આ ચોપડી સંવેદનશીલ અને સંવેદનક્ષમ માણસો ન વાંચે તે જ ઠીક છે કારણ કે એ વાંચ્યા પછી વર્ડઝવર્થની એક કવિતામાં કહ્યું છે તેવું આપણું થાય છે: ' 'A presence that disturbs me with the joy of elevated thoughts.'.

આપણી સ્વસ્થતા પણ કોઇ બીજાની સ્વસ્થતાની ખાંધ પર ચઢીને તો નથી મળીને! પાપપુણ્યના આપણા જરીપુરાણા ખ્યાલોમાં ટોલ્સ્ટોય, રસ્કિન અને ગાંધીજી જેવા મહામાનવોના વિચારો સમૂળી ક્રાંતિ આણે એટલા પ્રાણવાન છે. મહાત્મા ગાંધીએ આજના જમાનાનાં સાત પાપો ગણાવ્યા છે. તે આપણા મરજાદી ધર્મ Ivory Tower Religion ને હચમચાવી મૂકે તેવા છે. માનવને ઊગવા દે તેવા ધર્મની શક્યતા એમાં પડેલી જણાય છે. ગાંધીએ બતાવેલાં સાત પાપો આ પ્રમાણે છે:

(૧) સિદ્ધાંત વિનાનું રાજકારણ
(૨) શ્રમ વિનાની સંપત્તિ
(૩) ચારિત્ર્ય વિનાનું જ્ઞાન
(૪) નૈતિકતા વિનાનો વેપાર
(૫) માનવતા વિનાનું વિજ્ઞાન
(૬) ત્યાગ વગરની પૂજા
(૭) સભાનતા વિનાનો આનંદ

જરા ઊંડાણથી આ સાત બાબતો તપાસીશું તો તરત જણાશે કે ધ્યાન પૂજા કરનારાઓને, મંદિરે જનારાઓને, દાન કરનારાઓને, ઉપવાસ કરનારાઓને અને યાત્રા કરનારાઓને પણ કયાંક ને કયાંક ઉપરનાં સાતમાંથી કોઇકને કોઇક પાપ જરૂર આભડી જતું હશે.

અહીં એક સાચો બનેલો પ્રસંગ કહેવાનો લોભ રોકી શકતો નથી. મારા કાકાને ૧૯૪૨ની ચળવળમાં ભાગ લીધા પછી સાબરમતી જેલમાં રાખેલા. ત્યાં રાજદ્વારી કેદીઓ સાથે જુદી બેરેકમાં ક્રિમિનલ કેદીઓ પણ હતા જેમાં એક ભૈયો હતો. એ ભૈયો કાકા સાથે વાતે ચઢ્યો ત્યારે એણે કાકાને એક વાત કહી: સાહબ, મૈને ચોરી કી, ખૂન કિયા, નશા કિયા, ડાકા ડાલા, રંડીબાજી કી..... યહ સબ કુછ કિયા લેકિન મૈ કભી ધરમભ્રષ્ટ નહીં હુઆ! કભી મૈંને મુસલમાનકા પકાયા હુઆ અન્ન નહીં ખાયા, પ્યાજ નહીં ખાયા...!"

ધર્મ જ્યારે બાહ્યાચારનો બંદી બની રહે છે ત્યારે આવા તો અનેક ઉપદ્રવો સર્જાય છે!

આજનું પ્રવચન પૂરું કરતાં પહેલાં હું તમારું ધ્યાન એક અત્યંત સુંદર પુસ્તક તરફ દોરવા ઇચ્છું છું. માણસના પ્રફુલ્લનની ચાવી એ પુસ્તકમાંથી જડે તેમ છે. લેખક છે એરિક ફ્રોમ અને એનું મથાળું છે: "To Be or To Have?" એમાં એરિક ફ્રોમ 'બીઈંગ અને હેવિંગ' અંગેની સમગ્ર જીવન દૃષ્ટિનો ભેદ સમજાવે છે. આલ્બર્ટ સ્વાઇટઝરનું એક વાકય ટાંકીને આજની સમસ્યા એમાં રજૂ કરવામાં આવી છે:

"Man has become a superman ..... But the superhuman power has not risen to the level of superhuman reason.".

માણસને હવે સમજાવા માંડયું છે કે સપૂર્ણ સુખવાદ (Radical Hedonism) લોભ અને સ્વાર્થમાં પરિણમે છે. બધી કામનાઓની પરિપૂર્તિ પણ સુખદાયી કે શાંતિદાયી બનતી નથી. લોભ અને શાંતિ વચ્ચે કોઈ મેળ હોઈ શકે નહીં.

ઔદ્યોગિક ક્રાંતિ પછી 'હેવિંગ'ની બોલબાલા વધતી જ રહી છે અને માણસ એક ગ્રાહક (Consumer) બની ગયો છે. એનું સમીકરણ આ પ્રમાણે છે: I am = What I have and What I Consume.

જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં 'હેવિંગ'ની પકડ વધતી રહી છે. શિક્ષણમાં પણ વિદ્યાર્થીઓ પ્રવચનો સાંભળે છે, નોટ ઊતારે છે અને તે પાકું કરીને પરીક્ષામાં લખે છે ત્યારે તેઓ કોઈ વિચારને આત્મસાત કરવાની જફામાં નથી પડતા, માત્ર માહિતીની માલિકી જ જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. આમ વિચારો અને વિદ્યાર્થીઓ એકબીજાથી અજાણ્યા જ રહી જવા પામે છે, આવું જ જ્ઞાનનું છે. આજે 'I know'ને બદલે 'I have Knowledge'ની બોલબાલા છે. અહીં જ્ઞાનમાં માલિકીપણાનો ભાવ છે. એકમાં જ્ઞાનના ઊંડાણની વાત છે. બીજામાં જ્ઞાનના જથ્થાની બોલબાલા છે. આવું જ પ્રેમનું છે. 'Can one have love?' પ્રેમમાં પણ માલિકીની ભાવનાનું આરોપણ થાય ત્યારે પ્રેમ 'બીઈંગ'ને બદલે 'હેવિંગ'ને શરણે જાય છે.

બધા પૃથક્કરણને અંતે ફ્રોમ નવા સમાજની રૂપરેખા આપે છે. આ રૂપરેખા એક એવા માનવધર્મનું 'મેગ્નાકાર્ટા' બની શકે જેમાં માણસ ઊગી શકે અને પ્રફુલ્લન પામી શકે. માત્ર થોડાક મુદ્દાઓ જોઈ લઈએ:

– કુદરત પર નિયમન નહીં પણ આસંબદ્ધ સામાજિક પરિબળો, પ્રયુક્તિઓ અને સંસ્થાઓ પર નિયમન.

– ઉત્પાદનની દિશા 'વ્યાજબી ઉપયોગ' તરફની હશે.

– ઉદ્યોગમાં અને રાજકારણમાં વધુમાં વધુ વિકેન્દ્રીકરણ જેથી પ્રત્યેક માણસની સામેલગીરી શક્ય બને.

– વ્યવસ્થા (મેનેજમેંટ)ના ક્ષેત્રમાં નોકરશાહીને બદલે માનવીય વ્યવસ્થાની સ્થાપના થાય.

– જાહેરાતોમાં જે 'બ્રેઈનવોશિંગ' પદ્ધતિઓ છે તેના પર નિયંત્રણ.

– માલદાર અને ગરીબ દેશો વચ્ચેની વિષમતા ઘટવી જોઈએ.

– પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાંથી સ્ત્રીઓને મુક્ત કરવી રહી.

– અણુશક્તિનું નિ:શસ્ત્રીકરણ.

આ બધા વિચારોમાં એક એવા નૂતન ધર્મનો ઉદ્‌ઘોષ સંભળાય છે જેમાં માનવની વ્યક્તિતા ચીમળાઈ નહીં જાય પરંતુ પુષ્પની માફક પાંગરી શકે. ધર્મ એ 'પેઈનકિલર' નથી. એનું ધ્યેય કોઈ સિમ્પ્ટમેટિક રીલિફ આપવાનું નહીં પરંતુ મુક્તિ આપવાનું હોઈ શકે.

માનવશક્તિની પૂર્વશરત છે માનવનું પૂર્ણ પ્રફુલ્લન.

સફળતાનો અર્થ

○ નિષ્ફળતા મળે છે અને મળવી પણ જોઈએ. સફળતાનો તો અર્થ થાય છે સમાપ્તિ. – વિનોબા ભાવે

○ કાર્યની સફળતાનો પાયો છે લાંબી ધીરજ નિષ્ફળતા એ વાસ્તવમાં અડધી સફળતા હોય છે. – પુનીત

○ મજાક કરવાની મારી રીત છે–સાચું બોલવું. દુનિયાની આ સૌથી અનોખી મજાક છે. – જ્યોર્જ બર્નાર્ડ શૉ

વિચાર–પ્રવેશનાં દ્વાર

□ પ્રો. દોલતભાઇ દેસાઇ

એક ભાઈ પૂછે છે: "મનમાં વિચારો બહુ આવ્યા કરે છે તેને માટે શું કરવું?"

પ્રશ્ન: 'મનમાં વિચારને કારણે શું થાય?'

એ ભાઈ કહે, 'નિદ્રા ચાલી જાય. ઊંઘમાં પણ ખલેલ પહોંચે. જાગ્રતાવસ્થામાં કોઈની જોડે વાત કરતાં કરતાં વિચારમાં ખોવાઈ પડાય... ઉપાય શો?'

ઉત્તર: વિચારો કયાંથી આવે એ જાણવું જરૂરી છે અને સાથે દરરોજ વિચારોનાં આંદોલનોને શાંત કરી નિદ્રા લેવી જરૂરી છે.'

આ સંવાદે લખવા પ્રેર્યો. જરા ઊંડેરો વિચાર કરીએ.

'મન એ અસંખ્ય વિચારોનું કારખાનું છે' એવી ઉપમા આપી શકાય. વિચારો મનમાં જ પેદા થાય. મનમાં જ સંગ્રહાય અને વિચારોના સ્વીકાર પ્રમાણે મન જ શરીરને કાર્ય કરવા હુકમ આપે. એ રીતે જોઈએ તો મન એ જબરજસ્ત શકિતશાળી કોમ્પ્યુટર સમાન છે. વિદેશીઓએ અનેક પ્રયાસ કર્યા પણ મન જેટલું ને જેવું, શકિતશાળી કોમ્પ્યુટર યંત્ર નથી બનાવી શકયા. મનની શકિત કોમ્પ્યુટર કરતાં ય વિશેષ છે.

વિચાર કયાંથી આવે? વિચાર સંસર્ગથી આવે. શાની જોડેનો સંસર્ગ? કોની જોડેનો સંસર્ગ? આપણા સંસર્ગનાં કેન્દ્ર આવાં હોય: (અ) માણસ જોડેનો સંસર્ગ, (બ) પદાર્થ જોડેનો સંસર્ગ, (ક) વાતાવરણ જોડેનો સંસર્ગ અને (ડ) છેવટે, પોતાની જાત જોડેનો સંસર્ગ. વિચાર પ્રવેશની આ બારીઓ છે. એ બારીઓ સમજાઈ જાય પછી એના બંધ-ઉઘાડ થવા વિષે મન તૈયારી કરી શકે.

દરરોજ આપણે અનેક મનુષ્યો જોડે સંપર્કમાં આવીએ, વાતો થાય, વ્યવહારો થાય. ત્રણ પ્રકારના માણસ જોડે વ્યવહારો થાય. (૧) રોજ-બ-રોજના જીવન માટેની વ્યવસ્થાકીય પ્રવૃત્તિમાં જરૂરી માનવો. જેમ કે: ઘરનો ઘાટી, માળી, ડ્રાઈવર, દુકાનદાર, બસ કંડકટર વિ. એમની જોડેના વ્યવહાર 'રાબેતા મુજબના' હોય. પૈસા આપ્યા, ટિકિટ લીધી કે કંડકટર જોડેનો વ્યવહાર પૂરો. આ વ્યવહારની ચર્ચામાં ન ઉતરીએ; (૨) આપણો વ્યવસાય જેના પર આધાર રાખે એવા માનવી જોડેના વ્યવહારો. જેમ કે: ઓફિસમાં ઉપરી, વેપારમાં ગ્રાહકો અન્ય વેપારીઓ વગેરે. એ વ્યવહારની અસર આપણા મન પર રહે છે.

'તમારા વિષે વેપારી આલમમાં ચર્ચા થાય છે, હોં!' એવું કોઈ વેપારી દિવસમાં બોલી જાય, તો આપણા મનમાં એ વિચાર રહી જાય ને એ વિચાર દિવસભર આપણો પીછો નહીં છોડે. તો કોઈ વેપારી કહે, 'શાંતિભાઈ! તમારા વખાણ ઘણા પાસે સાંભળ્યાં?' તો યે એ વિચારની ખુશી દિવસભર રહેવાની. ધંધા માટે, વેપાર માટે, વ્યવસાય માટે, અનેક મનુષ્યોના સંપર્કમાં દિવસભર આવીએ છીએ. એમાંયે રાબેતા મુજબના વ્યવહાર હોય, પણ કેટલાક વ્યવહાર મન પર અસર પહોંચાડે છે. જેના શબ્દની, અભિપ્રાયની આપણા વ્યવસાય પર અસર થવાની છે, તે વિચાર આપણું મન નોંધે છે.

વિચારનું ત્રીજું દ્વાર, પદાર્થો છે. કોઈના ઘરમાં સરસ ડાઈનિંગ ટેબલ જોયું કે આપણા મનમાં વિચાર પ્રવેશે: 'આવું ડાઈનિંગ ટેબલ ખરીદું.' પદાર્થો બે પ્રકારના વિચાર પ્રેરે. આકર્ષક, ગતિઆત્મક અને અપાકર્ષક, ગતિ આત્મક. ચાનો કપ છે. ચા પીવી છે. આપણા હાથની ગતિ ચાનો કપ પકડવા તરફ થશે. એ આકર્ષક ગતિઆત્મક વિચાર થયો ને જો કપ ખૂબ ગરમ હોય તો હાથ દાઝશે એથી તરત કપ મૂકી દઈશું, એ અપાકર્ષક ગતિઆત્મક વિચાર થયો. મન જો વિચારતું ન હોત, તો આપણા દ્વારા કોઈ જ ક્રિયા ન થાત. તો..... પદાર્થો પણ આપણા પર અસંખ્ય વિચાર ફેંકે છે. જાહેર ખબરો એ એનો ઉત્તમ નમૂનો છે.

રસોડામાંથી અવાજ આવે;

'હેં! સાંભળ્યું!? આ નવી સીફોનની સાડી ફોટામાં કેવી સરસ લાગે છે? આ રવિવારે સાડીઓ જોવા જઈશું?'

એમાં મૂળ વિચારપ્રવેશ પેલી જાહેરાતમાંથી થયો હોય છે. પદાર્થો આકર્ષે ... એથી એ પદાર્થને પોતાનો કરવા વિચાર આવે. ને એરિક ફ્રોમ સાચું કહે છે, 'આપણું જગત પદાર્થની પાછળ પડ્યું છે, એટલું જ જો વિચારની પાછળ પડે તો સારું.' આ જમાનો પદાર્થલક્ષી છે. માણસની મોટાઈનું માપ, એનો ફ્લેટ, રાચરચીલું, કાર, વિ.માંથી નીકળે છે–સામાન્યત: (ખરેખર માણસની મોટાઈનું માપ એની વિચારસૃષ્ટિ અને કર્મસૃષ્ટિ પર હોવું જોઈએ.)

વાતાવરણ જોડેનો સંસર્ગ પણ વિચાર પ્રેરે. ખૂબ ગરમી લાગે છે. પંખો ચાલુ કરીએ. ઉનાળામાં હવાની લે'રખી આનંદ આપે. "તાપ લાગે છે, ચાલો હવાફેર જઈએ.' એ વાતાવરણ કારણે પ્રવેશેલો વિચાર છે. વાતાવરણમાં સૂર્યોદય, સૂર્યાસ્ત, હવા પાણી, હવામાન, બધું આવે.

મનુષ્યના વ્યવહારો સર્જે તે ભાવાવરણ અને કુદરતી તત્ત્વો સર્જે તે વાતાવરણ.

વિચાર–પ્રવેશનું ચોથું દ્વાર તે પોતાની જાત. 'જાતને ભૌતિક સ્વરૂપે જોઈએ તો આવા વિચાર ગણાવી શકાય.

'હમણાં ચરબી વધી છે–ઘટાડવી પડશે.'

'ખાંડ ઓછી ખાઉં તો ડાયાબિટીસ ઘટે.'

'વજન ઓછું કરવું જોઈએ' વગેરે.

જાતને જો નવપલ્લવિત થવાની દૃષ્ટિએ જોઈએ તો આવા વિચાર આવે :

'હવે કામ ઓછું કરું. ચિત્તશાંતિ વધારું.'

'દરરોજ ધ્યાન કરું–મન માટે એ જરૂરી છે.'

'ગુસ્સે ખૂબ થઈ જવાય છે–જરા શાંત બનું.'

આ વિચારો, જાતના એક સ્વરૂપને કારણે પ્રગટે છે.

વિચારનાં આ ચાર પ્રવેશદ્વાર છે.

જીવન : પ્રેમનો ધોધ

○ નિશ્ચય કરનાર દિલ હોય, યોજના ઘડનાર મન હોય અને અમલ કરનાર હાથ હોય તે મનુષ્ય દેવની કક્ષાએ પહોંચે છે.
– ગિબન

○ જીવન જ પ્રેમનો ધોધ છે, પણ તેને વરસાવતાં આવડવું જોઈએ.
– ગટે

○ પરમેશ્વરની શોધમાં આ બધી દોડધામ શા માટે? તમારી આજુ-બાજુમાં વસતા લાખો દીનદુ:ખી માનવીઓમાં શું ભગવાન નથી? પહેલાં તેમની જ પૂજા કેમ ન કરવી? ગંગાના કાંઠે કૂવો ખોદવાની મૂર્ખાઈ શા માટે? – સ્વામી વિવેકાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ માર્ચ, ૧૯૮૧ રવિવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૧ : પરદેશ માટે શિલિંગ ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

☆ અનામત બેઠકો ☆

☐ ચીમનલાલ ચકુભાઈ

અનામત બેઠકો વિરોધી ગુજરાતના તબીબી વિદ્યાર્થીઓ અને ડૉકટરોનું આંદોલન બહુ લાંબું ચાલ્યું, ગુજરાત, સૌરાષ્ટ્રમાં બધે ફેલાયું અને હિંસક બન્યું છે. સરકારને લશ્કરની મદદ લેવી પડી છે. પોલીસને અનેક સ્થળે ગોળીબાર કરવો પડયો છે. નિર્દોષ માર્યા ગયા અને ઘાયલ થયા છે. જાહેર મિલકતને ઘણું જ નુકસાન થયું છે. બેંકોનું કલિયરિંગ ૨૫ દિવસ બંધ રહેતાં વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. શાળાઓ, કૉલેજો બંધ છે. ગુજરાત યુનિવર્સિટીએ પરીક્ષાઓ મોકૂફ રાખી છે. મિલો બંધ પડી છે. લોકો ભયમાં છે અને સલામતી રહી નથી. સમાધાન માટેના પ્રયત્નો નિષ્ફળ ગયા છે. આ આંદોલનનો શાંતચિત્તે વિચાર કરવાનો સમય પાકી ગયો છે.

આંદોલનની શરૂઆત એક જ મુદ્દા ઉપર થઈ છે. અનુસ્નાતક તબીબી અભ્યાસ અને નોકરીમાં, હરિજનો અને પછાત વર્ગો માટે અનામત બેઠકો છે તે રદ કરવી એવી માગણી હતી. તેજસ્વી વિદ્યાર્થી અને તેજસ્વી ડૉકટરને અન્યાય થાય છે અને તબીબી ક્ષેત્રે બનતું હોવાથી લોકોના જાન જોખમાય છે. એમ. બી. બી. એસ. થયા પછી વિશેષ અભ્યાસ અને નોકરી ગુણવત્તાના ધોરણે જ હોવાં જોઈએ એવી દલીલ વાજબી લાગે છે. એમ. બી. બી. એસ. માંડ પાસ થયા હોય એવો વિદ્યાર્થી વિશેષ અભ્યાસને અને સરકારી નોકરીને પાત્ર નથી તેમ જ એમ. બી. બી. એસ. થઈ ગયા પછી તે પછાત ન કહેવાય. તેથી વિશેષાધિકાર કે રક્ષણની જરૂર રહેતી નથી. પોતાનું નસીબ અજમાવે અને ખરેખર લાયક હોય એવા વિદ્યાર્થી અને ડૉકટરને ગુણવત્તાના ધોરણે આગળ વધવાની તક આપે. આ માગણી પ્રથમ દૃષ્ટિએ અને જાહેરહિતની દૃષ્ટિએ વાજબી લાગે છે.

સરકારે કેટલાક ફેરફારો કર્યા તે પણ વિચારવા જેવા છે. (૧) એક વર્ષ ખાલી રહેલ જગ્યાઓ બીજે વર્ષ ખેંચાશે નહિ. (૨) એક વર્ગમાં ખાલી રહેલ જગ્યાનો લાભ બીજા વર્ગને અપાશે નહિ. (૩) અનામત બેઠકો જેટલી જગ્યાઓ વધાર ગુણવાન વિદ્યાર્થી અને ડૉકટરને લાભ આપવામાં આવશે. આ ત્રણે ફેરફારોથી અનામત બેઠકોને કારણે થતો અન્યાય મહદ્‌અંશે ઓછો થાય છે. આ તબક્કે અનામત બેઠકો સદંતર રદ કરવી સરકાર માટે શકય નથી. તુરત તેમ કરતાં બીજાં વિપરીત પરિણામો આવે તેનો સરકારે વિચાર કરવો પડે.

જો આંદોલન શાંત રહ્યું હોત અને તેમાં રાજકારણ પ્રવેશ્યું ન હોત તો સંભવ છે તત્કાળ પૂરતું આ ફેરફારોથી આંદોલનનો અંત આવત, પણ બન્ને પક્ષે ઉતાવળા પગલાંઓ અને ઉશ્કેરાટને કારણે સ્વસ્થતાથી વિચારવાનો અવકાશ જ ન રહ્યો. સરકારે ગભરાઈને ઉતાવળથી ચારે મેડિકલ કૉલેજો એક સાથે છ મહિના માટે બંધ કરી. આંદોલનકારોએ અનામત બેઠકો સદંતર રદ કરવાનો આગ્રહ રાખ્યો અને આંદોલને હિંસક વળાંક લીધો. રાજકીય વિરોધ પક્ષોએ બિનજવાબદારપણે સરકારને ભીંડાવવા આ તકનો લાભ લીધો. વર્તમાનમાં જનમાનસ બીજા કારણોએ અતિ ઉત્તેજિત છે, તેથી આંદોલન આગ વેગે ફેલાયું. લશ્કર અને પોલીસના પગલાંથી ઉત્તેજના વધી. આવા પ્રસંગોમાં બને છે તેમ લશ્કર અને પોલીસ વધારે પડતા બળનો ઉપયોગ કરે અને નિર્દોષ માણસો દંડાય એટલે ઉશ્કેરાટ વધે. અસામાજિક તત્ત્વો આવી તકનો લાભ લે તેમ બનતું જ આવ્યું છે.

આંદોલનકારોએ નવા નવા નુસખા અજમાવ્યા. અનુસ્નાતક તબીબી અભ્યાસ અને નોકરી પૂરતી માગણી મર્યાદિત હતી તે વ્યાપક બની અને બધા ક્ષેત્રે અનામત બેઠકો કે વિશેષાધિકારો રદ થવા જોઈએ એવી હવા પેદા થઈ. પરિણામે, હરિજનો, આદિવાસીઓ, પછાત વર્ગોનો વિરોધ વધ્યો અને આંદોલને વર્ગવિગ્રહનું સ્વરૂપ પકડયું છે. જેમણે આંદોલન શરૂ કર્યું તેમનો કાબૂ રહ્યો નથી. વધુ ને વધુ રાજકારણ પેઠું અને અસામાજિક તત્ત્વોના હાથમાં દોર ગયો. ઉજળિયાત વર્ગો અને ભદ્ર લોકોનો આંદોલનને મૂક ટેકો છે. પ્રથમ દૃષ્ટિએ આવી અનામત બેઠકો હોય તેનો અન્યાય આ વર્ગને ખૂંચે છે. હું જેને વિચારક ગણું છું...એવા એક ડૉકટર મિત્રે અમદાવાદથી વ્યથિત હૃદયે મને લાંબો પત્ર લખ્યો છે અને જાહેર રીતે મારો અભિપ્રાય માગ્યો છે. તેમની દલીલોનો સાર છે કે પસંદગી લાયકાતના ધોરણે કરવી કે જ્ઞાતિ અને કોમને ધોરણે, વિશેષાધિકાર આપીને કાયમ માટે વર્ગભેદ ઊભો કરીએ છીએ. વિશેષાધિકારનો જમાનો ગયો. આ સમાનતાનો યુગ છે. ભૂતકાળમાં કોઈ વર્ગને અન્યાય થયો હોય તેનો બદલો વર્તમાનમાં ન લેવાય. ગઈ પેઢીના પાપનું પ્રાયશ્ચિત્ત આ પેઢીએ કરવાનું નથી અને લખે છે : તબીબી વિદ્યાર્થીઓએ આખા દેશની આંખ ખોલી નાખી છે. અનામતવાદ મને રોલેટ એકટ કરતાં પણ વધારે ખતરનાક લાગે છે તેનાથી દેશ આખાનું સત્યાનાશ નીકળી જશે. આ આંદોલન પડકાર રૂપ છે.

આ બધા પ્રશ્નો ગંભીર વિચારણા માગે છે. આંદોલનના વર્તમાન ઉત્તેજિત અને હિંસક વાતાવરણમાં ત્રણ દાયકા જૂના આ પ્રશ્નનો તાત્કાલિક નિકાલ શકય નથી. આ માત્ર ગુજરાતનો પ્રશ્ન નથી. આંદોલનના આગેવાનો જો આંદોલનને શાંત માર્ગે રાખી શકયા નથી. આંદોલન પ્રતિષ્ઠા ખાતર લંબાવવાથી, ઘણાં વિપરીત પરિણામો આવવા પૂરો સંભવ છે. હરિજનો, આદિવાસીઓ

અને પછાત વર્ગો આ પડકાર સામે એટલું જ ઉગ્ર આંદોલન જગાવે તો – અને તે શરૂ થયું છે– ખતરનાક પરિણામો આવે. સરકારે જે ફેરફારો સ્વીકાર્યા છે તે અત્યાર પૂરતા ઓછા નથી. તબીબી ક્ષેત્રે અનુસ્નાતક અભ્યાસ અને નોકરી માટે અનામત બેઠકોમાં તેજસ્વી વિદ્યાર્થી અને ડૉકટરને અન્યાય છે અને લોકહિત જોખમાય છે તે દલીલમાં વજુદ છે. પણ તેથી બધા ક્ષેત્રે અનામત બેઠકો રદ્દ કરવાની માગણી કરી અને "અનામતવાદ" સામે જેહાદ જગાવવી એ યોગ્ય નથી.

ડૉકટરો અને તબીબી વિદ્યાર્થીઓને નામે આ આંદોલન ચાલે છે. ૩૦ માણસોનો ભોગ લીધો છે. આ પ્રશ્ન એવો નથી કે તેનો તાત્કાલિક ઉકેલ ન થાય તો કોઈ મહા અનર્થ થઈ જવાનો છે. અનામત બેઠકોની જરૂરિયાત વિષે ઘણું કહી શકાય તેમ છે. અનુસ્નાતક તબીબી ક્ષેત્રે અનામત બેઠકો રાખવી કે નહિ તે વિષે મતભેદને અવકાશ છે. પણ બીજા ક્ષેત્રે પણ તેની જરૂરિયાત છે, તે એટલું જ સ્પષ્ટ છે. આ આંદોલન ચાલુ રહે તો ડૉકટરો અને તબીબી વિદ્યાર્થીઓના નામને કલંક લાગશે. તેથી મારો સ્પષ્ટ મત છે કે અત્યારના સંજોગોમાં આ આંદોલન તત્કાલ બંધ કરવું જોઈએ અને સમગ્ર પ્રશ્નનો રાષ્ટ્રીય સ્તરે વ્યાપકપણે વિચાર થવો જોઈએ. અનામત બેઠકો વિષેના મારા વિચારો હવે પછી લખીશ.

૨૨-૨-૧૯૮૧

સદાચારનો પાયો

□ ચીમનલાલ ચકુભાઇ

આ વિષય ઉપર ડૉ. સાગરમલ જૈનનો એક મનનીય લેખ આ અંકમાં પ્રકટ થાય છે. આ લેખમાં, જૈન ધર્મની દૃષ્ટિએ સદાચારનો શાશ્વત માપદંડ શું લેખાય તેની વિશદ્ સમીક્ષા કરી છે. સદાચાર એટલે શું અને સદાચાર શા માટે આ બે પાયાના પ્રશ્નો છે. સામાન્યપણે વ્યવહારમાં જેને સદાચાર માનવામાં આવે છે તેને આપણે સદાચાર ગણીએ છીએ. વ્યવહારનીતિ અથવા સામાજિક વર્તનના નીતિ નિયમો અને વિધિ નિષેધો દેશકાળ પ્રમાણે પલટાતાં રહે છે. એક પ્રકારના વર્તનને એક દેશમાં સદાચાર માનવામાં આવે અને બીજા દેશમાં તેને દુરાચાર અથવા અનાચાર માનવામાં આવે. એક જ દેશમાં એક નિયમ એક સમયે સદાચાર લેખાય. બીજા સમયે દુરાચાર અથવા આચારણ લાયક ન લેખાય. સ્ત્રી-પુરુષના સંબંધો, જીવનના વિવિધ ક્ષેત્રે થતા માનવ્યવહારો વગેરે વિષયોના વિચાર કરીએ તો એમ લાગે કે શાશ્વત નીતિ એવું કાંઈ નથી. બંધન હોય તો માત્ર કાયદાનું અથવા સામાજિક પ્રતિષ્ઠાનું. આના પાયામાં ભય છે, સ્વૈચ્છિક સદાચાર નથી. વાસ્તવમાં, સામાજિક નીતિ નિયમો સદાચાર નથી પણ સદાચારનું બાહ્ય સ્વરૂપ અથવા દેહ છે. આ દેહ કાળક્રમે જડ અથવા ભારરૂપ બને છે અને નવો દેહ અથવા સ્વરૂપ ધારણ કરવું પડે છે. આપણે સદાચારનો સનાતન સિદ્ધાંત વિચારવો છે. એવો સિદ્ધાંત ધર્મનો પાયો લેખાય છે અથવા એવો સદાચાર એ જ ધર્મ છે. તો એ સદાચાર શું અને શેને માટે એ પ્રશ્નો સદા પૂછાતા રહ્યા છે.

બીજી રીતે કહીએ તો What is the fundamental principle of ethical conduct. ? નૈતિક જીવનનો પાયાનો સિદ્ધાંત શું છે? નૈતિક જીવન એ જ મનુષ્યને માનવતા અર્પે છે, તેમાં જ તેનું શ્રેય છે એમ આપણે માનીએ છીએ. આપણે પોતે શુદ્ધ નૈતિક જીવન જીવી શકતા ન હોઈએ ત્યારે પણ નૈતિક જીવનની પ્રશંસા કરીએ છીએ અને તે જ સાચું જીવન છે એમ કહીયે છીએ. મોટા ભાગના માણસો નથી સંત કે નથી દુષ્ટ, સામાન્ય માનવી પ્રવાહપતિત જીવન જીવે છે. તે નથી સદાચારી, નથી દુરાચારી.

મનુષ્યમાં એક એવું તત્ત્વ છે જે તેને ભૌતિક અથવા દૈહિક જીવનથી ઉપર લઈ જવા સતત પ્રેરણા આપે છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન આ સંજ્ઞાઓ મનુષ્ય અને મનુષ્યેત્તર પ્રાણીસૃષ્ટિને સામાન્ય છે પણ ધર્મ કે નીતિનો વિચાર મનુષ્યની વિશેષતા છે. મનુષ્યેત્તર પ્રાણીસૃષ્ટિનું જીવન પરંપરાગત પ્રણાલિકા Instincts મુજબ વહ્યા કરે છે. માણસ વિચારવંત પ્રાણી છે- આત્મનિરીક્ષણ કરી શકે છે. તેને સ્મૃતિ છે, ભૂતકાળની, બુદ્ધિ છે, વર્તમાન માટે, કલ્પના છે, ભવિષ્ય માટે. એ બધાથી પર એક તત્ત્વ છે, તેને આત્મા કહો, ચેતના કહો, જે આ બધો વિચાર કરે છે અને અંતિમ નિર્ણય લે છે અથવા લેવાની શકિત ધરાવે છે. તેની શકિત અનંત છે.

ધન, સત્તા, કીર્તિ માટે માણસ જીવનભર વલખાં મારે છે. પણ તે સાથે જાણે છે અને અનુભવે છે કે તેમાં સાચું સુખ કે શાન્તિ નથી. કેટલાંક મૂલ્યો એવાં છે જેને માટે માણસ પોતાના સર્વસ્વનું, પોતાના પ્રાણનું પણ બલિદાન આપવા તૈયાર થાય છે અને તેમાં પોતાનું શ્રેય માને છે, ધન્યતા અનુભવે છે. સત્યને ખાતર, ધર્મને ખાતર, દેશને ખાતર, કુટુમ્બ માટે કે બીજા એવા મહાન આદર્શ માટે માણસ ત્યાગ કરવા તૈયાર થાય છે. એક રીતે જોઈએ તો નાનામાં નાનો અને ગરીબ માણસ પણ પ્રતિક્ષણ કાંઈને કાંઈ ત્યાગ કરતો હોય છે. ગરીબ માતા પોતે ભૂખી રહી બાળકને ખવડાવશે. સામાન્ય માણસ પણ પોતાના સગાસંબંધીની કે પડોશીની થોડી ઘણી સેવા કરતો હશે, તેને માટે કાંઈક ત્યાગ કરતો હશે.

તો પ્રશ્ન થાય કે જીવનનું ધ્યેય, અંતિમ લક્ષ્ય શું છે અને તે લક્ષ્ય પ્રાપ્ત કરવાનું સાધન શું છે. સદાચાર, જીવનનું અંતિમ લક્ષ્ય પણ બને અને સાધન પણ બને. અહિંયા સાધ્ય સાધનની એકતા થાય છે.

ભારતીય દર્શનો–ધર્મો–માને છે કે જીવનનું અંતિમ લક્ષ્ય, મોક્ષ છે. મોક્ષના સિદ્ધાંતમાં, પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતો અંતર્ગત છે. મોક્ષ એટલે શું એમ પૂછી જો તો જવાબ મળશે કે પુનર્જન્મના ફેરામાંથી મુકિત. પછી શું? બીજો જવાબ મળશે, સ્વસ્વરૂપનું ભાન અને જ્ઞાન એટલે મોક્ષ અથવા આત્મજ્ઞાન, તેની સાધના, અહિંસા, સંયમ, તપ અથવા રત્નત્રયી, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર. સમ્યક્ એટલે જે છે તે અથવા સત્-સત્ય. મિથ્યાત્વ નહિ.

પણ બીજા ધર્મો છે, દર્શનો છે જે મોક્ષ અથવા પુનર્જન્મમાં માનતાં નથી. છતાં સદાચારને, નૈતિક જીવનને, સાચા સુખ અને શાશ્વત શાન્તિનો એકમાત્ર માર્ગ માને છે; સ્વીકારે છે. આ અનુભવની ભૂમિકા છે, સંતપુરુષોનો અનુભવ છે.

આ નૈતિક જીવન એટલે શું? મહાવીરે અહિંસાને પાયાનો સિદ્ધાંત બનાવ્યો, બુદ્ધે કરુણાને, શ્રીકૃષ્ણે અનાસક્તિને, ક્રાઈસ્ટે પ્રેમને, ગાંધીજીએ સત્યને, પ્લેટોએ જ્ઞાનને (Wisdom) કોઈએ ન્યાયને, કોઈએ સમાનતાને–આવા એક સિદ્ધાંતમાંથી બીજા ઘણાં સદ્‌ગુણો-સદાચારના સ્વરૂપો આપોઆપ ફલિત થાય છે.

ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે આ સવાલ પોતાની જાતને પૂછ્યો હતો. પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે, ડૉ. સ્વાઈત્ઝર કોંગોમાં હતા. કોંગો ફ્રેન્ચ સંસ્થાન હતું અને સ્વાઈત્ઝર, આલ્સેકના. જે તે વખતે જર્મનીમાં હતું. તેથી સ્વાઈત્ઝરને કેદ કર્યા અને કોંગોના હબ્સી ચોકીદારો તેમના પર મૂક્યા. આ હબ્સીઓ ડૉ. સ્વાઈત્ઝરને પૂછતા કે તમે અમને ઈસુ ખ્રિસ્તના પ્રેમનો સંદેશ આપો છો. તમે જીવન સમર્પણ કરી અમારી સેવા કરવા આવ્યા છો અને તમારા જ જાતભાઈઓ જે પોતાની જાતને ઈશુ ખ્રિસ્તના અનુયાયીઓ કહેવડાવે છે તે અંદરઅંદર કપાઈ મરે છે અને તમારા જેવા સંતને જેલમાં ધકેલે છે. સ્વાઈત્ઝર વિચારવમળમાં ચડી ગયા. માનવી સંસ્કૃતિનું આટલું બધું અધઃપતન કેમ થયું? તેમણે લખ્યું I am borne in an age of spiritual decadence. તે કેમ બન્યું? છેવટ એ નિર્ણય ઉપર આવ્યા કે We have lost Reverence for life which is fundamental principle of ethical conduct. ડૉ. સ્વાઈત્ઝરે Reverence for life. નો સિદ્ધાંત સમજાવતાં કહ્યું કે હિંસા અધઃપતનનું મૂળ છે. જીવ માટે આદર, એટલે કે અહિંસા, નૈતિક જીવનનો પાયો છે અને ડૉ. સ્વાઈત્ઝરની અહિંસા એટલે જૈન ધર્મની અહિંસા, બેકટેરિયાથી

માંડી માનવ સુધીની. He believed in unity of life. સ્વાઈત્ઝર, મોક્ષ કે પુનર્જન્મમાં માનતા ન હતા. પણ આજ જીવનમાં, વર્તમાનમાં, સાચું સુખ અને શાંતિ જોઈતાં હોય તો અનુભવે તેમણે જોયું કે સર્વ જીવ પ્રત્યે આદર-સમભાવ એ જ માર્ગ છે અને નૈતિક જીવનનો પાયો છે.

ક્રાઈસ્ટના ધર્મમાં મોક્ષ કે પુનર્જન્મની માન્યતા નથી. છતાં સાચા સુખ અને શાન્તિના માર્ગ માટે ક્રાઈસ્ટે કહ્યું છે, દુશ્મન પ્રત્યે પણ પ્રેમ કરો, એક ગાલે તમાચો મારે તો બીજો ધરો. કોટ માગે તો ખમીસ પણ આપી દો. ઉપકાર કર્યો હોય તેના પ્રત્યે તો સૌ કોઈ ઉપકારની લાગણી રાખે પણ અપકાર કર્યો હોય તેના પ્રત્યે પણ ઉપકારની લાગણી હોવી તેમાં માનવતા છે.

સદાચારનો કાયમી માપદંડ એવો એક સિદ્ધાંત નક્કી કરીએ પછી તેનું આચરણ સમયે સમયે જુદા પ્રકારનું હોવા સંભવ છે. સિદ્ધાંત સનાતન છે. તેનો અમલ દેશકાળ અને પરિસ્થિતિ પ્રમાણે બદલાય. પણ સિદ્ધાંત જળવાઈ રહે. તેનું વધારે ક્ષમતાથી પાલન થાય એ લક્ષ્ય રહેવું જોઈએ. આવું આચરણ સહેલું નથી. જીવનની સમસ્યાઓ અતિ જટિલ છે. ડગલે પગલે સમાધાન કરવું પડે છે. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું છે.

આ બધા સિદ્ધાંતોને લોકભાષામાં મૂકવા હોય તો એમ કહેવાય કે કોઈને દુ:ખ આપીને, કોઈ કાળે સુખી થવાતું નથી. આ અનુભવનો વિષય છે. બીજાને સુખ આપીને, આપણને સુખ મળે છે. સુખ આપવાથી વધે છે, દુ:ખમાં ભાગ પડાવવાથી ઓછું થાય છે. આ પ્રમાણે વર્તન થતું નથી. કારણ કે સાચા સુખનું આપણને જ્ઞાન કે અનુભૂતિ નથી. સુખાભાસને સુખ માની લીધું છે. સાચા સુખના ત્રણ લક્ષણો છે. એક, તે કોઈ દિવસ દુ:ખમાં ન પરિણમે. ભોગ વિલાસમાં સુખ લાગે, દારૂ પીતા સુખ લાગે પણ અંતે દુ:ખ પરિણામી છે. બીજું, આપણા કહેવાતા સુખ માટે બીજાને દુ:ખી કરવા પડતા હોય તો તે સાચું સુખ નથી. સુખમાં સર્વ ભાગીદાર બને, કોઈને તેથી વંચિત ન કરીએ અથવા વંચિત થવું ન પડે તે સાચું સુખ છે. અંતમાં, સાચા સુખમાં મનની શાન્તિ અને સ્વસ્થતા હોય. અંત:કરણમાંથી અવાજ આવે કે જે કરીએ છીએ તે સાચું છે કે ખોટું. માણસનો અંતરાત્મા તેનો સાચો સાક્ષી છે. કાલિદાસે કહ્યું છે: સતામ હિ સન્દેહ પદેષુ વસ્તુષુ, પ્રમાણમન્તકરણ પ્રવૃત્તય: જે કાંઈ કર્યું છે તે સાચુ છે કે ખોટું, સદાચાર છે કે દુરાચાર એવો સંદેહ પડે તો, સત્પુરુષો માટે તેમના અંતરનો અવાજ એ જ સાચું પ્રમાણ છે. પણ આ પ્રમાણ સત્પુરુષો માટે છે. તેમનું અંતર નિર્મળ હોય છે અને સાચો જવાબ આપે છે. આપણું અંતર એટલું નિર્મળ હોતું નથી તેથી આપણે આપણી જાતને મનાવી લઈએ છીએ કે જે કર્યું તે સાચું છે–ખોટું હોય તો પણ.

હકીકતમાં, માણસમાં સ્વાર્થ એટલો ઊંડો અને વ્યાપક છે કે પોતાના સ્વાર્થે, પરહિત હણતાં માણસ અચકાતો નથી. બધા દુ:ખનું મૂળ સ્વાર્થ છે. ડો. આર્નોલ્ડ ટોયનબી દુનિયાની બધી સંસ્કૃતિઓનો અભ્યાસ કરી એ નિર્ણય ઉપર આવ્યા કે માણસનો સ્વાર્થ એના બધા દુ:ખનું મૂળ છે. જુદા જુદા માણસો, વર્ગો, દેશો એ બધાના સ્વાર્થના સંઘર્ષમાંથી દુ:ખ જન્મે છે. Such suffering is the result of selfishness. ભગવાન બુદ્ધે પણ માણસના હું પણાં Egoમાં તેના દુ:ખનું મૂળ જોયું અને ego હું–જ નથી એમ કહી અનાત્મવાદી કહેવાયા.

પણ માણસ છેવટ સ્વાર્થી રહેવાનો. તેથી દુ:ખને દૂર કરવાનો માર્ગ ત્યાગ. તેના ઉપર બધા સંતોએ ભાર દીધો છે. આ ત્યાગનો યજ્ઞ સતત ચાલુ રહેવો જોઈએ. એવા યજ્ઞથી જ આ સંસાર નભે છે. દરેક વ્યકિત કાંઈક ત્યાગ કરતી હોય જ છે. પણ તે સાથે સ્વાર્થ પણ પ્રબળ રહે છે. તેથી ડો. સ્વાઈત્ઝરે કહ્યું, બુદ્ધ અને મહાવીરે કહ્યું, This world is full of suffering. ત્યાગ, દાન, કરુણા, પરોપકાર, મૈત્રી વગેરે ગુણો-સદાચાર-આ દુ:ખને ઓછું કરવાના ઉપાયો છે. આ સંસાર એવો છે કે ૩૨ લક્ષણાનો ભોગ માગે છે, સોક્રેટિસ, ક્રાઈસ્ટ, ગાંધી. ઈશ્વરે આવી દુનિયા શા માટે પેદા કરી તે સવાલ પૂછવો નિરર્થક છે. જૈન ધર્મ કર્મનો સિદ્ધાંત આપી તેનો ખુલાસો કરે છે. સ્વાઈત્ઝરે કહ્યું: Not only this world is full of suffering but it is inexplicably mysterious તેને ઈશ્વરની લીલા કહી આપણે સમાધાન મેળવીએ છીએ.

છતાં સ્વાઈત્ઝરે કહ્યું: I have not tried to withdraw myself from that community of suffering. I have had my full share of it.

આ દુ:ખના સાગરમાંથી ભાગી છુટવાનો મેં પ્રયત્ન કર્યો નથી પણ મારા ભાગે આવતો પૂરો હિસ્સો મેં લીધો છે. આપણે સૌએ આ હિસ્સો લેવાનો છે.

આવું પરોપકારનું, કરુણાનું દયાનું કામ કરતાં, ખૂબ સહન કરવું પડે છે, વેઠવું પડે છે. પણ એ યાતનાઓમાં જ તેનો આનંદ છે. સ્વાઈત્ઝરે કહ્યું છે. આ Suffering જુદા પ્રકારનું છે. Rarely have I found happiness to be alive. ગાંધીએ શું નથી સહન કર્યું? પણ; તેમાં જ તેમનો આનંદ છે અને આપણી મુકિત છે. This is the fundamental principle of ethical conduct. तेन त्यक्तेन भूंजीथा: જેટલું આચરી શકીએ તેટલું સાચું સુખ મળે છે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ અભિવાદન સમારોહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ, 'પ્રબુદ્ધ-જીવન'ના તંત્રી, આપણા સૌના આદરણીય તથા પ્રખર ચિંતક શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહના ૮૦ મા જન્મદિન નિમિત્તે બુધવાર તા. ૧૧-૩-૮૧ ના સાંજના ૬ કલાકે ભારતીય વિદ્યાભવનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા અભિનંદન સમારોહ રાખવામાં આવ્યો છે. સૌ સભ્યો, આજીવન સભ્યો અને પેટ્રનોને સમયસર હાજર રહેવા હાર્દિક નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

પ્રેમળજ્યોતિ

કપડાંની જરૂર છે.

પ્રેમળજ્યોતિમાં કાર્યકર બહેનો જણાવે છે કે સાડીઓ તેમ જ અન્ય કપડાંઓની જરૂર છે તો સંઘના કાર્યાલયમાં મોકલી આપવા વિનંતિ.

રકત-દાન અંગે

પ્રેમળજ્યોતિ તરફથી જૈન કલીનિકમાં જઈ "રકતદાન" કરવા માટેની સેવાભાવી વ્યકિતઓને અપીલ કરેલી, તેના અનુસંધાનમાં, શ્રીમતી રતનબાઈ કેશવજી ખેતાણી રત્ન ચિંતામણિ સ્થાનકવાસી જૈન હાઈસ્કૂલ-ગિરગામની પાંચ શિક્ષિકા બહેનોએ જૈન કલીનિકમાં જઈ "કુલીઝ એનીમિયા"વાળી બેબી માટે રકતદાન કરેલ છે. તેમને ધન્યવાદ.

અન્ય વ્યકિતઓ પણ આનું અનુકરણ કરે એવી વિનંતિ

ઉદાર સખાવત

૫૦૦૦-૦૦ સ્વ. રંભાબહેન મનસુખલાલ મણિયારના સ્મરણાર્થે એમના સુપુત્ર શ્રી ભાઈલાલભાઈ તરફથી પ્રેમળજ્યોતિના કાયમી ફંડમાં ભેટ મળેલ છે. તે માટે તેમનો અંત:કરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

સદાચારનો માપદંડ અને જૈન ધર્મ

[] ડૉ. સાગરમલ જૈન

સદાચાર અને દુરાચારનો અર્થ :

જ્યારે પણ આપણે સદાચારનો કાયમી માપદંડ જાણવા ઈચ્છીએ તો સૌ પ્રથમ આપણે જોવું જોઈએ કે સદાચારનો હેતુ શું છે? અને આપણે સદાચાર કોને કહીએ છીએ. શાબ્દિક વ્યત્પત્તિની દૃષ્ટિએ સદાચાર શબ્દ સત્+આચાર આ બે શબ્દોનો મળીને બનેલો છે. અર્થાત્ જે આચરણ સાચું અથવા ઉચિત છે એ સદાચાર છે. પરંતુ આ પ્રશ્ન હમેશાં ઉપસ્થિત થાય છે કે સદ્ અથવા ઉચિત આચરણ શું છે? સામાન્ય રીતે આપણે આચરણનાં કેટલાક વ્યવહારોને સદાચાર અને કેટલાક વ્યવહારોને દુરાચાર કહીએ છીએ. પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે એવું કયું તત્ત્વ છે જે કોઈ પણ આચરણને સદાચાર અથવા દુરાચાર બનાવે છે. આપણે સાધારણ રીતે કહીએ છીએ કે ખોટું બોલવું, ચોરી કરવી, હિંસા કરવી, વ્યભિચાર કરવો આદિ દુરાચાર છે અને કરુણા, દયા, સહાનુભૂતિ, નિષ્ઠા, સત્યવાદિતા આદિ સદાચાર છે. પરંતુ એવો કયો આધાર છે જે પ્રથમ પ્રકારનાં આચરણોને સદાચાર બનાવી દે છે? ચોરી અથવા હિંસા શા માટે દુરાચાર છે અને નિષ્ઠા અથવા સત્યવાદિતા શા માટે સદાચાર છે? જો આપણે સદ્ અથવા યોગ્યનો અંગ્રેજી પર્યાય શબ્દ રાઈટ (Right) ઉપર વિચાર કરીએ તો Right શબ્દ લેટિન શબ્દ Rectus શબ્દથી બનેલો છે, જેનો અર્થ થાય છે નિયમ પ્રમાણે, અર્થાત્ જે આચરણ નિયમ પ્રમાણે છે તે સદાચાર છે અને જે નિયમની વિરુદ્ધ છે તે દુરાચાર છે. અહિંસા નિયમનો હેતુ સામાજિક અથવા ધાર્મિક નિયમો અથવા પરંપરાઓ સાથે છે. ભારતીય ઈતિહાસમાં પણ સદાચાર શબ્દની આવી જ વ્યાખ્યા "મનુ સ્મૃતિ"માંથી મળે છે. મનુ લખે છે કે:

તસ્મિન્ દેશે ય આચાર: પારમ્પર્યક્રમાયત:।
વર્ણાનાં સાન્તરાલાનાં સ સદાચાર ઉચ્યતે।।

અર્થાત્ જે દેશમાં, કાળમાં અને સમાજમાં જે આચરણ પરંપરાથી ચાલ્યું આવે છે તેને જ સદાચાર કહેવાય છે. એનો અર્થ એ થયો કે જે પરંપરાગત આચારનાં નિયમો છે, એનું પાલન કરવું એ જ સદાચાર છે. બીજા શબ્દોમાં કહીએ તો જે દેશ, કાળ અને સમાજમાં આચરણની જે પરંપરાઓને સ્વીકૃત કરવામાં આવેલ છે તે પ્રમાણેનાં આચરણને સદાચાર કહેવામાં આવે; પરંતુ આ દૃષ્ટિકોણ પણ યોગ્ય લાગતો નથી. સામાન્ય રીતે કોઈ આચરણને અન્ય દેશ અથવા કાળમાં આચરવામાં આવે તેમ જ તેને અનુમોદવામાં આવે તેનાથી કાંઈ તે આચરણ સદાચાર બની શકતો નથી.

કોઈ પણ આચરણ સમાજની સ્વીકૃતિથી સત્ અથવા ઉચિત છે એમ નથી હોતું, પરંતુ ખરેખર તો એમ છે કે તે એટલા માટે સ્વીકૃત છે કે એ સત્ છે. કોઈ પણ આચરણનું સત્ અથવા અસત્ હોવું, અથવા સદાચાર અથવા દુરાચાર હોવું તે પોતે તેનાં પોતાનાં સ્વરૂપ ઉપર અવલંબે છે, નહિ તેનાં આચરિત અથવા અનાચરિત થવા ઉપર. મહાભારતમાં દુર્યોધને કહ્યું હતું કે:

જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ:।
જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિ:।।

અર્થાત્ હું ધર્મને જાણું છું, પરંતુ તેની તરફ પ્રવૃત્ત નથી થતો, તેનું આચરણ નથી કરતો. હું અધર્મને પણ જાણું છું, પરંતુ તેનાથી નિવૃત્ત નથી થઈ શકતો. આમ આપણે આ તારતમ્ય ઉપર પહોંચી શકીએ છીએ કે કોઈ આચરણનું સદાચાર અથવા દુરાચારનું હોવું કોઈ વર્ગ અથવા સમાજ દ્વારા સ્વીકૃત અથવા અસ્વીકૃત હોય એ વાત ઉપર આધાર નથી. સદાચાર અને દુરાચારની કિંમત તેનાં પરિણામો ઉપર અથવા તે સાધ્ય ઉપર આધારિત હોય છે. કે જેના માટે તેનું આચરણ કરવામાં આવે છે. આચરણની કિંમત આચરણ ઉપર નહીં, પરંતુ સામાન્ય રીતે તેનાં સાધ્ય અને પરિણામ ઉપર આધારિત હોય છે. કોઈ પણ આચરણની કિંમતનો નિર્ધાર તેની સમાજ ઉપર ભવિષ્યમાં પડનારા પ્રભાવનાં આધાર ઉપર પણ કરી શકાય છે, તો પણ તેની કિંમતનું છેલ્લું સ્વરૂપ કોઈ આદર્શ અથવા સાધ્ય જ હોય છે. તો હવે આપણે સદાચારનાં માપદંડની વાત કરીએ છીએ ત્યારે તે પરમ કિંમત અથવા સાધ્ય ઉપર વિચાર કરવો પડશે કે જેનાથી કોઈ પણ કર્મને સદાચાર અથવા દુરાચારની કક્ષામાં રાખવામાં આવે છે. વસ્તુત: માનવજીવનનું પરમ સાધ્ય જ તે તત્ત્વ છે જે સદાચારનું માપદંડ અથવા કસોટી બને છે.

જૈનદર્શનમાં સદાચારનું મહત્ત્વ :

હવે મૂળ પ્રશ્ન એ છે કે તે ખૂબ જ કિંમતી અથવા ઊંચું સાધ્ય શું છે? જૈન દર્શન પોતાનાં ઊંચા સાધ્યની બાબતમાં સ્પષ્ટ છે. એના અનુસાર વ્યકિતનું ઊંચું સાધ્ય મોક્ષ અથવા નિર્વાણની પ્રાપ્તિ છે, તે માને છે કે જે આચરણ નિર્વાણ અથવા મોક્ષની દિશામાં લઈ જાય તે જ સદાચારની કક્ષામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો જે આચરણ મુકિતનું કારણ બને છે તે જ સદાચાર છે અને જે આચરણ બંધનનું કારણ છે તે દુરાચાર છે, પરંતુ અહિંયા આપણે સ્પષ્ટ કરવું પડશે કે તેનું મોક્ષ અથવા નિર્વાણ સાથે શું તાત્પર્ય છે. જૈન ધર્મ પ્રમાણે નિર્વાણ અથવા મોક્ષ તે સ્વભાવદશા તથા આત્મપૂર્ણતાની પ્રાપ્તિ છે. ખરેખર જે આપણું પોતાનું સ્વરૂપ છે તેને મેળવી લેવું અથવા આપણી સુષુપ્ત ક્ષમતાઓને વિકસિત કરી આત્મપૂર્ણતાની પ્રાપ્તિ કરવી તે જ મોક્ષ છે. અનાં આંતરિક શબ્દોમાં કહીએ તો પરભાવથી પાછા ફરીને સ્વભાવમાં સ્થિર થવું તે જ મોક્ષ છે. જૈનદાર્શનિકોએ ધર્મની એક વિલક્ષણ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યા આપી છે તે મુજબ ધર્મ તે છે જે વસ્તુનો પોતાનો સ્વભાવ છે. (વત્થુસહાવો ધમ્મો) વ્યકિતનો ધર્મ અને સાધ્ય તે જ હોઈ શકે જે તેની ચેતના અથવા આત્માનો પોતાનો સ્વભાવ છે અને જે આપણો પોતાનો સ્વભાવ છે તેને પ્રાપ્ત કરવો તે મુકિત છે. આથી તે સ્વભાવ દશાની તરફ લઈ જતું આચરણ જ સદાચાર કહી શકાય છે.

ફરી પ્રશ્ન એ થાય છે કે આપણો સ્વભાવ શું છે? ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરની સામે આ પ્રશ્ન રજૂ કર્યો હતો. તેમણે પૂછ્યું કે ભગવાન, આત્માનું પોતાનું સ્વરૂપ શું છે અને આત્માનું સાધ્ય શું છે? મહાવીરે એમના પ્રશ્નોનો જે જવાબ દીધો હતો તે આજે પણ સમસ્ત જૈન આચારસંહિતામાં કોઈ પણ કર્મના નૈતિક મૂલ્યાંકનનો આધાર છે. મહાવીરે કહ્યું હતું કે આત્મા એક સમત્વ સ્વરૂપ છે અને એ સ્વરૂપને પ્રાપ્ત કરવું તે જ આત્માનું સાધ્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો સમતા અથવા સમભાવ તે સ્વભાવ છે અને વિષમતા તે વિભાવ છે અને જે વિભાવથી સ્વભાવની દિશામાં અથવા વિષમતાથી સમતાની દિશામાં લઈ જાય છે તે જ ધર્મ છે, નૈતિકતા છે, સદાચાર છે. એટલે વિષમતાથી સમતાની તરફ લઈ જનારું આચરણ જ સદાચાર છે. ટૂંકમાં જૈન ધર્મ મુજબ સદાચાર અથવા દુરાચારનું કાયમી માપદંડ સમતા અથવા વિષમતા,

સમભાવ અથવા વિભાવનાં તત્ત્વમાં છે. સ્વભાવથી પરિણમીત આચરણ સદાચાર છે અને વિભાવ અથવા પરભાવનું પરિણમીત આચરણ દુરાચાર છે.

અહીંયા આપણે સમતાનાં સ્વરૂપ ઉપર પણ વિચાર કરી લેવો પડશે. સામાન્ય રીતે સમતાનો અર્થ પરભાવથી પાછા ફરી સ્વભાવ દશામાં સ્થિર થવું તે છે, પરંતુ આપણી વિવિધ વિચારશ્રેણીઓની દૃષ્ટિએ જુદી જુદી સ્થિતિઓમાં એને જુદા જુદા નામોથી બોલવામાં આવે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ સમતા અથવા સમભાવનો અર્થ રાગ-દ્વેષથી પર થઈને વીતરાગતા અથવા અનાસકતભાવની પ્રાપ્તિ થવી તે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી માનસિક સમતાનો અર્થ બધી ઈચ્છાઓ, અપેક્ષાઓ વગરનાં મનની શાંતિ અને વિક્ષોભરહિત અવસ્થા. આ સમત્વ જ્યારે આપણા સામુદાયિક અથવા સામાજિક જીવનમાં પરિણમે છે ત્યારે આપણે તેને અહિંસાનાં નામથી રજૂ કરીએ છીએ. વૈચારિક દૃષ્ટિએ આને આપણે આગ્રહ વગરનું અથવા અનેકાંત દૃષ્ટિ કહીએ છીએ. જ્યારે આપણે આજ સમત્વનો વિચાર આર્થિક દૃષ્ટિએ કરીએ ત્યારે તેને અપરિગ્રહનાં નામથી જાણીએ છીએ. સામ્યવાદનો સિદ્ધાંત આ જ અપરિગૃહવૃત્તિનો આધુનિક શબ્દ છે. આ સમત્વ જ માનસિક ક્ષેત્રમાં અનાસકિત અથવા વિતરાગતાનાં રૂપમાં, સામાજિક ક્ષેત્રમાં અહિંસાનાં રૂપમાં, વૈચારિકતાનાં ક્ષેત્રમાં અનાગ્રહ કે અનેકાન્તનાં રૂપમાં અને આર્થિક ક્ષેત્રમાં અપરિગ્રહનાં રૂપમાં રજૂ કરવામાં આવે છે. તેથી સમત્વ નિર્વિવાદ રૂપે સદાચારનો સાચો માપદંડ છે તેમ સ્વીકારી શકાય. પરંતુ "સમત્વ"ને સદાચારનાં માપદંડ તરીકેનો સ્વીકાર કરતાં પણ આપણે તેનાં વિવિધ પાસાંઓ ઉપર પણ વિચાર કરવો પડશે. કારણ કે સદાચારનો સંબંધ આપણાં સાધ્યની સાથે સાથે એ સાધનોની સાથે પણ છે કે જેના દ્વારા આપણે તેને પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ અને જે રૂપમાં તે આપણા વ્યવહારમાં અને સામુદાયિક જીવનમાં પ્રગટ થાય છે.

જ્યાં વ્યકિતનાં ચિંતન અથવા આંતરિક સમત્વનો પ્રશ્ન છે ત્યાં આપણે તેને વીતરાગ મનોદશા અથવા અનાસકત મનની વૃત્તિની સાધના માની શકીએ છીએ. તો પણ સમત્વની સાધનાનું આ સ્વરૂપ વ્યકિતગત તથા આંતરિક જીવન સાથે વધુ સંબંધીત છે. આ વ્યકિતની મનોદશાનો પરિચય કરાવે છે. એ બરાબર છે કે વ્યકિતની મનોદશાનો પ્રભાવ તેનાં આચરણ ઉપર પણ પડે છે અને આપણે વ્યકિત કે આચરણનું મૂલ્યાંકન કરતી વખતે તેના એ આંતરિક પક્ષ પર પણ વિચાર કરીએ છીએ; પરંતુ આપણો આ સદાચાર અને દુરાચારનો પ્રશ્ન આપણા વ્યવહારનાં બાહ્યપક્ષ અથવા સામુહિકની સાથે વધારે જોડાયેલો છે. જ્યારે પણ આપણે સદાચાર કે દુરાચારનાં માપદંડની વાત કરીએ છીએ ત્યારે આપણી દૃષ્ટિ તે વ્યકિતનાં આચરણનાં બાહ્ય પક્ષ ઉપર અથવા તે આચરણથી બીજા ઉપર શું પ્રભાવ અથવા પરિણામ આવે છે તેનાં ઉપર હોય છે. સદાચાર અથવા દુરાચારનો પ્રશ્ન ફકત કર્તાનાં આંતરિક મનનાં ભાવો અથવા વ્યકિતગત જીવન સાથે સંબંધિત નથી, પરંતુ તે આચરણનું બાહ્ય સ્વરૂપ તથા આપણા સામાજિક જીવનમાં તે આચરણનાં પરિણામો ઉપર પણ વિચાર કરે છે. અહીંયા આપણે સદાચાર અને દુરાચારની વ્યાખ્યા માટે એવું સંશોધન કરવું પડશે કે જે આચારનાં બાહ્યપક્ષ અથવા આપણા વ્યવહારનાં સામાજિક પક્ષને પણ તેમાં સમાવી શકે. સામાન્ય રીતે ભારતીય ચિંતનમાં આ માટે સર્વ સામાન્ય દૃષ્ટિકોણ એ છે કે પરોપકાર જ પુણ્ય છે અને પરપીડા તે પાપ છે. તુલસીદાસે તેના માટે નીચે દર્શાવેલા શબ્દો પ્રગટ કર્યા છે.

પરહિત સરિસ ધરમ નહિ ભાઈ, પર-પીડા સમ નહિ અધમાઈ.

અર્થાત્ જે આચરણ બીજા માટે કલ્યાણકારી અથવા હિતકારી છે તે સદાચાર છે, પુણ્ય છે અને જે બીજા માટે અકલ્યાણકારી છે, અહિતકારી છે તે દુરાચાર છે. જૈન ધર્મમાં સદાચારનાં એક એવા જ કાયમી માનદંડની ચર્ચા આચારાંગ સૂત્રમાંથી મળે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે "ભૂતકાળમાં જેટલાં અર્હન્ થઈ ગયા. વર્તમાનકાળમાં જેટલા અર્હન્ છે અને ભવિષ્યકાળમાં જેટલા અર્હન્ થશે એ બધાં જ આ ઉપદેશ આપે છે કે બધા જ પ્રાણીઓ, બધા જીવો અને બધા સત્ત્વોને કોઈ પણ પ્રકારનું પરિતાપ, ઉદ્વેગ કે દુઃખ ન દેવું જોઈએ, ન કોઈને નુકસાન પહોંચાડવું જોઈએ. આ જ શુદ્ધ, નિત્ય અને શાશ્વત ધર્મ છે." પણ ફકત બીજાની હિંસા નહીં કરવાના અહિંસાનાં નિષેધાત્મક પક્ષનું અથવા બીજાનાં હિત - સાધનને જ સદાચારની પરીક્ષા ન માની શકાય, એવી અવસ્થા શકય છે કે મારા અસત્ય ભાષણ અને અનૈતિક આચરણથી બીજાનું હિત સાધી શકાય અથવા ઓછામાં ઓછું કોઈનું અહિત ન થતું હોય, પણ આવા આચરણને શું આપણે સદાચાર કહેવાનું સાહસ કે હિંમત કરી શકીશું? શું વેશ્યાવૃત્તિનાં માધ્યમથી ખૂબ જ ધન એકત્રિત કરી તેને લોકોનાં હિત માટે ખર્ચ કરવા માત્રથી કોઈ સ્ત્રી સદાચારીની કક્ષામાં આવી શકશે? કામવાસનાની સંતુષ્ટિનું એ રૂપ કે જેમાં બીજા કોઈ પ્રાણીની હિંસા નથી થતી તે દુરાચારની કોટિમાં નહીં આવે? સૂત્ર-કૃતાંગમાં સદાચારીનો આવો દાવો અન્ય મતાવલંબી દ્વારા રજૂ પણ કરવામાં આવેલ હતો જેને મહાવીરે અમાન્ય કરી દીધો હતો. શું આપણે એ વ્યકિત કે જે લૂંટ કરીને તે સંપત્તિને ગરીબોમાં વહેંચણી કરતો હોય તેને સદાચારી માની શકીશું? એક ચોર અને એક સંત બંને વ્યકિતને સંપત્તિના પાશમાંથી મુકત કરે છે તો પણ તે બન્ને સમાન કક્ષાનાં નહીં માની શકાય. ખરેખર સદાચાર અને દુરાચારનો નિર્ણય ફકત એક જ આધાર ઉપર નથી થઈ શકતો. તેમાં આચરણનાં પ્રેરક એનાં આંતરિક મન એટલે કે તેની મનોદશા અને આચરણનાં બાહ્ય પરિણામ અર્થાત્ સામાજિક જીવન ઉપર તેની અસર બંને વિચારવા યોગ્ય છે. આચારની શુભાશુભતા વિચાર ઉપર અને વિચાર અથવા મનોભાવોની શુભાશુભતા ખુદ વ્યવહાર ઉપર આધાર રાખે છે. સદાચાર અને દુરાચારનું માનદંડ તો એવું હોવું જોઈએ જે આ બંનેનો સમાવેશ કરી શકે.

સામાન્ય રીતે જૈનધર્મ સદાચારનાં કાયમી માનદંડ તરીકે અહિંસાનો સ્વીકાર કરે છે પણ અહીંયાં આપણે એ વિચારવું પડશે કે કોઈને દુઃખ કે પીડા ન દેવી, કોઈની હત્યા ન કરવી, આ જ માત્ર અહિંસા છે? જો અહિંસાની માત્ર આટલી જ વ્યાખ્યા હોય તો પછી તે સદાચાર અને દુરાચારનું માનદંડ નથી બની શકતું. જ્યારે જૈન આચાર્યોએ હમેશાં તેને સદાચારનો એક માત્ર આધાર છે એમ રજૂ કરેલ છે. આચાર્ય શ્રી અમૃતચંદ્રજીએ કહ્યું છે કે જૂઠું બોલવું, ચોરી કરવી, અબ્રહ્મચર્ય સેવવું, પરિગ્રહ વગેરે પાપોનાં જે અલગ-અલગ નામો આપવામાં આવ્યાં છે તે ફકત શિષ્યબોધ માટે છે. મૂળમાં તો એ બધી જ હિંસા જ છે. જૈન આચાર્યોએ અહિંસાને વિસ્તૃત રૂપમાં વિચારેલ છે. તે આંતરિક પણ છે અને બાહ્ય પણ છે. તેનો સંબંધ વ્યકિત સાથે છે અને સમાજ સાથે પણ છે. તેને જૈન પરંપરાઓમાં સ્વ-ની હિંસા અને પર-ની હિંસા એવા બે વિભાગોમાં વહેંચવામાં આવેલ છે. જ્યારે આપણા સ્વ–સ્વરૂપ અથવા સ્વરૂપનો ઘાત થાય તો તે સ્વ–હિંસા છે અને જ્યારે તે બીજાનાં સુખને ઠેસ પહોંચાડે છે ત્યાં તે પરની હિંસા બને છે. સ્વ-ની હિંસાનાં રૂપમાં તે આંતરિક પાપ છે જ્યારે બીજી બાજુ પરની હિંસાનાં રૂપમાં તે સામાજિક પાપ છે, પરંતુ તેનાં આ બન્ને સ્વરૂપો દુરાચારની કક્ષામાં આવે છે. આપણા આ વિસ્તૃત અર્થમાં હિંસાને દુરાચારની અને અહિંસાને સદાચારની કસોટી માની શકાય છે.

[અનુ : શ્રી સુનીલકુમાર સોમાણી]

ગુજરાતના અભિલેખો : ઐતિહાસિક સામગ્રી તરીકે :

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનાં મુંબઈ યુનિવર્સિટી વ્યાખ્યાનો

સંકલન : કૃષ્ણવીર દીક્ષિત

[૧]

સુપ્રસિદ્ધ ઈતિહાસજ્ઞ, વિદ્વાન સંશોધક અને અધ્યાપક ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ મંગળવાર તા. ૧૦-૨-૧૯૮૧થી શનિવાર તા. ૧૪-૨-૧૯૮૧ દરમિયાન મુંબઈ યુનિવર્સિટીને ઉપક્રમે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં પાંચ વ્યાખ્યાન આપ્યાં. તેનો વિષય હતો, "ગુજરાતના અભિલેખો: ઐતિહાસિક સામગ્રી તરીકે." માવજતની દૃષ્ટિએ વિષયની વિચારણાના વ્યાપમાં સમાતા ઉપવિષયો આ પ્રમાણે હતા: રાજકીય ઈતિહાસ; ધર્મ; વિદ્યા; કલા અને સાહિત્ય; સામાજિક અને આર્થિક ઈતિહાસ; તથા ભાષા લિપિ અને કાલગણના. આ પ્રસંગે પ્રમુખપદે હતા મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રમણલાલ સી. શાહ

પહેલે દિવસે વક્તાનું સ્વાગત કરતાં ડૉ. રમણલાલ શાહે તેમની પ્રતિભાનો અને વિદ્વત્તાનો તથા ઈતિહાસ સંશોધન ક્ષેત્રે તેમણે કરેલા મહત્ત્વના અને મૂલ્યવાન પ્રદાનનો ખ્યાલ આપ્યો હતો. ડૉ. શાસ્ત્રીને સંસ્કૃત સાહિત્ય તથા પ્રાકૃત-સંસ્કૃત અભિલેખોને લઈને પ્રાચીન ઈતિહાસમાં રસ જાગ્યો હતો. ૧૯૪૭માં એમણે અભિલેખ વિદ્યા એ સંસ્કૃત વિષય સાથે ભો. જે. વિદ્યાભવનમાંથી પીએચ. ડી.ની ઉપાધિ મેળવી હતી. આ વિષયનું માર્ગદર્શન એમણે આપણા મહાવિદ્વાન શ્રી રસિકલાલ છો. પરીખ પાસેથી મેળવેલું. ડૉ. શાસ્ત્રીને પ્રાચીન લિપિના અભિલેખો ઉકેલવામાં અને એમાંની ઐતિહાસિક તથા સાંસ્કૃતિક માહિતી તારવવામાં સારી એવી ફાવટ છે. "હડપ્પા ને મોહેં-જો-દડો" એ એમનો મૌલિક ઈતિહાસ ગ્રન્થ છે. "મૈત્રકકાલીન ગુજરાત" એ પુસ્તકને ૧૯૫૧-'૫૫નો ઈતિહાસ સંશોધનને લગતો નર્મદ સુવર્ણ ચન્દ્રક તથા એમની ઈતિહાસ સંશોધનની સેવાને ખ્યાલમાં લઈ ૧૯૬૦નો રણજિતરામ સુવર્ણચંદ્રક પણ એમને એનાયત થયો છે.

પ્રાસ્તાવિક વક્તવ્ય

વ્યાખ્યાન વિષયના પ્રાસ્તાવિક વક્તવ્યમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ અભિલેખ વિદ્યા એ ૧૯૪૦થી પોતાની અભિરુચિ તથા અધ્યયનનો વિશિષ્ટ વિષય હોવાનું જણાવીને અભિલેખ એટલે કોઈ પણ પદાર્થ પર કોતરેલું લખાણ એમ અર્થ સ્પષ્ટ કર્યા પછી અભિલેખોમાં શિલાલેખો, તામ્રપત્ર લેખો, ધાતુપ્રતિમા લેખો ઉપરાંત સિક્કાઓ તથા મુદ્રાંકો પર અભિલિખિત બીબાં વડે અંકિત કરેલાં લખાણોનો પણ સમાવેશ થતો હોવાનું જણાવ્યું હતું. ઈતિહાસના એક મહત્ત્વના સાધન લેખે અભિલેખનું મહત્ત્વ દર્શાવી વક્તાએ કહ્યું હતું કે, "ભારતના રાજકીય ઈતિહાસના અન્વેષણ, સંશોધન અને નિરૂપણમાં અભિલેખોનું મહત્ત્વનું પ્રદાન છે. કેમકે અભિલેખો સમકાલીન અને હસ્તપ્રતોના પાઠની અપેક્ષાએ ધ્રુવ-અધિકારી પાઠ ધરાવતા સાધન તરીકે સાહિત્યિક સાધન કરતાં ય વધુ ઉપકારક નીવડે છે. અભિલેખો દ્વારા કઈ કઈ માહિતી ઉપલબ્ધ થતી હોય છે તે જણાવીને વક્તાએ રાજકીય ઈતિહાસ માટે તથા સાંસ્કૃતિક ઈતિહાસનાં અનેકવિધ પાસાં માટે અભિલેખની સાધન તરીકેની ઉપયોગિતા તથા સમકાલીન સાધન તરીકેની એની શ્રાધ્યેયતા દર્શાવી હતી. ખાસ કરીને વ્યક્તિવિશેષો, સ્થલવિશેષો અને ઘટનાવિશેષોની બાબતમાં અભિલેખોનું મહત્ત્વ દર્શાવીને વક્તાએ અભિલેખોનો પદ્ધતિસર અભ્યાસ કરવાની વિદ્યાને "અભિલેખ વિદ્યા" કહે છે એમ વિષયની વ્યાખ્યા બાંધી હતી. ભારતમાં અભિલેખ વિદ્યાનાં પગરણ ૧૮મી સદીના છેલ્લા ચરણમાં થયાં હોવાનું જણાવતાં એમણે એ પણ કહ્યું કે ગુજરાતની અભિલેખ વિદ્યાને લગતું કોઈ ખાસ પુસ્તક તૈયાર કરાયું નથી.

સંશોધનનાં સામયિકોમાં તથા બુદ્ધિપ્રકાશ, પુરાતત્ત્વ, સ્વાધ્યાય અને પથિક જેવાં ગુજરાતી સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા અભિલેખોમાં ગુજરાતના પણ અનેક અભિલેખો હોવાનું જણાવીને વક્તાએ તેનું વંશવાર તથા વર્ષવાર વર્ગીકરણ કરીને સંગ્રહરૂપે ગ્રંથસ્થ કરવાનું સૂચવ્યું હતું. ગુજરાતના અભિલેખોના આવા કેટલાક સંગ્રહ પ્રકાશિત થયા છે તે કહીને એક જાણવા જેવી હકીકત તેમણે એ કહી કે ગુજરાતમાં જળવાયેલા પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ અભિલેખોની કુલ સંખ્યા આશરે દસ હજારની અંદાજી શકાય. તેમણે તેમાંના ખાસ નોંધપાત્ર અભિલેખોનો ઉલ્લેખ કર્યો હતો. ઈતિહાસની અર્વાચીન વિભાવનામાં રાજકીય ઈતિહાસ કરતાં ય સાંસ્કૃતિક ઈતિહાસને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. ભારતના ઘણા અભિલેખ ધર્મ-દાન તથા મંદિરાદિ નિર્માણને લગતાં હોઈ તે તે સમયના સંપ્રદાયો, દેવાલયો, પ્રતિમાઓ, મહંતો, બ્રાહ્મણો, યજ્ઞો, સ્તૂપો, વિહારો, જલાશયો, મસ્જિદો વગેરેની માહિતી પૂરી પાડે છે. કેટલાક અભિલેખોમાં તે તે સમયની કેટલીક સામાજિક અને આર્થિક બાબતોના પણ પ્રાસંગિક ઉલ્લેખ આવે છે. આ સર્વ કહ્યા પછી પ્રાચીન કાલના ઈતિહાસ માટે અભિલેખો સાહિત્યિક સામગ્રી કરતાં વધુ ઉપયોગી હોવાનું જણાવીને ડૉ. શાસ્ત્રીએ ગુજરાતના અભિલેખોનું અધ્યયન રાજકીય ઈતિહાસ, ધર્મ, વિદ્યા, કલા અને સાહિત્ય, સામાજિક ઈતિહાસ અને આર્થિક ઈતિહાસ તથા ભાષા લિપિ અને કાલગણના ઈત્યાદિના સંશોધનમાં કેવું મહત્ત્વ ધરાવે છે તેની સદૃષ્ટાન્ત સમીક્ષારૂપે પ્રથમ વ્યાખ્યાન "રાજકીય ઈતિહાસ" આપ્યું હતું.

આ વ્યાખ્યાનમાં વક્તાએ શિલાલેખો, સિક્કાઓ, તામ્રપત્ર લેખો તથા પાળિયાલેખો, મૌર્યકાલ, ગુપ્તકાલ, ક્ષત્રપકાલ, મૈત્રકકાલ, ગુજરાતના ઈતિહાસના સુવર્ણકાલ સમો સોલંકીકાલ, મુઘલકાલ તથા મરાઠાકાલની જાણવા જેવી કિન્તુ સાહિત્યિક ગ્રંથોમાં અનુપલબ્ધ એવી ઐતિહાસિક માહિતી પ્રકાશિત કરવામાં કેટલા બધા ઉપકારક નીવડ્યા છે તે વિસ્તારથી કહ્યું હતું. તેમના વક્તવ્યમાંના કેટલાક અંશ ઈતિહાસ દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના અને એટલા જ રસપ્રદ પણ છે. જેમ કે તેમણે કહ્યું: ઐતિહાસિક કાલના ગુજરાતના અભિલેખોમાં સહુથી પ્રાચીન અભિલેખ મૌર્ય રાજા અશોકના ગિરનાર શૈલ લેખ છે. ગિરનાર-જૂનાગઢ માર્ગ પર દામોદર કુંડ પાસે આવેલા એ શૈલની બીજી બાજુ પર મહાક્ષત્રપ રુદ્રદામાનો લેખ કોતરેલો છે. તે લેખ પરથી સમીપમાં આવેલા સુદર્શન નામે જળાશય વિષે જે માહિતી મળે છે તેને આધારે એ પ્રદેશમાં મૌર્ય વંશના સ્થાપક રાજા ચન્દ્રગુપ્તનું તથા તેના પૌત્ર અશોકનું શાસન પ્રવર્તતું હોવાની પ્રતીતિ થાય છે. આ અભિલેખો ન હોત તો આહીં એ મૌર્ય રાજવીઓની સત્તા પ્રવર્તી હોવાનું જાણવા ન મળ્યું હોત. રુદ્રદામાનો શૈલ લેખ પોતાના સમયના જ નહિ, પોતાની પહેલાંના છેક મૌર્યકાલ જેટલા પ્રાચીન કાલના ય ઈતિહાસ માટે ઘણી ઉપયોગિતા ધરાવે છે.

મિનન્દર અને અપલદત્ત રાજાના સિક્કાઓ અનુમૌર્ય કાલના અલ્પજ્ઞાત ઈતિહાસ ઉપર કેટલોક પ્રકાશ પાડે છે. ક્ષત્રપવંશના રાજાઓના શિલા લેખો તથા સિક્કાલેખોમાં વર્ષની સંખ્યા સળંગ

રીતે વધતી જાય છે તે પરથી આ વર્ષ કોઈ સળંગ સંવતનાં હોવાનું નિશ્ચિત છે. આ સંવત શક સંવત છે, એવું પણ લગભગ નિશ્ચિત છે. રાજકીય ઈતિહાસના સાધન તરીકે પશ્ચિમી ક્ષત્રપોના નાના ચાંદીના સિક્કા ગુપ્ત સમ્રાટોના મોટા સોનાના સિક્કાઓ કરતાં ય વધુ ઉપયોગી નીવડયા છે. સિક્કાલેખો ન હોત તો ક્ષત્રપવંશનો ઈતિહાસ ઈતર સાધનો પરથી ઘણા અલ્પ પ્રમાણમાં જાણી શકાત. રૂદ્રદામા પહેલાના જૂનાગઢ શૈલ લેખ પરથી એના રાજ્ય પ્રદેશો એના આનર્ત સુરાષ્ટ્રના રાજ્યપાલ, એ પ્રાંતનું વહું મથક, ગિરિનગર, ત્યાંનું સુદર્શન જળાશય, તેના નિર્માણનો ઈતિહાસ તેના સેતુ (બંધ)નો પૂરથી નાશ ને એનું પુનઃનિર્માણ ઈત્યાદિ અનેક બાબતો જાણવા મળે છે.

મૈત્રકકાલીન રાજાઓનાં એકસોથી વધુ તામ્રશાસન મળ્યાં છે જેમાં તે તે રાજાએ કરેલાં ભૂમિદાનને લગતાં રાજશાસન તામ્રપત્ર પર કોતરેલાં છે અને તે પરથી મૈત્રક વંશના રાજાઓની વંશાવળી તથા સાલવારી ગોઠવી શકાય છે. તામ્રપત્રલેખો રાજકીય ઈતિહાસ અને રાજ્યતંત્ર માટે કેટલાં ઉપયોગી નીવડી શકે તેનું ઉત્તમ દષ્ટાન્ત મૈત્રકોનાં તામ્રપત્રો પૂરું પાડે છે.

અભિલેખો ઉપરથી એ જાણવા મળે છે કે મૈત્રક રાજ્યના અંત પછી તળ-ગુજરાતમાં દખ્ખણના રાષ્ટ્રકૂટોની લાટ શાખાનું રાજ્ય પ્રવર્તેલું જ્યારે સૌરાષ્ટ્રમાં સૈન્ધવો, ચાલુક્યો અને ચાપોનાં સ્થાનિક રાજ્ય હતાં ને તેઓના પર ઉત્તરના પ્રતીહારોનું આધિપત્ય રહેલું.

સોલંકીકાલના સમકાલીન સાહિત્યમાં ખૂટતા અંકોડા પૂરવા માટે તથા અનુકાલીન સાહિત્યમાં આપેલા વૃત્તાંતોને ચકાસવા માટે તેઓના સમકાલીન અભિલેખ જ ઉપકારક નીવડે છે. સિદ્ધરાજ જયસિંહનો સમય તથા કાલાનુક્રમ અભિલેખોના આધારે જ નક્કી કરી શકાય છે.

પ્રબંધોમાં આવેલાં વર્ષ સમકાલીન અભિલેખોના આધારે સુધારવાનું બની શક્યું છે. તે ડૉ. શાસ્ત્રીએ કુમારપાલના રાજ્યકાલ સંદર્ભે જણાવ્યું હતું. વસ્તુપાલ તેજપાલની નિયુક્તિ ધોળકાના રાણા વીરધવલના મહામાત્યપદે કયારે થઈ તે વિષે પ્રબંધો મૌન છે જ્યારે વસ્તુપાલ-તેજપાલના ગિરનારના શિલાલેખોમાં જણાવાયું છે કે તેજપાલ સં. ૧૨૭૬થી ગુર્જર મંડલમાં મુદ્રાવ્યાપાર ચલાવતો હતો.

સોમનાથ મંદિર ઉપર મુસ્લિમ ફોજનો હુમલો કયારે થયેલો તે સોમનાથ પાટણમાં મળી આવેલા સં. ૧૩૫૫ના શિલાલેખ પરથી જાણી શકાય છે.

હળવદની વાવનો શિલાલેખ ત્યાંના ઝાલા રાજાઓની દરેકની માતાના નામનિર્દેશ સાથે વંશાવળી આપે છે. ગુજરાતના જુદા જુદા ભાગોના સ્થાનિક ઈતિહાસ માટે અભિલેખોમાંથી સારા પ્રમાણમાં સામગ્રી મળે છે. જે 'મિરાતે અહમદી' જેવા ગ્રંથમાં પણ અપ્રાપ્ય છે. મુઘલ બાદશાહના ગુજરાતના અનેક સ્થળોના અમલદારો તથા જાગીરદારોનાં નામ તથા તેઓનાં સમયની માહિતીનું એકમાત્ર સાધન આ અભિલેખ છે. સંસ્કૃત ગુજરાતી અભિલેખો ખાસ કરીને સૌરાષ્ટ્રના મુઘલકાલના સ્થાનિક હિંદુ રાજ્યોના ઈતિહાસ માટે સવિશેષ ઉપયોગી નીવડે છે.

આમ અતીત કાલને લગતા અભિલેખો ગુજરાતના રાજકીય ઈતિહાસમાં પૂર્વકાલ માટે કેટલા બધા ઉપકારક નીવડે છે તે ડૉ. શાસ્ત્રીએ અનેક દષ્ટાન્તો આપીને વિસ્તારથી જણાવતાં ઈતિહાસજ્ઞાનની નવી કેડી નિર્માણ થતી હોવાનું અનુભવાયું.

ધર્મ

બીજા વ્યાખ્યાનનો વિષય હતો ધર્મ.

પ્રાચીન પ્રજાજીવનના પ્રધાન પરિબળ સમા અને સાંસ્કૃતિક જીવનના વિશાળ ક્ષેત્ર સમા ધર્મ વિષેના જુદી જુદી લિપિમાં કોતરવામાં આવેલા શિલાલેખો, તામ્રપત્ર લેખો, પ્રશસ્તિ લેખો, પ્રશસ્તિ શ્લોકો તથા ધાતુપ્રતિમા લેખો, મૌર્ય, ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક, અનુમૈત્રક, સોલંકી, સલ્તનત, મુઘલ, મરાઠા તથા બ્રિટિશ આ ભિન્ન ભિન્ન કાળખંડોમાં કોણે કોણે મંદિરો ચણાવ્યાં, કોણે ચૈત્યો અને જિનાલયો બંધાવ્યાં, કોણે શા નિમિત્તે વાવ, કૂવા અને તળાવ ખોદાવ્યાં, કોણે ભૂમિદાન કર્યાં તથા ભિન્ન ભિન્ન કાળમાં પ્રજાની ધર્મભાવનાઓ કેવે કેવે સ્વરૂપે સાકાર થતી, આ તમામ હકીકતો ઉપર જે પ્રકાશ પાડે છે તેનો ડૉ. શાસ્ત્રીએ ખરી ઝીણવટથી ને વિસ્તારથી ખ્યાલ આપ્યો.

તેમણે કહ્યું: "ઐતિહાસિક કાલના અભિલેખોમાં સહુથી પ્રાચીન અભિલેખ અશોકના ગિરનાર શૈલ લેખ છે. આ સ્પષ્ટત: ધર્મવિષયક લેખો છે. એમાં રાજા અશોકે પોતાની ઉદાત્ત ધર્મભાવનાનું તથા તેના વ્યાપક પ્રસાર માટે પોતે લીધેલાં વિવિધ પગલાંનું નિરૂપણ કર્યું છે.

ગુજરાતમાં પૂર્તકાર્ય (વાવ, કૂવા, તળાવ વગેરે બંધાવવાનાં લોકોપયોગી કાર્યોને પૂર્તકાર્ય કહે છે)ને લગતો સહુથી પ્રાચીન અભિલેખ ક્ષત્રપ સ્વામી રુદ્રસિંહ પહેલાના રાજ્યકાલ (ઈ. સ. ૧૮૧)નો ગુંદા શિલાલેખ છે.

સર્વ દાનોમાં શ્રેષ્ઠ લેખાતા ભૂમિદાનને લગતું પ્રાચીન તામ્રપત્ર રાયલા (તા. છોટાઉદેપુર જિ. વડોદરા)માંથી મળેલું ખંડિત તામ્રપત્ર છે. ભૂમિદાનનો જેમને મન ઘણો મહિમા હતો તે વલભીના મૈત્રક રાજાઓ (કુલ ૧૯)નાં સોથી વધુ તામ્રપત્ર મળ્યાં છે. તેમાં દાતા તરીકે રાજાની તથા એના પુરોગામીઓની આપેલી પ્રશસ્તિઓમાંથી એ કાલની ધર્મભાવના પ્રતિબિંબિત થાય છે. અનુમૈત્રક કાલ દરમિયાન પણ રાજાઓની ભૂમિદાનની પ્રવૃત્તિઓ ચાલુ રહી તેવું તેઓનાં દાનશાસનો પરથી માલૂમ પડે છે.

સોલંકીકાલનાં તામ્રપત્રો તથા શિલાલેખો પરથી એ કાલની ધાર્મિક પ્રવૃત્તિઓ વિશે ઘણી માહિતી મળે છે. શ્રીસ્થલ (સિદ્ધપુર)માં રુદ્રમહાલય મૂલરાજ પહેલાના સમયમાં પણ અસ્તિત્વ ધરાવતું હોવાનું એના સં. ૧૦૪૩ના તામ્રપત્ર પરથી માલૂમ પડે છે. વળી જાણવા મળે છે કે સોલંકી રાજાઓનો કુલ ધર્મ માહેશ્વર હતો. ભાવિક રાજાઓ પોતાનાં માતાપિતાને નામે નવાં દેવાલય ખાસ કરીને શિવાલય બંધાવતા. સોલંકી રાજાઓ સોમનાથના પરમભકત હતા. શિલાલેખો પરથી બ્રાહ્મણો, ગોત્રો, ધર્મ સંપ્રદાયો, જૈન સૂરિઓ ગચ્છો અને ધાર્મિક માન્યતાઓ તથા ક્રિયાઓ વિશે પણ રસપ્રદ માહિતી પ્રાપ્ત થાય છે. કેટલાક શિલાલેખોમાં વિષ્ણુપૂજાના ઉલ્લેખો આવે છે. ભાવ બૃહસ્પતિએ વિષ્ણુપૂજન વૃત્તિઓનો ઉદ્ધાર કર્યો. સોલંકી કાલમાં સૂર્ય પૂજા પણ પ્રચલિત હતી. વસ્તુપાલે ખંભાત પાસેના નગરમાં જ્યાદિત્ય નામે સૂર્યની મૂર્તિ પાસે તેમની બે પત્નીઓ રત્નાદેવી અને રાજદેવીની મૂર્તિઓ પધરાવી હતી. સોલંકી કાલમાં અહીં બૌદ્ધ ધર્મ લુપ્ત થઈ ચૂકેલો હતો. જ્યારે જૈન ધર્મનો ઘણો અભ્યુદય થયો હતો. સોલંકી કાલની મસ્જિદને લગતા સહુથી રસપ્રદ અભિલેખ વેરાવળ પાટણમાં જળવાયા છે. આવી આવી ઘણી માહિતીથી વકતાએ પોતાના વ્યાખ્યાનને સમૃદ્ધ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સલ્તનત કાલના સંસ્કૃત અને ગુજરાતી અભિલેખો પૈકીના શિલાલેખોમાં દેવાલયો, વાવો, કૂવા વગેરે પૂર્તકાર્યોના નિર્માણ કે જીર્ણોદ્ધારની હકીકત આપેલી છે. સલ્તનત કાળના અરબી–ફારસી અભિલેખોમાંથી ગુજરાતની અનેક મસ્જિદોના નિર્માણની હકીકત જાણવા મળે છે. મુઘલકાળના અભિલેખોમાં સંસ્કૃત ગુજરાતી અભિલેખો મુખ્યત્વે દેવાલયો તથા જિનાલયોના નિર્માણ

કે જીર્ણોદ્ધારની માહિતી આપે છે.

મરાઠા અને બ્રિટિશ કાલમાં ગુજરાતમાં બંધાયેલાં નવાં મંદિરો તથા જીર્ણોદ્ધાર પામેલાં મંદિરો વિષે ખ્યાલ આપતાં અભિલેખોની વાત કરીને વકતાએ બીજું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું.

વિદ્યા, કલા અને સાહિત્ય

ત્રીજા વ્યાખ્યાનનો વિષય હતો "વિદ્યા, કલા અને સાહિત્ય." આ વ્યાખ્યાનમાં વકતા સંસ્કૃત કાવ્યસાહિત્યના ખરા રસજ્ઞ અને ઊંડા મર્મજ્ઞ તરીકે પ્રગટ થયા હતા. અભિલેખોના અભ્યાસના આધારે ગુજરાતમાં જુદા જુદા કાલખંડોમાં ખેડાતી વિદ્યાઓ તથા કલાઓ વિશે તેમ જ કાવ્યશૈલીમાં થતી કેટલીક સાહિત્યરચનાઓ વિષે સારો પ્રકાશ પાડયો.

તેમણે કહ્યું: મૌર્ય રાજા અશોકના શૈલ લેખ પ્રાકૃત ભાષામાં સરલ ગદ્યમાં લખાયા છે. ક્ષત્રપ રાજાઓના શિલાલેખ પણ સામાન્યત: પ્રાકૃત-સંસ્કૃત મિશ્ર ભાષાના સરલ ગદ્યમાં છે. પરંતુ રાજા મહાક્ષત્રપ રુદ્રદામા પહેલાનો જૂનાગઢ શૈલલેખ ઉચ્ચ ગદ્ય શૈલીમાં રચાયેલા સંસ્કૃત અભિલેખના ઉત્તમ પ્રાચીન નમૂના તરીકે ભારતભરના સંસ્કૃત સાહિત્યમાં ગણનાપાત્ર નીવડયો છે.

ગિરિનગરના સુદર્શન તળાવના પુન: દુર્દશા અને સંસ્કરણને, લગતા બીજા અભિલેખમાંના અમુક શ્લોકો લઈ વકતાએ તેમાં અતિવૃષ્ટિથી નદીઓ બંધ તોડી વહી ગઈ તેનું વર્ણન કેવું કાવ્યમય છે તથા તેમાં ઉત્પ્રેક્ષા અલંકારમાં વ્યકત થયેલી કલ્પના કેવી રુચિર છે તે દર્શાવ્યું હતું. વકતાએ મૈત્રકકાલ દરમિયાનનાં દાનશાસનોમાં દાન આપનાર રાજાઓની પ્રશસ્તિ કેવા ઉચ્ચ શૈલીના કાવ્યમય ગદ્યમાં કરવામાં આવી છે, એમાં દીર્ઘસમાસો, રુચિર કલ્પનાઓ અને શબ્દાલંકારો તથા અર્થાલંકારો કેવી વિશિષ્ટ ભાત પાડે છે તે પણ દર્શાવ્યું હતું.

અનુમૈત્રક કાલના સૌન્યવ રાજાઓને ઉચ્ચ ગદ્ય શૈલી ગમતી તે તે કાળના અજ્ઞાત નામા કવિઓને કેવી સિદ્ધિ હતી તે વકતાએ અભિલેખોમાંની કેટલીક કાવ્યપંકિતઓ લઈને દર્શાવ્યું હતું. વકતાએ રાજા ભીમદેવના સમયના સિદ્ધહસ્ત કવિ સોમેશ્વરદેવની ઘણી કાવ્ય પંકિતઓ લઈ તેમાનું કલ્પનાસૌંદર્ય પ્રગટ કર્યું હતું. વકતાએ તે જ પ્રમાણે કવિ ગણપતિ વ્યાસ તથા સોલંકી કાલના બીજા મહાન કવિ ધરણીધરની પ્રતિભાની ઝાંખી કરાવતા કેટલાક અભિલેખોમાંના શ્લોકો લઈ તેનું રસદર્શન કરાવ્યું હતું. સોમનાથ પાટણની એક અજ્ઞાત નામા કવિએ બાર શ્લોકોમાં કરેલી પ્રશસ્તિમાં તરી આવતા કવિત્વની તથા શત્રુંજયના સપ્તમ ઉદ્ધારને લગતી પંડિત લાવણ્યસમયની પ્રશસ્તિમાં જોવા મળતી કાવ્યત્વની ચમત્કૃતિ દર્શાવી હતી.

સલ્તનત તથા મુઘલકાલના એવા કેં ક અભિલેખોમાંની પ્રશસ્તિમાં વિલસી રહેલા કાવ્યમય સૌંદર્યની વાત તેમણે કરી હતી. આ આખું વ્યાખ્યાન કાવ્યાસ્વાદથી શ્રોતાઓને આહ્લાદ અર્પી ગયું.

વીસમી સદી દરમિયાન ગુજરાતમાં લખાયેલા પ્રાસંગિક અભિલેખો પછી તે સંસ્કૃતમાં હોય કે હિંદીમાં તેમાં વૃત્તાંતની સાદી સીધી રજૂઆત છે. કાવ્યતત્ત્વ લગભગ લુપ્ત થઈ ગયું છે એ હકીકત પ્રત્યે ધ્યાન ખેંચી વકતાએ ત્રીજું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું.

(ક્રમશ:)

માનવને ખતમ કરે તેવું 'વિજ્ઞાન'

[* મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તાતા ઓડિટોરિયમમાં તારીખ ૭-૧-૧૯૮૧ના દિવસે ડા. ગુણવંત શાહે આપેલ તૃતીય પ્રવચન.]

ડો. ગુણવંત બી. શાહ

[પ્રોફેસર અને અધ્યક્ષ શિક્ષણ વિભાગ,—દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી]

[૩]

આજના વિજ્ઞાન વિકાસની એક વિચિત્રતા જાણી રાખવા જેવી છે. એ માણસના પ્રફુલ્લનને સંકોરે તેવી એક ભેટ ધરે તે સાથે માત્ર અનું પ્રફુલ્લન જ નહીં પણ પોતે ખતમ થઈ જાય એવી હજાર તરકીબો શોધી આપે છે. કેન્સરનો ઉપાય જડશે ત્યારે જડશે પરંતુ મરવા માટે કેન્સરની ઝાઝી ગરજ ન રહે એવી ઘણી બાબતો વિજ્ઞાન આપણને આપતું રહે છે. આમ વિધાયક અને વિધ્વંસક બંને બાબતોને વિજ્ઞાનની મદદ મળે છે એ સાચું હોવા છતાં ય વિધ્વસક બાબતોને વિજ્ઞાનની મદદ વધારે મળતી હોય એવો વહેમ પડે છે.

આ વહેમ નથી, પણ હકકીત છે એમ માનવા માટે ઘણા પુરાવા જડે છે જેમાં એકનો નિર્દેશ હું અહીં કરવા ધારું છું.

આંતરરાષ્ટ્રીય વિકાસની સમસ્યાઓના અભ્યાસ માટે નિમા-યેલા એક સ્વતંત્ર કમિશનનો હેવાલ થોડા જ દિવસો પર બહાર પડયો. આ હેવાલનું નામ છે : "North-South : A Programme For Survival. આ કમિશનના અધ્યક્ષ વિલિ બ્રાન્ટ હતા. આ હેવાલની પ્રસ્તાવનામાં વિલિ બ્રાન્ટે લશ્કરી શસ્ત્રસરંજામ પાછળ થતો ખર્ચ માનવવિકાસના માર્ગમાં કેવી રુકાવટો ઊભી કરે છે તેની વાત કરી છે. દુનિયા આજે દર વર્ષે ૪૫૦ અબજ ડૉલરનો ખર્ચ લશ્કર પાછળ કરી રહી છે. વિકાસ માટે જે સત્તાવાર મદદ જુદા જુદા દેશોને આપ વામાં આવે છે તે મદદનું પ્રમાણ આ જંગી ખર્ચના માંડ પાંચ ટકા જેટલું થવા જાય છે. થોડીક વિગતો આ રહી :

(૧) માત્ર અડધા દિવસના લશ્કરી ખર્ચમાંથી વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશનનો મેલેરિયા-નાબૂદી કાર્યક્રમ ચલાવી શકાય.

(૨) એક અદ્યતન ટેન્ક દસ લાખ ડૉલરની થાય છે. આટલા ખર્ચમાંથી એક લાખ ટન ચોખાનો સંગ્રહ કરવાની સુવિધા ઊભી થઈ શકે જેને પરિણામે દર વર્ષે ચાર હજાર ટન ચોખા સડતા બચે. એક માણસ એક રતલ ચોખા પર એક દિવસ નભી શકે. આ જ રકમમાંથી ત્રીસ હજાર બાળકો માટે એક હજાર વર્ગખંડો ઊભા કરી શકાય.

(૩) એક જેટ ફાઈટરની કિંમત બે કરોડ ડૉલર જેટલી થાય છે. આ રકમમાંથી ૪૦ હજાર ગામોમાં દવાખાનાં શરૂ થઈ શકે.

(૪) એક વર્ષના લશ્કરી ખર્ચના એક ટકા જેટલી રકમના અડધા ભાગમાંથી દુનિયા માટે ખેતીનાં સાધનો વસાવી શકાય જેથી ઓછી આવકવાળાં રાષ્ટ્રોની અનાજની તંગી સન ૧૯૯૦ સુધીમાં નિવારી શકાય.

આ જ હેવાલમાં વિલિ બ્રાન્ટે કહેલી એક વાતને એના પોતાના શબ્દોમાં રજૂ કરવાનો લોભ હું નથી રોકી શકતો. એ કહે છે :

History has taught us that wars produce hunger, but we are less aware that mass poverty can lead to war or end in chaos. While hunger rules peace cannot prevail. He who wants to ban war must also ban mass poverty. Morally it makes no difference whether a human being is killed in war or is condemned to starve to death because of the indifference of others.

આ બધી વાતોનો સાર તો એટલો જ કે દુનિયામાંથી રોગ, ભૂખમરો અને અજ્ઞાન (નિરક્ષરતા) લગભગ દૂર કરી શકાય તેમ છે. ખરી વાત તો એ છે કે આપણી આંખ ખમી શકે એના કરતાં ય વધારે પ્રકાશને કારણે માનવજાતને જાણે ઝળઝળીયાંનો અનુભવ થઈ રહ્યો છે.

'વિકાસ' શબ્દને આજે માત્ર અર્થશાસ્ત્રની સીમમાં પૂરી દેવામાં આવ્યો છે. 'વિકાસ' શબ્દની આજુબાજુ બે સંકલ્પનાઓ ચોકી કરતી રહે છે : (પરકેપિટા ઈન્કમ)

(૧) માથાદીઠ વાર્ષિક આવક

(૨) જી. એન. પી. (ગ્રોસ નેશનલ પ્રોડક્ટ)

આ બંને સંકલ્પનાઓ અગત્યની હોવા છતાં ય માનવીય વિકાસનાં બધાં પરિણામો પર એ છવાઈ જાય તે આપણને પાલવે તેવું નથી.

એક અમેરિકન યુગલ કારમાં જઈ રહ્યું હતું. થોડેક ગયા પછી બરફ પડવા લાગ્યો અને ધુમ્મસ છવાઈ ગયું. થોડીવારમાં તો રસ્તો પણ અસ્પષ્ટ દેખાય અવી સ્થિતિ આવી. આટલું ઓછું હોય તેમ વળી કારનું વાઈપર અટકી ગયું. આવી અનેક વિટંબણાઓ વચ્ચે પતિદેવ તો પૂરી ઝડપથી મોટર ચલાવી રહ્યા હતા. પત્નીએ ભારે ગભરાટ સાથે કહ્યું; "ડાર્લિંગ, કાર ધીમે ચલાવ, કશું જ દેખાતું નથી." પતિદેવે થોડીક ઝડપ વધારીને કહ્યું: "Don't worry dear, I want to reach home before we meet with an accident."

ગતિ સાર્થક ત્યારે ગણાય જ્યારે એ યોગ્ય દિશામાં થતી હોય. અવળી દિશામાં થતી ગતિ કરતાં તો અગતિ કદાચ વધારે ઉપકારક બને. ઘણીવાર આપણે 'અપ્રામાણિક' માણસને 'ડાયનેમિક' ગણીને નવાજીએ છીએ એ કેટલું વિચિત્ર છે તે વિચારવા જેવું છે.

વિજ્ઞાન આપણી સામે મેઘધનુષ જેવી મનોહર શક્યતાઓની રંગોળી રચી આપે છે. માત્ર લાંબા આયુષ્યની જ નહીં પણ નિરામય, આનંદમય અને શાંતિમય જીવનની શક્યતાઓને વિજ્ઞાન લગભગ સૂર્યકિરણોની માફક કોઈ જાતના ભેદભાવ વગર દુનિયાને ખૂણે-ખૂણે પહોંચાડી દેવા માટે તત્પર હોય તેમ જણાય છે; પરંતુ નદી કિનારે તરસે મરવાની, બત્રીસ પકવાન પડેલાં હોય તો ય ભૂખે મરવાની અને સાક્ષાત જીવનની સંનિધિમાં મૃતઃપ્રાય બનીને નિસાસા નાખતા રહેવાની આપણી આદત વચ્ચે આવે છે. પરિણામ એ આવે છે કે ઔષધો અને અદ્યતન સારવારનો વિકાસ થતો રહે છે, તો ય રોગનું પ્રમાણ ઘટતું નથી. ગાંધીજીએ ડૉક્ટર કેંકનું એક વાક્ય ટાંકેલું: "હજારો માણસોની દવાખાનાઓ વાટે કતલ થાય છે." આ તર્કને આગળ ચલાવીએ તો સમજાશે કે:

—ઘડિયાળો વધે તે સાથે સમયપાલન વધે એવું ચોક્કસપણે કહી શકાય નહીં.

—યુનિવર્સિટીઓ વધે એટલે સૂક્ષ્મ અને વ્યાપક અર્થમાં શિક્ષણ વધે જ એવું ચોક્કસ પણ કહી શકાય નહીં.

—સગવડો વધે એટલે સુખનું પ્રમાણ વધે જ એવું ચોક્કસપણે કહી શકાય નહીં.

—સુખનું પ્રમાણ વધે એટલે માણસની જીવનની માત્રા કે આનંદની માત્રા વધે જ એવું ચોક્કસપણે કહી શકાય નહીં.

—ઝડપ વધે અને સમય બચે તેથી વધેલા સમયના સદુપયોગની કોઈ ગેરંટી નથી. ક્યારેક તદ્દન નવરા માણસો પણ ચાલ્યા વગર ઉતાવળે કોળિયો ઊતારીને જલદી જલદી જમી લેતાં જોવામાં આવે છે. મૂળ પ્રશ્ન સમયનો નથી પણ સમજનો છે.

આ બધી વાતો કરીને હું એક બાબત પર ભાર મૂકવા માગું છું. વિજ્ઞાનનો વિકાસ થતો રહે તે સાથે આપણે માનવને વધારે ને વધારે કેન્દ્રીયતા (સેન્ટ્રાલિટી) આપવી જોઈએ. એક જમાનામાં ધર્મોએ પણ માનવને આવી કેન્દ્રીયતા ન આપીને માનવીય વિકાસમાં જબરી બાધા ઊભી કરેલી. આ દેશમાં કેટલાંક વૃક્ષો પવિત્ર ગણાયાં, કેટલીક નદીઓ પવિત્ર ગણાઈ, કેટલાક પર્વતો પવિત્ર ગણાયા, કેટલાક પથ્થરો પવિત્ર ગણાયા, કેટલાંક પ્રાણીઓ પવિત્ર ગણાયાં, કેટલાક ગ્રંથો પવિત્ર ગણાયા અને વાત તો ત્યાં સુધી પહોંચી કે કેટલાક મહિનાઓ, દિવસો અને ચોઘડિયાં પણ પવિત્ર ગણાયાં. એ જ દેશમાં માનવ અસ્તિત્વને પવિત્ર ગણવાનો ઈનકાર થયો અને અસ્પૃશ્યતા, શોષણ અને વર્ણભેદોની દ્વારા એને પ્રત્યેક ક્ષણે ખતમ કરવાનો ઉદ્યમ ચાલતો રહ્યો. ધર્મોએ કરેલી ભૂલ હવે વિજ્ઞાન કરવા બેઠું હોય એવો વહેમ છેક પાયા વગરનો નથી. ધર્મને અક્ષીણ સાથે સરખાવીને સામ્યવાદીઓએ પોતાની ક્રાંતિપૂજા ભલે વ્યક્ત કરી. આવી ક્રાંતિપૂજા એ જમાનામાં થોડીક આકર્ષક હતી અને આવશ્યક પણ હતી, પરંતુ આજે કદાચ ટેકનોલોજીના અક્ષીણનું ઘેન ચઢી રહ્યું હોય એમ લાગે છે. આમ માનવને ખીલવા નહીં દેવાનું ધર્મે અધૂરું રાખેલું કામ કદાચ હવે ટેકનોલોજી કરી રહી હોય એવી શંકામાં ભરોભાર પ્રામાણિકતા રહેલી જણાય છે.

અહીં થોડું વિષયાંતર કરીને પણ એક વાત કહેવાની છૂટ લઉં છું. સદીઓથી આપણા દેશમાં ત્રણ મહાસત્તાઓ રાજ કરતી આવી છે:

(૧) જ્ઞાનની સત્તા [Knowlege Power]

(૨) ધનની સત્તા [Money Power]

(૩) લશ્કરની સત્તા અથવા રાજ્ય સત્તા [Military, Power or political power.]

જ્ઞાનની સત્તા બ્રાહ્મણો પાસે હતી, ધનની સત્તા વૈશ્યો પાસે હતી અને દંડશક્તિ ક્ષત્રિયો પાસે હતી. આ ત્રણે વર્ણો દ્વિજ-વર્ણો કહેવાયા. દરિયામાં તરતી હિમશિલાનો મોટો ભાગ પાણીની સપાટીની નીચે રહે એમ શુદ્રો તો આ ત્રણે મહાસત્તાઓ વચ્ચે નીચા જ રહ્યા. બુદ્ધ કરુણાચાર્ય હતા અને મહાવીર અહિંસાચાર્ય હતા. બંનેએ જ્ઞાનની ગંગોત્રી બ્રાહ્મણેત્તર લોકો સુધી પહોંચે તે માટે નવી ભાષાઓ પાલિ અને અર્ધમાગધીઓમાં જ્ઞાનને ઢાળ્યું. આ એક ક્રાંતિ હતી. મહાવીરે અને પછી બુદ્ધે સ્ત્રીઓને નિર્વાણનો અધિકાર આપ્યો. ખરેખરા અર્થમાં આ સ્ત્રીમુક્તિ (Women's lib) ની શરૂઆત હતી. બુદ્ધ અને મહાવીરે બે આચાર પ્રવાહો વહેતા કરેલા:

(૧) શ્રમણાચાર.

(૨) શ્રાવકાચાર.

શ્રાવકનું મોઢું ગૃહસ્થાશ્રામમાં રહ્યા છતાં ય શ્રમ તરફ રહેતું. આ શ્રામણસંસ્કૃતિનો પ્રવાહ ઉપકારક તો બન્યો, પછી બુદ્ધનો ઉપ-દેશ એશિયાના અન્ય દેશોમાં પહોંચ્યો અને આપણા જ દેશમાં એને સુકારો લાગ્યો. શંકરાચાર્ય જ્ઞાનાચાર્ય હતા. એમણે બ્રાહ્મણ સંસ્કૃતિને ફરીથી રાષ્ટ્રીય ફલક પર મૂકી અને હિમશિલાનો ડૂબેલો ભાગ તો ડૂબેલો જ રહ્યો.

મધ્યયુગના સંતોએ એક કામ કર્યું. નરસિંહ, મીરાં, તુકારામ, જ્ઞાનેશ્વર, દાદુ, સુરદાસ, રઈદાસ, તુલસીદાસ, કબીર અને નાનક દેશ પર છવાઈ ગયા. શુદ્રોને એમણે ભક્તિના પ્રવાહમાં બાકાત ન રાખ્યા અને રઈદાસ તો પોતે પણ શુદ્ર જ હતા આમ છતાં શુદ્રોની સ્થિતિ તો પછાત જ રહી. તેઓ ચાકર જ રહ્યા. અંગ્રેજો આવ્યા અને એક ઘટના બની. એમણે સૌને ચાકર બનાવી દીધા. ચારે વર્ણોને એમણે ગુલામ બનાવ્યા તે એટલે સુધી કે સરકારી ચાકર (Government Servant) બનવામાં સૌ ગૌરવ અનુભ-વવા લાગ્યા. ગાંધીજીએ ગુલામી સામે અહિંસક લડત આપી અને માત્ર દ્વિજવર્ણો માટે જ નહીં, પરંતુ બધા માટે સ્વરાજ્યની માગણી કરી, એમનો આદર્શ અંત્યોદયનો હતો, સર્વોદયનો હતો.

આજે પણ સમાજ પર આ મહાસત્તાઓ રાજ કરે છે પણ હવે એ સત્તાઓ દ્વિજવર્ણો પૂરતી સીમિત રહી નથી. હું ભૂલતો ન હોઉં તો જહોન ડાલ્ટને એના આધુનિક ઔદ્યોગિક સમાજ પરના

એક પુસ્તકમાં આજે પણ સત્તા ત્રણ કેન્દ્રોમાં એકઠી થયેલી છે એવું બતાવ્યું છે :

(૧) યુનિવર્સિટીઓમાં જ્ઞાનની સત્તા કેન્દ્રિત થઈ છે. (આ છે નવું બ્રાહ્મણત્વ)

(૨) મોટાં મલ્ટિનેશનલ કોર્પોરેશનો (દા. ત. કોકાકોલા)માં ધનની સત્તા કેન્દ્રિત થઈ છે. (આ છે વૈશ્યનો નવો અવતાર)

(૩) સરકારી નોકરશાહીમાં અને લશ્કરી જૂથો (Military Blocks)માં રાજકીય અને લશ્કરી સત્તાનું કેન્દ્રીકરણ થયું છે. (આ છે નવું ક્ષાત્રિયત્વ)

આ ત્રણ મહાસત્તાઓ દુનિયામાં અકબંધ છે અને 'સરકાર' નામની ઘટનામાં આ ત્રણે સત્તાઓ ભેગી થાય છે. પહેલાં આ ત્રણે સત્તાઓ ભેગી ન હતી, પણ ત્રણ ભાગે વહેંચાયેલી હતી. હવે તો ત્રણે એક જગ્યાએ પણ એકઠી થઈ શકે છે. આ કેન્દ્રીકરણ તેથી વધારે ખતરનાક સાબિત થઈ શકે છે. વિજ્ઞાન પણ ટેકનોલોજી સાથે ભળીને આવું કેન્દ્રીકરણ વધારી રહ્યું હોય એમ લાગે છે. જે સમાજમાં એંસી ટકા લોકો એકંદરે સુખી હોય અને બાકીના ગરીબ હોય ત્યાં કલ્યાણરાજ્ય (વેલ્ફેર સ્ટેટ) ની ભાવના ચાલે, પરંતુ એથી ઊલટી સ્થિતિ હોય એવા સમાજમાં કલ્યાણરાજ્ય દ્વારા છેવાડાના માણસનું ભલું નહીં થઈ શકે.

વિજ્ઞાન જો જ્ઞાનના, ધનના અને દંડશક્તિના વિકેન્દ્રીકરણ સાથે જોડાઈ શકે તો જ માનવને ઊગવાની તક મળે. વિનોબા અણુ-શક્તિથી ચાલતા રેંટિયાની હિમાયત કરે છે. ડૉ. શેઠનાએ તો કહેલું કે ભારતને એક બાજુ આણ્વીએક્ટર અને બીજી બાજુ ગોબર-ગેસ એમ બંનેની ગરજ છે. વિકેન્દ્રીકરણની હિમાયત ગાંધીજીએ કરી તેની પાછળ મૂળે માનવના સ્વરાજ્યનો અને સ્વરાજ્યમાં જ થઈ શકે એવા માનવીય પ્રફુલ્લનનો ખ્યાલ હતો. આણુશક્તિ કે સૂર્યશક્તિ આવા વિકેન્દ્રીકરણમાં મદદરૂપ થઈ શકે તેમ છે. સૂર્ય એ શક્તિના કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણ વચ્ચેના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે. ઈશોપનિષદમાં એને "રશ્મીન્સમૂહ', કહ્યો છે, પરંતુ 'વ્યૂહ' એટલે કે વિભાજનની પ્રાર્થના પણ કરી છે જેથી એ 'પૃથન્' એટલે કે 'પોષક' બની શકે. સૂર્ય પોષક છે કારણ કે તેની સત્તાનું વિકેન્દ્રીકરણ સતત થતું જ રહે છે. વિજ્ઞાન માનવને અમર્યાદ સત્તાઓ આપે છે, પરંતુ એ સત્તા જો મુઠ્ઠીભર માણસોના હાથમાં જ એકઠી થાય તો ભસ્માસુરની વાર્તા ફરી સાચી પડે. જો એમ થાય તો આપણે 'સબ કો સન્મતિ દે ભગવાન' ને બદલે 'રેગન કો, બ્રેઝનેવ કો, ઈન્દિરાજી કો સન્મતિ દે ભગવાન' એવી પ્રાર્થના કરવી પડે!

માનવ ઊગી શકે તે માટે વિજ્ઞાનને વિધ્વંસક નહીં; પરંતુ વિધાયક રસ્તે વાળવું પડશે. આણુશક્તિનો ઉપયોગ બૉંબ માટે નહીં, પરંતુ અંબરચરખો કે રેંટ ચલાવવા માટે કરવો પડશે અને કવિએ કલ્પના કરી છે તે મુજબ તલવારને દાતરડું બનાવવી પડશે; ટેન્કને ટ્રેક્ટરમાં ઢાળવી પડશે. 'વેસ્ટર્નાઈઝેશન' અને 'મોડર્નાઈઝેશન' એ બે પર્યાયવાચી શબ્દો નથી એ વાત પણ આપણે સતત યાદ રાખવી પડશે.

આઈઝેક એસિમોવનું એક અત્યંત અર્થગર્ભ વિધાન છે: "Violence is the last refuge of the incompetent." વિજ્ઞાન દ્વારા આપણને એવું સામર્થ્ય પ્રાપ્ત થાવ કે જેથી હિંસાને શરણે જવું ન પડે.

ઉપસંહાર

માનવીને ઊગવા દેવો હોય તો શિક્ષણ, ધર્મ અને વિજ્ઞાન ત્રણેને એવી રીતે ગોઠવવાં પડશે જેમાં માનવીની કેન્દ્રીયતા (Centrality) જળવાઈ રહે. આ કેન્દ્રીયતા ખોરવાયેલી છે. તેથી બધો વિસંવાદ જોવા મળે છે. આ વિશ્વમાં જે 'કોસ્માલોજીકલ કોન્કોર્ડ' એટલે કે 'પરમ સંવાદ' છે તેને જાળવીને વિકાસ કરવો પડશે. આવા પરમ સંવાદને ખળભળાવી મૂકે તેવા વિજ્ઞાન, ધર્મ કે શિક્ષણ માણસને ઊગવામાં ઉપકારક થઈ ન શકે. 'ટાવરિંગ ઈન્ફર્નો' (સળગતા ટાવર)ની ટોચ પર બેઠેલો માણસ સ્વસ્થ શી રીતે રહી શકે? પરંતુ આપણી વિચિત્રતા ઓછી નથી. જંગલમાં દવ લાગ્યો હોય ત્યારે ય આપણને કાંટાની વાડનું સમારકામ કરવાનું સૂઝે છે!

ત્રણે દિવસ મને પૂરા સમભાવથી સાંભળ્યો અને નિભાવી લીધો તે માટે આપ સૌનો અત્યંત નમ્રતાપૂર્વક આભાર માનું છું.

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬ના અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધ સ્થળ	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪.
૨. પ્રસિદ્ધ ક્રમ	:	દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ	:	ચીમનલાલ જે. શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪.
૪. પ્રકાશકનું નામ	:	ચીમનલાલ જે. શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪.
૫. તંત્રીનું નામ	:	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
કયા દેશના	:	ભારતીય
ઠેકાણું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪.
૬. માલિકનું નામ અને	:	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
સરનામું	:	ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪.

હું ચીમનલાલ ચકુભાઈ શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧–૩–'૮૧ ચીમનલાલ ચકુભાઈ શાહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ માર્ચ, ૧૯૮૧ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૧ : પરદેશ માટે શિલિંગ ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૧

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

અમેરિકા અને રશિયા ઠંડા યુદ્ધ ભણી

[] ચીમનલાલ ચકુભાઇ

રશિયાના સામ્યવાદી પક્ષની મહાસભા (કોંગ્રેસ) પાંચ વર્ષે એક વખત મળે છે. લગભગ ૫,૦૦૦ પ્રતિનિધિઓ દેશભરમાંથી ભાવિ નીતિ અને કાર્યક્રમ નક્કી કરવા મળે છે અને મધ્યસ્થ સમિતિ (સેન્ટ્રલ કમિટી)ની બીજા પાંચ વર્ષ માટે ચૂંટણી થાય છે. દુનિયાના બીજા લગભગ બધા દેશોના સામ્યવાદી પક્ષોના પ્રતિનિધિઓ અને આગેવાનો પણ આ મહાસભામાં હાજરી આપે છે. તેમને માટે એ પ્રસંગ મક્કાની યાત્રા છે. ગયા સપ્તાહમાં આવી કોંગ્રેસની બેઠક મળી. બીજા ૧૦૯ દેશોના પ્રતિનિધિઓ અને આગેવાનો હાજર હતા. બ્રેઝનેવનું પ્રવચન ૩॥ કલાક ચાલ્યું. દેશવિદેશના બધા પ્રશ્નો ઉપર બ્રેઝનેવે મંતવ્યો રજૂ કર્યાં. પ્રવચન દરમિયાન બ્રેઝનેવે કહ્યું :

In many ways, the international situation depends on the policy of U.S.S.R. and U.S.A.

આ વાત મહદંશે સાચી છે. સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે, વિશ્વની આ બે મહાસત્તાઓના સંબંધો ઉપર વિશ્વની શાંતિ કે યુદ્ધનો આધાર રહે છે. તેમના સંબંધોની અસર એક અથવા બીજી રીતે, દુનિયાના લગભગ બધા દેશો ઉપર પડે છે. બન્ને મહાસત્તાઓ દુનિયા જીતવા નીકળી છે. તુમુલ સંઘર્ષ છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બન્ને સાથી હતા. બીજું વિશ્વયુદ્ધ પૂરું ન થયું ત્યાં તો બન્ને વચ્ચે સંઘર્ષ શરૂ થયો. આ ઠંડું યુદ્ધ વર્ષો સુધી ચાલ્યું. ક્રુશ્ચેવે ૧૯૫૬માં સહ-અસ્તિત્વની ભાવના રજૂ કરી પણ તે વખતે આઈઝેન હોવર-ડલ્લસનો યુગ હતો. સામ્યવાદને પડકારવાની અને આગળ વધતો અટકાવવાની અમેરિકાની નીતિ હતી. ૧૯૬૮ પછી નિક્સન–કિસિન્જર જોડીએ આ નીતિ પલટાવી. લગભગ સહઅસ્તિત્વ સ્વીકાર્યું. ચીન સાથે પણ વર્ષો પછી આવી નીતિ શરૂ કરી. કાર્ટરે તે નીતિ ચાલુ રાખી. રીગન આવતાં તેમાં પલ્ટો આવ્યો અને ફરી જાણે ડલ્લસના યુગમાં દાખલ થતા હોઈએ તેવું જણાય છે. નિક્સને રશિયા સાથે આણ્વ શસ્ત્રોની મર્યાદા બાંધતા કરાર કર્યા હતા. તે કરારની મુદત પૂરી થતાં, કાર્ટરે નવા કરાર કર્યા (Salt II) પણ આ નવા કરારને અમેરિકન કોંગ્રેસની મંજૂરી મળે તે પહેલાં, કાર્ટરને વિદાય લેવી પડી. રીગનને આ કરાર મંજૂર નથી. રીગને કહ્યું છે. America should negotiate from a position of strength. શક્તિ બતાવીને વાટાઘાટ કરવી. રશિયાની લશ્કરી તાકાત અમેરિકા કરતાં વધારે ગણાય છે. અમેરિકા હવે તેમાં સરસાઈ મેળવવા માગે છે તેથી રીગન, લશ્કરી ખર્ચ ખૂબ વધારી, બધા ક્ષેત્રે રશિયા કરતાં વધારે તાકાત મેળવવા ઈચ્છે છે. અમેરિકાનો લશ્કરી ખર્ચ લગભગ ૧૧૦ અબજ ડૉલર છે તે વધારી, આ વર્ષે ૧૭૭ અબજ અને પછી વધતા વધતા ૨૨૧ અબજ સુધી લઈ જવાની યોજના કરી છે. પણ માત્ર લશ્કરી ખર્ચ વધારવું એટલું જ નથી. દુનિયામાં સામ્યવાદી વિરોધી જેટલાં બળો છે અને દેશો છે તેમને સહાય કરવી અને દુનિયાભરમાં સામ્યવાદી વિરોધી મોરચો મજબૂત કરવો. તેમ કરવા જતાં, લોકશાહી વિરોધી, સરમુખત્યારી બળો અને સત્તાઓને ટેકો આપવો પડે તેની રીગનને ચિંતા નથી. આનું બીજું પરિણામ એ આવે કે જે દેશો આ સંઘર્ષમાં અમેરિકા સાથે જવા તૈયાર ન હોય તેને પોતાના દુશ્મન ગણવા અને કોઈ પ્રકારની સહાય ન કરવી. Those who are not with us are agrainst us. ડલ્લસની આ નીતિ હતી. નેહરુની બિનજોડાણની નીતિ ડલ્લસ કોઈ દિવસ સમજ્યા નહિ. એટલું જ નહિ, પણ તેને અનૈતિક Immoral. માનતા. રીગનનું પણ કાંઈક આવું જ વલણ છે.

દુનિયાના કેટલાક ભાગોમાં સ્ફોટક સ્થિતિ છે. ત્યાં આવી નીતિનું પરિણામ આ સ્થિતિને વધારે સ્ફોટક બનાવવામાં આવે.

મધ્ય–પૂર્વમાં રશિયાએ અફઘાનિસ્તાન ઉપર આક્રમણ કર્યું છે. કાર્ટરે અને પશ્ચિમ યુરોપના દેશોએ, પ્રતિઆક્રમક થવાને બદલે, સહન કર્યું, રીગન આક્રમક થવા ઈચ્છે છે. પરશિયન ગલ્ફના દેશો તથા હિન્દી મહાસાગરમાં જંગી લશ્કરી જમાવટ કરવા ધારે છે. પરિણામે ઈઝરાઈલ, ઈજિપ્ત, ઈરાક, પાકિસ્તાન અને જોર્ડનને મોટા પ્રમાણમાં લશ્કરી અને આર્થિક સહાય આપવા તૈયાર છે. ઈઝરાઈલ-પેલેસ્ટાઈનનો મામલો સળગતો છે. કાર્ટરે કેમ્પડેવીડ કરારો કરાવી, શાન્તિ સ્થાપવા પ્રયત્ન કર્યો. રીગનને અશાન્તિ થાય તેની ચિંતા નથી. આરબ રાજ્યો સાથે દ્વિધા નીતિ થાય. સાઉદી અરેબિયા એકંદરે અમેરિકા તરફી રહ્યું છે, પણ પેલેસ્ટાઈનના પ્રશ્નને ઈઝરાઈલ વિરોધી છે.

દૂર પૂર્વમાં વિયેટનામ અને કમ્બોડિયા રશિયાના વર્ચસ નીચે છે, ત્યાં અમેરિકા અને ચીન એક થાય છે. કમ્બોડિયામાં પોલ-પોટની સરકારે ભયંકર અત્યાચારો કર્યા છે, છતાં તેને અમેરિકાનો ટેકો છે.

આફ્રિકામાં અંગોલા, મોઝામ્બિક, ટાન્ઝાનિયા, રહોડેશિયા વગેરે દેશોમાં રશિયાનો પ્રભાવ છે એટલે અમેરિકા દક્ષિણ આફ્રિકાના ગોરાઓને ટેકો આપે છે. રાષ્ટ્ર સંઘના અનેક ઠરાવો અને આર્થિક નાકાબંધી છતાં દક્ષિણ આફ્રિકા નામીબિયાનો કબ્જો રાખી બેઠું છે, તેમાં અમેરિકાની સહાનુભૂતિ છે.

વધારે સ્ફોટક સ્થિતિ મધ્ય અમેરિકામાં ઊભી થઈ છે. આ પ્રદેશ અમેરિકાની લાગવગનું ક્ષેત્ર ગણાય છે. પણ ક્યુબા, મેક્સિકો

અને હવે નિકારાગુઆમાં રશિયન લાગવગ ઘણી વધી છે. સાલ્વેડોરમાં ભીષણ આંતરવિગ્રહ ચાલે છે. સરમુખત્યાર સત્તા છે તેની સામે ડાબેરી બળો લડી રહ્યાં છે, તેને ક્યુબા વગેરેનો ટેકો છે. રીગન, જમણેરી સરમુખત્યાર સરકારને ટેકો આપે છે. આ સરકારે ભયંકર અત્યાચારો કર્યા છે અને કન્લેઆમ થઈ છે. પણ તેની ઉપેક્ષા કરી, અમેરિકા, રશિયાની લાગવગ વધતી અટકાવવા, આ સરકારને ટેકો આપે છે. જ્યાં રશિયાની સહાયથી ડાબેરી બળોનું જોર છે. ત્યાં પણ લોકશાહી નથી. કદાચ બેમાં પસંદગી કરવાનું મુશ્કેલ બને.

ખરી કટોકટી પશ્ચિમ યુરોપના દેશોની છે, બ્રિટન, ફ્રાંન્સ, જર્મની, ઈટલી, બેલ્જિયમ વગેરે દેશો અમેરિકાના સાથી છે. રશિયાના આક્રમણ સામે અમેરિકા ઉપર આધાર રાખે છે. પણ બ્રિટન સિવાય, બીજા દેશોને રશિયા સાથે સંઘર્ષ નોતરવો નથી. બ્રિટનનો મિસિસ થેચરનો રીગનને પૂરો ટેકો છે. પશ્ચિમ યુરોપના બીજા દેશોનો રશિયા સાથે વ્યાપાર ઘણો વધ્યો છે અને તે જોખમાવવો નથી. અમેરિકા પાછળ ઘસડાવું નથી છતાં છૂટકો નથી.

આ સંજોગોમાં બ્રેઝનેવે ચાણક્યનીતિ વાપરી. સામ્યવાદી કોંગ્રેસમાં સમાધાનકારી વલણ અપનાવ્યું. રીગનની પેઠે સખત ભાષા વાપરવાને બદલે, મૈત્રી માટે હાથ લંબાવ્યો. એક કાંકરે ઘણાં પક્ષી માર્યાં. રશિયાનું અર્થતંત્ર, બીજા બધા દેશો પેઠે, કથળેલું છે. બ્રેઝનેવ વૃદ્ધ થયા છે અને માંદા છે છતાં બીજા પાંચ વર્ષ માટે તેઓ પ્રમુખ ચૂંટાયા છે. શસ્ત્ર દોટમાં ઉતરવું રશિયાને પોસાય તેમ નથી. રીગન કદાચ એમ માનતા હશે કે તેમના કડક વલણથી બ્રેઝનેવ ગભરાયા છે. બ્રેઝનેવનો ઈરાદો અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશો વચ્ચે ફાટફૂટ પડાવવાનો હોય. છેવટ; દુનિયામાં એમ બતાવવું કે તેઓ શાન્તિચાહક છે અને રીગન યુદ્ધખોર છે, જે કાર્ટરનો આક્ષેપ હતો. પૌલેન્ડનો મામલો હજી ગંભીર છે અને કદાચ રશિયાને દરમિયાનગીરી કરવી પડે તો મોટી જવાબદારી આવે. બ્રેઝનેવે શિખર પરિષદની દરખાસ્ત મૂકી છે અને અણુશસ્ત્રોની મર્યાદા બાંધવા વિચારણા કરવા તૈયારી બતાવી છે. રીગન વિચારમાં પડ્યા છે.

રીગનની મૂંઝવણ પણ ઓછી નથી. અમેરિકાનું અર્થતંત્ર ઘણું કથળેલું છે. ફુગાવો વધતો જાય છે. રીગને જાહેર કર્યું છે કે સીધા કરવેરામાં મોટો કાપ મૂકશે. ત્રણ વર્ષમાં ૨૭ ટકા ઓછા કરશે. છતાં લશ્કરી ખર્ચ વધારવું છે. એટલે સમાજ કલ્યાણ પાછળ થતું ખર્ચ ઘટાડવું પડે અને વિકસતા અને અણવિકસિત દેશોને અપાતી સહાયમાં મોટો કાપ મૂકવો પડે. આ સહાયમાં હવે લાયકાત કે જરૂરીઆતના ધોરણ કરતાં, રાજકીય હેતુ વધારે હશે.

દુનિયાની આ પરિસ્થિતિની ઘેરી અસર આપણા દેશ ઉપર પડ્યા વિના રહે નહિ. આ બધું લખવાનો મારો ઈરાદો આ બાબત લક્ષ દોરવાનો છે. આપણા દેશની આંતરિક, રાજકીય અને આર્થિક સ્થિતિ વણસી છે અને સુધરવાના કોઈ ચિહ્નો નથી. અમેરિકાની આપણા પ્રત્યે કરડી નજર રહેવાથી પાકિસ્તાન અને કેટલેક દરજ્જે ચીનનો ભય ઉપેક્ષા કરવા જેવો નથી. એકલા રશિયા ઉપર આધાર રાખવાનો રહે. આપણે પણ લશ્કરી ખર્ચમાં આ વર્ષે ૮૦૦ કરોડ રૂપિયાનો વધારો કરવો પડ્યો છે. આવો આર્થિક બોજો આપણે માટે અસહ્ય છે. દુર્ભાગ્યે સબળ અને પ્રજાને વિશ્વાસ પડે એવી નેતાગીરી રહી નથી. વિઘાતક બળો વધતા જાય છે.

અમેરિકા અથવા રશિયા કોઈને યુદ્ધ જોતું નથી, પોસાય તેમ નથી. પણ શસ્ત્રો ખડકયે જાય અને ધુરકયા કરે તો કયારે અચાનક ભડકો ન થાય તેનું કહેવાય નહીં. હવે પછીનું યુદ્ધ આણ્વયુદ્ધ જ હશે, અતિવિનાશકારી થશે.

ઠંડું યુદ્ધ શરૂ થઈ ગયું છે અને વધતું છે. પરિસ્થિતિ ખરેખર ચિંતાજનક છે ત્યારે આપણે માટે ક્ષુદ્ર સ્વાર્થોમાં ડૂબી જવું ઘાતક છે. પણ અત્યારે તે જ થઈ રહ્યું છે. લાંબો વિચાર કરવાની કોઈને પડી નથી. આમજનતા લાચાર છે.

૧૦-૩-૧૯૮૧

દેશ અને દુનિયા

પ્રિય મુ. ચીમનભાઈ,

અલિપ્ત રાષ્ટ્રોના વિદેશમંત્રીઓની દિલ્હીમાં મળેલી પરિષદનું નિમિત્ત લઈને 'દેશ અને દુનિયા'ના શીર્ષક નીચે વર્તમાન પરિસ્થિતિ વિશે 'પ્રબુદ્ધ જીવન'માં તમે જે વેદના ઠાલવી છે તે યથાર્થ છે. પૃથ:કરણ પણ અસરકારક છે. એક નાનો હકીકતદોષ થયો છે તે તરફ ધ્યાન ખેંચું છું. અલિપ્ત દેશોની પ્રથમ પરિષદ 'બાંડુગમાં થઈ અને તેને આકાર અપાયો' એમ તમે જણાવ્યું છે તેમાં ક્ષતિયુક્ત થયેલી છે. ઈન્ડોનેશિયાના બાંડુગમાં જે પરિષદ થયેલી તે 'અલિપ્ત રાષ્ટ્રો'ની નહોતી એ પરિષદ ૧૯૫૫ના એપ્રિલમાં થયેલી અને તે 'આફ્રો-એશિયાઈ પરિષદ' હતી. ભારતના પ્રયત્નથી ચીન કદાચ પહેલી જ વાર આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા તૈયાર થયું હતું. આ પરિષદમાં સંયુકત રાષ્ટ્ર સંસ્થાની માનવ હક્કો અંગેની ઘોષણાનું સમર્થન કરવામાં આવ્યું હતું. ચીનના વિરોધ છતાં આવો ઠરાવ થયો હતો. સ્વ. જવાહરલાલજીના પ્રયત્નનું આ ફળ હતું. 'અલિપ્ત રાષ્ટ્રો' આ શબ્દપ્રયોગ બરાબર નથી. ખરેખર તેને બિનજોડાણવાદી કહી શકાય. નેહરુ-નાસર-ટીટો કોઈ અલિપ્ત રહેવા માગતા નહોતા. દુનિયાના બધા પ્રશ્નોમાં રસ લેતા હતા અને અભિપ્રાયો પણ ઉચ્ચારતા હતા. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા અને રશિયાના વડપણ નીચે જે સત્તા જૂથો રચાયાં તેનાથી દૂર રહી ઠંડા યુદ્ધથી જગતને બચાવવા માટેનું જે સંગઠન થયું તે બિનજોડાણવાદી દેશોનું હતું. આને વ્યવસ્થિત આકાર અપાયો ૧૯૬૧માં. અને તે યુગોસ્લાવિયાના પાટનગર બેલગ્રેડમાં. એ વખતે છેલ્લામાં છેલ્લું નિમિત્ત એ હતું કે રશિયાએ આણુ બોમ્બના કરવા માંડેલા પ્રયોગનું. બેલગ્રેડની પહેલી જ પરિષદમાં આણુબોમ્બના પ્રયોગો અંગે ચિંતા વ્યકત કરવામાં આવી હતી. દિલ્હીમાં હમણાં બિનજોડાણવાદી દેશોના વિદેશપ્રધાનોની જે પરિષદ થઈ એમાં આવી પ્રવૃત્તિને વીસ વર્ષ પૂરાં થયાં હોવાની જે જાહેરાતો થતી હતી તે તેની સ્થાપના ૧૯૬૧માં થઈ હતી તે કારણે. આ પહેલી પરિષદમાં બે સામ્યવાદી દેશો-રશિયા અને યુગોસ્લાવિયા વિધિસર રીતે જુદા પડયા એમ કહી શકાય. બીજો એક મુદ્દો સ્પષ્ટ કરવા જેવો એ છે કે બિનજોડાણનો વિચાર વહેતો મૂકી તેને દૃઢ કરનાર સ્વ. જવાહરલાલ નહેરુ હતા અને આજે શ્રીમતી ઈન્દિરા ગાંધી વધુ પડતાં આગળ દેખાય છે છતાં તે બંનેએ અનેકવેળા જાહેર કર્યું છે કે તેઓ આ પ્રવૃત્તિના અગ્રણી નથી, નેતા નથી. આ બાબતની પ્રથમથી જ કાળજી રાખવામાં આવેલી છે.

'દેશ અને દુનિયા' લેખ માટે અભિનંદન.

તમારો,

મોહનલાલ મહેતા

ગુજરાતનું આંદોલન પાછું ખેંચવા અગ્રણી નાગરિકોની અપીલ

ગુજરાતમાં ચાલતા અનામત વિરોધી આંદોલન અંગે ભૂતપૂર્વ વડા પ્રધાન મોરારજી દેસાઈ, જાણીતા તબીબ ડો. શાંતિલાલ જે. મહેતા, નામાંકિત ધારાશાસ્ત્રી નાની પાલખીવાલા અને આગેવાન તત્ત્વચિંતક ચીમનલાલ ચકુભાઈ શાહ સહિતના મુંબઈ શહેરના અગ્રણી નાગરિકોએ ચિંતા વ્યકત કરી છે અને આ મડાગાંઠ ઉકેલવા તત્કાળ વાટાઘાટો હાથ ધરવા ગુજરાત સરકારને અપીલ કરી છે.

એક અખબારી યાદીમાં આ અગ્રણીઓએ જણાવ્યું છે કે ગુજરાતમાં અનામત બેઠક વિરોધી આંદોલને હિંસક વળાંક લીધો છે અને અત્યાર સુધીમાં ૩૦ માણસોનો ભોગ લેવાયો છે. એથીયે વધુ ચિંતાજનક બાબત એ છે કે આંદોલન આખાયે રાજ્યમાં પ્રસર્યું છે અને સમાધાનના પ્રયત્નો નિષ્ફળ ગયા છે. બંને પક્ષના જહાલ પક્ષે કેટલાક વિસ્તારોમાં ઝનૂની સામનો કરી પરિસ્થિતિ વધુ વિકટ બનાવી છે. આંદોલનની અસર અન્ય રાજ્યોમાં તથા જુદાં જુદાં ક્ષેત્રોમાં પણ જણાવા માંડી છે. આ ફકત ગુજરાતના જ નહીં પણ સમગ્ર દેશના નાગરિકો માટે ચિંતાની બાબત છે.

ગાંડપણના મોજાએ સાર્વજનિક હિંસાનું વાતાવરણ સર્જ્યું છે. હિંસાનો આશરો લઈને કોઈ સમસ્યા ઉકેલી શકાય નહીં. હિંસા તો માત્ર ધિક્કાર ફેલાવે છે અને રાષ્ટ્રીય એકતાને કથળાવી નાંખે છે. નિવેદન વધુમાં જણાવે છે કે આ સમસ્યા એવી નથી કે તે સતત આંદોલનથી કે હિંસક દેખાવોથી કે પોલીસ અને કાયદો તથા વ્યવસ્થાનાં બીજાં સાધનોના વ્યાપક ઉપયોગથી ઉકેલી શકાય. વળી આંદોલન માટે આ કે તે જૂથ ઉપર દોષ ઢોળીને સમાજમાં વધુ ભેદભાવ ઊભા કરવાનું પણ ટાળવું જોઈએ. પ્રશ્ન એવો જટિલ છે કે તે શાંતિપૂર્ણ સમાધાનના વાતાવરણમાં જ ઉકેલી શકાય. જો વિદ્યાર્થીઓ અને જુનિયર ડોકટરો આંદોલન પાછું ખેંચી લે અને સરકાર આ અનામત બેઠકો સામે આંદોલન કરવા માટે પકડાયેલા બધાને છોડી મૂકે તો જ આ બની શકે. જ્યારે આખો સમાજ વિભાજિત હોય ત્યારે સતત આંદોલન કે સરકાર દ્વારા બળનો ઉપયોગ પરિસ્થિતિને વધુ વણસાવવાનું જ કામ કરે.

ઓ સંતાપની વાત છે કે વિદ્યાર્થીઓએ અસ્પૃશ્યતા સામેની રાષ્ટ્રની ઐતિહાસિક લડત પ્રત્યે કે હરિજનો કે આદિવાસીઓનો સામાજિક અને આર્થિક દરજ્જો ઊંચો ચડાવવાના પ્રયત્નો પ્રત્યે બેપરવાઈ નથી બતાવી. આ પરિસ્થિતિમાં આખરીનામાને બદલે સમાન ભૂમિકા શોધવાનો પ્રયત્ન જરૂરી છે અને આવી ભૂમિકા આજે ઝઘડી રહેલાં વિવિધ જૂથો વચ્ચે હજી સદ્‌ભાગ્યે અસ્તિત્વમાં છે.

અંતમાં તેઓએ ગુજરાતના તબીબી અને અન્ય વિદ્યાર્થીઓને આંદોલન મોકૂફ રાખવાની અને સરકારને એવી મોકૂફી માટે યોગ્ય વાતાવરણ સર્જવાની અને આ મડાગાંઠમાંથી રસ્તો કાઢવા માટે તાત્કાલિક વાટાઘાટો શરૂ કરવાની હાર્દિક અપીલ કરી છે.

આ નિવેદનમાં સહી કરનારાઓમાં ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈ, ડો. શાંતિલાલ જે. મહેતા તેમજ સર્વશ્રી એન. એ. પાલખીવાલા, ચીમનલાલ ચકુભાઈ શાહ, ડો. આલુ દસ્તુર, ગોવિંદજી શ્રોફ, વાડીલાલ ડગલી, જે. વી. પટેલ, નરેન્દ્ર પી. નથવાણી ડો. ઉષા મહેતા, યશવંત દોશી, હરીન્દ્ર દવે, જેહાન દારૂવાલા, રામુ પંડિત, ડો. ઓ. ટી. સામાણી વગેરેનો સમાવેશ થાય છે.

એક પત્ર

અનામત બેઠક

આ. મુ. ચીમનભાઈ,

'પ્રબુદ્ધ જીવન' મળ્યું. આપના તટસ્થ અને સ્પષ્ટ મંતવ્યો વાંચવાનો હંમેશાં આનંદ આવ્યો છે. માર્ચ ૧લીના અંકમાં અનામત બેઠકો અંગેનો લેખ વાંચ્યો. અનામત બેઠકો અંગેના આપના વિચારો હવે પછી લખશો તેમ જણાવ્યું છે. એમાં આપનું તટસ્થ અને સ્પષ્ટ અવલોકન હશે જ પણ આ લેખમાં અમદાવાદના ડો. મિત્રે જે દલીલો કરી છે તે અંગે થોડું કહેવાનું મન થાય છે. આપને માટે આ વિગતો કંઈ ખાસ નવી નહીં હોય માત્ર હું કેટલુંક કહેવાની ઈચ્છા રોકી શકતી નથી તેટલા પૂરતું લખું છું.

તેમની એક દલીલ છે. 'આ સમાનતાનો યુગ છે.' કબૂલ છે. સમાનતા તે અર્વાચીન યુગનું લક્ષણ જરૂર છે. પણ સમાજમાં આ સમાનતા છે ખરી? આજે વીસ વર્ષથી હું ગામડામાં કામ કરું છું અને જે અનુભવ્યું છે તે જણાવું છું. ગામડામાં આજે ય હરિજનોની સ્થિતિમાં ખાસ કંઈ ફરક પડયો જોતા નથી. સમાજની આ ખાઈ પૂરવા માટે જ અમે કોસ્મોપોલીટીન છાત્રાલયો ચલાવીએ છીએ. અમારે ત્યાં સારી રીતે તૈયાર થયેલા સંસ્કારી હરિજનોને પણ ગામમાં કે શહેરમાં હરિજનવાસ સિવાય ઘર મળતું નથી. ગામડામાં તો મધ્યયુગની બધી જ વાડો હરિજનોએ પાળવાની જ હોય છે. કોઈ રોગચાળો કે કુદરતી પ્રકોપ વખતે આજે પણ હરિજનો પર આળ ચડાવી તેમને ઢોર માર મારવામાં આવે છે. તાલુકા શિક્ષણ સમિતિના પ્રમુખ તરીકે મેં કામ કરેલું ત્યારે એટલો કડવો અનુભવ થયો છે કે જે કદી ભૂલાતો નથી. સારામાં સારા હરિજન શિક્ષકને ગામમાં કોઈ સવર્ણ મકાન આપે જ નહીં. ગામમાં હરિજનવાસના તદ્દન કંગાળ મકાનમાં તેને રહેવું પડે. એટલું જ નહીં, તે મકાન તૂટી જાય તો તે શિક્ષક ગામ બદલે પણ સવર્ણ સમાજ તેને પોતાના મકાનમાં થોડા સમય માટે પણ આશરો ન જ આપે. જે શિક્ષકની બદલી વખતે ગામ, "સારો શિક્ષક છે, ન બદલશો." તેમ કહેવા આવે તે જ ગામ તેને મકાન ન આપે. તેટલું જ નહીં તે શિક્ષક ગામમાં કોઈ સવર્ણનો ઉંબરો પણ ન ચડી શકે - પાણીના ખ્યાલની તો વાત જ શી? - મકાનના આ ત્રાસે શિક્ષક મોટું ગામ માગે. શું કામ? કહે કે ત્યાં મુસ્લિમ અને ખોજા ભાઈઓ મકાન આપશે. આ વાત સંભારતા આજે પણ શરમથી ઊંચું જોવાતું નથી. હિંદુને હિંદુ નહીં મુસલમાનો, ખોજા, ખ્રિસ્તીઓ મકાન આપે. આ છે આપણી સમાનતા!! સમાનતાની વાત આપણને ત્યારે જ શોભે જ્યારે આપણે સામાજિક સ્તરે બધી સમાનતા આપવા તૈયાર હોઈએ. આર્થિક સ્તરે સમાનતા તો આવડી મોટી વસતિને કયારે આપી શકીશું તે તો ઈશ્વર જાણે, પણ સામાજિક સ્તરે સમાનતા આપવામાં તો માત્ર આપણા અંતરની આડશો તોડવાનો - આપણા અંતરમાં કરુણા જગાડવાનો જ પ્રશ્ન છે. જે આજે દોઢસો વર્ષથી સામાજિક સુધારાની હીલચાલ છતાં થયું નથી. તેનો દોષ આપણા સિવાય કોઈને શિરે નાખવાનો અર્થ નથી. દારૂ કે માંસાહાર કે અસંસ્કારી રીતભાતના, બહાના નીચે છટકબારી શોધવાનો પણ અર્થ નથી. સવર્ણ સમાજમાં આમાનું કશું નથી, તેમ કોઈ કહી શકે તેમ છે? અસંસ્કારીને તિરસ્કારીને તો સંસ્કારી બનાવાતા નથી. અન્યાયનું કંઈ પણ દુઃખ હોય તો પહેલાં આ અન્યાય દૂર કરવા શકિત ખરચવી જોઈએ. એ અન્યાયની સરખામણીમાં અનામતમાં થોડો પણ અતિરેક કે દોરાવા ગેરલાભ કંઈ જ હિસાબમાં નથી.

બીજી દલીલ એવી છે કે ભૂતકાળના અન્યાયનો બદલો વર્તમાનમાં ન લેવાય. બદલો લીધો કયારે કહેવાય? જે તિરસ્કાર ઓછામાં ઓછા પાંચ હજાર વર્ષથી કરાયો છે. તેવો જ તિરસ્કાર દલિત વર્ગ આપણા તરફ આચરે તેવો કોઈ બંધારણીય હક્ક અપાતો હોય તો બદલો લીધો કહેવાય. એક મોટા ઢગમાંથી એક ચપટી જેવી અનામત બેઠકો એ શું બદલો છે? શબ્દની માયાજાળ રચી આપણે મિથ્યા તર્ક લડાવીએ છીએ. આર્થિક કંગાલિયત કષ્ટદાયક છે. પણ તે સાથે સામાજિક તિરસ્કાર તો અનેકગણો વધારે કષ્ટદાયક છે. સળગતી ભઠ્ઠીમાં પણ મૂકયા જેવો તે અનુભવ આપણને થતો નથી તેથી આપણી ચામડી ચચરતી નથી અને તેથી આપણામાં પ્રાયશ્ચિતની ભાવના આવતી નથી. નહીં તો જે સમાજ આટલા તિરસ્કાર પછી અને જે જમાનામાં ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાથી અઢળક લાભ મળતા હતા તે જમાનામાં પણ હિંદુ ધર્મને વળગી રહ્યો તે ઋણભાવ પણ આપણને આ હદે જવા ન પ્રેરત. જે લોકો આજ તિરસ્કારથી મુસ્લિમ થઈ ગયા તેનું પરિણામ અંતે તો દેશના ટુકડામાં આવ્યું. ઈતિહાસનો કંઈ જ બોધપાઠ આપણે નહીં લઈએ ?

બાપદાદાનું દેવું ફેડે તે સપુત ગણાયો છે. તેમાંથી છટકે તે કપુત ગણાયો છે. દેવું હસતે મોઢે ફેડવું તે ધર્મ છે - આધર્મ નથી. અનામત તો મામૂલી પ્રાયશ્ચિત છે. સાચું પ્રાયશ્ચિત સામાજિક સ્તરે સંપૂર્ણ સમાનતા આપવાની આપણી ખરા દિલની તત્પરતા છે. તે કરીએ તો અનામતની જરૂર જ નહીં રહે અને કોઈ રાજકીય કાવાદાવા તે રાખવા ધારતા થશે તો આંદોલન દ્વારા તેનો રસ્તો નીકળશે. આજે તો આ આંદોલન શરમજનક છે. તેના અતિરેક દૂર કરવાની સરકારે બાહેંધરી આપી છે. વાટાઘાટ માટે દ્વાર ખુલ્લા રાખ્યા છે. તે પછી પણ બધા સ્તરેથી અનામત જવી જોઈએ એવું વલણ અત્યંત ખેદજનક છે. રચનાત્મક કાર્યકરો શાંતિસેનાના સર્વોદય કાર્યકરો બધાના પ્રયત્ન પછી આ આંદોલન લંબાવવા પાછળ પરીક્ષા ન લેવાય તેવા ઈરાદાની ગંધ આવે છે તેથી તે વધારે શરમજનક બને છે.

કદાચ આપનો સમય નિરર્થક લીધા જેવું લાગે તો ક્ષમા આપશો, પણ ગામડામાં રહી કામ કરતાં જે અનુભવ્યું તેને વાચા આપવી તે ધર્મ છે તેમ લાગ્યું તેટલા પુરતું લખ્યું છે.

આનામત અંગે આપના વિચારો જાણવા આતુર છું.
કુશળ હશો.

ગ્રામદક્ષિણામૂર્તિ
લોકશાળા.
તા. ૧૧-૩-૧૯૮૧.

-મૃદુલાના પ્રણામ
[મૃદુલા પ્ર. મહેતા]

પ્રાકૃત ભાષા અને સાહિત્ય વિશે અજ્ઞાનતા કે ઉદાસીનતા?

સંસ્કૃત તેમ જ પ્રાકૃત ભાષા (કાળાનુક્રમે વિકાસ પામતી અનેક પ્રાકૃતોમાં પ્રગટ થયેલ) ભારતવર્ષના મૂળ ધર્મોની અને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ભાષાઓ રહી છે. આ બન્ને ભાષાઓમાં વિવિધ પ્રકારના સાહિત્યનું સર્જન થયું. પ્રારંભિક કાળમાં તો ધાર્મિક સાહિત્યનું સર્જન થયું પણ સમય જતાં લોકભોગ્ય સાહિત્યની રચના બહુ લાંબા કાળ સુધી થતી રહી. સંસ્કૃત સાહિત્યની મહત્તા સૌ કોઈ જાણે છે પણ પ્રાકૃત સાહિત્યની મહત્તા અને તેની ઉપયોગિતા વિષે આપણામાં હજુ સ્પષ્ટતાનો અભાવ જણાય છે. આપણી ધારણા એમ જ રહી છે કે પ્રાકૃતમાં માત્ર ધાર્મિક સાહિત્ય જ છે; જેમાં માત્ર દૈનિકવ્રત, આચાર અને ધાર્મિક વિધિ-વિધાનોનું નિરુપણ છે, પણ ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધિ અને ભારતના ગૌરવમાં પ્રાકૃત સાહિત્યનો જે મોટો ફાળો છે તે વિષે હજુ આપણે બહુ જાણતા નથી.

વિવિધ પ્રાકૃત ભાષાઓમાં કથા, મહાકથા, કાવ્ય, મહાકાવ્ય, પુરાણ, મહાપુરાણ, ચરિત, નાટક, વ્યાકરણ, છંદ તકનીકી, ચિકિત્સા, લક્ષણશાસ્ત્ર, રાજનીતિ, અર્થશાસ્ત્ર વગેરે બધા પ્રકારના સાહિત્યની રચના થયેલી છે. તેમાં ભારતીય લોકજીવનનું જે જીવંત દર્શન થાય છે એ એની ખાસ વિશેષતા છે. તે દૃષ્ટિએ પ્રાકૃત ભાષા અને સાહિત્યનું પોતાનું આલાયદું મહત્ત્વ છે. એ સિવાય ભારતની બધી આધુનિક આર્ય ભાષાઓના શબ્દભંડોળની સમૃદ્ધિમાં અને રૂપ-રચનાના વિકાસમાં પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓનું મૌલિક પ્રદાન રહ્યું છે. આટલી બધી મહત્ત્વપૂર્ણ ભૂમિકાવાળી અને છેક ઈ. સ. પૂર્વે ૬૦૦થી ઈ. સ. ૧૫૦૦ સુધી એટલે કે બે હજાર વર્ષનું આયુષ્ય ધરાવતી પ્રાકૃત ભાષામાં સંશોધન માટેનું ક્ષેત્ર બહુ વિસ્તૃત છે અને તેના મૂળ સાહિત્યના પ્રકાશન માટે તો ઘણો અવકાશ છે, તેથી પ્રાકૃત ભાષા અને સાહિત્યના અધ્યયન અને સંશોધનને પ્રોત્સાહન મળે તે યોગ્ય લેખાશે. વળી, પ્રાકૃત સાહિત્યમાં જૈનોનું પ્રદાન અગ્રસ્થાને હોવાને કારણે તેઓએ તો આ કાર્યમાં વધારે રસ દાખવવો જોઈએ. જેમ જેમ પ્રાકૃત ભાષા અને સાહિત્યનું મહત્ત્વ સમજાયું છે તેમ તેમ વધારે ને વધારે યુનિવર્સિટીઓમાં પ્રાકૃતના અધ્યયન માટે સગવડો વધતી જાય છે અને સંશોધન કેન્દ્રોની સંખ્યામાં પણ વધારો થતો જાય છે. વળી પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યની સમૃદ્ધિમાં ગુજરાત અને રાજસ્થાનનો બહુ મોટો ફાળો રહ્યો છે તેથી આ બન્ને રાજ્યોમાં અધ્યયન અને સંશોધન માટે ઘણું વિસ્તૃત ક્ષેત્ર છે. સામગ્રી વિપુલ છે. લાખોની સંખ્યામાં હસ્તપ્રતો ગ્રંથભંડારોમાં પડેલ છે તેથી તે તે ક્ષેત્રમાં કાર્ય માટે ઘણો અવકાશ છે. એ સિવાય પ્રાચીન ગુજરાતી અને રાજસ્થાનીમાં પણ સંશોધન માટે વિપુલ સામગ્રી છે. આવી જે અનેક કૃતિઓ અસંપાદિત અવસ્થામાં પડી છે તે માટે પ્રાકૃત અને અપભ્રંશનું જ્ઞાન જરૂરી છે. એટલે પ્રાકૃત ભાષાના અભ્યાસને પ્રોત્સાહન મળે એવા જાતજાતના ઉપાયો કરવાની જરૂર છે. માટે પ્રાકૃત ભાષાનું અધ્યયન છેક માધ્યમિક શાળાથી શરૂ થાય તો જ ઉચ્ચસ્તરીય અધ્યયનને પ્રોત્સાહન મળશે. તેમ થવાથી પ્રાકૃત સાહિત્ય આપમેળે પ્રકાશમાં આવશે અને અનેક ભંડારોમાં સંગૃહિત અમૂલ્ય પ્રાકૃત અને જૈન સાહિત્યિક રચનાઓનો ઉદ્ધાર થશે. તે માટે માધ્યમિક શાળાઓમાં વર્ગ ધરાવતા મહાનુભાવોએ આ કાર્યમાં રસ દાખવવો જોઈએ.

અત્યાર સુધી પ્રાકૃત પ્રત્યે જે ઉપેક્ષા ભાવ છે તેને બદલવાનો પ્રયત્ન કરીએ. ભારતીય સંસ્કૃતિમાં પ્રાકૃતનું પણ એક અગત્યનું પ્રદાન છે તે જનતાની સામે મૂકીએ. આ સાહિત્યનું ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વ વિદેશી વિદ્વાનોને પણ સમજાયું છે, તેથી જર્મની, ફ્રાંસ, બ્રિટન, ઈટલી, જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, રશિયા વગેરે દેશોમાં પ્રાકૃતનું અધ્યયન અને સંશોધન પ્રચુર માત્રામાં ચાલે છે તે નોંધપાત્ર ગણાય. આ મહત્ત્વના કાર્ય માટે આપનો સહયોગ મળે એવું અમે ઈચ્છીએ છીએ. આ કાર્યની સફળતા માટે જાતજાતની શિષ્યવૃત્તિઓ અને સાહિત્યના પ્રકાશન માટે સ્થાયી ભંડોળ ઊભું કરવા આપ બધાંને મારી આગ્રહભરી વિનંતી છે. સાથે સાથે પ્રાકૃત પ્રત્યે પ્રેમ વધે એ માટે માધ્યમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ અનિવાર્યરૂપે ભણાવવામાં આવતી એક પ્રાચીન ભાષા તરીકે પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરે એવી અમારી આપ સૌને ભલામણ છે. પ્રાકૃતના અધ્યયન માટે માધ્યમિક શિક્ષણની ભૂમિકા સુદૃઢ ન થાય ત્યાં સુધી સરળતાથી એનો વિકાસ પોતાની મેળે થવો બહુ અઘરો છે, એમાં શંકાને કોઈ સ્થાન નથી અને તે માટે આપ સહુનો સહયોગ પ્રાર્થીએ છીએ.

-ડો. કે. આર. ચન્દ્ર
અધ્યક્ષ, પ્રાકૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી
અને માનદ્ મંત્રી, પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડ,
૭૭/૩૭૫, સરસ્વતી નગર, અમદાવાદ-૧૫.

☆ "અંતરની સુવાસ" ☆

★ વિપિન પરીખ

નાના હતા ત્યારે સ્કાઉટમાં ભાગ લેતા હતા, તે યાદ આવે છે? ત્યારે રસ્તામાં કોઈ એક વૃદ્ધ નારીને આંગળી પકડી સામી ફૂટપાથ પર પહોંચાડતાં. આજે મુંબઈ જેવા શહેરમાં વૃદ્ધ નર-નારી મુશ્કેલીથી રસ્તો માંડમાંડ પસાર કરે છે ને આપણે જોયા જ કરીએ છીએ. આપણે મોટા થયા, કશું જ સ્પર્શતું નથી. બસમાં, ટ્રેનમાં કે રસ્તા ઉપર, ના જીવનની યાત્રામાં આપણી જાતને જ સાચવતા ફરીએ છીએ. બીજા તરફ લક્ષ આપવાનું હવે સૂઝતું નથી. પરવડતું નથી.

આ આપણને શું થયું છે? આપણે જાણે હૈયું જ ગુમાવી બેઠા. સંસ્કૃત સાહિત્યમાં માણસની આંખને, એના હોઠને ફૂલ સાથે સરખાવવામાં આવે છે. બુદ્ધનો ચહેરો યાદ આવે છે? એની આંખોમાં કેટલી કરુણા, કેટલી મૃદુતા. ફૂલની ઉપમા પણ જાણે ઓછી પડે! આપણા ચહેરા આજે ફૂલ સાથે સરખાવવા જેવા નથી રહ્યા. આપણી આંખો કાચની થઈ ગઈ છે. હૈયાં પથ્થરનાં!

ભતૃહરિએ સંતોના હૃદયને ચંદનના વૃક્ષ સાથે સરખાવતાં હજારો વરસ પહેલાં પૂછ્યું હતું, "સંતોને આ સુવાસ આપવાનો ઉપદેશ કોણે આપ્યો?" પશ્ચિમી ઝાકમઝાળ, સુખ-સાહ્યબી ત્યજી દૂર આફ્રિકાના જંગલમાં જાતને હોમી દેનાર આલ્બર્ટ સ્વાઈટ્ઝર "Reverance for life - રેવરન્સ ફોર લાઈફ" જીવ માત્ર માટે આદર, કરુણાની વાત કરે ત્યારે આશ્ચર્ય નથી થતું?" આ જ વાત મહાવીરને કોણે શીખવી હશે? વાત માત્ર કીડી, મંકોડા કે ફૂલપાનની જ નથી. વાત તો સૌ ધબકતાં હૈયાંની – વહેતા જીવનની 'લાઈફ ઈટસેલ્ફ- Life itself.'ની કદર કરવાની છે. રામકૃષ્ણ પરમહંસ નદીને બીજે કાંઠે એક માછીને સોટીથી મારતો જોય છે, ને આકુળવ્યાકુળ થઈ ઊઠે છે. પરજીવને મરાતા ફટકા એમની જ પીઠ ઉપર સોળ પાડે છે. હૈયું રડી ઊઠે છે. પરકાયા પ્રવેશ સંતોને માટે સહજ હોય છે. તો પોતાની હત્યા કરવા આવનાર દેવદત્તને ક્ષમા આપતા બુદ્ધ કે પોતાના પર બોંબ ફેંકનારને માફ કરતા ગાંધી એમના હૃદયની સુવાસને આપણે કેવી રીતે મૂલવશું? સદીઓ પહેલાં લોકો જ્યારે એક માર્ગ ભૂલેલી સ્ત્રીને પથરા મારવા તૈયાર થયા હતા, ત્યારે ઈશુએ કેટલી કરુણાથી એ નારીને કહ્યું હતું, 'Go and sin no more.' 'ગો એન્ડ સીન નો મોર' એમના વાક્યોમાં જીવનનો મર્મ ન હોત તો આજે હજારો વરસો પછી એ વાક્યોમાં આટલી મહેંક રહી હોત ખરી?

મોટી મોટી વાતો કે ઘટનાઓમાં નહીં, આ સંતોનું હૃદય નાની શુલ્લક લાગતી ઘટનામાં પણ પોતાની સુવાસ ફેલાવતું હોય છે. નહીં તો પોતે ચા ન પીનારા મહાત્મા મહાદેવભાઈ કે વલ્લભભાઈએ ચા પીધી કે ન પીધી તેનો બરાબર ખ્યાલ રાખે અને પોતે જાતે બનાવીને પાય એ કેવી રીતે બને? એ ચા-કોફી ન પીવા વિષે લાંબુ-લચ્ચ લેકચર નથી આપતા. એમની નબળાઈ મોટા મનથી સ્વીકારી લે છે. તો મને યાદ આવે છે. વરસો પહેલાં હું મારી બા, પત્ની સાથે સુરત જતો હતો ત્યારે ડીલક્ષમાં એ જ ડબ્બામાં સ્વામી આનંદ સાથે થઈ ગયેલા. હું તેમની સાથે વાતો કરું. મને અનેક લોભ! પરંતુ થોડીવાર પછી મને તેઓ કહે, "તમે તમારા બા–પત્ની સાથે બેસો, એ લોકો એકલાં પડી જશે." મારા કુટુંબીઓની પણ કેટલી દરકાર? પોતે એકલા જીવ અને છતાં પોતાને ત્યાં આવનાર સૌની સગવડ-અગવડનો બરાબર ખ્યાલ રાખે. પ્રેમથી ભર્યાભર્યા હૃદય વિના આ શક્ય થાય ખરું?

વરસો પહેલાં એક ૨૨-૨૫ વરસનો છોકરડો વિદ્યાર્થી કૃષ્ણમૂર્તિને મળે. પ્રશ્નો પૂછે. કૃષ્ણમૂર્તિ હસતે મુખે ઉત્તર આપે. વાત પૂરી થયા પછી એ છોકરાના ખભા પર ખૂબ પ્રેમથી હાથ મૂકે છે. એ હાથની ઉષ્મા આજે પચીસ વરસ પછી પણ હું નથી ભૂલી શકતો. સંતોનું હૃદય અમના હાથમાં સ્પર્શમાં આવીને વસે છે ને! કૃષ્ણમૂર્તિની વાત કરી એટલે મને યાદ આવ્યું. બનારસમાં એક મુલાકાતી એમને મળવા આવ્યા, ત્યારે ગુલાબના ફૂલની પાંદડી ફરસ પર એ ભાઈથી વેરાઈ ગઈ, ત્યારે કૃષ્ણમૂર્તિએ પોતે જ નીચા નમી એ બધી પાંદડીઓ ખૂબ મમતાથી હાથમાં લઈ લીધી. પગ નીચે કચરાવા ન દીધી. અર્નેસ્ટ હેમિંગ્વેને મળવા આવનાર ખબરપત્રી ભૂલથી દાદરની ફાટમાં ફૂટી નીકળેલા ફૂલ પર પગ મૂકે છે ત્યારે હેમિંગ્વે ગુસ્સે થઈ એને હાંકી મૂકે છે. એક ફૂલ કચરાય તે એમનું મુલાયમ હૈયું સહી ન શક્યું.

પરંતુ મને આશ્ચર્ય અને આદર એ લોકો માટે થયો છે, જેઓએ પોતાને નુકસાન કરવા આવનાર પ્રત્યે પણ સમભાવ દાખવ્યો છે. તેઓ શિક્ષા કરવાનું શીખ્યા જ નથી, કરી જ નથી શકતા. નહીં તો દાદા ધર્માધિકારી પોતાને ત્યાં ચોરી કરનાર યુવકને ખિસ્સામાંથી પાકીટ કાઢતો જોઈ, જાણે પોતે જ ગુનો કર્યો હોય, તેમ જાતને છુપાવી દે? બાથરૂમમાં સંતાઈ જાય? કહે, "બિચારાને પૈસાની જરૂર હશે. માગી ન શકે, મેં જોયું તે તેને ખબર પડે, તો તેને સંકોચ થાત."

તો કથા કહી આજીવિકા રળતા વૈદ્યનાથ ભટ્ટની મુકંદરાય પારાશર્ય કેટલી સરસ વાત કહે છે? એને ત્યાં ચોરી કરનાર આવનારને જરાય ગુસ્સે થયા વગર ભટ્ટજી કહે, "આ ઘેર હાથ ન મરાય, વાત કરાય. આ ભામણને ઘેર પટારામાં પોથી હોય, પૈસા નહીં" છતાં કેટલા વૈભવથી, ઉદારતાથી કહે, "મારે ઘેર આવેલો ખાલી હાથે પાછો ન જાય. હાલ તને આપું, "દોઢસોથી બસો કોરી એકઠી કરીને આપતાં કહે, વૈદ્યનાથ ચોરને આ તારા નસીબના છે પણ આ ધંધો છોડજે ને કીરતારને યાદ કરી જીવજે."

મને ગુરુદયાલ મલ્લિકનો એક પ્રસંગ યાદ આવે છે. માણસનું હૃદય કેટલું મુલાયમ હોઈ શકે, તેનું એ દૃષ્ટાંત છે. આપણે ત્યાં શિક્ષક ક્યારેક સિપાઈનો, દંડનો પર્યાય બની જાય છે. તેવા વખતમાં મલ્લિકજી કરાંચીની એક સ્કૂલમાં શિક્ષક! મારા મુરબ્બી તેના વિદ્યાર્થી. પરીક્ષા હતી. સ્વાભાવિક રીતે પરિણામની ચિંતાતુર આંખોએ વાટ જોતાં વિદ્યાર્થીઓએ જ્યારે રીઝલ્ટ જોયું તો છક્ક થઈ ગયા. કોઈ નાપાસ નહીં. બધા જ વિદ્યાર્થી પાસ! મલ્લિકજીને પૂછ્યું કે "આવું કેમ? આવું તો હોતું હશે?" ત્યારે મલ્લિકજી જવાબ આપે, "હું કોઈને પણ ફેલ – Fail કેવી રીતે કરી શકું? "ફૂલ પણ આટલું મુલાયમ થઈ શકતું હશે? કોઈ વિદ્યાર્થીને નાપાસ કરતાં એમનો જીવ જ ન ચાલ્યો? ને આપણે? આપણે રોજ રોજ લોકોના નામ પર નાની શી ભૂલ માટે ચોકડી મૂકતા થઈએ છીએ. આ પરીક્ષાની વાત આવી ત્યારે મને એક બીજી પરીક્ષાનું સ્મરણ થાય છે. વરસો પહેલાં એલ.એલ.બી.ની પરીક્ષા. તેમાં બે તેજસ્વી વિદ્યાર્થીઓ. મહાદેવભાઈ દેસાઈ અને વૈકુંઠલાલ મહેતા. બંને મિત્રો. મહાદેવભાઈને ત્યારે પૈસાની ખૂબ જરૂર, વૈકુંઠભાઈ સાધનસંપન્ન અને સુખી કુટુંબના નબીરા. પણ એમના હૃદયનો વૈભવ જુઓ! વૈકુંઠભાઈ એ પરીક્ષામાં પ્રથમ આવ્યા. એને હકથી સ્કોલરશિપ મળે. પછી પોતાને મળતી

સ્કોલરશિપ તર્ક-વિતર્કમાં ફસાયા વિના, પ્રેમથી પોતાના મિત્ર મહાદેવ માટે જતી કરી. જે લોકોએ પહેલા નંબર માટે રસાકસી-સ્પર્ધા કરી છે. તેઓ જ આ સમર્પણનું મૂલ્ય સમજી શકશે. જીવનભર સીડી ઉપરથી બીજાના પગ ખેંચવામાં જ જીવન વ્યતિત કરાતું હોય, ત્યારે હાથમાં આવેલું પારિતોષિક જતું કરનારની વાત વાંચી મને E. S. T. ના ટ્રેઈનરનું એક વાકય યાદ આવે છે, "કેન યુ લેટ યોર ટવીન બ્રધર વીન ઈન લાઈફ"-"Can you let your twin Brother win in Life" તમારા ભાઈને જીવનમાં જીતવા દેશો?

પણ હૈયાના મુલાયમતાની વાત કરું ને મિત્ર અને ભાઈની વાત ન કરું તો કેમ ચાલે? જીવનની યાત્રામાં કોઈક જ યાત્રી ભાગ્યશાળી હશે, જેને બ્રુટસ ન મળ્યો હોય, જેના વિશ્વાસના મૂળમાં છરીના ઘા ન થયા હોય, પણ અહીં બ્રુટસ મળે છે, તો અહીં આપણને પરભવનું પુણ્ય લઈને આવતા મિત્રો અને ભાઈ પણ મળે છે, તેઓ ન હોત તો કેવી રીતે જીવી શકાત? કલકત્તાના એક ઉદ્યોગપતિના ભાઈ-ભાઈમાં વિખવાદમાં છૂટા પડવાનો પ્રસંગ આવે છે, ત્યારે મોટા ભાઈ આટલું જ કહે છે, "તમે બધાં જે જોઈતું હોય તે લઈ લો, વધે તે મને આપજો." પોતાના હક્કની નાનકડી ચમચી અને વાડકી પણ ન જવા દેતા ને આખા કુટુંબની સત્યાનાશ કરતા ભાઈઓની વાત આગળ આ વાત હૃદયને કેટલી ધન્યતા, કેટલી શાતા આપે છે? તો બીજા એક વડીલબંધુ નવા ઘરે જતા પહેલાં નાના ભાઈને કહે "તને જે જોઈએ તે આ ઘરમાંથી લઈ જા." ત્યારે નાનો ભાઈ પણ કેટલું સરસ કહે છે, "ભાઈ, તારે જે નકામું હોય તે મને આપજે." આજે મુંબઈમાં ફ્લેટના સોદા આંખમાં આંસુ સાથે થતા હોય, ત્યારે નાની સરખી મદદથી પણ ગળગળા થઈ જવાય. અંગત જીવનની વાત નમ્રતાથી કરું તો મારા જ કિસ્સામાં એક મિત્ર રાતોરાત મોટી રકમની સગવડ કરી આપે છે, તદ્દન ભાર વગર, ફૂલની જેમ, જાણે કશું ન કર્યું હોય એમ, અને માત્ર પાંચ-પચીસ રૂપિયા લાવ્યો હોય એટલી સરળતાથી! તો બીજા બે મિત્રોએ કહ્યું, "તમારી દુકાનમાં આમારી જે રકમ છે, તે તમને વિના સંકોચે તમારા ઉપયોગ માટે લેશો. ત્યારે ભાઈ પોતાના જીવનની બચતમાંથી ભેગા કરેલા બધા સેવિંગ સર્ટિફિકેટ કાઢી કહે" આ બધાં સર્ટિફિકેટ હમણાં વટાવી નાખીએ પછી આગળ જોઈ લઈશું." બહુ બોલ બોલ કરતાં સ્નેહીઓ પ્રસંગ આવતાં સીફતથી ખસી જતાં હોય, ત્યારે આ મિત્રો-ભાઈ કશુંય ન બોલીને પણ આપણા જીવનને કેટલો સથવારો આપે છે?

એક ધનસંપન્ન ને દાનવીર મુરબ્બી બહુ બોલવામાં માનતા નથી. છૂટે હાથ દાન આપે છે, પોતાનું નામ ન લેવાય – ન છપાય તેની ખૂબ કાળજી લે છે. એક પ્રસંગે એક વિદ્યાસંસ્થા માટે માતબર રકમ આપી. આયોજકે કૉલેજ સાથે એમનું નામ જોડવાની વાત કરી, ત્યારે બહુ સહજ રીતે કહે, "ના, મારું નામ હોય જ નહીં. છતાં આગ્રહ હોય તો મારા મૃત મિત્રનું નામ જોડો. એ મિત્રને લીધે આજે હું આ સ્થિતિ પર છું." આજે જ્યારે મિત્રો અને સગાં ધક્કો મારી આગળ ચાલી જતા હોય છે, વિસરી જતા હોય, તે કળિયુગમાં મૃત મિત્રના નામને આગળ લાવનારને અને તેને જીવાડી રાખનારને લાખ લાખ સલામ આપવાનું મન થાય.

ધંધાદારી દુનિયામાં, એક અનુભવ એવો થતો હોય છે કે ભાગીદાર મૃત્યુ પામે (તે મિત્ર હોય તો પણ) તે પછી બધા સંબંધો કે જવાબદારી જાણે ખંખેરી નાખતાં હોય છે. કયારેક મૃત મિત્રના સ્નેહીઓને હક્કથી પણ વંચિત રખાતા હોય છે, ને નાણાં પચાવી પડાતાં હોય છે. હસમુખભાઈ મુરબ્બી તુલ્ય છે. તેમના ભાગીદાર દસ પંદર વરસ પહેલાં અકાળે મૃત્યુ પામ્યા, છતાં તેના કુટુંબની જવાબદારી સાચવી એટલું જ નહીં, તેના સગીર પુત્ર ઉંમરલાયક થયો ત્યારે તેને એ જ ધંધામાં ભાગીદાર તરીકે લીધો ત્યારે જ તે જંપ્યા. આપણાં અર્થશાસ્ત્રી કાકી હસમુખ પારેખ તેમના સાઢુભાઈ, શ્રી માસ્તર આર્કિટેકટની વાત કરે છે. સસરા નાની ઉંમરે મૃત્યુ પામ્યા તે પછી દરેક મહિને તેમના પત્નીને ઘરે જઈને માસ્ટર કશું કહ્યા વિના, ચૂપચાપ કબાટમાં પાકીટમાં પૈસા મૂકી જતા. આ ટેક તેમણે સંતાનો મોટા થયાં ત્યાં સુધી ટકાવી રાખી. વ્યકિતના મૃત્યુ પછી પ્રેમ અને ફરજ આસાનીથી ભૂલી જવાતાં હોય અને શેતાન હૃદયમાં પ્રવેશ કરતો હોય ત્યારે પોતાની ફરજ ન ચૂકતા આ મુરબ્બીઓ આગળ શિર આપોઆપ ઝૂકી જાય છે.

હૃદયને ઉદાર થવા માટે પૈસાપાત્ર થવાની જરૂર હોતી નથી. ઊલટું, કયારેક આછી પાતળી સ્થિતિમાં રહેનારના હૃદયમાં ભવ્ય ઉદારતા અને કરુણાના આપણને દર્શન થાય છે.

તદ્દન ધનહીન અને ભીખ માગતા એક ભિખારીની વાત હમણાં જ "નવનીત"માં વાંચી. પોતાને મળેલી ભીખમાંથી એ દરરોજ થોડું બચાવી, બચતને ધર્માદામાં વાપરે. એ નિર્ધનના હૈયાની ઉદારતા તો જુઓ; કહે, "મારી સ્થિતિ સારી હતી ત્યારે એક નિયમ હતો, કે આવકનો અમુક ભાગ ધર્માદા માટે રાખવો એ નિયમ જિંદગીના બાકી રહેલાં થોડા વરસો માટે શું કામ તોડવો? આ પચાસ પૈસાનું ચવાણું અને ભજિયાં લાવી, હું કૂતરાંઓને નિયમિત ખવડાવું છું, અને પછી જ અમે પતિ-પત્ની જે કાંઈ મળ્યું હોય, તેમાંથી ભોજન લઈએ છીએ." આ માણસને ભિખારી કોણ કહેશે? એનું હૃદય ભિખારીનું નથી, કુબેરનું છે.

અહીં 'સુપરીમ સેક્રીફાઈસ'ની પરમ સમર્પણની બે વાત કર્યા વગર રહેવાતું નથી. એક ન માન્યામાં આવે એટલા ઉદાર પતિની અને બીજી મૃત્યુની નિકટ ઊભેલા એક પાદરીની છે. આ પાદરીભાઈ મુંબઈમાં પોતાની પત્ની સાથે રહે. એમના ઘરે એના મિત્ર, એક વિમાનની કંપનીના કર્મચારી, તે વિદેશથી આવે-જાય, ઊતરે. સંજોગવશાત્ મિત્ર અને આ ભાઈની પત્ની ખૂબ નિકટ આવ્યાં ને એકમેકમાં પારેવાંની જેમ ઓતપ્રોત થઈ ગયાં, ગૂંથાયા. આ ભાઈને ખ્યાલ આવ્યો ત્યારે પોતે ખસી જઈ પત્ની અને મિત્રને પોતે જ લગ્ન કરાવી આપ્યાં. પ્રેમના કે લગ્નજીવનના સંબંધોમાં ઈતર વ્યકિતનો પ્રવેશ જ્યાં ખૂબ કલેશ, આત્મહત્યા કે ખૂન સુધી પહોંચી જતો હોય ત્યારે પત્નીને મિત્રના હાથમાં હસતે મુખે સોંપી દેનાર વ્યકિત સામાન્ય પતિ નથી રહેતો સંત બની જાય છે.

તો જર્મનીમાં 'કોન્સન્ટ્રેશન કેમ્પ'માં વર્ષો પહોંચેલ એક પાદરી છે ને અનેક બીજા કેદીઓ છે. એક દિવસ ગેસ ચેમ્બરમાં મૃત્યુ માટે જવાનો સમય આવે છે, ત્યારે પસંદગી કરવાની હોય છે. એક યુવાનને ગેસ ચેમ્બરમાં લઈ જવાની પસંદગી થઈ, ત્યારે પાદરી કહે, "એ નાનો છે. હજુ એ ઘણું જીવી શકશે. મારી યાત્રા–અંત નજીક આવી છે. હું વૃદ્ધ છું. આ યુવાનને બદલે તમે મને લઈ લો." માણસને સૌથી વહાલો પોતાનો જીવ, પોતાનો પ્રાણ, એ સત્યને ધ્યાનમાં લઈએ ત્યારે એક અપરિચિત યુવાનને બદલે પોતાની જિંદગીનો મોહ છોડી સામે ચાલી મોતની પસંદગી કરનાર આ પાદરીમાં હું ઈશુના જ દર્શન કરું છું.

આ તો બહુ મોટી વાત થઈ. પણ નાની વાતમાં પણ હૃદય કેટલું ઉદાત્ત થઈ શકે એ માટે મને ફ્રાંઝ કાફકા, ફ્રેંચ વાર્તાકારનો પ્રસંગ યાદ આવે છે. એક મિત્રને એ મળવા જાય છે. ત્યારે વચલા રૂમમાં મિત્રના પિતા સૂતેલા હોય છે. એના પસાર થવાથી એમની ઊંઘમાં ખલેલ ન પહોંચે તેથી પાછળ ફરતા કાફકાએ ચિઠ્ઠી મૂકી.

"Think that I have passed in your dream. Forgive me if I have disturbed you." - "થીંક ધેટ આય હેવ પાસ્ડ ઈન યોર ડ્રીમ, ફરગીવ મી ઈફ આય હેવ ડિસ્ટર્બ્ડ યુ" પારકાની નિદ્રાનો પણ ખ્યાલ રાખનાર જીવ આ હી-ફી-સ્ટીરિયો Hi-Fi, Stereoના-ને ટ્રાન્ઝિસ્ટરના ઘોંઘાટમાં હવે ક્યાં શોધશું?

પણ તમે કહો, મૃત્યુની વાટ જોતાં એકાકી વૃદ્ધના હૈયાંને સ્પર્શવાનું મધર ટેરેસાને કોણે શીખવ્યું હશે? એ કેવું સુંદર કહે છે: "દુનિયામાં સૌથી મોટી ભૂખ રોટીની નથી, સૌથી મોટું દુઃખ પ્રેમની ભૂખનું છે." પોતાના અંગત જીવનની સુખ-સગવડનો મોહ છોડી ઈશુની પાછળ ચાલી અનેક લોકોને પ્રેમ વહેંચવાનું એમને કોણે સૂઝાડ્યું હશે? તો વિનોબા જુઓ; એ તો કહે, "જ્યારે સ્વપ્નાં આવ્યાં છે ત્યારે પણ એક જ વિચાર મનમાં આવે છે કે ઈશ્વર મારી પાસેથી સેવા લેશે કે?" ના, આ લોકોને કોઈ શીખવતું નથી. તેઓ જન્મથી જ આ સુવાસ-સમર્પણ લઈને આવ્યાં છે. તેમને "સોશ્યિલ સર્વિસ"ના ક્લાસ ભરવા નથી પડતા ને હોટલમાં ભાષણ કરી સેવા આપવી નથી પડતી. આપણા સાંઈ કવિ મકરંદે ગાયું:

"કોઈ અનામી ચોપડે તારું થાય છે, જમા ખાતું"—પરંતુ સમર્પણ કે ત્યાગનું પુણ્ય જમા થશે, એ લાલચે કે લોભે આ લોકો સુકાર્ય થોડું જ કરે છે?

મકરંદ દવે જ એક બીજા કાવ્યમાં કહે છે:

"અમે તો જઈશું અહીંથી પણ અમે ઉડાડ્યો ગુલાલ રહેશે."

આપણામાંથી કેટલા વિદાયવેળાએ આવું કહી શકશે? મોટા ભાગના લોકોનું જીવન નાના મોટા સ્વાર્થ પોષવામાં, ક્લેશમાં ને કંકાશમાં વ્યતિત થાય છે. આપણે જીવનને મુઠ્ઠીમાં બાંધ રાખ્યું છે. પ્રેમને છૂટે હાથે વહેંચતા જ નથી. આખરે તો સૌ સુવાસમાં એક જ સુવાસ રમ્યા કરે છે. તે સુવાસ પ્રેમની, તે સુવાસ કરુણાની, તે સુવાસ જાતને ભૂંસી નાખવાની. પરંતુ જેમ બોર્ડ બકલી, એક કોમેડિયને એક કોકટેલ પાર્ટીમાં કહેલું, "Ladies and Gentlemen, would it embarass you very much if I were to-tell you that I love you?" "લેડીઝ એન્ડ જેન્ટલ મેન, વુડ ઈટ એમ્બેરેસ યુ. વેરી મચ, ઈફ આઈ વેર ટુ ટેલ યુ ધેટ આય લવ યુ!" અને બધાં હસ્યા.

કોઈ પણ આ કેવી રીતે માની શકે? આપણને કોઈ નિર્વ્યાજ પ્રેમ કરે, તે વાત આજે આપણે માની-સ્વીકારી નથી શકતાં અને છતાં આ પારાવારની યાત્રામાં બુદ્ધ અને ઈશુની કરુણાને આ પ્રેમ એ જ આપણી મૂડી છે. એ જ આપણો વૈભવ છે. પારકા માટે જેટલું વેર્યું-વહેંચ્યું તે આપણું પુણ્ય, તે જ આપણી કમાઈ!

વસંત વ્યાખ્યાનમાળા

મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ વસંત વ્યાખ્યાનમાળાનું તા. ૬-૭-૮-૯ એપ્રિલ, એમ ચાર દિવસોએ આયોજન કરવામાં આવ્યું છે.

વિષય: પાર્લામેન્ટરી પદ્ધતિ કે પ્રમુખ પદ્ધતિ.

સ્થળ: તાતા ઓડિટોરિયમ, એમી મોદી સ્ટ્રીટ, મુંબઈ-૧.

સમય: સાંજના ૬-૧૫ કલાકે.

તા. ૬ઠ્ઠી એપ્રિલે પ્રથમ વ્યાખ્યાન ઉપરના વિષય પર શ્રી નાની પાલખીવાલા આપશે. બીજા વક્તાઓના નામ હવે પછી જાહેર કરવામાં આવશે.

મંત્રીઓ
મુંબઈ જૈન યુવક સંઘ

ગુજરાતના અભિલેખો: ઐતિહાસિક સામગ્રી તરીકે

સંકલન: કૃષ્ણવીર દીક્ષિત

[ગતાંકથી ચાલુ]

[૨]

ઈતિહાસ અને સંશોધન ક્ષેત્રેના પ્રખર વિદ્વાન ડો. હરિપ્રસાદ શાસ્ત્રીએ તાજેતરમાં મુંબઈ યુનિવર્સિટીને ઉપક્રમે 'ગુજરાતના અભિલેખો: ઐતિહાસિક સામગ્રી તરીકે, એ વિષય પર આપેલાં પાંચ વ્યાખ્યાનો પૈકી પ્રથમ ત્રણ વ્યાખ્યાનો આ સ્થળેથી ગઈ તા. પહેલી માર્ચે સંક્ષેપમાં રજૂ કરવામાં આવ્યાં હતાં. આજે એમનાં બાકીનાં બે વ્યાખ્યાનો - વ્યાખ્યાન ચોથું અને પાંચમું - અહીં સંક્ષેપમાં આપવામાં આવ્યાં છે.

ચોથા વ્યાખ્યાનનો વિષય હતો: "સામાજિક અને આર્થિક ઈતિહાસ" ડૉ. શાસ્ત્રીએ અભિલેખોનો અભ્યાસ તે તે સમયની સામાજિક અને આર્થિક પરિસ્થિતિથી વાકેફ થવામાં કેવો ઉપકારક નીવડે છે તે દર્શાવ્યું હતું. તેમાં ખાસ ધ્યાનમાં આવતી બાબતો આ પ્રમાણે તારવી શકાય. મૈત્રકકાલીન દાનશાસનોના અભ્યાસથી બ્રાહ્મણોનાં નામ, ગોત્રો, વેદ શાખાઓ અને ત્રૈવિદ્યો તથા ચાતુર્વિદ્યોની વિગત જાણી શકાય છે, પરંતુ બ્રાહ્મણો તથા વણિકોની બાબતમાં કોઈ જ્ઞાતિભેદના નિર્દેશ નથી આવતા. વડનગરના બ્રાહ્મણો પણ તે કાળે બ્રાહ્મણ જ કહેવાતા. બ્રાહ્મણોમાં અધ્વર્યુ, જ્યોતિષી, અધ્યાપક વગેરેને વ્યવસાય દૃષ્ટિએ અલગ તારવી શકાતા. ત્યારે બ્રાહ્મણોનાં નામ દેવો ઉપરથી પડતાં જેમ કે અગ્નિશર્મા, કુમારસ્વામી, દેવદત્ત, ગુહત્રાત, કેશવમિત્ર. રાજાઓનાં નામ સેન, આદિત્ય, રાજ વગેરે ઉત્તરપદ પ્રયોજાતા. જેમ કે ધ્રુવસેન, શીલાદિત્ય, ગોવિંદરાજ.

વહીવટી વિભાગોમાં વિષય, આહાર, પથક અને ગ્રામ મુખ્ય હતા. સૌરાષ્ટ્રમાં જમીનની માપણી પાદાવર્તથી થતી. પાદાવર્ત એટલે એક પાદ લાંબો અને એક પાદ પહોળો—એટલે કે એક ફૂટ ચોરસ. દક્ષિણ ગુજરાતમાં નિવર્તન નામે માપ પ્રચલિત હતું. જમીન મહેસુલના બે મુખ્ય પ્રકાર હતા. (૧) ઉદગ્ર એટલે જમીનદાર પાસેથી લેવાતું સામટું મહેસુલ અને (૨) ઉપરિકટ એટલે બિનમાલિક ખેડૂતો ઉપર નાખેલો કર. જમીન મહેસુલ કયાં તો ધાન્યના નિયત ભાગના રૂપમાં લેવાતું અથવા તો સુવર્ણના રૂપમાં.

અનુમૈત્રક કાલ દરમિયાન તળ ગુજરાતમાં મોટી નાની અમુક સંખ્યાઓનાં ગામ ધરાવતા વહીવટી વિભાગ પ્રચલિત થયા. હાલનો સુરત જિલ્લાનો ચોર્યાસી તાલુકો અને ખેડા જિલ્લા માટેનો ચરોતર (ચતુરુત્તર, ચારુતર નહિ) શબ્દ આ પ્રથાના દ્યોતક છે. ખેડા અને ભરૂચ દોઢેક હજાર વર્ષ જેટલા પ્રાચીનકાલથી જિલ્લા રહ્યા છે. સુરત વસ્યું તે પહેલાં કતારગામનું મહત્ત્વ હતું અને ખંભાત વસ્યું તે પહેલાં નગરાનું.

બ્રાહ્મણો તથા વણિકોની વિભિન્ન જ્ઞાતિઓના નિર્દેશ ગુજરાતના અભિલેખોમાં પહેલવહેલા સોલંકી કાલમાં અર્થાત્ ઈસ્વી. દશમી સદીથી દેખા દે છે. બ્રાહ્મણોની જ્ઞાતિઓમાં નાગર, ઉદીચ્ય, મોઢ અને રાયકવાલના ઉલ્લેખ થયા છે. નાગરોમાં હજી પેટા વિભાગ પડ્યા નહોતા. વણિકોમાં હવે પ્રાગ્વાટ (પોરવાડ) અને શ્રીમાલી જ્ઞાતિઓના ઉલ્લેખ આવે છે.

સોલંકી રાજ્યમાં સારસ્વત મંડલ, કચ્છમંડલ, લાટમંડલ, સુરાષ્ટ્ર મંડલ અને દર્વિપ્રદ મંડલ જેવા મોટા વહીવટી વિભાગ હતા.

સારસ્વતમંડલ એટલે સરસ્વતી કાંઠાનો પ્રદેશ. વિરમગામ તે વર્દ્ધિપથકના ધૂસડી ગામમાં રાણા વિરમે વિરમેશ્વરનું મંદિર બંધાવેલું તે ગામ. રાણા વિરમ પરથી ગામનું નામ વિરમગામ પડ્યું.

તે કાળમાં જમીન 'હલ' એકમમાં મપાતી. એક હલવાહ એટલે ૩૩૬૦ હસ્ત (હાથ).

નાણામાં મુખ્ય સિક્કાઓને દ્રમ્મ કહેતા. કાર્ષાપણને 'રૂપક' કહેતા. ૧૬ કાર્ષાપણ બરાબર એક દ્રમ્મ. પાંચ રૂપક બરાબર એક દ્રમ્મ. સોલંકીકાળનાં આવાં ઘણાં દૃષ્ટાન્ત વક્તાએ નોંધ્યાં છે.

સલ્તનતકાળના કેટલાક અભિલેખો ફારસીમાં તથા સંસ્કૃતમાં મળે છે. કેટલાક અંશત: ગુજરાતીમાં પણ લખાયા છે. આ કાળમાં પરમાર્થે વીરગતિ પામનાર યોદ્ધાની યાદગીરીમાં પાળિયા સ્થાપી તેના પર તેને લગતી હકીકતનો લેખ કોતરાતો. પરમાર્થે વાવ બંધાવવાની પ્રથા વધુ લોકપ્રિય થઈ. પુણ્યની દૃષ્ટિએ એક વાવ દશ કૂવા બરાબર ગણાતી અને એક સરોવર દશ વાવ બરાબર ગણાતું. અમદાવાદમાં દાદાહરિની વાવ હકીકતમાં એક મુસ્લિમ બાઈએ બંધાવી છે.

ગાયોનું રક્ષણ કરતાં કોઈ વીરગતિ પામે ને એની પત્ની સહગમન કરે એવા શિલાલેખો હવે મળે છે. મહુવાના વિ. સં. ૧૫૦૦ના શિલાલેખમાં મોઢ વણિક જ્ઞાતિની ઉત્પત્તિ કામધેનુની ખરીમાંથી થઈ હોવાની માન્યતા આપી છે.

મુઘલકાલના અભિલેખોના અભ્યાસ પરથી જણાય છે કે એ કાળમાં હવે જ્ઞાતિઓનો ભેદ વધ્યો છે. દા. ત. હવે મકવાણા, શ્રીમાલી, નંદવાણા, મોઢ, કંડોલ, પ્રાગ્વાટ, પરમાર, ચાવડા, ઝાલા, બાબા, જાડેજા, કપોલ, ઓસવાલ, ડીસાવાલ, નાગર વણિક, વિશ્વકર્મા વગેરે અનેક જ્ઞાતિઓના ઉલ્લેખ અભિલેખોમાં મળે છે.

વડનગરને હવે "વડનગર" જ કહેતા. ખંભાતને 'સ્તંભતીર્થ' અને 'ત્રંબાવતી' કહેતા. અમદાવાદને 'અહમ્મદાવાદ' અને નડિયાદને 'નટીપદ્ર' કહેતા. પેટલાદને 'પેટપદ્ર' કહેતા.

મરાઠાકાલના અભિલેખોમાં અમરેલીને 'અમરવલ્લી' અને વડોદરાને 'વટપુર' કહ્યું છે.

કચ્છમાં કોરીનું ચલણ છેક ૧૯૪૭ સુધી અમલમાં રહ્યું. અઢી કોરી બરાબર એક રૂપિયો. ખેંગારજી ત્રીજાએ પોતાના દીર્ઘશાસનકાળ (૧૮૭૫ થી ૧૯૪૨) દરમિયાન વિકટોરિયા, એડવર્ડ ૭મો, જ્યોર્જ પાંચમો, એડવર્ડ ૮મો અને જ્યોર્જ ૬ઠ્ઠાના સિક્કા પડાવ્યા. એડવર્ડ આઠમાના સિક્કા ભારત સરકારે પડાવ્યા ન હતા.

જૂનાગઢના નવાબી રાજ્યમાં પણ કોરી અને દોકડાનું ચલણ હતું. શરૂઆતના સિક્કા મુઘલ બાદશાહ અકબર બીજાનું નામ ધરાવતા. પછી એને બદલે નવાબનું નામ અપાતું એના અગ્રભાગ ઉપર નાગરીમાં નવાબનું બિરૂદ શ્રી દિવાન લખાતું. તેથી એ "દીવાનશાહી" તરીકે ઓળખાતા. તાંબાના દોકડા છેક છેલ્લા નવાબ મહોબતખાન ચોથાના સમય સુધી રહ્યા.

વડોદરાના ગાયકવાડી રાજ્યમાં સયાજીરાવ પહેલાના મુતાલિક બાબાસાહેબ ફત્તેહસિંહરાવે સિક્કા પડાવવા શરૂ કર્યા. આથી એ સિક્કા "બાબાશાહી" તરીકે ઓળખાતા. કંપની સરકારના સો રૂપિયા બરાબર બાબાશાહી એકસો સવા ચૌદ રૂપિયા ગણાતા.

કચ્છના કોઠારી શહેરમાં સં. ૧૯૧૮ (ઈ. સ. ૧૮૬૨)માં શાંતિનાથનું દેરાસર બંધાયું ત્યારે તે બંધાવનારાઓએ મુંબઈથી પોતાના ખર્ચે સંઘ કાઢેલો ને નાતમેળો કરેલો. તેમાં નવ ટંક મીઠાઈ જમાડેલી. તેમ જ નાતમાં ઘર દીઠ કાંસાની બે થાળી તથા ૨ કોરી તથા અઢી શેર સાકરની લાણી કરેલી. એમાં બધું ખર્ચ ૬ લાખ કોરીનું થયું હતું.

આવી આવી રસપ્રદ હકીકતોથી આ વ્યાખ્યાન પણ સારું એવું સમૃદ્ધ હતું.

આવો એક પ્રતિષ્ઠા મહોત્સવ અમદાવાદમાં હરકુંવર શેઠાણીએ ધર્મનાથ ચૈત્ય અંગે ઊજવ્યો હતો. એને લગતા શિલાલેખોમાં ગુર્જર દેશના વર્ણનમાં જણાવ્યું છે કે સૌંદર્યમાં ને લક્ષ્મીમાં ગુર્જર દેશ જેવો કોઈ દેશ નથી. એમાં અમદાવાદ શહેર કેવું છે? તો કે બે વિશાળ હાટ, મોટા રાજમાર્ગ, ઊંચી હવેલીઓ અને શુભ જિનાલયો, ધનાઢ્ય અને ગુણાઢ્ય પુરુષો ધરાવતું શહેર.

આમ અભિલેખોમાં ગુજરાતના સામાજિક તથા આર્થિક ઈતિહાસને ઉપયોગી કેટલીક માહિતી મળી રહે છે એમ કહીને વક્તાએ ચોથું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું.

ભાષા, લિપિ અને કાલગણના

પાંચમા વ્યાખ્યાનનો વિષય હતો! "ભાષા, લિપિ અને કાલગણના"

ડૉ. શાસ્ત્રીએ પોતાના આ વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે અભિલેખ ટકાઉ પદાર્થો પર કોતરેલા હોઈ, એમાં જે સમયે એ કોતરાયા હોય તે સમયની લિપિ તથા ભાષા અક્ષરશ: યથાવત્ જળવાઈ રહે છે. હસ્તપ્રતો કાળબળે નષ્ટ થતી જાય છે એટલે એના પરથી ઉતારવામાં આવતી પછીની પ્રતોમાં મૂળ પાઠ ભાગ્યે જ યથાતથ સચવાઈ રહે છે. અભિલેખોમાં આ ભય લેશ પણ રહેતો નથી.

ગુજરાતમાં ઐતિહાસિક કાલના સહુથી પ્રાચીન અભિલેખ અશોકના જૂનાગઢ શૈલ લેખ છે. તે એક પ્રકારની પ્રાકૃત ભાષામાં લખેલા છે. તેમ દરેક સ્થળે એ લેખ તે તે પ્રદેશની પ્રાકૃતમાં લખેલો છે. ગુજરાતમાં પ્રયોજાયેલું એનું ભાષા સ્વરૂપ પાલિ સાથે ઘણું સામ્ય ધરાવે છે. અશોકના મુખ્ય શૈલ લેખોની જૂનાગઢ વાચના એ કાલમાં આ પ્રદેશમાં પ્રયોજાતા પ્રાકૃત ભાષાના સ્વરૂપનો સચોટ ખ્યાલ આપે છે.

અનુમૌર્ય કાલના સિક્કાલેખોમાં જે ભારતીય ભાષા પ્રયોજાઈ છે તે પ્રાકૃત છે. ક્ષત્રપકાલ દરમિયાન આરંભમાં પ્રાકૃત ભાષા વપરાતી, પરંતુ એમાં સંસ્કૃતની અસર ભળી હોય છે. રાજા મહાક્ષત્રપ રુદ્રદામા પહેલાના જૂનાગઢ શૈલ લેખમાં પૂર્ણ સંસ્કૃત ભાષાના પ્રયોગનો એક પ્રાચીનતમ નમૂનો મળે છે. એમાં સંસ્કૃત ભાષામાં ય વૈદિક સંસ્કૃતની જેમ ળ નો પ્રયોગ થયો છે. જેમ કે વ્યાળ ક્ષત્રપકાળ દરમિયાન એ પછી પણ પ્રાકૃતની છાંટવાળી સંસ્કૃત ભાષા પ્રચલિત રહી હતી, પરંતુ ગુપ્તકાલથી અભિલેખોમાં હમેશાં સંસ્કૃત ભાષા જ વપરાતી.

મૈત્રકકાલનાં દાન શાસનોમાં અક્ષરવિન્યાસનાં કેટલાંક અન્ય લક્ષણ પ્રચલિત થયાં જેમ કે અનુસ્વારને બદલે અનુનાસિક પ્રયોજવાની અભિરુચિ. (દા. ત. અङ्ग, पञ्च, मण्डल, मन्द) આ દાનશાસન સંસ્કૃતમાં લખાયાં છે ને સંસ્કૃત અભિલેખોમાં છેક સુધી ભાષાનાં કોઈ નોંધપાત્ર પરિવર્તન ભાગ્યે જ નજરે પડે છે. મૈત્રકકાલના આ તામ્રપત્રલેખોમાં વિશેષ નામો ક્યારેક પ્રાકૃત કે દેશ્યરૂપમાં પ્રયોજાયાં છે.

અનુમૈત્રક કાલમાં સ્થળનામોનું સંસ્કૃતીકરણ ધ્યાન ખેંચે એવું છે. જેમ કે બોરસદને સંસ્કૃતમાં "બદરસિદ્ધિ" કહેતા. ભરૂચને "ભૃગુકચ્છ", ખંભાતને "સ્તંભતીર્થ" અને ઉમરેઠ પાસેના થામણાને "સ્તમ્ભનક" કહેતા.

સોરઠને મૈત્રકકાલમાં 'સુરાષ્ટ્ર' અને સોલંકીકાલમાં 'સૌરાષ્ટ્ર" કહેતા.

સોલંકીકાલમાં મોઢેરાને "મોઢેરક," મહેસાણાને "મહિપાણક," ધોળકાને "ધવલક્કક" તથા નવસારીને "નવસારિકા" કહેતા.

સોલંકીકાલના અભિલેખોમાં અક્ષરવિન્યાસનાં કેટલાંક પૂર્વ-કાલીન લક્ષણ ઓછાં થયાં છે તો વિરામચિહ્નોમાં અવગ્રહનું લોપચિહ્ન સંક્ષેપચિહ્ન પ્રચલિત થયાં છે.

સલ્તનતકાલમાં અભિલેખોમાં સંસ્કૃતનો ઉપયોગ ચાલુ રહ્યો. મુસ્લિમોને લગતા અભિલેખોમાં અરબી ભાષા સોલંકીકાલથી પ્રયોજાતી હતી. સોમનાથ પાટણની કાજી મસ્જિદને લગતો લેખ અરબીમાં તેમ જ સંસ્કૃતમાં લખાયો છે.

સલ્તનતકાલમાં દિલ્હીને "યોગિનીપુર" કહેતા. સલ્તનતકાલના મસ્જિદો અને મકબરાઓ કે કબરોના અભિલેખો પૈકી ઘણા અરબીમાં અને કેટલાક ફારસીમાં લખાયા છે. ગુજરાતમાં આ કાલ દરમિયાન ત્રણસો એક અભિલેખો અરબી– ફારસીમાં લખાયા છે.

આ કાલનું એક બીજું ભાષાકીય પરિવર્તન એ છે કે હવે કેટલાક અભિલેખોમાં આરંભમાં મિતિ વગેરે સંસ્કૃતમાં આપીને પૂર્તનિર્માણ વગેરેની હકીકત ગુજરાતીમાં નોંધવામાં આવી છે. આ પરથી તે તે સમયની ગુજરાતીનું ભાષાસ્વરૂપ જાણવા મળે છે.

મુઘલકાલના અભિલેખોમાં ગુજરાતીનું અર્વાચીન ભાષાસ્વરૂપ લગભગ પૂર્ણરૂપે જોવામાં આવે છે.

સલ્તનત, મુઘલ અને મરાઠા–ત્રણે કાલમાં ઘણા અભિલેખ સંસ્કૃતમાં લખાયા છે. મરાઠાકાલમાંથી કોઈ અભિલેખ મરાઠીમાં ભાગ્યે જ લખાયા છે. સાહિત્યની જેમ અભિલેખોમાં પણ ભાષાને અનુરૂપ લિપિ પ્રયોજાતી રહી છે.

અશોકના જૂનાગઢ શૈલ લેખ જે લિપિમાં કોતરાયા છે તેને બ્રાહ્મીલિપિ કહે છે. દેવનાગરી, ગુજરાતી, બંગાળી અને અન્ય વર્તમાન ભારતીય લિપિઓ બ્રાહ્મી લિપિનો પરિવાર છે; પરંતુ સમય જતાં બ્રાહ્મીલિપિના સ્વરૂપમાં આટલા લાંબા ગાળામાં એટલું બધું પરિવર્તન થયું છે કે વર્તમાન લિપિસ્વરૂપો પરથી અના મૌર્ય-કાલીન અક્ષરો ઊકલે નહિ.

ડૉ. શાસ્ત્રીએ જાણવા જેવું બીજું એ કહ્યું કે પારસીઓના શિલાલેખ મોટે ભાગે ગુજરાતી ભાષામાં લખેલા હોય છે. એમાંના જૂના લેખોમાં પારસી બોલીનું વિલક્ષણ સ્વરૂપ વિપુલ પ્રમાણમાં નજરે પડે છે.

મૌર્યકાલ, પછી ક્ષત્રપકાલ, પછી ગુપ્તકાલ તથા તે પછી મૈત્રકકાલમાં લિપિના સ્વરૂપમાં આવતાં જતાં પરિવર્તનો નોંધ્યા બાદ ડૉ. શાસ્ત્રીએ જણાવ્યું હતું કે સોલંકીકાલ દરમિયાન નાગરી લિપિનો ઘણો વિકાસ થયો. કેટલાક વર્ણ સોલંકીકાલમાં તો બીજા કેટલાક વર્ણ સલ્તનતકાલમાં અર્વાચીન સ્વરૂપ પામ્યા.

અરબી–ફારસી લિપિમાં શિલાલેખોનું એક વિશિષ્ટ લક્ષણ એ છે કે એ લેખોમાં અક્ષરોને પ્રાયઃ ઊંડા કોતરવાને બદલે એની આસપાસની કોરી જગ્યાને ઊંડી કોતરી કાઢીને અક્ષરોને ઊપસેલા દર્શાવવામાં આવે છે.

ડૉ. શાસ્ત્રીએ જાણવા જેવી આમ તો ઘણી વાત કરી, પરંતુ તેમાં એક ખાસ જાણવા જેવી વાત એ કરી કે નાગરી લિપિને સરળતાથી અને ઝડપથી લખવા માટે એની લેખનશૈલીમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા. એમાંથી ગુજરાતી લિપિ ઘડાઈ. સોળમી સદીના "વિમલ પ્રબંધ"માં ગુર્જરલિપિનો ઉલ્લેખ છે. ગુજરાતી લિપિનો સહુથી જૂનો જ્ઞાત નમૂનો "આદિપર્વ" નામે ગુજરાતી ગ્રંથની વિ.સ. ૧૬૪૮ની હસ્તપ્રતમાં મળ્યો છે. આ લિપિ શરૂઆતમાં હિસાબ–કિતાબમાં અને સામાન્ય વ્યવહારમાં વપરાતી. ૧૬મી સદીથી એ ધીમે ધીમે ગુજરાતી ગ્રંથો લખવામાંય વપરાવા લાગી. અભિલેખોમાં એનો ઉપયોગ એથી મોડો શરૂ થયો. બ્રિટિશકાલ દરમિયાન નાગરી તથા ગુજરાતીલિપિ વર્તમાન સ્વરૂપ પામી.

સામાન્ય રીતે ગુજરાતી ભાષાના અભિલેખો ગુજરાતી લિપિમાં, સંસ્કૃત અને મરાઠી ભાષાના અભિલેખો દેવનાગરી લિપિમાં અને અંગ્રેજી ભાષાના અભિલેખો રોમન લિપિમાં લખાય છે. હિબ્રૂ લેખ સ્વરચિહ્નો વિનાની પ્રાચીન હિબ્રૂ લિપિમાં લખાતા. શીખોના પંજાબી અભિલેખ ગુરુમુખી લિપિમાં કોતરાય છે.

વ્યાખ્યાનના તૃતીય અંગ કાલગણનાનું ઈતિહાસની કરોડરજ્જુ તરીકે મહત્ત્વ દર્શાવતાં ડૉ. શાસ્ત્રીએ ધાર્મિક દૃષ્ટિની અપેક્ષાએ ઐતિહાસિક દૃષ્ટિએ વર્ષ મહત્ત્વનું હોવાનું જણાવીને કહ્યું હતું કે આરંભિક ઐતિહાસિક કાલમાં કોઈ સળંગ સંવત પ્રચલિત થયા નહોતા ત્યારે તે તે રાજાના રાજ્યકાલનું વર્ષ આપવામાં આવતું. ગુજરાતમાં સળંગ સંવતનો પહેલવહેલો ઉપયોગ ક્ષત્રપ રાજાઓના અભિલેખોમાં થયો હોવાનું જણાવીને તે સંવત તે શકસંવત હોવાનું તેમણે કહ્યું હતું. શકસંવતનાં વર્ષ પહેલેથી આખા દેશમાં ચૈત્રાદિ ગણાય છે. આ સંવત ગુજરાતમાં લુપ્ત થયો ને મહારાષ્ટ્રમાં પ્રચલિત થયો. ઉત્તર ભારતમાં શકસંવતની જેમ ઘણાં સંવતોના વિક્રમ સંવતના પણ વર્ષ ચૈત્રથી શરૂ થતાં ગણાય છે. ત્યારે ગુજરાતમાં કાર્તિકાદિ વર્ષ ગણવાની હાલની પદ્ધતિ પ્રાચીનતાની દૃષ્ટિએ છેક આભીર કલચુરા સંવત સુધી વિસ્તરે છે. ગુજરાતમાં માસનો આરંભ સુદ પડવાથી ગણાય છે. તે પદ્ધતિ મોડામાં મોડી પાંચમી સદી જેટલી પ્રાચીન છે. ઉત્તર ભારતમાં માસ વદ પડવાથી શરૂ થાય છે જે પૂનમે પૂરા થાય છે. તેને પૂર્ણિમાન્તમાસ કહે છે. મૈત્રકકાલ દરમિયાન ગુપ્તસંવતના રૂપાન્તર તરીકે વલભી સંવતનું પ્રવર્તન હોવાનું જણાવીને ડૉ. શાસ્ત્રીએ વિક્રમ સંવત વિશે જણાવ્યું કે આ સંવત ઈ. પૂ. ૫૭માં શરૂ થયો છે. તે વિક્રમાદિત્યના રાજ્ય-કાલથી શરૂ થયો મનાય છે. પરંતુ એ રાજાની ઐતિહાસિકતા, સમય અને અભિજ્ઞાન સુનિશ્ચિત નથી. ગુજરાતમાં વિક્રમ સંવતનો વ્યાપક ઉપયોગ સોલંકીકાલ દરમિયાન થયો. સોલંકીકાલ દરમિયાન સોરઠના અભિલેખોમાં સિંહ સંવત નામે એક સંવત વપરાયો હોવાનું જણાવ્યા બાદ ડૉ. શાસ્ત્રીએ બીજી પણ કેટલીક જાણવા જેવી માહિતી કાલગણના સંદર્ભે આપી હતી. જેમ કે સોલંકીકાલથી અહીં અરબી-ફારસી શિલા-લેખોમાં અને ક્વચિત સંસ્કૃત–ગુજરાતી અભિલેખોમાં હિજરી સન વપરાયો છે. મુઘલકાલ દરમિયાન ઈ. સ. ૧૧૮૪માં હિજરી સનને બદલે "ઈલાહી" સન પ્રચલિત થયો. ક્યારેક જૈન અભિલેખોમાં વીરનિર્માણ સંવત પ્રયોજાય છે. એ મહાવીર સ્વામીના નિર્વાણ વર્ષથી શરૂ થયો મનાય છે. પારસીઓના શિલાલેખોમાં યઝદગર્દી સન વપરાય છે. એ સંવત ઈરાનના છેલ્લા જરથોસ્તી બાદશાહ યઝ્દગર્દના ઈ. સ. ૬૩૨માં થયેલા રાજ્યારોહણના વર્ષથી શરૂ થાય છે. એનું વર્ષ ૧૨ સૌર માસનું હોય છે ને એમાં અંતે પાંચ દિવસ ઉમેરવામાં આવે છે જેને "ગાથાના દિવસ" કહે છે. એમાં દર ૧૨૦ વર્ષે એક કબીસો (અધિકમાસ) ઉમેરવામાં આવે છે. યહૂદીઓના અભિલેખોમાં યહૂદીઓના જે સંવત પ્રયોજાય છે તેને તેઓ "સૃષ્ટિ સંવત" તરીકે ઓળખે છે તે એ સંવતનો આરંભ સૃષ્ટિસર્જનનું વર્ષ જેને તેઓ ઈ. પૂ. ૩૭૬૦ ગણે છે તેમાં થયો હોવાનું માને છે.

આમ ડૉ. શાસ્ત્રીએ અભિલેખોના અધ્યયનના આધારે ગુજ-રાતના રાજકીય, ધાર્મિક, વિદ્યાકીય, સાહિત્યિક, સામાજિક તથા આર્થિક ઈતિહાસ વિશે તેમ જ તે તે કાલની ભાષા, લિપિ અને કાલગણના વિશે પુષ્કળ માહિતી આપી. ગુજરાતના ઈતિહાસના સાધન લેખે અભિલેખોનું કેટલું બધું મહત્ત્વ છે તે તેમનાં વ્યાખ્યાનોથી પ્રતીત થયું. વ્યાખ્યાનો અભ્યાસપૂર્ણ તો હતાં જ. વક્તાની અભિવ્યક્તિની શૈલી પણ રસ જન્મે એવી હતી. ડૉ. રમણલાલ શાહના યોગ્ય ઉપસંહારથી આ વ્યાખ્યાનો સમાપ્ત થયાં હતાં.



શ્રી મુંબઈ જૈન યુવક સંઘને આશ્રયે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના ૮૦મા જન્મદિન પ્રસંગે ભારતીય વિદ્યાભવનમાં યોજાયેલા અભિવાદન સમારંભમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પ્રવચન આપી રહ્યા છે. મંચ પર ડૉ. સુરેશ દલાલ, શ્રી હરીન્દ્ર દવે, શ્રી તુલસીદાસ વિશ્રામ, શ્રી રસિકભાઈ ઝવેરી, ઉષા મહેતા તથા ડૉ. તારાબહેન શાહ દેખાય છે.

૮૦મા જન્મદિને ચીમનભાઈનું અભિવાદન

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ, 'પ્રબુદ્ધ જીવનના' તંત્રી, જાણીતા જૈન આગેવાન અને ચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના ૮૦મા જન્મદિન પ્રસંગે એમનું અભિવાદન કરવા મુંબઈ જૈન યુવક સંઘને આશ્રયે ગઈ કાલે ભારતીય વિદ્યાભવનમાં યોજાયેલા સમારંભમાં અનેક વક્તાઓએ, શ્રી ચીમનભાઈનાં સ્પષ્ટ પણ સમતોલ સત્યકથનનો આગ્રહ, અનન્ય સત્યનિષ્ઠા, ઉદારમતવાદી વિચારણા તથા ઊર્મિ અને બુદ્ધિની સમતુલા વગેરે ગુણલક્ષણોની ભારોભાર પ્રશંસા કરી હતી. શ્રી તુલસીદાસ વિશ્રામ પ્રમુખસ્થાને હતા.

પ્રમુખ શ્રી તુલસીદાસ વિશ્રામે, શ્રી ચીમનભાઈ સાથેના તેમના છેલ્લા ૫૪ વર્ષના નિકટના પરિચય દરમિયાન થયેલા અનુભવોનું વર્ણન કર્યું હતું અને જણાવ્યું હતું કે શ્રી ચીમનભાઈ કેટલીક વાર લાગણીહીન હોવાનું જણાય છે એવી અમુક વ્યક્તિઓની ફરિયાદ છે, પરંતુ એવું નથી. તેઓ અનેકવાર લાગણીપ્રધાન હોવાનું માલૂમ પડ્યું છે. આ પ્રશ્ન અંગે શ્રી તુલસીદાસભાઈએ માનવ પ્રત્યે તો ઠીક પણ પશુપક્ષીઓ પ્રત્યે પણ શ્રી ચીમનભાઈને કેટલી અનુકંપા છે તેનું ઉદાહરણ આપ્યું હતું.

ભૂતપૂર્વ સંસદસભ્ય શ્રી પુરુષોત્તમ માવળંકરે શ્રી ચીમનભાઈની સામાજિક અને રાજકીય વિચારણામાં સ્પષ્ટ ને સમતોલ સત્યકથનના ઘણકાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે અનેક વિસંગતિઓથી ભરેલા આજના જીવનમાં શ્રી ચીમનભાઈ એક અત્યંત આવશ્યક અને જીવંત દૃષ્ટાંત પૂરું પાડે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે વૈચારિક સ્તર પર સ્વસ્થ અને અભ્યાસમંડિત વિચારણા દેશ સમક્ષ મૂકી શકે એવી બહુ જૂજ વ્યક્તિઓમાં શ્રી ચીમનભાઈનો સમાવેશ થાય છે.

તેમણે રંક બની રહેલા જાહેરજીવનમાં ખમીર અને હીર પ્રેરવા માટે શ્રી ચીમનભાઈ જેવી વ્યક્તિઓની સમાજને જરૂર છે એવું મંતવ્ય પણ વ્યક્ત કર્યું હતું.

'જન્મભૂમિ' અને 'જન્મભૂમિ–પ્રવાસી'ના તંત્રી શ્રી હરીન્દ્ર દવેએ શ્રી ચીમનભાઈને અભિનંદન આપતાં કહ્યું હતું કે ચીમનભાઈમાં આપણને રાજકારણ અને સમાજકારણમાં ઉદારમતવાદી વિચારધારાનું એક ઉત્તમ અને પ્રભાવક ઉદાહરણ જોવા મળે છે. તેમણે શ્રી ચીમનભાઈની અનન્ય સત્યનિષ્ઠાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મુંબઈ યુનિવર્સિટીના રાજ્યનીતિ શાસ્ત્ર વિભાગનાં વડા ડૉ. ઉષા મહેતાએ શ્રી ચીમનભાઈને સમન્વયની કવિતાના માણસ તરીકે પ્રમાણ્યા હતા.

એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. સુરેશ દલાલે શ્રી ચીમનભાઈને આવેશ વિનાના સમતોલ વ્યક્તિત્વ ધરાવતા માણસ તરીકે બિરદાવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે ચીમનભાઈમાં આપણને ધન અને જ્ઞાનની ઊર્મિ અને બુદ્ધિની તથા વિચાર–આચારની એક સમતુલા જોવા મળે છે.

જૈન સમાજના આગેવાનોએ શ્રી ચીમનભાઈને અભિનંદન આપીને તેમના લાંબા આયુષ્ય માટે ભાવના વ્યક્ત કરી હતી.

વિવિધ સંસ્થાઓ તરફથી શ્રી ચીમનભાઈને ફૂલહાર અર્પણ કરવામાં આવ્યાં હતાં.

શ્રી ચીમનભાઈએ તેમના જવાબમાં પોતા પ્રત્યે વ્યક્ત થયેલી શુભેચ્છાઓ બદલ કૃતજ્ઞભાવ વ્યક્ત કરતાં પોતાના વ્યક્તિત્વના ઘડતરમાં ગાંધીજીની વિચારધારાનો ઊંડો પ્રભાવ છે એ બાબતનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ગાંધીજીના સમગ્ર જીવન પર જીવનકથા લખાઈ નથી એમ પણ કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે તમારા સૌ તથા બીજાઓ તરફથી મળેલો અખૂટ પ્રેમ મને ખૂબ સ્પર્શે છે. પણ લાગણી વ્યક્ત કરવામાં હું સંયમિત રહ્યો છું. આ ગાંધીજીની જ અસર છે.

શ્રી ચીમનભાઈએ આ પ્રસંગે અપંગોના કલ્યાણની પ્રવૃત્તિઓના લાભાર્થે એક ટ્રસ્ટ તરફથી રૂ. ૧૦,૦૦૦ ના દાનની જાહેરાત કરી હતી.

શ્રી ભરત પાઠક તથા તેમના કલાવૃન્દે સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૧, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ એપ્રિલ, ૧૯૮૧ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૧ : પરદેશ માટે શિલિંગ ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

અનામત બેઠકો—બંધારણની જોગવાઈ

☐ ચીમનલાલ ચકુભાઈ

ગુજરાતના અનામત વિરોધી આંદોલનના ઉપલક્ષમાં, લોકસભા અને ગુજરાત વિધાનસભાએ, બંધારણમાં અનામત બેઠકો સંબંધે જે જોગવાઈઓ છે તેનું, સર્વાનુમતે સમર્થન કર્યું છે. આ માત્ર ગુજરાતના આંદોલનનો વિરોધ કરવાનું પગલું જ ન હતું પણ બંધારણની આનામતનીતિ, રાષ્ટ્રીયનીતિ છે તેનું પુનરુચ્ચારણ હતું. બધા રાજકીય પક્ષો સંમત થયા તેમાં થોડો રાજકીય હેતુ, ચૂંટણી લક્ષમાં લઈ રહ્યો છે. પણ માત્ર રાજકીય હેતુ નથી. પણ આવા ઠરાવથી આ પ્રશ્નોનું નિરાકરણ થતું નથી.

આ લખું છું ત્યારે ગુજરાતનું આંદોલન હજી ચાલુ છે પણ તે પાછું ખેંચાય અથવા સમાધાન થાય તે માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. અનામતનો જે રીતે અમલ થાય છે તેથી કેટલાંક અનિષ્ટો પેદા થયાં છે અને વિકૃતિઓ આવી છે તેમ જ પ્રજાના મોટા વર્ગને, ખાસ કરી મધ્યમ વર્ગને અન્યાય થાય છે તે પ્રત્યે પ્રજાનું લક્ષ દોરવા પૂરતું આ આંદોલન વાજબી હતું. તે હેતુ સફળ થયો છે. આંદોલન હવે ચાલુ રાખવું તેથી નુકસાન છે. હવે આનામતનીતિની સમગ્રપણે વિચારણા કરવાની જરૂર છે.

બંધારણમાં અનામત જોગવાઈ શા માટે કરી છે, તે શું છે, તેનાં શાં પરિણામો આવ્યાં છે, હજી કેટલે દરજ્જે જરૂરી છે અને તેમાં શો ફેરફાર કરવાની જરૂર છે તેનું સંક્ષેપમાં વિવેચન કરવા ઈચ્છું છું.

આપણા બંધારણના સિદ્ધાંતોમાં બે પાયાના સિદ્ધાંતો છે. દરેક નાગરિકને (૧) સમાનતા - સામાજિક પ્રતિષ્ઠા અને વિકાસ માટેની તકની— Equality of status and opportunity; અને (૨) ન્યાય, સામાજિક, આર્થિક અને રાજકીય : Justice, Social. Economic and Political., પ્રાપ્ત થવા જોઈએ. આ બન્ને સિદ્ધાંતોનો અમલ કરવામાં સમતુલા જાળવવી પડે છે. અસમાન વ્યકિતઓ અથવા વર્ગો વચ્ચે સાચી સમાનતા લાવવી હોય, એટલે ન્યાય કરવો હોય તો, સબળની સામે નિર્બળને રક્ષણ આપવું પડે. એવું રક્ષણ ન આપીએ અને બન્ને સમાન છે એમ માની લઈએ તો સબળ વધારે સબળ થાય અને નિર્બળ વધારે નિર્બળ થાય. આવા રક્ષણનો હેતુ નિર્બળને સબળ બનાવવાનો છે. નિર્બળને આવું રક્ષણ અપાય તેમાં દેખીતી રીતે, સબળને અન્યાય થતા હોય તેમ લાગે અને અસમાનતાનો બચાવ, સમાનતાને નામે કરવામાં આવે. રાજ્યે બધા નાગરિકો સાથે સમાન ભાવે વર્તવું તેનો અર્થ એટલો જ નથી કે નવી અસમાનતા પેદા ન કરવી અને યથાવત્ સ્થિતિ ચાલુ રાખવી. પણ વર્તમાન અસમાનતાને દૂર કરવા સક્રિય પગલાં લેવાની ફરજ તેમાં સમાવિષ્ટ છે.

The state has an affirmative duty to make compensatory legislation to put two really unequal persons on a footing of equality. કારખાનાના માલિક અને મજૂર વચ્ચે સમાનતા છે એમ માની લઈ મજૂરને કોઈ રક્ષણ આપવામાં ન આવે તો તેનું શોષણ જ થાય. બાર કલાક મજૂરી કરાવે કે પેટપૂરતું વેતન ન આપે. કામના કલાક બાંધી આપવા અથવા લઘુતમ વેતન નક્કી કરવું, ન્યાય માટે આવશ્યક છે. વિદેશી માલ સામે દેશના ઉદ્યોગને રક્ષણ આપવા ભારે જકાત નાખવી પડે. મોટા ઉદ્યોગ સામે લઘુ ઉદ્યોગને રક્ષણ આપવું પડે. આવા ઘણા દાખલા છે.

સ્વતંત્રતા મળી ત્યારે આપણા દેશની પરિસ્થિતિ એવી હતી કે પ્રજાનો મોટો વર્ગ પછાત, ગરીબ, સદીઓથી કચડાયેલ હતો. રૂઢિ-ઐતિહાસિક સંજોગો, જ્ઞાતિ પ્રથા, પરતંત્રતા વગેરે અનેક કારણોને મોટા ભાગની પ્રજા પીડિત હતી. આવા વર્ગોને ઊંચે લાવવા ખાસ રક્ષણ આપવાની જરૂર હતી તેથી બંધારણમાં એવી જોગવાઈ કરવામાં આવી છે. સમાનતાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. સાથે ન્યાય કરવા, અપવાદો મૂકયા છે.

ત્રણ વર્ગો મુખ્યત્વે આવા રક્ષણના અધિકારી ગણ્યા છે. અનુસૂચિત જાતિઓ (Scheduled Castes), અનુસૂચિત જનજાતિઓ Scheduled Tribes, (મુખ્યત્વે આદિવાસીઓ) અને પછાત વર્ગો (Backward Classes)

આ ત્રણે વર્ગોને શિક્ષણ અને સરકારી નોકરીમાં રક્ષણ આપવા, રાજ્યને સત્તા આપી છે. આને માટે કોઈ સમયમર્યાદા બાંધી નથી. અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓને લોકસભા અને ધારાસભાઓમાં અનામત બેઠકો પણ આપી છે. શરૂઆતમાં આની મુદત ૧૦ વર્ષની હતી. વધારી ૨૦ કરી, ૩૦ કરી અને જાન્યુઆરી ૧૯૮૦માં ૪૦ વર્ષની, એટલે કે જાન્યુઆરી ૧૯૯૦ સુધીની કરી છે.

આ સંબંધે બંધારણની કેટલીક જોગવાઈ જોઈએ.

કલમ ૧૫ (૧) :

The state shall not discriminate against any citizen on grounds only of religion, race, caste, sex. place of birth or any of them.

કલમ ૧૬ (૧):

There shall be equality of opportunity for all citizens in matters relating to employment or appointment of any office under the state.

કલમ ૨૯(૨) :

No citizen shall be denied admission into any

educational institution maintained by state or receiving aid out of state Funds on ground only of religion, race, caste, language or any of them.

શિક્ષણ સંસ્થાઓમાં અનેં સરકારી નોકરીમાં, આ થયો સમાનતાનો સિદ્ધાંત.

હવે અપવાદો:

કલમ ૧૫(૩)(૪):

(3) Nothing in this article shall prevent the state from making any special provision for women and children. .....

(4) Nothing in this article or in clause (2) of article 29 shall prevent the state from making any special provision for the advancement of any socially or educationally backward classes of citizens or for scheduled castes and the scheduled tribes.

કલમ ૧૬(૪):

Nothing in this article shall prevent the state from making any provision for the reservation of appointments or posts in favour of any backward class of citizens which, in the opinion of the state, is not adequately represented in the services under the state.

કલમ ૪૬ :

The state shall promote with special care the educational and economic interests of the weaker sections of the people and in particular, of the scheduled castes and scheduled Tribes and shall protect them from social injustice and all forms of exploitation.

કલમ ૩૩૫ :

The Claims of the members of the scheduled castes and the scheduled Tribes shall be taken into consideration, consistently with the maintenance of efficiency of administration in the making of appointments of services and posts in connection with the affairs of the union or of a state.

બંધારણની આ જોગવાઈઓ અનેક મહત્ત્વના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે :

(૧) અનુસૂચિત જાતિ અને જનજાતિ કોને કહેવા?

(૨) પછાત વર્ગ કોને કહેવો? પછાત એટલે શું? વર્ગ એટલે શું?

(૩) આ બધાને રક્ષણ અથવા વિશેષાધિકાર, કેવી રીતે આપવો, કેવા પ્રકારનો, કેટલી હદ સુધી, કેટલા સમય સુધી?

(૪) બીજા વર્ગોને અન્યાય ન થાય, ગુણવત્તા અથવા કાર્યક્ષમતાને આંચ ન આવે, છતાં પછાત વર્ગોને રક્ષણ મળે તેનો સુમેળ કેમ થાય?

અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓનો નિર્ણય બંધારણ મુજબ રાષ્ટ્રપતિએ કરવાનો છે. બંધારણની શરૂઆત થઈ પછી તુરત રાષ્ટ્રપતિએ આ નિર્ણય જાહેર કર્યો છે. તેમાં પાર્લામેન્ટ સુધારોવધારો કરી શકે પણ અન્યથા તે અંતિમ છે. આમાં મુખ્યત્વે અતિ પછાત જાતિઓ અને આદિવાસીઓનો સમાવેશ થાય છે.

પછાત વર્ગની કોઈ વ્યાખ્યા કે તે નક્કી કરવાનું ધોરણ બંધારણમાં આપ્યું નથી. દરેક રાજ્યે પોતાના રાજ્યની પ્રજાની સ્થિતિ અનુસાર નક્કી કરવાનું છે. કોઈ રાજ્યમાં વધારે હોય તો કોઈમાં ઓછા, કોઈમાં એક વર્ગ પછાત હોય તો કોઈમાં બીજો. આ નક્કી કરવાનું કામ અતિ વિકટ રહ્યું છે. તેમાં રાજકીય હેતુ સારી પેઠે દાખલ થયો છે.

રક્ષણ કેટલું આપવું, કેટલી હદે, કેટલા સમય માટે, તેનો નિર્દેશ બંધારણમાં નથી.

પછાતપણું એટલે માત્ર ગરીબાઈ કે આર્થિક પછાતપણું નહિ, સામાજિક અને શિક્ષણના પછાતપણા ઉપર ભાર છે. Socially and Educationally Backward. સામાજિક અને શિક્ષણમાં પછાત હોય તે મોટે ભાગે ગરીબ હોય છે. પણ એ અસંભવ નથી કે સામાજિક રીતે અને શિક્ષણમાં પછાત હોય છતાં ગરીબ ન હોય. અન્યથા, ગરીબ હોય છતાં સામાજિક અને શિક્ષણમાં પછાત ન હોય. સામાજિક રીતે પછાત એટલે શું? સમાજમાં તેની પ્રતિષ્ઠા ન હોય, નીચા ગણાતા હોય, તેના વ્યવસાયને કારણે, રહેઠાણને કારણે અથવા અન્યથા. ગરીબાઈને જ પછાતપણાનું ધોરણ સ્વીકારીએ તો મોટી બહુમતી પ્રજા ગરીબ છે. ધ્યેય છે, Equality of status and opportunity. નો, Economic Equality. નો નહિ. અલબત્ત, સામાજિક અને શિક્ષણનું પછાતપણું જાય તો આર્થિક સ્થિતિ સુધરે પણ સામાજિક અને શિક્ષણમાં સામાન્ય રીતે પછાત ન હોય એવા મધ્યમ વર્ગની આર્થિક સ્થિતિ આપોઆપ સુધરતી નથી.

આવું રક્ષણ આપ્યા પછી તે કાયમનું થઈ જાય તેવો સંભવ છે.

Backwardness has a tendency to perpetuate itself and it becomes a vested interest.

એક વર્ગને પછાત ગણીએ તો તેના બધા માણસો ગરીબ હોય તેમ નથી. પાંચ ટકા સુખી પણ હોય. રક્ષણનો લાભ આ પાંચ ટકા લઈ જાય. બીજા એમ જ રહી જાય.

આવું રક્ષણ ધીમે ધીમે ઓછું થવું જોઈએ. ઓછું કરવા જતાં વિરોધ અને સંઘર્ષ થાય.

માન્યતા એમ હતી કે ૨૦/૩૦ વર્ષના ગાળા પછી આવા રક્ષણની જરૂર નહિ રહે. આ માન્યતા ખોટી પડી છે.

લોકસભા અને ધારાસભાની અનામત બેઠકો ૧૦ વર્ષ આપી હતી. તેના ૨૦, ૩૦ અને હવે ૪૦ થયાં. તેને રદ કરવી મુશ્કેલ છે, પણ તેનો લાભ તે વર્ગોના ૫-૧૦ ટકાને જ મળે છે.

જગજીવનરામ, પહાડિયા, અંજૈયાહ, મકવાણા, તેમને અને તેમનાં સંતાનોને પછાત શા માટે ગણવાં?

છતાં તેમના વર્ગના ૯૦/૯૫ ટકા પછાત છે જ. આ પ્રશ્ન કેટલો જટિલ છે તે બતાવવા પૂરતું આટલું લખ્યું છે. તેનાં ઘણાં પાસાં છે, આંટીઘૂંટી છે. પરિણામે ઘણા કેસ થયા છે. સુપ્રીમ કોર્ટના ઘણા ચુકાદાઓ છે અને તે બધા સુસંગત જ છે તેમ નથી.

અહીં બે દાખલા આપીશ: એક શિક્ષણનો અને બીજો સરકારી નોકરીનો.

જુલાઈ ૧૯૫૮માં માયસોર સરકારે હુકમ બહાર પાડ્યો કે બ્રાહ્મણો સિવાય બધી કોમોને પછાત ગણવામાં આવશે અને તેમને માટે શિક્ષણ સંસ્થાઓમાં ૭૫ ટકા બેઠકો અનામત રાખી. તેમાં અનુસૂચિત જાતિઓ માટે ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ માટે ૩ ટકા અને ૫૭ ટકા બીજાઓ માટે. આ હુકમને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો. હાઈકોર્ટે તેને બિનબંધારણીય ગણી રદ કર્યો.

મે-જૂન ૧૯૫૯માં બીજો ઓર્ડર બહાર પાડ્યો. તેમાં બ્રાહ્મણ, વાણિયા અને કાયસ્થ સિવાયના બધા હિન્દુઓ, બધા મુસલમાનો, ખ્રિસ્તીઓ અને જૈનોને પછાત વર્ગ ગણ્યા અને ૬૫ ટકા અનામત બેઠકો રાખી. આ હુકમ પણ હાઈકોર્ટે રદ કર્યો.

પછી પછાત વર્ગ કોને ગણવા તેની ભલામણ કરવા કમિટી નીમી. કમિટીએ એક કામચલાઉ રિપોર્ટ આપ્યો. આ ભલામણ મુજબ ૧૯૬૦માં ત્રીજો હુકમ કર્યો, જેમાં ૪૦ ટકા પછાત વર્ગો

માટે અને ૬૦ ટકા ગુણવત્તાનાં ધોરણે, પણ અનામત ઉપરાંત ગુણવત્તાના ધોરણમાં હરીફાઈ કરવાની છૂટ આપી. વળી પછાત વર્ગો, જ્ઞાતિ-Caste-નાં ધોરણે નક્કી કર્યાં હતાં. આ હુકમ પણ હાઈકોર્ટે રદ કર્યો.

કમિટીનો છેવટનો રિપોર્ટ આવ્યો તે મુજબ જૂન ૧૯૬૧માં ચોથો હુકમ બહાર પડાયો. છેવટના રિપોર્ટમાં પણ પછાત વર્ગો જ્ઞાતિના ધોરણે નક્કી કર્યા અને ૪૮ ટકા અનામત બેઠકો આપી. શિક્ષણમાં પછાતપણું નક્કી કરવા એમ ઠરાવ્યું કે રાજ્યમાં શિક્ષણનું સામાન્ય ધોરણ દર એક હજારે ૬.૯ છે તો તેથી ઓછું શિક્ષણ જે કોમમાં હોય તેને પછાત ગણવી. ૬.૮ હોય તો પછાત, ૭ હોય તો નહિ. દરેક કોમમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તે નક્કી કરવું અત્યંત મુશ્કેલ છે. લિંગાયતમાં શિક્ષણનું ધોરણ ૭.૧ ટકા હતું. તેથી કમિટીએ લિંગાયતને પછાત ન ગણ્યા, પણ રાજ્ય સરકારને આ ફાવ્યું નહિ એટલે નવી ફોર્મ્યુલા કરી લિંગાયતને પછાત ગણ્યા. અનામત બેઠકો ૪૮ ટકા રાખી. વળી એક નવી રીત કાઢી. પછાત અને વધુ પછાત એવા બે વર્ગો કર્યા. તે પ્રમાણે ૮૧ વર્ગ પછાત ગણ્યા અને ૧૩૧ વધારે પછાત.

આ બધા હુકમોમાં મેડિકલ, એન્જિનિયરિંગ અને ટેકનિકલ કોલેજોમાં દાખલ કરવાનો પ્રશ્ન હતો. આ ચારે હુકમમાં અને પછી પાંચમો કાઢયો તેમાં પણ, અનુસૂચિત જાતિઓ માટે ૧૫ અને જનજાતિઓ માટે ૩ ટકા કાયમ રહ્યા છે તેમ જ અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ કોને ગણવી તે વિષે પણ તકરાર ન હતી. બધામાં તકરાર હતી, પછાત વર્ગ કોને ગણવો અને તેમને કેટલા ટકા અનામત બેઠકો આપવી.

જુલાઈ ૧૯૬૨માં પાંચમો હુકમ બહાર પાડયો. તેને પણ પડકારવામાં આવ્યો. મામલો છેક સુપ્રીમ કોર્ટ સુધી ગયો. સુપ્રીમ કોર્ટે આ પાંચમા હુકમને પણ રદ કર્યો. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો આધારભૂત ગણાય છે, જેમાં પછાત કોને કહેવા, વર્ગ કોને કહેવો, કેટલા ટકા અનામત આપવા વગેરે મુદ્દાઓની વિગતથી છણાવટ કરી છે. તે લખું તે પહેલાં પાંચમો હુકમ શું છે તે જણાવું. પછાત અને વધારે પછાત એવા વર્ગો કાયમ રાખ્યા. અનામત બેઠકો ૬૮ ટકા રાખી, જેમાં ૧૮ ટકા અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે રહી. સીરવાઈ લખે છે.

The questions thus raised were of extreme importance for they involved the two fundamental rights — under Articles 15 (1) and 29 (2) on the one hand and the promotion of the educational and economic interests of the weaker sections of the people. There was also the national interest which must suffer if qualified and competent students were unreasonably excluded from higher university education.

સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું : (૧) પછાત વર્ગોનું પછાતપણું અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ જેટલું હોવું જોઈએ. (૨) પછાતપણાના વર્ગો પાડી ન શકાય; તો ઘણા સ્તર થઈ જાય. (૩) પછાતપણું સામાજિક અને શિક્ષણનું બન્ને પ્રકારનું હોવું જોઈએ. (૪) પછાત વર્ગ જ્ઞાતિના ધોરણે નક્કી ન થાય- Class is not caste. જ્ઞાતિ ધ્યાનમાં લેવાય પણ તે જ ધોરણ ન હોય. (૫) પછાતપણા માટે એ વર્ગનો વ્યવસાય પણ લક્ષમાં લેવાય. ઢેઢ, ચમાર, ભંગી, ધાંચી, મોચી, વગેરે. (૬) શિક્ષણના પછાતપણા માટે ૬.૯નું ધોરણ વાજબી નથી. પાંચ ટકાથી ઓછું ધોરણ લેવું. (૭) ૬૮ ટકા અનામત ઘણી વધારે છે. ૫૦ ટકાથી વધારે ન જોઈએ. આ બધાં કારણે પાંચમો ઓર્ડર પણ રદ કર્યો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પછાત વર્ગની પ્રગતિ થાય તે રાષ્ટ્રના હિતમાં છે, પણ બીજા વર્ગોના હિતની અવગણનાથી રાષ્ટ્રનાં હિતો જોખમાય છે. વળી શિક્ષણનું ધોરણ નીચે ઊતરવા દેવું ન જોઈએ. આ બધાં દૃષ્ટિબિંદુનો સમન્વય સધેલો નથી. આ કેવી રીતે કરવું તે કોર્ટે બતાવ્યું નથી. કોર્ટે કહ્યું, તે આમારું કામ નથી, રાજ્યનું કામ છે.

આમ ૧૯૫૮થી ૧૯૬૩ સુધી વાત અદ્ધર રહી. પછી શું થયું તે મને ખબર નથી.

આવા અનેક કેસ દરેક રાજ્યમાંથી થયા છે. હવે બીજો દાખલો નોકરીનો લઈએ. જમ્મુ - કાશ્મીર રાજ્યના શિક્ષકોનો પ્રશ્ન હતો. આ રાજ્યમાં કાશ્મીરી પંડિતોની વસતિ બે ટકા છે, પણ તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું વધારે હોવાથી શિક્ષકો તરીકે અને અન્ય સરકારી નોકરીઓમાં તેમનું પ્રમાણ ઘણું વધારે હતું. ૧૯૫૬માં રાજ્યે નોકરીના નિયમો ઘડયા. નિયમોમાં ગુણવત્તાનું ધોરણ હતું પણ તેના અમલમાં ૫૦ ટકા મુસલમાનો, ૪૦ ટકા પછાત હિન્દુઓ અને ૧૦ ટકામાં શીખ, કાશ્મીર પંડિત વગેરે- સુપ્રીમ કોર્ટમાં કેસ થયો. ૧૯૬૮માં ચુકાદો આવ્યો. નિયમો રદ કર્યા. ૮૧ શિક્ષકો જેને પ્રોમોશન આપ્યું હતું તેને પાછા ધકેલ્યા. પણ તેમ કરતાં, રાજ્યે છટકબારી શોધી અને યથાવત્ સ્થિતિ રાખી એટલે બીજો કેસ થયો, તેમાં ૨૪૯ શિક્ષકોનો પ્રશ્ન હતો. તેમને બઢતી આપી હતી તે બિનબંધારણીય અને ગેરકાયદેસર ઠરી. આ ચુકાદો ૧૯૭૧માં આવ્યો. પછી શિક્ષકોની ગુણવત્તાના ધોરણે પસંદગી કરવા રાજ્યે ૧૧૦૦ શિક્ષકોના ઈન્ટરવ્યુ ગોઠવ્યા. આવી કહેવાતી પસંદગી સામે કેસ થયો. ૨૪૫ શિક્ષકોનો પ્રશ્ન હતો. ૪૦૦ શિક્ષકો વતી કેસ થયો હતો. અરજદારોએ પુરવાર કર્યું કે આ ઈન્ટરવ્યુ અને પસંદગી ફારસ હતાં. કોર્ટે કહ્યું:

The whole process of selection is wrong and unsatis factory and needs to be set aside. પછાત વર્ગ કેવી રીતે નક્કી કરવા તેની કોર્ટે ચર્ચા કરી છે. પરંપરાગત વ્યવસાયનાં ધોરણો નક્કી કરવાનો પ્રયત્ન કેટલો બેહૂદો હતો તે બતાવ્યું. પરંપરાગત વ્યવસાય કોને કહેવો? કમિટીએ આપેલ કેટલાક દાખલા આ પ્રમાણે છે :

(1) Bearer, Boy, waiter (2) Book-binders (3) grass seller, (4) old garment sellers (5) Tonga driver, વગેરે. કોર્ટે કહ્યું, આ બરાબર નથી. તેમાં કાંઈ પરંપરાગત નથી.

We think there must be a proper revision of traditional occupations. આ ચુકાદો ૧૯૭૩માં આવ્યો. આમ ૮ વર્ષ મામલો કોર્ટે રહ્યો. પરિણામે કોર્ટે કહ્યું છે :

The net result of it has been to deprive schools of their Headmasters — considerable damage must have been done to overall discipline in the schools.

શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ કરતાં યે સરકારી નોકરી અંગે વધારે કેસો થયા છે. પ્રોમોશન, સિનિયોરિટી, સિલેકશન, અનેક મુદ્દાઓ ઉપસ્થિત થયા છે. રાજ્યોએ આડેધડ નિયમો કર્યે રાખ્યા છે. કયાંક કોર્ટે મંજૂર રાખ્યા છે અથવા રાખવા પડયા છે. કેટલાક રદ કર્યા છે. પરિણામે બઢતી આપી હોય તેવાને નીચે ઉતાર્યા છે, કોઈને ઊંચે ચડાવ્યા છે.

આ બે દાખલાઓ સમગ્ર પ્રશ્નની જટિલતા અને બંધારણીય જોગવાઈના અમલની મુશ્કેલીઓ બતાવે છે. સમગ્ર પ્રશ્ન તલસ્પર્શી પુનર્વિચારણા માગે છે. એક વખત પછાત એટલે સદા પછાત એમ નથી, હોવું ન જોઈએ. આ પ્રશ્ન ઘણો અભ્યાસ માગે છે. મેં તો શરૂઆત જ કરી છે. પણ હવે આંખમિચામણાં થાય તેમ નથી.

કેટલાંય કમિશનો અને કમિટીઓ નીમી. તેમની ભલામણોએ વધારે ગૂંચવણો પેદા કરી છે. ગુજરાતમાં બક્ષી કમિટી નીમી હતી. તેણે દાટ વાળ્યો.

હાલમાં મારાં મંતવ્યો આ પ્રમાણે છે :

(૧) આ ત્રીસ વર્ષમાં આપણે પછાત વર્ગો (આ શબ્દમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓનો સમાવેશ કરું છું) ની નોંધપાત્ર પ્રગતિ કરી શકયા નથી. સામાજિક રીતે શિક્ષણમાં અને આર્થિક રીતે લગભગ હતા ત્યાં જ છે. સવર્ણોનું માનસિક વલણ પછાત વર્ગો પ્રત્યેનું હજી એવું જ રહ્યું છે: ઘૃણા, તિરસ્કાર અને બળજબરીનું.અંતમાં પ્રશ્ન છે સમગ્ર પ્રજાના માનસિક પરિવર્તનનો.

(૨) વસતિવધારો ૬૮ કરોડ થયો છે. પછાત વર્ગો વધ્યા છે. મધ્યમ વર્ગ, ખાસ કરી નીચલા થરનાની પણ એ જ હાલત છે.

(૩) પછાત વર્ગોમાં જાગૃતિ આવી છે, પણ ગરીબાઈ અને શોષણને કારણે નિર્બળ છે.

(૪) શિક્ષણ અને નોકરીની માગ ખૂબ વધી છે. શિક્ષણ સંસ્થાઓ અને સરકારી નોકરીની મર્યાદા છે, માગ ઘણી વધારે છે. પછાત વર્ગોની માગ વધે અને તેમને અનામત બેઠકો મળે તે કારણે, મધ્યમ વર્ગ વધારે વંચિત રહે છે. સરકારી નોકરી વ્યાપક અર્થમાં લેવાય છે. પંચાયતથી માંડી સચિવાલય સુધી, રાષ્ટ્રીયકૃત બેન્કો, વીમા કંપની, શાળાઓ, સરકારી, પબ્લિક કંપનીઓ વગેરે.

(૫) પછાત વર્ગો શિક્ષણનો એટલો લાભ લેતા નથી. આર્થિક-સ્થિતિ નબળી હોવાને કારણે, કુટુંબનો દરેક સભ્ય મજૂરી કરે તે છોડવું પોસાય તેમ નથી. શિક્ષણ લીધા પછી નોકરી મળતી નથી અને પોતાનો વ્યવસાય કરવો નથી. ગામડાં છોડી શહેરમાં જાય છે.

(૬) અનામતને બધા સ્તરે વ્યાપક બનાવવાથી શિક્ષણનું ધોરણ ઊતરે છે અને કાર્યક્ષમતા ઘટે છે.

(૭) વર્તમાન અનામત પ્રથાથી પછાત વર્ગના ૫-૧૦ ટકાને લાભ થયો છે, બીજા હતા ત્યાં જ રહ્યા છે.

(૮) વર્તમાન પ્રથામાં ઘણી વિકૃતિઓ અને અતિશયતા છે, જેને કારણે ઘણાં અનિષ્ટો પેદા થયાં છે.

(૯) હરિજન શબ્દનો બંધારણમાં કયાંય ઉલ્લેખ નથી. હરિજનોનો સમાવેશ અનુસૂચિત જાતિઓ અથવા પછાત વર્ગોમાં થાય છે, પણ વાતાવરણ એવું સર્જાયું છે કે જાણે માત્ર હરિજનો જ પછાત વર્ગ છે અને આંદોલન હરિજનો સામે જ છે.

આ બધાં કારણે વર્તમાન અનામત પ્રથામાં મૂળભૂત ફેરફારો કરવાની જરૂર છે:

(૧) પછાત વર્ગો ઓછામાં ઓછા રાખવા. પછાતવર્ગ ગણવા માટે, પછાતપણું અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ જેટલું હોવું જોઈએ. ગણવા જઈએ તો પ્રજાના ૭૦-૭૫ ટકા પછાત ગણી શકાય. આ હેતુ નથી.

(૨) શિક્ષણ સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામત બેઠકો રાખવી તે સાથે બીજા ઉપાયો યોજવા જોઈએ. શિક્ષણ સંસ્થાઓ વધારવી, આર્થિક સહાય આપવી, રહેવાની સગવડ વગેરે.

(૩) શિક્ષણ સંસ્થામાં પ્રવેશ માટે અને નોકરીમાં દાખલ થવા પૂરતું જ અનામત રહે. પછી ગુણવત્તાનું ધોરણ રાખવું.

(૪) અનુસ્નાતક શિક્ષણમાં અનામત ન હોય.

(૫) નોકરીમાં નીચલા વર્ગો, ક્લાસ ૩ અને ૪ માં પ્રવેશ મળે. પ્રોમોશન, સિલેકશન, પહેલા-બીજા ક્લાસમાં નોકરી વગેરે ગુણવત્તાના ધોરણે રહે.

(૬) પછાત વર્ગો માટેનું શિક્ષણ વ્યવસાયલક્ષી કરવું. તેમાંના ઉચ્ચ શિક્ષણ લેવાને લાયક પ્રમાણમાં બહુ જ ઓછા હોય. ખરેખર તેજસ્વી વિદ્યાર્થીઓ હોય તેને જ ઉચ્ચ શિક્ષણની તક આપવી.

(૭) અનામત બેઠકોની સમયમર્યાદા નક્કી કરવી જોઈએ.

(૮) અંતે સમગ્ર રાષ્ટ્રનું હિત લક્ષમાં રાખવાનું છે, કોઈ એક વર્ગનું નહિ. અનામત કાયમ ન હોય. પછાતપણું તો રહેવાનું જ છે. તે દૂર કરવાના બીજા ઉપાયો યોજવા જોઈએ.

આવા ફેરફારો કરવામાં વિરોધ થશે. અત્યારે જે વધારે પડતું થઈ ગયું છે તેને વાજબી ધોરણે મૂકતાં દૃઢતાથી કામ લેવું પડશે. રાજકીય હેતુ, ચૂંટણી વગેરેથી પર થવું પડશે.

ગુજરાતના આંદોલને રાષ્ટ્રનું ધ્યાન આ પ્રશ્ન ઉપર જોરથી દોર્યું છે. દરેક રાજ્ય તાત્કાલિક પગલાં લઈ અતિશયતા અને anomalies હોય તે તુરત દૂર કરી શકે છે. ગુજરાતમાં પણ થઈ શકે. રાષ્ટ્રીય ધોરણે વિચારી, રાષ્ટ્રીય નીતિ નક્કી થાય.

૨૩-૩-૧૯૮૧

અનામતનો પ્રશ્ન

▯ મનુભાઈ પંચોળી–'દર્શક'

શિક્ષણમાં અનામત જગ્યાઓ રાખવા અંગેના આંદોલન વિષે વિચાર કરતાં રાજ્ય અને વિદ્યાર્થીઓ વચ્ચેનું અંતર ઘણું ઓછું દેખાય છે અને છતાં સમાધાન થતું નથી તે સામાન્ય જનને નવાઈ પમાડે તેવું છે. સરકારે વિદ્યાર્થીઓની માગણી અને સરકારે સ્વીકારેલ મુદ્દાઓની જે જાહેરાત કરી છે તે જોતાં આટલું બધું નુકસાન કરનારું આંદોલન ચલાવવું તે નિઃશંક અસામાજિક છે.

પણ સમાધાન નથી થતું તેનું એક કારણ એ હોઈ શકે કે રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ અનામતનો સિદ્ધાંત છોડવા તૈયાર નથી.

આંદોલન ચલાવવાવાળા કામચલાઉ રીતે અનામત સિદ્ધાંત સ્વીકારવા તૈયાર છે, પણ તેમનું ધ્યેય તો અનામત જગ્યાઓની બધાં ક્ષેત્રોમાંથી નાબૂદી છે. આ ધ્યેયમાં રાજ્યના કર્મચારીમંડળોએ પણ ટેકો આપ્યો છે, અને ભળશે તેમ જાહેરાત કરી છે. આમ ખરે જ હોય તો મામલો ગંભીર અને ગૂંચવાયેલો બને.

કારણ બહુ સ્પષ્ટ છે. જે પછાતવર્ગો હરિજનો ૬૫-૬૬ ટકા છે અને જેમને હજ રહેવા, ખાવા, પીવા, ઓઢવાનાં ઠેકાણાં નથી એમને ઉજળિયાત વર્ગ હડધૂત કરતો આવ્યો છે અને આજે પણ કરે છે તેને આવી કોઈ અનામત સગવડો વિના સમાજના કારભારમાં આગળ આવવાની કોઈ તક લાંબા કાળ સુધી રહે નહિ.

તેમને શિષ્યવૃત્તિ આપવાથી જો નોકરીનાં ધોરણો, કે પ્રવેશનાં ધોરણો ઊંચા રખાય તો પ્રવેશ મળે જ નહિ. સમાન થવા માટે શિષ્યવૃત્તિની જ જરૂર નથી, આત્મવિશ્વાસ પણ જરૂરી છે. આ આત્મવિશ્વાસ તેને સમકક્ષ કસોટીઓમાં સાચા ઉત્તરો આપવાની હિંમત આપે છે અને તે પણ તરત નહિ. એક ઘરમાં પણ ઓરમાન બાળકોમાં આત્મવિશ્વાસ ઓછો હોય છે. બાલ્યાવસ્થામાં જેણે માતા કે પિતા ગુમાવ્યા હોય, કોઈ બીજા સગાને આશરે ઉછર્યા હોય તે બાળકોમાં પણ આત્મવિશ્વાસ હોય છે. અનાથાશ્રમમાં ઉછરેલાંના હાલ તો એથીયે બૂરા હોય છે.

આ ત્રણેય પ્રકારનાં બાળકોના લાંબા વખતના અનુભવ પછીનું આ કથન છે. આથી આવી કસોટીઓ, પ્રવેશ કે વચગાળાની હોય ત્યારે એવાની અમારે વધારે સંભાળ લઈ, ઉષ્મા આપી ધીમે ધીમે આત્મવિશ્વાસ વધે તેવું આયોજન કરવું પડે છે. એટલું જ નહિ, પણ ઉજળિયાત બાળકો તેમની હાડછેડ, મશ્કરી ન કરે, પણ તેને પોતાનાં જ પરિવાર સમા ગણે તેવું પણ સમજાવવું–શીખવવું પડે છે.

છાત્રાલય જીવનમાં આવો પારિવારિક સ્નેહ મળે છે ત્યારે આ હરિજન, પછાત કે આદિવાસી બાળક-બાળાઓનો

આત્મવિશ્વાસ જાગે છે અને સૌની જેમ આખરી પરીક્ષામાં બેસી સૌની જેમ ઉત્તીર્ણ થાય છે.

યાંત્રિક સમાન ક્ષમતાની વાત કરવાથી કશું વળતું નથી, ઊલટું ગૂંચવાય છે.

શિક્ષણની આ પ્રક્રિયા લોકશાહીમાં મોટા પાયા પર સમાજમાં રહેલા પછાતવર્ગો માટે કરવાની રહે છે.

નહિતર તો લોકશાહી માત્ર ઉજળિયાતો માટેની જેને સામ્યવાદીઓ ભદ્રવર્ગની લોકશાહી કહે છે તે જ બની જાય છે.

બધાં વિવિધ-દેશી-પરદેશી સર્વે પછી આપણી લોકશાહી પણ તેવી બની ગઈ છે તેવું કહે છે.

જમીન વહેંચણીના કાયદા કર્યા, વિકાસ ઘટકો ઠેર ઠેર શરૂ કર્યાં, નવાં બિયારણો, ખાતર શોધ્યાં, તેમાં સબસીડીઓ આપી, અબજોની યોજનાઓ કરી અને છતાં તપાસ થઈ ત્યારે દેખાયું કે આનો લાભ ઉપલાવર્ગોને જ વિશેષ મળ્યો છે. એટલું જ નહિ ઊલટાના શ્રીમંત વધારે શ્રીમંત અને ગરીબ વધારે ગરીબ થયા છે.

માર્ક્સના વિશ્લેષણ મુજબ રાજ્યસંસ્થા એ તે તે સમયના ઉપલા વર્ગના વિકાસ માટેની મેનેજિંગ કમિટી છે.

આમાં તથ્ય છે તેવું લાગ્યું એટલે જ વિશાળ મતાધિકારવાળી લોકશાહી ક્રમશ: સમૂહના દબાણથી કે વિચાર-પરિવર્તનથી આવી.

આપણે તો પહેલે ધડાકે બહેનો-અભણ-ગરીબ સૌને મતાધિકાર આપી દીધો, પણ તે છતાં ઉપલું પરિણામ આવ્યું તે માર્ક્સને સાચો પાડનારું છે.

તે જ જો રહે તો લોકશાહી પ્રત્યેનો વિશ્વાસ ઊડી જાય, તે પણ એક નવા પ્રકારની ઉમરાવશાહી છે તેવું ઠરે.

ઉપાય બે જ છે:

૧. ઉપલા વર્ગે પોતાનો સ્વાર્થ સીમિત કરી આ પછાતોને સાથે લેવા માટે બધું કરી છૂટવું, જેમ ગાંધીએ કર્યું. ગાંધી બેરિસ્ટર હતા, તે બેરિસ્ટરી તેને સાહ્યબી આપતી હતી, તે છોડી કુલીના મિત્ર બન્યા, અને અહીં આવીને પણ તે પરંપરા ચલાવી- વકીલો, અધ્યાપકો, શ્રેષ્ઠીઓને ત્યાગ કરતાં શીખવ્યું, એટલું જ નહિ પણ જાન હોડમાં મૂકી હરિજનો, આદિવાસીઓને ધરપત આપી.

આ ચૂલથી અહીં કે દુનિયામાં કોઈ જગ્યાએ ઉપલા વર્ગને અંતે નુકસાન નથી થતું. દેશમાં એક વિશાળ સમુદાય આત્મવિશ્વાસ-વિહોણો, સાધનવિહોણો, આત્મીયતા વિહોણો રહે તેની છેવટે ઉત્પાદન ક્ષમતા નીચી જ રહે છે. ઉપલા વર્ગને તેને પરિણામે ઓછી દલાલી મળે છે.

બીજી બાજુથી આ વિશાળ સમુદાય આત્મવિશ્વાસવાળો, સાધન-આવડતવાળો, સૌની જોડે આત્મીયતા અનુભવતો થાય ત્યાં કુલ્લે ઉત્પાદન વધે છે, તેમાં વધારે વેપારીઓ, વધારે ઈજનેરો, વધારે ડાકતરો, વધારે શિક્ષકો પોસાય છે.

એટલે સીમિત ત્યાગ કરવાથી આ ઉપલા વર્ગને અંતે ફાયદો જ થાય છે.

આ કરે તો છેવટે એક જ ઉપાય રહે છે અને તે આ ત્યજાયલા અને પછાત રહી ગયેલા વર્ગો પોતાનું સંગઠન કરે, વિરોધ ભાવે સંગઠન કરે, અહીં વિરોધભાવે શબ્દ મહત્ત્વનો છે. આ આંદોલનમાં તે શરૂ થઈ ગયું છે. અમદાવાદ હરિજન-પછાત વિસ્તારમાં સવર્ણ વિરોધી સંગઠનના હિંસાત્મક વલણો આપોઆપ બહાર આવ્યાં છે.

લોકશાહી નીચલાવર્ગને જાગૃત, સંગઠિત કરે તે સહજ છે, પણ તે વિરોધી તો ત્યારે જ બને છે જ્યારે ઉપલા વર્ગો પરથી તેમની શ્રદ્ધા હલી જાય છે.

આંબેડકર તો કહેતા જ કે હિંદુસમાજ નાની-મોટી, ઊંચી–નીચી પાયરીઓ પર રચાયેલો છે. તે કદી આપમેળે સમાનતા નહિ સ્વીકારે.

પણ ગાંધીએ તેમને ખાતરી કરાવી અને પ્રશ્નનો ઉકેલ કરવાનું સવર્ણોને જ પ્રાયશ્ચિત ભાવે માથે લેવા કહ્યું.

લોકશાહી સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા–ત્રણે પર ઊભા છે. કેવળ સ્વતંત્રતાનો મહિમા કરવાવાળા લોકશાહીને સમજ્યા જ નથી કારણ કે જે સમાજમાં પાયાની અસમાનતા, સામાજિક, આર્થિક સાંસ્કૃતિક છે ત્યાં સ્વતંત્રતાનો લાભ જેની પાસે ધન, સત્તા કે જ્ઞાન આવડત છે તેને જ વધારે મળે.

જે પાંચ યોજનાઓ પછી પણ બન્યું છે.

હરિજનો, આદિવાસીઓ કે પછાતવર્ગો સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક રીતે સમાન નથી જ તેમને હજુએ મંદિરપ્રવેશ નથી, તેમને હજુ પણ અલગ રહેવાનું છે, તેમનાથી હજુ પણ સામાન્ય કૂવે જવાતું નથી.

અને આર્થિક સ્થિતિ? ૯૯ ટકાને પોતાનાં બાળકોને જે ગંધાતા ગોદામાં ઠબૂરવા પડે છે તેવા ગંધાતાં ગોદડાં શ્રીમંત ઘરનાં કૂતરાને પણ ઓઢાડાતાં નથી.

હા આ વર્ગોમાંથી અર્ધો ટકો કે એક ટકો આગળ વધી શક્યા છે અને સવર્ણ કે ઉજળિયાત સમાજ સાથે ભળી શક્યા છે, તેમને આ અનામતનો કે બીજી સગવડોનો લાભ ન મળવો જોઈએ. જેમ જેમ આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક રીતે આ બધામાંથી જે ઉપર આવતા જાય તેમ તેમ આ ખાસ સગવડો લેતા જવાય. પણ લંગડાને સાજા જોડે દોડાવવાનું નામ સ્વતંત્રતા કે સમાનતા નથી. એટલે આ ખાસ સગવડોનો દુરુપયોગ તપાસીને રોકી શકાય, તે યાવત્ ચંદ્ર દીવા કરે નથી તેમ પણ કહી શકાય.

પણ કાર્યક્ષમતાનો મુદ્દો આગળ ધરીને તેમની સગવડો તેઓ ઓછામાં ઓછી આવશ્યક કક્ષાએ ન આવે ત્યાં સુધી ન જ પાછી ખેંચાય.

આખરે ક્ષમતા કરતાં સમતા સામાજિક સ્વાસ્થ્ય માટે વધારે જરૂરી છે.

જો કે ૪૦ વર્ષો સુધી આવાં બાળક-બાલિકાઓને ભણાવ્યા પછી હું નિ:શંક કહી શકું કે ક્ષમતામાં પણ તેઓ બીજા સૌ સામાન્યો કરતાં ઊતરતાં નીવડ્યાં નથી. આરંભમાં તેમને જે થોડી સગવડો પ્રવેશ માટે મલી છે તેથી તેઓ આખરી કસોટીમાં બીજા કરતાં પ્રમાણમાં નબળાં સાબિત નથી થયાં. વિનયમંદિર, અધ્યાપનમંદિર, મહાવિદ્યાલય કે સામાન્ય પ્રૌઢ શિક્ષણ–બધે આ અનુભવ થયો છે.

એ વાત સાચી કે પ્રવેશના ધોરણ માટે ગાળો અતિશય નીચો નથી. આવા ૨૫ ટકા તફાવતને એ બધા ઓળંગી શકે છે. નઈ તાલીમમાં પડેલા માણસ તરીકે મેં એવું પણ જોયું છે કે કેટલીક બાબતોમાં તો મૂળે જાતમહેનતું વર્ગમાંથી આવ્યા હોવાથી આગળ પણ રહે છે, હા, તેમનો આત્મવિશ્વાસ જાગ્યા પછી.

પણ આંદોલને આથી પણ વધારે ગંભીર પ્રશ્ન એ ઊભો કર્યો છે કે કોઈ પણ વર્ગ પોતાના માનેલા અન્યાય માટે આંદોલન હિંસાત્મક બને ત્યારે ચાલુ રાખી શકે?

સમાજમાં જુદાં જુદાં હિતો અવારનવાર અથડાય છે. તેનો નિકાલ કરવા માટે પ્રતિનિધિક રાજ્ય વ્યવસ્થા છે, ચૂંટીને પ્રજાએ તેને મોકલેલ છે તેની છેવટની જવાબદારી છે - કાયદો, વ્યવસ્થા, ન્યાયની. આ ઉપરાંત અદાલતો છે, પંચ પણ નીમાવી શકાય.

પણ જે સરકારને આપણે મત ન આપ્યા તે પણ જ્યાં સુધી નિયત બંધારણ-કાયદા મુજબ ચાલતી હોય ત્યાં સુધી આવું આંદોલન ચલાવવાનું કેટલે અંશે વાજબી છે?

અને તે પણ હિંસાત્મક બને ત્યારે પણ ચલાવ્યે રાખવું તે કેટલે અંશે વાજબી છે?

દસ હજાર માણસોની સભા ૧૦૦ માણસો અવશ્ય તોડી શકે તેમ સમાજમાં નાનો પણ સંગઠિત વર્ગ સમાજને ખોરવી શકે છે, પણ તેને બધા સમજુ લોકોએ પાછા વાળવા જોઈએ.

ઘેરાવ, પાણા ફેંકવા, જાહેર મિલકતોને નુકસાન પહોંચાડવું, પોલીસો કે લશ્કરને ગોળીબાર કરવો પડે તે હદ જવું તે એકંદરે સમાજઘાતી છે. જ્યાં પ્રાતિનિધિક રાજ્ય વ્યવસ્થા ન હોય, જ્યાં રાજ્ય વાત સાંભળવા તૈયાર ન હોય, જ્યાં સરમુખત્યારી હોય ત્યાં કદાચ આવા આંદોલનને કારણ છે, પણ આજે એ સ્થિતિ નથી. રાજ્યે મોટાભાગની માગણી સંતોષી છે. સાંભળવા તૈયાર છે. ત્યાં આ ન શોભે. લોકશાહીને જ્યારે તેના ક્રમે કોઈ વર્ગ, તેની સ્વીકૃત રીત-રસમ પ્રમાણે ચાલવા નથી દેતો ત્યારે સરમુખત્યારી આવે છે તેવો ઈતિહાસનો અનુભવ છે, તેને હરેક લોકશાહીપ્રેમી ધ્યાનમાં રાખે.

ધુંધું જાય છે ધુમાડામાં

[] રંભાબેન ગાંધી

હમણાં જ બે લેખો વાંચ્યા. બન્ને અંગ્રેજીમાં. એક છે લેખિકા ને બીજા છે લેખક. એકનું નામ છે મીના ઝવેરી, લખે છે. Going life in smoke અને બીજો લેખક છે પોલ ગ્રેન્ડિયર, લખે છે The smoke of cigarette .બન્નેનો મૂળ હેતુ એક જ છે. તેથી બન્નેના લેખોનો સારાંશ લઈને આ અનુવાદ તમારી સામે મૂકું છું. લેખો ચેતવવા માટે, માટે જ અનુવાદ કર્યો છે, તો લેખોનો સારાંશ આ પ્રમાણે છે:

આજકાલ સિગારેટ પીવાનો શોખ ખૂબ વધ્યો છે, એથી કેન્સર થાય છે તે ભય છે. છતાં, એ નશો છૂટતો નથી, એ એક ફેશન ગણાય છે. હાથમાં સિગારેટનો ડબ્બો, મોમાં સિગારેટ, એ દશ્ય ઘણીવાર જોયું હશે.

તમે જે સિગારેટ પીવો છો તેનું નિકોટીન સાતથી આઠ જ સેકન્ડમાં તમારા બ્રેઈનમાં પહોંચી જાય છે. વેઈનમાં ઈન્જેકશન આપ્યું હોય તે કરતાં યે ઘણું ઝડપથી.

કહે છે કે ભારતમાં વ્યકિતદીઠ લગભગ ત્રણ પાઉન્ડ ટોબેકો વપરાય છે. એટલે કે એક વર્ષમાં એક વ્યકિત લગભગ ૧૩૦૦ સિગારેટ ફૂંકે છે. ફરજિયાત ચેતવણી બનાવનાર કંપનીને લખવું પડે છે કે એ નુકસાન કરે છે, પરંતુ એની જાહેરાત તો અનહદ લલચાવનારી છે, એવી આકર્ષક રીતે જાહેરાત કરાય છે કે પુરુષ એનો કશ લે છે. સ્ત્રી એને વેલીની જેમ વીંટળાય છે. એમાં પ્રેમથી વધુ સેકસ દેખાય છે અને Sex એ તો યુવાનોનું આજકાલ મોટું પ્રલોભન છે.

યુવાનો પિકચર જુએ છે ત્યારે હીરોને લહેરથી સિગારેટ પીતો જુએ, વિલનને પીતો જુએ ને એને થાય કે આપણે પણ આ જ રીતે પીએ, કેટલા તો મોમાં એક છેડે સિગારેટ રાખીને વાત પણ કરી શકે છે. મોટા અમલદારના ટેબલ પર તો એ ડબ્બો હોય જ, અને આવનારને પણ એ ઓફર કરે જ.

સિગારેટ પીનારા આંખો દાઝો પીએ છે, ચેઈનસ્મોકર પણ ઘણા હોય છે. જોશો કે ઊઠતા જ સિગારેટ જોઈએ જ, બ્રેકફાસ્ટ વખતે જોઈએ જ, છાપું વાંચતા જોઈએ જ, કેટલા ટોયલેટમાં પણ પીવે છે. દિવસના કામકાજની શરૂઆત કરતા જોઈએ. કોફી ટાઈમમાં જોઈએ, જાહેરાત આવે છે ને કે આનાથી Relex થવાશે. બેડરૂમમાં સિગારેટ જોઈએ, વિચાર કરવાનો હોય ત્યારે ખાસ જોઈએ, કંટાળો આવતો હોય ત્યારે જોઈએ, લંચ ટાઈમે જોઈએ, લંચ પછી તો જોઈએ જ, ડ્રાઈવિંગ વખતે તો જોઈએ જ જોઈએ. તમે જોતા હશો કે એક હાથમાં વ્હીલ, મોમાં સિગારેટ એ ફેશનેબલ ગણાય છે, કહે છે કે એનાથી કોન્સન્ટ્રેશન વધે છે અને એ કહેનાર સ્થાપિત હિતવાળા, સિગારેટ બનાવનારા. ટેલિફોન કરતાં સિગારેટ મોમાં હોવાની જ, ઈવનિંગ સિગારેટ તો ખરી જ, થાક એનાથી જ ઊતરે એમ, જાહેરાત કરનારા કહે છે ને અને જાહેરાત કરનાર કંઈ ખોટું કહે ખરા?

સિગારેટમાં નિકોટીન આવે છે, પીનારના હાર્ટબીટ વધે છે. હાર્ટને વધુ કામ કરવું પડે છે, સિગારેટ પીનારને તાત્કાલિક રોગ થતા નથી, પરંતુ કેન્સર, હૃદયરોગ, બ્રોન્કાઈટીસ વગેરે આને પરિણામે જ થાય છે.

અને સિગારેટો પણ જાતજાતની, એની જાહેરાતો પણ ખૂબ જ આકર્ષક ને લોભાવનારી, પીનાર એની જાતો જાણે, આપણા જેવાને તો કદાચ ખબર પણ ન હોય કે એમાં આટલી જાત આવે છે અને દરેક વ્યકિતને પોતાની બ્રેન્ડની ગમે છે.

થોડાં નામ આપું, તે છે: 'ઈન્ડિયના કિંગ્સ' 'વિલ્સ ફિલ્ટર' 'વિલ્સ સુપર સ્ટાર' 'વિલ્સ રોયલ,' 'વિલ્સ ફ્લેઈક' 'ગોલ્ડ ફ્લેઈક', થ્રી કેસલ્સ', 'ચિનાર', 'હનિડયુ', 'સીઝર્સ', 'પનામા ક્લેન', 'પનામા ફિલ્ટર' 'પનામા પ્રિન્સ', 'જનરલ ફિલ્ટર', 'તાજ', 'રીજન્ટ', 'રીજન્ટ સ્પેશિયલ ફિલ્ટર', 'કેવેન્ડર', 'રેડ એન્ડ વ્હાઈટ' 'ફિલ્ટર' 'બ્લેક એન્ડ વ્હાઈટ'. કહે છે કે ૩૦૦ થી વધુ બ્રાન્ડની સિગારેટ બને છે અને જયાં આટલી હોય ત્યાં પ્રજાને એની ચુડમાં લે તેમાં કોઈ શક છે ખરો?

લેખક પોલ લખે છે કે, સિગારેટનું પેકેટ ખરીદો ત્યારે યાદ રાખજો કે એ સિગારેટનું પેકેટ નથી ખરીદતા; પરંતુ જાણી જોઈને મુસીબતનું પેકેટ ખરીદો છો, અર્થાત હાથમાં દોરો લઈને કૂવે પડો છો.

દરેક પિતા એ ન ભૂલે કે તમારો દીકરો તમને એ લહેરથી પીતા જોશે ને નિરાંત પેલા ધુમાડાના વર્તુળો કાઢતા જોશે ત્યારે એવું જ કરવાનું એનું મન થશે જ. એ ભલે તમારા દેખતાં નહિ પીએ પરંતુ બાથરૂમમાં પીશે જ. તમારી નજરની બહાર પીશે, કંપા જ મિત્રોની ટોળીમાં પીશે.

લેખક લખે છે કે પીવાની શરૂઆત કરી હતી, રમતરમતમાં, એક આખું પાકીટ બહાદુરી બતાવવા એક જ ટાઈમે ખલાસ કરી નાખ્યું હતું. ખબર નહોતી ત્યારે કે એની ચુડમાં ફસાયા છું. આજે તો લગભગ ૩૦ વર્ષ થયાં છે. રોજના બે પેકેટના હિસાબે પીધી છે. એ દરેક સિગારેટનો ખર્ચ ગણો ને એની પાછળ વીતેલો સમય ગણો તો અમૂલો સમય ને પરસેવાના ધનનો ધુમાડો જ કર્યો છે ને:

એ લખે છે કે મેં પીધેલી સિગારેટનો આટલા વર્ષોનો હિસાબ મૂકું તો ધુમાડાની પાછળ લગભગ મેં પોણો લાખની મૂડી બાળી મૂકી છે. આટલું તો ધન ખોટું ને સાથે જ શરીરની ખુવારી કરી નાખી છે.

આજે એ છોડવા હું પ્રયત્ન કરી રહ્યો છું, પરંતુ એ બડા છે. ગળું એવું પકડે છે કે પછી છોડતી જ નથી. મને ખૂબ જ ઉધરસ આવે છે, સાદી ઉધરસ નહિ, દમથી યે ભૂંડી, શ્વાસ લેવા પણ મુશ્કેલ પડે તેવી ને ઉધરસ સાથે જ છાતીમાં અનહદ વેદના થાય છે. ઊલ્ટી થવા જેવું લાગ્યા જ કરે છે, થાય છે કે તદ્દન બંધ કરી દઉં, પરંતુ એ નિર્ણયને અમલમાં મૂકવો ઘણું જ કઠણ કામ છે.

શરીર બગડવા લાગ્યું છે અને હવે તો મન પર પણ એની અસર થવા લાગી છે. ખૂબ નર્વસ થઈ જવાય છે. આખી નર્વસ સિસ્ટમ જાણે કે હલબલી ઊઠી છે. હવે તો પીતો હતો એટલી જ પીઉં તો કામમાં પૂરું ધ્યાન દઈ શકતો નથી. હાથ ધ્રૂજે છે, જયારે ત્યારે મીજાજ પર કાબૂ ગુમાવી બેસું છું.

તમને હું ખાસ કહું છું કે તમે પહેલેથી જ સિગારેટ ચેતવો ત્યારે તમારી જાતને પ્રશ્ન પૂછજો કે શા માટે પીવો છો? જરૂર છે એની? ફેશન ગણીને પીવો છો? પૂર્ણ વિચાર કરીને કશ લગાવો છો.

શા માટે એ લેડીનિકોટીનને મોં લગાડો છો. જો એકવાર એ તમને ચોંટશે તો એ છે જળો જેવી. તમારું લોહી પીને જ તમને

છોડશે. ભલભલાએ એની ચૂડમાંથી છૂટવા પ્રયત્ન કર્યા છે; પરંતુ ભાગ્યે જ કોઈ છૂટી શકયું છે.

મેં એને છોડવા ઘણી જાતના અખતરા કર્યા, નક્કી કર્યું કે કલાકે એક જ પીશું ને શું ધારો છો. બબ્બે મિનિટે ઘડિયાળ જોઉ કલાક કેમે કરતા પૂરો થાય જ નહિ ને ડાયરી રાખી, એમાં હિસાબ રાખ્યો કે દા'ડાની કેટલી પીધી, તેનું પરિણામ પણ કંઈ જ આવ્યું નહિ અને શાનું આવે પેલા જાહેરાત કરનારા નવો નવો માલ કાઢે છે ને એ આપણી સાઈકોલોજીના જાણકાર છે અને આપણે એ છોડીએ તો એના ધંધાને પોસાય એમ નથી અને એ જાણે છે કે, જાહેરાતથી આપણા મન અમુક રીતના કન્ડિશન કરી દીધા છે.

આજે આ લખતી વખતે પણ હું એની સંપૂર્ણ ચૂડમાંથી તો છૂટી શકયો નથી, છતાં છૂટવા માગું છું જ. કારણ કે હમણાં જ મેં ગભરાવી શકે તેવી વાત વાંચી છે. એર–પોલ્યુશન વિષે તો તમે બધા જાણો છો જ, પરંતુ એ નહિ જાણતા હો કે એર-પોલ્યુશનથી સિગારેટ પીનારને ખૂબ જ વધુ નુકસાન થાય છે. હવાનું પોલ્યુશન ફેફસામાં જાય ને સિગરેટનો, એટલે કે તમાકુનો ધુમાડો ફેફસાંમાં જાય, તેથી હવામાં જનાર ગંદવાડ તમાકુવાળા ફેફસા જલદી બહાર ફેંકી શકાતા નથી. એ ધુમાડો શ્વાસમાં જ રહે છે. બ્રોન્કયલ ટયૂબની અંદર ધકેલે છે. જેમાં મ્યુકસ પણ હોય છે જે ગળાને નુકસાન કરે છે અને અંદર ઈશ્વરે જે સાફ કરનાર મશીન મુકયાં છે તેને એ બગાડી નાખે છે, ભગવાને સિગારેટના ધુમાડાની જોગવાઈ રાખી નથી જ તે સમજી લેવાની જરૂર છે જ. ધીરેધીરે ફેફસાંનો રસ્તો એ કલોગ કરી નાખે છે અને તેથી ઈન્ફેકશન થવાની પણ શકયતા વધે છે. કેન્સર થવા માટે પણ એ એક મજબૂત કારણ છે. ઉપરાંત તે હદે પહોંચતા પહેલા પણ એ શરીરને બીજું ઘણું નુકસાન કરે છે. તન મન અને નર્વસ સીસ્ટમને હચમચાવી નાખે છે. ફરી મારા અનુભવે કહું છું કે એકવાર ફેશન ખાતર ટોળામાંના એક બનવા ખાતર કે બીજા પીવે છે તો તમે કેમ નહિ—એ વિચારે એને જો એકવાર મોંએ લગાડશો તો એ બલા તમને અનેક રીતે હેરાન પરેશાન કરીને જ છોડશે.

આ લેખ લખાઈ ગયો, કવરમાં મુકાઈ ગયો ત્યાં જ મારા હાથમાં યોગક્ષેમ નામનું એલ. આઈ. સી. નું મેગેઝિન આવ્યું. તેમાં એક ડોકટર એમ. પી. શાહનો લેખ છે તે પણ આને માટે જ છે. એનું મથાળું છે: 'એ ડિસીઝ ઓફ થ્રી સ્ટેઈજ' આ ડોકટરની ઉંમર ૭૦ વર્ષની છે. એમણે પુસ્તકો લખ્યાં છે. ઘણી મેડિકલ એસોસીએશનના સભ્ય છે અને એમણે પણ સિગારેટની દુષ્ટ અસર સામે એક યુદ્ધ માંડયું છે. કારણ કે એની ખતરનાક અસર વિષે એ જાણે છે.

એમના લેખનો ટૂંકો સાર આ પ્રમાણે છે:

અ લખે છે કે "તમાકુ અનેક રીતે લેવાય છે. પાનમાં લેવાય છે, ઓમને ઓમ લેવાય છે, સિગારેટમાં પીવાય છે, આ ટેવ અ કોનિક ડિસીઝ બની ગઈ છે. આ નર્વસ સીસ્ટમને ખલાસ કરી નાખે છે. આ રોગને હું રકતપીત, ક્ષય ને કેન્સર કરતાં યે ખતરનાક ગણું છું." 'આ દેખાવે તદ્દન સાદી વાત લાગે છે અને પરિણામ ભયાનક આવી શકે તેવો ખ્યાલ પણ નથી હોતો અને કહો કે ફેશન ગણાય છે માટે જ તો એના કશ ખેંચે છે. નાના, મોટા, ભણેલા વિદ્વાન, વૈજ્ઞાનિક, રિસર્ચ સ્કોલર્સ, ફિલોસોફર્સ, પ્રીસ્ટ, પ્રેસીડન્ટ ને પ્રાઈમ મિનિસ્ટર અર્થાત્ એકથી શરૂ કરીને એની ચુંગાલમાં બધા જ ફસાઈ જનાર જોયા છે."

આને પણ ત્રણ સ્ટેઈજમાં વહેંચી શકાય છે. ટી. બી.ની જેમ જ પહેલું સ્ટેઈજ છે, પીનારને નિકોટીન છે માટે મજા આવે છે. કારણ કે, નિકોટીન એ પીનાર પર મેજીકસ્પેલ કરી નાખે છે; પરંતુ પહેલા સ્ટેઈજમાં આ ટેવ છોડી દેવી સહેલી છે. છૂટી શકે છે. પહેલા સ્ટેઈજનું ડયુરેશન લગભગ બે થી પાંચ વર્ષનું છે. એનું ડાયગનોસીસ કર્યું છે તેમાં પીનાર કહે છે કે (૧) રિલેકસ થવાય છે, (૨) ખૂબ મજા આવે છે, (૩) બસ મજા ખાતર પીવ છું અને મજા આવે છે, (૪) મને સિગારેટ પીવી ગમે છે અને પીધા પછી બહુ જ સારું લાગે છે. બીજા શેમાં ય આના જેવી મજા આવતી નથી. પીવાથી મગજને ખૂબ આરામ મળે છે. જ્યારે મારી સામે કંઈક પ્રોબ્લેમ હોય ત્યારે તો ખાસ પીવાની જરૂર પડે છે જ. ખરાબ સંજોગોમાં એ જ તો ખરી કમ્પેનયિન છે. અરે એ તો મિત્રો બનાવવામાં કે વેપાર વાતમાં ફળીભૂત થવામાં મદદ કરનાર છે. તમે સિગારેટ સામેનાને ઓફર કરો ને પરિણામ સુંદર આવે જ. પાનાં રમવામાં પણ સિગારેટ પીધા પછી જ બ્રેઈન કલીઅર થાય ને મુદ્દલ ભૂલ ન થાય. આવા કંઈક કારણો લોકોએ સિગારેટ પીવા માટે આપ્યાં છે, ન પીવા માટે કોઈ જ કારણ આપ્યાં નથી.

હવે બીજા સ્ટેઈજની વાત કરીએ. એ સ્ટેઈજમાં પીનારને ન પીવી હોય તો યે એની આર્જ એટલી થાય છે કે પીવી જ પડે, અર્થાત્ અહીં એ માસ્ટર મટીને એનો ગુલામ બનવા લાગે છે. આ સ્ટેઈજમાં પીનારને લાગે છે કે જાણે કંઈ જ યાદ નથી; પરંતુ સિગારેટ પીવે કે બધું યાદ આવે.

આ પીનારના બ્રેઈનની કારની બેટરી ઘડી ઘડી ખરાબ થાય તે ચાર્જ કરાવવી પડે એની સાથે સરખાવી શકાય. ઘડી ઘડી બ્રેઈનને સિગારેટ થી ચાર્જ કર્યા જ કરવું પડે અને એ કરે તો જ કામ કરી શકે.

આ સ્ટેઈજમાં પીનારને જ્યારે ત્યારે શરદી થવા લાગે છે. માથું દુખે છે. ગળામાં ઈટીરેશન થાય છે. થાકી ગયાની ફીલિંગ થાય છે. ઊંઘ પણ જોઈએ એવી આવતી નથી. આટલું થાય છે છતાં બુદ્ધિશાળી પણ વિચાર કરતા નથી કે આનું કારણ પેલી નિકોટીન નામની બલા પેઠી છે તે જ છે. પીનારને આ બધું થાય છે તો યે રોગના મૂળ તરફ ધ્યાન જતું નથી. ઉપાય બહાર શોધે છે. ઉધરસના સીરપમાં, ગોળીઓમાં, વીટામીનમાં, કોઈ વાર કદાચ આ બધી તકલીફને કારણે સિગારેટ ઓછી કરે છે. પરન્તુ જરા ઠીક થાય કે પાછા પીતા હોય તેટલી જ પીવા લાગે છે. અને ફરી પાછા એ જ રોગ હાજર થઈ જાય છે, આ સ્ટેઈજમાં પણ પહેલાં સ્ટેઈજ જેવાં જ કારણો બતાવે છે, વધારે ખાતરીપૂર્વક એમ માને છે કે જે પીધા વિના કંઈ પણ કામ કરવું જ છે, અર્થાત્ નિકોટીન નામની બલાએ એને ગળેથી જ પકડી લીધો છે. (પરદેશમાં તો લીધી છે તેમ પણ કહેવાય છે. પરન્તુ પ્રમાણમાં ઓછી) હવે ત્રીજા સ્ટેજની વાત કરીએ, આ સ્ટેજમાં તો એની ચૂંડમાં એ પૂરેપૂરો ફસાઈ ગયો હોય છે, ધારે તો યે એને છોડી શકતો નથી. આ સ્ટેજમાં શરીરની હાલત ખરાબ થઈ જાય છે. જાતજાતના રોગ શરીરમાં ઘર કરી બેસી જાય છે. શ્વાસ લેવો અઘરો પડવા લાગે છે. ઘણીવાર ચક્કર આવે છે. પેલ્પીટેશન વધે છે. ખૂબ પરસેવો થાય છે. અનહદ વીકનેસ લાગે છે, ને કોઈ વાર તો માથું ફાટી જાય એટલું માથું દુ:ખે છે. છાતીમાં દુ:ખાવો થાય છે, ને ચાલુ ઉધરસ રહ્યા જ કરે છે. અરે કોઈ વાર તો આંખે આછું દેખાય કે કાને ઓછું સંભળાય તે પણ

એના જ કારણે થાય છે. અવાજ જાડો થતો જાય છે. મોંમાં શેનોય સ્વાદ આવતો નથી, કોઈ વસ્તુની સુગંધ લેવાની શકિતી નાક ગુમાવી બેસે છે. આ બધું થવાનું કારણ પેલી સિગારેટમાંથી ધીમે ધીમે શરીરમાં પ્રવેશી રહેલું ઝેર છે.

ડોકટરો પાસે દોડે છે ઉપાય શોધવા, મેડિકલ ચેક–અપ કરાવે છે. રોગ વધતો જાય છે, ડાયેબીટીસ હાઈપરટેન્શન, કાર્ડિયાક વીકનેસ, અલ્સર, ક્રોનિક કોલાઈટીસ એનીમીયા, વગેરે રોગોનું મૂળ આ નિકોટીન રૂપી બલામાં છે. રોગ વધતા વધતા ખર્ચ વધે છે. જાત જાતની દવા પેટમાં નખાય છે. એની બીજી સાઈડ ઈફેકટ થાય છે. તબિયતને કારણે કામ બરાબર થતું નથી. તેથી પ્રોગ્રેસ ઘટી જાય છે. ટૂંકમાં આ સિગારેટ કે જે શરૂઆતમાં તમે મોંએ મોજ ખાતર લગાડો છો તે અંતે તમને અનેક રોગના પંજામાં સપડાવીને ખલાસ કરી નાખવાની શકિત ધરાવે છે.

લેખ અહીં પૂરો થાય છે. મેં તો સારાંશ જ આપ્યો છે. આ ત્રણ લેખો વાંચ્યા પછી પણ તમે સિગરેટ શરૂ કરશો? પીવાનું ચાલુ રાખશો કે એ નિકોટીન બલા કે જે જેની જેમ તમને વળગી છે તેને હિમ્મતપૂર્વક ખસેડી દેશો, દૂર કરી દેશો?

ગોદાવરી : દક્ષિણની ગંગા

[] વિજયગુપ્ત મૌર્ય

ગયા જુલાઈમાં ગોદાવરી નદીમાં પાણીના ઝઘડા વિશે છેવટનો ચુકાદો આવી ગયો. આપણી લોકમાતાઓ માટે તેના પુત્રો (રાજ્યો) લડતા આવ્યા છે. હિંદુઓ માટે ગંગા નદી જેટલી પવિત્ર છે તેટલી ગોદાવરી પણ છે. મધ્ય અને દક્ષિણ ભારતની તે એક ગંગા છે. પ્રાકૃતિક સૌન્દર્ય અને આર્થિક વિકાસની દૃષ્ટિએ ગંગા પછી તેનો બીજો નંબર આવે. મુંબઈથી તે માત્ર ૮૦ માઈલ દૂર થલઘાટમાંથી તેની સરવાણીઓ શરૂ થાય છે. ત્રંબક પાસે આ સરવાણીઓ ગોદાવરી રૂપે વહેતી થાય છે અને નાસિકને તીર્થધામ બનાવી જરા દક્ષિણ તરફ ઢળતાં ઢળતાં તે પૂર્વમાં વહે છે અને દક્ખણના દ્વીપકલ્પ સોંસરવી બંગાળના અખાતમાં સમાઈ જાય છે. તે ૧૪૬૫ કિ. મી. લાંબી છે અને આશરે સવા ત્રણ લાખ ચોરસ કિલો મીટરના ઢાળપ્રદેશનું પાણી સીધું કે ઉપનદીઓ દ્વારા ગોદાવરીમાં વહે છે. તેનું મૂળ પશ્ચિમે અરબી સમુદ્રથી માત્ર ૮૦ કિ. મી. દૂર છે. ત્રંબકમાં એક હોજ બાંધીને તેની સરવાણીઓ સમાવી લેવામાં આવી છે. ૬૯૦ પગથિયાં ચઢીને આ હોજ ઉપર પહોંચી શકાય છે. હમાલયની નદીઓના મૂળ સુધી પહોંચવું સહેલું નથી. પણ ગોદાવરીનું મૂળ પ્રત્યક્ષ જોઈ શકાય છે અને તે પણ બહુ પરિશ્રમ વિના, એ તેની વિશિષ્ટતા છે.

નાસિકમાં ગોદાવરીનું મહાત્મ્ય ઘણું છે, પ્રયાગ અને કાશીમાં છે એટલું જ. નાસિક અને ત્રંબક વચ્ચે તેનો પટ છીછરો અને પથરાળ છે. નાસિક છોડ્યા પછી તેના કાંઠા ઊંચકાતા જાય છે. નાસિક છોડ્યા પછી હેઠવાસમાં માત્ર ૨૪ કિ. મી. દૂર ઈગતપુરીના ડુંગરામાંથી દરણા નદી ગોદાવરીની ઉપનદી બનીને તેમાં ભળી જાય છે અને બીજા ૨૭ કિ. મી. કાપ્યા પછી ડિન્ડોરી ડુંગરમાંથી કડવા નદી ભળે છે. તે પછી નાંદેડમાં પહેલો વખત ગોદાવરીના પાણીનો ખેતી માટે ઉપયોગ થાય છે. તે માટે એક નાનો બંધ બાંધવામાં આવેલ છે.

ગોદાવરી મધ્ય અને દક્ષિણ ભારતની મહા નદી છે. તે મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાને આંધ્રપ્રદેશથી જુદો પાડે છે. નેવાસા પાસે વિદર્ભના ડુંગરોનું પાણી પ્રવર અને મુલા નદીમાં ભેગું થઈને ગોદાવરીમાં ભળી જાય છે. હવે તેનું કદ વધતું જાય છે.

આપણા દેશનો સૌથી પ્રાચીન ઘાટ વિંધ્યાચળથી કન્યાકુમારી સુધીનો છે. ઉત્તરમાં અરવલ્લી, મેઘાલય અને બીજા થોડા છૂટાછવાયા ખડકો. આ પ્રાચીન ભૂમિ ગોંડવાણા મહાખંડનો ભાગ હતી. તે પછીના ઉત્પાતમાં આ દક્ખણનો પ્રદેશ ઠેકઠેકાણે ચીરાઈ ગયો હતો અને તેમાંથી લાવારસનો પ્રવાહ સમયે સમયે નીકળતો રહ્યો હતો. વિશાળ પગથિયાં રૂપે આ પ્રવાહ એકબીજાની ઉપર ફેલાતો ગયો અને ચઢતો ગયો તેથી આ અગ્નિકૃત ખડકો દક્ખણની સોપાન શિલાઓ તરીકે ઓળખાય છે. સમગ્ર રીતે જોઈએ તો તેમનો ઢાળ પશ્ચિમ ઘાટથી પૂર્વ તરફ છે. આથી પશ્ચિમ ઘાટમાંથી નીકળતી ગોદાવરી આ કઠોર અગ્નિકૃત ખડકોને ઘસતી ઘસતી પૂર્વમાં અને દક્ષિણ-પૂર્વમાં વહે છે.

ગોદાવરીનો સૌથી વધુ લાભ આંધ્ર પ્રદેશને મળે છે. ડાબે કાંઠે પૈઠણ નગરને તૃપ્ત કરીને ગોદાવરી આંધ્રપ્રદેશમાં નિલમાબાદ પાસે પ્રવેશે છે. તે પહેલાં જમણે કાંઠે મંજરા નદી મહારાષ્ટ્રમાંથી આંધ્રમાં ભૂલી પડીને પાછી મહારાષ્ટ્રમાં પ્રવેશે છે અને માથી છૂટી પડી ગયેલી દીકરી પાછી આવીને માતાને ભેટી પડે છે, એવી રીતે ગોદાવરીને ભેટી પડે છે. ડાબે કાંઠે તેને પૂર્ણા નદી મળે છે, જે પરભણી જિલ્લામાંથી આવે છે. ડાબે કાંઠે મહારાષ્ટ્રમાંથી પ્રાણહિતા અને ઓરિસામાંથી મધ્ય પ્રદેશ સોંસરવી આવતી ઈંદ્રાણી નદી ગોદાવરીમાં ભળી જાય છે. દક્ષિણે કર્ણાટકમાંથી પણ મંજરા નદી પસાર થતી હોવાથી કર્ણાટકે પણ ગોદાવરી પર પોતાનો દાવો કર્યો હતો. આમ ગોદાવરી ખરેખર મહારાષ્ટ્રની અને આંધ્રપ્રદેશની નદી હોવા છતાં તેમાં પડતી ઉપનદીઓના આધારે ગોદાવરીના પાણી પર મધ્ય પ્રદેશ, ઓરિસા અને કર્ણાટકના પણ દાવા હતા અને ગોદાવરીના ન્યાયપંચે તેમને પણ થોડો થોડો હિસ્સો આપ્યો છે. પ્રાણહિતા વર્ધા નદીનું અને વેણગંગાનું પાણી પણ લાવે છે. તે ત્રણેય નદીઓ મહારાષ્ટ્રની છે.

ગોદાવરી થોડાક માઈલ સુધી ડાબે કાંઠે મધ્ય પ્રદેશને સ્પર્શે છે. તે મહારાષ્ટ્રના ચંદા જિલ્લાને મધ્યપ્રદેશના બસ્તર જિલ્લાથી જુદો પાડે છે. અહીંથી ગોદાવરી પૂર્વ કરતા દક્ષિણમાં વધુ વળાંક લે છે. ૮૦ મા પૂર્વ રેખાંશ પાસે ગોદાવરીને મળતી પ્રાણહિતા નદી મધ્ય પ્રદેશની મહાદેવ ડુંગરમાળાનું પાણી લાવે છે. અહીં ગોદાવરીનો પટ દક્ખણના પઠાર પ્રદેશનો પ્રવાસ પૂરો કરીને કઠોર અગ્નિકૃત ખડકોમાંથી પોચા રેતાળ પ્રદેશમાં પ્રવેશે છે. અહીં તેનો પટ બેથી ત્રણ કિ. મી. પહોળો થઈ ગયો છે. વચ્ચે માઈલો લાંબા કેટલાક ખડકો છે. ઈ. સ. ૧૮૫૪માં આ ખડકો ફૂંકી દઈને વર્ધા તથા નાગપુર સુધી જલમાર્ગ રચવાની એક યોજના હતી. તેનો હેતુ એવો હતો કે સમુદ્રમાંથી જહાજો અહીં સુધી આવે અને નાગ-વિદર્ભના રૂની ગાંસડીઓ ભરી જાય. વર્ધા સુધી આ પ્રયાસો કર્યા પછી અને પુષ્કળ નાણું રેડ્યા પછી ૧૮૭૧માં અંગ્રેજોએ આ યોજનાને અવ્યવહારુ ગણી પડતી મૂકી. પડતાં મૂકાયેલાં બાંધકામ હજી પણ ઊભાં છે.

વરાડ છોડ્યા પછી ડાબે કાંઠે શબરી નામની એક મોટી નદી ગોદાવરીમાં ભળી જાય છે. તે પછી ગોદાવરી સપાટ મેદાનમાં વહે છે અને આખરે પૂર્વ ઘાટની પર્વતમાળાને ભેદે છે. પશ્ચિમ ઘાટ અને પૂર્વઘાટની પર્વત માળા વચ્ચે ઘણો તફાવત છે. પશ્ચિમઘાટની પર્વતમાળા તાપીની દક્ષિણે શરૂ થઈ લગભગ છેક કન્યાકુમારી સુધી, સમુદ્રને સમાંતર અને સમુદ્રની લગભગ નજીક છે. ત્યારે

પૂર્વઘાટની પર્વતમાળા સમુદ્રથી સેંકડો કિ. મી. દૂર અને તૂટક તૂટક છે. ગોદાવરી અને કૃષ્ણા નદીઓ એકબીજાને સમાંતર રહીને આ ભાંગીતૂટી પર્વતમાળાની વચ્ચેથી પસાર થાય છે.

સપાટ મેદાનમાં વહેતી ગોદાવરી જ્યારે પૂર્વઘાટમાં વહે છે ત્યારે ઊંડું અને સાંકડું કોતર બનાવે છે. બંને બાજુ ઊંચા કાંઠા અને ઢાળ લેતા ડુંગરો છે. આ ઢાળ લગભગ ઊભો છે. ડુંગરો હરિયાળાં વૃક્ષો અને બીજી વનસ્પતિ વડે શણગારેલાં છે. ગોદાવરીનું સૌથી વધુ આકર્ષક પ્રાકૃતિક સૌન્દર્ય અહીં છે. આ દશ્ય અવિસ્મરણીય છે. મન ભરીને સૌંદર્યપાન કરો તો પણ મન ભરાય નહીં.

પૂર્વઘાટની પર્વતમાળાને આ રીતે ઓળંગીને ગોદાવરી સાગર કાંઠા જતા મેદાન પર વહે છે. અહીં ગોદાવરી કેટલીક શાખાઓમાં વહેંચાઈ જાય છે. વચ્ચેના ટાપુઓ લંકા નામે ઓળખાય છે. આ ટાપુઓ ચોખાના ભંડાર છે. અહીં મબલખ ડાંગર અને તમાકુ થાય છે. બિહાર, બંગાળમાં ગંગાની જેમ અહીં આંધ્રમાં ગોદાવરીનો પ્રવાહ ઘણો ધીમો વહે છે તેથી ઉપરવાસમાંથી આવતા કાંપને જમી જવાની તક મળે છે. રાજમુન્દ્રી પાસે તેના પ્રવાહનો વેગ દર સેકંડે ૧.૨ થી ૩.૩ મી. જેટલો છે.

પૂર્વઘાટ ઓળંગ્યા પછીનું ફળદ્રુપ મેદાન ગોદાવરી અને કૃષ્ણાએ સમુદ્રને પાછળ હટાવીને પોતાના કાંપ વડે બનાવ્યું છે અને હજી તેમાં વધારો કરતી રહી છે. જ્યારે ગોદાવરીમાં પૂર આવે છે ત્યારે પ્રચંડ જલરાશિ અને તેની સાથે કરોડો ટન કાંપ અહીં પથરાઈ વળે છે અને સમુદ્રમાં ટાપુઓ વિસ્તરતા જાય છે. આ મુખ પ્રદેશ દર વર્ષે વિનાશક દરિયાઈ વાવાઝોડાં વડે વધુ-ઓછું નુકસાન ભોગવે છે. ત્રણ વર્ષ પહેલાંનું વાવાઝોડું સાંપ્રત ઈતિહાસમાં અભૂતપૂર્વ હતું.

રાજમુન્દ્રી ઓળંગ્યા પછી ગોદાવરી બે ફાંટામાં જાય છે. પૂર્વનો ફાંટો ગૌતમી ગોદાવરી અને પશ્ચિમનો ફાંટો વશિષ્ઠ ગોદાવરીના નામે ઓળખાય છે. આ બંને ફાંટા તેમણે પોતે બનાવેલાં કાંપનાં મેદાનમાં વહે છે. અહીં શ્રેષ્ઠ ખેતી થાય છે અને ખેતી માટે ગોદાવરીના પાણીનો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે. ફાંટા પડે તે પહેલાં નીચો બંધ બાંધીને નદીનું પાણી નહેરોમાં વાળવામાં આવે છે. ગોદાવરી જિલ્લામાં ગોદાવરીનો તથા તેની નહેરોનો જલ માર્ગ તરીકે પણ ઉપયોગ થાય છે. આ પ્રદેશ એટલો બધો ફળદ્રુપ છે કે અંગ્રેજો, ફ્રેંચો અને ડચ લોકો પહેલી વાર જ્યારે હિન્દસ્તાનમાં આવ્યા ત્યારે તેમણે અહીં વેપારી કોઠીઓ સ્થાપી હતી.

ગોદાવરી અને ગંગાનું ધાર્મિક મહાત્મ્ય એટલું બધું છે કે અજ્ઞાન શ્રદ્ધાળુઓ એમ માને છે કે ગંગા અને ગોદાવરી બંને ભૂગર્ભમાંથી એક ઠેકાણેથી નીકળે છે. આ લોકોને આપણા દેશની ભૂગોળનું કશું જ ભાન હોતું નથી. રામચંદ્રજીએ વનવાસ દરમિયાન ગોદાવરી પાર કરી હતી, એમ રામાયણ કહે છે. ગોદાવરીનું મહાત્મ્ય રામચંદ્રજીએ ગૌતમ ઋષિને સમજાવ્યું હતું તેથી ગોદાવરીના એક ફાંટાનું નામ ગૌતમ ગોદાવરી પડ્યું. ગોદાવરીનું બીજું નામ વૃદ્ધ ગંગા પણ છે.

ભૂસ્તર વિજ્ઞાનની દૃષ્ટિએ આ નામ સાચું છે, કારણ કે ભૂસ્તર વિજ્ઞાનની દૃષ્ટિએ ગોદાવરી ગંગા કરતાં વયમાં ઘણી વૃદ્ધ છે. ગોદાવરીની સરખામણીમાં ગંગા બાળકી છે, કદમાં ભલે મોટી છે. રાજમુન્દ્રીમાં દર બાર વર્ષે ગોદાવરીનો સૌથી મોટો ધાર્મિક મેળો ભરાય છે. રાજમુન્દ્રીની ઉપરવાસમાં ૧૬૧ કિ. મી. દૂર ભદ્રાચલમમાં રામચંદ્રજીનું પ્રાચીન મંદિર છે. નાસિક અને ત્રંબકની જેમ તે પણ પવિત્ર યાત્રાધામ છે.

પૂર્વઘાટ ઓળંગ્યા પછી ગોદાવરીને અને કૃષ્ણાને નહેર વડે જોડવામાં આવેલી છે. આ પ્રદેશ ભારતના અત્યંત ફળદ્રુપ પ્રદેશોમાં ગણાય છે, જેની મુખ્ય ઉપજ ચોખા અને તમાકુ છે.

આમ ગોદાવરી ધાર્મિક અને આર્થિક દૃષ્ટિએ ગંગા પછી અતિ મહત્ત્વની નદી છે. હવે જ્યારે ગોદાવરી પંચનો ઠરાવ પાંચેય રાજ્યોએ સ્વીકારી લીધો છે ત્યારે તેમની પ્રજા ગોદા મૈયા (એ તેનું લાડકું નામ છે) નાં પાણી અને વીજળી વડે સમૃદ્ધ થઈ શકશે. તેના મૂળથી મુખ સુધી ગોદાવરીનું-ભાતગીળ પ્રાકૃતિક સૌંદર્ય પણ જોવા જેવું છે. જે પ્રવાસીઓ મોટે ભાગે ઉત્તરમાં આને હિમાલયમાં જ જાય છે તેમણે ગોદાવરીના પ્રાકૃતિક સૌંદર્યનું વૈવિધ્ય પણ જોવું જોઈએ – ખાસ કરીને પૂર્વ ઘાટ સોંસરવા કોતરમાં વહે છે ત્યાં.

"પ્રેમળ જ્યોતિ"

વપરાયેલી દવાઓ :

થર્ચગેટ સ્ટેશન સામે આવેલ એશિયાટિક સ્ટોર્સ-વપરાયેલી અને વધેલી દવા એકઠી કરવા માટે બોક્સ રાખે છે. તેઓ ભાયખલા પર આવેલી સંસ્થા "આશાદાન"ને આ દવાઓ મોકલી આપતા હતા, પરંતુ શ્રી દેવચંદભાઈ ગાલાના પ્રયત્નથી "પ્રેમળજ્યોતિ"ને પણ એ લોકોએ ભેગી થયેલી દવાઓ બે વખત મોકલી અને હવે નિયમિત મોકલતા રહેશે. તેનો સદુપયોગ જૈન ક્લીનિકદ્વારા કરવામાં આવશે, તો આ રીતે વપરાતા વધેલી દવાઓ એશિયાટિકના બોક્સમાં પહોંચે તેમ કરવા અથવા તો સંઘના કાર્યાલયમાં મોકલી આપવા વિનંતી.

નીરૂબહેન શાહ
કન્વીનર, પ્રેમળ જ્યોતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વસંત વ્યાખ્યાનમાળા – ૧૯૮૧

★

તારીખ	વિષય	વ્યાખ્યાતા
૬-૪-૧૯૮૧, સોમ.	પાર્લામેન્ટરી પદ્ધતિ કે પ્રમુખશાહી ?	શ્રી એન. એ. પાલખીવાલા
૭-૪-૧૯૮૧ મંગળ.		જસ્ટિસ જે. સી. શાહ
૮-૪-૧૯૮૧ બુધ.	અનામત બેઠકો	ડૉ. (મિસ.) આલૂ દસ્તૂર
૯-૪-૧૯૮૧ ગુરુ.	"	શ્રી. એચ. એમ. સીરવાઈ

સ્થળ : તાતા ઓડિટોરિયમ, લોમી મોદી સ્ટ્રીટ, કોટ. મુંબઈ - ૪૦૦ ૦૦૧.

સમય : દરરોજ સાંજે ૬-૧૫ વાગ્યે.

પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઈ સંભાળશે.
સમયસર પધારવા સૌને ભાવભીનું આમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
માનદ્ મંત્રીઓ

અપાર શકિતનું અભયવચન

સંકલન: [] કાન્તિ ભટ્ટ

ગુજરાતી અખબારોમાં મેડિકલ ડિગ્રી વગરનો પત્રકાર એલોપથી કે આરોગ્યના વિષય ઉપર લેખો લખે તો ડૉકટરો ભડકી ઊઠે છે, ત્યારે લોસએન્જલસ ખાતેની કેલિફોર્નિયા યુનિવર્સિટીના મેડિકલ વિભાગમાં, સેટર ડે રિવ્યુના તંત્રી શ્રી નોર્મન કઝીન્સ જેની પાસે કોઈ મેડિકલ ડિગ્રી નથી તેમને આ કૉલેજમાં એક સંશોધક તરીકે નિમણૂક મળી છે. શ્રી નોર્મન કઝીન્સને અસાધ્ય રોગ થયેલો તે તેમણે વગર દવાએ તેમ જ પ્રફુલ્લીત સ્વભાવ રાખીને અને લાગણીઓને રચનાત્મક વળાંક આપીને પોતાનો રોગ સારો કર્યો હતો. માનવીની લાગણીઓ પણ રોગ પેદા કરવામાં કે રોગને સારો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે તે વાતની પ્રતીતિ હવે એલોપથીના ડૉકટરોને થઈ છે અને તેનું સંશોધન કરવા "મેડિસીન, લૉ એન્ડ હ્યુમન વેલ્યુઝ" નામનો એક ખાસ વિભાગ યુનિવર્સિટીમાં રચાયો છે. નોર્મન કઝીન્સ આ વિભાગમાં-બાયોકેમિસ્ટ્રી ઓફ ઈમોશન્સ વિષે અભ્યાસ કરે છે. લાગણીઓ દ્વારા એક નવું જ રસાયણ પેદા થાય છે તેવી વાતને હવે નવી રીતે રજૂ કરવામાં આવી રહી છે. મોટા મોટા એમ. ડી. થયેલા ડૉકટરોને નોર્મન કઝીન્સ આ લાગણીઓનું રસાયણશાસ્ત્ર અત્યારે શીખવી રહ્યા છે અને 'સેટર ડે રિવ્યુ'માં તંત્રી તરીકે પણ ચાલુ રહ્યા છે.

'સેટર ડે રિવ્યુ' નામનું અમેરિકન મેગેઝિન પ્રબુદ્ધ વાચકો માટે છે અને શુદ્ધ કળાને અને ઉચ્ચ કક્ષાના સંશોધિત લેખોને જ તેમાં સ્થાન મળે છે. કોઈ પણ વાચક ૬૫ વર્ષનો થાય ત્યારે તે વાચક 'જીવનમાંથી શું શીખ્યા' એ પ્રકારના પ્રશ્નનો જવાબ આપતો નિબંધ લખીને 'સેટર ડે રિવ્યુ' ઉપર મોકલે છે.

નોર્મન કઝીન્સ ગયા સપ્ટેંબર ૧૯૮૦માં ૬૫ વર્ષના થયા ત્યારે વાચકોએ જ તેમને સીધો પ્રશ્ન પૂછયો કે 'તમે જીવનમાંથી શું શીખ્યા?' આ પ્રશ્નનો જે જવાબ નોર્મન કઝીન્સે આપ્યો છે તે જગતના એકેએક નાગરિકે વાંચવા જેવો છે. ખાસ કરીને ભારતમાં રાજકારણીઓએ સર્જેલા અખાડામાંથી જે નિરાશા અને હતાશા ઠેરઠેર લોકોના દીમાગમાં ઘૂસી ગઈ છે તેમને આશાનો સંદેશ આપે તેવો જવાબ નોર્મન કઝીન્સે આપ્યો છે. આ રહ્યો તેમનો જવાબ:-

"નિત્સેએ માનવીની વ્યાખ્યા કરી છે તે જાણવા જેવી છે: 'માનવી જંગલમાં ઉગતા છોડ અને ભૂત એ બે વસ્તુના મિશ્રણમાંથી પેદા થયેલું વર્ણસંકરિયું પ્રાણી છે.' આ માનવી અનુભવમાંથી ભાગ્યે જ શીખે છે. ઠેર ઠેર તેને માટે પડેલા પાઠો ખુલ્લી કિતાબોમાં સડે છે. હું પોતે પણ ટી. એસ. ઈલિયટે શીખવેલો એક પાઠ ભૂલી ગયો હતો. તેમણે "એશ વેડનેસ ડે"માં લખેલું કે "હે ઈશ્વર અમને નિરાંતે એક જગ્યાએ બેસતા શીખવ." વિખ્યાત ગણિતશાસ્ત્રી અને ફિલસૂફ પાસ્કલની એક માન્યતાને ઈલિયટે અનુમોદન આપ્યું છે. પાસ્કલ માનતા હતા કે માનવજાત વધુ પડતી દુ:ખી છે તેનું એક કારણ એ પણ છે કે માણસ ભાગ્યે જ નિરાંતે એક જગ્યાએ બેસે છે. ઈલિયટ અને પાસ્કલની ફરિયાદ હતી કે વિચારવાની ફુરસદ માણસ ભોગવતો નથી તેથી તે ફરિયાદો કરતો થઈ ગયો છે. હું પોતે પણ ગંભીર બીમારીમાં પટકાયો ત્યારે જ ફરજિયાત રીતે હું મેડિટેશન કરતો થયો. અહીંતહીંની ભાગદોડને બદલે ધ્યાન કરવા લાગ્યો.

તો પછી તેમાંથી હું શીખ્યો? મારા ચિંતન અને મનનમાંથી મને જાણવા મળ્યું કે માનવીમાં અનંત શકિત છે. માનવી સામે કોઈ પણ જાતનો પડકાર આવે તેને માનવીની આ અપાર શકિત ઝીલી શકે છે. માનવી સજ્જડ કટોકટીનો જડબાતોડ જવાબ આપી શકે છે. માનવીની આ શકિત અનોખી છે અને એ અનોખાપણું એ વાતમાં છે કે માનવીના બૌદ્ધિક અને નૈતિક વિકાસ ઉપર કોઈ ટોચમર્યાદા નથી. આ અપાર શકિત દ્વારા માનવીએ આણ્વ તાકાત મેળવી છે તેવું કહીને હું માનવીની સિદ્ધિને નવાજીશ નહિ. હું માનવીની બીજી મૂલ્યવાન સિદ્ધિ વિષે કહેવા માગું છું. હું તમને કહેવા માગું છું કે માનવીએ પોતાના મગજ વિષે જે જ્ઞાન મેળવ્યું છે અને એ જ્ઞાનનો હજી વિકાસ થઈ રહ્યો છે તે એક મોટી સિદ્ધિ છે.

છેલ્લા બે દાયકામાં માનવીના મગજ વિષેનું જ્ઞાન ક્રાંતિકારી રીતે વિસ્તરણ પામ્યું છે. આ મગજનો અભ્યાસ માનવીની ચેતનાના સ્રોત તરીકે જ નહિ, પણ નક્કર રીતે એ મગજ એક રસાયણ નિપજાવતું પીંડ છે તે રીતે તેનો અભ્યાસ થઈ રહ્યો છે.

કેલિફોર્નિયા યુનિવર્સિટીના મગજના સંશોધન કરતા નિષ્ણાતો સર્વશ્રી કાર્માઈન ક્લેમેન્ટ અને હારવર્ડના શ્રી રિચાર્ડ બર્ગલેન્ડે મગજમાંથી નિર્ઝરતા રસોની આખી નામાવલિ ઊભી કરી છે અને માલૂમ પડયું છે કે જુદા જુદા એકસોથી વધુ પ્રકારનાં રસો મગજના પીંડમાંથી ઝરે છે.

આવા રસો જે રસાયણ કક્ષાના છે તેનું મહત્ત્વ એ વાતમાં છે કે તે રસો આપણી લાગણીઓ સાથે સીધો સંબંધ ધરાવે છે અને તેથી ઘણી વખત તે રસોને આપણે જાગૃત રીતે અંકુશમાં મૂકી શકતા નથી. જો કે માનવીની લાગણીઓ દ્વારા કે ધ્યાન દ્વારા આપણે તમામ રસોને યોગ્ય દિશામાં વાળી શકીએ નહિ, છતાં એક વાત ચોક્કસ છે કે આપણે જે કોઈ વિચારો કરીએ છીએ તેનું કેમિકલ રજિસ્ટ્રેશન થાય છે. સારા કે નરસા વિચારો કરતી વખતે ખ્યાલ રાખજો કે તેવા વિચારોની રાસાયણિક નોંધ તુરંત લેવાઈ જાય છે અને મારી દૃષ્ટિએ આ પ્રકારનું આપણા મગજના કેમિકલ રજિસ્ટ્રેશન વિષેના જ્ઞાનમાંથી આપણે ઘણો ફાયદો મળવી શકીએ છીએ. આપણા વિચારો દ્વારા આપણા અસ્તિત્વને સુખી કે દુ:ખી કરવાનો ફાળો આ કેમિકલ રજિસ્ટ્રેશન આપે છે.

આપણા સ્વયંસંચાલિત મજ્જાતંત્ર ઉપર આપણે જાગૃત રીતે કેટલો અંકુશ રાખી શકીએ છીએ અને પછી કેટલા આગળ વધીએ છીએ તે હવે આપણી નવી પ્રજા બતાવી શકશે. આ એક નવી ઉત્ક્રાંતિ હશે કારણ કે આ પ્રકારે મગજની તમામ પ્રવૃત્તિને નિહાળવાની ક્રિયામાં જ માણસ જાત આગળ વધશે. મારી દૃષ્ટિએ જ્ઞાન એ જ ઉત્ક્રાન્તિ છે અને ઉત્ક્રાન્તિ એ જ જ્ઞાન છે (Knowledge is evolution and evolution is knowledge)

ઉપરની વાતને લક્ષમાં લો તો એક વાત ચોક્કસ છે: આત્મજ્ઞાન અને આત્મસંયમ દ્વારા જ માણસ આગળ વધી શકે. માત્ર માણસ જ નહિ પણ કોઈ સંસ્થા કે દેશને આગળ વધવા માટે આ આત્મજ્ઞાન અને આત્મસંયમ બહુ જરૂરી છે અને આ બન્ને ચીજો ન હોય તો? જો આત્મસંયમ કે આત્મજ્ઞાન નહિ હોય તો જગત ઉપર મોટો ખતરો આવશે.

અત્યારે જ્યારે જગતભરની ઘણી સમસ્યાઓ આપણી શકિતની ઉપરવટ જઈ રહી છે અને આપણા હાથમાંથી ઘણું બધું છટકી ગયું છે ત્યારે આપણે હવે યાદ રાખવાની જરૂર છે કે કોઈ પણ સમસ્યા ઉકેલવા માટેના ઉપાયો મરી પરવાર્યા નથી. માનવ જાત એવી છે કે તેની સામે આવતા અવરોધોને પાર કરીને તે ઉન્નતિ કરે તે માટે તેની શકિત ઉપર કોઈ બાયોલોજિકલ બેરિયર નથી – જીવરસાયણશાસ્ત્ર કોઈ અવરોધને ગાંઠતું નથી. જીવનમાંથી હું આ શીખ્યો છું– માનવીમાં અપાર શકિત છે એ અપાર શકિતને જાણીને તેને જગાવતાં શીખવું જોઈએ."

નોર્મન કઝીન્સ જીવનમાંથી શીખ્યા છે તે ભારતના ઘણા મહાત્માઓ ઘણી સદીઓ પહેલાં શીખી ગયા હતા, પણ આજે આપણે નોર્મન કઝીન્સ જે શીખ્યા છે તે ઉપરથી આપણે ભૂલી ગયેલી વાતને ફરીથી શીખીએ.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪: અંક: ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ એપ્રિલ, ૧૯૮૧ ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

વસંત વ્યાખ્યાનો

☐ ચીમનલાલ ચકુભાઈ

આ ચારે વ્યાખ્યાનોનો વિસ્તૃત સાર આવતા અંકમાં પ્રગટ થશે. પહેલાં બે વ્યાખ્યાનો સંસદીય પદ્ધતિ કે પ્રમુખપદ્ધતિ ઉપર શ્રી પાલખીવાલા અને જસ્ટિસ જે. સી. શાહના હતા. બીજાં બે વ્યાખ્યાનો અનામત બેઠકો ઉપર ડૉ. આલુબેન દસ્તુર અને શ્રી એચ. એમ. સીરવાઈના હતાં. ચારે દિવસ હૉલમાં ભરપૂર હાજરી હતી. શ્રોતાઓ વ્યાખ્યાનોથી ઘણા પ્રસન્ન થયાં. ચર્ચાના બે અતિ વિવાદાસ્પદ પ્રશ્નો ઉપર નિષ્ણાતો તરફથી તટસ્થ માહિતી અને માર્ગદર્શન મળ્યાનો સંતોષ હતો.

સંસદીય પદ્ધતિ અથવા પ્રમુખપદ્ધતિ વિષે બોલવામાં શ્રી પાલખીવાલાની થોડી કફોડી સ્થિતિ હતી. આ પૂર્વે કરેલા તેમના વચનોથી એવી છાપ ઊભી થઈ હતી કે તેઓ પ્રમુખપદ્ધતિની હિમાયત કરે છે. ત્યાર પછી તેમણે કેટલોક ખુલાસો કર્યો હતો પણ આ વ્યાખ્યાનમાં પૂરી સ્પષ્ટતા કરી.

તેમણે શરૂઆતમાં જ કહ્યું કે આપણું બંધારણ એક શ્રેષ્ઠ બંધારણ છે અને દેશના તે સમયના મહાન પુરુષોએ ઘડેલું છે. સંસદીય પદ્ધતિ નિષ્ફળ થતી દેખાતી હોય તો તે પદ્ધતિનો દોષ નથી, પણ સત્તા પરની વ્યક્તિઓનો દોષ છે. આ હકીકત જસ્ટિસ જે. સી. શાહે વધારે સ્પષ્ટ કરી અને કહ્યું કે પ્રામાણિક, કાર્યકુશળ અને નિષ્ઠાવાન વ્યક્તિઓ હોય તો સંસદીયપદ્ધતિ બીજી બધી શાસનપદ્ધતિ કરતાં વધારે સારી છે.

શ્રી પાલખીવાલાએ કહ્યું કે પ્રમુખપદ્ધતિમાં ચાર લાભો છે. જે સંસદીય પદ્ધતિમાં નથી. (૧) પાર્લામેન્ટ કે ધારાસભાના સભ્ય ન હોય એવી શકિતશાળી વ્યક્તિઓને પ્રમુખ પોતાની કેબિનેટમાં લઈ શકે છે. બલ્કે, પાર્લામેંટના સભ્ય હોય તો કેબિનેટમાં સ્થાન મળતાં તે સભ્યપદનું રાજીનામું આપવું પડે છે. It can be a cabinet of talents—(૨) કેબિનેટના સભ્ય પાર્લામેંટને જવાબદાર ન હોવાથી લોકપ્રિય થવાની ચિન્તા નથી સેવતા. લોકોને માત્ર રાજી રાખવા, પ્રજાહિતકારી ન હોય તેવું તેણે કાંઈ કરવું પડતું નથી. No populist policy. આમાં તેમણે રાષ્ટ્રીયકરણનો દાખલો આપ્યો. (૩) પાર્લામેંટના ચૂંટાયેલ સભ્ય હોય અને મંત્રી થાય તેણે લોકોને મળવામાં વિના કારણ ઘણો સમય બરબાદ કરવો પડે છે. (૪) પ્રમુખશાસન સ્થિર હોય છે. પાર્લામેંટમાં અવિશ્વાસની દરખાસ્ત કરી અથવા પક્ષાંતરથી, પ્રમુખને રાજીનામું આપવું પડતું નથી.

આ ચારે મુદ્દાનો એક રીતે પાલખીવાલાએ પોતે જ જવાબ આપ્યો અને શ્રી જસ્ટિસ શાહે વધારે સ્પષ્ટતાથી જવાબ આપ્યો. સંસદીયપદ્ધતિમાં શકિતશાળી વ્યકિતઓને કેબિનેટમાં લેતાં કોઈ રોકતું નથી. નેહરુએ સી. ડી. દેશમુખ તેમ જ જહોન મથાઈ જેવાને લીધા જ હતા. અત્યારે પણ છ મહિનાં સુધી લઈ શકાય છે. બંધારણમાં ફેર-ફાર કરી તે મુદત ૩-૪ વર્ષની કરી શકાય. વડા પ્રધાન શકિતશાળી કે નિષ્ઠાવાન વ્યકિતઓને લેવા ન જ ઈચ્છતા હોય તો સંસદીય પદ્ધતિનો શું દોષ? બીજા અને ત્રીજા મુદ્દાઓ તો શાસનકર્તાની નિર્બળતાના જ છે. શાસનપદ્ધતિ સાથે તેને સંબંધ નથી. શાસનની સ્થિરતાનો આધાર નેતાની પ્રતિષ્ઠા અને શકિત ઉપર છે. નહેરુ ૧૭ વર્ષ અને ઈન્દિરા ગાંધી ૧૧ વર્ષ વડા પ્રધાન રહ્યાં. છેવટે લોકો કેવા માણસોને પસંદ કરે છે અને ચૂંટે છે તે ઉપર સ્થિરતાનો આધાર રહે છે, તે માટે ચૂંટણી પદ્ધતિમાં કેટલાક ફેરફારોની જરૂર છે. બલ્કે પ્રમુખપદ્ધતિમાં, પ્રમુખ પોતે યોગ્ય વ્યકિત ન હોય તો સારા માણસોને પસંદ ન કરે ત્યારે વધારે અનિષ્ટ થાય. તેમાં પાર્લામેન્ટ નિરૂપાય છે. નિકસન કે રેગન મૂડીવાદી માનસ ધરાવતા અથવા જેમની પ્રામાણિકતાની ખાતરી ન હોય એવી વ્યકિતઓને પસંદ કરે તો ચાર વર્ષ માથે પડે.

પણ પ્રમુખપદ્ધતિના આવા કહેવાતા ચાર લાભો બતાવ્યા પછી પાલખીવાળાએ કહ્યું કે આપણા દેશને પ્રમુખપદ્ધતિ વધારે હિતકારી છે કે સંસદીયપદ્ધતિ તે વિષે પોતે સ્પષ્ટ અભિપ્રાય આપી શકતા નથી. કારણ કે આ વિષય ઘણો અભ્યાસ માગે છે.

ત્યાર પછીના પ્રવચનમાં વર્તમાન સંજોગોમાં શાસનપદ્ધતિમાં ફેરફાર કરવા સામે તેમણે ઘણી જોરદાર ભાષામાં વિરોધ કર્યો. ખાસ કરી, વર્તમાન શાસક પક્ષનો ભૂતકાળ જોતાં, કટોકટી દરમિયાન તેમણે કરેલ કાળા કાયદા—મીસા વગેરે અને—તેમનું બીજું વર્તન જોતાં, તેમનો લેશ પણ વિશ્વાસ કરવા જેવું નથી અને આ શાસક પક્ષ બંધારણમાં ફેરફાર કરે તો સરમુખત્યારી જ લાવે અને માનવ અધિકારો સ્વતંત્રતા, સમાનતા અને મૂળભૂત હકકોનો નાશ થાય એમ સ્પષ્ટ અને ભારપૂર્વક કહ્યું.

જસ્ટિસ શાહની સ્થિતિ પહેલેથી જ સ્પષ્ટ હતી. સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિને શોભે એવી સંયમી ભાષામાં પણ સ્પષ્ટ અને દૃઢપણે તેમણે કહ્યું કે પ્રમુખપદ્ધતિની જેઓ વાત કરે છે તેઓ સત્તાનું એક વ્યકિતમાં કેન્દ્રીકરણ ઈચ્છે છે અને તેવું થાય તો આ દેશ માટે મહાન આપત્તિ જ લેખાય.

બન્ને વકતાઓએ કહ્યું કે અત્યારે ન્યાયતંત્ર અને ન્યાયાધિશો ઉપર જે રીતે આક્રમણ થઈ રહ્યું છે તે ખતરનાક છે.

બન્ને વકતાઓએ કહ્યું કે પ્રમુખપદ્ધતિ અનેક પ્રકારની છે. અમેરિકન, ફ્રેન્ચ, સ્વીસ જેમાં લોકશાહી અને માનવીયઅધિકારો જળવાયાં છે. લેટિન અમેરિકા, આફ્રિકા, એશિયાના દેશોમાં

પ્રમુખપદ્ધતિ છે, ત્યાં લશ્કરી રાજ્ય છે અથવા સરમુખત્યારી છે અને માનવીય અધિકારોનો અભાવ છે. પ્રમુખપદ્ધતિની હિમાયત કરવાવાળાઓ કેવા પ્રકારની પ્રમુખ પદ્ધતિ લાવવા ઈચ્છે છે તેની કાંઈ સ્પષ્ટતા કરતા નથી.

બન્ને વકતાઓએ બીજી એક હકીકત કહી. પ્રમુખપદ્ધતિ લાવવા બંધારણમાં ફેરફાર કરવા પડે. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ પ્રમાણે પાર્લામેન્ટ બંધારણના પાયાના માળખામાં ફેરફાર કરી શકતી નથી. વર્તમાન શાસકપક્ષ સુપ્રીમ કોર્ટના આ અર્થઘટનને સ્વીકારતો નથી અને પાર્લામેન્ટ સર્વોપરી છે એમ માને છે. બંધારણમાં ફેરફાર કરી, પ્રમુખપદ્ધતિ દાખલ કરવામાં આવે અને તેમ કરતા બંધારણના પાયાના માળખામાં ફેરફાર થાય તો તેવો ફેરફાર સુપ્રીમ કોર્ટ બિનબંધારણીય ઠરાવે. પરિણામે પાર્લામેન્ટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે મડાગાંઠ પડે અથવા સંઘર્ષ થાય.

અનામત બેઠકો વિષે પહેલું વ્યાખ્યાન ડો. આલુબહેન દસ્તુરનું હતું. આલુબહેન મુંબઈ યુનિવર્સિટીમાં પોલિટિકસના પ્રોફેસર હતાં અને લઘુમતી કમિશનનાં સભ્ય હતાં.

ડો. આલુબહેને કહ્યું કે સદીઓથી લાખો–કરોડો માણસોને અન્યાય કર્યો છે તેનું પ્રાયશ્ચિત કરવું પડશે. અનામત બેઠકો તે માટે જરૂરી છે. તેમના પ્રવચનમાં એક સહૃદયી વ્યકિતની કરુણા હતી. પણ અનામત બેઠકોની જરુરિયાત બતાવ્યા પછી તેમાં આવેલ વિકૃતિઓનો તેમણે વિગતથી નિર્દેશ કર્યો. પછાત વર્ગોમાં પણ એક નાના વર્ગને જ આ લાભો મળે છે અને તેમના સ્થાપિત હિતો થઈ ગયા છે. જગજીવનરામની પુત્રી કે અમેરિકાના આપણા વર્તમાન રાજદૂત શ્રી નારાયણની પુત્રી, પછાત વર્ગ તરીકે લાભ ઉઠાવે તે કેટલું ગેરવાજબી છે તે તરફ લક્ષ્ય દોર્યું. તેમણે એ પણ કહ્યું કે અનામત કાયમ ન જ હોય. અનામત ક્રમશઃ ઓછી થવી જોઈએ અને તેની અંતિમ મુદત બાંધવી જોઈએ. અનામત લંગડાની ઘોડી છે. કાયમ લંગડા રાખવાના નથી.

શ્રી સીરવાઈ બંધારણના નિષ્ણાત છે. બંધારણ ઉપરનું તેમનું પુસ્તક શ્રેષ્ઠ ગણાય છે. તેઓ ૧૭ વર્ષ મહારાષ્ટ્રના એડ્વોકેટ જનરલ હતા. તેમણે અનામતનો વિરોધ ન કર્યો. પણ ભૂતકાળનો અન્યાય દૂર કરવા જતાં વર્તમાનમાં અને ભવિષ્ય માટે કાયમી અન્યાય ઊભો ન કરીએ તે સામે ચેતવણી ઉચ્ચારી છે. પછાત વર્ગોને ઊંચે લાવવા જતાં, શિક્ષણનું ધોરણ અને વહીવટી કાર્યક્ષમતા એટલી નીચે ન ઉતારીએ કે સમસ્ત પ્રજાને કાયમનું નુકસાન થાય. અનામત માત્ર પછાત વર્ગનો કે ઉજળિયાત વર્ગનો જ પ્રશ્ન નથી. સમસ્ત પ્રજાના હિતનો પ્રશ્ન છે. શિક્ષણ પ્રજા જીવનનો પાયો છે. સરકારી નોકર જાહેર વહીવટનો આધાર છે. બન્નેનું ધોરણ જેટલું ઊંચું હશે તેટલું પ્રજા જીવન ઊંચું આવશે; પછાત વર્ગના ઉત્કર્ષ માટે અનામત બેઠકો જ અકમાત્ર માર્ગ નથી. તેમને શિક્ષણ આપવું, આર્થિક સહાય કરવી, પુસ્તકો આપવાં, તેમના માબાપ તેમને શિક્ષણ આપે અને આવકના લોભે શિક્ષણથી વંચિત ન રાખે તે માટે તેમને ભરણપોષણ આપવું, ઉજળિયાત વર્ગને જે સુવિધાઓ છે અને જેને કારણે તેના શિક્ષણનું ધોરણ ઊંચું રહે છે તેવી બધી સુવિધાઓ પછાત વર્ગોને આપવી. આવી સુવિધાઓ ન આપતાં, શિક્ષણનું ધોરણ નીચું લાવવું તે ખોટો માર્ગ છે. પછાત વર્ગ માટે પણ શિક્ષણનું ધોરણ ઊંચું હશે તો સરકારી નોકરી આપોઆપ મળશે. પછી અનામત રાખવાની જરૂર નહિ પડે, પણ જેનું શિક્ષણ નબળું છે તેવાઓને સરકારી નોકર કે ન્યાયાધિશ કે ડોકટર વગેરે બનાવી દેવાથી સમસ્ત પ્રજાજીવનને મોટી હાનિ થશે.

આ દૃષ્ટિબિન્દુ સમજાવવા શ્રી. સીરવાઈએ બંધારણની જોગવાઈઓ વિગતથી સમજાવી અને તેનો કેવો અનર્થ થયો છે તે બતાવ્યું.

બંધારણમાં બે પ્રકારની જોગવાઈઓ છે. એક છે, અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે, લોકસભા અને ધારાસભાઓમાં અનામત બેઠકો, બંધારણે આપેલ આ હક્ક છે અને તેનો અમલ ન થાય તો કોર્ટ મારફત અમલ કરાવી શકે છે. It is right enforcible at law આ અનામતની મુદત બાંધી છે. હમણાં, વધારી ૧૯૯૦ સુધીની કરી છે. આ હક્ક માત્ર અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે જ છે, પછાત વર્ગો માટે નહિ.

બીજી જોગવાઈ છે કે પછાત વર્ગો (જેમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓનો સમાવેશ કરું છું) ના ઉત્કર્ષ માટે. શિક્ષણ અને સરકારી નોકરીમાં ખાસ પ્રબંધ કરી તેમને યોગ્ય સ્થાન આપવાનો આ હક્ક નથી. કોર્ટ મારફત તે આપવાની રાજ્યને ફરજ પાડી શકાતી નથી.

શિક્ષણમાં અને સરકારી નોકરીમાં બંધારણે દરેક નાગરિકની સમાનતા અને દરેકને સમાન તક આપવાનું સ્વીકાર્યું છે. દરેક નાગરિકનો આ મૂળભૂત અધિકાર છે. જાતિ, જ્ઞાતિ, ધર્મ, ભાષા, લિંગ, રહેઠાણ એવા કોઈ પણ કારણે તેમાં ભેદભાવ ન થાય. કોઈ વર્ગ માટે અનામત બેઠક રાખવી તે ભેદભાવ છે અને સમાનતાના મૂળભૂત અધિકારનો ભંગ થાય છે. પણ પછાત વર્ગોનો ઉત્કર્ષ કરવો છે, જે ભેદભાવ વિના શકય નથી. તેથી જરૂર પૂરતો ભેદભાવ (Discrimination) કરવાની રાજ્યને છૂટ અથવા સત્તા આપી છે. પછાત વર્ગનો આ અધિકાર નથી. રાજ્યની સત્તા છે. It is an enabling provision and it is an exception to the principle of equality An enabling provision can not be converted into a right nor can an exception be made a permanent rule. રાજ્યે આ છૂટ કે સત્તાનો ઉપયોગ કેવી રીતે કરવો તે રાજ્યે નક્કી કરવાનું છે. શિક્ષણ અને સરકારી નોકરીમાં અનામત બેઠકો રાખવી તે એક માર્ગ છે. પણ જો એ માર્ગે પ્રજાનું અહિત થતું હોય તો બીજા માર્ગો લેવા જોઈએ. શિક્ષણ સંસ્થાઓ અને સરકારી નોકરીમાં પછાત વર્ગો માટે, ધારાસભાઓ અને લોકસભા માટે કહ્યું છે તેમ, અનામત બેઠકો રાખવી જ એમ બંધારણમાં કહ્યું નથી. બંધારણમાં એટલું જ કહ્યું છે કે રાજ્યે પછાત વર્ગના ઉત્કર્ષ માટે શિક્ષણમાં અને સરકારી નોકરીમાં ઘટતું કરવું અને તેમ કરતાં સમાનતાના સિદ્ધાંતને આંચ આવતી હોય તો પણ તેનો ભંગ થયો નહિ ગણાય, પણ સરકારી નોકરીમાં યોગ્ય સ્થાન આપતાં કાર્યક્ષમતાને આંચ આવે નહિ તેની કાળજી રાખવાનું બંધારણમાં સ્પષ્ટ કહ્યું છે. Consistantly with efficiency, not at the cost of efficiency.

૩૦ વર્ષના અનુભવે એમ માલૂમ પડે–અને એવો અનુભવ થયો છે–કે શિક્ષણમાં અને સરકારી નોકરીઓમાં અનામત બેઠકો રાખવાથી શિક્ષણનું ધોરણ અને વહીવટી કાર્યક્ષમતાનું ધોરણ નીચું ઊતરે છે અને સમસ્ત પ્રજાનું અહિત થાય છે તો તે વિષે ગંભીરપણે પુનર્વિચારણા કરવી જોઈએ. પછાત વર્ગનો ઉત્કર્ષ કરવો એ ધ્યેય બરાબર છે. પણ અનામત બેઠકો તે માટે એક જ માર્ગ નથી. વળી અમુક જાતિઓ જ પછાત છે તેમ પણ નથી. પ્રજાની બહુમતી ગરીબ છે અને તે રીતે પછાત છે.

અનામત બેઠકોથી વિપરીત પરિણામો આવ્યાં છે અને સ્થાપિત હિતો થઈ ગયા છે તે હવે સ્પષ્ટ દેખાય છે. તેમાં રાજકીય હેતુ અગ્રસ્થાને આવ્યો છે. ચૂંટણીમાં મતો મેળવવા એ હેતુ મુખ્ય થયો છે. તેથી બધા રાજકીય પક્ષો, મનમાં અને વર્તનમાં બીજું હોય તો પણ, દેખાવ ખાતર એક અવાજે અનામત બેઠકોને ટેકો જાહેર કરે છે. જાહેર જીવનની આ અપ્રામાણિકતા છે.

ગુજરાતનું આંદોલન કદાચ શાંત પડશે કે બંધ પડશે પણ તેથી આ પ્રશ્નનું નિરાકરણ થતું નથી. સમસ્ત રાષ્ટ્રનો પ્રશ્ન છે. જો આ પ્રશ્નની તાત્કાલિક આમૂલ વિચારણા નહિ થાય તો બધા રાજ્યોમાં એવું આંદોલન ઉપડશે. હવે દાબ્યું નહિ રહે. શાસક પક્ષની મુખ્ય જવાબદારી છે. પછાત વર્ગો અને લઘુમતીઓના મતો ઉપર સત્તા હાંસલ કરી છે એમ માની, આંખ મીંચામણા કરશે તો બહુમતી આ અન્યાય લાંબો વખત સહન નહિ કરે.

એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે પછાત વર્ગ સામે આ આંદોલન નથી. તેનો ઉત્કર્ષ થવો જ જોઈએ, તેને વધારે સુવિધા આપવી જોઈએ કે જેથી બીજા સાથે તે સમાન થાય. પ્રશ્ન એ છે કે શિક્ષણ અને સરકારી નોકરીમાં અનામત બેઠકો રાખવી એ જ તેમના ઉત્કર્ષનો માત્ર એક માર્ગ છે કે બીજા વધારે હિતકારી માર્ગો વિચારી શકાય છે. તેમ કરવામાં પછાત વર્ગોનું પણ હિત છે. તેમના આગેવાનો ટૂંકી દૃષ્ટિ રાખી અનામત બેઠકોને જ વળગી રહેશે તો પછાત વર્ગોનું અહિત કરશે. આ પ્રશ્ન ઉપર લોકોને સાચું માર્ગદર્શન આપવાની જરૂર છે. વિરોધનો વંટોળ પેદા કરવાથી કોઈને લાભ નથી.

૧૧-૪-૮૧

"कुम्मापुत्तचरियम्" : એક અવલોકન

પ્રા. અરુણ શાં. જોષી
શામળદાસ કૉલેજ, ભાવનગર

પ્રારંભ : ધર્મના દાન તપ, શીલ અને ભાવ એવા ચાર ભેદોમાં ભાવનું મહત્ત્વ સવિશેષ રીતે સ્વીકારાયું છે. જાણીતી ગુજરાતી કહેવત 'મન ચંગા તો કાથરોટમેં ગંગા' પણ મન અથવા મનના વિષય એવા ભાવનું મહત્ત્વ પ્રદર્શિત કરે છે. ભવસાગરને તરવા માટે ભાવ હોડી છે, સ્વર્ગે જવા માટે સરણી છે અને મનોવાંછિત વસ્તુ મેળવવા માટે ચિંતામણિ રત્ન સમાન છે. આ વાતને રસિક કથા દ્વારા અનંત હંસ અથવા જિનમાણિક્ય રચિત 'सिरि कुम्मापुत्तचरियम्'માં સુંદર રીતે વ્યક્ત કરવામાં આવી છે. ભાવ થકી, સાધુ થયા વગર ગૃહવાસમાં વસતાં વસતાં પણ કેવલી થઈ શકાય છે એ હકીકતને કથા દ્વારા નીચેની વિગતે કવિએ સ્પષ્ટ કરેલ છે.

કથા : દુર્ગમપુરના રાજા દ્રોણ અને રાણી દુમાનો પુત્ર નામે દુર્લભ રાજમદને લીધે નાનાં બાળકોને હવામાં દડાની જેમ ઉછાળવામાં આનંદ પ્રાપ્ત કરતો હતો. તે નગરના ઉદ્યાનમાં એક વાર સુલોચન નામના કેવલી પધાર્યા. તેમની પાસેથી ભદ્રમુખી નામની યક્ષણિએ માહિતી મેળવી કે પોતાનો પૂર્વભવનો સુવેલ નામનો પતિ, રાજકુમાર દુર્લભ તરીકે જન્મ્યો છે. પછી બાળકોને ઉછાળવામાં તલ્લીન એવા તે રાજકુમારને તે યક્ષિણી પોતાના દિવ્યભવનમાં લઈ આવી અને કુમારના ચિત્તમાં પણ પૂર્વ-ભવનો સ્નેહ જાગૃત થતાં બંને યથેચ્છ રીતે સમય પસાર કરવા લાગ્યાં.

રાજકુમાર દુર્લભનાં માતાપિતાએ કુમારની શોધખોળ આદરી પણ કંઈ પરિણામ આવ્યું નહિ. કેવલી મૂનિને પૂછવાથી બધી વાતથી વાકેફ થયા પછી તેઓએ મુનિ પાસેથી ચારિત્ર લીધું અને ભવિષ્યમાં ચોક્કસ થનારા પુત્ર-મિલનના પ્રસંગની રાહ જોવા લાગ્યાં. વિહાર કરતાં કરતાં કેવલી સુલોચન મુનિ તે જ ઉદ્યાનમાં પાછા પધાર્યા. યક્ષિણીએ અવધિજ્ઞાનથી જાણ્યું કે કુમારનો અંત નજીક છે તેથી તેનું આયુષ્ય સાંધવાનો ઉપાય પૂછવા. તે કેવલી મુનિ પાસે આવી. આયુષ્ય કોઈ સાંધી શકે નહીં એવું જાણ્યા બાદ, તે ખૂબ જ ખેદ પામી અને જલબિંદુ સમા અસાર સંસારનું મમત્વ નકામું છે એમ ખાતરી થતાં, યક્ષિણીકુમારને તે કેવલી પાસે લાવી. ત્યાં પુત્રવિરહથી વિહ્વળ માતાપિતાને કુમાર ફરીથી મળ્યો અને એ પ્રસંગે મુનિ મહારાજે મનુષ્ય જીવનની દુર્લભતા સમજાવતી એક કથા કહી. તેમાં, રત્નપરીક્ષા ગ્રંથનો અભ્યાસ કરનાર એક કળાકુશળ વેપારી મલયમહેનતે પ્રાપ્ત થયેલ ચિંતામણિરત્નને સમુદ્રમાં પ્રમાદને કારણે ગુમાવે છે એમ જણાવી માનવજીવનને અનેક મુશ્કેલીઓ બાદ મેળવ્યા પછી પ્રમાદ ન કરવો જોઈએ એમ ભારપૂર્વક બોધ આપ્યો. આ ઉપદેશ સાંભળ્યા બાદ, યક્ષિણીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. તે ચ્યવીને વૈશાલીના ભ્રમર રાજાની સત્યશીલ સંપન્ન કમળા નામે પત્ની થઈ. ભ્રમર અને કમળા જૈન ધર્મનું પાલન કરતાં કરતાં શુભ અધ્યવસાયપૂર્વક દેવગતિને પામ્યાં. દ્રોણ, દ્રુમા અને દુર્લભ મૃત્યુ પછી મહાશુક્ર દેવલોકમાં મંદિર વિમાનમાં જન્મ્યાં. ત્યાં દેવનું આયુષ્ય પૂરું કરીને પુણ્યશાળી દુર્લભ રાજકુમારનો જીવ રાજગૃહના રાજા મહેન્દ્રસિંહની રાણી કુમ્માની કૂખમાં ઊતરી આવ્યો. રાણી કુમ્માએ યોગ્ય સમયે પુત્રરત્નને જન્મ આપ્યો અને રાણીને ધર્મ શ્રવણનું દોહદ થયું હોવાથી તે કુમારનું નામ ધર્મદેવ રાખવામાં આવ્યું. તેનું હુલામણાનું બીજું નામ કુમ્માપુત્ત રાખવામાં આવ્યું. પોતાના પૂર્વભવમાં બાળકોને તેમણે ખૂબ સતાવેલાં તેથી આ ભવમાં તે ઠીંગુજી રહ્યો પણ વિષયો પ્રત્યે વિરકત રહ્યો. જાતિ સ્મરણ થતાં તેણે ભાવનાબળથી કર્મોનો ક્ષય કર્યો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું; પરંતુ પોતાના માતાપિતા પુત્ર-વિયોગે દુ:ખ ન પામે એ માટે તેણે ભાવદીક્ષા લઈ ઘરમાં જ રહેવાનું નક્કી કર્યું.

ઉપર જેનો ઉલ્લેખ થયો છે એ કમળા, ભ્રમર, દ્રોણ અને દ્રુમા દેવલોકમાંથી ચ્યવીને ખેચરો થયાં અને તેમણે ચારણમુનિ પાસે ચારિત્ર લીધું. પછી, જિનેન્દ્ર ભગવાનની પાસેથી મળેલી માહિતી મુજબ તેઓએ કુમ્માપુત્ત પાસે જઈ તેમની પાસેથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કુમ્માપુત્તે પોતાના માતાપિતા તેમ જ બીજાં અનેક ભવ્યજીવોને બોધ આપ્યો અને પછી પોતે પણ, મનહરભાવથી ગૃહસ્થવાસમાં રહેવા છતાં, કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે એવું દૃષ્ટાંત પૂરું પાડ્યું અને શાશ્વત મોક્ષને પ્રાપ્ત કર્યો.

સ્રોત : કુમ્માપુત્તની એક પૌરાણિક કથાનું પાત્ર છે. ઋષિમંડળમાં માત્ર એક જ શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે: "હું કુમ્મા-પુત્તને નમું છું. બે હાથ માત્રની ઊંચાઈ હોવા છતાં ત્રણ ગુપ્તિથી રક્ષાયેલા તે પ્રતિબોધ પામ્યા અને સિદ્ધિને વર્યા." ઋષિમંડળ ઉપર અનેક ટીકાઓ રચાઈ છે, તેમાંની શુભવર્ધનની ટીકાને અનુસરીને 'कुम्मापुत्तचरियम्'ની ૧૯૮ ગાથાઓ પ્રાકૃતભાષામાં કાવ્યમયતાથી રજૂ કરવામાં આવી છે. સાવ સામાન્ય કથાનકને કવિના પ્રાતિભ ચક્ષુ નિરાળી રીતે નિહાળે છે અને ખૂબ જ રોચક રીતે રજૂ કરી શકે છે એ હકીકત 'कुम्मापुत्तचरियम्' વાંચતાં અનુભવી શકાય છે.

ભાવનું મહત્ત્વ : આ કાવ્યનું પ્રધાન લક્ષ્ય ભાવનું મહત્ત્વ સમજાવવાનું છે, તેથી કવિએ કેટલાંક સુંદર પદ્યોમાં તે મહત્ત્વ અંકિત કર્યું છે. કેટલાંક પદ્યોનો આસ્વાદ લઈએ:

दाणतव सील भावण भेएहि चउव्विहो हवई धम्मो ।
सव्वेसु तेसु भावो महप्पभावो मुणेयव्वो ।।

(દાન, તપ, શીલ અને ભાવના—ચાર ભેદોથી ધર્મ ચાર પ્રકારનો છે. તે બધામાં ભાવને મહાન પ્રભાવવાળો જાણવો.)

भावो भवुदहि तरणी भावो सग्गापवग्ग पुर सरणी ।
भवियाणं मणचिंतिअ अचिंत चिंतामणि भावो ।।

(ભાવ ભવસાગરને તરવા માટે વહાણ જેવો છે. સ્વર્ગ અને મોક્ષને પામવાની નીસરણી જેવો છે અને ભવ્યજીવોને મનમાં ચિંતવેલી અકલ્પ્ય વસ્તુ મેળવી આપનાર ચિંતામણિ રત્ન સમાન છે.)

પુનર્જન્મની માન્યતા : હિન્દુ ધર્મમાં છે એવી પુનર્જન્મની માન્યતા પણ અહીં જોવા મળે છે. કથામાં આવતી વિગત અનુસાર સુવેલ વેલંધર, બીજા જન્મમાં દુર્લભ નામે રાજકુમાર થાય છે અને સુવેલ વેલંધરની પત્ની માનવતી, બીજા જન્મમાં યક્ષિણી થાય છે. પછીના જન્મમાં તે ભ્રમર રાજાની પત્ની કમળા તરીકે જન્મે છે. દુર્લભ બીજા જન્મમાં ધર્મદેવ અથવા કુમ્માપુત્ત તરીકે અવતરે છે. ભ્રમર, કમળા, દ્રોણ, દ્રુમા અન્ય જન્મમાં ખેચર તરીકે પ્રાદુર્ભાવ પામે છે. આ બધા જીવો સ્વર્ગનું સુખ ભોગવવા ભાગ્યશાળી થાય છે પણ સાધુધર્મ કે ગૃહસ્થધર્મ, આરાધવાની સ્વર્ગલોકમાં સ્થિતિ નથી તેથી સર્વ દેવો પણ માનવજન્મની પ્રતીક્ષા કરતા હોય છે. કારણ કે માનવજીવન પ્રાપ્ત કર્યા

વિના મુક્તિ મેળવી શકાતી નથી. સ્વર્ગ કરતાં પણ માનવજન્મની મહત્તા આ કારણે અંકાઈ છે.

જીવનોપયોગી દૃષ્ટાંતો : આ કાવ્યમાં જીવનમાં ઉપયોગી થઈ પડે એવાં સુંદર દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. તેમાં કલાકુશળ વણિકનું દૃષ્ટાંત ખૂબ જ જાણીતું છે. એક કલાકુશળ વણિક રત્ન-પરીક્ષા ગ્રંથનો અભ્યાસ ગુરુ પાસે કરતો હતો. જલકંત, સૂરકંત, સૌગંધિય આદિ રત્નોની પરીક્ષા કરવામાં તે પાવરધો બન્યો. પછી તેને ચિંતામણિ પ્રાપ્ત કરવાની ધૂન લાગી, તે મણિ ક્યાંથી મળે નહિ એટલે ગુરુની સૂચનાથી તેણે બેરમાં આવેલ આશાપુરીની આરાધના કરી. દેવીએ ના પાડી પણ ત્રાગું કરીને તેણે તો મણિ મેળવ્યો જ પણ પાછાં ફરતાં પ્રમાદથી તે મણિ સરકીને સમુદ્રમાં પડ્યો અને કોઈ રીતે પાછો મળ્યો નહિ. આ કથા કહીને કેવલી જણાવે છે કે અનેક રીતે ભવમાં ભ્રમણ કર્યા બાદ, મુશ્કેલીથી મેળવેલો આ માનવ જન્મ ખૂબ પ્રમાદને લીધે જીવ, ક્ષણવારમાં ગુમાવી બેસે છે.

બીજા દૃષ્ટાંતમાં વિનીતા નગરીના રાજા ભરતની વાત કહેવામાં આવી છે. અરીસાભવનમાં માત્ર વીંટી પડી જવાથી તે ચક્રવર્તી રાજાને પોતાની જાત કુરૂપ લાગી અને સંસારની અસારતા સમજાતાં કેવળજ્ઞાન થયું.

ત્રીજા દૃષ્ટાંતમાં પ્રસિદ્ધ ઈલાપુત્રની વાતનો ઉલ્લેખ છે. ઈલાપુત્રની પસંદગી પામેલી કન્યા ઢોલ વગાડતી હતી અને ઈલાપુત્ર વાંસ ઉપર નૃત્ય કરતો હતો. પ્રેક્ષક તરીકે રહેલો રાજા ઈલાપુત્ર મૃત્યુ પામે એમ ઈચ્છતો હતો કારણ કે ઢોલ વગાડતી કન્યા પ્રત્યે તેને આકર્ષણ થયેલું. એ વખતે ઈલાપુત્રને વાંસ ઉપરથી મુનિઓનું દર્શન થયું અને ક્ષણવારમાં વૈરાગ્ય જન્મ્યો.

ચોથા દૃષ્ટાંતમાં ભરતેશ્વરનું નાટક ભજવતા અષાઢભૂતિની ખૂબ જ જાણીતી કથા આલેખીને કવિએ પોતાની રચનાને ખૂબ જ રોચક બનાવી છે.

સંસ્કૃત સુભાષિતોનો શોખ : આ કાવ્યના કર્તા મૂળ તો પ્રાકૃતભાષાનું કાવ્ય આલેખી રહ્યા છે, પણ પોતાનાં કાવ્યમાં સંસ્કૃત સુભાષિતો સામેલ કરીને સંસ્કૃત પ્રત્યેના શોખને પણ તેમણે અભિવ્યક્તિ કર્યો છે. એ સુભાષિતો જીવનોપયોગી ઉપદેશ બહુ જ અસરકારક રીતે આપે છે. આયુષ્ય ઘટે પછી તેને સાંધવાનો કોઈ ઉપાય નથી એમ અભિવ્યકત કરતા એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે

નો વિદ્યા ન ચ ભેષજં ન ચ પિતા નો બાંધવા નો સુતા.
નાભિષ્ટા કુલદેવતા ન જનની સ્નેહાનુબન્ધાન્વિતા
નાર્યો ન સ્વજનો નવા પરિજિન : શારીરિકં નો બલં :
નો શકતા: સતતં સુરાવરવરા : સંધાતુમાયુ : ક્ષમા: ॥

દયા વગર બધું જ નિષ્ફળ છે એમ પ્રતિપાદિત કરતાં બે સુભાષિતો પણ અતિ સરળતાથી અર્થ સ્પષ્ટ કરે છે :

દદાતુ દાનં વિદધાતુ મૌનં
વેદાદિકં ચાપિ વિદાંકરો,
દેવા દિકં ધ્યાયતુ નિત્ય મેવ
ન ચેદ્ દયા નિષ્ફળ મેવ સર્વમ્ ॥

ન સા દીક્ષા ન સા ભિક્ષા ન તદ્દાનં ન તત્તપ :
ન તદ્ ધ્યાનં ન તન્વૌનં દયા યત્ર ન વિદ્યતે ॥

પ્રમાદની ભયંકરતા વર્ણવવા એક સુભાષિતમાં કહ્યું છે કે

પ્રમાદ : પરમદ્વેષી પ્રમાદ: પરમો રિપુ :
પ્રમાદ : મુક્તિપુર્ દસ્યુ : પ્રમાદો નરકાયતનમ્ ॥

અલંકાર યોજના : કવિએ આ કાવ્યને સુંદર અલંકારોથી મંડિત કર્યું છે. તેમાં યમક, રૂપક, ઉપમા, સ્વભાવોકિત જેવા કેટલાક અલંકારોને કવિએ સુંદર રીતે વ્યકત કર્યા છે.

આધ્યાત્મિક વિકાસનો ક્રમ : આ કાવ્યમાં ક્ષપક શ્રેણી અર્થાત્ આધ્યાત્મિક વિકાસના માર્ગની છણાવટ સુંદર રીતે કરવામાં આવી છે. ગાથા ૧૭૭ થી ૧૮૨ માં કર્મક્ષયનો ક્રમ પ્રદર્શિત થયો છે, તેમાં કષાય, મિથ્યાત્વ, સંજ્વલન ક્રોધ, બે ગતિ, બે આનુપૂર્વી વગેરેનો ઉલ્લેખ થયો છે.

શૈલી તથા ભાષા : ધાર્મિક પ્રચાર કરતા આ કાવ્યની શૈલી આડંબર વગરની છે. તેમાં ભાવશુદ્ધિ, માનવજીવનની દુર્લભતા, દયાનું મહત્ત્વ, કર્મક્ષય, પ્રમાદત્યાગ, આધ્યાત્મિક વિકાસનો ક્રમ વગેરે વિષયો ચર્ચાયા છે. કવિએ રોચક શૈલીનો પુટ આપેલો હોવાથી શ્રોતા કે વાચક કથાપ્રવાહમાં તણાતો જાય છે અને ક્યાંય કંટાળો આવતો નથી.

આ કાવ્યની ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત છે. રામપાણિવાદ કૃત "કંસવહો" પણ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં છે પણ તેના જેવી દુર્બોધિતા અહીં જોવા મળતી નથી. ક્યાંક ક્યાંક સંસ્કૃત સુભાષિતો પણ કથાને વધારે મનોહર બનાવે છે. શૈલીની સરળતાને લીધે ઉપદેશાત્મક કથાસાહિત્યનો સુંદર નમૂનો આ કાવ્ય પૂરો પાડે છે.

કર્તા : આ કાવ્યની કર્તા કોણ ? એ પ્રશ્ન ચર્ચાની એરણે ચડેલો છે. ભાષાની ખૂબીને કારણે કેટલાક વિદ્વાનો આ કાવ્યના કર્તા જિનમાણિક્ય છે એમ જણાવે છે. કેટલીક હસ્તપ્રતો પ્રમાણે કર્તા તરીકે અનંતહંસનું નામ જાણવા મળે છે. કૃતિને આધારે વિદ્વાનોએ તારવ્યું છે કે આ કાવ્ય ૧૬મી સદીનું છે. કવિએ પોતાના વતનનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. પરંતુ બધી હસ્તપ્રતો ઉત્તર ગુજરાતમાંથી મળી છે તેથી અનુમાન થઈ શકે કર્તા ઉત્તર ગુજરાતના વતની હશે.

ઉપસંહાર : જૈન પ્રવચનના ચરણ કરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ દ્રવ્યાનુયોગ એવા ચાર વિભાગો છે. તેમાં ધર્મકથાનુંયોગ સિવાયના વિભાગો મુખ્યત્વે સૈદ્ધાંતિક ચર્ચાસભર હોવાને કારણે સરળતાની દૃષ્ટિએ ધર્મકથાનું યોગ વિશેષ પ્રાધાન્ય ધરાવે છે. તેમાં રોચક કથાનકને કારણે જનસાધારણને પણ આકર્ષણ થાય છે તેથી કાવ્ય ધારી અસર ઉપજાવી શકે છે. આ પ્રવચનોનો મુખ્ય ઉદ્દેશ ધર્મની આવશ્યકતા સ્થાપવાનો હોય છે.

પ્રવચનની સરળતાને કારણે કવિ અસરકારક રીતે આ કાવ્યમાં ભાવશુદ્ધિની મહત્તા પ્રદર્શિત કરી શકયા છે. મુકિત માટે દીક્ષા અનિવાર્ય નથી. બાહ્ય ઉપકરણો કરતાં ચિત્તની શુદ્ધિ વધારે જરૂરી છે એ હકીકત પ્રત્યે કવિએ વાચકોનું ધ્યાન સુંદર રીતે આકર્ષ્યું છે. કુમ્માપુત્તાના વામનપણાનું કારણ આપી કર્મનો સિદ્ધાંત તો વ્યકત થયો જ છે અને સાથે સાથે ભાવનું મહત્ત્વ પણ વ્યકત થયું છે.

[સુરત ખાતે શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી શત્રુંજય વિજય ધર્મશાળા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા. ૧૯, ૨૦ અને ૨૧ મી ડિસેમ્બર, ૧૯૮૦ના રોજ યોજાયેલ તૃતીય જૈન સાહિત્ય સમારોહમાં રજૂ થયેલ નિબંધ]

શિક્ષણ દ્વારા ચારિત્ર્યઘડતર

ડૉ. દિલાવરસિંહ જાડેજા

શિક્ષણનો હેતુ વ્યક્તિમાં જે કોઈ ઉમદા અને ઉત્તમ હોય તેને પ્રગટ કરવાનો છે. જીવનનો હેતુ સમજવામાં વ્યક્તિને શિક્ષણ સહાયરૂપ થાય છે. વ્યવહાર–જગતમાં માર્ગ કાઢવાની ક્ષમતા પણ શિક્ષણ દ્વારા વ્યક્તિને પ્રાપ્ત થાય છે.

ચારિત્ર્યઘડતરની સંકુલ પ્રક્રિયા

શિક્ષણ દ્વારા વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતરનો પ્રશ્ન સંકુલ અને સૂક્ષ્મ પ્રકારનો ગણાય. એની તૈયાર ફૉર્મ્યુલા આપવી મુશ્કેલ છે. ચારિત્ર્યઘડતરનાં તૈયાર પૅકેટ આપવાનું શક્ય નથી. કેમ કે ચારિત્ર્યઘડતર કોઈ ફૉર્મ્યુલા અનુસાર તૈયાર થતી ચીજવસ્તુ (Product) નથી, પરંતુ જીવનભર ચાલતી એક પ્રક્રિયા (Process) છે. એ પ્રક્રિયાનો આરંભ કરવાનો ઉત્તમ સમય વ્યક્તિનું બચપણ છે. વ્યાપક સમાજ, વિદ્યાર્થીનું કુટુંબ, શૈક્ષણિક સંસ્થાનું વાતાવરણ – વિશેષે સંસ્થાના શિક્ષકોનો પ્રભાવ, વિદ્યાર્થીની નિષ્ઠા, ઈ.ની અસર ચારિત્ર્યઘડતર પરત્વે થતી હોય છે. ચારિત્ર્યવાન વ્યક્તિ જ અન્યમાં ચારિત્ર્યનું સંસ્કારબીજ રોપી શકે તે દેખીતું છે. દીવેથી દીવો પ્રગટાવવા જેવી આ વાત છે. આમ છતાં, ચારિત્ર્યનિર્માણ માટે આપણી શૈક્ષણિક સંસ્થાઓ માટે નીચેના જેવી કેટલીક બાબતોનો વિચાર થઈ શકે.

કેટલાંક મદદરૂપ સૂચનો

વાર્તાકથન

આપણી શાળાઓની પ્રાર્થનાસભાઓમાં તેમ જ શાળાના વર્ગોમાં સત્ય, શિવ અને સૌંદર્યનાં તત્ત્વો ઉપર ભાર મૂકતી વાર્તાઓ દેશ-પરદેશના સાહિત્યમાંથી વખતોવખત કહેવાવી જોઈએ. ઉપદેશાત્મક વ્યાખ્યાનો કરતાં વાર્તાકથન અને નાટિકાની ભજવણી દ્વારા જીવનમાં ઉદારતા, પ્રામાણિકતા, નિર્ભયતા, નિષ્ઠા જેવાં જીવનમૂલ્યોને વધુ અસરકારક રીતે પ્રગટાવી શકાય. વિદ્યાર્થીઓ પણ આવી વાર્તાઓના કથનમાં ભાગીદાર બની શકે. આ વાર્તાઓની એક યાદી સાથે મળી તૈયાર કરી શકાય.

ભક્તિસંગીત

સંગીત અને અન્ય લલિતકલાઓ વિદ્યાર્થીના ઘડતરમાં ઘણી મદદરૂપ થાય છે. વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડી, જુદે જુદે દિવસે આ ટુકડીઓ ભક્તિસંગીત પ્રાર્થનાસભામાં પીરસે એનું આયોજન થવું જોઈએ. શાળાઓ તથા કૉલેજો સાથે મળી પોતાની પ્રાર્થનાપોથી – એના રાગ અને ઢાળ સાથે – તૈયાર કરી શકે.

આ ઉપરાંત જુદાં જુદાં સત્સંગ મંડળો, શાળાઓ તથા કૉલેજોના છાત્રાલયોમાં ભક્તિસંગીત રજૂ કરી તેનું આયોજન કરી શકાય. જુદાં જુદાં ધર્મના મંડળોને પણ ભક્તિસંગીત માટે આમંત્રી શકાય. એકતાનો ભાવ પ્રગટાવવામાં આ મદદરૂપ થઈ શકે.

સંગીત ઉપરાંત ચિત્રકળા, નૃત્ય અને અન્ય હસ્તકળાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીની શક્તિની અભિવ્યક્તિ માટે અવકાશ મળવો જોઈએ.

આસન અને ધ્યાન

વિદ્યાર્થીઓને સાદા આસનો, પ્રાણાયમ અને ધ્યાન શીખવા માટે ઉત્તેજન આપવું જોઈએ. એમની શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે આ બાબત ઉપયોગી બની શકે. જુદી જુદી ટુકડીઓ પાડી વિદ્યાર્થીઓને માર્ચ-પાસ્ટ કરતાં શીખવી શકાય અને સપ્તાહના એક નક્કી દિવસે અને સમયે આખી શાળાનો (શાળાના) સાદા બેન્ડ સાથે માર્ચ-પાસ્ટ સમૂહભાવના કેળવવા માટે રાખી શકાય.

છાત્રાલય પ્રવૃત્તિ

શાળા તથા કૉલેજોમાં–બધાં છાત્રાલયોમાં સપ્તાહમાં ઓછામાં ઓછું એકવાર પ્રાર્થનાસભા તથા ચર્ચાસભાનું અનૌપચારિક ઢબે આયોજન થઈ શકે. એના આયોજનની કામગીરી મુખ્યત્વે વિદ્યાર્થીઓને સોંપવી. આ પ્રાર્થનાસભામાં સંસ્થાના આચાર્ય, સંસ્થાના રસ ધરાવતા અધ્યાપકો, સંચાલક સંસ્થાના અગ્રણીઓ વખતોવખત ભાગ લેતા રહે. છાત્રાલયની સ્વચ્છતા માટે આવી સભાઓમાં વિચારણા થઈ શકે. વિદ્યાર્થીઓ અને વડીલો વચ્ચે અનૌપચારિક સ્નેહમિલનનું નિમિત્ત આ રીતે ઊભું કરી શકાય. વિદ્યાર્થીકલ્યાણના પ્રશ્નો પણ અહીં મોકળે મને ચર્ચી શકાય.

વાલીસંપર્ક

વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતરમાં રસ ધરાવનાર શિક્ષકો-અધ્યાપકો વખતોવખત શક્ય હોય તેટલા વિદ્યાર્થીઓના ઘેર અથવા એના છાત્રાલય ખંડમાં જઈ અને વ્યક્તિગત સંપર્ક સાધે. વિદ્યાર્થીના ઘેર જવાથી વાલીસંપર્ક થાય છે એથી વિદ્યાર્થીની રુચિ, વિદ્યાર્થીના વિકાસની શક્યતાઓ, વિદ્યાર્થીના ઘરનું વાતાવરણ ઈ.નો ખ્યાલ મળે છે અને વાલી તથા શિક્ષકના પરસ્પરના સહકારમાં વિદ્યાર્થીના ઘડતર માટે એ રીતે અસરકારક કામ થઈ શકે છે.

આદર્શને નજર સમક્ષ રાખીએ

ચારિત્ર્યઘડતરની પ્રક્રિયામાં જે તે સંસ્થાના નિષ્ઠાવાન શિક્ષકો અને દૃષ્ટિવંત આચાર્ય ચાવીરૂપ સ્થાન ધરાવે છે. વિદ્યાર્થી તરફ વિશુદ્ધ પ્રેમભાવવાળા શિક્ષકો દરેક કક્ષાએ ઓછી સંખ્યામાં મળવાના, પણ એવા શિક્ષકો સાવ નહિ મળે એમ નહિ. એવા શિક્ષકોને Motivate (અભિપ્રેરિત) કરવા, એમને ઉત્તેજન આપવું એ આચાર્ય અને સંસ્થા સંચાલકનું કામ છે.

ચારિત્ર્યઘડતરનો આદર્શ આપણે રાતોરાત સિદ્ધ કરી શકીશું નહિ; પરંતુ એ આદર્શને સતત નજર સમક્ષ રાખી, એના તરફ ધીમી પણ ચોક્કસ ગતિએ આગળ વધતા રહેવાનો નિર્ણય આપણે કરવો પડશે.

કાર્યશિબિર

વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતરમાં રસ ધરાવનાર શિક્ષકો, અધ્યાપકો અને સંસ્થાસંચાલકોનો નાના પાયા ઉપર એક દિવસનો કાર્યશિબિર જરૂરિયાત મુજબ અવારનવાર યોજી શકાય. આવું મિલન શિક્ષકને બળ અને માર્ગદર્શન પૂરું પાડશે. એમાં અનુભવનું આદાનપ્રદાન થઈ શકે. આ કાર્યશિબિરના કાર્યક્રમની વિગતો નક્કી કરી શકાય. શિક્ષણના અને વિદ્યાર્થીઘડતરના પ્રશ્નોનો વિચાર એમાં જરૂર થઈ શકે. એમાં વિદ્યાર્થીઓને પણ સામેલ કરી શકાય.

વાતાવરણનું નિર્માણ

લાંબાગાળાના સહિયારા પુરુષાર્થ દ્વારા ચારિત્ર્યઘડતર માટેની આબોહવાનું નિર્માણ થઈ શકે. એવી આબોહવામાં શ્વાસ લે તો વિદ્યાર્થી ચારિત્ર્યઘડતરના સંસ્કાર સહજ રીતે મેળવશે. એટલે આપણું લક્ષ્ય આપણા વિદ્યાધામમાં એવી આબોહવાના નિર્માણનું હોવું ઘટે.

આપણે ઘણીવાર શિક્ષણને વર્ગશિક્ષણ, પરીક્ષા, ઈતરપ્રવૃત્તિઓ એવા વિભાગોમાં ખંડિત કરીએ છીએ. શિક્ષણને એક અખંડ

એકમ તરીકે જોવું જોઈએ તેથી ઉપર દર્શાવેલી પ્રવૃત્તિઓ શિક્ષણના એક અનિવાર્ય ભાગ તરીકે હાથ ધરવી જોઈએ. (Extra-curricular પ્રવૃત્તિઓ તરીકે નહિ.)

કેટલાક પ્રશ્નો

ચારિત્ર્યઘડતર માટે દેશકાળ પ્રતિકૂળ જણાતો હોય તો શું કરવું? એવા સંજોગોમાં "એકલો જાને રે"ની પદ્ધતિએ આપણે આગળ વધી શકીએ. ચારિત્ર્યનિર્માણ માટે પુખ્ત વ્યકિત સ્વયં જવાબદાર હોવી ઘટે.

ચારિત્ર્યશીલ વ્યકિતમાં પણ કેટલીક મર્યાદાઓ દેખાતી હોય છે, ત્યારે કેવી રીતે મૂલ્યાંકન કરવું? વ્યકિતનો એકંદર ઝોક જો ચારિત્ર્યશીલતા તરફ હોય તો એના વ્યકિતત્વની સુવાસ તરફ ગુણગ્રાહિતાપૂર્વક આપણી નજર રાખવી જોઈએ. યુધિષ્ઠિર એક વખત અરધું જૂઠાણું: નરો વા કુંજરો વા: બોલ્યા હતા, પણ આપણી નજર તો યુધિષ્ઠિરની સત્યવાદિતા તરફ જ હોવી ઘટે. કારણ કે યુધિષ્ઠિરના જીવનમાં સત્યનું પલ્લું વધારે નમેલું છે. વળી બીજાનું મૂલ્યાંકન કરતાં પહેલાં આત્મનિરીક્ષણ કરવું સારું.

"ચારિત્ર્ય" શબ્દ દ્વારા આપણે શું સમજીએ છીએ? વિચાર, વાણી અને વર્તનની સત્યાભિમુખ એકરૂપતાનું નામ ચારિત્ર્ય, કૃતજ્ઞતા, સંવાદિતા, સેવાપરાયણતા, પ્રેમમયતા, ક્ષમાશીલતા, ઉદારતા વિશાળતા, સમતા ઇત્યાદિને આત્મિક ગુણો ગણવામાં આવ્યા છે. આવા આત્મિક ગુણોની વધુ ને વધુ પ્રમાણમાં આપણા વ્યવહારમાં અભિવ્યકિત થાય તેને આપણે ચારિત્ર્યશીલતાનું પ્રમાણ ગણી શકીએ.

આવા આત્મિક ગુણો શી રીતે કેળવી શકાય?

કૃતજ્ઞતા, વિચાર-વાણી-આચારની દાંભિક વિસંવાદિતા, સ્વાર્થમયતા, વિદ્વેષશીલતા, સંકુચિતતા ઈ.ના પ્રભાવનો કારગત સામનો શી રીતે કરી શકાય? આ "અદૈવી" વૃત્તિઓથી તદ્દન જુદી દિશામાં જતી "દૈવી" વૃત્તિઓને આપણામાં કેળવીને એ નકારાત્મક વલણોનો પ્રતિકાર થઈ શકે. ઉદાહરણ તરીકે, વિદ્વેષની વૃત્તિને આપણે પ્રેમમયતાને વધુ ને વધુ ઘૂંટતા રહીને નિર્મૂલ કરી શકીએ. ચારિત્ર્યશીલતાનું નિર્માણ જીવનભર સતત ચાલતી એક પ્રક્રિયા છે એનો ઉલ્લેખ આરંભમાં કર્યો છે. મનુષ્યનો સાતત્યભર્યો સંનિષ્ઠ તેમ જ જાગરૂક પ્રયાસ, આજુબાજુના વાતાવરણમાંથી અદીઠ રીતે મળતું પોષણ અને દિવ્ય તત્ત્વની સહાય ચારિત્ર્યના પુષ્પને ખિલવવામાં સહાયભૂત થઈ શકે છે.

પ્રેમળ જ્યોતિને પ્રાપ્ત થયેલી ભેટની રકમો

૩૫૦૧ સ્વ: શ્રી અમૃતલાલ ડી. કોઠારીની પૂણ્યસ્મૃતિમાં
૨૫૦૧ એચજેય ઈન્ડસ્ટ્રીઝ લિ.
૨૫૦૦ સ્વ. કસ્તુરબેન હંસરાજના સ્મરણાર્થે
હ: શ્રી મણિલાલ હંસરાજ.
૧૦૧૧ શ્રીમતી દેવકુંવરબેન જેસંગભાઈ
૧૦૦૧ શ્રીમતી કમળાબેન ચીમનલાલ મોદી
૫૦૧ શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ વોરા
૫૦૧ શ્રી હિમતલાલ દીપચંદ શેઠના સુપુત્ર ચિ. હિરેનના શુભલગ્ન પ્રસંગે.
૫૦૧ શ્રીમતી કલ્પનાબેન મહેન્દ્રભાઈ પારેખ
૫૦૧ શ્રી રમણિકલાલ એસ. ગોસળિયા (જન્મ દિન નિમિત્તે)
૫૦૦ શ્રી રાયચંદ લલ્લુભાઈ સંઘવી રેમાલી ટ્રસ્ટ
૪૦૧ શ્રીમતી ઉષાબેન મહેતા
૪૦૧ શ્રી દિલીપ રમણિકલાલ (લગ્ન પ્રસંગે)
૪૦૦ શ્રીમતી મધુબેન ઝવેરી
૪૦૦ શ્રી રોહિતભાઈ કે. મોતીવાલા દુબઈ.
(દત્તક બાળક)
૨૫૧ શ્રી રામદાસભાઈ પ્રેમજી કાચરીયા
(આપંગોના કલ્યાણની પ્રવૃત્તિઓના લાભાર્થે)
૨૦૦ શ્રીમતી પ્રભાવતીબેન જીવનદાસ
૧૫૧ શ્રી મહાસુખલાલ કેળવચંદના પુત્ર ચી. વિરેનના શુભ લગ્ન નિમિત્તે.
૧૩૧ સ્વ. ખીમજી કેશવજીના સ્મરણાર્થે
૧૦૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ શ્રી સ્વ. કસ્તુરચંદ ડી. શાહના સ્મરણાર્થે
૧૦૧ ચી. બીજલકુમારીના જન્મદિન નિમિતે
હ: શ્રી ઈન્દિરાબેન એન. શાહ.

દસ દસ વર્ષે....

પૂછું છું સાગરને,
"કયાં ભાઈ * છે? તું જાણે?"
એના ઊછળતા તરંગોની
પ્રસન્ન લ્હેરખીઓ પર
ઝળહળી ઊઠે છે
તમારી મુગ્ધ દૃષ્ટિનું તેજ વલય
પર્વતોના શીખરો પર ચઢીને પોકારું છું,
"કયાં ભાઈ છે? કહો ને!"
એના ઘેરા પ્રતિધ્વનિમાં સ્પંદિત થાય છે
તમારા તૃપ્ત પદ્ધતિના રણકાર.
રમ્ય નિસર્ગની કણેકણમાં,
ભવ્ય જીવનની ક્ષણે ક્ષણમાં
અને એથી ય વધુ
માનવ મનના આણુ આણુમાં
બધે અને બધેથી છલકી ઊઠે છે
તમારી તમારી જ–
અભૂતપૂર્વ અનુભૂતિ.
કોણ કહી શકે કે
તમે અહીં નથી?
દસ દસ વર્ષે હજી પણ
તમારા પરમ આનંદમય અસ્તિત્ત્વનો
અંશ પણ વિલીન થયો નથી.
પલટાયો છે
માત્ર એનો આકાર જ
આકાર જ.....!

[*પિતાજી, સ્વ. પરમાનંદ કાપડિયા.
* એમની દસમી પુણ્યતિથિ, તા. ૧૭-૪-'૮૧ એ)

–ગીતા પરીખ

૧૦૧ શ્રી રાજેષ હસમુખરાય મહેતા (લગ્ન પ્રસંગે)
૧૦૧ " અમીત અનુભાઈ ડગલી (લગ્ન પ્રસંગે)
૫૧ એક બેન તરફથી
૫૧ સ્વ કાશીબેન નંદલાલ પારેખના સ્મરણાર્થે
૫૧ શ્રી અમૃતલાલ દેવચંદ કોઠારી
૫૧ સ્વ. જગજીવન કે. દોશીના સ્મરણાર્થે
૫૧ સ્વ. જીનાલિની પુણ્યતીથી નિમિત્તે
૫૧ શ્રીમતી પુષ્પાબેન પારેખ
૪૦ શ્રી મૂળચંદ બી. શાહ
૨૧ શ્રી મુકેશ મહાસુખલાલ (લગ્ન પ્રસંગે)
૨૫ શ્રીમતી સુમતિ કાકુભાઈ લાયવાળા
૨૧ શ્રી સૂર્યકાંત મોહનલાલ સંઘવી
૧૧ શ્રી ભરતભાઈની વર્ષગાંઠ નિમિત્તે
૧૧ શ્રીમતી સુનીતની વર્ષગાંઠ નિમિત્તે
૧૧ શ્રી દિનેશભાઈની વર્ષગાંઠ નિમિત્તે
૧૧ શ્રીમતી કીર્તિદાબેન રતિલાલ મહેતા
૧૧ શ્રીમતી ધીરજબેન શાહ

૧૬,૩૯૦

૧૦મી પૂણ્યતિથિ નિમિત્તે ભજનનો કાર્યક્રમ

શુક્રવાર તા. ૧૭ મી એપ્રિલના રોજ સાંજના ૪-૦૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સ્વ. પરમાનંદભાઈના કુટુંબીજનો તરફથી તેમની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે ભજનનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

કંઈક નક્કર કરવાનો સમય હવે પાકી ગયો છે

[] સુબોધભાઇ એમ. શાહ

ભૂમિપુત્રના તા. ૧-૧૨-'૮૦ના અંકમાં "હું, દેશ માટે શું કરી શકું?" એ મથાળા નીચે છપાયેલો એક લેખ (જે આ સાથે પ્રગટ કર્યો છે) વાંચ્યો ત્યારે કેટલાક મિત્રોનું ધ્યાન ખેંચાયું હતું; પરંતુ પ્રસ્તુત લેખના પ્રેષક પાસેથી તાજેતરમાં જાણવા મળ્યું કે તે લેખની હજારો નકલો ગુજરાતી ઉપરાંત હિંદીમાં છપાવવામાં આવી છે ને લોકોમાં વહેંચવામાં આવી રહી છે. કુ. વિમલા ઠકાર જેઓ અત્યારે પોતાની મંડળી સાથે આસામનો પ્રવાસ કરી રહ્યાં છે તેઓએ પણ ત્યાંની પ્રજામાં વહેંચવા માટે હિંદી ભાષાંતરની નકલો મગાવી છે.

ઉપરના સંદર્ભમાં 'પ્રબુદ્ધજીવન'ના વાચકો સાથે કેટલાક વિચારો Share કરવાનું યોગ્ય લાગ્યું છે.

દેશમાં સર્વત્ર અને અને સર્વ ક્ષેત્રે જ્યારે પરિસ્થિતિ કથળતી રહી છે ત્યારે જાગરુક દેશવાસીઓ માત્ર ચિંતા સેવીને બેસી રહેશે તેથી હવે ચાલવાનું નથી. કશુંક નક્કર કાર્ય કરવાનો સમય હવે પાકી ગયો છે. આપણા આગેવાન નેતાઓ ભલે એમ કહ્યા કરે કે "અમે આશાવાદી છીએ અને ભારતનું ભવિષ્ય ખૂબ ઉજળું છે" વગેરે પરંતુ મને એવા પાયા વિનાનાં પોકળ આશાવાદમાં શ્રદ્ધા નથી. એ વાત પણ સાચી છે કે અનેક લોકોને શું કરવું જોઈએ એ સમજાતું નથી. પણ આપણી પાસે બીજો વિકલ્પ પણ નથી અને સમય પણ નથી. જેને જે સૂઝે તે કરે અને બીજાને સમજાવે–બેંતાલીસની ક્રાન્તિ વખતે જેમ બાપુએ કહ્યું હતું કે હવે તમે સૌ નેતા છો તેમ. એ વખતે સ્વતંત્રતા એ જેમ સૌ કોઈને માટે એક ધ્યેય હતું તેમ આજે પણ મૂલ્યોની પુનઃ સ્થાપનાનું સમાન ધ્યેય આપણા સૌની સમક્ષ હોવું જરૂરી છે અને તેને મોટા ફલક પર વિસ્તારવું જોઈએ.

આપણા દેશના પ્રશ્નો ઘણા છે અને વિકટ છે. રાજકીય પક્ષો કશું કરી શકવાના નથી. સરકારની સામે જોઈને બેસી રહેવાનો કોઈ અર્થ નથી. જૂની પેઢી હવે જવા બેઠી છે. નવી પેઢીએ આ પડકાર ઝીલવાનો છે. જે પ્રશ્નો વિકટ છે તે વધારે ને વધારે મુશ્કેલ બનતા જાય છે. વસતિનો બેફામ વધારો દેશે કરેલી પ્રગતિને ખાઈ જાય છે. સરકારી સ્તરે ઘણું બધું કામ થઈ શકે તેમ છે અને થવું જોઈએ; પરંતુ વેરવિખેર વિરોધ પક્ષો અને બિનજવાબદાર સરકાર કશું કરી શકે એમ લાગતું નથી. જાપાની પ્રજાની કાર્યદક્ષતા અને દેશદાઝના જે નમૂના બતાવવામાં આવ્યા છે એવા દૃષ્ટાંતો આપણે ત્યાં પણ બનતાં રહે છે, પરંતુ સમગ્રપણે લોકોમાં પોતપોતાનાં કાર્ય પ્રત્યે નિષ્ઠા અને દેશ પ્રત્યેનાં કર્તવ્યનું ભાન વધવું જોઈએ.

જે પ્રતિજ્ઞાપત્રની વાત પ્રસ્તુત લેખમાં કરી છે એ આ દિશામાં એક નાનકડી પણ શુભ શરૂઆત છે એમ ચોક્કસ કહી શકાય. દરેક વ્યકિત જો એવું પ્રતિજ્ઞાપત્ર સહી કરીને પોતાના ઘરમાં, પોતાની દુકાનમાં અથવા વ્યવસાયનાં સ્થળે અને એક નકલ પોતાની સાથે રાખે તો એને સતત એ વાતનું ભાન રહ્યા કરે કે પોતે જે કાંઈ કરે છે તે શિસ્તની વિરુદ્ધ, દેશહિતની વિરુદ્ધ તો જ નથી ને? અમેરિકાની જેમ આપણા દેશનો રાષ્ટ્રધ્વજ પણ દરેક ઓફિસોમાં, ઘરોમાં કાયદેસર રીતે રાખવા દેવાની છૂટ હોવી જોઈએ જેથી સતત આપણી નજર આપણા રાષ્ટ્રધ્વજ પર પડયા કરે ને સતત આપણને આપણી જવાબદારીનું ભાન રહ્યા કરે.

પરંતુ દુઃખોનું જ્યાં આભ ફાટયું છે ત્યાં આટલાથી કાંઈ વળશે ખરું?

હું, દેશને માટે શું કરી શકું?

આ વિચાર આવતાં જ, નીચેના બે બનાવો આંખ સમક્ષ ઊભા રહી જાય છે:

એક –

જાપાનના એક ઘરમાં એક ભારતીય દંપતી પેઈંગગેસ્ટ તરીકે રહેતાં હોય છે. તેઓ ત્યાં ફરવા ગયા હોય છે. રસોઈઘરમાં બહેન રસોઈ બનાવતાં હોય છે, તેને માટેની જરૂરી વસ્તુઓ મગાવવા જાપાનીઝ બહેન મદદ કરતાં હોય છે. બધાની વચ્ચે સારો મેળ હોય છે. ત્રણ ચાર દિવસ આમ ચાલ્યું ત્યારે એકવાર રાત્રે જમ્યા પછી ત્રણે જણા આરામથી વાતો કરતાં હોય છે ત્યારે જાપાનીઝ બહેને બહુ જ નમ્રતાથી અને હસતાં હસતાં ભાઈને કહ્યું કે તમારા પત્નીને રાંધતાં આવડતું નથી? જ્યારે ભાઈ નવાઈ પામી ગયા કે આમ કેમ! તેમને પૂછ્યું, "તમે આમ કેવી રીતે કહો છો?" તો જાપાનીઝ બહેન કહે કે "તેઓ રાંધે છે અને તમે બંને જમો છો. જમી રહ્યા પછી વાસણમાં મુઠ્ઠીભર, આશરે બે કોળિયા રાંધેલો ખોરાક વધે છે જે બગાડ છે, આટલું એક ઘરમાં બગડે તો કોબે શહેરમાં છ હજાર કુટુંબો રહે છે; તો કોબેમાં કુલ કેટલું અનાજ બગડે અને આખા જાપાનમાં ગણીએ તો કેટલું બધું નુકસાન થાય? રાંધવું તો એવું જોઈએ કે ખાધા પછી વધવું ન જોઈએ, તમે કહો તો કાલથી હું રાંધુ. બે-ત્રણ દિવસ તમારી ભૂખનો મને અંદાજ આવી જાય. પછી ત્રીજા દિવસથી તમે જોશો કે સહેજ પણ જમ્યા પછી રાંધેલી રસોઈ વધશે નહીં" અને બીજે દિવસથી તેમણે રાંધવા માંડયું અને ત્રણ દિવસ પછી તેઓએ કહ્યું કે "ચાલો, હવે હું તૈયાર છું." તે પછી અઠવાડિયા સુધી અને ભારતીય દંપતી રહ્યાં ત્યાં સુધી જોયું તો જમી રહ્યા પછી રાંધેલું અનાજ એક ચમચી પણ વધતું નહોતું.

જાપાનીઝ ગૃહિણીની દેશની વસ્તુઓના બગાડ પ્રત્યેની સજાગતા જ દેશાભિમાન તરફ તેમને દોરી જાય છે.

બીજો આવો જ બનાવ –

જાપાનની એક લોકલ ટ્રેનમાં એક ભારતીય ભાઈ મુસાફરી કરતા હતા. સૌથી પહેલા ડબ્બામાં હતા અને ટ્રેનના ડ્રાઈવરની બાજુમાં ઊભા હતા. ડ્રાઈવરની આજુબાજુ કોઈ જાળી ન હતી. જુદી જગ્યા અલગ રાખી ન હતી. દરેક સ્ટેશને ગાડી ઊભી રહેતી. પેલા ડ્રાઈવર બાજુના થાંભલા ઉપર પડેલી કાગળની એક સ્લીપ કાઢીને ઉપર કંઈ લખતા હતા અને પાછી ગાડી આગળ ચલાવતા હતા.

ભારતીય ભાઈને જાપાનીઝ ભાષા આવડતી ન હતી અને ડ્રાઈવરને ભારતીય ભાષા આવડતી ન હતી. છેવટે દુભાષિયા મારફતે ભાઈએ ડ્રાઈવરને પૂછ્યું, "આ તમે શું કરી રહ્યા છો?" પેલા ભાઈએ જવાબ આપ્યો કે "ટ્રેન કેટલા વાગે કયા સ્ટેશને પહોંચાડી તે લખી રહ્યો છું." ભારતીય ભાઈએ પૂછ્યું કે આ કામ તો સ્ટેશન માસ્તર કે સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટ કે રેલવેના બીજા કર્મચારીઓએ કરવાનું હોય છે અને તેઓએ ચકાસણી કરવાની હોય છે અને ગાડી મોડી પહોંચે તો તેઓએ તમને સવાલ કરવાનો રહે છે." પેલા ભાઈએ જવાબ આપ્યો. "અહીં એવું નથી. મારી જ જવાબદારી ટ્રેનને સમયસર પહોંચાડવાની હોય છે." તો ભારતીય ભાઈએ કહ્યું કે જો ઉપર કોઈ જોનાર ના હોય તો માણસ પોતાની ફુરસદે જ કામ ના કરે! તો ડ્રાઈવર કહે, "શું કહો છો? હું એવું કેમ કરું? મારી ગાડીમાં સામાન્ય રીતે ત્રણ હજાર માણસ છે. ગમે તે એક સ્ટેશને હું એક મિનિટ ગાડી મોડી પહોંચાડું તો જાપાનની 3000 મિનિટનો હું બગાડ કરી રહ્યો છું. તો હું એવો દેશદ્રોહી હોઈ શકું! કે આવું કામ હું કરું?"

એક એન્જિન ડ્રાઈવર પણ પોતાની ફરજ, પોતાના દેશભાઈઓને સાંકળતી અને દેશને ઉન્નતિ તરફ લઈ જતી દિશામાં બજાવે છે. તેને માટે સભાન-સજાગ છે.

આ વિચાર કરતાં આપણા દેશના ભાઈઓ પોતાની ફરજોનો કઈ રીતે વિચાર કરી શકે:

એક વેપારી :

વેપારી જે વેપારમાં અને જ્યાં પણ કામ કરતો હોય, તેને વિચારવું જોઈએ કે પોતે જે પણ કામ કરે છે તે દેશને માટે કામ કરે છે. જે માલની ખરીદ આવે છે, તેને સમયસર માલ પહોંચાડવો જોઈએ. જે માલ મોકલે તે માલ પણ વજનમાં, ગુણવત્તામાં બરાબર હોવો જોઈએ અને ભાવ પણ પ્રમાણસર Reasonable નફો કરીને નક્કી કરવો જોઈએ. તેનું પેકિંગ પણ બરાબર હોવું જોઈએ.

જો આ માલ સમયસર ના પહોંચે તો માલની તાણ થાય અને તે બજારમાં ભાવ વધે અને બીજાઓ જે આ માલ ખરીદતા હોય તેને વધારે પૈસા માલ ખરીદવા આપવા પડે, જેથી તેમની ખરીદશકિત ઘટે અને તે ખરીદશકિત ઘટે તો તેઓને વધારે પૈસા વાપરવા પડે અને તેને માટે વ્યવસ્થા કરવાની ચિંતા થાય. આ ચિંતા ઊભી કરતાં તે જ્યાં પણ કામ કરતા હોય ત્યાં તેમનું મન ના લાગે અને તેઓ જ્યાં ફરજ બજાવતા હોય ત્યાંનું કામ વ્યવસ્થિત ગુણવત્તા પ્રમાણેનું થાય નહિ, જેથી દેશને જ નુકસાન થાય.

એક વેપારી ભાઈનું કોઈ પણ કામ દેશના ઉત્પાદન સાથે સંકળાયેલું છે. વેપારી ભાઈ નક્કી કરે કે હું નિયમિત રીતે મારા કામે જઈશ અને પૂરતા સમય દરમ્યાન કામ કરીશ અને જે પણ માલ વેચું તે વેચતાં તેની ગુણવત્તા બરાબર છે, વજન બરાબર છે. પેકિંગ બરાબર છે અને ભાવ બરાબર છે, તેની દરકાર રાખીશ કારણ કે આ બધું આખરે તો મારા દેશને માટે જ છે.

ટેક્સી ડ્રાઈવર :

પોતાની ટેક્સી સારી રીતે સાફસૂફ રાખે અને રસ્તામાં બંધ ના પડે તેની તકેદારી રાખે. જે કોઈ તેનો ઉપયોગ કરવા આવે તેને સીધા અને નજીકના રસ્તેથી જવાના સ્થળે મૂકી દે અને ટેક્સી ચલાવે પણ એક જ ગતિથી અને જરાક પણ આંચકા ના આવે તેવી રીતે, અને ભાડું પણ મીટરમાં દર્શાવ્યું હોય તે પ્રમાણે લે.

તે જાણે છે કે ટેક્સીમાં બેસનાર માણસે પણ સમયસર કામે પહોંચવું જોઈએ. જેથી દેશના સમયનો બગાડ ના થાય. વળી તે ગાડી એક જ ગતિથી ચલાવે, આંચકા વગેરે ના આવે તો પેલો માણસ ધીરજથી અને કંઈ પણ ચિંતા વગર મુસાફરી કરી શકે અને પોતાના કામ ઉપર આસાનીથી જઈ શકે અને પૂરતું ધ્યાન આપી શકે. વળી ભાડું પણ નક્કી કર્યા મુજબનું આપવાનું થાય તો તેને વાંધો ના આવે પણ જો ટેક્સીવાળો વધારે માગે તો તેના મનમાં પણ દુ:ખ થાય, તેની ખરીદશકિત ઘટે અને પોતે જ્યાં પણ કામ કરતો હોય ત્યાં કામ કરવામાં તેને મનની શાંતિ ના હોય અને દખલ થાય જેથી દેશના ઉત્પાદનમાં પૂરતી મદદ ના થાય અને અન્ય કામ બગડે. ટેક્સી ડ્રાઈવરનું કામ પણ દેશને માટેનું છે અને તે પણ દેશને મદદ કરી શકે છે.

સરકારી કર્મચારી :

સરકારી કર્મચારી પોતાની ઓફિસમાં નિયુકત કરેલા સમયે પહોંચે અને નિયત સમય દરમ્યાન હાજર રહે. મળવા આવનાર ભાઈઓને જરૂરી માર્ગદર્શન સલાહ-સૂચન આપે કે જેથી તેઓનું કામ સરળતાથી, સહેલાઈથી અને ત્વરિત રીતે પૂરું થાય અને પોતાનું કામ બરાબર રીતે જૂએ અને પૂરું કરે.

જો સરકારી કર્મચારી સમયસર પોતાના ટેબલ ઉપર ના હોય તો તેને મળવા આવનાર ભાઈઓ અને ખાસ કરીને જેઓ બહારગામથી આવેલા હોય તેઓને ઘણો સમય બેસવું પડે અને રોકાવું પડે, જેથી સમયનો ઘણો વ્યય થાય. આ સમય પણ દેશનો જ સમય છે જેનો બિનજરૂરી વ્યય થાય છે. વળી જે માર્ગદર્શન આપવાનું છે તે પણ ખાસ ખ્યાલ રાખીને સજાગ રહીને, સાચું માર્ગદર્શન ના આપે તો મળવા આવનાર માણસને ફરી ફરીવાર મળવા આવવું પડે અને કામ પૂરું પતે નહિ અને આમ થવાથી તે માણસ જ્યાં કામ કરે છે તે ત્યાંનું કામ પણ ધીમું થાય છે અને જેથી ઉત્પાદન ખર્ચો વધારે થાય છે અને ઉત્પાદન મોંઘું થાય છે અને દેશનું કામ પણ બગડે છે.

દરેક માણસ તે વેપારી હોય, ઉદ્યોગપતિ હોય, શિક્ષક હોય, રિક્ષા ચલાવનાર હોય, બેન્ક કર્મચારી હોય કે કોઈ પણ કામ કરતો હોય; તે જે કામ કરે છે તે દેશનું કામ જ કરે છે તે તેને ખ્યાલ રહે અને તે નજર સમક્ષ રાખીને જ કામ કરે.

"હું કામ કરું છું તે બાબત વિચારતાં લાગે છે કે મારું કામ મારા દેશને ઉપયોગી છે અને દેશને માટેનું છે જે મારા માટે નહીં કરતાં, હું દેશને માટે જરૂર કરીશ. આજે હું નક્કી કરું છું મારું કામ હું નીચેની રીતે ધ્યાન રાખીને કરીશ."

સાક્ષી–સ્વયં : સ્થાન સર્વત્ર: શર્ત–સાવધાની– સજાગતા

(પ્રેષક : સુરેન્દ્ર શાહ ૧૯ ન્યુ બ્રહ્મક્ષત્રિય સોસાયટી અમદાવાદ-૬)

('ભૂમિપુત્ર' માંથી)

પંડિત સુખલાલજીની આત્મકથા

પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજીએ પોતાની આત્મકથા લખી હતી. ગયા ડિસેમ્બર માસમાં પંડિત સુખલાલજી શતાબ્દી મહોત્સવ પ્રસંગે કવિશ્રી ઉમાશંકર જોશીના હસ્તે આ આત્મકથા– **"મારું જીવનવૃત્ત"**નું પ્રકાશન થયું. તે વખતે અનેક મિત્રોએ આ પુસ્તક મેળવવા માગણી કરેલી. પણ અમદાવાદની અશાંત પરિસ્થિતિને કારણે પુસ્તકની બંધાઈ વગેરેમાં સમય લાગ્યો. હવે પુસ્તક મળી શકે છે.

મારું જીવનવૃત્ત : પંડિત સુખલાલજી કિંમત : રૂ. ૨૫

મળવાના સ્થળ :

મુંબઈ જૈન યુવક સંઘ : ટોપીવાલા મેન્સન, બીજે માળે, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪

પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ,
નેતાજી સુભાષ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨

નવજીવન ટ્રસ્ટ
પો: નવજીવન :
અમદાવાદ-૩૮૦ ૦૧૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પ્રકાશન

★

સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ
ગ્રંથ શ્રેણી - ગ્રંથ બીજો

નિહ્નવવાદ :

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

મુખ્ય વિક્રેતા: નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ – ૨.
અમદાવાદ–૧.

મૂલ્ય: રૂ. ૭-૦૦.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીંપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૧ : અંક : ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ મે, ૧૯૮૧ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

સદાચારનો પાયો—સમ્યક્‌દર્શન

☐ ચીમનલાલ ચકુભાઈ

'સદાચારનો પાયો' એ વિષય ઉપર મેં એક લેખ લખ્યો હતો, જે પ્રબુદ્ધ જીવનના તા. ૧-૩-૧૯૮૧ નાં અંકમાં પ્રકટ થયો છે. તે જ અંકમાં એ જ વિષય ઉપર, ડૉ. સાગરમલ જૈનનો લેખ પણ પ્રકટ થયો છે. આ બન્ને લેખોમાં સદાચારનો વિચાર મુખ્યત્વે આચારધર્મની દૃષ્ટિએ કર્યો હતો. To find out the fundamental principle of ethical conduct. નૈતિક વર્તનનો મૂળભૂત સિદ્ધાંત શોધવાનો પ્રયત્ન હતો. આ મૂળભૂત સિદ્ધાંત, મહાવીરે અહિંસા કહ્યો, બુદ્ધે કરૂણા, ક્રાઈસ્ટે પ્રેમ, કૃષ્ણે અનાસકિત, પ્લેટોએ જ્ઞાન, તો બીજાઓએ ત્યાગ, ન્યાય અથવા સમાનતા કહ્યો. આવા કોઈ એક સિદ્ધાંતમાંથી સમગ્ર નૈતિક જીવનના અને આચરણના બધા નિયમો, વ્રતો, ફલિત થતા બતાવ્યા છે. મહાવીરે અહિંસામાંથી, સંયમ, સત્ય બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અનેકાન્ત વગેરે ગુણો તારવ્યા. એકમાંથી બધા ગુણો આપોઆપ પરિણમે છે. પ્લેટોએ તેને Unity of Virtues. કહ્યું છે.

પણ આચારનો આધાર વિચાર ઉપર છે. વિચાર શુદ્ધ કે સત્ય ન હોય તો વાણી અને વર્તન, શુદ્ધ કે સત્ય થતા નથી. વિચાર, વાણી અને વર્તનની એકતાની જરૂરિયાત બધા ધર્મોએ સ્વીકારી છે. મનસા, વાચા, કર્મણા, —મન, વચન અને કાયાએ કરી, બધું વર્તન એકરૂપ કરવાનું છે. ત્યારે જ તે શુદ્ધ બને છે. તો આ લેખમાં, વિચારની દૃષ્ટિએ સદાચારનો પાયો શું છે તે, સંક્ષેપમાં જણાવું છું.

જૈન ધર્મમાં, સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર્ય આ રત્નત્રયીને મોક્ષ માર્ગ બતાવ્યો છે.

સમ્યક્ એટલે શું, દર્શન એટલે શું અને દર્શન અને જ્ઞાનને જુદા કેમ પાડયા તે સમજવાની જરૂર છે. વળી, સમ્યક્‌દર્શનને, સમ્યક્ જ્ઞાનથી પહેલાં કેમ મુકયું તે સમજવું જરૂરી છે. અહીં તાત્ત્વિક ચર્ચામાં નથી ઉતરતો. સમ્યક્ તથા દર્શનના અનેક અર્થો શાસ્ત્રકારોએ અને આચાર્યોએ કર્યા છે. હું તેનો વિચાર સામાન્યજનની અથવા લૌકિક દૃષ્ટિએ કરું છું.

સમ્યક્ એટલે જે છે તે—યથાર્થ, ઉચિત સત્ય. સમ્યક્‌નો વિરોધી શબ્દ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એટલે વિપરીત અથવા સત્યથી વિરોધી. જે નથી તે છે તેમ માનવું અથવા છે તે નથી તેમ માનવું.

દર્શનનો એક અર્થ છે જોવું—પ્રત્યક્ષ જાણવું. કોઈ માધ્યમથી નહિ, પણ સીધી રીતે Directly, જ્ઞાનમાં, બુદ્ધિનું (Reason) માધ્યમ છે. દર્શન પ્રત્યક્ષ છે. Intuition , અંતર્બોધ. જ્ઞાન તે રીતે પરોક્ષ છે.

હવે, આવું સમ્યક્ દર્શન, સત્યનું દર્શન, પૂર્ણદર્શન, અપૂર્ણ માનવીને હોતું નથી. માત્ર કેવળી ભગવાનને જ હોય, પણ જો સમ્યક્ દર્શનનો અર્થ કેવળજ્ઞાન કરીયે અથવા થતો હોય તો આપણે માટે તેની બહુ સાર્થકતા રહેતી નથી.

તેથી, બીજો અર્થ એ કર્યો કે સમ્યક્ દૃષ્ટિ. Right approach આપણને સમ્યક્ દર્શન ન હોય, પણ સમ્યક્ દૃષ્ટિ તો કેળવી શકીએ. ટૂંકામાં, મતાગ્રહ ન હોય, સત્યની અભિરૂચિ હોય, સત્યની અભીપ્સા હોય, સત્ય જાણવાની જીજ્ઞાસા હોય.

આ સત્ય શેને વિષે જાણવું છે? To know the truth but about what?

તત્ત્વનું સત્ય જાણવું છે. તત્ત્વનો સાક્ષાત્કાર કરવો છે. શેનું તત્ત્વ? જીવ અને જગતનું, આત્માનું અને વિશ્વનું. તે શું છે?

પણ આ તો બહુ વિકટ છે. એ તો લગભગ સત્ય દર્શન જેવું જ થયું.

તો એક ડગલું નીચે ઊતર્યા અને કહ્યું, તત્ત્વમાં શ્રદ્ધા રાખો. દર્શનનો અર્થ શ્રદ્ધા કર્યો. તત્ત્વશ્રદ્ધા સુધી ઠીક છે પણ તત્ત્વ સમજીયે તો શ્રદ્ધા જાગેને. વળી, તત્ત્વ અનેકરૂપે જ્ઞાનીઓએ કહ્યું છે. એકમ્ સત્ વિપ્રા: બહુધા વદન્તિ ત્યારે કહ્યું કે જેણે તત્ત્વ કહ્યું છે તેમનામાં શ્રદ્ધા રાખો. અહીં વ્યકિતમાં શ્રદ્ધા થઈ. દેવ, ગુરુ અને તેમણે પ્રરૂપેલ ધર્મમાં શ્રદ્ધા રાખો. અહીં ભકિત દાખલ થાય છે. પછી તત્ત્વ જાણવાની, સમજવાની વાત એક બાજુ રહી. દરેક ધર્મ (અહીં ધર્મનો અર્થ સંપ્રદાય છે) કે તેના ધર્મગુરુ એમ જ કહે છે કે તેમણે બતાવેલ તત્ત્વ એ જ સત્ય છે, બીજું બધું મિથ્યાત્વ છે. જૈન ધર્મમાં શ્રદ્ધા રાખો. ભગવાન મહાવીરમાં શ્રદ્ધા રાખો. અન્ય ધર્મમાં, અન્ય દેવમાં કે અન્ય ગુરુમાં શ્રદ્ધા રાખવી મિથ્યાત્વ છે. જૈન ધર્મમાં—એટલે કે જૈન ધર્મે બતાવેલ તત્ત્વમાં—ભગવાન મહાવીરમાં અશ્રદ્ધા કરવી મિથ્યાત્વ છે. તેમાં શંકા, કુશંકા કરવી મિથ્યાત્વ છે. એક રીતે એમ લાગે કે સ્વતંત્ર વિચારનાં દ્વાર બંધ થયાં. જ્ઞાનમય શ્રદ્ધા એક વાત છે, સાંપ્રદાયિક શ્રદ્ધા જુદી વાત છે. જૈન આગમોમાં અને બૌદ્ધ ગ્રન્થોમાં પોતાના મતને જ સત્ય બતાવી, અન્ય મતોને મિથ્યાત્વ કહી, તેનું ખંડન કર્યું છે, મિથ્યાત્વ કહેવાથી કોઈ મત મિથ્યાત્વ થતો નથી. અંતે તો સત્ય શોધવાનું છે.

પાયાની વસ્તુ એ છે કે સમ્યક્ દૃષ્ટિ હોવી. એટલે કે સત્યની જ અભિરૂચિ અથવા અભીપ્સા આ દૃષ્ટિમાં અંતરર્ભાજ છે, સ્વતંત્ર ચિન્ત-મનન છે, સતત જાગૃતિ છે. જ્ઞાની પુરુષોના વચનોમાં શ્રદ્ધા હોય ત્યારે પણ એ શ્રદ્ધાને જ્ઞાનમય બનાવવાનો સતત પુરુષાર્થ છે.

તેમાં મતાગ્રહને અવકાશ નથી. મારો ધર્મ જ સાચો છે, મારા દેવ જ સાચા દેવ છે એવો આગ્રહ પણ નથી.

પણ આવી સમ્યક્‌દૃષ્ટિ હોય ત્યાં હંમેશાં સત્ય લાધે છે એમ નથી ભૂલ પણ થાય છે, પણ ઠોકર વાગે એટલે ભૂલ સ્વીકારે છે, પાછા ફરે છે, ફરી સત્યની ખોજ કરે છે. મમત્વ નથી. આવી દૃષ્ટિને બીજી રીતે કહેવું હોય તો અનેકાન્ત કહીયે. પણ અનેકાન્તનો અર્થ એમ નથી કે દૃઢ અથવા સ્પષ્ટ અભિપ્રાય નથી. જે સમયે પોતાને જે સત્ય લાગે તેને સ્વીકારે, વળગી રહે, તે પ્રમાણે વર્તન કરે. એટલું જ કે પોતે કહે છે તે જ સત્ય છે, એવો આગ્રહ ન રાખે. પણ અનેકાન્ત, સંશયવાદ નથી. એટલે કે, શું સત્ય છે અને શું નથી, એવી સતત અથવા કાયમ સંશયાત્મક વૃત્તિ ન હોય. બુદ્ધિ નિશ્ચયાત્મક હોય પણ દુરાગ્રહી ન હોય. બીજા કહે છે તેમાં સત્ય હશે પણ તેની પ્રતીતિ મને ન થાય, ત્યાં સુધી મને જે સત્ય લાગે છે તેને વળગી રહેવું રહ્યું. એ પણ સત્ય નથી એમ માની સંશયાત્મક ન રહેવું.

સમ્યક્‌દૃષ્ટિનું બીજું લક્ષણ છે કે તેમાં રાગદ્વેષ કે કષાય ઓછો હોય. સંદતર અભાવ હોય ત્યાં તો સત્ય દર્શન છે. પણ સમ્યક્‌દૃષ્ટિમાં પણ રાગદ્વેષની મંદતા અને ક્રમશ : વધતી મંદતા હોય. રાગદ્વેષ છે ત્યાં સમ્યક્‌દૃષ્ટિ નથી. ત્યાં દુરાગ્રહ અને મમત્વ છે.

આવી સમ્યક્‌દૃષ્ટિ હોય ત્યારે સ્વભાવિક રીતે સમ્યક્‌જ્ઞાન પ્રકટે અને સમ્યક્‌ ચારિત્ર્ય વિકસે. પણ એથી ઊલટું પણ સાચું છે. સમ્યક્‌ ચારિત્ર્ય હોય તો સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌દૃષ્ટિ ખીલે. આ ત્રણે પરસ્પરને અસર કરે છે, એકબીજાના વિકાસમાં સહાયભૂત થાય છે. પોતાને સમ્યક્‌દૃષ્ટિ છે કે નહિ તેની પોતાને ખબર પણ ન હોય. પણ સમ્યક્‌ચારિત્ર્ય હોય, સ્વાર્થનો અભાવ અથવા મંદતા હોય, મૈત્રી, કરૂણા, મુદિતા, પ્રમોદ વગેરે ગુણો હોય અથવા તે માટેનો પુરુષાર્થ હોય તો સમ્યક્‌દૃષ્ટિ, સત્યની અભિરૂચિ આપોઆપ આવે છે.

પણ પાયાનો પ્રશ્ન એ છે કે સત્યની અભિરુચિ, સત્યની જીજ્ઞાસા કેવી રીતે જાગે? સ્વાર્થ અને મોહથી એટલા ઘેરાયેલા છીએ કે સત્યનું દર્શન તો એક બાજુ રહ્યું પણ સત્યની અભીપ્સા પણ નથી અને રાગદ્વેષમાં ડૂબેલા હોઈએ છીએ. સત્યની અભિરુચિ જાગવા કોઈ વિશિષ્ટ કારણ આપી શકાતું નથી. કેટલાકને સ્વાભાવિક હોય છે, કેટલાકને કોઈ નિમિત્તથી, સંતસમાગમથી, સતવાંચનથી જાગે છે. જાગ્યા પછી એ વૃત્તિ ટકી રહે એ પણ નિશ્ચિત નથી. તેને માટે પ્રયત્ન કરવો પડે છે. જાગ્રત રહેવું પડે છે. એવો પ્રયત્ન કરવાનું મન થાય, જાગૃતિ રહે તે સદભાગ્ય છે.

સત્યોન્નોસ્તિ પરો ધર્મ: સત્યથી પર એવો કોઈ ધર્મ નથી. સત્ય એ જ ધર્મ છે એવી પ્રતીતિ કે શ્રદ્ધા હોય તો સત્યની અભિરૂચિ રહે અને વધારે તીવ્ર થાય. સત્યમેવ જયતે, સત્યનો જ જય થાય છે, અસત્યનો કોઈ દિવસ નહિ એવી શ્રદ્ધા હોય તો સત્યની અભિરુચિ રહે. હિરણ્મયેન પાત્રેન સત્યસ્યાવૃત્તમ્ મુખમ્, સત્યનું મુખ સોનાના પાત્રથી ઢંકાયેલું છે. તે સોનાનું પાત્ર એટલે જગતની માયા; ધન, લક્ષ્મી, સંપત્તિ, સત્તા, કીર્તિનો મોહ.

સમ્યક્‌દૃષ્ટિ ન હોય તો સાચો સદાચાર સંભવતો નથી. દેખાવ માત્ર હોય. સમ્યક્‌દૃષ્ટિમાં નમ્રતા હોય. અહંકાર, સમ્યક્‌દૃષ્ટિનો દુશ્મન છે. વિચાર શુદ્ધિ વિના, વાણી કે વર્તનમાં શુદ્ધિ આવે નહિ વિચાર શુદ્ધિ એટલે સમ્યક્‌દૃષ્ટિ. તેમાં સતત શોધન છે, ખોજ છે, આત્મ નિરીક્ષણ છે. સમ્યક્‌દૃષ્ટિ હોય તો આસકિત છૂટી જાય છે. સમ્યક્‌દૃષ્ટિ હોય તો આપોઆપ સાધનશુદ્ધિ આવે છે. અશુદ્ધ સાધનો, મોહ કે આસકિતનું પરિણામ છે. સામ્યક્‌દૃષ્ટિથી બુદ્ધિમાં નિર્મળતા હોય છે માટે, સદાચારનો પાયો, સમ્યક્‌દૃષ્ટિ, સત્યની અભિરૂચિ, સત્યની જીજ્ઞાસા છે. તેથી સમ્યક્‌ દર્શનને પ્રથમ સ્થાન આપ્યું છે.

આ તાત્ત્વિક ચર્ચા નથી. મેં જે કાંઈ વિચાર્યું છે. અલ્પ અનુભવે જાણ્યું છે તેને સાદી ભાષામાં મૂકવા પ્રયત્ન કર્યો છે.

૨૪-૪-૮૧

* પસંદગી કરો નહિ *

જે રીતે તમે આનંદની પળોને હાંકી નથી કાઢતા, તેમ દુ:ખનાં સમયમાં પીડાનો વિરોધ કર્યા વગર જીવવું જોઈએ. તમારે કોઈ પસંદગી ન રાખવી જોઈએ કે તમને આનંદ જ મળે દુ:ખ નહીં જ. દુ:ખ આવે ત્યારે વિરોધ કરવાની વૃત્તિ રાખવી એ છટકબારી છે. નાસીપાસ વૃત્તિ બરોબર નથી. વિરોધ કરતી વખતે તમે આશા સેવો છો કે મને આનંદ મળશે પણ ખરેખર તો આશા રાખીને તમે નિરાશાને નિમંત્રો છો. નિરાશાની શકયતા ઊભી કરો છો. એનાં કરતાં શું કામ દુ:ખ સાથે જ સરળતાથી જીવી નથી લેતા.

તમને ખબર છે મિત્રો, કશાંક સાથે રહેવું, કશાંકને અનુભવીને જીવવું તેનો અર્થ તેનાં પ્રેમમાં રહેવું થાય છે. તમારી નાનકડી રૂમમાં કોઈ પક્ષી ઉડતું આવીને બેસે તેને તમે ઉડાડી ન મૂકો. તેનો વિરોધ ન કરો. પરંતુ તમે તેને જો તમારી સાથે એને રાખો તો થોડા સમયમાં જ પક્ષી પ્રત્યે પ્રેમ કેળવાશે. પછી એ પંખી ઉડી જશે તો તમને નહીં ગમે એ તમારી સાથે જ રહે તેમ તમે ઈચ્છશો. તેવું જ વ્યકિત માટે છે. જ્યારે તમે કોઈ વ્યકિતને ચાહો છો ત્યારે તમને એની સાથે ને સાથે રહેવાનું મન થાય છે, કેમ બરાબર ને? તે જ રીતે કોઈપણ વ્યકિત પીડા સાથે જીવી શકે છે એવું બિલકુલ જરૂરી નથી કે પીડાનાં સમયે તે ઉદાસ, ગમગીન હોય. જ્યારે તે પોતાનાં દર્દને તાદશ્ય કરે, જ્યારે તે દુ:ખના કારણને સ્પષ્ટ રીતે ઉપસાવે જ્યારે તે કદી પીડાનો વિરોધ કરવાની કોશિશ ન કરે જ્યારે તે પીડાના બળને અનુભવે, તેની ઉત્કટતા અનુભવે અને પીડાનું તકલાદીપણું પણ જાણે એટલે કે આ દુ:ખ સામે તમે કશું કરી શકવાને અસમર્થ છો એમ સરખી રીતે સમજી લો તો કોઈ વ્યકિત દુ:ખમાં ગમગીન ન રહે. આખરે કાંઈ નહીં તો તમે એ વાત યાદ કરો કે અતિ આનંદ આવતી પળોને તમે કોઈ રીતે સુધારવા નથી માંગતા, તમે એ પળોને એની રીતે વહેવા દો છો. તમને જે પળોમાં આનંદની મળે છે તે સમય તમને બહુ ગમે છે બરોબર તેવી જ રીતે દુ:ખની સાથે જીવવું એટલે દુ:ખને પણ પ્રેમ કરવો. પરંતુ હા, દુ:ખ સાથે પ્રેમ કરતાં શીખવા માટે ઘણી શકિત, ઘણી સમજણ જોઈએ છે તમારે સતત તમારા મનની ચોકી કરવી પડે છે. તમારે ખ્યાલ રાખવો પડે છે. કયાંક તમારું મન દુ:ખમાંથી છટકવા તો નથી માગતું ને? પીડાને ઝટ દઈ ઢાંકી કાઢવા તો નથી માગતું ને? કારણ કે દુ:ખથી છટકવું ગજબનું સહેલું છે. સાવ સહેલું છે. કોઈ નશીલો દવા લેવા માંડે કે કોઈ પુસ્તક વાંચવા મંડી પડે. કોઈ ગપ્પાં મારી એ સમયને હટાવવા કોશિશ કરે. પરંતુ દોસ્તો, સુખ કે દુ:ખ સાથે સંપૂર્ણ રીતે જીવવું, સમાન મને જીવવું અઘરું છે. એનાં માટે સતર્ક મન જોઈએ છે. અને જ્યારે તમારું મન સતર્ક હોય છે ત્યારે એ એની મેળે યોગ્ય દુ:ખના સમય દરમ્યાન યોગ્ય પગલાં જ લેશે. અથવા તો એમાં કહો કે આપણે દુ:ખની સાથે જ પ્રેમપૂર્વક રહેતાં શીખી ગયાં હશું તેથી દુ:ખને હટાવવા કોઈ પગલું નહીં લેવાનો મન નિર્ણય કરશે.

જે. કૃષ્ણમૂર્તિ

ભૂલ સુધાર

ગતાંકમાં "દસ દસ વર્ષે" કાવ્યમાં દસમી લીટીમાં "તમારા તૃપ્ત પદ્ધતિના રણકાર" છપાયું છે, તેમાં "પદ્ધતિ"ને બદલે "પદધ્વનિ" એમ વાંચવું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

અભ્યાસ વર્તુળ

વકતા : શ્રી હરજીવન થાનકી
વિષય : જીવન વિષેનું ચિંતન
સમય : તા. ૬-૫-૮૧ બુધવાર સાંજે ૬-૧૫ વાગે
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ

લિ.
સુબોધભાઈ એમ. શાહ, કન્વીનર.

ખાલી ખૂણાની વાત

[] નેમચંદ એમ. ગાલા

પેટ ભરી, ઠાંસીને ન ખાવું,–પેટનો–ઉદરનો એક ખૂણો ખાલી–ઉણો રાખવો. જૈનદર્શનમાં ઉણોદરીનો ઉલ્લેખ છે. એક ખૂણો ઉણો રાખીને ખાવું. શાસ્ત્ર આચાર ઉપરાંત એમાં વૈજ્ઞાનિક તથ્ય છે. એક ઉણો ખૂણો શરીરને માટે સ્વાસ્થ્યકારક છે... ખાલી ખૂણાની વાત માત્ર સ્થૂળ-શારીરિક સ્તર ઉપરાંત માનસિક સ્તરે પણ એટલી જ સાચી છે.

માનવી જીવન વ્યાપારમાં એવો ગળાડૂબ અને વ્યસ્ત રહે છે કે યા તો એને નવરાશની પળો મળતી નથી, યા તો મેળવવા ઈચ્છતો નથી. નવરો પડયો કે કશીક ને કશીક ક્ષુલ્લક પ્રવૃત્તિથી પણ એ ખાલી ખૂણો ભરચક ભરી દે છે. એકલો પડતાં જ એ વ્યાકુળ અને વ્યગ્ર થઈ ઊઠે છે અને કોઈ ને કોઈ બહાને પ્રવૃત્તિમાં ગૂંથાઈ જાય છે. પછી નાટક, સિનેમા, ટી. વી., રેડિયો કે પાના કૂટવાનો પ્રોગ્રામ હોય... એકલો પડેલો માનવી ભયભીત થઈ જાય છે... એને ડર એકલતાનો નહિ, પણ પોતાનો જ હોય છે. આસપાસ કોઈ જ ન હોય, કશું જ ઘોંઘાટભર્યું ન હોય, તો એને પોતાનો જ ભેટો થઈ જાય છે... મુલાકાત થઈ જાય છે, અરે મુકાબલો થઈ જાય છે અને માનવી પોતાનો જ સામનો–Confrontation હંમેશાં ટાળતો જ રહે છે. પોતાની સાથે વાત કરવી એને ગમતી નથી કારણ કે આંતરમન બધું રહસ્ય છતું કરી દે છે!

માનસિક વિકાસ, સ્વસ્થતા અને સમતુલા માટે પણ એક ઉણો ખૂણો–શૂન્ય પળો, નવરાશની ઘડીઓ આવશ્યક હોય છે.

જ્ઞાન-તત્ત્વજ્ઞાનની શરૂઆત વિસ્મયથી થાય છે. આખી સૃષ્ટિ વિસ્મયથી ભરેલી છે. વિસ્મયની પળો માણવા પણ થોડીક નિરાંત જોઈએ... અન્યના વિચારો સ્વીકારવા પણ થોડી 'Space' જોઈએ... એક એવો અવકાશ જ્યાં હવાની લહેરખીઓ ઊઠી શકે. કલ્પનાના તરંગો વિહરી શકે. સિસૃક્ષા-સર્જનની તમામ પ્રક્રિયાનું ઉદ્‌ગમ ચિત્તના શૂન્યાવકાશ અને નિરાંતની પળોમાં થાય છે. એક ફિલસૂફે કહ્યું છે, "માનવીનું યથાર્થ ચરિત્રદર્શન એ ફુરસદની પળો Leisure કેવી રીતે વિતાવે છે તેના પરથી થઈ શકે છે. પણ ઘણાખરા કિસ્સાઓમાં જ્યાં માનવી ફુરસદ મેળવવા ઈચ્છતો નથી... ત્યાં નવરાશની પળો માણવાની–જાણવાની વાત જ ક્યાં?

દરેક માનવી યથાશક્તિ મોકળાશવાળું રહેઠાણ પસંદ કરે છે. વિશાળતા એને ગમે છે. પણ પાછો એ ભૂલભૂલામણીમાં પડી જાય છે. ચાર દીવાલ વચ્ચેના ઘરની મોકળાશને એ નિરર્થક ફર્નિચર, શૉ કેસીસ અને બિનઆવશ્યક જણસોથી માત્ર ઠઠારા, ફેશન અને અદ્યતન Sophisticated દેખાવા માટે ઠાંસી ઠાંસીને ભરે છે. વિશાળ મહાલય જેવા ઘરોમાં પણ સીધી રેખામાં ચાલવું મુશ્કેલ થઈ પડે છે. આનું મૂળ કારણ વ્યવહારિક નહિ પણ માનસિક છે.

માનવી પોતાનાં અંતરનો અભાવ Void જુદે જુદે સ્તરે ત્રણ રીતે ભરી દેતો હોય છે. શારીરિક સ્તરે વધારે પડતું ખવાઈ જાય છે. Over--Eating એટલું જ નહિ, પણ માનવી વારંવાર ખાય છે. માનસિક અશાંતિ, તાણ, ભારણ વગેરે અવસ્થાઓમાં આ પ્રવૃત્તિ વેગ ધરે છે... અશ્રદ્ધા, અસલામતીની ભાવના, જીવન પ્રત્યે સતત ફરિયાદવાદી વલણ, પોતામાં શક્તિ-સામર્થ્ય છે, પરંતુ દુનિયાને એ પિછાનવાની એની કદર કરવાની ખેવના નથી, પોતાને સુખી કરવા માટે દુનિયાએ જે ફરજ બજાવવી જોઈએ તે ફરજ સૃષ્ટિ બજાવતી નથી, એવી વૃત્તિઓમાંથી ભૌતિક જણસો જમા કરવાની... પરિગ્રહ કરવાની વૃત્તિ જન્મે છે. માનવી Regrets-નારાજગીઓ અંતરમાં જમા કરતો જાય છે... જેનું પ્રક્ષોપણ વ્યવહારમાં પણ થયા કરે છે.

સમયની દૃષ્ટિએ માનવી સમય સાચવવાને બદલે ગુમાવતો જાય છે. સત્ય બારણે ટકોરા મારતું હોય છે, ત્યારે એને આભાસ પણ થાય છે... પણ એ પાછો પાનાં ટીચવામાં મશગૂલ બની જાય છે.

વિશ્રામ વગરનો પરિશ્રમ માનવીને થકવી નાખે છે. અસ્તિત્વને લોથપોથ કરી મૂકે છે અને ક્રમે ક્રમે વિશ્રામ મેળવવાની ક્ષમતા પણ એ ગુમાવી બેસે છે. ભીતરની રિક્તતા Void ને ભરી દેવા એ ઘણી તરકીબો લડાવે છે.

ફૂલવાળો રોજ ફૂલ આપી જાય છે. ઘરઘાટી એને સોહામણાં ફલાવરવાઝમાં સજાવે છે, પણ માનવીને એ તરફ જોવાની પણ ફુરસદ નથી હોતી...! અરે રસ્તે ચાલતાં ખીલેલાં ફૂલ જોઈ એનાં ચિત્તમાં કોઈ ફૂલ ખીલતાં નથી... એરકંડીશનમાં સૂએ છે અને પછી પરસેવો પાડવા સોનાબાથમાં જાય છે... ડબલ ડનલોપ પર પોઢે છે અને સ્લિપ ડિસ્ક માટે હોસ્પિટલમાં ક્સરતો કરવા જાય છે. પછી સખત પથારી પર સૂવું બાણ-શૈય્યા પર સૂવા જેવું અકારું ભાસે છે. ઊંઘ માટે ફાંફાં મારતાં પડખાં સહેલાઈથી ફેરવી શકાય, તે માટે ડબલ પલંગમાં તરફડિયાં મારે છે. બાળપણમાં દિવસે સપનાં જોનાર, મોટી વયે રાતનાં પણ સપનાં જોઈ નથી શકતો. ઘર માનવીનાં આવાસને બદલે ફર્નિચરનો શો રૂમ હોય એવું થઈ જાય છે. પુસ્તકોનું સ્થાન શૉ રૂમનાં રમકડાં જેવું થઈ જાય છે... ઘર ચીજવસ્તુ-ઓથી ભરાઈ જાય છે. માણસ બહાર રહી જાય છે... ફર્નિચરનો 'પીસ' બનીને...! ફાલ્સ સીલિંગ આકાશને પણ ઢાંકી દે છે..., વાયરિંગ ફિટિંગ બધું જ Concealed હોય છે. બધું જ Concealed....!

ઘર સભર બનતું જાય છે..., માનવી ખાલી...!

આ તમામ ચેષ્ટાઓ શારીરિક, માનસિક અને જીવનવ્યવહાર, ત્રણે સ્તરે વિચારવિહીનતા અને આંતર અભાવની દ્યોતક છે.

માનવીનું વ્યક્તિત્વ ખંડ ખંડમાં વહેંચાઈ જઈ વિક્ષિપ્ત થતું જાય છે... અખંડતામાં સમગ્રપણે સમગ્રતામાં જીવવું લગભગ અશક્ય થઈ જાય છે. Integrated અને Wholesome person જેવી સંભાવના માત્ર પુસ્તકોમાં જ રહી જવા પામે છે.

પોતાની જાત માટે ઊભું કરેલું ભ્રામક પ્રતિષ્ઠા સ્થાન-Pedested પર ઊભું રહેવા-ટકી રહેવાનાં પ્રયાસોમાં જ જીવન વ્યતિત થઈ જાય છે.

અવકાશ-આયામનું પરિમાણ એક નયનરમ્ય દૃશ્ય સર્જે છે.

એક ડ્રોઈંગરૂમમાં હારબંધ ફૂલનાં કૂંડાં ગોઠવ્યાં હોય તો ઝાડરોપા-નર્સરીની દુકાન ઉપસી આવે, પણ બધા ખૂણા ખાલી હોય અને એક ખૂણામાં ફૂલનું કૂંડું–વાઝ હોય, તો સમસ્ત ચિત્ર બદલાઈ જાય. જાપાનીઓની ફૂલ-સજાવટમાં આ સૌન્દર્ય-અભિગમ જણાઈ આવે છે.

મોડર્ન આર્ટમાં મોટા-લાંબા ચિત્રમાં કાળા રંગનું ફલક હોય છે અને એક ખૂણામાં ધ્રુવ તારા જેવું નાનકડું સફેદ ટપકું હોય છે. હજારો કે લાખો ટપકાંઓનો સમાવેશ થઈ શકે ત્યાં માત્ર એક જ ટપકું હોય છે! વાચાળતાને બદલે મૌનની ભાષા ચિતરાઈ જાય છે?

વાચાળતા, વાક્‌ચાતુરી... વાક્‌છળ આપણને એટલી બધી સદી ગઈ છે કે મૌનની ભાષા ભૂલાઈ ગઈ છે. લુપ્ત થઈ ગઈ છે. કશુંક માણવું હોય ત્યારે આપણે એની સાથે મૌન જાળવી એકાકાર નથી થઈ શકતા. સૂર્યોદયનું પણ ટીકા-ટીપ્પણ અને વિવેચન...! કાવ્ય-

સંગીત-કલાનાં પાંડિત્યપૂર્ણ વિવેચનો થાય છે. કાવ્યનું રસદર્શન વિદ્યાર્થીને ગોખવું પડે છે! કવિ માંદો પડે તો માંદગી પર પણ કવિતા લખે છે. માંદગી માણી શકતો નથી...! આરસની મૂર્તિને સોનાં-રૂપાનાં ઘરેણાં પહેરાવવા જેવી વાત છે. હૃદયનું કામ બુદ્ધિએ ઉપાડી લેવું પડે છે. શબ્દોની જાળમાં સંવેદનો અટવાઈ જાય છે.

જ્ઞાન-અને ગુમાનના બોજથી બેવડ વળી ગયેલો માનવી પોતાનાં સ્વજનો સાથે પણ ખુલ્લા દિલે વાત નથી કરી શકતો. (પોતાની પ્રતિષ્ઠા આડે આવે છે). અરે મોકળા મને હસી પણ નથી શકતો. ડાચું ચડાવી ગંભીર વદને બેસી રહે છે. રડી પણ નથી શકતો. જે સાચું હસી ન શકે તે સાચું રડી પણ ન શકે...

રડવું એ કાયરતાની નિશાની લેખાય છે. રડવાના પ્રસંગે પણ દાંતભીડી મક્કમપણે આ વૃત્તિ પર કાબૂ મેળવી લે છે!

એક એવું રમકડું નીકળ્યું છે, પશ્ચિમમાં, કે દોરી ખેંચતાં હસવા માંડે અને માણસને હસાવે... હવે એવાં રમકડાંની શોધ થવી જોઈએ કે જે દોરી ખેંચતાં રડવા માંડે અને માનવીને રડાવે... સેફ્ટી વાલ્વથી હૃદય હળવું થઈ શકે, હૃદયરોગ અને ચાંદાની બીમારી પણ નિવારી શકાય!

માણસને રડવું હોય તો એકાંત મળતું નથી. ઘરનો–મનનો-જીવનનો કોઈ ખૂણો ખાલી હોતો નથી. એક એવો ખાલી ખૂણો હોવો જોઈએ કે જ્યાં એકાંતે એકાકીપણામાં માણસ બે ઘડી બેસી શકે, મોંફાટ રડી શકે. પોતાનાં અને અન્યનાં દુ:ખમાં પ્રામાણિક પણે રડી શકે. નિષ્ઠાથી Without apology or Regrets. પ્રામાણિકપણે દુ:ખી થઈ શકે. પોતાની સાથે ઝઘડી શકે, ઠપકો આપી શકે, પોતાની સાથે બે વાત કાલીઘેલી ભાષામાં કરી શકે... ક્રમે ક્રમે અસીમ નીરવતામાં શૂન્ય પળોમાં શૂન્ય થઈ જાય... વિચારવિહીન અવસ્થાની કોઈ અદ્‌ભુત ક્ષણમાં સ્થિર થઈ જાય અને મુક્તિને ઉપલબ્ધ થઈ જાય.

બીજી ચોપડીમાં દલપતરામની કવિતામાં પિપૂડી વગાડનારને એક માણસ મેણું મારતાં કહે છે કે પોલું હોય તે વાગે, સાંબેલું વગાડી દે તો કહું...! આપણે સાંબેલું વગાડવાની કોશિશમાં વ્યસ્ત છીએ... પણ નક્કરતામાંથી કોઈ સૂર નથી નીકળતા... સૂર માટે પણ પોલાણ જોઈએ, અવકાશ જોઈએ...હવાને હરવા ફરવા માટે જગા જોઈએ...

હવા ફરે છે અને વાંસળીનાં છેદમાંથી સૂર નીકળે છે.

ટાગોરે કહ્યું છે. "Leave some gaps in life, and set let sweet music flow"

'ખાલી જગ્યા પૂરો'ની વલણને બદલે ખાલી જગા છોડતા જાઓ... જીવનમાં–જીવનયાત્રામાં માનસિક અભિગમમાં–દિનચર્યામાં પરિશ્રમ અને ખોરાકમાં... સ્પંદનોની લહેરો વાયરાને મુકતપણે ઘૂમવાની જગા કરી દો... મેરેથૉન દોટ અટકાવી દો.

થોભી જાઓ... શા માટે, ક્યારે અને ક્યાં પહોંચવું છે તેનો માઈલસ્ટોન પર બેસી વિચાર કરો. અરે, વિચાર પણ ન કરો. નિર્વિકલ્પ અવસ્થામાં સ્થિર થઈ જાઓ...

પિંજરામાં તો પાંખો જ ફફડી શકે, ઉડ્યન માટે તો અવકાશ જ જોઈએ... પાંખોનો ફફડાટ સંભળાય, પણ ઉડ્યન તો નિ:સ્વન જ હોય છે.

ધર્મ – મંગલ

[] મુનિ શીલચન્દ્રવિજય

મંગલ અને શુકન – બન્ને પર્યાય શબ્દો છે. એ હિસાબે, પહેલાંના કાળમાં, મંગલ એ આમજનતાના જીવનમાં ઓતપ્રોત બની ગયેલું–રોજિંદુ તત્ત્વ બની ગયું હતું. ભગવાન મહાવીર, પોતાના છદ્મસ્થકાળમાં વિચરતા હતા ત્યારે તેમને જોઈને, કામે જવા નીકળેલા લુહારને અપશુકનની બુદ્ધિ થઈ અને તે તેમને ઘણ મારવા દોડ્યો, એ ઘટના પણ આ બાબતનું જ સૂચન કરે છે.

મંગલ કે શુકન લોકોને એટલા માટે જોઈએ છે કે એ થવાથી પોતાનું ધાર્યું કામ વિનાવિઘ્ને સફળ બને, ને સફળ બને તો જ પોતાનું ભલું થાય. સૌને પોતાનું ભલું ગમે છે. ભલું થાય એ માટે પોતાનું ધાર્યું કામ સફળ થવાની સૌને કાંક્ષા હોય છે અને એ કાંક્ષા પૂરી કરવા માટે જ, પોતાની પ્રત્યેક પ્રવૃત્તિને પ્રારંભે લોકો, મંગલ કે શુકનની અપેક્ષા રાખે છે.

આ આખી યે વાત જનસાધારણની માગ યા અપેક્ષાને લક્ષ્યમાં રાખીને જ ભગવાન મહાવીરે કહ્યું કે "धम्मो मंगल मुक्किट्ठं"– ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે.

ધર્મ એ સ્વાધીન મંગલ છે. ધર્મનું પોતે સ્મરણ કર્યું કે મંગલ થયું. ધર્મનું આચરણ કર્યું કે મંગલ-શુકન થઈ જ ગયું. વળી, એ શુકન પ્રાપ્ત કરવામાં માણસને બીજી કોઈ વસ્તુની અપેક્ષારૂપ પરાધીનતા નથી સહેવી પડતી; જ્યારે બીજાં શુકનમાં તો શુકનરૂપ મનાતી જે તે વ્યકિત અને વસ્તુઓની અધીનતા વેઠવી પડે છે. વળી, એક જ વસ્તુ, અમુક પરિસ્થિતિમાં, એકને માટે શુકન હોય છે તો બીજા માટે કે બીજી પરિસ્થિતિમાં, એ જ અપશુકન બની શકે છે. ધર્મ-મંગલનું આવું નથી. પેલાં દુન્યવી શુકનો કાયમ થાય જ, એવો નિયમ નથી. ઘણી વખત ન પણ થાય યા અપશુકન પણ થાય. જ્યારે ધર્મ તો સદા પાસે જ વસતો હોઈ, હાથવગો હોઈ, પળે પળે એનાં શુકન-મંગલ થતાં જ રહેવાનાં.

અને ધર્મ પણ કેવો? મંદિર – ઉપાશ્રયમાં જાય એને જ ધર્મ નથી કહ્યો. ત્યાં તો કહ્યું કે "अहिंसा संजमो तवो."

હિંસાથી તમે જેટલે અંશે ને ઉપાયે બચો, જેટલો વધુ પરમાર્થ કરો, વધુ જીવદયા આચરો, તે અંશે ધર્મ. જો તમે તમારી ઈન્દ્રિયોને, તમારી જાતને સંયમિત કરી શકો, તો તે અંશે તમે ધર્મ કર્યો છે અને તમે તમારા રાગ-દ્વેષ વગેરે કષાય-દોષોને જેટલા વધુ તપાવશો ને બાળશો તેટલા તમે વધુ તપસ્વી-ધર્મી ગણાશો.

આવા ધર્મને જ મંગલ કહ્યો છે અને આવો મંગલ ધર્મ જેને હંમેશાં પ્રાપ્ત થાય છે, તેને તો દેવો પણ નમસ્કાર કરે છે!

જીવન એક અમૂલ્ય અવસર

[] નીરુબેન શાહ

જીવન એ પ્રત્યેક માનવીને બક્ષેલી અમૂલ્ય ભેટ – અમૂલ્ય અવસર છે. સૃષ્ટિના પ્રત્યેક સર્જનમાં આનંદની વૃષ્ટિ છે. પક્ષીઓના ગીત, ફૂલોનું ખીલવું, ઝરણાંનો કલકલતો અવાજ, સાગરના મોજાંઓ, પોતાને મળેલો અવસર ચૂકતાં નથી. આનંદને બહાર ફેંકે છે. ઝાડને, પક્ષીને, ફૂલોને, ઝરણાંને આપણે કયારેય દુ:ખી થતાં જોયાં છે!

કુદરતમાં જીવન છલકાતું જોવા મળે છે. માનવીને જીવનમાં છલકાવવાનો જે અવસર મળ્યો છે તેમાં ચુકતો જાય છે. જન્મથી તે મૃત્યુ સુધીનો સમય તે જીવનની જોડ છે. એ જોડને દુ:ખથી, ક્રોધથી લોભ, મોહ, ભયથી મજબૂત કરે છે. પોતાનામાં રહેલી વૃત્તિઓને સમયના બંધનમાં બાંધીને પોતે જ એ વૃત્તિ બની જાય છે. જીવનમાં વૃત્તિઓ આવે છે, પણ વૃત્તિઓ એ જીવન નથી. વૃત્તિઓ અને ઈચ્છાઓ એ માનવીના બંધનો છે. આ બંધનોમાં બંધાયેલો માનવી દુ:ખ અનુભવે છે. જીવનને દુ:ખ માને છે. પોતામાં રહેલી અનેક વૃત્તિઓ બહાર ફેંકતો રહે છે. દુ:ખ દુ:ખી વહાવે છે. લોભી લોભ કરે છે, ક્રોધી ક્રોધ કરે છે, મોહિત આદમી મોહને વશ થઈને પોતાના બંધનમાં વસ્તુઓને જકડી રાખવા પ્રયત્ન કરે છે. સરવાળે એક અમૂલ્ય અવસર દુ:ખમાં – અભાવમાં પરિણમે છે. જીવનનો અમૂલ્ય અવસર ગુમાવે છે. અમૂલ્ય અવસર અંતમાં મૃત્યુના મહોત્સવમાં પલટાવો જોઈએ અને તેને બદલે મૃત્યુના કારાગૃહમાં પોતાને જુએ છે. ચુકેલા અવસરનું આ પરિણામ છે.

આ જ જીવનનો ધર્મ છે, જીવનનો મર્મ છે. ધર્મ એટલે જીવન. જીવનથી પર કોઈ ધર્મ નથી. જીવનના બન્ને કિનારાઓને (જન્મ અને મૃત્યુને) આનંદથી જોડે, સુઅવસરમાં પલટાવે છે તે જ ધર્મ.

પસંદ કરવા જેવી ચીજો: પીડા અને પ્રેમ

[] કાન્તિ ભટ્ટ

પીડાને જ પરમેશ્વર માનીને પોતાના સર્જન કાર્યમાં આગળ વધ્યા હોય તેવા બે મહાન લેખકોને આજે યાદ કરવા જોઈએ. રશિયન નવલકથાકાર દોસ્તોવસ્કીની જન્મશતાબ્દી હજી હમણાં જ ઉજવાઈ અને ફ્રેન્ચ લેખક એન્દ્રે જીદે જે કહેતા કે 'પીડા એ પસંદ કરવા જેવી ચીજ છે, તેને તો દુઃખને જ સુખ માનનારા માણસો હંમેશાં યાદ કરે છે.

એન્દ્રે જીદે હંમેશાં સંઘર્ષમય જીવન વિતાવ્યું હતું અને એ સંઘર્ષમાંથી જ તેઓ સંતોષ મેળવતા હતા. આપણે સંઘર્ષને ટાળીને દુઃખથી ભાગીએ છીએ ત્યારે એન્દ્રે જીદે સંઘર્ષને ઘણી વખત નોતરતા. એન્દ્રે જીદે કહેતા કે નૈતિકતા કેળવીને નૈતિકતાનો ફાંકો રાખવો હોય તો પીડા ભોગવવી, પણ પછી જ્યારે નૈતિક આચરણ એક ટેવ બની જાય છે ત્યારે તેનો બદલો મળે જ છે. તેમણે પોતાના શુદ્ધ આચરણમાંથી મળતી પીડાને "મોરલ પેઈન" એવું નામ આપેલું. એક પુસ્તક લખ્યા પછી પ્રસ્તાવનામાં એન્દ્રે જીદેએ કહેલું :

"જે લોકો માત્ર સુખ જ શોધતા હોય તેઓ મારા પુસ્તકને સમજી શકશે નહિ કારણ કે આત્મા સુખથી જ સંતોષાતો નથી. સગવડતાઓ અને સુખના ફુવારાઓ માનવીના આત્માને પોઢાડી દે છે. સુખથી માણસ સ્થગીત થઈ જાય છે. જાગરૂકતા રહેતી નથી અને આત્માને સરાણે ચઢાવવો જ જોઈએ. માનવીઓ હંમેશાં જાગરૂક રહેવું જોઈએ. એ રીતે સુખ કરતાં પીડાને હું વધુ પસંદ કરું છું કારણ કે તે મારા આત્માને જીવંત રાખે છે. જીવનને ઉત્કટતાથી જીવાય એ જ મોટી વાત છે. હું મારા સંઘર્ષમય જીવનનો સોદો કોઈ સુખમય જીવન સાથે નહિ કરું."

કવિ બાયરન અને એન્દ્રે જીદેનું જીવન એક રીતે સમાન હતું. એ બન્ને કહેતા કે જીવનમાં આપણને એક બાજુ દૈવી બળો ખેંચે છે અને બીજી બાજુ શેતાનનું બળ ખેંચે છે, પરંતુ આખરે દૈવી બળને જીતાડવું જ રહ્યું. આધુનિક જમાનામાં સેકસોલોજિસ્ટો, માનસશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ પણ વ્યવહાર સલાહ આપે છે કે શરીર જે માગે તે આપવું જોઈએ. મનને બહુ દાબવું ન જોઈએ. વાસના થાય તો સંતોષવી જોઈએ. સમાજ જે માગે તે આપવું જોઈએ. એન્દ્રે જીદે આવી સલાહને બહુ સજ્જડ જવાબ આપે છે કે શરીર એક વખત તેની જરૂરની ચીજ યેનકેન રીતે મેળવીને ભ્રષ્ટ થાય છે પછી તે આત્માને ભ્રષ્ટ કરે છે: "જગતના આ તખ્તા ઉપર બે મોટા નાટકના ખેલાડીઓ છે: એક છે શેતાન અને બીજો છે દેવ. એક છે શરીર અને બીજો છે આત્મા... પરંતુ લાગે છે ભૌતિકવાદ કે આદર્શવાદનું કોઈ અસ્તિત્વ નથી. જો કોઈ અસ્તિત્વ હોય તો તે આ બે બળો વચ્ચે સતત સંઘર્ષ હોય છે.

રૂસો, સ્ટેન્ડાલ અને એન્દ્રે જીદે સહિત ઘણાં પશ્ચિમના લેખકોને સ્ત્રીમિત્રો હતી; પરંતુ આ બધા સાહિત્યકારો અંદરખાનેથી સંયમી હતા. એન્દ્રે જીદે જે સ્ત્રીને ચાહતા તેની સાથે ભાગ્યે જ તેણે વાસનાને સંતોષી હતી. તેઓ કહેતા કે વધુ પડતો મોહ અને વાસના આત્માને ક્ષીણ કરે છે. એન્દ્રે જીદે પ્રેમને જ મહત્ત્વ આપતા હતા.

"પ્રેમ જોખમી ચીજ છે પણ એ કારણસર જ હું પ્રેમને સ્વીકારું છું. જો પ્રેમ માટે મારે સુખનો ભોગ આપવો પડે તો પણ હું પ્રેમને જ પસંદ કરીશ કારણ કે સુખ માણસને ઓછો રાખે છે, તે ઊણો રહે છે. તમારે જો આકાશના તારલાઓની ભવ્યતા જોવી હોય તો ખૂબ ઊંડા ખાડામાં ઊતરી જાઓ. સુખ અને સંતોષમાં રચ્યાપચ્યા રહેવાથી મોક્ષ મળતો નથી. સુખ અને સંતોષ બાંધે છે. પ્રેમ મુકત રાખે છે." જોન બ્લેઈક પણ આવા વિચારના જ હતા. જાણીતા અમેરિકન સાહિત્યકાર અને ઈતિહાસકાર વીલ ડુરોં એક કૉલેજમાં પ્રોફેસર હતા. તેની એક વિદ્યાર્થિની સાથે તેમને પ્રેમ થયો. તેમણે જોઈ લીધું કે આ માત્ર શારીરિક આકર્ષણ નથી. વીલ ડુરોંએ તેમની પ્રતિષ્ઠા, નોકરી અને સલામતીને જતી કરીને પ્રેમ સ્વીકાર્યો અને પછી એરિયલ સાથે લગ્ન કરી લીધાં. એરિયલે પછી તેને પુસ્તક લખવામાં ઘણી મદદ કરી હતી.

એન્દ્રે જીદે કહે છે કે દુઃખ માણસને ઊંચે ચઢાવે છે, પણ સુખ માનવીને શિથિલ અને આળસુ બનાવે છે. દુઃખના ગુણગાન ગાવાનું મને ગમે છે કારણ કે સુખનું શાસ્ત્ર મારે માટે નકામું છે. સુખ માણસને છાકટો બનાવે છે અગર નપુંસક કરી દે છે. જીદેએ તેની પ્રેયસીને એક પત્ર લખેલો તેને જીદેએ જણાવેલું :–

"મારી વહાલી એદો, મારી પ્રિય મિત્ર, હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તારા સુખમાં થોડું રેશનિંગ લાગુ કરે."

સુખથી માણસ છકી જાય છે એટલે આપણે કોઈને માટે પ્રાર્થના કરીએ તો પણ ભગવાન સુખનું રેશનિંગ કરી જ નાખતો હોય છે. ભગવાનને સુખનો કટોરો છલકવા ન દેવાનું કહેવું પડતું નથી. વળી કાળાબજારમાં સુખ મળતું નથી. ખુલ્લી બજારમાં જઈને દુઃખને ખરીદી લઈએ અને તે દુઃખ રેશન કાર્ડ વગર જોઈએ તેટલું મળે છે અને એ અઢળક દુઃખમાંથી જ સુખ લાગે છે.

દોસ્તોવસ્કી પણ દુઃખમાં ચલીત થતા નહીં. માણસ બાહ્ય સંયોગો થકી ગમે તેટલો હારે કે થાકે છતાં માનવીની અંદર એવી આંતરિક તાકાત છે કે તે સ્વમાન સહિત ઊભો રહી શકે. સફળતા અને નિષ્ફળતાને સરખી રીતે સ્વીકારવાનું દોસ્તોવસ્કી કહેતા. કોઈ પણ જીત કાયમ માટેની જીત નથી અને તે રીતે કોઈ ચીજનો ડર રાખવાની જરૂર નથી, કારણ કે ડરામણી વસ્તુ પણ શાશ્વત નથી. દોસ્તોવસ્કી કહેતા કે "ગરીબી, માંદગી કે પ્રતિકૂળ સંયોગોને પૂર્ણપણે જીતી શકાય નહિ, પરંતુ કોઈ પણ સંયોગની સામે મુકાબલો કરવાનો જુસ્સો ટકી રહેવો જોઈએ."

ટોલ્સ્ટોય કહેતા કે "વિદ્વાન માનવીઓ કહે છે કે માણસની ઈચ્છાઓને કારણે દુઃખ પેદા થાય છે; પરંતુ હું કહું છું કે ચીજ-વસ્તુઓની ઈચ્છા કરવાથી દુઃખ પેદા થતું નથી, પણ જ્યારે આ બધું વિપુલ પ્રમાણમાં મળે છે અને સમૃદ્ધિ આવે છે ત્યારે દુઃખ આવી પડે છે." ટોલ્સ્ટોય પોતે દોસ્તોવસ્કીની સરખામણીમાં ઘણા સમૃદ્ધ અને સાધનસંપન્ન હતા. દોસ્તોવસ્કી ગરીબીમાં રહેતા હતા. ટોલ્સ્ટોય કહેતા કે દોસ્તોવસ્કી ચોટદાર લખી શકે છે કારણ કે તેને સમૃદ્ધિનો સાપ ડસ્યો નથી. દોસ્તોવસ્કીએ હાલના રાજકીય વાતાવરણને જોઈને કહ્યું હોત કે જીવનમાં દુઃખ એ જ વાતનું હોવું જોઈએ કે પૂર્ણતા માટેની માનવીની પોતાની શોધ આડે વિવિધ ગુરુઓ, મહર્ષિઓ અને પંથના વડાઓ અવરોધો નાખે છે. પોતાની પૂર્ણતાની શોધ આડે કોઈ પથ્થર મૂકી દે તેના જેવું કોઈ દુઃખ નથી. ઘણાં બૌદ્ધિકોને આવા અવરોધની ઘણી પીડા છે.

એન્દ્રે જીદેને આવા અવરોધો તોડવામાં મઝા પડતી તે કહેતા કે "હું તો ઈશ્વરને બધી જગ્યાએ શોધું છું નર્કમાં પણ..."

તેઓ કહેતા કે તમે મારે માટે તૈયાર સુખનું પોટલું લાવી દેશો તે સુખ મને પચશે નહિ. મને કોઈ તૈયાર ભોજન આપે છે તે પચતું નથી અને કોઈએ કરેલી તૈયાર પથારીમાં પણ મને ઊંઘ આવતી નથી. મહેનત થકી ભોજન મળે અને પરસેવો પાડ્યા પછીની ઊંઘ મળે તે દૈવી હોય છે. હું જો ભગવાન પાસે પ્રાર્થના કરું કે કોઈની પાસે માગણી કરું તો બસ એટલું જ કે

"Teach me to defer
Teach me to put off my
happiness."

અર્થાત "હે ઈશ્વર મને, કોઈના મતને સ્વીકારી લેવાની નબળાઈ નહીં, પણ મારો સ્વતંત્ર મત વ્યકત કરીને તેની સાથે મતભેદ વ્યકત કરતાં શીખવ અને હું મારા સુખની છાબડીને અભરાઈએ ચઢાવી દઉં તેવી શકિત આપ."

સહેજ જેટલો લાભ મળે ત્યાં કોઈના ગમે તેવા મતને સ્વીકારી લેનારા અત્યારના ચહેરા વગરના માનવીઓ માટે એન્દ્રે જીદેએ કેવો મૂલ્યવાન સંદેશ મૂકયો છે!

ચિત્તશાંતિ કયાં ?

– હરજીવન થાનકી

આમારા ગુરુકુલના ભૂતપૂર્વ આચાર્ય શ્રી શાંતિભાઈ જોષીએ નિવૃત્તાવસ્થામાં અન્નપૂર્ણા ઉપનિષદ્નો તરજુમો કરીને તેની એક નકલ મને ભેટ આપી છે. તેમાં લગભગ ૧૨૦ શ્લોકોમાં મોટા-ભાગનાએ ચિત્તશાંતિ ઉપર પ્રકાશ પાથર્યો છે. આમ તો, આખું ઉપનિષદ્ મનન કરવા યોગ્ય છે; પરંતુ, જ્યાં સુધી આમજનતામાં 'ચિત્તશાંતિ' ન હોય ત્યાં સુધી શું થાય? આજે આમજનતાને જ્યારે કલાકો સુધી એક યા બીજા પ્રકારની 'લાઈન'માં જીવન જરૂરિયાતની ચીજો મેળવવા માટે ઊભું રહેવું પડતું હોય ત્યારે તેની સમક્ષ વેદોપનિષદ્ની વાતો કરવી એ પણ 'વેદિયા'માં પોતાની જાતને ખપાવવા જેવી છે. તેને વિષે સભાન રહ્યા પછી પણ વર્તમાન મુશ્કેલીનો ઉકેલ પણ વેદમાં જ હોઈ આ પડેમો શ્લોક તપાસીએ:

सत्त्वरूपपरिप्राप्तचितास्ते ज्ञानपारगा : ।
अचिता इति कथ्यन्ते देहान्ते त्योमरुषिणः ।।

જેઓનાં ચિત્ત સત્ત્વ સ્વરૂપને પામ્યાં છે અને જેઓ જ્ઞાનમાં પારંગત થયેલા છે તેવા પુરુષોને 'અચિત્ત' (એટલે કે ચિત્ત વગરના) કહેવામાં આવે છે અને તેઓ શરીર છોડ્યા પછી આકાશના જેવા રૂપવાળા થાય છે.

સૌથી પહેલાં તો આપણે ચિત્તને ઓળખતાં શીખવું પડશે. ચિત્ત એટલે શું? ધ્યાન? શેમાં? સંપત્તિમાં? જો ચિત્તનું ધ્યાન સંપત્તિમાં પરોવાશે તો શાંતિ નહીં મળે. કેમ? તો કે લક્ષ્મી પોતે ચંચળ છે. અશાંત છે. ચિત્તને ઓળખવા માટે તેની આગળ–પાછળની પરિસ્થિતિને ઓળખવી પડશે. ચિત્ત પહેલાં, ભૂતકાળમાં સત્ છે. પછી ભવિષ્યમાં આનંદ છે. આમ સત્, ચિત્ત અને આનંદનો ત્રિવેણી સંગમ જીવનમાં રચાવો જોઈએ, તો જ શાંતિ મળે. હવે ચિત્તને ઓળખીને – પારખીને તેને 'સત્ત્વ સ્વરૂપ'માં જોડવાનું છે. એનો અર્થ એ થયો કે જ્યાં સુધી આપણે સાત્ત્વિક બનીને પોતાના સ્વરૂપને નહીં જાણીએ ત્યાં સુધી અન્યના સ્વરૂપને જાણી શકીશું નહીં.

માણસ માત્ર કે જે સત્ત્વ, રજ્ અને તમ્ જેવા ત્રિગુણને આધીન છે તેણે દિવસે દિવસે ક્રમશ: તમ્ અને રજને જીતી, તેના ઉપર અંકુશ મેળવી, સત્ય તરફ ગતિશીલ થવાનું છે. સત્ત્વ-સાત્ત્વિકતા એ ચિત્તશાંતિનું પાયાનું લક્ષણ છે. તમારી પાસે ભલે ગમે તેટલું ધન હશે; પરંતુ જ્યાં સુધી સાત્ત્વિકતા નહીં હોય ત્યાં સુધી તમારી પાસે ચિત્તશાંતિ ફરકશે નહિ. બીજું, સ્વસ્વરૂપ ઓળ-ખવા માટે આત્મવિષયક જ્ઞાનમાં પારંગત થવું પડશે. આત્મવિષયક જ્ઞાન એટલે શું? હું કોણ? તો કે ચૈતન્યનો એક અંશ - સૂર્યનું એક કિરણ. વિશ્વચેતનાની સમગ્ર સાંકળની એક કડી. આ અર્થમાં આપણું ચિત્ત એ સમગ્ર વિશ્વચૈતન્યનો જ એક અંશ - વંશ છે. જે દેહ આપણે જન્મ સમયે ધારણ કર્યો તે પહેલાં પણ આપણે હતા. મૃત્યુ સમયે તેનો ત્યાગ કર્યા પછી પણ આપણે રહીશું. શી રીતે. તો કે त्योमरुषिणः આકાશમાં, સૃષ્ટિમાં જે કંઈ ચિત્ત ચૈતન્ય છે, તેમાં આપણે છીએ. આપણો હિસ્સો છે. આ અર્થમાં, આકાશ, અવકાશ એટલે કે ખાલી જગ્યા પણ ખાલી નથી. તેમાં ચિત્તો, ચૈતન્યો ભરેલાં છે.. તેના અંશો કીડીમાંથી કુંજર સુધીમાં પુષ્પપરાગથી માંડી ફળફળાદિમાં અવતરણ પામતાં રહે છે. ખાલી જગ્યામાં પણ જીવન છે - સૂક્ષ્મરૂપે, વડના ટેટામાં અસંખ્ય વટવૃક્ષો છુપાયેલાં છે. સ્થળ કાળના અવરોધને કારણે આપણે જોઈ શકતાં નથી એટલું જ. બાકી, જે છે તે છે. સ્ત્રી-પુરુષના રજવીર્યના બિંદુમાં જેમાં લાખો કરોડો મનુષ્યો ઉત્પન્ન કરવાની શકિત રહેલી છે કેમ કે તેમાં ચિત્ત છે, ચૈતન્ય છે, શકિત છે.

કોઈ મને પૂછે કે તમે કોને વધુ શકિતશાળી કહો? કીડી-મંકોડીને કે રેલવે એન્જિનને? અલબત્ત, રેલવે એન્જિનમાં સ્થૂળશકિત છે. પહેલવાન ગામા કે કિંગકોંગ - દારાસિંગ જેવી. જ્યારે કીડી-મંકોડીમાં સૂક્ષ્મ શકિત છે: ગાંધી - વિનોબા જેવી. વિચાર-ચૈતન્ય શકિત.

આપણે સૌ સ્થૂળશકિતમાં એવાં તો અટવાઈ ગયાં છીએ, ગૂંચવાઈ ગયાં છીએ કે સૂક્ષ્મ શકિત વિષે વિચારવાનો સમય જ મેળવી શકતાં નથી. ભૌતિક અને સ્થૂળ પદાર્થના આકર્ષણમાં, દિવસે દિવસે આપણે, આપણી અમૂલ્ય વારસાગત ચિત્તશકિત અને ચિત્ત શાંતિ ગુમાવી રહ્યાં હોઈએ, એમ નથી લાગતું? વસ્તુઓ, સાધન મટીને સાધ્ય બનીને આપણી ઉપર ચડી બેસવાની કોશિશ કરી રહી છે ત્યારે આપણે ચેતીએ, જાગીએ. નહીં તો પછી આ શકિતનો ઘોડો માણસ ઉપર સવાર થઈ જશે. આજે સર્વત્ર ઘોડા ઉપર માણસ નહીં, પણ માણસ ઉપર ઘોડો બેઠેલો જોવામાં આવે છે ત્યારે આપણા પ્રાચીન ઋષિમુનિઓએ પ્રબોધેલા સિદ્ધાંતો તરફ આપણે પાછા વળીએ, વિચારીએ. ખોવાઈ રહેલી, આપણી ચિત્તશાંતિને પાછી મેળવીએ.

સાભાર સ્વીકાર

૧. શ્રી ભદ્રેશ્વર–વસઈ મહાતીર્થ
લેખક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
અમદાવાદ–૧.
કિંમત : રૂપિયા ત્રીસ

૨. મારું જીવનવૃત્ત
લેખક : સ્વ. પંડિત સુખલાલજી
સંપાદક : શ્રી દલસુખભાઈ માલવણિયા
પ્રકાશક : પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ,
મુંબઈ–૨.
કિંમત : રૂપિયા પચીસ

૩. ...તો બ્રહ્મચર્ય સરળ છે.
લેખક : શ્રી મલૂકચંદ ર. શાહ
પ્રકાશક : રસિલા મલૂકચંદ શાહ
૧૫, સિદ્ધાર્થ એપાર્ટમેન્ટ, નારણપુરા,
અમદાવાદ–૧૩.
કિંમત : રૂપિયા નવ.

પ્રાપ્તિસ્થાન : રસિક એન. દોશી
૨૩, લીલા નિવાસ,
લખમશી નપ્પુ રોડ, માટુંગા,
મુંબઈ–૧૯.

વસન્ત વ્યાખ્યાનમાળા

[દર વર્ષની જેમ આ વર્ષે પણ મુંબઈ જૈન યુવક સંઘે વસન્ત વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું હતું. વ્યાખ્યાન માળામાં આ વખતે બે વ્યાખ્યાનો સંસદીય પદ્ધતિ કે પ્રમુખ પદ્ધતિ વિશે રાખવામાં આવ્યાં હતાં. આ બે વ્યાખ્યાનો શ્રી નાની પાલખીવાલા અને જસ્ટિસ જે. સી. શાહે આપ્યાં હતાં. બીજાં બે વ્યાખ્યાનો અનામત બેઠકો વિશે હતાં. આ વ્યાખ્યાનો ડો. આલુબેન દસ્તુર અને શ્રી. એચ. એમ. સિરવાઇએ આપ્યાં હતાં. આ ચારે વ્યાખ્યાનોનો સાર અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.]

[] સંકલન : કાન્તિ ઝુલ્લા

સંસદીય પદ્ધતિ કે પ્રમુખ પદ્ધતિ

[] નાની પાલખીવાલા

ભારતમાં કયા પ્રકારની શાસન પદ્ધતિ હોવી જોઈએ? સંસદીય કે પ્રમુખશાહી? આ વિષય અત્યારે ભારે વેગથી ચર્ચાઈ રહ્યો છે. આ વિષય ભારે મહત્ત્વનો છે કારણ કે તે બધાને જ અને કદાચ આવતી પેઢીને પણ સ્પર્શ કરે છે. આ ચર્ચા સાથે ત્રણ મહત્ત્વના પ્રશ્નો સંકળાયેલા છે.

પ્રથમ, પ્રમુખશાહી પદ્ધતિમાં એવા કોઈ લાભો છે જે સંસદીય પદ્ધતિમાં ન હોય? મારો જવાબ છે હા. બીજું, ભારતમાં અત્યારે જે ખાસ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે એ સંજોગોમાં સંસદીય પદ્ધતિ કરતાં પ્રમુખશાહી પદ્ધતિ વધુ માફક આવે એમ છે કે નહીં? આ પ્રશ્નના સંબંધમાં મારે એટલું જ કહેવાનું કે આ બાબતના દરેક પાસાંનો કોઈ ઊંડાણથી અભ્યાસ કરે અથવા તેની વિગતવાર તપાસ કરે ત્યાં સુધી કોઈ નિર્ણાયક મત વ્યકત કરી શકાય નહીં અને મેં કોઈ એવો મત વ્યકત કર્યો નથી. ત્રીજો અને મહત્ત્વનો પ્રશ્ન એ છે કે પ્રમુખશાહી પદ્ધતિની બાબત ઊભી કરવા માટે આ સમય યોગ્ય છે કે નહીં? અને મારો જવાબ છે–ના.

સંસદીય પદ્ધતિમાં ન હોય એવા કયા લાભો પ્રમુખશાહી પદ્ધતિમાં છે એ પ્રશ્ન અંગે ચર્ચા કરતી વખતે એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે તમે કયા પ્રકારની પ્રમુખશાહી પદ્ધતિ પસંદ કરો છો? વિશ્વમાં ડઝનેક પ્રકારની પ્રમુખશાહી પદ્ધતિ છે. અમેરિકાની પ્રમુખશાહી પદ્ધતિ ફ્રાંસ કરતાં જુદી છે અને ફ્રાંસની સ્વિટ્ઝરલેન્ડ કરતાં જુદી છે. કેટલીક પ્રમુખશાહી અતિ આપખુદ અને સરમુખત્યારશાહી છે તો બીજી બાજુ કેટલાક દેશોમાં પ્રમુખશાહી પદ્ધતિ સંસદીય લોકશાહી કરતાં પણ વધુ ઉદાર હોય એવા દાખલા છે. અમેરિકાની પ્રમુખશાહી પદ્ધતિ બ્રિટનની સંસદીય લોકશાહી પદ્ધતિ કરતાં ઘણી વધુ સ્વતંત્રતા ભોગવે છે.

હું માનવ અધિકારો, નાગરિક સ્વાતંત્ર્યો અને મૂળભૂત અધિકારોના સિદ્ધાંતોને આધારિત ઉદારમતવાદી અને લોકશાહીના ઢાંચા પર રચાયેલી પ્રમુખશાહી પદ્ધતિની વાત કરવા માગું છું અને આ પ્રકારની પ્રમુખશાહીની પદ્ધતિ હેઠળ ચાર એવા લાભો છે કે જે સંસદીય પદ્ધતિમાં નથી.

સૌ પ્રથમ, આ પ્રકારની પદ્ધતિમાં ગૃહના સભ્ય ન હોય એવા લાયકાત અને શકિત ધરાવતા સભ્યનો તેના પ્રધાનમંડળમાં સમાવેશ કરવાની પ્રમુખને તક મળે છે. અત્યારે ગુંજશ ધરાવતી વ્યકિત માટે ચૂંટણીમાં જીતવાનું મુશ્કેલ છે અને તેઓ રાજકારણમાં આવવાનું પસંદ પણ નથી કરતા. આ સાથે મૂર્ખ પ્રમુખ પ્રથમ કક્ષાની વ્યકિતને બદલે ત્રીજી કક્ષાની વ્યકિતઓનો તેના પ્રધાનમંડળમાં સમાવેશ કરે, એ સંભવિત છે અને એવા દાખલા પણ છે. ખરેખર તો વ્યકિતમાં રહેલી "ટેલન્ટ" પારખવા માટે પણ "ટેલન્ટ"ની જરૂર હોય છે.

આપણા બંધારણમાં અત્યારે એવી જોગવાઈ છે કે જેથી ક્ષમતાધારી અને ગુંજાશવાળી વ્યકિત ગૃહનો સભ્ય ન હોવા છતાં તેનો પ્રધાનમંડળમાં સમાવેશ કરી શકાય છે. એવી વ્યકિતનો પ્રધાનમંડળમાં સમાવેશ કરવામાં આવ્યા પછી છ મહિનામાં તેને ગૃહમાં ચૂંટાઈ આવવાનું હોય છે. આ જોગવાઈ છતાં, આપણા દેશમાં; કેન્દ્રમાં કે રાજ્યમાં આ જોગવાઈનો ઉપયોગ કોઈ ક્ષમતા, ડહાપણ કે ગુંજશ ધરાવતી વ્યકિતના સમાવેશ માટે કરવામાં આવ્યો હોય એવો એક પણ દાખલો જડતો નથી. પંડિત નહેરુએ શ્રી જહોન મથાઈ અને શ્રી સી. ડી. દેશમુખને તક આપી હતી; પરંતુ એ સાથે પંડિત નહેરુમાં 'ટેલન્ટ' પારખવાની શકિત હતી એ પણ હકીકત છે. પ્રથમ કક્ષાની વ્યકિતની પસંદગી પ્રથમ કક્ષાની વ્યકિત જ કરી શકે.

બીજો લાભ એ છે કે ભારતમાં ગરીબી કાયમ કરવામાં મદદ કરે એવાં પ્રકારનાં સસ્તી લોકપ્રિયતા મેળવવા માટેનાં પગલાં લેવાની પ્રધાનમંડળના સભ્યોને કોઈ લાલચ નહીં રહે કારણ કે તેઓ લોકપ્રતિનિધિ નહીં હોય. આ પ્રકારના પગલાંથી ભારતીય અર્થતંત્રને અત્યાર સુધીમાં કેટલું નુકસાન કરવામાં આવ્યું છે તેનો કોઈ અંદાજ નથી. ત્રીજો લાભ એ છે કે પ્રધાનોને મતવિસ્તારોનું ધ્યાન રાખવા માટે કોઈ સમય આપવો પડતો નથી હોતો કારણ કે તેઓ લોકપ્રતિનિધિ નથી હોતા. અત્યારના અમર્યાદિત રાજકીય પ્રચારમાં સમય અને શકિત વેડફવાને બદલે તેઓ દેશનું શાસન કરવાના કાર્યમાં સંપૂર્ણપણે ધ્યાન પરોવી શકે. ચોથો લાભ એ છે કે પ્રમુખની મુદત ચાર, પાંચ કે છ વર્ષ માટે નિશ્ચિત હોવાથી અને અવિશ્વાસની દરખાસ્ત જેવા માધ્યમો દ્વારા તેમને હોદ્દા પરથી હઠાવવાનું શકય નહોવાથી સત્તાની તરસ અને હોદ્દાની ભૂખને કારણે પક્ષાપલટા જેવી ભ્રષ્ટાચારી બાબતોમાં ધારાસભ્યો સંડોવાતા નથી હોતા. બેલ્જિયમમાં સંસદીય પદ્ધતિ છે અને ત્યાં ગયા વર્ષે નવ મહિનામાં ત્રણ સરકાર બદલાઈ હતી, એવી અસ્થિરતા પ્રમુખશાહી પદ્ધતિમાં હોતી નથી.

આ ચાર લાભોની ચર્ચા કર્યા પછી મુખ્ય સવાલ એ છે કે પ્રમુખશાહી પદ્ધતિની બાબત ઊભી કરવાનો આ યોગ્ય સમય છે? આ સમય યોગ્ય નથી, એવા મત પર હું ગયા મે મહિનાથી ત્રણ પ્રબળ કારણોસર આવ્યો છું.

પ્રથમ, દેશભરમાં સમજી શકાય એવી વ્યાપક માન્યતા છે કે વર્તમાન શાસક પક્ષ પ્રમુખશાહી પદ્ધતિ દાખલ કરવા બંધારણમાં ફેરફાર કરશે તો એ પદ્ધતિ કદાચ આપખુદશાહી પ્રકારની હશે. લોકોના આ ભયને સાવ નકારી શકાય એમ પણ નથી.

હું માનું છું કે અમેરિકા, ફ્રાંસ, સ્વિટ્ઝરલેન્ડ અને શ્રીલંકામાં છે એવી ખરા અર્થમાં લોકશાહી પ્રકારની પ્રમુખશાહી પદ્ધતિ આપણે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કર્યા વગર આર્ટિકલ ૩૬૮ હેઠળ બંધારણમાં સંસદીય સુધારાઓ કરીને દાખલ કરી શકીએ છીએ. તેમ છતાં, બંધારણમાં સુધારો કરવાની સંસદની મર્યાદિત સત્તાને ધ્યાનમાં લેતાં આપખુદશાહી પદ્ધતિની પ્રમુખશાહી પદ્ધતિ બંધારણમાં ફેરફાર કરીને દાખલ કરી શકાય એમ નથી કારણ કે એમ કરવા જતાં તેના મૂળભૂત માળખામાં ભાંગફોડ કરવી પડે. (ક્રમશ:)

જોગ, જ્યાં પ્રમુખશાહી પદ્ધતિ છે એવા દર દસ દેશમાંથી નવ દેશમાં બિનલોકશાહી અને આપખુદશાહી પ્રમુખશાહી છે).

૧૯૮૦ના મે મહિનામાં સુપ્રીમ કોર્ટે મિનરવા મિલ્સના કેસમાં ફરીથી એવો મત વ્યકત કર્યો હતો કે બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા મર્યાદિત છે અને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવાની હદ સુધીની સત્તા સંસદ ધરાવતી નથી. એ કેસમાં કોર્ટે કાયદા સમક્ષ દરેકની સમાનતા, વિચાર અને ભાવ વ્યકત કરવાની સ્વતંત્રતા, શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના એકઠા થવાના, મંડળો અથવા યુનિયનો રચવાના, ભારતની હદમાં મુકતપણે હરવાફરવાના, ભારતના કોઈ પણ ભાગમાં રહેવાના અને સ્થિર થવાના તથા કોઈ પણ વ્યવસાય આપનાવવાના તેમ જ વ્યાપાર અને ધંધો કરવાના અધિકારો જેવા અમૂલ્ય મૂળભૂત અધિકારોને લગભગ રદ કરતાં ૪૨મો બંધારણીય સુધારા ધારો (આ ધારો ૧૯૭૬માં કટોકટી દરમિયાન મંજૂર કરવામાં આવ્યો હતો) રદબાતલ કર્યો હતો કારણ કે કોર્ટના મત મુજબ આ મુકત લોકશાહીને આપખુદ રાજ્યમાં પલટવાની સંસદને સત્તા નથી.

સત્તાના ઘમંડના આઘાતજનક પ્રદર્શનરૂપે સરકારે તુરત જ જાહેરાત કરી હતી કે તે આ ચુકાદો સ્વીકારવા તૈયાર નથી અને મિનરવા મિલ્સ કેસમાં ચુકાદાની પુનઃ સમીક્ષા કરવાનું જણાવતી અરજી કોર્ટ સમક્ષ કરી. (આ અપીલ હજી પણ કોર્ટ સમક્ષ છે).

આ બાબત એવી જોરદાર શંકા વ્યકત કરે છે કે પ્રમુખશાહી પદ્ધતિના હિમાયતીઓ સુપ્રીમ કોર્ટ તેના અગાઉના ચુકાદામાં ફેરફાર કરીને બંધારણમાં સુધારો કરવાની સંસદને અમર્યાદિત સત્તા છે એવું જણાવે એમ પસંદ કરે છે કે જેથી કરીને તેઓ પછી બંધારણીય સુધારા દ્વારા આપખુદશાહી પ્રકારની પ્રમુખશાહી પદ્ધતિ દાખલ કરી શકે. આખરે, ખરેખરી લોકશાહી પ્રકારની પદ્ધતિ આ રાજકારણીઓ દાખલ કરવા માગતા હોય તો બંધારણના સુધારા દ્વારા મૂળભૂત અધિકારો રદ કરી શકાય નહીં, એવા સુપ્રીમ કોર્ટના ચુકાદાની પુનઃ સમીક્ષા કરવાની માગણી કરવાની તેમના માટે કોઈ જરૂર નથી.

જનતાની યાદદાસ્ત ટૂંકી હોય છે. મોટા ભાગના લોકો એ ભૂલી ગયા છે કે કટોકટી દરમિયાન ઈન્દિરા કોંગ્રેસના રાજકારણીઓએ પ્રમુખશાહી પદ્ધતિથી દાખલ કરવાનું વિચાર્યું હતું ત્યારે તેમને ભારતમાં સરમુખત્યારશાહી પ્રમુખ બેસાડવાની યોજના તૈયાર કરી હતી તથા સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજોને "ગૃહપ્રધાનની ખુરશી નીચે ચિચિયારી કરતા ઉંદરો"ની પરિસ્થિતિમાં મૂકી દેવાનું વિચાર્યું હતું એ હકીકત છે. તેમની એ વખતની યોજના હેઠળ કોઈ કાયદાને ગેરબંધારણીય જાહેર કરવાનો કોઈ જજને અધિકાર નહોતો. માત્ર પંદર-વીસ રાજકારણીઓની બનેલી સુપ્રીમ કાઉન્સિલને એવો અધિકાર આપવાનો હતો. સંસદનો ઠરાવ જેને બંધારણીય કહે એ જ બંધારણીય એવી રૂપરેખા એ યોજનામાં હતી. આજે પ્રમુખશાહી પદ્ધતિની હિમાયત કરનારાઓ આ યોજનાના ઘડવૈયા હતા અને આ બાબત મને ચિંતીત કરે છે.

હાઈકોર્ટમાં બઢા વધારાના જજો તથા હવે પછી નિમણૂક પામનારા જજોને કોઈ પણ રાજ્યની હાઈકોર્ટમાં જજ તરીકે તેમની નિમણૂક માટે સહમતી આપવાનું જણાવતો કાયદાપ્રધાનનો તાજેતરનો આદેશ આ દેશમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા વ્યવસ્થિત ધોવાણનો છેલ્લો દાખલો છે. કાયદાપ્રધાનના આ આદેશના પરિણામે ન્યાયતંત્રની સ્વાતંત્રતા જોખમાશે. કામદારોને નોકરીએ રહેતી વખતે કોઈ બાંયધરી આપવી પડે એ સાંભળ્યું છે; પરંતુ જજો માટે એવું સાંભળ્યું નથી. દેશના વડા ન્યાયમૂર્તિને આ હુકમની જાણ પણ કરવામાં આવી નહોતી. આ બધી બાબતો જનતાના ભયને વાજબી ઠરાવે છે એથી અત્યારના તબક્કે વિશાળ અને ઉદારમતવાદી દૃષ્ટિકોણ ધરાવતા તથા વ્યકિત સ્વાતંત્ર્યને ચાહતી વ્યકિતઓને આ દેશ માટે પ્રમુખશાહી પદ્ધતિ ઘડવાનું કહેવામાં આવે એવી કોઈ આશા નથી.

પ્રમુખશાહી પદ્ધતિ દાખલ કરવા માટેનો આ યોગ્ય સમય નથી એનું ત્રીજું કારણ એ છે કે આપણા રાજકીય, આર્થિક અને સામાજિક પ્રશ્નો અતિ વિશાળ અને એવા પ્રકારના છે કે માત્ર શાસન પદ્ધતિ બદલવાથી તે ઉકેલી શકાય એમ નથી. પ્રમુખશાહી પદ્ધતિ હોવા છતાં ગરીબી, અશિસ્ત અને ભારત જે બીજી આફતોથી ઘેરાયેલું છે એવી પરિસ્થિતિમાં જીવતા રાષ્ટ્રોના ડઝનબંધ દાખલા આપી શકાય એમ છે. માત્ર શાસન પદ્ધતિ બદલી નાખવાથી આ આફતો નાબૂદ થઈ જશે એમ માનવા માટે એક પણ કારણ નથી.

ત્રીજું કારણ એ છે કે દરેકે અગ્રતા જોવી જોઈએ. ભ્રષ્ટાચારને નાબૂદ કરવા, આપણા રાજકીય જીવનની વધતી જતી નામોશી માટે વળતાં પગલાં લેવાં તથા પ્રધાનમંડળમાં સૂઝ, સાહસ, બૌદ્ધિકતા અને નીતિમત્તા ધરાવતી વ્યકિતઓનો સમાવેશ કરી શકાય એ માટે આપણા બંધારણીય કાયદાઓમાં કેટલાક સુધારાઓ કરવાની તાકીદની જરૂરિયાત છે. આ પ્રમુખશાહી પદ્ધતિ કરતાં આ સુધારાઓ અંગે રાષ્ટ્રીય મતૈક્ય મેળવવાનું વધુ સહેલું હશે અને એ ઉપરાંત, આ બાબતો વધુ અગ્રતા ધરાવે છે. વધુ તાકીદના સુધારાઓ પ્રથમ સ્વીકારવામાં આવે ત્યાં સુધી પ્રમુખશાહી પદ્ધતિના લાભો અંગેની સક્રિય વિચારણા મુલતવી રહેવી જોઈએ.

આ તાકીદના સુધારાઓમાં સૌ પ્રથમ દરેક રાજકીય પક્ષે ઓડિટ કરેલા હિસાબો પ્રગટ કરવા પડે એવો કાયદો કરવો જોઈએ. અત્યારે પાનવાળા અને ખાટકીઓએ પણ હિસાબ રાખવાના હોય છે; પરંતુ રાજકીય પક્ષોએ નહીં. બીજા સુધારામાં પ્રમાણસર પ્રતિનિધિત્વના સિદ્ધાંતના આધારે ધારાગૃહોની આડધી બેઠકો ભરવી જોઈએ. આ સુધારાઓ માટે બંધારણમાં નહીં; પરંતુ માત્ર લોકપ્રતિનિધિ ધારામાં જ સુધારા કરવાની જરૂર છે. કેન્દ્ર અને રાજ્ય પ્રધાનમંડળોમાં લઘુમતી સંખ્યામાં પ્રધાનો તરીકે ગૃહની બહારની વ્યકિતની પસંદગી થઈ શકે અને તેમને કોઈ પણ સમયે ચૂંટણી લડવાની જરૂર ન રહે, એ પ્રકારનો બંધારણના આર્ટિકલ ૭૫માં સુધારો કરવો જોઈએ. દાખલા તરીકે જાપાનમાં આપણા જેવી સંસદીય પદ્ધતિની સરકાર છે અને ત્યાં વડા પ્રધાન લઘુમતી સંખ્યામાં પ્રધાનોની પસંદગી ગૃહની બહારથી કરી શકે છે.

આ સુધારા દ્વારા સૂઝ-ધરાવતી બુદ્ધિશાળી વ્યકિતને ચૂંટણી લડવાની જરૂર નહીં પડે અને તે છતાં એ ગૃહને જવાબદાર રહેશે.

આ આર્ટિકલ ૭૫માં જ એક બીજો એવો સુધારો કરવો જોઈએ કે ગૃહના જે સભ્યની પ્રધાન તરીકે પસંદગી થાય એ સભ્યએ ગૃહના સભ્યપદેથી રાજીનામું આપી દેવું પડે કે જેથી કરીને જો પ્રધાનોને તેમના મતવિસ્તારો પાછળ સમય આપવો ન પડે. સૂઝ ધરાવતી બુદ્ધિશાળી વ્યકિતઓનો પ્રધાનમંડળમાં સમાવેશ કરી શકાય એ માટે જ પ્રમુખશાહી પદ્ધતિ લાવવી હોય તો એ હેતુ આ સુધારાઓ દ્વારા સર કરી શકાય છે. તેમ છતાં, તેઓ એમ કરશે નહીં.

અત્યારની તાતી જરૂરિયાત સંસદીય પદ્ધતિને સ્થાને પ્રમુખશાહી પદ્ધતિ લાવવાની નથી જ. અત્યારે તાતી જરૂરિયાત છે બંધારણીય નીતિમત્તા વિશે રાષ્ટ્રીય મતૈક્ય તૈયાર કરવાની અને સંપૂર્ણ બંધારણીય પરંપરાઓની સક્રિયપણે રચના કરવાની છે. બંધારણીય નીતિમત્તા ઊભી કરવામાં નહીં આવે તો કોઈ પણ શાસન પદ્ધતિ તમે અપનાવો એ નિષ્ફળ જ જશે.

[૨]

[] જસ્ટિસ જે. સી. શાહ

ભારતમાં પ્રમુખશાહી પદ્ધતિ કે સંસદીય પદ્ધતિની સરકાર જોઈએ એ અંગેની ચર્ચા અતિ અયોગ્ય સમયે શરૂ કરવામાં આવી છે. દેશ વિરાટકાય પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે ત્યારે પ્રમુખશાહી પદ્ધતિની સરકારનો અખતરો રાષ્ટ્રને ખાડે નાખી શકે. તેમ છતાં, આ ચર્ચાને વેગ આપવા મથતાં બળોનો એકમાત્ર ઈરાદો પ્રમુખશાહી સરકાર દ્વારા સત્તાનું કેન્દ્રીકરણ અને વ્યક્તિગત સરમુખત્યારશાહીની સ્થાપનાનો હોય એવી સ્પષ્ટ શંકા જાગે છે.

દેશને કયા પ્રકારની સરકાર માફક આવે એમ છે એ અંગે છ મહિના પહેલાં આડકતરી રીતે ચર્ચા શરૂ કરવામાં આવી. નવી દિલ્હીમાં પોતાને ધારાશાસ્ત્રી કહેવડાવતાઓએ જાહેર પરિષદ યોજી અને જાહેર કર્યું કે દેશને માત્ર પ્રમુખશાહી પદ્ધતિની સરકાર જ માફક આવી શકે એમ છે. આ ચર્ચા એવા સમયે શરૂ થઈ છે કે જ્યારે દેશનું આર્થિક જીવન હાલકડોલક છે, ફુગાવો વધી રહ્યો છે, ભાવો ચારે દિશાઓથી આસમાને પહોંચી રહ્યા છે, વિદેશમાં જોઈએ એવી દેશની પ્રતિષ્ઠા નથી અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અતિ તંગદિલીભરી બની રહી છે. આ સંજોગોમાં આ ચર્ચા શરૂ કરનારાઓની સંનિષ્ઠા શંકા ઉપજાવે છે.

આપણા દેશમાં સંસદીય પદ્ધતિ હેઠળ સરકારની ત્રણે શાખાની સિદ્ધિઓ સંતોષકારક નથી એ કમનસીબી છે. ધારાગૃહો ભ્રષ્ટાચારના અડ્ડા બની ગયા છે. કારોબારી અથવા શાસન શાખા પણ તેમનાથી બહુ પાછળ નથી અને ન્યાયતંત્રમાં સુસ્તી નજરે પડે છે. તેમ છતાં, પ્રમુખશાહી પદ્ધતિ સ્વીકારવામાં આવશે તો દેશ માટે એ વિનાશકારી હશે એ બાબતમાં મારા મનમાં કોઈ શંકા નથી.

દેશ જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તે સુધારવાના ઉપાયો શા છે? શું શાસન પદ્ધતિમાં ફેરફાર કરવાથી આ સુધારો થઈ શકશે? શું શાસન પદ્ધતિમાં ફેરફાર દ્વારા વર્તમાન પરિસ્થિતિ માટેનાં કારણો દૂર કરી શકાશે ખરાં? મને લાગે છે કે શાસન પદ્ધતિમાં ફેરફાર દ્વારા આ દિશામાં કોઈ હેતુ નહીં સરે.

પ્રમુખશાહી પદ્ધતિની હિમાયત કરનારાઓ એક દલીલ એવી રજૂ કરે છે કે પ્રમુખ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોનો તેની સરકારમાં સમાવેશ કરી શકશે અને સરકાર વધુ સંતોષકારક રીતે કામ કરી શકશે. આ સંબંધમાં અમેરિકાનો દાખલો આપવામાં આવે છે. તેઓ એમ સમજતા લાગે છે કે અમેરિકાની જેમ પ્રમુખશાહી પદ્ધતિનું શાસન અપનાવવાથી, આપણે પણ અમેરિકાના સ્તરે પહોંચી શકશું. વિશ્વમાં કોઈ દેશની સ્થિતિ એ દેશમાં કયા પ્રકારની સરકાર છે તેના આધારે નહીં, પરંતુ બીજા અનેક તત્ત્વોને આધારે નક્કી થતી હોય છે. એમ તો અમેરિકામાં પણ એક એવો મત છે કે તે દેશ પ્રમુખશાહી પદ્ધતિને લાયક નથી. અમેરિકામાં સરકારની બે શાખા-ધારાગૃહ અને શાસન શાખા વચ્ચેનું આંતર-ઘર્ષણ જાણીતું છે.

આ ઉપરાંત, આ પદ્ધતિ દ્વારા પ્રમુખને પસંદગીની તક મળશે એ માન્યતા સાવ ખોટી છે. અત્યારની પદ્ધતિમાં વડા પ્રધાનને સારી વ્યક્તિઓની પસંદગી કરતાં કોણ રોકે છે? ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીમાં લાયક વ્યક્તિને નકારવામાં આવે છે. લાયક વ્યક્તિઓને સંસદમાં લાવીને તેમની સરકારમાં પસંદગી કરવામાં શા માટે આવતી નથી? હકીકતમાં, શાસન પદ્ધતિમાં ફેરફાર દ્વારા 'નિષ્ણાતોની પસંદગી થઈ શકે' એ ખ્યાલ અત્યારના સત્તાધારીઓના દિમાગમાં નથી.

અત્યારે સરકારમાં વ્યક્તિની પસંદગી લાયકાત કે અનુભવને આધારે નહીં, પરંતુ વફાદારીને આધારે કરવામાં આવે છે. સત્તા અને હોદ્દાઓની વહેંચણી થઈ રહી છે. કયારેક વફાદારી ઉપરાંત પક્ષમાં કહેવાતી એકતા ટકાવી રાખવા લોકોની પસંદગી થતી હોય છે અને એ દ્વારા વહીવટી તંત્ર ખાડે જતું હોય તો તેની કોઈને પરવા નથી. અત્યારની પદ્ધતિમાં પ્રધાનોનો મોટો સમય બિનવહીવટી કાર્યો પાછળ વેડફાય છે એ દલીલને પણ ગળે ઊતારી શકાય એમ નથી.

અત્યારે જે પરિસ્થિતિ છે એ માટે પદ્ધતિનો નહીં, પરંતુ જેમના હાથમાં શાસન છે તેમનો દોષ છે. ધારાગૃહોમાં ભાગ્યે જ કોઈ દિવસ રાડારાડી વગર પસાર થાય છે. હવે તો મુક્કાબાજી પણ જોવા મળે છે.

પ્રમુખશાહી પદ્ધતિની હિમાયત કરતા એક વધુ પડતા બોલકા આગેવાને એક જાહેરાતમાં શાસન પદ્ધતિના ફેરફાર માટે જે કારણો રજૂ કર્યા છે તેમાં એક કારણ એવું આપ્યું છે કે વર્તમાન પદ્ધતિમાં સંસદ સર્વોપરી નથી કારણ કે સંસદના નિર્ણયો અદાલત ઉડાવી દે છે. (ન્યાયતંત્ર બંધારણને આધારે નિર્ણયો આપે છે એ તેઓ ભૂલી ગયા છે. બંધારણની મર્યાદામાં રહીને નિર્ણયો લેતાં સરકારને કોઈ રોકતું નથી). બીજું કારણ એવું આપ્યું છે કે જ્યાં કરોડો ગરીબોને રોજ બે ટંક ભોજન નથી મળતું એવા દેશમાં સંસદીય પદ્ધતિની સરકાર માફક આવે નહીં. (શું શાસન પદ્ધતિમાં ફેરફાર દ્વારા કોઈ જાદુ કરવામાં આવનાર છે? પ્રમુખશાહી પદ્ધતિ હેઠળ આ ગરીબોને બે ટંક ભોજન કેમ મળશે એ તેમણે બતાવ્યું નથી). ત્રીજું કારણ એવું આપવામાં આવ્યું છે કે સંસદીય પદ્ધતિ હેઠળ સરકાર સ્થિર નથી હોતી. તેઓ કદાચ એ ભૂલી ગયા હશે કે પંડિત જવાહરલાલ નહેરુ ૧૭ વર્ષ સુધી વડા પ્રધાન હતા અને તેમના દીકરી ઈંદિરા ગાંધીએ પણ એક દાયકા કરતાં વધુ સમય શાસન કર્યું છે. આ દલીલને આ હકીકત જ જવાબ આપે છે. ચોથું કારણ એવું આપવામાં આવ્યું છે કે ધંધાદારી રાજકારણીઓને સત્તા સોંપવાનો વિશ્વાસ કરવો નહીં અને એ દલીલ સાથે હું સહમત છું.

જો પ્રમુખશાહી પદ્ધતિની સરકાર અપનાવવા માટેના સૂચનનો સ્વીકાર કરવામાં આવશે તો રાજાના રાજ કરવાના દૈવી અધિકારના યુગમાં આપણે ફરી ધકેલાઈ જશું. આ હિમાયતીઓ સત્તાનું એક જ વ્યક્તિનું કેન્દ્રીકરણ કરવા માગે છે. એથી દેશ ભલે ખાડે જાય, પરંતુ એ વ્યક્તિ આ દેશમાં સરમુખત્યારશાહીની અમર્યાદિત સત્તા ભોગવી શકે. બંધારણનું પ્રિએમ્બલ ઘડનારાઓએ એ કલ્પના નહીં કરી હોય કે ૩૦ વર્ષ પછી આ દેશની જનતાને એવા શાસન હેઠળ જીવવું પડશે જ્યાં કોઈ વ્યક્તિસ્વાતંત્ર્ય ન હોય, કોઈ ન્યાય કે સમાનતા ન હોય અને ભાઈચારાની ભાવના ન હોય.

શાસન પદ્ધતિમાં ફેરફારની આ સમગ્ર ચર્ચા બિનવાસ્તવિક ફલક પર થઈ રહી છે. આપણે જો પ્રમુખશાહી પદ્ધતિનો સ્વીકાર કરીએ તો પ્રમુખ અને ધારાગૃહ વચ્ચે શો સંબંધ હશે? (જો કોઈ ધારાગૃહ હોય તો). આ પદ્ધતિ સ્વીકારવામાં આવે એ પછી એવો સમય પણ આવે કે સંસદ અને ન્યાયતંત્રને અવરોધરૂપ ગણાવીને તેમને નિર્મૂળ કરી નાખવામાં આવે અને રાજા જે રીતે સત્તા ભોગવતા હતા એ પરિસ્થિતિનું પુનઃ નિર્માણ કરવામાં આવે. વર્તમાન પદ્ધતિમાં તમારી પાસે ગૃહને જવાબદાર હોય એવું પ્રધાનમંડળ છે અને ગૃહ તેના પર અંકુશ રાખી શકે છે.

પ્રમુખ અને ન્યાયતંત્ર વચ્ચે શો સંબંધ હશે? ફેરફારના હિમાયતીઓ એવી દલીલ કરી રહ્યા છે કે દેશની પ્રગતિમાં ન્યાયતંત્ર અવરોધ પેદા કરે છે. આ અવરોધ કેવી રીતે પેદા કરવામાં આવે છે એ તમને કહેવાની તેઓ પરવા કરતા નથી. લોકોની અને દેશની સ્થિતિ સુધારવાની આડે જજ કે ન્યાયતંત્ર આડે આવ્યો હોય એવા કેટલા

કિસ્સા છે? પરિસ્થિતિ સુધરે એ માટે પગલાં લેતાં સંસદને કોણે રોકી છે?

આપણી પાસે વિશાળ કુદરતી સંપત્તિ, શકિતઓ, સાધનો અને બુદ્ધિમત્તા હોવા છતાં આપણી પ્રજાને ગરીબીમાં રહેવું પડે છે એ માટે શાસન પદ્ધતિ નહીં, પરંતુ સત્તા પર રહેલી વ્યકિતઓ તથા નીતિ ઘડીને તેને ભૂલી જનારાઓ છે. વર્તમાન પદ્ધતિની બિનકામગીરી માટે તેઓ દોષિત છે.

શાસન પદ્ધતિમાં ફેરફાર માગતા લોકો કયા પ્રકારની પ્રમુખશાહી ચાહે છે? વિશ્વમાં અનેક પ્રકારની પ્રમુખશાહી પદ્ધતિ છે. પ્રમુખશાહી પદ્ધતિ સફળ થઈ છે એવા અમેરિકા અને ફ્રાંસના દાખલા સામે આ પદ્ધતિ દ્વારા સરમુખત્યારશાહી અને આપખુદશાહી લાદવામાં આવી હોય એવા દાખલા જોવા હોય તો આપણા પડોશીઓ પાકિસ્તાન અને ફિલિપાઈન્સ પ્રત્યે નજર કરો. સરમુખત્યારશાહી લાદવામાં પ્રમુખશાહી સાધન બની હોય એવા દેશોની નામાવલિ ઘણી મોટી છે.

આપણી સમક્ષ બે વિકલ્પો છેઃ એક બાજુ, આપણી પાસે એવી પદ્ધતિની સરકાર છે કે જેની કામગીરી સંતોષકારક નથી. બીજી બાજુ, એવી સરકાર જે સરમુખત્યારશાહી શાસન પેદા કરશે, જ્યાં કોઈ સ્વતંત્રતા નહીં હોય. થોડા હાથોમાં સત્તા કેન્દ્રિત હોય એવી આપખુદ સરકાર કરતાં સંતોષકારક દેખાવ નહીં કરી શકનારી સરકાર વધુ સારી છે. બીજા પ્રકારની સરકાર હેઠળ કોઈ મૂળભૂત અધિકારો, નાગરિક સ્વાતંત્ર્યો કે સમાનતા નહીં હોય અને મને ભય છે કે થોડા સમયમાં જ દેશમાં એવી પરિસ્થિતિ પ્રવર્તતી હશે.

અનામત બેઠકો

[] એચ. એમ. સિરવાઈ

[૧]

પછાત જાતિઓ અને વર્ગોને ભૂતકાળમાં થયેલા અન્યાયો દૂર કરવા અથવા તેનું સાટું વાળવા ચોક્કસ નિર્ધારિત સમય માટે અનામત બેઠકોની જોગવાઈની જરૂરિયાત સમજી શકાય છે અને તેની સામે કોઈ વાંધો હોઈ શકે નહીં. તેમ છતાં, આ જોગવાઈ યોગ્ય સમય પૂરતી જ હોવી જોઈએ અને તે જીવનનું કાયમી અંગ બની શકે નહીં. અનામત બેઠકોની યોગ્યતા કે અયોગ્યતા અંગે કોઈ વિચારણા કરતાં પહેલાં કયા સંજોગોમાં આ પ્રથા શરૂ કરવામાં આવી તેનો તથા તેનાં કાનૂની પાસાં અંગે પણ વિચાર કરવો જોઈએ. આ ઉપરાંત, જે આદર્શો સર કરવા આ પ્રથા દાખલ કરવામાં આવી તે હેતુ ખરેખર સિદ્ધ થઈ શકયા છે? અને જો થઈ શકયા હોય તો કેટલા પ્રમાણમાં? આ બાબતની પણ ચર્ચા થવી જોઈએ.

બંધારણના પ્રિએમ્બલમાં દરેક નાગરિક માટે સમાન દરજ્જા અને તકોની વાત કરવામાં આવી છે. દરેક માનવીનો મોભો જળવાઈ રહેવો જોઈએ તેમ જ ભાઈચારાની વાત પણ કરવામાં આવી છે. બંધારણની આ જોગવાઈને કારણે અસ્પૃશ્યતા એ સજાપાત્ર ગુનો બને છે. આટલું કર્યા પછી અસ્પૃશ્યો ગણાતા લોકોના સામાજિક અને આર્થિક વિકાસ માટે પગલાં લેવાનું અને તેમને ટેકો આપવાનું જરૂરી હતું. ભૂતકાળના સામાજિક અન્યાયો દૂર કરવા તેમને વિશેષ તકો મળવી જોઈએ. એ માટે બે સ્તરે જોગવાઈ કરવામાં આવી. રાજકીય સ્તરે તેમ જ અભ્યાસ અને જાહેર સેવાઓમાં અનામત બેઠકોની.

સૌ પ્રથમ, રાજકીય સ્તરે આપવામાં આવેલા લાભની વાત. હરિજનો અથવા જેને પછાત જાતિ અથવા વર્ગો તરીકે ગણવામાં આવે છે તેમને મતાધિકાર મળે એથી અન્યાયો અને અસમાનતા દૂર થાય. હરિજનોને એવો ભય હતો કે બહુમતી તેમને ચૂંટી કાઢશે તેની ખાતરી શું? એથી રાજ્યોમાં પછાત જાતિઓ અને વર્ગોની વસતિના પ્રમાણમાં દરેક રાજ્યમાં લોકસભા માટે અનામત બેઠકોની સગવડ ઊભી કરવામાં આવી. રાજ્ય વિધાનસભાઓ માટે પણ એવી જ સગવડો ઊભી કરવામાં આવી. પ્રારંભમાં આ જોગવાઈ ૩૦ વર્ષ માટે કરવામાં આવી હતી, પરંતુ તેમાં સુધારો કરીને મુદતમાં વધારો કરવાની સંસદને સત્તા આપવામાં આવી હતી. એ મુજબ તાજેતરમાં જ આ મુદતમાં વધુ દસ વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. બંધારણ હેઠળ મળેલો આ અધિકાર કાયદેસરનો બને છે અને કાયદા હેઠળ તેનું પાલન જરૂરી છે.

ભૂતકાળના અન્યાયો દૂર કરવા અને સમાન તકો પૂરી પાડવા પછાત જાતિઓ અને વર્ગોને આપવામાં આવેલી બીજી સગવડ એ શાળા, કોલેજ કે જાહેર સેવાઓમાં અનામત બેઠકોની. સુપ્રીમ કોર્ટનો એવો ચુકાદો છે કે પછાત જાતિઓ કે વર્ગો જાહેર સેવાઓમાં બેઠકો અનામત રાખવા સરકારને ફરજ પાડી શકે નહીં. જાહેર સેવાઓમાં બેઠકો અનામત રાખવી કે નહીં એ અંગેની સત્તા સરકારને સોંપવામાં આવી છે. સરકાર એ સત્તાનો ઉપયોગ કરે અને ન પણ કરે.

શાળા, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે પણ આ વાત એટલી જ લાગુ પડે છે. એથી રાજકીય લાભ અને આ લાભમાં તફાવત એ છે કે પ્રથમ લાભ કાયદા હેઠળ મળેલો છે ત્યારે બીજા લાભમાં કાયદાનું રક્ષણ નથી. આ લાભ કાયદેસરનો છે. તેની ૩૦ વર્ષ કે ૫૦ વર્ષ એવી કોઈ સમયમર્યાદા પણ નથી.

પછાત જાતિઓ અને વર્ગોને રાજકીય સત્તાઓ આપવામાં આવ્યા પછી પણ તેમની સ્થિતિમાં કોઈ સુધારો થયો દેખાતો નથી. આ સુધારો તમે કેવી રીતે લાવશો? તેમના પ્રાથમિક શિક્ષણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બાબત નોંધપાત્ર છે. જો કે શિક્ષણ માટે ખર્ચ કરવામાં આવે તો પણ તેમના ગણવેશ, પુસ્તકો અને એવી બીજી સગવડોનું શું? ગરીબ કુટુંબના વિદ્યાર્થીને તેનો પિતા વધારાની આવક માટે કમાવવા જવાની ફરજ પાડે એ શકય છે એથી એ છોકરો તેના શિક્ષણ માટે પૂરતા પ્રમાણમાં શકિત અને સમય ન આપી શકે એ શકય છે. આ પરિસ્થિતિમાં સાચો માર્ગ મફત શિક્ષણ આપવાનો તથા બેઠકો અનામત રાખવાનો નથી. શા માટે આપણે વિદેશી અનુભવો પરથી પાઠ શીખતા નથી?

ખરેખર તો એ બાળકની શકિત અને બુદ્ધિમત્તાને બહાર લાવીને તેને વિકસાવવા માટે પ્રયાસો કરવા જોઈએ. પછાત જાતિઓ અને વર્ગોમાં બુદ્ધિશાળી અને શકિતશાળી વિદ્યાર્થીઓ ન હોય એવું નથી. આ બાળકોને શિક્ષણ ઉપરાંત પુસ્તકો, ગણવેશો, આર્થિક સહાય અને એવી બીજી સગવડો દ્વારા તેમની શકિતને વિકસાવવાની તક આપવી જોઈએ.

શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત બેઠકોને કારણે ખુદ શિક્ષણ પર થતી અસર અંગે પણ વિચારવું જોઈએ. જેની ગુણવત્તા ઓછી છે એવા વિદ્યાર્થી માટે એક બેઠક અનામત રાખવી તેનો અર્થ વધુ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીને બેઠક નકારવા બરાબર છે. આ પ્રથાને કારણે વત્તેઓછે અંશે શિક્ષણનું ધોરણ નીચું ઊતરે છે, કારણ કે ઓછી ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ માટે શિક્ષકોને પણ તેમનું ધોરણ નીચું લાવવું પડે છે. આ પ્રક્રિયાને કારણે તમે તમારું ધોરણ સતત ઉતારતા રહ્યા છો. શૈક્ષણિક ધોરણ નીચું લાવવા જેવી બાબત જેવો અન્યાય બીજો કોઈ નથી. આ અન્યાય હંમેશ માટે ચાલુ રાખી શકાય નહીં.

પોસ્ટ ગ્રેજ્યુએટ સ્તરે અનામત બેઠકોની જોગવાઈનું એક બીજું પાસું પણ છે. પ્રથમ કક્ષાના તબીબને બદલે દ્વિતીય કક્ષાના તબીબની રજિસ્ટ્રાર તરીકે નિમણૂક કરવામાં આવે ત્યારે દર્દીનો વિચાર કરવામાં આવે છે? કોઈ રોગથી પીડાતા હોઈએ ત્યારે નિપુણ તબીબની જરૂર હોય છે. ત્યારે ભૂતકાળના અન્યાયોને યાદ રાખવામાં આવતા નથી.

જાહેર સેવાઓમાં અનામત સંબંધમાં કાઢવામાં આવેલા હુકમ મુજબ પૂરતા પ્રમાણમાં જેમનું પ્રતિનિધિત્વ ન હોય એવા પછાત વર્ગના વિભાગો માટે અનામત બેઠકો ઊભી કરવાનો સરકારને અધિકાર છે. અનામત બેઠકો ઊભી કરવી કે નહીં અને કરવી તો કેટલા પ્રમાણમાં એ સરકારે નક્કી કરવાનું છે.

જાહેર સેવાઓમાં નોકરીની સમાન તકો અંગેના આ હક્કમાં બઢતી, નિવૃત્તિ વેતન વગેરેનો કોઈ ઉલ્લેખ નથી. તેમ છતાં, સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ બઢતી, વેતન, નિવૃત્તિ વેતન વગેરેમાં આ જોગવાઈ છે, કારણ કે અનામત બેઠકની જોગવાઈ સાથે બઢતીના અધિકારની જોગવાઈ કરવામાં ન આવે તો નોકરીમાં સમાન તકોનો અધિકાર છેતરામણો બની જાય. તમે કોઈ પણ જાહેર સેવાઓમાં દાખલ થાઓ એટલે સરકારના એક અંગ બની જાઓ છો. એથી ઓછી ગુણવત્તા ધરાવતી વ્યકિતને સ્થાન આપવાની સાથોસાથ વહીવટી તંત્રની કાર્યક્ષમતા પર પણ અસર પહોંચવાની શકયતા રહેલી જ છે. જે વ્યકિત લાયક નથી એ પણ આવી શકે છે, કારણ કે તેના માટે બેઠક અનામત રાખવામાં આવી છે. આ બાબત આજે પ્રતિકાર અને અન્યાયની ભાવના ઊભી કરી રહી છે.

અસ્પૃશ્યતા પ્રારંભમાં માત્ર હિંદુઓનો પ્રશ્ન હતો. આજે એ રાષ્ટ્રીય પ્રશ્ન અને સ્થાપિત હિતો ધરાવતી રાજકીય બાબત બની ગઈ છે. અનામત બેઠકો યોગ્ય નિર્ધારિત સમય માટે સ્વીકારવી જોઈએ; પરંતુ તેને જીવનનું કાયમી અંગ બનવા દેવું જોઈએ નહીં.

[૨]

ડૉ. (મિસ) આલુ દસ્તુર

ભારત માટે અનામત બેઠકોનો ઈતિહાસ નવો નથી.

અનામત બેઠકોનો પોતાનો એક ઈતિહાસ છે. સ્વાતંત્ર્ય પહેલાં દેશમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન ઘણો ગંભીર હતો. બીજી ગોળમેજી પરિષદ ટાંકણે ગાંધીજીએ અસ્પૃશ્યતા સામે ઘેરી ચેતવણી આપી હતી. તેમણે આમરણ ઉપવાસની ધમકી પણ આપી હતી. એ કાળના દેશમાંના શ્રેષ્ઠ બુદ્ધિજીવીઓએ એકઠા થઈને અસ્પૃશ્યતાના પ્રશ્નને હિંદુ સમાજથી બહાર લઈ જવાય અને અસ્પૃશ્યો ગણાતા લોકોને રક્ષણ મળે એવું કંઈક કરવા માટે વિચારતા થયા.

તેના અનુસંધાનરૂપે સૌપ્રથમ ૧૯૩૦માં "પૂના પેક્ટ" હેઠળ અનામત બેઠકની પ્રથા દાખલ કરવામાં આવી. અનુસૂચિત જાતિઓ માટે વિવિધ ધારાસભાઓમાં બેઠકો અનામત રાખવામાં આવી. આઝાદી પછી આપણું બંધારણ ઘડાયું ત્યારે પણ આ લાભ લોકસભા અને વિધાનસભાઓ સુધી પહોંચાડવામાં આવ્યો.

લોકસભા અથવા વિધાનસભામાં બેઠકો અનામત રાખવામાં આવે એ સામે કોઈ ખુલ્લો વિરોધ દેખાતો નથી. તાજેતરમાં જ અનામત બેઠકો માટેની જોગવાઈની મુદત ત્રીસ પરથી વધારીને ૪૦ કરવા માટે સાતમી સંસદની ખાસ બેઠક બોલાવવામાં આવી ત્યારે બધા સભ્યોએ ઊભા થઈને તાળીઓના ગડગડાટ વચ્ચે અનામત બેઠકોને સમર્થન આપ્યું. એ રીતે જ ગયા મહિને સંસદે વિવિધ રાજ્ય વિધાનસભાઓમાં અનામત બેઠકોમાં ફરી વિશ્વાસ દર્શાવ્યો. આ અભિનય, આ પ્રતીકને અનામત સાથે કોઈ સંબંધ નથી. તેઓ અનુસૂચિત જાતિઓને કોઈ અંજલિ નહોતા આપતા. તેઓ માત્ર અભિનય કરી રહ્યા હતા. તેમની નજર સમક્ષ આવનારી ચૂંટણીઓ હતી. આ પ્રકારની ચેષ્ટાથી કોઈને લાભ થતો નથી.

હું કબૂલ કરું છું કે હું અનામત બેઠકોની પ્રથાની પ્રખર હિમાયતી છું. આપણા સમાજના જ એક વિભાગ પર ઈરાદાપૂર્વક જે અન્યાયો અને અપમાનો લાદવામાં આવ્યાં છે તે કયારેક કોઈક રીતે તો દૂર કરવાં જોઈએ. ભૂતકાળના અન્યાયો દૂર કરવાના આપણી અને કદાચ આપણી પછીની પેઢીને સૌભાગ્ય અથવા અધિકાર મળ્યા છે એમ હું માનું છું. દરમિયાન, આ અન્યાયો કેવી રીતે દૂર કરવા? અનામત બેઠકોની જરૂર અહીં ઊભી થાય છે. કેટલાક લોકો એમ કહે છે કે અનામત દ્વારા આપણે આપણા સામાજિક, રાજકીય અને આર્થિક જીવનમાં બીજી રીતે નવા અન્યાયો દાખલ કરીએ છીએ. એ કદાચ ખરું હોઈ પણ શકે. સામાજિક ભેદભાવો સાથે જ કેટલાક નવા વિશેષાધિકારો પેદા થતા રહેવાના જ.

આ આપણે પેદા કરેલા કહેવાતા વિશેષાધિકારો ભૂતકાળના અન્યાય અને ભેદભાવોને દૂર કરવા માટે છે. તેની સામે વિરોધ શા માટે હોવો જોઈએ? ભૂતકાળમાં આપણે વિશેષ અધિકારો ભોગવતા હતા; પરંતુ આજે એથી ઊલટું છે. તેની સાથે જ વિશેષ અધિકારો ધરાવતા લોકોનો એક નવો વર્ગ સામે આવી રહ્યો છે અને તે સામે મને વિરોધ છે.

જેઓ પોતાના પગ પર જાતે ઊભા રહી શકતા ન હોય તેમની સામે મદદનો હાથ લંબાવી શકાય એવા ચોક્કસ માર્ગો અને સાધનો હોવાં જોઈએ. જેને અંગ્રેજીમાં "રિવર્સ ડિસ્ક્રિમિનેશન" કહીએ છીએ એ "ભેદભાવોને ઉલટાવવા"ની પ્રક્રિયાને હું માનું છું. આ પ્રક્રિયા અન્યાયોનું સાટું વાળી રહી હોય એમ કહી શકાય. આપણા ગુનેગાર માનસને સાંત્વન આપવા હું આ કહેતી નથી. કમનસીબે, કોઈ પણ બાબતને વિકૃત અને ટૂંકું રૂપ આપવાનું હંમેશાં વલણ હોય છે. આ બાબત સામે આપણે સાવધાન રહેવાનું છે. પછાત રહેલા અને મદદની જરૂર ધરાવતા લોકોને શકય એટલા વ્યાપક પ્રમાણમાં લાભો પહોંચે એ જોવું જરૂરી છે. રાજકારણ અને ધારાઓના સ્થાપિત હિતો પછાતપણામાં હોવા જોઈએ નહીં. આપણે જેમને પાછળ ધકેલી દીધા હતા, તેમને આપણી બરાબરીમાં લાવવા આપણે અન્યાય દૂર કરવા માગીએ છીએ. અનામત બેઠકોનો હેતુ આ અંતર દૂર કરવાનો છે. એ લોકોને એવો અનુભવ થવો જોઈએ કે તેઓ 'નવા ભારત'ના નાગરિકો છે.

આ પ્રક્રિયાનું એક પરિણામ એ પણ આવ્યું છે કે જેઓ મોખરે છે અને જેઓ મોખરે નથી, એવી વ્યકિતઓ વચ્ચે એક પ્રકારની સમસ્યા પેદા થઈ છે. આપણી નેતાગીરી જનસમૂહ સાથે સંબંધ કેળવી શકી નથી. એક અલગ પ્રકારના રાજકારણમાંથી આ નેતાગીરી પેદા થઈ છે. અનામતને કારણે સૌથી મોટો પ્રશ્ન આ પેદા થયો છે.

અનામત બેઠકોના લાભો પછાત વર્ગના મોટા પ્રમાણના જનસમૂહને મળ્યા નથી. મહારાષ્ટ્રમાં પછાત વર્ગમાં ૩૪ ટકા વસતિ ધરાવતી મહાર કોમને સરકારી શિષ્યવૃત્તિ દ્વારા ૮૫ ટકા લાભ થયો છે. એ સામે ૩૨ ટકા મંગ વસતિને માત્ર ૨.૮ ટકાનો લાભ થયો છે. હરિજનોના સૌથી મોટા ગણાતા નેતા જે રાજયના છે એ બિહારમાં પણ આ સ્થિતિ જ છે. ભારતીય પદ્ધતિ મુજબ અનામતના લાભો પણ મર્યાદિત લોકોને જ મળ્યા છે એ જોઈ શકાય છે. જેમના માટે આ લાભો છે તેમાં આ લાભોને યોગ્ય પ્રમાણમાં ફેલાવા દેવામાં આવ્યા નથી. અનામત બેઠકોનો નહીં, પરંતુ આ પ્રકારની વિકૃતિનો વિરોધ થવો જોઈએ.

બીજી વિકૃતિ એ છે કે જેઓ લાભ મેળવી ચૂક્યા છે તેઓ હજી લાભ મેળવવા માગે છે. બીજી બાજુ, મારી શિક્ષક તરીકેની કારકિર્દીમાં મેં પછાત વર્ગોના એવા બુદ્ધિશાળી અને સ્વમાનશીલ વિદ્યાર્થીઓ પણ જોયા છે, જેઓ આ અનામતનો લાભ લેવા માગતા નથી. એમાંના ઘણા ગરીબ પણ છે.

આ પ્રશ્ન માત્ર રાજકીય નથી. મુખ્યત્વે તે સામાજિક-આર્થિક પ્રશ્ન છે કારણ કે ગરીબીને ભૂતકાળ કે ધર્મ સાથે કોઈ સંબંધ નથી. ગરીબીની રેખા હેઠળ જીવતા લોકોમાં માત્ર પછાત વર્ગના જ નથી. આ પ્રશ્ન દેશના સમૃદ્ધ વર્ગના દરેક સભ્યનો છે. અનામતનો લાભ જે રીતે આપવામાં આવે છે તે સામેના વિરોધનું મુખ્ય કારણ આ આર્થિક પાસું છે.

પ્રથમ તબક્કે અનામતની હું સંપૂર્ણ હિમાયત કરું છું. એક વખત અનામતના આધારે પ્રવેશ મેળવ્યા પછી મારે વધારાના પ્રયાસો કરીને બધાની સાથે થવા મહેનત કરવી જોઈએ. પોસ્ટ ગ્રેજ્યુએટ સ્તરે અનામત બાબતમાં મારું એવું માનવું છે કે ગ્રેજ્યુએટ સ્તરે તમે એકસરખી પરીક્ષા, પેપરો આપીને એકસરખા ધોરણે ઉત્તીર્ણ થયા હો ત્યારે ઉચ્ચ સ્તરે પ્રવેશનું ધોરણ થોડું વધુ સખત હોવું જોઈએ. આ ઉપરાંત, વિદ્યાર્થીની બુદ્ધિમત્તાને પણ માન આપવું જોઈએ.

અનામત બેઠક માટે બંધારણમાં મુકાયેલી સમયમર્યાદા આપણે વધારી એ યોગ્ય અને જરૂરી હતું. હવે એ વિચારવું જોઈએ કે કોઈ સમયમર્યાદા બાંધવી યોગ્ય અને શકય છે? આપણે વાસ્તવિકતાવાદી અભિગમ અપનાવીને આ પ્રક્રિયાનો કયારે અંત આણવો એ નક્કી કરવું જોઈએ, કારણ કે આ પ્રક્રિયા હંમેશાં માટે ચાલુ રાખી શકાય નહીં. કયારેક તો તેનો અંત આવવો જ જોઈએ. આ સંબંધમાં લગભગ સંપૂર્ણ સહમતિ મેળવીને અને રાષ્ટ્રીય મતૈક્ય કરતાં પણ વધુ બહાલી સાથે ભવિષ્યની કોઈ તારીખ નક્કી કરવી જોઈએ.

આ ઉપરાંત, અનામતનો લાભ કુટુંબમાં એક વખત જ મળવો જોઈએ. એક વખત કુટુંબની કોઈ વ્યકિત અનામત મારફતે કોઈ વ્યવસાયમાં દાખલ થઈને આગળ આવે પછી તેનાં બાળકોને અનામતનો લાભ મળવો જોઈએ નહીં, કારણ કે એ વ્યકિત પાસે સમાજમાં સ્થાન અને મરતબો હશે.

કેન્દ્ર સરકારની પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચોથા વર્ગની નોકરીના ૧૯૭૫ના અને ૧૯૮૧ના જાન્યુઆરીની પહેલીના આંકડાઓ જોશો તો જણાશે કે ચારેય કક્ષામાં અનુસૂચિત જાતિ કે વર્ગોના ઉમેદવારોની સંખ્યામાં જ નહીં, પરંતુ ટકાવારીમાં પણ સારો વધારો થયો છે. એથી પછાત વર્ગના લોકો હજી ઝાડુવાળાના સ્તરે રહ્યા છે અને ઉચ્ચ સ્તરે પહોંચ્યા નથી એમ કહી શકાય નહીં.

સાથોસાથ, બહુમતીએ પણ લઘુમતી અને પછાત વર્ગોને જીતવા માટે મોટું હૃદય બતાવવું જોઈએ. વિકૃત સ્વરૂપ આપવાના પ્રયાસો થતા હોવા છતાં પછાત વર્ગોને કિન્નાખોરીનો ભોગ બનાવવા જોઈએ નહીં. તેમને દયાની જરૂર નથી. તેમને સમજવામાં આવે એ જરૂરી છે. તેઓ ખુદ બીજાને સમજે તો જ એ શકય બની શકે. આ દ્વિમાર્ગી વ્યવહાર છે. આખરે બંનેએ એકબીજાની મદદે આવવું પડશે.



'પ્રેમળ જ્યોતિ' તરફથી કુ. પરિમલા ભટના માનમાં યોજાયેલા સમારંભમાં સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઈ પરિમલા ભટને આશીર્વાદ ને અભિનંદન આપી રહ્યા છે. તસવીરમાં ડાબી બાજુથી શ્રીમતી કમલબહેન પિસપાટી, કુ. પરિમલા ભટ, શ્રી રસિકલાલ ઝવેરી, શ્રીમતી નિરુબહેન શાહ, શ્રી કે. પી. શાહ અને શ્રી ચીમનલાલ જે. શાહ છે.

પ્રેમળ જ્યોતિ દ્વારા પરિમલા ભટનું બહુમાન

'માણસમાં અનંત શકિત રહેલી છે. જ્યારે પ્રતિકૂળતાવાળી વ્યકિત હિમત ને સાહસથી પોતાના જીવનનું ઘડતર કરે ત્યારે એ ખૂબ ધન્યવાદને પાત્ર છે' એવું જાણીતા તત્ત્વચિંતક, સમાજના અગ્રણી અને સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે સ્વિડિશ ફેડરેશન ઓફ વિઝ્યુઅલી હેન્ડિકેપ્ડ નામની સંસ્થાએ કુઆલાલામ્પુર ખાતે યોજેલા અંધજનો માટેના તાલીમ સેમિનારમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયેલા દાદરની અંધશાળાના સામાજિક કાર્યકર કુમારી પરિમલા ભટનો સત્કાર કરવા માટે મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત પ્રેમળ જ્યોતિએ યોજેલા મિલન સમારંભમાં જણાવ્યું હતું.

શ્રી ચીમનભાઈ શાહે વધુમાં કહ્યું હતું કે હું જ્યારે અંધ વ્યકિતનો વિચાર કરું છું ત્યારે મને એમ લાગે છે કે ભગવાને એક વસ્તુથી વ્યકિતને વંચિત કરી છે, પરંતુ બીજી બાજુ તેના જીવનને વિકસાવવા માટે શકિતનો ધોધ આપ્યો છે. કુમારી ભટે અંધ હોવા છતાં જે વિકાસ સાધ્યો તે સરસ છે, તેમનું જીવન છે એના કરતાં વધુ ધન્ય બને એવા મારા અંતરના આશીર્વાદ છે.

શ્રી ચીમનભાઈ શાહના અંતરના આશીર્વાદ તથા સત્કાર કરવા માટે પ્રેમળ જ્યોતિ સંસ્થાનો આભાર માનતાં કુમારી ભટે જણાવ્યું હતું કે ત્રણ સપ્તાહ માટે યોજાયેલા આ સેમિનારમાં ૧૩ દેશોના બબ્બે પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

અંધ સ્ત્રીઓ માટેની જાગૃતિ, તેના અધિકાર તેના પ્રત્યેની જવાબદારી વગેરેની ચર્ચા સહિત દુનિયાના રાષ્ટ્રોની અંધ મહિલાના પ્રશ્નો સાથે પોતાના દેશના પ્રશ્નોની સરખામણી કરવાનો સુંદર અનુભવ આ સેમિનાર દરમિયાન મળ્યાનું કુમારી ભટે જણાવ્યું હતું.

સમારંભના આરંભમાં કુલ ૨૩ વર્ષના અંધ કુમારી પરિમલા ભટનો પરિચય આપતાં શ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે તેમણે નિર્મલા નિકેતનમાંથી માસ્ટર ઓફ સોશિયલ વર્કર, રૂપારેલ કોલેજમાંથી ગ્રેજ્યુએટ તથા વકતૃત્વ, લેખન, હસ્તકલા અને નૃત્યની સ્પર્ધામાં અનેક પારિતોષિક મેળવ્યાં છે. ૧૯૮૧માં બ્લાઈન્ડ વુમન ઈન મહારાષ્ટ્ર દ્વારા આયોજિત પરિસંવાદમાં કુમારી ભટે 'કેન અ બ્લાઈન્ડ વુમન બી એ કન્ઝ્યુમર રાધર ધેન સર્વિસ પ્રોવાઈડર' પર એક પેપર રજૂ કર્યું હતું. હાલમાં તેઓ એલ. એલ. બી.ના અભ્યાસ સાથે દાદરની બ્લાઈન્ડ સ્કૂલમાં સોશિયલ વર્કર તરીકે કામ કરી રહ્યાં છે. શ્રી શાહે વધુમાં કહ્યું હતું કે અંધ હોવા છતાંયે એમણે અન્યની સેવા લીધા વિના વિદેશમાં જઈને દેશનું નામ રોશન કર્યું છે.

ત્યાર બાદ પ્રેમળ જ્યોતિ સંસ્થા વતી શ્રી રસિકભાઈ ઝવેરીના હસ્તે રૂ. ૫૦૦૧ દાદર સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડને એનાયત કરવામાં આવ્યા હતા અને ૩૦ અંધ મહિલાઓના સ્કૂલના વાર્ષિક ખર્ચની જવાબદારી લેવામાં આવી હતી.

આ પ્રસંગે જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ જણાવ્યું હતું કે સભ્યો સેવાર્થે તત્પર છે, એ આનંદ વાત છે. અંધજનોની સંસ્થાએ સહાય સ્વીકારી અનુગ્રહ કર્યો છે. પ્રેમળ જ્યોતિના કન્વીનર શ્રીમતી નીરુબેન શાહે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

અંતમાં રત્નચિંતામણી સ્કૂલના ભૂતપૂર્વ આચાર્યા શ્રીમતી કમલબેન પીસપાટી આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે કુમારી ભટે જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેના માટે હું ગૌરવ અનુભવું છું.

☐ સંકલન : નૈના ગાંધી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૧: અંક: ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ મે, ૧૯૮૧ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૧ : પરદેશ માટે શિલિંગ ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

ઘેરાતી આંધી

□ ચીમનલાલ ચકુભાઈ

શ્રીમતી ઈન્દિરા ગાંધીને ફરી સત્તા પર આવ્યાંને ૧૬ મહિના થયાં. આ સમય દરમિયાન દેશમાં ચારે તરફ અને દરેક પ્રકારે અશાંતિ વધી છે. આ અશાંતિ ઓછી થવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી, બલ્કે લજ્જી વધશે એવો ભય છે. આંધી ચડી છે અને ઘેરી બનતી જાય છે. ઈન્દિરા ગાંધી પોતે શું વિચારે છે તે ખબર નથી. પણ એમ લાગે છે કે તેઓ તોફાનમાં રાચે છે. તોફાન હોય તો લોકો એમ કહેતા થાય કે સારું થયું ઈન્દિરા ગાંધી છે, તે ન હોત તો આપણું શું થાત? એક એવી માન્યતા છે કે કટોકટી (બંધારણીય અર્થમાં નહિ) હોય ત્યારે ઈન્દિરા ગાંધીની શકિત ખીલે છે. આ શકિત સોળે કળાએ ખીલી ઊઠે તે માટે કદાચ પરિસ્થિતિ આથી પણ વિકટ બને એમ ઈચ્છવું જોઈએ. રાજકીય, આર્થિક, સામાજિક તથા નૈતિક ક્ષેત્રે દેશમાં શું થઈ રહ્યું છે તે થોડું નિહાળીએ.

આપણને કદાચ એમ થાય કે જે રાજ્યોમાં કોંગ્રેસ સત્તા પર છે ત્યાં સ્થિરતા અને શાંતિ હશે. પરિસ્થિતિ આથી વિપરીત છે. આવા રાજ્યોના મુખ્યમંત્રીઓને વિરોધ પક્ષોનો ભય નથી તેથી વિશેષ, પોતાના પક્ષના અસંતુષ્ટ સભ્યોનો વધારે ભય છે. કોંગ્રેસના આંતરિક વિખવાદો અને ખટપટો વ્યાપક છે. એમ જ લાગે છે કે આ મુખ્યમંત્રીઓ પોતાના પક્ષના સભ્યોના ટેકાથી નહિ, પણ માત્ર ઈન્દિરા ગાંધીની મહેરબાનીથી ટકે છે. ગુજરાતના માધવસિંહ હોય કે મહારાષ્ટ્રના અંતુલે, રાજસ્થાનના પલાડિયા હોય કે આન્ધ્ર પ્રદેશના અંજૈય્યા, ઈન્દિરા ગાંધીની નજર ફરે તો એક ક્ષણ ટકી ન શકે. તેથી ઈન્દિરા ગાંધી પ્રત્યે વધારે વફાદારી બતાવવી, ખુશામત કરવી, એ જ એક માર્ગ તેમને માટે રહ્યો. ઈન્દિરા ગાંધી આ પરિસ્થિતિને આવકારે છે, તેને ઉત્તેજન આપે છે. આ જ રીતે પોતાની પકડ રહે. આવા મુખ્યમંત્રીઓ પોતાના બળ ઉપર ખડા હોય તો સ્વતંત્ર થઈ જાય. બધાને પોતાના ઉપર અવલંબિત રાખવા અને ભયભીત રાખવા એ તેમની રીત છે. કેન્દ્રના મંત્રીમંડળમાં એ જ હાલ છે. કમલાપતિ ત્રિપાઠીને અને વિદ્યાચરણ શુકલને ફુગાવી દીધા એટલે બધામાં ફફડાટ જાગ્યો. આલબત્ત, આ બે ગયા તે માટે કોઈ આંસુ સારે તેમ નથી. કોઈને માટેય આંસુ સારવા જેવું નથી. રાજ્યોના કેટલાક મુખ્યમંત્રીઓ ઈન્દિરા ગાંધીની આ કળાનું અનુસરણ કરે છે. પોતાના સાથીઓને પણ ભયભીત રાખે અને જૂથબંધીને ઉત્તેજન મળે. આવા સંજોગોમાં સ્થિરચિત્તે કોઈ કામ થાય કયાંથી? અતિ કુશળ વ્યકિતઓ હોય તે પણ આવા સંજોગોમાં નિષ્ફળ બને તો અત્યારે તો મોટા ભાગના સામાન્ય કોટીથી પણ ઉતરતા છે તેમનું શું ગજું?

અમલદારો અને કર્મચારીઓના એથી પણ બૂરા હાલ છે. મંત્રીમંડળોમાં પલટા થાય તો પણ અમલદાર વર્ગ Civil Service, સ્થિર, કુશળ અને બાહોશ હોય તો તંત્રને બહુ આંચ ન આવે. ફ્રાંસનો આ અનુભવ છે. પણ અત્યારે અમલદારોમાં મોટો ફફડાટ છે. આડેધડ મોટી સંખ્યામાં ફેરબદલીઓ થાય છે, ફરજિયાત નિવૃત્તિ અપાય છે, બરતરફ કરવામાં આવે છે. કેન્દ્રમાં અને રાજ્યોમાં આ રોગ ફેલાયો છે. એર ઈન્ડિયાના પાંચ ઉચ્ચ અધિકારીઓને હમણાં રાતોરાત બરતરફ કર્યા તે આશ્ચર્યજનક ઘટના છે. હવે તેમને પાછા લેવાની વાત થાય છે. પ્રધાન બનવા અથવા મોટા હોદ્દા ઉપર રહેવા ઈન્દિરા ગાંધી પ્રત્યે અનન્ય વફાદારી એકમાત્ર લાયકાત છે.

ઈન્દિરા ગાંધીની અપ્રતિમ સત્તા સ્થાપવા અને એક માત્ર નેતા રહેવા, આ માર્ગ છે. કોઈ શકિતશાળી કે સ્વતંત્ર વ્યકિતને લેવી નહિ કે ટકવા દેવી નહિ.

કોંગ્રેસશાસિત રાજ્યોમાં આ હાલ છે તો બિન કોંગ્રેસી રાજ્યોમાં શું હાલ છે? તેમને ઉથલાવવા બધા પ્રયત્નો ચાલુ છે. પશ્ચિમ બંગાળ, કેરળ, જમ્મુ-કાશ્મીર દરેક રાજ્યમાં કોંગ્રેસ-આઈ, વિરોધનો વંટોળ પેદા કરે છે. તોફાનો કરાવે છે. અમારે કોઈ રાજ્યને ઉથલાવવું નથી એવી નીતિ જાહેર થાય છે; પણ વર્તન તેથી જુદું જ છે. પશ્ચિમ બંગાળમાં મોટા પાયા ઉપર કોંગ્રેસ-આઈના સભ્યોએ તોફાનો કર્યાં. કેરળમાં કેટલાય રાજકીય ખૂનો થયાં. જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સંઘર્ષ વધતો જાય છે. આ કોઈ રાજ્યનું તંત્ર સારું છે એમ કહેવાની મારી મતલબ નથી, પણ કોંગ્રેસ-આઈ તેની મુસીબતો વધારે છે, એટલું જ કહેવાનું છે.

વિરોધ પક્ષો વધારે છિન્નભિન્ન થતા જાય છે તેથી વધારે બિનજવાબદાર થાય છે. પાર્લામેન્ટ કે ધારાસભાઓમાં ધમપછાડા કરવા સિવાય તેમને કોઈ બીજું કાંઈ સૂઝતું નથી. કોઈની પ્રતિષ્ઠા નથી. ઈન્દિરા ગાંધીએ વિરોધ પક્ષોની ચિંતા કરવાનું કોઈ કારણ નથી.

વણસતી પરિસ્થિતિને પહોંચી વળવા અથવા તેમાંથી પ્રજાનું ધ્યાન બીજી દિશામાં દોરવા એક તરકીબ અજમાવાય છે. ઈન્દિરા ગાંધીનો જાન જોખમમાં છે એવી હવા ઊભી કરવી. એર ઈન્ડિયાના પ્લેનના ભાંગફોડની ઘટનાને જે સ્વરૂપ આપવામાં આવ્યું છે તેમાં કોઈને વિશ્વાસ પડતો નથી. એર-ઈન્ડિયાના ચેરમેન રઘુરાજ અને ગૃહમંત્રી ઝૈલસિંહની વધારે પડતી વફાદારી અથવા બિન-આવડતનું આ પરિણામ છે કે યોજનાપૂર્વક ઉપજાવેલ ઘટના છે તે કહેવું મુશ્કેલ છે, પણ વાત આટલેથી અટકતી નથી. રાજીવ ગાંધીનું ખૂન કરવાના પણ પ્રયત્નો થાય છે એવું પણ શોધી કાઢયું અને હવે ખૂબ આતુરતાપૂર્વક રાહ જોવડાવ્યા પછી અને જાણે ભારે દબાણથી અને લોકોની મોટી માગણીથી થતું હોય તેમ રાજીવ ગાંધી રાજકારણમાં

પ્રવેશે છે. લોકોને હવે ભય રાખવાનું કારણ નથી. ઈન્દિરા ગાંધીના અનુગામી તૈયાર થાય છે.

રાજકીય પરિસ્થિતિ આવી છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેથી પણ ગંભીર છે. ચારે તરફ તોફાનો અને લૂંટફાટ, ખૂનો, બળાત્કારો ફાટી નીકળ્યાં છે. હિંસાનો જ્વાળામુખી ફાટયો છે. પોલીસના અત્યાચારો માઝા મૂકે છે. બિહારમાં કેદીઓની આંખો ફોડી તેની લોહા થોડો વખત થઈ છતાં ગુનેગાર પોલીસને કાંઈ આંચ આવી નહિ. આસામ અને ગુજરાતમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. અલીગઢ, બિહારશરીફ, ધૂંધવાતા દાવાનળનાં ચિહ્નો છે. શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ વખતોવખત અને લાંબા સમય બંધ રહે છે. વિદ્યાર્થીઓ મરણિયા થયા હોય તેવું લાગે. અસામાજિક તત્ત્વોનું જોર બધે વધતું જાય છે.

બીજી તરફ ન્યાયતંત્ર અને સરકાર વચ્ચેની તંગદિલી વધતી જાય છે. ન્યાયતંત્ર ઉપર પ્રહારો ચાલુ છે. પાર્લામેન્ટમાં કોંગ્રેસ-આઈના સભ્યો વરિષ્ઠ અદાલતની ઉપર ઉગ્ર પ્રહારો કરે છે. ન્યાયાધીશો ઉપર પણ આની અસર થઈ હોય તેવું લાગે છે. તેમાં સરકાર વિરોધી વલણ વધતું જાય છે. એલ.આઈ.સી.ના બોનસ પ્રશ્ન ઉપર સુપ્રીમ કોર્ટે જે વલણ લીધું તે વિચાર કરતા કરી મૂકે તેવું છે. સરકારી વલણના પ્રત્યાઘાતરૂપે લાગે. વધારાના અને નવા નીમાતા જજો પાસેથી જે પ્રકારની બાંયધરી માગવામાં આવે છે અને અપાય છે તેથી ન્યાયતંત્રનું ધોરણ નીચું જશે એવો ભય અસ્થાને નથી. છેવટે જજો પણ માણસ છે, તેમને પણ કુટુંબ છે. પરિણામે, તેમની સ્વતંત્રતા જોખમાય તેમાં સરકારી આપખુદી સામેનો એક સ્તંભ નબળો થાય.

વર્તમાનપત્રો ઉપર આક્રમણ ચાલુ છે. ન્યુઝપ્રિન્ટ ઉપર ૧૫ ટકા જેવી ભારે જકાત નાખી, કમરતોડ બોજો નાખ્યો છે. પાલેકર પંચનો બોજો પણ ભારે છે. સરકારી જાહેરખબર વર્તમાન-પત્રોનો મોટો આધાર છે.

આર્થિક પરિસ્થિતિ લગાતાર વણસતી રહી છે. મોંઘવારી, ફુગાવો, બેકારી, એકધારાં વધતાં રહ્યાં છે. શહેરોમાં સંગઠિત મજૂર સંઘો અને સરકારી નોકરો મોટા પગારો અને મોંઘવારી ભથ્થાં મેળવે છે. ખેડૂતો વાજબી ભાવ મેળવવા આંદોલન જગાવે છે. આ બધું ફુગાવામાં અને મોંઘવારીમાં વધારો કરે છે. વ્યાપારી, ઉદ્યોગપતિ, વકીલ, ડોકટર અને અન્ય વર્ગો ગમે તે રીતે મોટી કમાણી કરે તેની ઈર્ષ્યા અન્ય વર્ગોમાં થાય તે સ્વાભાવિક છે. ફુગાવો અને મોંઘવારી ઘટાડવા હોય તો આવક અને મિલકતની મર્યાદા બાંધવી જ પડે. આ સરકાર આવું કાંઈ વિચારે તેમ નથી.

કાળાં નાણાંનું પાપ માફ કરવા બેરર બોન્ડ કાઢયા તેને પણ સફળતા ન મળી. કાળાં નાણાંનો ભરડો સમગ્ર જીવનને વ્યાપી ગયો છે અને ભરખી જશે. આર્થિક અસમાનતાની ખીણ ઊંડી થતી જાય છે. કરચોરી, દાણચોરી, નફાખોરીથી ચારે તરફ લૂંટ ચાલી છે. રાજકારણી વ્યક્તિઓનો તેમાં ફાળો છે. ભ્રષ્ટાચાર રગેરગમાં વ્યાપી ગયો છે. આર્થિક પ્રશ્નો પ્રત્યે ઈન્દિરા ગાંધીનું લક્ષ સદા આછું રહ્યું છે. તેમને કોઈ વિશિષ્ટ આર્થિક નીતિ છે જ નહિ. સમાજવાદ કે ગરીબી હટાવની તેમની વાતો સદંતર પોકળ છે. તેમની બધી કુશળતા રાજકીય શતરંજ ખેલવામાં અને સત્તા પ્રાપ્ત કરવામાં જ રહી છે.

અનામત વિરોધી આંદોલને નવો વર્ગવિગ્રહ પેદા કર્યો છે. તે દેશવ્યાપી છે અને વધશે. સરકારી નોકરીઓમાં અને શિક્ષણ સંસ્થાઓમાં આ અસંતોષ ફાટી નીકળશે. ઈન્દિરા ગાંધી પ્રશ્નોનો નિકાલ કરવાને બદલે, તેને દાબી દેવામાં જ માનતાં હોય તેમ લાગે છે.

વિદેશી પરિસ્થિતિ પણ વિકટ છે. પાકિસ્તાન, બંગલાદેશ, ચીન, અમેરિકા, આપણી વિરુદ્ધ છે. આણ્વશસ્ત્રો અને બીજાં શસ્ત્રો ચારે તરફ ખડકાતા જાય છે. આપણે, અનિચ્છાએ પણ, રશિયા ઉપર વધારે આધાર રાખવો પડે એવું થયું છે. ઈન્દિરા ગાંધી યુદ્ધનો ભય બતાવે છે તે તદ્દન બિનપાયાદાર છે એમ કહી શકાય તેમ નથી. ઈન્દિરા ગાંધી પોતાના હેતુ માટે કહેતાં હોય તો પણ વાસ્તવિકતાની અવગણના થાય તેમ નથી. દુનિયા યુદ્ધ તરફ ધસડાતી હોય તેવું લાગે છે. આપણે તેમાંથી બચી શકીએ નહિ. આવા સમયે બધા મતભેદો ભૂલી રાષ્ટ્રીય એકતા અને સલામતીનો વિચાર કરવો જોઈએ. દુર્ભાગ્યે તેનો આપણામાં સદંતર અભાવ છે.

નૈતિકતાની વાત કરવી વિડંબના છે. કોઈ વર્ગ અધઃપતનથી મુકત નથી. Crisis of Character શબ્દ બહુ ઘસાઈ ગયે છે પણ વધારે યથાર્થ બનતો જાય છે.

ખરેખર, દેશ એક મોટી કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. છૂપી ક્રાન્તિ થઈ રહી છે તેનો આપણને ખ્યાલ નથી. કેટલાક માને છે કે હિંસક ક્રાન્તિ અનિવાર્ય છે. આપણા કાબૂ બહારનાં પરિબળો પ્રજાજીવનને ઘેરી રહ્યા છે. અન્ય દેશોમાં પણ આવા જ હાલ છે એવું ખોટું આશ્વાસન લઈ, હતાશ થઈ બેસી જવામાં કાયરતા છે. છતાં કઠોર વાસ્તવિકતાની અવગણના થાય તેમ નથી. માત્ર ઈન્દિરા ગાંધી કે રાજકીય વ્યક્તિઓને જ દોષ દેવાથી, આપણા પોતાના દોષ ઢાંકી શકાતા નથી. સમગ્ર પ્રજાજીવનની આ કટોકટી છે.

"પ્રેમળ જ્યોતિ"

પ્રેમળ જ્યોતિના કામનો વ્યાપ વધતો જાય છે તેમ ભેટની રકમોની પણ સરવાણી ચાલુ રહે છે તે આનંદની વાત છે.

નવી રકમો નીચે પ્રમાણે મળી છે, તે સૌનો અમો અંતઃકરણ-પૂર્વક આભાર માનીએ છીએ.

રૂ.

૧૧૧૧/- એક દંપતી તરફથી
૫૦૦/- સૂરજબાઈ મહેતા ટ્રસ્ટ હા. સુખલાલ મનસુખલાલ મહેતા
૪૦૦/- શ્રી હરજીવનભાઈ ટીંબડિયા
૨૦૧/- સ્વ. ચંપાબહેન મથુરાદાસ ચોકસી
૧૦૦/- લીલા ભુવનના ભાડૂતો (સાયન)
૬૧/- શ્રી વ્રજલાલ મોહનલાલ ખંધાર
૫૧/- રસિકલાલ કે. સંઘવી
૫૧/- પ્રકાશભાઈ ગાંધી

૨૪૭૫/-

દાદર સ્કૂલ ફોર ધ બ્લાઇન્ડ માટે મળેલી રકમ

૨૪૦૦/– શ્રીમતી આશિતાબહેન શેઠ
૧૧૦૦/– પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિમાંથી
૯૦૦/– મેસર્સ મહાવીર બ્રધર્સ
૯૦૦/– મેસર્સ સી. કે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦/– શ્રીમતી મંજુલાબહેન ચીમનલાલ જે. શાહ
૬૦૦/– શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
૩૦૦/– શ્રીમતી શાન્તાબહેન ચંદુલાલ શ્રોફ
૩૦૦/– શ્રીમતી પ્રભાબહેન જ. મજમુદાર
૩૦૦/– મેસર્સ શાન્તિ ટ્રેડર્સ
૩૦૦/– મેસર્સ આર. શાન્તિલાલની કું.
૩૦૦/– શ્રી દામજીભાઈ વેલજી શાહ
૩૦૦/– શ્રીમતી સવિતાબહેન કે. પી. શાહ
૩૦૦/– શ્રીમતી કેશરબહેન દેઢિયા
૩૦૦/– શ્રીમતી મંજુલાબહેન ધનસુખભાઈ શાહ
૩૦૦/– શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ

૯૬૦૦/–

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં છેલ્લે પાને જે અહેવાલ પ્રગટ થયો છે તે દાદર સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ માટે અમારી અપીલને માન આપીને ઉપરની નામાવલિ મુજબ જે જે વ્યક્તિઓએ રકમો મોકલી છે તે સૌના અમો આભારી છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

અરીસાના ખંડ ખંડમાં પડતા શ્યામના પ્રતિબિંબની જેમ સૃષ્ટિના પદાર્થમાત્રમાં, પ્રાણીમાત્રમાં ઘનશ્યામનું પ્રતિબિંબ છે.

ગીતાના સાતમા અધ્યાયમાં (શ્લો. ૩થી ૧૧) સંક્ષિપ્તમાં વર્ણવેલી ઈશ્વરની વિભૂતિઓનું ગીતાના દસમા અધ્યાયમાં અર્થાત વિભૂતિયોગમાં વિસ્તારથી વર્ણન છે. વિભૂતિયોગ પહેલાના નવમા અધ્યાયમાં ભક્તિયોગ વર્ણવ્યો છે. વિભૂતિયોગનો આરંભ કરતાં પહેલાં નવમા અધ્યાયના અંતિમ શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે –

"મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ.
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણ."

મારામાં મન રાખ, મારો ભક્ત થા, મારુ પૂજન કર. મને નમસ્કાર કર. એ પ્રકારે મારે શરણે રહી અંત:કરણ મારામાં જોડી તું મને જ પામીશ.

આ શ્લોકમાં વંદનભક્તિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આપણે નમસ્કાર અન્ય કોઈ મુદ્રામાં નહીં અને બે હાથ જોડીને જ કરીએ છીએ, શા માટે? આપણી હથેળીમાં બિલકુલ વાળ નથી. બે હાથ જોડતાં વચમાં વાળ પણ નથી આવતા. નમસ્કાર એક પ્રતીક છે, આત્મા અને પરમાત્માના અદ્વૈત સંબંધનું. જીવ અને શિવના મિલન આડે સ્થૂળ વાળ કે સૂક્ષ્મ અહંકાર જેવા કોઈ અંતરાય ન ઘટે.

નમસ્કારની વાત કરતાં નરસિંહ મહેતાની પંકિત યાદ આવે છે, 'સકળ લોકમાં સહુને વંદે.' ભાગવત પણ એ જ કહે છે, 'યત્કિંચ ભૂતં પ્રણમેદનન્ય:' અર્થાત્ પ્રાણીમાત્ર ઈશ્વરથી ભિન્ન નથી એ ભાવથી પ્રણામ કરો. સચરાચર કૃષ્ણવિષ્ણુની દિવ્ય વિભૂતિ છે એવો બુદ્ધિયોગ જેને પ્રાપ્ત થાય તે જ સહુને વંદન કરી શકે.

નિસર્ગના બહુવિધ તત્ત્વોને આર્યોએ ભક્તિભાવથી નમસ્કાર કર્યા છે. આત્મૌપમ્યથી તેમાં ઈશ્વરનાં દર્શન કર્યાં છે. 'વિષ્ણુપત્ની નમસ્તુભ્યં' કહી ભૂતધાત્રી ધરિત્રીની વંદના-અર્ચના કરી છે, શાલિગ્રામ જેવા પત્થરમાં વિષ્ણુને નીરખ્યા છે. સરિતામાં માતાનાં દર્શન કર્યાં છે તો અગ્નિમાં પિતાના. ('સ ન: પિતેવ સૂનવે' ઋગ્વેદ ૧.૧.૯) દીપજ્યોતિમાં આત્મજ્યોતિ લહી છે તો અશ્વત્થમાં પરબ્રહ્મને નિહાળ્યો છે. 'અગ્રત: શિવરૂપાય અશ્વત્થાય નમો નમ:'

રામાયણમાં નર-વાનરની મૈત્રીનો મહિમા છે, કૃષ્ણની ગો-ભક્તિ સુપ્રસિદ્ધ છે તો યુદ્ધિષ્ઠિરની કૂતરા પ્રત્યેની નિષ્ઠા હૃદયસ્પર્શી છે.

ચર, અચર, જલચર, થલચર, નભચર, સ્થાવર-જંગમ, જડ-ચેતન, જળ, સ્થળ, દળ, વાદળ, વન્યકુંજ, તરુપુંજ કે ગિરિશૃંગ સર્વત્ર સૌને વિરાટ પુરુષનું વિશ્વરૂપ માનીને આર્યોએ ભક્તિભાવથી નમસ્કાર કર્યા છે. ભૂતમાત્રમાં ઈશ્વરની વિભૂતિની અનુભૂતિ જેને થઈ શકે તે જ સકળ લોકમાં સહુને વંદન કરી શકે અને એ રીતે નવમા અધ્યાયના અંતિમ શ્લોકમાં વર્ણવ્યા પ્રમાણે પરબ્રહ્મને પામી શકે.

નવમા અધ્યાયમાં ભક્તિનો અપૂર્વ મહિમા ગાયો છે, તો દસમો અધ્યાય – વિભૂતિયોગ – તેનો લંબાવેલો તંતુ છે. વિભૂતિ-યોગમાં શ્રીકૃષ્ણે કહ્યું છે, "હે અર્જુન, જે મને સતત પ્રીતિપૂર્વક ભજે છે તેને હું બુદ્ધિયોગ આપું છું. તેના અજ્ઞાનનો નાશ જ્ઞાનદીપ વડે કરું છું." (ગીતા ૧૦.૧૦, ૧૧) આના અનુસંધાનમાં અર્જુન પૂછે છે, "હે કૃષ્ણ! કયા કયા પદાર્થોમાં મારે તમારું ચિંતવન કરવું જોઈએ?" અર્જુનના આ પ્રશ્નના ઉત્તરમાં ઉપાસ્ય પરમેશ્વરની કેટલીક વિભૂતિઓનું વર્ણન છે.

આમ તો ઈશ્વર પ્રત્યેક વૃક્ષમાં, નદીનાળામાં, પશુ-પક્ષીઓમાં, આયુધોમાં, નર, સુનવર અને મુનિવરમાં વસે છે, છતાં એનું ઐશ્વર્ય, એનું વિભૂતિમત્વ અશ્વત્થમાં, જાહ્નવીમાં, ઐરાવતમાં, વૈનતેયમાં, વજ્રમાં, અર્જુનમાં, વ્યાસ વગેરેમાં વિશેષ રૂપમાં થાય છે. આ કેવી રીતે? એક ઉદાહરણ લઈએ.

નવમા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં શ્રીકૃષ્ણે કહ્યું છે, જેમ સર્વ દિશાઓમાં ગતિ કરનાર વાયુ નિત્ય આકાશમાં રહે છે તેમ ભૂતમાત્ર મારામાં વસેલા છે. વાયુ નિત્ય છે, સર્વત્રગ છે, વાયુ નરી આંખે દેખાતો નથી છતાં કેટલેક ઠેકાણે વિશેષ રૂપમાં એની અનુભૂતિ થાય છે. ઉદાહરણત: વૃક્ષોના કંપનમાં. વાયુ આવા સ્થળે અનુદ્‌ભૂતમાંથી ઉદ્‌ભૂત બને છે. વાયુની જેમ અવ્યકત હોવા છતાં ઈશ્વરનું ઐશ્વર્ય સ્થળે સ્થળે આવિર્ભાવ પામે છે. ઈશ્વર સર્વત્ર છે, ભૂતમાત્રમાં તેનો વાસ છે છતાં વાયુના વૃક્ષાદિ કંપનની જેમ વિશેષ રૂપમાં એની અનુભૂતિ જ્યાં જ્યાં થાય તે તે તેની વિભૂતિ કહેવાય.

વિભૂતિ એ યોગ કેવી રીતે? સમત્વને યોગ કીધો છે. 'સમત્વં યોગ ઉચ્યતે.' (ગીતા ૨.૪૮) યોગી એ જ છે જે ભૂતમાત્રમાં આત્મ-દર્શન કરી શકે. વિદ્યાવિનયસંપન્ન બ્રાહ્મણ હોય, ગાય હોય, હાથી હોય, બિલાડી હોય, ચાંડાળ હોય, પંડિત સર્વત્ર સમદર્શી જ હોય છે.

"વિદ્યાવિનય સંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ.
શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતા: સમદર્શિન:."
(ગીતા ૫.૧૮)

પંડિત કહેવાય કોને? 'સદા સર્વત્ર બ્રહ્મદર્શનં હિ પાંડિત્યમ' જે સદા સર્વત્ર સૌમાં પરબ્રહ્મને નિહાળી શકે તે જ પંડિત.

ઈશ્વરનું વિભૂતિમત્વ સર્વત્ર સૌમાં એક સમાન છે. પછી એ વ્યાસજી, કપિલ, ઉશના કવિ, નારદ, ભૃગુ જેવા વિભૂતિયોગમાં વર્ણવેલા વિદ્યાવિનયસંપન્ન દ્વિજવર કે મુનિવર હોય. વાસવ, આદિત્ય, વિષ્ણુ, શિવ જેવા સુરવર હોય, ત્રૈવર્ણિક હોય કે વર્ણાધમ ચાંડાલ હોય, કામધેનુ, ઐરાવત, મકર કે બિલાડી જેવા પશુ હોય, વજ્ર જેવા આયુધ હોય, જડ હોય કે ચેતન, નાનાં હોય કે મોટાં, ઊંચ હોય કે નીચ, ઈશ્વરનું ઐશ્વર્ય સર્વત્ર એકસરખું આવિર્ભાવ પામેલું છે.

તેથી જ તો ગીતામાં કહ્યું છે, જેમનું મન સમત્વમાં સ્થિત છે તે સમદર્શી પુરુષોએ અહીં જ સંસાર જીત્યો છે કારણ કે બ્રહ્મ નિર્દોષ અને સમ છે તેથી તેઓ બ્રહ્મમાં સ્થિત છે.

"ઇહૈવ તૈર્જિત: સર્ગો યેષાં સામ્યે સ્થિતં મન:
નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્‌બ્રહ્મણિ તે સ્થિતા:"
(ગીતા ૫.૧૯)

પ્રાણીમાત્ર ઈશ્વરનું પ્રેમનિકેતન છે. પ્રત્યેક પ્રાણી અને પદાર્થ પરમાત્માની શકિત ઉપર એક અમર ભાષ્ય છે. એવું કયું પ્રાણી છે જેમાં ઈશ્વરનું નૂર વહેતું નથી? આવો બુદ્ધિયોગ, આવી અનોખી દૃષ્ટિ સાંપડે, તે દૃષ્ટિ વડે પ્રાણીમાત્રમાં બિરાજેલા વિશ્વાત્માના, એના વિભૂતિમત્વનાં દર્શન કરવાની શકિત પ્રાપ્ત થાય ત્યારે જ માનવી વેરઝેર વીસરે, મારા-તારાથી પર બને. સમતાનું મૂલ્ય જે સમજે છે તે જ જગતને આશીર્વાદરૂપ બને છે. સમતા લોકશાહીનું પાયાનું અંગ છે. વિશ્વમાનવ બનવાનું, વિશ્વશાંતિ સ્થાપવાનું કે વિશ્વરૂપદર્શન કરવાનું પ્રથમ સોપાન છે.

ભૂતમાત્ર પરમાત્માની ઈચ્છાનું, તેના સંકલ્પનું, તેના અમાપ વૈભવનું, ઐશ્વર્યનું, વિભૂતિમત્વનું જ જો સ્વરૂપ છે તો પ્રાણી પ્રાણી નથી, પદાર્થ પદાર્થ નથી, પરંતુ પરમાત્મા છે સમત્વ એ યોગ છે. ભૂતમાત્રને સમદૃષ્ટિથી નિહાળવાનો બુદ્ધિયોગ પ્રાપ્ત થાય તો વિભૂતિનો પણ યોગ જ બને.

ઉત્તર ધ્રુવનો રસિક ઈતિહાસ

☐ ચંદ્રવદન ચી. મહેતા

'ઉત્તર ધ્રુવની શોધસફર' એ 'એવરેસ્ટનું આરોહણ'ના લેખક ડા. રમણલાલ ચી. શાહનું આ ક્ષેત્રમાં બીજું પુસ્તક છે. ધર્મ, તત્ત્વજ્ઞાન ઉપરાંત સંપાદનો, જીવનચરિત્રો, એકાંકીના ક્ષેત્રમાંનાં પુસ્તકો ઉપરાંત આ પુસ્તક એક અનન્ય અને અદ્‌ભુત સાહસિક અને મરણિયા સંશોધકોના જીવસટોસટના ખેલ કરનારાઓના અથાક પરિશ્રમને અંજલિરૂપ પણ છે. પ્રત્યેક લગ્નપ્રસંગે વરવહુ ધ્રુવનો તારો તો માહયરામાંથી ઊંચે નજર કરી મનમાં કલ્પી લઈ અથવા કલ્પ્યા વિના જુએ જ છે. બ્રાહ્મણો જોવાનો-ધ્રુવના તારાના દર્શન કરાવવાનો- ચાળો તો કરાવે જ છે, પણ એ તારાનો ઈલાકો, ઉત્તર ધ્રુવનો પ્રદેશ જોવાને કોઈ ગુજરાતીને મહેચ્છા થતી નથી. થઈ નથી. દશબાર રડ્યાખડ્યા એવા વટેમાર્ગુઓ હશે – તે એ પ્રદેશમાં અરોરા બોરાલિયા (Aurora Borealis) ની, સૂર્યોદયની અદ્‌ભુત સુરખિની ઝાંખી કરનારા દશપાંચ-ઉત્તર ધ્રુવના બિન્દુ ઉપર પગ માંડનારા કોઈ ગુજરાતી નહીં મળે; પણ પૃથ્વી પર ઈટાલીથી માંડી નોર્વે-સ્વિડન, ડેનમાર્ક, બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા કંઈક રખડુ શોખીનો આ ઉત્તર ધ્રુવનો પ્રદેશ શો છે, કેવો છે, જમીન છે ખરી કે માત્ર હિમભૂમિ જ છે, ત્યાં માંકડ, મચ્છર, ઉંદર, બિલાડી, કૂતરા, સિંહ, માછલાં વગેરે વિવિધ પ્રકારનાં પ્રાણીઓ જન્મે છે, જીવે છે– અને જન્મે છે તો જીવે છે શી રીતે એ જાણવા દોડ્યા દોડ્યા ગયા છે; જૂથ લઈને ગયા છે. ત્યાં હરાયફરાય, રહેવાય, જીવાય એ જાણવા કંઈક સાહસવીરો ઊમટ્યા છે. એ બધાંનો આ પુસ્તકમાં રસિક ઈતિહાસ આલેખવામાં આવ્યો છે.

કોઈ સામાન્ય માણસને આ વાંચવામાં રસ નહીં પડે. વેપારી, નોકરિયાત, ધંધાદારી આવાં પુસ્તકો હાથમાં જ નહીં લે, પણ સાચો જિજ્ઞાસુ વિદ્યાર્થી આવા પુસ્તક પ્રત્યે નજર દોડાવશે, દોડાવવી જોઈએ.

વાઈકિંગ, લાપ, એસ્કિમો પ્રજા વિશે આજે આપણે કંઈનું કંઈ સાંભળતા થયા છીએ. ઈ. સ. પૂર્વે બસો વર્ષ પહેલાં પાઈથિયસથી માંડી ગઈકાલ સુધી આ દિશામાં હિન્દુસ્તાન, ચીન, જાપાન, અરબસ્તાન, આફ્રિકા સિવાયના પ્રજાજનોએ પૈસા ખરચી, બુદ્ધિ લડાવી આ ઉત્તર ધ્રુવનો પ્રદેશ જાણવા વર્ષોનાં વર્ષો જાતમહેનત કરી મથામણ કરી છે. ડૉ. રમણભાઈ શાહે પ્રવાસ ખેડી જાણ્યો છે. એનું મહત્ત્વ પ્રમાણ્યું છે. એને પરિણામે આ પુસ્તકમાં એક નહીં પણ અનેક પુસ્તકોનો આધાર લઈ, નક્કર હકીકતો તારવી, ત્યાંની પ્રજાના રીતરિવાજોથી માંડી ઉત્તર દિશામાં શરૂઆતમાં પહોંચેલા પ્રવાસીઓ, ત્યાંની હિમસપાટીમાં ખૂંપી ગયેલા સાહસિકો, હોડી, મનવાર, બલૂન, વગેરે સાધનો મારફત નિશ્ચિત કરેલા માર્ગે અક્ષાંશ-રેખાંશ, જળ-થળ, હિમગિરિમાળા અને એ ભૂ તથા ભોમના ગર્ભમાં રહેલી સામગ્રી, ચોનો અંદાજ કાઢનારા વૈજ્ઞાનિકો સંબંધી અનેક માહિતીથી ભરપૂર એવો રોચક શૈલીમાં આ ગ્રંથ લખ્યો છે.

આલબત્તા, મોટા ભાગનો ઉત્તર ધ્રુવ પ્રદેશ આજે માનવીએ પ્રમાણ્યો છે, પરંતુ એનાં હવામાન તથા ઋતુસંધાન સિવાય ભૂગર્ભની સંપત્તિ હજુ ઘણી જાણવી બાકી છે. સ્વતંત્ર ભારતના નાવિકો જાવા જતા હતા. પરિયાંના પરિયાં ખાય એટલું ધન લાવતા હતા. પણ ડેનમાર્કથી મોસ્કો જઈ, ત્યાં રહી, ત્યાંનો નિવાસી બની બેરિંગ, બેરિંગની સામુદ્રધુનિ શોધવા ઊપડ્યો, ત્યાં દટાયો. ત્યાર બાદ આજે અમેરિકામાં સાનફ્રાંસિસ્કો જેવા શહેરમાં કિલ્લો બાંધી, બીજા પ્રવાસીઓને માર્ગ ચીંધી આપ્યો. અલાસ્કા જેવો પ્રદેશ રશિયાને ખાતે નોંધાવી શક્યો, નસીબ! નહીં તે આખો પ્રદેશ પાણીને મૂલે અમેરિકાને વેચ્યો કે તરત સરોવરને કાંઠડે સોનાની પાટો ચળકતી જોવા-લેવા મળી. આવું આવું, અનેક નવલકથાઓમાં પણ ન મળે એવું રસપૂર્ણ બયાન-સાહિત્ય જાણવા આવા પુસ્તકને આપણે વધાવી લેવું જોઈએ. એટલું જ નહીં પણ પ્રત્યેક શાળામાં, હવે જ્યાં અંગ્રેજી ભાષા શીખવવી એ પાપ ગણાવા માંડ્યું છે તેવી શાળાઓમાં, વિદ્યાર્થીઓ હોંસે હોંસે આ પુસ્તક વાંચતા થાય એવી યોજના ઘડાવી જોઈએ. લગભગ પોણાચારસો પાનાંના આ પુસ્તકમાં ઘટિત ફોટાઓ પણ છે. ક્યાંક નકશાઓ પણ છે. વાંચતા 'થ્રીલ' થાય તો જુવાનિયાઓને ઉત્તર ધ્રુવ પગથાર ખૂંદવા જવા આજે પૂરતી સગવડો પણ મળી રહે છે. રાઉન્ડ ધ વર્લ્ડ પંદરેક હજારમાં ટ્રીપ કરનારા એક જ જાતની હોટેલો, એક જ જાતનાં ચા-પીણાં, સુપ, બટાટા વગેરે ખોરાક લઈ ઝપાટાબંધ જોઈ પાછા આવે છે. એટલા જ ખર્ચમાં ઉત્તર ધ્રુવનો પગથાર મધ્યબિન્દુથી બસો સવાબસો માઈલ દૂર હિમ પગથાર પર ચાલી રહી, બરાબર ટાંકણું સાધી ઊપડો તો પાંચસાત મિનિટનું અરૂંપરૂં પ્રભાત નહીં, પણ છસાત દિવસ લંબાતું ચાલે એવું ડૉન (Dawn) પરોઢ જોવાનો લ્હાવો મળે. કુમળો સૂરજ જે રીતે એ ઉષાકમળમાં ખીલે છે, રંગબેરંગી લીલા ખીલવે છે, એ જોવાનો પ્રસંગ સાધો તો જિંદગીમાં કદી નહીં ભુલાય એવો અનુભવ મેળવી શકશો. લેખકને અભિનંદન. અનેક રીતે અભિનંદન. અનેકગણા અભિનંદન.

વિભૂતિયોગ (ગીતા અ. ૧૦)

☐ હેમાંગિની જાઈ

એક હતો નાનો છોકરો. નામ તેનું શ્યામ. એના હાથમાં અરીસો હતો, જેમાં તેનું પ્રતિબિંબ પડતું હતું. તેને એ અનિમેષ નયને નિહાળતો હતો. ત્યાં તો ... એના હાથમાંથી અરીસો પડી ગયો. એની માતાને ચિંતા થઈ કે મારા લાલને વાગ્યું તો નથી ને? એના પિતાને દીકરાને વાગ્યું કે કેમ તેના કરતાં અરીસો તૂટ્યાની નુકસાનીનો ગુસ્સો હતો. જ્યારે બાળકના પ્રતિભાવ કેવા હતા? ન તો એને માતાની ચિંતાની ખેવના હતી, ન તો પિતાના ક્રોધની. એ તો પહેલાં કરતાં વધુ ખુશખુશાલ હતો. એનો પ્રતિભાવ એકાએક સમજાય તેવો ન હતો. ત્યાં તો શ્યામ આનંદથી પોકારી ઊઠ્યો, "જુઓને, જરા જુઓ તો ખરા, એકને બદલે અનેક શ્યામ!"

અરીસો અખંડ હતો ત્યારે શ્યામનું એક જ પ્રતિબિંબ તેમાં પડતું હતું. તે જ અરીસાના ખંડ ખંડ થઈ ગયા તો તેના પ્રત્યેક ખંડમાં પણ શ્યામને પોતાનું પ્રતિબિંબ દેખાતું હતું એટલે એને તો જોવાની ગમ્મત પડી ગઈ.

આ પ્રક્રિયા નિહાળતાં 'એકોહં બહુશ્યામ' કે 'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ' એ વેદ-વેદાંતમાંનું સત્ય સોદાહરણ સમજાઈ ગયું. 'અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્' (ગીતા ૧૩, ૧૬) ઈશ્વર અવિભક્ત હોવા છતાં ભૂતમાત્રમાં વિભક્ત બનીને કેવી રીતે રહે છે તે આ નાનકડા પ્રસંગથી સમજાઈ ગયું. અખિલ બ્રહ્માંડના ખિલખિલમાં ઈશ્વરની વિભૂતિઓની અનુભૂતિ છે.

શાંતિ અને એકતા

☐ ડૉ. દિગ્વાવરસિંહ જાડેજા

જગતની અંદર એકતાનું સૂત્ર રહેલું છે. જગત આવી એકતાથી, જો કે, સભાન નથી તેથી જગતને અની આંતરિક એકતાથી સભાન કરવાનું છે. એ એકતા પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાની શુભ ઘડી હવે આવી પહોંચી છે. એક નવા ચૈતન્યનો–પ્રકાશનો–જગતમાં આવિર્ભાવ થયો છે. પોતાની એકતાથી જગત સભાન બને એવી શકિત હવે એની પાસે છે.

શ્રી માતાજીએ ઉપરના મતલબનું એક કથન કર્યું છે. વિજ્ઞાન અને યંત્ર-વિજ્ઞાનની સહાયથી દુનિયાના દેશો વચ્ચેનું ભૌતિક અંતર ઘટેલું છે. બીજી બાજુએથી, એ જ વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાન એક દેશ અને બીજા દેશ વચ્ચે સંઘર્ષનું નિમિત્ત બની રહેલ છે. દેશ અને દુનિયામાં પ્રસંગોપાત્ અથડામણો થયા કરે છે. કુદરતી પર્યાવરણમાં માનવની દખલગીરીની માત્રા વધી રહી છે. દેશોના વ્યવહારમાં સંકુચિત અને સ્વાર્થલક્ષી અભિગમ વખતોવખત જણાઈ આવે છે. આપણે આજે જીવી રહ્યા છીએ જેટયુગમાં, પરંતુ આપણો વ્યવહાર પથ્થરયુગના માણસને અનુરૂપ જણાય એવો વિસંવાદી છે. શ્રી માતાજીએ નિર્દેશેલા નવા ચૈતન્ય–નવશકિતના આવિર્ભાવના પ્રસારમાં માનવજાતિ ઈષ્ટ સહકાર આપી રહી હોય તેવું જણાતું નથી. માણસે વિકાસના હાલના તબક્કે અહંકેન્દ્રિતતા અને સ્વાર્થલક્ષિતાના વર્તુળમાંથી બહાર નીકળવું જ રહ્યું.

માનવસંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરા તેથી જ આત્મ-વિસ્તૃતીકરણ અને સ્વાર્થશીલતાની પર જવા પરત્વે સતત ભાર મૂકી રહેલ છે. આપણી પ્રવૃત્તિનું, લાગણીનું તેમ જ દૃષ્ટિબિંદુનું ફલક આપણે વિસ્તૃત કરતા રહેવાનું છે. 'સ્વ'માંથી 'સર્વ' તરફ આપણે જવાનું છે. વિરાટ વિશ્વ સાથે એકતાની અનુભૂતિ આપણે કેળવવાની છે. વૈશ્વિક જીવનના એક ભાગરૂપે વ્યકિત–જીવનને જોતાં શીખવાનું છે. બિંદુ પણ સિંધુનો જ ભાગ છે. વૈશ્વિક દિવ્યતાનો મનુષ્ય એક અંશ છે. આવી અનુભૂતિ, આવો વૈશ્વિક સંદર્ભ, હાલના માનવજીવનમાં દેખાતી વિસંવાદિતાને દૂર કરી શકે.

મનુષ્યની સામાજિક, આર્થિક, રાજકીય ધાર્મિક ઈત્યાદિ સમસ્યાઓનું સ્વરૂપ આજે જાગતિક બની ગયું છે. આ જાગતિક સમસ્યાઓનો ઉકેલ જાગતિક દૃષ્ટિબિંદુની અપેક્ષા રાખે છે. વ્યકિત-લક્ષિતાને સ્થાને વિચાર, લાગણી અને વ્યવહારને વૈશ્વિકતા તરફ દોરી જવાની આજની જરૂરિયાત છે. સમૂહમાધ્યમો સમગ્ર માનવ-જાતિની અંદર સૂત્રની જેમ પરોવાયેલી એકતાને વારંવાર ઉપસાવતાં રહે તે જરૂરી બની ગયું છે. આવા જાગતિક અભિગમનો આરંભ વ્યકિતથી થાય તે સ્વાભાવિક ગણાવું જોઈએ. આવા જાગતિક અભિગમવાળી વ્યકિતઓના નાના સમૂહો રચાય અને એવા સમૂહો સમષ્ટિપરિવર્તનની દિશામાં કામ કરતા થાય તો ઈષ્ટ પરિવર્તન થઈ શકે.

આવું પરિવર્તન સિદ્ધ કરવા માટે એકી સાથે જુદી જુદી ક્ષાએ પુરુષાર્થ કરવાનો રહેશે. આમાંનું પહેલું અને સૌથી અગત્યનું ક્ષેત્ર શિક્ષણનું છે. સાચા શિક્ષણનો પ્રારંભ કુટુંબમાં થતો હોય છે. વડીલોએ પોતાના વર્તનથી વિશાળ દૃષ્ટિબિંદુ, ઉદાર જીવનસરણી, સહિષ્ણુતા અને નિ:સ્વાર્થ વ્યવહારનો માર્ગ દેખાડતા રહેવું જોઈએ. વિશેષમાં, બાળકને વાર્તાઓ, દૃશ્યસાધનો ઈ.ના માધ્યમ દ્વારા નિર્ભ-યતા, નિ:સ્વાર્થતા અને ખાનદાનીના પાઠ વડીલ, શિક્ષક શીખવી શકે. વળી શાળાના પાઠયક્રમમાં ચારિત્ર્ય-ઘડતરના તત્ત્વને વણી લેવામાં આવ્યું હોય. વૈશ્વિકતાનું સ્પંદન બચપણથી જ વિદ્યાર્થી ઝીલતો થાય એવું શિક્ષણ-સંસ્થાનું વાતાવરણ હોવું ઘટે. કુટુંબમાં સ્ત્રીનું સ્થાન મહત્ત્વનું છે. સ્ત્રીઓના દૃષ્ટિબિંદુમાં વિશાળતા આવે અને સ્ત્રીનું અનુભવક્ષેત્ર વિસ્તૃત બનતું રહે તે બાળકમાં એવા સંસ્કારનું સિચન કરવા માટે જરૂરી છે.

રોજી રળવા માટે મનુષ્ય કાર્ય કરે છે એ વાતમાં આંશિક સત્ય છે ખરું પણ આખરે તો મનુષ્ય કાર્યને દિવ્યના ચરણે ધરેલા નૈવેદ્ય તરીકે તેમ જ માનવજાતિના સમગ્ર કલ્યાણના ભાગરૂપે જ જોવું રહ્યું. આવા દૃષ્ટિબિંદુથી કાર્ય કરવાથી એની ગુણવત્તા સુધરે છે અને મનુષ્યનું ગજું ઊંચું તેમ જ વ્યાપક બને છે. આની સાથે વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનને શાંતિ અને વિકાસનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે જોતરવાં રહ્યાં.

કોઈ અહીં કહેશે કે વિશ્વ એકતાનો વિચાર ભારતીય સંસ્કૃતિ માટે કાંઈ નવો નથી. હા, આ વિચાર આપણા માટે નવો નથી, પરંતુ એ વિચારને–શાંતિ અને એકતાના આદર્શને આપણા વિચાર-તંત્રમાં વણી લેવાની અને એને વ્યવહારમાં મૂર્તિમંત કરવાની ઘડી હવે આવી પહોંચી છે. વ્યકિત-માનવમાંથી વિશ્વ-માનવમાં રૂપાંતરિત થવાનું આજના કાળમાં અનિવાર્ય બની ગયું છે. આપણું અત્યારનું પ્રથમ લક્ષ્ય તો એકતા અને શાંતિના આદર્શનો પ્રસાર કરવાનું છે. સમાજના વિવિધ અગ્રણીઓમાં આવી આદર્શાભિમુખતા કેળવવાનું છે. એમ નહિ થાય તો સ્વાર્થના ફુગાવાથી સમાજનું માળખું તૂટી જશે. કોરી વ્યકિતલક્ષિતાને સ્થાને તેથી સમષ્ટિની હિતચિંતાના દૃષ્ટિબિંદુને સ્થાન આપવું રહ્યું.

આવું દૃષ્ટિબિંદુ કેળવાય એ પહેલાં માનવજાતિને વિભકત કરી રહેલા રોગનું સ્વરૂપ સમજવાનું જરૂરી ગણાય. પ્રેમ, નમ્રતા, સંવાદિતા, એકતા, પવિત્રતા અને જ્ઞાનના પરિબળો જીવનમાં જેટલા પ્રમાણમાં પુષ્ટ થાય તેટલા પ્રમાણમાં પૃથ્વી ઉપર પ્રગટેલા એકતાના નવા ચૈતન્યની વ્યાપકતા સિદ્ધ થશે. પહેલાંની તો નમ્રતા મેળવવી પડશે. 'હું જે જાણું છું અને માનું છું તે આખરે સત્ય નથી. બીજા પણ સત્યશોધકો છે. હું જાણું છું તે સત્યનું એક સ્વરૂપ છે.' બીજું, પ્રેમ, સત્ય, સંવાદિતા, એકતા જેવાં જીવન મૂલ્યોને જીવનની પાઠશાળામાં આપણા વ્યવહાર જીવનમાં અધિક અને અધિક ઘૂંટતાં રહેવાં પડશે. આધ્યાત્મ જીવન અને વ્યવહાર જીવન પરસ્પર પૂર્તિ કરીને માનવ અસ્તિત્વને ઉર્ધ્વ અને વિશાળ બનાવે તો જ જીવન હેતુપૂર્ણ, વિકાસશીલ અને વ્યાપક થઈ શકે. આપણો અભિગમ વૈષમ્યો વચ્ચે સામ્યની ઉપાસના કરવાનો છે. 'અવિભકતં વિભકતેષુ'ની જીવનદૃષ્ટિ કેળવવાનો છે.

સૃષ્ટિમાં નામરૂપ જૂજવાં છે, પણ અંતે તો બધું હેમનું હેમ છે–એકમ સત્ વિપ્રા :બહુધા વદન્તિ-ની પ્રતીતિ, 'સબ સૂરત મેરે સાહે-બકી'ની ભગવત્પ્રીતિ, વૈશ્વિક ભાવ કેળવવા માટે જરૂરી છે. સૃષ્ટિનાં વિવિધ ઘટકો વચ્ચે પરસ્પરાવલંબન રહેલું છે. ચૈતન્યનું વૈશ્વિક સ્વરૂપ પ્રગટ કરવા માટે મારે મારી જાતથી જ પ્રારંભ કરવો રહ્યો, સમષ્ટિ પરિવર્તનની વાટ જોવાની હું રાહ જોઈ શકું નહિ.

અહીં શાંતિ અને એકતાના ખ્યાલ વિશે સ્પષ્ટતા કરી લઈએ. શાંતિ એટલે યુદ્ધનો અભાવ નહિ. પ્રથમ વિશ્વયુદ્ધ અને બીજા વિશ્વયુદ્ધ વચ્ચે જે કાંઈ હતું તેને યુદ્ધનો અભાવ કહી શકાય. પરંતુ એને શાંતિ તરીકે ઓળખાવી શકાય નહિ. શાંતિનો ખ્યાલ ભાવાત્મક છે. યુદ્ધના ભયમાંથી એ ખ્યાલ જન્મતો નથી. શાંતિ એક સ્વયં ઈષ્ટ એવું ભાવાત્મક મૂલ્ય છે.

એકતા (unity) એટલે એકવિધતા (uniformity) નહિ. એકતાનો ઝોક આંતરિક એકત્વ પરત્વે છે. એકવિધતાનો ઝોક બાહ્ય એકરૂપતા પરત્વે છે. પોશાક, ભાષા ઈત્યાદિની બાહ્ય એકરૂપતા હોય અને છતાં સરખો પોશાક પહેરનાર અને સમાન ભાષા બોલનાર જૂથો વચ્ચે કડવો સંઘર્ષ હોઈ શકે. બીજી બાજુએ, બાહ્ય રૂપ, રીત-રિવાજ, ભાષા ઈત્યાદિની વિભિન્નતાઓ વચ્ચે આંતરિક એકતા પ્રગટ થઈ શકે છે. જગતમાં જે કાંઈ જીવન છે તે આ બધું ઈશ્વરે વસાવેલું છે એટલે આપણો આદર્શ આત્મિક એકતાને સર્વત્ર નીરખવાનો, એવી ભાવાત્મક એકતાથી સભાન થવાનો અને પિંડે તે બ્રહ્માંડે તેમજ બ્રહ્માંડે તે પિંડેના ઐક્યભાવને મૂર્તિમંત કરવાનો છે.

શાંતિને ખંડિત કરતા અને હિંસાની વૃદ્ધિ કરતાં કયાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજકીય, આર્થિક તથા સામાજિક પરિબળો છે તેનું પહેલાં તો અધ્યયન કરવું ઘટે. દેશમાં કયાં પરિબળો શાંતિને પોષક છે અને કયાં ઘાતક છે તેનું 'કેઈસ સ્ટડી'ને આધારે તટસ્થ તારણ કાઢવું જોઈએ. એવા તારણને આધારે શાંતિપુષ્ટિના માર્ગો અને ઉપાયો વ્યાપક સમાજ સમક્ષ રજૂ કરી શકાય. શાંતિ અંગેનું અધ્યયન યુનિવર્સિટી શિક્ષણનો એક ભાગ બની શકે. એ અધ્યયનને વ્યવહારમાં મૂર્તિમંત કરવાની ખોજ અને પ્રક્રિયા સાતત્યભર્યા ધોરણે હાથ ધરાય તો ઈષ્ટ પરિણામ આવી શકે.

પરિવર્તનની પ્રક્રિયાનું ઘાતક પરિબળ

☐ પન્નાલાલ રસિકલાલ શાહ

સામાજિક વિકાસ અને પરિવર્તનનો અભ્યાસ કરીએ ત્યારે એક બાબત સ્પષ્ટ સમજાય છે. માન્યતાઓથી બદ્ધ, પરંપરા-પરાયણ અને ગતાનુગતિક વ્યવહારબદ્ધ જીવનમાં પરિવર્તન લાવવું આજના જમાનામાં પણ મુશ્કેલ તો છે જ. લોકશાહી, વિચાર સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિના યુગની પૂર્વે એ તીવ્ર સંઘર્ષ નોતરનારું અને દૃઢ મનોબળ ધરાવતાં લોખંડી પુરુષ માટે પણ અશક્યવત્ હતું અને પરિણામે "રે સત્ય! તારે ખાતર" આવી મહાન અને ઉમદા વ્યક્તિઓએ કેટકેટલું સહન કરવું પડ્યું છે તેનો ઈતિહાસ સાક્ષી છે, આવું કેમ બને છે?

માનવી વર્તમાનમાં જીવન સંઘર્ષ - અસ્તિત્વના સંઘર્ષમાં (Struggle for Existence) અટવાયો છે. ગઈ કાલની વાતને ય - ગઈ કાલની મધુર સ્મૃતિને ય મમળાવવાનો એની પાસે સમય નથી. આજના પ્રશ્નોનો ઉકેલ શોધવામાં એનો સમય ભરખાઈ જાય છે. ગઈ કાલના પ્રશ્નને સમજીને, એનો સાર ગ્રહણ કરીને ભાવિનો રસ્તો સાફ કરવાનું એનાથી બનતું નથી. રોજ - બ - રોજની ઘટમાળમાં અટવાયેલાં જીવને ભૂતકાળ જ ભવિષ્યરૂપે ફળે છે, એ બાબતનો એને ખ્યાલ નથી, અગર એ બાબત તે ભૂલી જાય છે અથવા એવો ખ્યાલ હોય તો પણ એ અંગે વિચારવાનો અવકાશ નથી. કર્મ અને ફળના સંબંધો આસ્ફાલ્ટના ધોરીમાર્ગની માફક સીધા અને સપાટ નથી. વિવિધ માનસિક વૃત્તિઓનું પરિણામ અટપટું અને ધાર્યા કરતાં જુદું જ આવે છે અને પરિણામે વ્યક્તિગત અને સમાજ જીવન ગતિશીલ, પરિવર્તનશીલ કે વિકાસશીલ રહેતું નથી. આ આજના યુગની નક્કર હકીકત (bare fact) અગર વાસ્તવકિતા છે અને એટલે જ પરંપરાગત જીવનમાંથી બહાર આવી શકાતું નથી એટલે અંશે પરિવર્તનની પ્રક્રિયા મુશ્કેલ બને છે.

લોકશાહી, વૈચારિક સ્વાતંત્ર્ય અને વિચારોની સ્વતંત્ર અભિવ્યક્તિના આ યુગમાં પરિવર્તન પામતાં સમયની સાથે તાલ મિલાવવાની દૃષ્ટિએ વિચાર - પ્રેરક ભૂમિકા સાથે યોગ્ય માધ્યમ દ્વારા થતાં વિચાર - પ્રચારથી પરિવર્તન મુશ્કેલ નથી એવું લાગે ખરું, (એવું બનવું જોઈએ), પરંતુ એ નિતાંત હકીકત છે એવું માની લેવાની જરૂર નથી. આજે વીસમી સદીમાં પણ નૈતિક હિંમતનો અભાવ, ચારિત્ર્યની કટોકટી અને સ્વાર્થની ટૂંકી દૃષ્ટિના કારણે ધાર્યું પરિવર્તન થઈ શકતું નથી. આવું શા માટે?

સંવેદન, અનુભૂતિ અને અભિવ્યક્તિનો સુયોગ સાધી શકે એવી કલ્પનાશીલ વ્યક્તિની દૃષ્ટિ વધુ દૂર સુધી પહોંચે છે. યુગને વીંધીને આરપાર જોઈ શકતી વ્યક્તિની વાતને સમાજ પહેલાં તો સ્વીકારી શકતો નથી. આવી વ્યક્તિને આથી દુ:ખ થાય છે. આવી વ્યક્તિની સંવેદનાના અનુસંધાનમાં આવો પ્રશ્ન આપણા કાને વારં વાર પડે છે: "ચોક્કસ વ્યક્તિ અસાધારણ કેમ થઈ?" નજીકની વ્યક્તિ હોય - અંગત લાગણીના સંબંધો હોય તો આવો પ્રતિભાવ પણ હોય છે: "બધાની જેમ સામાન્ય હોત તો વધુ સુખી ન થાત?" અથવા તો "રાજા રામથી માંડીને રાજા રામમોહનરાય સુધી કેટલીય વ્યક્તિઓએ જગતનું નેતૃત્વ કર્યું છે, છતાં ય સમાજ એનો એ જ છે એટલે સમાજને સુધારવાનો અભરખો રાખવા જેવો નથી," વગેરે.

પ્રશ્ન પાયાનો છે અસામાન્ય વ્યક્તિની સમજ અને દૃષ્ટિ લાંબી હોય છે. સૌ પ્રથમ તો સમાજ એની વાત માની શકે જ નહિ. આકાશને આંબવાની વાત કરવાને બદલે વાસ્તવિકતાની ધરતી પર પગ ઠેકવવાની વાત ઉપહાસથી કરવામાં આવે. એનો વિરોધ થાય અને એમાંથી વ્યક્તિગત ધિક્કાર સુધી પણ વાત પહોંચે. સ્થાપિત હિત ધરાવનાર શામ, દામ દંડ અને ભેદની નીતિ પણ અપનાવે. આવા ક્રૂર ઉપહાસ, વિચારશીલ વ્યક્તિના અંગત હિતને નુકસાન પહોંચાડવાની ચોગમ વૃત્તિથી એવી વ્યક્તિ બહુધા ભાંગી પડે છે અને દુ:ખી થાય છે અગર કચી - પોચી પણ અસામાન્ય વ્યક્તિ સુખી થવા માટે સામાન્ય વ્યક્તિ થવામાં સંતોષ અને સુખ શોધે છે. આજના જમાનાની આ તાસીર છે. એટલે ઉપર જણાવ્યા તેવા પ્રતિભાવો સમાજમાં વ્યાપક છે અને એ જ તો પરિવર્તનની પ્રક્રિયાનું ઘાતક પરિબળ છે.

અસામાન્ય વ્યક્તિની દીર્ઘદૃષ્ટિભરી વાતનો પ્રથમ તો તીવ્રતાથી આઘાતજનક વિરોધ થાય પણ વ્યક્તિ એના નિર્ણયમાં અડગ રહે તો વળી સમાજ સહેજ સહાનુભૂતિ ધરાવતો થાય. એ સહાનુભૂતિને સ્વીકૃતિની ભૂમિકા સુધી લઈ જવામાં તો નાકે દમ આવે અને ત્યાં સુધીમાં તો નવી વાત શરૂ કરનારને સમાજે પીંખી નાખ્યો હોય. દુનિયાની પ્રગતિની આ પ્રણાલિકા છે અને એટલે જ અસામાન્ય વ્યક્તિ એકધારી રિબાય છે કારણ, ચારે બાજુ સામાન્ય વ્યક્તિઓની સતત બહુમતી વચ્ચે એ વ્યક્તિ ઘેરાયેલી રહે છે. વર્ગ શિક્ષકમાં સૌથી મંદબુદ્ધિના બાળકની ગ્રહણશક્તિને લક્ષમાં રાખીને વિદ્યાર્થીઓને કેળવણી આપવાની-તાલીમ આપવાની જેમ ધીરજ હોવી ઘટે તેમ અસામાન્ય વ્યક્તિએ પણ એવી જ ધીરજ રાખીને સતત સહન કરવું પડે- માનસિક યાતના વેઠવી પડે. કોઈ પણ કાળે, કોઈ પણ દેશમાં કે સમાજમાં વત્તેઓછે અંશે આવી પરિસ્થિતિ જ નજરે પડશે. સત્યનો રસ્તો દુષ્કર હોવાથી એ રસ્તે ચાલવું કોઈને ગમતું નથી.

ઉપર અવલોકન કર્યું એ મુજબ અસામાન્ય વ્યક્તિને દુ:ખ તો પડે છે, પણ એમાં વાંક કોનો? એવી અનન્ય વ્યક્તિની દીર્ઘદૃષ્ટિનો કે સમાજની વૈચારિક ભૂમિકા વિનાની પરંપરાગત અને ગતાનુગતિક જડ માન્યતાઓનો? એનો ન્યાય કોણ કાળ જ કરે ને? અને એવું છે એટલે થાય છે: 'સમાજ કેવી કેવી અનન્ય વ્યક્તિઓના સંવેદન અને દુ:ખના ખભે ચડીને વિકાસ સાધે છે! નવો વિચાર કેટકેટલો સંઘર્ષ અને વેદનાને પચાવીને આગળ ધપે છે!!' સામાજિક તવારીખના કાળાંડિબાંગ વાદળાં જેવા પૃષ્ઠોની સોનેરી કિનાર જેવાં આવી વ્યક્તિઓનાં જીવનમાંથી પ્રેરણા લઈને સમાજ માંડ બે-ચાર ડગલાં આગળ વધે ત્યાં જ એવી વ્યક્તિના વિલયથી Ellis in wonder land 'ની એલિસના પાત્રની માફક એક-બે ડગલાં પીછેહઠ કરે છે. આને આપણે શું કહીશું? આપણી પોતાની વિચિત્રતા? એલિસનો અભિશાપ?

☆ જે. કૃષ્ણમૂર્તિ ☆

□ એસ. એચ. વેંકટરામાની અને કે. કૃષ્ણમૂર્તિ

અનુ. : હિંમતલાલ મહેતા

એક ધાર્મિક પુરુષ વિશે તમારા મનઃચક્ષુ સમક્ષ જે ચિત્ર હોય તેના કરતાં ચોંકી જવાય એટલી હદે એ ભિન્ન છે. વાસ્તવમાં, શબ્દના રૂઢ અર્થમાં તમે તેને 'ધાર્મિક' કહી શકો પણ નહિ. ભગવાં વિનાના, રાબેતા મુજબનાં ઉપકરણો કે સરંજામ વિનાના, એક સંતનો ભેટો થવો એવું પણ જવલ્લે જ બનતું હોય છે. ખૂબ જ સોહામણા, દાઢીમૂછરહિત, સાફ ચહેરાવાળા, સુઘડ વસ્ત્ર પરિધાન કરેલા, ઑકસફર્ડ કેમ્બ્રિજના ઉચ્ચારભારવાળું અણીશુદ્ધ અંગ્રેજી બોલતા જિદ્દુ કૃષ્ણમૂર્તિ, લગભગ સાઠ વર્ષ પૂર્વે જગતભરમાં વાર્તાલાપો આપવાની અને ચર્ચાસત્રો યોજવાની કારકિર્દી માટે બહાર પડયા ત્યારે જેટલા સ્ફૂર્તિમય અને કાર્યરત હતા એટલા જ આજે ૮૬ની વયે પણ છે.

તેમના એક વાર્તાલાપનું શ્રવણ એ કોઈકને માટે જિંદગીના સૌથી મોટા ચિત્તક્ષોભનો અનુભવ બની જાય. ખૂબ જ વ્યાપક અર્થમાં એ એક મૂર્તિભંજક છે. આપણી સમગ્ર જીવનરીતિ, વિચારઢાંચણ, સંવેદના અને આચરણ—એ સર્વને એ પડકારે છે. અને જો કે આ વિવાદાસ્પદ અ-ગુરુ કોઈ શિષ્યને રાખવાની ના પાડે છે છતાં સર્વ પ્રકારના લોકો - રાજકારણીઓ, તત્ત્વચિંતકો, સમાજસુધારકો, પરદેશીઓ—બધા જ સંદેશા માટે તેમની આસપાસ ટોળે વળે છે.

પણ કૃષ્ણમૂર્તિ ભારપૂર્વક જણાવે છે કે તેમને કોઈ સંદેશો આપવાનો નથી. તેમની કોઈ ફિલસૂફી નથી, સામાજિક આનિષ્ટો સામેનો કોઈ ઉપચાર નથી, વ્યકિતગત મોક્ષ માટેનો કોઈ પંથ નથી. તેઓ જેના વડા હતા તે વિશ્વ સંસ્થા- 'ધ ઓર્ડર ઓવ ધ સ્ટાર ઓવ ઈસ્ટ'નું તેમણે ૧૯૨૯માં જ્યારે વિસર્જન કર્યું ત્યારે તેમાં એકત્ર થયેલી અઢળક સાંપત્તિ તેમણે આપી દીધી એટલું જ નહિ, તેમની પાસે જેની અપેક્ષા રાખવામાં આવી હતી તે પયગંબરનો પાઠ ભજવવાનો પણ તેમણે ઈનકાર કરી દીધો. વિસર્જન પાછળનું કારણ તેમના પોતાના શબ્દોમાં શ્રેષ્ઠ રીતે સમજાવાયું છે:

'હું દૃઢપણે માનું છું કે સત્ય એ પથરહિત ભૂમિ છે, અને કોઈ પણ માર્ગે, કોઈ પણ ધર્મ દ્વારા, કોઈ સંપ્રદાય મારફત તમે ત્યાં પહોંચી શકો નહિ. સત્ય અસીમ, અનવરુદ્ધ, કોઈ પણ માર્ગે દુરારાધ્ય હોઈને તેને સંઘટિત કરી શકાય નહિ, તેમ કોઈ ચોક્કસ પંથે લોકોને દોરી જવા કે તેમના પર બળજબરી કરવા કોઈ સંઘની રચના થવી જોઈએ નહિ. હું માનું છું કે કોઈ સંઘ માણસને આધ્યાત્મિકતા ભણી દોરી જઈ શકે નહિ. જો આ હેતુ માટે કોઈ સંઘ રચવામાં આવે તો તે એક ટેકણલાકડી, એક બંધન બની જાય અને વ્યકિતને પંગુ જ બનાવી દે... જે ક્ષણે તમે કોઈને અનુસરવા લાગો છો તે ક્ષણે તમે સત્યને અનુસરતા અટકી જાવ છો... મારી લગન એક જ આવશ્યક બાબત માટે છે - માનવીને મુકત કરવો. હું તેને સર્વ પિંજરમાંથી, બધા ભયોથી મુકત કરવા ઈચ્છું છું, અને ધર્મો, નવા પંથો સ્થાપવા ઈચ્છતો નથી તેમ નવા સિદ્ધાંતો અને નવાં દર્શનો પ્રચલિત કરવા માગતો નથી. મારે શિષ્યો નથી, પૃથ્વી પર યા આધ્યાત્મિક ભૂમિકાએ મારા કોઈ ધર્મદૂતો નથી. મારી એકમાત્ર ચિંતા માનવીને અબાધિત રીતે અને નિર્બંધપણે મુકત કરવાની છે.'

તો પછી તેઓ વાર્તાલાપો કેમ આપે છે? વેલ, એક અર્થમાં તેઓ વાર્તાલાપ આપતા નથી. પણ તેઓ એક જાતનો 'સંવાદ' યોજે છે, જેમાં શ્રોતા જાતે પોતાના મનની ક્રિયાઓ સમજવા પ્રયાસ કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે. સાચા પ્રશ્નો પૂછો અને જાતે જ તેના ઉત્તરો ખોળી લો.

કૃષ્ણમૂર્તિનો પ્રથમ પ્રશ્ન આ છે: આપણી સમસ્યાઓ વિશે આપણે ખરેખર સભાન છીએ? પ્રશ્નોને આપણે સામાજિક, રાજકીય, વ્યકિતલક્ષી, ધાર્મિક ઈત્યાદિ રૂપે વિભાજિત કરતા નથી? તેમના મતે સામાજિક સમસ્યાઓના સામાજિક ઉકેલ નથી, કારણ સમાજનું બાહ્ય માળખું વ્યકિતઓનું બનેલું છે, બીજા શબ્દોમાં માનવમન દ્વારા ઘડાયેલું છે. અને જો કે માનવીએ બળદગાડાંથી જેટ વિમાન સુધીની બાહ્ય પ્રગતિ સાધી છે, પણ તેનું મન આ બધી સદીઓ દરમિયાન બદલાયું નથી.

આપણે બીજાનું આધિપત્ય સ્વીકારીએ તેમાંથી, પંડિત, રાજકારણી કે ગુરુને વ્યકિતગત જવાબદારી સુપરત કરી દઈએ તેમાંથી, સમાજમાં અરાજકતા પરિણમે છે. બીજાઓ પર આધાર રાખીને કે દોષ ઢોળીને આપણે જવાબદારી ટાળીએ છીએ. એટલે કોઈ સામૂહિક પગલું લઈ શકાતું નથી. કમનસીબે, યુદ્ધ જેવા સમયે જ એવું સામૂહિક પગલું લેવાતું હોય છે. બીજા શબ્દોમાં, અસ્તિત્વના પ્રત્યેક સ્તરે હંમેશાં સંઘર્ષ ચાલતો રહે છે. આપણે આપણી જાતને હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને યહૂદી, રશિયન અને અમેરિકન, મૂડીવાદી અને સામ્યવાદી, રૂઢિચુસ્ત અને વિદ્રોહી એ રીતે વિભાજિત કરી દીધી છે. શ્રદ્ધા અને અશ્રદ્ધા દ્વારા, આપણે સર્જેલા અગણિત દેવો દ્વારા અને આપણે જે કરતા રહીએ છીએ તે અર્થહીન ક્રિયાકાંડો દ્વારા અને દાર્શનિક માન્યતાઓ દ્વારા તથા મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો દ્વારા અને સમાજ તથા જીવન એટલે શું તે વિશેના અભિપ્રાયો દ્વારા પણ આપણે વિભાજિત રહ્યા છીએ. અને કૃષ્ણમૂર્તિ ભારપૂર્વક કહે છે કે આ ખંડિત ટુકડાઓ પૈકી એકાદને વળગેલું રહેલું એવું મન, સર્વ માનવ વ્યકિતઓ માટે અંતે જે સમાન છે તે વિષાદ, ભય, ઈચ્છા, હિંસા, પ્રેમનો અભાવ ઈત્યાદિ જીવનની મૂળભૂત સમસ્યાઓ કદી નહિ સમજી શકે.

જો માનવીના મને સમાજનું સર્જન કર્યું છે તો મન પણ સામું સમાજની જ પેદાશ છે. રાષ્ટ્રીયતા, જ્ઞાતિ, વર્ગ, પરંપરા, ધર્મ, ભાષા, શિક્ષણ, સાહિત્ય, કળા, રૂઢિ, રીતરિવાજ, સર્વ પ્રકારના પ્રચાર, આર્થિક દબાણ, આપણો ખોરાક, આબોહવા, આપણું કુટુમ્બ, આપણા મિત્રો, આપણા અનુભવો—આપણે કલ્પી શકીએ તે પ્રત્યેક અસરથી સદીઓ થયાં બદ્ધ થયેલું એવું આ મન છે. એટલે કે આપણને શું વિચારવું એ કહેવામાં આવે છે, પણ કેમ વિચારવું તે શીખવવામાં આવતું નથી. આથી આપણા વિચારો સાંકડા ચીલાઓમાં જ વહ્યા કરે છે. વિચારો યા વિચારસરણીની એક ચોક્કસ તરાહ સામે આપણે વિદ્રોહ કરીએ પણ તે એવી જ બીજી તરાહમાં સરી પડવા માટે. અહીં ભય એ છે કે એક બાહ્ય મન પોતાને વિશે કયારેય સભાન હોતું નથી, કારણ બદ્ધતાની સ્થિતિમાં સલામતી રહેલી છે.

શારીરિક ભય હોય ત્યારે તત્ક્ષણ ક્રિયા દ્વારા પ્રતિભાવ દાખવતા હોઈએ છીએ. પણ મનોવૈજ્ઞાનિક ભયની બાબતમાં એક આદર્શને ઉપજાવીને આપણે કાર્યને પાછું ઠેલીએ છીએ. દૃષ્ટાંત તરીકે, આપણે હિંસક છીએ અને આપણે કહીએ છીએ કે આપણે ક્રમશ: અહિંસક બનીશું. અહિંસા એ આદર્શ છે, પણ હિંસા એ હકીકત છે. એટલે એક આદર્શને સેવવો એ નર્યો દંભ છે. કૃષ્ણમૂર્તિ ભારપૂર્વક જણાવે છે કે સમય કયારેય પરિવર્તન સિદ્ધ કરી શકે નહિ. તેઓ પૂછે છે: હિંસા વિશે તમે સભાન બની શકો—જેમ કે તમારામાં ગુસ્સાની લાગણી જાગતી હોય અને તમે તે તત્ક્ષણ નાબૂદ કરી શકો?

કૃષ્ણમૂર્તિ સભાનતા, જાગૃતિ—Awareness એ શબ્દ ખાસ ન અર્થમાં પ્રયોજે છે— કેવળ નિરીક્ષણ, ન ન્યાય તોળવો, વાજબી ઠરાવવું, ન વખોડવું. ટૂંકમાં શબ્દરહિત. આપણે બીજા પ્રત્યે શબ્દ મારફતે જોઈએ છીએ. નામ કે જેની સાથે સંબંધોની આખી હારમાળા રહેલી હોય છે—બધા ગમા, અણગમા, પૂર્વગ્રહો અને એવું સર્વ કંઈ. એટલે જ સંબંધોમાં ગૂંચવાડા હોય છે. લાગણી, ભય, આનંદની ક્ષણોની યાદ, સલામતી અને સિદ્ધિની ઈચ્છા—આ બધું

સંબંધોની ભૂમિકા બની રહે છે અને એ બધાંને સ્નેહ ગણી લેવામાં આવે છે. જીવન આથી સદા માટે કુરુક્ષેત્ર બની જાય છે.. પણ આપણે સંબંધોની દુનિયા તરફ પીઠ ફેરવી શકીએ નહિ અને આપણી જાતને જેમાં નિહાળી શકીએ એવો એકમાત્ર એ અરીસો છે.

કૃષ્ણમૂર્તિની માન્યતા પ્રમાણે આપણી જાત એ બીજું કશું નહિ પણ વિચારોનો એક ભારો છે. અસ્તિત્વ છે તે માત્ર વિચારોનું જ. ઉચ્ચતર જાત કે આત્મા કે અંતઃકરણ જેવું કશું નથી, પણ છે માત્ર બદ્ધ વિચારણા. એવો એક ભિન્ન ચિંતક હોવાનો ખ્યાલ, જે ચિંતક પસંદગી કરતો હોય, ન્યાય તોળતો હોય કે વિચારને અંકુશમાં રાખતો હોય–આવા એક ભિન્ન ચિંતકનો ખ્યાલ એ માત્ર ભ્રમ છે. ચિંતક હંમેશાં વિચારને અંકુશમાં રાખવા મથે છે. પણ એ પ્રયાસ નિરર્થક છે કારણ ચિંતકનો સર્જક તો વિચાર જ છે. એટલે જે કંઈ થઈ શકે તે એટલું જ કે વિચારે ક્ષણ પ્રતિક્ષણ પોતાને વિશે 'પસંદગી વિનાની સભાનતા' બતાવવી જોઈએ.

એટલે જ કૃષ્ણમૂર્તિ ધ્યાનની સર્વ ક્રિયાને અર્થહીન ગણીને હરી કાઢે છે. વિચારનું નિયંત્રણ યા એકાગ્રતા એ ધ્યાનનો ઈનકાર છે. એમેન કે ૐ કે કોકાકોલાનું સતત રટણ કરવાથી મન શાંત બને છે.–અને સ્ટુપીડ પણ. જ્યારે સાચું ધ્યાન એટલે 'દરેક વિચાર વિશે અને દરેક લાગણી વિશે જાગૃતિ, એ સાચું કે ખોટું એમ કદી નહિ કહેવાનું પણ માત્ર તેને જોયા કરવાનું.'

કૃષ્ણમૂર્તિની સામાન્ય રીતે તેઓ અસ્પષ્ટ છે અને અવ્યવહારુ છે એમ કહીને ટીકા કરવામાં આવે છે. તેમના શબ્દોને બૌદ્ધિક ભૂમિકા પર લઈ જવાના મૂળભૂત રીતે ભૂલભર્યા પ્રયાસમાંથી, તેઓ જે કહે છે તેને ગીતા, બાઈબલ કે ફ્રોઈડ સાથે સરખાવવાના પ્રયાસમાંથી આ ટીકા ઉદ્‌ભવે છે. કૃષ્ણમૂર્તિ પોતે જ કહે છે તેમ, સ્વીકાર કે અસ્વીકાર વડે નહિ, પણ તેમનાં વિધાનોનાં સત્યાસત્યને રોજિંદા જીવનની કસોટીએ ચડાવવાથી સમજદારી પ્રાપ્ત થાય છે.

પશુઓ પ્રત્યે માણસની પાશવતા

☐ વિજયગુપ્ત મૌર્ય

પ્રાણીઓ પર આચરવામાં આવતી ક્રૂરતા વિશેના બે સમાચાર આ લેખના વિષય ઉપર વિચારો પ્રેરે છે. ગયે મહિને (એપ્રિલમાં) મુંબઈમાં પ્રાણી કલ્યાણની એક સંસ્થાના સમારંભમાં વડા પ્રધાન શ્રીમતી ગાંધીએ પ્રાણીઓ પર ગુજરાતા ત્રાસથી તેમને બચાવવા અનુરોધ કર્યો હતો. બીજા સમાચાર લંડનના છે, જ્યાં મુસ્લિમ વસાહતીઓને હલાલ માંસ મળે તે માટે બાંધવામાં આવેલા આધુનિક કતલખાના સામે ત્યાં પ્રાણીઓ પરની ક્રૂરતા અટકાવવા માટેની સંસ્થાએ વિરોધ કર્યો છે અને તેના પડઘા પાર્લામેન્ટમાં પણ પડવાથી કતલખાનું ચાલુ થઈ શક્યું નથી. મુસ્લિમ શરિયત પ્રમાણે ખાવા માટેનું માંસ મેળવવા પ્રાણીને એક ઝાટકે મારી નાખવું ન જોઈએ. તેના ગળા પર કાપ મૂકી તરફડવા દઈ તેનું વધુ લોહી નીકળી જવા દેવું. જોઈએ એવું માંસ જ હલાલ કહેવાય અને શરિયત પ્રમાણે મુસ્લિમોએ માત્ર એવું જ માંસ ખાવું જોઈએ. કતલની આ અતિ ક્રૂર રીત છે. તેમ છતાં આપણા દેશમાં મુસ્લિમભાઈઓને આવી સગવડ આપવામાં આવી છે. પરંતુ આવી અતિ ક્રૂર રીતે પ્રાણીઓની કતલ થવા દેવી હોય તો પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવાનો કાયદો કરવાનો કશો અર્થ નથી. તેમ છતાં આપણા દેશમાં એવો કાયદો છે અને બ્રિટનમાં પણ છે. ખરેખર તો દેશના કાયદા બધાને સરખા લાગુ થવા જોઈએ. તેમાં ધર્મના નામે અપવાદ કરવા ન જોઈએ. આથી બ્રિટનમાં આ અલગ કતલખાના સામે વિરોધ જાગ્યો છે.

માંસાહારી લોકોએ માંસાહાર કરવો જ હોય તો ધર્મના નામે પશુને તરફડવાની ફરજ શા માટે પાડવી જોઈએ તે બુદ્ધિમાં ઊતરે તેવી વાત નથી. તિબેટી લોકો બૌદ્ધધર્મી છે તેથી તેઓ અહિંસક હોવા જોઈએ, પણ નથી. બૌદ્ધ લામાઓ (ધર્મગુરુઓ) પણ માંસાહાર કરે છે, કારણ કે સરેરાશ ૧૩ હજાર ફૂટથી વધુ ઊંચા આ અતિ ઠંડા અને દુ:ગરાળ પ્રદેશમાં અનાજ એટલું ઓછું પાકે છે કે માંસાહાર વિના ચાલે નહીં. ત્યાં ખોરાક બચાવવા માટે સંતતિ નિયમન કરવામાં આવે છે અને સંતતિ નિયમન કરવા માટે કુટુંબમાંથી એક છોકરાને બ્રહ્મચારી બનાવવા લામા તરીકે દીક્ષા આપવામાં આવે છે. ખોરાક માટે ઘેટાં-બકરાંની કતલ કરતાં પહેલાં તેના આત્માના મોક્ષ માટે પ્રાર્થના કરવામાં આવે છે! તેમ છતાં જે અવિચારી ક્રૂર રીતે કતલ થાય છે, તેમાં આ આશીર્વાદનો કયાંય પડઘો પડતો નથી. માણસ હિંસક પશુ કરતાં પણ વધુ અવિચારી અને ક્રૂર થઈ શકે છે.

માણસની ક્રૂરતાનો ખ્યાલ મેળવવા લંડનથી તિબેટ અને અગ્નિ એશિયા સુધી ભટકવાની જરૂર નથી. મહાવીર, બુદ્ધ અને ગાંધીજીના દેશમાં પણ માણસ વિચારપૂર્વક નહીં તો અવિચારીપણે રોજબરોજ પ્રાણી પ્રત્યે કેટલું ક્રૂર આચરણ કરે છે તેના આપણે કેટલાક દાખલા જોઈએ. મુંબઈ જેવાં શહેરોમાં પ્રાણીઓ ઓછાં હોય છે તેથી આવી ક્રૂરતા આપણી નજરે બહુ નથી પડતી. પક્ષીઓની વાત કરીએ તો પોપટને લોખંડી પટ્ટીના પાંજરામાં પૂરી રાખવામાં આવે છે, જે પાંજરું પોપટ કરતાં નાનું હોય છે.

માંસાહારી કે હિંસાખોર ન હોય એવા માણસો પણ અવિચારીપણે પોતાનાં પાળેલાં પશુઓ પર પણ નિરંતર ત્રાસ ગુજારતા હોય છે. આ રીતે જોઈએ તો આપણા દેશમાં બળદ જેવું દુ:ખી પ્રાણી બીજું એકેય નથી. આપણે ગાયને પૂજ્ય ગણી છે, બળદને શિવના વાહન નંદી તરીકે ગણેલ છે, તેમ છતાં તેના પ્રત્યે તેના માલિકનો વર્તાવ અત્યંત ઘૃણાસ્પદ હોય છે. ૪૫૦૦ વર્ષ પહેલાં સિંધુ સંસ્કૃતિમાં જેવાં ગાડાં હતાં તેવાં આજે પણ છે. જો તેમાં એક ત્રીજું પૈડું હોય તો ગાડાનો ભાર બળદની કાંધ પર ના આવે. બળદે ગાડુ માત્ર ખેંચવાનું જ રહે. પરંતુ જ્યાં પાકી સડક ન હોય અને કેવળ કાચી ગાડાવાટ જ હોય ત્યાં ત્રીજું પૈડું કામ આવે નહીં. આથી ગાડાનું ભારેખમ વજન બળદોની કાંધ પર આવે છે તેથી કાંધ ઉપર પહેલા સોજો અને પછી 'કેન્સર' જેવા વ્રણ પેદા થાય છે. તેમ છતાં આવા પીડાજનક વ્રણ ઉપર પણ ગાડાની ધૂંસરી અને ગાડાનો ભાર ઉપાડીને બળદોએ વૈતરું કરવું પડે છે. આપણા દેશમાં પણ પ્રાણીઓ પર ક્રૂરતા અટકાવવાનો કાયદો છે અને આ કાયદા પ્રમાણે આવી સ્થિતિમાં બળદને ગાડામાં જોડવા એ ગુનો છે. પરંતુ આપણી ધારાસભાઓ છાપખાનાની જેમ કાયદાઓ કર્યા કરે છે, પણ તેમનો અમલ થતો નથી. આથી કાયદા હાંસીપાત્ર બને છે.

માણસની ક્રૂરતા આટલેથી અટકતી નથી. આવી સ્થિતિમાં ઢસરડો કરતા બળદોને પણ હાંકતાં હાંકતાં ગાડાવાળો પૂછડું મરડે છે. વૃષણ દબાવે છે. પેડુમાં પાટુ મારે છે. પીઠ ઉપર સંઢવાના ફટકા મારે છે. પૂછડું વારંવાર મરડાવાથી પૂંછડાના મણકા ખસી જાય છે અને પૂંછડું વાંકુંચૂકું બની જાય છે. આપણી કરોડનું કોઈ હાડકું ખસી જાય તો અસહ્ય પીડા થાય છે, પરંતુ મૂંગા પશુની પીડાનો વિચાર કોણ કરે?

ગાડીમાં જોડાતા ઘોડાનો દાખલો લો. તેણે આખો દિવસ ગાડીનો બોજો ખેંચીને દોડવાનું હોય છે. તે થાકી જાય, હાંફી રહે કે તરસ્યો થાય તો પણ એ મૂંગું પ્રાણી પોતાની વ્યથા વ્યકત કેવી રીતે કરે? તે યથાશકિત દોડતો જતો હોય તો પણ ગાડીવાળો તેની ઉપર સોટીના વારંવાર ફટકા મારતો હોય છે. આખા દિવસમાં તે અસંખ્ય ફટકા ખાતો હોય છે. ગાડીમાં બેસનારાઓને આ દશ્ય એવું કોઠે પડી ગયું

હોય છે કે ગાડીવાળાને કોઈ એમ નહીં કહે કે "ઘોડાને માર નહીં, તે જે વેગથી દોડે છે તે પૂરતો છે."

રોજ એકસરખું વૈતરું કરનારને ઘાણીના કે કોશના બળદ સાથે સરખાવવામાં આવે છે, પણ એ બળદ પર શું વીતે છે તેનો કેટલાને ખ્યાલ હોય છે?

વન્ય પ્રાણીઓ પણ માણસની ક્રૂરતાનો ભોગ બનતાં હોય છે. આજે ચામડાં, માંસ, વગેરેની કિંમત એટલી બધી વધી ગઈ છે કે લાંચ આપીને ક્રૂર રીતે શિકાર કરવામાં આવે છે. બંદૂકના ધડાકાથી ગેરકાયદે શિકારની જાણ થતી અટકાવવી હોય તો વન્ય પશુઓની અવરજવરની કેડી પર છટકું ગોઠવવામાં આવે છે. આ છટકું છુપાવેલું હોય છે. પ્રાણીઓ જળાશય પર નિયમિત સમયે પાણી પીવા જતાં હોય છે અને તેમનો ચોક્કસ માર્ગ હોય છે. તેમાં સ્પ્રિંગવાળી એવી ચાંપ હોય છે કે અજાણપણે તેમાં પગ પડતાં જ આ 'બૂબી ટ્રેપ'માં પ્રાણીનો પગ જકડાઈ જાય છે.

મોટા ભાગે મેના અને પોપટ જેવાં પક્ષીઓનાં બચ્ચાં ઈંડાંમાંથી નીકળે ત્યારે પક્ષીઓના વેપારીઓના માણસો વનવગડામાં જઈને માળામાંથી બચ્ચાંને ઉઠાવી લાવે છે. મુંબઈ, હૈદરાબાદ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ, બેંગલોર વગેરે શહેરોમાં પક્ષી વિક્રેતાઓને આ બચ્ચાં વેચવામાં આવે છે. દરમિયાન કેટલાંક બચ્ચાં ભૂખ્યાંતરસ્યાં મરી પણ જાય. મોટા વિક્રેતાઓ દુનિયાના ઘણા દેશોમાં વિમાન મારફત પક્ષીઓની નિકાસ કરે છે. આ પ્રવાસ દરમિયાન પણ ભૂખતરસથી કેટલાંક પક્ષીઓ મરી જાય છે.

પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવાનો કાયદો પ્રાણીઓને રક્ષણ આપી શકયો નથી. માણસને વિચાર હોવો જોઈએ કે મૂંગાં પશુપક્ષીઓને પીડા ન થાય એવી રીતે આપણે વર્તવું જોઈએ. પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતાનાં ઉપરોકત દષ્ટાંતોમાં મોટા ભાગે ક્રૂરતા ટાળી શકાય. વૈજ્ઞાનિક અને તબીબી સંશોધન માટે પ્રાણીઓ પર થતા ઘણા પ્રયોગોમાં ક્રૂરતા હોય છે, પરંતુ તે અનિવાર્ય હોય છે. આ પ્રયોગો તબીબી ક્ષેત્રે માનવકલ્યાણ માટે થતા હોય છે અને તેના પરિણામે થતી શોધ મનુષ્યેતર પ્રાણીઓના શ્રેય માટે પણ વપરાય છે. પરંતુ મનુષ્યો અને પ્રાણીઓ, બધાના વિનાશ માટે તથા આણુશસ્ત્રો, ઝેરી વાયુ બનાવવા માટે પ્રાણીઓ પર પ્રયોગો કરવામાં આવે તે અત્યંત દુષ્ટ કૃત્ય છે. દાખલા તરીકે અમેરિકા આપણા દેશમાંથી વાંદરા આયાત કરતું હતું, તેમાં એક શરત હતી કે તેમની ઉપર નિવારી શકાય તેવી ક્રૂરતા વાપરવામાં આવશે નહીં અને તેમનો ઉપયોગ તબીબી સંશોધન માટે જ થશે. આ શરતનો ભંગ કરી અમેરિકા આણુશસ્ત્રોનાં વિકિરણોની ઘાતક અસર માપવા માટે આ વાંદરાઓનો ઉપયોગ કરતું હતું. આ પ્રયોગોમાં તેમના ઉપર ઘણી ક્રૂરતા વાપરવામાં આવતી હતી. શ્રી મોરારજીભાઈ વડા પ્રધાન હતા ત્યારે તેમને આ ક્રૂરતાની જાણ થતાં તેમણે આ વાંદરાની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો.

માણસ પશુ જેવો ઘાતકી છે એવી સરખામણી ખોટી છે. હિંસક પશુઓ હિંસા કરે એ તેમનું સહજ કૃત્ય છે. માણસની ક્રૂરતાના બે પ્રકાર છે: તે આણુશસ્ત્રોના પ્રયોગો કરનારની જેમ સમજપૂર્વક અને બુદ્ધિપૂર્વક ક્રૂરતા આચરે છે અને ગાડાવાળા કે ઘોડાગાડીવાળા માણસની જેમ અવિચારીપણે જડતાથી ક્રૂરતા વાપરતો હોય છે. વિશાળ ફલકના આ બે છેડા વચ્ચે ઘણા માણસ ઘણી રીતે પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરે છે. જો તેઓ પ્રાણીઓ પ્રત્યે સમજપૂર્વક પ્રેમ અને સહાનુભૂતિ ધરાવતા હોય તો ઘણી ક્રૂરતા ટાળી શકાય. વડા પ્રધાને કહ્યું છે તેમ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને સદ્‌ભાવનું શિક્ષણ બાળવયથી જ આપવું જોઈએ.

અંધારામાં ન રહીએ

□ રંભા ભેન ગાંધી

થોડા દિવસ પહેલાં એક અંગ્રેજી મેગેઝિનમાં લેખ વાંચ્યો. લેખ તો ન કહેવાય, એક મુલાકાત વાંચી. મુલાકાત લીધી હતી એક ભણેલીગણેલી છોકરીની, જે પરદેશ જઈને ભણી આવી છે, જેને માતપિતાની હૂંફ છે અને જે આજના અર્થમાં મોડર્ન ગણાય છે તેવીની .....

મુલાકાત લેનાર હતા રતન કરાકા, એ વાંચીને મને આઘાત લાગ્યો. ખબર નહોતી કે આપણે ત્યાં પણ આટલા બધા drug addict છે. એ મુલાકાતના અહેવાલનો આ છે તરજૂમો. વાંચો, વિચારો અને બારિકાઈથી તમારાં બાળકોનું, જે તમારાં વારસદાર છે, જેના માટે તમે જીવો છો, જે તમારા ભવિષ્યની આશા છે તે તો આની ચૂડમાં ફસાયું નથી ને?

રતન કરાકા પહેલાં લખે છે કે 'વ્યસનો બધાં જ એવાં, એમાંથી છૂટવું અઘરું છે: બીડીનું વ્યસન કહો કે શરાબનું કહો, કે હવે drugs લેતા થયા છે તેનું, પરંતુ વ્યસનમાં પણ અમુક દેખાય તેવાં છે, દા.ત. સિગારેટ પીવાનું દેખાય છે, કારણ કે છડેચોક પીવાય છે, ફેશન ગણાય છે, જો કે એનાથી કેન્સર થવાનો ભય છે જ છતાં પીનાર એ છોડી શકતા નથી. ગર્ભવતી સ્ત્રીને તો સિગારેટ ખૂબ જ નુકસાન કરે છે. સદ્‌ભાગ્યે ભારતમાં કોઈક જવલ્લે જ સ્ત્રી સિગારેટ પીએ છે તેથી એ ડર ભારતમાં ઓછો છે, પરંતુ પુરુષો તો ઘણા ચેઈનસ્મોકર્સ હોય છે.

ખૂબી તો જુઓ કે એક તરફ જાહેર કરે છે કે સિગારેટ નુકસાન કરે છે, એ જાહેર કરવાનું ફરજિયાત છે; તો બીજી ઘડીએ જાતજાતની સિગારેટ પીતા અભિનેતા વગેરેને બતાવે છે ને એમાં એ કેટલો આનંદ માણે છે તે બતાવીને સ્થાપિત હિતોવાળા એ વ્યસનમાં માણસોને ખેંચે જ રાખે છે. આજે તો એ વ્યસનની વાત નથી કરવી. કરવી છે લેવાઈ રહેલા drugs ની, એમાં ફસાયેલી એક યુવતીની. એને મેં પૂછ્યું (રતન કરાકાએ) કે તારા જેવી ડ્રગ્ઝ લેનાર કેટલી છે?

ઘણી લે છે. ઘણા પુરુષો લે છે. ઘણી સ્ત્રીઓ પણ લે છે. પહેલી વાર તેં એ શા માટે લીધું, અર્થાત્ શા માટે એ લેવાની શરૂઆત કરી?

હું યુવાન હતી. નાની હતી. પરદેશ ભણીને આવી હતી. ત્યાં જો કે મેં એ લીધું નહોતું, પરંતુ અહીં આવ્યા પછી પાર્ટીઓમાં જવા લાગી. ખાસ કરીને રાતની પાર્ટીઓમાં. ત્યાં જઈને જોયું તો બધા જ જાણે કે જુદી જ વેવલેંગ્થ પરથી વાત કરતાં હતાં. જોરજોરથી મ્યુઝિક ચાલે, નાચ કરે. કોઈ આળોટે, કોઈ જોરથી હસે. ખોટા ચાળા, તોફાન કરે. એમાં સ્ત્રી-પુરુષ બન્ને હતાં. હું સૌથી નાની હતી. મને એ ટોળામાં Fish out of water જેવું લાગ્યું. પહેલાં તો સમજી ન શકી કે બધાં આમ કેમ વર્તે છે?

આમ કેમ, એટલે?

બધાં જ ન માની શકો એટલા હાઈ સ્પિરિટમાં હતાં, જીવન માણી રહ્યાં હતાં, મુકિત અનુભવી રહ્યાં હતાં. તેથી મેં પૂછ્યું કે તમે આટલું Enjoy શાનાથી કરો છો, તો જવાબ મળ્યો કે હાશીશથી.

અને તેં લેવાનું શરૂ કર્યું?

એકદમ તો નહિ, પણ કહે છે ને સોબતની અસર તો થાય છે જ. મેં પણ લેવાનું શરૂ કર્યું.

એ કેવો પદાર્થ આવે છે?

એની ઘણી જાતો આવે છે. મને એક આપી. ચીકણો બોલ જેવો એ પદાર્થ હતો. એમાં પાંદડા જેવું હતું. મને કહે એ બાળો એમાંથી તેલ જેવો પદાર્થ લઈને, સિગારેટ પેપરમાં નાખો ને પછી એ સિગારેટ પીઓ.

પહેલી જ વાર તેં પીધી ત્યારે ગમી?

ના, પહેલાં તો ખૂબ જ ઉધરસ ચડી. જરા વાર ન ગમ્યું પરંતુ થોડા જ સમયમાં શું મજા પડી, લાગ્યું કે જાણે બધાં જ બંધન તૂટી ગયાં છે. હું હવામાં ઊડી રહી છું અને એના પછી તો પાર્ટીમાં પણ ખૂબ ખૂબ મજા આવવા લાગી, અને થયું કે લોકો હાશીશ માટે આટલો વિરોધ શાને કરે છે? આ તો મજાનું મજાનું છે.

અચ્છા, આ પદાર્થ તું મેળવે છે ક્યાંથી?

કેવો પ્રશ્ન પૂછો છો? જેમ દુકાનેથી પાન મેળવવા જેટલાં સહેલાં છે તેટલું જ આ સહેલું છે. બધે જ મળે છે. ડોંગરીથી માંડી એપોલો બંદર સુધી બધે જ મળે છે. પાનની અમુક દુકાનેથી પણ મળે છે.

તેં ફક્ત હાશીશ જ લીધું કે એથી વધુ સ્ટ્રોંગ આવે છે તે પણ લીધું?

પ્રશ્ન બરાબર છે, જેમ એક દવા લો ને તે કોઠે પડી જાય ત્યારે શરીરને અસર કરવા તેથી વધુ સ્ટ્રોંગ ડોઝ લેવો પડે છે તેવું જ આમાં છે. પછી તો કોકેઈન લીધું, એલ.એસ.ડી. લીધું. અને હા, બીજી વાત, જે ટોળામાં હું જતી તેમાંના ઘણા તો મારા કરતાં ખૂબ જ આગળ વધી ગયેલાં હતાં.

એટલે આમાં પણ હરીફાઈ ચાલતી હતી કે શું?

In a way, yes. થાય કે આપણે પણ એમાં ભળી જઈએ. એ જોઈએ તેટલો બજારમાં મળી શકે છે?

પાઉન્ડથી માંડીને માગો તેટલો. અને ખરું કહું, લીધા પછી તો ખૂબ જ મજા પડતી અને અમે બધાં કહેતાં કે આ કોણ નથી લેતું? આગળ રાજા મહારાજા લેતા, ભાટ-ચારણો કસૂંબો કરતા, કવિઓ લેતા, અને તો જ લખી શકતા ને?

આવું કોણ કહે છે?

અમે જ કહેતાં ને અમારું મન મનાવતાં કે આપણે એમનાથી કંઈ જુદું નથી કરતાં, એ લીધા પછી હું કામ પણ ખૂબ કરી શકતી. જ્યાં નોકરી કરતી ત્યાં ઓવરટાઈમ કરું પણ થાકનું નામ નહિ અને પછી તો હાશીશ છોડીને એલ.એસ.ડી. શરૂ કર્યું. શું મજા પડી, જાતજાતના રંગો દેખાય, સદાયે રેઈનબો દેખાય. ક્યાંય દુઃખ નહિ, શોક નહિ, વિષાદ નહિ. બસ આનંદ આનંદ. લીલો રંગ વધુ લીલો દેખાય ને પર્પલ વધુ પર્પલ દેખાય. દુનિયા રંગરંગીલી જ દેખાય.

આ પદાર્થ એટલે કે drugs મેળવવાનું મુશ્કેલ નહોતું?

ના, જરા પણ નહિ, પરંતુ ધીરે ધીરે બીજું મુશ્કેલ બનવા લાગ્યું. શું?

એ મેળવવું સહેલું હતું, લેવાનું સહેલું હતું, પરંતુ એકવાર લીધા પછી એની ચૂડમાંથી છૂટવાનું ઘણું ઘણું અઘરું હતું.

તારાં માબાપ આ જાણતાં?

એ જ તો આ ડ્રગ્ઝની ખૂબી છે. હોશિયાર મા-બાપ પણ પકડી શકતાં નથી કે એમનાં બાળકો આની ચુંગાલમાં ફસાયાં છે. અરે, આ તો ભયાનક છે. થાય કે ક્યારે બીજો ડોઝ લઉં ને હવામાં ઊડું, ગજબની Craving થાય અને એ લ્યો ત્યારે જાણે કે શરીરમાં તમામે તમામ છિદ્રો ખૂલી જતાં લાગે. પછી ધીરે ધીરે શરીર પર રેશ થાય, પિમ્પલ્સ થાય, શરીરનો રંગ બદલાય, કબજિયાત થાય, અને મેન્સીસની નિયમિતતા મુદ્દલ ન રહે.

તું કેટલો વખત આની ચૂડમાં ફસાયેલી રહી?

ઘણો વખત. લીધે જ ગઈ. લીધા વિના રહેવાય જ નહિ ને. પહેલાં આનંદ લાગતો હતો ત્યાં હવે લાગતું હતું કે હું મારી જાતને નર્કમાં ધકેલી રહી છું; પરંતુ એ એટલી લપસણી જગ્યા હતી, એવો ઢોળાવ હતો કે ત્યાંથી ઊતરતા જ જવાય.

આ જ વખતે હું એક છોકરાના પ્રેમમાં પડી. એ પણ ડ્રગ્ઝ લેનાર જ હતો. એ તો અટલી હદે ગયો હતો કે સાધારણથી એનું ચાલતું નહિ. એ તો નીડલ લેતો. મારાથી એ સહેવાતું નહિ. એને મદદ કરવા માગતી, પણ કઈ રીતે કરું? બન્ને ડૂબી રહ્યાં હતાં અને તરવાની શકિત ગુમાવી જ બેઠાં હતાં ને!

આ દુઃખે હું કોઈ વાર ખૂબ જ રડતી, ખૂબ જ રડતી. થતું કે આનાથી છૂટું, પરંતુ કઈ રીતે છૂટું? ફરી કહું છું કે આ બધાની ટેવ પાડવી સહેલી છે, પરંતુ એમાંથી છૂટવું ઘણું અઘરું છે. કરીએ છીએ એની શરૂઆત જરા Fun માટે અને પછી તો એ તમને ગળેથી જ પકડી પાડે છે. આ લેતાં, પેલાના પ્રેમનો વિચાર કરતાં અંતે એક દહાડો હું નર્વસ બ્રેકડાઉન સુધી આવી પહોંચી.

આટલી હદે થયું તોયે તારાં માતપિતાને ખબર ન પડી?

એ જ તો ખૂબી છે ને, જેની દીકરી આટલી હદે ગઈ હતી તેની મા, એટલે કે મારી મા એ વખતે પણ બોલતી હતી કે જો હું મારા કોઈ બાળકને drugs લેતાં જોઈશ તો તુરત ધરબહાર કરી દઈશ, રિમાન્ડ હોમમાં ધકેલી દઈશ.

પછી કેમ કરતાં આ છોડી શકી?

બહુ બગાડો થયા પછી જ. લિવરને ખૂબ અસર થઈ. ઘણી વાર ઢગલાબંધ બાઈલ ઓકતી, ખોરાક તો નજરે દીઠો ગમતો નહિ.

આવું જોયા પછી પણ.

ના, મા-બાપે સાધારણ માંદગી જ માની. ડોકટરને બતાવે, દવા લાવે, પણ મૂળ રોગ કોઈ સમજી શકે નહિ.

ધીરે ધીરે મેં બહાર જવાનું જ બંધ કરી દીધું. બહાર જાઉં તો પ્રલોભન થાય ને? પેલું મેળવું ને? મારા બેડરૂમમાં જ પડી રહેતી. અનહદ બેચેની, ઊલટીઓ, થાય કે જીવ નીકળી જશે, થાય કે દોડી જાઉં બહાર ને લઈ લઉં એ ડ્રગ. પણ ફરી મન મજબૂત કરીને નક્કી કરું કે હવે એ નર્કમાં નથી જવું. ત્યાંથી પાછા ફરવામાં જ મુકિત છે.

આનો અર્થ કે વ્યકિત ધારે તો એમાંથી છૂટી શકે છે?

બહુ જ મુશ્કેલીથી. સખત માથાનો દુખાવો રહે, ક્રેમ્પ્સ આવે, પેટમાં એવું થાય કે વેઠી ન શકાય. ખૂબ રડું. આપઘાત કરી નાખવાનું મન થાય અને મારા ઘણા મિત્રોએ આપઘાત કર્યા જ છે અને અંતે ધીરે ધીરે હું એમાંથી છૂટી શકી છું, પરંતુ છૂટી શકી કારણ કે પેલી નીડલ સુધી પહોંચી નહોતી...

એક વાત છેલ્લી કહી દઉં કે જો તમે એમ માનતાં હો કે આ બધું પરદેશમાં જ લેવાય છે, ભારતમાં તો નહિ જ, તો "You are in fool's paradise". ભારતમાં પણ લેવાય છે. યુવાન છોકરા લે છે, છોકરીઓ પણ લે છે અને એ પણ ન માનતાં કે માતપિતાનો પ્રેમ ન મળે તે જ લે છે. બધું જ મળે છે છતાં આમાં ફસાય છે તે હકીકત છે. અરે, દુઃખની સાથે કહેવા દો કે So called modern. સોસાયટીમાં, જ્યાં નૃત્ય, કલબ વગેરે છે તેવા સમાજમાં, ૧૭-૧૮ વર્ષની ઉપરની કુંવારી કન્યા એટલે કે Vergin મળવી મુશ્કેલ બની ગયેલ છે અને આ પતનમાં drugs નો હિસ્સો ઘણો મોટો છે!

આ બધું મેં સાંભળ્યું. તમે અત્યારે વાંચો છો. તમને સૌને મારે એ જ કહેવાનું છે કે આપણે કોઈ ભ્રમણામાં ન રહીએ. આવાં દૂષણોએ પૂરબહારમાં ધસારો કર્યો છે. જો આપણે ચેતીશું નહિ, અંધારામાં રહીશું ને સમયસર પગલાં નહિ લઈએ તો પછી ફાવે તેટલી સંસ્કારની કે ધર્મની વાતો કરીએ કે એ દિશામાં પ્રચાર કરીએ એ બધું નકામું જવાનું છે. ખાળે ડૂચા ને દરવાજા મોકળા તે, હાલત થવાની છે. માટે જ આપણે હજી સમય છે ત્યાં જ ચેતી જઈએ અને આ ભયાનક દૂષણ સામે પૂરો ઊહાપોહ કરીને એને વધવા ન દેતાં મૂળમાંથી જ દફનાવી દઈએ. મોડું થશે તો રોગ એટલો વધી જશે કે પછી આપણા હાથની વાત રહેશે જ નહિ. તો સમયસર ચેતીએ. ચેતીશું? એ દિશામાં શું બની રહ્યું છે, કેટલા યુવાનો-યુવતીઓ એમાં ફસાઈ ગયાં છે તે જોઈ-જાણીને એ ભયાનક વ્યસનને ઊગતા જ ડામી દઈશું?

કરી શકીશું એ કામ?

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫ : અંક : ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ જુન, ૧૯૮૧ સોમવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ધર્મગુરુ અને સમાજ

☐ ચીમનલાલ ચકુભાઈ

૧૩મી મેને દિવસે ૨૩ વર્ષના ટર્ક મહમત અદજીએ પોપ ઉપર ગોળીઓ છોડી ત્યારે દુનિયાએ, ગાંધીજીની હત્યા સમયે અનુભવ્યો હતો તેવો આઘાત અનુભવ્યો. સદ્‌ભાગ્યે, અત્યારે તો લાગે છે પોપ બચી ગયા. આ માણસે શા માટે પોપને પોતાનું નિશાન બનાવ્યા? પાગલ હતો? ના. ગોડસે પેઠે, ઈરાદાપૂર્વક, પૂર્વ તૈયારી કરી, આ કૃત્ય કર્યું હતું. પશ્ચાતાપ થાય છે? ના, ત્યાં પણ ગોડસે પેઠે અભિમાન કરે છે. તેનો હેતુ શું હતો? તેના પોતાના કહેવા પ્રમાણે ઈસ્લામનું રક્ષણ કરવાનો, પશ્ચિમના શાહીવાદથી ટર્કીને બચાવવાનો, આફ્‌ઘાનિસ્તાનને છોડાવવાનો, એવી કાંઈક વાતો કરે છે. પહેલાં એક ખૂન કરેલું, જેલમાંથી નાસી છૂટયો, ૧૯૭૯માં પોપ ટર્કી ગયા ત્યારે પોપનું ખૂન કરવાનો ઈરાદો હતો તે ન બન્યું ત્યારથી તક શોધતો હતો. પોપનું ખૂન કરીશ તેમ જાહેર કર્યું હતું. દુનિયામાં હિંસાનો જુવાળ ઉમટયો છે. તેનો ઉત્તમ નમૂનો છે. Seasoned, hardened terrorist તો પણ પોપ શા માટે?

આ હકીકત સમજવા, વર્તમાન પોપની પૂર્વભૂમિકા અને તેમનું વ્યક્તિત્વ સમજવું પડશે. ૬૧ વર્ષની વયના આ પોપ પોલેન્ડના વતની છે. ગરીબાઈ જોઈ છે. સામ્યવાદીઓનું દમન અનુભવ્યું છે. કઠીન જીવન ગાળ્યું છે. કવિ છે. ઊંડી ધર્મ ભાવના છે. ૪૦૦ વર્ષ પછી, ઈટલીના વતની ન હોય એવા આ પહેલા પોપ છે. પણ તેમની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે સંપ્રદાયના વડા પેઠે, ઉચ્ચ સિંહાસને બિરાજતા નથી, પણ સાચા ધર્મગુરુ પેઠે લોકોની વચ્ચે જઈ તેમના સુખદુ:ખના ભાગીદાર થવા અને ઈશ્વરનો સંદેશ આપવાની તમન્ના છે. એટલે ત્રણ વર્ષના ગાળામાં દુનિયાના પાંચે ખંડો ફરી વળ્યા છે. લેટિન અમેરિકા, આફ્રિકા, યુરોપ, અમેરિકા, દૂર પૂર્વ, દુનિયાના બધા દેશોમાં ફેલાયેલ ૭૪ કરોડ રોમન કેથલિકના હૃદય સુધી પહોંચ્યા છે. પરિણામે અનેક વિકટ અને જટિલ સમસ્યાઓનો અનુભવ થયો છે. તેમાંથી પાયાનો પ્રશ્ન ઊભો થાય છે, ધર્મગુરુ અને સમાજનો સંબંધ શું?'

પોપ ચૂંટાયા પછી, પ્રથમ પોલેન્ડ ગયા. આ સામ્યવાદી દેશમાં લાખો કેથલિક તેમની પાછળ ઘેલા બન્યા. રાજ્ય પણ જોઈ રહ્યું. પોલેન્ડમાં વર્તમાન પરિવર્તન થઈ રહ્યું છે તેમાં પોપનો આડતકરો પણ મોટો ફાળો છે. તેમની હાજરી જ આ ક્રાન્તિ માટે મોટું બળ બની રહ્યું. દમન સામે નીડરતાથી માથું ઉંચકી શકાય છે તેવી પ્રેરણા મળી.

આયર્લેન્ડ ગયા. પ્રોટેસ્ટન્ટ અને કેથલિક વચ્ચે ઉત્તર આયર્લેન્ડમાં ભીષણ સંગ્રામ વર્ષોથી ચાલે છે. કેથલિક લઘુમતી આલ્સ્ટરમાં હિંસાના માર્ગે છે. પોપે ભારપૂર્વક હિંસાનો વિરોધ કર્યો પણ તે સાથે માનવીનું ગૌરવ અને માનવ અધિકારોનું એટલા જ ભારપૂર્વક સમર્થન કર્યું.

લેટિન અમેરિકાના કેટલાય દેશોમાં લશ્કરી સરમુખત્યારી છે અને લોકોનું શોષણ અને દમન ભયંકર છે. કેટલાક રોમન કેથલિક પાદરીઓ લોકોના, આ દુ:ખોથી પરેશાન છે અને સક્રિય રીતે તેનો સામનો કરી રાજ્ય સાથે સંઘર્ષમાં આવ્યા છે. જેલ ગયા છે. પોપ સમક્ષ પ્રશ્ન હતો કે ધર્મગુરુએ રાજકારણમાં કેટલી હદે પડવું? ગરીબોની સેવા કરવી, તેમના સુખદુ:ખના સાથી થવું તેનો ધર્મ છે. છતાં સત્તાના અને રાગદ્વેષ ભરપુર રાજકારણથી દૂર રહેવું એ પણ તેનો ધર્મ છે.

આ પ્રશ્ન જોરપૂર્વક, ફિલિપાઈન્સની પોપની મુલાકાતમાં બહાર આવ્યો. ત્યાંની ૯૦ ટકા વસતિ રોમન કેથલિક છે. પ્રેસિડન્ટ માર્કોસની સરમુખત્યારીમાં પ્રજા પીડાય છે. ત્યાંના કેટલાક પાદરીઓ માને છે:

The essence of the priesthood is service to the people. At this point, there is no way to serve them except through a proctracted armed struggle.

'પાદરીના પદનો આત્મા લોકસેવા છે. આ તબક્કે દીર્ઘ સશસ્ત્ર સંગ્રામ સિવાય તેમની સેવાનો બીજો કોઈ માર્ગ નથી.'

બીજો પક્ષ માને છે :

The church is the conscience of the people. She must speak out when no body else dares. But there is a point at which she must stop because she can never, never advocate violence.

'ચર્ચ એ લોકોનું અંત:કરણ છે. બધા જ્યારે મૂક રહે ત્યારે એણે બોલવું જ રહ્યું. પણ અમુક બિંદુએ તો એણે અટકવું જ પડે કારણ એ કયારે ય હિંસાની હિમાયત કરી શકે નહી.'

પોપે શું સલાહ આપી? રાજ્યને કહ્યું :

A legitimate preoccupation with the security of the state can lead to the temptation to subjugate to the state the people, their dignity and their rights. Any apparent conflict between the needs of security and those of the fundamental rights of the citizens must be resolved according to the basic principle, that the social organisation exists, to preserve man and protect his dignity.

'રાજ્યની સલામતીનું વાજબી વળગણ લોકોને, તેમના ગૌરવને અને તેમના અધિકારોને રાજ્યને વશવર્તી બનાવવા લલચાવે. સલામતીની જરૂરિયાતો અને નાગરિકોના મૂળભૂત અધિકારોની જરૂરિયાતો વચ્ચેની કોઈ દેખીતી અથડામણનું નિરાકરણ એ પાયાના સિદ્ધાંત અનુસાર થવું જોઈએ કે સામાજિક સંગઠનનું અસ્તિત્વ માનવીના જતન અને તેના ગૌરવના રક્ષણ અર્થે છે.'

પોતાના પાદરીઓને કહ્યું:

You are priests and religious you are not social or political leaders. Let us not be under the illusion that we are serving the Gospel if we dilute our Charisma through our exaggerated interest in the wide field of temporal problems.

The greatest good we can give is the word of God. This does not mean that we do not assist the people in their physical needs but it does mean that they need something more and we have something more to give: the Gospel of Jesus. Partisan politics and concerned social action should be left to the lay christians. They have a special task to fullfil and they need their bishops and priests to support them through spiritual leadership. The laity are worthy of trust. They can accomplish what the Lord has assigned to them.

'તમે પાદરીઓ અને ધાર્મિક પુરુષો છો. સામાજિક કે રાજકીય નેતાઓ નહિ. દુન્યવી પ્રશ્નોના વિશાળ ક્ષેત્રમાં આપણા વધુ પડતા રસથી આપણે જો આપણી મોહિનીને પાતળી કરીએ તો ધર્મની સેવા કરી શકીશું એવા ભ્રમમાં આપણે ન રહીએ.'

'મોટામાં મોટું સારું-શુભ આપણે આપી શકીએ તે ઈશ્વરનો શબ્દ છે. આનો અર્થ એ નહિ કે આપણે લોકોને તેમની ભૌતિક જરૂરિયાતોમાં મદદરૂપ ન થઇએ. પણ એનો એવો અર્થ જરૂર થાય કે તેઓને કશાંક વિશેષની જરૂર છે અને તેમને આપવા માટે આપણી પાસે કંઈક વિશેષ છે: ઈશુની ધર્મવાણી પક્ષીય રાજકારણ અને સંગઠિત સામાજિક કાર્ય સરેરાશ ક્રિશ્ચિયનો પર છોડવું જોઈએ. તેમણે ખાસ કામગીરી બજાવવાની છે અને તેમને નૈતિક નેતાગીરી વડે ટકાવી રાખવા માટે બિશપો અને પ્રીસ્ટોની તેમને આવશ્યકતા રહે જ. સામાન્ય ક્રિશ્ચિયનો વિશ્વાસને પાત્ર છે. ઈશ્વરે તેમને ફાળે જે કાર્ય નીમ્યું છે તે તેઓ પાર પાડી શકે છે.'

પોપનો આ સંદેશ મેં કાંઈક વિસ્તારથી આપ્યો છે. કારણ કે તે સમજવા જેવો છે. રાજકીય અને સામાજિક પ્રશ્નો પરત્વે પોપનું વલણ મધ્યમ માર્ગનું છે, પણ નૈતિક પ્રશ્નો પરત્વે સ્પષ્ટ અને મક્કમ છે. ગર્ભપાત તથા લગ્ન વિચ્છેદના પોપ સખત વિરોધી છે. સ્ત્રી પુરુષો સંબંધોમાં સંયમના આગ્રહી છે. પાદરીઓએ બ્રહ્મચર્ય વ્રત દૃઢતાથી પાળવું જોઈએ, તેવો તેમનો આદેશ છે. આ બાબતોમાં લેશ પણ છૂટછાટ મૂકવા તૈયાર નથી. ઈટલીમાં ૯૫ ટકા વસતિ રોમન કેથલિક છે. તાજેતરમાં ત્યાં ગર્ભપાતની છૂટ આપતો કાયદો થયો છે. પોપ તેનો સખત વિરોધ કરે છે. તેમ કરતાં રાજકારણની અથડામણમાં આવવું પડે તો તૈયારી છે.

ધર્મગુરુ સમાજથી અળગા થઈ, પોતાના એકદંડી મહેલમાં મહાલી શકતા નથી. વર્તમાન પોપ લોકોને સ્પષ્ટ માર્ગદર્શન આપવાનો પોતાનો ધર્મ સમજે છે.

દરેક સંપ્રદાયમાં ધર્મગુરુનું ઉચ્ચ સ્થાન છે. આમજનતાને તેમના પ્રત્યે આદર અને ભક્તિ છે. લોકોના જીવનને ઉન્નત બનાવવામાં મોટો ફાળો આપી શકે

ધર્મગુરુ પાસે પરિગ્રહ હોય અને કુટુંબ હોય ત્યાં મોટે ભાગે તે સ્થિતિચુસ્ત અને સ્થાપિત હિતોના સીધી કે આડકતરી રીતે હિમાયતી બને છે.

Established church generally supports on established order and interests.

વર્તમાન પોપ જુદી કોટિના છે. તેથી તેમના વિષે મેં આટલું લખ્યું છે. અન્ય સંપ્રદાયના ધર્મગુરુઓ વિષે આ ઉપરથી આપણે વિચારી શકીએ.

ધર્મગુરુઓ સ્થિતિચુસ્ત અને સ્તથાપિત હિતોના રક્ષક હોય છે ત્યાં પણ આમજનતાની અંધશ્રદ્ધા તેમના પ્રત્યે જોવા મળે છે. આવા સંજોગોમાં ધર્મગુરુ તરફથી લોકોને મળવું જોઈતું સાચું માર્ગદર્શન મળતું નથી. બલકે હાનિ થાય છે.

અંતમાં એક બીજા અભિગમનો ઉલ્લેખ સંક્ષેપમાં કરી લઉં, જે જૈન સાધુસાધ્વીઓને વધારે સ્પર્શે છે. એવી માન્યતા છે કે, સાધુને સાંસારિક અથવા સામાજિક પ્રશ્નો સાથે કોઈ સંબંધ ન હોય તે માત્ર આત્મા અને મોક્ષનો ઉપદેશ જ આપે. આરંભ-સમારંભ હોય તેવી કોઈ પ્રવૃત્તિને સ્પર્શે નહિ. આવું વલણ, કેટલાકમાં આંત્યંતિક હોય છે. કેટલાક થોડા પ્રમાણમાં મધ્યમમાર્ગી થાય છે અથવા થવા પ્રયત્ન કરે છે. શ્રાવકોમાં પણ બે વર્ગ છે. કેટલાક પ્રથમ વલણને આવકારે છે, કેટલાક બીજા વલણને. બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રતને કારણે, અન્ય ધર્મો કરતાં પણ, જૈન ધર્મમાં સાધુ-સાધ્વી પ્રત્યે વધારે માન, આદર અને ભક્તિ છે. તેમના વચન ઉપર શ્રદ્ધા છે, તેને અનુસરવા તત્પરતા છે.

પોપ વિષે મેં એટલા માટે લખ્યું છે કે ધર્મગુરુ અને સમાજના સંબંધો પરત્વે પુનર્વિચારણા થવી જરૂરી છે. દાખલા તરીકે કેટલાક સમયથી સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓ સામાજિક ઉન્નતિની પ્રવૃત્તિમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે. લોકોને વ્યસન મુક્ત કરવા અને ચારિત્ર્ય ઘડતર માટે સહજાનંદ સ્વામીએ જે અદ્‌ભુત કાર્ય કર્યું તેવું કાર્ય ફરી થઈ રહ્યું છે. પોપે કહ્યું છે તેમ લોકોના જીવનની ભૌતિક જરૂરિયાતો પ્રત્યે દુર્લક્ષ ન થાય, તે સાથે ધર્મગુરુઓ કાંઈક વિશેષ આપવાનું છે અને તે છે નૈતિક મૂલ્યો. સમાજથી દૂર રહીને આ મૂલ્યોની લોકોમાં પ્રતિષ્ઠા થઈ શકે નહિ. ધર્મગુરુ પ્રત્યે આમજનતાની જે શ્રદ્ધા છે તે જોતાં, લોકોના જીવનને ઉન્નત બનાવવામાં કેટલો મોટો ફાળો, ધર્મગુરુ આપી શકે છે તેનું વર્તમાન પોપ ઉદાહરણ છે. બધા પોપ આવા હતા તેમ નથી. તેથી આ પોપ આટલા લોકપ્રિય થયા છે અને દુનિયાની એક આદરણીય વ્યકિત છે.

તા. ૨૫-૫-૮૧

એવાની મિત્રતા કરજો

- સંસાર અપવિત્ર છે એવો વિચાર કરનાર પોતે જ અપવિત્ર થઈ જશે. -તુકારામ
- તમે નારાજ થાઓ તો પણ જે તમારા તરફ નારાજ ન થાય એવા માણસોની મિત્રતા કરજો. -જુન્નુસ મિસરી
- ખુજલી ખણતી વખતે મીઠી લાગે છે, પણ પછીથી બળતરા થાય છે. એ જ રીતે ભોગ પહેલા સુખદાયક લાગે છે પછી તે દુઃખનું કારણ બને છે. -રામકૃષ્ણ પરમહંસ

અમેરિકા મેદાને પડે છે : રેગનશાહીની તોફાની પ્રવૃત્તિ

☐ મનુભાઈ મહેતા

રાજા દ્વારા જે પ્રદેશમાં રાજ થતું હોય તેને આપણે રાજાશાહી કહીએ છીએ. જમીનદારો દ્વારા જે વસતિ પર જુલમી શાસન ચલાવાતું હોય તેને આપણે જમીનદારશાહી કહીએ છીએ. લોકોનાં પોતાનાં, લોકો દ્વારા જ અને લોકો માટે જ થતાં શાસનને આપણે લોકશાહી કહીએ છીએ. તો અમેરિકામાં હમણાં જ પ્ર. રેગનનું નવું શાસન સ્થપાયું છે તેને આપણે શું કહીશું? રેગનશાહી? બીજું કાંઈ કહેવાનું મન થાય એમ નથી કારણ કે અમેરિકાની પ્રજાએ ભલે એમને ચૂંટીને મોકલ્યા હોય પણ લોકશાહીમાં માનવ અધિકારોને જે ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે તે પ્રત્યેનો શ્રી. રેગનનો અભિગમ લોકશાહીને ન છાજે એવો છે અને લોકશાહીમાં નિષ્ઠાપૂર્વક માનનારો માણસ, રેગને સ્વીકાર્યો છે એવો અભિગમ કેમ સ્વીકારે એ પ્રશ્ન કોઈને પણ થયા વિના રહેતો નથી.

કેવો છે એ શ્રી રેગનનો અભિગમ? કેટલાંક દૃષ્ટાંતો જોઈએ.

પ્રમુખ કાર્ટરના સમયમાં વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું હતું કે ખેતીવાડીમાં ઉપયોગમાં લેવા માટે જે કેટલાંક રાસાયણિક જંતુઘ્ન ઔષધો અમેરિકામાં શોધાયાં છે તે ખૂબ ખતરનાક છે, માનવી માટે ઝેર સમાં નિવડવાનો પણ સંભવ છે અને આ શોધ થયા પછી એ રાસાયણિક જંતુઘ્ન ઔષધોનાં, ખેતીવાડીમાં થતા ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો, પણ એ દરમિયાનમાં તો –અને કદાચ એ પછી પણ– લાખો ટન પેસ્ટિસાઈડ્ઝ (જંતુઘ્ન ઔષધો) વિદેશોમાં નિકાસ થઈ ગયાં હતાં.

અને બન્યું હતું એવું કે એ જંતુઘ્ન ઔષધોના ઉપયોગથી તૈયાર થયેલા પાકમાંથી બનાવેલી ખાદ્ય વસ્તુઓ પાછી અમેરિકામાં આયાત થઈ હતી. આ ખાદ્ય વસ્તુઓમાં પેલાં ઝેરી જંતુઘ્ન દ્રવ્યોનો અંશ હતો જ અને તેથી, જે ઝેરથી બચવા માટે અમેરિકાએ જંતુઘ્ન દ્રવ્યોના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો તેજ ઝેર એને આડકતરી રીતે ખાવાનો વખત આવ્યો હતો. આ આવી કથા હમણાં જ પ્રગટ થયેલા "ધી પોઈઝન સર્કલ" (ઝેરી વર્તુળ,) નામના એક પુસ્તકમાં સિલસિલાબંધ પ્રગટ થઈ હતી. હવે, શ્રીમાન રેગન સત્તારૂઢ થયા પછી આ ઝેરી જંતુઘ્ન ઔષધોની થર્ડ વર્લ્ડ કન્ટ્રીઝમાં એટલે કે ભારત વગેરે જેવા અર્ધવિકસિત અને અવિકસિત દેશોમાં નિકાસ કરવાની વાત આવી છે. પ્રમુખ રેગન આવાં ઔષધ બનાવનારા કારખાનાદારો પર રહેમ નજર દાખવીને નિકાસની છૂટ આપશે એમ પણ કહેવાય છે. થર્ડ વર્લ્ડ કન્ટ્રીઝમાં ભ્રષ્ટાચારનું જે જોર છે તે જોતાં આવાં દ્રવ્યો ખરીદવાનું જે તે દેશોને સમજાવવું મુશ્કેલ પણ નહિ પડે એનું માની લેવામાં હરકત નથી. આપણે આશા રાખીશું કે કાંઈ નહિ તો ભારત આ બાબતમાં સજાગ રહેશે.

રેગનશાહીની આ ઝલક નં-૧!

હવે એક બીજી વાત જોઈએ. પ્રમુખ રેગન જ્યારે પ્રમુખપદ માટેના ઉમેદવાર તરીકે પોતાનો પ્રચાર કરવા ઘૂમતા હતા ત્યારે એમણે ઠેરઠેર સરકાર દ્વારા થતા ખર્ચમાં કાપ મૂકવાની વાત કરી હતી. આ વાતના અનુસંધાનમાં અમેરિકાના બે વિખ્યાત વૈજ્ઞાનિક સામયિકોના તંત્રીઓએ તેમને પત્ર લખીને પૂછાવ્યું હતું કે "તમે સરકાર દ્વારા થતા ખર્ચમાં કાપ મૂકવાની વાત કરો છો તો વૈજ્ઞાનિક સંશોધન અને વિકાસ માટે થતા ખર્ચ અંગે તમે શું વિચાર્યું છે? મહેરબાની કરીને એમાં કશો કાપ મૂકશો નહિ." શ્રી રેગને આ પત્રના જવાબમાં એવી મતલબનું જણાવ્યું હતું કે કાપની તો વાત જ નથી, કદાચ આર. એન્ડ ડી. (રિસર્ચ એન્ડ ડેવેલપમેન્ટ) માટે થતા ખર્ચમાં વધારો થશે.

શ્રી રેગનનો આ જવાબ સાંભળીને પેલા બે વિજ્ઞાનપ્રેમી તંત્રીઓને ઊંડો સંતોષ તો થયો હશે, પણ તેમને શી ખબર કે રાજકારણી પુરુષો જે વચન આપે છે તેની સમય મર્યાદા લાંબી હોતી નથી. રાજપુરુષો માટે કહેવાય છે કે "પ્રોમીસ ગીવન વોઝ એ નેસેસિટી ઓફ ધ પાસ્ટ, પ્રોમીસ બ્રોકન ઈઝ એ નેસેસિટી ઓફ ધી પ્રેઝન્ટ" એ સૂત્ર તેમનો જીવન મંત્ર છે. (એટલે કે ભૂતકાળમાં ચોક્કસ સ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે ચોક્કસ વચનો આપવાની જરૂર હતી એટલે એ આપ્યાં, હવે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે એ વચનોનો ભંગ કર્યા વિના ચાલે એમ નથી એટલે એ વચનોનો ભંગ કરીએ છીએ એવી રાજપુરુષોની "નીતિ" હોય છે.)

એટલે પ્રમુખ રેગને અપાયેલાં વચનો છતાં ઘણા વૈજ્ઞાનિક કાર્યક્રમો માટે અપાતાં નાણાંમાં કાપકૂપ કરી છે. આને કારણે અવકાશ સંશોધનના ઘણા કાર્યક્રમો રખડી પડ્યા છે અને એક વખત જે અમેરિકા દુનિયાભરના વિજ્ઞાનીઓને વૈજ્ઞાનિક સંશોધનમાં મદદ કરતું તે જ અમેરિકાના વિજ્ઞાનીઓને મદદ માટે પશ્ચિમ જર્મની જેવા દેશ પ્રત્યે હાથ લંબાવવાનો વારો આવ્યો છે!

અમેરિકામાં માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી નામની એક વિખ્યાત હોસ્પિટલ પણ છે– માસાચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલ. આ હોસ્પિટલને જેનેટિક એન્જિનિયરિંગનો એક આખો વિભાગ ખોલવાનો વિચાર આવ્યો. હોસ્પિટલના સંચાલકો અને હોસ્પિટલ સાથે સંકળાયેલા વિજ્ઞાનીઓને લાગ્યું કે બચુકડાં ટ્રાન્ઝિસ્ટરની શોધથી ઈલેક્ટ્રોનિક ઉદ્યોગમાં અને એના પ્રત્યાઘાત રૂપે બીજા ઉદ્યોગોમાં પણ જેવી ક્રાન્તિ આવી છે તેવી ક્રાન્તિ આ જેનેટિક એન્જિનિયરિંગ તબીબી ક્ષેત્રે અને કૃષિ ક્ષેત્રે આણી શકે એમ છે. જેનેટિક એન્જિનિયરિંગ એટલે વનસ્પતિ કે અન્ય જીવસૃષ્ટિમાં વંશાનુગત ખાસિયતોનું નિયંત્રણ કરી રહેલાં જે જીન્સ છે તે જીન્સના ટુકડાની અદલાબદલી કરીને એક જાતનાં પ્રાણીની ખાસિયતો બીજી જાતનાં પ્રાણીમાં ઉતારવાની જે વિદ્યા વિકસી છે તે. દા. ત. માનવીનાં શરીરમાં કેટલાંક જીન્સ એવાં છે જે માનવીના શરીરને ઈન્સ્યુલીનનું ઉત્પાદન કરવાનો હુકમ આપે અને માનવીની પેન્ક્રિએટિક ગ્રંથિ એ ઈન્સ્યુલીન પેદા કરે છે પણ આ ગ્રંથિમાં જો કોઈ બગાડો થયો હોય તો ઈન્સ્યુલીન પેદા થાય નહિ, એ માનવીને ડાયાબિટિસ થાય અને એને બહારથી ઈન્સ્યુલીન લેવું પડે. અત્યાર સુધી તો આવું ઈન્સ્યુલીન, કતલખાનામાં કતલ થતાં ઢોરોની પેન્ક્રિએટિક ગ્રંથિમાંથી કાઢી લેવામાં આવતું અને પછી ડાયાબિટિસવાળા માનવીઓના ઉપયોગ માટે એ અપાતું પણ હવે જેનેટિક એન્જિનિયરોએ ઈ-કોલી નામના બધાંના આંતરડાંમાં થતા બેક્ટિરિયા પાસે ઈન્સ્યુલીન બનાવરાવવાનો કીમિયો શોધી કાઢ્યો છે. તેમણે ઈ-કોલીના જીનનો થોડોક ભાગ કાપી નાખીને, એ ભાગ સાથે માનવીનાં જીનનો ભાગ જોડી દેવાની સિદ્ધિ હાંસલ કરી છે અને માનવીના શરીરમાં જેમ જીન ઈન્સ્યુલીન ઉત્પન્ન કરે છે તેમ ઈ-કોલીના સૂક્ષ્મ શરીરમાં પણ માનવીના જીનના ટુકડાની અસર હેઠળ ઈન્સ્યુલીન ઉત્પન્ન થાય છે! હવે તો આ રીતે ઈ-કોલી બેક્ટિરિયાની મદદથી ઈન્સ્યુલીન બનાવનારી કંપનીઓ પણ અમેરિકામાં સ્થપાઈ છે. (અત્રે યાદ રહે કે ઈ-કોલી પર આ જાતનો જેનેટિક ગ્રાફ્ટિંગનો પ્રયોગ કરનારા શ્રી

હરગોવિંદ ખુરાના પહેલા હતા અને તેમને એ માટે નોબેલ પારિતોષિક પણ મળ્યું હતું.)

આ બધું જોતાં માસાચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલને જેનેટિક એન્જિનિયરિંગનો વિભાગ ખોલવાનું મન થાય એ સ્વાભાવિક હતું. એ વિભાગ સંભાળવા માટે કેલિફોર્નિયાના વિખ્યાત જીવશાસ્ત્રી આવવા પણ તૈયાર હતા પણ વડો વાંકને ગોદડે ગાંઠ! યોજના માટે જોઈતાં નાણાં ક્યાંથી લાવવાં?

અને આખરે માસાચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલે જર્મનીની ઔષધ બનાવનારી વિખ્યાત કંપની "હેકસ્ટ" સાથે કરાર કર્યા. આ કરાર અનુસાર હેકસ્ટ કંપની માસાચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલને ૪૦ કરોડ રૂપિયા આપશે. આ રૂપિયામાંથી હોસ્પિટલ જેનેટિક એન્જિનિયરિંગનો વિભાગ ઊભો કરશે. આ વિભાગમાં કેવળ શુદ્ધ સંશોધન જ થશે, પણ એ સંશોધનને આધારે જે કાંઈ ઔષધો વગેરે બનાવી શકાય એમ હશે તે ઔષધો બનાવવાનો એકાધિકાર (એક્સ્ક્લુઝિવ રાઈટ) હેકસ્ટ કંપનીનો રહેશે. (આ હેકસ્ટ કંપનીનું નામ ધરાવતું એક ગગનચુંબી મકાન મુંબઈમાં પણ નરીમાન પોઈન્ટના વિસ્તારમાં છે) માસાચ્યુસેટસ જનરલ હોસ્પિટલના એક મુખીએ જણાવ્યું હતું કે "તબીબીશાસ્ત્ર કરતાં કૃષિશાસ્ત્રને આ જેનેટિક એન્જિનિયરિંગથી ઘણો વધારે ફાયદો થવાનો સંભવ છે અને હું તો પચાસેક વર્ષ પછી જેનેટિક એન્જિનિયરિંગ દ્વારા પેદા કરાયેલાં કરોડો ટન અનાજના ઢગલા આજથી જ જોઈ રહ્યો છું" આ મુખીને જ્યારે એવો પ્રશ્ન કરવામાં આવ્યો કે "તમને સંશોધન માટે નાણાં ન મળ્યાં અને તમે જર્મનીની એક ખાનગી પેઢી સાથે નાણાં મેળવવા માટે કરાર કર્યા તેવું કાંઈ બીજી હોસ્પિટલો કે વૈજ્ઞાનિક સંસ્થાઓ કરશે ખરી?" આ પ્રશ્નનો તેમણે જવાબ આપ્યો: "એવું થવાનો પૂરો સંભવ છે."

—અને આ જવાબની વાતથી મને પેલી વિખ્યાત ઉક્તિ યાદ આવી ગઈ—કાબે અર્જુન લુંટિયો વહી ધનુષ વહી બાણ!

આ રેગન શાહીની ઝલક નં-૨.

હવે ત્રીજી વિગત જોઈએ. આ વિગત તો હમણાં જ અખબારોમાં પ્રસિદ્ધ થઈ છે. ઈ.સ. ૧૯૫૦થી ૧૯૬૦ના ગાળામાં અમેરિકાની પાંચ વિરાટ ઔષધ કંપનીઓ પાસે ટેટ્રાસાઈક્લીન અને ઓરિયોમાઈસીન નામની, ભયંકર રોગો પર રામબાણ કામ આપતી ઔષધીઓ બનાવવાનો ઈજારો હતો. આ દવા બનાવવાનો ખર્ચ ઓછામાં ઓછો બાર રૂપિયા અને વધારેમાં વધારે ૯૬ રૂપિયા આવતો પણ ભારત જેવા દેશો પાસે આ કંપનીઓએ ખેલો કરીને ૨૫૦ રૂ. લેવા માંડયા હતા અને ભારતમાં એ દવા વાપરનારાઓને તો ૧૦૦ ગોળીના ૪૦૦ રૂ. પડતા હતા!

અમેરિકામાં જે એન્ટિટ્રસ્ટ કાયદા છે તે અનુસાર અમેરિકન કંપનીઓ ખેલો કરીને આવો ભાવવધારો કરી શકે નહિ એટલે ભારત, જર્મની, ફિલિપાઈન્સ અને કોલંબિયા એ ચાર રાષ્ટ્રોએ એ કંપનીઓ સામે નુકસાનીનો દાવો માંડવા માટે અમેરિકાની વરિષ્ઠ અદાલત પાસે મંજૂરી માગી અને હવે જ્યારે સાત વરસે એ મંજૂરી મળી છે અને ઉક્ત કંપનીઓ સામેનો કેસ પણ ચાલી રહ્યો છે ત્યારે શ્રી રેગનના મલ્ટિનેશનલ એટલે કે વિવિધ દેશોમાં ધંધો કરતી વિરાટ કંપનીઓ પ્રત્યેનાં સુંવાળાં વલણનો લાભ લઈને ભારત વગેરે દેશો અમેરિકન કંપનીઓ સામે કેસ માંડી શકે નહિ એવો કાયદો, ઉક્ત નફાખોર કંપનીઓ પસાર કરાવવા માગે છે અને એ કાયદાનો અમલ ભૂતકાળથી થાય એવું કરાવીને, અમેરિકાની સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાના મૂળમાં સુરંગ ચાંપવા માગે છે.

—અને તે દરમિયાનમાં, મલ્ટિનેશનલો સામે કેસ માંડવામાં અને એ અંગે થતો ખર્ચ સહન કરવામાં અગ્રણી એવાં પશ્ચિમ જર્મનીને મનાવી લઈને એની સાથે અદાલતની બહાર સમાધાન કરી લેવાની પેરવી પણ એ નફાખોર કંપનીઓ કરી રહી છે. હવે આ કેસમાંથી જર્મની જો ખસી જાય તો બીજા, ભારત જેવા દેશોનું તે એ કેસ ચાલુ રાખવાનું ગજું જ નથી. વળી પેલો ઉપરોક્ત કાયદો જો રેગનની સરકાર કોંગ્રેસમાંથી પસાર કરાવી દે તો તો થઈ રહ્યું. ભારતે જે પચ્ચીસ કરોડ રૂપિયાની નુકસાનીનો દાવો માંડયો છે તેમાંથી એને માત્ર ૮૦ લાખ જ મળે. કારણ કે કંપનીઓએ આટલી જ નુકસાની આપવાની પોતાની તૈયારી છે એવા નિર્દેશો આપ્યા છે.

અને ખૂબીની વાત તો એ છે કે પ્રમુખ કાર્ટરના શાસનકાળ દરમિયાન પણ ઉક્ત નફાખોર કંપનીઓએ ભારત વગેરે દેશોને નુકસાની ન આપવી પડે એ પ્રકારનો ઉપર વર્ણવ્યો છે તેવો ધારો પસાર કરાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ પ્રમુખ કાર્ટરે એનો સખત વિરોધ કર્યો હતો અને અમેરિકાનાં વિદેશખાતાંએ તથા ન્યાય ખાતાએ ઉક્ત નફાખોર કંપનીઓ સામેનો કેસ તૈયાર કર્યો હતો.

હવે એ જ ખાતાંઓ, રેગનનું તંત્ર ઉક્ત કંપનીઓની તરફેણમાં જે કાયદો ઘડવા માગે છે તેની આડે આવવા તૈયાર નથી! ભારત અને જર્મની બન્નેએ રેગન સરકારને ચેતવણી આપી છે કે આવો જો કોઈ કાયદો થશે તો મલ્ટિનેશનલોની ગોલમાલિયા પ્રવૃત્તિને અમેરિકન સરકાર છાવરવા માગે છે એવો જ એનો અર્થ થશે.

રેગનશાહીની આ છે ઝલક નં-૩.

હવે એક ચોથી વિગત જોઈએ. રેગને સામાજિક સલામતી અંગે અમેરિકન સરકાર દ્વારા થતા ખર્ચમાં મોટો કાપ મૂક્યો છે પરિણામે નિવૃત્ત માણસોને મળતી મદદમાં પણ કાપ પડયો છે. પણ ઝેરી ગૅસના ઉત્પાદન માટે લાખો ડૉલર ફાળવવામાં આવ્યા છે. રશિયાના પ્રતિકાર માટે આ જરૂરી છે, એવી દલીલ કરવામાં આવી છે.

રેગનશાહીની આ છે ઝલક નં-૪.

અને હવે પાંચમી વિગત જોઈએ. જે કોઈ મિત્ર સરકારો હોય તેને ભરપેટ શસ્ત્રો વેચવાનો રેગન સરકારે નિર્ણય કર્યો છે. અમેરિકાની પોતાની સલામતી માટે આ રીતે મિત્ર રાજ્યોને શસ્ત્રો વેચવાં જ જોઈએ એવી રેગન સરકારની દલીલ છે. આવી રીતે શસ્ત્રો વેચવા ઉપર કાર્ટર સરકારે પ્રતિબંધ મૂક્યો હતો. હવે તો અમેરિકાના શસ્ત્રો ઉત્પાદન કરતાં કારખાનાંઓના વડાઓ જ્યારે વિદેશોની મુલાકાતે જાય ત્યારે જે તે દેશોમાંના અમેરિકન એલચીઓ તેમની તહેનાતમાં રહેશે એમ પણ કહેવાય છે!

રેગનશાહીની આ છે ઝલક નં-૫.

આવી તો હજી ઘણી ઝલકો જોવા મળશે. એલ સાલ્વાડોર, હોન્ડ્યુરાસ, મધ્યપૂર્વ વગેરે દેશોમાં શું થાય છે તે તમે જોયા તો કરજો એમ એક ટીકાકારે કહ્યું હતું તે ઉપરથી તો લાગે છે કે રેગનની લડાયક વૃત્તિએ હવે ખરેખર ઉપાડો લીધો છે.

તમારો ધર્મ

- તમારું રોજિંદુ જીવન એ જ તમારું મંદિર, તમારો આરાધ્ય દેવ અને તમારો ધર્મ છે. —ખલીલ જિબ્રાન
- માણસ જેમ વધુ સમજદાર, તેમ વધુ દુઃખી —ગેથોવ
- આગિયો જ્યારે બેઠો હોય છે ત્યારે ચમકતો નથી. તે જ પ્રમાણે માણસ આળસુ બનીને પડયાં રહેતાં એની પ્રતિભા ઝાંખી પડી જાય છે. —ઈલ્નેબુર
- જિંદગી એ એક પ્રકારનું યુદ્ધ છે. તેમાં જેટલું મનને જીતશો તેટલી જીતવા માટેની શક્તિ વધશે. —સ્વામી માધવતીર્થ

ભારતના હરિજનો અને ગિરિજનો

☐ વિજયગુપ્ત મૌર્ય

ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ (હરિજનો) અને અનુસૂચિત જનજાતિઓ (ગિરિજનો વગેરે)ને અનુસ્નાતક તબીબી વિદ્યા-અભ્યાસમાં અનામત બેઠકો આપવા સામેના વિરોધના આંદોલનમાંથી લગભગ રાજ્યવ્યાપી હુલ્લડો સવર્ણો અને અવર્ણો વચ્ચે ફાટી નીકળ્યાં તે આપણા દેશની અને ખાસ કરીને ગુજરાતની સમાજ રચના પ્રત્યે આપણું ધ્યાન ખેંચે છે. આશરે ૩૫૦૦ વર્ષ પહેલાં રશિયા બાજુથી આર્યો ભરતખંડમાં આવવા લાગ્યા ત્યારે ભરતખંડમાં વિવિધ સંસ્કૃતિઓ અને વિવિધ જાતિઓ હતી. તેમાં પશ્ચિમે સિંધુ સંસ્કૃતિ અને દક્ષિણે દ્રવિડ સંસ્કૃતિનું મહત્ત્વ હતું. પૂર્વમાં અને મધ્યમાં વિવિધ જાતિઓનાં રાજ્યો હતાં. આર્યોએ સપ્તસિંધુ અને ગંગા-યમુનાના પ્રદેશોમાં વસતી જાતિઓ પર વિજય મેળવીને પોતાના માટે સર્વોપરી સ્થાન પ્રાપ્ત કર્યું. ભરતખંડમાં આવીને આર્યો ત્રણ વર્ણમાં વહેંચાઈ ગયા. જેમણે વિદ્યાભ્યાસ અને ધર્મોપદેશનો વ્યવસાય સ્વીકાર્યો તે બ્રાહ્મણ કહેવાયો, જેમણે શાસન અને સંરક્ષણની જવાબદારી માથે લીધી તેઓ ક્ષત્રિય કહેવાયા અને જેઓ વેપાર-ધંધા તથા ખેતીમાં જોડાયા તેઓ વૈશ્ય કહેવાયા. આ ત્રણ વર્ણ સવર્ણ અથવા દ્વીજ તરીકે ઓળખાયા. તેમને શાસ્ત્રોકત ૧૬ સંસ્કાર કરવાનો અધિકાર હતો. વર્ણની વાડ અનુલ્લંઘનીય ન હતી. એક વ્યકિત પોતાના વ્યવસાય પ્રમાણે બીજા વર્ણમાં જઈ શકતી હતી. વિશ્વામિત્ર–ક્ષત્રિય હતા છતાં બ્રહ્મર્ષિ બની શકયા. દ્રોણાચાર્ય બ્રાહ્મણ હતા છતાં મહાભારતમાં ક્ષત્રિય તરીકે લડયા હતા. અનાર્યો પણ સત્કાર્યો વડે ઊંચે આવી શકતા હતા તેનું એક દૃષ્ટાંત વાલ્મક છે. આર્યો પોતાના વર્ણ અને વંશ માટે ગર્વ લેતા હતા. તેથી અનાર્યોને દાસ, દસ્યુ, અનાર્ય વગેરે તરીકે ઓળખાવી તેમની ઉપેક્ષા પણ કરતા હતા. અનાર્યોની તો ઘણી જાતિઓ હતી. અલબત્ત તેઓ પણ નજીકના કે દૂરના ભૂતકાળમાં બહારથી આવી હતી. આ દેશની કોઈ જાતિને આદિવાસી કહી શકાય નહીં, કારણ કે વિવિધ સમયે વિવિધ જાતિઓ બહારથી આવવા લાગી તે પહેલાં (તે વખતે તેનું કંઈ નામ ન હતું) ખાલી અને નિર્જન પડયો હતો.

આર્ય પ્રજા આવી ત્યારે તેનો વ્યવસાય વિદ્યાભ્યાસ અને ઢોર ઉછેરનો હતો. તે પછી ખેતી અને બીજા વ્યવસાયો અપનાવ્યા અને વિવિધ પ્રકારના વ્યવસાયો પ્રમાણે તે વિવિધ જ્ઞાતિઓમાં વહેંચાઈ જવા લાગી. આવી રીતે વણિક, દરજી, સોની, સુથાર, કુંભાર વગેરે અનેક જ્ઞાતિઓ થઈ અને દેશની વિશાળતા જોતાં તેઓ ઉપજ્ઞાતિઓમાં વહેંચાઈ ગઈ.

સબળ જીવો અબળ કે નિર્બળ જીવોનું શોષણ કરે એ સૃષ્ટિનો ક્રમ છે. એ ક્રમ ભરતખંડમાં માનવ સમાજને પણ લાગુ પડયો. દ્રવિડ જેવી પ્રગતિશીલ જાતિઓ પર આર્યો પોતાનો પ્રભાવ સ્થાપી શકયા નહીં, પણ જે જાતિઓ ગરીબ અને પછાત હતી તેમને આર્યોએ પોતાની દાસ બનાવી. જે કામો કે વ્યવસાયો આર્યોને કનિષ્ટ લાગે તે આ જાતિઓ પાસેથી તેઓ કરાવતા હતા, આમ દલિત અને શોષિત અનાર્ય જાતિઓ અસ્તિત્વમાં આવી. દાખલા તરીકે મજૂરી કરવી, ગંદકી સાફ કરવી, ચર્મઉદ્યોગ ચલાવવો વગેરે કામો આ પછાત અને ગરીબ અનાર્ય જાતિઓને સોંપવામાં આવ્યાં. સ્વચ્છતા અને પવિત્રતા વિશે આર્યોના ખ્યાલમાંથી અસ્પૃશ્યતાના ખ્યાલનો જન્મ થયો અને જે ગરીબ પછાત જાતિઓ અસ્વચ્છ રહેતી હતી અથવા ગંદકી સાફ કરતી હતી તે અસ્પૃશ્ય પણ ગણાઈ. સૈકાઓ દરમિયાન મુખ્યત્વે બ્રાહ્મણોના વલણોના કારણે અસ્પૃશ્યતાનો ખ્યાલ રૂઢ બની ગયો. આ પ્રકારના વર્તાવમાં નબળી અને પછાત જાતિઓનું શોષણ થતું હતું અને તેમને અન્યાય પણ થતો હતો. સમયે સમયે આર્યોમાં નરસિંહ મહેતા અને મહાત્મા ફૂલે જેવા ન્યાયનિષ્ઠ સંતો પણ પાક્યા, જેમણે દલિતોના ઉદ્ધારની ચળવળ ઉપાડી.

સાંપ્રતકાળમાં હિન્દુસ્તાનના સ્વાતંત્ર્ય સંગ્રામને ભાંગી નાખવા અંગ્રેજોએ ધર્મના ધોરણે કોમ પ્રથા અને સવર્ણ-અવર્ણના ધોરણે જ્ઞાતિપ્રથાનો લાભ લઈ પ્રજામાં હિંદુ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ વચ્ચે અથવા હિંદુઓમાં સવર્ણો અને અવર્ણો વચ્ચે વિખવાદો પ્રેરવાના પ્રયાસો કર્યા. મુસ્લિમ લીગ તેમાં અંગ્રેજોનો હાથો બનવા રાજી હતી. તેથી તેણે કોમી ધોરણે એટલે કે ધર્મના ધોરણે પાકિસ્તાન મેળવ્યું. બ્રિટિશ સરકાર હરિજનોને સવર્ણ હિંદુઓથી જુદી કોમ ગણીને તેમને અલગ મતાધિકાર આપવા માગતી હતી અને ડો. આંબેડકર, ગાંધીજી અને કોંગ્રેસ પ્રત્યે અસહિષ્ણુતાથી પ્રેરાઈને સમગ્ર હરિજન કોમ સહિત સામુદાયિક ધર્મપરિવર્તન કરી નાખવાની ધમકી આપતા હતા. આ ધમકી અંગ્રેજોને ગમે તેવી હતી; પરંતુ ગાંધીજીએ આમરણ ઉપવાસ કરીને અંગ્રેજોની ચાલને નિષ્ફળ બનાવી. ગાંધીજીએ જેમ દેશની સ્વતંત્રતાને પોતાનું ધ્યેય બનાવ્યું હતું તેમ અસ્પૃશ્યતા નાબૂદ કરીને હરિજનોનો અને બીજા દલિત જાતિઓનો ઉદ્ધાર કરવાના કાર્યને પોતાનું ધ્યેય બનાવ્યું હતું. હરિજન ઉદ્ધારના આ આંદોલનને પરિણામે ભારતના બંધારણમાં હરિજનોને અને ગિરિજનોને તેમનું પછાતપણું દૂર કરવા કેટલા વિશેષાધિકારો આપવામાં આવ્યા. દાખલા તરીકે ૧૭મી કલમમાં અસ્પૃશ્યતા નાબૂદ કરી અસ્પૃશ્યતા આચરવાની મનાઈ કરવામાં આવી છે. ૪૬મી કલમ પ્રમાણે કેળવણી અને આર્થિકક્ષેત્રે તેમના હિતની રક્ષા કરવામાં આવી છે. તેમને સામાજિક અન્યાય ન થાય અને તેમનું કોઈ પ્રકારનું શોષણ ન થાય તેવો આદેશ આપવામાં આવ્યો છે.

બંધારણની ૨૫મી કલમ પ્રમાણે હિંદુઓની બધી ધાર્મિક સંસ્થાઓ સવર્ણો કે અવર્ણોના ભેદ વિના સૌ હિંદુઓ માટે ખુલ્લી મૂકવામાં આવી છે. આ કલમ સાથે ૧૫મી કલમ પણ મહત્ત્વની છે. તેમાં જાહેર જીવનમાં દુકાનો, હોટેલો, મનોરંજનનાં સ્થળો, કૂવા, તળાવો વગેરે બધી જાહેર જગ્યાઓ હરિજનો માટે ખુલ્લી મૂકવામાં આવી છે. હરિજનો કે ગિરિજનોના હિતને મર્યાદિત કરે તેવો કોઈ કાયદો પણ થઈ શકે નહીં. ૨૯મી કલમ પ્રમાણે કેળવણી સંસ્થામાં કે રાજ્ય પાસેથી સહાય મેળવવામાં તેમની સામે ભેદભાવ રાખી શકાય નહીં.

જ્યાં આ પછાત કોમોને નોકરીમાં કે બીજે પૂરતું પ્રતિનિધિત્વ ન મળ્યું હોય ત્યાં હરિજનોને અને ગિરિજનોને પૂરતું પ્રતિનિધિત્વ આપવા ૧૬મી અને ૩૩૫મી કલમ રાજ્યને સત્તા આપે છે. ૩૩૦, ૩૩૨ અને ૩૩૪ કલમ પ્રમાણે ૩૦ વર્ષ સુધી એટલે કે તા. ૨૫/૧/૧૯૮૦ સુધી હરિજનોને અને ગિરિજનોને વિધાનસભામાં ખાસ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હતું. આ મુદત હવે લંબાવી આપવામાં આવી છે. કલમ ૧૬૪,૩૩૮ અને પાંચમા પરિશિષ્ઠ પ્રમાણે રાજ્યમાં ગિરિજનો માટે સલાહ સમિતિઓ અને ખાસ ખાતાં સ્થાપવામાં આવે છે અને આ લોકોના કલ્યાણ માટે કેન્દ્રમાં ખાસ અધિકારીની નિમણૂક થાય છે. જે પ્રદેશોમાં હરિજનોની કે ગિરિજનોની વસતિ વધારે છે તેમના માટે કલમ ૨૭૫મા અને પાંચમા પરિશિષ્ટમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. તેમનું શાસન અટકા-

વવા માટે તેમને વસ્તુ કે પશુની જેમ વેચવામાં ન આવે કે તેમની પાસેથી વેઠ કરાવવામાં ન આવે એવી જોગવાઈ કરાવવામાં આવી છે.

બંધારણની આ જોગવાઈઓના અનુસંધાનમાં અસ્પૃશ્યતા વિષયક અપરાધનો કાયદો ૧૯૭૬માં કરવામાં આવ્યો હતો, જે હવે નાગરિક સુરક્ષા ધારા તરીકે ઓળખાય છે. અસ્પૃશ્યતાને વાજબી ગણાવવી કે અસ્પૃશ્યતા આચરવાનો બોધ આપવો કે આ પછાત જાતિઓને અસ્પૃશ્ય ગણી તિરસ્કાર કરવો તે પણ ગુનો છે. આ ગુનો પોલીસ અધિકારનો છે અને આવા કેસમાં સમાધાન પણ ન થઈ શકે આથી અપરાધી ફરિયાદીનું મન મનાવી છૂટી જઈ શકે નહીં. આ કાયદા પ્રમાણે સામૂહિક દંડ પણ કરી શકાય અને તેમાં સજા પામેલી વ્યક્તિ સંસદમાં કે વિધાનસભામાં પણ ચૂંટાઈ શકે નહીં. જો કોઈ સરકારી નોકર ઈરાદાપૂર્વક આ કાયદાના અમલમાં બેદરકારી બતાવે તો તે પણ સજાને પાત્ર ઠરે.

ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈને દલિતોના અધિકારોના રક્ષણ માટે કાયદાઓમાં જોગવાઈ કરવી એ રોક વાત છે અને એ કાયદાઓનો અમલ કરવો એ બીજી વાત છે. આપણે જોતા આવ્યા છીએ કે બિહાર અને ઉત્તર પ્રદેશ જેવાં પછાત રાજ્યોમાં અને મહારાષ્ટ્ર તથા ગુજરાત જેવાં પ્રગતિશીલ રાજ્યોમાં પણ હરિજનો અને ગિરિજનો પર અત્યાચારો થાય છે. અત્યાચારો કરવામાં કહેવાતા સવર્ણો, પોલીસ કે બીજા સરકારી માણસો પણ સામેલ હોય છે. હરિજનોને જીવતા બાળવાના, ઠાર મારવાના, તેમનાં ઝૂંપડાં સળગાવી દેવાના તેમનાં ખેતર આંચકી લેવાના અને તેમના માલ-મિલકત લૂંટી લેવાના. બનાવો પણ વારંવાર બને છે. મહારાષ્ટ્ર અને ગુજરાત જેવાં પ્રગતિશીલ રાજ્યોમાં પણ હરિજનો વિરુદ્ધ હુલ્લડો થયાં છે. દા. ત. મરાઠવાડા યુનિર્સિટીને ડૉ. આંબેડકરનું નામ આપવાનો ઠરાવ તો મહારાષ્ટ્રની વિધાનસભાએ અને વિધાનપરિષદે સર્વાનુમતે કરી નાખ્યો, પણ તેના વિરોધમાં સવર્ણોએ હરિજનો પર આક્રમણ કરી અત્યાચાર ગુજાર્યા ત્યારે આ ધારાસભાઓએ ઠરાવનો અમલ કરવાની હિંમત ન હતી. એટલું જ નહીં, મોટા ભાગના અત્યાચાર કરનારાઓ નિર્ભય રહી શક્યા. ભારતમાં હરિજનો અને ગિરિજનોની સંખ્યા પણ કંઈ નાનીસૂની નથી. ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે હરિજનોની સંખ્યા લગભગ ૮ કરોડની હતી અને ગિરિજનોની લગભગ ૩ કરોડ ૮૦ લાખથી વધારે હતી. હરિજનોની સૌથી વધુ વસતિ ઉત્તર પ્રદેશમાં ૧ કરોડ ૮૫ લાખથી વધારે, બિહારમાં લગભગ ૮૦ લાખ, તામિલનાડુમાં ૭૩ લાખથી વધારે, પશ્ચિમ બંગાળમાં ૮૮ લાખથી વધારે, મહારાષ્ટ્રમાં ૩૦ લાખથી વધારે અને ગુજરાતમાં ૧૮ લાખ ૨૫ હજારથી વધારે હતી. સૌથી ઓછી મિઝોરામમાં ૮૨ અને અરુણાચલમાં ૩૩૯ હતી.

ગિરિજનોની સૌથી વધુ વસતિ મધ્ય પ્રદેશમાં લગભગ ૮૪ લાખ, ઓરિસામાં ૫૦ લાખ ૭૨ હજાર, બિહારમાં ૪૯ લાખ ૩૨ હજાર, મહારાષ્ટ્રમાં ૨૯ લાખ ૫૪ હજાર અને ગુજરાતમાં ૩૭ લાખ ૩૪ હજારથી વધારે હતી.

૧૯૬૪ના આંકડા પ્રમાણે ગુજરાતમાં જિલ્લાવાર ગિરિજનોની સૌથી વધુ વસતિ ડાંગ જિલ્લામાં ૮૪.૩૫ ટકા, સુરતમાં ૪૬.૭૧ ટકા, પંચમહાલમાં ૪૦.૧૬ ટકા અને ભરૂચમાં ૩૭.૨૮ ટકા હતી. જે તાલુકાઓમાં ગિરિજનોની વસતિ ૫૦ ટકા કરતાં વધારે હોય તેમને ગિરિજનોનો પ્રદેશ ગણવામાં આવે છે.

આ આંકડા બતાવે છે કે ગુજરાતમાં પછાત જાતિઓની સંખ્યા મોટી છે. તદુપરાંત જે જાતિઓને હરિજન કે ગિરિજન ગણવામાં નથી આવી, છતાં એવી જાતિની સંખ્યા ૮૦ થી વધારે છે. આ સંજોગોમાં સવર્ણ અને અવર્ણના ભેદ વિના આર્થિક અને સામાજિક રીતે પછાત હોય એવી બધી જાતિઓના અને એવી વ્યક્તિઓના પણ હિતનું રક્ષણ કરવું જોઈએ. હમણા સુધી વારંવાર ગુજરાતમાં હિંદુ-મુસ્લિમો વચ્ચે કોમી હુલ્લડો થતાં હતાં હવે હિંદુઓમાં સવર્ણ અને અવર્ણ વચ્ચે વૈમનસ્ય, વેર અને હિંસાનું વાતાવરણ ફેલાયું છે તે દરેક વિચારશીલ વ્યક્તિને ખેદ પમાડે છે. આ હુલ્લડો નરસિંહ મહેતા અને ગાંધીજીની ભૂમિમાં થયાં તે વિશેષ શરમજનક છે.

મારું જીવન દર્શન

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૬-૫-'૮૧ની સાંજે ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, અભ્યાસ વર્તુળમાં આપેલું પ્રવચન)

[] હરજીવન થાનકી

પ્રત્યેક વ્યક્તિનું દર્શન અલગ અલગ હોઈ શકે. આ દર્શન કરવા માટે સ્થૂળ આંખ કરતાં વધુ સૂક્ષ્મ દૃષ્ટિની આવશ્યકતા રહે. છતાં કેવળ દૃષ્ટિથી કામ સરતું નથી! આંખ આગળ પ્રકાશ અને પાછળ આત્મા હોવો જોઈએ! રાતે અંધારામાં આંખ નકામી બને. મુડદાંની આંખ ખુલ્લી હોવા છતાં કંઈ જોઈ શકતી નથી, કેમ કે 'જોનાર' તેમાં હાજર નથી. બીજી બાજુ જોનાર છે, આંખ છે. છતાં પ્રકાશ નથી તોયે નકામું. આમ આગળ પ્રકાશ, વચ્ચે ખુલ્લી આંખ અને પાછળ જોનાર હોય તો કામ ચાલે! એ પછીના પ્રશ્નો શું જોવું અને શું ન જોવું ને લગતા ઉપસ્થિત થાય.

મને જે કંઈ દેખાયું છે તે આપની સમક્ષ રજૂ કરતાં અવશ્ય આનંદ થશે. આજે બુધવારે શ્રી સુબોધભાઈએ મને પોતાના અભ્યાસ વર્તુળમાં વિચાર આંદોલનો ઉત્પન્ન કરવાની જે તક આપી તે બદલ તેમનો ઋણી છું. આજે બુધના ગ્રહ કરતાં ભગવાન બુદ્ધના ગૃહની આપણે વધુ નજીક છીએ કે જ્યાં સત્ય, પ્રેમ અને કરુણા પાયામાં પડયાં છે. Let Truth Prevail 'સત્યમેવ જયતે' એ આપણા દેશનો ધ્યાનમંત્ર હોવા છતાં આપણે સૌથી વધુ બેધ્યાન તેના પ્રત્યે છીએ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તો સત્યને ઈશ્વર અને ઈશ્વરને સત્ય કહ્યા. સત્યમાંથી જ શ્રદ્ધા અને નિષ્ઠા જેવા પાયાના મહાન-ગુણો જન્મે છે, છતાં તે સાપેક્ષ હોઈ શકે. પ્રત્યેક વ્યક્તિ અને સ્થળ-સંયોગનું સત્ય અલગ અલગ હોઈ શકે, માટે તો આપણે સૌ એ ઋતંભરા પ્રજ્ઞાની ઉપાસના કરવાની છે.

ઋત ઉપરથી આપણી ઋતુઓ ઊતરી આવી. કુદરતી નિયમોમાં બાંધછોડને અવકાશ ન હોવા છતાં ત્યાં પણ સુખદ કે દુઃખદ અકસ્માતો તો થાય છે જ, જેમકે વાવાઝોડાં તથા ઠંડી-ગરમીના અતિરેકો. અતિ શબ્દ સમજવા જેવો છે, વર્જ્ય કરવા જેવો છે. શાસ્ત્રોમાં કહ્યું છે તેમ, 'અતિ સર્વત્ર વર્જયેત્' અલબત્ત, સ્થૂળ બાબતો માટે પણ. સૂક્ષ્મ બાબતો માટે તો કહ્યું, "અધિકસ્ય અધિકમ્ ફલમ્." કોઈનું ભલું કરવામાં અતિરેકની મનાઈ નથી, પણ પૈસા દ્વારા ખરીદાતા પદાર્થમાં અતિરેક ન થવો જોઈએ, પણ થઈ રહ્યો છે! પૈસો એક એવી બાબત છે કે તે ગમે તેટલો મળે છતાં માણસ ધરાતો નથી! ભોજનાન્તે જે તૃપ્તિ મળે છે તે પૈસો કમાયા પછી મળતી નથી! આજે પૈસામાંથી સુ-વાસ ચાલી ગઈ છે. ચંચળતા વધી ગઈ છે પરિણામે સંતોષ અને શાંતિએ સમાજમાંથી વિદાય લીધી છે. ત્યારે બુદ્ધના પ્રેમ અને કરુણા ઉપરાંત મહાવીરની અહિંસાની વાત જ ક્યાં કરવી?

આજે જીવન અને જગતની સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. મોંઘવારી માઝા અને મજા મૂકી રહી છે. જીવન દોહ્યલું

બની ગયું છે. આવકજાવકના બે પાસાં સરખાં કરતાં નાકે દમ આવી જાય છે. વિચાર આવે છે કે આ 'ભાવવધારો' ક્યાં જઈને અટકશે. આમ તો ભાવ વધે તેમાં કંઈ ખોટું નથી. ભગવાને બુદ્ધ અને મહાવીરે પણ ભાવ વધારવાનું કહ્યું છે, પણ હૃદયના ભાવ. આજે આપણે ચીજવસ્તુઓના ભાવ વધારી રહ્યાં છીએ. સૂક્ષ્મભાવનું સ્થૂળમાં રૂપાંતર કરી રહ્યા છીએ. પરિણામે, આજે માણસનો આત્મા ક્યડાઈ રહ્યો છે. આત્મા ઉપર શરીરનું પ્રભુત્વ ઝડપથી વધી રહ્યું છે. પૂર્વ ઉપર પશ્ચિમ સવાર થઈ રહ્યું છે. પાયાના મૂલ્યો પ્રત્યે આંખ આડા કાન થઈ રહ્યા છે.

છેલ્લાં એક અઠવાડિયાથી મુંબઈમાં છું. અનેક માણસોને મળું છું. તેમના જીવનમાં રસ લઉં છું. કોઈ સાચા અર્થમાં સુખી નથી. સૌને પોતપોતાની સમસ્યાઓ છે. ગરીબો અને અમીરો વચ્ચેનું અંતર ઝડપથી વધી રહ્યું છે. એક બાજુ ધનના ઢગ અને બીજી બાજુ કારમી ગરીબીની ખીણ! તેની વચ્ચે મધ્યમવર્ગ ભીંસાઈ રહ્યો છે. ખીણમાંથી પર્વત ઉપર ચઢવાની કેડી સાંકડી છે. ક્રાંતિ નજીક છે. અલબત્ત, મનોજકુમારની ક્રાંતિ જેટલી સ્પષ્ટ રીતે તેને પડદા પર જોઈ શકાતી નથી! પણ કવિ ઉમાશંકરના શબ્દોમાં કહું તો,

"ભુખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે"
ત્યારે "ખંડેરની ભસ્મકણી ન લાધશે."

આપણી સંસ્કૃતિને ખંડેરમાં ફેરવાતી જતી અટકાવવાના ઉપાયો છે. વ્યાપક રીતે થતી શોષણખોરી અટકાવવી, સ્થૂળ ભૌતિક વસ્તુઓ પ્રત્યેનો મોહ અંકુશિત કરી, અનાસકિત કેળવવી. અલબત્ત, તે બોલવા જેટલું સહેલું નથી, તેમ અશક્ય પણ નથી. એને માટે જરૂરી છે: સાચા પાયાના જ્ઞાનની નહિ જ્ઞાનેન સદશં પવિત્રં ઈહ વિદ્યતે! આ જગતમાં જ્ઞાનથી વધુ પવિત્ર ભાગ્યે જ કોઈ ચીજ હોઈ શકે. માટે તો જીવનમાં કર્મ અને ભકિત કરતાં પણ વધુ શ્રેષ્ઠ માર્ગ-જ્ઞાનમાર્ગને ગણ્યો. જ્ઞાન–to know. જ્ઞાન એટલે જાણવું. શું જાણવું? તો કે જે છે તે. જે છે તેને જાણવું, જગતને જાણતાં પહેલાં પોતાની જાતને જાણવી.

ભગવાન ઈસુએ બાઈબલમાં કહ્યું છે તેમ "Know they Self" નું તારી જાતને ઓળખ. બુદ્ધે કહ્યું 'આત્મ દીપોભવ' નું તારા દિલનો દીવડો થા ને! કેટલું સ-રસ ભજન છે. મંદિરોમાં અને મસ્જિદોમાં તો બહુ દીવા પ્રગટયા. હવે આપણે આપણા અંતરમાં જ્ઞાનદીપ પ્રગટાવીએ જેથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય. આપણે જાણીએ છીએ કે અંધકાર વડે તો આખો ઓરડો ભરાયેલો છે, પણ આપણા ખિસ્સામાં જે બાકસમાં પચાસ દીવાસળીઓ છે તેમાંથી ફકત એક વાપરીને, આપણા ચિત્તતંત્રની સપાટી ઉપર ઘસવાથી કમસેકમ આપણા ઘરનો અંધકાર તો જરૂર દૂર થશે જ. યાદ રાખીએ કે ઘર સુધાર્યા વીના સમાજ, દેશ કે દુનિયા સુધારી સકાતી નથી. જાતને સુધાર્યા વીના જગતને સુધારી શકાતું નથી. બાકી તો વર્ષોથી જે પ્રક્રિયા ચાલી આવી છે તે ચાલશે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. સ્વર્ગ, પૃથ્વી ને પાતાળ. દેવ, માનવ અને દાનવ. આપણે માનવો કે જે પૃથ્વી ઉપર રહીએ છીએ તેને માટે બે માર્ગો ખુલ્લા છે. એક દેવ બનીને સ્વર્ગમાં જવાનો, બીજો દાનવ બનીને નર્કમાં પડવાનો. આપણે એક રસ્તો પકડવાનો છે. એક માર્ગ છે હિરોનો બીજો વિલનનો. હિરોના માર્ગે હરિ મળશે, જો આપણામાં સાચું હીર હશે તો! આમેય સમાજમાં હિરો ઓછા હોય છે, વિલનો ઝાઝા. વિલનને હિરો બનવાની તક મળે એ માટે તો આપણે કેટલી બધી શાળાઓ અને કૉલેજો ખુલ્લી મૂકી છે. શિક્ષણ વધ્યું તેમ સંતો વધવા જોઈતા હતા. પણ ખરેખર તેમ બન્યું છે? તેથી ઊલટું આજે તો ધર્મને નામે ધતિંગો વધી પડયાં છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે. લોકોનો ભગવાં વસ્ત્રોમાંથી વિશ્વાસ જ ડગી રહ્યો છે. કેસરી રંગમાંથી કેસર ઊડી રહ્યું છે. ભગવા રંગ-માંથી ભકિત ચાલી ગઈ છે. ભગવાનનો સીધો ઉપયોગ (કે કઉપયોગ?) પેટનો ખાડો પૂરવા માટે થઈ રહ્યો છે. ભગવાનને પણ આપણે લાંચ રૂશ્વત લેતા કરી દીધાં છે. વિદ્યાર્થી મંદિરમાં જઈને પ્રાર્થના કરે છે કે હે ભગવાન જો હું પાસ થઈ જઈશ તો તમને એક નાળિયેર વધારીશ. આજની પ્રાર્થનામાં પણ અર્થ એટલે કે હેતુની શુદ્ધિ રહી નથી માટે સિદ્ધિ મળતી નથી. પ્રાર્થનામાં પણ સોદાબાજી પ્રવેશી ગઈ છે. ભકિત પણ શરતી, હેતુપૂર્વકની થઈ ગઈ છે. ત્યારે વિચારવાનું એ છે કે આમાંથી ઉગરવાનો માર્ગ ક્યાં?

ચઢવું હમેશાં મુશ્કેલ હોય છે, પડવું સહેલું. ઉપર ચડવામાં મુશ્કેલીઓ આવવાની જ પણ સાથે સાથે ઉપર ચડવાનો આનંદ, ક્ષિતીજ વિસ્તારવાનો આનંદ, દૂરદૃષ્ટિ કેળવવાનો આનંદ, સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં સરી પડવાનો આનંદ. ભારે દુ:ખ આ વાતનું છે કે મુંબઈના Cream ગણાતા, ધનાઢય વિસ્તારોમાં રહેતી વ્યકિતઓ બાવીસમે માળે રહેતી હોવા છતાં, પોતાના શરીરની ઉપર ચડી મનમાં પ્રવેશી શકી નથી! આપણે સૌએ શરીરમાંથી નીકળી મન અને હૃદયમાં રહેવા જવાનું છે, કેમ? તો કે "મન: એવ મનુષ્યાણાં બંધન: મોક્ષ: એવચ" એમ કહ્યું. મનમાં જ બંધન અને મુકિત વસે છે માટે તો સમાજમાં મનની કેળવણી વધવી જોઈએ. ઈન્દ્રિયો પર, વાસનાઓ પર સંયમ મુકતા શીખવે એ જ સાચી કેળવણી.

કેળવવું એટલે વાળવું. મનને સારી દિશામાં, સાચી દિશામાં વાળવું. અંદરમાં, અંતરમાં વાળવું. વાળીને ત્યાં બેકેલા પડ્રિપુનો કચરો સાફ કરવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આજે ઉપલા થરના ગણાતા સમાજમાં કામનું સામ્રાજ્ય વધી રહ્યું છે. તેની પાછળ ચૂપકીથી આપણને ખબર પણ ન પડે તેમ ક્રોધ, લોભ, મોહ આદિ પ્રવેશતાં રહે છે. ત્યારે આપણું મોઢું પશ્ચિમ તરફ રાખવાને બદલે પૂર્વ તરફ વાળીએ, અસ્તાચળ તરફ જોયા કરવાને બદલે ઉદયાચલ તરફ વળીએ. આપણે ત્યાં શું નથી? આપણા વેદો, ઉપનિષદો, અને પુરાણોમાં શેની ખામી છે? ફૉરેનનો મોહ છોડીએ.

આ બધું કોણ કરશે? તો કે દેવો. સમાજના ઉપલા થરનું બાકીના અનુકરણ કરે છે. નેતા સુધરશે તો પ્રજા સુધરશે. 'યથા રાજા તથા પ્રજા' સંસ્કૃતમાં કહ્યું છે તેમ.

ઉપરોકત વકતવ્ય બાદ થયેલી પ્રશ્નોત્તરીમાં શ્રી જમનાદાસ લાદીવાળા અને શ્રી ચીમનલાલ જે. શાહે ચર્ચા કરી, હતી. સમાપનવિધિ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કરી હતી.)

અનાજ અને મોટર વચ્ચે સ્પર્ધા

☐ કાન્તિ ભટ્ટ

અનાજ અને મોટર વચ્ચે એક સ્પર્ધા ચાલુ થઈ ગઈ છે. મોટરમાં પુરવાના પેટ્રોલની તંગીને કારણે હવે જમીનમાંથી પેટ્રોલ "ઉગાડાય" છે, એટલે માણસનું પેટ ભરવા માટેનું અનાજ ઉગાડવાની જમીન અને મોટરના પેટમાં ભરવા માટેનું આલ્કોહોલ મેળવવાના છોડ ઉગાડવાની જમીન માટે હુંસાતુંસી થાય છે. ઘણા દેશોમાં પેટ્રોલમાં આલ્કોહોલ (દારૂ)નું મિશ્રણ કરવામાં આવી રહ્યું છે. પેટ્રોલની તંગી ટાળવાનો આ નુસખો સૌ પ્રથમ બ્રાઝિલે અજમાવ્યો હતો. બ્રાઝિલમાં આલ્કોહોલથી ઘણી મોટરો ચાલવા માંડી છે અને તેથી આલ્કોહોલ પેદા કરવાનો ઉદ્યોગ ખીલ્યો છે.

બ્રાઝિલે તેને જોઈતું તમામ પેટ્રોલ આયાત કરવું પડે છે. ૧૯૭૩માં બ્રાઝિલે ઘરઆંગણે આલ્કોહોલ "ઉગાડવાનો" કાર્યક્રમ નક્કી કર્યો. તે માટે ૧૯૮૫ સુધીમાં રૂા. ૪૦ અબજ ખર્ચાઈ જશે. જે આલ્કોહોલની જરૂર મોટર ચલાવવા માટે પડે છે તે શેરડીના કૂચામાંથી મેળવાય છે. શેરડીના વાવેતરમાંથી એકર દીઠ ૩૮૮ ગેલન આલ્કો-

હોલ મળે છે. અમેરિકામાં મકાઈના દાણામાંથી આલ્કોહોલ કઢાય છે. ન્યુઝિલેન્ડમાં પણ મોટરકાર માટે આલ્કોહોલ કાઢીને વપરાય છે. ન્યુઝિલેન્ડમાં બીટનામના લાલ કંદમાંથી આલ્કોહોલ કાઢવામાં આવે છે. આવી ડિસ્ટીલરીઓ ત્યાં ઠેરઠેર ઊભી થઈ છે. ન્યુઝિલેન્ડમાં સાત લાખ હેકટરમાં, બીટનો પાક લઈને મોટર ચલાવવા માટે જોઈતા આલ્કોહોલની બાબતમાં સ્વાવલંબન સધાઈ રહ્યું છે.

ઓસ્ટ્રેલિયાએ નક્કી કર્યું છે કે તેની પેટ્રોલની વપરાશ ૨૦ ટકા જેટલી ઘટાડીને તેટલા જથ્થામાં આલ્કોહોલનો ઉપયોગ કરવો. ઓસ્ટ્રેલિયામાં અનાજનો પાક સારો થાય છે. ઓસ્ટ્રેલિયા અનાજમાંથી આલ્કોહોલ મેળવશે.

એ પ્રકારે પૂર્વ યુરોપના ઓસ્ટ્રિયા નામના દેશમાં પણ ૨ થી ૩ લાખ ટન અનાજ વપરાયા વગર પડયું રહેતું હોઈને તેમાંથી આલ્કોહોલ બનાવવામાં આવે છે. દક્ષિણ આફ્રિકાએ કોલસામાંથી પેટ્રોલ જેવું બળતણ કાઢવા માડયું છે. પણ તે ઉપરાંત કાસાવા નામના છોડ વાવીને તેમાંથી આલ્કોહોલ કાઢવાની રીત પણ શોધી કાઢી છે. આ માટે હજારો એકરમાં કાસાવાની ખેતી શરૂ કરાઈ રહી છે. એ કાસાવાના છોડમાંથી આલ્કોહોલ કાઢવા માટે ૧૩ જેટલી ડિસ્ટીલરીઓ સ્થપાસે. શેરડીમાંથી આલ્કોહોલ કાઢવાનું કામ દક્ષિણ આફ્રિકામાં ઘણા વખતથી થાય છે. તે ઉપરાંત સૂર્યમુખીના ફૂલમાંથી નીકળતા બીજમાંથી આલ્કોહોલ કાઢવાનો પ્રયોગ સફળ થયો છે. ડિઝલ એન્જિનો ચલાવવા માટે સૂર્યમુખીનું આલ્કોહોલ વપરાય છે.

કેન્યામાં પણ મોલાસીસ તરીકે ઓળખાતી ગોળની રસીમાંથી આલ્કોહોલ કાઢીને તેનો મોટર ચલાવવામાં ઉપયોગ થઈ રહ્યો છે. સુદાન અને થાઈલેન્ડમાં પણ આ પ્રકારે શેરડીમાંથી કે ગોળમાંથી આલ્કોહોલ કાઢીને તેનાથી મોટર ચલાવવાનો પ્રયોગ થઈ રહ્યો છે. ફિલિપાઈન્સમાં તો કયારની શેરડીના આલ્કોહોલથી મોટરો ચાલે છે.

ન્યુયોર્કમાં ખેતીવાડીની પેદાશમાંથી આલ્કોહોલ બનાવતી ડિસ્ટીલરીઓ તૈયાર કરવાનું એક કારખાનું ઊભું થયું છે. આ કારખાનું ડિસ્ટીલરીઓ પેદા કરે છે. દરરોજ આ કારખાનાને ૩૦ જેટલી પૂછપરછો આવે છે. ભારત સરકારે હજી ખેતીવાડીની જમીનમાંથી આલ્કોહોલ કે પેટ્રોલ મેળવવાનો પ્રયોગ કર્યો નથી પરંતુ ભાવનગર જિલ્લાના ઝાંઝમેર નામના ગામની દરિયાઈ જમીનમાં અમુક છોડ ઉગાડીને તેમાંથી પેટ્રોલ કાઢવાનો અખતરો શરૂ કર્યો છે. શરૂમાં અજમાયશ તરીકે પાંચ એકરમાં આ "પેટ્રોલિયા-છોડ" ઉગાડવામાં આવ્યા છે.

ખેતીવાડીની જમીન જે માણસનું પેટ ભરવા માટે છે તેમાંથી હવે આલ્કોહોલ મેળવવા બીટ, શેરડી, મકાઈ, સનફલાવર અને બીજા ધાન્યો ઉગાડાઈ રહ્યાં છે. મોટર અને માણસના પેટ વચ્ચે સ્પર્ધા ચાલી છે. દર વર્ષે જગતના માનવીઓની અનાજની જરૂરિયાતમાં ત્રણ કરોડ ટનનો વધારો થાય છે. દર વર્ષે જગતમાં સાત કરોડ માણસો ઉમેરાતા હોઈને મોટરકારના ખોરાક અને માણસના ખોરાક વચ્ચેની સ્પર્ધા વધતી જ રહેવાની છે. ગરીબ દેશોમાં માણસ દીઠ અનાજનો વપરાશ વર્ષે સરેરાશ ૪૦૦ રતલનો છે જ્યારે પૈસાપાત્ર દેશોના લોકો માંસ અને બીજો ઘણો આહાર લેતા હોય છે તે માટેનું અનાજ ઢોરને ખવરાવવું પડે છે એટલે સમૃદ્ધ દેશનો નાગરિક વર્ષે ૧૬૦૦ રતલ અનાજ આરોગી જાય છે. એટલે કે ગરીબ દેશો કરતાં પૈસાદાર દેશોનો સરેરાશ નાગરિક સીધી અને આડકતરી રીતે ચારગણું અનાજ આરોગી જાય છે. જો મોટરકાર માટે અનાજમાંથી કાઢેલું આલ્કોહોલ વપરાય તો અમેરિકાના દરેક નાગરિકની એક મોટરકાર દીઠ સાત ટન જોઈએ! બીજી એક સરખામણી કરીએ તો ગરીબ દેશના માણસના ભોજન માટે દર વર્ષે ૦૧ એકર જમીન પર્યાપ્ત થઈ રહે ત્યારે પૈસાપાત્ર દેશવાળાને તેના વર્ષભરના આહાર માટે એક એકર જમીન જોઈએ છે!

o

નોબલ પારિતોષક વિજેતા રસાયણશાસ્ત્ર ડો. મેલ્વીન કાલ્વીને એક છોડમાંથી ડિઝલ મેળવવાનો પ્રયોગ કર્યો છે. બ્રાઝિલમાં કોપૈબા નામના વૃક્ષના પાંદડામાંથી બે કલાકમાં ૧૮થી ૨૦ લીટર જેટલું પ્રવાહી કાઢી શકાય છે અને તે ડીઝલ જેવું જ કામ આપે છે. "સાયન્સ ન્યુઝ" નામના એક મેગેઝિનમાં ડો. મેલ્વીન કાલ્વીને તાજેતરમાં જાહેર કર્યું કે તેણે પોતાની મોટરકારની ટાંકીમાં કોપૈબાના પાંદડાં જ સીધે સીધા નાખ્યાં અને તેની ગાડી ચાલી હતી. શરૂઆતમાં તો આ વૃક્ષના પાંદડાં પરફ્યુમ ઉદ્યોગમાં તેમ જ ઘાને રૂઝવવાના મલમમાં વપરાતાં હતાં. હવે તેમાંથી મોટરનું બળતણ કઢાઈ રહ્યું છે.

એક ઉજળી બાજુ

એ ઉદાસ ચહેરે આવ્યા. ધીમેથી બાજુમાં લાકડી મૂકી, બેઠક લીધી અને પોતાની કથની શરૂ કરી. સુખી ભૂતકાળ ભૂલાતો નહોતો અને વર્તમાન સંજોગોને કારણે અસહ્ય બન્યો હતો એટલે વાતમાં વચ્ચે વચ્ચે પોતાના ઉપર ગુસ્સો ઠાલવતા હતા. ન કહેવાની આનાકાની સાથે એમણે કેટલીય વાતો કરી અને હળવા થયા. સિત્તેરની લગોલગ પહોંચેલા, આર્થિક સાધનોના અભાવે તેમનું ઘર જેમ તેમ ચલાવતા હતા. સંતાનમાં એક દીકરી જ હતી, પણ હજુ પરણાવવાની બાકી હતી અને પત્ની પણ બીમાર રહેતી હતી. આ બધા સંજોગોથી વ્યથિત હતા.

પોતાની મુશ્કેલીઓનું વિગતવાર વર્ણન કર્યા પછી એમણે ધીમેથી પ્રસ્તાવ મૂક્યો, "આ પગ જો નવો નખાવી આપો, તો બહાર જવા – આવવામાં સુગમતા રહે અને કામ મળે તો કરવાની હિંમત આવે." એમનો એક પગ લાકડાનો હતો અને સાંધામાંથી ઘસાઈને ઢીલો થઈ ગયો હતો એટલે હરવા ફરવામાં અનુકૂળતા રહેતી નહોતી.

પ્રસ્તાવ વાજબી હતો, સાથે ખર્ચાળ પણ. કુટુંબના વડાને જો આવી મદદ થાય તો આખા કુટુંબને રાહત થાય એમ હતું. નવા પગનું માપ આપવા માટે તથા ખર્ચનો અંદાજ કાઢવા માટે પુના જવું પડે તેમ હતું. સંચાલકે ભાડું આપવાનું કબૂલ કર્યું અને તેમને પુના જઈ આવવા કહ્યું, તો તેમણે તરત ઉમેર્યું, "ભાડું તમે આપ્યું તો ખાવા પીવાનો ખર્ચ પણ આપજો હોં!"

આ ઉંમરે આવું માગવું પડે તેનીય લાચારી સ્પષ્ટ જોઈ શકાતી હતી તે પણ આપવાનું નક્કી થયું અને સંચાલકે સંસ્થાના કાર્યાલય પર રોકડ રકમ આપવા માટે ચિઠ્ઠી લખી આપી. ચિઠ્ઠીને બંડીના અંદરના ખીસામાં વ્યવસ્થિત મૂકી. આવતે અઠવાડિયે પુના જઈ આવી ફરી મળવા આવશે તેમ નક્કી થયું. તે હવે હળવા જણાતા હતા અને ઉત્સાહ સાથે ધીમેથી ઊભા થયા. હાથમાં લાકડી લઈ ચાલવા માંડયું ત્યારે જણાયું કે તેમનો જૂનો થયેલો લાકડાનો પગ ત્રાસ આપતો હતો.

બીજે અઠવાડિયે એમને સંચાલકની રાહ જોતા બાંકડા પર બેઠેલા જોયા ત્યારે આશ્ચર્ય થયું. સંચાલકે બેઠક લીધી કે તરત ઊભા થયા. ધીમેથી ખીસામાંથી ચિઠ્ઠી કાઢીને આભારવશ થઈને બોલ્યા, "ભાઈ તમારી ચિઠ્ઠી પાછી. મારૂ કામ બીજા એક ભાઈએ કરી આપવાનું માથે લીધું છે." સંચાલકને હાથ જોડી જય જય કરી ચાલતા થયા.

ઉપરોક્ત કિસ્સો 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' સંચાલિત 'પ્રેમળ જ્યોતિ'નો છે. સંસ્થામાં આવા નિષ્ઠાવાન સજ્જનો મદદ માટે આવે છે તે સંસ્થાની પ્રતિષ્ઠા છે અને આવા સજ્જનની નિષ્ઠા પ્રશંસનીય છે.

[] નટુભાઇ પટેલ

પાકિસ્તાનમાં એક હિન્દુ સ્ત્રીનો કિસ્સો

☐ નિત્યા સંગમી

હિંસા અને અમાનવીયતાની રોજે રોજ બનતી હજારો ઘટનાઓ વચ્ચે ક્યારેક એવા કિસ્સા પણ જોવા-સાંભળવા મળે છે, જેને કારણે આ પૃથ્વી પર જીવવું મીઠું લાગે અને મનુષ્યબંધુઓ માટે હૃદયમાં પ્રેમ ઊભરાય. 'પ્રતાપ' નામનું આપણું એક ઉર્દૂ અખબાર છે, તેના સમાચાર-સંપાદક શ્રી સંતોષકુમાર થોડા વખત પહેલાં પાકિસ્તાન ગયા હતા. સંતોષકુમાર 'ઈન્ડિયન ફેડરેશન ઓફ વર્કિંગ જર્નાલિસ્ટ'ના સેક્રેટરી પણ છે. પાકિસ્તાનની મુલાકાત પછી પાછા આવીને તેમણે પોતાની યાત્રાનો વૃત્તાંત ત્રણ હપ્તામાં 'પ્રતાપ'માં લખ્યો હતો. તેમાંથી છેલ્લા હપ્તામાં પ્રગટ થયેલો આ હૃદયસ્પર્શી કિસ્સો પવનારથી પ્રગટ થતા 'મૈત્રી' માસિકમાં રજૂ થયો હતો. પાકિસ્તાનમાં આવું પણ બને છે તે જાણી વાચકોને આશ્ચર્ય અને આનંદ થયા વિના નહિ રહે. શ્રી સંતોષકુમાર લાહોરમાં તેમના એક મિત્રના ઘેર ઊતર્યા હતા. તેમના જ શબ્દોમાં:

'જમ્યા પછી કૉફી પીતાં પીતાં મેં ઉંમરને પૂછ્યું કે આ નાનકડા રૂમની છત શું સિમેન્ટ-કૉન્ક્રિટની છે? પહેલાં તો અહીં લાકડાના પાટડા હતા.' તેણે કહ્યું કે હા, આ મકાન થોડાં વર્ષ પહેલાં પડી ગયું હતું. મેં આ જમીન લિલામમાં ખરીદી મકાન નવેસરથી બંધાવ્યું છે. પછી કહે: આ મકાનની અને એમાં પહેલાં રહેતી હતી તે સ્ત્રીની વાત પણ સાંભળવા જેવી છે.

"૧૯૪૭માં અહીંથી બધા હિન્દુઓ [અને] શીખો [ચાલ્યા ગયા. ખાલી પડેલા મહોલ્લા ને બજારોને કારણે આખું શહેર એવું સૂમસામ લાગતું હતું જાણે મૌનનગર. એ વખતે કોને ખબર શી રીતે એક વૃદ્ધ સ્ત્રી આ મકાનમાં રહી ગઈ. દીકરો સોની હતો અને એનું નામ કિશનલાલ હતું. ધીમે ધીમે પૂર્વ પંજાબમાંથી, લૂંટાયેલા મુસલમાનોનાં ટોળાં આવી ખાલી મકાનો પર કબજો જમાવવા લાગ્યાં. આ શેરી નવેસરથી વસવા લાગી. નિર્વાસિતોએ ડોસીને મકાનમાંથી નીકળી જઈ શરણાર્થીની છાવણીમાં આશ્રય લેવાનું કહ્યું તો તે ભડકીને બોલી: 'નહિ જાઉં, મારું ઘર છે. અહીં જ રહીશ.' શરૂઆતમાં જ આ સ્ત્રીને કોઈએ યમધામ પહોંચાડી દીધી હોત તો વાત વિસરાઈ જાત; પણ થોડો સમય વીત્યા પછી, ધીરજની કસોટી કરે તેવી આ વૃદ્ધાની વ્યર્થ હત્યા માટે કોઈએ ખંજરનો ઉપયોગ કર્યો નહિ અને તે ઘરમાં ભરેલા અનાજ વડે પેટ ભરતી રહી. ક્યારેક મન થાય તો રેંટિયો લઈને કાંતવા બેસતી. લહેરમાં આવી જાય તો વળી નહાવા માટે રાવી સુધી ચાલી જતી.

"પછી ૧૯૪૭ની દિવાળી આવી. ત્યારે માત્ર આ ડોસીના ઘરમાં દીવા પ્રગટ્યા. તેણે જાતે જ મીઠાઈ બનાવી અને શેરીના લોકોને જાતે જઈને આપી આવી. પછી તો શેરીના લોકોએ પણ એના ખબર-અંતર પૂછવાનું શરૂ કર્યું અને પછી તો એવું થવા લાગ્યું કે કોઈના ઘેર કોઈ માંદું પડ્યું હોય તો ખબર સાંભળી તરત ડોસી ત્યાં સેવા કરવા પહોંચી જતી અને કલાકો સુધી ત્યાં રોકાતી. રોગી સાજો થાય પછી રોજ એને ઘેર જઈ રામસલામ કરતો. આમ કરતાં ઘરોમાં એની આવ-જા શરૂ થઈ. કોને ખબર એનાં પગલાંમાં કેવી પુણ્યાઈ હતી તે, જે ઘરમાં તે જતી ત્યાંના લોકોની મનની મુરાદો પૂરી થવા લાગી. કોઈના દીકરાને રોજગાર મળ્યો. કોઈની દીકરીને સારો વર સાંપડ્યો. કોઈના પતિને એના આશીર્વાદથી કામકાજમાં બઢતી મળી, કોઈ નિઃસંતાનની ગોદ હરીભરી બની. શેરીવાળાઓની એની સાથે અને એની શેરીવાળાઓ સાથે માયા વધતી ચાલી. એના ઘરમાં હવે અનાજ ખૂટી ગયું હતું, પણ શેરીના લોકોએ ઘરના વારા બાંધ્યા અને એને સવાર-સાંજ રોટલી દાળ-શાક પહોંચાડવાની વ્યવસ્થા કરી. ચા તો જેને પણ ઘેર થાય, પિત્તળનો એક પ્યાલો ભરીને એ ઘરનું છોકરું માજીને આપી આવતું. ધીમે ધીમે એ વૃદ્ધાની ખ્યાતિ આખા વિસ્તારમાં ફેલાઈ ગઈ અને બધા લોકો તેને જગમાઈ કહેવા લાગ્યા. એક પછી એક વરસ પસાર થઈ ગયાં. એનો દીકરો તો કદી પાછો આવ્યો નહિ, પણ લોકો પોતાને તેનાં ગણાવવામાં ગૌરવ લેવા લાગ્યાં.

"છેવટ ૧૯૬૨માં એક દિવસ ડોસી અચાનક મરણ પામી. મહોલ્લાના લોકોએ નક્કી કર્યું કે ખૂબ આદરમાનથી સ્મશાનયાત્રા કાઢવી અને કબરસ્તાન લઈ જઈને દફનક્રિયા કરવી; કારણ કે આ જૂના શહેરમાંથી હિન્દુઓ ચાલ્યા ગયા પછી સ્મશાન તો બંધ થઈ ગયું હતું. પાલખી લેવા માટે શેરીનો એક માણસ મસ્જિદ ગયો તો મૌલવીસાહેબે પૂછ્યું: કોનું મરણ થયું છે? અને જ્યારે એમણે જાણ્યું કે પેલી હિન્દુ ડોસી મરણ પામી છે, એને લઈ જવી છે ત્યારે મૌલવીસાહેબ પોતે એ શેરીમાં આવ્યા અને બધાંને એકઠાં કરીને કહ્યું, 'જુઓ, હવે તો આ મરી ગઈ છે. એની લાશને ગમે તે રીતે ઠેકાણે પાડીએ, એને તો કાંઈ ફરક પડવાનો નથી. પણ આપણે યાદ રાખવું જોઈએ કે તે છેલ્લા શ્વાસ સુધી હિન્દુ રહી હતી અને આપણા ઈમાનનો તકાદો છે કે એની છેલ્લી વિધિ પણ હિન્દુ રિવાજ પ્રમાણે જ થાય. મૌલવીસાહેબની વાત લોકોને ગળે ઊતરી. હિન્દુવિધિ પ્રમાણે એના શબને ઊંચકીને લઈ જવામાં આવ્યું. 'રામનામ સત્ય હૈ' બોલતાં બોલતાં લોકો એને રાવીને કિનારે લઈ ગયા. ત્યાં ચિતા સળગાવી એના અગ્નિસંસ્કાર કર્યા અને પછી ત્રીજા દિવસે એની ઠંડી પડેલી ભસ્મ દરિયામાં પધરાવી દીધી."

(ઉર્દૂ પ્રતાપ ૨૫-૧-૮૧.)

ખુશાલીમાં

પુત્ર જન્મની ખુશાલીમાં
સાંજે ઘેર પાર્ટી છે.
મોટો દિવાનખંડ સજાવવા,
સાફ કરવા હું પડાવું છું જાળાં.
"અરે, આ જાળીયા પર તો
કબૂતરે ઈંડું મૂકયું છે."–
બૂમ પાડે છે રામુ.
"ઉતારી લે એ માળો!
આ તો ગંદવાડ કરશે બધે."
"હા જી!
આ સૂપડી લેજોને જરા
એમાં માળો, ઈંડું બધું
લઈ લીધું છે."
અને સાચવીને
હું બધો 'કચરો'
બહાર નાખી દઉં છું.
હજી તો હું અંદર આવું
તે પ્હેલા જ
'ચપ'
દઈને એ ઈંડું લઈ ગયો કાગડો!!
માળાની જગ્યા સાફ કરાવવા
મથું છું, ફરી મથું છું...
પણ
ખ–સ–તી
નથી
પેલી કબૂતરી
કે હલતી નથી એનો
મૂઢ વ્યથાભરી આંખો.
અંતે લાકડી ઠપકારી ઠપકારીને
એને ઉડાડી દઈને
હું બધું
સાફ કરાવું છું
ખંડ સજાવું છું
પુત્ર જન્મની 'ખુશાલી'માં...!!

– ગીતા પરીખ

મુંબઈના જૈન સમાજદ્વારા મનમાડના અગ્નિકાંડ અને લૂંટફાટનો વિરોધ તેમજ ન્યાયી તપાસની માગણી

મુંબઈના જૈન સંપ્રદાયોના પ્રમુખ નેતાઓ અને અલગ અલગ સંસ્થાઓના પદાધિકારીઓ તેમ જ કાર્યકર્તાઓની એક મિટીંગ તા. ૨૭ મે ના રોજ સાંજના પાંચ વાગે શાહુ શ્રેયાંસપ્રસાદ જૈનના પ્રમુખપણા નીચે મળી હતી.

"મનમાડમાં ૬ ઠ્ઠી મે ના રોજ પૂજ્ય આચાર્યશ્રી આનંદ-ઋષિજીની પ્રવચનસભામાં થયેલ અઘટિત ભિષણ અગ્નિકાંડ તેમજ લૂંટફાટ માટે આ સભામાં આકરી ટીકા કરવામાં આવી હતી અને મહારાષ્ટ્ર સરકાર આની તાત્કાલિક ન્યાયી તપાસ યોજે એવી માગણી કરવામાં આવી હતી."

ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર, ભારત જૈન મહામંડળ, અખિલ ભા. શ્વે. જૈન કોન્ફરન્સ, ઓલ ઈન્ડિયા દિગંબર જૈન મહાસમિતિ, સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ - મુંબઈ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, જૈન સોશ્યલ ગ્રુપ્સ ફેડરેશન તથા તેરાપંથી સભા-આવી અનેક સંસ્થાઓના પ્રતિનિધિઓ, આ સભામાં હાજર હતા.

ઈજા પામેલાઓની સારવાર કરાવવા, તેને આર્થિક રીતે મદદ રૂપ થવા, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રની નિશ્રામાં જાહેર ફંડ કરવા માટે, આ સભામાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો અને એ જ સમયે હાજર રહેલા પ્રતિનિધિઓદ્વારા લગભગ રૂપિયા બે લાખનો રકમ નોંધાવવામાં આવી.

મનમાડ અગ્નિકાંડના પીડિતો માટે ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્રની અપિલ

મહારાષ્ટ્ર રાજ્યના મનમાડ ગામે તા. ૬ ઠ્ઠી મે - અક્ષય-ત્રિતિયાના રોજ આચાર્યશ્રી આનંદઋષિજીની ધર્મસભામાં થયેલા અગ્નિકાંડ તેમ જ લૂંટફાટને લગતો ભયંકર દિલદ્રાવક બનાવ બન્યો એનાથી આપણો આખો સમાજ પરિચિત છે.

આ અગ્નિકાંડમાં લગભગ ૩૫૦ બાળકો, બહેનો અને પુરુષો સારી રીતે દાઝી ગયા અને મોટા પ્રમાણમાં લૂંટફાટ થઈ.

આ બનાવ અંગે મહારાષ્ટ્ર સરકાર સરકારી સ્તર પર જે કરવાનું હશે તે કરશે. પરંતુ આપણા સમાજની તો પવિત્ર ફરજ બની રહે છે કે આપણા બાંધવો એવા પીડિતોની સેવા માટે તાત્કાલિક આયોજન ઊભું કરી તેમને મદદ કરવી. સ્ત્રીઓ અને બાળકો સખત રીતે દાઝ્યા છે. તે એવી ભયંકર રીતે દાઝ્યા છે કે જરૂર જોયા સિવાય તેમની કરુણાજનક સ્થિતિનો ખ્યાલ આવી જ ન શકે.

મુંબઈ જૈન યુવક સંઘના 'પ્રેમળ જ્યોતિ'ની બહેનોએ હોસ્પિટલમાં તેમની મુલાકાત લીધી. ત્યાં તેમની કરુણાજનક હૃદય-દ્રાવક સ્થિતિ જોઈને તેઓ દ્રવિત થઈ ગયા.

મનમાડ, પૂના, ઔરંગાબાદ તથા નાસિકની હોસ્પિટલોમાં આ દાઝેલાઓની ચિકિત્સા ચાલુ છે અને જેઓ ગંભીર રીતે દાઝી ગયા છે એવા લગભગ ૪૫ બાળકો અને બહેનોને મુંબઈની અલગ અલગ હોસ્પીટલોમાં દાખલ કરવામાં આવેલ છે.

આ બધા દાઝેલાઓની મહિનાઓ સુધી ચાલનારી સ્કીન ગ્રાફ્ટીંગની ચિકિત્સા અંગે લાખો રૂપિયાનો ખર્ચ થાય એમ છે. આટલી લાંબી અને મોંઘી સારવાર કરવી એ લોકોની શકિત બહારની વાત છે. આને લગતો સમગ્ર ખર્ચ સમાજે ઉપાડવો જોઈએ. ચોટલે રાહતના આવા પ્રત્યક્ષ સેવાકાર્યમાં ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રે પોતાના ફંડમાંથી એક લાખ રૂપિયા આપીને ફંડ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયને વધાવી લઈને અન્ય હાજર રહેલા બધા જ ફીરકાઓના જૈન આગેવાનોએ પણ પોતા તરફથી અંગત રીતે પણ યોગ્ય રકમો નોંધાવી છે.

આ નથું માનવતાનું કામ છે. માટે સમાજના કર્મશીલ દાન-વીરોને અમારું વિનમ્ર નિવેદન છે કે આપણા સ્વધર્મી ભાઈઓના સેવાકાર્ય માટે ઘડીનો પણ વિલંબ કર્યા વિના પોતાનો યોગ્ય ફાળો મોકલી આપે.

આ સંસ્થાને અપાતું દાન કરમુકત છે.

દાનની રકમો ચેક, ડ્રાફ્ટ અથવા તો રોકડા "ભગવાન મહા-વીર કલ્યાણ કેન્દ્ર" ઉપર નીચેના સરનામે મોકલવા વિનંતિ.

૧૩૪/૧૩૬ ઝવેરી બજાર, પહેલે માળે, મું. નં.: ૪૦૦ ૦૦૨
ફોન નંબર: ૨૯૨૭૧૫–૨૫૪૦૧૪

ખાસકરીને બધી જ જૈન સંસ્થાઓ, ટ્રસ્ટો અને કાર્યકર્તાઓને અમારો નમ્ર અનુરોધ છે કે નાની અથવા મોટી કોઈ પણ રકમ નિસંકોચપણે કલ્યાણ કેન્દ્રમાં સત્વર મોકલી આપી આ પૂણ્યકાર્યમાં પોતાનો પ્રેમાળ સહકાર આપે.

આ કાર્ય માટે દર્દીઓની રોજેરોજ મુલાકાત લેવી. તેમ જ તેમની સેવાસુશ્રા કરવાને લગતી જવાબદારી, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત "પ્રેમળ જ્યોતિ"ની બહેનોએ તેમ જ ભારત જૈન મહામંડળના કાર્યકરોએ સ્વીકારી છે, અને તેઓ કામ પર લાગી પણ ગયા છે.

લિ. આપના
શાહુ શ્રીયાંસપ્રસાદ જૈન
ચીમનલાલ ચકુભાઈ શાહ
દીપચંદ એસ. ગાર્ડી
સી. એન. સંઘવી
જે. આર. શાહ
પ્રતાપ ભોગીલાલ
અભયકુમાર કાચલીવાલા

તા. ૨૭-૫-૮૧ના રોજ મળેલી સભામાં મુંબઈની જૈન સંપ્રદાયના પ્રમુખ નેતાઓ તેમ જ કાર્યકર્તાઓ હાજર હતા. આ સભામાં દાન રૂપે નીચેની રકમો નોંધાવવામાં આવી હતી.

૧૦૦૦૦૦/-	ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર
૨૫૦૦૦/-	જૈન સોશ્યલ ગ્રુપ્સ ફેડરેશન
૧૦૦૦૦/-	શાહુ શ્રેયાંસપ્રસાદ જૈન
૧૦૦૦૦/-	શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ
૧૦૦૦૦/-	શ્રી ચીમનલાલ ચકુભાઈના ટ્રસ્ટો મારફત
૧૦૦૦૦/-	મહેતા ચેરીટી ટ્રસ્ટ
૧૦૦૦૦/-	શ્રી ઝાલાવાડ સોશ્યલ ગ્રુપ હા. રમણિકલાલ કસ્તુરચંદ
૧૦૦૦૦/-	શ્રી ભારત જૈન મહામંડળ મારફત
૫૦૦૦/-	શ્રી સ્થાનકવાસી જૈન સંઘ–વાલકેશ્વર
૫૦૦૦/-	શ્રી સ્થાનકવાસી જૈન સંઘ–કાંદાવાડી
૫૦૦૦/-	શ્રી મનહરલાલ પ્રભાશંકર સંઘવી
૨૫૦૦/-	શ્રી સ્થાનકવાસી જૈન સંઘ–ચીંચપોકલી
૨૫૦૦/-	શ્રી જે. આર. શાહ
૨૫૦૦/-	શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી
૨૫૦૦/-	શ્રી કાંતિલાલ છોટાલાલ
૨૦૦૦/-	શ્રી જોરમલ મંગલજી મહેતા
૧૦૦૦/-	શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૦૮૦૦૦/-	

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ જુન, ૧૯૮૧ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

સરકાર અને ન્યાયતંત્ર

☐ ચીમનલાલ ચકુભાઇ

સરકાર અને ન્યાયતંત્રની વચ્ચેનો ગજગ્રાહ પરાકાષ્ટાએ પહોંચ્યો છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તુલઝાપુરકર અને સરકાર વચ્ચે જ અઘટિત સંઘર્ષ થયો તે ખરેખર ક્મનસીબ છે. આ ઘટનામાં કોણે વધારે પડતા અધિકારનો દાવો કર્યો અથવા કોણ વિવેક ચૂકી ગયું તેની ચર્ચામાં નથી ઉતરતો. આ બનાવની હકીકતો સંક્ષેપમાં આવી છે.

કટોકટી દરમિયાન હાઈકોર્ટના સંખ્યાબંધ જજોની ફેરબદલી કરવામાં આવી હતી. જજોને પરેશાન કરવાની અને નમાવવાની આ તરકીબ છે એમ કહેવાયું. ફેરબદલીના આવા એક હુકમને પડકારવામાં આવ્યો અને હાઈકોર્ટે ઠરાવ્યું કે જજની સંમતિ વિના ફેરબદલી થઈ ન શકે. સુપ્રીમ કોર્ટમાં આ કેસનું સમાધાન થયું. જાન્યુઆરી ૧૯૮૦માં ઈન્દિરા ગાંધી સત્તા પર આવ્યાં પછી ફરી આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો. મદ્રાસ અને બિહારના ચીફ જસ્ટિસોની ફેરબદલી કરી. તેને પડકારવામાં આવી અને તે કેસ હજી સુપ્રીમ કોર્ટ સમક્ષ ઊભો છે. દરમિયાન કેન્દ્રના કાયદાપ્રધાન શીવશંકરે નવો નુસખો અજમાવ્યો. એક સરકયુલર બધી હાઈકોર્ટોના ચીફ જસ્ટિસો અને બધાં રાજ્યોના ચીફ મિનિસ્ટરો ઉપર મોકલાવ્યો કે હાઈકોર્ટોના જે વધારાના જજો છે- જે કાયમી નથી થયા- તેમની પાસેથી લેખિત બાંયેધરી લેવી કે તેમને કાયમ કરવામાં આવે તો તેમની ગમે ત્યાં ફેરબદલી કરવામાં આવે તે તેમને સ્વીકાર્ય છે. આ માગણી પાછળ ધમકી એ છે કે જે જજો આવી બાંયેધરી ન આપે તેમને કાયમ કરવામાં આવશે નહિ. જજોની સ્વતંત્રતા ઉપર આ આક્રમણ છે. એ મુદ્દા ઉપર આ સરકયુલરને પડકારતી રિટ અરજીઓ કેટલીક હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં થઈ. આ કેસો હજી ઊભા છે. તેમાંના એક કેસમાં- જે જાણીતા ધારાશાસ્ત્રી તારકુંડેએ સુપ્રીમ કોર્ટમાં કર્યો છે- દિલ્હી હાઈકોર્ટના વધારાના ત્રણ જજો, જેમની મુદત ૬ઠ્ઠી જૂને પૂરી થતી હતી, તેમને લગતો છે. આ કેસમાં ૮મીને રોજ સુપ્રીમ કોર્ટે હુકમ કર્યો હતો કે આ ત્રણ જજો સંબંધે સરકાર શું નિર્ણય લે છે તેની જાણ, તેમની મુદત પૂરી થાય તે પહેલાં દસ દિવસે, સરકારે તેમને કરવી. આ હુકમનો ઉદ્દેશ એ હતો કે દસ દિવસ પહેલાં જાણ કરવામાં આવે અને તેમાં સરકાર તેમને અથવા એ ત્રણમાંના કોઈને ચાલુ ન રાખવાનો નિર્ણય લે તો, આ કેસનો છેવટનો ચુકાદો ન આવે ત્યાં સુધી, તેમને ચાલુ રાખવા સુપ્રીમ કોર્ટને અરજી કરવાનો પૂરતો સમય રહે. સરકારે ઓવી રીત અખત્યાર કરી છે કે છેક છેલ્લી ઘડી સુધી જજને ચાલુ રાખશે કે નહિ તેની જાણ કરવામાં ન આવે અને મુદત પૂરી થવાની હોય તે દિવસે જ નિર્ણયની જાણ કરવામાં આવે જેથી કોઈને કોર્ટે જવું હોય તો તે માટે સમય ન રહે તેથી સુપ્રીમ કોર્ટે આવો હુકમ કર્યો. છતાં પણ સરકારે પોતાનો નિર્ણય જજોને જણાવ્યો નહિ. તેથી તારકુંડેએ ફરી કોર્ટને અરજી કરી. તેની સુનાવણી ૪થી જૂને થઈ. જસ્ટિસ તુલઝાપુરકરે સરકારી વકીલને પૂછયું કે સરકારે શું નિર્ણય કર્યો છે અને જજોને તેની જાણકારી કરી છે કે નહિ. સરકારી વકીલે ગોળગોળ જવાબ આપ્યો. જવાબ કેટલેક દરજજે ઉદ્ધત હતો. દિવસ દરમિયાન ત્રણ વખત ટાઈમ આપ્યો પણ ચોક્કસ જવાબ ન મળ્યો. તેથી જસ્ટિસ તુલઝાપુરકરે હુકમ કર્યો કે સરકારે એફીડેવીટ કરી તેમના નિર્ણય ૬ણાવવા બીજે દિવસે કેસ નીકળ્યો ત્યારે સરકારી વકીલે કહ્યું કે એક જજની મુદત લંબાવી છે અને બીજા બેની મુદત લંબાવવાની નથી. જસ્ટિસ તુલઝાપુરકરે સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરી કે રિટ અરજીનો છેવટનો નિકાલ ન થાય ત્યાં સુધી બે જજોને ચાલુ રાખવા. આ બન્ને જજોને ચાલુ રાખવા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસે ભલામણ કરી હતી. દિલ્હી હાઈકોર્ટમાં કામનો ભરાવો જરાય ઓછો થયો નથી બલ્કે વધ્યો છે એટલે વધારા જજોની જરૂર છે. જે જજને ચાલુ રાખ્યા તેના કરતાં આ બન્ને જજો સિનિયર છે. આ બધા કારણે તેમને ચાલુ રાખવાની જરૂર છે. સરકાર તેમ ન કરે તો બદદાનત છે અને ચાલુ ન રાખવાના સાચા કારણો નથી એમ પ્રથમ દષ્ટિએ માનવું જોઈએ. આ બધું કહી કેસ બીજા દિવસ ઉપર-૬ જૂન – રાખ્યો. જે દિવસે આ બન્ને જજોની મુદત પૂરી થવાની હતી. ૬ જૂને સરકારી વકીલે જસ્ટિસને જણાવ્યું કે સરકાર તેમની ભલામણ સ્વીકારી શકતી નથી અને તે માટે કોઈ કારણો આપવા બંધાયેલ નથી. જસ્ટિસે આવા જવાબની જ આશા રાખી હતી અને પોતાનો હુકમ લખીને લાવ્યા હતા તે વાંચી સંભળાવ્યો. અરજદાર તારકુંડેની અરજી એ હતી કે તે બે જજોની મુદત ચાલુ રાખવા હુકમ કરવો. જસ્ટિસે તેવો હુકમ નથી કર્યો પણ તેમને ચાલુ કેમ ન રાખવા તેનાં કારણો દર્શાવવા સરકાર ઉપર નોટિસ કાઢી. જજોને ચાલુ રાખવાનો હુકમ કરવાની વેકેશન જજને સત્તા છે કે નહિ તે વિશે શંકા છે. પણ સરકારને કારણો આપવાની ફરજ પડે અને મુદત પૂરી થતાં જજો હવે હોદ્દા પર નથી માટે કેસ આપો-આપ ખતમ થાય છે તેમ કહેવાની સરકારને તક ન મળે તે માટે આ પ્રશ્ન ચાલુ રાખ્યો. Kept alive હવે જો સરકાર સંતોષકારક કારણો ન આપે તો બદદાનત Malafide છે એમ સાબિત થાય અને સરકાર ઉઘાડી પડે. બેમાંથી એક જજ- જસ્ટિસ વોરાનો કિસ્સો જાણીતો છે. તેઓ સેસન્સ જજ હતા અને કિસ્સા ખુરસી કેસમાં તેમણે સંજય ગાંધીને બે વર્ષની સજા કરી છે, પછી જનતા સરકારે

તેમને હાઈકોર્ટના જજ બનાવ્યા. બીજા જજ કુમાર સંબંધે પણ કાંઈક એવું જ છે. શું થાય છે તે હવે જોવાનું રહે છે.

આ બનાવને મેં કમનસીબ ઘટના કહી છે. સરકાર અને વરિષ્ઠ કોર્ટ વચ્ચે અંતર વધતું જાય છે જે કોઈ રીતે હિતાવહ નથી. આ અંતરનાં મૂળ ઊંડા છે અને સંઘર્ષ વધે તો પરિણામો સારાં નહિ આવે તે ચિંતાજનક છે.

આપણા બંધારણમાં રાજ્યતંત્રના મુખ્ય ત્રણ વિભાગ છે: (૧) સરકાર-એક્ઝીકયુટિવ, (૨) પાર્લામેન્ટ અથવા ધારાસભા- લેજીસ્લેટીવ, (૩) ન્યાયતંત્ર-જ્યુડીશિયરી. આ ત્રણેને વિશિષ્ટ અધિકારો અને સત્તા છે. તે સાથે પરસ્પર સહકાર અને આદરથી કામ કરવાની ત્રણેની ફરજ છે. સરકારને રાજ્ય ચલાવવું છે. પાર્લામેન્ટે દેશ અને સમાજ માટે કાયદા કરવા છે. ન્યાયતંત્રે તે કાયદાનો અર્થ કરી, ન્યાય આપવાનો છે. પરસ્પર અણવિશ્વાસ અથવા સત્તાની ખેંચાતાણ હોય તો પરિણામ અનિષ્ટ આવે. પરસ્પરનો આદર ન હોય તો સંઘર્ષ થાય. છેવટ સૌ માણસ છે અને રાગદ્વેષથી ખેંચાઈ જાય અને પોતાનો ધર્મ ચૂકી જાય. સરકારે કરેલ હુકમો-એક્ઝીકયુટીવ ઓર્ડર-અથવા પાર્લામેંટ કે ધારાસભાએ કરેલ કાયદાઓ ન્યાયી અને બંધારણ પુરઃસહ છે કે નહિ તેનો નિર્ણય કરવાની કોર્ટને સત્તા છે. પણ સરકાર કે પાર્લામેન્ટે કરેલ બધું ખોટું જ હશે એમ માની લઈ કોર્ટ ચાલે તો અયોગ્ય ગણાય. સરકાર કે પાર્લામેંટે ખરેખર ગેરકાયદેસર કામ કર્યું હોય તો નીડરતાથી તેને રદ કરે તેથી દરમિયાનગીરી થાય છે એમ માની લેવાય તે પણ અયોગ્ય છે. સૌ ભૂલને પાત્ર છે. બધાએ નિષ્ઠાપૂર્વક વર્તવું જોઈએ. રાજ્ય કેમ ચલાવવું તે સરકારે નક્કી કરવાનું છે. સમાજહિતમાં શું કાયદા કરવા તે પાર્લામેન્ટ કે ધારાસભાએ નક્કી કરવાનું છે. તેમણે ખોટું કર્યું હશે તો ચૂંટણી વખતે પ્રજા ન્યાય કરશે. તો પણ મૂળભૂત અધિકારો ઉપર તરાપ મારી હોય કે ગેરબંધારણીય કામ થયું હોય તો ચૂંટણી સુધી રાહ જોવાની જરૂર નથી. તે માટે કોર્ટો છે. સમાજહિત શેમાં છે તે વિષે જજોને પોતાનો અંગત અભિપ્રાય હોવા સંભવ છે. Each has his own philosophy છતાં, તે જવાબદારી સરકાર કે પાર્લામેંટની છે એ ભૂલવું ન જોઈએ. કાયદાના અર્થ કરવામાં ન્યાયતંત્રને વિશાળ અવકાશ છે અને અર્થ કરવાને નામે નવો કાયદો જ કરી નાખે તેમ બને છે.

સંઘર્ષના મૂળ બહુ લાંબે ન લઈ જતાં, ૧૯૬૫ના ગોલકનાથના ચુકાદાથી શરૂઆત થઈ તેમ માનીએ. બંધારણમાં ફેરફાર કરવાના પાર્લામેંટના અધિકાર ઉપર આ ચુકાદો મોટું આક્રમણ હતું. ૧૯૬૯ પછી ઈન્દિરા ગાંધીએ કેટલાક મહત્ત્વના નિર્ણયો લીધા. બેન્કોનું રાષ્ટ્રીયકરણ અને રાજાઓના સાલીયાણા નાબૂદી. આ સંબંધે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓથી ઈન્દિરા ગાંધી-કેટલાકને મને વાજબી રીતે, છેડાયા અને સુપ્રીમ કોર્ટનો અવિશ્વાસ વધ્યો. સરકારના પ્રગતિશીલ પગલાઓમાં સુપ્રીમ કોર્ટ ખાડખીલીરૂપ છે અને આર્થિક વિકાસને રૂંધે છે એવી વાતો શરૂ થઈ. ગોલકનાથનો ચુકાદો કેટલેક દરજ્જે ફેરવાયો છતાં કેશવાનંદ ભારતી કેસમાં બંધારણના પાયાના માળખામાં ફેરફાર કરવાનો પાર્લામેન્ટને અધિકાર નથી એમ ઠરાવ્યું. તેના પ્રત્યાઘાતરૂપે પાર્લામેન્ટ સર્વોપરી છે એ નાદ ઊઠયો. કટોકટી દરમિયાન બંધારણના ભુક્કા બોલાવી દીધા. સુપ્રીમ કોર્ટ કાંઈક દબાઈ ગઈ અને એકંદરે સરકારને અનુકૂળ રહી. ખાસ કરી હેબિયસ કોરપરસ કેસનો ચુકાદો આઘાતજનક હતો અને સરકારને જેલમાં ખૂન કરવાનો પરવાનો મળી ગયો. જનતા સરકારે ઘણે દરજ્જે આ બધું પલટાવી નાખ્યું અને કટોકટી દરમિયાન થયેલ બંધારણીય ફેરફારો મોટે ભાગે રદ કર્યા. જાન્યુઆરી ૧૯૮૦માં ઈન્દિરા ગાંધી ફરી સત્તા પર આવ્યાં અને પાછો સંઘર્ષ જોરથી શરૂ થયો છે અને ચાલુ છે. ઈન્દિરા કોંગ્રેસના આગેવાનો અંતુલે કે જગન્નાથ મિશ્રા, કાયદાપ્રધાન શીવશંકર કે પાર્લામેન્ટ સભ્યો કમલનાથ વગેરે ન્યાયતંત્ર ઉપર આક્રમણ કરવાની કોઈ તક ચુકતા નથી.

મિનરવા મિલ્સ કેસમાં કેશવાનંદ ભારતીના ચુકાદાનું સમર્થન કર્યું પણ જસ્ટિસ ભગવતીએ જે વલણ લીધું તેથી જજોના આંતરિક મતભેદો ખુલ્લા પડયા. તેનો લાભ લઈ સરકારે એ ચુકાદાની પુનઃ-વિચારણા કરવા અરજી કરી છે તે ઊભી છે. પાર્લામેન્ટની સર્વોપરિતાનો નાદ જોરશોરથી ગાજે છે. સુપ્રીમ કોર્ટના અધિકારો મર્યાદિત કરવાના, પ્રયત્નો ચાલુ છે. જજોને ડરાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જજો ઉપર આરોપ કરવામાં આવે છે કે તેઓ કોઈને જવાબદાર નથી એટલે બિનજવાબદારીથી વર્તે છે.

આ બનાવોના પ્રત્યાઘાતો જજો ઉપર પડે છે. છેવટે જજ પણ માણસ છે. અજાણપણે પણ, જજોમાં સરકાર વિરોધી વલણ વધતું જાય છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ પોતાના પ્રવચનોથી આક્ષેપોનો જવાબ આપે છે. બેરર બોન્ડની યોજનાને પડકારવામાં આવી. અબજો રૂપિયાનો અને દેશના અર્થતંત્રના ભાવિનો સવાલ હતો. તેનો તાત્કાલિક ચુકાદો આપવો જોઈતો હતો, પણ વિલંબ થયો. ૧૯૭૪માં ઓલ. આઈ. સી. એ ભૂલથી કે ઉતાવળથી કરાર કરી કામગારોને અસાધારણ વેતન વધારો અને મોંઘવારી ભથ્થાં આપવા સ્વીકાર્યું. સુપ્રીમ કોર્ટે આ કરારને બંધનકર્તા ઠરાવ્યો. તેની માઠી અસરમાંથી બચવા અને બીજા ક્ષેત્રોમાં તેના વિપરીત પરિણામો અટકાવવા તેમ જ મોંઘવારી અને ફુગાવાને રોકવા સરકારે ઓર્ડિનન્સ કાઢયો. તેને પડકારવામાં આવ્યો. તેની કાયદેસરતા નક્કી થાય તે પહેલાં ૩૪ કરોડ રૂપિયા કામગારોને ચુકવી દેવા સુપ્રીમ કોર્ટે હુકમ કર્યો. સામાન્યપણે આવું ન બને.

દરેક હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જજોમાં પક્ષો પડી ગયા છે. કેટલાક સરકાર વિરોધી અને કેટલાક સરકારના તરફદાર તરીકે જાણીતા છે. વકીલ મંડળીઓમાં પણ એવા પક્ષો પડી ગયા છે. બન્ને પક્ષના સંમેલનો થાય છે.

બન્ને પક્ષે, વધતેઓછે અંશે સંયમનો અભાવ અને આવેશના દર્શન થાય છે. સરકાર-એટલે કે શાસક પક્ષ તો આક્રમક છે જ. પણ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના બધા જજો શુદ્ધબુદ્ધિથી અને રાગદ્વેષ રહિતપણે, સરકારને લાગેવળગે છે ત્યાં ન્યાયી વલણ જ લે છે એમ કહેવાય તેમ નથી, જાણી જોઈને અન્યાય કરે છે તેમ નથી જ.

સરકાર સામે અને સરકાર તરફથી વધુમાં વધુ કેસો થાય છે. Government is the greatest litigant ઈન્ડિયન ઓર લાઈન્સ તેનાં દર વધારે તો રિટ અરજી થાય અને મનાઈ હુકમ મળે. કોઈ સરકારી નોકરને બરતરફ કરે કે સસ્પેન્ડ કરે તો રિટ અરજી થાય અને મનાઈ હુકમ મેળવે.

સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે વધતી જતી આ તંગદિલી ચિંતાજનક છે. સવેળા નહિ ચેતીયે તો ભારે હાનિકારક થશે.
તા. ૯-૬-૮૧.

ચિંતનિકા

પુણ્યથી આગેવાન થયો એને શું?
ગુણથી આગેવાન થવો જોઈએ.

*

પુણ્યે ઓ જમે રકમ અને પાપ એટલે ઉધાર રકમ
જમે રકમ જ્યાં વાપરવી હોય ત્યાં વપરાય.

*

પુણ્યના આધારે તમારો પુરુષાર્થ નફો લાવે ને
પુણ્ય પરવારે તો એ પુરુષાર્થ ખોટ લાવે.

*

આત્મા માટે જીવ્યા તે પુણ્ય છે, ને
સંસાર માટે જીવ્યા તો નર્યું પાપ છે.

દાદાશ્રી

પ્રાર્થનાનો પ્રત્યુત્તર

જગજીવન ર. શેઠ

પ્રાર્થના શબ્દ સાથે વૈષ્ણવજન ગાંધીજીની પ્રાર્થનાસભા યાદ ન આવે તેવો કોઈ એ પેઢીનો ભારતીયજન હશે ખરો ?

પ્રાર્થનાને એક યા બીજા સ્વરૂપે વિશિષ્ઠ સ્થાન ન આપ્યું હોય તેવો કોઈ ધર્મ નથી. પ્રાર્થના દ્વારા પ્રભુ-પ્રસાદ પામવાનો સિદ્ધાન્ત સર્વ ધર્મોએ સ્વીકાર્યો છે. કહેવાય છે કે ન ફળે તેવી કોઈ પ્રાર્થના નથી.

આધિ, વ્યાધિ ને ઉપાધિ જેવા સંસારનાં ત્રિવિધ તાપમાં ભૂંજાતા આત્મામાંથી, અનાયાસે ઊંડી આરત સ્વરૂપે કે વિધિવત ક્રિયાકાંડના ક્રમે પ્રાર્થના પ્રારંભાય છે. અંતઃકરણના અંતઃસ્થળેથી ઉદ્‌ભવેલી પ્રાર્થના દ્વારા અનહદ આશા, અપાર શાન્તિ, અદ્‌ભુત આશ્વાસન અને અલૌકિક શકિત-નો આછો - પાતળો અનુભવ થયો જ ન હોય, તેવો પ્રાર્થનાકાર હજુ ગોતવો બાકી છે.

પ્રાર્થનામાં પથરાયેલાં માનવીના મનસુબાનાં આવિર્ભાવ કરુણા-સાગર તાત્કાલિક કે અનાયાસે આપે છે તેમ નહિ કહી શકાય, પણ દયાળુ દેવના દરબારમાં દેર હશે, અંધેર અવશ્ય નથી તેની પ્રતીતિ પ્રત્યેક પ્રાર્થનાકારને થાય છે. ઉપરવાળાની અમીનજર એવી તો વિવિધ સ્વરૂપી હોય છે કે, બહુધા એ દયાળુ દેવના દીર્ઘદર્શી ઉદ્દેશોને પારખવા કે પાર પામવા માટે આદમી સીમિત આંખો પાંગળી પુરવાર થતી રહે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

ત્રિવિધ તાપની અસહ્ય વેદનાથી ત્રાહિમામ્ પોકારતો પ્રાર્થના-કાર અનાયાસે પ્રાણપૂર્વક પ્રાર્થના કરતો થાય ને તેના ફળરૂપે આંતર-શકિતમાં ઉમેરણ કે શાન્તિનો શીતળ સ્પર્શ પણ ન પામે તે જેમ અશકય રૂપ છે, તેમ પ્રાર્થનાકારને અંતરયામીની અકળ લીલામાં અપાર આસ્થા હોવાથી 'જ્ઞ દેવો હરિ હાથ છે' તે તત્ત્વને શ્રદ્ધાપૂર્વક સ્વીકારીને જ તે નિસ્પૃહભાવે પ્રાર્થના કરતો હોય છે. ન ફળે તેવી કોઈ પ્રાર્થના નથી તે કથન સત્ય છે. તેટલું બીજું કથન એ પણ અપનાવવા જેવું છે કે, હરિ હંમેશાં હકારમાં જ હોંકારો દે છે તેવું દર પ્રસંગે બનતું રહે તેવો કોઈ નિયમ નથી.

ધર્મની આસ્થાથી આળગા રહેતા લોકો, પ્રાર્થનાની પ્રચંડ શકિતને પારખી શકતા નથી. આવા લોકો કયારેક પરિસ્થિતિની વિશમતાને વશ થઈને પ્રાર્થનાનો ઉપયોગ યોજવા વિવશ બને છે, ને અવારનવાર પ્રાર્થના પણ કરે છે. પણ અંતરતમ અંતરમાં આસ્થાના મૂળિયાં ઊંડાં ઉતર્યાં ન હોવાને કારણે (શ્રદ્ધાપૂર્વકની પ્રાર્થનાની ઉધાડ અર્પતી પ્રકિયામાંથી પસાર થયાના અનુભવના અભાવે) પ્રાર્થનાની આરત કે તે દ્વારા પ્રસરતી પરમતત્ત્વ સાથેની લયલીન-તાની ભાવભૂમિકા-નો સ્પર્શ પામી શકતા નથી. ને યોગાનુયોગે પ્રાર્થનાથી ઊલટા પરિણામો અનુભવે છે ત્યારે, તેમનું નાસ્તિકતા-યુકત અહંમ્ છંછેડાઈને છણકી ઊઠે છે કે ઈશ્વરનું અસ્તિત્વ જ નથી, પણ પ્રાર્થના પહોંચે કોને? આથી પ્રાર્થના કરવી નિરર્થક છે. પ્રાર્થના તો ભીરુ જનસમાજનો ભૂલભરેલો ભ્રમ છે.

ઈશ્વર સર્વશકિતમાન છે ને અનહદ કરુણાનો એ ધણી પ્રાણીમાત્રના સર્વસુખોનો ઉદારદિલ દાતા છે - એવું પારંપારિક તત્ત્વ અનાયાસે સ્વીકારીને ધર્મની આરાધના કરનારાનો આ જગતમાં તૂટો નથી. આ પ્રકારના ધાર્મિક લોકોનાં જીવનમાં યોગાનુયોગે કર્મફળ જેવા કારણે પ્રાર્થનાની નિષ્ફળતાનો ઉપરછલ્લો અનુભવ થવા સંભવ છે. આ સ્થિતિમાં આ લોકોમાં પરમેશ્વરનાં અસ્તિત્વની આસ્થા અને પ્રાર્થના પરની શ્રદ્ધા તપેલા તાવડા પરના જલબિન્દુ જેમ ઊડી જતી નજરે પડે છે, કારણ કે આવા લોકોની શ્રદ્ધા સ્વાનુભવથી નહિ પણ પરંપરાનાં પરિણામે ઘડાયેલી હોય છે, ને તેથી પાતળી ને પંગુ હોય છે. ભાવધર્મની અનુભવ હિનતાના કારણે આવા દ્રવ્યધર્મી લોકોની ઉપર ટપકી આસ્થા, પરમશકિત પ્રત્યે આંધળો - પાટો પહેરાવે તો નવાઈ પામવા જેવું કશું નથી.

આ તબકકે એ સમજવું આવશ્યક છે કે પ્રાર્થના એટલે શું? પારંગત તત્ત્વજ્ઞો વચ્ચે પ્રાર્થનાના પાયાના ઉદ્દેશોમાંને તેની પતિત-પાવનતામાં એકમતિ પ્રવર્તે છે. જયારે વિધિમાં અનેકવિધ પ્રથાઓ પ્રવર્તતી મળે છે. પ્રથાની પૃથકતા અપાર હોવા છતાં, એ બધામાં સ્વાભાવિક ને સરળ હોય તેવી એક પ્રથા માલૂમ પડે છે કે પરમતત્ત્વ સાથે એકાત્મભાવે દિલભર નિખાલસ વાતચીત કરવી એનું નામ પ્રાર્થના. આ સાદી પ્રથાને જીવનમાં કેળવીને પરમ કળારૂપે વિકસાવવી એ કોઈ માટે કયારેક અત્યંત કપરું કાર્ય છે, તો ઘણા માટે સહજ સાધ્ય કાર્ય છે. આપણે સૌ જાણીએ છીએ કે પ્રાર્થના એ એક સ્વરૂપે પ્રાર્થના હોવા છતાં, બીજા સ્વરૂપે આપણા અપાર મનોરથોનું અસ્તવ્યસ્ત માગણી ખાત જ હોય.

આપણા જીવન પ્રત્યે અનુકમ્પિત સમજ ધરાવતા દિલેર દોસ્ત સમક્ષ હૈયું ખોલીને આપના દુઃખ-દ્વિધા અને નર્યા-નિતર્યા નિખાલસભાવે સાંગોપાંગ રજૂ કરી દેવાનો ક્રીમિયો કેળવી જોવા જેવો છે. આપણને ધીરજપૂર્વક સાંભળનાર ને વધુ રજૂઆત કરવા પ્રેરનું પ્રોત્સાહન આપવા સાથે વિવેકપૂર્ણ સલાહ-સૂચનો સમજાવનાર મિત્ર મળવો દુર્લભ છે. પણ આવા મિત્ર પાસે મનમૂકીને કરેલી ગોઠડીના પ્રવાહમાં આપણો અસહ્ય માનસિક બોજો માત્ર આસાનીથી ઓગળી જતો અનુભવવા સાથોસાથ આપણી સમસ્યાઓના સ્વસ્થભાવે ઉકેલ શોધી કાઢવાનું સામર્થ્ય પણ પામીએ છીએ. પ્રાર્થનાની ઉપરની સરળ પ્રથા આવી કોઈ પ્રકિયા પર આધારિત નહિ હોય?

જ્યાં અંતરતમ અંતરના આગળા આપોઆપ ઉઘડી જાય, જ્યાં સદ્-અસદ્ ઈરાદાઓ યથાવત્ સ્વરૂપે આસ્વિકાર પામે ને જ્યાં રજમાત્ર હકીકત છુપાવવાની કે કપટભાવે કહેવાની કે કોરે મુકવાની ધર્મની દુહાઈ પ્રવર્તે - તેવાં વાતાવરણનો ઉદ્‌ભવ પ્રાર્થનાની પ્રેરકતામાંથી પાંગરતો હોય છે. આ વાતાવરણમાં પરમાત્મા સમક્ષ ઉપસતા આપણા નીજી - નિરાળા સ્વરૂપની પાયલાગણસહની પ્રાર્થના દ્વારા આપણા ઊંડા ઘાને રૂઝાવવાનો અનન્ય ઉપચાર આવી મળવાનો પૂરો સંભવ છે. પ્રાર્થનાની આ અસર પવિત્ર ગંગાસ્નાન જેવી પાપ - નિવારક નીવડી શકે છે.

પ્રાર્થના એક પ્રકારે આત્માના ઈશારા અને આપણા ઈરાદા-ઓનું રટણ હોવા છતાં, પ્રાર્થનાનો ચમત્કાર પામવાથી આપણે એ કારણે વંચિત રહીએ છીએ કે ચોકકસ હેતુઓના અભાવે આત્માના ઈશારાને અવગણવા સાથોસાથ આપણે અસંખ્ય લૌકિક ઈરાદાઓની આળપંપાળ પ્રાર્થના દરમિયાન કરતા રહીએ છીએ. એટલું જ નહિ, પણ ઉમદા, ઉત્તમ અને અગત્યના ઈરાદાઓને પારખવા અશકત નીવડીએ છીએ, અથવા તેને પારખવાના આપણા પ્રયત્નો વિવિધ કારણોસર પાંગળા હોય છે. નિશ્ચિત ઈરાદાઓના અભાવના કારણે પ્રગટતા, જીવનધ્યેયના શૂન્યાવકાશમાં,

જિંદગીની શ્રેષ્ઠવય નિરર્થક વહી જાય છે, ને જ્યારે આંખ ઉઘડે છે ત્યારે એટલું મોડું થઈ ગયું હોય છે કે ઊંડાણભરી પ્રાર્થનાનો જવાબ ઈશ્વરને નકારમાં જ આપવો પડશે તેવી પરિસ્થિતિનો અહેસાસ કરવા સિવાય આપણી પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી હોતો.

પ્રાર્થના કરવા છતાં ય, તેના ચમત્કારનો સ્પર્શ ન પામી શકાય ત્યારે, નાસીપાસ થતાં પહેલાં, થોડું સર્વગ્રાહી નિરીક્ષણ આપણને લાભદાયી નીવડી શકે. અસદ્ -વૃત્તિના છેદને સદ્વૃત્તિના સરવાળા-રૂપે પ્રાર્થના પરિણમવી જોઈએ. સદ્વૃત્તિમાં પણ સ્વાર્થના સ્થાને પરમાર્થને પ્રથમ સ્થાને સ્થાપવું જોઈએ. આપણી આ પ્રકારની મહત્ત્વાકાંક્ષાની ઉંમર ગમે તેટલી મોટી હોય ને તેની પ્રાપ્તિ માટેની ઉત્કંઠિત પ્રાર્થના ભલે લાખવાર કરવામાં આવી હોય પણ જો પ્રાર્થનાનો પ્રત્યુતર પામી ન શકાય તો, ઈશ્વરનાં પરમેશ્વરપણામાં કશુંક ખૂટે છે તેવી ભયંકર ભૂલભરી માન્યતાથી આશ્વાસન મેળવવાને બદલે આપણી મહત્ત્વાકાંક્ષાના પૂરક એવા ઉત્કટ ઉત્સાહને પરિપૂર્ણ પુરુષાર્થમાં કશુંક પાયામાં ખપનું તત્ત્વ ખૂટે છે - તેમ સમજીને સમાધાન સાધવું હિતકર નીવડશે. એટલે આપણી પ્રાર્થનામાં નહિ, પણ મહત્ત્વાકાંક્ષિત સ્થિતિ પ્રાપ્ત કરવાની આપણી તમન્ના તથા તાકાત - લાયકાતમાં શું ખૂટે છે તે શોધી કાઢવું અનિવાર્ય બને છે. આ શોધનકાર્ય જો સચ્ચાઈના પાયા પર હશે તો પ્રાર્થના કે પ્રભુમાં નહિ, પણ પોતાના પોતમાં ગૂંથાયેલા પાતળા ને નબળા તાણાંવાણાં ઊડીને આસાનીથી આંખે વળગશે. આવા નવળા તાણાંવાણાં-વાળા-જીવન પોતની પરખ (એ આપણી મહત્ત્વાકાંક્ષાના સાક્ષાત્કાર અર્થે સર્વ શકિતમાન સમક્ષ કરેલી) - સહાયની માગણીને સફળ કરવામાં ઉપકારક ને ઉત્તેજક નીવડશે.

આ વાતને બીજી રીતે વિચારીએ તો આપણા ઈરાદાઓ સચ્ચાઈભર્યા ને પ્રાર્થના તલસ્પર્શી હશે. છતાં જો સફળતા સાકાર ન થતી હોય તો તેમ થવાનાં કારણો તપાસવા ઊંડું અવગાહન કરવું પડશે. તે દ્વારા તારવેલા તત્ત્વો અનુસારના ફેરફારો જીવનમાં તાત્કાલિક કરવા જેટલી તત્પરતા કેળવવી પડશે ને પ્રાર્થના અને સ્વપ્નસિદ્ધિના બે ઉત્તુંગશૃંગ વચ્ચેની ઊંડી ખીણ પૂરવા માટેની માણસ તરીકેની મથામણમાં તલભાર પણ ઊણા ઉતરવા જેટલા અવાસ્તવિક બનવું પાલવશે નહિ.

એમ છતાં, એ હકીકતને મહદઅંશે સ્વીકારવી પડશે કે કયારેક પ્રામાણિક પુરુષાર્થ દ્વારા પણ નિષ્ફળતાના કારણો શોધ્યાં જડતાં નથી હોતાં. આ સંજોગોમાં ધીરજને ધારણ કરીને સમયને સરકવા દેવા સિવાય કોઈ ઉપાય ન રહે તે સ્વાભાવિક છે. ને ઘણાં જીવનચરિત્રો સાક્ષી પૂરે છે કે નિષ્ફળતાનાં કારણો નજર ન પડે ત્યારે, કયારેક તો એટલું મોડું થઈ ગયું હોય છે કે લમણે હાથ રાખી નસીબને નીંદવા સિવાય, આપણી પાસે મન મનાવી લેવા માટે એકે ય આશ્વાસન હાથવગુ હોતું નથી. આવી બોજીલ પરિસ્થિતિ પેદા થવામાં નિષ્ફળતાનું કાંઈક અનિવાર્ય કારણ છે ને તે આજે નહિ તો કાલે જરૂર પ્રત્યક્ષ થશે-ને કારણ દૃષ્ટિગોચર થવાની સાથે જ તેનું નિવારણ કરી આગેકદમ આદરી શકશું - આવી આશાવાદી આશ્વાસક ભાવનાનો ટેકો જ અકથ્ય મનોવ્યથામાંથી આપણી જાતને ઉગારી શકે તેમ હોય છે.

આસપાસ નજર નાખશો તો, નસીબદારને હા ને બદનસીબને ના-નો પ્રત્યુતર પ્રાર્થનાના પડઘારૂપે પરમેશ્વર આપે છે. તે વિધાનને સિદ્ધ કરતા અનેક દૃષ્ટાન્તો નજરે પડશે ને સાથોસાથ કયારેક પરમેશ્વર પ્રાર્થનાનો જવાબ હા કે ના સ્વરૂપે આપવાના બદલે ત્રીજા સ્વરૂપે આપતો સમજાય તે અશકય નથી. એક મળે ન મળે ત્યાં બીજા રમકડાં માટે હાથ લાંબાવતા બાળવૃત્તિના પ્રાર્થનાકારોને ત્રીજો જવાબ મળવા સંભવ છે. એટલે કે ત્રીજો જવાબ એવો પણ હોય કે - ધીરજ ધર. પ્રાર્થનાને પ્રત્યક્ષ કરવા માટેની માનવીય મથામણ સાથે જાતને જોતરી દે. પ્રાર્થના પાર પાડવા હું સદાય તારી સાથે છું તારો વિજય નિશ્ચિત છે. પ્રાર્થનાના પ્રત્યુત્તારો મહદઅંશે આ પ્રકારના હોવા છતાં, અફળ એવી કોઈ પ્રાર્થના નથી તે વિધાન આસપાસ આપણી આસ્થા ઉત્સાહપૂર્વક આંટા મારતી હોય છે. પણ અલ્પાંશે સર્વશકિતમાનની અપારશકિતના અનેકવિધ આવિર્ભાવોને પારખી તથા પાર પામીને આપણે ઈશ્વરની ઈચ્છામાં આપણી મનોમરજીને ઓગળવા દેવા જેટલી હદે તત્પર હોઈએ તેટલી હદે આપણી પ્રાર્થનાને પાર પાડવાનો ને મોટા ભાગે પીગળી જવાનો આધાર છે. રામ રાખે તેમ રહીએ - તેવી આત્મવિલોપન-સિદ્ધ મીરાં કે હરિને અખિલ બ્રહ્માંડમાં જૂજવે રૂપે નીરખતો નરસૈયો - જેવાં અનેક સાધુસંતો આપણને માર્ગ ચીંધી ગયા છે. આપણા આધ્યાત્મિક વારસાને આત્મસાત કરવાની તાલાવેલી આપણને એ માર્ગના અનુભવી બનાવશે.

લેખક કે કથન વિસારાયાં છતાં, તેનો સાર વિસારાયો નથી કે ઘણા પદાર્થોના એકાદ ટકાના લાખમા ભાગનો ય વિજ્ઞાનને પરિચય નથી. આવા અપાર અજ્ઞાન સામે ય, તેવા પદાર્થોનો જીવનલક્ષી ઉપયોગ માણસ કરતો જ રહ્યો છે.

આવું જ કાંઈક પ્રાર્થના વિશે સમજીએ. પ્રાર્થનાની પ્રકિયા કે પ્રત્યુત્તારના રહસ્ય અંગે ભલે આપણું અપાર અજ્ઞાન આપણને મુબારક હો પણ આપણે પ્રાર્થનાની અનમાયેશ કરતા રહીએ તે સ્થિતિ જીવનદાયી અભિગમ બની રહે છે. પ્રાર્થનાથી પ્રગટતી પ્રભુમય પ્રેરણા દ્વારા ઈશ્વર આપણો ઉપયોગ કરી શકે તો તેના જેવી જીવનની બીજી શી સાર્થકતા હોઈ શકે. તેની ઈચ્છાની સર્વોપરિતાને સ્વીકારવાની શકિત આપણને પ્રાપ્ત થાય તેવી પ્રભુ - પ્રાર્થના શું ઓછી આલ્હાદક છે?

સમજતાં આવડે તો...

મારે કેટલાંય વર્ષોથી હાથ જ લાંબો કરવો પડયો નથી.
તે આ બધું જગત તમારું જ છે.
તમને જોતાં આવડે, જગત દર્શન કરતાં આવડે,
સમજતાં આવડે તો જગત તમારું જ છે!
તમે જ માલિક છો!

*

મહીં આત્મા બેઠો છે તે બધું આપવા તૈયાર છે.
પણ એને ધડીભર એવી શ્રદ્ધા નથી બેઠી કે મને
વાંધો નહીં આવે.
જો શ્રદ્ધા બેસે તો કોઈ વાંધો આવતો જ નથી.
આ તો કોના જેવી વાત?
પૂજારી કહેશે, 'ભગવાન સૂઈ ગયા' તે સૂઈ જાય!
તે હિંમત જતી રહે બધી!
મહીં ભગવાન નિરંતર જાગૃતપણે બેઠેલા છે!
જે શકિતઓ જોઈએ તે માગવાથી મળે તેમ છે!

દાદાશ્રી

સંતકવિઓએ ધરેલો પ્રેમનો પ્યાલો

☐ વિપિન પરીખ

આજની સવારે આનંદનો સ્પર્શ થયો છે. જે દિવસે એકાદ સરસ કાવ્ય વાંચવા મળે તે દિવસને હું ઉત્સવનો દિવસ ગણું છું. બાળકની જેમ ખુશ ખુશ થઈ જાઉં છું. આજે આ પંક્તિ વાંચવામાં આવી:

"If you have attained the Beloved, then why sleep?"

કેટલું સરસ છે? પ્રિયતમને મળ્યા પછી સુવાનું કેવું? તો બીજી એક પંક્તિ છે: Lotus eyes tranquilize my being'. મને આ Tranquilize શબ્દ ગમ્યો. એની આંખો આખા અસ્તિત્વને શાતાભર્યું કરે છે પછી ઘેનની ગોળી નહીં લેવી પડે.

તમને હસવું આવશે. આ કાવ્યો મેં ઈંગ્લીશમાં 'The cap of Love' માં વાંચ્યા. મૂળે એ ગુજરાતીમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓનાં કાવ્યોનો અંગ્રેજી અનુવાદ હરીન્દ્ર દવેએ કર્યો છે, જે લોકો ગુજરાતી નથી જાણતા તે લોકો માટે. પણ હવે તો ઈંગ્લીશ મિડિયમમાં ઉછરેલા આપણા દીકરા-દીકરીઓને પણ આપણાં કાવ્ય ને ગીતો પામવા હોય તે ઈંગ્લીશમાં જ વાંચવા પડશે ને? (જેમ રામાયણ-મહાભારતની વાતો ઈંગ્લીશમાં વાંચે છે તેમ જ સ્તો) હશે, પરંતુ એક જુદી ભાષામાં આપણાં જ કાવ્યો માણવાની મઝા આવી.

આલબર્ત્તા, સંગ્રહને શીર્ષક આપ્યું છે 'પ્રેમનો પ્યાલો' પણ અહીં માત્ર પ્રેમની જ વાતો નથી. વૈરાગ્ય ને ત્યાગની પણ છે. અને હા, મને જે કાવ્યો સ્પર્શ્યાં તે પ્રેમનાં, પ્રભુ પ્રત્યેની આસક્તિનાં, અહીં પ્રેમની વાતો સૂફીઓના અનુભવની કોટિએ પહોંચે છે. પ્રેમની મસ્તી પણ છે. પ્રેમનો વિરહ પણ છે. બ્રહ્માનંદ કેટલું સરસ કહે છે કે આ મસ્તી ક્ષણિક-દુન્યવી પ્રેમ જેવી -નથી. આ મસ્તી અનંત કાળ માટે અને એનો પ્યાલો ક્યારે મળે છે ખબર છે? જ્યારે કોઈ સંતપુરુષની કૃપા મળે ત્યારે. મુક્તાનંદ વળી કહે આ પ્યાલો જેણે પીધો તે પછી બીજાના જેવો નથી રહેતો. એ જુદો જ ચીલો પાડે છે. દુનિયાની રીતરસમની એ પરવા નથી કરતો.

તો ગોપીના ભાવથી બ્રહ્માનંદ કહે છે "માર્ગ ઉપર પ્રભુ, તમે આ રીતે ન વરતો. કદાચ કોઈ જોઈ જશે!' લોકોની પ્રશ્ન પૂછતી આંખોની બીક લાગે છે અને પૂછે: આ રીતે રસ્તામાં ઊભા રહો તો ગાગર મારે કેવી રીતે ભરીને લાવવી?"

પણ દેવાનંદ એક સરસ કલ્પના લાવે છે. કહે છે પ્રભુના કપાળ ઉપર આ ટિળકની રેખા આમ જુઓ તો રંગોની દુનિયામાં એક માત્ર ભીની રેખા છે. વિશેષ કશું નહીં; પરંતુ એના દર્શન કરવા માટે જ તો ભગવાં કપડાં પહેર્યાં! અને કારણ ખબર છે?

Devanand fixes his eyes on it;
He wants to swim across this life stream.

દેવાનંદને, ભક્તને સંસાર તરવો છે ને તરવા માટે તો પ્રભુના કપાળ ઉપર દૃષ્ટિને સ્થિર કરી છે.

પ્રેમાનંદના એક કાવ્યના પ્રથમ શબ્દ પર જ ખુશ થઈ ગયો. કહે Suddenly - સહસા-એકાએક જ Suddenly I remembered Shreeji, and my heart overflows with joy. આ અનુભવ ઘણા ભક્તોનો હોય છે. રોજની એકવિધ Monotonous દુનિયા એક જ ચીલા પર ચાલી જતી હોય છે, એ જ પ્રવૃત્તિઓ, ઑફિસ, બસ અને એકાએક જ પ્રિયતમ-પ્રભુ યાદ આવી જાય છે. જાણે એની કોઈ પૂર્વ તૈયારી નહોતી અને ક્યારેક એના નામના શ્રવણ માત્રથી, ક્યારેક એના વિચાર માત્રથી, આનંદથી નાચી ઊઠાય છે; પરંતુ એ અનુભવ ટકતો નથી. ફરી ફરી એ અનુભવની તાલાવેલી જાગે છે. પ્રેમાનંદ એટલે જ કહે છે "I am pining to see the Lord once more". એક વખતના સુખદ દર્શન પછી વિરહની આ અસહ્ય સતત તાલાવેલી! પછી જાણે કશે ગોઠતું નથી.

એટલે જ બીજા એક સુંદર ભાવભીના કાવ્યમાં પ્રેમાનંદ પ્રભુને પ્રેમથી ઠપકો આપે છે. પ્રભુને કહે, "તારે આવું નહોતું કરવું! આમ માર્ગમાં અધવચ્ચે અમને છોડીને ચાલી ગયો? હવે એમ કેવી રીતે રહીશું? કોના ભણી જોશું? હૃદયની વાતો કોને કરીશું? આ ગાઢ જંગલમાં તું આ રીતે છોડી જશે એની અમને કલ્પના પણ ક્યાંથી આવે?" અને અંતે કેટલું સરસ કહે છે, "આકાશ કેમ તૂટી નથી પડતું? ધરતી કેમ માર્ગ નથી આપતી? અને આ શું? પ્રભુ પાસે નથી તો અમે જીવતા કેમ છીએ?"

"Now that the Lord is not with us,
How is it that we are still alive?"

પોતાના પ્રિયતમ પ્રભુને એક વખત જોયા પછી, મળ્યા પછી જીવતા તો રહેવાય પણ એ જીવીને અર્થ પણ શો, જો એ પછી પાસે ને પાસે ન હોય તો? એટલે જ પ્રેમાનંદ કહે છે કે એ તો દુઃખની અવધિ છે. એનાથી વધુ બીજું દુઃખ તમે કયું કલ્પી શકો?

આ કાવ્યોમાં એક સુંદર કાવ્ય છે. તે પણ પ્રેમાનંદનું જ છે. તેમાં એ પોતાની માને કહે છે, 'મા, મને અટકાવીશ નહીં. હું મારા પ્રભુને મળવા જઈ રહ્યો છું.' પહેલાં તો આજીજી કરે છે પછી જાણે ચેતવણીનો સૂર કાઢે છે. જાણે માને ધમકી આપે છે. "હું મારું માથું મૂકીશ પણ જઈશ તો ખરો!" એની બન્ને દુનિયામાં રહેવાની વાત નથી. એનું લક્ષ્ય બહુ ચોક્કસ છે. નચિકેત યમ પાસે વરદાન માગે છે તે યાદ આવે છે? યમની લોભામણીથી એ ચલિત નથી થતો. તેવી જ રીતે પ્રેમાનંદ પણ કહે છે, "My total being is at the altar of sacrifice." આ સવારે વાત કરી સાંજે ભૂલી જવા જેટલી સહજ વાત નથી. આણુ આણુએ એની તાલાવેલી છે.

આ પ્રકારના કાવ્યો ને ગીતો આપણને નરસિંહ, મીરાં, કબીર વિ.માં પણ મળે છે. સ્વામિનારાયણ પંથના સંતકવિઓના કાવ્ય ભલે રહ્યાં. એમની ભાષા તો સર્વકાળની, સર્વદેશની સનાતન જ છે. એમણે પામેલું ભક્તિરસનું અમૃત આપણા લોહીમાં પેઢી દર પેઢીથી ભળી ગયું છે એટલે સુધી આ પંક્તિઓ, આ જ્ઞાનનો આપણે વાતવાતમાં ઉપયોગ કરી લઈએ છીએ. એની ધાર બુઠ્ઠી થઈ જાય ત્યાં સુધી. હશે, આ કાવ્યોની પ્રસ્તાવના શ્રી કામઠે લખી છે તે ખાસ ઉલ્લેખનીય ને અભ્યાસપૂર્ણ છે અને આ પુસ્તક સાથે વિનોબાની 'જ્ઞાનદેવ ચિંતનિકા' અને બાંકે બિહારીની 'Sufi Saints of India' સૌ કોઈ જિજ્ઞાસુને વાંચવા ભલામણ કરું. ભક્તિનો એ જ સૂર અને એ જ સુધારસ એ પુસ્તકોમાં ભર્યોભર્યો છે.

નિષ્કુળાનંદ એક કાવ્યને અંતે કહે છે:

"Now I do not have name or place." નામ અને સ્થળના વળગણથી આપણે પણ ગૂંગળાઈ જઈએ. એક દિવસ આપણે પણ આમ નામથી મોક્ષ પામી શકીએ તો, સ્થળના વળગણને ખંખેરી શકીએ તો? પરંતુ આ પૂર્વે એક શરત છે તે નિષ્કુળાનંદ જ આગલી પંક્તિમાં કહે છે, "I have the Lord manifested before me." પ્રભુનું દર્શન થયું છે ને એટલે જ નામ આપોઆપ સરી પડ્યું છે.

પ્રેમ અને વિરહના કાવ્યો બાદ કરતાં આ સંતકવિઓનું કાવ્યમાં બીજું જે તરી આવતું તત્ત્વ છે તે વૈરાગ્ય અને ત્યાગનું છે. આ દેહ નશ્વર છે, આ સંસાર અસાર છે એ ભક્તને, સાધકને વારેવારે યાદ આપવામાં છે. નિષ્કુળાનંદ કહે છે અમે નવાં કપડાંની આકાંક્ષા નહીં રાખીએ, ચીંથરાથી ચલાવી લઈશું. છ ઈંદ્રિયોને લાડ નહીં લડાવીએ. જે કંઈ પીરસવામાં આવશે તે ખાઈશું. તો બીજે યાદ કરાવે છે કે ઘડપણ આવતાં હૈયાના બળાપા પણ વધતા જશે. "When old age will approach, you heart burns shall" increase." એટલે જ ચેત! પછી ઈશ્વરને દોષ ના દેશો. છતાં નિષ્કુળાનંદ જાણે છે કે ઉપરછલ્લા ત્યાગ અને વૈરાગ્ય ટકતાં નથી. ખૂબ જ પરિચિત એમના કાવ્ય "ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના..." એમાં ખૂબ જ ભાર દઈ ચેતવે છે: બહારથી ભગવાં વસ્ત્રો પહેરો

ને ભીતર ત્યજેલા સંસાર ભણી મન પાછું વાછું લુબ્ધ થતું હોય તો આ ત્યાગ ટકશે નહીં. આ ત્યાગ પાછળ વૈરાગ્ય ન હોય તો પછી સાધક એક ક્ષણે ત્યાગી બીજી ક્ષણે ભોગી, એ બે દુનિયા વચ્ચે ઝોલાં ખાય છે. આ ત્યાગ પાછળ સમજણનું (Understanding) બળ હોતું નથી. સાધના નિષ્ફળ જાય છે.

પણ આ જ નિષ્ફળાનંદના બે કાવ્યોમાં વારેવારે સંબંધોની નિષ્ફળતાની, અસારતાની યાદ અપાવાઈ છે. 'No one belongs to anyone,' 'All the relatives are selfish.' અથવા All these relatives are your enemies'. સ્વજનો અને સંસાર માટેનાં આ વિધાનો કેટલાક લોકો માટે શુકપાઠ જેવા થઈ ગયા છે. બધા જ સ્વજનો સ્વાર્થી કે દુશ્મનો છે એ માન્યતા સંબંધોમાંથી આનંદ હણી લે છે. આખરે સંસાર અને સંબંધ બન્ને વ્યક્તિના પોતાના દર્શન, અનુભવ પર અવલંબે છે અને એ બન્નેનું મૂલ્ય વ્યક્તિના પોતાના પર જ આધાર રાખે છે. સંસાર અને સંબંધોના પોતાના આગવા કોઈ જ મૂલ્યો નથી. તમે જે મૂલ્ય આપો છો તે જ પ્રમાણે તેમાં તેવું દર્શન થાય છે. ક્યારેક આપણી અપેક્ષાઓ, આપણા પોતાનાં જ વાણીવર્તન સંબંધોને હાનિકારક નિવડતાં હોય છે. એકાદ બે કડવા અનુભવ કે સંબંધની નિષ્ફળતાનો દોષ આપણે ક્યારે સ્વજનો પર ઢોળી દઈ બધા જ સંબંધીઓ નકામા એવું સમીકરણ Generalisation કરી લઈએ છીએ. આ પ્રકારની માન્યતા લઈ જીવવું ખૂબ મુશ્કેલ બની જાય. અથવા દંભી પણ બને. આવી નકારાત્મક માન્યતા કરતા સંબંધોમાંથી આસક્તિ ઉઠાવી લઈ નિર્મળ પ્રેમની સ્થાપના મને વધારે ગમે.

ભારતીય દ્વારા જ ભારતીય સંસ્કૃતિની ઉપેક્ષા!!!

[] શાંતિલાલ ટી. શેઠ

ભારતની સંસ્કૃતિ જંગલો–વનશ્રીથી વીંટળાયેલા આશ્રમો અને ગામડાંઓની હતી. સો વર્ષ પહેલાં પણ માણસ સંતોષપૂર્વકનું જીવન જીવતો હતો અને તેને જે મળે તે રાજીખુશીથી સ્વીકારી જીવતો અને મનની સ્થિરતા કે મનનો આનંદ ગુમાવતો નહોતો. આખા દિવસની રોજી આઠ આના કે રૂપિયો મળતો તો પણ તેને સંતોષથી ઊંઘ આવી જતી હતી કારણ કે જેને વધારે મળતું હતું તેની તેને ઈર્ષ્યા નહોતી થતી. ગ્રામ જીવન સાત્વિક હતું. અને દરેક માણસ તંદુરસ્તીભર્યું જીવન જીવતો હતો કારણ ત્યાં મોટા વ્યસનો નહોતાં અને જીવનની અનિયમિતતા નહોતી. ત્યારે બે વખત સાદું ભોજન લેવાનો રિવાજ હતો. મીઠાઈ કે તળેલા પદાર્થો તો ક્યારેક પ્રસંગ હોય અથવા તો કોઈ તહેવાર હોય ત્યારે જ ખાવા મળતા હતા અને એટલે એનો આનંદ મળતો હતો. ત્યારે વર્ષમાં એક જ વખત દિવાળી આવતી હતી જ્યારે આજે શહેરી જીવનમાં તો જાણે દરરોજ દિવાળી હોય એવી રીતે જીવવામાં આવે છે. છતાં તેનો આનંદ નથી મળતો–નથી માણી શકાતો.

આજે માણસનું મન ખૂબ જ અસંતોષી બની ગયું છે. તેને કોઈ વાતનો સંતોષ નથી. ગમે તેટલું અઢળક નાણું કમાનારને પણ સંતોષ નથી. ગમે તેવો મોટો અધિકાર મળ્યો હોય તેને પણ સંતોષ નથી. તે વધારે ને વધારે ધનની અને મોટા હોદ્દાની અપેક્ષા રાખે છે અને એ રીતે જે સુખ મળ્યું છે તેથી સંતોષ નહિ માનતા. જે નથી મળ્યું તેની પ્રાપ્તિ માટે સતત દુ:ખ અનુભવે છે. એટલું જ નહિ, પરંતુ તેના માટે ફાવતાવા કરે છે. અસત્ય આચરે છે અને ગમે તેવા હલકા કામો કરવા પ્રેરાય છે.

આજના માણસનો ધર્મ પણ ઉપલકીયો બની રહ્યો છે. તેનું ધર્મનું આચરણ નથી હોતું, પરંતુ અન્યને દેખાડવા પૂરતો દેખાવ જ તે કરતો હોય છે. દયા, કરુણા, સત્યાચરણ એને આજનો માણસ ભૂલી ગયો છે અને ખોટી વાતને કે ખોટા વર્તનને બુદ્ધિ દ્વારા ઠેરવવા માટેનો તેનો સતત પ્રયત્ન હોય છે. પછી તે ગમે તેવો મોટો બૌદ્ધિક હોય, પરંતુ તેની સૂક્ષ્મવૃત્તિ, તેને પોતાને પણ છેતરતી હોય છે અને તે પોતે સાચે માર્ગે છે એવું તેને ઠસાવતી હોય છે એટલે તે કહેતો હોય છે કે હું બધું જ સાચું સમજું છું. સત્યાચરણ કરું છું. પરંતુ જો તેને તાત્ત્વિક રીતે તપાસવામાં આવે તો તેની પાછળ તેનો સૂક્ષ્મ દંભ ડોકિયાં કરતો જોવામાં આવે છે અને તે પોતાના સૂક્ષ્મ અહંથી જ દોરવાતો હોય છે.

આજની આધ્યાત્મિક શિબિરો ભરાતી હોય છે તે પણ ગતાનુગતિક અને દેખાદેખીનું જાણે સ્વરૂપ ન હોય એવું લાગે-કારણ નિયમિત રીતે આધ્યાત્મિક શિબિરોમાં અવારનવાર ભાગ લેનારા સજ્જનોને જો ઊંડાણથી તપાસવામાં આવે તો તેમનામાં અધ્યાત્મવાદના દર્શન થતાં નથી. તેઓ પોતે પણ આ વાત જાણતા હોય છે. એમ છતાં તમાચો મારીને ગાલ લાલ રાખવાનો હંમેશાં પ્રયત્ન કરતા જોવામાં આવે છે કારણ તેઓ જાગૃત અવસ્થામાં નથી હોતા. અધ્યાત્મવાદ એ શું કહેવાય – તેનું મૂલ્ય શું? તેની ફલશ્રુતિ શું હોઈ શકે? અને અધ્યાત્મવાદના ઊંડાણમાં ઉતરેલ માણસના વાણી, વર્તન અને જીવન કેવા શુદ્ધ કંચન જેવા હોય? તેનો તેમને ખ્યાલ નથી હોતો પરંતુ ઉપરછલ્લું જ જોવા મળે છે.

આવી રીતે આપણી ભારતીય સંસ્કૃતિનો હ્રાસ થવાનું મુખ્ય કારણ શહેરી સંસ્કૃતિ છે અને કેન્દ્રીકરણ એ તેનો મોટો દુશ્મન છે. આ બાબત સજાગ થવાની જરૂર છે. – વસતિવધારાએ પણ માઝા મૂકી છે.

આજે આપણે જે રીતે જીવી રહ્યા છીએ, જે વ્યવહાર કરી રહ્યા છીએ, જે રિવાજોમાં રાચી રહ્યા છીએ, આપણી રમતગમતો, આપણા લગ્નાદિ રિવાજો, આપણા જમણવારો, આપણો અભ્યાસક્રમ વગેરેમાં ક્યાંય આપણી સંસ્કૃતિના દર્શન થાય છે ખરાં! આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે પૂરેપૂરા રંગાઈ ગયા છીએ. ભારતીય સંસ્કૃતિનો ઓછાયો પણ આપણને અભડાવતો હોય એવી આપણી વૃત્તિ બની રહી છે. આપણે આપણાપણું સાવ ખોઈ બેઠા છીએ. આજે આપણે અર્થના ગુલામ બની ગયા છીએ. પૈસો એ જ સર્વસ્વ છે એ રીતે આપણે આજના સમાજનું ઘડતર કર્યું છે. ચારિત્ર્ય, વિશ્વાસ, લાગણી, હેત-પ્રિત, અંતરનો પ્રેમ, આમન્યા, બહાદુરી અને ઈશ્વરભક્તિ - આ બધાનો આપણે ત્યાગ કર્યો છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે પૂરેપૂરા રંગાઈ ગયા છીએ એટલે આપણે ત્યાં જે પીઢતા હતી તે પણ પરવારી ગઈ છે. નથી રહ્યો આજે કોઈ રાષ્ટ્રીય પીઢ નેતા કે જે રાષ્ટ્રને દોરી શકે! અને નથી રહી એવી કોઈ ધાર્મિક વ્યક્તિ કે જે ભારતના સમગ્ર માનવ-સમાજને પોતા તરફ ખેંચી શકે. આ જ કારણે આપણા કોર્પોરેશનોમાં, ધારાસભાઓમાં અને લોકસભામાં સુદ્ધા બેફામ રીતે સભ્યો વર્તે છે અને ક્યારેક મારામારી પર પણ આવી જાય છે – આવા રાજકારણીઓએ જ આપણી સંસ્કૃતિનો ભાંગીને ભુક્કો કર્યો છે અને આજના નાગરિકો ગાડરિયા પ્રવાહની માફક અજાગ્રત મન સાથે તેમની સાથે ઘસડાય છે. આ રીતે ભારત દેશ અસ્તાચલ પરથી ચલીત થતો થતો ઊંડી ખાઈમાં તરફ પ્રયાણ કરી રહ્યો હોય એવી ભીતિ લાગે છે. જાગ્યા ત્યારથી સવાર ગણીને "હવે રૂક જાવ" એમ કહેનાર વીરલો પાકે અને ભારતની સંસ્કૃતિ ટકાવી રાખવા માટે કારણભૂત બને એવી અંત:કરણપૂર્વકની પ્રાર્થના ઈશ્વરને કરવા સિવાય આજે બીજો કોઈ રસ્તો દેખાતો નથી.

આને કોઈ નિરાશાવાદ કહીને રખે મૂલવે- આ તો સમયસરની ચેતવણી છે અને સંકટ સમયની સાંકળ ખેંચવાનો ફકત પ્રયત્ન જ છે. ભાવિના ગર્ભમાં શું હશે તે તો ઈશ્વર જાણે. આપણી શુભકામનાને લગતો અવાજ ઈશ્વર સાંભળે એટલી જ પ્રાર્થના.

પ્રાણીઓ પર થતા અત્યાચારો

[] શારદાબેન બાબુભાઇ શાહ

થોડા સમય પહેલાં બે ગ્લોરમાં સરકસ ચાલી રહ્યું હતું એ દરમિયાન જબરી આગ ફાટી નીકળી અને તેમાં કેટલાય માણસો માર્યા ગયા. આમાં બાળકોની ઘણી સંખ્યા હતી. આ આખા બનાવનો વિચાર કરીએ તો મનોરંજનના સરકસ સિવાય બીજાં ઘણાં સાધનો છે. સિનેમા-નાટક, ટી.વી. વગેરે જોઈને પણ આપણે જાણી શકીએ છીએ. આ સિવાય બાગ-બગીચા, હરવા-ફરવાનાં અન્ય સ્થળો પણ આપણને આનંદ આપે છે; પરંતુ સરકસ આવે ત્યારે એ જોવાની આપણને લાલચ થાય છે. સરકસમાં મનુષ્યો જુદી જુદી કરામત દ્વારા આપણને હેરત પમાડે છે. કેટલાક ખેલો તો એટલા અઘરા હોય છે કે એ જોઈને આપણને એમ થાય કે આ બધું એ લોકો કઈ રીતે કરતાં હશે? આની પાછળ કેટલી મહેનત અને પ્રેકટીસ હશે?

માણસ બુદ્ધિશાળી અને સાહસિક પ્રાણી છે એટલે અઘરામાં અઘરી વસ્તુ તે સિદ્ધ કરી શકે છે; પરંતુ આપણે આ લેખમાં જેની મુખ્ય વાત કરવાની છે તે પ્રાણીઓની છે. પ્રાણીઓ માણસના હુકમ મુજબ ચાલે એ માટે તેમને કેળવણી આપતી વખતે ખૂબ માર મારવામાં આવે છે. જંગલમાં સ્વતંત્ર રીતે વિહરતાં પ્રાણીઓને બંદી બનીને માણસની ક્રૂરતા સહન કરવી પડે છે. તેમને તાલીમ આપવા માટે ભૂખ્યા તરસ્યા રાખી માણસ પોતાના ઈશારા પર તેમને નચાવે છે. જુદા જુદા ખેલ નિહાળીએ છીએ ત્યારે આપણે ખુશી થઈને તાળીઓ બજાવીએ છીએ; પરંતુ એ મુંગા પ્રાણીઓ પર તેને તાલીમ આપનાર માણસ (રીંગ માસ્ટર) કેટલો જુલમ ગુજારે છે તે આપણા જોવામાં આવતું નથી. આપણે તો કેવળ સિદ્ધિ નિહાળીએ છીએ; પરંતુ એ સિદ્ધિ પાછળ અબોલ, મુંગા અને નિર્દોષ પ્રાણીઓ પર શી શી વીતે છે એ તો એમને વાચા હોય તો કહી શકે ને! ખરેખર, પ્રાણીઓ પર આ યુગમાં ઘણી ક્રૂરતા આચરવામાં આવે છે.

પોતાના ઈશારા મુજબ પ્રાણીઓ નાચે, કૂદે ને જુદા જુદા ખેલ કરી બતાવે એની માણસને હોંશ હોય છે. જે લોકો પાળેલાં કૂતરાં રાખે છે તેઓ પણ અમુક તાલીમ આપવા તેના પ્રત્યે ઘણી ક્રૂરતા આચરે છે. મારા ઘર નજીક રહેતાં એક કુટુંબે કૂતરો પાળ્યો છે. એક વાર એ બાજુ પસાર થવાનું બન્યું ત્યારે સડાક સડાક એમ અવાજ સાંભળવામાં આવ્યો. આવો અવાજ શેનો હશે તે સમજમાં ન આવ્યું, પણ મારી સાથે એક બેન હતાં તેમણે સ્પષ્ટતા કરી કે કૂતરાને તાલીમ આપવા ચાબુકથી માર મારવામાં આવે છે તેનો એ અવાજ છે. કૂતરો મોઢામાં ઝોળી લઈને ચાલે કે દડાથી રમે અને પોતાનો માલિક કહે તેમ કરે એ માટે આમ ચાબુકથી માર મારીને તેને તાલીમ આપવામાં આવે છે. લોકો આ તાલીમ પામેલા કૂતરાને જુએ અને આશ્ચર્ય અનુભવે એમાં એના માલિકને ગૌરવ અને પોતે કંઈક કરી બતાવ્યાની લાગણી થતી હશે; પરંતુ એક મુંગા અને નિર્દોષ જીવને કેટલી પીડા થતી હશે, ભયથી કેટલો ગભરાટ થતો હશે તે તેની આંખ અને હાવભાવ પરથી આપણે કળી શકીએ છીએ. પ્રાણીઓ જુદા જુદા ખેલો કરે ત્યારે આપણે આનંદ અનુભવીએ છીએ અને ખુશી થઈને તાળીઓ બજાવીએ છીએ, પણ પ્રાણીઓને તાલીમ વખતે કેટલું સહન કરવું પડે છે એ તો આપણે નજરે જોઈએ તો જ ખ્યાલમાં આવે. આપણે તો કેવળ સિદ્ધિ નિહાળીએ છીએ, પરંતુ એ સિદ્ધિ પાછળ માનવીની શૈતાનિયત અને ક્રૂરતા કેટલાં પડેલાં છે તે તો કેવળ કુદરત જાણે છે.

પ્રાણીઓ પર થતા અત્યાચારો પ્રત્યે ખરેખર આપણે સજાગ બનવું જોઈએ. સૌંદર્ય-પ્રસાધનો બનાવવા માટે તેમ જ વિજ્ઞાનના પ્રયોગો કરવા માટે પ્રાણીઓ પર ઘણો અમાનુષી વર્તાવ કરવામાં આવે છે. સાંખ્યાબંધ દેડકાને મારી તેના પગની નિકાસ થાય છે. શેમ્પૂની ચકાસણી કરવા માટે સસલાની આંખમાં શેમ્પુ નાખવામાં આવે છે. આ કોમળ અને સુંદર નાજુક પ્રાણી આથી ઘણું સિબાય છે. પ્રાણીઓની સુંદર રુંવાટીવાળી ચામડીમાંથી આવનવી વસ્તુઓ બનાવવાનું દુનિયાભરમાં આકર્ષણ છે. વળી આ ચીજો ફેશનેબલ અને શ્રીમંતાઈનો ભપકો દેખાડવાનું સાધન હોવાથી તેની ઘણી માગ રહે છે અને એ માટે ફરવાળા પ્રાણીઓ પર પારાવાર ક્રૂરતા આચરી તેમને મારી નાખવામાં આવે છે. ગુણવત્તામાં જીવતા-પ્રાણીઓની ચામડીનું વધુ મહત્ત્વ હોવાથી પ્રાણીઓ જીવતા હોય છે ત્યારે જ તેમની ચામડી ઉતરડી લેવામાં આવે છે. સુગંધી દ્રવ્યો માટે મૃગો અને સિવેટ પ્રાણીઓને પારાવાર ત્રાસ આપવામાં આવે છે. કસ્તુરી મેળવવા માટે સંખ્યાબંધ મૃગોને મારી નાખવામાં આવે છે. પ્રાણીઓ પર થતા અત્યાચારો વિષે 'મુંબઈ સમાચાર'માં અગાઉ એક લેખમાળા પ્રસિદ્ધ થઈ હતી. એ અહેવાલ મુજબ કસ્તુરીની ઘણી કિંમત ઉપજતી હોવાથી એક જ મૃગને મારવાથી દસ હજાર જેટલી રકમ મળતી હોવાથી માણસને દયા-ધર્મ યાદ રહેતો નથી. હિમાચલના પ્રદેશ સહિત તિબેટ, સાઈબીરિયા, કોરિયા અને પશ્ચિમ ચીનમાં એક વર્ષમાં કુલ ૭૦ હજાર મૃગોને મારી નાખવામાં આવતાં હોવાનો અંદાજ છે. આ સિવાય, સીલ અને તેના બચ્ચાં, ઘોડીઓ, ઘેટાનાં બચ્ચાં, સસલા, દીપડા, મગર, વ્હેલ માછલી, મિન્ક પ્રાણી, મોતી માટે કાલુ માછલી, હાથી-દાંત માટે હાથીઓ – આ બધાં પ્રાણીઓનો ઘોર સંહાર કરવામાં આવે છે.

જાતજાતના અખતરા, પ્રયોગો, નાણાંકીય લાભો તથા માનવીના મોજશોખ માટે મૂંગા પ્રાણીઓ પર આધુનિક યુગમાં ભયંકર અત્યાચારો થઈ રહ્યા છે. પ્રાણી સંગ્રહસ્થાનમાં તેમને તદ્દન સાંકડી જગ્યામાં રાખવામાં આવે છે. પ્રાણીઓ અકળાય છે, રીબાય છે પરંતુ આ બધું માણસ પોતાના લાભ માટે કરે છે. સુંદર ફેશનેબલ ચીજો, સુગંધી પદાર્થો અને આવનવી મોજશોખની ચીજો જોઈ કે મેળવીને આપણે ખુશી થઈએ છીએ, પરંતુ આ બધાં પાછળ જે હિંસા છુપાયેલી છે તેની આપણને જાણ નથી એટલે જાણે-અજાણ્યે હિંસાના ભાગીદાર બનીએ છીએ. આમાંથી બચવાનો સારામાં સારો રસ્તો એ છે કે જેમ બને તેમ સૌંદર્ય-પ્રસાધનો ઓછાં વાપરવાં અને સાદાઈને જીવનમાં અપનાવવી.

સરસ્વતી સ્તવન

૧

માતા હે! વરદા સરસ્વતી શુભા હે! શારદા શાશ્વતી!
હે! વાણીવરદાયિની શ્રુતિભરા જ્યોતિષ્મતી ભાસ્વતી!
હે! શુકલામ્બર ઉજ્જ્વલા ભગવતી! પાણિ વીણાધારિણી!
હે! દેવી સૂરશાલિની! ભુવનનાં વાદિત્ર સંચારિણી!

૨

હે! વાચસ્પદ પ્રેરણા, સ્વરકલા, સાહિત્ય સ્રોતસ્વિની!
હે! બ્રહ્માતનયા! જગજીવનનાં વિજ્ઞાન ઓજસ્વિની!
વિદ્વાનો, મુનિઓ, મહા કવિજનો સ્વાન્તે સુધાદાયિની!
ઊંડાં અંતરની ગુહા ગહનમાં પુણ્યોદકે શાયિની!

૩

આસ્થાની અમરાપુરી શુભકરા શ્રદ્ધા ગિરારંગિની!
ધાત્રી પ્રાકતનની અહો! પ્રિયવરા! શકિત ચિરાસંગિની!
આજે વંદન વારવાર કરિયે, આશીષ સૌ યાચિયે,
સ્તોત્રે ને સ્તવને તને વિનવિયે: પ્રજ્ઞાપરા વાંછિયે!

૪

આજે આપ અમાપ એક ઉરની જ્યોતિકણી સાંગૂઢા,
રૂડી સ્થાપ પરાત્પરા શિશુઉરે કો છાપ: હંસારૂઢા!
મંત્રોનાં કુસુમે તને અરચિયે, પાદાંબુજો પૂજિયે:
તારી વિશ્વવીણાતણા કલરવો કંઠે ભરી કૂજિયે:

૫

આવો, આસનને ગ્રહો: દઢમના! હૈયાતણા પાટલે:
દેવી! પારમિતા પ્રદીપ પ્રકટો, અજ્ઞાનજાળાં ટળે.

રતુભાઈ દેસાઇ

સ્વ. પૂજ્ય શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ

[] ડૉ. રમણલાલ ચી. શાહ

પરમ પૂજ્ય મુનિ મહારાજ શ્રી તત્ત્વાનંદવિજયજી રવિવાર તારીખ ૩૧મી મે, ૧૯૮૧ના રોજ સવારે દાદરના જ્ઞાનમંદિરના ઉપાશ્રયમાં કાળધર્મ પામ્યા. છેલ્લા લગભગ એક મહિનાથી તેમની તબિયત અસ્વસ્થ રહેતી હતી. તેમને અવારનવાર તાવ આવતો હતો અને તેને લીધે તેમનાથી ખોરાક લેવાતો નહોતો. છેલ્લે છેલ્લે તેમનો તાવ અચાનક એકદમ વધી ગયો. ડાક્તરી નિદાન થાય તે પહેલાં અને તેમને હોસ્પિટલમાં લઈ જવાય તે પહેલાં એમણે દેહ છોડયો. સમાધિપૂર્વક તેઓ કાળધર્મ પામ્યા.

છેલ્લા મહિનામાં હું તેમને વંદન કરવા માટે બે વાર ગયો હતો. લગભગ મહિના પહેલાં પહેલી વાર ગયો હતો ત્યારે એક કલાક તેમની સાથે વાતચીત કરી હતી. પોતાને તાવ આવે છે તેનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. તેમના ચહેરા ઉપર જોઈએ તેટલી પ્રસન્તા જણાતી ન હોતી. બીજી વાર ગયો તેઓ કાળધર્મ પામ્યા તેના દસેક દિવસ પહેલાં. ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન હતા. તેમણે કહ્યું, 'તમે આજે આવ્યા તે સારું કર્યું. ગઈ કાલે આવ્યા હોત તો બહુ બેસી શકત નહિ. ગઈ કાલ સુધી મને તાવ હતો. આજે સવારથી તાવ નથી. ખોરાક લેવાયો છે અને પ્રસન્નતા અનુભવાય છે.' તે દિવસે તેમની સાથે કલાક જ્ઞાનગોષ્ઠિ ચાલી. તીર્થંકર પરમાત્માના મહિમા વિશે સમજાવતાં તેમણે કહ્યું કે તીર્થંકરો જ્યારે સમવસરણમાં પધારે ત્યારે દેશના આપતાં પહેલાં ચતુર્વિધ સંઘને વંદન કરે કારણે કે સંઘ એ તીર્થરૂપ છે. તેઓ 'નમો સંઘસ્ય, નમો તીર્થસ્સ' એમ કહ્યા પછી દેશના શરૂ કરે છે. એવી જ રીતે તીર્થંકરો નિર્વાણ પામે ત્યારે એમના મુખમાંથી છેલ્લા શબ્દો નીકળે 'નમો સંઘસ્સ, નમો, તીર્થસ્સ.'

પૂજ્ય મહારાજસાહેબ સાથે તે દિવસે અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, કેવળી ભગવંત, ચૌદ પૂર્વધર સાધુઓ વગેરે વિશે ઘણી વાતો નીકળી. તેઓ ખૂબ ઉત્સાહમાં ને ઉલ્લાસમાં હતા. તેમણે કહ્યું કે પોતે અંદરથી ખૂબ પ્રસન્નતા અનુભવે છે અને અંદરનો પ્રકાશ જાણે વધતો જતો હોય તેવું અનુભવાય છે. તે દિવસે તેમની તબિયત એટલી સારી હતી કે તેઓ આટલા જલ્દી કાળધર્મ પામશે એમ માની ન શકાય. તેમની ઉંમર પણ એવી મોટી નહોતી. તેમને હજુ સાઠ વર્ષ પણ પૂરાં થયાં નહોતાં.

સ્વ. પૂ. તત્ત્વાનંદવિજયજી મહારાજનું નામ પહેલવહેલું મેં સાંભળ્યું હતું. 'નમસ્કાર સ્વાધ્યાય' નામનો ગ્રંથ જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી પ્રગટ થયો ત્યારે. નવકારમંત્ર વિશે પાકૃત-ભાષાના લખાણનાં સંશોધન-સંપાદનરૂપે એ ગ્રંથ પ્રગટ થયો ત્યારે એના સંપાદક પૂ. શ્રી તત્ત્વાનંદવિજયજીની વિદ્વતાનો પરિચય થયો. ત્યાર પછી 'નમસ્કાર સ્વાધ્યાય'નો બીજો ભાગ નવકારમંત્ર વિશેનાં પૂર્વાચાર્યોનાં સંસ્કૃત લખાણોનાં સંશોધન-સંપાદન રૂપે પ્રગટ થયો હતો. ત્યાર પછી હજુ થોડા વખત પહેલાં 'નમસ્કાર સ્વાધ્યાય'નો ત્રીજો ભાગ નવકાર મંત્ર વિશેનાં જૂની ગુજરાતી ભાષાનાં લખાણો સંશોધન-સંપાદન તરીકે પ્રગટ થયો હતો. પ. પૂ. શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજીની નિશ્રામાં સાન્તાક્રુઝમાં એ ગ્રંથનાં પ્રકાશનો સમારોહ યોજાયો હતો. તે પ્રસંગે મને બોલાવવા માટે પૂ. તત્ત્વાનંદવિજયજી મહારાજે ખાસ કહ્યું હતું. એ દિવસે એમને ખૂબ ઉલ્લાસ હતો, કેમ કે નમસ્કાર સ્વાધ્યાય વિશે તેમણે ઉપાડેલું સંશોધનકાર્ય વર્ષોની જહેમત પછી પૂરું થયું હતું.

પૂ. તત્ત્વાનંદવિજયજીના સંશોધનનો તેમ જ આરાધનાનો મહત્ત્વનો વિષય તે નવકારમંત્ર હતો. સંસ્કૃત, અર્ધમાગધી અને જૂની ગુજરાતી ભાષામાં એ વિશે લખાયેલા એવા તમામ ઉપલબ્ધ સાહિત્યનો ઊંડો અભ્યાસ તેમણે કર્યો હતો. એમનું રાત-દિવસ ચિંતન-મનન પણ નવકારમંત્ર વિશે રહેતું. કેટલાક સમય પહેલાં એક સ્થળે ચાતુર્માસમાં દૈનિક વ્યાખ્યાન માટે પણ એમણે વિષય રાખ્યો હતો 'નવકારમંત્ર'નો. ચાર મહિના આ એક જ વિષય ઉપર વ્યાખ્યાનો આપવાનું તેમના જેવા વિદ્વાનથી જ બની શકે કારણ કે એમણે એ વિષયનું તલસ્પર્શી અવગાહન કર્યું હતું.

નવકારમંત્રમાં પ્રથમ પદ છે અરિહંત ભગવંતનું. અરિહંત ભગવંતના સ્વરૂપ વિશે પણ પૂ. તત્ત્વાનંદજી મહારાજે ઘણો જ ઊંડો અભ્યાસ કર્યો હતો. એમણે 'દેવાધિદેવ ભગવાન મહાવીર' નામના ગ્રંથમાં ભગવાન મહાવીરના જીવન ચરિત્ર ઉપરાંત અરિહંત ભગવંતના સ્વરૂપનાં વિવિધ પાસાઓનો શાસ્ત્રીય દૃષ્ટિથી અને શાસ્ત્રગ્રંથોમાંથી અનેક અવતરણો આપીને પરિચય કરાવ્યો છે. પૂ. મહારાજજીએ નમસ્કાર સ્વાધ્યાયનાં ત્રણ ગ્રંથો અને દેવાધિદેવ ભગવાન મહાવીરના ગ્રંથમાં એટલું શાસ્ત્રીય, વિદ્વતાપૂર્ણ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન કાર્ય કર્યું છે કે કોઈ પણ યુનિવર્સિટી એમને ડિ. લિટની પદવી જરૂર આપી શકે. વિદેશોના કેટલાયે વિદ્વાનોએ એમના આ ગ્રંથોની કદર કરી છે. વર્તમાન સમયના જૈન વિદ્વાન સાધુઓમાં પૂ. તત્ત્વાનંદવિજયજીને આપણે જરૂર ગૌરવપૂર્વક ગણાવી શકીએ.

પૂ. તત્ત્વાનંદવિજયજી તે પૂ. સ્વર્ગસ્થ આચાર્ય શ્રી લક્ષ્મણ-સૂરિના શિષ્ય શ્રી કીર્તિચંદસૂરિના શિષ્ય હતા. તેઓ વતની કચ્છના હતા, પરંતુ તેમના પિતાશ્રી વર્ષો પહેલાં મહારાષ્ટ્રમાં આવીને વસ્યા હતા એટલે તત્ત્વાનંદવિજયજીનો ઉછેર મહારાષ્ટ્રમાં થયો હતો એને લીધે તેઓ મરાઠી ભાષા પણ સારી જાણતા હતા. એમણે આરંભમાં કેટલાય ગ્રંથો મરાઠી ભાષામાં વાંચ્યા હતા.

પૂ. તત્ત્વાનંદજી મહારાજનો પ્રત્યક્ષ પરિચય મને ઈ.સ. ૧૯૩૪માં થયો ત્યારે તેઓ મુંબઈમાં ચોપાટીના ઉપાશ્રયે ચાતુર્માસ માટે બિરાજમાન હતા. આમારા મકાનમાં પહેલે માળે આ ઉપાશ્રય હતો એટલે પૂ. મહારાજ પાસે વારંવાર જવાનું હતું. જૈન વિષયોમાં મારી કેટલીયે શંકાઓનું સમાધાન એમની પાસે થતું અને માર્ગદર્શન મળતું. એ સમયે એમનું પુસ્તક 'દેવાધિદેવ ભગવાન મહાવીર' છપાતું હતું. પૂ. મહારાજસાહેબના નિકટના સંપર્કમાં આવતાં એમની શાંત અને એકાંતપ્રિય પ્રકૃતિનો વિશેષ પરિચય થયો. તેઓ ભક્તામર સ્તોત્ર, મંત્રના જાપ અને ધ્યાન ઉપર વિશેષ ભાર મૂકતા. પાત્રતા જણાય તેવી વ્યક્તિઓને તેઓ મંત્ર આપતા અને એથી લાભ થયાના ઘણા પ્રસંગો સાંભળ્યા છે. તેમની પોતાની પણ મંત્ર વિશેની ઊંડી જાણકારી અને અનેરી સાધના હતી એટલા માટે તેઓ એકાંતમાં રહેવું વિશેષ પસંદ કરતા. ભક્તોની બહુ અવરજવર તેમને ગમતી નહિ. વંદન માટે આવેલી વ્યક્તિઓ સાથે ઝાઝી વાત તેઓ કરતા નહિ કેમ કે તેથી એમની સાધનામાં વિક્ષેપ પડતો. તેઓ પોતાના વિહારના સમાચાર પણ બહુ પ્રસરાવતા નહિ. ઉપાશ્રયમાં તેઓ બેઠા હોય ત્યારે મસ્તક ઉપર અને પગ નીચે ગરમ વસ્ત્ર રાખતા. તેઓ ઘણો ખરો સમય ધ્યાનમાં નિમગ્ન રહેતા. યોગ વિદ્યાના પણ તેઓ ઊંડા જાણકાર હતા. તેમની કુંડલીની જાગૃત રહેતી. તેમને વિશાળ સાધુ સમુદાયમાં વિચરવું ગમતું નહિ. વ્યવહારના નિયમને ખાતર પોતાની સાથે એકાદ સાધુને રાખતા, પણ મનથી તેમને તે પણ બહુ ગમતું નહિ.

છેલ્લા કેટલાક સમયથી તેઓ કોઈ કોઈ વખત એકલા વિચરતા અને ઘણું ખરું પરાઓમાં રહેતા. મુંબઈ બાજુ પધારવા માટે મેં તેમને વિનંતી કરેલી, પરંતુ એમણે કહેલું કે ધ્યાનમાં અને જાપ માટે જેવું એકાંત પરાઓમાં મળે છે તેવું મુંબઈ બાજુ મળતું નથી. માટે મુંબઈ બાજુ આવવાનો ભાવ ખાસ થતો નથી. છેલ્લા કેટલાક સમયથી તેઓ દાદરમાં જ્ઞાનમંદિરના ઉપાશ્રયમાં હતા. તેમનું ચાતુર્માસ ગોરેગામમાં જવાહરનગરમાં નક્કી થયું હતું. થોડા દિવસ પછી તેઓ એ તરફ વિહાર કરવાના હતા; પરંતુ એ પહેલાં તેઓ કાળધર્મ પામ્યા.

પૂ. તત્ત્વાનંદવિજયજી મહારાજના સ્વર્ગવાસથી જૈન સમાજને એક વિદ્વાન સંશોધક અને આરાધક સાધુની મોટી ખોટ પડી છે. એમના આત્માને કોટિ કોટિ વંદન હો!

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ જુલાઈ, ૧૯૮૧ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

પેટા-ચૂંટણીઓ અને ગઢવાલ

જાનેવારી ૧૯૮૦માં, ઈન્દિરા ગાંધી ફરી સત્તા પર આવ્યાં ત્યાર પછીના ૧૮ મહિનાના ગાળામાં લોકસભા અને રાજ્યોની ધારાસભાઓમાં બેઠકો ખાલી થઈ તેની પેટા-ચૂંટણીઓ તાજેતરમાં થઈ ગઈ. પશ્ચિમ બંગાળમાં સામ્યવાદીઓનું વર્ચસ્વ કાયમ રહ્યું. કોંગ્રેસ-આઈએ ઘણી મહેનત કરી, તોફાનો પણ કરાવ્યાં છતાં ફાવ્યા નહિ. - બીજી મોટા ભાગની બેઠકો ઉપર કોંગ્રેસ - આઈને પૂરી સફળતા મળી. સામાન્ય રીતે પેટા-ચૂંટણીઓનું બહુ મહત્ત્વ હોતું નથી. પેટા-ચૂંટણીઓ સરકાર અથવા શાસક પક્ષની લોકપ્રિયતા અથવા લોકોના અસંતોષનું માપ ગણાતી નથી. પેટા - ચૂંટણીઓમાં મતદાન ઓછું થાય છે. લોકોને બહુ રસ હોતો નથી પણ આ પેટા ચૂંટણીઓને સંખ્યાની દૃષ્ટિએ - લોકસભાની ૬ અને ધારાસભાઓની ૨૩ - નાના પ્રમાણમાં સામાન્ય ચૂંટણી હોય એવું સ્વરૂપ અપાયું હતું. કોંગ્રેસ - આઈએ તેને આવું સ્વરૂપ ઈરાદાપૂર્વક આપ્યું હતું. આ પેટા-ચૂંટણીઓથી ઈન્દિરા ગાંધીમાં પ્રજાનો વિશ્વાસ છે એવું બતાવવાનો કોંગ્રેસ - આઈનો ઈરાદો હતો. એવી પરંપરા છે કે, પેટા - ચૂંટણીઓમાં વડા પ્રધાન ભાગ લેતાં નથી, પણ આ પેટા ચૂંટણીઓમાં ઈન્દિરા ગાંધીએ અગત્યનો ભાગ ભજવ્યો. અત્યારે લોકસભામાં અને રાજ્યોની ધારાસભાઓમાં - ત્રણ રાજ્યો બાદ કરતાં, કોંગ્રેસ - આઈની એટલી મોટી બહુમતી છે કે આ બેઠકો કોંગ્રેસ-આઈને મળે કે ન મળે તેનું બહુ મહત્ત્વ ન હતું. છતાં કોંગ્રેસ - આઈએ તેને વધારે પડતું મહત્ત્વ આપ્યું અને કોંગ્રેસ-આઈ અભિમાન લઈ શકે એવા પરિણામો પણ આવ્યાં. ઈન્દિરા ગાંધી દેશના એકમાત્ર નેતા છે અને પ્રજાને તેમનામાં પૂરો વિશ્વાસ છે એમ કહેવાની તક મળી.

કોંગ્રેસ - આઈને સફળતા મળી તેનું એક દેખીતું કારણ સબળ વિરોધનો અભાવ છે. વિરોધ પક્ષો છિન્નભિન્ન છે અને બધી પ્રતિષ્ઠા ગુમાવી બેઠા છે. પ્રજાને બીજો કોઈ વિકલ્પ ન હતો. લગભગ દરેક સ્થળે, વિરોધ પક્ષોએ સાથે મળી, એક ઉમેદવાર ઊભો રાખવાને બદલે દરેક પક્ષે પોતાના ઉમેદવાર ઊભા રાખ્યા અને હરીફાઈ કરી જેનો લાભ સ્વાભાવિક રીતે કોંગ્રેસ - આઈને મળ્યો.

પણ આ પેટા-ચૂંટણીઓ બે બેઠકોને કારણે મહત્ત્વની બની રહી. રાજીવ ગાંધીએ રાજકારણમાં વિધિસર પ્રવેશ કર્યો અને અમેઠીમાંથી સંજયને સ્થાને ઊભા રહ્યા અને બીજું ગઢવાલમાંથી બહુગુણા ઊભા રહ્યા.

રાજીવ ગાંધીને મોટી બહુમતીથી સફળતા મળી. ઈન્દિરા ગાંધીના વારસદારની નિમણૂક થઈ ગઈ અને નેહરુ વંશનું રાજ ચાલુ રહેશે એવી ઘોષણા થઈ ગઈ. રાજીવ ગાંધીએ પોતાની લાયકાત પુરવાર કરવી રહે છે, પણ વર્તમાનપત્રોએ તેમને ઈન્દિરા ગાંધીના અનુગામી બનાવી દેવામાં મોટો ભાગ ભજવ્યો. પ્રશંસા કરનાર અને ટીકા કરનાર, બન્ને પ્રકારનાં વર્તમાનપત્રોએ આ છાપ ઊભી કરવામાં ફાળો આપ્યો. આપણે સૌ પ્રમાણભાન ગુમાવી બેઠા. સંજય ગાંધીને દેવ બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ છે. તેમના સ્મારકો, ચારે તરફ થઈ રહ્યાં છે. સંજય ગાંધીની પરંપરાને અનુસરવાની હાકલ થઈ છે. ઈન્દિરા ગાંધીએ તેમાં પોતાનો જોરદાર સૂર પૂરાવ્યો છે. ઈન્દિરા ગાંધીએ કહ્યું સંજય ક્રાન્તિકાર હતા. સંજયને અમર બનાવવાની હરીફાઈ ચાલી છે. તેમના જીવન પ્રસંગોનું પ્રદર્શન થયું છે. મરાઠાઓને શિવાજી મહારાજ માટે માન ન હોય તેથી વધારે અંતુલેને છે. તેમ ઈન્દિરા ગાંધીને ન હોય તેથી પણ વધારે સંજય ગાંધીને અમર કરવાની અંતુલેની તમન્ના છે. સંજયને નામે 'નિરાધાર ફંડ' ઊભું કર્યું છે. તેમાંથી ૭ કરોડ રૂપિયા ગરીબોને સહાય કરી એમ જાહેર થયું છે. આ સાત કરોડ ક્યાંથી આવ્યા તે કોઈ પૂછતું નથી.

તેવું જ રાજીવનું થયું છે. બિચારા રાજીવ શું વિચારતા હશે તે તો ભગવાન જાણે અને રાજીવ જાણે. પણ કોઈ માણસનું મગજ ન ફરી જતું હોય તોય ફરી જાય એટલી ખુશામત થાય ત્યારે રાજીવનું શું ગજું? છેવટે તે પણ માણસ છે. તેણે માનવું જ રહ્યું કે તેઓ ભવિષ્યના વડા પ્રધાન છે તે રીતે વર્તવું શરૂ કરે તો રાજીવને દોષ નહિ દઈએ. તેને દ્વારે મુખ્ય મંત્રીઓ, પ્રધાનો, ઉદ્યોગપતિઓની હાર લાગી છે. - ઈન્દિરા ગાંધીએ પણ માનવું રહ્યું છે કે રાજીવ તેમના વારસદાર નિશ્ચિત છે એટલે યશવંતરાવ ચવ્હાણ તેમની શરણાગતિ શોધે ત્યારે, કોંગ્રેસ-આઈમાં દાખલ કરવાની લાલચ આપી. પછી લાત મારી શકે છે. પૂરી ફજેતી કરી પછી કૃપાદૃષ્ટિ ફેંકી ચરણરજ લેવાની તક આપશે.

પણ આ બધી વિજયકૂચમાં, બહુગુણા અને મુખ્ય ચૂંટણી અધિકારી શકધરે અવરોધ ઊભો કર્યો. સોનાની થાળીમાં લોઢાની મેખ મારી. બહુગુણાએ બહુ રંગ કર્યા છે. બહુગુણા નટવરલાલ કહેવાય છે. ઈન્દિરા ગાંધીથી છૂટા થયા, જગજીવનરામને ભેટ્યા, વળી પાછા ઈન્દિરા ગાંધીમાં જોડાયા, વળી છૂટા થયા. બહુગુણાએ એક કામ સારું કર્યું. કોંગ્રેસ આઈની ટિકિટ પર ચૂંટાયા હતા. કોંગ્રેસ-આઈમાંથી છૂટા થયા એટલે લોકસભામાંથી રાજીનામું આપ્યું. યશવંતરાવ ચવ્હાણે દાખલો લેવા જેવું છે. બહુગુણાએ ફરી ગઢવાલ વિસ્તારમાંથી ઉમેદવારી કરી. બહુગુણા ચૂંટાય કે ન ચૂંટાય, તે ગૌણ બાબત હતી પણ આવી ધૃષ્ટતા કરવા માટે ઈન્દિરા ગાંધીનો કોપ ભભૂકી ઊઠ્યો અને કોઈ પણ ભોગે તેમને હરાવવાનો ઈન્દિરા ગાંધીએ નિરધાર કર્યો. ગઢવાલ મત-

વિસ્તાર હિમાલયની તળેટીમાં છે. પછાત પ્રજા છે. વિકટ પ્રદેશ છે. ખૂબ પથરાયેલ છે. ઈન્દિરા ગાંધીએ આ વિસ્તારમાં ૩૪ સભાઓ કરી. હેલિકોપ્ટરમાં ઘુમ્યાં. તેમના હેલિકોપ્ટરના ઉતરાણ માટે ઠેર ઠેર હેલીપેડ બાંધવા પડયા - વડા પ્રધાનની સલામતી માટે પોલીસની મોટી ફોજ સતત ફરતી રહી. કહેવાય છે કે વડા પ્રધાનની આ ૩૪ સભાઓ પાછળ રાજ્યને બે ક્રોડ રૂપિયાનું ખરચ થયું હશે. લોકોને ઘણી લાલચો આપી, વચનો આપ્યાં, ખાંડનો ક્વોટા ૨૫૦ ગ્રામ હતો તે વધારી બે કિલો કર્યો. 'વાવાઝોડા માટે સહાયનું બહાનું કાઢી મુખ્ય મંત્રીના ફંડમાંથી ૨૮ લાખ રૂપિયા લોકોમાં વહેંચ્યા. કોંગ્રેસ-આઈનું પૂરું કટક ગઢવાલમાં ઊતરી પડયું. ભજનલાલ, રામલાલ વગેરે મુખ્ય મંત્રીઓ, કેન્દ્રના પ્રધાનો અને બીજા મહારથીઓ પ્રદેશને ઘૂમી વળ્યા. પણ એટલેથી સંતોષ ન લેતાં, હરિયાણા અને હિમાચલ પ્રદેશની પોલીસ ટુકડીઓ ગઢવાલમાં ઊતરી પડી. એમ વાત બહાર આવી છે કે અન્ય રાજ્યોની આ પોલીસ ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રીની વિનતિથી નહિ, પણ સીધા દિલ્હીના હુકમથી ગઢવાલ ગઈ હતી. ઉત્તર પ્રદેશની પોલીસનો વિશ્વાસ નહોતો? કેટલી ધાકધમકી. લાંચરુશ્વતો, કાવાદાવા થયા હશે તે તો પૂરી તપાસ થાય ત્યારે ખબર પડે. પણ મતદાન સ્થળો - પોલીંગ બૂથો - બળજબરીથી કબજે કરાયા એવી ફરિયાદ બહુગુણાએ મુખ્ય ચૂંટણી અધિકારીને કરી અને ચૂંટણી રદ કરાવી. સમસ્ત મતવિસ્તારની ફરી ચૂંટણી કરવા બહુગુણાએ માગણી કરી અને પુરાવાઓ રજૂ કર્યા. મુખ્ય ચૂંટણી અધિકારી શકધરે નીડરતાથી તપાસ કરી. આ માગણી મંજૂર રાખી એ બહુ મોટો અને આગત્યનો બનાવ છે. શાસક પક્ષનું કલંક છે.

આ બનાવનું મહત્ત્વ સમજી લેવાની જરૂર છે. હવે પછીની ચૂંટણીઓમાં શું થશે તેની આગાહી છે. સરમુખત્યારી રાજ્યોમાં ચૂંટણીઓ થાય છે. એક જ પક્ષ ઉમેદવારો ઊભા રાખી શકે છે. ૯૫-૯૮ ટકા મત મળે છે. આપણે ત્યાં આવું ન થાય તેમ હવે કહી શકાય તેમ નથી. બહુગુણાને હરાવવા ઈન્દિરા ગાંધીએ આટલી બધી જહેમત કેમ ઉઠાવી? ઈન્દિરા ગાંધી સામે બળવો કરી ચૂંટણીમાં ફરી ઉમેદવારી કરવાની ધૃષ્ટતા કરવા માટે બહુગુણાને બરાબર પાઠ શીખવવો અને તેનો દાખલો બેસાડવો એવો ઈરાદો દેખાઈ આવે છે. બહુગુણા ચૂંટાઈ આવ્યા હોત તો શું આભ તૂટી પડવાનું હતું? પણ ઈન્દિરા ગાંધી હવે કોઈની હિમત સહન કરી શકે તેમ નથી. એક જ પક્ષનું શાસન ભવિષ્યમાં રહેશે એવાં ચિહ્નો જણાય છે. લોકશાહીનું ખોખું - ચૂંટણીનો દેખાવ-રહેશે. તેનો પ્રાણ નહિ હોય. બહુગુણાએ હિમત કરી, શકધરે નીડરતા બતાવી તેથી ગઢવાલની ચૂંટણીનું રહસ્ય ખુલ્લું થયું. બીજે શું નહિ બન્યું હોય! અમેઠીમાં શું થયું હશે? હવે પછી કોઈ હરીફાઈ કરવાની હિમત જ ન કરે એવી પરિસ્થિતિ સર્જાય તો આશ્ચર્ય નહિ. ગઢવાલમાં ફરી ચૂંટણી થાય ત્યારે શું થશે તે જોવાનું રહે છે.

મુખ્ય ચૂંટણી અધિકારીનો નિર્ણય બતાવે છે કે હજી આપણાં દેશમાં લોકશાહી જીવંત છે. ચૂંટણીમાં ગેરરીતિઓ ઘણી થાય છે અને દરેક ચૂંટણી સમયે હારેલા પક્ષ તરફથી ગેરરીતિઓના આક્ષેપો કરવામાં આવે છે, પણ ચૂંટણી અધિકારી પાસે સબળ પુરાવા હોય ત્યારે જ આક્ષેપો સ્વીકારવામાં આવે છે. ગઢવાલની ચૂંટણીનું મહત્ત્વ જોતાં ચૂંટણી અધિકારી સમક્ષ સબળ પુરાવા ન હોત તો આવો નિર્ણય લેત નહિ.

ચૂંટણી અધિકારી આવો નીડર નિર્ણય લઈ શકે છે કારણ કે તે સરકારના હાથ નીચે કામ કરતા અમલદાર નથી, પણ સીધા રાષ્ટ્રપતિના હાથ નીચે કામ કરે છે અને તેથી ન્યાયતંત્ર પેઠે સ્વતંત્ર છે. ચૂંટણી અધિકારીનો નિર્ણય અંતિમ ગણાય છે અને તેને કોર્ટમાં પણ પડકારી શકાતો નથી. ચૂંટણી મુકત અને ન્યાયી થાય તે માટે ચૂંટણી અધિકારીને આ રીતે બંધારણમાં ન્યાયતંત્ર જેવું સ્વતંત્ર સ્થાન આપવામાં આવ્યું છે.

સત્તાકાંક્ષી રાજકીય પક્ષોને આ ખૂંચે તે સ્વાભાવિક છે. તેથી કોંગ્રેસ-આઈના મંત્રીએ એક નિવેદન દ્વારા પાર્લામેન્ટની તાત્કાલિક ખાસ બેઠક બોલાવી બંધારણમાં અને ચૂંટણીધારામાં ફેરફાર કરી, ચૂંટણી અધિકારીની સત્તા મર્યાદિત કરવાની માંગણી કરી છે. આ અમંગળ એંધાણ છે. હું આશા રાખું છું કોંગ્રેસ-આઈ પક્ષ આવું લોકશાહીને હાનિકારક પગલું નહિ ભરે.

૨૫-૬-૮૧ ચીમનલાલ ચકુભાઈ

ઋણ સ્વીકાર

☐ ચંદ્રા હરસુખ શાહ

માનવમનમાં ઉદ્‌ભવતી લાગણીઓ હંમેશાં પ્રગટ થવા માગે છે. વર્તન, વાણી, લેખન કે રૂદન દ્વારા એને વહાવી દઈએ એ જ આપણું આશ્વાસન.

મારું મન પણ લાગણીઓનો કંઈક અવ્યકત બોજ ઉપાડીને ભારે થઈ ફર્યા કરે છે. એને ક્યાંક તો જઈને પ્રતિબિંબિત થઈ જવા દેવું છે.

મા વિનાની એક નિ:સહાય બાળકીને માતા સમાન બેનોની જરૂરી માવજત મળી.

પ્રગતિમાં સતત સહાય અને સહયોગ આપે એવા પ્રેરક પિતાની ઓથ મળી.

સહૃદયી અને સ્નેહાળ મિત્રોએ અનેક જાતના આશ્વાસન આપ્યાં. સ્વજનોની સાર-સંભાળ અને સહાનુભૂતિથી જીવન સહ્ય બન્યું.

જેમના સહજ વ્યવહારમાં લ્હાલ વરતાતું રહ્યું છે એવા પરમ મિત્ર સાથે લગ્ન થયાં અને સાથે જ પ્રભુતાએ પ્રવેશ કર્યો—સંસારમાં પરિણીત જીવનમાં તો મને એક નહિ, અનેક સૌભાગ્ય સાંપડયાં.

જેમનું જીવંત દૃષ્ટાંત અને દૃષ્ટિ બંને અમે ગૌરવભેર અનુસરીને અપનાવી શકીએ એવા દેવપુરુષના વંશવૃક્ષના અમે અંશ બન્યા.

મમતાળુ સાસુ દ્વારા માતૃત્વનો ખૂટતો અનુભવ મળ્યો અને ભાવનાઓના મારા ઉમળકાને માનપૂર્વક ઝીલે તેવા ભાઈ અને ભાભીની ખોટ પણ પુરાઈ.

જન્મી ત્યારથી તે આજ સુધી પ્રભુએ કાળજીપૂર્વક મને કશાયથી વંચિત નથી રાખી.

પુત્રો દ્વારા મને અનન્ય મૈત્રી મળી અને દીકરીની જગાએ પારકી પુત્રીઓએ આવીને અમારા ઘરને સાવ જ પોતાનું બનાવી લીધું છે. વધારામાં પ્રભુના પ્રેમનું જીવતું જાગતું પ્રતીક બાળસ્વરૂપે અમારી પાસે આવી પહોંચ્યું છે.

કેવા કેવા સુંદર, અતિસુંદર આત્માઓના સુભગ મિલન સંયોજાયા છે આટલી અલ્પ સફરમાં!!

જીવનપથ પર પસાર થતા સહયાત્રીઓ પાસેથી ઘણી અમૂલ્ય સામગ્રી મને મળી છે. એ સહુના આધારે જ જીવન જીરવાયું, જીવાયું, પાંગર્યું અને પ્રફુલ્લિત બન્યું છે.

આટલા બધા અપાર ઋણનો એકવાર તો એકરાર કરી લેવો છે.

પરદેશમાં તો Mother's Day, Father's Day, Teacher's Day એવા Thanks giving.ના અવસરો જ મુકરર કરાયેલા હોય છે જેથી દરેક વ્યકિત નિ:સંકોચ પોતાનું ઋણ કબૂલ કરીને અન્યને બિરદાવી શકે છે.

ઈશ્વરની અસીમ કૃપાઓનો મહાસાગર મારી સામે વિસ્તરેલો પડયો છે. એના મોજે મોજે મને મારી અધૂરપ અકળાવે છે અને કૃતાર્થતાથી માથું નમી જાય છે.

મારી પાત્રતાથી અધિક સ્નેહ અને સદ્‌ભાવ હું પામી છું. જીવનમાં જેમની હાજરી માત્રથી ટૂંક અનુભવી છે એ સહુને મારાં શત્‌શત્‌ વંદન હજો.

મારી પ્રાર્થના છે કે 'પ્રભુ', મને સમય અને સામર્થ્ય આપો કે જેટલો મેળવ્યો છે એથી અધિક પ્રેમ હું મારી આસપાસ વેરીને ઋણમુકત થઈ શકું.

સાભાર સ્વીકાર

ટ્રસ્ટીશ્રિય:

સંપાદક: ભોગીભાઈ ગાંધી
પ્રકાશક: વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ
જ્યુપીટર એપાર્ટમેન્ટસ, વડોદરા-૫
મૂલ્ય: રૂપિયા વીસ
(પુન મુંદ્રણ) જેલ ઓફિસની બારી
લેખક: ઝવેરચંદ મેઘાણી
પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર.
મૂલ્ય: રૂપિયા સાત

મંદોદરીનું મનોમંથન

□ પન્નાલાલ રસિકલાલ શાહ

ભારતીય પ્રજાના સંસ્કારસમૃદ્ધ વારસાના ઉત્તમ ગ્રંથો: રામાયણ અને મહાભારત. એનાં સ્ત્રી પાત્રોની વાત કરીએ એટલે લોકજીભે સીતા અને દ્રૌપદી વસે. સતી સીતા નખશીખ આર્ય સન્નારી. પતિ સાથેના સહવાસમાં, પ્રેમમાં, દુન્યવી દૃષ્ટિએ જે કંઈ સુખ - દુ:ખ પ્રાપ્ત થાય એ અંગે એને કશું કહેવાનું નથી, રોષ પણ નથી. એક હરફ ઉચ્ચાર્યા વિના મૂંગે મોંએ બધું સ્વીકારી લે. પતિવ્રતા ધર્મમાં એને અનન્ય શ્રદ્ધા. પતિવ્રતા સ્ત્રીના આદર્શનો પિંડ એણે બાંધ્યો. મહાભારતની દ્રૌપદીના સંસ્કાર એથી ભિન્ન. પતિને પગલે જનારી, પતિને સાથ દેનારી ખરી, પરંતુ અન્યાય થાય ત્યારે ખામોશ ન રહેનારી દ્રૌપદી. પતિની કે કુટુંબીજનોની થતી ભૂલો અંગે આક્રોશપૂર્વક વિરોધ કરે, પ્રસંગ આવ્યે, રૌદ્ર સ્વરૂપ પણ ધારણ કરે એવી તેજસ્વી નારી, પણ અંતે તો પતિના સુખ–દુ:ખમાં સહભાગી. ભારતીય નારીનો આ માનસદેહ.

રામાયણ - મહાભારતનાં આ બન્ને પત્રો સમગ્ર કથા પર એવાં તો છવાઈ ગયાં છે કે એના અન્ય સ્ત્રીપાત્રો તરફ આપણું લક્ષ જતું નથી. રામાયણના એવાં પાત્રો પૈકી લક્ષ્મણની પત્ની ઊર્મિલા અને રાવણની પત્ની મંદોદરી. રામને રાજગાદીને બદલે વનવાસ મળ્યો. સીતાજી એમની અર્ધાંગના એટલે ચૌદ વર્ષના વનવાસમાં સહભાગી બને. આદર્શ બંધુ પ્રેમના પ્રતીક લક્ષ્મણ પણ સાથે જાય, વનવાસ વેઠે. એની હાડમારીનું પ્રત્યક્ષ વર્ણન સમગ્ર કથાના પ્રવાહ રૂપે આવે એટલે એના તરફ, એ પાત્રો પરત્વે ભાવકને સહાનુભૂતિ થાય, એની મહત્તાનો ઊંચો આંક બંધાય. એની પરાકાષ્ટામાં ભાવક, અભિભૂત થાય, પરંતુ ચૌદ ચૌદ વર્ષ-પારકી જણી - ઊર્મિલા, વિના કારણ પતિનો વિયોગ વેઠે, એના ત્યાગનું ને મૌનનું કોઈ મૂલ્યાંકન ખરું? મહાકવિ વાલ્મીકિના કવનનો સ્રોત એના તરફ કેમ વહ્યો નહીં એનું આશ્ચર્ય થાય. એથી ઊલટું મય દાનવને ત્યાં સંસ્કાર વિભૂષિત વાતાવરણમાં ઉછરેલી મંદોદરીને તદ્દન વિરોધી વાતાવરણમાં ડગલે ને પગલે પોતાના અંતરાત્માને હણીને, સમગ્ર જીવન પસાર કરવાની ફરજ પડે, આંતરિક સંઘર્ષની યાતનાને અંતરમાં ધરબી દઈને નખશીખ આર્યસન્નારીના સંસ્કારના કારણે, એની વિરુદ્ધ એક હરફ ઉચ્ચારી ન શકે એવા સંજોગોમાં એની મનોવેદના, ન કહેવાય અને ન સહેવાય એવી સ્થિતિમાં કેવી હોઈ શકે એની કલ્પના થઈ શકે છે ખરી? કવિને પણ કોવી સંવેદના કાવ્યમાં વણી લેતાં પહેલાં આર્યકન્યાનો અવતાર લેવો પડે અને તો જ એની અનુભૂતિમાં અનુભવસિદ્ધ સચ્ચાઈનો રણકાર આવી શકે. કદાચ એટલે જ વાલ્મીકિએ આ બન્ને સ્ત્રી પાત્રોની અનુભૂતિને વાચા નહિ આપી હોય; શબ્દદેહ આપ્યો નહીં હોય.

મા વિનાની મંદોદરી, પિતા મય દાનવના સાન્નિધ્યમાં ઉછરી. મંદોદરીને માની ખોટ ન સાલે એ રીતે લાડકોડથી એનો ઉછેર કર્યો. ઉત્તમ સંસ્કાર વારસામાં આપ્યા. કન્યા ઉંમર લાયક થઈ એટલે પિતાને એના માટે યોગ્ય વર મેળવવાની સ્વાભાવિક ચિંતા થાય. મંદોદરીના ઘડતર અને સંસ્કારને લક્ષમાં રાખી એનો યોગ્ય વર મેળવવા શોધ આદરી. ઘણા પ્રયત્નોને અંતે તત્કાલીન તપશ્ચર્યાના તેજ અને બ્રહ્માના અમરત્વના વરદાનથી વિભૂષિત રાવણરાજ પર એમની નજર ઠરી. રાક્ષસરાજના હાથમાં મંદોદરીનો હાથ સોંપાયો અને મંદોદરી ભયથી થરથર ધ્રુજી ઊઠી. ભયથી થયેલા રોમાંચને જોઈને જગતની કોઈ પણ મા આવો સંબંધ થતો અટકાવે, પરંતુ મા તો હતી નહિ. સંતાનોને - ખાસ કરીને પુત્રીઓને ખરેખરી માની ખોટ અહીં, આવા પ્રસંગોએ વિશેષ સાલે. કારણ શબ્દોની આપલે વિના મા-દીકરી એકબીજાનું અંતર સહેલાઈથી વાંચી શકે. માતા - પિતાની બેવડી, ભૂમિકા ભજવવા છતાં પુરુષની મર્યાદા અહીં છતી થાય છે; માની અવેજીમાં ભજવાતી એની ભૂમિકા, જનનની ભૂમિકાને આંબી શકતી નથી. 'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય' એ ન્યાયે મંદોદરી લંકાની પટરાણી થઈ. સંસ્કારનો આંતરવૈભવ અને ઐહિક સુખ સામર્થ્ય: એ બે વચ્ચેની પસંદગીમાં કન્યાના જવાબદાર પિતા આદિ કાળથી થાપ ખાય છે. ગાંધારીને આંધ ધૃતરાષ્ટ્ર સાથે વરાવનાર એના પિતા એનું ઉત્તમ ઉદાહરણ છે મયદાનવ પણ એમાં અપવાદ નથી.

લંકાપતિની પટરાણી થઈ. મંદોદરીના વ્યક્તિત્વને નવો ઓપ, ગીલેંટ લાગે છે. પોતાના પતિના અમરત્વનું વરદાન અને આવનવા પરાક્રમોથી એ ગાંજાઈ જાય છે. આવો સમર્થ પતિ મેળવવા માટે એને શરૂઆતમાં ગર્વ થાય છે: "આર્ય કન્યાઓને યોગ્ય વર મેળવવા માટે કેવાં કેવાં તપ કરવાં પડે છે. ભગવાન શંકરને રીઝવવા પાર્વતીએ અને વિશ્વામિત્રને ચળાવવા મેનકાએ કયાં ઓછા ઉધામા કર્યા હતા? જાણે, ત્રણે ય જગતનું સુખ એના ચરણોમાં આળોટતું હતું!

પરંતુ એ બધું ક્ષણિક. પિતા મયદાનવને ત્યાં મળેલો સંસ્કાર વારસો, થોડા સમય માટે, સૂર્ય ચંદ્ર વાદળોથી આચ્છાદિત થાય એમ, રાજસુખના રંગરાગમાં ઢંકાઈ ગયો. ઐહિક સુખની ક્ષણભંગુરતાનો એને ખ્યાલ તો હતો જ. પૂર્વ જીવનના એ સંસ્કાર પ્રદીપ્ત થતાં જ પતિ રાવણ સાથેનો સહયોગ એને આકારો થઈ પડ્યો. કારણ? રાવણના તપ પાછળ રજોગુણ જ હતો. એમાંથી સત્ત્વ ગુણ તરફ એની દૃષ્ટિ થતી જ નથી. જેના હૈયામાં માત્ર મેલી વૃત્તિ જ હોય, એને એવી દૃષ્ટિ ક્યાંથી હોય, એવી હૈયા ઉકલત ક્યાંથી હોય? મહાભારતના દુર્યોધનને કયાં હતી? મિલ્ટનના શયતાનને ક્યાં એનું ભાન હતું? ભીતરમાં ચાલતું આ મનોમંથન ભીતરમાં જ ધરબાયેલું રહે છે. એના પતિએ આંતર્મુખ દૃષ્ટિ કરી જ નહિ, કેળવી જ નહિ. પતિ અંગેના આ દુ:ખને પતિની આ મર્યાદાને, સ્ત્રી સ્વમુખે ક્યારે ય વાચા આપી શકે ખરી?

વિચારના દરવાજાને તાળું મારી, જગત પર શાસન થઈ શકતું હશે, પરંતુ વિશ્વના માનવહૈયા પર તો પ્રેમનું જ સામ્રાજ્ય સ્થાપી શકાય એવી નાની શી પણ મહત્ત્વની વાત એના પતિને સમજાતી નથી. બ્રહ્માએ આપેલ વરદાનને આશિષ ગણી, વિવેકહીન વર્તન એમણે આદર્યું, પરંતુ એ વરદાનના ગર્ભમાં શાપ રહેલો છે એની એને કયાં ખબર હતી? આ બધું મંદોદરી જાણે છે, સમજે છે, પરિસ્થિતિના સંદર્ભમાં એનું મૂલ્યાંકન પણ કરે છે, કરી શકે છે; પરંતુ એનો ઈલાજ ન હોવાથી ભીતરી વેદનાનો આણુભઠ્ઠીમાં એ ભસ્મિભૂત થતી નથી, પણ સતત શેકાય છે.

ઈન્દ્રને હરાવ્યો, ગંધર્વને પાડ્યો, કિન્નરોનો પરાજય કર્યો. ગાંધર્વ કન્યાઓ જાણે એના માટે જ સર્જાઈ ન હોય એમ આપખુદ વર્તન દાખવ્યું ત્યારે આઘાતથી દિઙ્મૂઢ આ નારીનું હૈયું કેવું વલોવાતું હશે!! મૃત્યુ વિના એકધારા જીવનમાં કંટાળો આવે છે અને રાબેતા મુજબનું સ્થગિત જીવન જ મૃત્યુ છે એ માનવીને સમજાય નહિ એટલે આશ્વાસન શોધવા બહાર મન દોડાવે, ફાંફાં મારે, એમ વિવિધતાથી પોતાના મનને તૃપ્ત કરવા રાવણરાજે દિગ્વિજયો

આદર્યા અને અનેક લલનાઓને શયનખંડમાં હાજર કરી. એણે શક્તિની ઉપાસના દારૂ પીને કરી અને પરિણામે એના મોં પરનું તેજ વિલાતું હતું. ભોગ વિલાસથી માનવી હતવીર્ય બને છે એ બાબત, પોતાના સામર્થ્યના અભિમાન હેઠળ, જરાય સમજાતી નથી. વિનાશકાળ હોય ત્યારે બુદ્ધિ ભ્રષ્ટ થાય અને કાળ જ માનવી પાસે એવું વર્તન કરાવે, માનવીને ભુલાવે. આ બધી પ્રક્રિયા મંદોદરીની નજર સમક્ષ થાય છે. સમજવા છતાં ય મુક પ્રેક્ષક તરીકે, સાક્ષી ભાવે એ બધું ચિત્રપટની માફક જોવાની વેદના કોઈ કમ નથી. પરિસ્થિતિની હદ તો ત્યારે આવે છે, જ્યારે ચૌદે લોકમાં ન જડે એવી જગદંબા, સતી સીતાનું અપહરણ કરીને રાવણ લાવે છે અને એને અશોક વનમાં રાખે છે. આપણી કથાઓમાં સતી સ્ત્રીઓની થતી વિડંબનાઓનું આલેખન છે, એ સહેતુક છે. એ જેટલું હૃદયંગમ છે એટલું જ બુદ્ધિગમ્ય છે. માનવીના વિનિપાતની એ નોબત વહેલી વગાડે છે. મહાભારતમાં દ્રૌપદીને, ચોટેલો ઝાલીને ભરસભામાં ખેંચી લાવવામાં અને એનું વસ્ત્રાહરણ કરવામાં રહેલો પોતાનો વિનાશકાળ દુર્યોધન જોઈ શકતો નથી. **આવી પ્રતીતિજન્ય અનુભવ કથા છતાંય આજે પણ સ્ત્રીઓની વિડંબના ઓછી થઈ નથી.**

ત્રણ ભુવનના ધણીને એ સમજાતું ન હતું કે જગત આખાને ધ્રુજાવનાર અને ધારે તો સતી સીતાને ચપટીમાં ચોળી-રોળી નાખે એવું સામર્થ્ય ધરાવવા છતાંય સતી સીતાના એક તણખલા માત્રથી શા માટે ડરતો હતો? એને એ સમજાતું ન હતું કે યક્ષ અને ગાંધર્વ કન્યાઓને મહાત કરનાર સીતાને શા કારણે મહાત કરી શકતો ન હતો? બ્રહ્માનું વરદાન માનવીને બાહ્ય ભયથી મુક્ત કરી શકે, પરંતુ માનવી પોતે પોતાનાથી જ ભયભીત હોય તો એને કોઈ છોડાવી શકતું નથી. જેને પોતાના અંતરમાં ભય છે, એનો સરવાળે સંહાર થાય છે. પણ વિનિપાત જ સર્જાયો હોય ત્યાં બીજું થાય પણ શું? મંદોદરી લાચારીપૂર્વક આ બધું જોઈ રહે છે. જ્યારે વિનાશ જ હોય ત્યારે જગતના તમામ આસુરી બળો સંગઠિત થાય અને એવા આસુરી બળો વચ્ચે વિનાશને સ્પષ્ટપણે જોઈ શકનારાં, લાચારીપૂર્વક, નિર્બળતાને વશ, એવા આસુરી બળોને હઠાવી શકતાં નથી, અટકાવી શકતાં નથી. આ એક સનાતન નિયમ છે. મહાભારતમાં દ્રોણાચાર્ય, ભિષ્મ પિતામહ, વિકર્ણ અને વિદુરકાકા પણ એ જ રીતે અસમર્થ નીવડ્યા હતા.

મંદોદરીના આવા મનોમંથનથી ઘડીભર એમ તર્ક થાય કે એની તીવ્ર વેદનાની પળે એના પતિને એ કેમ વારતી નથી? મંદોદરી સતી સીતાના કુળની છે, દ્રૌપદી કુળની નહીં. સતી સીતાની માફક બધું અંતરમાં ધરબીને ચૂપચાપ સહન જ કર્યે જાય છે. એની મનોવેદના કે સંવેદનાની વિષમતા તો જુઓ. દ્રૌપદી આક્રોશપૂર્વક રોષ પ્રગટ કરી હૈયું હળવું કરે છે; પતિના સાન્નિધ્યમાં પણ એ દુઃખને વિસારે પાડી શકે છે. સતી સીતાના મનોજગતનું આલેખન કરી, કથા પ્રવાહરૂપે પણ, મહાકવિ વાલ્મીકિ આપણી સમક્ષ એની સંવેદનાને રજૂ કરે છે. સતી સીતા કે દ્રૌપદીને પતિની યોગ્યતા અંગે કશું જ દુઃખ નથી. એમના પર આવી પડેલું દુઃખ તો બાહ્ય જગતના-સમાજના પર્યાવરણનું છે જ્યારે મંદોદરીની વ્યથા આંતરિક અને પતિની યોગ્યતા સંબંધે છે અને જ્યારે મંદોદરીની મનોવેદના, ત્રિવેણી સંગમની ત્રિ-લોક માતાઓ પેકી સરસ્વતીની માફક, લુપ્ત જ રહે છે. એનો અંત: સ્રોત અંતરમાં જ રહે છે, અદૃષ્ટ વહે છે.

આશીર્વાદરૂપ "એક્યુપ્રેશર" સારવાર

[] શાન્તિલાલ ટી. શેઠ

આ ટ્રીટમેન્ટમાં કેવળ પગને જ અમુક અમુક પોઈન્ટો પર સ્ટીલના એક નાનકડા રોડ (જીની)થી પ્રેશર આપવામાં આવે છે અને એનાથી બ્લોક થઈ ગયેલી નસો ધીરે ધીરે ફરી નવચેતન પામી પોતાનું કાર્ય શરૂ કરે છે. સરક્યુલેશન અને નર્વસ સિસ્ટમ સુધરવા લાગે છે. એનેટોમી, ફિઝિયોલોજીનું થોડુંક જ્ઞાન હોય તો વધુ સારું. જો આવું જ્ઞાન ન હોય તો પણ પ્રેશર પોઈન્ટસની બરાબર જાણકારી આવી જાય તો પણ પુરતું છે.

આપણા શરીરમાં રહેલા Ductless glands organs અને systems ને પ્રેશર પોઈન્ટ સાથે સંબંધ છે.

ફિઝિયોથેરાપીસ્ટોએ, સમાજ સેવકોએ, ડૉક્ટરોએ તેમ જ અદના સામાન્ય માનવીને પણ આ પદ્ધતિ જાણી લેવી જોઈએ.

એક્યુપંક્ચરમાં ખૂબ જ એક્યુરસી જોઈએ છીએ, તે તેના નિષ્ણાત દ્વારા જ થઈ શકે છે. જ્યારે એક્યુપ્રેશર કોઈ પણ શીખીને તેની ટ્રીટમેન્ટ આપી શકે છે, તેમાં કોઈ નુકસાન થતું નથી.

બચપણથી જ આપણે સૌ બૂટ-મોજાં કે ચંપલ વિ. પહેરવાને ટેવાઈ ગયા છીએ. પરિણામે જે લાભ મળવો જોઈએ તે મળતો નથી. બાળકોને ખુલ્લા પગે રોજ થોડું ફરવા દો, ચાલવા દો, બાગમાં કે નદી કિનારે. એનાથી પગને જરૂરી પ્રેશર જાણ્યે-અજાણ્યે મળ્યા કરે છે એ રીતે નવી પેઢીની આંખો, કાન, મગજ તેમ જ અન્ય ભાગો વધુ સારાં રહેશે. ગરીબ લોકો કે જેઓની પાસે પગમાં પહેરવાનું કશું જ હોતું નથી, તેઓની તંદુરસ્તી આપણા કરતાં ઘણી સારી જોવામાં આવે છે. આપણે સૌ પણ ખૂબ ઝડપી જમાનામાં જીવી રહ્યા છીએ. ટેન્શનનો કોઈ પાર નથી. પાંચ-દશ મિનિટ ઉઘાડા પગે થોડુંક ચાલવું જોઈએ. છેવટે તમારા કમ્પાઉન્ટમાં પણ જ્યાં થોડા નાના પથ્થરો વેરાયા હોય તેની પર અને સપાટ જમીન પર વારા-ફરતી પાંચ-દશ મિનિટ ચાલવાની ટેવ પાડો.

દવાઓ પાછળ ખૂબ પૈસા ખર્ચવા છતાં જે લાભ મળતો નથી તે વિનામૂલ્યે આવા નિર્દોષ પ્રયોગો દ્વારા મળી શકે છે. આ પદ્ધતિ કોઈ પણ ચિકિત્સા-પદ્ધતિને મદદરૂપ થઈ શકે છે. ડૉક્ટરો પણ આ પદ્ધતિ દ્વારા પ્રેય અને શ્રેય બન્ને પ્રાપ્ત કરી શકે છે. હોમિયોપેથીક સાયન્સ સાથે તો આ એક્યુપ્રેશર પદ્ધતિનો અદ્‌ભૂત મેળ છે. મેગ્નેટ થેરાપી પણ આ સાથે મદદરૂપ થઈ શકે છે.

હતાશા, નિરાશા અનુભવેલા દર્દીઓ માટે આશીર્વાદરૂપ એક્યુપ્રેશર ગણાય. રોગનિવારણ માટે જેઓ બધું જ કરી છૂટ્યા હોય એમણે આ પદ્ધતિ અંગે વાંચી, યોગ્ય સલાહકાર નિષ્ણાતની મદદ દ્વારા આ પ્રયોગ કરવા જેવો છે.

પગનાં તળિયામાં, ઘૂંટીની આસપાસ, આંગળીઓ નીચે પ્રેશર પોઈન્ટ આવેલાં છે, તે એકંદર ૩૫ જેટલાં છે. આ બધાં રિફ્લેક્સ-પોઈન્ટ પણ કહેવાય છે.

તન અને મનના રોગોમાંથી મુક્ત થવા માટે તો મદદરૂપ થાય જ છે, પણ આપણે સૌ સારા રહી શકીએ તે માટે પણ એક્યુપ્રેશર શીખીને અનુભવ કરવા જેવો છે.

આટલી પૂર્વભૂમિકા પછી જણાવવાનું કે શ્રી ચીમનભાઈ દવે, જેઓએ ૨૩ વર્ષ સુધી અલગ અલગ હાઈસ્કૂલોના પ્રિન્સિપાલ તરીકે સેવા આપ્યા બાદ, હવે તેમના નિવૃત્તિના કાળમાં તેઓએ પ્રથમ આ પદ્ધતિનો અભ્યાસ કર્યો-તેમાં ઘણા જ ઊંડા ઉતર્યા-તેને લગતા લભ્ય બધાં જ પુસ્તકો જે અંગ્રેજીમાં આવે છે તે મગાવી સતત બે વર્ષ સુધી સાધના કરી અને હવે છેલ્લા દોઢેક વર્ષથી તેઓ "એક્યુપ્રેશર" અંગેની ટ્રીટમેન્ટ આપે છે. હાલ તેઓ સાત કેન્ટ્રો ચલાવે છે. આ પ્રવૃત્તિને તેમણે પોતાનું જીવન સમર્પણ કરેલ છે. દરરોજ દસબાર કલાકથી વધારે સમય તેમાં ગાળે છે અને ટ્રીટમેન્ટ આપવા માટે કે શીખવાડવા માટે કોઈ પણ જાતનો ચાર્જ લેવામાં આવતો નથી. તદ્‌ન મફત આ સારવાર આપવામાં આવે છે. તેઓએ તો સેવાયજ્ઞ માંડ્યો છે, જનતાએ તેનો લાભ લેવો જોઈએ.

તેમના કાર્યોનો હું દર્શક છું. તેમના કેન્ટ્રોમાં નિરીક્ષણ કરવા જ્યારે સમય મળે ત્યારે હું જાઉં છું અને જે થોડાક કેસો સારા થયા તેની મારી માહિતી આ પ્રમાણે છે:

૦ એક ભાઈ બોરીવલીના-તેઓ વાંકા ચાલતા હતા- બે માસની ટ્રીટમેન્ટથી તેમને ૮૦ ટકા ફાયદો છે.

૦ ગોરેગામના એક પારસીબહેનના હાથના બધા જ આંગળાં વાંકા વળી ગયેલાં-બે માસની ટ્રીટમેન્ટથી આંગળાં સીધા થયાં છે.

૦ એક મદ્રાસી છોકરો ૧૧ વર્ષનો-ઘણા ડોક્ટરોની ટ્રીટમેન્ટ લીધા પછી પણ તે બન્ને હાથે વસ્તુને માત્ર સ્પર્શ કરી શકતો હતો, પકડી શકતો નહોતો-તે આજે પાણી ભરેલી નાની બાલદી પણ ઊંચકીને ચાલી શકે છે.

૦ એક બહેનને માનસિક આઘાતને કારણે બોલવાનું બંધ થઈ ગયેલું. ઘણા ડૉક્ટરોની ટ્રીટમેન્ટ લીધી. ફરક ન પડ્યો. એક્યુપ્રેશરની ટ્રીટમેન્ટ બે માસ લીધા બાદ આજે તેઓ બોલી શકે છે.

૦ એક બહેનને ઓચિંતા બન્ને કાને સાંભળવાનું બંધ થયું. પંદર જ દિવસની ટ્રીટમેન્ટથી એક કાને સાંભળવાનું શરૂ થયું છે.

આ ઉપરાંત હાઈટ વધવાના, વજન વધારવાના અને ઘટાડવાના દાખલાઓ પણ મારી જાણમાં છે.

શ્રી ચીમનભાઈ એમ ઈચ્છે છે કે લોકો આ ટ્રીટમેન્ટ શીખે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ શીખીને પોતાના વિસ્તારમાં સેવા કરી શકે છે.

રસ ધરાવતા સૌએ આનો લાભ લેવો આવશ્યક છે.

પત્ર વ્યવહારનું સરનામું નીચે મુજબ છે:

શ્રી ચીમનભાઈ દવે

(ભૂતપૂર્વ પ્રિન્સિપાલ એન. એલ. હાઈસ્કૂલ-મલાડ)

૨૨, જયસુખનિવાસ, કસ્તુરબા ક્રોસ રોડ, કાંદિવલી-વેસ્ટ, મું-૪૦૦૦૬૭

☆ કેળવણી અને સંસ્કાર ☆

શારદાબેન બાબુભાઇ શાહ

કોઈ માણસ શિક્ષિત હોય એટલે તે અંદરથી સંસ્કારી અને ગુણવાન હોય એમ બની શકતું નથી. સંસ્કાર એ અંદરની વસ્તુ છે અને માણસને તે વારસાગત સાંપડે છે અથવા તો માણસ પોતાના પુરુષાર્થથી તે પ્રાપ્ત કરે છે. દા. ત. ઘરની અંદર સાત્ત્વિક વાતાવરણ હોય, નીતિનિયમોનું પાલન થતું હોય, દાન–ધર્મની, પુણ્ય-પ્રવૃત્તિ થતી હોય તો એવા વાતાવરણમાં ઘરના સભ્યોને સારા સંસ્કારો પ્રાપ્ત થાય છે. આથી ઊલટું જો હોય તો એવા વાતાવરણમાં બાળકોને તેમ જ ઘરના અન્ય સભ્યોને પોતાનું સાચું સંસ્કાર ઘડતર થાય તેવું વાતાવરણ મળતું નથી. વાતાવરણની આપણા પર ઘણી અસર થાય છે. માનો કે ઘરમાં પૂજાપાઠ, સામયિક, પ્રતિક્રમણ ઉપવાસાદિ વ્રતો વગેરે ધર્મક્રિયાઓ થતાં હોય, ઘરની વ્યક્તિઓ સાચું બોલતી હોય, નીતિનિયમોનું પાલન કરતી હોય, દયા ધર્મને અનુસરતી હોય તો આ ગુણો બાળકોમાં પણ ખીલશે. માટે જ આપણે ઘરના વાતાવરણને સાત્ત્વિક રાખવા પર ભાર મૂકીએ છીએ.

અંદરના સંસ્કારો અને કેળવણીમાં ઘણો તફાવત છે. કેળવણી માણસની બૌદ્ધિક શક્તિને ખીલવે તેમ જ તેના બાહ્ય જ્ઞાનને સમૃદ્ધ કરે છે અને વિવિધ વિષયોમાં તેની જાણકારી વધારે છે, પરંતુ એથી કરીને માણસ અંદરથી પણ સંસ્કારસભર છે એમ માની શકાય નહિ. વિદ્વાન માણસોની સંખ્યા આપણા જોવામાં ઘણી આવે છે. વકીલ ડૉક્ટર, એન્જિનિયર વગેરે ઉચ્ચ કેળવણી લીધેલી વ્યક્તિઓનો પાર નથી, પરંતુ એથી કરીને તેમનામાં સારા સંસ્કારો હોય એમ બની શકતું નથી. દયા, ન્યાય, નીતિ, દિલની સરળતા, સચ્ચાઈ, ઈશ્વર પર શ્રદ્ધા આ બધા સારા સંસ્કારો છે અને તેનો સંબંધ હૃદય સાથે છે. અંદરની સંસ્કારિતા પ્રાપ્ત કરી હોય એટલે કે ભણતર સાથે જીવનની શુભ બાજુઓની પણ ખીલવણી કરી હોય એવી વ્યક્તિઓ ઘણી ઓછી હોય છે. સમાજને સમૃદ્ધ કરવા અંદરની સંસ્કારિતા પ્રાપ્ત કરી હોય આવા માણસોની આપણને ઘણી જરૂર છે. આવી સંસ્કારિતા કેવળ ભણેલાં માણસોમાં જ હોય છે અને અભણમાં નથી હોતી એવું બનતું નથી. ઘણી વાર ભણેલાં કરતાં ન ભણેલાં કે ઓછું ભણેલાં સંસ્કારિતાની દૃષ્ટિએ ઘણા આગળ વધેલા હોય છે. એક વાર મારે એક પરિચિત માજી અને તેમનાં પુત્રીને મળવાનું બન્યું. આ બહેન શાળામાં શિક્ષિકા હતાં અને મા દીકરી સાથે રહેતાં હતાં. કંઈ વાત નીકળતાં મેં માજીને ઉદ્દેશી કહ્યું કે તમારી પુત્રી શાળામાં શિક્ષિકા છે એટલે તમને ઘણું જાણવા મળતું હશે. આના જવાબમાં પુત્રીએ કહ્યું કે બા મારી પાસેથી શીખ્યાં છે એ કરતાં હું જ બા પાસેથી ઘણું શીખી છું અને બાએ અમને ઘણી પ્રેરણા આપી છે. તેમના કહેવાનો ભાવાર્થ એ હતો કે બા તદ્દન ઓછું ભણેલાં હતાં, પણ ઘણાં સંસ્કારો હતાં અને એમની પાસેથી એમને સાચો સંસ્કારવારસો મળ્યો હતો. જીવનમાં આપણે આ જ પ્રમાણે ઘણા માણસોને જોઈશું જે તદ્દન ઓછું ભણેલાં હોય છે પણ અંદરથી ઘણા સંસ્કારી હોય છે. તેમનામાં દયા, કરુણા, પ્રામાણિકતા, સચ્ચાઈ, નિખાલસતા વગેરે ગુણો સારી પેઠે વિકસિત થયેલાં હોય છે. આવા માણસોના હાથે પુણ્ય કર્મો થતાં જ રહે છે અને તે જ્યાં જ્યાં પોતાના શુભ સંસ્કારોની સુગંધ ફેલાવે છે. મારી આળખાણમાં એક ભાઈ છે જે તદ્દન ઓછું ભણેલાં છે, પણ સંસ્કાર અને ઉચ્ચ વિચારોની દૃષ્ટિએ ઘણા આગળ વધેલા છે. તેમની રહેણીકરણી, વાતચીત કરવાની રીત વગેરેમાં તેઓ ખૂબ સંસ્કારી છે. આથી ઊલટું કૉલેજની ઉચ્ચ કેળવણી લીધેલા કેટલાક માણસો અંદરથી વિકસિત હોતા નથી. તેમનું જ્ઞાન ઉપરછલ્લું હોય છે એટલે કે બાહ્ય રીતે તેઓ ઘણું જાણતા હોય પણ તેમનું અંતર વિકાસ પામ્યા વગરનું રહી ગયું હોય છે. આપણે કેળવણી અને અંતરનો વિકાસ બંનેનો સમન્વય હોય એવું ઈચ્છીએ છીએ. એવી વ્યક્તિ જ કુટુંબને, સમાજને અને દેશને સાચા અર્થમાં ઉપયોગી બની રહે છે.

આપણી એક દૃઢ માન્યતા થઈ ગઈ છે કે ભણેલા હોય તે સુસંસ્કારી પણ હોય છે. સગપણ કરતી વખતે પણ આપણે કન્યાના ભણતર પર મદાર બાંધી તે સંસ્કારી હોવાનું માનીએ છીએ, પરંતુ ઘણી વાર ઘરમાં ભણેલી વહુ હોવા છતાં ઝઘડા-કંકાસ અને તંગદિલી વધુ પ્રમાણમાં રહેતાં હોય છે અને સુખશાન્તિનું નામ હોતું નથી. આથી ઊલટું ઘરમાં ઓછું ભણેલી વહુ હોય, પરંતુ તેનામાં અંદરની સંસ્કારિતા એટલે કે સારા ગુણો હોય છે તો તે સાચા અર્થમાં કુલવધૂ તરીકે દીપી નીકળે છે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે માણસની પાસે ભણતર હોય એટલે ગણતર પણ હોય, સાચી સમજ અને સંસ્કારિતા હોય એમ બનતું નથી. કેળવણી અને સંસ્કારનો મેળ હોવો જોઈએ.

અંદરના સંસ્કારો, ખાનદાની અને શુભ બાજુઓ પુરુષાર્થથી ખીલી શકે છે. એ માટે સારા માણસની સોબત, સારા પુસ્તકોનું વાંચન, પ્રાર્થના, ધ્યાન વગેરે ખૂબ મદદરૂપ નીવડે છે. ભૂલો તો આપણાથી થાય છે, પરંતુ એ ભૂલનો પશ્ચાતાપ કરી શુભ દિશાનો વિચાર કરવાથી અને એને વળગી રહેવાનો જાગૃત પ્રયત્ન કરવાથી આપણો વિકાસ થતો રહે છે. બાકી સંસ્કાર વિનાની એકલી કેળવણીથી કંઈ વળતું નથી. એમ જોઈએ તો વિદ્વાન માણસોનો તોટો નથી. પણ વિદ્વતાની સાથે અંદરના શુભ સંસ્કારોનો મેળ હોવો જરૂરી છે. તો જ વિદ્વતા સાચા અર્થમાં દીપી નીકળે છે. એકલી કેળવણીથી આપણે બૌદ્ધિક રીતે ચમકી ઊઠીએ, બુદ્ધિની તાકાત પર વાદવિવાદ અને જ્ઞાનચર્ચા કરી સામાને આંજી શકીએ પણ એથી કરીને આપણે સામા પર સ્થાયી અસર ઉપજાવી શકતા નથી. સામા પર સ્થાયી અસર ઉપજાવવા કેળવણીની સાથે સુસંસ્કારોનો પણ મેળ હોવો જોઈએ. આપણે એટલું જાણીએ છીએ પણ ખરા કે સદ્‌ગુણી અને સંસ્કારી માણસોનું આપણને ઘણું આકર્ષણ રહે છે. માણસની હોંશિયારી કરતાં અંદરના ગુણોનો વધુ વિજય થાય છે અને એમાં ય હોંશિયારીથી અને બુદ્ધિમત્તા સાથે અંદરના સંસ્કારોનો વિકાસ સાધ્યો હોય એવી વ્યક્તિ તો સમાજને ખૂબ ઉપયોગી છે માટે તો આપણે ઈશ્વર પાસે 'અંતર મમ વિકસિત કરો' એમ પ્રાર્થના કરીએ છીએ. સારા સંસ્કારો, સદ્‌ગુણો અને જીવનને સમૃદ્ધ કરે એવી શુભ બાજુઓ વડે જ આપણું કલ્યાણ સાધવા સાથે સમાજની પણ સાચા અર્થમાં સેવા કરી શકીએ છીએ. એટલે કેળવણી સાથે અંતરને જાગૃત રાખવાની પણ ઘણી જરૂર છે.

વ્યવહાર

વ્યવહાર માર્ગવાળાને અમે કહીએ છીએ,
સંપૂર્ણ નીતિ પાળ.
તેમ ના થાય તો નીતિ નિયમસર પાળ.
તેમ ના થાય તો, અનીતિ કરું તોય નિયમમાં રહીને કર.
નિયમ જ તને આગળ લઈ જશે!

*

વ્યવહારનો સર આખો હોય તો તે નીતિ.
નીતિ હશે તો પૈસા હશે તો પણ તમને શાંતિ રહેશે.
અને નીતિ નહીં હોય તો પૈસા ખૂબ હશે તોય અશાંતિ રહેશે.

દાદાશ્રી

બળાત્કારો અને પોલીસ

□ ડૉ. હરીશ વ્યાસ

બાજુપતમાં બનેલી બળાત્કાર અને સ્ત્રીશરીરના નગ્ન પ્રદર્શન અંગે પોલીસે ભજવેલો ભાગ તેમ જ ગ્વાલિયર, અંકલેશ્વર, દિલ્હી, અમદાવાદ, શામળાજી, ઈન્દોર વગેરે સ્થળોએ સ્ત્રીઓ ઉપર પોલીસે કરેલા બળાત્કારો અંગેની ઘટનાઓ આપણું રાજ્યતંત્ર કેટલું શિથિલ, પકડ વગરનું, બેફામ અને અરાજકતાભર્યું બની રહ્યું છે તેના જીવતા પુરાવા પૂરા પાડે છે. જે દેશમાં સ્ત્રી - વડા પ્રધાન હોય અને સ્ત્રીઓની આટલી હદ સુધી બેઈજ્જતી થાય, બલ્કે સ્ત્રીઓ પર બળાત્કારો, છેડતી અને અત્યાચારોની ઘટનાઓ લગભગ દૈનંદિનીય બની જાય, જેને કાબૂમાં લેવા માટે પગલાં યે ન લેવાય એ કેટલું બધું નાલેશીભર્યું છે!

સવાલ તો એ થાય છે કે આ દેશમાં પોલીસ, લશ્કર વગેરે રક્ષક છે કે આ દેશની પ્રજાના ભક્ષક છે? નિવૃત્ત લશ્કરી અધિકારી પોતાની પત્ની સાથે ભયંકર મારપીટ, ચાબૂકના પ્રહારો કે સિગારેટના મર્મસ્થાનો પર ડામો દઈને જે રીતે હિંસક વ્યવહાર કરે છે એ કેવું ગુનાહિત ક્રૂર માનસ પ્રગટ કરે છે! આ દેશમાં ઠેર ઠેર હરિજનો અને સ્ત્રીઓ સાથે થઈ રહેલો આ દુર્વ્યવહાર અત્યંત શરમજનક, ધૃણાસ્પદ અને શોચનીય છે. ઠેર ઠેર મહિલા સંસ્થાઓ, માનવતા પ્રેમી લોકો અને રચનાત્મક બળોએ સંગઠિત થઈને સભા-સરઘસો - પ્રસ્તાવો અને ઠરાવો દ્વારા સરકારને અને પોલીસ તંત્રને જાગૃત કરવા માટે જાહેર કાર્યક્રમો યોજ્યા વિના કોઈ ચારો નથી. કારણ આચાર્યશ્રી દાદા ધર્માધિકારી કહે છે તેમ, "The people's voice is the greatest iron-strength of people's democracy." લોકોનો અવાજ એ જ લોકશાહીની પ્રચંડ લોખંડી તાકાત છે. આ છેડતી, અત્યાચારો અને બળાત્કારો અંગે જો પ્રજા જાગૃત થશે તો પોલીસ કે કોઈની દેન નથી કે આવા અશોભનીય અને બર્બર વ્યવહારો કરવાની કે.ઈ હિંમત કરે. પ્રજાની સુષુપ્તતા, નિષ્ક્રિયતા અને ઉદાસીનતાને કારણે જ આસુરી બળો પ્રભાવશાળી બની રહ્યાં છે. આને માટે ઠેર ઠેર લોકસમિતિ, આચાર્યકુલ, શાન્તિ સેના, અને યુવા સંઘર્ષવાહિની જેવાં શાન્તિમય અને રચનાત્મક સંગઠનો ઊભાં કરીને આવા ભ્રષ્ટાચારો અને અત્યાચારોનો સામનો પ્રજાએ કરવો જ પડશે, તો જ પોલીસ, લશ્કર વગેરે દંડશક્તિઓ સરખી રીતે અને સખણી રીતે વ્યવહાર કરતાં શીખશે. ગાંધીજીએ પણ લોકશાહીની સફળતા માટે "Ascendence of civil over military power." દંડશક્તિ પર લોકશક્તિનો પ્રભાવ અનિવાર્ય ગણ્યો છે.

પરંતુ આ બધું વિચારીએ છીએ ત્યારે સવાલ થાય છે કે આ પોલીસ તંત્ર કેમ આટલું હીન, અધમ અને પાશવી બની રહ્યું છે? જોઈ શકાય છે કે લગભગ રાતદિવસ પોલીસ ખાતાના થાણામાં ગંદી ગાળો, કાનમાં કીડા પાડે તેવા અપશબ્દો અને અશિષ્ટ-અસંસ્કારી - ગંદા - ગલીચ વ્યવહારો 'રિમાન્ડ'ને નામે થતા હોય છે. ગુનેગાર સાથે પોલીસનો વર્તાવ લગભગ હિંસક, અમાનવીય અને અશોભનીય ઢબનો કેટલી હદ સુધી હોય છે એ તો આપણી લોકસભાનાં એક સદસ્ય ભગિની ઈંદિરાકુમારીનું પાર્લામેન્ટમાં કરેલું નિવેદન જ બતાવી આપે છે. આ પોલીસ અને લશ્કરના માણસોને લગભગ હિસાબે ગુનાખોરી માનસ ધરાવતા લોકો, ચોર - ડાકુ અને વિવિધ ગુનેગારો સાથે ચાવીસે ય કલાક જીવવાનું હોય છે અને કહેવત છેને? "જેવો સંગ તેવો રંગ", "જેવી સોબત તેવી અસર." "ગધેડાની સાથે ગાયને બાંધીએ તો ભૂંકે નહિ, પણ લાત મારતાં તો અવશ્ય શીખી જાય છે." આ ગાય-ગર્દભન્યાયે જોઈએ તો પોલીસ અને લશ્કર પણ ગુનાહિત માનસનાં ભોગ બની રહ્યાં છે. જેને કારણે પોલીસ અને લશ્કરમાં ભરપટ્ટે દારૂ - ગાંજો - ચરસ - એલ. એસ. ડી.- તમાકુ વગેરે નશીલાં દ્રવ્યોનું સેવન, વળી જુગાર, આંકફરક, વર્લી મટકામાં ભાગીદારીઓ તથા લોહીના વેપાર કરતાં કૂટણખાનાં, ગોલ્ડન ક્લબો, સિલ્વર ક્લબો અને ડાયમંડ ક્લબો તથા વેશ્યાગીરી સાથે હપ્તા મેળવવાના વ્યવહારો, લશ્કર અને પોલીસની હૉસ્ટેલોમાં ચાલતા સજાતીય અને વિજાતીય સંભોગો: આ બધું મનુષ્યને શયતાન બનાવી દે તેવું નથી તો શું છે? પરિણામે પોલીસ અને લશ્કરના માણસો ઈન્સાન મટીને હેવાન અને શયતાન બની જાય છે.

આ બધા અંગે રાજ્ય તંત્ર, અમલદારો, પ્રધાનો, સમાજ-ધુરીણો અને પ્રજાના સેવકો ભારોભાર જવાબદાર છે. પોલીસ અને લશ્કર પ્રત્યેનો આ અભિગમ બદલવો જ પડશે અને પોલીસ થાણાંને Reformatories સુધારણા ગૃહોમાં તેમ જ પોલીસને સમાજ સુધારક Social reformer.ની કોટિએ લઈ જવા માટે દૃષ્ટિપૂર્વક આયોજન કરવું જ પડશે. પોલીસ અને લશ્કર માટે સંસ્કાર શિબિરો, ધાર્મિક - આધ્યાત્મિક - સાંસ્કૃતિક વ્યાખ્યાનો અને વાર્તાલાપો તથા પરિસંવાદો તેમ જ માનવીય મૂલ્યોનો વિકાસ સાધે તેવા represher courses તાજગી આપનારા માનવતાપૂર્ણ અભ્યાસક્રમો, સાહિત્ય - સંસ્કૃતિ - કલા માટેના ઉચ્ચ દૃષ્ટિવાળો અભિનિવેશ તેમ જ માનવીય અભિગમ પ્રગટાવવા માટે વ્યવસ્થિત રીતે વિચારણા કરવાનો સમય હવે બરાબર પાકી ગયો છે. પ્રાર્થના, ધ્યાન, મૌન, આત્મનિરીક્ષણ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ પ્રત્યે પણ પોલીસ તંત્રને તાલીમ આપીને વાળવું જ પડશે. આના પ્રત્યે આપણે જેટલાં આંખમીંચામણાં કરીશું તેટલું જ આપણે અધિક સહેવું પડશે. જો આપણે પોલીસ, લશ્કર, એસ. આર. પી., સરહદી સંરક્ષક દળ વગેરે દંડશક્તિ મૂલક બળોના માનવતાપૂર્ણ વિકાસ માટે એને સુધારક ગૃહો – Reformatories માં પલટાવવાના પ્રયાસો નહિ કરીએ તો આ દંડશક્તિની સંસ્થાઓ ઝપાટા ભેર ગુનેગાર સંસ્થાઓ, પાશવી અને હિંસક સંસ્થાઓ અથવા પ્રજા ભક્ષક સંસ્થાઓમાં જ પરિણમશે જે નાગરિક જીવન, સમાજ અને રાષ્ટ્ર માટે ખતરનાક બની જશે. આ દિશામાં નવીન અભિગમ સાથે વિચારણા, આયોજન અને કાર્યક્રમો અંગે વિચારવા માટે સરકાર, તેના અધિકારીઓ, લોકસેવકો અને રચનાત્મક કાર્યકર્તાઓએ ભેગા મળીને રાષ્ટ્રીય સ્તરે તેમ જ પ્રાન્તીય સ્તરે સત્વરે સક્રિય વિચારણા કરવી જોઈએ. પરિસ્થિતિ હાથની બહાર ચાલી જાય એ પહેલાં આપણી સરકાર, ઉચ્ચ અધિકારીઓ, સત્તાવાળાઓ અને રચનાત્મક કાર્યકર્તાઓ જાગૃત થશે ખરા? અને એને યોગ્ય દિશામાં નવો મોડ આપશે ખરા? અસ્તુ.

સભાર – સ્વીકાર

સાસુમાની ઝાલરી:

લેખક: રતુભાઈ દેસાઈ

પ્રકાશન: પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન,
પાર્વતી, હનુમાન રોડ,
વિલેપારલે (પૂર્વ), મુંબઈ–૫૭.
મૂલ્ય: રૂપિયા દસ

'મનોહયન'

[] હરજીવન થાનકી

'જે મનન કરે તે મન', 'જે ચિંતન કરે તે ચિત્ત', 'જે નિર્ણય કરે તે બુદ્ધિ.' આપણું મન સદાય સંકલ્પ - વિકલ્પ કર્યા જ કરે છે. ક્યારેક પેલા શેક્સપિયરના હેમ્લેટની જેમ 'To be or not to be is a question.' આ કરવું કે ન કરવું એ જ પ્રશ્ન છે. માણસનું મન વિચાર કરે છે, વિસ્તરે છે, ઊંડું ઊતરે છે. પોતાના આગલા - પાછલા અનુભવોને કામે લગાડે છે, છતાં તેને મર્યાદા છે. કેમ કે તે સાપેક્ષ (Relative) છે. કોઈ પણ બાબતમાં સત્યા-સત્યનો નિર્ણય કોણ કરશે? તો કે મન. પણ મન તો આપણા શરીરમાં છે. તે શરીર ઘર, કુટુંબ કે સમાજમાં છે તેથી તેનો નિર્ણય નિરપેક્ષ હોવો મુશ્કેલ છે. આ સંદર્ભમાં મનની દરેક ક્રિયાઓની પાછળ હેતુ - હિત હોવાનું. જ્યારે જીવનનું લક્ષ્ય છે: નિર્હેતુપણું. નિરપેક્ષતા, જ્યાં સુધી જીવનમાં આવતી નથી, ત્યાં સુધી આપણી બધી ક્રિયાઓ, માનસિક ઉડ્યનો સીમિત જ રહેવાનાં!

આ મનને Moon (ચંદ્ર) સાથે પણ ગાઢ સંબંધ છે. ગ્રીક ભાષામાં તેને Luna કહે છે. – Lunatic એટલે ગાંડો. પૂનમ કે અમાસની સૌથી વધુ અસર સાગર ઉપર અને ગાંડા ઉપર થાય છે. શીતળ ચાંદની કવિ - કલાકારોને વિશેષ આકર્ષે છે. સાગર - કિનારે શરદ પૂનમ માણવાની મજા કોઈ ઓર હોય છે. જાણે આખું જગત ચાંદીથી મઢાઈ ગયું હોય એવી અનુભૂતિ ખાસ કરીને શાંત રાત્રે થાય છે. અંગ્રેજીમાં કહ્યું છે કે: 'Lovers, Lunatics and poets are all imagination in compect." પ્રેમીઓ, ગાંડાઓ અને કવિઓ હંમેશાં પોતાની કાલ્પનિક દુનિયામાં રાચતા હોય છે. Love is blind એમ કહ્યું, તેમાં સુધારો કરીને કેટલાકે Lovers are blind એમ કહ્યું એ પણ સમજવા જેવું છે. અહીં Blind એટલે અંધ નહીં, પણ પોતાના જ માનસિક પ્રકાશમાં ખોવાયેલા! જ્યારે આપણે વિચારમાં હોઈએ છીએ, ત્યારે આંખ જોતી નથી, કાન સાંભળતા નથી કે જીભ સ્વાદતી નથી, કેમ? તો કે તેઓ –બધી ઈન્દ્રિયો, મનને અનુસરવામાં વ્યસ્ત હોય છે. એનો અર્થ એ થયો કે ઈન્દ્રિયોને મનથી છૂટી પાડવા દ્વારા જ સાચી શાંતિ મળી શકે છે અથવા ઈન્દ્રિયોની પાછળ જો મન નથી હોતું તો તેઓ પ્રાણ વગરના શરીર જેવી નિર્જીવ બની જાય છે માટે તો આપણા શાસ્ત્રોએ કહ્યું કે 'મન જ માણસના બંધન કે મોક્ષનું કારણ નિમિત્ત છે.' જેલમાં રહેલો માણસ, પોતાની જાતને 'મહેલ'માં રહેતી માને તો તેને કોઈ અટકાવી શકતું નથી. એ જ અર્થમાં આ જીવનને બંધન કે મુક્તિ - મોક્ષ માનવાનું કામ પણ મન જ કરે છે ને! તમે ભલે ગમે તેવી નાની ઝૂંપડીમાં રહેતા હો છતાં તમે તેને ધારો તો મહેલ માનીને તેમાંથી સંતોષ, શાંતિ, આનંદ લૂંટી શકો. એક સ-રસ ટૂચકો યાદ આવી ગયો.

એક માણસ ઠંડા - વાસી રોટલાનો ટુકડો ખાઈ રહ્યો હતો. બિચારો ગરીબ હતો. છતાં સુખી - આનંદી હતો. મારા જેવો કોઈ તેને જોઈ ગયો. કહ્યું, 'અબે ઓ, સૂકી રોટી કયોં ખા રહા હૈ, સાથ મે નમક તો લે!' પેલો રોટલો ચાવતાં ચાવતાં કહે છે, "માન રખ્ખા હૈ!" મીઠું છે નહીં, છતાં સાથે મીઠું છે એવું માની લીધું છે. ત્યારે હું કહું છું, "અગર માનના હી હૈ. તો ગુલાબ જાંબુ ન માન, નમક કયોં! છે તો રમૂજ. પણ જીવનનું વાસ્તવિક સત્ય રજૂ કરી જાય છે, મનની કેળવણીનું. માનવું, મનાવવું, બનાવવું. આ બધી ક્રિયાઓ મન દ્વારા જ થતી હોય છે. ને, માન્યતા (Belief) માં પણ શું હોય છે? લોકભાષામાં જેને 'માનતા' કહે છે. પરીક્ષા આપ્યા પછી વિદ્યાર્થીઓ માનતા લે કે જો હું પાસ થઈ જઈશ તો હનુમાનને એક નાળિયેર ધરીશ! કેમ જાણે હનુમાન પેલાના નાળિયેરના ભૂખ્યા હોય! પરંતુ, અકસ્માત ન કરે તો નારાયણ અને જો તે પાસ થઈ જાય તો નાળિયેરના વેપારીને, વિદ્યાર્થીને અને હનુમાનને સૌ કોઈને લાભ-આનંદ થાય છે. શ્રદ્ધા દૃઢ થાય છે અને જો તે નાપાસ થાય તો આમાંનું કશું યે નહીં. કેમ કે 'માનતા'નો માનનાર પેલો વિદ્યાર્થી છે, હનુમાન નહીં. આમ આનંદથી મન વિસ્તરે છે. ખિન્નતાથી સંકોચાય છે. એનો અર્થ એ થયો કે માનવી જો પોતાના જીવનમાં હકારાત્મક (Positive.) વલણ અપનાવે તો તેનું મન વિસ્તરે, તેથી ઊલટું સંકોચાય, આપણા મનની સીમાને વિસ્તૃત કરીએ, સૌ કોઈને આવકારીએ. સંકુચિતતામાં વિખવાદ - વિનાશના બીજ પડેલાં છે. જગતમાં થઈ ગયેલા મહા-પુરુષોના મન કેટલાં વિશાળ હશે. આ અર્થમાં મનને ઓગળવું પીગળાવવું, એટલી હદે કે તે ઊંડી ને વરાળ થઈ જાય! અને પછી તેની પાછી વર્ષા થાય!

મૃત્યુ

મૃત્યુ મંગળ નથી, અમંગળ નથી
મૃત્યુ વ્યકિતના લૌકિક જીવનનો દેખાતો અંત છે.
રાય કે રંક, યુવાન, બાળ કે વૃદ્ધ
સૌને મૃત્યુ સમયસર જીવન રંગમંચ પરથી ઉપાડી લે છે

મૃત્યુ એલાન દઈને એલાન વગર
ધીમે ધીમે અગર ધસમસતું આવે છે

મૃત્યુ કોઈકને શાતા આપી કંઈકની શાતા હરી લે છે
મૃત્યુ માગો ત્યારે મળતું નથી, ન માગો ત્યારે દોડતું આવે છે.

મૃત્યુ હતું, છે અને રહેશે, કાલાતીત છે
મૃત્યુ નિશ્ચિત છતાં અનિશ્ચિત છે
મૃત્યુ ધનિક ગરીબના ભેદ પાડતું નથી
વર્ગવિગ્રહ, નાતજાતના ભેદમાં માનતું નથી

મૃત્યુ લાંચ લેતું-દેતું નથી
મૃત્યુ સગાંવાદ લાગવગશાહીથી પર છે
મૃત્યુને સૌ આધીન છે, પોતે અપરાજીત છે
મૃત્યુ સામ્યવાદી છે, સમાજવાદી છે

મૃત્યુ જાણીતું છતાં અણમાણીતું છે
મૃત્યુ ચાલાક, ચપળ છતાં અજર અમર છે
મૃત્યુ ગૂઢ, ગહનભેદી નથી, ભાસે છે
મૃત્યુનું કોઈ સ્વરૂપ નથી છતાં બહુરૂપી છે

મૃત્યુ પાંખ વગર ફફડે છે, આંખ વગર જુવે છે
મૃત્યુને માણવાનો જીતવાનો માર્ગ સીધો સરળ છે.
નિર્મોહી મન, નિષ્કામ કર્મથી ઘણાં
મૃત્યુન્જય થઈ ગયાં, થાય છે, થતાં રહેશે.

કંચનલાલ લાલચંદ તલસાણિયા

* લેખકો પાસે કેવી અપેક્ષા રાખીએ? *

[] સંકલન : ક્રાન્તિ ભટ્ટ

સમાજમાં સર્જકોની શું કામ જરૂર છે તે વિષે તાજેતરમાં બહુ જ સુંદર પુસ્તક પ્રગટ થયું છે. તે દરેક પ્રબુદ્ધ વાચકે વસાવવા જેવું છે. ડબલ્યુ. ડબલ્યુ. નોર્ટને "હ્યુમન ઓપશન્સ" નામનું આ પુસ્તક લખ્યું છે તેમાંથી કેટલાક રસપ્રદ ફકરાઓ અહીં નીચે ટાંકું છું:

[] લેખક તમારા વિચાર-જગતને હલબલાવે છે. તેમાં વિકલ્પોનાં બીજ રોપે છે. લેખક લોકો માટે નવાં સત્ય ખોજે છે. વાચકની પોતાની અંદર નવી શકયતાઓ રહેલી હોય તેનું ભાન કરાવે છે. સર્જક અને કલાકાર હંમેશાં તેના ભોકતાને શોધતો હોય છે. જે સમાજમાં કલાકાર ઉપર બંધન હોય ત્યાં લોકો સામે કોઈ વિકલ્પો રહેતા નથી. રશિયામાં સોલ્ઝેનિત્સીનને લખવા ઉપર પ્રતિબંધ નહોતો, પરંતુ તે જે લખે તે વાચકો સમક્ષ મુકાતું નહોતું. એટલે લેખકનું સર્જન જ મહત્ત્વનું નથી. એ સર્જન વાચકો સુધી પહોંચવું જોઈએ. વોલ્ટ વ્હીટમેને આટલે જ કહેલું કે "ગ્રેઈટ ઓડિયન્સીઝ આર નેસેસરી ઈફ વી વોન્ટ ટુ હેવ ગ્રેઈટ પોએટસ." આમ આખરે તો શ્રોતા જ મહત્ત્વનો છે કારણ કે તમારા સર્જનની તાકાતનો આખરી પરચો તો શ્રોતા કે વાચક પાસે જ થાય છે.

[] ઘણી વખત એવું બને કે ફિલસૂફની માફક કોઈ કલાકાર લેખક પણ પોતાના અજ્ઞાનમાંથી જ પ્રેરણા મેળવે છે. જે રહસ્યમય હોય છે તેમાં તે ઊંડો ઊતરે છે. વિજ્ઞાનની માફક તે કઈ દિશામાં આગળ વધે છે તેનો તેને ખ્યાલ ન હોય તે બનવાજોગ છે; પરંતુ અજ્ઞાનની પૂજા ન થઈ શકે. વળી એ પણ ખ્યાલ રહે કે કોઈ લેખક કે કલાકારનું ગળું માત્ર રાજકારણીઓ જ ઘોંટી દે તેવું નથી. કલાકાર પોતે જ પોતાનો દુશ્મન બની શકે છે. દાખલા તરીકે કોઈ તંત્રી કે લેખક કે કલાકારની સમાજ પ્રત્યેની કોઈ ફરજ નથી અને પોતે પોતાની કલામાં જ મસ્ત રહી શકે છે તેમ માનવું મૂર્ખાઈભર્યું છે. કારણ કે આખા સમાજના ઢાંચામાંથી જ તેની સર્જકતાને પોષણ અને બળ મળે છે.

આ સૂત્ર બધા જ કલાકારો નોંધી લે:

The conditions of life are in separable from the condition of art. અર્થાત કલા અને સામાજિક જીવન માટેના સંયોગો અને માપદંડો અલગ અલગ હોતા નથી. એક જ પ્રકારના વાતાવરણમાં જીવન અને કલા પોષાય છે. કલાકાર કોઈ ઊંચા ખડક ઉપર ચઢીને તોબરો ચઢાવીને સાધારણ જનજીવનથી અલગ ન થઈ શકે. તે કલાકાર નથી. તે તો ધંધાદારી વેપારી છે. સાચો કલાકાર તો દરેક પરિસ્થિતિમાં ઘૂમતો રહે છે.

[] એ વાત યાદ રહે કે બેફામ રીતે વર્તનારા કલાકાર કે લેખકને જે દુ:ખ અને કષ્ટો સહન કરવાં પડે તે કષ્ટો કે પીડા તેની માત્ર અંગત વાત જ રહેતી નથી. કલાકારની પીડા એ માનવસમાજની પણ પીડા બની જાય છે અને તેથી જ કલાકારની અંગત વર્તણૂક પણ બહુ મહત્ત્વની છે. કલાકારની ટ્રેજેડી એ સમાજની ટ્રેજેડી બની શકે છે. વર્તમાન પ્રજા જ નહિ પણ ભવિષ્યની પ્રજા ઉપર પણ અસર પડી શકે છે કારણ કે કવિ કે લેખક માનવોનાં મનને જોડવાનું કામ કરે છે.

[] કોઈ લેખક માટે વિજયની કઈ ઘડી છે? વિચારનું બીજ રોપાયું તે લેખક માટે શ્રેષ્ઠ ઘડી છે. જ્યારે કોઈ નવો વિચાર જન્મે ત્યારે કવિ માટે આનંદનો દિવસ હોય છે. લેખકના આણુ આણુમાંથી શકિતના સ્રોત નીકળે છે. તેનો સર્જનનો કૂવો છલકાય છે. પણ એ સાથે જ સમાજ પ્રત્યેની જવાબદારીની ઘડી પણ આવી પહોંચે છે. વિચારને પ્રગટ કર્યા વગર ચાલતું જ નથી. તે વિચારને પ્રગટ કરવામાં તેણે ડર રાખવાની જરૂર નથી.

[] હવે વાર્તાલેખકોનું દુ:ખ એ છે કે તેમની નવલકથાના પાત્રો એવાં હોય છે કે જેને ન જાણીએ તો પછી ચાલે. આ પાત્રો આપણાં વિચારજગતમાં પ્રવેશે છે, પણ કંઈ અસર છોડતા નથી. આ પાત્રો આપણી સ્મરણશકિત ઉપર ઝાંખી છાપ છોડતા નથી. આવાં પાત્રો વાર્તામાં દુ:ખ સહન કરતાં હોય ત્યારે તમને તેની કાંઈ પડી હોતી નથી. આવાં પાત્રો જીવન સાથે પ્રયોગ કરતાં હોય છે— જીવનને જીવતા નથી.

[] તો પછી આપણે લેખક પાસે કેવી અપેક્ષા રાખીએ? આપણા યુગના નવા જુસ્સાને પ્રગટ કરવાની આપણે જરૂર અપેક્ષા રાખી શકીએ. માનવે બદલવાની જરૂર છે કે માનવી અમુક દિશામાં બદલાઈ રહ્યો છે અને તે માટેના જુસ્સાને બળ આપવું જોઈએ. સમાજ અને વ્યકિત વચ્ચે જ ખાઈ છે તેને ઓછી કરવી જોઈએ. સામૂહિક જરૂરિયાતો અને વ્યકિતગત શકિત વચ્ચેનું જે મોટું અંતર છે તે ઓછું કરવાનું કામ લેખકે કરવું જોઈએ.

[] એરિસ્ટોફને એક વખત નાટકકારો સામે મોટો બળાપો વ્યકત કરેલો. તે કહેતો કે નાટક દ્વારા કે વાર્તા દ્વારા લેખકે કંઈક સંદેશો તો આપવો જ જોઈએ. માત્ર લોકોના મનનું રંજન જ કરવાનું નથી. જો કે લેખકની એક સમસ્યા છે કે તે કેટલો ઉપયોગી છે અને કેટલી હદે શ્રોતા સુધી પહોંચી શકે છે. પણ તેની પાસે કંઈક નક્કર હશે તો તે પહોંચી જશે. પ્રગતિ વગરની કોઈ સંસ્કૃતિ સંભવી શકે નહિ, વિચારો વગર પ્રગતિ સંભવી ન શકે અને પુસ્તકો વગર કોઈ વિચારો જન્મી ન શકે. માનવીની પ્રગતિ અને વિકાસ માટે લેખકો મૂળભૂત શકિત પૂરી પાડે છે.

[] કલા દ્વારા આપણે માનવીનાં મનને ફંટાવી શકીએ છીએ. જે રહસ્યમય છે કે ભેદી છે તેની સાથે જ તન્મય રહેવાની એક પદ્ધતિ કલા દ્વારા જાણવા મળે છે. કોઈ રહસ્યમય વાતની પાછળ પડી જવું હોય તો તમારે અસલામતી અને અનિશ્ચિતતામાં જીવવું પડે. કલા દ્વારા તમે અનિશ્ચિતતાને માણી શકો. બધું જ સલામત હોય તેમાં સ્વાદ નથી. કલા દ્વારા તમે અસલામતીનો સ્વાદ માણી શકો છો. ઓગસ્ટીને કહેલું "કલા દ્વારા તમે માનવીના અર્ધજાગૃત મન સુધી ઊંડે જઈ શકો છો. માનવીના અનોખાપણાનું ભાન કલા દ્વારા કરાવી શકાય.

[] જોન મેસન બ્રાઉને કહ્યું છે કે "Creative writing is the sweetest agony known to man." પીડામાં તમારે પરમાનંદ જોવો હોય તો સર્જક બનો. પીડાને પરમેશ્વરી બનાવી જાણનાર જ સર્જક બની શકે. કલા અને સર્જનનો થાકોડો જ એવો છે કે તેમાંથી પ્રેરણા મળી શકે. એ એવો પસીનો છે કે જે સુગંધ આપે છે. અહીં કસોટી થાય છે. તમારી કલ્પનાશકિતને તમે વાજબીપણાનું મ્હોણ આપો તે ખૂબ થકવનારું કામ છે પણ તમને તમારા પ્રયાસનું ફળ જરૂર પ્રાપ્ત થાય છે.

સોક્રેટિસ હંમેશાં પોતાને લીટરરી--મીડવાઈફ તરીકે ઓળખાવતા. સર્જનની આ સતત સુવાવડ તમારે કરવી જ પડે. પ્રસૂતિ પીડાવાળા મનને સાચવ્યા જ કરવું પડે. સોક્રેટિસ તો વિચારોના આ પ્રજનનની ખૂબ જ માવજત કરતા હતા.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ જુલાઈ, ૧૯૮૧ ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

અણુયુદ્ધ ને આરે?

☐ ચીમનલાલ ચકુભાઈ

અમેરિકાના પ્રમુખ થયે, રેગનને છ મહિના થયા. આટલા ટૂંકા સમયમાં, અણુયુદ્ધનો ભય ઘણો વધ્યો છે. વિચારવંત લોકો ભારે ચિન્તા સેવે છે. શ્રેષ્ઠ સામયિકો અને વર્તમાનપત્રો ટાઈમ, ન્યુઝવીક, ગાર્ડિયન, ઈકોનોમિસ્ટ વગેરે - અભ્યાસપૂર્ણ લખાણોથી આવી રહેલ ભય સામે ગંભીર ચેતવણી ઉચ્ચારી રહ્યા છે. કોઈને ઉપાય સૂઝતો નથી. નિયતિના ધકેલ્યા વિનાશ તરફ ધસી રહ્યા હોઈએ એવી હતાશા સૌ અનુભવે છે. નાગાસાકી અને હીરોશીમાને ફરી યાદ કરે છે. તે વખતે વપરાયેલ અણુબૉમ્બ કરતાં સહસ્રગણા વિનાશક અને હજારોની સંખ્યામાં અમેરિકા અને રશિયાએ અણુશસ્ત્રોનાં ગંજ ખડકયા છે અને હજી વધારી રહ્યા છે. રેગને લશ્કરી ખર્ચ અબજો ડૉલર વધારી દીધું છે અને પાંચ વર્ષમાં અનેકગણું વધશે. સ્વાભાવિક રીતે જ રશિયા હરીફાઈ કરે છે.

જયોર્જ કેનન, જેઓ ૧૯૫૨-૫૩માં, રશિયામાં અમેરિકાના રાજદૂત હતા અને વર્તમાનમાં પ્રિન્સટન યુનિવર્સિટીમાં પ્રોફેસર છે તેમને થોડા સમય પહેલાં, આઈનસ્ટેન શાન્તિ પારિતોષિક મળ્યું. તેનો સ્વીકાર કરતાં, કેનને પ્રવચન કર્યું તેમાં અણુબૉમ્બના ઉપયોગ સામે આઈનસ્ટેને પ્રેસિડન્ટ ટ્રુમાનને ગંભીર ચેતવણી આપી હતી તેની યાદ આપી અને પોતાના મૃત્યુ પહેલાં આઈનસ્ટેને છેલ્લી અપીલ કરી હતી તેના શબ્દો ટાંકયા છે:

We appeal as human beings to human beings. Remember your humanity and forget the rest.

વર્તમાન પરિસ્થિતિ વિષે બોલતાં કેનને કહ્યું છે:

Adequate words are lacking to express the full seriousness of our present situation.

We have gone on piling weapon upon weapon, missile upon missile, new levels of destructiveness upon old ones. We have done this helplessly involuntarily, like victims of some sort of hypnotism, like men in a dream.

The result is that to-day we have achieved, we and the Russians together, in the creation of these devices and their means of delivery, levels of redundancy of such grotesque dimentions as to defy rational understanding.

What a confession of unintellectual poverty it would be, what a bankruptcy of intelligent statesmanship, if we had to admit that such blind, senseless acts of destruction were the best use we could make of what we have come to view as the leading elements of our military strategy.

"આપણી અત્યારની પરિસ્થિતિની ગંભીરતા વ્યકત કરવા માટે યોગ્ય શબ્દો પણ મળે એમ નથી.

"આપણે એક પછી એક શસ્ત્રોનો, એક પછી એક ક્ષેપકાસ્ત્રનો ખડકલો તેમ જ વિનાશકતાની એક જૂની સપાટીની ઉપર બીજી સપાટીને ઉમેરતા જ ગયા છીએ. આપણે કોઈ પ્રકારની સંમોહન શકિતના ભોગ બન્યા હોઈએ એવી રીતે કે સ્વપ્નમાં હોઈએ એવા માનવીઓ તરીકે જાણે કે આપણે આપણી ઈચ્છા વિરુદ્ધ નિ:સહાયપણે આ બધું કરી રહ્યા છીએ.

"આને પરિણામે આપણે-આપણે અને રશિયાએ મળીને આ બધા આયુધો અને એના વાહક સાધનો સર્જીને શસ્ત્રોના જમાવની એક અત્યંત અનાવશ્યક અને મહાભયંકર પરિમાણો ધરાવતી એવી સપાટી ઊભી કરી છે કે જે ખરેખર બુદ્ધિગમ્ય રહેતી નથી.

"વિનાશનાં આ આંધળાં, નિરર્થક કૃત્યોને જ આપણે જેને આપણી લશ્કરી વ્યૂહરચનાના આગળપડતાં તત્ત્વો ગણીએ છીએ એનો સૌથી સારો ઉપયોગ હોવાનું સ્વીકારતા હોઈએ તો એ આપણી બુદ્ધિનું દારિદ્ર અને બુદ્ધિગમ્ય મુત્સદીગીરીનું દેવાળું જ છે, એના એકરાર સમાન બની રહેશે."

કેનનનું આખું પ્રવચન મનનીય છે. આ વિનાશક શસ્ત્રો એટલી મોટી સંખ્યામાં બન્ને મહાસત્તાઓ પાસે છે કે તેમાં ઉમેરો કરવો સર્વથા નિરર્થક છે, એટલું જ નહિ, પણ બુદ્ધિનું દેવાળું છે, ગાંડપણ છે. છતાં અમેરિકા કહે છે અમારા કરતાં રશિયા પાસે વધારે છે માટે અમારે વધારવાં જોઈએ. રશિયા પણ એ જ કહે છે, હરીફાઈમાં સમાનતા અને સરસાઈ લાવવાં છે. સમાનતા એટલે શું? બન્ને પાસે પાંચ હોય તો ય સમાન ગણાય. પચાસ હોય તો સમાન ગણાય, હજાર હોય તો ય સમાન ગણાય, આ હરીફાઈ ક્યાં અટકે? અમેરિકા રશિયાને દોષ દે, રશિયા અમેરિકાને દોષ દે. બન્ને સાથે મળી અણુશસ્ત્રોની મર્યાદા બાંધવા પ્રયત્ન કર્યો. આ મર્યાદાનો કાંઈ અર્થ ન હતો છતાં માનસિક વલણમાં કાંઈક ફેર પડતો. કાર્ટરે આવી મર્યાદા માટે બીજો કરાર કર્યો - Salt — II પણ કોંગ્રેસ તે મંજૂર કરે તે પહેલાં કાર્ટર હારી ગયા અને રેગને તેનો અસ્વીકાર કર્યો.

કાર્ટરે રેગન સામે આક્ષેપ કર્યો હતો કે રેગનનું માનસ યુદ્ધનું છે. રશિયા સાથે સમાધાનપૂર્વક સહઅસ્તિત્વ સ્વીકારવાને બદલે સંઘર્ષ નોતરે છે. બીજા દેશો અમેરિકા પાછળ ઘસડાય છે. યુરોપના દેશોમાં અણુશસ્ત્રો ગોઠવવા અમેરિકાએ યોજના કરી છે. આ દેશોમાં, ખાસ કરીને જર્મની અને હવે કદાચ ફ્રાન્સમાં આ યોજના સામે સખત વિરોધ છે. પણ રશિયા આક્રમણ કરે તો અમેરિકા જ રક્ષણ કરી શકે તેમ છે. તેથી યુરોપના દેશોને નિરૂપાય અમેરિકા સાથે રહેવું પડે છે.

અમેરિકા, બીજા દેશોને મોટા પ્રમાણમાં શસ્ત્રો પૂરાં પાડે છે. ચીન, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, ઈઝરાયલ વગેરે દેશોમાં શસ્ત્રોનો ગંજ ખડકાય છે.

અત્યારે અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ અને ચીન પાસે અણુબોમ્બ છે. કદાચ ઈઝરાયલ અને દક્ષિણ આફ્રિકા પાસે પણ હોય. પાકિસ્તાન તેની તૈયારી કરી રહ્યું છે. આપણે પણ સંભવતઃ હરીફાઈમાં ઉતરશું. બીજા દેશો પણ તૈયારી કરે છે. કોણ અટકાવી શકે?

વિચાર કરીએ તો અણુબોમ્બ સામે કોઈ રક્ષણ નથી. વિનાશ જ છે. ગમે તેટલી તૈયારી હોય તો પણ તેનું આક્રમણ એટલું ઝડપી અને વિનાશક છે કે વળતો હુમલો કરવાનો સમય ન જ રહે. અરધા કલાકમાં ભયંકર વિનાશ થઈ જાય. હજારો માઈલ દૂર પહોંચે એવા ક્ષેપકશસ્ત્રો છે. પહેલો હુમલો કોણ કરશે તે જ પ્રશ્ન મૂંઝવે તેવો છે. વિનાશ જ છે તેમ જાણવા છતાં જાણે-અજાણે, ભયથી, ગભરાટથી કોઈ દેશનો આગેવાન હુમલો કરી બેસે તો ભયંકર તારાજી સર્જાય. લીબિયાનો ગદ્દાફી બૉમ્બ બનાવવા પ્રયત્ન કરે છે. તેનું ઝનૂન જાણીતું છે. ઈઝરાયલ સામે ઉપયોગ કરે તો?

બીજા દેશો અણુબોમ્બ ન બનાવે માટે અમેરિકા અને અણુ બૉમ્બ જેની પાસે છે એવા દેશો તકેદારી રાખે છે. અણુબૉમ્બ વિસ્તરતો અટકાવવા કરાર કરાવે છે, પણ બધું નિરર્થક છે. હમણાં જ ઈરાકના અણુમથક ઉપર હુમલો કરી ઈઝરાઈલે તેનો નાશ કર્યો. ઈરાક બૉમ્બ બનાવશે અને તેથી ઈઝરાયલ ભયમાં મૂકાય તેવી દલીલ કરી, અગમચેતીરૂપ આ હુમલો કર્યો. ઈઝરાયલે અણુબૉમ્બ બનાવવો છે પણ તેના પડોશી બનાવે તે સહન કરવું નથી. ક્યાં સુધી અટકાવી શકે?

અણુશસ્ત્રોની ભયંકરતા, વિનાશકતા અને બર્બરાળપણાના વર્ણનો વાંચતા બુદ્ધિ બહેર મારી જાય છે. શેને માટે આ બધું? નર્યા વિનાશ માટે જ. કોઈનો વિજય ન થાય, કોઈ બચે નહિ. હવે અણુશસ્ત્રો ભરેલી સબમરીનો અબજો ડૉલરના ખર્ચે થાય છે. બ્રિટનનું અર્થતંત્ર પડીભાંગ્યું છે છતાં, એક અબજ પાઉન્ડના ખરચની એક એવી છ ટ્રીડન્ટ સબમરીનો, સખત વિરોધ છતાં, મિસિસ થેચરે બનાવવાની યોજના કરી છે. આજે બનાવેલ શસ્ત્ર, થોડા સમય પછી નિરૂપયોગી થઈ જાય છે, એટલી ઝડપથી ટેકનોલોજી આગળ વધી રહી છે.

દુનિયાનો મોટો ભાગ ભૂખમરા અને ગરીબાઈથી રીબાય છે ત્યારે સમૃદ્ધ દેશો વિનાશક શસ્ત્ર સર્જનામાં ડૂબ્યા છે. આખી દુનિયાને ગરીબાઈ અને બેકારીમાંથી ઉગારી શકીએ એટલી વૈજ્ઞાનિક પ્રગતિ છે ત્યારે સમૃદ્ધ દેશોના આગેવાનો વિનાશના પંથે છે.

માણસની મૂર્ખતાની પરાકાષ્ટા કહી શકાય. આટલા બધાં શસ્ત્રો ખડકાયા છે તેનો કોઈક દિવસ તો ઉપયોગ કરશે જ. અશ્વત્થામાએ પાંડવ સ્ત્રીઓના ગર્ભ ગળી જાય એવા દુષ્ટ શસ્ત્રનો અંતે ઉપયોગ કર્યો. કહેવાય છે કે આ દુષ્કૃત્યનું પ્રાયશ્ચિત અશ્વત્થામા હજી પણ કરી રહ્યો છે.

સંભવ છે કે આવા શસ્ત્રોનો ઉપયોગ ચંદ્ર, મંગળ કે બૃહસ્પતિ ઉપરથી થાય. અવકાશી વિદ્યા એટલી આગળ વધી છે. પહેલા બૉમ્બનો વિસ્ફોટ થયો ત્યારે વિખ્યાત વૈજ્ઞાનિક રોબર્ટ ઓપન હેમર, ગીતાનો શ્લોક બોલી ઊઠ્યા :

પ્રભા સહસ્ર સૂર્યોની, નભે એકત્ર થાય જો
પણ તે નાવતી તોલે, પ્રભા શું દિવ્ય દેવની?

૧૯૪૫નો બૉમ્બ સાદો હતો. પછી તો હાઈડ્રોજન બૉમ્બ થયો અને હવે ન્યુટ્રોન થઈ રહ્યો છે.

માણસ આ વિનાશ તરફ ધસતો જ રહેશે? કુદરતને સર્જન સાથે સંહાર પણ કરવો પડે છે. શું માણસ કુદરતનું હથિયાર બનશે? પ્રલયના વર્ણનો વાંચ્યા છે. સમતુલા જાળવવા કુદરત પાસે અનેક ઉપાયો છે. ઈશ્વર પોતે આવો સંહાર કરે છે. ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું છે.

હું કાળ આ લોક ફરી વળ્યો છું.
સંહારવા જે જન સજ્જ આંહિ;
છોડી તને, એ સહુ નષ્ટ થાશે,
ઊભા ખડા છે, ઉભયત્ર વીર.

સામાન્ય માણસ પોતાના રોજિંદા વ્યવહારમાં ડૂબેલો છે. તેને આ ભયની કલ્પના નથી અથવા બહુ દૂરનો લાગતો હશે અથવા નિરૂપાય થઈ, હતાશાથી, થાય તે થવા દેવું એમ માનતો હશે. પણ આ ભય વાસ્તવિક છે. નજીક આવી રહ્યો છે એવું શાણા માણસોને સ્પષ્ટ દેખાય છે.

કેનને કહ્યું કે એવો કરાર કરવો કે, હવે પછી નવા અણુશસ્ત્રો બનાવવાં નહિ. છે તેમાંથી ૫૦ ટકાનો નાશ કરવો અને તે નાશ કેવી રીતે કરવો તે માટે નિષ્ણાતોની સમિતિ નીમવી. અણુશસ્ત્રોનો નાશ કરવામાં પણ જોખમ છે. આ દૈત્યને ક્યાં દાટવો? તેની કિરણોત્સર્ગી રજ માણસને અને પશુ, પક્ષી, પાણી, વનસ્પતિ બધાને દૂષિત કરે. માણસ રીબાઈને સડીને મરે.

બીજા એક લેખકે કહ્યું છે :

The mind made the bomb, the mind denied it and the mind can stop it cold.

બર્ટ્રાન્ડ રસેલે દુનિયાના વૈજ્ઞાનિકોની સહાયથી અણુ બૉમ્બના વિરોધમાં ઝુંબેશ ઉપાડી હતી. સેંકડો વૈજ્ઞાનિકો તેમાં જોડાયા હતા.

હવે આ એક વિચારક વર્ગ એમ માને છે - અને હું માનું છું કે આ ગાંધીનો માર્ગ છે, - કે બીજા કરે કે ન કરે, પણ જેને આ અનિષ્ટમાં માનવજાતનો અને સંસ્કૃતિનો સંહાર લાગે છે તેમણે અણુશસ્ત્રો છોડી દેવાં. Unilateral disarmament અણુશસ્ત્રો હશે તો ય વિનાશ થવાનો જ છે. તો બચવાનો એક માત્ર માર્ગ કેમ ન અજમાવવો. અણુશસ્ત્રો જેની પાસે છે તે છોડી દે અને નથી તે ન જ બનાવવા તેવો નિર્ણય કરે. તેમ કરી, પોતે નિર્ભય થાય અને બીજાને નિર્ભય બનાવે અને અણુશસ્ત્રો તજવાની પ્રેરણા આપે. સાચો માર્ગ લેવામાં સદા એ પ્રશ્ન રહે છે કે પહેલ કોણ કરશે. ગાંધીએ કહ્યું પોતે જ પહેલ કરવી અને સાચો માર્ગ હશે તો પરિણામ સારું જ આવશે એવી શ્રદ્ધા રાખવી.

તા. ૮-૭-૧૯૮૧

બુદ્ધ અને વર્ષા

[] કુન્દનિકા કાપડીઆ

બુદ્ધના જીવનની ત્રણ મુખ્ય ઘટનાઓ પ્રકૃતિની ગોદમાં, ખુલ્લા આકાશ તળે બની હતી, એ કેવળ આકસ્માત નથી. વિશુદ્ધ જીવન પ્રકૃતિ સાથે તાલ મિલાવતું હોય છે એ એનો સંકેત છે. બુદ્ધનો જન્મ લુંબિનીના વનમાં શાલવૃક્ષ નીચે થયો. ગયામાં પીપળાના વૃક્ષ નીચે તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને કુશીનગરનાં બે શાલવૃક્ષોની છાયા તળે તેમનું નિર્વાણ થયું. રાજપ્રાસાદોમાં રહીને બુદ્ધ બની શકાય નહિ. પ્રકૃતિનું શાંત, મુકત વાતાવરણ જ્ઞાન-સાધનામાં ઘણું સહાયક બને છે. બુદ્ધ તેમના શિષ્યોને વારંવાર કહેતા: "જુઓ, સામે વૃક્ષોની છાયા છે... ધ્યાન કરો, પ્રમાદ ન કરો."

ભિક્ષુઓને બુદ્ધે 'વનની શોભા' ગણાવ્યા છે. જીવનનો મોટો ભાગ બુદ્ધે જંગલોમાં, નદીકાંઠે, પર્વત પ્રદેશોમાં વિતાવ્યો છે. ઉપ-દેશાર્થે તેઓ માનવ-સમુદાય વચ્ચે આવતા ત્યારે પણ તેમનો ઉતારો કોઈક ઉદ્યાનના એકાંત-રમણીય સ્થાનમાં રહેતો. રાજગૃહ, વૈશાલી, ગૃધ્રકૂટ પર્વત, આમ્બાટક વન ઈત્યાદિ અનેક સ્થળોની પ્રાકૃતિક સુંદરતાની વાતો બુદ્ધની વાતોમાં વણાયેલી છે. ઘનઘોર અંધારી રાતે વરસાદ ચારે ધારાએ વરસતો હોય ત્યારે ખુલ્લી જગ્યામાં બેસીને તેમને ધ્યાન ધરતાં આપણે જોઈએ છીએ.

બૌદ્ધ ભિક્ષુઓનું જીવન પણ પ્રકૃતિ સાથે વણાયેલું હતું. ગિરિ-ગુફા નદી-તટ, વન-સ્મશાન, વૃક્ષોની છાયા, ઘાસછાઈ કે છાંયા વિનાની કુટિર—આ બધાં સ્થળોએ ધ્યાન ધરતા ભિક્ષુઓ પ્રકૃતિનાં પરિવર્તનો, તેની અનંત રમણા જોતા અને તેમાંથી પોતાની સાધના માટે અનુકૂળ સંકેતો તારવી લેતા. 'થેરગાથા'માં તેમ જ પાલિ સાહિ-ત્યમાં અન્યત્ર પણ, આ ભિક્ષુઓએ પ્રકૃતિનાં અત્યંત સુંદર વર્ણનો કર્યાં છે. પ્રકૃતિનું રૂપ તેમને માટે કેવળ રંગ, આકાર, રચનાનું સૌંદર્ય નહોતું. દરેક વસ્તુને, ઘટનાને તેઓ પોતાની સાધનાના સંદર્ભમાં જોતા. એક ચિત્ર જોઈએ:

મૂશળધાર વરસાદ વરસે છે. ધ્યાનસ્થ ભિક્ષુ પોતાની કુટિરમાં બેઠો છે. કહે છે:

"વરસો હે દેવ,
સુખેથી વરસવું હોય તેટલું! વરસો.
મારી કુટિર છાયેલી છે,
તે શાન્ત અને સુખકારી છે.
મારું ચિત્ત સમાધિમાં લીન છે.
તે આસકિતઓમાંથી છૂટી ગયું છે.
નિર્વાણ માટે પ્રયત્ન ચાલે છે.
વરસો હે દેવ, સુખ પડે તેમ વરસો."

આ 'છાયેલી કુટિર' તે કેવળ બાહ્ય કુટિરની વાત નથી તે તો સમજી શકાય તેવું છે. એ કાળમાં વર્ષા કેવળ માણવાની ઘટના નહોતી. તેની મનોહરતા સાથે તેનું કરાળ રૂપ પણ પ્રગટ થતું. કોઈ એકલો ભિક્ષુ રાતના વખતે અંધારામાં ભયાનક ગુફામાં બેઠો હશે, આકાશમાં મેઘગર્જના થતી હશે, વીજળીથી હવા ચિરાતી હશે, સૂસ-વતો પવન વાતો હશે, ઠંડીથી ગાત્રો કંપતાં હશે, પશુ-પક્ષી અને જીવ-જંતુ સુદ્ધાં સ્તબ્ધ, ભયભીત હશે. તે વખતે ભિક્ષુની નિર્ભયતાની સાધના ચાલતી હશે, એને માટે એ ઉત્તમ સમય હશે.

એક સ્થવિર સાધકનું કથન છે:

"આકાશમાં જ્યારે મેઘની દુદુંભિ બજતી હોય અને પક્ષીઓના માર્ગમાં ચારે તરફ ધારાકુલ વાદળ વીંટળાતાં હોય, એ વખતે ભિક્ષુ પહાડ પર જઈને ધ્યાન કરે—એનાથી મોટો આનંદ બીજો એકે નથી.

"નદીકાંઠાનાં વૃક્ષો રંગબેરંગી પુષ્પોથી ભરેલાં હોય, એ વખતે ત્યાં બેસીને સુંદર મનવાળો ભિક્ષુ ધ્યાન કરે—એનાથી મોટો આનંદ બીજો એકે નથી.

એકાંત વનમાં, આધી રાતે, વાદળનો ગડગડાટ થતો હોય અને હાથી ચિંઘાડતા હોય તે વખતે પહાડ પર બેસીને ભિક્ષુ ધ્યાન કરે—એનાથી વધુ મોટો આનંદ બીજો એકે નથી."

બુદ્ધની ધ્યાનસ્થ અવસ્થા કેવી હતી, તેનું દર્શન કરાવતી એક સુંદર ઘટના છે. એક વાર તેઓ કોઈ ગામની નજીક શાળાના મકાનમાં ઊતર્યા હતા. દિવસનો સમય હતો. આકાશમાં કાળી ઘટાઓ ઘેરાઈ અને ઘોધમાર વરસાદ વરસવા લાગ્યો. વાદળની ગર્જનાઓ અને વીજળીના કડાકા-ભડાકાથી વાતાવરણ ભરાઈ ગયું. નજીકમાં કયાંક વીજળી પડી અને ત્યાં કામ કરી રહેલા બે ખેડૂત તથા તેમના ચાર બળદ મરણ પામ્યા. લોકો એકઠા થઈ ગયા. બુદ્ધ ત્યારે શાળાની ઓસરીમાં ટહેલતા હતા. લોકોએ તેમને વીજળી પડવાથી ખેડૂત ને બળદ મરણ પામ્યાની વાત કરી. પછી તેમની વચ્ચે આ પ્રકારનો વાર્તાલાપ થયો:

"ભન્તે, એ વખતે તમે કયાં હતા?"
"આયુષ્મન્, અહીં જ હતો."
"ભન્તે, તમે વાદળોની ઘટા અને વીજળીનો ચમકાર ન જોયાં?"
"ના આયુષ્મન્, ન જોયાં."
"ભન્તે, વીજળીનો કડાકો સાંભળ્યો?"
"ના આયુષ્મન્, વીજળીનો કડાકો પણ ન સાંભળ્યો."
"ભન્તે, શું સૂઈ ગયા હતા?"
"ના, આયુષ્મન્, હું સૂતો નહોતો."
"ભન્તે, ભાનમાં હતા?"
"હા આયુષ્મન્, ભાનમાં હતો."
"તો ભન્તે, તમે ભાનમાં જાગતી સ્થિતિમાં ન ગરજતાં વાદળો જોયાં, ન વીજળીને ચમકતી જોઈ, ન તેના પડવાનો કડાકો સાંભળ્યો?"
"બરોબર છે, આયુષ્મન્...!"

વરસાદ સંબંધી બુદ્ધની સૌથી હૃદયસ્પર્શી કથા છે ગોવાળ અને તેમની વચ્ચેનો સંવાદ.

વરસાદની રાત છે. બુદ્ધ એક ગોવાળની ઝૂંપડીની ભીંતને અઢેલીને ઊભા છે. સખત વરસાદ પડે છે. પવન ફૂંકાય છે. ગોવાળ ઘરમાંથી બુદ્ધને જુએ છે. બોલી ઊઠે છે: "હા, હા, પીળાં કપડાં પહેરનારા, ત્યાં જ ઊભા રહીને પલળ. તું એ જ લાગનો છે."

અને પછી ગૌતમ-ગોવાળ-સંવાદ શરૂ થાય છે.

ગોવાળ: મારું ધાન રંધાઈ ગયું છે, ગાયો દોહવાઈ ગઈ છે, નદીને કાંઠે મારા સ્વજનો સાથે હું વસું છું, મારી ઝૂંપડી છાવરેલી છે, દેવતા બરોબર સળગે છે માટે હે મેઘ તમતમારે મન મૂકીને વરસો.

બુદ્ધ: ક્રોધનો કાંટો મેં કાઢી નાખ્યો છે. માર્ગના આવરોધ હટાવી દીધા છે, આ નદીને કાંઠે એક રાત પૂરતી મારી સફર છે. મારી ઝૂંપડીને કોઈ છાપરું નથી ને મારી તૃષ્ણાની આગ બુઝાઈ ગઈ છે. માટે હે મેઘ તમે ઈચ્છો તો મન મૂકીને વરસો.

ગોવાળ: આહીં બગાં જેવી જીવાત દેખાતી નથી. ઘાસથી ભરપૂર બીડમાં ગાયો ચરે છે. વરસાદની ધારા તેઓ ખમી શકે તેમ છે, માટે તમે ઈચ્છો તો હે મેઘ, મન મૂકીને વરસો.

બુદ્ધ: લાકડાંને મજબૂત બાંધી મેં બે કાંઠે છલકતી નદી પાર કરવા તરાપો બનાવ્યો હતો. હવે પૂરને ઓળંગી હું બહાર આવી ગયો છું માટે હે મેઘ, તમે ઈચ્છો તો મન મૂકીને વરસો.

ગોવાળ: મારી પત્ની વફાદાર છે. તે ઘણા સમયથી મારી સાથે રહેતી આવી છે. એ ભલી ને વહાલી છે. કોઈ તેનું ખરાબ બોલે તેમ નથી. માટે તમે ઈચ્છો તો હે મેઘ, મન મૂકીને વરસો.

બુદ્ધ: મારું મન કલ્યાગરું છે ને મુક્ત થયેલું છે. ઘણા સમય સુધી મેં એને કેળવ્યું છે ને મારી ઈચ્છા મુજબ ઘડ્યું છે. મારામાં હવે કશું હીણું રહ્યું નથી. માટે તમે ઈચ્છો તો હે મેઘ, મન મૂકીને વરસો.

આ પ્રમાણે સંવાદ ચાલે છે. ગોવાળ પોતાનાં ભૌતિક સુખ, સલામતી, સગવડોનું વર્ણન કરે છે, તેની સામે બુદ્ધની પોતાની આધ્યાત્મિક સ્વતંત્રતા, સ્વ-આધારિતતા અને આંતરિક નિર્ભયતા તથા મુક્તિની વાત કરે છે. છેલ્લે ગોવાળ પોતાનાં ગાય-વાછરડાં-આખલાની વાત કરે છે ત્યારે બુદ્ધ કહે છે:

"મારી પાસે ગાયો નથી. વેલો ચાલુ રાખતાં વાછરડાં નથી કે ધણનો અધિપતિ આખલો નથી, તેથી હે મેઘ, તમે ઈચ્છો તો મન મૂકીને વરસો.

"મારી ઈન્દ્રિયોને વશ રાખતા ખીલા ઊંડે ધરબાયેલા છે. મારે કમરે બાંધેલી મુંજની દોરી ઓટલી મજબૂત છે કે કોઈ ઈચ્છાનો વાછરુ એને તોડાવી શકે તેમ નથી... હું પોતે જ એ આખલો છું. જેણે બધાં બંધનો તોડી નાખ્યાં છે. મદોન્મત્ત ગજરાજ જેમ વેલનાં ગૂંચળાં તોડી નાખે એમ મેં બધાં બંધનોને ઉચ્છેદી નાખ્યાં છે. મારે હવે ફરી જન્મ લેવાપણું રહ્યું નથી, માટે હે મેઘ તમે ઈચ્છો તો મન મૂકીને વરસો.

બુદ્ધ આમ કહેતાં મેઘ બમણા વેગથી તૂટી પડ્યો. ગોવાળે એ જોયું. તેણે મનોમન કહ્યું: આ મહાપુરુષને મેં જોયા આ મારું સદ્ ભાગ્ય છે. અને તેણે બુદ્ધના શિષ્ય થવાનું નક્કી કર્યું. ત્યાં માર આવ્યો ને ગોવાળને કાનમાં કહ્યું: "જેને પુત્રો છે તે પુત્રોમાં ને જેને ગાયો છે તે ગાયોમાં સુખ ભોગવે છે. આ આનંદ માણસને જીવન સાથે સાંકળે છે, પણ જેને આવી આનંદની દોરી નથી તેને આનંદ મળતો નથી."

બુદ્ધે ત્યારે કહ્યું: "જેને પુત્રો હોય તેને પુત્રોને કારણે અને જે ગાયોનો માલિક છે તેને ગાયોને કારણે મુશ્કેલી ભોગવવી પડે છે. માલિકી જ માણસને દુ:ખના ખાડામાં નાખે છે. જે પુનર્જન્મ સાથે બાંધતી કશી વસ્તુનો માલિક નથી, તે માણસ સુખી છે."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

અભ્યાસ-વર્તુળ

વક્તા : શ્રી મનુભાઇ ચાવડા
વિષય : હાથ લંબાવો – ઈશ્વર આ રહ્યો!
સમય : તા. ૩૦-૭-૮૧ ગુરૂવાર, સાંજે ૬-૧૫
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવા વિનંતી.

લિ.
સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ વર્તુળ

"આનંદઘનજીની મસ્તી"

[] અમૃતલાલ ગોપાણી

પિયા વિન સુધ બુધ મુંદી હો;
વિરહ-ભુયંગ નિસા સમે, મેરી સેજડી ખૂંદી હો,
પિયા- (૬૨)

અધ્યાત્મ યોગીઓના શિરતાજ આનંદઘનજીનું આ પદ છે. આ મસ્ત મહાત્માના એક મોઢે તો શું, હજાર મોઢે પણ વખાણ થઈ શકે તેમ નથી. એમના નિજાનંદનો ખ્યાલ કરીએ ત્યારે એમની અદેખાઈ આવે અને આપણને એ દશા કયારે પ્રાપ્ત થશે એનો વિષાદ પણ થાય. આડું-અવળું રખડ્યાનો આજંપો થાય પણ એથી હતાશ થયા વિના કમર કસવાનું પણ એ જ આનંદઘનજી ઉદ્બોધે છે અને આ સિવાય બીજો કોઈ રસ્તો જ નથી એ હકીકત હોઈ કાલે નહિ તો આજે અને આજે નહિ તો આત્યારે શા માટે કામે ન લાગી જવું? ભગવાને કહ્યું છે "સમયં ગોયમ! મા પમાય એ!" ગૌતમ! એક સમય માત્રનો પણ પ્રમાદ ન કરીશ.

ઉપરના પદમાં ચેતનાને (શુદ્ધ ચૈતન્યને) મૂર્તિમન્ત કલ્પી છે. ચેતના પત્નીના લેબાસમાં આપણી સામે ખડી થાય છે. એ પત્ની પણ એક વિરહિણી જેવી. એ વિરહિણી પણ લેભાગુ નહિ; પતિને, સર્વસ્વ-મન, વચન અને કાયા, બધું જ–આપી ચૂકેલી એવી. પતિને વિભાવદશામાં રખડતો કલ્પ્યો છે. સર્વજનોનું હિત જેના હૃદયમાં વસ્યું છે એવી પત્ની પતિના પરિભ્રમણથી, રખડપટ્ટીથી રંજ પામે છે. પૌદ્ગલિક વિલાસમાં, રાગ-દ્વેષના પરિણમનમાં અને અહંના વળગાડમાં તલસતા પતિ ઉપર પત્નીને કરુણા આવે છે. પણ પતિને તો બીજું કાંઈ સૂઝતું હોય તો ને? ભૌતિક સુખમાં ગળાડૂબ પતિ ઘરે આવવાનું જ ભૂલી ગયો છે. મનુષ્યની પણ એ આવળચંડાઈ છે કે એ પડવા માંડે ઓટલે એ પડ્યે જ રાખે. ચેતનાની દશા પતિવ્રતા, વિરહિણી પત્ની જેવી કઢંગી. થાય છે. પતિ કયારે પાછો આવે અને કયારે એને સમજાવું-એ માટે એ તલપાપડ થઈ રહી છે. દયાનો દરિયો હેલે ચડે છે, પણ એમાં કોઈ નહાઈ પવિત્ર થનાર હોય તો ને? છેવટે વ્યથા માઝા મૂકે છે ઓટલે સ્વાનુભવરૂપી મિત્ર કને હૈયું ઠાલવે છે. સુદૃઢ રીતે બાંધેલો અને ચોતરફથી સંરક્ષાયેલો બંધ પણ પાણીના વેગથી તૂટી જાય છે. ઓટલે ભાવના ભારને હલકો કરવા ચેતના અનુભવ મિત્ર પાસે હૈયાવરાળ કાઢે છે. મિત્ર પણ કેવળ સુખનો જ સાથી નહિ પણ દુ:ખનો પણ ભાગી હોવો જોઈએ. ઓટલું જ નહિ પણ મિત્ર સાથે તાદાત્મ્ય સાધી મિત્રના ઘાવ ઉપર મલમપટ્ટા બાંધે છે અને એ રીતે એ રુઝવવાનો પ્રયત્ન પણ કરે છે. હમેશાં આવી અનુભવ મિત્ર ચેતનાની રામકહાણી સાંભળે છે. એ હૈયાની હૂંફ આપે છે. ચેતનાને ઠંડક વળે છે, પણ રાત્રે પ્રથમના જેવી સ્થિતિનું પુનરાગમન થઈ જાય છે. દિલાસાના કામચલાઉ થીગડાં કયાં સુધી ચાલે?

એક રાતે તો ચેતનાએ સુધ, બુધ પણ ગુમાવી દીધી અને અનુભવ મિત્ર પાસે ઊભરો ઠાલવતાં કહ્યું, "પિયા વિન સુધ, બુધ મુંદી હો..."

અહીં આપણને એક વિચાર સહજ રીતે જ આવે. આનંદઘનજીને વિરહિણીનું જ પ્રતીક મળ્યું? એ શંકાનું સમાધાન બે રીતે થઈ શકે. આનંદઘનજી ભાવથી પર બની ગયા હતા. દશ્ય જગત એમને એકાકાર ભાસતું હતું. નિર્દ્વન્દ્વ અવસ્થાએ એ પહોંચી ગયા હતા. એ નિર્લેપ હતા અને પ્રતીક પણ એવું પસંદ કરવું જોઈએ જે સંપૂર્ણ રીતે બંધબેસતું હોય અને સામાન્યજન પણ સમજવાની મહેનત કર્યા વિના સમજી જાય. પ્રતિભાનું આ લક્ષણ છે અને આનંદઘનજીનું પ્રતિભા એક રમકડું હતું. ખંડોપમાનો નહિ, પણ પૂર્ણોપ-

માનો જ ઉપયોગ આનંદઘનજીઓ જ્યાં, ત્યાં સર્વત્ર કર્યો છે. એમની તત્ત્વદૃષ્ટિની તો વાત જ ન થઈ શકે પણ કાવ્યમયતા પણ એમની અપૂર્વ હતી. નિજાનંદમાં ડોલતા આવા ચોલિયા જગતે જાણ્યા છે અને જોયા છે ઓછા.

કોઈ પણ બાબતમાં ઓતપ્રોત, ઓકરસ થઈ જઈએ ત્યારે ચિંતનીય પદાર્થ વિના બીજું બધું અદૃશ્ય થઈ જાય છે. નિર્વિકલ્પ સમાધિ પહેલાની આ દશા છે એટલે જ આનંદઘનજીઓ શુધ, બુધ શબ્દ વાપર્યા છે. "હું શુદ્ધ છું–એક આત્મા જ છું" એવું ભાન ગુમાવી દીધું. "હું આત્મા છું-અનાત્મા નથી" એવી વિવેકબુદ્ધિ પણ ખોઈ નાખી. કેવળ પ્રેમાકાર છું. ચેતના આ પ્રમાણે અનુભવમિત્રને કહે છે. વિભાવરૂપી પતિ ગમે તેવા હોય પણ મારું એકાકાર સ્વરૂપ, પ્રેમીકાર સ્વરૂપ કેમ છોડી શકું? વિરહરૂપી પરપુરુષે આવી (અહિંઆ ભુજંગનો અર્થ સર્પ લેવાને બદલે ભુજંગનો જે બીજો અર્થ-જારપુરુષ છે તે લઈએ તો?) મારી સાથે રમણ કરતાં કરતાં મારી શુદ્ધ-ચૈતન્યમય પથારી ચૂંથી નાખી. સર્પ અર્થ લઈએ તો વિરહરૂપી સર્પના ડંખે શુદ્ધિ-બુદ્ધિ ગુમાવી બેઠી એ કહી શકાશે, પરંતુ "સેજડી ખુંદી લો" સમજાવવામાં વિપત્તિ પડશે. જે અર્થ લેવો હોય તે પરંતુ હાર્દ પામવામાં, પકડવામાં વાંધો નહિ આવે. મેં તો પૂર્ણોપમાને ઘટાવવાની દૃષ્ટિએ લખ્યું છે. ઉપરાંત, પદમાં "ખુંદી" શબ્દ લીધો છે. એનું એક પાઠાંતર "ખુદી" પણ છે. મને આ આ પાઠાંતર વધારે સારું લાગે છે અર્થાત્ "ખુદી" એટલે ખોઈ દીધી એવું લેવું. આપણે "ખોદી" એવું હિંદીમાં બોલતા સાંભળીએ છીએ.

પદનો અર્થ કરતી વખતે અનુભવમિત્ર એમ કહ્યું છે. એ "ચૈતન્ય" શબ્દ લઈએ તો બંધબેસતું થાય પણ "ચેતના" અર્થ લેવો હોય (આ વધારે યોગ્ય છે) તો "ચેતના" પોતાનો પ્રિય સખી સમતાને સમબુદ્ધિને-ચેતના વાત કરે છે એમ લેવું વધારે સારું.

આખરે નિષ્કર્ષ આ નીકળે છે. ચેતના ચૈતન્ય (શુદ્ધ ચૈતન્ય)ની પત્ની છે. ચૈતન્ય રાજ બહાર પધાર્યા છે–આત્મારૂપી મંદિરની બહાર પધાર્યા છે; પરદેશ સીધાવ્યા છે એટલે કે વિભાવમાં ચાલ્યા ગયા છે. એને પાછા વાળવા છે. ચેતનાને પતિને માટે લાગણી થઈ આવે છે. કેમ ન થઈ આવે? પોતાની ભાવાવસ્થા વીંખાઈ ગઈ છે. એનું આ પદમાં વર્ણન છે. વિભાવમાંથી પતિદેવને સ્વભાવમાં પાછા વાળવા છે. જેટલો સમય સ્વભાવમાંથી વિભાવમાં ચાલ્યા જવામાં લાગે તે સમયને વિરહ તરીકે ગણાવ્યો છે. સ્વભાવ પરિણતિ ઝૂરી ઝૂરીને મરી રહી છે અને વિભાવ પરિણતિ જોઈતી નથી. આ પ્રતીક યોજી આનંદઘનજીએ, જે કહેવું હતું તે બધું, કહી દીધું છે. આમ જો જોવા જઈએ તો સ્વભાવ પરિણતિ અને વિભાવ પરિણતિ એક સિક્કાની બે બાજુ જ છે. છતાં પ્રતીકથી સમજાવવામાં આનંદઘનજીએ સરળતા કરી આપી છે.

ભવ્ય જીવને મોક્ષની આશા છે; અભવ્યને નહિ. અહીં વાત પણ ભવ્ય જીવની જ છે. આગળના પદમાં આનંદઘનજીએ વિરહિણી પતિવ્રતાના રાત્રીજીવનનું વર્ણન કર્યું છે. અહીં નીચે લખેલ પદમાં એમણે એના દૈવસિક જીવનનો નિર્દેશ કર્યો છે:–

ભોયણ પાન કથા મિટી,
કિસકું કહું સુધી હો?
આજકાલ ઘર આવનકી,
જીઉ આસ વિલુદ્ધી હો.
પિયા-૬૩॥

આત્મમંદિરમાં બિરાજતા ચૈતન્ય દેવને ઉર્ફે ચેતનાને વિરહિણી પતિવ્રતા સ્ત્રી સાથે સરખાવી એના રાત્રીના હાલહવાલની વાત કરી પણ દિવસે એની શું દશા થાય છે એ પ્રસ્તુત ઉપરના પદમાં કહેવામાં આવ્યું છે. રાત્રી પછી દિવસની વાત કેમ કરી? દિવસની વાત તો પહેલાં આવે એનો ખુલાસો એ છે કે વિરહિણી પતિવ્રતાની પરિસ્થિતિ દિવસ કરતાં રાત્રીમાં વિશેષ બગડે છે. એટલા માટે યોગીરાજે પહેલાં રાત્રીનો નિર્દેશ કર્યો અને પછી દિવસનો. ચેતનાનો એક પણ સમય ઉપયોગ વિના જતો નથી એટલે રાત્રીની વાત કરે અને દિવસની ન કરે તો અપૂર્ણતાનો દોષ આવે. એ ટાળવા પ્રસ્તુત પદ એમણે કહ્યું છે.

તદ્રૂપ બની ગયેલા જીવને, ચૈતન્યદેવને, ચેતનાને એક જ લગની લાગી છે કે પરદેશે સીધાવેલા પતિ ચૈતન્યદેવ પાછા ક્યારે પધારે? અર્થાત્ વિભાવાવસ્થા ટળી સ્વભાવાવસ્થા ક્યારે પ્રાપ્ત થાય, એના જ વિચારમાં ઓતપ્રોત થઈ ગયેલ ચેતનાને બીજું કાંઈ પણ વિચારવાનું એક સમય માટે પણ શક્ય નથી.

ખાવા, પીવાનું સાંભરે છે જ કોને? આહાર, નિદ્રા અને ભય તો મૂળથી જ–જન્મથી જ સૌને વળગ્યા છે. એણે કોને છોડ્યા છે? પણ અહીં તો એ સાંભરે છે જ કોને- એવું કહી ચેતનાની સ્વભાવાવસ્થા માટેની ઉત્કૃટ ઝંખનાનું વર્ણન છે. મારું દુઃખ તો એવડું મોટું છે કે ખાનપાનનું દુઃખ એમાં સમાઈ ગયું છે. આવી સીધી-સાદી વાત કહેવાની પણ મને ક્યાં ફુરસદ છે? હું તો એક જ આશાતંતુને વળગીને મારું જીવન ગુજારી રહી છું. વિભાવપરિણતિ જશે અને સ્વભાવ પરિણતિ પુનઃ સ્થપાશે એની મને ખાતરી છે અને એટલે જ હું એ આશામાં અને આશામાં સમય ગુજારું છું. "આસા આગાસસમા અણંતિયા"– આશા આકાશ જેવી અનંત છે, પણ અહિં આનંદઘનજીએ જે આશાનો ઈશારો કર્યો છે એ સાચી આશાનો કર્યો છે; ઠગારીનો નહિ. ચેતનાને એ આવશે એની પ્રતીતિ છે પણ ક્યારે આવશે એની ખબર નથી. એને પાછી ખેંચી લાવવાનો અથાક પ્રયત્ન ચાલુ છે, આત્મામાં અનંતવીર્ય છે એ ન્યાયે.

ખાવા, પીવાનું છોડી દેવામાં આવે એટલે કે એ આપોઆપ જ છૂટી જાય એ વાત એવી છે કે એ સૌ કોઈ જાણે જ એટલે એવી વાતને આનંદઘનજીએ સૂધી અર્થાત્ સીધી, સાદી વાત કહી છે. એ કાંઈ ગુપ્ત રહી શકે નહિ.

આત્મસ્થ દશાના સાતત્યની જોરદાર હિમાયત આનંદકંદસમા આનંદઘનજીએ ઉપરના બાસઠમા અને તેસઠમા પદમાં કરી છે આ હકીકત ઉપર ભાર દઈ આ લેખ પૂરો કર્યો છે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વખતે તા ૨૬-૮-૮૧ થી તા ૩-૯-૮૧ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. બાકીની વિગતો હવે પછી પ્રગટ કરવામાં આવશે.

કે. પી. શાહ
ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિને મળેલી ભેટની રકમો

રૂ.	
૫૦૧	શ્રી વિનય વી. એમ. સરૈયા
૫૦૧	,, જી. પુ. મહેતા પબ્લિક ચેરીટી ટ્રસ્ટ
૨૫૧	,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧	,, ભાઈલાલ મનસુખલાલ મણિયાર
૨૫૦	,, હર્ષદ ભાઈલાલ મણિયાર
૨૫૦	,, કાંતિલાલ ઝુમચંદભાઈ ભણસાલી
૨૦૧	,, લીલાવતીબેન રતિલાલ ચીમનલાલ કોઠારી
૨૦૦	,, રસિકલાલ શાન્તિલાલ શાહ મારફત સિલાઈના મશીન માટે
૧૫૦	,, સ્વ. શેઠ વલ્લભદાસ લક્ષ્મીચંદના પુત્રો તરફથી
૧૦૮	,, રૂા. ૨૫/-ની નીચેની રકમ
૧૦૧	,, લલિતભાઈ સચદે
૧૦૦	,, પ્રભાવતીબેન ડી. મહેતા
૬૧	,, દ્વારકાદાસ કે. શાહ
૨૯૨૫	

અંધ વિદ્યાર્થીઓ

૬૦૦	શ્રી રમાબેન વોરા
૩૦૦	,, મંજુલાબેન
૩૦૦	,, ધીરજલાલ ફૂલચંદ શાહ
૩૦૦	,, મહેન્દ્રભાઈ ભાઈલાલભાઈ વોરા

કેટલાં થયાં ૬૦, ૭૦, ૮૦ ?

□ રંભાબેન ગાંધી

પંચાવન, અઠ્ઠાવન કે સાઠ વર્ષે નોકરીમાંથી નિવૃત્ત કરે કે પુરૂષોને લાગવા લાગે કે ખલાસ, હવે તો ઘરડા થયા, હવે શું કરવાનું, હાથમાં માળા લઈને બેસી જવાનું અગર સાંજ પડયે એવા જ નિવૃત્ત થયેલાનાં ટોળામાં બેસીને નકામી વાતોમાં સમય વીતાવવાનો.

સ્ત્રીઓને તો ૪૦ થયાં કે લાગવા માંડે કે ઉંમર થઈ, હવે તો શું અને એમાં બજારમાં જાય ને પેલો ફળફૂલવાળો કે શાકભાજીવાળો જ્યાં માજી કહેવા માંડે કે ખલાસ, માની લે કે હવે તો ઉંમર થઈ, હવે શું કરવાનું. ધર્મધ્યાન કરો કે ઘેર બેઠાં માળા ફેરવો.

જ્યારે વિજ્ઞાને માનવીની ઉંમર વધારી દીધી છે ત્યારે ૪૦, ૫૦, ૬૦ એ તો અર્ધે રસ્તે જ પહોંચ્યા એમ ગણાવું જોઈએ.

મુંબઈમાં એક ક્લબ કાઢી છે. ટેનિસ રમનારાઓ માટે, ઓ ક્લબનું નામ આપ્યું છે "ઓવર ફિફ્ટી ફાઈવ" અર્થાત ૫૫ થયા હોય તે જ એ ક્લબમાં જોડાઈ શકે, મારા પતિની ઉંમર ૮૦ની છે, એ ક્લબમાં નિયમિત ટેનિસ હજી પણ રમે છે અને કોઈવાર તો જીતીને ઈનામ પણ લાવે છે.

આપણા માનીતા ચીમનભાઈ મારા પતિ કરતા છ મહિના જ નાના છે, બહુ ફેર નથી એટલે એમની ઉંમર પણ એટલી જ. છતાં જુઓછોને એમના જીવનની પ્રવૃત્તિઓ, આજે મુંબઈમાં હોય તો કાલે મોરબીમાં, પરમ દિવસે લીંબડી ને પાણશીણામાં તો કોઈવાર યુરોપમાં. જ્યાં કામ પડે ત્યાં એ હાજર જ હોય.

ઉપરાંત રોજનું એમનું ઓફિસનું કામ એટલું જ કરે છે, વાંચન લેખન ચાલુ જ છે. અનેક મિટિંગોમાં હાજરી આપે છે. અનેક સંસ્થાઓનો ભાર માથે છે, છતાં કદી મોં પર વિષાદ જોયો નથી કે હવે તો ઉંમર થઈ એ શબ્દો સાંભળ્યા નથી. અને એ તો શું આપણને પણ એમની ઉંમર થઈ એવું યાદ પણ રહેતું નથી માટે જ તો એમના પર અનેક જાતના બોજા લાદયા જ કરીએ છીએ અને એ હસતા હસતા ઉપાડયે જાય છે. આવું જોયા પછી ૪૦ કે ૫૦ની ઉંમરે આપણે કઈ રીતે કેહી શકીએ કે હવે તો ઉંમર થઈ. રોટરી ક્લબ ગામેગામ ચાલે છે, એ એક પત્ર કાઢે છે તેમાં એક લેખ આવ્યો છે, લેખના લખનારનું નામ છે "પેગી ઈગ્રેશામ." એ લખે છે કે એક દા'ડો મને વિચાર આવ્યો કે કોઈ વ્યકિત નિવૃત્ત થવાની ઉંમરે પહોંચે છે ત્યારે એને શું થતું હશે. નિરાશા થતી હશે કે એમને કોઈએ કહેલું પેલું વાક્ય કે "ખરું જીવન તો ૭૦માં વર્ષે શરૂ થાય છે" તે યાદ આવતું હશે અને પ્રવૃત્તિમય રહેતા હશે !

આ વિચાર આવતાં જ થયું કે એ ઉંમરનાને મળુ અને જાણી લઉં તો ફ્રેમ! આવો વિચાર આવવાનું કારણ મારી ઉંમર જ, હું પણ એ જ ઉંમરે પહોંચ્યો છું.

વિચાર થાય છે કે જન્મથી મૃત્યુ સુધીની યાત્રા કેવી છે! એક સપાટ જમીન પર ચાલ્યા કરો તેવી કે એક ઊંચા શિખરે પહોંચી જાઓ તેવી? તો જવાબ મળે છે કે એક જ ઊંચું શિખર નથી, એ યાત્રામાં નાનાં નાનાં શિખરો જેવી ચાર-પાંચ ટેકરીઓ છે. કહો કે તબક્કા છે.

એક વ્યકિત ૧૫ની ઉંમરે હોય તે ૩૦ની ઉંમરે ન હોય, ૩૦ની ઉંમરે જેવી હોય તેવી ૫૦ની ઉંમરે ન હોય, ૭૦ની ઉંમરે જુદા જ વિચાર ધરાવતી થઈ હોય, અને જન્મથી મૃત્યુ સુધીની યાત્રા તો છે જ અને તેમાં વર્ષો તો વીતે જ. ૫૦ થાય, ૬૦ થાય, ૭૦ થાય, ૮૦ થાય એ તો એનો ક્રમ છે જ એમાં દુખ, હતાશા અને નિરાશા શાને ?

એ લેખક લખે છે કે "૪૦ ઉમ્મરે મારામાં અમુક બાબતોમાં નિર્ણય લેવાની શકિત હતી તે કરતા આજે ૬૦ની ઉંમરે વધુ સારી છે. એ નિર્ણયોમાં ઠરેલપણું આવ્યું છે, એમાં અનુભવનું ભાથું છે, ડહાપણ છે, શાણપણ છે.

આવો વિચાર મને મારી જાત માટે આવતા થયું કે ચાલો મારી ઉંમરના મારા બીજા મિત્રોને મળું અને એમના વિચાર જાણું. મિત્રોમાં પ્રોફેસરો હતા, વિદ્વાનો હતા, વૈજ્ઞાનિકો હતા, એ બધાને મળવા લાગ્યો, પૂછવા લાગ્યો અને એ બધાનો મત એમ જ થયો કે ૬૦,૭૦, ૮૦ની ઉંમર થઈ એટલે એ તો ઘરડા થયા, નાખો ગોદામમાં એવું નથી જ.

આ વિચારધારા ચાલી રહી હતી તે જ વખતે આ લેખકના હાથમાં ૧૯૭૭ જૂન મહિનાનું રીડર્સ ડાયજેસ્ટ આવ્યુ, એમાં ઉમ્મર વિષે જ લેખ હતો અને એમાં લખ્યું હતું કે "માણસનું મન અને શરીર બન્નેમાં નવી શકિત પેદા કરવાની અગાધ શકિત ભરેલી છે. માનવી વગરકારણે ઉંમરની હાયમાં રહીને જાતને મૂરઝાવી દે છે.

આ વાત વાંચીને ભૂતકાળની વ્યકિતઓ વિષે વિચારવા લાગ્યો અને જોયું તો પ્લેટોઓ ૬૦નો થયા પછી experiment with polites શરૂ કર્યું હતું અને ૭૯ના થયા પછી એમાંના છ મોટા વાર્તાલાપો લખ્યા હતા.

૭૦ વર્ષની ઉંમરે સોક્રેટિસે પ્રશ્નો પૂછવાનું ચાલુ જ રાખ્યું હતું અને જો પેલા બુદ્ધિહીનોએ એમને ઝેર આપીને મારી ન નાખ્યા હોત તો કોણ જાણે કેટલાં વર્ષો સુધી એ કાર્ય કર્યા જ કરત.

ચર્ચિલ યુદ્ધ જીત્યા, ભારે બોજો વહન કર્યો અને હારની બાજી જીતમાં ફેરવી નાખીને વી ફોર વિકટરી. કહીને પેલી બે આંગળીઓ બતાવી ત્યારે એમની ઉંમર ૬૬ વર્ષની હતી.

અમેરિકાનો હાસ્યનટ બોબ હોપ, ૭૦નો છે, છતાં દુનિયાને હસાવતો જ રહ્યો છે. ઘણા ઘણા માનચાંદ એણે મેળવ્યા છે. આ લેખકે એને પૂછ્યું કે ૭૦ની ઉંમરે કેવું લાગે છે તો એણે જવાબ આપ્યો કે હું શું ૭૦નો થઈ ગયો છું મને તો હજી હું ૪૦નો જ લાગું છું.

આ યુગમાં પશ્ચિમના પવને યુવાનીને જ મહત્ત્વ આપવા માંડયું છે તેથી જ આપણે કોઈ ૬૦, ૭૦ કે ૮૦ની ઉંમરનાને લાકડી લીધા વિના, સીધા ચાલતા જોઈએ તો કહીએ છીએ કે તમારી ઉંમર જોતાં બહુ સારું કહેવાય હોં ભાઈ, અને સાંભળનાર ખુશ થાય છે, પરંતુ આ ખ્યાલ જવો જોઈએ.

આપણા ભૂતકાળ તરફ નજર કરીએ તો વાલ્મીકિ, વશિષ્ઠ, દ્રોણ વગેરેને યુવાન કલ્પી શકો છો! નહિ ને! ત્યારે ઉમ્મરની મહત્તા હતી, ઉંમર થઈ તેથી તો વધુ સન્માને લાયક ગણાતા.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરને સફેદ દાઢી વીના કલ્પી શકો છો! એ જ કવિવરે ૭૦ની ઉંમરે ખગોળશાસ્ત્ર વિષે એક પુસ્તિકા લખી, કયાંથી લાવ્યા એ શકિત, નવા ક્ષેત્રમાં ઝંપલાવવાની!

પેલા સલીમઅલી, સફેદ દાઢીવાળા, જેણે આખું જીવન પંખીઓનો અભ્યાસ કરવામાં જ વીતાવ્યુ છે તે આજે ૮૫ વર્ષના છે છતાં વિચારે છે કે ફરીવાર કૈલાસ જઈ શકું, ફરી માનસરોવરના પંખીનો અભ્યાસ કરી શકું તો સારું.

આપણા રવિશંકર મહારાજ આજે અશકત છે, પણ કેટલા વર્ષો સુધી એક યુવાનને શરમાવે તે રીતે કાર્યરત રહ્યા, વિનોબા ભાવે આ ઉંમરે પણ ભેજું એટલું જ ચાલે છે.

સ્વર્ગસ્થ પંડિત સુખલાલજી છેલ્લે સુધી કાર્યરત રહ્યા હતા હા, છેલ્લા વર્ષોમાં મળતા ત્યારે કહેતા કે હવે બહુ આંધરા વિષયો પર ધ્યાન દેતાં થાકી જવાય છે, પણ એ કેટલા મે વર્ષે એવું બોલ્યા હતા તે તો વિચારો.

જો અંદરથી ચેતના હોય અને સદાયે ઉદ્યમી રહેતા હોઈએ સદાયે કંઈને કંઈ ઉપયોગી કાર્ય કરતા રહીએ, નાના સાથે મળતા રહીએ, વિષાદ હટાવીને હસતા રહીએ, તો પેલો કાળ ભગવાન પણ વરસ ગણતા ભૂલી જાય તે શકયતા છે.

મેઘદૂત

□ પ્રો. અરુણ જોષી

કવિતા કામિનીનો વિલાસ એટલે મહાકવિ કાલિદાસ એમ કહીને, જયદેવે પ્રસન્નરાઘવ નામના સંસ્કૃત નાટકમાં કવિ કુલગુરુ કાલિદાસને સુયોગ્ય અંજલિ આપી છે. રસસિદ્ધ કવિ કાલિદાસના યશદેહને અમરતા બક્ષવામાં જેટલો ફાળો શાકુન્તલનો કે રઘુવંશનો છે, તેટલો જ, બલ્કે વિશેષ ફાળો મેઘદૂતનો છે. મેઘદૂત નામના આ ઊર્મિકાવ્ય અથવા ખંડકાવ્યની મોહિનીથી અનેક સાહિત્યરસિકોને અવર્ણનીય આનંદ પ્રાપ્ત થયા કર્યો છે. કથાનકની દૃષ્ટિએ જોઈએ તો મેઘદૂતનું અત્યંત અલ્પ પ્રમાણનું કથાનક આ પ્રમાણેનું છે:

પોતાની ફરજમાંથી ભ્રષ્ટ થવાને કારણે, અલકાનિવાસી યક્ષને તેના સ્વામી કુબેરે શાપ આપ્યો. પરિણામે તે યક્ષને, પોતાની પત્નીથી એક વર્ષ માટે વિખૂટા પડવાનું થયું એટલું તો ખરું જ પણ તેનો મહિમા પણ નષ્ટ થયો. વિરહનો અસહ્ય કાળ, રામગિરિના આશ્રમોમાં તે પસાર કરતો હતો તેવામાં, અષાઢ માસની શરૂઆતમાં, તેણે એક વાદળને પર્વતના શિખરને આશ્લેષીને રહેલું જોયું. વિરહની વેદના વેઠતી પોતાની પ્રિયતમાના કુસુમ સદૃશ જીવનને ટકાવી રાખવાની તીવ્ર ઈચ્છા યક્ષના મનમાં જન્મી અને પરિણામે, સંતપ્તોના શરણરૂપ મેઘ સાથે, કુશળતાનો સંદેશો પાઠવવાનો તેણે સંકલ્પ કર્યો. પ્રશ્ન થાય કે, મેઘ કંઈ સંદેશો લઈ જાય? કવિએ કારણ આપતાં જણાવ્યું છે કે કામાર્તાઃ હિ પ્રકૃતિકૃપણાઃ ચેતનાચેતનેષુ અર્થાત્ કામથી પીડાયેલા માનવો ચેતન અને અચેતન વચ્ચેનો ભેદ પારખી શકતા નથી. યક્ષ પણ કામાર્ત હતો. તેણે મેઘને રામગિરિથી પોતાના, હિમાલયની ગોદમાં રહેલ, નિવાસસ્થાન સુધીનો માર્ગ વિગતે દર્શાવ્યો. પોતાની પત્નીની વિરહકાલની પ્રવૃત્તિઓનું બયાન કરી બતાવ્યું અને છેવટે પોતાની પ્રિયતમાનું સદ્યઃપાતિ જીવન ટકી રહે એવો, કુશળ સંદેશ પણ પાઠવ્યો. સંદેશ લઈ જનાર મેઘને, પોતાની પત્ની વિદ્યુતથી કદિ વિરહ ન થાય એવી નિજહૃદયની શુભેચ્છા પણ વ્યક્ત કરી.

આવા ટૂંકા કથાનકવાળા આ કાવ્યમાં, વિરહવ્યથા અનુભવતી યક્ષપ્રિયાનું અને તેની પ્રવૃત્તિઓનું વર્ણન કરીને, કવિએ માનવભાવો અંગેનું પોતાનું સૂક્ષ્મ જ્ઞાન પ્રકટ કર્યું છે. પ્રાચીન ભારતના ઉત્તર-પ્રદેશ ઉપર મંદાક્રાન્તા છંદમાં વહેતા આ જીવન રત્નોતે, અનેક સાહિત્ય-રસિકોને મંત્રમુગ્ધ કર્યા છે અને મહાકવિના મહિમાને દિગંત વ્યાપી કર્યો છે.

આવી સુંદર કાવ્યકૃતિ સર્વથા મૌલિક હશે? કવિએ તો એ અંગે કંઈ જણાવ્યું નથી. કાલિદાસની 'શાકુન્તલ' આદિ અન્ય કૃતિઓ તપાસતાં જણાય છે કે કવિએ પોતાની કૃતિઓનું બીજ, પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત કર્યું છે અને પછી, કલ્પનાના સાથિયા પૂરીને, પ્રતિભાના ચમકારાથી સ્થૂળ લાગતા કથાનકને અલૌકિકતા અર્પી છે. 'મેઘદૂત'નું બીજ અથવા આદિ કારણ તપાસીએ તો, 'બ્રહ્મ વૈવર્ત પુરાણ'નું કથાનક આવશ્યક સામગ્રી પૂરી પાડે છે. તે પુરાણમાં આવતી વાત મુજબ, શિવાલયમાં શંકરની આરાધના કરતા કુબેરે, પુષ્પો લાવવાનું કામ, હેમમાલી નામના યક્ષને સોંપેલું. પોતાની પ્રિય પત્ની, વિશાલાક્ષી નામની યક્ષિણીના, મોહપાશના ઘેનમાં મગ્ન બનેલો યક્ષ, સ્વામીની ફરજ બજાવવાનું ભૂલી જાય છે. આથી કોપાયમાન થયેલ કુબેર, યક્ષને શાપ આપે છે અને પરિણામે તે કોઢગ્રસ્ત બની જાય છે. આ નાનકડા કથાનકને, મેઘદૂતનું મૂળ ગણી શકાય. તેમાં હનુમાનને દૂત બનાવવાના પ્રસંગની વાલ્મીકિની યોજનાને અનુલક્ષીને અને પોતાને થયેલ કોઈ સમાન અનુભૂતિને સંમિશ્રિત કરીને મહાકવિ કાલિદાસે, 'મેઘદૂત'ની રચના કરી હોય એમ માનવામાં ઔચિત્યભંગ થતો નથી.

કાલિદાસની આ અમર રચનાથી મોહિત થયેલા અનેક કવિઓએ, અનુકરણનો માર્ગ અપનાવી આ પ્રકારનાં અનેક સંદેશ કાવ્યોનું સર્જન કર્યું. તેમાં ઘટકર્પર, વિક્રમ કવિ, વામન ભટ્ટ વગેરેની કૃતિઓ નોંધપાત્ર છે; પરંતુ આ બધાં અનુકરણોથી વિલક્ષણ અને મેઘ-દૂતના અનુસંધાનમાં જાણે કે લખાયું હોય એવું, મેઘપ્રતિસંદેશ નામનું કાવ્ય અનેરી ભાત પાડે છે. અનેક અલંકારોથી મંડિત આ કાવ્યના કર્તા રામશાસ્ત્રી દાક્ષિણાત્ય છે, મંદિકલ નામના સ્થાનમાં તેઓએ આ કાવ્યનું સર્જન કરી મેક્ષમૂલર જેવા વિદેશી વિદ્વાનો અને કૃપણરાજ જેવા ભારતીય વિદ્વાનોની પ્રશંસા ઈ.સ. ૧૮૫૦ના ગાળામાં પ્રાપ્ત કરી હતી.

કાલિદાસ રચિત મેઘદૂતમાંથી, આપણને જાણવા મળે છે કે યક્ષે પોતાની પ્રિયતમાને ધૈર્ય ધારણ કરાવવા માટે, કુશળતાનો સંદેશો પાઠવ્યો હતો. પોતાની પ્રિયતમાના વળતા સંદેશથી, પોતાને પણ આશ્વાસન પ્રાપ્ત થશે એવી આશા પણ, યક્ષને હતી જ. પણ યક્ષ પ્રિયાએ સંદેશો મોકલ્યો કે નહીં? આ અંગે કાલિદાસે, વાચકને કલ્પનાના આધારે વિહરતો રાખ્યો. એ કલ્પનાને સાકાર કરતું કાવ્ય, એટલે જ, શ્રી રામશાસ્ત્રી કૃત 'મેઘપ્રતિસંદેશ.' આ અભિનવ રચનાનું કથાનક આ પ્રકારનું છે.

યક્ષના સંદેશકથન દ્વારા, અલકામાં આવી પહોંચેલ મેઘ, યક્ષપ્રિયાને પ્રસન્ન કરે છે. બંને વચ્ચે, યક્ષની કુશળતા અંગે વિગત-પૂર્ણ વાર્તાલાપ થાય છે. મેઘની દિવ્યતાથી યક્ષપ્રિયા પ્રભાવિત થાય છે અને પોતાનો સંદેશો મેઘ, યક્ષને પહોંચાડશે એવી આશા વ્યક્ત કરે છે. એ પ્રતિસંદેશમાં, યક્ષપ્રિયા, યક્ષના સદ્ગુણોનું નિરૂપણ કરે છે. વિરહવ્યથા ખૂબ જ અસહ્ય બની છે એમ જણાવે છે. આવું ભારે દુઃખ ભોગવવું પડ્યું એ માટે પોતે પણ જવાબદાર હોવાથી પશ્ચાત્તાપ વ્યક્ત કરે છે. યક્ષ વગરનું ભવન નિસ્તેજ બન્યું છે એમ કહી, અભિજ્ઞાનની ગરજ સારે એવી અંગત જીવનની વાતો પણ મેઘને કહે છે અને અંતે બંનેનું મિલન શીઘ્રતાથી થાય, એવી પ્રાર્થના કરે છે. વિરહ વ્યથાથી પીડાઈને યક્ષો, રામગિરિનું સ્થાન તજી દીધું હશે એમ માની, સમગ્ર ભારતના કોઈ અજ્ઞાત ભાગમાં તે રહેલો હશે, તેથી ભારતના વિવિધ પ્રદેશોનું વર્ણન કરી, પોતાના સ્વામિને ગમે ત્યાંથી શોધીને, કુશળતાનો સંદેશો પહોંચાડવા આગ્રહભરી વિનતિ કરે છે. આ રીતે મેઘ સહાયભૂત થશે તેથી સહાય કાર્યના બદલામાં સૌદામિન્યા સહ વિચરતે સન્તુ સન્માંગલાનિ કહી, મેઘનું કલ્યાણ પણ વાંછે છે.

યક્ષા દંપતીની વિરહવ્યથાનો ખ્યાલ આવતાં, યક્ષા સ્વામિ કુબેર, અનુકંપાથી પ્રેરાઈ, પોતાનો રથ યક્ષને પાછો બોલાવી લાવવા માટે રવાના કરે છે અને આખરે વિરહી યુગલની વ્યથાનો અંત આવે છે.

આ કથાનક દ્વારા, સ્પષ્ટ થાય છે કે 'મેઘદૂત'ની અપૂર્ણ રહેલી કથાને સંપૂર્ણ રીતે રજૂ કરવા માટે, રામશાસ્ત્રીએ પ્રયાસ કર્યો છે. કવિ કાલિદાસને પણ, આવો પ્રતિસંદેશ અભિષ્ટ હતો એમ કહી શકાય કારણ કે પોતાની રચનામાં, યક્ષના મુખે કાલિદાસે જણાવ્યું છે કે તદ્ વચોથિઃ મમાપિ જીવિતં ધારયેથાઃ અર્થાત્ હે મેઘ, તેણીના ઉત્તરથી મારા જીવનને પણ તું ટકાવી રાખવા કોશિશ કરજે.

મેઘદૂતના અનુસંધાન સ્વરૂપે લખાયેલ આ કાવ્યના આયોજનમાં, પોતાની પ્રતિભાનો ચમત્કાર રામશાસ્ત્રીએ પ્રદર્શિત કર્યો છે. કાલિદાસની રચનામાં સર્વ પ્રથમ માર્ગ પ્રદર્શિત કરવામાં આવ્યો છે અને પછી સંદેશકથન કરવામાં આવ્યું છે, જ્યારે આ રચનામાં સંદેશકથન સર્વ પ્રથમ કરવામાં આવ્યું છે અને આ ફેરફાર ઉચિત પણ છે. વિરહ વ્યાકુળ યક્ષપ્રિયા જો આરંભમાં માર્ગદર્શન અંગેની વાત કરવા બેસે, તો તેનું સદ્યઃપાતિ હૃદય અંત સુધી ટકે ખરું? જો સંદેશકથન શરૂઆતમાં થઈ ગયું હોય, તો એ સંદેશ યથાસ્થાને પહોંચાડવાની આશા પ્રબળ બને; પરિણામે માર્ગનું વર્ણન સારી રીતે થઈ શકે. આવા ઔચિત્યસભર હેતુને લીધે, કવિએ કરેલો ફેરફાર, યોગ્ય જ લાગે છે અને મનોભાવને પારખવાની કવિની શક્તિનો પણ ખ્યાલ આપે છે. ફરીથી માર્ગ દેખાડવાની જરૂર ખરી? એવા પ્રશ્નનો ખુલાસો પણ કવિએ કર્યો જ છે. વિરહી યક્ષ એક સ્થળે ન રહી શકે. સ્થાન બદલતા બદલતા ભારતના ગમે તે ભાગમાં તે રહેતો હોય. એમ માની, મેઘપ્રતિસંદેશ માં સમગ્ર ભારતના ભૌગોલિક વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. આ બીજું પરિવર્તન પણ, ઔચિત્યયુક્ત જ ભાસે છે.

મેઘદૂતની જેમ, મેઘપ્રતિસંદેશ માં પણ બે વિભાગો પાડવામાં આવ્યા છે. પ્રથમ વિભાગ અથવા સર્ગમાં, યક્ષપ્રિયાની વિરહવ્યથાનો સુંદર ખ્યાલ આપવામાં આવ્યો છે. તે પોતે પોતાની દુઃખદ સ્થિતિનો ખ્યાલ આવતાં જણાવે છે કે શાપના પ્રસંગની યાદ દિલમાં દાહ પ્રજાળે છે. ભાવિ પ્રિયમિલનની અભિલાષાને કારણે જ પોતે જીવન ટકાવી રહી છે. યક્ષ વગરનું યક્ષભવન ખૂબ જ નિસ્તેજ લાગે છે. એ હકીકત કવિના શબ્દોમાં જોઈએ તો:

નાહારેऽपि પ્રણયતિ મનઃ શારિકાદારિકાऽસૌ
તુચ્છં પુચ્છં નમયતિ શિરવી શોકમૂકીકૃતોऽયમ્
શશ્વત સિક્તાऽપિ અનિશમયતે શુષ્કતાં પુષ્પવાહી
શામચ્છાયં ભવનમધુના ત્વદ્વિયોગેન નૂનમ્ ।।

અર્થાત્, મેનાએ આહાર છોડી દીધો છે. મયૂરા શોકને લીધે કૃશ બનીને ટહુકા પણ કરતો નથી, પુષ્પવાટિકા, દરરોજ જળસિંચન કરવા છતાં સૂકાઈ ગઈ છે આમ, તારા વિરહથી ભવન સૂનકારમય પ્રતિભાસે છે.

યક્ષવધૂ, અપાર વેદનાથી પરિસ્થિતિ અસહ્ય બનતાં, જણાવે છે કે ટૂંક સમયમાં જો યક્ષ સાથેનું મિલન નહીં થાય તો પોતાનું મૃત્યુ નિશ્ચિત છે. કાવ્યમાં આ વાતને કવિએ આ રીતે રજૂ કરી છે:

અદ્યૈવાહં તય શુભમભિપ્રાર્થયે નાથ હર્ષાત્
સાર્ધે યમાસે દિ મમ દશો ચિરત્વં ન યા યા : ।
વાચો વહનૌ મૃગયતુ ભવાન્ વાતમધ્યે પમાસૂન્
ચક્ષુસ્સૂર્યે શશિનિ હૃદયં વ્યોમ્નિ મે પાપિ જીવમ્ ।।

અર્થાત હે નાથ, આજે જ હું તારા કલ્યાણની પ્રાર્થના કરું છું. જો તું ટૂંક સમયમાં મારી દૃષ્ટિ-મર્યાદામાં નહીં આવે, તો પછી, મારી વાણીને અગ્નિમાં, મારા પ્રાણને વાયુમાં, આંખોને સૂર્યમાં, હૃદયને ચંદ્રમાં અને મારા પાપી જીવનને આકાશમાં શોધજે છે.

પ્રથમ સર્ગમાં આ રીતે, યક્ષપ્રિયાની વિરહવ્યથા યક્ષભવનની નિસ્તેજતા, કુશળતાનો સંદેશ, અભિજ્ઞાન માટે અંગત જીવનની વાતો વગેરેનું આલેખન કરી યક્ષપ્રિયા, યક્ષને કહેવરાવે છે કે:

ગેહે સ્વીયે ગમયતુ ભવાન્ શેષકાલં સુખેન ।

દ્વિતીય સર્ગમાં માર્ગવર્ણન વિગતે આપવામાં આવ્યું છે. મેઘદૂત કરતાં, અહીં જુદા જ માર્ગનું વર્ણન છે. અહીં પંજાબ, જયપુર, ચિત્તોડ, મૈસુર વગેરે સ્થળોનો ઉલ્લેખ છે. સાથે સાથે તે શહેરોની ઐતિહાસિક વિગતોને પણ, સાંકળી લેવામાં આવી છે. દૃષ્ટાંત તરીકે, ચિત્તોડનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે.

ચિત્તૌડારણ્યં જયતિ નગરં તૈઃ નૃપૈઃ પાલ્યમાનમ
ઘોરે યુદ્ધે વિનિહતધવાઃ વિશ્રુતાઃ વીરપત્ન્યઃ।
ક્ષુદ્રારિમ્યો નિજકુલમયં શંકામાનાશ્ચ યસ્મિન્
પાતિપ્રાત્યપ્રવણમતયો વૃન્દશીઽગ્નિ પ્રવિષ્ટા : ।।

આ શ્લોકમાં ચિત્તોડના જૌહરના ઐતિહાસિક બનાવને કવિએ રજૂ કર્યો છે.

કાલિદાસે, ઉજ્જૈન આદિ નગરીઓના વર્ણનમાં શૃંગારરસનો પુટ આપેલ છે તેમ, રામશાસ્ત્રી પણ, મેઘપ્રતિસંદેશમાં મૈસૂરની અભિસારિકાઓની પટુતા વ્યક્ત કરતાં જણાવે છે કે:

વીથ્યાં વીથ્યાં પ્રતિગૃહપતિ સ્થાપિતે લોકહેતો :
સર્વાં રાત્રિ દિનયતિ તડિદ્દીપ જાલપ્રકાશે
પુંવેશેણ પ્રિયગૃહમ્ભિપ્રસ્થિતાઃ પક્ષ્યલાક્ષ્યઃ
પાર્શ્વે અપિ અન્યૈરવિદિતમિદાસ્તત્ર ધીરં પ્રયાન્તિ ।।

અર્થાત્, શેરીએ શેરીએ દીવાઓ ઝળહળતા હોવાથી પ્રિયગૃહે જતી અભિસારિકાઓ પુરુષવેશે રહેલી હોવાથી ઓળખી શકાય એમ નથી.

કાલિદાસે લોકજીભે સહેલાઈથી ચડી જાય એવાં ચલણી સિક્કા જેવાં વાક્યોનો પ્રયોગ કર્યો છે. જેમ કે યાશ્ચા મોઘા વરમધ્યિગુણે નાધમે લબ્ધકામા, કામાર્તા હિ પ્રકૃતિ કૃપણાઃ ચેતનાચેતનેષુ વગેરે તો રામશાસ્ત્રીએ પણ, આ બાબતનું સફળ અનુકરણ કરી, લોકવ્યવહારમાં પ્રચલિત થઈ શકે એવાં વાક્યો પ્રયોજ્યાં છે. જેમ કે લોકે સન્તઃ ન હિ પરપ્રાર્થનામ્ વ્યર્થયન્તિ અર્થાત્ સંસારમાં સજ્જનો બીજાની માગણીને ઠુકરાવતા નથી. શુદ્ધે ચિત્તે ભુવનમખિલં પણ્યતીર્થાયતેહિ અર્થાત, જો મન શુદ્ધ હોય તો, સમગ્ર ભુવન પવિત્ર યાત્રાધામ જ છે. કષ્ટે કાલે જગતિ મહતાંબુદ્ધયોऽપિ સ્ખલન્તિ મુશ્કેલીના સમયે, મહાન માણસોની બુદ્ધિ પણ ભૂલ કરી બેસે છે.

અત્રે પ્રસ્તુત કરેલ કતિપય ઉદાહરણોથી જણાશે કે રામશાસ્ત્રી વિરચિત કાવ્ય પણ મેઘદૂત જેવું જ પ્રાણવાન છે. શ્લોકોની સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો, મેઘદૂતમાં શ્લોક સંખ્યા લગભગ સવાસોની છે જ્યારે ભૌગોલિક વિસ્તારની વિશેષ રજૂઆતથી પ્રતિસંદેશમાં શ્લોક સંખ્યા, લગભગ એકસો સાઈઠ શ્લોકોની થઈ છે. કાલિદાસની જેમ, મંદાક્રાન્તા છંદનું સુંદર આલેખન રામશાસ્ત્રીએ પણ કર્યું છે. વિપ્રલંભ શૃંગારને અનુરૂપ લલિત ભાષાનો પ્રયોગ કરીને, કાલિદાસે સફળતાપૂર્વક પ્રયોજેલી વૈદર્ભી શૈલીની ઝાંટ શ્રી રામશાસ્ત્રીને પણ સિદ્ધ હતી જ એમ લાગ્યા વગર રહેતું નથી. જાણે કે મેઘદૂતને સંપૂર્ણ બનાવવાના હેતુથી કાલિદાસે રામશાસ્ત્રી તરીકે અવતાર લીધો હોય એમ કાવ્યનો આસ્વાદ માણતાં અનુભવાય છે.

મેઘદૂતના આદિસ્રોત એવા બ્રહ્મવૈવર્ત પુરાણના કર્તા વ્યાસ આસપાસ રહસ્યનું જાળું ગુંથાયેલું છે. મેઘદૂતમાં ઉજ્જયિની પ્રત્યેના પક્ષપાતને લીધે કાલિદાસ ઉજ્જયિનીના રહેવાસી હોય એમ લાગે છે, પણ રામશાસ્ત્રી તો નજીકના ભૂતકાળમાં જ થયેલા છે. અગાઉ જણાવ્યા પ્રમાણે યેક્ષપ્લટ કૃપણરાજ વગેરેએ તેમની પ્રશંસા કરી છે તે વાત મેઘપ્રતિસંદેશ કાવ્ય વાંચતાં યથાર્થ જ લાગે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાને ભેટ

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચના અનુસંધાનમાં રૂા. ૧૧,૦૦૦ની રકમ ખંભાતનિવાસી સ્વ. મહાસુખભાઈના સ્મરણાર્થે શ્રીમતી વિદ્યાબહેન તરફથી સંઘને મળેલ છે.

આ જ્ઞાનપરબને આવું પ્રોત્સાહન આપી શ્રીમતી વિદ્યાબહેને સંઘ પ્રત્યે જે પ્રેમાળ ભાવ દાખવ્યો છે તે અન્ય સૌ માટે માર્ગદર્શક બની રહે એવી ઈચ્છા વ્યક્ત કરીએ છીએ અને શ્રીમતી વિદ્યાબહેનનો હાર્દિક આભાર માનીએ છીએ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫ : અંક : ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ ઓગસ્ટ ૧૯૮૧ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ધર્માન્તર

☐ ચીમનલાલ ચકુભાઈ

તામિલનાડુનાં બે ગામડામાં હરિજનો સામૂહિક ધર્મપરિવર્તન કરી, મુસલમાન થયા એ ગંભીર બનાવ છે અને હિન્દુ સમાજને ચેતવણી છે.

સાચા હૃદયપૂર્વકનું ધર્માન્તર થાય એવા કિસ્સા વીરલ હોય છે. તે સામે કોઈ વાંધો કે વિરોધ પણ ન હોય. દરેક વ્યકિતને પોતાને યોગ્ય લાગે તેવો ધર્મ સ્વીકારવાનો અધિકાર છે, પણ એનું ધર્માન્તર એવી વ્યકિત કરી શકે કે જેનામાં તીવ્ર ધર્મજાગ્રતિ હોય, ઊંડું વિચારમંથન હોય, પોતાના જન્મગત ધર્મનો પૂરો અભ્યાસ અને અનુભવ હોય, તેનાથી તેના આત્માને સંતોષ ન હોય, અંતરની વ્યથા હોય અને સાચા ધર્મની શોધમાં હોય. વળી જે ધર્મ અંગીકાર કરવો હોય તેનો પૂરો અભ્યાસ હોય, તે ધર્મમાં તેના આત્માને સાચી શાન્તિ મળશે એવાં તત્ત્વો છે તેવી ખાતરી હોય ત્યારે ધર્માન્તર થાય. મૂળમાં, મોટા ભાગના માણસોમાં ધર્મ જાગૃતિનો જ અભાવ હોય છે. પરંપરાગત ધર્મ ગતાનુગતિક અનુસરે છે અને સંતોષ માને છે.

તામિલનાડુના હરિજનોએ ધર્મપરિવર્તન કર્યું તે સાચા હૃદયનું અને ધર્મજાગ્રતિનું પરિણામ છે તેમ કહેવાય તેવું નથી. તેનાં કારણો સામાજિક અને આર્થિક છે. સાચી ધર્મશ્રદ્ધાની શોધમાં હોય એવી વ્યકિત મરણાન્તે પણ પોતાનો ધર્મ ન છોડે. કોઈ લાલચ, ભય કે ભૌતિક લાભ સાચા ધર્માન્તરનું કારણ ન જ હોય. ખરી રીતે જોઈએ તો કોઈ ધર્મ એવો નથી કે જેનાં મૂળ તત્ત્વો અને પાયાના સિદ્ધાંતો સાચા સાધકને આત્માની શાન્તિ ન આપે. સર્વધર્મસમભાવનો આજ પાયો છે. ઈશ્વરને પામવાના જુદા જુદા માર્ગો છે, પણ સાચો ધર્મ સૌને મુકિતસ્થાને પહોંચાડે છે. ધર્મને નામે ચાલતા પાખંડ અને અનાચારો ધર્મ પ્રત્યે અભાવનાં કારણો છે.

હિન્દુ ધર્મમાં અસ્પૃશ્યતા તેનું મોટામાં મોટું કલંક છે. સદીઓથી આવો અનાચાર કરોડો માણસો પ્રત્યે સેવ્યો છે અને માનવતા ગુમાવી બેઠા છીએ. આ બધું ધર્મને નામે કર્યું છે તે વધારે ઘાતક પાપ છે, હિન્દુ સમાજના પતનનું એક કારણ છે. અનેક સંતપુરુષોએ આ અન્યાય સામે પોકાર કર્યો છે, પણ તેની જડ એટલી ઊંડી છે કે સંતો પણ તેને હઠાવી શકયા નહિ. વર્ણવ્યવસ્થા ગુણકર્મ આધારિત હતી. ચાર વર્ણો જન્મગત ન હતા. માણસ ગુણથી અને કર્મથી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર થાય છે. હિન્દુ સમાજમાં બ્રાહ્મણોએ જ્ઞાન અને ત્યાગની ભાવના પેદા કરી તે સાથે અહંકાર અને અભિમાન પણ લાવ્યાં. ઊંચનીચની ભાવનાને પોષણ આપ્યું. સમાજનો પાયો સમાનતા હોવો જોઈએ. માણસનું માણસ તરીકે ગૌરવ અને સ્વમાન જોઈએ તેને બદલે અસમાનતા અને ભેદભાવના મૂળ નાખ્યાં અને તે ઊંડાં જતાં ગયાં. ગુણકર્મથી બ્રાહ્મણ થવાય, પણ બ્રાહ્મણોને જ ભય લાગ્યો કે તેમના સંતાનોમાં એવા ગુણકર્મ નહિ હોય તો તે શુદ્ર લેખાશે એટલે તેમાંથી બચવા, ગુણકર્મ આધારિત વર્ણવ્યવસ્થા હતી તેને જન્મગત બનાવી. ગુણ અને કર્મથી ચાંડાળ હોય તો પણ બ્રાહ્મણને પેટે જન્મ્યો હોય તે બ્રાહ્મણ જ કહેવાય અને તેનું અભિમાન લે તેવી જ રીતે, ગુણકર્મથી બ્રાહ્મણ હોય પણ કહેવાતી શુદ્ર જાતિમાં જન્મ થયો હોય તો શુદ્ર જ રહે. પરિણામે સમાજમાં અસમાનતા વધતી જ ગઈ અને સમાજના કરોડો માણસોની પશુ કરતાં પણ બદતર સ્થિતિ કરી. બ્રાહ્મણોમાં એ બુદ્ધિ હતી કે પોતાને જે કરાવવું હોય તેને ધર્મનું સ્વરૂપ આપી દે એટલે અજ્ઞાન જનસમાજ તેને ધર્મ માની સ્વીકારી લે. સમાજની સાંસ્કૃતિક આગેવાની બ્રાહ્મણોની હતી એટલે ધર્મને નામે કેટલાય અનાચારોને ધર્મનું સ્વરૂપ આપ્યું.

ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરે આ પરિસ્થિતિનો સખત વિરોધ કર્યો. જન્મગત વર્ણવ્યવસ્થાનો સખ્ત વિરોધ કર્યો. સમાજમાં ફરી માનવતા અને સમાનતાનો પાયો લાવવા ભગીરથ પુરુષાર્થ કર્યો પણ બ્રાહ્મણો સામે સફળતા ન મળી. શંકરાચાર્યે બુદ્ધ ધર્મને ભારતમાંથી દેશવટો આપ્યો. જૈનોએ સમાધાન કર્યું ધર્મથી જૈન રહ્યા. સામાજિક દૃષ્ટિએ અને કાયદાથી હિન્દુ વર્ણવ્યવસ્થા અને જાતિપાતિ અને જ્ઞાતિ સ્વીકારી, સામાજિક વ્યવહારમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ સ્વીકાર્યું.

ગાંધીજીએ હિન્દુ ધર્મનો અને હિન્દુ સમાજનો વિચાર કરવો શરૂ કર્યો ત્યારથી અસ્પૃશ્યતાને મહાપાપ અને કલંક માન્યું. આફ્રિકામાં હતા ત્યારે ખ્રિસ્તી મીશનરીઓની માનવસેવાની પ્રવૃત્તિથી આકર્ષાયા અને તેમને ખ્રિસ્તી ધર્મમાં ખેંચવા મીશનરીઓએ પ્રયત્ન કર્યો. સદ્ ભાગ્યે ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રની સલાહ લીધી. શ્રીમદ્ના માર્ગદર્શનથી, ગાંધીજીને ખાતરી થઈ કે હિન્દુ ધર્મમાં અનેક ખામીઓ હોવા છતાં, તેના પાયામાં સત્ય અને અહિંસા છે અને તેમની આધ્યાત્મિક જિજ્ઞાસાને પરિતૃપ્તિ થાય એવો આ ધર્મનો પાયો છે. તેથી પોતાની જાતને સનાતની હિન્દુ-સાચા સનાતની કહેવામાં ગૌરવ લેતા. ૧૯૧૪માં ભારત પાછા ફર્યા ત્યારથી અસ્પૃશ્યતાનાબૂદી માટે ભગીરથ પુરુષાર્થ આદર્યો અને કહેવાતા સનાતનીઓની ખફગી વહોરી. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ પછી, મેકડોનલ્ડ એવોર્ડ આવ્યો તેમાં હરિજનોને હિન્દુઓથી અલગ કરવાનો પ્રયત્ન થયો ત્યારે પોતાના પ્રાણ અર્પણ કરવા તૈયાર થયા. સદ્ ભાગ્યે ડો. આંબેડકર માન્યા અને મેકડોનલ્ડ એવોર્ડ રદ થયો. સદીઓમાં મોટા સંત પુરુષો પણ

ન કરી શકયા તે કામ ગાંધીજીની તપશ્ચર્યાથી થયું. Gandhiji was the greatest reformer of the Hindu Society.

અસ્પૃશ્યતા નાબૂદી માટે ઘણું થયું છે તે સ્વીકારવું જોઈએ. કાયદાથી નાબૂદી થઈ જ છે, પણ વ્યવહારમાં પણ સારા પ્રમાણમાં ફેર પડયો છે અને માનસપરિવર્તન થયું છે. છતાં ઘણું કરવાનું બાકી રહે છે. હરિજનો એટલા જાગ્રત થયા છે અને આધીરા થયા છે કે વિલંબ સહન કરી શકે તેમ નથી.

પણ એ સ્પષ્ટ થવું જોઈએ કે ધર્મપરિવર્તન કરીને હરિજનો કોઈ લાભ મેળવવાના નથી. તેમના દુ:ખોનું મૂળ, અસ્પૃશ્યતા કરતાં, ગરીબાઈ વધારે છે. આ દેશના કરોડો માણસો એવા જ ગરીબ છે. હરિજનોને ગરીબાઈ ઉપરાંત, અસ્પૃશ્યતાની વિટંબણા છે, પણ મુસલમાન કે ખ્રિસ્તી થઈને તે ગરીબાઈ કે વિટંબણા દૂર થવાનાં નથી તે હકીકત હરિજનો અને તેમના આગેવાનોએ સમજી લેવી જોઈએ. હિન્દુ સમાજે ઘણું પ્રાયશ્ચિત કરવાનું રહે છે પણ હરિજનોને લાંચ કે લાલચ આપીને હરિજનોને કે હિન્દુ સમાજને લાભ થવાનો નથી.

આવી પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનો પ્રયત્ન મુસલમાનોનો કોઈ વર્ગ કે જમાત કરશે તો મુસલમાનોને પણ હાનિ થવાની, તે તેમણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ. આપણો દેશ અને બંધારણ બિનસાંપ્રદાયિક અને ધર્મનિરપેક્ષ છે, તેનો અર્થ એવો નથી કે વટાંતર પ્રવૃત્તિને સહન કરી લે.

ભારતીય ધર્મો-હિન્દુ, જૈન કે બુદ્ધ ધર્મ-અત્યંત સહિષ્ણુ છે. ધર્માન્તર કરાવવામાં આ કોઈ ધર્મ માનતો નથી. ગાંધીજીને માર્ગદર્શન આપ્યું ત્યારે શ્રીમદે તેમને જૈન થવાનું ન કહ્યું. હિન્દુ ધર્મના યોગવાશિષ્ટ અને અન્ય ધાર્મિક ગ્રંથોનું વાંચન કરવા કહ્યું. સૌ પોતાના ધર્મમાં સ્થિર રહે અને હિન્દુ સાચો હિન્દુ થાય, જૈન સાચો જૈન થાય, ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી થાય એ ભાવના છે.

પણ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મો વટાંતર પ્રવૃત્તિમાં માને છે એટલું જ નહિ પણ આક્રમક રીતે તેવી પ્રવૃત્તિ કરે છે. ભય, ધમકી, લાંચ-લાલચ, રાજસત્તા અને ખ્રિસ્તી મીશનરીઓમાં ખાસ કરી માનવસેવા આવાં સાધનોનો ઉપયોગ કરતાં સંકોચ અનુભવતા નથી. આ દેશમાં હવે આવી પ્રવૃત્તિ સહી નહિ લેવાય તે સ્પષ્ટ થવું જોઈએ.

મુસલમાનોનું રક્ષણ કરવા ગાંધીજીએ પોતાના પ્રાણ આપ્યા. પાકિસ્તાનમાં કોઈ હિન્દુ રહી ન શકયા. ભારતમાં કરોડો મુસલમાન સ્વમાનપૂર્વક સલામતીથી રહે છે, પણ મુસલમાનોએ સમજી લેવું જોઈએ કે તેઓ ભારતમાં રહે છે, તેમની વફાદારી ભારત પ્રત્યે છે અને હોવી જોઈએ. ધર્મને નામે અન્ય દેશ પ્રત્યે તેમની વફાદારી રહે કે હોય તે ઈષ્ટ નથી.

રાજકીય કારણોથી, રાજકીય પક્ષોએ મુસલમાનોને પંપાળ્યા છે. તેનો ગેરલાભ ઉઠાવવા કોઈ પ્રયત્ન તેમણે કરવો ન જોઈએ. હરિજનોને મુસલમાન બનાવવામાં કોઈ સાથ આપે તે પોતાનું જ અહિત કરે છે. આમ કહેવામાં, હિન્દુ સમાજના મોટા દોષો ઢાંકવાનો મારો કોઈ ઈરાદો નથી. દેશના ભાગલા સ્વીકાર્યા ત્યારે એવી આશાએ કે હિન્દુ-મુસ્લિમ પ્રશ્નનો નિકાલ થાય છે. મુસલમાનોને સંતોષ થશે અને આપણે શાન્તિથી રહી શકીશું. ભારતમાં કરોડો મુસલમાનો છે. હજી પણ તેમની સંખ્યા વધશે. તેમણે આ દેશના વતની થઈને રહેવાનું છે. હિન્દુ ધર્મની કે સમાજની એ નિર્બળતા છે કે તે પોતાના બારણાં બંધ જ રાખે છે. તેમાં કોઈને પ્રવેશ મળતો નથી અને તેમાંથી બહાર ગયા પછી સદાને માટે દ્વાર બંધ થાય છે. આર્યસમાજે શુદ્ધિની પ્રવૃત્તિ કરી જોઈ. જનસંઘ, હિન્દુ-મહાસભા કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, પ્રત્યાઘાતરૂપે હિન્દુ રાષ્ટ્રની વાત કરે તે પણ ખોટું છે. સૌ ભારતવાસી છે અને પોતપોતાના ધર્મમાં સ્થિરતાથી, નિર્ભયતાથી રહે તે આપણી ભાવના છે. ખ્રિસ્તી વટાળ પ્રવૃત્તિ બ્રિટિશ રાજ્ય દરમિયાન ઘણી ચાલી. કરોડો લોકો ખ્રિસ્તી થયા. હિન્દુસ્તાનમાં વસતા મુસલમાનો પણ મોટા ભાગના એવા ધર્માન્તરથી મુસલમાન થયેલ છે. હરિજનો, આદિવાસીઓ કે બીજ કોઈ વર્ગની ગરીબાઈ કે અસંતોષનો લાભ લઈ કોઈ સમાજ કે વર્ગ, વટાંતર પ્રવૃત્તિ કરે તે સ્વતંત્રતાનો દુરુપયોગ છે. ડૉ. આંબેડકરને ઘણું સહન કરવું પડયું હતું. તેમના અંતરમાં ઘણી કડવાશ-સકારણભરી હતી, પણ વિદ્વાન હતા. હરિજનોને બુદ્ધ ધર્મ અંગીકાર કરવા કહ્યું પણ મુસલમાન કે ખ્રિસ્તી થવા ન કહ્યું. બુદ્ધ ધર્મ કે જૈન ધર્મ, ભારતીય ધર્મો છે. બન્ને સહિષ્ણુ છે. ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ, આક્રમક છે. વટાંતર કરાવવામાં માને છે. આ દેશમાં એ નહિ ચાલે. મધ્યપૂર્વના દેશોમાં ઈસ્લામિક ઝનૂનનું મોજું જોરથી ફૂંકાય છે. ઈરાને તેની આગેવાની લીધી છે. પાકિસ્તાન, બંગલાદેશને, એ પવનનો સ્પર્શ થઈ રહ્યો છે. ભારતને તેનાથી બચાવવું જોઈએ. વડા પ્રધાને કહ્યું છે કે આ ધર્મપરિવર્તનની પ્રવૃત્તિ થાય છે તેમાં વિદેશી નાણું, ખાસ કરી આરબ દેશોમાંથી આવેલ નાણાંનો ઉપયોગ થયો હોવાનો સંભવ છે. સરકારે આ હકીકતની ગંભીર નોંધ લેવી જોઈએ. ભારતના બધા નાગરિકોનો ધર્મ છે કે ભારતમાં સાચી રીતે સર્વધર્મ સમભાવ જાગ્રત રહેવો જોઈએ.

હિન્દુ સમાજે અસમાનતાની ભાવના જડમૂળથી ઉખેડી નાખવી જોઈએ.

સર્વે જના: સુખીનો ભવન્તુ,
સર્વે સન્તુ નિરામયા:
સર્વે ભદ્રાણિ પસ્યન્તુ,
નકશ્ચિત દુ:ખમાપ્નુ યાત્.

ભારતવર્ષની સદા આ ભાવના રહી છે.

હરિજનો કે અસ્પૃશ્યો પ્રત્યેનું વર્તન સમાનભાવનું, માનવતાનું, ભ્રાતૃભાવનું રહેવું જોઈએ, પણ અધીરાઈથી કે અજ્ઞાનતાથી ધર્મપરિવર્તન કરી, હરિજનો પણ, આ સમાનતા કે ભ્રાતૃભાવ અથવા ગરીબીમાંથી મુકિત પામવાના નથી એ પણ તેમણે સ્પષ્ટપણે સમજવું જોઈએ.

હિન્દુ ધર્મના બધા સંપ્રદાયોના ધર્મગુરુઓની ખાસ ફરજ છે કે હિન્દુ સમાજને તેના સાચા ધર્મનું ભાન કરાવે અને હરિજનો પ્રત્યે થતા અન્યાયને રોકે. સંસારની પ્રવૃત્તિ સાથે અને સામાજિક વ્યવહારો સાથે પોતાને કોઈ સંબંધ નથી એવા સંકુચિત આધ્યાત્મિક કોચલામાંથી બહાર આવી, હિન્દુ સમાજનું શુદ્ધિકરણ અને સાચા ધર્મની પ્રતિષ્ઠા માટે કટિબદ્ધ થાય. પોતાની જાતને પ્રગતિશીલ માનતા હિન્દુઓ તેમાં જૈન, બુદ્ધ, શીખ બધાનો સમાવેશ કરું છું– જાગ્રત થાય અને કહેવાતા આર્થિક, ભૌતિક અને સામાજિક લાભ માટે થતા ધર્મપરિવર્તનથી થતી હાનિ પ્રત્યે સમાજને જાગ્રત કરે. હરિજનો અને તેમનાઆગેવાનો પણ આવેશ વિના, આ બધો વિચાર કરે.

૨૮-૭-૮૧

સુખ માટેની ઝંખના

માનવમાત્રમાં સુખ માટેની એક ઝંખના વસેલી છે. એ ઝંખનાને જો અતિમાનસની પરમ સમૃદ્ધિ માટેની અભિપ્સામાં પલટી લેવાનું જ્ઞાન દરેક માણસને થઈ જાય તો તેટલું પણ બસ થયું ગણાય. અને આ માટે, પ્રાણની કેળવણીને જો ખંતપૂર્વક અને સાચા દિલથી ખૂબ ખૂબ આગળ વધારવામાં આવે તો પછી માનવના જીવનમાં એક એવી ક્ષણ જરૂર આવે છે કે જ્યારે પ્રાણને પૂરી ખાતરી થઈ જાય છે કે અરે, મારી સમક્ષ તો આ એક ઘણું મહાન, ઘણું સુંદર ધ્યેય આવી રહેલું છે અને એ પ્રગતિ થઈ ગયા પછી પ્રાણ પરમાત્માના દિવ્ય આનંદને પ્રાપ્ત કરવા માટે સજજ બને છે અને ઈન્દ્રિયોની ક્ષુદ્ર અને ભ્રામક તૃપ્તિઓને સર્વથા પડતી મૂકી દે છે.

શ્રીમાતાજી

અવકાશના મિષ્ટફળ 'એપલ'ની મિષ્ટતા માણો : નવા ઉપગ્રહની કથા

[પ્રાસ્તાવિક : આ આકાશ-કુસુમની વાત નથી. આ તો આકાશના મિષ્ટ સફરજનની – એપલની વાત છે. આપણે અવકાશી સંદેશ-વ્યવહારના ક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યા છીએ અને જેમ સમય જશે તેમ આ ક્ષેત્રની આંટીઘૂંટીઓ વધતી જશે. એટલે એ આંટીઘૂંટીઓ સમજવી સરળ પડે એ હેતુથી આ લેખમાળા શરૂ કરવામાં આવી છે. બહુજન સમુદાયને સમજ પડે એવી ભાષામાં, જીયોસિન્ક્રોનસ ઉપગ્રહોની વાત – એપલના સંદર્ભમાં – કહેવામાં આવશે.]

[] મનુભાઈ મહેતા

[૧]

ગઈ કાલે જ એક ભાઈ સુરતથી આવ્યા. મને કહે, "હવે સુરતમાં પણ ટી.વી. ખૂબ સ્પષ્ટ દેખાવા લાગ્યું છે – એપલને કારણે." મને હસવું તો નહિ આવ્યું પણ એપલની કામગીરી વિષે લોકોને કેટલી ઓછી જાણકારી છે એટલું તો એ ભાઈ સાથેની વાતચીત પરથી માલમ પડ્યું જ. એટલે જ આ લખવા પ્રેરાયો છું.

એપલ પરથી જે ટી.વી. કાર્યક્રમો પરાવર્તિત કરવામાં આવશે તે કાંઈ એમને એમ તમારા ટી. વી. સેટમાં ઝીલી શકાશે નહિ. એને માટે ટી.વી. સેટમાં એપલની ફ્રિકવન્સી ઝીલે એવી ખાસ વ્યવસ્થા હોવી જોઈએ અને સેટેલાઈટ પરથી આવતા સિગ્નલો ઝીલવા માટેનો ખાસ એન્ટેના હોવો જોઈએ. મુંબઈમાં મુખ્ય આઝાદી દિનના કે પ્રજાસત્તાક દિનના ખાસ કાર્યક્રમો "એપલ" દ્વારા સીધા (લાઈવ) દેખાડવાની જે યોજના થઈ છે તે પણ દિલ્હીના અર્થસ્ટેશન તથા મુંબઈમાં મુકાનારા એક હાલતાં ચાલતાં "અર્થ-સ્ટેશન"ની સહાયથી જ શક્ય બનશે. દિલ્હીનું અર્થસ્ટેશન એપલ પર ટી.વી. સિગ્નલો મોકલશે, એપલ એ સિગ્નલ આપણા આખા દેશ પર અને બંગલાદેશ, સિલોન, પાકિસ્તાન, બ્રહ્મદેશ વગેરે પાડોશી દેશો પર પણ ફેલાવશે. મુંબઈમાં એ સિગ્નલો, ટ્રક પર બેસાડેલું પોર્ટેબલ અર્થસ્ટેશન એ ઝીલી લેશે, પછી મુંબઈના ટેલિવિઝન કેન્દ્રને એ સિગ્નલો પૂરાં પાડશે અને પછી મુંબઈનું કેન્દ્ર પોતાની નિર્ધારિત ચેનલ પર એ સિગ્નલો પ્રસારિત કરશે, એટલે તમારા ટી.વી. સેટમાં, કાર્યક્રમ દેખાશે. અલબત્ત, આ બધું સેકન્ડના ૩૦૦૦૦૦ (ત્રણ લાખ) કિલોમીટરની ઝડપે પ્રવાસ કરતાં માઈક્રોવેવ દ્વારા થશે એટલે દિલ્હીમાં પરેડ ચાલતી હોય તે દશ્ય લગભગ તરત જ તમને મુંબઈમાં જોવા મળશે. બંગલાદેશ, સિલોન, પાકિસ્તાન વગેરે દેશોને પણ જો આ કાર્યક્રમ જોવા હશે તો પોતપોતાના અર્થસ્ટેશનો દ્વારા "એપલ"ના સિગ્નલો ઝીલીને, પોતપોતાના ટી.વી. ટ્રાન્સમીટરો દ્વારા એ પ્રસારિત કરી શકશે. જો કે આવું કંઈ બને એમ હું માનતો નથી. એક તો એ દેશો પાસે અર્થસ્ટેશનો – ટર્મિનલો છે કે કેમ તેની મને ખબર નથી અને હોય તો પણ એ આપણા કાર્યક્રમ જોવાની તકલીફ શું કામ લે?

'એપલ'ની કામગીરી અંગેના આ ખુલાસા પછી આપણે 'એપલ'ની વાત માંડીને કરીએ. એપલ એ એક જીયોસિન્ક્રોનસ સેટેલાઈટ છે. જીયોસિન્ક્રોનસ માટે "ભૂસ્થિર" શબ્દ હમણાં હમણાં વપરાવા લાગ્યો છે, પણ મને એ ગમતો નથી કારણ કે આ જગતમાં કોઈ પણ વસ્તુ સ્થિર તો છે જ નહિ એ વાતને બાજુએ રાખીએ તો પણ આ સેટેલાઈટ પૃથ્વીની આજુબાજુ ફરે તો છે જ. ફેર માત્ર એટલો જ છે કે પૃથ્વીની, પોતાની ધરી પર ફરવાની જે ગતિ છે તે ગતિથી જ આ સેટેલાઈટ પૃથ્વીની આજુબાજુ ફરે છે એટલે એ એકને એક કેન્દ્ર પર સ્થિર છે એવો ભાસ થાય છે. એટલે કહેવું હોય તો કહી શકાય કે આ ઉપગ્રહ "ભૂઅક્ષ-ભ્રમણાનુસારી ઉપગ્રહ" છે. આપણે જ્યારે આપણી ભાષાની સ્પેઈસ ટર્મિનોલોજી–અવકાશ વિજ્ઞાન પરિભાષા – વિકસાવશું ત્યારની વાત ત્યારે છે. આજે તો ભદ્રંભદ્રી બનવા કરતાં જીયો-સિન્ક્રોનસ શબ્દ જ મને વધારે જચે છે અને એમ તો "એપલ" શબ્દ પોતે પણ જુદા જુદા અંગ્રેજી શબ્દોના પહેલા અક્ષરો જોડીને બનાવેલો શબ્દ જ છે ને? એરિયાન રોકેટ દ્વારા એ ઉપગ્રહ છોડાયો એટલે એરિયાનનો "એ"; એ રોકેટ બીજાનું, પણ આપણે આપણો ઉપગ્રહ એમાં ગોઠવ્યો (અલબત્ત ઉપગ્રહ અવકાશમાં છોડવાની મફત સગવડ મળતી હતી એથી) એટલે આપણો ઉપગ્રહ એ રોકેટમાં પ્રવાસી – પેસેન્જર બની ગયો. એટલે પેસેન્જરનો "પી", આ પેસેન્જર એ વૈજ્ઞાનિક ઉપકરણોવાળો ઉપગ્રહ હતો અને રોકેટોમાં મુકાતાં આવાં વૈજ્ઞાનિક ઉપકરણોને "પેલોડ" કહે છે એટલે એ "પેલોડ"નો "પી" અને "એલ" તથા આ રોકેટ પ્રાયોગિક હતું અને પ્રયોગ એટલે એક્સપેરિમેન્ટ એટલે આ એક્સપેરિમેન્ટનો "ઈ" એમ "એપીપીઓલઈ" એ શબ્દો ગોઠવીને એપલ શબ્દ બના-વવામાં આવ્યો અને આપણા ઉપગ્રહને એ નામ આપવામાં આવ્યું. એપલ એટલે સફરજન પણ થાય એટલે આ નામનું આકર્ષણ રહ્યું.

અત્રે એ જણાવી દેવાની જરૂર છે કે એપલ એમ તો અવકાશના એક ચોક્કસ કેન્દ્ર પર સ્થિર દેખાય, પણ એને પૃથ્વીના અક્ષભ્રમણની ઝાપટ તો લાગ્યા જ કરે અને એથી એને જ્યાં ગોઠવ્યો છે ત્યાંથી આજુબાજુ ખસવાની એ ચેષ્ટા કર્યા જ કરે. આવી ચેષ્ટા કરતો એને રોકવા માટે, એને ચોક્કસ દિશામાં જોતો રાખવા માટે એના પર હાઈડ્રાઝીનથી ચાલતાં ખૂબ નાનકડાં રોકેટો ગોઠવવામાં આવેલાં છે. એ જરાક ખસેલો જણાય તો એને મૂળ સ્થાને લાવવા માટે આ રોકેટો ફોડવામાં આવે છે. આ હાઈડ્રાઝીનનું બળતણ આવા જીયોસિન્ક્રોનસ સેટેલાઈટ પર મર્યાદિત પ્રમાણમાં જ મૂકી શકાય છે, એટલે એ બળતણ પૂરું થઈ જાય પછી એ ઉપગ્રહ નકામો થઈ જાય છે. અત્યાર સુધીમાં, એપલથી ઘણા મોટા વીસ જેટલા જીયોસિન્ક્રોનસ ઉપગ્રહો છોડવામાં આવેલા છે, પણ એમાંનો કોઈ પાંચ-છ વર્ષથી વધારે કામ લાગે એવો નથી એમ વિજ્ઞાનીઓ માને છે. પૃથ્વીના અક્ષભ્રમણની ઝાપટ આવા ઉપગ્રહોને લાગતી ન હોત અને ઉપગ્રહ કાયમને માટે ચોક્કસ અવકાશે સ્થળે ટકી રહેતો હોત તો ઉપગ્રહ સૂર્યશક્તિથી ચાલતો હોવાને કારણે દીર્ઘકાળ સુધી કામ આપ્યા કરત. પૃથ્વીનો પરિઘ લગભગ પચ્ચીસ હજાર માઈલનો છે અને ૨૪ કલાકમાં પૃથ્વી પોતાની ધરી પર એક આખું ચક્કર મારી લે છે એટલે એની અક્ષ-ભ્રમણની ગતિ કલાકના હજારેક માઈલની થઈ. એપલ પણ આ કલાકના હજારેક માઈલની ગતિથી પૃથ્વીની ફરતે ફરે છે. આ ગતિ ઉપરાંત એનો પર પૃથ્વીના અક્ષ-ભ્રમણની અને બીજા એવાં બળોની જે અસર થાય છે તેનાથી એપલનું રક્ષણ કરવા માટે એના પર સતત નજર રાખવી પડશે અને આ બધું કરવા છતાં પણ એપલનું આયુષ્ય વધુમાં વધુ બે વર્ષનું જ હોઈ શકે એમ માનવામાં આવે છે. ઈસરો એટલે ઈન્ડિયન સ્પેઈસ

રિસર્ચ ઓર્ગેનિઝેશન (વળી પાછો અંગ્રેજી શબ્દ!)ના એક વરિષ્ઠ અધિકારી ડૉ. રાવ તો એપલ પરના પ્રયોગો એક વર્ષ સુધી ચાલવાની જ વાત કરી છે. તેમણે એ સ્પષ્ટ કર્યું હતું કે આવા જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ પાસે કેમ સારામાં સારું કામ લેવું એનો અનુભવ અને શિક્ષણ લેવાનો જ એપલનો મુખ્ય હેતુ છે. એના દ્વારા ટેલિફોન, ટેલિવિઝન વગેરેના જે પ્રસારણો થશે તે પ્રાયોગિક જ હશે.

—અને આ પ્રાયોગિક પ્રસારણોમાંનું પહેલું જ પ્રસારણ ખૂબ સફળ નીવડ્યું છે એ આપણા અવકાશ-વિજ્ઞાનીઓ અને ઈજનેરોની કુશળતાના પુરાવા સમાન છે. એપલ એને સ્થાને ગોઠવાયા પછી બુધવારે પહેલી જ વાર અમદાવાદના સ્પેઈસ એપ્લિકેશન સેન્ટર પરથી એક ટી.વી. કાર્યક્રમ એપલ પર મોકલવામાં આવ્યો અને એપલ દ્વારા એ પાછો પૃથ્વી પર બધે મોકલવામાં આવ્યો. બેંગ્લોરની ઈસરોની કચેરીએ જે પોર્ટેબલ અર્થસ્ટેશન ગોઠવ્યું હતું તેમાં એપલના સંકેતો ઝીલાયા અને એ સંકેતોને ટી.વી. સેટ સાથે જોડતી વ્યવસ્થા કરવામાં આવી હતી એટલે ટી.વી. પર અમદાવાદનો કાર્યક્રમ—મૃણાલિની સારાભાઈનો 'ચાંડાલિકા' નાટકનો કાર્યક્રમ સ્પષ્ટ દેખાયો. આ કાર્યક્રમ અંગે ઈસરોના એક અધિકારીએ જણાવ્યું હતું કે પેલું અર્થસ્ટેશન જો બરાબર ગોઠવાયું હોત તો કાર્યક્રમ વધારે સારી રીતે—સ્પષ્ટ રીતે દેખાયો હોત. સેટેલાઈટ અને અર્થસ્ટેશનની એલાઈનમેન્ટ એટલે કે દિશામૂલક સંલગ્નતા સંપૂર્ણ હોવી જોઈએ. એમાં, સોયની અણી જેટલો પણ ફેર રહી જાય તો સેટેલાઈટ પરથી આવતા સિગ્નલો બરાબર નહિ ઝીલાય. અમેરિકાના જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ વડે આપણે જ્યારે સાઈટના (સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપેરીમેન્ટ) પ્રયોગો કરતા જતા હતા ત્યારે આ પ્રયોગો અગ્રભાગ ભજવનાર અમદાવાદના સ્પેઈસ એપ્લિકેશન સેન્ટરની મેં મુલાકાત લીધી હતી અને ત્યાં લગભગ આખો દિવસ ગાળ્યો હતો. આ સ્ટેશનમાં એક મોટું અર્થ-સેન્ટર છે અને એના વડે અમેરિકન સેટેલાઈટ પર સિગ્નલો મોકલવામાં આવતા હતા અને ભારતના ચૌદ્દસ રાજ્યોમાં પ્રસારિત થતા હતા. એ વખતે ત્યાંના વિજ્ઞાનીઓએ મને જણાવ્યું હતું કે આ અર્થસ્ટેશન તથા સેટેલાઈટની એલાઈનમેન્ટમાં સોયની અણી જેટલો પણ ફરક ન પડવો જોઈએ. અવકાશી ચોકસાઈ જરૂરી છે.

અમદાવાદનું સ્પેઈસ એપ્લિકેશન સેન્ટર આ એપલ અંગેના પ્રયોગોમાં પણ અગત્યનો ભાગ ભજવી રહ્યું છે. હું ત્યાં ગયો ત્યારે એના વડા પ્રો. યશપાલ હતા. એમણે અવકાશી સંદેશવ્યવહારના ક્ષેત્રે મેળવેલી સિદ્ધિ માટે એમને પચ્ચીસ હજાર ડૉલરનો માર્કોની ઍવૉર્ડ પણ મળ્યો હતો. આજે પ્રો. યશપાલ દેશ છોડીને વિદેશમાં વસે છે. પ્રો. યશપાલ જેવા ફિલસૂફ-વિજ્ઞાનીને આપણે સાચવી શક્યા નથી એ હકીકત ખૂબ જ ગ્લાનિ પ્રેરે એવી છે.

એપલ આત્યારે ઈન્ડોનેશિયા પર સ્થિર થયેલો છે. એનો અર્થ એ કે તમે આત્યારે ઈન્ડોનેશિયા પરથી એક પ્રબંધરેખા (પર-પેન્ડિક્યુલર લાઈન) ઉપર અવકાશમાં દોરો અને એને લગભગ ૩૬,૦૦૦ કિલોમીટર સુધી લંબાવો તો એ એપલ પર પહોંચે. કોઈને સહજ પ્રશ્ન થશે કે, એપલને ઈન્ડોનેશિયા પર કેમ સ્થિર કરવામાં આવ્યો છે ભારત પર કેમ નહિ? એનું કારણ એ છે કે, એનો જે એન્ટેના છે તે ભારતના કેન્દ્રીય સ્થળ નાગપુર તરફ તાકેલો રહે એ માટે એને જે ત્રણ ધરી પર સ્થિર કરવામાં આવ્યો છે તે ધરીની ગોઠવણ જ એવી છે કે એપલને જો ભારત પર સ્થિર કરવામાં આવ્યો હોત તો એનો એન્ટેના કદાચ ઉત્તર પશ્ચિમ દિશામાં રશિયાના કોઈ પ્રજાસત્તાક તરફ જ તાકતો હોત. વળી બીજું એ કારણ પણ છે કે આંતરરાષ્ટ્રીય સંદેશવ્યવહાર નિયમન અંગે થયેલા કરાર અનુસાર આપણને જીયોસિન્ક્રોનસ ભ્રમણ કક્ષાનો ચોક્કસ ભાગ ફાળવવામાં આવ્યો છે—૧૦૨ પૂર્ણ રેખાંશનો. આપણને સૌથી વધારે સગવડ ભર્યું નીવડે એવું આ અવકાશી સ્થળ છે. એવું ગણીને જ આપણને એ ફાળવવામાં આવ્યું છે.

એક વખત હાથમાંથી છટકી જવા તૈયાર થયેલા એપલને આ સ્થળ પર ગોઠવવામાં આપણા વિજ્ઞાનીઓએ કેવું જબરજસ્ત કૌશલ્ય દાખવ્યું તેની અને બીજી સૈદ્ધાન્તિક બાબતોની ચર્ચા હવે પછીના લેખમાં કરીશું. દરમિયાનમાં એટલું જણાવી દઉં કે મેદાનમાં ગાંડા થઈને દોડતા સાંઢની જેમ જરાક તક મળે તો અવકાશમાં ગમે ત્યાં ભાગી જવા તે તત્પર એવા જિયોસિન્ક્રોનસ સેટેલાઈટને નાથીને યોગ્ય ખીલે બાંધવાની કળા આજ સુધીમાં અમેરિકા, રશિયા, ફ્રાન્સ અને કેનેડાના વિજ્ઞાનીકોએ જ દાખવી છે જાપાને ૧૯૭૭માં જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ છોડેલો છે ખરો પણ એની બધી ગોઠવણી અમેરિકાએ કરી આપી હતી. સૌથી પહેલો, કામ આપે એવો જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ ટેલસ્ટાર-૧ અમેરિકાએ ૧૯૬૨ની ૧૦ મી જુલાઈએ છોડ્યો હતો અને રશિયાએ એ પછી ૧૧ વર્ષ એવો સેટેલાઈટ છોડ્યો હતો.

સમાચારોમાં સૌથી પહેલો જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ અમેરિકાનો સિન્કોમ - ૧ હતો એવું પ્રગટ થયું છે. પણ એ ખોટું છે. ૧૯૬૨ના ફેબ્રુઆરીની ૧૪ મીએ જિયોસિન્ક્રોનસ કક્ષામાં ગોઠવાયો હતો એ ખરું પણ એના પર કાંઈ ખોટકો થવાથી એણે કામ જ આપ્યું નહોતું - કોઈ પણ સિગ્નલ્સ એણે પસારવિત કર્યાં નહોતાં.

આજ પૂરતું છેલ્લે એ જણાવી દઉં કે આ જિયોસિન્ક્રોનસ સેટેલાઈટની જ્યારે કોઈ વિજ્ઞાનીને કલ્પના નહોતી ત્યારે એની શક્યતાઓ વિષે વિવરણ કરનાર એક વિજ્ઞાન લેખક પત્રકાર શ્રી. આર્થર ક્લાર્ક હતા. જેમ ફ્રેન્ચ લેખક જુલે વર્ને, સબમરીનની જ્યારે કોઈને કલ્પના નહોતી ત્યારે દરિયાને તળિયે પ્રવાસ કરતી હોડીની કલ્પના કરી હતી તેવું જ આ શ્રી ક્લાર્કે કર્યું હતું. આ શ્રી ક્લાર્ક ઘણીવાર ભારત આવી ગયા છે. આપણે, સામાન્ય જનસમુદાયમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવવામાં અગત્યનો ફાળો આપનારને જે કલિંગ પારિતોષિક યુનેસ્કો દ્વારા આપીએ છીએ તે પારિતોષિક શ્રી ક્લાર્કને ૧૯૬૨માં મળ્યું હતું. થોડા મહિના પહેલાં જ તેઓ મુંબઈમાં હતા.

(ક્રમશ:)

નકામી ચિંતા છોડો

ઈતિહાસને યાદ કરો. કેટલાય માણસોએ કેવી કેવી વિપત્તિઓ સહન કરી અને કેટલાય લોકોએ કીર્તિની કમાણી કરી, પણ આજ એ બધા ક્યાં છે? એમની મોટાઈની અને વીરતાની વાતો પણ બહુ થોડા માણસોને યાદ છે અને એ લોકોય અમુક દિવસો પછી એ પણ ભૂલી જશે.

✤

નકામી ચિંતાઓ છોડો અને ભગવાનના સેવક બનો. વિનય, ન્યાય અને ભક્તિભર્યું જીવન વિતાવો. ગૌરવ એમાં જ છે. અહંકાર અને દંભ છોડો. મનમાં અહંકાર હોય અને બહારથી વિનય બતાવવામાં આવે એ ઘણું જ ખરાબ છે.

—માર્કસ ઓરેલિયસ

રશિયાના છૂપા લખપતિઓ

[] કાન્તિ ભટ્ટ

મોસ્કોમાં નાના ગુનાના કેસ ચલાવતી કોર્ટને મ્યુનિસિપલ કોર્ટ કહે છે. આ કોર્ટમાં 'અન્ડર ગ્રાઉન્ડ બિઝનેસ' કરનારા એટલે કે ખાનગીમાં વેપાર - ધંધો કરનારા ઉપર કેસ ચાલે છે. આવા કેસ કેમ ઊભા થાય છે તે માટે આપણે એક દશ્ય જોઈએ:

મોસ્કોમાં ઈજનેરો, ડોક્ટરો અને કામદારો વગેરેને સાથે રહેવા માટે ૧૧ થી ૧૨ રૂમોનું એક એપાર્ટમેન્ટ અપાય છે. આમાં એક ફેક્ટરીમાં કામ કરનારા જુદા જુદા સ્તરના કારીગરો રહે છે. એક મોટું રસોડું સૌને માટે રાખ્યું હોય છે. માત્ર એક જ સ્નાનગૃહ હોય છે. આ રસોડામાં સાત ટેબલ રાખેલાં છે. તેના ઉપર બે ગેસના ચૂલા હોય છે. છ કુટુંબોને આ ૧૧ રૂમના એપાર્ટમેન્ટમાં રહેવાનું હોય છે. દરેક સ્ત્રી પોતાના વારા પ્રમાણે ગેસના ચૂલા ઉપર રસોઈ કરી આવે છે. અહીં કોણ શું રાંધે છે તે ખાનગી રહેતું નથી. કોણ કેવી વાનગી ખાય છે તે પણ સૌ જાણે છે પણ સાવ આબરૂનું નથી ...

એક ફોરમેન નાની લોઝિયરી મિલમાં કામ કરે છે અને તે આ ૧૧ રૂમના એપાર્ટમેન્ટમાં બીજા ૬ કુટુંબ સાથે રહે છે. લોઝિયરી મિલ તો સરકારી માલિકીની છે. રશિયામાં ખાનગી મિલકત હોતી જ નથી. આ ફોરમેનની પત્ની બટાટા, આટો, માંસ વગેરે સસ્તી જાતની સામગ્રીમાંથી રસોઈ કરે છે. છ કોપેકનું એક બટાટું મળે છે. બટાટા નંગ ઉપર મળે છે. ફોરમેનની પત્ની રસોઈ કરીને ઘરે લાવે છે અને રસોઈનું કામ બધા કરી લે પછી પાછી તે ચુપચુપ તેના ઘરના રૂમમાં ટેબલ નીચે સંતાડેલા ઈલેકટ્રિક ચૂલા ઉપર સારી સારી વાનગી બનાવે છે. ઊંચી જાતની માછલી અને દેશી જાતના આટામાંથી વાનગીઓ બનાવે છે. એ વાનગી જમવા કુટુંબ સહિત બધા બેસે અને કોઈ પાડોશી બારણું ખટખટાવે એટલે તુરત સારી સારી વાનગી સંતાડી દેવાય છે અને કોમ્યુનિટી કીચન અર્થાત સાર્વજનિક રસોડામાં વાનગી પકાવી હોય તે ટેબલ ઉપર પાથરી દેવાય છે. પાડોશી જાય એટલે બધા મોંઘી વાનગી જમવા બેસી જાય છે અને સસ્તી વાનગી ગટરમાં પધરાવી દેવાય છે. આ ફોરમેનને એક વખત રશિયાના સરકારી કારખનાના વિજિલન્સ બ્રાંચના ઈન્સ્પેક્ટરો પકડી ગયા. આ ફોરમેન જૂના કપડાં પહેરતો, ફાટેલા જોડા પહેરતો અને ગરીબ દેખાય તેમ રહેતો, પણ તે 'અન્ડર-ગ્રાઉન્ડ મિલિયોનેટ' અર્થાત ભૂગર્ભનો લખપતિ હતો. એ કઈ રીતે?

આપણે બધા જ જાણીએ છીએ કે રશિયામાં ઉત્પાદનના તમામ સાધનો એટલે કે કારખાનાંઓ વગેરેની માલિકી સરકારની છે. ખાનગી કારખાનું કે દુકાન માંડી શકાતાં નથી. આમ છતાં રશિયામાં ખાનગી રીતે ઘણું ઉત્પાદન થાય છે. આ ખાનગી 'કારખાનાઓ' કરોડો રૂપિયાનો માલ પેદા કરે છે. એક અંદાજ પ્રમાણે તો અબજો રૂપિયાનો માલ થાય છે. આમ તો યંત્રો કે મોટરકાર ખાનગીમાં તૈયાર થઈ શકે નહીં, પરંતુ કપડાં, જોડા, સ્વેટર વગેરે ઘણી ચીજો ખાનગીમાં થઈ શકે છે. એટલે કે તેનું નિર્માણ ખાનગી રાખી શકાય આવી જ કોઈ ચીજ ખાનગીમાં બનાવતાં પકડાય તો તે માટે કડકમાં કડક સજા છે અને ઘણી વખત તો દેહાંતદંડની સજા પણ છે. ખાનગી રીતે ઉત્પાદન કઈ રીતે થાય? સરકારી કારખાનામાં જ માલ બનતું હોય છે. સરકારની યોજના પ્રમાણે અમુક ચીજો તૈયાર થાય અને તો કારખાનાંના રજિસ્ટરમાં લખાઈ જાય, તે પછી સરકારી દુકાનોમાં તે વહેંચાઈ જાય, પરંતુ તેની સાથોસાથ એ ફેક્ટરીમાં બીજો માલ પણ તૈયાર થાય છે. તેને 'ડાબે હાથે પેદા કરેલો માલ' એવું નામ અપાયું છે. આ માલ તૈયાર કરવા માટેની સામગ્રી કોઈ ગુપ્ત વ્યકિત પૂરી પાડે છે. સરકારી કામ પૂરું થાય એટલે સારી ક્વોલિટીનો ખાનગી માલ તૈયાર થવા માંડે છે. આવી હજારો ડાબા હાથેના ઉત્પાદનવાળી ફેક્ટરીઓ રશિયામાં છે. તેમાં ગૉજફ્રોક, જોડા, ચશ્મા, રેકોર્ડ, ટેપરેકોર્ડ, હેન્ડબેગ વગેરે બને છે. આ બધી ચીજો મોસ્કો, ઓડેસા, રીગા, ટીફ્લીસ વગેરે શહેરોના સરકારી કારખાનાંમાં બને છે. જે ખાનગી વ્યકિત માલ પેદા કરાવતો હોય છે તેને સરકારી દુકાનો સાથે પણ ગોઠવણ હોય છે.

એક અબ્રામ એઝનબર્ગ નામના ૭૦ વર્ષના ફોરમેને આ પ્રકારે ખાનગીમાં માલ તૈયાર કરાવીને ૧૧ વર્ષમાં ૩૦ લાખ રૂબલ એકઠા કર્યા હતા. (એક રૂબલના રૂ. ૧૩ થાય છે) એઝનબર્ગની ઉપર કોર્ટમાં કેસ ચાલ્યો હતો. તેના વકીલે તેને પૂછયું 'પંદર વર્ષ સુધી આ કરવાની શું જરૂર હતી. દસ વર્ષ પછી મિલકત એકઠી કરીને પછી માંડી વાળવું હતું. ખાનગીમાં ઉત્પાદન શું કામ શરૂ રાખ્યું. તું જાણે છે તો ખરો કે તને મોતની સજા પણ થઈ શકે છે?" જવાબમાં એઝનબર્ગે કહ્યું, "અરે મારે ધંધો તો કરવો જ જોઈએ. તમે કેમ સમજતા નથી. હું શું પૈસા માટે કરતો હતો. મારે તો ધંધો કરવો એ મારું જીવન છે." આના શબ્દો બતાવી આપે છે કે કંઈક સાહસ કરવાની ટેવ પડી જાય છે, પછી પૈસો જ મુખ્ય આકર્ષણ રહેતું નથી. ખાનગીમાં પોતાની માલિકીનું કંઈક હોય તેમાં જ મઝા પડે છે.

રશિયામાં આર્થિક ગુના પકડવા માટે એક જુદું જ ખાતું રખાય છે. તેને 'ડિપાર્ટમેન્ટ ફોર કોમ્બેટિંગ મીસએપ્રોપ્રિયેશન ઓફ સોશિયાલિસ્ટ પ્રોપર્ટી' નામ અપાયું છે. તેની પાસે બાતમીદારો પણ હોય છે. ગ્લેઝનબર્ગ નામના બે ભાઈઓએ બીજા વિશ્વયુદ્ધ પછી લશ્કરમાંથી છૂટા થયા એટલે સરકારી કારખાનામાં કામ કરતાં કરતાં ખાનગી ધંધો શરૂ કર્યો. તેમને નિવૃત્ત લશ્કરી અમલદાર તરીકે દરેકને ૧૦૦૦ રૂબલ (રૂ. ૬૫૦૦૦) મળ્યા હતા. આ રકમ તેઓ બેંકમાં જમા કરાવી શકે છે. આ બન્ને ભાઈઓએ તેનાથી ખાનગી ધંધો શરૂ કર્યો. એક સરકારી ફેક્ટરીના પેટામાં વર્કશોપ શરૂ કરીને આર્ટિફિશિયલ લેધરની હેન્ડબેગ બનાવવા માંડી. એ પછી એમનો ધંધો ખૂબ વિકસ્યો. કારણ કે જે આર્થિક ગુનાને શોધતું ખાતું હતું અને તેના બાતમીદારો હતા તેને નિયમિત રીતે ગ્લેઝનબર્ગ-ભાઈઓ તરફથી લપ્તા મળી જતા. દરેક ઈન્સ્પેક્ટરને મહિને રૂ. ૬૫૦૦૦ થી ૧૩ લાખનો લપ્તો પહોંચી જતો. આ ઈન્સ્પેક્ટરો ઘણી વખત મુંબઈના પોલીસો ગેરકાયદે દારૂની ભઠ્ઠી ચલાવનારને ચેતવે છે તે રીતે ગ્લેઝનબર્ગ - ભાઈઓને ચેતવી દેતા. આ પ્રકારે બન્ને ભાઈઓનું ડાબા હાથનું કામ બહુ લાંબું ચાલ્યું. બન્ને લખપતિ થઈ ગયા, પણ એક વખત છેક ટોચના નેતા ઉપરથી તવાઈ આવી અને એક ભાઈને તો પકડી પાડવો જ જોઈએ તેવો હુકમ થયો. આર્થિક ગુના ડામનારા ખાતાએ બન્ને ભાઈઓને ચેતવણી આપી કે તમારી ફાઈલો ગુમ કરી દો અને એક ભાઈ બહુ શોખથી અને ભપકાથી રહે છે તે ગરીબીની હાલતમાં રહેવાનું શરૂ કરે. તેની પાસે બે ડઝન સુટ છે અને પત્ની પાસે કપડાંનું આખું કબાટ ભર્યું છે તે ક્યાંક છુપાવી દે. એ પછી નાના ભાઈને પકડવામાં આવ્યો. એના ઉપર કેસ ચાલ્યો. તે દિવસે મોસ્કોની મ્યુનિસિપલ કોર્ટમાં સેંકડો લોકો આ છૂપા લખપતિને જોવા સરકારી ફેક્ટરીમાંથી

ખાસ રજા લઈને આવ્યા હતા. આર્થિક ગુનેગારને પણ અહીં હાથકડી પહેરાવવામાં આવે છે. તેને ૧૫ વર્ષની સખત મજૂરીની કેદની સજા થઈ. સાત વર્ષ પછી જેલમાં જ તે મરી ગયો. આવી સખત સજા બધા જાણે છે. છતાં ખાનગીમાં ધંધા તો ચાલે જ છે.

ઈશાક બાશ નામના બીજા એક માણસે ઝીપર અને સેફ્ટી પીનની ફેક્ટરીમાં પોતાનું ખાનગી વર્કશોપ શરૂ કર્યું હતું. તેણે ધીરે ધીરે એક ૬૦૦ કારખાનામાં પોતાના ખાનગી વર્કશોપ શરૂ કરાવ્યાં હતાં. રશિયાના લગભગ તમામ પ્રાંતમાં પછી તેના ખાનગી ધંધા શરૂ થયા. ૭૦ વર્ષની ઉંમર સુધી તેના ધંધા શરૂ રહ્યા અને જ્યારે તે પકડાયો ત્યારે તેની પાસે ૮૦૦ કરોડ રૂબલ ભેગા થયા હતા! તેને ૧૩ વર્ષની સજા થઈ હતી. યહૂદીઓ, જ્યોર્જિયાના વાસીઓ, આર્મેનિયન અને બીજા કોઠા મૂળ રશિયનો આવા ખાનગી ધંધામાં જીવને જોખમે કામ કરે છે.

આ ખાનગી ધંધામાં મેનેજરો રખાય છે. કામદારો રખાય છે અને દુકાનદારોને પણ કમિશન આપાય છે. આ બધાને મહિને રૂા. ૧૪૦૦૦ થી રૂા. ૧૫૦૦૦નો પગાર અપાય છે પછી ખાનગીમાં કંપની રચાય છે અને તેના ડાયરેક્ટર પણ નીમાય છે. ડાયરેક્ટરને મહિને ૧૫૦૦ રૂબલનો પગાર અપાય છે. (રૂા. ૨૦,૦૦૦) આ પ્રકારે એક સરકારી કારખાનામાં ઉત્તમ કામ કરનારા કામદારને 'હિરો ઓફ સોવિયેત યુનિયન' નો સરકારી ખિતાબ મળેલો તે હિરો ડાયરેક્ટર બન્યો હતો. તે પકડાઈ ગયો ત્યારે આર્થિક ગુના પકડનારા ખાતાએ તેને ઓફર કરેલી કે તેની જાણ નીચેના તમામ ખાનગી વર્કશોપ બતાવે તો તેને છોડી મુકાશે. એ પછી ઘણાં ખાનગી કારખાનાઓ બતાવ્યાં હતાં. આ બધાં કારખાનામાં બધા જ મજૂરોને ભૂગર્ભના લખપતિ તરફથી વધારાના પગાર મળતા હતા! રશિયન કારખાનામાં પેદા થતા માલ ઉપર કરવેરા પણ લાગે છે. મજૂરો ખાનગીમાં વધુ માલ પેદા કરે તે માટે વધારાની મજૂરી મળે અને તે ઉપરાંત પેદા કરેલો વધારાનો માલ પણ સસ્તામાં મળે. ઘણી વખત સરકારી કાચા માલની ચોરી થાય તેમાંથી કે વધેલી સામગ્રીમાંથી આ ખાનગી ઉત્પાદન પણ થાય છે.

ગ્લેઝનબર્ગ - ભાઈઓ તો છેક પ્રયોગશાળા સુધી લાગવગ ધરાવતા હતા. પ્રયોગશાળામાં કોઈ નવી ચીજ તૈયાર કરવા માટેના અખતરા થતા હોય ત્યારે જ ગ્લેઝનબર્ગ જાણી લેતો કે કઈ ચીજમાં કેટલો અને કેવો કોચો માલ જોઈશે. પછી કારખાનાનાં ઉત્પાદન-મેનેજરને ફોડીને તેની દ્વારા વધુ પડતા કોચા માલની વરદી આપાતી હતી. ઘણી વખત તો ટેકનિશિયનો અને લેબોરેટરીના અધિપતિઓ જ અમુક ચીજ બનાવવામાં કેટલું વેસ્ટેજ જશે તે વેસ્ટેજનું પ્રમાણ જાણી જોઈને વધુ દેખાડતા હતા કારણ કે તેમને ગ્લેઝનબર્ગ તરફથી લાંચ મળી જતી. ઘણી વખત તૈયાર કપડાં બનાવવાનાં હોય તેમાં જરૂર કરતાં ઓછું જ કાપડ વાપરવામાં આવતું.

બોરીસ રોઈફમેન નામના બીજા એક ભૂગર્ભના લખપતિએ ૧૦ વર્ષમાં ૨૦ કરોડ રૂબલની મિલકત એકઠી કરી હતી. કે.જી.બી. ના એક એજન્ટે બોરીસ રોઈફમેનને પકડયા પછી પૂછ્યું "તારે ૨૦ કરોડ જેવી જંગી રકમને શું કરવી હતી?" જવાબમાં તેણે કહ્યું, "મારે તો ૨૨ કરોડ ભેગા કરવા હતા. દરેક રશિયન દીઠ એક રૂબલ વહેંચાય તે માટે!" પણ આટલી રકમ ભેગી કરીને ખરેખર વાપરવાની તક કેટલી? બહુ બહુ તો ચાર રૂમવાળું સહકારી એપાર્ટમેન્ટ તે ૧૫૦૦૦ રૂબલમાં ખરીદી શકે, ૧૦,૦૦૦ રૂબલની વોલ્ગા કાર ખરીદી શકે. ઘરમાં સારું ફર્નિચર વસાવી શકે, પણ બધું મળીને તે ૧૫ લાખથી વધુ રૂબલનું કાંઈ જ ખરીદીને ગુપ્ત રાખી ન શકે. પણ આ બધું ખરીદે તેના ઉપર પણ આર્થિક ગુના વિરોધી ખાતાની નજર તો હોય જ. તેની પત્ની માટે રુવાંટીવાળો કોટ ખરીદે તો પણ ખબર પડી જાય એટલે આ ગુપ્ત લખપતિઓ પૈસા વાપરતા નથી, પણ છુપાવ્યા જ કરે છે. મોસ્કો જેવા શહેરમાં તે સારી રીતે ખાઈ - પી ને રહી શકે છે. બીજે પ્રગટ થઈ જાય છે! મોસ્કોમાં એલીઝાબેથ મર્કીન નામની બાઈએ તો તેનો પતિ આર્થિક ગુનો કરવા બદલ જેલમાં ગયો ત્યારે ઘરમાં એક મનોરંજન કેન્દ્ર ખોલ્યું હતું અને ત્યાં ડાબે હાથે કમાયેલા નાણાંનો જુગાર રમવા લખપતિઓ આવતા હતા. અમુક મોટી રકમ બેંકમાં પણ ન રાખી શકાય. બેંક માત્ર ૨ થી ૩ ટકા વ્યાજ મળે અને ડિપોઝિટ બહુ મોટી થાય કે બેંકવાળા આર્થિક ગુના વિરોધી ખાતાને ખબર કરી દે છે. ઘણા લોકો રૂબલને ઓછા ભાવે વેચી અમેરિકન ડોલર લે છે. અગર ઘરેણાં લે છે. કાળા બજારમાં ઝારના સોનાના સિક્કા બહુ વેચાય છે. હીરાના હારની પણ સારી એવી માગ રહે છે. એક લખપતિ પાસેથી ૧૪૬ કેરેટના હીરા મળ્યા હતા.

કારખાનાનાં ડાબા હાથના ધંધાનો ચેપ સરકારી ખેતીવાડીમાં પણ લાગ્યો છે. સરકારી ખેતરમાં ઘણા ખાનગી રીતે પોતાના પાક અને શાકભાજી ઉગાડે છે. એ પ્રકારે ઘણા ડોકટરો સરકારી કામ સાથે ખાનગીમાં પ્રેક્ટિસ કરે છે. ખાણમાં કામ કરનારા હીરાઓ ચોરીને કાળા બજારમાં વેચી દે છે. આમ સામ્યવાદી રશિયામાં પણ એક સમાંતર કાળું અર્થતંત્ર ઊભું થયું છે. મુંબઈમાં અમુક લત્તામાં પોલીસ ઈન્સ્પેક્ટરની જગ્યા માટે પ્રીમિયમ બોલાય છે, તેવું રશિયન કારખાનામાં પણ ઈન્સ્પેક્ટરો માટે છે. એક એક જગ્યા માટે રૂા. ૧ લાખની રકમ અપાય છે.

('ફોરચ્યુન' ના એક લેખના આધારે)

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બુધવાર, તા. ૨૬મી ઓગસ્ટથી ગુરુવાર તા. ૩જી સપ્ટેમ્બર સુધી બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી) ખાતે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે

શ્રી મોરારજીભાઈ દેસાઈ
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ,
ડૉ. રમણલાલ ચી. શાહ
શ્રી મોરારીબાપુ
શ્રી પુરુષોત્તમ માવલંકર
શ્રી હરીન્દ્ર દવે
ડૉ. સાગરમલ જૈન
ડૉ. નરેન્દ્ર ભાનાવત
શ્રી શશિકાન્ત મહેતા
શ્રી જયેન્દ્ર ત્રિવેદી
ડૉ. કુમારપાળ દેસાઈ
ડૉ. ગુણવંત શાહ
મુનિ વાત્સલ્યદીપ
શ્રી કિરણભાઈ
પ્રો. અશ્વિનભાઈ કાપડિયા
શ્રી બિન્દુબહેન મહેતા
ડૉ. હીરાબહેન બોરડિયા

વગેરે પધારશે.

વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ આવતા અંકમાં આપવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ,
શ્રી જૈન યુવક સંઘ

卐 'કેન્દ્ર અને પરિધ' 卐

□ જયા મહેતા

'કેન્દ્ર અને પરિધ' શ્રી યશવંત શુકલનો નિબંધસંગ્રહ છેલ્લાં ચાળીસ વર્ષોમાં લખાયેલા ને વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા નિબંધોમાંથી પસંદગી કરીને શ્રી રઘુવીર ચૌધરીએ તેનું સંપાદન કર્યું છે ને નાનકડું પુરોવચન પણ લખ્યું છે.

જે કોઈને ગુજરાતી ભાષા અને સાહિત્યની કેળવણી સાથે સંબંધ છે એમને માટે યશવંત શુકલનું નામ અજાણ્યું નથી. જે કોઈને 'સંસ્કૃતિ', 'બુદ્ધિપ્રકાશ' કે 'નિરીક્ષક' સાથે આછોપાતળો પણ સંબંધ હોય એમને માટે પણ આ નામ અજાણ્યું નથી.

સામાન્ય રીતે આપણા ગુજરાતી પ્રાધ્યાપકોનો વિકાસ એકાંગી રહ્યો છે. રોટલો રળવા ખાતર સાહિત્ય સાથે સંબંધ બાંધ્યા પછી પણ, સાહિત્યમાંયે ઊંડા ઊતરવાની નેમ નથી હોતી, એટલે એક બાજુ એકાંગી વિકાસ છે ને બીજી બાજુ એ અપૂર્ણ વિકાસ છે. આમાં કોઈક અપવાદો હશે. એ અપવાદોમાં યશવંત શુકલનું નામ આગળ રહે. પ્રસ્તુત સંગ્રહના નિબંધોનાં શીર્ષકો પર નજર નાખવાથીયે એનો ખ્યાલ આવશે. તેમણે ધર્મ, સમાજ, કલા અને સાહિત્ય, ઈતિહાસ, રાજકારણ, લોકશાહી, સામ્યવાદ, ક્રાન્તિ, પત્રકારત્વ વગેરે નિરનિરાળા વિષયો પર, પોતાની સૂઝ-સમજ, અભ્યાસ ને મનન-પરિશીલનથી અધિકારપૂર્વક લખ્યું છે. આ નિબંધો વાંચતાં પ્રતીતિ થાય છે કે યશવંત શુકલ એટલે એક તટસ્થ વિચારક ને ચિંતકનું સભર સભર વ્યક્તિત્વ. એમનો કોઈ પણ લેખ વાંચો તો ખાતરી થશે કે વિચાર એ એમના ગદ્યની કરોડરજ્જુ છે. દા. ત. 'લોકશાહી અને ધર્મસહિષ્ણુતા'માં એ લખે છે: "વિચાર એ પથ્થર નથી કે કોઈને વાગે. વિચારનું બળ ઘણું મોટું છે, પણ એ માનવ-ચેતનામાં સરે છે અને ચેતનાનો અંશ બને છે. ચેતનાનો પ્રવાહ બદલવાનું સામર્થ્ય પણ તેજસ્વી અને સાચા વિચારોમાં રહેલું હોય છે. મનુષ્યસમાજો અગતિક અને સ્થાવર ન બને, આચારો જડ ન બને અને સમયે સમયે સંસ્થાઓ અને મૂલ્યો યુગપરિવર્તનની જરૂરિયાતોને અનુકૂળ થતાં આવે તે માટે વિચારો તો પ્રગટ થતા રહેવા જોઈએ; પણ અનેક હેતુઓ, રુચિઓ, સ્વાર્થો અને સંસ્કારો ધરાવતા માણસોના પ્રતિભાવો એકસરખા તો હોઈ જ ન શકે, એટલે સમજાવવાની પ્રક્રિયાનો આશ્રય લેવો જ પડે. આમ, લોકશાહી એ ધીરજપૂર્વક વિચારને સમજાવીને તેને પ્રસ્થાપિત કરવાની વ્યવસ્થા છે. જો વિચારને જ અભયદાન ન હોય તો વિચાર પ્રગટ કરી શકાય નહીં." (પૃ. ૯૦)

બીજું ઉદાહરણ 'લોકધર્મી પત્રકારત્વ'માંથી જોઈએ: "આજે ધંધો ધર્મને ભરખી ગયો છે. આર્થિક વર્ગો અને રાજકીય પક્ષોનું જે જે પ્રકારનું સહિયારું રચાય તે તે પ્રકારનાં પત્રો નીકળ્યે જાય છે. શિક્ષણના ફેલાવાથી પત્રોનો ફેલાવો વધ્યો છે. ઉદ્યોગોના વિકાસથી જાહેરાતો આપનારા આશ્રયદાતા વધ્યા છે. મોટી સંખ્યાને પહોંચી વળવા માટેનાં યાંત્રિક સાધનો મોટું મૂડીરોકાણ માગે છે. એટલે પત્રકારત્વ ધનકુબેરોના હાથમાં જઈ પડ્યું છે. સરકાર પણ જાહેરાતો આપનારી મોટી એજન્સી છે. એ બંનેની કૃપાદૃષ્ટિ મેળવનાર પત્રકારત્વ જનમાનપત્રોની હારમાળા ઊભી કરે છે; જે નાનાં નાનાં વિચારપત્રોને ખાઈ જાય છે. આ પરિસ્થિતિમાં પત્રકારત્વ સત્યધર્મી કે લોકધર્મી રહેવાનો ડોળ ઘાલવાનું જ્યું કર્યા વિના અમુક કે તમુક આર્થિક વર્ગોનું કે અમુક કે તમુક સત્તાપક્ષનું દાસીકૃત્ય કરતું જ રહે છે..." (પૃ. ૨૫૫).

યશવંત શુકલ શૈલી ખાતર શૈલીના ચાહક નથી, છતાં યે એમના ગદ્યનું એક નૈસર્ગિક લાવણ્ય છે:

"આખી ચેતનસૃષ્ટિમાં મનુષ્ય વિશિષ્ટ હોવા છતાં એને પણ ઈન્દ્રિયો, બુદ્ધિ અને કલ્પના એ જ જગતનો તાગ લેવા માટેનાં સાધનો છે. પણ આ સાધનો મર્યાદિત શક્તિ ધરાવે છે. જે અમર્યાદ છે તે મર્યાદિતની પકડમાં કેવી રીતે આવી શકે? જે સીમિત છે તે અસીમનો તાગ કેવી રીતે લઈ શકે? તેમ છતાં કોઈ ધન્ય પળે કોઈ ભાગ્યશાળીના ચિત્તમાં સહસા અનુભવની પાર રહેલું અગોચર તત્ત્વ ગોચર બને છે. ચિત્તમાં એનો પ્રકાશ ઝબકે છે અને મનુષ્યને આત્મા અને પરમાત્માની એકરૂપતાનો અનુભવ થાય છે. તેનો આનંદ એના ચૈતન્યમાં વ્યાપી જાય છે ત્યારે પણ અનુભવને શબ્દબદ્ધ કરી શકાતો નથી..." (પૃ. ૪૭)

બીજું એક ઉદાહરણ જોઈએ. 'ચીનથી પત્રો'માં તે લખે છે:

"બેંકોક પહોંચતાં પહેલાં ઊઘડતા પ્રભાતની રંગછાલકોથી આખું આકાશ ઝગી ઊઠ્યું હતું એનું દર્શન કર્યું. એ અનુભવ અપૂર્વ હતો. બ્રહ્મદેશની ભૂમિ નીચે સ્પષ્ટ દેખાતી હતી. જો કે, રંગૂન ઝોકામાં કે અંધારામાં કે વાદળામાં ગયું તેની ખાતરી નથી. ઈરાવદી નદી અને એની શાખાઓ પણ નિહાળી. અને નદીનું સાગરમિલન તથા વંકવોળામણો ભૂમિકાંઠો પણ જોયો. બેંકોકનાં ભાતનાં ખેતરો, મનોહર પર્વતી ઢોળાવો અને નદીનાં તેમ જ નગરનાં દર્શન કર્યાં... પછી તો અમે સમુદ્ર પર રહીને ઊડ્યા અને રૂના ઢગલે-ઢગલા જેવાં વાદળો ખૂંદતું અમારું વિમાન આગળ વધતું રહ્યું. કવચિત્ વાદળાં ખસી જતાં અને કવચિત્ નીચેનાં ભૂરા પ્રશાન્ત લહરહીન પાણી દેખાતાં, કવચિત્ વાદળાંની ટોચે સૂર્યની રંગલીલા પથરાતી જોવા મળતી..." (પૃ. ૧૩૬-૩૭)

યશવંતભાઈ શિક્ષક છે. એ કોઈ પણ વાતને આડેધડ રજૂ નહીં કરે. એની પ્રાથમિક ભૂમિકા બાંધીને જરૂર હોય ત્યાં ઉદાહરણો આપીને એ વાતને વિકસાવશે, પણ ફુલાવશે નહીં. દા.ત. 'કવિતાનો સમાજ-સંદર્ભ' એ વિષયની ભૂમિકા એમણે ઉદાહરણથી બાંધી છે:

"પેકિંગ મ્યુઝિયમમાં નવમા સૈકાની એક હાથીદાંતની સાદડી જોઈ. એ હાથીદાંતની છે એમ કોઈ કહે નહીં તો પહેલી નજરે એ આબાદ ઘાસની સાદડી લાગે. એની ઝીણી નકશી, એનો ગૂંથણીદાર વીંટો, એનો પીળચટો રંગ ... હાથીદાંત જેવો પ્રમાણમાં ઠીક મોંઘો અને ઘણો જ કઠણ પદાર્થ, પ્રમાણમાં ઘણા સસ્તા અને ઘણા પોચા ઘાસરૂપે પ્રતીત થાય એવી કરામત પ્રયોજવાથી કલાકારે શું સિદ્ધ કર્યું એવો પ્રશ્ન વ્યવહારની ભૂમિકાએથી આ સાદડીને અનુલક્ષીને કોઈ પ્રાજ્ઞ પુરુષ પૂછે તો એના સામું જોઈ રહેવું પડે, પણ કલાની ભૂમિકાએ તો પ્રશ્નમાં જ જવાબ સમાઈ જાય છે.

કલાકારે પોતાની કલા માટે ઉપાદાન બદલાવી લીધું અને આપત્તિ વહોરી લીધી એ જ એનું સામર્થ્ય. હાથીદાંતની બધી અવળાઈઓને જેર કરીને સાદડીના નિર્માણમાં અનુકૂળ થવા એને ફરજ પાડી, હાથીદાંત જેવો કઠણ પદાર્થ કલાકારનાં આંગળાં અને આંખને વશ વર્તીને પોચા ઘાસનો આબાસારો આપી શકે એવો કલ્હાગરો બની ગયો એ જ એની સિદ્ધિ." (પૃ. ૨૦૭-૯)

આ લેખક એક પછી એક મુદ્દા અત્યંત વ્યવસ્થિત રીતે આપે છે.

કોઈ પણ પ્રશ્ન પરત્વે યશવંત શુકલનો અભિગમ આવેશરહિત અને તર્કપુરઃસરનો રહ્યો છે. એમને જે કહેવાનું હોય છે એમાં ક્યાંયે ગોળગોળવેડા જેવું નથી, કારણ કે એમની વૈચારિક ભૂમિકા એટલી સ્પષ્ટ છે કે એમને અભિવ્યક્તિમાં કશી તકલીફ પડતી નથી. પોતે જે માને છે તેને વ્યવસ્થિત રીતે સામા માણસને પહોંચાડી શકે છે.

બહુ મોડે મોડે પણ એમનો આ સંગ્રહ મળ્યો ખરો એનો આનંદ છે. અને હજી તો અનેક સંગ્રહો થઈ શકે એટલું એમનું લખાણ સામયિકોમાં વેરવિખેર પડ્યું છે તે ગ્રંથસ્થ થાય એવી અપેક્ષા છે.

શ્રદ્ધા કેરો દીવો મારો ના કદીયે ઓલવાજો

□ અજિત પોપટ

બિલખાવાળા નથુરામ શર્માજી કહેતા: 'ભગવાનનો સાક્ષાત્કાર કરવો છે? તો બાળકની શ્રદ્ધા કેળવો. બગીચામાં દોડતા બાળકને જોજો. ડગુમગુ ડગુમગુ પડતું આખડતું દોડયા કરતું હોય. પણ પાંચ-દસ ડગલાં દોડીને લગરિક થોભે. પાછું વાળીને જુએ: મારી મા આવે છે ના? મા ઝાડ પછવાડે સંતાઈ ગઈ હોય તો બાળક આખો બગીચો ગાજે એવા સપ્તસુરે રૂદનરાગ છેડે. મા જેવી હોય તેવી પણ બાળકને તો એ દુનિયાની સૌથી શકિતશાળી, સૌથી સમર્થ! એ શ્રદ્ધા જિજ્ઞાસુમાં પ્રગટે તો તરી જાય.'

કવિ કરસનદાસ માણેકને મોઢે મેં નથુરામજી અને એમની ઘણી વાર્તાઓ દૃષ્ટાંતકથા સાંભળ્યાં હતાં. વાત વાંચવી કે સાંભળવી જેટલી સહેલી છે એટલી આચારમાં મૂકવી સહેલ નથી. શ્રદ્ધા શબ્દ ટચૂકડો છે; એની શકિત અનંત છે, વિરાટ છે. એક કવિએ લખેલું: 'અંધ-શ્રદ્ધાનો એને દોષ ન દે, અંધને શ્રદ્ધા નહીં તો હોય શું? સુરદાસને દોરી જનારો લઈ જાય ત્યાં જ જવું રહ્યું ને? દોરી જનારા પર શ્રદ્ધા રાખ્યા વિના છૂટકો ક્યાં છે?

શ્રદ્ધા કયારેક જન્મજાત હોય છે, કયારેક બંધાવાતી હોય છે. જન્મજાત શ્રદ્ધા મેળવનારા વીરલા બહુ ઓછા હોય છે. ગાંધીજીને શ્રદ્ધા વારસામાં મળેલી એ સાચું પણ એને જાગૃત કરી એક કામવાળી બાઈ-રંભાએ. આજની ભાષામાં એને આયા કહીએ. કહ્યું'તું : 'મોના, બીક લાગે ત્યારે રામનું નામ લેવું.' અરે ભાઈ, બધાંને ખબર છે કે બીક લાગે ત્યારે રામનું નામ લેવું, પણ ખરેખર બીક લાગે ત્યારે રામ સિવાય બીજું બધું યાદ આવે છે તેનું શું!

ઘણી આયા-દાસીઓ સદ્‌ભાગી હોય છે. એક દાસી મહાભારતમાં છે જેને ભગવાન વ્યાસનો નિયોગ સાંપડયો અને એની કૂખે વિદૂર જન્મ્યા. એક દાસી-સેવિકા રામાયણમાં છે જેનો પ્રેમ પારખીને રામચંદ્રજીએ ઓનાં ચાખેલાં બોર આરોગ્યાં. એક દાસી ભાગવતમાં છે: ત્રિવક્રા. ત્રિભુવન મોહન કૃષ્ણે ત્રિવક્રાને તરુણી બનાવી.

આપણે શ્રદ્ધાની વાત કરતા હતા. મીરાંના તંબુરમાંથી, નરસિંહની કરતાલમાંથી, નારદની વીણામાંથી, અર્જુનના ગાંડીવમાંથી, તુકાના અભંગોમાંથી—શ્રદ્ધા કયાં કયાંથી ટપકી નથી? એ શ્રદ્ધાના બળે રામના નામે પથ્થરો તર્યા.

ઘણાને શ્રદ્ધા તો જન્મે છે પણ સંકટ આવતાં શ્રદ્ધાનું બાષ્પીભવન થઈ જાય છે. દરેક ધર્મગ્રંથમાં શ્રદ્ધા પ્રગટાવવા અને સુદૃઢ કરવા શ્રદ્ધાકથાઓ વર્ણવાઈ છે. બાઈબલની એક કથા મને બહુ ગમે છે. એનો સાર ટૂંક આવો છે :

એક ગામમાં લાગલગાટ ત્રણ વરસ વરસાદ ન પડયો. લોકો ત્રાસી ગયા. ધર્મગુરુની સલાહ લીધી: શું કરીએ તો વરસાદ આવે? પોથીમાંનાં રીંગણાં માંહ્યલા મારાજે કહ્યું: પ્રાર્થના કરો. આખું ગામ પ્રાર્થના કરવા એક ચોગાનમાં એકઠું થયું. નાના-મોટા, સ્ત્રી-પુરુષ બધાં આવ્યાં હતાં.

એક નાનકડી બાલિકા છત્રી લઈને આવી હતી. કોઈએ એની ઠેકડી ઉડાવી, કોઈએ એની સામે તુચ્છકારથી જોયું, કોઈએ અભિનર્થથી છણકો કર્યો. પેલા ધર્મગુરુએ કહ્યું, 'બેટા છત્રી કેમ લાવી છે.

સાવ સરળતાથી એણે કહ્યું: 'તમે જ તો શીખવો છો: આસ્ક એન્ડ ધાય શેલ ગેટ ઈટ. નૉક એન્ડ ધેર શેલ ઓપન ટુ યુ. તમે બધાં પ્રાર્થના કરશો એટલે વરસાદ તો આવશે ને? ભીંજાઈ જવાના ડરે હું છત્રી લાવી છું.'

એનાં આ શબ્દો [પૂરા થયા ન થયા ત્યાં ધોધમાર વરસાદ તૂટી પડયો. પ્રાર્થના કરવા તો સૌ કોઈ આવે છે પણ શ્રદ્ધારૂપી છત્રી લઈને કેટલા જણા આવે છે? શ્રદ્ધાને માપી શકાતી હોત તો?

આજે અનેક યંત્રોથી, યંત્રમાનવોથી, ભલભલાને આંજી દે એવી અનેરી શોધખોળોથી વિજ્ઞાન પરમ તત્ત્વ પ્રત્યેની રહી સહી શ્રદ્ધાનો ય છેદ ઉડાડી રહ્યું છે. રેઢિયાળ ફિલ્મસ્ટારોને સંસ્કૃતિના પ્રતીક અને આરાધ્ય દેવ માનવામાં આવી રહ્યા છે ત્યારે શ્રદ્ધાનો દીવો પ્રગટાવી શકે એવા સુકાનીઓની તાતી જરૂર છે. અમારી-આપણી યુવાનપેઢીમાં સાચી શ્રદ્ધા જગાડી શકે એવા રાહબર ક્યાં છે?

સાસુમાની ઝાલરી: એક નવોન્મેષ

□ પ્રો. નલિન દેસાઇ 'સ્નેહાંકુર'

ગુજરાતી કાવ્ય-જગતમાં શ્રી રતુભાઈ દેસાઈનો 'સાસુમાની ઝાલરી' નામનો કાવ્યસંગ્રહ વિષયની દૃષ્ટિએ એક નવો જ ઉન્મેષ છે એમ અતિશયોકિત વિના કહી શકાય. અંગ્રેજી કાવ્ય સાહિત્યના પરિશીલન પછી; ગુજરાતીમાં કવિ દલપતરામ, નરસિંહરાવ, ઉમાશંકર, સુંદરજી બટાઈ જેવા ધુરંધર સર્જકોએ Elegy નામનો કાવ્યપ્રકાર પ્રશસ્ય રીતે ખેડેલો છે, તેમાં પ્રસ્તુત સંગ્રહ કિંમતી અને પ્રાણવાન ઉમેરો બને છે. ગુજરાતીમાં, સાસુને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ કરુણપ્રશસ્તિ સૌ પ્રથમ જ રચાઈ છે, તે પૂર્વે કોઈ રચાયાનું જાણ્યામાં નથી.

'સાસુમાની ઝાલરી'માં ઊંડાને આંખે વળગે તેવું એક તત્ત્વ છે, અનુભૂતિનો સાચુકલો રણકાર. આ કાવ્યકૃતિ નિતાંત આત્મલક્ષી Subjective બની ગઈ છે, રોવો કોઈને દોષ દેખાય, પણ હકીકતમાં Elegy પ્રકારનાં કાવ્યોમાં આત્મલક્ષિતા એ દોષ નથી, એ તો મૂળભૂત અને અવિનાભાવી એવો લઘુતમ સાધારણ અવયવ છે. કાવ્યની પ્રારંભની પંકિતઓમાં કવિનાં સાસુમાની મૃત્યુતિથિ ૧૫-૧૦-૧૯૮૦નો નિર્દેશ થાય છે, એ સાલવારી કવિને મન વિશેષ મહત્ત્વની છે. જો એમ ન હોત તો એક જ રાતના, થોડાક કલાકોમાં સંગ્રહની ૮૦ ટકા જેટલી પંકિતઓ ઊતરે કેવી રીતે! કવિતામાં સ્વાભાવિક રીતે ગોઠવાતા જતા પ્રાસ ઓનું બાંધું જમા પાસું ગણાય. "ઓ રે!" "અરે મા!" જેવા ઉદ્‌ગારસૂચક શબ્દો કવિએ અનુભવેલો કરુણભાવ શબ્દસ્થ કરે છે. મૃત્યુજન્ય ચિંતન પણ આ સંગ્રહમાં સુપેરે અભિવ્યકત થયેલું છે. પ્રાસતત્ત્વ કયારેક કવિતાનું હાનિકારક પણ બન્યું છે: જેમ કે પૃ. ૨૪ પર, અંતિમ પંકિતમાં 'બા' શબ્દ સાથે પ્રાસ મેળવવા માટે "ખંડુભાઈ"ને બદલે "ખંડોબા" કરવાની કોઈ અનિવાર્યતા દેખાતી નથી. કવિતામાં કવિએ નિર્દેશેલાં કેટલાંક વિશેષનામો, જેમને પરિચય નથી તેવા ભાવકોના આસ્વાદનમાં બાધારૂપ બનશે, પણ તે કવિની વૈયકિતક મર્યાદા બનતી નથી. માતા અને સાસુમા પાસેથી કવિએ, માતૃપ્રેમની ઉપલબ્ધિ કરી, એ જ એક મોટો અકસ્માત છે. ['જનની'થી શરૂ થયેલી અને 'સાસુમાની ઝાલરી' સુધી આવી પહોંચેલી શ્રી રતુભાઈની કાવ્યયાત્રા એક સંવેદનશીલ અને વાસ્તવવાદી કવિનો વિકાસ સૂચવી જાય છે.]

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૬ : અંક : ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ ઓગસ્ટ, ૧૯૮૨, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ : પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

શ્રીમદ્ રાજચંદ્ર

☐ ચીમનલાલ ચકુભાઈ શાહ

દરેક ધર્મમાં ક્રિયાકાંડો, વિધિનિષેધો હોય છે. કાળક્રમે, આ ક્રિયાકાંડો ધર્મનું સર્વસ્વ છે એવો ભાવ અથવા માન્યતા આમજનતામાં પેદા થાય છે. તેનું રહસ્ય અથવા હાર્દ વિસારે પડે છે. પરિણામે ક્રિયાકાંડોમાં યાંત્રિકતા અથવા જડતા આવે છે, તેનો પ્રાણ ઊડી જાય છે. વિચારવંત વ્યકિતને આવા ક્રિયાકાંડોમાં શ્રદ્ધા રહેતી નથી અને તેનો વિરોધ થાય છે. પછી એવો વર્ગ ઊભો થાય છે જે સર્વ પ્રકારના ક્રિયાકાંડોનો સર્વથા વિરોધ કરે છે. આવો વર્ગ માત્ર જ્ઞાનની જ વાતો કરે છે અને જ્ઞાન જાણે સહજપણે પ્રાપ્ત હોય એવો ભાસ ઊભો કરે છે. આત્માનો વિચાર કરો અને આત્મજ્ઞાન થઈ જશે. બીજું કંઈ કરવાની જરૂર નથી એમ કહે છે. જપ, તપ, વ્રત, યમ, નિયમ, સર્વ નિરર્થક છે. માત્ર આત્મભાવ કેળવો, કોઈ કષ્ટ વેઠવાની, ત્યાગ, વૈરાગ્ય, કોઈ આવશ્યકતા નથી. પ્રબુદ્ધ જીવનના ગયા અંકમાં (તા. ૧-૮-૮૨) મુનીશ્રી કીર્તિયશવિજયજીનો એક લેખ પ્રકટ થયો છે. "માત્ર કષ્ટમાં ધર્મ નથી." તેમાં યશોવિજયજી, આનંદઘનજી અને અન્ય અવધૂતોના લખાણો ટાંકી એમ બતાવ્યું છે કે કષ્ટભોગમાં ધર્મ નથી. આનંદઘન અને યશોવિજયજીની કોટિએ પહોંચ્યા હોય એવી વ્યકિતઓ માટે એ કથન સત્ય છે અથવા ક્રિયા-જડતા બતાવવા સત્ય છે, પણ તેમાં તપ, જપ, વ્રત, યમ, નિયમનો સંપૂર્ણ નિષેધ નથી.

આ બન્ને પ્રકારની વિચારણાઓ એકપક્ષી છે. શ્રીમદ્ રાજચંદ્રે આ વિષયમાં જે માર્ગદર્શન આપ્યું છે તે સંક્ષેપમાં અહીં બતાવવા ઈચ્છું છું. શ્રીમદ્‌ના લખાણો છૂટાછવાયા વખતોવખત મેં વાંચ્યા છે, પણ હમણાં તેમનો ગ્રંથ "શ્રીમદ્ રાજચંદ્ર" – જેમાં તેમના ઉપલબ્ધ બધા લખાણોનો સંગ્રહ છે તે સળંગપણે પૂરો વાંચી ગયો અને ઘણું નવું જાણવાનું મળ્યું. તે સંબંધે એક લેખ-માળા લખી શકાય. બનશે તો અવકાશે લખવા ઈચ્છા છે. આ લેખમાં જ્ઞાન અને ક્રિયા વિષે શ્રીમદે શું કહ્યું છે તે રજૂ કરું છું. તે પહેલા એક વાત જણાવી દઉં. જૈન સોશ્યલ ગ્રુપ તરફથી નવકારમંત્રની આરાધના વિષે શ્રી શશીકાન્ત મહેતાનું પ્રવચન ગોઠવ્યું હતું. અંતે મેં બે શબ્દો કહ્યા હતા. ત્યારે મેં કહ્યું હતું કે ધાર્મિક ક્રિયાઓ– સામાયિક, પ્રતિક્રમણ, તપ, જપ, વ્રત વગેરે હું કરતો નથી; મારાથી થતી નથી, તે ક્રિયાઓ વર્તમાનમાં જે રીતે થાય છે તેથી મને સંતોષ નથી. પણ તેને સ્થાને જ્ઞાનમય ક્રિયાઓ સ્થાપી ન શકીએ ત્યાં સુધી હજારો વર્ષથી જે ક્રિયાઓ ચાલે છે તેનો નિષેધ અથવા વિરોધ કરવાની મારી વૃત્તિ નથી. જનસાધારણની તેમાં શ્રદ્ધા છે, તેમાંથી તેને કાંઈક બળ મળે છે, તેના અંતરમાં કાંઈક શાંતિ થાય છે; તેને હું અટકાવું નહિ, તેમ કરવાનો મને અધિકાર નથી. આવો અભિગમ જૂનવાણી ગણાતો હોય તો જૂનવાણી ગણાવામાં મને નાનમ નથી લાગતી, બલ્કે તેનો ઉચ્છેદ કરવાની પ્રગતિશીલતા મારે નથી જોઈતી.

મુનિશ્રી લલ્લુજી ઉપર, અસાડ સુદી ૧, ગુરુ ૧૯૫૧ના રોજ લખેલ એક પત્ર (ગ્રંથનો ક્રમાંક ૯૩૭)માં શ્રીમદે લખ્યું છે:

"અશુદ્ધ ક્રિયાના નિષેધક વચનો ઉપદેશરૂપે ન પ્રવર્તાવતાં, શુદ્ધ ક્રિયામાં જેમ લોકોની રૂચિ વધે તેમ ક્રિયા કરાવ્યે જવી."

"ઉદાહરણ દાખલ કે, જેમ કોઈ એક મનુષ્ય તેની રૂઢિ પ્રમાણે સામાયિકવ્રત કરે છે, તો તેનો નિષેધ નહિ કરતાં, તેનો તે વખત ઉપદેશના શ્રવણમાં કે સત્શાસ્ત્ર અધ્યયનમાં અથવા કાયોત્સર્ગમાં જાય તેમ તેને ઉપદેશવું. કિંચિત્માત્ર આ ભાસે પણ તેને સામાયિક વ્રતાદિનો નિષેધ હૃદયમાં પણ ન આવે એવી ગંભીરતાથી, શુદ્ધ ક્રિયાની પ્રેરણા કરવી. ખુલ્લી પ્રેરણા કરવા જતાં પણ, ક્રિયાથી રહિત થઈ ઉન્મત્ત થાય છે અથવા તમારી આ ક્રિયા બરાબર નથી એટલું જણાવતાં પણ તમારા પ્રત્યે દોષ દઈ તે ક્રિયા છોડી દે એવો પ્રમત્ત જીવોનો સ્વભાવ છે અને લોકોની દૃષ્ટિમાં એમ આવે કે તમે જ ક્રિયાનો નિષેધ કર્યો છે માટે મતભેદથી દૂર રહી, મધ્યસ્થવત્ રહી, સ્વાત્માનું હિત કરતાં જેમ જેમ પર આત્માનું હિત થાય તેમ પ્રવર્તવું અને જ્ઞાનીના માર્ગનું, જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું કરવું એ જ નિર્જરાનો સુંદર માર્ગ છે.

"સ્વાત્મ હિતમાં પ્રમાદ ન થાય અને પરને અવિક્ષેપપણે આસ્તિક્યવૃત્તિ બંધાય તેવું તેનું શ્રવણ થાય, ક્રિયાની વૃદ્ધિ થાય, છતાં કલ્પિત ભેદ વધે નહિ અને સ્વ પર આત્માને શાન્તિ થાય એમ પ્રવર્તવામાં ઉલ્લસિત વૃતિ રાખજો, સશાસ્ત્ર પ્રત્યે રૂચિ વધે તેમ કરજો."

જ્ઞાનક્રિયાનું સમન્વિતપણું એ મોક્ષમાર્ગ છે. ज्ञान क्रियाभ्याम् मोक्षः એ સિદ્ધાંત, શ્રીમદે અનેક રીતે વારંવાર સમજાવ્યો છે.

જ્ઞાન એટલે દ્રવ્યના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન. દ્રવ્ય મુખ્યત્વે બે છે, જડ અને ચેતન. આ જ્ઞાનને જૈન પરિભાષામાં દ્રવ્યાનુયોગ કહ્યો છે. દ્રવ્યાનુયોગ શ્રેષ્ઠ છે અને અંતિમ છે, પણ શ્રીમદે વારંવાર ભારપૂર્વક કહ્યું છે કે દ્રવ્યાનુયોગનું જ્ઞાન અતિ વિરલ છે, અતિ વિકટ છે. સંત સમાગમે જ પ્રાપ્ય છે. ચિત્તશુદ્ધિ અને કષાયની ઉપશાંતતા વિના આ જ્ઞાન શકય નથી. તેમના કેટલાક વચનો ટાંકું છું:

"પ્રત્યક્ષ સત્સમાગમથી, ભકિત વૈરાગ્યાદિ સાધનસહિત, મુમુક્ષુએ સદ્‌ગુરુ આજ્ઞાએ, દ્રવ્યાનુયોગ વિચારવાયોગ્ય છે."

"સિદ્ધાંતનો વિચાર ઘણાં સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી, કર્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું તો જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે."

શ્રીમદે કહ્યું છે કે શાસ્ત્રોમાં બે પ્રકારના જ્ઞાન કહ્યા છે-સિદ્ધાંત-જ્ઞાન અને ઉપદેશજ્ઞાન. સિદ્ધાંતજ્ઞાન અંતિમ લક્ષ છે, ઉપદેશ-

જ્ઞાન તેનું સાધન છે. વૈરાગ્ય અને ઉપશમ, એટલે કે કષાયો જેવા કે કામ, ક્રોધ, મોહ, લોભ વિગેરેની ઉપશાંતતા વિના આત્મ-જ્ઞાન પ્રાપ્ત થતું નથી. જીવનની તે સાધના છે. આવી સાધના વિના, જેઓ માત્ર આત્મજ્ઞાનની વાતો જ કરે છે અથવા મૌખિક રટણ કરે છે, તેઓ શુષ્ક જ્ઞાની છે. જેઓ જ્ઞાન વિનાની માત્ર ક્રિયાનો જ આશ્રય લે છે તે ક્રિયાજડ છે.

શ્રીમદ્‌ના, આત્મસિદ્ધિ ગ્રંથમાંથી કેટલીક ગાથાઓ ટાંકી આ બાબત વધારે સ્પષ્ટ કરું.

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.
બાહ્યક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ,
જ્ઞાન માર્ગ નિષેધતા, તેહ ક્રિયા જડ આંઈ.
બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ;
વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહી.

ક્રિયાજડ અને શુષ્ક જ્ઞાનીના લક્ષણો બતાવ્યા પછી, જીવનસાધ-નામાં ત્યાગ, વૈરાગ્યનું શું સ્થાન છે અને આત્મજ્ઞાન માટે તેની કેટલી આવશ્યકતા છે તે બતાવે છે.

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, ઉપજે ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

આ ત્રણે ગાથા ઉપર શ્રીમદ્‌ પોતે વિવેચન લખ્યું છે. તે પૂરું અહીં આપી શકતો નથી. જીજ્ઞાસુએ જોઈ લેવું. ત્યાગ, વૈરાગ્ય, અને આત્મજ્ઞાનનો કેટલો ગાઢ સંબંધ છે તે બતાવ્યું છે. ત્યાગ અને વૈરાગ્ય વિના આત્મજ્ઞાન સંભવે નહિ. ત્યાગ, વૈરાગ્ય, અંતિમ લક્ષ નથી, સાધના છે, તેથી ત્યાં અટકવાનું નથી. આત્મજ્ઞાન વિના ત્યાગ વૈરાગ્ય સફળ નથી, ત્યાગ વૈરાગ્ય વિના આત્મજ્ઞાન શક્ય નથી. પરસ્પર અવલંબિત છે, પણ પ્રથમ ત્યાગ અને વૈરાગ્ય, તે ન હોય તો પાયો જ નથી. ત્યાગ વૈરાગ્યમાં, તપ અને દેહકષ્ટ સમાયેલ છે. દેહની આળપંપાળ કરવાવાળા, ભોગોપભોગમાં રાચતા, પરિગ્રહ મોહમાં ડુબેલા, આત્મજ્ઞાનની વાતો કરવાવાળા શુષ્ક જ્ઞાનીઓ આત્મઘાતી છે. આ અતિ કઠીન અને દીર્ઘકાળની સાધના છે. ચપટી વગાડે અને આત્મજ્ઞાન કરાવી દે, એક કલાકમાં મોક્ષ અપાવી દે એવા ભગવાનોથી સાચો ભગવાન આપણને બચાવે. ભગવાન મહાવીરને પણ સાડાબાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરવી પડી હતી, સર્વસ્વનો ત્યાગ કર્યો હતો.

ભાષા બેધારી તલવાર છે. સંપૂર્ણ સત્ય ભાષામાં આવતું નથી. આંશિક સત્યને સંપૂર્ણ માની, માણસ ભ્રમમાં પડે છે. જૈન પરિ-ભાષામાં નિશ્ચય નય અને વ્યવહાર નય બતાવ્યા છે. અંગ્રેજીમાં જેને Absolute point of view and relative Point of view કહીએ. અપૂર્ણ માણસ માટે બધાં દૃષ્ટિબિન્દુ Relative વ્યવહારના છે. પણ માણસને નિશ્ચયની ભાષા વાપરતા આવડે છે. એટલે મિથ્યાને સત્ય બતાવે અને સત્યને મિથ્યા બતાવે એવી તેની બુદ્ધિ છે. શ્રીમદ્‌ આવા ભ્રમ સામે ગંભીર ચેતવણી આપી છે.

ફરી આત્મ સિદ્ધિની કેટલીક ગાથાઓ ટાંકું:

મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનનો દ્રોહ.
નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાનો'ય
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.
અથવા નિશ્ચય નયગ્રહે માત્ર શબ્દની માંય,
લોપે સદ્‌વ્યવહારને, સાધનરહિત થાય.

શ્રીમદે પોતે વિવેચન કરતાં કહ્યું છે:

'સમયસાર' કે 'યોગવાસિ' જેવા ગ્રંથો વાંચી, માત્ર નિશ્ચય-નયને ગ્રહણ કરે. આત્મા અસંગ છે, અબંધ છે, વગેરે. માત્ર કહેવા રૂપે. અંતરંગમાં તથા રૂપ-ગુણથી કશી સ્પર્શના ન હોય અને સદ્‌ગુરુ સત્શાસ્ત્ર તથા વૈરાગ્ય, વિવેકાદિ સાચા 'વ્યવહાર'ને લોપે તેમ જ પોતાને જ્ઞાની માની લઈને સાધનરહિત વર્તે.

સદ્‌વ્યવહાર જીવનસાધનાનો પાયો છે, પ્રાથમિક ભૂમિકા છે. શુદ્ધ વ્યવહાર પણ જેનામાં નથી તે જીવનસાધનાના પંથે છે એમ માનવાની ભૂલ ન કરવી. ૮-૭-૧૯૮૨

સંઘના ૧૯૮૨-'૮૩ના વર્ષ માટેના પદાધિકારીઓ અને કારોબારી સમિતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૩૧-૭-૮૧૯૮૨ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી, જેમાં ૧૯૮૨-'૮૩ના વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી:

૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ–પ્રમુખ
૨. શ્રી રસિકલાલ એમ. ઝવેરી–ઉપપ્રમુખ
૩. ,, ચીમનલાલ જે. શાહ.....મંત્રી
૪. ,, કે. પી. શાહ.....મંત્રી
૫. ,, પ્રવિણચંદ્ર કે. શાહ.....કોષાધ્યક્ષ

કારોબારી સમિતિમાં પદાધિકારીઓ ઉપરાંત ૧૫ સભ્યોની ચૂંટણી માટે ૨૧ સભ્યોની ઉમેદવારી થતાં ગુપ્ત મતદાનથી ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું. મતદાનમાં નીચે મુજબના ૧૫ સભ્યો કારોબારી સમિતિના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. ચૂંટાયેલા સભ્યોને હાર્દિક અભિનંદન!

૧. ડો. રમણલાલ ચીમનલાલ શાહ
૨. પ્રો. તારાબેન રમણલાલ શાહ
૩. શ્રીમતી નીરૂબહેન સુબોધભાઈ શાહ
૪. ,, સુબોધભાઈ એમ. શાહ
૫. શ્રી અમર જરીવાલા
૬. શ્રીમતી કમલબહેન પીસપાટી
૭. શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ
૮. ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૯. ,, એ. જે. શાહ
૧૦. ,, ગણપતભાઈ એમ. ઝવેરી
૧૧. ,, ટોકરશી કે. શાહ
૧૨. ,, પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૧૩. ,, દામજીભાઈ વેલજી શાહ
૧૪. ,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૫. ,, રસિકલાલ લહેરચંદ શાહ

ચૂંટણીની કાર્યવાહી ઓડિટર મે. શાહ મહેતા એન્ડ કું.ના શ્રી ઉત્તમભાઈ શાહ અને સભ્યોમાંથી શ્રી શિરીષ સાકરચંદ વસાએ સંભાળી હતી.

સંઘ સમાચાર

અભ્યાસ વર્તુળ:-

સપ્ટેમ્બરની તા. ૧૦-૧૧-૧૨ (શુક, શનિ અને રવિવાર) ત્રણ દિવસ માટે શ્રી નારાયણ દેસાઈનાં પ્રવચનો ગોઠવવામાં આવ્યા છે. વિષય તથા સમયની જાહેરાત હવે પછીના અંકમાં કરવામાં આવશે.

લિ.
મંત્રીઓ

અહિંસકની પહેલી કસોટી—પોતાનો પરિવાર

[] અગરચંદ નાહટા

અહિંસાના મહત્ત્વ અને ઉપયોગિતાના સંબંધમાં લગભગ બધા જ જાણે છે અને પ્રચાર પણ એ વિશે થતો રહે છે. કયારેક પુનરાવર્તન એટલું થાય છે કે તેનો હૃદયસ્પર્શી સ્થાયી પ્રભાવ નથી પડતો. ખરેખર એ ખૂબ ચિંતનનો વિષય છે કે અહિંસાને પરમધર્મ માનવામાં આવે છે; પરંતુ જીવનમાં એની પ્રતિષ્ઠા કેમ નથી થતી. એ વિશે અહિંસાના પ્રચારકોએ પોતાના નવા ચિંતનને પ્રકાશમાં લાવવું જોઈએ. જીવનમાં હિંસા ક્યાં, કયા રૂપમાં વિદ્યમાન છે, એની બારીકાઈથી શોધ કરી તે હિંસાના નિવારણ અથવા હિંસા ઓછી કરવાના ઉપાય વિશે વિચારવું જોઈએ.

હિંસા કેવળ બીજાની જ નથી થતી, પોતાની પણ થાય આપણે બધાં બધો વખત પોતાની હિંસા કરતા રહીએ છીએ. કેમ કે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય અને પ્રમાદમાં આપણું જીવન પસાર થઈ રહ્યું છે. આત્માના સ્વભાવ કે ગુણો ઉપર કર્મોનું આવરણ આવે તે હિંસા છે. શ્રીમદ્ દેવચંદજીએ 'આધ્યાત્મ ગીતા'માં હિંસા અને અહિંસા શું છે એનું સ્પષ્ટીકરણ કરતાં લખ્યું છે:

આત્મગુણને હણતો, હિંસક ભાવે થાય.
આત્મધર્મનો રક્ષક, ભાવ અહિંસક કહેવાય.
આત્મગુણ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ.

બીજા જીવોને દુ:ખ દેવું કે મારવું એ દ્રવ્યહિંસા છે, પણ પોતાના ગુણોને હણવા તે ભાવ—હિંસા છે. આત્માને કર્મથી રક્ષવો એ જ માત્ર અહિંસા છે. વ્યવહારમાં કોઈને કષ્ટ ન દઈએ એ પણ જરૂરી છે; પરંતુ રાગ, દ્વેષ અને પ્રમાદદ્વારા આત્માથી હિંસા કરવી એ મોટું પાપ છે.

મનુષ્યમાં કરુણા, દયા, અનુકંપા વગેરે કોમળ અને નિર્મળ ભાવ છે, એ જો સમાપ્ત થઈ જાય કે ઓછા થઈ જાય તો આ વિશ્વની વ્યવસ્થા ચાલી ન શકે. બીજા જીવોની હિંસાથી બચવું ત્યારે મુશ્કેલ બની જશે. એક પ્રાણી બીજા પ્રાણીને મારવા અચકાશે નહિ; ત્યારે કોઈનું પણ જીવન સુરક્ષિત નહિ રહી શકે. હિંસાનો ભાવ પહેલાં મનમાં ઊઠે છે, પછી વચન અને કાયાદ્વારા હિંસા થાય છે. એટલા માટે જૈન સાધુ-સાધ્વીઓના અહિંસા-વ્રતમાં મન, વચન અને કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને કરનારને અનુમોદના ન આપવું એવું વિધાન કરવામાં આવ્યું છે. શ્રાવક માટે પણ સંયમપૂર્વક કોઈની પણ હિંસા નહિ કરવી જરૂરી છે. આપણે સ્થૂળ હિંસા તો ઓછી કરીએ છીએ, પરંતુ પળે પળે આપણા વ્યવહારથી બીજાને કષ્ટ આપીએ છીએ, કટુ અને મર્મઘાતી વચન બોલીએ છીએ, અશુભ ચિંતન કરીએ છીએ. આ હિંસા તરફ આપણું ધ્યાન નથી જતું. થોડી સાવધાની રાખીએ તો જરૂર એમાંથી બચી શકીએ. સૌ પ્રથમ આપણું ધ્યાન કૌટુંબિક સંબંધો તરફ જવું જોઈએ. આપણા પરિવાર અને ઘરના લોકો સાથે આપણે કેવો વ્યવહાર કરીએ છીએ? મહાપુરુષોએ કહ્યું છે કે બીજાને કંઈ પણ કહેતાં પહેલાં પોતાની જાતને ઢંઢોળો. કોઈ પણ સારા કામનો પ્રારંભ પોતાના ઘરથી જ કરવો જોઈએ ત્યારે બીજા પર પ્રભાવ પડશે. પરિવારમાં સૌથી પહેલું અને સૌથી ઊંચું સ્થાન છે માતા-પિતાનું. આજ કાલ આપણે સૌ અનુભવીએ છીએ કે માતા, પિતા અને ગુરુજનોની બહુ અવહેલના થાય છે. જેમના સૌથી વધુ ઉપકાર છે એમના તરફ પોતાના કર્તવ્યનું પાલન વિરલ વ્યક્તિઓ જ

[] ગુલાબ દેઢિયા

કરે છે. મોટા ભાગની વ્યક્તિઓ તો એમને ઠેસ પહોંચે એ પ્રકારનો વ્યવહાર કરે છે. એ હિંસા છે. એમાંથી બચીએ. વૃદ્ધાવસ્થાને કારણે શિથિલ થયેલ મા-બાપની ઉપેક્ષા ન કરીએ. એ મહાઉપકારીઓ પ્રત્યે દુર્વ્યવહાર કરી હિંસા ન કરીએ.

માતા-પિતા પછી પરિવારમાં મુખ્ય સ્થાન છે ભાઈ, પત્ની અને સંતાનોનું. ભાઈ ભાઈ વચ્ચે આજે વિરોધ અને કટુતા વધ્યા છે, એક ભાઈ ધનનો અપવ્યય કરે છે જ્યારે બીજો ગરીબીમાં સબડે છે.

મહિલાઓ તરફ વ્યવહાર દુર્લક્ષ્યભર્યો છે. એમની અપેક્ષાઓનો ખ્યાલ નથી રાખવામાં આવતો. ઘણા કામ જબરદસ્તીથી કરાવવામાં આવે છે. એમને કેટલું દુ:ખ પહોંચતું હશે! સંતાનો પ્રત્યે પણ કયારેક એવો વ્યવહાર રાખવામાં આવે છે.

ઘરના નોકર-ચાકરો પાસેથી વધુ કામ લેવાની ભાવના રહે છે. ગમે તેવું સારું કામ કરે તો પણ આપણે કદર નથી કરતા. એ પણ મનુષ્ય છે, એનો પરિવાર કેટલી મુશ્કેલી ભોગવતો હશે તે વિચારવું જોઈએ.

શું આપણી કરુણા અને દયાનો સ્રોત સુકાઈ ગયો છે? આત્મીયતાની સુગંધ ઓસરી ગઈ છે? શું આપણે કુટુંબીજનો અને પડોશીઓના દુ:ખોમાં સહભાગી થવા તૈયાર નથી?

આપણા મહાપુરુષોએ એક મોટી કસોટી આપણને આપી છે કે, બીજાઓ સાથે એવો વ્યવહાર કયારે ન કરો, જે આપણા તરફ બીજા કરે તો આપણને ન ગમે, દુ:ખ પહોંચે. જેવો વ્યવહાર બીજાઓ પાસેથી ઈચ્છીએ છીએ તેવો જ વ્યવહાર એમની સાથે આપણે કરીએ. નીચેના વાકયમાં એ વાત કહેવામાં આવી છે.

'આત્મનામ્ પ્રતિકૂલાનિ, પરેષામ્ ન સમાચરેત્.'

પારિવારિક જીવનમાં સૌથી મોટી હિંસા દહેજના કારણે થાય છે. આખરે જીવનભરનો સંબંધ તો સુશીલ કન્યા પર આધાર રાખે છે. ધન તો અનેક વખત આવે છે અને જાય છે. એની તૃષ્ણા મટતી જ નથી.

આ રીતે આપણે ધ્યાનથી જોઈએ તો આપણા પારિવારિક જીવનમાં હિંસા કેટલી બધી વ્યાપ્ત છે. અહિંસક બન્યા છતાં આપણે એક વખત નહિ દરરોજ અનેક વખત હિંસા આચરતા રહીએ છીએ. કૌટુંબિક કલહ તો સર્વત્ર હોય છે. બધાંની પ્રકૃતિ એકસરખી નથી હોતી. બધાં આપણા કહ્યા પ્રમાણે કરે એ શકય નથી, તેથી સદ્‌ભાવ અને સહિષ્ણુતાની જરૂર છે. આપણે આત્મનિરીક્ષણ કરતા રહીએ અને સર્વ પ્રકારની હિંસાથી બચતા રહીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ટ્રસ્ટીઓની વરણી

શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના આગામી પાંચ વર્ષ માટે ટ્રસ્ટીઓની ચૂંટણીનું કાર્ય સંઘની વાર્ષિક સામાન્ય સભામાં હાથ ધરવામાં આવ્યું. જેમાં નીચે મુજબ પાંચ ટ્રસ્ટીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨. „ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૩. „ રસિકલાલ મો. ઝવેરી
૪. „ ચીમનલાલ જે. શાહ
૫. „ સુબોધભાઈ એમ. શાહ

લિ. મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વૃદ્ધોને અપીલ

☐ 'સત્સંગી'

ઘરડાંઓનાં વર્ષમાં ઘરડાંઓનું સુખ ઈચ્છવું એ દરેક રીતે ઉચિત જ છે. આપણા બાપદાદાના સમયમાં ઘરડાંઓને સાચવવાનો પ્રશ્ન જ થતો નહોતો, કારણકે સંયુકત કુટુંબનું પાવિત્ર્ય લોકહૈયે વસી ચૂકયું હતું તેમ જ માતૃદેવો ભવ:! પિતૃદેવો ભવ:! ની ભાવના આ દેશના લોકોનાં લોહીમાં પરંપરાથી ધબકતી હતી. આજે સંયુકત કુટુંબની પ્રથા છિન્નભિન્ન થવા પામી છે અને તેનાં અનેકવિધ કારણો આપણે સૌ જાણીએ છીએ. પરિણામે આજે પિતા અને પુત્ર વચ્ચે, સાસુ અને વહુ વચ્ચે તેમ જ યુવાનો અને ઘરડાંઓ વચ્ચે વિસંવાદિતા સવિશેષ બનવા પામી છે. આજના સમાજનું ચિત્ર ઘણું દુ:ખદાયક હોવા છતાં, આમાં માત્ર પુત્ર કે પુત્રવધૂના જ દોષ જોવા એ ન્યાયની બાબત નથી.

માતાપિતાની સેવા કરવી એ સંતાનોનો પ્રથમ ધર્મ છે જ અને શ્રવણ જેવા બનવું એનાથી વિશેષ રૂડું પુત્ર માટે શું હોય? પરંતુ વાસ્તવિક સ્થિતિ એ છે કે મા-બાપ પોતાનાં સંતાનોની સેવા લઈ શકતાં નથી. માણસ માટે પિતા બનવું એ સ્વાભાવિક છે, પરંતુ પિતા થવું આકરું છે– એ કડવું સત્ય ખૂબ વિચારવા જેવું છે. સંતાનોને મોટાં કરવા, ભણાવવાં અને પરણાવવાં એટલી જ મા-બાપની ફરજ નથી, પરંતુ પોતાના સંતાનોને 'માનવ' બનાવવાં એ ખરી ફરજ ભૂલાય તો સમાજનું ચિત્ર કેવું બને? જ્યારથી મા-બાપ પોતાનાં સંતાનોને 'માનવ' બનાવવાની ફરજ ભૂલતાં રહ્યાં છે ત્યારથી સમાજની અધોગતિ શરૂ થઈ છે. તેથી ઉલટું જે માણસો પહેલાં કે આજે 'માનવ' તરીકે બહાર આવ્યા છે તેમનાં ઘડતરમાં તેમનાં મા-બાપનો ફાળો મહત્ત્વનો છે. એ સૌના પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવની બાબત છે.

પુત્ર પિતાને 'દેવ' ગણે તેવી શાસ્ત્રાજ્ઞા છે એ સાચું; પરંતુ પિતા માટે પણ શાસ્ત્રની આજ્ઞા છે કે પુત્ર ૧૬ વર્ષનો થાય એટલે પિતાએ તેને મિત્ર ગણવો. પિતા પુત્રનું છત્ર છે અને છત્ર અટલે માત્ર પોષણ અને આશ્રય નહિ; પરંતુ છત્ર એટલે પિતાએ મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક — a friend, philosopher and guide — બનવું એ અર્થ અભિપ્રેત છે. હક કાયદાની બાબત છે, જ્યારે પ્રેમ અને વાત્સલ્ય હૃદયની બાબતો છે અને તે જ સર્વોપરી છે. સંતાનો પતિ-પત્નીના પ્રેમનું સર્જન છે, છતાં સંતાનોને ખોટા લાડનાં સ્વરૂપમાં પ્રેમ અને વાત્સલ્ય મળે એ માનવીની મોટી કરુણતા જ છે. જે પિતા પુત્રની બાલ્યાવસ્થા પુત્રને સર્વસ્વ લાગે છે તે જ પિતા પ્રત્યે જ્યારે પુત્ર પુખ્ત બને છે, પરિણીત જીવન ગાળે છે ત્યારે પુત્રનો આદર ઘટવા લાગે છે. આનું કારણ પુત્રને માટે પોતાની પત્નીનો મોહપાશ નથી, પરંતુ પુત્રને પિતામાં મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શકનાં દર્શન થતાં નથી એ કારણ હોય છે. પોતાનો પુત્ર આગળ વધે અને આધુનિક સમાજમાં પ્રવર્તતી ઢબમાં આનંદથી રહે એ પિતાને માટે લહાવો બનવો જોઈએ. પુત્ર બીજી વ્યકિત નથી, પણ પોતાનું જ પ્રાકટય પુત્ર દ્વારા છે એમ માનવું એ પિતાને માટે ગૌરવની વાત નથી? આ માન્યતા સંવાદિતાની મૂળભૂત ભૂમિકા છે. ઉદ્ધત પુત્રનું હૃદય પણ નિ:સ્વાર્થ માતૃપ્રેમ પ્રત્યે પીગળે છે એ સત્ય પિતાએ વિચારવા જેવું નથી?

માતા હર્ષવિભોર બનીને પુત્રને પરણાવે છે; પરંતુ પોતાના જ લાડકવાયાનાં પ્રેમપાત્રને તે પ્રેમ આપી શકતી નથી એ 'સાસુ'નાં અજ્ઞાન અને અણસમજ જ પ્રકટ કરે છે. પુત્રવધૂની સમગ્ર રહેણી-કરણી પર પુત્રનાં જીવન અને પ્રગતિનો આધાર છે એ સત્ય પુત્રની માતાને 'સાસુ' બન્યા પછી સમજમાં આવતું નથી એ નારી જાતિની કરુણતા જ છે. આખરે તો સાસુએ પુત્રવધૂને વહીવટ સોંપવાનો જ છે તો પછી 'સાસુ' બનવા કરતાં પ્રેમાળ માતા શા માટે ન બનવું? માતાપિતા, પુત્ર અને પુત્રવધૂનાં પ્રેમાળ માર્ગદર્શક બને તેમાં તેઓને વૃદ્ધાવસ્થામાં સાચવવામાં આવે તેની ખુશામત નથી પણ પોતાનો ધર્મ છે અને સમાજ પ્રત્યે પોતાનું ઋણ અદા કરવાની બાબત છે.

આ પાયાનાં મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સત્યો વડીલો સ્વીકારે અને આચરે તો તેમનું જીવન સુંદર થવાની સાથે તેમના અંગત પ્રશ્નો તેમ જ સમાજના અનેક પ્રશ્નો ઉકેલાય એ નિર્વિવાદ બાબત છે. આ રજૂઆતમાં ઘરડાંઓના ભૂતકાળના દોષો બતાવ્યા ગણાય અને પ્રશ્ન એ થાય કે આજે સંતાનો ઘરડાંઓને વૃદ્ધાશ્રમોમાં મોકલી આપે તેનું શું? આજના ઘરડાંઓ પોતાની ભૂતકાળની આવી ભૂલોને યોગ્ય પ્રકાશમાં સમજે અને પોતાનાં સંતાનો પ્રત્યે વાત્સલ્યભાવ સાચા અર્થમાં લાવી શકે તો સંતાનો ઘરડાંઓને વૃદ્ધાશ્રમોમાં મોકલતા અટકી જાય અને મોકલ્યા હોય તો પાછા પોતાની પાસે તેડી લાવે અથવા તો યથાશકિત ફરજ પ્રેમભાવથી અદા કરે એવી પૂરતી શકયતા રહેલી છે. સંતાનોને માત્ર મા-બાપની મિલકત જ કે કમાણી જોઈએ છીએ એવું હોતું નથી; સંતાનોને તેમનો પ્રેમ જોઈતો હોય છે. પ્રેમનાં વાતાવરણમાં અટપટા પ્રશ્નો ઉકેલાતા હોય છે એ સત્ય ખૂબ સમજવા જેવું છે. ફરીને સંયુકત કુટુંબની પ્રથા સ્થપાય એ પ્રશ્ન આજની સ્થિતિમાં મહત્ત્વનો બની શકે તેમ નથી, પરંતુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે પિતા અને પુત્ર વચ્ચે તેમ જ સાસુ અને વહુ વચ્ચે જે અંતર છે તે ઘટવું જોઈએ. આ અંતર પૈસા કે વ્યાવહારિક મદદથી ઘટે તેમ નથી, પરંતુ પ્રેમથી જ ઘટે તેવી બાબત છે. આ પ્રેમની પહેલ તો મોટેરાંઓએ જ કરવી ઘટે; આમાં 'ગરજ'નો પ્રશ્ન નથી, પણ પોતાના 'ધર્મ'નો પ્રશ્ન છે. આમાં વડીલોની નાનમ નથી, પણ ગૌરવયુકત મોટાઈ છે. તેમ જ હાર નથી, પણ યોગ્ય અર્થમાં જીત છે અને તેમાં યોગ્ય સમાજરચનાનાં બી વવાય છે એ ખૂબ મોટી બાબત છે.

ઘરડાંઓએ સમજવું જ જોઈએ કે પોતાનાં સંતાનો પ્રત્યે પ્રેમ અને માર્ગદર્શન સિવાય તેમણે ભગવાનની ભકિત અને યથાશકિત સાચા અર્થમાં સમાજસેવાનું કાર્ય અપનાવવું એ સર્વથા ઉચિત અને બંધબેસતું છે. મનોવૈજ્ઞાનિકો અને ડોકટરો કાર્ય અને પ્રવૃત્તિને સારી તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય બક્ષનારા ગણે છે. ઘરડાંઓની આવી દષ્ટિ બનવા પામે તો તેઓ 'અણખપતા'ની લાગણી અનુભવવાને બદલે તેઓની 'જરૂર' છે અને કોઈ તેમના પર આધાર રાખે છે એવી લાગણી અનુભવશે. આ કાલ્પનિક બાબત નથી; પરંતુ પ્રખ્યાત બ્રિટિશ બોમ્બર પાયલોટ લીઓનાર્ડ ચેશાયરનાં જીવનમાં બીજા વિશ્વયુદ્ધની ભયંકરતાઓથી પરિવર્તન આવ્યું અને તેણે અસાધ્ય રોગથી પીડાતા વૃદ્ધ દર્દીઓની સેવાનું કાર્ય ઉપાડયું. તેણે જગત સમક્ષ સાબિત કરી આપ્યું છે કે પ્રેમ અને સહવાસથી અસાધ્ય રોગથી પીડાતા વૃદ્ધ દર્દીઓ પણ તેઓની 'જરૂર છે' અને કોઈ તેમના પર આધાર રાખે છે એવી લાગણીના અનુભવથી તેમના જીવનના છેલ્લા દિવસો પણ સુખ-શાંતિથી વીતાવવા શકિતમાન બને છે. વૃદ્ધાશ્રમો આ વિચારસરણી પર ચાલવા જોઈએ અને જેમની કોઈ જ દેખભાળ કરનાર ન હોય તેમને માટે જ આ વૃદ્ધાશ્રમો હોવા ઘટે.

અફસોસની વાત તો એ છે કે આટલા વિશાળ દેશમાં પ્રૌઢ શિક્ષણનો મર્મ સમજાતો નથી. પ્રૌઢ શિક્ષણ અક્ષરજ્ઞાનથી માંડીને કેમ જીવવું ત્યાં સુધીના પ્રશ્નો આવરી લેનાર જબ્બર, ઉમદા સાધન છે. પ્રૌઢશિક્ષણ દ્વારા સમાજની વિચારભૂમિકા યોગ્ય બનાવી શકાય તેટલી પ્રૌઢ શિક્ષણમાં તાકાત છે. તેવી જ રીતે આ દેશમાં સંખ્યાબંધ ધર્મોલયો છે, પરંતુ તેમાં વૃદ્ધોને કથાવાર્તા અને વિસામો ખાવા પૂરતો જ આશ્રય મળે છે. વૃદ્ધોને યોગ્ય દષ્ટિબિંદુ મળે તેવા ઉત્સાહભર્યા પ્રયાસો આ ધર્મોલયોમાં થતાં નથી એ પણ વિધિની વિચિત્રતા ગણાય તેવી બાબત છે. ધર્મોલયનો એક હેતુ માનવપ્રેમ વિકસાવવાનો છે એ સત્ય સમજવાનો સમય પાકી ગયો છે.

ઇતિહાસ વિષેની બે દૃષ્ટિ

[] યશવંત દોશી

ઇતિહાસ વિષે વિદ્વાનોમાં અનેક ભિન્ન મતો પ્રવર્તે છે. આપણે ત્યાં સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ એમના સુપ્રસિદ્ધ પુસ્તક 'સમૂળી ક્રાન્તિ' માં ઇતિહાસ વિષેની એમની દૃષ્ટિ વ્યકત કરીને વાચકોને સ્તબ્ધ કરી દીધા હતા. ઇતિહાસને નવલકથા કરતાં વધુ મહત્ત્વ નહિ આપવાનો એમનો મત અતિશય ચર્ચાસ્પદ બન્યો છે. મને કિશોરલાલભાઈના મંતવ્યમાં ઘણું બધું તથ્ય જરૂાય છે, પણ એ વિષે ભવિષ્યમાં કયારેક લખવાનો ઈરાદો છે. આજે ઇતિહાસ વિષે એક એવા જ બીજા તાત્ત્વિક મુદ્દાની ચર્ચા કરવી છે.

મુદ્દો એ છે કે ઇતિહાસ શું છે? એક મત એવો છે કે સમાજના મોવડીઓ જેવા મોટા માણસોનાં જીવન અને કાર્ય તે ઇતિહાસ. આનો અર્થ એ થયો કે રાજાઓ, મોટા સેનાપતિઓ, મહાન સંતમહંતો વગેરેનાં જીવનચરિત્રો તે જ ઇતિહાસ. ઇતિહાસની આવી સ્પષ્ટ વ્યાખ્યા આપ્યા વિના પણ આપણને જે ઇતિહાસ ભણાવવામાં આવ્યો છે તે આવો જ છે. આપણે જે ઇતિહાસ ભણ્યા તેમાં રાજવંશો, રાજાઓ અને રાજાઓનાં સારા-ખોટાં કાર્યોનો જ સમાવેશ થયો હતો. જ્યારે રાજાઓને બદલે એમના પ્રધાન પેશવાઓનું શાસન ચાલવા લાગ્યું ત્યારના સમયનો ઇતિહાસ પેશવાઓને પગલે ચાલ્યો અને અંગ્રેજોના રાજ્ય દરમિયાનનો ઇતિહાસ ગવર્નર જનરલો અને વાઇસરોયોની નામાવલીને અનુસર્યો.

ઇતિહાસ વિષેની આ દૃષ્ટિને પરિણામે ઇતિહાસ એટલે રાજકીય ઇતિહાસ એવી વ્યાવહારિક પ્રણાલિકા નીપજી. આ જાતનો ઇતિહાસ ખોટો તો ન કહેવાય, પણ અધૂરો, એકપક્ષી, પૂર્વગ્રહયુકત કહેવાય. ઇતિહાસ વિષેની આ દૃષ્ટિ એકાંગી ગણાય.

આની સામેનો મત 'ઇતિહાસ એટલે મોટા માણસોનાં જીવન અને કાર્ય નહિ, પણ સમગ્ર સમાજનું જીવન' એવો છે. સમ્રાટ અશોકના જીવનના અભ્યાસથી તે સમયના સમાજજીવનનો સાચો કે પૂરો ખ્યાલ આવે એવું આ દૃષ્ટિ ધરાવનારાઓ માનતા નથી. એમને એમ નથી લાગતું કે ભારતનો સોળમી અને સત્તરમી સદીનો ઇતિહાસ બાબરથી ઔરંગઝેબ સુધીના મોગલ સુલતાનોનાં જીવનની કથામાં સમાઈ જાય.

આમ, ઇતિહાસ વિષેનો એક મતભેદ વ્યકિતની વાત કે સમાજની વાત એ પ્રશ્ન પરત્વેનો છે. બીજો મતભેદ બનાવો અને પ્રવાહો-વલણો-વાતાવરણ વચ્ચેનો છે. આપણને ભણાવાતો ઇતિહાસ બનાવ ઉપર ઘણો વધુપડતો ભાર મૂકે છે. ઇતિહાસમાં બનાવ જેટલું જ એ બનાવ પાછળની ભૂમિકાનું, એનાં કારણોનું મહત્ત્વ હોય છે અને બનાવ બન્યા પછી એનાં શાં પરિણામો આવ્યાં એ પણ એટલું જ મહત્ત્વનું હોય છે. કારણો અને પરિણામોના અભ્યાસ માટે વિચારના પ્રવાહો, સમાજના વલણો અને સમાજનું વાતાવરણ-એ સર્વ જોવું,–તપાસવું પડે છે.

ઇતિહાસને જ્યારે આપણે વ્યકિત જીવનરૂપે કે કથારૂપે જોઈએ છીએ ત્યારે ઇતિહાસ રોમાંસ જેવો, કથાવાર્તા જેવો બની જાય છે. એક વાત સાચી કે બાળકોને ઇતિહાસ શીખવવાનો પ્રારંભ ઇતિહાસની વાર્તાઓ દ્વારા થાય તો તેમને એ વિષયમાં રસ ઉત્પન્ન થાય. ઇતિહાસશિક્ષણનો ક્રમ પહેલાં વાર્તાઓ કહેવી, પછી સમયાનુક્રમ પ્રમાણે બનાવો શીખવવા અને છેલ્લે ઉચ્ચ કક્ષાએ સામાજિક પ્રવાહનું પૃથક્કરણ શીખવવું, એવો વાજબી છે. મુદ્દો એ છે કે, પ્રવાહોનું પૃથક્કરણ અને અર્થઘટન એ જ ખરું–ઇતિહાસ ચિંતન છે અને આગળના તબક્કા આ ઇતિહાસદર્શનની ફકત તૈયારી છે.

વ્યકિત કે બનાવો કરતાં પરંપરા, વિચારપ્રવાહો, રીતરિવાજો, વૃત્તિઓ વગેરેનું પૃથક્કરણ કદાચ વધુ સાચો પ્રજાકીય ઇતિહાસ આપી શકે એવો પણ સંભવ છે. કોઈ એક સમયે રાજાએ મેળવેલા વિજય કરતાં તે સમયની પ્રજાના જીવનનું ચિત્ર વધુ સાચો ઇતિહાસ પૂરો પાડી શકે.

ઇતિહાસ સર્વવ્યાપી શબ્દ છે. કોઈ એક સમયે, કોઈ એક સ્થળે વસતા સમાજની પૂરેપૂરી માહિતી તે ઇતિહાસ. એ સમાજની રાજકીય, આર્થિક, ધાર્મિક, સમાજશાસ્ત્રીય, કળાવિષયક, શૈક્ષણિક સાહિત્યિક, મનોવૈજ્ઞાનિક, ટેકનોલોજિકલ - એમ બધી જાતની માહિતીની અપેક્ષા ઇતિહાસ પાસે રખાય. અલબત્ત, કેટલાંક શાસ્ત્રો પોતપોતાનાં ક્ષેત્રો પૂરતો અલગ ઇતિહાસ તૈયાર કરે છે. બધાં ક્ષેત્રોના આવા ઇતિહાસો ભેગાં કરીએ ત્યારે જ ખરો સામાજિક ઇતિહાસ, સંપૂર્ણ ઇતિહાસ પ્રાપ્ત થાય. બાકી બધા જુદા જુદા ઇતિહાસો આંશિક, એકાંગી ઇતિહાસ ગણાય. એ હિસાબે પરંપરાગત ઇતિહાસ એ કેવળ રાજકર્તાઓનો ઇતિહાસ છે.

ઇતિહાસની રજૂઆત હંમેશાં ઇતિહાસના નામે જ થાય એવું પણ નથી. ઘણીવાર રીતસરના ઇતિહાસ કરતાં કોઈ નવલકથા, કોઈ આત્મકથા, કોઈ જીવનચરિત્ર ઇતિહાસની વધુ નજીક આવે એવી કૃતિ હોય છે. નવલકથાઓમાં પણ ઐતિહાસિક ગણાવાયેલી નવલકથા હંમેશાં ઐતિહાસિક હોય એવું નથી બનતું. આથી ઊલટું સામાજિક ગણાઈ ગયેલી નવલકથા ઘણીવાર વધુ ઐતિહાસિક હોય છે. એનું કારણ પણ એમાં તે વખતની પ્રજાનું જીવન અનેક બાજુએથી બતાવવામાં આવ્યું હોય છે તે જ છે.

બે નવલકથાઓની તુલના કરી શકાય. મુનશીની નવલકથા 'ગુજરાતનો નાથ' ઐતિહાસિક નવલકથા તરીકે પ્રગટ થઈ હતી અને ઐતિહાસિક નવલકથા ગણાતી આવી છે. બીજી બિમલ મિત્રની 'સાહેબ, બીબી, ગુલામ' લઈએ. એ એક કાલ્પનિક સામાજિક નવલકથા ગણાઈ છે. 'ગુજરાતનો નાથ, ખરી રીતે તત્કાલીન રાજકર્તાઓની કાલ્પનિક કથા છે. એમાંનાં ઘણા બધાં પાત્રો ઇતિહાસમાં નોંધાયેલાં પાત્રો છે. એટલા પૂરતી એ ઐતિહાસિક નવલકથા કહેવાઈ છે તે વાજબી છે. પણ તેમાં પ્રજાના કોઈ પણ સમુદાયનું જીવન તો પ્રતિબિંબિત નથી થતું પણ ખુદ સોલંકી રાજકર્તાઓનું પણ સામુદાયિક જીવન, સામાજિક જીવન, કૌટુંબિક જીવન પ્રતિબિંબિત નથી થતું. એમાં કેવળ વ્યકિતઓ છે, સમાજ નથી એટલે સમગ્ર કૃતિ વાંચ્યા પછી એ યુગનું કોઈ વાસ્તવિક ચિત્ર આપણા મનમાં બંધાતું નથી.

મુનશીને અન્યાય ન થાય તે ખાતર એ યાદ કરવું જોઈએ કે એમણે પોતે ઇતિહાસ આપવાનો નહિ પણ નવલકથા આપવાનો જ હેતુ રાખ્યો છે અને નવલકથામાં સૌથી વધુ મહત્ત્વ પાત્રોના પરસ્પર વ્યવહારનું અને એમનાં આંતરિક સંચાલનોનું છે. સમાજજીવનનું દર્શન કરાવવું એ નવલકથા માટે અનિવાર્ય નથી, પણ ઇતિહાસ માટે અનિવાર્ય છે. આથી 'ગુજરાતનો નાથ' નવલકથા છે, પણ સાચા અર્થમાં ઐતિહાસિક નથી એમ કોઈ કહી શકે.

અને એ જ ધોરણે 'સાહેબ, બીબી, ગુલામ' ઐતિહાસિક છે એમ પણ કહી શકે. એ નવલકથાનાં પાત્રો તો બધાં કલ્પિત છે, ઐતિહાસિક નથી. પણ એ પાત્રોમાં એ વખતનો વાસ્તવિક સમાજ રજૂ થયો છે. પાત્ર કેવળ પાત્ર નથી રહેતું, સમાજના એક વર્ગનું અથવા એક સમૂહનું પ્રતિનિધિત્વ બની જાય છે. એમાં

આવતો જાગીરદાર કોઈ એક ચોક્કસ જાગીરદાર તરીકેનું નામ ભલે ધરાવતો હોય, પણ એની જેવા એ સમયે અનેક જાગીરદારો હતા અને એ દરેકની સ્થિતિ લગભગ સરખી જ હતી. ઘસાઈ ગયેલી, સત્વ ગુમાવી બેઠેલી તે કાળની જાગીરદારીને ખસેડી તેનું સ્થાન લેવા એક નવો મૂડીદારોનો વર્ગ ઊભો થઈ રહ્યો હતો એ આ કથાનું સામાજિક સત્ય છે. એમાં બનતા બનાવોનું કેવળ બનાવ તરીકે ઓછું મહત્ત્વ છે. વધુ મહત્ત્વ એ બનાવો સમાજની ગતિ કઈ દિશામાં થઈ રહી છે તે બતાવે છે એ હકીકતનું છે. આ દૃષ્ટિએ જોતાં આ કાલ્પનિક પાત્રોની કથામાં ઈતિહાસનાં તત્વો વધુ છે.

વ્યક્તિને લગતા બનાવો, વ્યક્તિનાં અંગત મનોમંથનો એ કથાનાં તત્ત્વો છે; સામાજિક પ્રક્રિયાઓ ઈતિહાસનું તત્ત્વ છે. આનું કારણ એ છે કે વ્યક્તિની વિલક્ષણતાઓ વ્યક્તિની સાથે ચાલી જવાની છે. એણે પ્રજાજીવન ઉપર જે અસર પાડી હશે તે જ લાંબા સમય સુધી રહેવાની છે. વ્યક્તિઓ આવે ને જાય, પણ પ્રજાજીવન શાશ્વત છે.

મહાભારતને કેટલાક વિદ્વાનો ઈતિહાસ ગણાવે છે તો કેટલાક એને પરંપરાગત દંતકથાઓને આધારે રચાયેલી એક કલ્પિત કાવ્ય-કૃતિ માને છે. એને ઈતિહાસ ગણીએ તો તે રાજકર્તા કુટુંબોની કથા તરીકે જ ગણી શકાય, પ્રજાજીવનના ચિત્ર તરીકે, સમાજજીવનના દર્શન તરીકે, સામાજિક પરંપરાઓના અર્થઘટન તરીકેનો ઈતિહાસ જોવો હોય તો મહાભારત એ દૃષ્ટિએ અધૂરું નીવડે.

દ્રૌપદીના પાંચ પતિ થયા એ દૃષ્ટાંત જુઓ. એમાં એક હકીકત રૂપે પાંચ પતિની વાત આપણે સ્વીકારી. એનું મહાભારતમાં અપાયેલું કારણ બાળવાર્તામાં જ ચાલે તેવું છે. પણ એનું કોઈ સામાજિક અર્થઘટન ખરું? જો અનેક પતિની કથા જ પરંપરા પાંડવકુળમાં કે એની કક્ષાનાં અન્ય કુળોમાં ન જ હોય તો આવી બેહુદી વાત કોઈ કુળ કે સમાજને સ્વીકાર્ય બને ખરી? પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિર પણ આ યોજનાને બેહુદી નથી ગણતા. કુળનાં મોટેરાંઓ પણ જરાક જુદી વાત તરીકે એને સ્વીકારી લે છે.

પાંચ પતિની આવી કૌટુંબિક અને સામાજિક સ્વીકાર્યતાનું રહસ્ય શું? મહાભારતમાંથી એ મળતું નથી. બહુપતિત્વનાં અન્ય દૃષ્ટાંતો મહાભારતમાં નથી. આજે હિમાલયના વિસ્તારમાં કે મધ્ય પ્રદેશમાં બહુપતિત્વની પ્રથાવાળી આદિવાસી જાતિઓ છે એમ કહેવાથી મહાભારતના આ પ્રસંગનો સામાજિક ખુલાસો નથી મળતો. આ એક બાબત પૂરતું તો મહાભારત ઈતિહાસ નહિ, પણ કાવ્ય જ રહે છે.

શિવાજી વિષે એક સરસ વાત કહેવાય છે. એક હારેલા મુસ્લિમ સરદારની સુંદર યુવાન પત્નીને શિવાજી પાસે ભેટ તરીકે લાવવામાં આવી ત્યારે એમણે એક અત્યંત ઉમદા અને ગૌરવભર્યું ભવ્ય-વાક્ય કહ્યું: "આ મારી મા હોત તો હું યે આવો સુંદર હોત." શિવાજીના અંગત ગુણનાં દર્શન કરાવવા માટે આ અદ્‌ભુત પ્રસંગ છે. એનું અમુક ઐતિહાસિક મહત્ત્વ પણ છે. પણ શિવાજીને લગતી એક બીજી ઉકિત ચર્ચાસ્પદ છતાં ઈતિહાસની દૃષ્ટિએ વધુ મહત્ત્વની છે. ઘણું કરીને કવિ ભૂખણની કે પછી એમને નામે ચડેલી એક ઉકિત છે: "કાશી કી કલા ગઈ, મથુરા મસીદ ભઈ, શિવાજી, ન હોત તો સુન્નત હોત સબકી." શિવાજીએ સમગ્ર દેશને મુસ્લિમોના શાસન તળે આવતો અટકાવ્યો, નહિ તો આ દેશ કેવળ મુસ્લિમોનો દેશ બની જાત એવો આ કડીનો ભાવાર્થ થયો. સવાલ એ છે કે તે વખતના ઈતિહાસનું આ અર્થઘટન સાચું છે કે ખોટું? એ નક્કી કરવા માટે તત્કાલીન સમાજનાં વિવિધ પાસાં લક્ષમાં લેવાં જોઈએ અને એ બધાં પાસાંનું દર્શન એ જ ખરો ઈતિહાસ છે.

રશિયાનો સરમુખત્યાર સ્ટાલિન અને જર્મન સરમુખત્યાર હિટલર એ બન્ને વ્યક્તિ તરીકે કેવો સ્વભાવ ધરાવતા હતા એનું મહત્ત્વ જરૂર આંકી શકાય. પણ ખરી ઐતિહાસિક મહત્ત્વની વાત તો આ છે: સામ્યવાદી સમાજરચનામાં જ એવું કંઈક છે ખરું જેને પરિણામે ત્યાં સ્ટાલિન જેવા શાસકો વધુ ટકી શકે? જર્મનીની તત્કાલિન સામાજિક સ્થિતિ કેવી હતી જેણે હિટલર જેવો શાસક પ્રગટાવ્યો? આ પ્રશ્નો ઈતિહાસકારોએ ઉઠાવ્યો જ છે અને એની ઘણા વિસ્તારથી ચર્ચા કરી છે. અહીં કહેવાનો મુદ્દો એટલો જ છે કે સ્ટાલિન-હિટલરના ગુણ-દુર્ગુણ કરતાં આ બાબતોનું ઐતિહાસિક મહત્ત્વ વધુ છે.

એક દિવસ પંડિત સુખલાલજી પાસે અમદાવાદના પ્રખ્યાત સંગીતકાર ભાઈલાલભાઈ શાહ કબીરનું એક ભજન ગાતા હતા. ગીતમાં આ કડી આવી:

માંડી રુવે આસો માસો,
બહેન રુવે બાર માસ;
ઘર કી જોરુ તીન દિન રુવે
ઘર સે નિકલે બહાર.

પંડિતજી કહે: "મને લાગે છે કે આમાં તે સમયની અમુક રૂઢિ અને પ્રણાલિકાની વાત છે. જેનો પતિ મરી ગયો હોય તે સ્ત્રીને પણ ગરીબીને લીધે ત્રણ દિવસ શોક પાળીને ચોથે જ દિવસે મજૂરીએ જવું પડતું હશે." પંડિતજીની આ દૃષ્ટિ એ ખરી ઈતિહાસદૃષ્ટિ હતી.

ઈતિહાસ ફકત ઐતિહાસિક ગણાતી સામગ્રીમાંથી જ નથી મળતો. એ સામાજિક રૂઢિઓ અને પરંપરામાંથી, કહેવતોમાંથી, અખા ભગતના છપ્પામાંથી, અન્ય સાહિત્યમાંથી, લોકસાહિત્યમાંથી એવી એવી અનેક રીતે મળે છે. આ લેખ પૂરતો મુદ્દો એ છે કે વ્યકિતના ઈતિહાસ કરતાં સમાજનો ઈતિહાસ વધારે મહત્ત્વનો છે.

નવા ઘરમાં વસવાટ

□ કુન્દનિકા કાપડિયા

'પ્રબુદ્ધ જીવન'ના ૧૬-૬-'૮૨ ના અંકમાં પ્રગટ થયેલો 'આથમતી સંધ્યાએ' લેખ ખેદ અને નિરાશા પ્રેરનારો, નિર્બળ લાગણીઓને પંપાળનારો લેખ છે. પરિસ્થિતિ ગમે તેવી હોય, પણ માણસે, તેનો ખમીરથી મુકાબલો કરવો જોઈએ. રોદણાં રડવા, બીજાઓ વિશે ફરિયાદ કરવી, જીવનમાંથી જે કાંઈ ચાલ્યું જાય તેના માટે બળાપા કાઢવા તે કોઈ પરિપકવ, સમજદાર માણસને શોભતું નથી. માણસ જીવનના કાર્યકાળ દરમિયાન કુટુંબનું સર્જન કરે છે, સંવર્ધન કરે છે, સંપત્તિ એકઠી કરે છે, સંપત્તિ વડે એક પ્રકારની સલામતી મેળવવાનો પ્રયત્ન કરે છે અને આ બધામાં તે પોતાના જીવનનાં ઉત્તમોત્તમ વર્ષો વાપરે છે, પોતાની કાર્યની, બુદ્ધિની, વિચારની શકિતઓ વાપરે છે. પણ જીવન કેમ જીવવું, વિવિધ પરિસ્થિતિઓને આંતરશકિતથી કેમ જવાબ આપવો, વધુ ને વધુ આત્મનિર્ભર, સામર્થ્યવાન કેમ બનવું, તે તરફ લક્ષ અપાતું નથી, પરિણામે વૃદ્ધત્વને તે 'ગુનો' માને છે. એક વખત 'ચારે કોર ધાક વગાડી હોય' પણ શરીર-શકિત ઘટતાં તે લાચાર બની જાય છે અને સંતાનોની માબાપ પ્રત્યેની વર્તણૂક વિષે ટીકા કરતો થઈ જાય છે. પણ તેણે પોતે વૃદ્ધાવસ્થા અવશ્યંભાવી છે એમ સમજીને એ માટે તૈયારી કયારે ય કરી હોય છે ખરી?

પહેલી વાત તો એ કે સંતાનોની આટલી ટીકા કરનાર માબાપોએ સંતાનો સાથેનો પોતાનો વ્યવહાર તપાસ્યો છે ખરો? 'ચારે કોર ધાક વગાડવા ઈચ્છતા' લોકોએ પોતાના ઘરમાં પણ પ્રેમનું નહિ, ધાકનું જ સામ્રાજ્ય ચલાવ્યું હશે. પ્રેમ આપીએ તો પ્રેમ મળે છે.

દીકરાની વહુને દીકરી કરીને રાખી હોય તો એ ચોક્કસ સાસુ-સસરાને માબાપ ગણીને સેવા કરી શકે, પણ આપણને સત્તા ચલાવવાનો શોખ હોય છે. રાજકર્તાઓ જ નહિ, બધા જ સત્તાનો દુરુપયોગ કરે છે. જ્યાં જ્યાં જેના હાથમાં જે કાંઈ નાની મોટી સત્તા હોય, તેનો માણસ દુરુપયોગ કરે જ છે. એક સ્ત્રી વહુ હોય ત્યારે તેણે સાસુના અત્યાચારો સહ્યા હોય; તે જ સ્ત્રી પોતે સાસુ બને ત્યારે વહુ સાથે કેવી રીતે વર્તે છે? આપણે આપણા થકી બીજાઓનું આપણી હેકળના લોકોનું મન કેટલું દુભવીએ છીએ, આપણાં શબ્દો ને કાર્યોથી તેમને કેટલાં વીંધીએ છીએ તેનો આપણને ખ્યાલ હોય છે ખરો?

ત્રણ દિવસ પહેલાં જ એક યુવાન, દોઢ વર્ષ પહેલાં પરણેલી સ્ત્રી મળી હતી. છ કે સાત મહિનાની ગર્ભાવસ્થામાં હતી. મેં તેના સહજ ખબર પૂછયા કે તેની આંખમાં આંસુ આવી ગયાં. તે શ્રીમંત કુટુંબમાં પરણી છે. ઘરમાં નોકરો છે, તો પણ સાસુનો આગ્રહ કે પોતે ચીંધે તે કામ તો વહુએ કરવું જ જોઈએ. સાસુએ વહુને સ્ટુલ પર ચડી અભરાઈ પરથી વજનદાર ડબ્બો ઉતારવાનું કહ્યું. છોકરીને કંઈક તકલીફ હતી. જેના માટે તે ડોકટર પાસે ગઈ હતી. ડોકટરે કહેલું કે વજનદાર વસ્તુઓ ઊંચકવી નહિ. તેણે સાસુને નમ્રતાથી કહ્યું કે મને ડોકટરે આવું કામ કરવાની ના પાડી છે. સાસુ ગુસ્સે થઈ ગયાં. 'ઉતાર ડબ્બો, હું કહું છું ને તને! જોઉં છું તને શું થાય છે?' છોકરી રડી પડી ને પોતાના રૂમમાં ચાલી ગઈ.

જે લોકો પોતાનાં સંતાનોના વ્યવહાર વિશે ફરિયાદ કરે છે તેઓ પોતાના હૃદયને પૂછી જુએ: તેમણે સંતાનો પ્રત્યે માયા-મમતાનો, સહાનુભૂતિ ને સમજનો વ્યવહાર કર્યો છે? પોતાનું વર્ચસ્વ ચલાવવાને બદલે પોતાનો પ્રેમ વહાવ્યો છે? છોકરાંઓના વ્યકિતત્વનો આદર કર્યો છે?

એક ભાઈની ફરિયાદ હતી કે છોકરાંઓને પોતે ધંધામાં પલોટયા પણ હવે તેઓ પોતાની સાથે ધંધા વિશે કોઈ વાત કરતા નથી, પણ છોકરાઓ જ્યારે વાત કરતા ત્યારે આ ભાઈ હંમેશાં પોતે કેટલું વધારે સારી રીતે એ જ કામ કરી શકે છે તેની સાચી ખોટી બડાઈ હાંકતા; 'તને તો કાંઈ આવડતું જ નથી, કહી દીકરાને ઉતારી પાડતા. 'હું ત્યાં ઊભો હોઉં ને તો ફટ દઈને કામ થઈ જાય, તને કાંઈ સમજ જ પડતી નથી, એમ કહી છોકરાઓને અપમાનિત કરતા અને તેમને ખબર પણ પડતી નહિ કે તેઓ છોકરાઓનું અપમાન કરી રહ્યા છે.

માબાપોનો એક મોટો દોષ એ હોય છે કે તેઓ સંતાનોની ઉંમરનો, સંતાનોની સમજનો, સંતાનોના વ્યકિતત્વનો આદર નથી કરતાં. બાળકોના જીવનમાં પરિવર્તન થઈ રહ્યું હોય છે, જે વૃદ્ધિ-વિકાસ તેમની બુદ્ધિ ને સમજમાં થઈ રહ્યાં હોય છે તે જોવાની દૃષ્ટિ જ તેમની પાસે નથી હોતી. તેમને મન તો છોકરાંઓ નાનાં ને નાના જ હોય છે, કયારેય ઊગતાં જ નથી હોતાં. આવું મુખ્યત્વે બાપ અને દીકરાના સંબંધમાં બને છે. દીકરી તો પરણીને સાસરે ચાલી ગઈ હોય છે એટલે મા માટે દીકરાની વહુ પોતાનું નિશાન રહે છે. આપણને નવાઈ લાગે, પણ આ જમાનામાં યે, મુંબઈ જેવા શહેરમાં પણ એવી સ્ત્રીઓ છે જે પુત્રવધૂને કહે, "તું ભલે વૈષ્ણવ કુટુંબમાંથી આવી, પણ હવે અમારું આ જૈન કુટુંબ છે તો તારે અગિયારશ ફગિયારશ નહિ કરવાની. હવેથી એકાસણાં આંબેલ કરવાનાં" એક સ્ત્રીને પોતાની ધાર્મિક માન્યતા ધરાવવાનો અધિકાર નથી. કારણ? તે પરણેલી છે. તેનો હવે તેના પોતાના વિચારો, પોતાની બુદ્ધિ, પોતાની માન્યતા પર કશો અધિકાર નથી. પોતાની રીતે ધર્મઉપાસના કરવાની સાદી સ્વતંત્રતા પણ છીનવી લેનાર સ્ત્રી કયા અધિકારે એમ અપેક્ષા રાખી શકે કે હું વૃદ્ધ થઈશ ત્યારે મારી બધી સ્વતંત્રતાઓ જળવાશે?

માણસનું હૃદય કેટલું તો સાંકડું, પોતાના ખ્યાલોમાં બંધિયાર નાની નાની સત્તાઓમાં તૃપ્તિ શોધવાની ક્ષુદ્રતાથી ભરેલું હોય છે! તેણે કયારેય આત્મનિરીક્ષણ કર્યું નથી હોતું, પોતાના વ્યવહાર તપાસ્યા નથી હોતા. જે સૌથી નજીકનાં છે, પોતાનાં ઘરનાં છે તેની પોતે કેવી વિવિધ રીતે ઉપેક્ષા કરી છે તેનો તેને ખ્યાલ જ નથી આવતો. પ્રેમ ને માયાળુતાથી તેણે સંતાનોનાં હૃદયનાં ઊંડાણનો સ્પર્શ કર્યો નથી હોતો. વૃદ્ધાવસ્થામાં આ બધાંનો તેમને બદલો મળે છે, પરંતુ મેં એવા માબાપ પણ જોયાં છે જેમણે તેમનાં સંતાનો સાથેના સંબંધમાં પ્રેમ, સમજદારી અને વિશ્વાસ દાખવ્યાં હોય છે. તેમના પર પોતાનું વર્ચસ્ ઠોકી બેસાડયું હોતું નથી. આવા એક પિતાના પુત્રે કમાવાની શરૂઆત કરી ત્યારે પિતાને કહ્યું હતું: 'બાપુજી નિવૃત્ત થયા પછી હવે તમારે કાંઈ જ કામ પૈસા માટે કરવાનું નથી. તમે નિરાંતે તમને જે ગમે તે પ્રવૃત્તિ કરજો. આર્થિક બાજુ બધી હું સંભાળી લઈ. તમે જો કમાવાની ચિંતા હવે કરશો તો મને લાગશે કે તમને અમારામાં અવિશ્વાસ છે."

આમાં તો 'વાવીએ તેવું લણીએ'ની જ વાત છે. આપણે પ્રેમ આપ્યો હશે તો ચોક્કસ પ્રેમ મળશે. પણ જો 'ધાક' જમાવી હશે તો આપણી ઉપર પણ ધાક જમાવવામાં આવશે.

આ સંતાનો સાથેના વ્યવહારની વાત થઈ. બીજો મુદ્દો એ છે કે આવી લાચાર પરાધીન સ્થિતિમાં મૂકાવું ન પડે એ માટે આગળથી કોઈ વ્યવસ્થા વિચારી ન શકાય? એ માટે મન અને શરીરને આગળથી તૈયારી કરી ન શકાય?

જીવનની કોઈ અવસ્થા નિરુપયોગી નથી. બાલ્યાવસ્થા અનેકવિધિ શકયતાનો ઉઘાડ છે; યુવાવસ્થા સ્વપ્નો, આવેગો સાહસ, અને અજાણ્યાં શિખરો સર કરવાની શકિત છે; પ્રૌઢાવસ્થા જીવનના કડવા-મીઠાં અનુભવોનું તારણ કાઢીને સમજ અને શાણપણ મેળવવાનો તબકકો છે, તો વૃદ્ધાવસ્થા આંતરિક સ્તર પર કામ કરવાનો, સંગ્રહ અને આસકિતનાં જાળાં વિખેરી નાખવાનો, પુનર્જન્મમાં માનતાં હોઈએ તો નવા જીવન માટે બીજ વાવવાનો સમય છે. યુવાવસ્થામાં યોગ્ય આહાર વિહાર - યોગાસનો - ધ્યાનનો અભ્યાસ કેળવ્યો હોય તો વૃદ્ધાવસ્થામાં પણ શરીરસ્વાસ્થ્ય ઘણે અંશે જાળવી શકાય. ૭૫ - ૮૦ વર્ષે પણ સ્ફૂર્તિથી કામ કરતા ઘણા મહાનુભાવોને આપણે જાણીએ છીએ જેમાં પ્ર. જીવનના આદરણીય તંત્રીશ્રી પણ છે. ગાંધીજી આપણને કયારેય વૃદ્ધ લાગેલા? માણસની વૃદ્ધાવસ્થાની અપંગતા ને નિર્બળતા સર્વાંશે નહિ તો ઘણા અંશે, તેની યુવાનકાળની જીવન-રીતિનું જ પરિણામ હોય છે.

છતાં શરીર જર્જર થાય, હાથપગની શકિત શિથિલ થઈ જાય, તે વૃદ્ધાવસ્થાનું અનિવાર્ય લક્ષણ છે, પણ તેથી મનની શકિત આત્મશકિત ક્ષીણ જ થાય તે અનિવાર્ય નથી. ગૃહસ્થ-જીવનનાં કર્તવ્યો નિભાવતાં, સંસારની જટિલ પરિસ્થિતિઓનો સામનો કરતાં માણસને પોતાની અંદર જોવાની ફૂરસદ મળી હોતી નથી. વૃદ્ધાવસ્થા એ સમય આપે છે જ્યારે આપણે આપણી અંદર ડોકિયું કરીએ, આપણાં દુન્યવી વળગણોને ખંખેરી નાખીએ. થોડા વખતમાં છેવટની વિદાય લેવાની જ છે. તો જરા આગળથી આસકિતનાં બંધન ઢીલાં કરી શકાય? છોકરાંનાં છોકરાં, તેમની માયા તેમના પ્રત્યેનો મોહ - એ બધાંમાંથી હળવેકથી જાતને ખેસવી લઈ પોતાનાં આંતર-વિકાસ માટે વિચારવાનો સમય માણસ માટે શું કયારે ય આવતો જ નથી?

'ઘરડાં-ઘર' ને હું તો આવકારું છું. જિંદગીભર આપણે થોડાક લોકોના સ્નેહમાં જાતને પૂરી રાખી હોય છે. આ નવા ઘરમાં અજાણ્યાં

મનુષ્યોને ચાહવાની, આપણી પ્રેમની શક્તિનો વિસ્તાર કરવાની આપણને તક મળે છે. કેવળ પોતાના જ દુ:ખને વાગોળવાને બદલે બીજાનાં દુ:ખમાં આપણે ભાગ લઈ શકીએ છીએ. જીવનભર જે કાંઈ માનસિક સંપત્તિ, વિચાર સંપતિ, અનુભવ સંપત્તિ એકઠી કરી હોય તેનો બીજાઓના લાભાર્થે વિનિયોગ કરી શકીએ છીએ. સંસારની જવાબદારી ને ચિંતા ન હોવાથી મોકળા મને હસી-આનંદી શકીએ છીએ. અહીં આપણને મિત્રો મળી શકે છે, સહાનુભૂતિ મળી શકે છે. પ્રાર્થના અને શ્રદ્ધાને બળ પણ મળી શકે છે. અહીં પણ માણસ પોતાની ઉચ્ચ આત્મશક્તિ દાખવીને પ્રતિકૂળતામાં પ્રસન્ન કેમ રહી શકાય તીવ્ર શારીરિક પીડાઓ વચ્ચે હસતાં પ્રફુલ્લ કેમ રહી શકાય તેનું ઉદાહરણ પૂરું પાડી શકે છે. ઘર અને ઘરની મમતાને છોડીને જવાની ઘડી તો આમ પણ આવવાની જ છે. એ વિદાયને કોઈ ટાળી શકવાનું છે? તો પરાણે જ્યાં વિચ્છેદ કરવો જ પડવાનો છે ત્યાં સમજથી, શાણપણથી વિદાય લઈ લેવામાં વાંધો શો છે? આપણે માગણીઓ, આગ્રહો, અપેક્ષા, ફરિયાદ નહિ પણ પ્રેમનો ભાવ રાખતાં હોઈશું તો આ નવા ઘરમાં પણ આપણાં સ્નેહી-સંબંધીઓ મળવા આવવાના જ છે. તેમને મળીને પ્રસન્ન થવાની વધારે આશા શા માટે રાખવી જોઈએ?

પણ ઘરડાં-ઘર એ નામ બદલવાની બહુ જરૂર છે. એ નામ એવું તો સોગિયલ છે! એને બદલે અમે નંદિગ્રામ રાખવા ધાર્યું છે, તેમ 'વિસામો' નામ રાખી શકાય અથવા 'સંધ્યાઘર' કે કે 'નવું ઘર' બીજું ઘર' અથવા માત્ર "ઘર" - એટલું જ નામ રાખીએ તો પણ ચાલે. આ ઘરો વધારે વિશાળ હેતુવાળાં, વધારે સગવડ-વાળા, સાધનોવાળા હોવાં જોઈએ. બધાં જ વૃદ્ધો કંઈ અશક્ત હોતાં નથી. જેમનામાં શક્તિ છે, તેમને અહીં કામ કરવાની તક પણ મળે છે. તેવું ગોઠવાવું જોઈએ. અહીં તેઓ સ્વાર્થ માટે નહિ સર્વજનના લાભાર્થે પોતાની શક્તિઓનો વિનિયોગ કરી શકે. તેઓ વૃક્ષો વાવી શકે, બાળકો-પ્રૌઢોને ભણાવી શકે. ડોકટરો વકીલો વગેરે પોતાની વ્યાવસાયિક આવડતનો આસપાસના લોકોને લાભ આપી શકે, એક નાના મર્યાદિત કુટુંબને બદલે વિશાળ કુટુંબ રચીને પારકાંને પોતાના બનાવીને તેઓ અહીં રહી શકે. આવા ગૃહો વધારે ને વધારે પ્રમાણમાં, વધુ વ્યવસ્થિત, વધુ આયોજન-પૂર્વક ચારે તરફ ઊભા થવા જોઈએ. જ્યાં જેમને સંતાનો નથી, તેવા લોકો પણ વૃદ્ધ થાય ત્યારે રહી શકે. પોતે ઘરમાંથી હાંકી કઢાયા છે એવો ભાવ સેવવાને બદલે વધુ ઊંચા જીવન માટેની સગવડ જ્યાં મળી શકે છે તેવા નવા ઘરમાં પોતે વસવાટ કરવા જઈ રહ્યા છે તેવો ભાવ મનમાં જાગવો જોઈએ અને પશ્ચિમ કરતાં આપણને એક સૌથી મોટો લાભ એ છે કે આપણી પાસે સમયને સાર્થક કરવા માટે હજી પ્રભુભક્તિનો ઉત્તમ સર્વમાન્ય માર્ગ છે! જે સમય-આપણને પ્રભુ ભણી ઉન્મુખ થવાની તક આપે અને જે નિવાસ એ તકનો ઉપયોગ કરવાની સગવડ આપે, તેના પ્રત્યે ફરિયાદ શાની? તેના માટે તો આપણે કૃતજ્ઞતા જ અનુભવવી જોઈએ.

સિદ્ધિ

ફળે મારાં સ્વપ્નો તદપિ હૃદયે ફાળ પડતી!
મળી આ સિદ્ધિ શું શ્રમ મુજ થકી, માત્ર શ્રમથી?
કિંવા ભાગ્યે મારા યશ વિજય તેથી જ જીત શું?
હસ્યો હું તે હાસ્યે રુદન વરસ્યું કૈં અવરનું?

મને આવી શંકા પ્રતિદિન રહે ને દમી રહે,
મને સિદ્ધિ પૂંઠે ઘણી બળતરા ડંખતી રહે,
મને લાધ્યું તે તો હતું અવરનું, શેં મુજ થયું?
ગયું જેનું તે તો દડ દડ રહે ને હસું જ હું?

કહો આ સિદ્ધિ શું, અગર નથી જો હાર પરની,
મને આવી સિદ્ધિ લગીર ન ગમે, છો નહિ મળે!
ભલે, કર્મે કૈં જો અસફળ મને, એ જ ગમશે!
નથી એ સિદ્ધિ જો જગતભરમાં કૈં ન વધતું!

મને રિદ્ધિમાંહી સકળ રસ છો સિદ્ધિ પરની!
વધે સિદ્ધિ ત્યારે ખૂબ જ ગમતી સિદ્ધિ મુજની!

– ચંપકલાલ સંઘવી

આજીવન સભ્યોની નામાવલી

શ્રી સુરેશ સુરજમલ ચૌધરી
„ જગદીશ અર્જુન ઠક્કર
„ મોર્ડન મશીન ટુલ્સ કું.
„ વલ્લભદાસ રામજી ઘેલાણી
„ સતીશભાઈ આર. શાહ
„ ભારતીબેન આર. કોઠારી
„ હરકીશન પારેખ
„ રમણલાલ કેશવલાલ ગાંધી
„ શાંતિલાલ નાગરદાસ શાહ
„ ધારસીભાઈ ગણપત દેઢિયા
„ પ્રભુદાસ વી. પુંજાણી
„ ખુશાલચંદ સોજપાર ગડા
ડૉ. પ્રિયદર્શિની એચ. ડોકટર
શ્રી જવાહર મોહનલાલ શાહ
„ પ્રવિણ એમ. શાહ
„ આઈ. જી. મહેતા
„ પ્રતાપરાય બેચરદાસ શેઠ
„ મુકેશચંદ્ર બળવંતરાય દોશી
„ એચ. એલ. સંઘવી
„ નરેન્દ્ર સી. હેકડ
ડૉ. એચ. ટી. મહેતા
શ્રી સતીશભાઈ રસિકલાલ શાહ
„ મનસુખલાલ ચી. શાહ
„ પ્રદીપ સેવંતીલાલ શાહ
„ ઝલીબેન નાખુદા
„ અરુણ સી. શાહ
„ સેવંતીલાલ લહેરચંદ શાહ
„ ચીનુભાઈ મંગળદાસ શાહ
„ ચંદ્રકાંત લખમશી ગાલા
„ નવિનચંદ્ર જે. વીરા
„ મીલન બારોટ
„ નવિન સી. મણિયાર
„ રમણિકલાલ શાંતિલાલ શાહ
„ હર્ષદ મણિલાલ સંઘવી
„ એસ. એન. ચોકસી
„ અનિલ આર. પરીખ
„ દીપચંદ ઘેલાભાઈ શાહ
„ કાંતિલાલ એસ. સંઘવી
„ કીરીટકમાર કોઠારી
„ ધીરજબેન કાંતિલાલ વોરા
„ કિશનભાઈ કે. કાપડિયા
„ અનંત જે. ધામી
„ સુંદરજી એમ. પોપટ
„ શશીકાંતભાઈ કે. મહેતા
„ શરદબહેન દામોદરદાસ મહેતા
„ મનહરલાલ ગોવિંદજી શાહ
„ પ્રવિણચંદ્ર એન. જોબાલિયા
„ કસ્તુરચંદ મહેતા
„ શૈલેશકમાર કસ્તુરચંદ ઝવેરી
„ મુકુંદરાય લક્ષ્મીચંદ દોશી
„ પ્રવિણભાઈ એ. પુંજાણી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ. મુંબઈ-૪૦૦ ૦૦૪. રે. નં.: ૩૫૦૨૯૬: મુદ્રણસ્થાન: ધ સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ. મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ ઓગસ્ટ ૧૯૮૧ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ધર્માન્તર

□ ચીમનલાલ ચકુભાઇ

તામિલનાડુના બે ગામડામાં હરિજનો સામૂહિક ધર્મપરિવર્તન કરી, મુસલમાન થયા એ ગંભીર બનાવ છે અને હિન્દુ સમાજને ચેતવણી છે.

સાચા હૃદયપૂર્વકનું ધર્માન્તર થાય એવા કિસ્સા વીરલ હોય છે. તે સામે કોઈ વાંધો કે વિરોધ પણ ન હોય. દરેક વ્યક્તિને પોતાને યોગ્ય લાગે તેવો ધર્મ સ્વીકારવાનો અધિકાર છે, પણ એવું ધર્માન્તર એવી વ્યક્તિ કરી શકે કે જેનામાં તીવ્ર ધર્મજાગ્રતિ હોય, ઊંડું વિચારમંથન હોય, પોતાના જન્મગત ધર્મનો પૂરો અભ્યાસ અને અનુભવ હોય, તેનાથી તેના આત્માને સંતોષ ન હોય, અંતરની વ્યથા હોય અને સાચા ધર્મની શોધમાં હોય. વળી જે ધર્મ અંગીકાર કરવો હોય તેનો પૂરો અભ્યાસ હોય, તે ધર્મમાં તેના આત્માને સાચી શાન્તિ મળશે એવાં તત્ત્વો છે તેવી ખાતરી હોય ત્યારે ધર્માન્તર થાય. મૂળમાં, મોટા ભાગના માણસોમાં ધર્મ જાગ્રતિનો જ અભાવ હોય છે. પરંપરાગત ધર્મ ગતાનુગતિક અનુસરે છે અને સંતોષ માને છે.

તામિલનાડુના હરિજનોએ ધર્મપરિવર્તન કર્યું તે સાચા હૃદયનું અને ધર્મજાગ્રતિનું પરિણામ છે તેમ કહેવાય તેવું નથી. તેનાં કારણો સામાજિક અને આર્થિક છે. સાચી ધર્મશ્રદ્ધાની શોધમાં હોય એવી વ્યક્તિ મરણાન્તે પણ પોતાનો ધર્મ ન છોડે. કોઈ લાલચ, ભય કે ભૌતિક લાભ સાચા ધર્માન્તરનું કારણ ન જ હોય. ખરી રીતે જોઈએ તો કોઈ ધર્મ એવો નથી કે જેનાં મૂળ તત્ત્વો અને પાયાના સિદ્ધાંતો સાચા સાધકને આત્માની શાન્તિ ન આપે. સર્વધર્મસમભાવનો આજ પાયો છે. ઈશ્વરને પામવાના જુદા જુદા માર્ગો છે, પણ સાચો ધર્મ સૌને મુક્તિસ્થાને પહોંચાડે છે. ધર્મને નામે ચાલતા પાખંડ અને અનાચારો ધર્મ પ્રત્યે અભાવનાં કારણો છે.

હિન્દુ ધર્મમાં અસ્પૃશ્યતા તેનું મોટામાં મોટું કલંક છે. સદીઓથી આવો અનાચાર કરોડો માણસો પ્રત્યે સેવ્યો છે અને માનવતા ગુમાવી બેઠા છીએ. આ બધું ધર્મને નામે કર્યું છે તે વધારે ઘાતક પાપ છે, હિન્દુ સમાજના પતનનું એક કારણ છે. અનેક સંતપુરુષોએ આ અન્યાય સામે પોકાર કર્યો છે, પણ તેની જડ એટલી ઊંડી છે કે સંતો પણ તેને હઠાવી શકયા નહિ. વર્ણવ્યવસ્થા ગુણકર્મ આધારિત હતી. ચાર વર્ણો જન્મગત ન હતા. માણસ ગુણથી અને કર્મથી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર થાય છે. હિન્દુ સમાજમાં બ્રાહ્મણોએ જ્ઞાન અને ત્યાગની ભાવના પેદા કરી તે સાથે અહંકાર અને અભિમાન પણ લાવ્યા. ઊંચનીચની ભાવનાને પોષણ આપ્યું. સમાજનો પાયો સમાનતા હોવો જોઈએ. માણસનું માણસ તરીકે ગૌરવ અને સ્વમાન જોઈએ તેને બદલે અસમાનતા અને ભેદભાવના મૂળ નાખ્યાં અને તે ઊંડાં જતાં ગયાં. ગુણકર્મથી બ્રાહ્મણ થવાય, પણ બ્રાહ્મણોને જ ભય લાગ્યો કે તેમના સંતાનોમાં એવા ગુણકર્મ નહિ હોય તો તે શુદ્ર લેખાશે એટલે તેમાંથી બચવા, ગુણકર્મ આધારિત વર્ણવ્યવસ્થા હતી તેને જન્મગત બનાવી. ગુણ અને કર્મથી ચાંડાળ હોય તો પણ બ્રાહ્મણને પેટે જન્મ્યો હોય તે બ્રાહ્મણ જ કહેવાય અને તેનું અભિમાન લે તેવી જ રીતે, ગુણકર્મથી બ્રાહ્મણ હોય પણ કહેવાતી શુદ્ર જાતિમાં જન્મ થયો હોય તો શુદ્ર જ રહે. પરિણામે સમાજમાં અસમાનતા વધતી જ ગઈ અને સમાજના કરોડો માણસોની પશુ કરતાં પણ બદતર સ્થિતિ કરી. બ્રાહ્મણોમાં એ બુદ્ધિ હતી કે પોતાને જે કરાવવું હોય તેને ધર્મનું સ્વરૂપ આપી દે એટલે અજ્ઞાન જનસમાજ તેને ધર્મ માની સ્વીકારી લે. સમાજની સાંસ્કૃતિક આગેવાની બ્રાહ્મણોની હતી એટલે ધર્મને નામે કેટલાય અનાચારોને ધર્મનું સ્વરૂપ આપ્યું.

ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરે આ પરિસ્થિતિનો સખત વિરોધ કર્યો. જન્મગત વર્ણવ્યવસ્થાનો સદંતર વિરોધ કર્યો. સમાજમાં ફરી માનવતા અને સમાનતાનો પાયો લાવવા ભગીરથ પુરુષાર્થ કર્યો પણ બ્રાહ્મણો સામે સફળતા ન મળી. શંકરાચાર્યે બુદ્ધ ધર્મને ભારતમાંથી દેશવટો આપ્યો. જૈનોએ સમાધાન કર્યું ધર્મથી જૈન રહ્યા. સામાજિક દૃષ્ટિએ અને કાયદાથી હિન્દુ વર્ણવ્યવસ્થા અને જાતિપાતિ અને જ્ઞાતિ સ્વીકારી, સામાજિક વ્યવહારમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ સ્વીકાર્યું.

ગાંધીજીએ હિન્દુ ધર્મનો અને હિન્દુ સમાજનો વિચાર કરવો શરૂ કર્યો ત્યારથી અસ્પૃશ્યતાને મહાપાપ અને કલંક માન્યું. આફ્રિકામાં હતા ત્યારે ખ્રિસ્તી મીશનરીઓની માનવસેવાની પ્રવૃત્તિથી આકર્ષાયા અને તેમને ખ્રિસ્તી ધર્મમાં ખેંચવા મીશનરીઓએ પ્રયત્ન કર્યો. સદ્ ભાગ્યે ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રની સલાહ લીધી. શ્રીમદ્ના માર્ગદર્શનથી, ગાંધીજીને ખાતરી થઈ કે હિન્દુ ધર્મમાં અનેક અનિષ્ટો હોવા છતાં, તેનાં પાયામાં સત્ય અને અહિંસા છે અને તેમની આધ્યાત્મિક જીજ્ઞાસાને પરિતૃપ્તિ થાય એવો આ ધર્મનો પાયો છે. તેથી પોતાની જાતને સનાતની હિન્દુ-સાચા સનાતની કહેવામાં ગૌરવ લેતા. ૧૯૧૫માં ભારત પાછા ફર્યા ત્યારથી અસ્પૃશ્યતાનાબૂદી માટે ભગીરથ પુરુષાર્થ આદર્યો અને કહેવાતા સનાતનીઓની ખફગી વહોરી. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ પછી, મેકડોનલ્ડ એવોર્ડ આવ્યો તેમાં હરિજનોને હિન્દુઓથી અલગ કરવાનો પ્રયત્ન થયો ત્યારે પોતાના પ્રાણ અર્પણ કરવા તૈયાર થયા. સદ્ ભાગ્યે ડો. આંબેડકર માન્યા અને મેકડોનલ્ડ એવોર્ડ રદ થયો. સદીઓમાં મોટા સંત પુરુષો પણ

ન કરી શકયા તે કામ ગાંધીજીની તપશ્ચર્યાથી થયું. Gandhiji was the greatest reformer of the Hindu Society. અસ્પૃશ્યતા નાબૂદી માટે ઘણું થયું છે તે સ્વીકારવું જોઈએ. કાયદાથી નાબૂદી થઈ જ છે, પણ વ્યવહારમાં પણ સારા પ્રમાણમાં ફેર પડયો છે અને માનસપરિવર્તન થયું છે. છતાં ઘણું કરવાનું બાકી રહે છે. હરિજનો એટલા જાગ્રત થયા છે અને અધીરા થયા છે કે વિલંબ સહન કરી શકે તેમ નથી.

પણ એ સ્પષ્ટ થવું જોઈએ કે ધર્મપરિવર્તન કરીને હરિજનો કોઈ લાભ મેળવવાના નથી. તેમના દુ:ખોનું મૂળ, અસ્પૃશ્યતા કરતાં, ગરીબાઈ વધારે છે. આ દેશના કરોડો માણસો એવા જ ગરીબ છે. હરિજનોને ગરીબાઈ ઉપરાંત, અસ્પૃશ્યતાની વિટંબણા છે, પણ મુસલમાન કે ખ્રિસ્તી થઈને તે ગરીબાઈ કે વિટંબણા દૂર થવાનાં નથી તે હકીકત હરિજનો અને તેમના આગેવાનોએ સમજી લેવી જોઈએ. હિન્દુ સમાજે ઘણું પ્રાયશ્ચિત કરવાનું રહે છે પણ હરિજનોને લાંચ કે લાલચ આપીને હરિજનોને કે હિન્દુ સમાજને લાભ થવાનો નથી.

આવી પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનો પ્રયત્ન મુસલમાનોનો કોઈ વર્ગ કે જમાત કરશે તો મુસલમાનોને પણ હાનિ થવાની, તે તેમણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ. આપણો દેશ અને બંધારણ બિનસાંપ્રદાયિક અને ધર્મનિરપેક્ષ છે, તેનો અર્થ એવો નથી કે વટાંતર પ્રવૃત્તિને સહન કરી લે.

ભારતીય ધર્મો-હિન્દુ, જૈન કે બુદ્ધ ધર્મ-અત્યંત સહિષ્ણુ છે. ધર્માન્તર કરાવવામાં આ કોઈ ધર્મ માનતો નથી. ગાંધીજીને માર્ગદર્શન આપ્યું ત્યારે શ્રીમદે તેમને જૈન થવાનું ન કહ્યું. હિન્દુ ધર્મના યોગવાશિષ્ઠ અને અન્ય ધાર્મિક ગ્રંથોનું વાંચન કરવા કહ્યું. સૌ પોતાના ધર્મમાં સ્થિર રહે અને હિન્દુ સાચો હિન્દુ થાય, જૈન સાચો જૈન થાય, ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી થાય એ ભાવના છે.

પણ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મો વટાંતર પ્રવૃત્તિમાં માને છે એટલું જ નહિ પણ આક્રમક રીતે તેવી પ્રવૃત્તિ કરે છે. ભય, ધમકી, લાંચ-લાલચ, રાજસત્તા અને ખ્રિસ્તી મીશનરીઓમાં ખાસ કરી માનવસેવા આવાં સાધનોનો ઉપયોગ કરતાં સંકોચ અનુભવતા નથી. આ દેશમાં હવે આવી પ્રવૃત્તિ સહી નહિ લેવાય તે સ્પષ્ટ થવું જોઈએ.

મુસલમાનોનું રક્ષણ કરવા ગાંધીજીએ પોતાના પ્રાણ આપ્યા. પાકિસ્તાનમાં કોઈ હિન્દુ રહી ન શકયા. ભારતમાં કરોડો મુસલમાન સ્વમાનપૂર્વક સલામતીથી રહે છે, પણ મુસલમાનોએ સમજી લેવું જોઈએ કે તેઓ ભારતમાં રહે છે, તેમની વફાદારી ભારત પ્રત્યે છે અને હોવી જોઈએ. ધર્મને નામે અન્ય દેશ પ્રત્યે તેમની વફાદારી રહે કે હોય તે ઈષ્ટ નથી.

રાજકીય કારણોથી, રાજકીય પક્ષોએ મુસલમાનોને પંપાળ્યા છે. તેનો ગેરલાભ ઉઠાવવા કોઈ પ્રયત્ન તેમણે કરવો ન જોઈએ. હરિજનોને મુસલમાન બનાવવામાં કોઈ સાથ આપે તે પોતાનું જ અહિત કરે છે. આમ કહેવામાં, હિન્દુ સમાજના મોટા દોષો ઢાંકવાનો મારો કોઈ ઈરાદો નથી. દેશના ભાગલા સ્વીકાર્યા ત્યારે એવી આશાએ કે હિન્દુ-મુસ્લિમ પ્રશ્નનો નિકાલ થાય છે. મુસલમાનોને સંતોષ થશે અને આપણે શાન્તિથી રહી શકીશું. ભારતમાં કરોડો મુસલમાનો છે. હજી પણ તેમની સંખ્યા વધશે. તેમણે આ દેશના વતની થઈને રહેવાનું છે. હિન્દુ ધર્મની કે સમાજની એ નિર્બળતા છે કે તે પોતાના બારણાં બંધ જ રાખે છે. તેમાં કોઈને પ્રવેશ મળતો નથી અને તેમાંથી બહાર ગયા પછી સદાને માટે દ્વાર બંધ થાય છે. આર્યસમાજે શુદ્ધિની પ્રવૃત્તિ કરી જોઈ. જનસંઘ, હિન્દુ મહાસભા કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, પ્રત્યક્ષાતરૂપે હિન્દુ રાષ્ટ્રની વાત કરે તે પણ ખોટું છે. સૌ ભારતવાસી છે અને પોતપોતાના ધર્મમાં સ્થિરતાથી, નિર્ભયતાથી રહે તે આપણી ભાવના છે. ખ્રિસ્તી વટાળ પ્રવૃત્તિ બ્રિટિશ રાજ્ય દરમિયાન ઘણી ચાલી. કરોડો લોકો ખ્રિસ્તી થયા. હિન્દુસ્તાનમાં વસતા મુસલમાનો પણ મોટા ભાગનાં એવા જ ધર્માન્તરથી મુસલમાન થયેલ છે. હરિજનો, આદિવાસીઓ કે બીજા કોઈ વર્ગની ગરીબાઈ કે અસંતોષનો લાભ લઈ કોઈ સમાજ કે વર્ગ, વટાંતર પ્રવૃત્તિ કરે તે સ્વતંત્રતાનો દુરૂપયોગ છે. ડૉ. આંબેડકરને ઘણું સહન કરવું પડયું હતું. તેમના અંતરમાં ઘણી કડવાશ-સકારણભરી હતી, પણ વિદ્વાન હતા. હરિજનોને બુદ્ધ ધર્મ અંગીકાર કરવા કહ્યું પણ મુસલમાન કે ખ્રિસ્તી થવા ન કહ્યું. બુદ્ધ ધર્મ કે જૈન ધર્મ, ભારતીય ધર્મો છે. બન્ને સહિષ્ણુ છે. ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ, આક્રમક છે. વટાંતર કરાવવામાં માને છે. આ દેશમાં એ નહિ ચાલે. મધ્યપૂર્વના દેશોમાં ઈસ્લામિક ઝનૂનનું મિજાજું જોરથી ફૂંકાય છે. ઈરાને તેની આગેવાની લીધી છે. પાકિસ્તાન, બંગલાદેશને, એ પવનનો સ્પર્શ થઈ રહ્યો છે. ભારતને તેનાથી બચાવવું જોઈએ. વડા પ્રધાને કહ્યું છે કે આ ધર્મપરિવર્તનની પ્રવૃત્તિ થાય છે તેમાં વિદેશી નાણું, ખાસ કરી આરબ દેશોમાંથી આવેલ નાણાંનો ઉપયોગ થયો હોવાનો સંભવ છે. સરકારે આ હકીકતની ગંભીર નોંધ લેવી જોઈએ. ભારતના બધા નાગરિકોનો ધર્મ છે કે ભારતમાં સાચી રીતે સર્વધર્મ સમભાવ જાગ્રત રહેવો જોઈએ.

હિન્દુ સમાજે અસમાનતાની ભાવના જડમૂળથી ઉખેડી નાખવી જોઈએ.

સર્વે જના: સુખીનો ભવન્તુ,
સર્વે સન્તુ નિરામયા:
સર્વે ભદ્રાણિ પસ્યન્તુ,
નકશ્ચિત દુ:ખમાપ્નુ યાત્
ભારતવર્ષની સદા આ ભાવના રહી છે.

હરિજનો કે અસ્પૃશ્યો પ્રત્યેનું વર્તન સમાનભાવનું, માનવતાનું, ભ્રાતૃભાવનું રહેવું જોઈએ, પણ અધીરાઈથી કે અજ્ઞાનતાથી ધર્મપરિવર્તન કરી, હરિજનો પણ, આ સમાનતા કે ભ્રાતૃભાવ અથવા ગરીબીમાંથી મુકિત પામવાના નથી એ પણ તેમણે સ્પષ્ટપણે સમજવું જોઈએ.

હિન્દુ ધર્મના બધા સંપ્રદાયોના ધર્મગુરુઓની ખાસ ફરજ છે કે હિન્દુ સમાજને તેના સાચા ધર્મનું ભાન કરાવે અને હરિજનો પ્રત્યે થતા અન્યાયને રોકે. સંસારની પ્રવૃત્તિ સાથે અને સામાજિક વ્યવહારો સાથે પોતાને કોઈ સંબંધ નથી એવા સંકુચિત આધ્યાત્મિક કોચલામાંથી બહાર આવી, હિન્દુ સમાજનું શુદ્ધિકરણ અને સાચા ધર્મની પ્રતિષ્ઠા માટે કટિબદ્ધ થાય. પોતાની જાતને પ્રગતિશીલ માનતા હિન્દુઓ તેમાં જૈન, બુદ્ધ, શીખ બધાનો સમાવેશ કરું છું– જાગ્રત થાય અને કહેવાતા આર્થિક, ભૌતિક અને સામાજિક લાભ માટે થતા ધર્મપરિવર્તનથી થતી હાનિ પ્રત્યે સમાજને જાગ્રત કરે. હરિજનો અને તેમના આગેવાનો પણ આવેશ વિના, આ બધો વિચાર કરે.

૨૮-૭-૮૧

સુખ માટેની ઝંખના

માનવમાત્રમાં સુખ માટેની એક ઝંખના વસેલી છે. એ ઝંખનાને જો અતિમાનસની પરમ સમૃદ્ધિ માટેની અભિપ્સામાં પલટી લેવાનું જ્ઞાન દરેક માણસને થઈ જાય તો તેટલું પણ બસ થયું ગણાય. અને આ માટે, પ્રાણની કેળવણીને જો ખંતપૂર્વક અને સાચા દિલથી ખૂબ ખૂબ આગળ વધારવામાં આવે તો પછી માનવના જીવનમાં એક એવી ક્ષણ જરૂર આવે છે કે જ્યારે પ્રાણને પૂરી ખાતરી થઈ જાય છે કે અરે, મારી સમક્ષ તો આ એક ઘણું મહાન, ઘણું સુંદર ધ્યેય આવી રહેલું છે અને એ પ્રગતિ થઈ ગયા પછી પ્રાણ પરમાત્માના દિવ્ય આનંદને પ્રાપ્ત કરવા માટે સજ્જ બને છે અને ઈન્દ્રિયોની ક્ષુદ્ર અને ભ્રામક તૃપ્તિઓને સર્વથા પડતી મૂકી દે છે.

શ્રીમાતાજી

અવકાશના મિષ્ટફળ 'એપલ'ની મિષ્ટતા માણો : નવા ઉપગ્રહની કથા

[પ્રાસ્તાવિક : આ આકાશ-કુસુમની વાત નથી. આ તો આકાશના મિષ્ટ સફરજનની – એપલની વાત છે. આપણે અવકાશી સંદેશ-વ્યવહારના ક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યા છીએ અને જેમ સમય જશે તેમ આ ક્ષેત્રની આંટીઘૂંટીઓ વધતી જશે. એટલે એ આંટીઘૂંટીઓ સમજવી સરળ પડે એ હેતુથી આ લેખમાળા શરૂ કરવામાં આવી છે. બહુજન સમુદાયને સમજ પડે એવી ભાષામાં, જીયોસિન્ક્રોનસ ઉપગ્રહોની વાત – એપલના સંદર્ભમાં – કહેવામાં આવશે.]

[] મનુભાઈ મહેતા

[૧]

હમણાં જ એક ભાઈ સુરતથી આવ્યા. મને કહે; "હવે સુરતમાં પણ ટી.વી. ખૂબ સ્પષ્ટ દેખાવા લાગ્યું છે – એપલને કારણે." મને હસવું તો નહિ આવ્યું પણ એપલની કામગીરી વિષે લોકોને કેટલી ઓછી જાણકારી છે એટલું તો એ ભાઈ સાથેની વાતચીત પરથી માલમ પડયું જ. એટલે જ આ લખવા પ્રેરાયો છું.

એપલ પરથી જે ટી.વી. કાર્યક્રમો પરાવર્તિત કરવામાં આવશે તે કાંઈ એમને એમ તમારા ટી. વી. સેટમાં ઝીલી શકાશે નહિ. એને માટે ટી.વી. સેટમાં એપલની ફ્રિક્વન્સી ઝીલે એવી ખાસ વ્યવસ્થા હોવી જોઈએ અને સેટેલાઈટ પરથી આવતા સિગ્નલો ઝીલવા માટેનો ખાસ એન્ટેના હોવો જોઈએ. મુંબઈમાં પણ આઝાદી દિનના કે પ્રજાસત્તાક દિનના ખાસ કાર્યક્રમો "એપલ" દ્વારા સીધા (લાઈવ) દેખાડવાની જે યોજના થઈ છે તે પણ દિલ્હીના અર્થસ્ટેશન તથા મુંબઈમાં મુકાનારા એક હાલતાં ચાલતા "અર્થ-સ્ટેશન"ની સહાયથી જ શકય બનશે. દિલ્હીનું અર્થસ્ટેશન એપલ પર ટી.વી. સિગ્નલો મોકલશે, એપલ એ સિગ્નલ આપણા આખા દેશ પર અને બંગલાદેશ, સિલોન, પાકિસ્તાન, બ્રહ્મદેશ વગેરે પાડોશી દેશો પર પણ ફેલાવશે. મુંબઈમાં એ સિગ્નલો, ટ્રક પર બેસાડેલું પોર્ટેબલ અર્થસ્ટેશન એ ઝીલી લેશે, પછી મુંબઈના ટેલિવિઝન કેન્દ્રને એ સિગ્નલો પૂરાં પાડશે અને પછી મુંબઈનું કેન્દ્ર પોતાની નિર્ધારિત ચેનલ પર એ સિગ્નલો પ્રસારિત કરશે, એટલે તમારા ટી.વી. સેટમાં, કાર્યક્રમ દેખાશે. અલબત્ત, આ બધું સેકન્ડના ૩૦૦૦૦૦ (ત્રણ લાખ) કિલોમીટરની ઝડપે પ્રવાસ કરતાં માઈક્રોવેવ દ્વારા થશે એટલે દિલ્હીમાં પરેડ ચાલતી હોય તે દશ્ય લગભગ તરત જ તમને મુંબઈમાં જોવા મળશે. બંગલાદેશ, સિલોન, પાકિસ્તાન વગેરે દેશોને પણ જો આ કાર્યક્રમ જોવા હશે તો પોતપોતાના અર્થસ્ટેશનો દ્વારા "એપલ"ના સિગ્નલો ઝીલીને, પોતપોતાના ટી.વી. ટ્રાન્સમીટરો દ્વારા એ પ્રસારિત કરી શકશે. જો કે આવું કંઈ બને એમ હું માનતો નથી. એક તો એ દેશો પાસે અર્થસ્ટેશનો ટર્મિનલો છે કે કેમ તેની મને ખબર નથી અને હોય તો પણ એ આપણા કાર્યક્રમ જોવાની તકલીફ શું કામ લે?

'એપલ'ની કામગીરી અંગેના આ ખુલાસા પછી આપણે 'એપલ'ની વાત માંડીને કરીએ. એપલ એ એક જીયોસિન્ક્રોનસ સેટેલાઈટ છે. જીયોસિન્ક્રોનસ માટે "ભૂસ્થિર" શબ્દ હમણાં હમણાં વપરાવા લાગ્યો છે, પણ મને એ ગમતો નથી કારણ કે આ જગતમાં કોઈ પણ વસ્તુ સ્થિર તો છે જ નહિ એ વાતને બાજુએ રાખીએ તો પણ આ સેટેલાઈટ પૃથ્વીની આજુબાજુ ફરે તો છે જ. ફેર માત્ર એટલો જ છે કે પૃથ્વીની, પોતાની ધરી પર ફરવાની જે ગતિ છે તે ગતિથી જ આ સેટેલાઈટ પૃથ્વીની આજુબાજુ ફરે છે એટલે એ એકને એક કેન્દ્ર પર સ્થિર છે એવો ભાસ થાય છે. એટલે કહેવું હોય તો કહી શકાય કે આ ઉપગ્રહ "ભૂઅક્ષ-ભ્રમણાનુસારી ઉપગ્રહ" છે. આપણે જ્યારે આપણી ભાષાની સ્પેઈસ ટર્મિનોલોજી–અવકાશ વિજ્ઞાન પરિભાષા – વિકસાવશું ત્યારની વાત ત્યારે છે. આજે તો ભદ્રંભદ્રી બનવા કરતાં જીયો-સિન્ક્રોનસ શબ્દ જ મને વધારે જચે છે અને એમ તો "એપલ" શબ્દ પોતે પણ જુદા જુદા અંગ્રેજી શબ્દોના પહેલા અક્ષરો જોડીને બનાવેલો શબ્દ જ છે ને? એરિયાન રોકેટ દ્વારા એ ઉપગ્રહ છોડાયો એટલે એરિયાનનો "એ", એ રોકેટ બીજાનું, પણ આપણે આપણો ઉપગ્રહ એમાં ગોઠવ્યો (અલબત્ત ઉપગ્રહ અવકાશમાં છોડવાની મફત સગવડ મળતી હતી એથી) એટલે આપણો ઉપગ્રહ એ રોકેટમાં પ્રવાસી – પેસેન્જર બની ગયો એટલે પેસેન્જરનો "પી", આ પેસેન્જર એ વૈજ્ઞાનિક ઉપકરણોવાળો ઉપગ્રહ હતો અને રોકેટોમાં મુકાતાં આવાં વૈજ્ઞાનિક ઉપકરણોને "પેલોડ" કહે છે એટલે એ "પેલોડ"નો "પી" અને "એલ" તથા આ રોકેટ પ્રાયોગિક હતું અને પ્રયોગ એટલે એક્સપેરિમેન્ટ એટલે આ એક્સપેરિમેન્ટનો "ઈ" એમ "એપીપીએલઈ" એ શબ્દો ગોઠવીને એપલ શબ્દ બના-વવામાં આવ્યો અને આપણા ઉપગ્રહને એ નામ આપવામાં આવ્યું. એપલ એટલે સફરજન પણ થાય એટલે આ નામનું આકર્ષણ રહ્યું.

અત્રે એ જણાવી દેવાની જરૂર છે કે એપલ એમાં તો અવકાશના એક ચોક્કસ કેન્દ્ર પર સ્થિર દેખાય, પણ એને પૃથ્વીના અક્ષાભ્રમણની ઝાપટ તો લાગ્યા જ કરે અને એથી એને જ્યાં ગોઠવ્યો છે ત્યાંથી આજુબાજુ ખસવાની એ ચેષ્ટા કર્યા જ કરે. આવી ચેષ્ટા કરતો એને રોકવા માટે, એને ચોક્કસ દિશામાં જોતો રાખવા માટે એના પર હાઈડ્રાઝીનથી ચાલતાં ખૂબ નાનકડાં રોકેટો ગોઠવવામાં આવેલાં છે. એ જરાક ખસેલો જણાય તો એને મૂળ સ્થાને લાવવા માટે આ રોકેટો ફોડવામાં આવે છે. આ હાઈડ્રાઝીનનું બળતણ આવા જીયોસિન્ક્રોનસ સેટેલાઈટ પર મર્યાદિત પ્રમાણમાં જ મૂકી શકાય છે, એટલે એ બળતણ પૂરું થઈ જાય પછી એ ઉપગ્રહ નકામો થઈ જાય છે. અત્યાર સુધીમાં, એપલથી ઘણા મોટા વીસ જેટલા જીયોસિન્ક્રોનસ ઉપગ્રહો છોડવામાં આવેલા છે, પણ એમાંનો કોઈ પાંચ-છ વર્ષથી વધારે કામ લાગે એવો નથી એમ વિજ્ઞાનીઓ માને છે. પૃથ્વીના અક્ષાભ્રમણની ઝાપટ આવા ઉપગ્રહોને લાગતી ન હોત અને ઉપગ્રહ કાયમને માટે ચોક્કસ અવકાશી સ્થળે ટકી રહેતો હોત તો ઉપગ્રહ સૂર્યશક્તિથી ચાલતો હોવાને કારણે દીર્ઘકાળ સુધી કામ આપ્યા કરત. પૃથ્વીનો પરિઘ લગભગ પચ્ચીસ હજાર માઈલનો છે અને ૨૪ કલાકમાં પૃથ્વી પોતાની ધરી પર એક આખું ચક્કર મારી લે છે એટલે એની અક્ષ-ભ્રમણની ગતિ કલાકના હજારેક માઈલની થઈ. એપલ પણ આ કલાકના હજારેક માઈલની ગતિથી પૃથ્વીની ફરતે ફરે છે. આ ગતિ ઉપરાંત એના પર પૃથ્વીના અક્ષા-ભ્રમણની અને બીજા એવાં બળોની જે અસર થાય છે તેનાથી એપલનું રક્ષણ કરવા માટે એના પર સતત નજર રાખવી પડશે અને આ બધું કરવા છતાં પણ એપલનું આયુષ્ય વધુમાં વધુ બે વર્ષનું જ હોઈ શકે એમ માનવામાં આવે છે. ઈસરો એટલે ઈન્ડિયન સ્પેઈસ

રિસર્ચ ઓર્ગેનિઝેશન (વળી પાછો અંગ્રેજી શબ્દ !)ના એક વરિષ્ઠ અધિકારી ડૉ. રાવે તો એપલ પરના પ્રયોગો એક વર્ષ સુધી ચાલવાની જ વાત કરી છે. તેમણે એ સ્પષ્ટ કર્યું હતું કે આવા જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ પાસે કેમ સારામાં સારું કેમ લેવું એનો અનુભવ અને શિક્ષણ લેવાનો જ એપલનો મુખ્ય હેતુ છે. એના દ્વારા ટેલિફોન, ટેલિવિઝન વગેરેના જે પ્રસારણો થશે તે પ્રાયોગિક જ હશે.

—અને આ પ્રાયોગિક પ્રસારણોમાંનું પહેલું જ પ્રસારણ ખૂબ સફળ નીવડ્યું છે એ આપણા અવકાશ-વિજ્ઞાનીઓ અને ઈજનેરોની કુશળતાના પુરાવા સમાન છે. એપલ એને સ્થાને ગોઠવાયા પછી બુધવારે પહેલી જ વાર અમદાવાદના સ્પેઈસ એપ્લિકેશન સેન્ટર પરથી એક ટી.વી. કાર્યક્રમ એપલ પર મોકલવામાં આવ્યો અને એપલ દ્વારા એ પાછો પૃથ્વી પર બધે મોકલવામાં આવ્યો. બેંગ્લોરની ઈસરોની ફેસિલિટીએ જે પોર્ટેબલ અર્થસ્ટેશન ગોઠવ્યું હતું તેમાં એપલના સંકેતો ઝીલાયા અને એ સંકેતોને ટી.વી. સેટ સાથે જોડતી વ્યવસ્થા કરવામાં આવી હતી એટલે ટી.વી. પર અમદાવાદનો કાર્યક્રમ—મૃણાલિની સારાભાઈનો 'ચાંડાલિકા' નાટકનો કાર્યક્રમ સ્પષ્ટ દેખાયો. આ કાર્યક્રમ અંગે ઈસરોના એક અધિકારીએ જણાવ્યું હતું કે પેલું અર્થસ્ટેશન જો બરાબર ગોઠવાયું હોત તો કાર્યક્રમ વધારે સારી રીતે—સ્પષ્ટ રીતે દેખાયો હોત. સેટેલાઈટ અને અર્થસ્ટેશનની એલાઈનમેન્ટ એટલે કે દિશામૂલક સંલગ્નતા સંપૂર્ણ હોવી જોઈએ. એમાં, સોયની અણી જેટલો પણ ફેર રહી જાય તો સેટેલાઈટ પરથી આવતા સિગ્નલો બરાબર નહિ ઝીલાય. અમેરિકાના જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ વડે આપણે જ્યારે સાઈટના (સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપેરીમેન્ટ) પ્રયોગો કરતા જતા હતા ત્યારે આ પ્રયોગો અગ્રભાગ ભજવનાર અમદાવાદના સ્પેઈસ એપ્લિકેશન સેન્ટરની મેં મુલાકાત લીધી હતી અને ત્યાં લગભગ આખો દિવસ ગાળ્યો હતો. આ સ્ટેશનમાં એક મોટું અર્થ- સેન્ટર છે અને એના વડે અમેરિકન સેટેલાઈટ પર સિગ્નલો મોકલવામાં આવતા હતા અને ભારતના ચોક્કસ રાજ્યોમાં પ્રસારિત થતા હતા. એ વખતે ત્યાંના વિજ્ઞાનીઓએ મને જણાવ્યું હતું કે આ અર્થસ્ટેશન તથા સેટેલાઈટની એલાઈનમેન્ટમાં સોયની અણી જેટલો પણ ફરક ન પડવો જોઈએ. અવકાશી હુન્નરમાં આવી ચોકસાઈ જરૂરી છે.

અમદાવાદનું સ્પેઈસ એપ્લિકેશન સેન્ટર આ એપલ અંગેના પ્રયોગોમાં પણ અગત્યનો ભાગ ભજવી રહ્યું છે. હું ત્યાં ગયો ત્યારે એના વડા પ્રો. યશપાલ હતા. એમણે અવકાશી સંદેશવ્યવહારના ક્ષેત્રે મેળવેલી સિદ્ધિ માટે એમને પચ્ચીસ હજાર ડૉલરનો માર્કોની એવોર્ડ પણ મળ્યો હતો. આજે પ્રો. યશપાલ દેશ છોડીને વિદેશમાં વસે છે. પ્રો. યશપાલ જેવા ફિલસૂફ-વિજ્ઞાનીને આપણે સાચવી શક્યા નથી એ હકીકત ખૂબ જ ગ્લાનિ પ્રેરે એવી છે.

એપલ આત્યારે ઈન્ડોનેશિયા પર સ્થિર થયેલો છે. એનો અર્થ એ કે તમે આત્યારે ઈન્ડોનેશિયા પરથી એક પ્રબંધરેખા (ગ્રા-પેન્ડિક્યુલર લાઈન) ઉપર અવકાશમાં દોરો અને એને લગભગ ૩૬,૦૦૦ કિલોમીટર સુધી લંબાવો તો એ એપલ પર પહોંચે. કોઈને સહેજે પ્રશ્ન થશે કે, એપલને ઈન્ડોનેશિયા પર કેમ સ્થિર કરવામાં આવ્યો છે ભારત પર કેમ નહિ? એનું કારણ એ છે કે, એનો જે એન્ટેના છે તે ભારતના કેન્દ્રીય સ્થળ નાગપુર તરફ તાકેલો રહે એ માટે એને જે ત્રાણ ધરી પર સ્થિર કરવામાં આવ્યો છે તે ધરીની ગોઠવણ જ એવી છે કે એપલને જો ભારત પર સ્થિર કરવામાં આવ્યો હોત તો એનો એન્ટેના કદાચ ઉત્તર પશ્ચિમ દિશામાં રશિયાના કોઈ પ્રજાસતાક તરફ જ તાકતો હોત. વળી બીજું એ કારણ પણ છે કે આંતરરાષ્ટ્રીય સંદેશવ્યવહાર નિયમન અંગે થયેલા કરાર અનુસાર આપણને જીયોસિન્ક્રોનસ ભ્રમણ કક્ષાનો ચોક્કસ ભાગ ફાળવવામાં આવ્યો છે - ૧૦૨ પૂર્વ રેખાંશનો. આપણને સૌથી વધારે સગવડ ભર્યું નીવડે એવું આ અવકાશ સ્થળ છે. એવું ગણીને જ આપણને એ ફાળવવામાં આવ્યું છે.

એક વખત હાથમાંથી છટકી જવા તૈયાર થયેલા એપલને આ સ્થળ પર ગોઠવવામાં આપણા વિજ્ઞાનીઓએ કેવું જબરજસ્ત કૌશલ્ય દાખવ્યું તેની અને બીજી સૈદ્ધાન્તિક બાબતોની ચર્ચા હવે પછીના લેખમાં કરીશું. દરમિયાનમાં એટલું જણાવી દઉં કે મેદાનમાં ગાંડા થઈને દોડતા સાંઢની જેમ જરાક તક મળે તો અવકાશમાં ગમે ત્યાં ભાગી જવા તે તત્પર એવા જિયોસિન્ક્રોનસ સેટેલાઈટને નાથીને યોગ્ય ખીલે બાંધવાની કળા આજ સુધીમાં અમેરિકા, રશિયા, ફ્રાન્સ અને કેનેડાના વિજ્ઞાનીકોએ જ દાખવી છે જાપાને ૧૯૭૭માં જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ છોડેલો છે ખરો પણ એની બધી ગોઠવણી અમેરિકાએ કરી આપી હતી. સૌથી પહેલો, કામ આપે એવો જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ ટેલસ્ટાર-૧ અમેરિકાએ ૧૯૬૨ ની ૧૦ મી જુલાઈએ છોડ્યો હતો અને રશિયાએ એ પછી ૧૧ વર્ષે એવો સેટેલાઈટ છોડ્યો હતો.

સમાચારોમાં સૌથી પહેલો જિયોસિન્ક્રોનસ સેટેલાઈટ અમેરિકાનો સિન્કોમ - ૧ હતો એવું પ્રગટ થયું છે. પણ એ ખોટું છે. ૧૯૬૨ના ફેબ્રુઆરીની ૧૪ મીએ જિયોસિન્ક્રોનસ કક્ષામાં ગોઠવાયો હતો એ ખરું પણ એના પર કાંઈ ખોટકો થવાથી એણે કામ જ આપ્યું નહોતું - કોઈ પણ સિગ્નલ્સ એણે પરાવર્તિત કર્યાં નહોતાં.

આજ પૂરતું છેલ્લે એ જણાવી દઉં કે આ જિયોસિન્ક્રોનસ સેટેલાઈટની જ્યારે કોઈ વિજ્ઞાનીને કલ્પના નહોતી ત્યારે એની શક્યતાઓ વિષે વિવરણ કરનાર એક વિજ્ઞાન લેખક પત્રકાર શ્રી. આર્થર ક્લાર્ક હતા. જેમ ફ્રેન્ચ લેખક જુલે વર્ને, સબમરીનની જ્યારે કોઈને કલ્પના નહોતી ત્યારે દરિયાને તળિયે પ્રવાસ કરતી હોડીની કલ્પના કરી હતી તેવું જ આ શ્રી ક્લાર્કે કર્યું હતું. આ શ્રી ક્લાર્ક ઘણીવાર ભારત આવી ગયા છે. આપણે, સામાન્ય જનસમુદાયમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવવામાં અગત્યનો ફાળો આપનારને જે કલિંગ પારિતોષિક યુનેસ્કો દ્વારા આપીએ છીએ તે પારિતોષિક શ્રી ક્લાર્કને ૧૯૬૨માં મળ્યું હતું. થોડા મહિના પહેલાં જ તેઓ મુંબઈમાં હતા.

(ક્રમશ:)

નકામી ચિંતા છોડો

ઈતિહાસને યાદ કરો. કેટલાય માણસોએ કેવી કેવી વિપત્તિઓ સહન કરી અને કેટલાય લોકોએ કીર્તિની કમાણી કરી, પણ આજ એ બધા ક્યાં છે? એમની મોટાઈની અને વીરતાની વાતો પણ બહુ થોડા માણસોને યાદ છે અને એ લોકોય અમુક દિવસો પછી એ પણ ભૂલી જશે.

✠

નકામી ચિંતાઓ છોડો અને ભગવાનના સેવક બનો. વિનય, ન્યાય અને ભક્તિભર્યું જીવન વિતાવો. ગૌરવ એમાં જ છે. અહંકાર અને દંભ છોડો. મનમાં અહંકાર હોય અને બહારથી વિનય બતાવવામાં આવે એ ઘણું જ ખરાબ છે.

—માર્કસ ઓરેલિયસ

રશિયાના છૂપા લખપતિઓ

[] ક્રાન્તિ ભટ્ટ

મોસ્કોમાં નાના ગુનાના કેસ ચલાવતી કોર્ટને મ્યુનિસિપલ કોર્ટ કહે છે. આ કોર્ટમાં 'અન્ડર ગ્રાઉન્ડ બિઝનેસ' કરનારા એટલે કે ખાનગીમાં વેપાર - ધંધા કરનારા ઉપર કેસ ચાલે છે. આવા કેસ કેમ ઊભા થાય છે તે માટે આપણે એક દશ્ય જોઈએ:

મોસ્કોમાં ઈજનેરો, ડોકટરો અને કામદારો વગેરેને સાથે રહેવા માટે ૧૧ થી ૧૨ રૂમોનું એક એપાર્ટમેન્ટ અપાય છે. આમાં એક ફેકટરીમાં કામ કરનારા જુદા જુદા સ્તરના કારીગરો રહે છે. એક મોટું રસોડું સૌને માટે રાખ્યું હોય છે. માત્ર એક જ સ્નાનગૃહ હોય છે. આ રસોડામાં સાત ટેબલ રાખેલાં છે. તેના ઉપર બે ગેસના ચૂલા હોય છે. છ કુટુંબોને આ ૧૧ રૂમના એપાર્ટમેન્ટમાં રહેવાનું હોય છે. દરેક સ્ત્રી પોતાના વારા પ્રમાણે ગેસના ચૂલા ઉપર રસોઈ કરી આવે છે. અહીં કોણ શું રાંધે છે તે ખાનગી રહેતું નથી. કોણ કેવી વાનગી ખાય છે તે પણ સૌ જાણે છે પણ સાવ આવું હોતું નથી ...

એક ફોરમેન નાની હોઝિયરી મિલમાં કામ કરે છે અને તે આ ૧૧ રૂમના એપાર્ટમેન્ટમાં બીજા ૬ કુટુંબ સાથે રહે છે. હોઝિયરી મિલ તો સરકારી માલિકીની છે. રશિયામાં ખાનગી મિલકત હોતી જ નથી. આ ફોરમેનની પત્ની બટાટા, આટો, માંસ વગેરે સસ્તી જાતની સામગ્રીમાંથી રસોઈ કરે છે. છ કોપેકનું એક બટાટું મળે છે. બટાટા નંગ ઉપર મળે છે. ફોરમેનની પત્ની રસોઈ કરીને ઘરે લાવે છે અને રસોઈનું કામ બધા કરી લે પછી પાછી તે ગુપચુપ તેના ઘરના રૂમમાં ટેબલ નીચે સંતાડેલા ઈલેકટ્રિક ચૂલા ઉપર સારી સારી વાનગી બનાવે છે. ઊંચી જાતની માછલી અને દેશી જાતના આટામાંથી વાનગીઓ બનાવે છે. એ વાનગી જમવા કુટુંબ સહિત બધા બેસે અને કોઈ પાડોશી બારણું ખટખટાવે એટલે તુરત સારી સારી વાનગી સંતાડી દેવાય છે અને કોમ્યુનિટી કીચન અર્થાત્ સાર્વજનિક રસોડામાં વાનગી પકાવી હોય તે ટેબલ ઉપર પાથરી દેવાય છે. પાડોશી જાય એટલે બધા મોંઘી વાનગી જમવા બેસી જાય છે અને સસ્તી વાનગી ગટરમાં પધરાવી દેવાય છે. આ ફોરમેનને એક વખત રશિયાના સરકારી કારખનાના વિજિલન્સ બ્રાંચના ઈન્સ્પેકટરો પકડી ગયા. આ ફોરમેન જૂના કપડાં પહેરતો, ફાટેલા જોડા પહેરતો અને ગરીબ દેખાય તેમ રહેતો, પણ તે 'અન્ડર-ગ્રાઉન્ડ મિલિયોનેટ' અર્થાત્ ભૂગર્ભનો લખપતિ હતો. એ કઈ રીતે?

આપણે બધા જ જાણીએ છીએ કે રશિયામાં ઉત્પાદનના તમામ સાધનો એટલે કે કારખાનાંઓ વગેરેની માલિકી સરકારની છે. ખાનગી કારખાનું કે દુકાન માંડી શકાતાં નથી. આમ છતાં રશિયામાં ખાનગી રીતે ઘણું ઉત્પાદન થાય છે. આ ખાનગી 'કારખાનાઓ' કરોડો રૂપિયાનો માલ પેદા કરે છે. એક અંદાજ પ્રમાણે તો અબજો રૂપિયાનો માલ થાય છે. આમ તો યંત્રો કે મોટરકાર ખાનગીમાં તૈયાર થઈ શકે નહીં, પરંતુ કપડાં, જોડા, સ્વેટર વગેરે ઘણી ચીજો ખાનગીમાં થઈ શકે છે. એટલે કે તેનું નિર્માણ ખાનગી રાખી શકાય છે. આવી જ કોઈ ચીજ ખાનગીમાં બનાવતાં પકડાય તો તે માટે આકરી સજા છે અને ઘણી વખત તો દેહાંતદંડની સજા પણ છે. ખાનગી રીતે ઉત્પાદન કઈ રીતે થાય? સરકારી કારખાનામાં જ આ થતું હોય છે. સરકારની યોજના પ્રમાણે અમુક ચીજો તૈયાર થાય અને તે કારખાનાંના રજિસ્ટરમાં લખાઈ જાય, તે પછી સરકારી દુકાનોમાં તે વહેંચાઈ જાય, પરંતુ તેની સાથોસાથ એ ફેકટરીમાં બીજો માલ પણ તૈયાર થાય છે. તેને 'ડાબે હાથે પેદા કરેલો માલ' એવું નામ અપાય છે. આ માલ તૈયાર કરવા માટેની સામગ્રી કોઈ ગુપ્ત વ્યકિત પૂરી પાડે છે. સરકારી કામ પૂરું થાય એટલે સારી કવોલિટીનો ખાનગી માલ તૈયાર થવા માંડે છે. આવી હજારો ડાબા હાથના ઉત્પાદનવાળી ફેકટરીઓ રશિયામાં છે. તેમાં ગંજીફરાક, જોડા, ચશ્મા, રેકોર્ડ, ટેપકેસેટ, હેન્ડબેગ વગેરે બને છે. આ બધી ચીજો મોસ્કો, ઓડેસા, રીગા, ટીફલીસ વગેરે શહેરોના સરકારી કારખાનાંમાં બને છે. જે ખાનગી વ્યકિત માલ પેદા કરાવતો હોય છે તેને સરકારી દુકાનો સાથે પણ ગોઠવણ હોય છે.

એક અબ્રામ એઝનબર્ગ નામના ૭૦ વર્ષના ફોરમેને આ પ્રકારે ખાનગીમાં માલ તૈયાર કરાવીને ૧૧ વર્ષમાં ૩૦ લાખ રૂબલ એકઠા કર્યા હતા. (એક રૂબલના રૂ. ૧૩ થાય છે) એઝનબર્ગની ઉપર કોર્ટમાં કેસ ચાલ્યો હતો. તેના વકીલે તેને પૂછયું 'પંદર વર્ષ સુધી આ કરવાની શું જરૂર હતી. દસ વર્ષ પછી મિલકત એકઠી કરીને પછી માંડી વાળવું હતું. ખાનગીમાં ઉત્પાદન શું કામ શરૂ રાખ્યું. તું, જાણે છે તો ખરો કે તને મોતની સજા પણ થઈ શકે છે?" જવાબમાં એઝનબર્ગે કહ્યું, "અરે મારે ધંધો તો કરવો જ જોઈએ. તમે કેમ સમજતા નથી. હું શું પૈસા માટે કરતો હતો. મારે તો ધંધો કરવો એ મારું જીવન છે." આના શબ્દો બતાવી આપે છે કે કંઈક સાહસ કરવાની ટેવ પડી જાય છે, પછી પૈસો જ મુખ્ય આકર્ષણ રહેતું નથી. ખાનગીમાં પોતાની માલિકીનું કંઈક હોય તેમાં જ મઝા પડે છે.

રશિયામાં આર્થિક ગુના પકડવા માટે એક જુદું જ ખાતું રખાય છે. તેને 'ડિપાર્ટમેન્ટ ફોર કોમ્બેટિંગ મીસએપ્રોપ્રિયેશન ઓફ સોશિયાલિસ્ટ પ્રોપર્ટી' નામ અપાયું છે. તેની પાસે બાતમીદારો પણ હોય છે. ગ્લેઝનબર્ગ નામના બે ભાઈઓએ બીજા વિશ્વયુદ્ધ પછી લશ્કરમાંથી છૂટા થયા એટલે સરકારી કારખાનામાં કામ કરતાં કરતાં ખાનગી ધંધો શરૂ કર્યો. તેમને નિવૃત્ત લશ્કરી અમલદાર તરીકે દરેકને ૫૦૦૦ રૂબલ (રૂ. ૬૫૦૦૦) મળ્યા હતા. આ રકમ તેઓ બેંકમાં જમા કરાવી શકે છે. આ બન્ને ભાઈઓએ તેનાથી ખાનગી ધંધો શરૂ કર્યો. એક સરકારી ફેકટરીના પેટામાં વર્કશોપ શરૂ કરીને આર્ટિફિશિયલ લેધરની હેન્ડબેગ બનાવવા માંડી. એ પછી એમનો ધંધો ખૂબ વિકસ્યો. કારણ કે જે આર્થિક ગુનાને શોધતું ખાતું હતું અને તેના બાતમીદારો હતા તેને નિયમિત રીતે ગ્લેઝનબર્ગ-ભાઈઓ તરફથી હપ્તા મળી જતા. દરેક ઈન્સ્પેકટરને મહિને રૂ. ૬૦૦૦ થી ૧૦ લાખનો હપ્તો પહોંચી જતો. આ ઈન્સ્પેકટરો ઘણી વખત મુંબઈના પોલીસો ગેરકાયદે દારૂની ભઠ્ઠી ચલાવનારને ચેતવે છે તે રીતે ગ્લેઝનબર્ગ - ભાઈઓને ચેતવી દેતા. આ પ્રકારે બન્ને ભાઈઓનું ડાબા હાથનું કામ બહુ લાંબું ચાલ્યું. બન્ને લખપતિ થઈ ગયા, પણ એક વખત છેક ટોચના નેતા ઉપરથી તવાઈ આવી અને એક ભાઈને તો પકડી પાડવો જ જોઈએ તેવો હુકમ થયો. આર્થિક ગુના ડામનારાં ખાતાએ બન્ને ભાઈઓને ચેતવણી આપી કે તમારી ફાઈલો ગુમ કરી દો અને એક ભાઈ બહુ શોખથી અને ભપકાથી રહે છે તે ગરીબીની હાલતમાં રહેવાનું શરૂ કરે. તેની પાસે બે ડઝન સુટ છે અને પત્ની પાસે કપડાંનું આખું કબાટ ભર્યું છે તે ક્યાંક છુપાવી દે. એ પછી નાના ભાઈને પકડવામાં આવ્યો. એના ઉપર કેસ ચાલ્યો. તે દિવસે મોસ્કોની મ્યુનિસિપલ કોર્ટમાં સેંકડો લોકો આ છૂપા લખપતિને જોવા સરકારી ફેકટરીમાંથી

ખાસ રજા લઈને આવ્યા હતા. આર્થિક ગુનેગારને પણ અહીં હાથ-કડી પહેરાવવામાં આવે છે. તેને ૧૫ વર્ષની સખત મજૂરીની કેદની સજા થઈ. સાત વર્ષ પછી જેલમાં જ તે મરી ગયો. આવી સખત સજા બધા જાણે છે. છતાં ખાનગીમાં ધંધા તો ચાલે જ છે.

ઈશાક બાશ નામના બીજા એક માણસે ઝીપર અને સેફ્ટી પીનની ફેક્ટરીમાં પોતાનું ખાનગી વર્કશોપ શરૂ કર્યું હતું. તેણે ધીરે ધીરે એક ડઝન કારખાનામાં પોતાના ખાનગી વર્કશોપ શરૂ કરાવ્યા હતાં. રશિયાના લગભગ તમામ પ્રાંતમાં પછી તેના ખાનગી ધંધા શરૂ થયા. ૭૦ વર્ષની ઉંમર સુધી તેના ધંધા શરૂ રહ્યા અને જ્યારે તે પકડાયો ત્યારે તેની પાસે ૮૫૫ કરોડ રૂબલ ભેગા થયા હતા! તેને ૧૩ વર્ષની સજા થઈ હતી. યહૂદીઓ, જ્યોર્જિયાના વાસીઓ, આર્મેનિયન અને બીજા થોડા મૂળ રશિયનો આવા ખાનગી ધંધામાં જીવને જોખમે કામ કરે છે.

આ ખાનગી ધંધામાં મેનેજરો રખાય છે. કામદારો રખાય છે અને દુકાનદારોને પણ કમિશન અપાય છે. આ બધાને મહિને રૂા. ૧૪૦૦૦ થી રૂા. ૧૫૦૮૦નો પગાર અપાય છે પછી ખાનગીમાં કંપની રચાય છે અને તેના ડાયરેક્ટર પણ નીમાય છે. ડાયરેક્ટરને મહિને ૧૫૦૦ રૂબલનો પગાર અપાય છે. (રૂા. ૨૦,૦૦૦) આ પ્રકારે એક સરકારી કારખાનામાં ઉત્તમ કામ કરનારા કામદારને 'હિરો ઓફ સોવિયેત યુનિયન' નો સરકારી ખિતાબ મળેલો તે હિરો ડાયરેક્ટર બન્યો હતો. તે પકડાઈ ગયો ત્યારે આર્થિક ગુના પકડનારા ખાતાએ તેને ઓફર કરેલી કે તેની જાણ નીચેના તમામ ખાનગી વર્કશોપ બતાવે તો તેને છોડી મુકાશે. એ પછી ઘણાં ખાનગી કારખાનાઓ બતાવ્યાં હતાં. આ બધાં કારખાનામાં બધા જ મજૂરોને ભૂગર્ભના લખપતિ તરફથી વધારાના પગાર મળતા હતા! રશિયન કારખાનામાં પેદા થતા માલ ઉપર કરવેરા પણ લાગે છે. મજૂરો ખાનગીમાં વધુ માલ પેદા કરે તે માટે વધારાની મજૂરી મળે અને તે ઉપરાંત પેદા કરેલો વધારાનો માલ પણ સસ્તામાં મળે. ઘણી વખત સરકારી કાચા માલની ચોરી થાય તેમાંથી કે વધેલી સામગ્રીમાંથી આ ખાનગી ઉત્પાદન પણ થાય છે.

ગ્લેઝનબર્ગ - ભાઈઓ તો છેક પ્રયોગશાળા સુધી લાગવગ ધરાવતા હતા. પ્રયોગશાળામાં કોઈ નવી ચીજ તૈયાર કરવા માટેના અખતરા થતા હોય ત્યારે જ ગ્લેઝનબર્ગ જાણી લેતા કે કઈ ચીજમાં કેટલો અને કેવો કોચો માલ જોઈશે. પછી કારખાનાનાં ઉત્પાદન-મેનેજરને ફોડીને તેની ટૂંકા વધુ પડતા કાચા માલની વરદી અપાતી હતી. ઘણી વખત તો ટેકનિશિયનો અને લેબોરેટરીના અધિપતિઓ જ અમુક ચીજ બનાવવામાં કેટલું વેસ્ટેજ જશે તે વેસ્ટેજનું પ્રમાણ જાણી જોઈને વધુ દેખાડતા હતા કારણ કે તેમને ગ્લેઝનબર્ગ તરફથી લાંચ મળી જતી. ઘણી વખત તૈયાર કપડાં બનાવવાનાં હોય તેમાં જરૂર કરતાં ઓછું જ કાપડ વાપરવામાં આવતું.

બોરીસ રોઈફમેન નામના બીજા એક ભૂગર્ભના લખપતિએ ૧૦ વર્ષમાં ૨૦ કરોડ રૂબલની મિલકત એકઠી કરી હતી. કે.જી.બી. ના એક એજન્ટે બોરીસ રોઈફમેનને પકડ્યા પછી પૂછ્યું "તારે ૨૦ કરોડ જેવી જંગી રકમને શું કરવી હતી?" જવાબમાં તેણે કહ્યું, "મારે તો ૨૨ કરોડ ભેગા કરવા હતા. દરેક રશિયન દીઠ એક રૂબલ વહે ચાય તે માટે!" પણ આટલી રકમ ભેગી કરીને ખરેખર વાપરવાની તક કેટલી? બહુ બહુ તો ચાર રૂમવાળું સહકારી એપાર્ટમેન્ટ તે ૧૫૦૦૦ રૂબલમાં ખરીદી શકે, ૧૦,૦૦૦ રૂબલની વોલ્ગા કાર ખરીદી શકે, ઘરમાં સારું ફર્નિચર વસાવી શકે, પણ બધું મળીને તે ૧૫ લાખથી વધુ રૂબલનું કાંઈ જ ખરીદીને ગુપ્ત રાખી ન શકે. પણ આ બધું ખરીદે તેના ઉપર પણ આર્થિક ગુના વિરોધી ખાતાની નજર તો હોય જ. તેની પત્ની માટે રુવાંટીવાળો કોટ ખરીદે તો પણ ખબર પડી જાય એટલે આ ગુપ્ત લખપતિઓ પૈસા વાપરતા નથી, પણ છુપાવ્યા જ કરે છે. મોસ્કો જેવા શહેરમાં તે સારી રીતે ખાઈ પી ને રહી શકે છે. બીજે પ્રગટ થઈ જાય છે. મોસ્કોમાં એલીઝાબેથ મર્કીન નામની બાઈએ તો તેનો પતિ આર્થિક ગુનો કરવા બદલ જેલમાં ગયો ત્યારે ઘરમાં એક મનોરંજન કેન્દ્ર ખોલ્યું હતું અને ત્યાં ડાબે હાથે કમાયેલા નાણાંનો જુગાર રમવા લખપતિઓ આવતા હતા. અમુક મોટી રકમ બેંકમાં પણ ન રાખી શકાય. બેંકમાં માત્ર ૨ થી ૩ ટકા વ્યાજ મળે અને ડિપોઝિટ બહુ મોટી થાય તો બેંકવાળા આર્થિક ગુના વિરોધી ખાતાને ખબર કરી દે છે. ઘણા લોકો રૂબલને ઓછા ભાવે વેચી અમેરિકન ડોલર લે છે. અગર ઘરેણાં લે છે. કાળા બજારમાં ઝારના સોનાના સિક્કા બહુ વેચાય છે. હીરાના હારની પણ સારી એવી માંગ રહે છે. એક લખપતિ પાસેથી ૧૪૬ કેરેટના હીરા મળ્યા હતા.

કારખાનાનાં ડાબા હાથના ધંધાનો ચેપ સરકારી ખેતીવાડીમાં પણ લાગ્યો છે. સરકારી ખેતરમાં ઘણા ખાનગી રીતે પોતાના પાક અને શાકભાજી ઉગાડે છે. એ પ્રકારે ઘણા ડોક્ટરો સરકારી કામ સાથે ખાનગીમાં પ્રેક્ટિસ કરે છે. ખાણમાં કામ કરનારા હીરાઓ ચોરીને કાળા બજારમાં વેચી દે છે. આમ સામ્યવાદી રશિયામાં પણ એક સમાંતર કાળું અર્થતંત્ર ઊભું થયું છે. મુંબઈમાં અમુક લત્તામાં પોલીસ ઈન્સ્પેક્ટરની જગ્યા માટે પ્રીમિયમ બોલાય છે, તેવું રશિયન કારખાનામાં પણ ઈન્સ્પેક્ટરો માટે છે. એક એક જગ્યા માટે રૂા. ૧ લાખની રકમ અપાય છે.

('ફોરચ્યુન' ના એક લેખના આધારે)

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બુધવાર, તા. ૨૬મી ઓગસ્ટથી ગુરુવાર તા. ૩જી સપ્ટેમ્બર સુધી બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી) ખાતે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે

શ્રી મોરારજીભાઈ દેસાઈ
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ,
ડૉ. રમણલાલ ચી. શાહ
શ્રી મોરારીબાપુ
શ્રી પુરુષોત્તમ માવલંકર
શ્રી હરીન્દ્ર દવે
ડૉ. સાગરમલ જૈન
ડૉ. નરેન્દ્ર ભાનાવત
શ્રી શશિકાન્ત મહેતા
શ્રી જયેન્દ્ર ત્રિવેદી
ડૉ. કુમારપાળ દેસાઈ
ડૉ. ગુણવંત શાહ
મુનિ વાત્સલ્યદીપ
શ્રી કિરણભાઈ
પ્રો. અશ્વિનભાઈ કાપડિયા
શ્રી બિન્દુબહેન મહેતા
ડૉ. હીરાબહેન બોરડિયા

વગેરે પધારશે.

વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ આવતા અંકમાં આપવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ,
શ્રી જૈન યુવક સંઘ

卐 'કેન્દ્ર અને પરિધ' 卐

□ જયા મહેતા

'કેન્દ્ર અને પરિધ' શ્રી યશવંત શુકલનો નિબંધસંગ્રહ છે. છેલ્લાં ચાળીસ વર્ષોમાં લખાયેલા ને વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા નિબંધોમાંથી પસંદગી કરીને શ્રી રઘુવીર ચૌધરીએ તેનું સંપાદન કર્યું છે ને નાનકડું પુરોવચન પણ લખ્યું છે.

જે કોઈને ગુજરાતી ભાષા અને સાહિત્યની કેળવણી સાથે સંબંધ છે એમને માટે યશવંત શુકલનું નામ અજાણ્યું નથી. જે કોઈને 'સંસ્કૃતિ', 'બુદ્ધિપ્રકાશ' કે 'નિરીક્ષક' સાથે આછોપાતળો પણ સંબંધ હોય એમને માટે પણ આ નામ અજાણ્યું નથી.

સામાન્ય રીતે આપણા ગુજરાતી પ્રાધ્યાપકોનો વિકાસ એકાંગી રહ્યો છે. રોટલો રળવા ખાતર સાહિત્ય સાથે સંબંધ બાંધ્યા પછી પણ, સાહિત્યમાંયે ઊંડા ઊતરવાની નેમ નથી હોતી, એટલે એક બાજુ એકાંગી વિકાસ છે ને બીજી બાજુ એ અપૂર્ણ વિકાસ છે. આમાં કોઈક અપવાદો હશે. એ અપવાદોમાં યશવંત શુકલનું નામ આગળ રહે. પ્રસ્તુત સંગ્રહના નિબંધોનાં શીર્ષકો પર નજર નાખવાથીયે એનો ખ્યાલ આવશે. તેમણે ધર્મ, સમાજ, કલા અને સાહિત્ય, ઈતિહાસ, રાજકારણ, લોકશાહી, સામ્યવાદ, ક્રાન્તિ, પત્રકારત્વ વગેરે નિરનિરાળા વિષયો પર, પોતાની સૂઝ-સમજ, અભ્યાસ ને મનન-પરિશીલનથી અધિકારપૂર્વક લખ્યું છે. આ નિબંધો વાંચતાં પ્રતીતિ થાય છે કે યશવંત શુકલ એટલે એક તટસ્થ વિચારક ને ચિંતકનું સભર સભર વ્યક્તિત્વ. એમનો કોઈ પણ લેખ વાંચો તો ખાતરી થશે કે વિચાર એ એમના ગદ્યની કરોડરજ્જુ છે. દા.ત. 'લોકશાહી અને ધર્મસહિષ્ણુતા'માં એ લખે છે: "વિચાર એ પથ્થર નથી કે કોઈને વાગે. વિચારનું બળ ઘણું મોટું છે, પણ એ માનવ-ચેતનામાં સરે છે અને ચેતનાનો અંશ બને છે. ચેતનાનો પ્રવાહ બદલવાનું સામર્થ્ય પણ તેજસ્વી અને સાચા વિચારોમાં રહેલું હોય છે. મનુષ્યસમાજો અગતિક અને સ્થાવર ન બને, આચારો જડ ન બને અને સમયે સમયે સંસ્થાઓ અને મૂલ્યો યુગપરિવર્તનની જરૂરિયાતોને અનુકૂળ થતાં આવે તે માટે વિચારો તો પ્રગટ થતા રહેવા જ જોઈએ; પણ અનેક હેતુઓ, રુચિઓ, સ્વાર્થો અને સંસ્કારો ધરાવતા માણસોના પ્રતિભાવો એકસરખા તો હોઈ જ ન શકે, એટલે સમજાવવાની પ્રક્રિયાનો આશ્રય લેવો જ પડે. આમ, લોકશાહી એ ધીરજપૂર્વક વિચારને સમજાવીને તેને પ્રસ્થાપિત કરવાની વ્યવસ્થા છે. જો વિચારને જ અભયદાન ન હોય તો વિચાર પ્રગટ કરી શકાય નહીં." (પૃ. ૯૦)

બીજું ઉદાહરણ 'લોકધર્મી પત્રકારત્વ'માંથી જોઈએ: "આજે ધંધો ધર્મને ભરખી ગયો છે. આર્થિક વર્ગો અને રાજકીય પક્ષોનું જે જે પ્રકારનું સહિયારું રચાય તે તે પ્રકારનાં પત્રો નીકળ્યે જાય છે. શિક્ષણના ફેલાવાથી પત્રોનો ફેલાવો વધ્યો છે. ઉદ્યોગોના વિકાસથી જાહેરાતો આપનારા આશ્રયદાતા વધ્યા છે. મોટી સંખ્યાને પહોંચી વળવા માટેનાં યાંત્રિક સાધનો મોટું મૂડીરોકાણ માગે છે. એટલે પત્રકારત્વ ધનકુબેરોના હાથમાં જઈ પડ્યું છે. સરકાર પણ જાહેરાતો આપનારી મોટી એજન્સી છે. એ બંનેની કૃપાદૃષ્ટિ મેળવનાર પત્રકારત્વ વર્તમાનપત્રોની હારમાળા ઊભી કરે છે; જે નાનાં નાનાં વિચારપત્રોને ગળી જાય છે. આ પરિસ્થિતિમાં પત્રકારત્વ સત્યધર્મી કે લોકધર્મી હોવાનો ડોળ ઘાલવાનું જંતું કર્યા વિના અમુક કે તમુક આર્થિક વર્ગોનું કે અમુક કે તમુક સત્તાપક્ષનું દાસીકૃત્ય કરતું જ રહે છે..." (પૃ. ૨૫૫).

યશવંત શુકલ શૈલી ખાતર શૈલીના ચાહક નથી, છતાં યે એમના ગદ્યનું એક નૈસર્ગિક લાવણ્ય છે:

"આખી ચેતનસૃષ્ટિમાં મનુષ્ય વિશિષ્ટ હોવા છતાં એને પણ ઈન્દ્રિયો, બુદ્ધિ અને કલ્પના એ જ જગતનો તાગ લેવા માટેનાં સાધનો છે. પણ આ સાધનો મર્યાદિત શક્તિ ધરાવે છે. જે અમર્યાદ છે તે મર્યાદિતની પકડમાં કેવી રીતે આવી શકે? જે સીમિત છે તે અસીમનો તાગ કેવી રીતે લઈ શકે? તેમ છતાં કોઈ ધન્ય પળે કોઈ ભાગ્યશાળીના ચિત્તમાં સહસા અનુભવની પાર રહેલું અગોચર તત્ત્વ ગોચર બને છે. ચિત્તમાં એનો પ્રકાશ ઝબકે છે અને મનુષ્યને આત્મા અને પરમાત્માની એકરૂપતાનો અનુભવ થાય છે. તેનો આનંદ એના ચૈતન્યમાં વ્યાપી જાય છે ત્યારે પણ અનુભવને શબ્દબદ્ધ કરી શકાતો નથી..." (પૃ. ૪૭)

બીજું એક ઉદાહરણ જોઈએ. 'ચીનથી પત્રો'માં તે લખે છે:

"બેંકોક પહોંચતાં પહેલાં ઊઘડતા પ્રભાતની રંગછાલકોથી આખું આકાશ ઝગી ઊઠ્યું હતું એનું દર્શન કર્યું. એ અનુભવ અપૂર્વ હતો. બ્રહ્મદેશની ભૂમિ નીચે સ્પષ્ટ દેખાતી હતી. જો કે, રંગૂન ઝોકામાં કે અંધારામાં કે વાદળામાં ગયું તેની ખાતરી નથી. ઈરાવદી નદી અને એની શાખાઓ પણ નિહાળી. અને નદીનું સાગરમિલન તથા વંકવોળામણો ભૂમિકાંઠો પણ જોયો. બેંકોકનાં ભાતનાં ખેતરો, મનોહર પર્વતી ઢોળાવો અને નદીનાં તેમ જ નગરનાં દર્શન કર્યાં... પછી તો અમે સમુદ્ર પર રહીને ઊડ્યા અને રૂના ઢગલે-ઢગલા જેવાં વાદળો ખૂંદતું અમારું વિમાન આગળ વધતું રહ્યું. ક્વચિત્ વાદળાં ખસી જતાં અને ક્વચિત્ નીચેનાં ભૂરા પ્રશાન્ત લહરહીન પાણી દેખાતાં, ક્વચિત્ વાદળાંની ટોચે સૂર્યની રંગલીલા પથરાતી જોવા મળતી..." (પૃ. ૧૩૬-૩૭)

યશવંતભાઈ શિક્ષક છે. એ કોઈ પણ વાતને આડેધડ રજૂ નહીં કરે. એની પ્રાથમિક ભૂમિકા બાંધીને જરૂર હોય ત્યાં ઉદાહરણો આપીને એ વાતને વિકસાવશે, પણ ફુલાવશે નહીં. દા.ત. 'કવિતાનો સમાજ-સંદર્ભ' એ વિષયની ભૂમિકા એમણે ઉદાહરણથી બાંધી છે:

"પેકિંગ મ્યુઝિયમમાં નવમા સૈકાની એક હાથીદાંતની સાદડી જોઈ. એ હાથીદાંતની છે એમ કોઈ કહે નહીં તો પહેલી નજરે એ આબાદ ઘાસની સાદડી લાગે. એની ઝીણી નકશી, એનો ગૂંથણીદાર વીંટો, એનો પીળચટો રંગ ... હાથીદાંત જેવો પ્રમાણમાં ઠીક મોંઘો અને ઘણો જ કઠણ પદાર્થ, પ્રમાણમાં ઘણા સસ્તા અને ઘણા પોચા ઘાસરૂપે પ્રતીત થાય એવી કરામત પ્રયોજવાથી કલાકારે શું સિદ્ધ કર્યું એવો પ્રશ્ન વ્યવહારની ભૂમિકાએથી આ સાદડીને અનુલક્ષીને કોઈ પ્રાજ્ઞ પુરુષ પૂછે તો એના સામું જોઈ રહેવું પડે, પણ કલાની ભૂમિકાએ તો પ્રશ્નમાં જ જવાબ સમાઈ જાય છે.

કલાકારે પોતાની કલા માટે ઉપાદાન બદલાવી લીધું અને આપત્તિ વહોરી લીધી એ જ એનું સામર્થ્ય. હાથીદાંતની બધી અવળાઈઓને જેર કરીને સાદડીના નિર્માણમાં અનુકૂળ થવા એને ફરજ પાડી, હાથીદાંત જેવો કઠણ પદાર્થ કલાકારનાં આંગળાં અને આંખને વશ વર્તીને પોચા ઘાસનો અણસારો આપી શકે એવો કલ્યાગરો બની ગયો એ જ એની સિદ્ધિ." (પૃ. ૨૦૭-૯)

આ લેખક એક પછી એક મુદ્દા અત્યંત વ્યવસ્થિત રીતે આપે છે.

કોઈ પણ પ્રશ્ન પરત્વે યશવંત શુકલનો અભિગમ આવેશરહિત અને તર્કપુરઃસરનો રહ્યો છે. એમને જે કહેવાનું હોય છે એમાં ક્યાંયે ગોળગોળવેડા નથી, કારણ કે એમની વૈચારિક ભૂમિકા એટલી સ્પષ્ટ છે કે એમને આભિવ્યક્તિમાં કશી તકલીફ પડતી નથી. પોતે જે માને છે તેને વ્યવસ્થિત રીતે સામા માણસને પહોંચાડી શકે છે.

બહુ મોડે મોડે પણ એમનો આ સંગ્રહ મળ્યો ખરો એનો આનંદ છે. અને હજી તો અનેક સંગ્રહો થઈ શકે એટલું એમનું લખાણ સામયિકોમાં વેરવિખેર પડ્યું છે તે ગ્રંથસ્થ થાય એવી અપેક્ષા છે.

શ્રધ્ધા કેરો દીવો મારો ના કદીયે ઓલવાજો

□ અજિત પોપટ

બિલખાવાળા નથુરામ શર્માજી કહેતા: 'ભગવાનનો સાક્ષાત્કાર કરવો છે? તો બાળકની શ્રદ્ધા કેળવો. બગીચામાં દોડતા બાળકને જોજો. ડગુમગુ ડગુમગુ પડતું આખડતું દોડયા કરતું હોય. પણ પાંચ–દસ ડગલાં દોડીને લગરિક થોભે. પાછું વાળીને જુએ: મારી મા આવે છે ના? મા આડ પછવાડે સંતાઈ ગઈ હોય તો બાળક આખો બગીચો ગાજે એવા સપ્તસુરે રૂદનરાગ છેડે. મા જેવી હોય તેવી પણ બાળકને તો એ દુનિયાની સૌથી શક્તિશાળી, સૌથી સમર્થ! એ શ્રદ્ધા જિજ્ઞાસુમાં પ્રગટે તો તરી જાય.'

કવિ કરસનદાસ માણેકને મોઢે મેં નથુરામજી અને એમની ઘણી વાર્તાઓ દૃષ્ટાંતકથા સાંભળ્યાં હતાં. વાત વાંચવી કે સાંભળવી જેટલી સહેલી છે એટલી આચારમાં મૂકવી સહેલ નથી. શ્રદ્ધા શબ્દ ટચૂકડો છે; એની શક્તિ અનંત છે, વિરાટ છે. એક કવિએ લખેલું: 'અંધ-શ્રદ્ધાનો એને દોષ ન દે, અંધને શ્રદ્ધા નહીં તો હોય શું? સુરદાસને દોરી જનારો લઈ જાય ત્યાં જ જવું રહ્યું ને? દોરી જનારા પર શ્રદ્ધા રાખ્યા વિના છૂટકો ક્યાં છે?

શ્રદ્ધા ક્યારેક જન્મજાત હોય છે, ક્યારેક બંધાવાતી હોય છે. જન્મજાત શ્રદ્ધા મેળવનારા વીરલા બહુ ઓછા હોય છે. ગાંધીજીને શ્રદ્ધા વારસામાં મળેલી એ સાચું પણ એને જાગૃત કરી એક કામવાળી બાઈ-રંભાએ. આજની ભાષામાં એને આયા કહીએ. કહ્યું'તું: 'મોના, બીક લાગે ત્યારે રામનું નામ લેવું.' અરે ભાઈ, બધાંને ખબર છે કે બીક લાગે ત્યારે રામનું નામ લેવું, પણ ખરેખર બીક લાગે ત્યારે રામ સિવાય-બીજું બધું યાદ આવે છે તેનું શું!

ઘણી આયા-દાસીઓ સદ્‌ભાગી હોય છે. એક દાસી મહાભારતમાં છે જેને ભગવાન વ્યાસનો નિયોગ સાંપડયો અને એની કૂખે વિદૂર જન્મ્યા. એક દાસી-સેવિકા રામાયણમાં છે જેનો પ્રેમ પારખીને રામચંદ્રજીએ એનાં ચાખેલાં બોર આરોગ્યાં. એક દાસી ભાગવતમાં છે: ત્રિવક્રા. ત્રિભુવન મોહન કૃષ્ણે ત્રિવક્રાને તરુણી બનાવી.

આપણે શ્રદ્ધાની વાત કરતા હતા. મીરાંના તંબુરમાંથી, નરસિંહની કરતાલમાંથી, નારદની વીણામાંથી, અર્જુનના ગાંડીવમાંથી, તુકાના અભંગોમાંથી–શ્રદ્ધા ક્યાં ક્યાંથી ટપકી નથી? એ શ્રદ્ધાના બળે રામના નામે પથ્થરો તર્યા.

ઘણાને શ્રદ્ધા તો જન્મે છે પણ સંકટ આવતાં શ્રદ્ધાનું બાષ્પીભવન થઈ જાય છે. દરેક ધર્મગ્રંથમાં શ્રદ્ધા પ્રગટાવવા અને સુદૃઢ કરવા શ્રદ્ધાકથાઓ વર્ણવાઈ છે. બાઈબલની એક કથા મને બહુ ગમે છે. એનો સાર કંઈક આવો છે:

એક ગામમાં લાગલગાટ ત્રણ વરસ વરસાદ ન પડયો. લોકો ત્રાસી ગયા. ધર્મગુરુની સલાહ લીધી: શું કરીએ તો વરસાદ આવે? પોથીમાંનાં રીંગણાં માંહ્યલા મારાજે કહ્યું: પ્રાર્થના કરો. આખું ગામ પ્રાર્થના કરવા એક ચોગાનમાં એકઠું થયું. નાના-મોટા, સ્ત્રી-પુરુષ બધાં આવ્યાં હતાં.

એક નાનકડી બાલિકા છત્રી લઈને આવી હતી. કોઈએ એની ઠેકડી ઉડાવી, કોઈએ એની સામે તુચ્છકારથી જોયું, કોઈએ અભિનયથી છણકો કર્યો. પેલા ધર્મગુરુએ કહ્યું, 'બેટા છત્રી કેમ લાવી છે.

સાવ સરળતાથી એણે કહ્યું: 'તમે જ તો શીખવો છો: આસ્ક એન્ડ ધાય શેલ ગેટ ઈટ. નૉક એન્ડ ડોર શેલ ઓપન ટુ યુ. તમે બધાં પ્રાર્થના કરશો એટલે વરસાદ તો આવશે ને? ભીંજાઈ જવાના ડરે હું છત્રી લાવી છું.'

એના આ શબ્દો પૂરા થયા ન થયા ત્યાં ઘોધમાર વરસાદ તૂટી પડયો. પ્રાર્થના કરવા તો સૌ કોઈ આવે છે પણ શ્રદ્ધારૂપી છત્રી લઈને કેટલા જણા આવે છે? શ્રદ્ધાને માપી શકાતી હોત તો?

આજે અનેક યંત્રોથી, યંત્રમાનવોથી, ભલભલાને આંજી દે એવી અનેરી શોધખોળોથી વિજ્ઞાન પરમ તત્ત્વ પ્રત્યેની રહી સહી શ્રદ્ધાનો ય છેદ ઉડાડી રહ્યું છે. રેઢિયાળ ફિલ્મસ્ટારોને સંસ્કૃતિના પ્રતીક અને આરાધ્ય દેવ માનવામાં આવી રહ્યા છે ત્યારે શ્રદ્ધાનો દીવો પ્રગટાવી શકે એવા સુકાનીઓની તાતી જરૂર છે. અમારી-આપણી યુવાનપેઢીમાં સાચી શ્રદ્ધા જગાડી શકે એવા રાહબર ક્યાં છે?

સાસુમાની ઝાલરી: એક નવોન્મેષ

□ પ્રો. નલિન દેસાઇ 'સ્નેહાંકુર'

ગુજરાતી કાવ્ય-જગતમાં શ્રી રતુભાઈ દેસાઈનો 'સાસુમાની ઝાલરી' નામનો કાવ્યસંગ્રહ વિષયની દૃષ્ટિએ એક નવો જ ઉન્મેષ છે એમ અતિશયોક્તિ વિના કહી શકાય. અંગ્રેજી કાવ્ય સાહિત્યના પરિશીલન પછી, ગુજરાતીમાં કવિ દલપતરામ, નરસિંહરાવ, ઉમાશંકર, સુંદરજી બેટાઈ જેવા ધુરંધર સર્જકોએ Elegy નામનો કાવ્યપ્રકાર પ્રશસ્ય રીતે ખેડેલો છે, તેમાં પ્રસ્તુત સંગ્રહ કિંમતી અને પ્રાણવાન ઉમેરો બને છે. ગુજરાતીમાં, સાસુને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ કરુણપ્રશસ્તિ સૌ પ્રથમ જ રચાઈ છે, તે પૂર્વે કોઈ રચાયાનું જાણ્યામાં નથી.

'સાસુમાની ઝાલરી'માં ઊડીને આંખે વળગે તેવું એક તત્ત્વ છે, અનુભૂતિનો સાચુકલો રણકાર. આ કાવ્યકૃતિ નિતાંત આત્મલક્ષી Subjective બની ગઈ છે, રોવો કોઈને દોષ દેખાય, પણ હકીકતમાં Elegy પ્રકારનાં કાવ્યોમાં આત્મલક્ષિતા એ દોષ નથી, એ તો મૂળભૂત અને અવિનાભાવી એવો લઘુતમ સાધારણ અવયવ છે. કાવ્યની પ્રારંભની પંક્તિઓમાં કવિનાં સાસુમાની મૃત્યુતિથિ ૧૫-૧૦-૧૯૮૦નો નિર્દેશ થાય છે, એ સાલવારી કવિને મન વિશેષ મહત્ત્વની છે. જો એમ ન હોત તો એક જ રાતના, થોડાક કલાકોમાં સંગ્રહની ૮૦ ટકા જેટલી પંક્તિઓ ઊતરે કેવી રીતે! કવિતામાં સ્વાભાવિક રીતે ગોઠવાતા જતો પ્રાસ એનું બીજું જમા પાસું ગણાય. "ઓ રે!" "અરે મા!" જેવા ઉદ્‌ગારસૂચક શબ્દો કવિએ અનુભવેલો કરુણભાવ શબ્દસ્થ કરે છે. મૃત્યુજન્ય ચિંતન પણ આ સંગ્રહમાં સુપેરે અભિવ્યક્ત થયેલું છે. પ્રાસતત્ત્વ ક્યારેક કવિતાને હાનિકારક પણ બન્યું છે: જેમ કે પૃ. ૨૪ પર, અંતિમ પંક્તિમાં 'બા' શબ્દ સાથે પ્રાસ મેળવવા માટે "ખંડુભાઈ"ને બદલે "ખંડોબા" કરવાની કોઈ અનિવાર્યતા દેખાતી નથી. કવિતામાં કવિએ નિર્દેશેલાં કેટલાંક વિશેષનામો, જેમને પરિચય નથી તેવા ભાવકોના આસ્વાદનમાં બાધારૂપ બનશે, પણ તે કવિની વૈયક્તિક મર્યાદા બનતી નથી. માતા અને સાસુમા પાસેથી કવિએ, માતૃપ્રેમની ઉપલબ્ધિ કરી, એ જ એક મોટો અકસ્માત છે. ['જનની'થી શરૂ થયેલી અને 'સાસુમાની ઝાલરી' સુધી આવી પહોંચેલી શ્રી રતુભાઈની કાવ્યાત્રા એક સંવેદનશીલ અને વાસ્તવવાદી કવિનો વિકાસ સૂચવી જાય છે.]

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ સપ્ટેમ્બર ૧૯૮૧ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

ધાર્મિક જીવન અને નૈતિક જીવન

☐ ચીમનલાલ ચકુભાઈ શાહ

સામાન્યપણે, આપણે ધાર્મિક જીવન અને નૈતિક જીવનને એક જ માનીએ છીએ. ધર્મ અને નીતિ પર્યાયવાચી શબ્દો ગણીએ છીએ. એક રીતે આ સાચું છે. નીતિમય જીવન વિના ધાર્મિક જીવન શક્ય નથી. અનીતિમય અથવા દુરાચારી જીવન, કોઈ કાળે ધાર્મિક હોઈ ન શકે. પણ ધાર્મિક જીવન એટલે માત્ર નીતિમય જીવન એમ નથી. ધાર્મિક જીવનમાં નીતિમય જીવન કરતાં કોઈક વિશેષતા છે. Spiritual or religious life is not merely moral life. It must be moral but it is something more.

તો, ધર્મ અથવા ધાર્મિક જીવન એટલે શું તે પહેલાં વિચારીએ. ધર્મના ઘણાં અર્થ થાય છે. ધર્મની વ્યાખ્યા કરવાનું સહેલું નથી.

આપણે ધર્મ શબ્દ વાપરીએ ત્યારે સામાન્યપણે સ્થાપિત ધર્મના અર્થમાં વાપરીએ છીએ. Institutional Religion or Established Church. જૈન ધર્મ, હિન્દુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ, વગેરે. સ્થાપિત ધર્મને પોતાના દેવ હોય છે. પોતાના ગુરુ હોય છે, પોતાનાં શાસ્ત્રો હોય છે, પોતાનાં ક્રિયાકાંડો હોય છે. ખ્રિસ્તી ધર્મને ક્રાઈસ્ટ તેના દેવ છે, પોપ અથવા બીજા ધર્મગુરુ છે, બાઈબલ તેનું શાસ્ત્ર છે. દેવળ અને તેના ક્રિયાકાંડો છે. તેવું જ બધા ધર્મોનું. પોતાના દેવ, ગુરુ, ધર્મ, શાસ્ત્ર, એ જ સાચા, બીજા મિથ્યા એમ માને છે.

તે સાથે, આ દરેક ધર્મને, અંતિમ તત્ત્વો વિષે પોતાની માન્યતાઓ હોય છે. Theology – દર્શન-તત્ત્વજ્ઞાન, ઈશ્વર, આત્મા, તેની અંતિમ ગતિ, હિન્દુ ધર્મમાં અદ્વૈત, દ્વૈત વિગેરે, પુનર્જન્મ, કર્મ, મોક્ષ વગેરે.

માણસ માટે પાયાનો પ્રશ્ન એ છે કે આ વિશ્વ સાથે તેનો સંબંધ શું છે, તેમાં તેનું સ્થાન શું છે, તેની અંતિમ ગતિ શું છે.

મોટા ભાગના માણસો આ બાબતોમાં પોતાના ધર્મે આપેલી માન્યતાઓ સ્વીકારી લે છે. આ માન્યતાઓ, અસ્પષ્ટપણે તેના અંતરમનમાં પડી હોય છે. તેનાથી તેનું વર્તન ઘડાય છે.

આ માન્યતાઓ એક અદશ્ય જગત વિશે છે. ઈશ્વર, આત્મા, કર્મ, મોક્ષ, શબ્દો છે. એ ઉચ્ચારતા આપણા મનમાં શું ભાવ જાગે છે? કોઈ મૂર્તસ્વરૂપ ખડું થાય છે કે માત્ર અમૂર્ત શબ્દો જ છે, માત્ર વિચારો જ છે?

આ દશ્ય જગતની પાછળ એક અદશ્ય જગત છે તે આપણે માનવું જ પડે છે. એ અમૂર્ત છે, અરૂપી છે, પણ છે, તેનો ઈન્કાર થાય એમ નથી. એટલું જ નહિ, પણ તે જ સત્ય છે એમ માનીએ છીએ. આત્મતત્ત્વ કે બ્રહ્મ ગમે તે શબ્દ વાપરીએ.

આ માન્યતાઓની આપણાં જીવન ઉપર પ્રબળ અસર છે, તેનાથી આપણું જીવન ઘડાય છે. ઈશ્વર નથી, આત્મા નથી, પુનર્જન્મ નથી, મોક્ષ નથી એવી માન્યતાઓ હોય તો આપણું વર્તન એક પ્રકારનું હોય. આત્મા છે, કર્મ છે, પુનર્જન્મ છે, આત્મા અમર છે, મોક્ષ છે, એ બધું માનતા હોઈએ તો આપણું વર્તન જુદા જ પ્રકારનું હોય.

બહુ જ ટૂંકામાં કહેવું હોય તો એમ કહેવાય કે આ જીવન અને વિશ્વ પ્રત્યેનો આપણો સ્થાયી સમગ્ર અભિગમ શું છે, એનું નામ ધર્મ અથવા ધાર્મિક જીવનનો પાયો. કોઈ વ્યકિત એવી હોય કે એમ માને કે આ વિશ્વ મિથ્યા છે, સ્વપ્ન છે, એક મહાન પ્રહસન છે, This world is an idle dream, an empty show, a farce, everything ends with death. અનાત્મવાદી હોય, નિરિશ્વરવાદી હોય, જીવનને એક પરપોટો માને. આવા અભિગમને આપણે ધર્મ નથી કહેતા કારણ કે ધર્મમાં આપણે ગંભીરતા, Solemn approach. માન્યો છે. પણ આવા Cynics ને બીજો ધર્મ હોતો જ નથી. આ દશ્ય જગતની પાછળ કોઈ સ્થાયી, ચિરંજીવ, અદશ્ય જગત છે એવું તે માનતો જ નથી.

એક એવી માન્યતા હોય કે આ સંસારમાં દુ:ખ ભરપુર છે, તેમાં કોઈ મંગળમય તત્ત્વ નથી. એ સહન કરી લેવું એ સિવાય બીજો કોઈ માર્ગ નથી. તેનો વહેલો અંત આવે એટલી જ ઈચ્છા કરવી. નિરાશાવાદી અભિગમ Pessimist approach to life. કેટલાક વિચારકોમાં પણ હોય છે. એમના જીવનમાં કોઈ આશાનું કિરણ હોતું નથી. સતત ફરિયાદ ન કરે તો પણ જીવન સત્ત્વહીન નિરાશામય જીવે.

પણ મોટા ભાગના માણસો, આશા ઉપર જીવે છે, કોઈ ને કોઈ ઈશ્વર કે દેવને માને છે, તેને પ્રાર્થના કરે છે, તે કલ્યાણ કરશે એવી શ્રદ્ધા સેવે છે.

બહુ વ્યાપક અર્થમાં કહેવું હોય તો ધર્મ એટલે એક અદશ્ય જગત અને તેની સાથેનાં પોતાનાં સંબંધની માન્યતા. આ અદશ્ય જગત અથવા તત્ત્વ, સર્વવ્યાપી મંગળમય છે અને તેને સમજી, તેને અનુકૂળ જીવન જીવવામાં સુખ, શાંતિ અને કલ્યાણ છે એવું વર્તન અથવા જીવન જીવવું.

ईशावास्य मिदम् सर्वम् यत्किंच जगत्याम्नमम्

This Universe is the abiode of God or is impreganated by God. This is religious belief or religion.

સામાન્યપણે, આપણું વર્તન, દશ્ય જગતના પદાર્થો પ્રત્યેના આપણા પ્રત્યાઘાતરૂપે હોય છે. Our reaction to material objects. પણ આપણા વિચારો અને માન્યતાઓ Ideas and belief. –તેની અસર આપણા મન અને વર્તન ઉપર અતિ પ્રબળ હોય છે.

વિલિયમ જેમ્સે કહ્યું છે:

Religious life consists of the belief that there is an unseen order and that our supreme good lies in harmoniously adjusting ourselves there to.

હવે નૈતિક જીવન જોઈએ. નૈતિક જીવનનો પાયો ફરજની ભાવના છે. Sence of Duty કુટુંબ પ્રત્યે, સમાજ પ્રત્યે, દેશ પ્રત્યે, વિશ્વ પ્રત્યે, પ્રત્યેક માનવ પ્રત્યે, પ્રાણીમાત્ર પ્રત્યે, પોતાની જાત પ્રત્યે. આપણી સ્વાભાવિક વૃત્તિઓ આપણને એક દિશામાં દોરે છે, નૈતિક ભાવના, બીજી દિશામાં દોરે છે. નૈતિક જીવનમાં–અંતરમાં સતત સંઘર્ષ છે. મન ઉપર ભાર છે, તાણ છે. બહારનું દબાણ નથી અંતરનું છે. પણ સ્વાભાવિક વૃત્તિઓ, સ્વાર્થ, લોભ વિગેરે અને અંતરનો અવાજ, વચ્ચે ખેંચતાણ છે. સ્વાર્થ, લોભ વિગેરેનું દમન કરવું પડે છે. For morality life is a war, we have volunteered but it is a kind of cosmic patriotism. નૈતિક જીવનમાં, ઈશ્વરમાં અથવા કોઈ મંગલમય શક્તિમાં શ્રદ્ધા હોવી, અનિવાર્ય નથી. સામાજિક અને વ્યવહારિક જીવનના સુખ-શાંતિ માટે નૈતિક જીવન સ્વીકારીએ એમ પણ બને. આવું નૈતિક જીવન કેટલીક વખત ઉત્કૃષ્ટ કોટિનું હોય છે ત્યારે ભવ્ય હોય છે. તેમાં ત્યાગ અને બલિદાન છે. આ વિશ્વમાં આવા ત્યાગ–બલિદાન અનિવાર્ય છે એવો સ્વીકાર પણ હોય છે. There would be a spirit of resignation. કોઈ વખત ખેદ હોય છતાં ફરજ સમજી તેને વળગી રહે. ભાર લાગે તો પણ એ જ માર્ગ છે એમ સ્વીકારે. Stoicism. કાંઈક આ પ્રકારનું છે. ડો. આલ્બર્ટ સ્વાઈત્ઝરનું જીવન આ પ્રકારનું હતું. બીજાના દુઃખમાં ભાગીદાર થવા, પોતે કષ્ટ વેઠે.

ધાર્મિક જીવનમાં સમર્પણ ભાવ છે. આનંદ છે. પ્રસન્નતા છે. તેમાં ત્યાગ છે. સંપૂર્ણ ત્યાગ છે. પણ ત્યાગનો ભાર નથી. મારું કાંઈ જ નથી, સઘળું ઈશ્વરનું છે તો પછી ભાર હોય શેનો? મોહ કે શોક કાંઈ ન હોય.

નૈતિક જીવનમાં કોઈ વખત કઠોરતા, Sternness or Harshness. આવે છે. નીતિનિયમોનો આગ્રહ હોય છે. તે નિયમો ન પાળે, તેનો ભંગ કરે, તેને સજા કે દંડ કરવાનું મન થાય. નીતિમય જીવન ન જીવતા હોય તેવા પ્રત્યે અણગમો ધૃણા કે તિરસ્કાર જાગે. છૂપી રીતે પણ, કાંઈક ગર્વ કે અભિમાન આવે.

ધાર્મિક પુરુષ, પ્રેમ અને કરૂણાના સાગર હોય. ક્ષમાની મૂર્તિ હોય. પાપી પ્રત્યે પણ પ્રેમ દાખવે Return of the pradigal son. તેને આવકારે. ધાર્મિક પુરુષમાં મૃદુતા, કોમળતા, વગેરે હોય.

ધાર્મિક પુરુષ અન્યાયના પ્રતિકારનો પણ વિચાર ન કરે એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરે, કોટ માગે તો ખમીશ પણ આપી દે. ભગવાન મહાવીરને ભરવાડે કાનમાં ખીલા ઠોકયા તો પણ સહી લીધું. આ દુનિયાદારીની રીત નથી.

નૈતિક પુરુષ અન્યાય સહન ન કરે. તેનો પ્રતિકાર કરે. ભલે અહિંસક રીતે કે શાંતિમય માર્ગે કરે. તેમ કરવામાં રાગદ્વેષ કે આવેશ આવે છે કે નહિ તેની ચર્ચામાં અહીં ન ઊતરું.

ધાર્મિક જીવનમાં ભક્તિની મસ્તી છે. ભક્ત નાચી ઊઠે છે. કોઈ વખત ગાંડપણ લાગે, માની ન શકીએ. ચૈતન્ય મહાપ્રભુ કે રામકૃષ્ણ પરમહંસ એવા હતા. નરસિંહ મહેતાએ કહ્યું:

એવા રે અમે એવા રે, વળી તમે કહો છો તેવા રે,
ભક્તિ કરતા એ ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે.

મીરાંએ કહ્યું:

સાધુ સંગ બેઠ બેઠ, લોક લાજ ખોઈ.

આવી ભક્તિની મસ્તી કે આનંદનો સાગર, કોઈ નિરાકાર તત્ત્વના ચિંતનથી નથી આવતો. તત્ત્વજ્ઞાની નિરાકારનું ચિંતન કરે ભક્તનો ઊર્મી સાગર ઉભરાય. તેનો ઈશ્વર હાજરાહજૂર છે. તેની સાથે વાત કરે છે, પ્રેમ કરે છે, તેનાથી રીસાય છે.

નીતિમય જીવનમાં કોઈ વખત નિરાશા આવે, ભાંગી પણ પડે. ભક્તને નિરાશા નથી. તે સદા મગનમાં છે.

નીતિમય જીવનમાં અદશ્યપણે ભય છે, ફરજ ચૂકવાનો, પાપનો ફફડાટ હોય તો તે પણ. In moral life, fear is in abeyance but hanging on the head. ભક્ત સર્વથા નિર્ભય છે. Fear is Extinguished.

સંસારમાં દુઃખ છે, ઘેરું દુઃખ છે, તેનો ભક્તને અનુભવ છે, પણ તેના ભારથી તે દબાઈ જતો નથી. દુઃખની અવગણના કરતો નથી. દુઃખને આવકારે છે, જીવન શુદ્ધિનું સાધન માને છે, સોનાને શુદ્ધ બનાવવાનો અગ્નિ છે તેમ માને છે. નૈતિક પુરુષ કોઈ વખત સંસારમાં રહેલ અનિષ્ટ તત્ત્વ Evil ને કાયમનું માની ઊંડો ખેદ અને વેદના અનુભવે છે. તેનો ઉપાય સૂઝતો નથી. ધાર્મિક પુરુષને મન અનિષ્ટ ઉપર વિજય મેળવવાની શ્રદ્ધા છે.

The world is the richer for the devil but our foot should be always on his neck.

સૈતાન હોય તો ભલે હોય, પણ તેને આપણા પગ તળે દાબી રાખવો, ગરદન ઉપર ચડવા ન દેવો.

આવો આનંદ અને મસ્તી સાચા ધાર્મિક જીવનમાં જ છે, સંત અને ભક્તો અનુભવે છે. માત્ર નૈતિક જીવનમાં આનંદની એવી ભરતી નથી.

Religious Experience is of a different character altogether.

ધાર્મિક જીવન, નૈતિક જીવનથી ઘણું આગળ જાય છે.

Spiritual or religious experience is something much more than mere moral life.

તેવી જ રીતે તત્ત્વજ્ઞાનીના બૌદ્ધિક અનુભવથી પણ ભિન્ન છે.

It is much more then intellectural experience.

બૌદ્ધિક અનુભવમાં ઉર્મિ, લાગણી કે હૃદયનું પૂર નથી.

The light of intellect is cold. Religious experience is passionate.

નૈતિક જીવનમાં કે તત્ત્વજ્ઞાનીના જીવનમાં પ્રાર્થના હોય જ એમ નથી. ધાર્મિક જીવનમાં પ્રાર્થના તેનો પ્રાણ છે. સંત કે ભક્ત સદા ઈશ્વરના સાન્નિધ્યમાં છે.

નૈતિક જીવનથી પર થઈ ધાર્મિક જીવનમાં પ્રવેશે ત્યારે એક કટોકટીમાંથી પસાર થાય છે. નવું જીવન પામે છે.

નૈતિક જીવન અને ધાર્મિક જીવનનો આ ભેદ બતાવ્યો, પણ માનવના જીવનમાં એવો સ્પષ્ટ ભેદ હોતો નથી. દરેકના ઘણા પ્રકાર છે અને એકબીજામાં પ્રવેશે છે. કોઈ વ્યકિતના જીવનને માત્ર નૈતિક કહેવું કે ધાર્મિક કહેવું સહેલું નથી. There are shades and one passes into another.

ગાંધીજીના જીવનને શું કહીશું? શ્રી અરવિંદના જીવનને શું કહીશું? એકનું જીવન મોટે ભાગે ઉત્કૃષ્ટ કોટિનું નૈતિક હતું, બીજાનું યોગી કે તત્ત્વજ્ઞાનીનું, છતાં બન્નેનું જીવન ધાર્મિક હતું અથવા એ દિશામાં જઈ રહ્યું હતું. છતાં બન્ને પ્રકારના

જીવનના અંતિમ છેડાઓ કે દાખલાઓ જોઈએ તો તેમાં રહેલો ફેર દેખાઈ આવે છે.

મેં આ બધું લખ્યું પણ મને સંતોષ નથી. મારા ભાવ અને વિચારોને અનુરૂપ ભાષા કે અભિવ્યક્તિ આ લખાણમાં નથી એવું મને લાગ્યા કરે છે. મારા જ્ઞાન અને અનુભવની ઉણપ છે. મારા ૮૦મા જન્મદિને એક મિત્રે વિલિયમ જેમ્સનું Varieties of Religious Experience પુસ્તક ભેટ આપ્યું હતું. મેં એ પુસ્તક વિષે સાંભળેલું પણ વાંચ્યું ન હતું. હાલ વાંચું છું અને મારા મનમાં વિચારોનો સાગર ઉમટયો છે. તેને ભાંગીતૂટી ભાષામાં પણ કાગળ ઉપર ન મૂકું ત્યાં સુધી મારા જીવને ચેન કે શાંતિ નથી. એટલે જેમ આવ્યું તેમ એક સવારે લખી નાખ્યું છે. આ પુસ્તક વાંચીને જેમ હું વિચાર વમળમાં પડયો તેમ વાંચકને પણ વિચાર કરવાની પ્રેરણા મળે એટલી જ અપેક્ષા રાખું છું. આ લખાણ ઘણું અધૂરું, ભૂલભરેલું હોવા સંભવ છે. વિલિયમ જેમ્સનું પુસ્તક વાંચતા પણ મને તેમાં ત્રુટિઓ લાગી છે. તેમણે મુખ્યપણે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી લખ્યું છે. વિલિયમ જેમ્સ મહાન મનોવૈજ્ઞાનિક હતા.

અત્યારે તો 'પ્રબુદ્ધ જીવન'ના વાચક સાથે મારો વિચાર-વિનિમય કરવા પૂરતું આ લખાણ છે, એમ સમજવું.

૨૪-૮-૮૧

પ્રવાસવીરનો પરલોકે પ્રવાસ

☐ જયા મહેતા

માશી જેમ ઘણાને મન કાકા કાલેલકર એટલે 'સ્મરણયાત્રા'નો દત્તુ, 'હિમાલયનો પ્રવાસ'ના યાત્રી, 'રખડવાનો આનંદ'ના પ્રકૃતિ-પ્રેમી, 'લોકમાતા'ના પરિવ્રાજક, 'ઓતરાતી દીવાલો'ના મુક્ત જેલ નિવાસી ...હશે. તેઓ પોતાને 'કેળવણીના કલાકાર' કહે છે અને એમ તો આપણે એમને ગાંધીજીના પ્રખર અનુયાયી, આશ્રમની રાષ્ટ્રીય શાળાના આચાર્ય, ગુજરાત વિદ્યાપીઠના પ્રાચાર્ય, છ વર્ષ સુધી ખાંડ ન ખાવાનો નિયમ લેનાર વ્રતી, ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦મા સંમેલનના પ્રમુખ, 'નવજીવન'ના તંત્રી, સંખ્યાબંધ પુસ્તકોના લેખકને આઝાદીની ચળવળના લડવૈયા તરીકે તથા 'કાકા'ના આત્મીયતાભર્યા સંબંધનામે તો ઓળખીએ જ છીએ. જો કે વર્ષો સુધી સાથે હરવા-ફરવા કે રહેવા છતાં આપણે મિત્રો કે સ્વજનોને પણ ક્યાં પૂરેપૂરા ઓળખી શકીએ છીએ? એટલે જ કદાચ કાકાસાહેબ કહે છે કે "મને ઓળખવા માગો તો મારું જીવનકાર્ય પોતાનું કરવું પડશે."

'એક હાલતીચાલતી વિદ્યાપીઠ'નું બિરુદ કાકાસાહેબને મળ્યું. તેના પાયામાં છે તેમનું સંસ્કૃત સાહિત્યનું અધ્યયન, મનન-પરિશીલન. વેદ, ઉપનિષદો, મનુસ્મૃતિ, પુરાણગ્રંથો, રામાયણ-મહાભારત, સ્તોત્રો, કાવ્યો, નાટકો—આ બધું તેમણે અભ્યાસ્યું છે, માણ્યું છે, આત્મસાત્ કર્યું છે અને તે તેમની વાણીમાં દ્વિગુણિત થઈને વહેતું રહ્યું છે.

કાકાસાહેબની બહુશ્રુતતાનું બીજું કારણ તેમણે કરેલા પ્રવાસો છે. ભારતનો પ્રવાસ એમની જેટલો ભાગ્યે કોઈએ ખેડયો હશે. આ સદાપ્રવાસીના બાળપણનો પહેલો દસકો મહારાષ્ટ્રના જુદાં જુદાં દસબાર શહેરોમાં વીત્યો હતો ને પછી તો એમણે જાણે ભારતનું એકેય સ્થળદર્શન બાકી રાખ્યું નથી ને સાથે સાથે આપણને ય તેમણે પગપાળા હિમાલયની યાત્રા કરાવી, નદીને કાંઠે કાંઠે ફરી લોકમાતાનું દર્શન કરાવ્યું. ભારતની પ્રકૃતિના નવાં નવાં રૂપોને વિસ્મયચકિત મુગ્ધ નેત્રે પ્રત્યક્ષ કર્યાં અને અનોખું આકાશદર્શન- તારાદર્શન કરાવ્યું.

આ પ્રકૃતિપ્રેમી કાકાસાહેબની કલમ સાથે પ્રવાસ કરીએ તો પ્રતીતિ થાય કે "કાવ્ય જીવે તે કવિ" એ તેમણે પોતે કરેલી કવિની વ્યાખ્યા એમને માટે તો સાર્થક થઈ જ છે. એમના નિબંધોમાં ભાષાનો વૈભવ એ એમની આંતરિક, ભીતરી સમૃદ્ધિનું પરિણામ છે. એ સમૃદ્ધિએ આપણા નિબંધસાહિત્યને અતિ સમૃદ્ધ કર્યું છે. તેમાં એમણે ઉપમા-ઉત્પ્રેક્ષા આદિ અલંકારોનો તો ઘોધ વરસાવ્યો છે. એમની સર્જનાત્મક ચેતના અને જીવન પ્રત્યેનો અભિગમ, બંને તેમાં પ્રતીત થાય છે. એ અલંકારવૈભવ એમની જ કલમે થોડો માણીએ:

'મેઘ કાંઈ આકાશમાં ઊડતા પર્વતો નથી, તે તો દેવોની કામધેનુઓ છે. કાળીભમ્મર મેઘનૌકા પોતા પૂરતા મુઠ્ઠીભર દીવા ઓલવીને ચોરની જેમ આકાશસાગરમાં ફર્યા કરે છે. ચાંદો હોય તો યે વાસી રોટલાના ટુકડા જેવો ક્યાંક પડયો હોય આકાશમાં જોયું તો કાળાંકાળાં અભ્રો વચ્ચે એક જ તારો ચમકતો હતો, ચમકતો શાનો દુઃખે-કષ્ટે બિચારો સહે જ ડોક લંબાવીને જોતો હતો. એક જબરા મકાનમાં કોઈ એકાકી વૃદ્ધા ગોખમાં બેસીને ખાલી રસ્તા પર જોતી હોય એમ."

આકાશ, વાદળાં, તારા, તુષાર, નદી, ઝરણાં, ઘોધ, સમૃદ્ધ, વૃક્ષો, ફૂલો, તડકો, સંધ્યા... પ્રકૃતિનાં કેટકેટલાં નિરનિરાળાં રૂપોનું દર્શન કરી-કરાવીને કાકાસાહેબે પ્રજાને 'સૌંદર્ય દીક્ષા' આપી છે.

સાબરમતી આશ્રમમાંથી એક તરફ સરકારી જેલની દીવાલો દેખાય છે. તે જોઈને કાકાસાહેબને થતું, એ દીવાલો પાછળ શું હશે? અને એ દીવાલની પાછળ જવાનો સમય આવ્યો- રાજકીય કેદી તરીકે. પ્રવેશ કરવા માટે દ્વાર હોય, દરવાજા હોય, અહીં તો છે કેવળ જડબેસલાક દીવાલ અને કાકાસાહેબ કરે છે દીવાલપ્રવેશ!...જેમાં "ઉપદેશ નથી. પ્રચાર નથી, ડહાપણ નથી, વિદ્વત્તા નથી" એવું લખાણ તે 'ઓતરાતી દીવાલો' અને તેની કાકાસાહેબે પોતે જ લખેલી પ્રસ્તાવના તે 'દીવાલ પ્રવેશ'. એમાં છે કાગડા ને કબૂતરો ને સમડી, કીડી-મકોડા ને વાંદા, ઈન્દ્રગોપ, બિલાડી ને વાંદરા, લીમડો, એરંડો ને અરીઠો આ બધાંની વાતો... જેલમાં બેઠાં બેઠાં લખાયેલા આ પુસ્તકમાં બંધનનો વિષાદ નથી, કટુતા નથી, માનવેતર સૃષ્ટિનું. નર્યા આનંદનું નિરૂપણ છે. એવા જ નર્યા આનંદનાં પુસ્તકો છે. સ્મરણ-યાત્રા, હિમાલયનો પ્રવાસ લોકમાતા, રખડવાનો આનંદ... જીવનને એમણે ગંભીરપણે જોયું-વિચાર્યું છે, પણ જીવનનો આનંદ મુક્તપણે માણવાનું એ ચૂક્યા નથી. પોતાની વિશિષ્ટ શૈલીએ કહે છે, "આનંદમાં પ્રયોજન? છટ્! એવી વાત સરખી ન કરો. આનંદ કાંઈ જાતે વૈશ્ય છે."

જ્યારે જ્યારે બીજી ભાષાના કોઈ શબ્દનો ચોક્કસ પર્યાય સાંપડતો નથી, ત્યારે ત્યારે અચૂક કાકાસાહેબનું સ્મરણ થાય છે. કેટલા બધા નવા નવા છતાં અજાણ્યા કે અડવા ન લાગે ને સાંભળતાં જ ગમી જાય એવા શબ્દપર્યાયો કાકાસાહેબે યોજ્યા છે! પવનદડો (Foot ball) દ્વાર-પેટી, (Refrigerator) ચિત્રમંજૂષા Album તદ્વિષયિકી (Bibliography)), સ્વાક્ષરી (Autograph) (કરદીપ (Torch) અંગદ-કૂદકો (High jump), હનુમાન-કૂદકો (Long jump) ડબ્બી-ગોળી (Capsule) બીબાનવીસ Compositor), વિદ્યાપક (Fellow.), દ્વિચક્રી (Bicycle.)... સમર્થ સાહિત્યકારની કલમને શબ્દો માટે ફાંફાં મારવા પડતા નથી, શબ્દો આપોઆપ સ્ફુરે છે તેના આ થોડાક નમૂના.

કાકાસાહેબે ઘણું વાંચ્યું, ઘણું ઘણું ફર્યા, ઘણી જવાબદારીઓ ઉઠાવી ને પાર પાડી, ઘણું લખ્યું, જેલમાં લખ્યું, ટ્રેનમાં લખ્યું, ઘરમાં લખ્યું, બહાર લખ્યું... ઘણું ઘણું લખ્યું અને જીવંત, રસપૂર્વક સક્રિયપણે ઘણું ઘણું જીવ્યા... ઘણું ઘણું જીવશે હવે અક્ષરદેહે...'ઓતરાતી દીવાલો'ની પ્રસ્તાવનમાં એમણે લખ્યું છે સ્મશાનની પેલી પાર શું છે, એનો જવાબ મળવો સહેલો ન હતો. સવાલનો જવાબ ઈશ્વરકૃપા થાય ત્યારે!"... એ જવાબ મેળવવા એ હવે ચાલ્યા ગયા છે એમને આપણા પ્રણામ.

આપણી કમનસીબી

☐ ડામિની જરીવાલા

આપણી એટલે માનવજાતની કમનસીબી એ છે કે આપણને જે ટેવો પડી હોય છે, પછી એ સારી હોય કે ખોટી હોય તેમાંથી નીકળી શકતાં નથી કે તેને બદલી શકતાં નથી. બહુ જ ઓછાં માણસો આ પૃથ્વી પર એવાં હોય છે કે જે પોતાની સમજણ પ્રમાણે આજુબાજુ નજર કરતાં કરતાં પોતાનાથી અમુક વસ્તુઓ, વાતો, રીતો, સંજોગો, પરિસ્થિતિઓ જુદાં છે, સારાં છે એ સમજી, જોઈને પોતાની જાતને એટલે પોતાની ચેતનાની અવસ્થાને, તેનું નિરીક્ષણ કરતાં કરતાં બદલતાં રહે છે.

આ બદલાવું એ એક મહામુલો, કુદરતે આપણને બક્ષેલો વારસો છે અને તેને કારણે જ ઉત્ક્રાન્તિ સર્જાઈ શકે છે. યોગ દ્વારા આપણી ચેતનાની અવસ્થાને બદલવી એ તો એક ધરમૂળથી થતી આપણી ચેતનામાં ઉત્તમ ક્રાન્તિ છે, પરંતુ આપણે જોઈશું કે નાની નાની ટેવોમાંથી પણ આપણે છૂટી શકતાં નથી અને તેને કારણે, કારણ વિના ઘરમાં કે બહાર, કલેષ, સંઘર્ષ અને અશાંતિ ઉત્પન્ન થયા કરે છે.

ઘરમાં નવી વહુ પરણીને આવે તો ઘરનાં વડીલો, જો રસોડા બાબત હોય તો, શાક આમ જ સમારવું, દાળમાં વઘાર આમ જ કરવો, અમારા ઘરની તો આજ રીત છે, તેના વગર કશું જ ભાવે નહીં કે ચાલે જ નહીં એમ અનેક રીતે સલાહસૂચના આપે છે. સારી વાત છે. ઘરની રીત સમજી લેવી જોઈએ, તે પ્રમાણે કરવું પણ જોઈએ, પરંતુ નવી વહુ પોતાને ત્યાંથી જે શીખીને આવી હોય કે કોઈ વખત કંઈ જુદું બનાવવાનું કે કરવાનું એને મન થાય તો તે સ્વીકારતાં પણ શીખવું જોઈએ કે જેથી નવા આવનારને પણ ઉત્સાહ જાગે અને ઘર સમરાંગણમાં ફેરવાઈ ન જતાં, સ્વર્ગ બની રહે. ચીલાચાલુ જૂની ટેવોની જગ્યાએ જરૂર પડે દરેક ઘરની વ્યક્તિએ થોડું થોડું બદલાતાં રહેવું જોઈએ અને તે સહર્ષ સ્વીકારતાં શીખવું જોઈએ. સાથે સાથે નવા આવનારે પણ ઘરનાં સંજોગો, પરિસ્થિતિ તેમજ ઘરનાં લોકોના સ્વભાવ અનુસાર અનુકૂળ થતાં રહેવું જોઈએ અને આ બધું ત્યારે જ બને જ્યારે આપણે આપણી ટેવો સરળતાથી બદલતાં શીખી જઈએ.

Generation gap એ આજના જમાનાના બાળકોની કે પહેલાંના વખતના વડીલોની હંમેશની જ ફરિયાદ છે અને તે ત્યાં સુધી કે બાળકો, વડીલો, એકબીજાને સમજી શકતાં જ નથી. સમજવા માગતા જ નથી અને તેને કારણે ઘરમાં ઓટલો તો ક્લહ થાય છે કે ઘણીવાર ઘરમાં ફક્ત એક દીકરો ને વહુ હોય તો પણ છૂટા પડવાનો વખત આવે છે. છૂટા પડવાનો વાંધો નથી. કોઈ પણ કારણસર, જરૂરિયાત લાગે તો જરૂર છૂટા થવું જોઈએ, પરંતુ પ્રેમથી, આરસપરસમાંથી વહેતા ઉષ્માભાવ સહિત કે જેથી અન્યોન્ય છૂટાં થયા હોવા છતાં એવું લાગે નહીં તેમ જ આવારનવાર એકબીજાને મળતાં રહે, આવતાં રહે અને જરૂર પડે પ્રેમથી આવીને લાંબો વખત સુધી રહી પણ શકે.

ઘણી વખત એવું જોવામાં આવે છે કે વડીલો પોતાની ટેવો જરા પણ બદલવા તૈયાર નથી હોતાં અને નાનાઓ બિનઅનુભવી અને અધકચરી ઉંમરનાં હોઈ પોતાની વાતનું કે ટેવોનું એટલું તો જોર જોરથી પ્રતિપાદન કરે છે કે જેનાથી વડીલોને ગંભીર માંદગી આવી જાય છે કે તેમનું મૃત્યુ થઈ જાય છે અથવા તો યુવાન ઘર છોડી ચાલી જાય છે અથવા આપઘાત કરે છે.

આપણે મનુષ્ય છીએ એ બરાબર છે. આપણે પ્રકૃતિના એટલે સત્ત્વ, રજસ અને તમસ ગુણના બનેલા છીએ એ પણ બરાબર છે. પરંતુ આ પ્રકૃતિને ટેકો આપનાર આપણી ટેવો છે. એ આપણે બરાબર સમજી લેવું જોઈએ અને આ ટેવોને કારણે જ આપણને બીજા સાથે સુમેળ સાધવામાં ઘરમાં કે બહાર, તકલીફ પડે છે. મને તો આમ જ ફાવશે. મારી તો જીવન જીવવાની આ જ રીત છે. બીજાઓને મારી સાથે અનુકૂળ થવું હોય તો થાય પણ હું બદલાવા માગતી કે માગતો જ નથી. આ આપણે નહીં, આપણી ટેવો બોલે છે. જાણે ચાલશે, ફાવશે અને ગમશે એ સૂત્ર જ આપણે ભૂલી ગયા છીએ. આપણે જો આપણું થોડું નિરીક્ષણ રોજ રોજ કરતાં રહીશું તો આપણને બરાબર ખ્યાલ આવશે કે આ બધું આપણી અંદર ક્યાંથી આવે છે અથવા તો અંદરથી ઉપર સપાટી પર ક્યારે આવે છે.

બીજો એક દાખલો આપું. જેવી રીતે ઘરમાં, સમાજમાં, સંસ્થામાં કે ઓફિસોમાં કામ કરતાં માનવો પોતાની ટેવોને બદલી તેની જગ્યાએ સારી કે સાચી રોપી શકતાં નથી તેવી જ રીતે ધર્મ અને ધર્મને અનુસરતાં માનવો પણ ટેવોનાં બંધનમાં એટલાં તો બંધાઈ જાય છે કે તેઓ જે કરતાં હોય તે જ કર્યા કરતાં હોય છે. ઓમાં આ ધર્મ કે બીજો ધર્મ મહત્ત્વનાં નથી. બધાં જ મોટા ભાગનાં ધર્મોમાં આત્માની વાત છે. આત્માને પામવાની વાત છે અને એ પામવા માટે ક્રિયાકાંડની વાત આવે છે. ક્રિયાકાંડ, વ્રત, ઉપવાસ, મંદિર વિગેરે એ સાધન છે, સાધ્ય નથી. પરંતુ જાણેઅજાણ્યે આપણે એ ક્રિયાકાંડને એટલાં તો યંત્રવત્ કે ભાવથી ચીટકી જઈએ છીએ કે તેના સિવાય આગળ કંઈ મેળવવાનું છે, પામવાનું છે એ સદંતર ભૂલી જઈએ છીએ અને તે ત્યાં સુધી કે આ ક્રિયાકાંડ કરીને એટલી તો તૃપ્તિ અનુભવી લઈએ છીએ કે જાણે એમાં જ જીવનની પરિપૂર્ણતા આવી ગઈ હોય અને ત્યાર પછી આગળ કોઈ પગથિયું જ ન હોય એમ માની લઈએ છીએ. કોઈ દિવ્ય સાદ આપણી ઉર્ધ્વમાંથી આપણને સદા પોકારતો હોય છે અને આપણી અંદર પણ સ્વયં એનું જ દિવ્ય સ્થાન છે કારણ કે એ સ્વયં ત્યાં રહેલ છે, એની સહાય હાજરી છે એ તદ્ન ભૂલી જઈએ છીએ.

આનું મુખ્ય કારણ એ છે કે આપણી અંદર, નીચે એક અવચેતનાનો મહાસાગર છે જેમાં આ બધી ટેવો જેવી કે દુરાગ્રહો, હઠાગ્રહો, આપણી રીતો, રસમો, વિચારો બધાં ધરબાઈને પડેલાં છે અને એ બધાં જ વારતહેવાર સમય અને સંજોગો પ્રમાણે આપણી ચેતનામાં ઉપર આવતાં રહે છે. આ ટેવો જ આપણામાં 'હું' પણાનો કે 'અહમ્'નો ભાવ વારંવાર જાગૃત કરે છે. આપણને આ બધી ટેવો આપણામાં કામ કરતી હોવાથી આપણી લાગે છે. હકીકતમાં એ આખી પૃથ્વીની પ્રકૃતિમાં પડેલી છે. કશું મારું કે તમારું છે જ નહીં. જો આ ટેવોને આપણે રોજ રોજ અવલોકતાં રહીશું અને એને સપાટી પર આવે ત્યારે ફેંકી દેતાં શીખી લઈશું અથવા તેની જગ્યાએ બીજી સારી ટેવને મુકતાં શીખી લઈશું તો ઘણી ટેવો એવી છે કે જે ખરેખર આપણી હોતી જ નથી, પરંતુ બીજા એમ કરે છે એટલે આપણે કરતાં રહેતાં હોઈએ છીએ.

સાચી રીતે જોઈએ તો આપણને શરીરની, મનની, પ્રાણની પણ એક જાતની ટેવ પડી ગઈ હોય છે. આપણે આત્મા છીએ તે ભૂલી જઈ, હું શરીર છું, હું મન છુ, હું પ્રાણ છું એટલે આ શરીર મારું છે, મનના વિચારો મારા છે, પ્રાણની અંદર જાગેલી ઉર્મિઓ, વૃત્તિઓ, અપેક્ષાઓ, વાસનાઓ મારા છે આમ કહેવાની તેમ જ સમજવાની જન્મો જન્મથી ટેવ પડી ગઈ છે.

આશા રાખીએ કે આપણે આપણી ટેવોને જોતાં-જાણતાં થઈએ. ઉર્ધ્વમાં ગમન કરતાં રહીએ અને આપણાં તેમ જ બીજાના જીવનને સ્વર્ગ બનાવી, ઉત્ક્રાન્તિના દિવ્ય સોપાન તરફ પગરણ માંડીએ.

અભ્યાસ વર્તુળ

(આગામી બે કાર્યક્રમ)

(૧)

વિષય : ગુજરાતી વાર્તા સાહિત્યમાં સ્ત્રી-લેખકોએ નિરૂપેલી સ્ત્રીની ઇમેજ.

વક્તા : શ્રીમતી જયાબહેન મહેતા

સમય : તા. ૧૫-૯-૮૧ સાંજે ૬-૧૫ વાગે.

(૨)

વિષય : મનોચિકિત્સા—માત્ર પાગલો માટે નથી.

વક્તા : ડૉ. અશિત શેઠ

સમય : તા. ૧૭-૯-૮૧ સાંજે ૬-૧૫ વાગે.

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ.

સૌને સમયસર ઉપસ્થિત થવાનું પ્રેમભર્યું નિમંત્રણ.

સુબોધભાઈ એમ. શાહ

કન્વીનર : અભ્યાસ વર્તુળ

★ આવા સાહિત્યથી મન–હૃદય ભરાતું નથી.... ★

□ ક્રાન્તિ ભટ્ટ

"પ્રિન્સેસ ડેઈઝી" નામની અંગ્રેજી ભાષાની નવલકથા માટે તેની લેખિકાએ હજી એક લીટી પણ લખી નહોતી ત્યાં જ તેને પ્રકાશક તરફથી રૂા. ૩૨ લાખની રકમનો ચેક લેખિકા શ્રીમતી જુડીથ ક્રાન્ટઝને મળી ગયો હતો. લેખિકાએ માત્ર ૨૯ લીટીમાં આ નવલકથાનો સારાંશ લખી આપ્યો હતો. અમેરિકાની આ વાત છે. તેનાથી અમેરિકન અને ઈંગ્લીશ સાહિત્યકારો હેબતાઈ ગયા હતા કારણ કે તે પછી "પ્રિન્સેસ ડેઈઝી"ને પેપરબેકની આવૃત્તિમાં પ્રગટ કરવાના રૂા. ૨૫ કરોડ લેવામાં આવ્યા હતા. એક અમેરિકન ઉદ્યોગપતિ આ પુસ્તક ખરીદવા ગયો ત્યારે તેને દુકાનદારે પૂછ્યું "પ્રિન્સેસ ડેઈઝી" શું કામ ખરીદો છો? ત્યારે તેણે કહ્યું, "એક પ્રકાશકે રૂા. ૨૫ કરોડ આપ્યા છે તો તે શું કામ આપ્યા છે તે જોવા માટે હું એ પુસ્તક ખરીદું છું!"

અમેરિકામાં, બ્રિટનમાં અને ભારતમાં આ પ્રકારની નવલકથાઓ ખપે છે. તેમાં સાહિત્ય કે કલાનું કોઈ તત્ત્વ હોતું નથી. ક્ષણ માટે ચટકો આપી જાય તેવા આ પુસ્તકોને હવે અમેરિકામાં 'બુકસ' નહીં, પણ 'ઉક્સ' (ooks)ના નામથી ઓળખવામાં આવે છે. પુસ્તકો પણ એક કોમોડિટી એટલે કે બજારું ચીજ બની ગયાં છે. પુસ્તક પ્રગટ થાય એટલે રૂા. ૩૨ લાખ એડવાન્સમાં આપ્યા હોય તેથી બીજા રૂા. ૮ લાખ જાહેરાત ઉપર ખર્ચ થાય. તે પછી તે પુસ્તક ઉપરથી ફિલ્મીવાર્તા લખાય. તેના ઉપરથી ટેલિવિઝન માટેની સ્ક્રીપ્ટ લખાય અને બસ પછી એનો ઉત્તરોત્તર વ્યાપ ચાલે. એ પવન ગુજરાતી સાહિત્ય સુધી આવ્યો છે. "તમારી વાર્તા ઉપરથી તો ફિલ્મ ઉતારી શકાય." એમ કોઈ લેખકને આપણે કહીએ તો તેને અપમાન નહીં લાગે. તે ખુશ થશે.

એક બાજુ લંડન ટાઈમ્સના લીટરરી એડિટર અંગ્રેજી ભાષાનો કોઈ નવો નવલકથાકાર પેદા થયો નથી એનો અફસોસ કરે છે. ક્રી ઈયાન ટ્રેવીન લખે છે કે "કોઈ પણ ૮૦ જેટલા નવલકથાકારને પૂછો કે અમેરિકાના કોઈ સાહિત્યકાર કે સમાલોચકને પૂછો કે છેલ્લા ૧૦ વર્ષમાં અંગ્રેજી નવલને ક્ષેત્રે શું હાલત પ્રવર્તે છે? તો લગભગ મોટાભાગના લોકો અંગ્રેજી નવલકથાના સ્વરૂપ વિષે ચિંતાની લાગણી વ્યકત કરશે. "પ્રબુદ્ધ જીવન" જેવા સામયિકમાં અંગ્રેજી નવલ સાહિત્યની હું ચર્ચા કરું છું તેનું કારણ એ છે કે આ સામયિકના મોટા ભાગના વાચકોનું વાંચન અંગ્રેજી પુસ્તકોનું હોય છે. વાર્તા સાહિત્યનો રસ પણ અંગ્રેજીમાંથી જ મેળવે છે અને જે ગુજરાતી સાહિત્ય વાંચતા હોય તેમને તો સારી રીતે ખબર છે કે ગુજરાતીના નવલકથા-સાહિત્યની શું હાલત છે. કિંગ્સલે એમીસ જેવા નવલકથાકારે અંગ્રેજી વાર્તા સાહિત્યની સ્થિતિ વિશે કહેલું: "અંગ્રેજી વાર્તા-સાહિત્યની સ્થિતિ ખરાબ નથી. કવિતાની હાલત કરતાં તો સારી છે. પશ્ચિમના સાહિત્યના સ્વરૂપોમાં નવલકથાનું સ્વરૂપ હજી લાંબું જીવે તેવી આશા છે... પરંતુ હાલત બહુ સારી પણ નથી. ખાસ કરીને કોઈ આશાસ્પદ ગણી શકાય તેવા યુવાન નવલકથાકાર હજી પેદા થયા નથી. ૧૯૩૮ સુધીના દાયકાને જુઓ. ત્યારે એવલીન વાઘ, એન્થની પોવેલ, ક્રિસ્ટોફર ઈશરવુડ, ગ્રેકામ ગ્રીન જેવા વાર્તાકારો મળ્યા છે. મને નથી લાગતું કે ૧૯૭૦ના દાયકામાં ૪૦ વર્ષની નીચેના કોઈ આવા ખમીરવાળા વાર્તાકારો પેદા થયા હોય અને જે કહેવાતા વાર્તાકારો છે તેની નવલકથાઓમાં હું ડોકિયું કરું છું ત્યારે મારું માથું ફરી જાય છે. આ યુવાન નવલકથાકારો એકદમ શિથિલ કલમથી લખે છે. શૈલી માટે બિલકુલ બેદરકાર હોય છે. સંવાદો સાવ નિષ્પ્રાણ હોય છે. પાત્રાલેખનમાં ઘડો હોતો નથી. અરે પાત્રાલેખન જેવું જ કંઈ લાગતું નથી. સાવ રેઢિયાળ શૈલીથી બધા જ લખે છે."

ઉપરના શબ્દો ઘણા સખત છે. એ શબ્દો આપણા ગુજરાતી વાર્તાકારોને લાગુ પડે છે પણ એ કોને લાગુ પાડવા? દસ વર્ષમાં ગુજરાતી ભાષામાં કોઈ નવો નવલકથાકાર પેદા થયો છે, તેને પેદા થવાની તક છે ખરી? રવિવારની સાપ્તાહિકી પૂર્તિઓ અને રંગીન સાપ્તાહિકોમાં ધારાવાહિક નવલકથા દ્વારા જ વાર્તાકાર બહાર આવી શકે છે. એ માટેનું ક્ષેત્ર બહુ મર્યાદિત છે અને તમે આજુબાજુ નજર ફેરવો તો હરકિસન મહેતા, વિઠ્ઠલ પંડ્યા, સારંગ બારોટ, મહમ્મદ માંકડ, શિવકુમાર જોષી, ચંદ્રકાન્ત બક્ષી એવા ગણ્યાગાંઠ્યા નામો સામે આવશે. સાપ્તાહના હપ્તામાં દરેક વખતે આવતા અંકની આતુરતાપૂર્વક રાહ જોવાય તે પ્રકારનું વસ્તુ વાર્તામાં ગોઠવવું તેવી વૃત્તિ તંત્રીની રહે છે. તંત્રી દબાણ પણ કરતા હોય છે. વાર્તાકાર પણ તંત્રીને અને વાચકને ખુશ રાખવા આ પ્રકારે દરેક રીતે કંઈક રાહ જોવાય એવું તત્ત્વ ઉમેરવાની ચિંતામાં હોય છે. ઘણા તંત્રીઓ તો "વાર્તા બરાબર જામતી નથી" એમ કહીને વાર્તાકાર પાસે વાર્તાને લાંબી-ટૂંકી કરાવે છે, અગર તો તેને કંઈ વધુ મોણદાર બનાવવા કહે છે. રોટલી શેકાતી શેકાતી સગડી ઉપરથી જ અડધી ખવાતી હોય છે અને સગડી ઉપર અડધી રોટલીનું બટકું શેકતી ગૃહિણી જેવી લાચાર દેખાય તેવો વાર્તાકાર લાચાર દેખાય છે. આવી હાલતમાં ઘણી વાર્તાઓનું રાંધણું થતું હોય છે અને વાચકોને ખૂબ ભૂખ લાગી હોય છે એટલે આ વર્ણશંકરિયું ભોજન તે કરતો પણ હોય છે.

લેખક હોવું અને ભૂખે મરવું તે એક ગૌરવ ગણાતું હતું, પણ હવે લેખકને ગરીબ રહેવું પોસાતું નથી. લેખક પણ ફાઈવ-સ્ટાર હોટલનું જીવન જીવવા ઉત્સુક બન્યો છે. ઓબેરોન વાઘ નામનો બ્રિટિશ નવલકથાકાર કહે છે કે તેની એક નવલકથા માટે તેને કોઈ અમેરિકન પ્રકાશક મળ્યો જ નહિ કારણ કે તેને કલાતત્ત્વવાળી ગંભીર નવલકથા ગમી નહીં. તેની નવલકથા ફકત ૧૦,૦૦૦ ઉપજાવી શકી. (ગુજરાતી નવલકથાકારને આટલી રકમ મળે તો તે ધન્ય થઈ જાય) ઓબેરોન વાઘ કહે છે, "ચાર બાળકોનાં કુટુંબ-વાળા મારા લેખક તરીકેની વ્યકિતને આટલી રકમમાં પૂરું ન થાય એટલે મારે પત્રકારિત્વ કરવું પડતું અને તેની સનસનાટીવાળી ખબરો અને પુસ્તકમાંથી મને વર્ષે રૂા. ૪ લાખ મળે છે."

હું પત્રકાર નહોતો બન્યો અને ટૂંકી વાર્તાઓ લખીને 'નવનીત', 'સમર્પણ' અને 'સંસાર' વગેરે મેગેઝિનોમાં આપતો હતો ત્યારે તેના પુરસ્કારના વાર્તાદીઠ રૂા. ૫ થી ૧૫ મળતા હતા. એક સાપ્તાહિકના તંત્રીએ મને કહ્યું, "વાર્તાઓથી પેટ નહીં ભરાય. પ્રાસંગિક અને ઊંડી તપાસવાળા લેખો લખો." એ વાત સાચી છે. આવા લેખોથી પેટ ભરાય છે, પણ તેનાથી મન ભરાતું નથી. પાકિસ્તાનના આણુવિજ્ઞાની શ્રી અબ્દુસ સલામ મુંબઈ આવ્યા ત્યારે મારે તેમને મળવું હતું, પણ જે સાપ્તાહિકના પુરસ્કારથી મારું પેટ ભરાય છે તેને માટે મારે ડીસ્કોથેકના લેખ માટે મુંબઈના નાચઘરોની મુલાકાત લેવાની હતી! હું નવલકથાકાર નથી કે ગંભીર સાહિત્યનો સર્જક નથી. છતાં આ દાખલો આપીને હું કહેવા માગું છું કે ઘણા વાર્તાકારો, કવિઓ કે સાહિત્યકારો જે પેટ ભરવા માટે તંત્રી, ઉપતંત્રી કે જાહેર સંપર્ક અધિકારીની નોકરી સ્વીકારી

બેઠા છે તેમને પણ આવા ને આવા કારણોસર તેમની સાચી સાહિત્ય-સર્જનની પ્રવૃત્તિને બદલે "નાચઘરો"ની મુલાકાતો લેવી પડતી હશે. વાર્તાથી પેટ ન ભરાય એટલે પેટ ભરનારા વ્યવસાયમાં વાર્તાકારે સબડવું પડે છે. આગસ વિલ્સન નામના સફળ નવલકથાકારે કહ્યું છે કે "બ્રિટનના જૉન બૉવન અને જુલિયન માયકલ નામના બે નવલકથાકારનું નવલકથા લખીને ગુજરાન ચાલતું નહોતું એટલે તેમણે નાટક અને ટેલિવિઝનના ક્ષેત્રે ચાલ્યું જવું પડ્યું છે."

એક વખત જન્મભૂમિના તંત્રી વિભાગના શ્રી ત્રંબક મહેતા જે પ્રબુદ્ધ જીવનના સંપાદનનો ભાર પણ ઉપાડે છે, તેમણે મને કહેલું "તમને વિચારવાનો સમય મળે છે?" કદાચ હું ગુજરાતી પત્રકાર છું એટલે મહિનામાં ૪૫ થી ૫૦ લેખો લખીને પેટ ભરવાની દોડધામ હોય, મેગેઝિનો અને વિદેશી દૈનિકો વાંચવાના હોય અને તંત્રીઓની સમયમર્યાદામાં લેખો આપવાના હોય એટલે મને વિચારવાનો સમય ન મળે, પણ યુરોપ અને અમેરિકામાં પણ લેખકોની એ જ દશા છે. 'ગાર્ડિયન' નામના સાપ્તાહિકમાંથી ફિલિપ નેમોએ એક સરસ લેખ લખ્યો હતો. તેનું મથાળું હતું "થીંકર્સ બટ નો થોટ": અર્થાત્ વિચારકો છે પણ તેમને વિચાર કરવાનો સમય જ નથી. કેથોલિક મેગેઝિન–"એ સ્પિરિટ"ના તંત્રી શ્રી જીન મેરી ડોમેનાએ કહ્યું છે કે "હાલના ટેકનોલોજીકલ જગતમાંબૌદ્ધિકો માટે (ઈન્ટેલેક્ચુઅલ્સ માટે) કોઈ જગ્યા જ નથી એવું તેમને લાગે છે. આ બૌદ્ધિકોનો ઔદ્યોગિક જગતના નાણાં ગણનારાઓ સાથે મેળ બેસતો નથી અને આ નાણાં ગણનારાઓ આપણા કલ્ચરને ઘડી રહ્યા છે." આ નાણાં ગણનાર ઔદ્યોગિક જગતના લોકો મેગેઝિનો અને દૈનિકોના માલિક બની બેઠા છે એટલે આપણી સંસ્કૃતિ તેમના હાથમાં ચાલી ગઈ છે. ફિલિપ નેમો કહે છે કે "હકીકત એ છે કે આપણે અત્યારે કલ્ચરલ ચીજો પેદા કરવામાં પડ્યા છીએ. સંસ્કૃતિ પણ એક બજારૂ ચીજ બની ગઈ છે, અર્થાત સાહિત્ય અને કલા એ માત્ર મનોરંજનના સાધનો બની ગયાં છે. સફળતા એ જ પારાશીશી બની ગઈ છે."

લંડન ટાઈમ્સમાં સાહિત્યની કોલમ લખનારા લેખક કેનેથ એલેન અમેરિકા ગયા ત્યારે એક પુસ્તક ભંડારમાં ગયા હતા તે પછી તેમણે લખ્યું કે આ પુસ્તક ભંડારના પુસ્તકો જોઈને મારું મગજ ફરી ગયું: "એવરીબડીઝ ગાઈડ ટુ હેપિયર એન્ડ મોર સકસેસફુલ લાઈફ" "બીકમ એ ટોટલ પરસન", "થીંક એન્ડ ગ્રો રીચ", "સીસાઈપ ફોર લિવિંગ", "સકસેસ", "હાઉ ટુ બી એ ટોટલ પરસન", "હાઉ ટુ હુ યોર ઓન ડાયવોર્સ"–વગેરે મથાળાનાં પુસ્તકો ધૂમ ખપતાં હતાં. ગંભીર નવલકથાઓને કોઈ સ્પર્શતું પણ નહોતું. સફળતા મેળવ અને કોઈ પણ હિસાબે સફળતા મેળવવાના સૌ આતુર હતા. નવલકથામાં પણ ચાલુ લેખકોની સનસનાટીવાળી હેતુવિહીન કથાનકવાળી નવલકથા વંચાતી હતી.

'સ્પેક્ટર ડે રીવ્યુ'ના તંત્રી શ્રી નોર્મન કઝિન્સે તાજેતરમાં "થોટસ ઓન લીટરેચર" નામના લેખમાં ટકોર કરતાં લખ્યું છે કે "હાલની ઘણી નવલકથાઓમાં પાત્રો અને માનવો કરતાં ઘટનાઓ વધુ પડતી મહત્ત્વની બની ગઈ છે. એવું જણાય છે કે વાર્તાના પ્લોટને રસપ્રદ બનાવવા માટે જ પાત્રોનું અસ્તિત્વ છે. ઘટનાને રંગીલી બનાવવા પાત્રો રમકડાં જેવા બની ગયા છે આને કારણે વાર્તામાં પાત્રાલેખન વિકસ્યું નથી. માનવીની શકિતઓ કેટલી વિકસી શકે છે તેનું કોઈ બ્યાન આવતું નથી. માનવીને વામણો બનાવી દેવાયો છે અને ઘટનાઓ વિરાટ બની ગઈ છે... પણ સારી નવલકથા, લખવાની આ રીત નથી... ઘણા લેખકો કહે છે... અમે શું કરીએ વાચકને આવું જોઈએ છે... પણ આ વાત ખોટી છે. વાચકમાં કાંઈ ખામી નથી... કેટલાક લેખકો બહાનું ધરે છે કે વાસ્તવિક જગત એટલું રોમાંચક બની ગયું છે કે વાચકોને લેખકોની મધુર કલ્પનાઓ અને વિચારોમાં રસ નથી.' આ બહાનું ખોટું છે. વાચકોને તમે સારાં પુસ્તકો જ આપો. સારી જ વાર્તા આપો અને જરૂર એ લોકો આવાં પુસ્તકો વાંચશે. વાચકોને બધું જ સમજાય અને સો ટકા મનોરંજન આપવાથી વાચકોની સેવા નહીં થાય. પુસ્તકમાં ઘટનાઓ નહિ, પણ લેખક અને વાચકનું હૃદય હોવું જોઈએ. નોર્મન કઝિન્સ વધુમાં કહે છે કે "What is carried by the book is nothing less than the life on the mind." અર્થાત પુસ્તકમાં માત્ર સ્થૂળ ઘટનાઓ જ નથી હોતી તે અનંતકાળ સુધી કોઈના મનને જીવતું રાખે છે." પણ હવે નવલકથાઓમાં આવા ધબકતા મન કે હૃદય જોવા મળતા નથી. તુરત સમજાઈ જાય તેવા પ્લોટ-ઘટનાઓ હોય છે. એલેકઝાન્ડર પોપ નામના કવિએ બહુ જ વહેલાસર કહી દીધેલું "Some people is never learn anything because theyunderstand everything too soon." ઝટપટ દરેક વસ્તુ સમજી લેવા ઈચ્છનારો કદી જ કંઈ શીખતો નથી."

ખુદી કો છોડ, ખુદા પા

□ અજિત પોપટ

થોડા સમય પહેલાં અમે પોરબંદર કીર્તન કરવા ગયાં હતાં. ત્યાં એક મંદિરની મુલાકાત દરમિયાન પૂજારીએ કંઈક કહ્યું. મારા સાથી સરોજબહેને કહ્યું, 'અહીં ઘણા લોકો બાધાઆખડી પૂરી કરવા આવે છે, એવું કહે છે.' બાધાઆખડીની વાતથી હું વિચારમાં પડી ગયો.

બાધા એટલે શું? કોઈનો એકનો એક દીકરો માંદો હોય અને એ પચાસ સો રૂપિયાનો પ્રસાદ ધરાવવાનો સંકલ્પ કરે તો શું ઈશ્વર એના પચાસ રૂપિયાના પ્રસાદ માટે એકના એક પુત્રને સાજો કરી દે ખરો? અને સાજો કરી દે તો શું પુત્રના જીવનની કિંમત માત્ર પચાસ કે સો રૂપિયા ?

પાછળથી વિચાર કરતાં મને એનો ખ્યાલ આવ્યો કે પુત્ર સાજો તો થાય જ છે, પણ તે; ઈશ્વર પચાસ રૂપિયાના પ્રસાદનો ભૂખ્યો છે એટલે નહીં, એની પાછળ સરસ રહસ્ય છે. એ રહસ્યનો ઘટસ્ફોટ 'સુદામા ચરિત્ર'નો અભ્યાસ કરતાં લાધ્યો.

સુદામાએ માત્ર પા કે અડધો શેર પૌંઆ આપ્યા કૃષ્ણને અને કૃષ્ણે એને સાત જનમ સુધી ખાતાં નહીં ખૂટે એટલાં રિદ્ધિ-સિદ્ધિ આપ્યાં. શા માટે? એનાં બે કારણો છે: એક, સુદામાએ માત્ર પૌંઆ નહીં, એ પૌંઆ દ્વારા પોતાનું સર્વસ્વ કૃષ્ણાર્પણ કરી દીધું. આપતી વખતે પૌંઆ જ એનું સર્વસ્વ હતા. એનાં બાળકો બે દિવસનાં ભૂખ્યાં હતાં છતાં પત્નીએ પાડોશમાંથી આણેલા પૌંઆ દ્વારા એણે સર્વસ્વ કૃષ્ણને અર્પી દીધું. પૌંઆ તો પ્રતીક છે.

મિત્ર કે ભકત સર્વસ્વ આપે છે ત્યારે ઈશ્વરે પણ પોતાનું સર્વસ્વ આપવાની તૈયારી રાખવી પડે છે એટલે જ કવિશ્રી દુલા ભાયા કાગે પોતાના એક ભજનમાં બે સુંદર પંકિત મૂકી છે–

'તાંદુલ જમે ને વહાલો રોકે રાણી રાધિકા
અમને ન દેશો મોરારીરે સેવામાં રાખો આપની હોજી...'.

બીજો અર્થ છે અહંના ત્યાગનો. પુત્રની બીમારીના ઉપરવાળા દાખલાથી જ આ મુદ્દો સ્પષ્ટ કરીશ. ધારો કે એક શ્રીમંતનો એકનો

એક પુત્ર માંદો છે. એને એના પૈસાનો અહં છે: આ ડોકટર બોલાવું, પેલો ડોકટર તેડાવું, આ દવા મંગાવું, પેલું ઈન્જેકશન મંગાવું.

શહેરના સૌથી મોટા અને જેના હાથમાં યશ હોય એવા નામાંકિત ડોકટર આવે. છોકરાને તપાસે પછી ખભા ઉલાળીને કહે- 'સોરી અમારું કાંઈ ચાલે તેમ નથી. પ્રાર્થના કરો. કદાચ બચી જાય.'

આટલો સમય પૈસાના ગુમાનમાં ડોકટરો પાછળ દોડતો પિતા હવે ઈશ્વરને શરણે જાય છે અને બાધા લેતી વખતે જાણ્યે-અજાણ્યે અહંનો ત્યાગ કરે છે. 'મારા પૈસાથી મોટામાં મોટા ડોકટરને બોલાવવાનો મારો ઘમંડ ઊતરી ગયો. હવે તમારા શરણે છું. દીકરો બચી જશે તો .....' અને 'દીકરો બચી જાય છે. દરેક કિસ્સામાં એવું નહીં પણ બનતું હોય છતાં અહંના ત્યાગનું પરિણામ અચૂક અને તત્કાળ હોય છે.

'વીરા મોરા ગજથી હેઠા ઊતરો' એવું બહેનોએ મારેલું મેણું હૈયા સોંસરવું ઊતરી જતાં બાહુબલિએ અહંકાર તજ્યો અને પોતાની પહેલાં સંન્યાસ લઈ લેનારા નાના ભાઈઓને વંદન કરવા જવાનો સંકલ્પ કર્યો કે તરત કેવળજ્ઞાન થયું. અહંના ત્યાગનો એ છે ચમત્કાર.

દયારામના જીવનનો એક તથાકથિત પ્રસંગ છે. એક રાત્રે ભજન કરીને મિત્રને ઘેર ગયા. દરવાજો ઠોકયો. અંદરથી પૂછયું 'કોણ?'

'એ તો હું' જવાબ આપ્યો.

'હું ને બહાર મૂકી આવો. હુંનું અહીં કામ નથી.' અંદરથી કોઈએ કહ્યું. ઈસ્લામમાં પણ કહ્યું છે-'ખુદી કો છોડ ઔર ખુદાકો પા.' દી અને દા વચ્ચે માત્ર એક ટોપીનો ફેર છે. એ ટોપી અહંકારની છે. એ માથે ચડતાં જ ભલભલાને નશો ચઢી જાય છે.

અહંકાર બહુ સૂક્ષ્મ વસ્તુ છે. મને અભિમાન ચડે જ નહીં એવું કહેનારા ઘણીવાર પોતાના 'નિરાભિમાનીપણા'નું અભિમાન રાખતા હોય છે. એવું અભિમાન છે કે નહીં એની વ્યકિતને પોતાને ખબર ન પડે. એ તો જાણ્યે અજાણ્યે અભિમાનનો શિકાર બની જાય. નિરાભિમાની વ્યકિત પાણીથી ય પાતળી હોય.

હું વારંવાર જેમનો ઉલ્લેખ કીર્તનોમાં કરું છું એ પંડિત નાગુરામ શર્માના એક દૃષ્ટાંતથી વિરમીશ: એક શિલ્પીને કોઈ રીતે ખબર પડી ગઈ કે ફલાણા દિવસે યમદૂતો મને લેવા આવશે. એણે હૂબહૂ પોતાના જેવી ચાર પ્રતિમા બનાવી અને મૃત્યુના આગમન ટાણે એ પ્રતિમાઓ વચ્ચે સૂઈ ગયો. યમદૂતો આવ્યા. એક સરખા પાંચ જણ જોઈને મૂંઝાયા એટલે પાછા ગયા. ભગવાનની (પરમ તત્ત્વની) સલાહ લીધી.

ભગવાને યમદૂતોના કાનમાં કાંઈક કહ્યું. દૂતો શિલ્પીને ત્યાં પાછા ફર્યા. થોડી ક્ષણો વીતી. પછી એક યમદૂત બોલ્યો: 'છી...આ પ્રાતિમાનો કાન તો જુઓ કેટલો બેરોળ છે. આવો ભયંકર કાન!'

'અહંકારે ડંખ માર્યો. પેલો ઊભો થઈ ગયો: 'ખબરદાર! મારા શિલ્પમાં ખામી દેખાડવાની કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે!

યમદૂતોએ એનું કાંડું પકડી લીધું ને માંડયા ચાલવા.

હર્ષ અને શોક

હર્ષ અને શોક ખરી રીતે મનની બે જુદી જુદી સ્થિતિઓ છે અને મનને વશ રાખવું એ તમારા પોતાના હાથની વાત છે. આટલી વાત સમજવી બહુ જરૂરી છે; કારણ કે પોતાનાં સુખ-દુ:ખનું કારણ કોઈ બહારની વ્યકિત છે એમ જો તમે માની લેશો, તો એના તરફ તમે દ્વેષ કરવા લાગશો અને ઘણું કરીને ઈશ્વર ઉપર પણ દોષારોપણ કરશો. — માર્કસ ઓરેલિયસ

'દુ:ખ? કયાં છે?'

☐ મુનિ વાત્સલ્યદીપ

એક બાળક.

એણે એક સુંદર કબૂતર પાળેલું. એને એ મમતાથી પાળે અને ઉછેરે.

એક દિવસ એ કબૂતર આ દુનિયામાંથી અલવિદા થઈ ગયું! બાળક વિહ્વળ બની ગયું.

કિંતુ બીજે દિવસે એ છોકરો આનંદથી રમતો હતો. ગઈ કાલે મનથી ખિન્ન હતો, તે તદ્દન વિસરી ગયો હતો. સૌને નવાઈ લાગી: આમ કેમ? કોઈકે પૂછયું:

"તું તો આજે પ્રસન્ન છે. સીટી બજાવે છે. પેલા કબૂતરને જાણે કે સાવે ય ભૂલી ગયો! સ્વાર્થી!"

છોકરાએ સરસ ઉત્તર આપ્યો: 'તું મને એની યાદ ન આપ. એ ભૂલવા માટે તો હું સીટી બજાવું છું. એટલું તો સમજ!"

— વેદનામુકિતનો કેટલો સરળ ઉપાય? એક સીટી!

આજના માનવનો સ્વભાવ, પગમાં નાનકડી શૂળ વાગે ત્યારે પગ ચિરાયાની ફરિયાદ કરવાનો બની ગયો છે!

આપત્તિનો ઓછાયો હજી તો નિહાળે, ત્યાં પહાડ તૂટી પડયાની એ ચીસ નાખે છે!

કિંતુ એ ગુમરાહ છે.

જિંદગીને એક ધર્મશાળા માનો, તો એના ખંડોમાં અનેક મુસાફરોની જેમ હર્ષ અને શોકના પ્રસંગો આવ્યે જવાના. એનાથી સાગર કિનારે બેસીને તરંગો નિહાળતા માનવીની જેમ ધર્મશાળામાં કોઈ જ ફરક નહિ પડે.

હર્ષ અને શોકના ઝોલા વચ્ચે સ્વસ્થ જિંદગી માણવાની સુંદર કડી છે: 'સમભાવ' કોઈ પણ અતિરેકથી બચવાનો સમભાવ શ્રેષ્ઠ માર્ગ છે. અતિરેક થાય તો વિનિપાત સર્જાય. સામાન્ય વેદનાનો અંત અસામાન્ય વિનાશમાં પરિણમે એ તો કરુણ ઘટના છે.

દુ:ખ આવ્યું. વાંધો નહીં. સુખ આવ્યું, ભલે. જે આવે તેનું સ્વાગત. મનના ઉદ્વેગ વિના આવકાર. અંદરથી આનંદના આવેશ વિના આવકાર. આ સ્વસ્થતા છે. સ્થિતપ્રજ્ઞતા છે. વાત નાની છતાં સમજ મોટી છે.

જીવનના પ્રત્યેક પરોઢની સાથે આશા—નિરાશાના કિરણો ઊગે અને આથમે એ ક્રમ હંમેશનો છે. કિંતુ એની સામે અણનમ રહેવું, સ્વસ્થ જીવવું એ માનવીય ક્રમ બનવો જોઈએ.

સ્વસ્થતા અને તે પણ સમજપૂર્વિત સ્વસ્થતા એ મૂગું છતાં મોંઘું બળ છે. એ જેની પાસે છે, તે માનવી મોટો છે. દેહથી એ દરિદ્ર હોય કદાચ, દિલની એની અમીરાત મોટી છે.

સ્વસ્થ હશે તે સીટી બજાવશે અને ખુશખુશાલ રહેશે. તમે એને દીલસોજી આપવા જશો, તો એ સામેથી કહેશે: 'દુ:ખ? કયાં છે?'

જગતની કુંભી

માનવીને કદીક નજરે પડતું તાત્ત્વિક પ્રકાશનું ઝાંખું કિરણ, ઊજળા દિવસનાં ત્રિમિરને કદીક અજવાળનારું કિરણ- એ જ વધારે પાયાદાર છે, નક્કર છે, ટકનારું છે; એ જ છે જગતની કુંભી.

— મહાત્મા થોરો

પારસમણિના સ્પર્શે કેવું સુંદર પરિવર્તન....

☐ પૂર્ણિમા પકવાસા

૧૯૩૦ના સત્યાગ્રહ સંગ્રામના એ દિવસો હતા. મને છ માસની સજા થઈ હતી. સાબરમતી જેલમાં હતી. આ વખતે ગુજરાતના તેમ જ દેશના મોટા મોટા નેતા-બહેનો આ જેલમાં રાખવામાં આવ્યાં હતાં. પૂ. કસ્તુરબા ગાંધી અને મણિબેન પટેલ આ જ જેલમાં હતાં. ઉપરાંત સિંધથી પણ અઢી વર્ષની સજા પામેલાં કેદી બહેનો આવેલા જેમાં જેઠી સિપાહીમલાની, ગોપી કિપલાણી, પાર્વતી ગિદવાણી નિર્મળા લાલવાણી, આદિ સિંધની પ્રસિદ્ધ મહિલા કાર્યકરો હતાં. સાથે કૌલબાઈ, રોચ્ચા, લચ્છમી, સલોચના આદિ મળીને ૫૦ બહેનોનું જૂથ આવેલું.

પૂ. બાને ભાગવત રામાયણમાં ઘણી દિલચશ્પી એટલે બપોરના સમયે તે ધર્મગ્રંથો તેમની સમક્ષ વાંચવાનો લાભ મને મળ્યો હતો. તદઉપરાંત પ્રભાત સંધ્યાની રોજિંદી પ્રાર્થનામાં પણ ભજન ધૂન મારે જ ગાવાનાં રહેતાં હતાં.

પૂ. બાપુના ઐતિહાસિક ઉપવાસ પણ આ જ ગાળામાં થયા હતા. અમો બધાએ પ્રતીક ઉપવાસ કરેલા. પૂ. બાનું મનોમંથન અને ચિંતાનો પાર ન હતો. પણ ખૂબ ધૈર્ય, સહનશીલતા અને હિંમતપૂર્વક તેઓ સ્વયં આશ્વાસન લેતા હતા અને પરિણામ પ્રભુ ઉપર છોડતા હતા. આ દિવસોમાં અમોએ અખંડ રામાયણપાઠ અને રામધૂન ચાલુ રાખેલા. આમ બે-એક માસ વીતી ગયા અને અમો જેલના દૈનિક કાર્યક્રમમાં સારી પેઠે ગોઠવાઈ ગયાં હતાં.

એક સાંજે અમો પ્રાર્થના કરી રહ્યાં હતાં, તેવામાં જેલની અમારી બેરેકનો તોતિંગ દરવાજો ઉઘડ્યો અને ઉપર્યુક્ત ૫૦ સિંધી બહેનોને વોર્ડરણી જમુના અંદર લઈ આવી. આ બહેનો સિંધ હૈદરાબાદથી આવતી હતી. આ બહેનો આવીને તરત પ્રાર્થનામાં જોડાઈ. શ્લોક, ભજન, ધૂન અને મૌન સમાપ્ત થયા પછી સૌ પૂ. બાને પ્રણામ કરીને છૂટા પડતાં હતાં. તેવામાં પેલા નવા આવેલા જૂથમાંથી એક આધેડ વયાન બહેને મારી પાસે આવીને મારા માથે હાથ મૂકીને કહ્યું કે 'બેટી તુમ અચ્છા ગાતી હો. મેરે પાસ શાસ્ત્રીય સંગીત શિખોગી ક્યા?' આ સાંભળી મારા આનંદની સીમા ન રહી, પરંતુ વિચાર આવ્યો કે આ બહેન કોણ હશે? અને એકાએક આવો અનુગ્રહ વરસાવવાનું કારણ શું હશે? તેટલામાં તેઓએ જ કહ્યું કે "બેટી તુમ્હારા ગલા અચ્છા હૈ ઈસલિયે મૈં તુમકો સંગીત શીખાના ચાહુંગી!"

મારા પ્રશ્નોના જવાબમાં તેઓએ જણાવ્યું કે તેઓ સિંધ હૈદરાબાદના પ્રસિદ્ધ ગાયિકા સરસ્વતીબાઈ હતાં. મેં પૂછ્યું કે તમો જેલમાં શી રીતે આવ્યાં? ગાયિકાઓનું જીવન તો ઘણું વૈભવી હોય છે. તે આ જેલના કષ્ટો કેમ સહી શકશે? ત્યારે તેમણે જણાવ્યું કે 'મેં બહુ વૈભવ ભોગવ્યો છે, ઘણી કમાણી કરી છે, પરંતુ સાચી કમાણી કરવાની હજુ બાકી હતી. બાપુની હાકલ સાંભળી. મારું જીવન વૈભવશાળી જરૂર હતું પણ કથીર જેવું અને સ્વાર્થી. બાપુની હાકલે એ કથીરને કંચનમાં ફેરવી દીધું. વડીલોની સલાહની અવગણના કરીને મેં ધીકતો ધંધો છોડ્યો. જે સંગીત હું મુઠ્ઠીભર શ્રીમંતોના મનોરંજન માટે ગાતી હતી, જે મોટેભાગે શૃંગારિક ગીતો જ રહેતાં હતાં તેને બદલે હવે દેશપ્રેમના પવિત્ર ગીતો હજારો લોકોના જાગરણ માટે ગાવા લાગી. ત્યારથી મારો આ જ કાર્યક્રમ રહ્યો છે કે સભા-સરઘસોમાં ગીતો ગાવાં અને તેના ઈનામમાં આ જેલ મળી. 'કહો મેરે આનંદકી ક્યા સીમા રહી હોગી? મેં આપને જીવનકો કૃતકૃત્ય માનતી હું! સંગીતકાર હું ઈસલિયે હંમેશ સંગીતપ્રેમીઓ કી ખોજમેં રહતી હું! યહાં જેલમેં આયી તો તુમકો પાયા, બતાઓ મેરે આનંદકા ક્યા ઠિકાના. બોલો અબ કબસે તાલીમ કાર્યક્રમ શુરુ કરેં?" મેં ઉત્સાહથી કહ્યું કે "અભીસે." તેઓ ખૂબ હસ્યાં અને કહ્યું કે મને આવી જ તત્પર શિષ્યાની જરૂર હતી.

બીજે દિવસે મંગળવાર હતો. ઠરાવ્યા પ્રમાણે જેલની બેઠકના મોટા પીપળાના વૃક્ષને ઓટલે અમો મળ્યાં. તેમણે મને ગુરુદિક્ષા આપી અને મારે હાથે એક દોરો બાંધ્યો. તાલીમ શરૂ થઈ અને મને ગાવાનો શોખ ખરો, પરંતુ શાસ્ત્રીય સંગીતની મુદ્દલ ગમ ન હતી એટલે તેઓએ પ્રારંભિક સ્વરસાધના શરૂ કરાવી. મારા ગળાનો 'સા' તેમણે શોધી કાઢ્યો અને એ જ સ્વરથી 'સરગમ'નો રિયાઝ શરૂ કરાવ્યો. આવી પ્રારંભિક તાલીમ પૂરી થતાં તેમને લાગ્યું કે સ્વરનું સાતત્ય રહે તે માટે તંબુરો કે એકતારો હોય તો તાલીમમાં રોનક આવી જાય. અહીં જેલમાં તંબુરો કે એકતારો ક્યાંથી લાવવાં? પરંતુ સંગીતકારો એમ પરિસ્થિતિથી હારે તે કેમ ચાલે? સરસ્વતી-બાઈએ અમારી વોર્ડરણી જમુના પાસે એક સૂકા નાળિયેરની કાચલી મગાવી. પોતાની લેધરબેગનું અસ્તર ફાડીને પેલી કાચલી પર કસીને બાંધ્યું. કાચલીના પડખામાં એક નાનું કાણું પાડીને એક વાંસની લાકડીનો લાંબો કટકો ફીટ કર્યો. સંગીતકારોના સામાનમાં તારનાં ગુંચળા તો હોય જ. તેમણે પોતાની બેગમાંથી આવું એક તારનું ગુંચળું શોધી કાઢ્યું. પેલી વાંસની લાકડીને એક છેડે એક નાની લાકડાની કટકીને કાણું પાડીને ચાવીરૂપે ફીટ કરી તાર તેની પર વીંટાળ્યા. તેમ જ બીજે છેડે પેલી કાચલી પરના લેધર પર તેવી જ રીતે બ્રીજ જેવો એક નાનો લાકડાનો કટકો ગોઠવીને તાર જરા નીચે બાંધી દીધો. હવે ઉપરના છેડેની ચાવીથી તેઓએ તારને મારા 'સા'માં ટ્યુન કર્યો. વાહવાહ થઈ ગયો. અમારો એકતારો તૈયાર. સંગીતનું સાધન મળતાં અમો આનંદવિભોર થઈ ગયાં. તાલમીમાં નવો પ્રાણ પુરાયો. ખૂબ મજા આવવા લાગી. હવે એક બીજી મુશ્કેલી ઊભી થઈ. તે હતી તાલ માટે તબલાની. તેનો રસ્તો પણ તેમણે શોધી કાઢ્યો.

અમોને ભોજન માટે લોખંડના મોટા મોટા શકોરા આપવામાં આવતા હતા. જેમાં દાળ, કઠોળ કે શાક તેમાંથી કોઈ પણ એક વસ્તુ કેદીઓને આપવામાં આવતી હતી. સાથે જુવારના અર્ધા કાચાપાકા કાંકરીવાળા રોટલા હાથમાં રાખીને જમવાનું રહેતું હતું. એકવાર ભાજીના શાકમાંથી કાનખજૂરો નીકળ્યો. રોજ કંઈ ને કંઈ કચરો તો નીકળે જ. બીડીના ઠૂંઠાં, ઉંદરની લિંડીઓ, જીવડાં, દીવાસળીના કટકાઓ, વાળના ગુચ્છાં, દોરાના ટુકડાઓ, સીમેન્ટની કાંકરી આદિ. પણ કાનખજૂરો નીકળ્યો ત્યારે તો હદ થઈ ગઈ. તે દિવસે તો કોઈએ શાક ન ખાધું માત્ર મીઠાંની કાંકરી સાથે રોટલા ખાઈને પાણી પી લીધું હતું. એક દિવસ આખા ચણાનું કઠોળ આવ્યું. તેનો રસો સારો એવો જાડો હતો. તેમ જ ચણાને ફણગાવેલા હોય તેવા સફેદ કોંટાઓ પણ ઉપર તરતા દેખાતા. અમો રાજી થયા કે આજે તો ફણગાવેલું કઠોળ ખાવા મળશે. પરંતુ જરા ધારીને જોયું તો શકોરામાં માલૂમ પડ્યું કે તે કોંટા નહીં પણ ઈયળો હતી! અમો ત્રાસી ઉઠ્યા અને કોઈએ તે દિવસે ખાધું નહીં. આમ જેલમાં અમારા ધૈર્યની કસોટી થતી હતી.

ભોજન માટે આપેલા આ શકોરાંઓને અમો સારી પેઠે ઘસી-માંજીને ઉજળા ચમકતા બનાવી રાખતા હતા. તેવું એક તેમનું અને એક મારું શકોરું, તે બેઉને જમીન પર ઊંધા પાડીને સરસ્વતીબાઈ તબલાંની માફક તાલ આપતાં અને હું પેલો એકતારો 'ટૂમટમ ટૂમટૂમ' કરીને છેડતી. સંગીતનું સરસ વાતાવરણ જામતું. સરસ્વતીબાઈએ તે ચાર માસના ગાળામાં મને ઘણાં ગીતો લઘુખ્યાલ મિતાલાદી શીખવ્યાં. આલાપતાન લક્ષણગીતો, શાસ્ત્રીય

ગીતો, ભજનો આદિ તેમણે એટલા ભાવપૂર્વક શીખવ્યાં કે આજે પણ તે બધું સ્મરણમાં એટલું જ તાજું રચું છે. તેમાંના થોડાક નમૂનાઓ જોઈએ :

રાગ : આસાવરી

પ્રભુ મોયે ભરૂસો એક તિહારો
કર પકરત મોય, આપ ઉગારો... પ્રભુ
અંતરા
કૃપામે આસ લગી દરસનકી
ઈબ્રાહીમ કો કોઈ નહીં
તુજ વિના સહારો ..... પ્રભુ
○ ○ ○
રાગ : ભીમપલાસ

ચિંતા ન કરેં અચિંત રહોરેમના
દેયેંગા તુજકો પૈંદા કરનહાર ... ચિંતા
અંતરા
ઈત તુંહી ઉત તુહી જલ તુંહી થલ તુંહી
નૈયા હમારી પાર કરનહાર ... ચિંતા

તેમણે મને એક સિંધી ભજન પણ શીખવેલું :

અયે પરિવર મૂતે નઝર
કરી તું લાણે સાંઈ
તો તે આધાર પરિવરદિગાર
તો તે ન લાણું સાંઈ ... અર્યા
આહી તુંહી આલા, આહીં તુંહી બાલા
આહી તુંહી સારીય સૃષ્ટિ હજો આધાર
હાં ... પરિવર સરિવર અનવસ્તુ
તો તે આધાર પરિવરદિગાર
તો તે ન લાણું સાંઈ ... અર્યા

આવાં આવાં ઘણાં ગીતો આજે પણ દિમાગ અને ડાયરીમાં સંધરાયેલાં પડ્યાં છે. ત્યારથી મને શાસ્ત્રીય સંગીતનો નાદ લાગ્યો. તેમણે એવો ઊંડો નાદ ચખાડ્યો હતો કે હવે આગળ શીખ્યા વિના ચેન પડે તેમ ન હતું.

સજાની મુદત પૂરી થવા આવી હતી. તેવામાં એતિહાસિક સંધિ થઈ અને સહુ જેલમાંથી છૂટ્યા. ભાવનગર મહિલા વિદ્યાલયમાં ભણવા ગઈ. અહીં S.N.D.T. ના મેટ્રિકના કોર્સમાં સૌચ્છિક વિષયો ઘણા હતાં. તેમાંથી મેં સંગીત પસંદ કર્યું. મારી પાસે પરીક્ષામાં બેસવા માટે માત્ર દશ માસ હતા. જો સંગીતનો વિષય લઉં તો મારે છેલ્લા ત્રણ વર્ષના કોર્સના ૨૫ રાગ, પ્રત્યેકની સરગમ, લક્ષણગીત, ખ્યાલ, ત્રિતાલ આદિ કરવાં પડે તેમ હતાં. તેમાં ખ્યાલમાં સારી રીતે આલાપતાનો તૈયાર કરવાની હતી. ઉપરાંત શાસ્ત્રીય સંગીતની થિયરી, પૂરી સમજ, આરોહ-અવરોહ, રાગની જાતિ થાર આદિ વિગતોની લેખિત પરીક્ષા પણ રહેતી. તાલની તૈયારી પણ સારી પેઠે કરવી પડે તેમ હતી. અમારા ગુરુજનોએ સલાહ આપી કે તમારે જો આટલા ટૂંકા ગાળામાં મેટ્રિકમાં પાસ થવું હોય તો તમો બીજો કોઈ સરળ વિષય લઈ લ્યો. સંગીતના આટલા મોટા કોર્સને પહોંચી વળવાનું મુશ્કેલ નહીં પણ અશક્ય જ બનશે. ઉપરાંત ફરજિયાત વિષયોની પણ પાંચ-છની તૈયારી સારી રીતે કરવાની જ હતી.

આ બધી સલાહ તો તદ્દન વ્યાવહારિક હતી. પરંતુ મને તો સંગીતની જ ધૂન લાગેલી. મેં કહ્યું કે "કદાચ હું મેટ્રિકમાં પાસ ન થાઉં તો પણ મને ઓટલું સંગીત તો આવડશેને. કશો વાંધો નહીં." અને સખત મહેનતપૂર્વક સંગીત શરૂ કર્યું, ત્યાં અમારા સંગીતગુરુજી શ્રી લક્ષ્મણરાવ પટ્ટનકુડીકર હતા. તેમને મેં પરિસ્થિતિ સમજાવી અને વિનંતી કરી કે તેમો જો મને મદદ કરશો તો મારે જરૂર આ પરીક્ષામાં પાસ થવું છે. તેમણે આનંદપૂર્વક પૂર્ણ સહયોગની ખાતરી આપી. બસ ત્યારથી સવાર સાંજ તેમને નિવાસસ્થાને અને પીરિયડો દરમ્યાન શાળામાં તેમણે ખંતથી શીખવવા માંડ્યું. તે વખતે છાત્રાલયની સગવડ ન હોવાથી અમો ત્રણ અભ્યાસોત્સુક બહેનો તે વખતના મહિલા વિદ્યાલયના મકાન પાસે રાણીકામાં એક નાનું ઘર, બે રૂમ અને રસોડાવાળું ભાડે લઈને રહેતાં હતાં. મારી સાથેના બીજા બે બહેનો લાભુબેન શેઠ (મહેતા) અને સુમનબેન ભટ્ટ હતાં. આ અમારા ઘરમાં પ્રભાતના ચાર વાગ્યાથી છ વાગ્યા સુધી મેં નિયમિત રિયાઝ શરૂ કર્યો. ગુરુજી જે શીખવે તે બીજે દિવસે તૈયાર કરી જ લેવું. તેવો નિર્ણય ધાર્મિક રીતે પાળ્યો હતો. ઉપરાંત રસોઈ કરવી, પોતાનાં કપડાં ધોવાં, વાસણ માંજવા, ઘર સાફ કરવું તે બધા કામો અમે જાતે જ કરતા હતાં. તેમ જ શાકભાજી લાવવા અનાજ આદિ ચીજવસ્તુઓની ખરીદી કરવી આદિ કામો અમો વારાફરતી કરતાં હતાં. ટોટલે તેમાં પણ સમય આપવો પડતો હતો.

વેકેશનમાં મારે ઘેર રાણપુર ન જતાં ભાવનગરમાં જ રહીને સંગીતાભ્યાસ જારી રાખ્યો. મારા ગુરુજી પણ પોતાના ઘેર પુનઃ ન ગયા અને મને શીખવવામાં પૂરો સમય આપ્યો. તે દિવસોમાં રોજના લગભગ સાત કલાકની મહેનત તેઓ કરાવતા. અર્ધો સમય થિયરી અને અર્ધા સમય સંગીત શીખવતા હતા. ઉપરાંત પ્રભાતનો મારો રિયાઝ ચાલુ રહેતો. અતિ ઉત્સાહમાં રિયાઝનો અતિરેક થતાં ગળામાંથી લોહી પડવા માંડ્યું. ડોકટરે ગાવાની મનાઈ ફરમાવી. મોટી મુશ્કેલી આવી પડી. છતાં ડોકટરે હિંમત આપી કે તેમણે આપેલી ટ્રીટમેન્ટ બરાબર કરવામાં આવશે તો ત્રણ અઠવાડિયામાં ગળું ઠીક થાશે અને ગાવાની છૂટ મળશે. ડોકટરની માયાળુ ટ્રીટમેન્ટથી આખરે ગળું ઠીક થઈ ગયું અને ધીમે ધીમે ગાવાની છૂટ મળી. ગાવાની બંધી હતી તે દરમ્યાન થિયરી પાકી કરવામાં વધારે ધ્યાન આપેલું. હવે પરીક્ષાનો માત્ર એક માસ બાકી હતો. ઘણું ઘણું કરવાનું હજુ બાકી હતું. આ એક મોટો પડકાર મારી સામે હતો. પ્રભુસ્મરણ અને સરસ્વતીદેવીના આભાર સહ મહેનત ચાલુ રાખી.

મેટ્રિકની પરીક્ષા શરૂ થઈ ગઈ. થિયરી પેપર સારો ગયો. પરંતુ ખરી મુશ્કેલી તો 'વોકલ'ની હતી. તે માટે ભાવનગરમાં સેન્ટર ન હોવાથી અમદાવાદ જવું પડે તેમ હતું. ભાવનગર કેન્દ્રમાંથી સંગીતના વિષય માટે હું એક જ વિદ્યાર્થિની હતી. ટોટલે એકલી અમદાવાદ ગઈ.

ચાર પરીક્ષકોની પેનલ સમક્ષ ગાવાનું હતું. જેમાં સુપ્રસિદ્ધ સંગીતકાર અત્રે પણ હતા. બધા જ અપરિચિત ચહેરાઓ સામે મારે એકેક કલાક સુધી તેઓની ફરમાયશ અનુસાર જુદા જુદા રાગો આલાપતાન સાથે ગાવાના હતા. આત્મશ્રદ્ધા સાથે પરીક્ષા આપી. પરીક્ષા પૂરી થયા પછી મને લાગ્યું કે કોઈ ખાસ ભૂલ નથી થઈ, કશે તાલ નથી ચૂકાયો, ઠીક ઠીક રીતે ગાઈ શકાયું છે. ઓટલે છેવટે પાસ કલાસમાં ઉત્તિર્ણ તો થઈ જ જવાશે તેવો વિશ્વાસ બેઠો.

પરીક્ષા આપી મારે ઘેર રાણપુર ગઈ. લાંબી પ્રતિક્ષાને અંતે એક દિવસ ટેલિગ્રામ આવ્યો. ફફડતા મને ફોડયો. વાંચ્યો, નાચી ઊઠી. તારમાં જણાવ્યું હતું કે "તમો આખી એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં સંગીતનાવિષયમાં પ્રથમ નંબરે આવો છો. અભિનંદન" મેં મારા બન્ને ગુરુજનો સરસ્વતીબાઈ અને લક્ષ્મણરાવજીને મનોમન પ્રણામ કર્યા. આ સફળતાનું સમગ્ર શ્રેય તેમને જ ફાળે જતું હતું. પરમાત્માનો પરમ અનુગ્રહ થયો હતો. તરત દોડી ઘરનાં પૂજા સ્થાનકે ઘીનો દીવો કર્યો અને આ સફળતા પ્રભુચરણે ધરી દીધી.

સરસ્વતીબાઈ ખૂબ યાદ આવ્યાં. હર્ષનાં આંસુ વહ્યાં. વિચાર આવ્યો કે એક ધંધાદારી ગાયિકા બહેનમાં ગાંધીજીની હાકલે, પારસમણિનાં સ્પર્શે કેવું સુંદર પરિવર્તન આણ્યું! તેમણે પોતાનો ધીકતો ધંધો, ધનવૈભવ અને સુખસુવિધા છોડ્યા. અને પોતાની એ જ કલાનો દેશવાસીઓને જાગૃત કરવામાં ઉપયોગ કર્યો. કહેવાય છે કે તેમના ગીતોનો કાર્યક્રમ જે સભામાં થવાનો તે હોય ત્યાં માનવ મહેરામણ ઉભરાતો. તેઓનો "જી ભરકે" દેશપ્રેમના ગીતો ગાયાં. કેટલાયે આ ગીતો સાંભળ્યા પછી પોતાના ઘરબાર છોડીને સત્યાગ્રહ સંગ્રામમાં ઝૂકાવેલું. આવી રીતે હજારો યુવક-યુવતીઓને સત્યાગ્રહની લડતમાં ભાગ લેવાનું આકર્ષણ કરવાનું શ્રેય સરસ્વતી બાઈને ફાળે જાય છે.

ભગવાને તેમને એવા સુંદર કંઠની બક્ષીસ આપેલી કે આધેડ ઉંમરે પણ તેમના સ્વરમાં એ જ મોહિની અને જાદુ હતાં કે જેથી આપોઆપ લોકો તે તરફ ખેંચાઈ જતા. જેલની પ્રાર્થનામાં પણ તેમનાં ભજનો સાંભળીને સૌ ડોલી ઉઠતાં. પૂ. બાપુ તો તેમને "કોકિલ કંઠી"નો પ્રેમાળ ઈલ્કાબ આપેલો.

મારા જેવી એક ભટ્ટ સમાજની કન્યાને તે જમાનામાં શાસ્ત્રીય સંગીતનો નાદ લગાડનાર એ પ્રથમગુરુ સરસ્વતીબાઈને જ્યારે પણ યાદ કરું છું ત્યારે પ્રેમ અને આદરથી મસ્તક નમી પડે છે.

આશીર્વાદનું શીર્ષાસન : અભિશાપ

[] ગુણવંત શાહ

જો જાહેર માર્ગો પર ટ્રાફિક નિયમન ન હોય તો તો અકસ્માતો જ નિયમિત બની રહે. કોઈ શહેરનું સમાજિક જીવન ખોરવાઈ ન જાય તે માટે લોકો લાલ, લીલી અને પીળી ટ્રાફિક લાઈટોને પૂરા આદરથી સ્વીકારે એ જરૂરી છે. પ્રત્યેક નાગરિક આવા નિયમો કેટલી ચીવટાઈથી પાળે છે એના પર તો કેટલાય નાગરિકોની સલામતીનો આધાર રહેતો હોય છે. આવા અનેક નિયમો પાળતી વખતે આપણે કોઈ પર ઉપકાર કરી રહ્યાં હોઈએ એવું પણ નથી. આમ કરવામાં આપણી પોતાની સલામતી રહેલી છે અને આપણી સલામતીમાં આપણો સ્વાર્થ રહેલો છે એ તો સ્પષ્ટ છે.

નીતિશાસ્ત્ર [Ethics] માં મૂળ આવી વ્યાપક અને ઊંડી સમજણ રહેલાં છે. દાકતરો એમને સૅમ્પલ તરીકે વિનામૂલ્યે મળતી દવાઓ બીજાઓને વેચે નહીં એવો દાકતરી નીતિશાસ્ત્રનો એક વણ-લખ્યો નિયમ છે. એવા કેટલાક દાકતરો હશે જેઓ આ નિયમનો ભંગ કરતા હશે. એવા પણ દાકતરો છે જેઓ આ રીતે મળેલી દવાઓનો ગરીબ દરદીઓ માટે કોઈ પણ જાતના પુરસ્કાર વગર વિનિયોગ કરે. આવું જ શિક્ષણમાં પણ બને છે. ટ્યૂશન રાખવું એનો અર્થ એ નથી કે શિક્ષક પોતાના વિદ્યાર્થીને ગમે તેવી ભાંજગડ કરીને પાસ કરાવી આપે. એવું કરનારા શિક્ષકો પોતાના વ્યવસાયના નીતિશાસ્ત્રને નેવે મૂકતા હોય છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં સહજ રીતે એક યા બીજા પ્રકારનું નીતિશાસ્ત્ર સર્જાઈ રહેતું હોય છે.

એક સાચો બનેલો પ્રસંગ યાદ આવે છે. એક માણસે કોઈકનું ખૂન કર્યું. કોર્ટમાં કેસ ચાલ્યો અને ખૂની નિર્દોષ છૂટી ગયો. થોડાક દિવસો પછી એ કેસમાં સંકળાયેલા ફોજદારે ખૂન કરીને છૂટી જનારા એ આદમીને સાચી વાત શું છે તે અંગે પૂછયું. જવાબમાં પેલા આદમીએ કહ્યું: 'ખૂન તો મેં કરેલું એમાં કોઈ જ શંકા નથી, પરંતુ મારા વકીલની દલીલો સાંભળ્યા પછી મને પણ શંકા થવા માંડી કે કદાચ મેં ખૂન ન પણ કર્યું હોય! જરા શાંતિથી વિચારીએ તો જણાશે કે એ ખૂનીને બધી જાતના ગોટાળા કરીને બચાવનાર વકીલે પોતાનું નીતિશાસ્ત્ર ગીરવી મૂક્યું ગણાય. પ્રત્યેક વ્યવસાયને એનું આગવું નીતિશાસ્ત્ર [Professional ethics] હોય છે. મીટર પ્રમાણે જ ભાડું લેવું એ રિક્ષાચાલકનું વ્યવસાયી નીતિશાસ્ત્ર છે. જરૂર કરતાં વધારે કપડું ન લેવું અને વધેલું કપડું ગ્રાહકને પાછું આપી દેવું એ દરજીના વ્યવસાયમાં પડેલા માણસનું નીતિશાસ્ત્ર છે. ઓફિસમાં અગિયારથી પાંચ મન દઈને કર્તવ્ય સમજીને કામ કરવું એ પ્રત્યેક કર્મચારીનું નીતિશાસ્ત્ર છે. યોગ્ય નફો લીધા પછી તોલમાપ કે ભેળસેળના ગોટાળા ન કરવા એ પ્રત્યેક વેપારીનું નીતિશાસ્ત્ર છે. સમાજના યોગક્ષેમ માટે નાસ્તિક માણસ પણ આવો આચારધર્મ પાળે એ ઈચ્છનીય છે.

આવો સહજ આચારધર્મ પાળનારો ભગવાનમાં ન માનતો હોય તે ચાલે, પરંતુ ભગવાનની ભક્તિ કરનારો આવો આચારધર્મ ન પાળે તો સમાજમાં ગોટાળો અને મુસીબત જ વધે. ક્યારેક બને છે એવું કે કહેવાતો ધાર્મિક માણસ પણ પ્રામાણિક નથી હોતો. આ એક એવો વિસંવાદ છે જેમાંથી આપણે બચવું જ રહ્યું. દૂધમાં પાણી રેડનારો, લાંચ લેનારો, ચરણપોશી કરનારો અને બે નંબરના ધૈસા સંઘરનારો માણસ નિયમિત મંદિરે જાય તો ય શું! શું માણસ આ રીતે પોતાની જાતને કે ભગવાનને છેતરી શકે ખરો?

કહે છે કે દાણચોરો પણ પોતાના ધંધાનું નીતિશાસ્ત્ર નભાવતા હોય છે. સૌરઠના બહારવટિયાઓ અંગે પણ આપણે એવી ઘણી વાતો સાંભળી છે. જેમાં અમુક બાબતોમાં આચારમર્યાદાનો ઉત્તમ અંશ બીજાં અનેક અનિષ્ટો વચ્ચે પણ જળવાઈ રહ્યો હોય. દાખલા તરીકે પરસ્ત્રી સાથેના વ્યવહારમાં અમુક બહારવટિયાઓ પોતે જ દોરેલી લક્ષ્મણરેખાને વળગી રહેતા. આ કંઈ જેવી તેવી વાત નથી.

આચાર અને વિચાર વચ્ચેની વિસંવાદિતા સમાજમાં ઘણા ગોટાળા સર્જે છે. સાઈકલના ગવર્નર અને પેડલ વચ્ચે કોઈ જ સંવાદ ન હોય તો અકસ્માત રોકડો જ બની રહે છે. આપણે જે કાંઈ ઈચ્છતા હોઈએ તે કાયમ ઈચ્છનીય નથી હોતું. What is desired is not always desirable. આમ ઈચ્છા [desire] અને ઈચ્છનીયતા [desirability] વચ્ચેના વિસંવાદમાંથી ઘણી ખરી મુશ્કેલીઓ પેદા થતી હોય છે.

આ વિસંવાદ ઓછો હોય તેમ વળી ક્યારેક એમાં આપણી વાણી નવી મુસીબતો ઊભી કરતી હોય છે. શબ્દોની ભેટ એ માણસને મળેલું અનન્ય વરદાન છે. 'શબ્દ'નો ખરો અર્થ તો 'અવાજ' થાય છે. પ્રકૃતિમાં આવા ધ્વનિની ખોટ નથી. સમુદ્ર ઘુઘવે છે, વાદળ ગરજે છે, સિંહ ગરજે છે અને પંખીઓ કલરવ કરે છે. માણસે પણ શરૂઆત તો આવા ધ્વનિથી જ કરી, પરંતુ એ ધ્વનિમાંથી એણે વાણી જ નહીં વાગ્મિતા વિકસાવી. પોતાના અંતરમાં ઘૂંટાતી વેરણછેરણ લાગણીઓને વ્યકત કરવામાં વાણી એની મદદે આવી. પછી તો બન્યું એવું કે અંતરમાં જે હતું તેને વ્યકત કરવાને બદલે જે ન હોય તેને વ્યકત કરવા કે ક્યારેક જે હોય તેને છાવરવા માટે એણે વાણીનો ઉપયોગ કરવા માંડયો. આશીર્વાદનું જ્યારે શીર્ષાસન થાય ત્યારે અભિશાપ જ મળે ને!

આપણે ત્યાં તો શબ્દને 'બ્રહ્મ'નો દરજ્જો આપવામાં આવ્યો છે અને શબ્દ-શકિતનો ભારે મહિમા કરવામાં આવ્યો છે. ઐતરેય ઉપનિષદની પંકિતઓ આ સંદર્ભમાં ઘણી પ્રસ્તુત જણાય છે:

મારી વાણી મનમાં સ્થિર થાઓ.
મન વાણીમાં સ્થિર થાઓ.
હે સ્વયંપ્રકાશ આત્મા!
તમે મારી સામે પ્રકટ થાઓ.
હે વાણી અને મન!
તમે બંને મારા વેદજ્ઞાનના આધાર છો.
મારું જ્ઞાન મને ત્યજી જાય નહીં.
આ વેદાભ્યાસમાં જ હું રાતદિન વ્યતિત કરું.
હું ઋત હશે તે બોલીશ,
હું સત્ય હશે તે બોલીશ.
મારી રક્ષા કરો.
વકતાની રક્ષા કરો.
શાંતિ: શાંતિ: શાંતિ:

જીવનના ત્રણ મહાન પ્રવાહો છે તે છે; આચાર, વિચાર અને વાણી. આ ત્રણે મહાન પ્રવાહો મહાનદ બનીને વહેતા રહે છે. આ પ્રવાહો જ્યારે ભેગા થઈને પ્રયાગ રચે ત્યારે ઉત્કાંત માનવ્ય કોળી ઊઠે છે.

વિવેક જાગૃત થાય તો જ આમ બની શકે. આપણે ત્યાં વિવેકને ખૂબ જ મહત્ત્વ મળ્યું છે. શંકરાચાર્યે ગ્રંથ લખ્યો જેનું નામ રાખ્યું 'વિવેકચૂડામણિ.' આમ વિવેકને માથાના મુગટમાં જડવામાં આવતા રત્નનું સ્થાન મળ્યું છે.

વિવેક એ સ્વસ્થતાની પૂર્વશરત છે. સ્વસ્થતા પાંગરે છે સંવાદિતા-માંથી. સંવાદિતા ત્યારે જ શકય બને જ્યારે આચાર, વિચાર અને વાણી વચ્ચે મેળ હોય.

આવો મેળ ન હોય ત્યારે જીવનમાંથી સંગીત નથી જન્મતું. ઊતરી ગયેલા ચામડાના ઢોલકમાંથી કે વીણાના ઊતરી ગયેલા તાર-માંથી જે બેસૂરો ધ્વનિ નીકળે તેવું જ આપણા જીવનમાં બનતું હોય છે.

આપણી જીવન સાધનાનું ધ્યેય ભલે મોક્ષપ્રાપ્તિ હોય, પરંતુ એનો પાયો છે આચાર, વિચાર અને વાણી વચ્ચેની સહજ સંવાદિતા.

(આકાશવાણીના સૌજન્યથી)

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૧ : અંક : ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૧ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૧ : પરદેશ માટે શિલિંગ ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

આ તો હદ થાય છે

□ ચીમનલાલ ચકુભાઈ

અબ્દુલ રહેમાન અંતુલે સાહસિક વ્યકિત છે, બિનજવાબદાર છે, બેપરવા છે. પાપભીરૂ હોવાનો આક્ષેપ તેમના ઉપર કોઈ કરે તેમ નથી. બલ્કે ગરીબોનાં દુ:ખ ઓછાં કરવાં, પાપનો ભારો પોતાના શીરે વહોરી લેતાં ગરીબ પરવરદિગારનો ઈલકાબ પ્રાપ્ત કરવાના હકદાર થવાની તેમની મહત્ત્વાકાંક્ષા છે એમ લાગે છે. ગરીબોનાં દુ:ખ જોઈ તેમનું હૃદય દ્રવે છે. બીજાનું હૃદય પણ એવી જ રીતે દ્રવે તેના અસરકારક ઉપાયો શોધવામાં તેઓ કશળ છે તેમ પુરવાર કરવા ઈચ્છે છે. તે માટે તેમણે નવી, કલ્પી ન શકાય તેવી તરકીબો શોધી કાઢી. પૈસાદાર કે ગરજવાન લોકોના ખિસ્સામાં હાથ નાખી તેમનો બોજો ઓછો કરવામાં પોતે મોટું પુણ્યનું કામ કરે છે એમ માની, ભ્રષ્ટાચારને કાયદેસરતાનું સ્વરૂપ આપવાની તેમના ફળદ્રુપ ભેજામાંથી યોજનાઓ ઘડાઈ. બેરિસ્ટર છે એટલે કાયદા જાણતા હશે તેમ માની લેવું પડે. પોતે જે કરે છે તે અનીતિમય છે તેની કદાચ તેમને ચિંતા નહિ હોય પણ ગેરકાયદેસર છે, ગુનો છે જેને માટે જેલ જવું પડે તેની જાણ હોય તો ચિંતા કરે, યા ન પણ કરે કારણ કે ઘણા હિંમતવાન છે.

આપણાં જાહેર જીવનમાં અને જીવનના દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર હાડોહાડ વ્યાપ્યો છે અને ફૂલતો ફાલતો છે તે આપણા રોજના અનુભવનો વિષય છે. આ ભ્રષ્ટાચાર જાહેર છે, છતાં ખાનગીમાં થાય છે એવો તેનો દેખાવ રહ્યો છે. પણ ઉઘાડે છોગે, પદ્ધતિસર, લાંચ આપનાર અને લેનાર બેમાંથી કોઈ જરા પણ સંકોચ કે ભય ન અનુભવે એવો માર્ગ સૌ પ્રથમ શોધી કાઢવાનો 'યશ' અબ્દુલ રહેમાન અંતુલેને જાય છે. મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી થયા પછી, ગેરકાયદેસર છતાં કાયદેસર ગણાય એવી રીતે પૈસા મેળવવાના જેટલા માર્ગો છે તે પોતાને હસ્તક લીધા. સિમેન્ટનું વિતરણ હોય, શહેરી જમીન ટોચમર્યાદામાં મકાનના બાંધકામ માટે પરવાનગી આપવાની હોય કે એવા બીજા કોઈ પણ દ્વાર હોય તે બધાંની ચાવી પોતાની પાસે રાખી-સત્તા પર બેઠેલ વ્યકિતઓ મોટી રકમોની લાંચો લે છે તે સુવિદિત હકીકત છે, પણ તેમ કરતા હોવાનો સદા ઈનકાર કરતા આવ્યા છે. અંતુલેની એ વિશેષતા છે કે તેઓ બેધડક એમ કહે કે પોતે મોટી રકમો લીધી છે અને તેમાં કોઈ જ ગેરકાયદેસર નથી, અનીતિમય તો શેનું હોય જ?

એટલે ૬-૭ જાહેર 'ધર્માદા' ટ્રસ્ટો રચ્યા. તેના વહીવટની બધી સત્તા પોતાનેં હસ્તક રાખી - તેને આપાતાં 'દાનો' માટે કર-મુકિત - ૧૦ ટકા અથવા ૧૦૦ ટકા - મળે તેવાં સર્ટિફિકેટો ઈન્કમ-ટેક્ષ અધિકારીઓ પાસેથી મેળવ્યાં અને એવી રીતે ગરીબોનાં દુ:ખ દૂર કરવા, કહેવાય છે લગભગ ૩૦ કરોડ રૂપિયા ટૂંક સમયમાં પ્રાપ્ત કર્યા - આ એક મોટી સિદ્ધિ છે.

તેમ કરવા જતાં ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીના આત્માને ખુશ કરવાનું તેઓ ચૂકયા નહિ. ઈન્દિરા ગાંધીની પ્રતિભા અને સંજય ગાંધીનું તેજ સોળે કળાએ ખીલી ઊઠે તે માટે, આ ટ્રસ્ટો સાથે માતા-પુત્રનાં નામ જોડયાં. વર્તમાનપત્રોમાં અહેવાલ આવ્યો હતો કે સંજય ગાંધી નિરાધાર ટ્રસ્ટમાંથી લગભગ રૂપિયા સાત કરોડ ટૂંક સમયમાં અનાથો, વિધવાઓ અને ગરીબોને વહેંચ્યા. ઈન્દિરા ગાંધી પ્રતિભા પ્રતિષ્ઠાન માટે મહારાષ્ટ્ર સરકારે બે કરોડનું દાન આપ્યું. લાયક સાહિત્યકારો અને કલાકારોને ઉત્તેજન આપવા પાંચ કરોડ રૂપિયા ભેગા કર્યા.

આ દેશની પ્રજા પણ બેકદર છે કે આવા સત્કાર્યો આવકારવાને બદલે તેની ટીકા કરે છે, પણ ઈન્દિરા ગાંધી અને તેમની સરકાર, તેમનો પક્ષ અને તેમના નાણાંમંત્રી એવા નગુણા નથી. અંતુલેનો જોરદાર બચાવ કર્યો છે. આથી સત્તાસ્થાને બેઠેલ બીજી બધી વ્યકિતઓને વાજબી રીતે પ્રોત્સાહન મળશે, દરેક રાજ્યના મુખ્ય મંત્રીઓ, આવાં ધર્માદા ટ્રસ્ટો રચી પૈસાદારો પાસેથી "ઐચ્છિક" કરોડો રૂપિયા પ્રાપ્ત કરી સાચો સમાજવાદ દેશમાં લાવશે.

પણ જો આ આવું મહાન સત્કાર્ય છે તો ઈન્દિરા ગાંધી, તેની સાથે પોતાનું નામ ન જોડવા અને તે જોડાયું છે તેની પોતાને જાણ નથી એમ શા માટે કહે છે? શું, આ પુણ્યનો હિસ્સો તેમને કાંઈ નથી જોઈતો? અથવા શું એમને એમ લાગે છે કે અંતુલે તેમનું નામ વટાવી ખાય છે? તો બચાવ શા માટે કરે છે? સંજય ગાંધી તો ના પાડવા આવી શકે તેમ નથી. તેમના આત્માને પરમ શાન્તિ મળતી હશે. વિદેહ થયેલ આત્માઓની શાન્તિ અર્થે તેમનાં સગા-સંબંધીઓ દાન - પુણ્યનું કાર્ય કરતા હોય છે એવું તર્પણ અંતુલેએ સંજય ગાંધી માટે કર્યું છે. તે માટે ઈન્દિરા ગાંધીએ તેમનો ઘણો આભાર માનવો જોઈએ.

બિચારા વેંકટરામન - તેમને વિના કારણ આ બધાનો બચાવ કરવો પડયો, પણ એ તો command performance હતો. દેવીની આજ્ઞા હતી. એટલે કહ્યું કે સિમેન્ટ વિતરણ અને ઈન્દિરા પ્રતિભા પ્રતિષ્ઠાનને બિલ્ડરોએ આપેલ દાનને કોઈ સંબંધ નથી. પ્રથમદર્શી કોઈ પુરાવો નથી. કેટલીક વસ્તુ આંધળો જોઈ શકે છે, પણ દેખતો જોઈ શકતો નથી, કારણ કે તેણે જોવી નથી. મહાત્મા ગાંધીના નામને કલંક લાગે છે માટે ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન અને ગાંધીના નામ સાથે જોડાયેલ બીજી સંસ્થાઓ માટે તપાસ પંચ નીમવા

લોકસભાએ ઠરાવ કર્યો. અંતુલેના કૃત્યોની તપાસ કરવાની વેંકટરામનને કોઈ જરૂર જણાતી નથી કારણ કે આ કૃત્યોથી ઈન્દિરા ગાંધીની પ્રતિષ્ઠામાં અભિવૃદ્ધિ થાય છે! આ પ્રતિષ્ઠાનને ઈન્દિરા ગાંધીનું નામ આપવામાં આવ્યું છે. તેની ઈન્દિરા ગાંધીને જાણ ન હતી તે, માટે તેમણે સંમતિ આપી નથી એવું પણ વેંકટરામને કહ્યું-આ તો ઈન્દિરા ગાંધીને પૂછીને જ કહ્યું હશે ને? પણ દુર્ભાગ્યે એક વર્ષ પહેલાના ફોટાઓ છે. વર્તમાનપત્રોના અહેવાલો છે. એક વર્ષ સુધી ખબર ન પડી? હવે અંતુલેના ફળદ્રુપ ભેજાંએ જવાબ આપ્યો કે માતાજીએ આ પ્રતિષ્ઠાનનું ઉદ્ઘાટન નહોતું કર્યું, માત્ર સહી કરી, આશીર્વાદ આપ્યા હતા, પણ સંભવ છે સહી કરતાં આંખો બંધ રાખી હશે કારણ કે અંતુલે કહે છે કે તે સમયે તેઓ બે જ જણા હતાં. બીજું કોઈ ન હતું પણ વર્તમાનપત્રોમાં બધું આવ્યું!

વેંકટરામનનો મને થોડો પરિચય છે. બંધારણસભામાં અને પ્રથમ લોકસભામાં અમો બન્ને સાથે હતા. ૧૯૫૦માં ન્યુઝિલેન્ડમાં કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ થઈ તેમાં ભારતીય સંસદનું પ્રતિનિધિ મંડળ ગયું તેના અમે બન્ને સભ્યો હતા. ૧૯૫૩માં યુનાઈટેડ નેશન્સમાં ભારતીય પ્રતિનિધિમંડળ ગયું તેના અમે બન્ને સભ્યો હતા. વેંકટરામનનો મને જે થોડો પરિચય છે તે ઉપરથી એટલું કહી શકું કે આટલી હદે જવાની તેની હિમત નથી. બિચારાને રાત્રે કદાચ ઊંઘ નહિ આવતી હોય, પણ માતાજીની આજ્ઞા એટલે શું કરે? માતાજીએ મૌન પાળ્યું છે. આ એવો સામાન્ય બનાવ છે, જેમાં તેમણે વચ્ચે પડવાની જરૂર નથી. બેંગ્લોરમાં તેમણે કહ્યું કે, તેમને પોતાને કોઈ અકળામણ થતી નથી.

ઈન્દિરા ગાંધી આવું શા માટે કરતાં હશે? અંતુલેને કદાચ આવી અણઘડ રીત માટે અંદરખાને ઠપકો આપ્યો હશે. કદાચ ૪-૬ મહિના પછી પાણીચું આપશે. પણ અત્યારે તો તેનો જોરદાર બચાવ કરવો જ જોઈએ કારણ તેમની પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. તેમનો કોઈ સેવક ખોટું કરે તો તેનો સ્વીકાર કેમ કરાય? તો વિરોધ પક્ષો માથે ચડી બેસે, લોકોમાં નાલેશી થાય. અત્યારે તો કોઈ ખોટું થયું છે તેનો ઘસીને ઈનકાર કરવો જ રહ્યો. આવા ઈનકારથી મૂળિયા ખોદાય છે, તેની કદાચ તેમને જાણ નહિ હોય, પાપનો ઘડો ભરાય ત્યારે જ ખબર પડે.

આ બધું થોડુંક કટાક્ષમાં લખ્યું છે. લખાઈ ગયું છે. પણ અંતરમાં ઊંડો ખેદ છે. ભારે દુઃખ છે. શું થવા બેઠું છે? પાપનો આવો ઉઘાડો બચાવ? અંતુલેને દૂર કરે તો ઈન્દિરા ગાંધીની પ્રતિષ્ઠા વધશે તે વાતનું તેમને કયારે ભાન થશે? પ્રજા કયાં સુધી સહન કરશે?

વિરોધી રાજકીય પક્ષો ઈન્દિરા ગાંધીનો સામનો નહિ કરી શકે, કારણ કે એ જ રંગે તે બધા ખરડાયેલા છે. આવા ભ્રષ્ટાચાર સામે લડવા ચારિત્રશીલ પવિત્ર વ્યક્તિઓ જોઈએ. કોઈ જયપ્રકાશ જાગે? Only a moral force can vanquish such evil. આપણું અધઃપતન ચરમ સીમાએ પહોંચતું જાય છે. દરેક વિચારશીલ નાગરિકને તેની વ્યથા હોવી જોઈએ. હવે બેદરકાર રહો પોસાશે નહિ, જીવનને ઊંડો લૂણો લાગ્યો છે. ભ્રષ્ટાચાર અને જૂઠાણું એકબીજાના સાથી થાય છે ત્યારે કોઈ બચાવી શકતું નથી.

અંતુલેએ જે કર્યું તેમાં ઈન્ડિયન પીનલ કોડ અને પ્રિવેન્શન ઓફ કરપ્શન કાયદાઓનો ભંગ જણાય છે. કોણ તેની સામે પગલાં લે? વાડ ચીભડાં ગળે ત્યાં શું થાય? મહારાષ્ટ્રનો કોંગ્રેસ વિધાનસભા પક્ષ તેમનામાં વિશ્વાસ જાહેર કરે છે!

ફરી ચૂંટણી થાય ત્યાં સુધી રાહ જોવાનો સમય નથી. પ્રજાનો આત્મા જાગવો જોઈએ. આ હવે નિભાવી ન લેવાય. હદ થાય છે.

પૂરક નોંધ

આ લખાણ લખ્યા પછી, વેંકટરામને, લોકસભા અને રાજ્યસભાને, ખોટી માહિતી આપી ગેરમાર્ગે દોર્યા છે એવા આરોપસર, તેમની સામે બન્ને ગૃહોમાં વિશિષ્ટાધિકારના ભંગ માટે નોટિસો રજૂ થઈ હતી. વેંકટરામને એમ કહ્યું હતું કે પ્રતિભા પ્રતિષ્ઠાનને પોતાનું નામ આપવા ઈન્દિરા ગાંધીએ સંમતિ આપી નથી તેમજ આ પ્રતિષ્ઠાનનું તેમણે ઉદ્ઘાટન કર્યું નથી. બન્ને ગૃહોના અધ્યક્ષોએ ચૂકાદો આપ્યો છે કે વેંકટરામન કાંઈ જૂઠું બોલ્યા નથી અમે નોટિસો દાખલ કરવા પરવાનગી ન આપી. અ. ગૃ, રાજ્યસભાના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી હિદાયતુલ્લાના ચૂકાદાની સંક્ષેપમાં સમીક્ષા કરીશ. અંતુલે અને મહારાષ્ટ્ર સરકારે જાહેર કર્યું હતું કે, ઈન્દિરા ગાંધીએ પોતાનું નામ જોડવા સંમતિ આપી છે તેમજ પ્રતિષ્ઠાનનું ઉદ્ઘાટન કર્યું છે. વર્તમાનપત્રોમાં મહારાષ્ટ્ર સરકાર પ્રેરિત એવા સમાચારો અને ફોટાઓ આવ્યા છે. આ હકીકતોનો ઈનકાર થઈ શકે તેમ નથી. તો પછી આવું બન્યું કેમ? ન્યાયમૂર્તિને છાજે તે રીતે શ્રી હિદાયતુલ્લાએ તેનો તોડ કાઢયો છે. તેમણે શોધી કાઢયું છે કે અંતુલે અને ઈન્દિરા ગાંધી વચ્ચે સંવાદનો અભાવ હતો. (communication gap) ઈન્દિરા ગાંધીએ સંમતિ આપી ન હતી પણ અંતુલે એમ સમજ્યા અથવા માની લીધું કે સંમતિ આપી છે. તેથી અંતુલે અને મહારાષ્ટ્ર સરકારે એવી જાહેરાતો કરી. ઈન્દિરા ગાંધીને આ વાતની દસ મહિના પછી ખબર પડી ત્યારે તેમણે વાંધો લીધો અને અંતુલેનું ધ્યાન ખેંચ્યું અને તેમનું નામ કાઢી નાખવા કહ્યું. પણ અંતુલેને આવું માની લેવાનું કારણ શું હતું? એક દસ્તાવેજ ઉપર ઈન્દિરા ગાંધીએ સહી કરી છે. પ્રતિભા પ્રતિષ્ઠાનને લગતો આ દસ્તાવેજ છે. અંતુલે હવે કહે છે કે ઈન્દિરા ગાંધીએ પ્રતિષ્ઠાનને માત્ર આશીર્વાદ આપ્યા હતા. હિદાયતુલ્લા કહે છે કે ઈન્દિરા ગાંધીએ સહી કરી, એટલી નાની વાતનું મહારાષ્ટ્ર સરકારે મોટું સ્વરૂપ આપી દીધું છે. દસ મહિના રહીને આ કેમ ખબર પડી? હિદાયતુલ્લા કહે છે સરકારી તંત્ર બહુ ધીમું ચાલે છે. અંતમાં, હિદાયતુલ્લાએ કહ્યું, કાંઈ જૂઠું કહેવાયું હોય તો તે વેંકટરામને નથી કહ્યું- (અંતુલેએ કહ્યું?)

હકીકતમાં ઈન્દિરા ગાંધીએ જે દસ્તાવેજ ઉપર સહી કરી છે તે સંમતિપત્ર છે. એક કાયદા પ્રમાણે રાષ્ટ્રપતિ કે વડા પ્રધાનનું નામ કોઈ સંસ્થા સાથે જોડવું હોય તો તેમની પૂર્વ સંમતિ લેવી જોઈએ. એવી સંમતિ અંતુલેએ લીધી. સ્વાભાવિક રીતે, આવા દસ્તાવેજમાં 'ઈન્દિરા ગાંધી પ્રતિભા પ્રતિષ્ઠાન' એમ લખ્યું ન હોય તેમાં માત્ર પ્રતિભા પ્રતિષ્ઠાન એટલું લખ્યું હોય, તેની નીચે ઈન્દિરા ગાંધીએ સંમતિ આપી I am happy to associate myself with Pratibha Pratistan, Maharashtra ત્યારબાદ તેનું ટ્રસ્ટડીડ થયું. જેમાં આ પ્રતિષ્ઠાનને ઈન્દિરા ગાંધી પ્રતિભા પ્રતિષ્ઠાન એવું નામ આપ્યું અને એ ટ્રસ્ટ તે રીતે રજિસ્ટર થયું, ઈન્દિરા ગાંધીએ સંમતિ આપી છે એવી ખાત્રી નહોત તો ચેરિટી કમિશનર આ ટ્રસ્ટ રજિસ્ટર કરત નહિ. પણ તે પહેલાં, અંતુલે અને મહારાષ્ટ્ર સરકારે ઈન્દિરા ગાંધી પ્રતિભા પ્રતિષ્ઠાનની જાહેરાત કરી દીધી, તે નામે પત્રવ્યવહાર શરૂ કર્યો અને દાનો માગ્યા. લોકસભા અને રાજ્યસભાના અધ્યક્ષોએ પકડી લીધું કે ઈન્દિરા ગાંધીએ જે દસ્તાવેજ ઉપર કરી છે તેમાં માત્ર પ્રતિભા પ્રતિષ્ઠાન નામ હતું અને ઈન્દિરા ગાંધીનું નામ ન હતું અને અંતુલે તેમજ મહારાષ્ટ્ર સરકારે જે જાહેરાતો અને પ્રચાર કર્યો તે તેમની ભૂલ હતી.

સંભવ છે ઈન્દિરા ગાંધીએ 'આશીર્વાદ' આપ્યા ત્યારે તેમને

કલ્પના નહિ હોય કે આમાંથી આવું કૌભાંડ સર્જાશે. અંતુલેના પરાક્રમોનો તેમને ખ્યાલ ન હોય. આ બધું બન્યું અને ઉઘાડું પડયું ત્યારે પોતે સંમતિ નથી આપી તેમજ ઉદ્‌ઘાટન નથી કર્યું તેમ કહ્યું અને વેંકટારમને અલબત્ત ઈન્દિરા ગાંધીને પૂછીને બન્ને ગૃહોમાં તે પ્રમાણે જાહેર કર્યું. આ કૌભાંડમાં ઈન્દિરા ગાંધીનું નામ કોઈ રીતે સંડોવાય નહિ તે જોવા ઈન્દિરા ગાંધી તેમની સરકાર અને કોંગ્રેસ પક્ષ સ્વાભાવિક રીતે બહુ ઈંતેજાર હતો.

આ ઘટનાની એક રમુજી બાજુ છે. ઈન્ડિયન એક્સપ્રેસના અરુણ શૌરીએ ખુલ્લું લખ્યું કે વેંકટારમન જૂઠું બોલ્યા છે. તેથી શૌરી સામે રાજ્યસભામાં વિશિષ્ટાધિકાર ભંગની દરખાસ્ત રજૂ થઈ. કોંગ્રેસ પક્ષના કોઈ સભ્યે આવી દરખાસ્ત નથી કરી. બીજા સભ્યોએ કરી. આમાં ચાલાકી હતી. શૌરી સામેની આ દરખાસ્ત દાખલ થાય તો તેની પૂરી તપાસ થાય, શૌરીને બધા દસ્તાવેજો અને હકીકતો રજૂ કરવાની તક મળે. અંતુલેની ઉલટ તપાસ થાય અને તેનું પરિણામ એ આવે કે શૌરી નહિ પણ વેંકટારમન જુઠું બોલ્યા છે, તેમ પુરવાર થાય. હિદાયતુલ્લાએ ઉદારતાથી કહ્યું કે શૌરીએ આવું લખ્યું તેની હું ઉપેક્ષા કરું છું. તે કાંઈ નોંધ લેવા જેવી બાબત નથી. કોંગ્રેસ પક્ષના આગેવાન શ્રી સાલ્વેએ અધ્યક્ષને વિનંતિ કરી કે શૌરીએ જે લખ્યું છે તેને Treat it with contempt it deserves. ભલે એક કૂતરું ભસ્યા કરે. કેટલી ઉદારતા! પણ શૌરી ઓછા નથી. હિદાયતુલ્લાના ચૂકાદા પછી તેણે ફરી લખ્યું કે, વેંકટારમન જુઠું બોલ્યા છે. અને હિદાયતુલ્લાને પડકાર્યા, હકીકતો અને કાયદો પૂરો સમજી લો.

પણ, ઈન્દિરા ગાંધીએ સંમતિ આપી કે નહિ, અથવા ઉદઘાટન કર્યું કે નહિ તે પ્રમાણમાં ગૌણ બાબત છે. મુખ્ય વાત એ છે કે આવા ઉઘાડા અને વ્યાપક ભ્રષ્ટાચાર માટે ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસ પક્ષ શું કરે છે. મહારાષ્ટ્રના વિધાન સભ્યો અને ઘણાં મંત્રીઓ દિલ્હી દોડી ગયા અંતુલેને મુખ્ય મંત્રી તરીકે ચાલુ રાખવા હિમાયત કરવા. કોંગ્રેસ પક્ષનું આ કેટલું મોટું અધ:પતન છે? આ બાબતની પુરી તપાસ કરવાને બદલે, અંતુલેને શીરપાવ આપવા દોડી જાય છે. ઈન્દિરા ગાંધી હજી મૌન છે. શાલિનીતાઈ પાટિલે અંતુલે સામે ઉઘાડાં આક્ષેપો કર્યા છે. પક્ષની આંતરિક બાબતને જાહેરમાં મૂકવા માટે તેમની પાસે ખુલાસો માગવામાં આવ્યો છે, કદાચ પગલા લેવાશે. જો રાજકીય પક્ષ આવા જાહેર ભ્રષ્ટાચારને ટેકો આપે અથવા તેના ઉપર ઢાંકપીછોડો કરે તેને વિષે શું કહેવું?

૧૩-૯-૧૯૮૧

શ્રી શાદીલાલ જૈન

[] ચીમનલાલ ચકુભાઇ

શ્રી શાદીલાલ જૈનનું, ૭૪ વર્ષની વયે, ૬ ઓગસ્ટ ૧૯૮૧ના દિને મુંબઈમાં અવસાન થયું. શાદીલાલ અને તેમના કુટુંબ સાથે મને ૫૦ વર્ષથી પરિચય છે. તેઓ અમૃતસરના રહીશ. પંજાબના જૈનોમાં ખાસ કરીને સ્થાનકવાસી સમાજમાં તેમનું કુટુંબ, આગેવાન કુટુંબ છે તેથી ધર્મભાવના માટે જાણીતું છે. વિશાળ કુટુંબ છે. શાદીલાલના કાકા લાલ હરસરાય જૈને, પંડિત સુખલાલજીની પ્રેરણાથી અને આચાર્ય આત્મારામજી મહારાજના માર્ગદર્શનમાં, બનારસમાં પાર્શ્વનાથ વિદ્યાશ્રમની વર્ષો પહેલાં સ્થાપના કરી. આ સંસ્થા એમ.એ. અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ તૈયાર કરે છે, એવા સંખ્યાબંધ વિદ્વાનો આ સંસ્થામાંથી ઉત્તીર્ણ થયા છે. આ સંસ્થાએ જૈન દર્શન અને સાહિત્યના ઘણાં ગ્રંથો પ્રકટ કર્યા છે. તેમાં, જૈન સાહિત્યનો ઈતિહાસ—છ ગ્રંથોમાં—પંડિત બેચરદાસના સંપાદનમાં પ્રગટ થયો તે મહત્ત્વનું કાર્ય છે. હાલ ડો. સાગરલાલ જૈન, જેઓ આ વર્ષની જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એક વક્તા હતા, આ સંસ્થાના રાયરેકટર છે. વર્ષોથી શાદીલાલ જૈન આ સંસ્થાની દેખરેખ રાખતા અને તેના ખર્ચને પહોંચી વળવા, મહેનત કરતા.

શાદીલાલ, કેટલોક વખત કલકત્તામાં રહ્યા પછી, ૧૯૪૬માં મુંબઈ આવ્યા. શાદીલાલનું પોતાનું કુટુંબ વિશાળ છે. છ પુત્રો, ચાર પુત્રીઓ વગેરે. મુંબઈ આવ્યા પછી, જર્મન કોલેબોરેશનમાં, લાયન્સ પેન્સિલનો ઉદ્યોગ સ્થાપ્યો. અત્યારે તે કંપની પેન્સિલના ક્ષેત્રે અગ્રગણ્ય કંપની છે. મુંબઈ આવ્યા પછી, જૈન સમાજમાં અને મુંબઈના જાહેર જીવનમાં શાદીલાલ આગળ પડતો ભાગ લેતા થયા અને મુંબઈના એક આગેવાન નાગરિક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જેને પરિણામે ૧૯૭૧માં તેમની મુંબઈના શેરીફ તરીકે નિમણૂંક થઈ.

જૈન સમાજની ઘણી સંસ્થાઓમાં તેઓ સક્રિય અને આગેવાન કાર્યકર્તા હતા. ભારત જૈન મહામંડળના પ્રમુખ રહ્યા હતા અને પછી જનરલ સેક્રેટરી હતા. ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર, ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણ સમિતિ વગેરે સંસ્થાઓમાં ટ્રસ્ટી અથવા મંત્રી હતા.

મુંબઈમાં વસતા પંજાબી સમાજમાં તેમનું ઘણું માન અને આદર હતો. પંજાબી સમાજને એકત્ર કરી પંજાબ ભ્રાતૃસભાની સ્થાપના કરી, વર્ષો સુધી તેના પ્રમુખ રહ્યા. ખારમાં અહિંસા હોલનું મોટું મકાન બનાવ્યું અને હવે તેમાં હોસ્પિટલ શરૂ કરી છે. સાધુ-સાધ્વીઓના ચાતુર્માસ પણ આ હોલમાં થાય છે અને એવી જોગવાઈ ન હોય તો વિદ્વાનોને આમંત્રણ આપી—ખાસ કરી પંડિત બેચરદાસજી પ્રવચનો યોજે છે.

શાદીલાલજી સાથે મારે અતિ નિકટનો પરિચય હતો. તેઓ ખરેખર એક ખાનદાન વ્યક્તિ હતા. સૌમ્ય પ્રકૃતિના, મૃદુ ભાષી, સેવાભાવી શાદીલાલ સૌના આદરને પાત્ર થતા. તેમના પુત્રોએ વ્યવસાયનો બોજો ઉપાડી લીધો હતો એટલે શાદીલાલ જાહેર સેવાકાર્યમાં પોતાનો મોટાભાગનો સમય આપી શકતા. ઘરના સારી પેઠે સુખી હતા. વરસોવા એક વિશાળ બંગલામાં રહેતા. આતિથ્યનો શોખ હતો. સારા પ્રમાણમાં પોતે દાન કરતા અને બીજાઓ પાસેથી મેળવતા.

શાદીલાલના અવસાનથી જૈન સમાજને અને મુંબઈને એક સેવાભાવી સજ્જનની ખોટ પડી છે. તેમણે પોતાની બધી ફરજો સરસ રીતે બજાવી પોતાનું જીવન ધન્ય બનાવ્યું.

અભ્યાસ વર્તુળ

★

પ્રો. અશ્વિનભાઈ કાપડિયાનું તા. ૨૮-૮-૮૧ના રોજ "સાવિત્રી: શ્રી અરવિંદનું યોગદર્શન" એ વિષય ઉપર પ્રવચન થયું. ત્યાર બાદ ઘણાં મિત્રોની માગણી આવી કે આપણે શ્રી અશ્વિનભાઈને ફરીવાર બોલાવવા. તેને લક્ષમાં રાખીને આપણે પ્રો. અશ્વિનભાઈ કાપડિયાને "સાવિત્રી" પર ત્રણ પ્રવચનો આપવા નિમંત્રણ આપ્યું હતું અને તેનો તેમણે સ્વીકાર કર્યો છે. જેનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

વિષય: (૧) 'સાવિત્રી—વિશ્વવંદ્ય સર્જન અને તેનું મહાત્મ્ય
(૨) રાજા અશ્વપતિનો યોગ
(૩) 'સાવિત્રી'—અમરત્વનું વરદાન અને મૃત્યુની મિમાંસા

સમય: તા. ૨-૧૦-૮૧ શુક્રવાર: સાંજના ૬-૧૫ (ગાંધીજયંતી)
તા. ૩-૧૦-૮૧ શનિવાર: સાંજના ૬-૧૫
તા. ૪-૧૦-૮૧ રવિવાર: સવારના ૧૦-૦૦

સ્થળ: શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું કાર્યાલય
પરમાનંદ કાપડિયા સભાગૃહ
સૌને સમયસર પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ.
સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ વર્તુળ

એપલનો ભ્રમણકક્ષાકીય વેગ

□ મનુભાઈ મહેતા

પ્ર. જી.ના એક સુજ્ઞ વાચક શ્રી હિમ્મતલાલ વાડીલાલ શાહે અમદાવાદથી "એપલ" અંગેના લેખમાં એક ગણતરીની ભૂલ દર્શાવી તે માટે તેમનો આભાર માનવાની સાથોસાથ સાચી સ્થિતિ શું છે અને ઉપગ્રહ જેમ પૃથ્વીની વધુને વધુ ઊંચે ફરતો કરાય તેમ તેના પૃથ્વીની આજુબાજુના ભ્રમણપથમાં કેવો ફેર પડે છે અને સિંક્રોનસ સમયમાં, ઉપગ્રહ પૃથ્વીની આજુબાજુની પોતાની પરિક્રમા પૂરી કરે એવી વ્યવસ્થા કરવી હોય તો પ્રારંભમાં એને કેટલી ગતિ આપવી પડે વગેરે વિગતો અંગેનો એક લઘુલેખ લખવાનું યોગ્ય ધાર્યું છે. પૃથ્વી ની અક્ષભ્રમણ ની, કલાકના હજાર માઈલની ગતિ જેટલી એપલની ગતિ હોઈ શકે જ નહિ એ દેખીતું છે. એપલની ગતિ પૃથ્વી ની આ ભ્રમણ ની ગતિ જેટલી હોવાનું વિધાન ખોટું છે. લખતી વખતે થયેલા ક્ષણિક સ્મૃતિભ્રંશનું પણ એ કારણ હોઈ શકે. એ ગમે તે હોય તે, આપણે સાચી વાત શું છે તે જ જોઈએ.

સૌથી પહેલાં એપલની ગતિની વાત. એપલ પૃથ્વીના કેન્દ્રની આજુબાજુ પરિભ્રમણ કરે છે એટલે એના પરિભ્રમણનું જે વર્તુળ છે તેની ત્રિજ્યા ૩૬૦૦૦+૬૩૭૦ કિ. મી. જેટલી છે. આમાં ૬૩૭૦ કિ. મી. પૃથ્વીની પોતાની ત્રિજ્યાના ઉમેરવાના છે. આમ એપલ ૪૨૩૭૦ કિ.મી. ની ત્રિજ્યાવાળા વર્તુળના આકારમાં પૃથ્વીની આજુબાજુ ફરે છે. આટલી ત્રિજ્યાવાળા વર્તુળના સરકમ્ફરન્સની-પરીઘની લંબાઈ ૪૨૩૭૦×૨×૩.૧૪ એ ફોર્મ્યુલાથી નીકળે. આ ફોર્મ્યુલા પ્રમાણે ગણતરી કરતાં પરીઘની લંબાઈ ૨૬૩૭૬૦ કિ.મી.ની આવે છે. આટલું અંતર એપલ ૨૪ કલાકમાં કાપે છે તો એ એક કલાકમાં ૧૦ હજાર કિ.મી.થી થોડું વધારે અંતર કાપે છે એવો હિસાબ નીકળે એટલે આપણે સામાન્યત: એપલની ગતિ પૃથ્વીના અક્ષ-ભ્રમણની ગતિથી લગભગ ૧૦ ગણી છે એવું સ્વીકારીને ચાલવામાં હરકત નથી. શ્રી હિંમતભાઈને આ ખુલાસાથી સંતોષ થયો હશે. જો કે એપલ ઉપર અન્ય અવકાશી પિંડો તથા ખુદ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ ની જે અસર હોય છે તેનાથી આ ગતિ તથા એપલની ઊંચાઈ વગેરેમાં થોડો ફેર પડતો જ રહેવાનો. અલબત્ત આવા ફેરફારની ગણતરી વિજ્ઞાનીઓ તો કરી શકે છે. એનું ન જ્ઞાન તો અવકાશ-યાત્રીઓ ચંદ્ર પર પહોંચ્યા જ ન હોત.

હવે આપણે પૃથ્વીથી જોક્કસ ઊંચાઈની વિવિધ ભ્રમણકક્ષા-ઓમાં, પૃથ્વીની પરિક્રમા કરતા ઉપગ્રહોની વાત કરીએ.આ ઉપગ્રહોની ગતિ કોચર અને ન્યુટનના "લૉઝ ઓફ પ્લેનેટરી મોશન"ને આધીન છે; પરંતુ એ નિયમોનું વિસ્તૃત વિવરણ અત્રે ઉપયુક્ત નથી. માત્ર એટલું કહેવું જરૂરી છે કે ગતિએ ગુરુત્વાકર્ષણનો છેદ ઉડાડે છે અને તમે કોઈ અવકાશયાનને કલાકના ૨૫૦૦૦ માઈલની ગતિ આપો તો એ પૃથ્વીના ગુરુત્વાકર્ષણને મ્હાત કરીને અવકાશમાં ઊડી જાય. એનાથી ઓછી ગતિ આપો તો એ અવકાશયાન. એને અપાયેલી ગતિ અનુસાર વિવિધ આકારની ભ્રમણકક્ષાઓમાં પૃથ્વી ફરતે ફર્યા કરે.

માણસ જ્યારે દોડતો હોય છે ત્યારે એની ગતિને કારણે એના પરના ગુરુત્વાકર્ષણનું બળ સૂક્ષ્માતિ સૂક્ષ્મ પ્રમાણમાં ઓછું થાય છે અને એ જ પ્રમાણમાં એ માણસનું વજન પણ ઓછું થાય છે. આપણે ઉદાહરણ માટે ધારી લઈએ કે એ માણસને પાંખો છે અને એ કલાકના પાંચસો માઈલની ઝડપે ઊડે છે તો આ ઝડપને કારણે



એના પરના ગુરુત્વાકર્ષણનું બળ ઓછું થશે અને એનું વજન પણ એકાદ ટકા જેટલું ઓછું થશે.

આ વિચારણાને આગળ ચલાવીને આપણે ન્યુટને જેમ કર્યું હતું તેમ તોપના ગોળાનું ઉદાહરણ લઈએ. ન્યુટને પુરવાર કર્યું હતું કે તોપનો ગોળો, તોપના નાળચાંમાંથી છૂટે ત્યારે એની ગતિ જેમ વધારે તેમ એ વધારે દૂર સુધી જઈ શકે.આ ગોળાને જો કલાકના ૧૮૦૦૦ માઈલની ગતિ આપવામાં આવે અને એને પૃથ્વીની સપાટીની સમાંતર ૧૦૦ માઈલ ઊંચે છોડવામાં આવે તો અને એ ગોળા માટે હવાનો અવરોધ ન હોય તો એ ગોળો કાયમ પૃથ્વીની સપાટીથી સમાન્તર પૃથ્વીની ફરતે ફર્યા જ કરે, નીચે પડે જ નહિ,પણ હવા સાથે ઘસાઈને એની ગતિ ઓછી થઈ કે એ નીચે પડવાનો જ.

હવે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ આપણે પૃથ્વીથી જેમ ઊંચે જઈએ તેમ બેવડા પ્રમાણે નબળું પડતું જાય છે એટલે ઉપગ્રહ જેમ વધારે ઊંચે ઉડતો હોય તેમ એને પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો છેદ ઉડાડવા માટે ઓછી ગતિની જરૂર પડે. પૃથ્વીથી લગભગ બે લાખ ચોવીસ હજાર—૨,૪૦,૦૦૦ માઈલ ઊંચે ફરતો ચન્દ્ર માત્ર કલાકના ૨૩૦૦ માઈલની ગતિથી પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો છેદ ઉડાડી શકે છે અને એનું જ ચંદ્રથી ઓછી ઊંચાઈની ભ્રમણકક્ષા ધરાવતા ઉપગ્રહોનું છે. એપલ લગભગ ૨૨,૦૦૦ માઈલની ઊંચાઈએ એટલે કે ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ પૃથ્વીની આજુબાજુ ફરે છે એટલે એને પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો છેદ ઉડાડવો કલાકના ૬૨૫૦ માઈલ એટલે કે ૧૦ હજાર (દસ હજાર) કિલોમીટરના વેગની જરૂર પડે છે.

એટલે એપલ આગળના લેખમાં શરતચૂકથી કહેવાયું હતું તેમ કલાકના હજારેક માઈલની ઝડપથી નહિ, પણ લગભગ કલાકના ૬૨૫૦ માઈલની ઝડપથી પૃથ્વીની આજુબાજુ ફરે છે.

—અને ગુરુત્વાકર્ષણ તથા અક્ષભ્રમણની વાતો કરીએ છીએ તો બે રસિક વાતો કહી દેવાનું પણ મન થાય છે. ઉપગ્રહોને જો ઝાઝી ગુલાંટ ખાય એવી ભ્રમણકક્ષામાં ન છોડવા હોય અને સ્થિર ભ્રમણકક્ષામાં (જેવી કે જીયોસિન્ક્રોનસ ઓરબીટ) છોડવા હોય તો એને વિષુવવૃત્ત ઉપરના કોઈ સ્થળેથી જ છોડવા જોઈએ. આથી જ યુરોપિયન સ્પેઈસ એજન્સીએ લગભગ વિષુવવૃત્ત પર આવેલું ફ્રેંચ ગુયાનાનું કુરો નગર પોતાની પ્રક્ષેપણ પ્રવૃત્તિ માટે પસંદ કર્યું છે અને એપલ એ પ્રક્ષેપણ ક્ષેત્રમાંથી જ એરિયાન રોકેટ દ્વારા છોડવામાં આવ્યો હતો. વળી પૃથ્વીનું અક્ષભ્રમણ પશ્ચિમમાંથી પૂર્વમાં થાય છે (એથી જ સૂર્ય પૂર્વમાં ઉગીને પશ્ચિમમાં આથમે છે) એટલે એ અક્ષભ્રમણની ગતિનો લાભ ઉપગ્રહને મળે અને એને

❋ પ્રાધ્યાપક મનસુખલાલ ઝવેરી ❋

☐ પ્રા. તારાબહેન ર. શાહ

પ્રાધ્યાપક મનસુખલાલ ઝવેરીના અવસાનથી ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી અધ્યાપનના ક્ષેત્રનો એક તેજસ્વી તારો અસ્ત પામે છે. મનસુખલાલ ઝવેરી એ ગુજરાતના સંનિષ્ઠ પ્રાધ્યાપકોમાંના એક બહુશ્રુત અને વિદ્યાવ્યાસંગી પ્રાધ્યાપક હતા. કવિ તરીકે એ પ્રથમ પંકાયા અને પછી અધ્યાપનના ક્ષેત્રે પણ એમનું એટલું જ મોટું નામ થયું. મુંબઈ, રાજકોટ, પોરબંદર અને કલકત્તા એમ જુદે જુદે સ્થળે ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે એમણે જે કામ કર્યું તેમાં તેમનો સહુથી વધુ ઝળહળતો સમય તે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજનો ગણાય. એમને પોતાને પણ વિશેષ સિદ્ધિ અને આનંદનો આ જ સમય લાગ્યો છે. ૧૯૪૫માં રાજકોટ છોડી મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં તેઓ આવ્યા ત્યારે પોતાના અસાધારણ વકતૃત્વ સાહિત્યની સવિશેષ જાણકારી અને પ્રેમાળ સ્વભાવને કારણે તેમણે અનેક વિદ્યાર્થીઓનાં દિલ જીતી લીધાં. સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં દાખલ થવું અને બી.એ.માં ગુજરાતી વિષય લેવો એ તે સમયે એક ગૌરવની ઘટના બની રહી. એક સમય એવો આવ્યો કે મુંબઈમાં નવી નવી સ્થપાતી કોલેજોમાં ગુજરાતીના અધ્યાપકો તે મનસુખલાલ ઝવેરીના જ વિદ્યાર્થી હોય. અનેક વિદ્યાર્થીઓને તેમણે સાહિત્યમાં રસ લેતા કર્યા અને કાવ્ય, નાટક, વિવેચન વગેરે પ્રકારનું સાહિત્ય લેખન કરતા કર્યા. એમણે અનેક વિદ્યાર્થીઓમાં સાહિત્યિક રુચિ જગાડી અને સાહિત્યિક દૃષ્ટિ કેળવી. પ્રાધ્યાપક મનસુખલાલ ઝવેરીનાં મધ્યાહ્ન સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં લગભગ પંદરેક વર્ષો દરમિયાન પ્રખરપણે તપતો રહ્યો તેમ કહી શકાય.

પોતાના ઉષ્માપ્રાણિત, લાગણીસભર વ્યકિતત્વને કારણે તેઓ ઝેવિયર્સ કોલેજમાં 'ઝવેરીસાહેબ'ને બદલે 'મનસુખભાઈ' તરીકે વિદ્યાર્થીઓના સવિશેષ પ્રેમ આદરને પાત્ર બન્યા. મનસુખભાઈ વિદ્યાર્થીવત્સલ પ્રાધ્યાપક હતા. ઝેવિયર્સ કોલેજના તે વખતના પ્રિન્સિપાલ ફાધર બાલાગેર ઘણી વાર સ્ટાફની મિટિંગમાં કહેતા કે આપણી કોલેજમાં કેટલાયે ગુજરાતી વિદ્યાર્થીઓ દાખલ થવા આવે છે કારણ કે આપણી કોલેજમાં પ્રોફેસર ઝવેરી છે.

વિદ્યાર્થીઓને ભણાવવા માટે અને તેમની અભ્યાસની મુશ્કેલીઓ દૂર કરવા માટે તે હમેશાં તત્પર રહેતા જ્યારે પુસ્તકો ન મળતાં હોય ત્યારે તેઓ પોતાનાં અંગત પુસ્તકો વિદ્યાર્થીઓને છૂટથી આપતા. કયારેક પુસ્તકાલયમાંથી અથવા પ્રકાશકને ત્યાંથી જાતે ધક્કો ખાઈને પુસ્તકો વિદ્યાર્થીઓ માટે લાવી આપતા. ભણાવતી વખતે વિદ્યાર્થીઓની ઉચ્ચાર શુદ્ધિ અને જોડણી શુદ્ધિ પર તેઓ ખૂબ ભાર મૂકતા. તેમનું અધ્યાપન માત્ર સાહિત્યિક અભિરુચિ પૂરતું જ મર્યાદિત નહોતું રહેતું. તેઓ જીવનમાં અપનાવવા જેવા ઉચ્ચત્તમ મૂલ્યો પર વધુ ભાર મૂકતા. રામાયણ-મહાભારત કે ઉપનિષદ્‌ના પ્રસંગો, ગાંધીજીની આત્મકથા, કાકાસાહેબનો હિમાલયનો પ્રવાસ, સરસ્વતીચંદ્ર, મુનશીનાં નાટકો, કાન્તનું 'વસંતવિજય' વગેરે શીખવી તેમણે વર્ગમાં ઉચ્ચારેલાં કેટલાંય વાકયો હજુ પણ ચિત્તમાં ગૂંજ્યા કરે છે. તેમના તેજસ્વી અને જીવનલક્ષી અધ્યાપનને કારણે ઝેવિયર્સ કોલેજના ગુજરાતી વિષયનું પરિણામ હમેશાં ઘણું ઊંચું રહેતું.

મનસુખભાઈ અમારા વિદ્યાગુરુ હતા. વર્ગમાં વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરે તેવા તેમના વ્યાખ્યાનો સાંભળીને ગુજરાતી વિષય લેવા હું પ્રેરાઈ હતી. મારી બી.એ.ની પરીક્ષા ચાલતી હતી. એ દિવસો દરમિયાન વ્યાકરણ વિશેની અમારી મુશ્કેલી હલ કરવા રજાના દિવસોમાં પણ તેઓ કોલેજમાં આવતા હતા. મુંબઈની સોફિયા કોલેજમાં જ્યારે ગુજરાતી વિષય દાખલ થયો ત્યારે પોતે જાતે ત્યાં જઈ મારા માટે ભલામણ કરી આવ્યા હતા. અમે બન્ને પતિપત્ની માટે તેઓ માત્ર ગુરુ જ નહિ, પિતાતુલ્ય વત્સલ હિતચિંતક વડીલ હતા. આજે અધ્યાપનના ક્ષેત્રે અમે કામ કરીએ છીએ ત્યારે આદર્શ તરીકે મનસુખભાઈ અમારી નજર સમક્ષ રહે છે. તેમની પાસેથી અમને હમેશાં પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદ મળતાં રહ્યાં હતા.

પૂજ્ય મનસુખભાઈના અવસાનથી અમને એક વડીલ આપ્તજનની ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

[ઓલ ઈન્ડિયા રેડિયો પરથી આપેલી અંજલિ]

એપલનો શ્રમણકક્ષાકીય વેગ

(૯૦મા પાનાથી ચાલુ)

જરૂરી ગતિ આપવા માટે થોડું ઓછું બળતણ વાપરવું પડે એ માટે ઉપગ્રહને પણ છોડતી વખતે પશ્ચિમમાંથી પૂર્વ તરફની દિશા આપવી લાભદાયી થઈ પડે છે.

છેલ્લે ગુરુત્વાકર્ષણ અંગેનો એક ટુચકો કહે છે કે ન્યુટન પોતાના ઘરના બગીચામાં બેઠો હતો ત્યાં એણે સફરજનના એક ઝાડ પરથી સફરજન નીચે પડતાં જોયું અને એને પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો ખ્યાલ આવ્યો. ઘણા વિજ્ઞાનીઓ આને દંતકથા જ માને છે કારણ કે ન્યુટન પહેલાં પણ કેટલાંક વિજ્ઞાનીઓએ, ગુરુત્વાકર્ષણ જેવું કોઈ બળ હોવાનો અણસાર આપ્યો હતો. આમ છતાં આજે પણ બ્રિટનની, ખગોળશાસ્ત્રીઓની સર્વોચ્ચ સંસ્થા રોયલ એસ્ટ્રોનોમિકલ સોસાઈટીના સંગ્રહાલયમાં, ન્યુટને, સફરજનના જે ઝાડ પરથી સફરજન નીચે પડતું જોયું હતું તે ઝાડનું થડ સાચવી રાખવામાં આવ્યું છે. ૧૬૫૦ પછીના વર્ષોમાં ન્યુટને ગુરુત્વાકર્ષણની વાત કહેવા માંડી હતી એટલે આ થડ ઓછામાં ઓછું ૩૦૦ વર્ષ જૂનું તો છે જ. પણ પ્રશ્ન એ છે– ન્યુટનના બગીચામાંના ઝાડનું જ એ થડ હશે?

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૯-૧૦-૮૧ શુક્રવારના રોજ સાંજના ૫-૩૦ વાગે સંઘના કાર્યાલયમાં મળશે. તેની નોંધ લેવા વિનંતી.

વિગતથી જાહેરાત ૧લી તારીખના અંકમાં પ્રગટ થશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર વધુને વધુ લોકપ્રિય થતી જાય છે. આ વર્ષે બુધવાર તા. ૨૬મી ઓગષ્ટથી ગુરુવાર તા. ૩જી સપ્ટેમ્બર સુધી એમ નવ દિવસ માટે વ્યાખ્યાનમાળા મુંબઈમાં ગોપાટી પર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. રોજ સવારે સાડા આઠથી સાડા નવ અને સાડાનવથી સાડાદશ એમ બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. શ્રોતાઓ રોજ લગભગ સાત વાગ્યાથી આવી જતા હતા અને રોજ ઓછામાં ઓછા બે હજાર શ્રોતાઓ આ વ્યાખ્યાનોનો લાભ લેતા હતા. કોઈ કોઈ દિવસ તો શ્રોતાઓની સંખ્યા ચાર હજારથી પણ વધુ થઈ ગઈ હતી.

વ્યાખ્યાનોના સમય પહેલાં પંદર મિનિટ કે બાકીનો કલાક પ્રાર્થના અને ભક્તિસંગીતનો કાર્યક્રમ રહેતો. રજાના બે દિવસે બે વ્યાખ્યાનો પછી અનુક્રમે શ્રી ઈન્દુબહેન ધાનકનો અને શ્રી સુમતિબહેન શાણવાળાનો ભક્તિસંગીતનો કાર્યક્રમ યોજાયો હતો.

આ વખતની વ્યાખ્યાનમાળાની વિશિષ્ટતા એ હતી કે બે જૈન મુનિ મહારાજ પૂજ્ય મુનિશ્રી અરુણવિજયજી અને પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ પણ વ્યાખ્યાન આપવા માટે પધાર્યા હતા.

પહેલે દિવસે પ્રથમ વ્યાખ્યાન શ્રી શશિકાન્ત મહેતાનું હતું. એમનો વિષય હતો 'ઈરિયાવહિ–' મૈત્રી અને મનોગુપ્તિનો યોગ.' એમણે કહ્યું હતું કે ઈરિયાવહિ એ માત્ર જડ ક્રિયા નથી. ઈરિયાવહિ સૂત્રની રચના કરીને ગણધર ભગવંતે સાધનાની ગુરચાવી આપી છે. ઈરિયાવહિ દ્વારા પાપનું પ્રક્ષાલન કરવાનું છે. બીજા જીવ પ્રત્યે આપણાથી ઊઠતાં, બેસતાં, હાલતાં, ચાલતાં જે વિવિધ પ્રકારની હિંસા થાય છે તે માટે તે જીવોની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા માગવાની છે. જ્યાં સુધી નિર્મળ બુદ્ધિથી આ ક્ષમા માગીને બીજા જીવો પ્રત્યે મૈત્રીનો ભાવ આપણે ધારણ ન કરીએ ત્યાં સુધી બીજી કોઈ પણ ધાર્મિક ક્રિયા કરવાને માટે આપણે પાત્ર બનતા નથી. એટલા માટે ઈરિયાવહિ એ ધર્મવૃક્ષનું મૂળ છે એમ કહેવાય છે. જીવો સાથેની મૈત્રી વગર જિનેશ્વર ભગવંતની ભક્તિ પણ અધૂરી રહે છે. કારણ કે ઋણમુક્તિ વગર મુક્તિ એટલે કે મોક્ષ માટે પાત્રતા આપણે પૂર્ણ છે. ઈરિયાવહિ પછી આપણે અપૂર્વકરણ વિશુદ્ધિકરણ અને નિઃશલ્યપણું સિદ્ધ કરવાનું છે જેના વડે આપણે મનોગુપ્તિ સાધી શકીએ છીએ.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રી કિરણભાઈનું હતું. એમનો વિષય હતો: 'જપ અને અજપા.' એ વિષય પર બોલતાં એમણે કહ્યું કે પિંજરામાં પુરાયેલા પંખીને મુક્તિનો સંદેશો અન્ય મુક્ત પંખી જ આપી શકે છે. પિંજરામાંથી મુક્ત થવું હોય તો પિંજરામાં મરીને જીવવાનું છે. જાપ એ પરિપૂર્ણ વિજ્ઞાન છે. પ્રત્યેક જાપને અજપા બનાવવાનો છે. મનને વાણીમાં કેન્દ્રિત કરવાનું છે. જાપ કરીને પ્રભુમિલન માટે ઉત્કટ ભાવ કેળવવાનો છે. જાપમાં પ્રાણ પરોવવો પડે છે. અજપા સહજ છે. જાપ શબ્દાનુસંધાન છે. અજપા અર્થાનુસંધાન છે, સ્વરૂપાનુસંધાન છે અને તત્ત્વાનુસંધાન છે.

બીજે દિવસે પ્રથમ વ્યાખ્યાન ડૉ. કુમારપાળ દેસાઈનું હતું. એમનો વિષય હતો: 'દુઃખની શોધ.' એમણે કહ્યું હતું કે દુઃખના અનુભવ વગર જીવનનો ઘાટ ઘડાતો નથી; જીવનનો સાચો અર્થ સમજાતો નથી. વેદના પછીનો આનંદ વધુ ચિરંજીવી હોય છે. આજે માનવી ભ્રામક માન્યતાઓ અને ખોટા નૈતિક ખ્યાલોથી પીડાય છે. અજ્ઞાનને લીધે દુઃખી થાય છે. સલામતીની શોધમાં આસક્તમાત બની ગયો છે. માણસની મોટી દ્વિધા એ છે કે એ જીવે છે વર્તમાનમાં અને પગ રાખે છે ભૂતકાળમાં. વર્તમાનના પ્રશ્નોના ઉત્તર ભૂતકાળમાંથી મેળવવા જાય છે જ્યાંથી કેટલીક વાર સાચો જવાબ નથી મળતો. માણસની ઈચ્છાઓનો અંત નથી. એ અગણિત ઈચ્છાઓ જ જીવનવૃક્ષના મૂળિયાં કાપતી રહે છે. જીવનવૃક્ષનો વિકાસ નથી થતો. જે ડરે છે એની સાથે દુઃખ વધુ રહે છે. જે ડરતો નથી તેનાથી દુઃખ ડરે છે. દુઃખને સાચી રીતે ઓળખવાની જરૂર છે. માત્ર દુઃખનાં ગાણાં ગાયા કરવાનો અર્થ નથી.

એ દિવસે બીજું વ્યાખ્યાન પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપનું હતું. એમનો વિષય હતો: 'એકાંતે કોલાહલ.' એમણે કહ્યું હતું કે મન, વચન અને કાયા- એ ત્રણ ગઢ જીતવાના છે. આત્મા એ જ પરમાત્મા છે. મનુષ્યથી મોટું કશું નથી. આજે Mercy Killing ની ચર્ચા થઈ રહી છે. દયા પ્રેરિત હત્યા કે જેમાં દુઃખી, અશક્ત મૃત્યુના આરે પહોંચેલા માનવીને મારી નાખવો જોઈએ, પણ એ બરોબર નથી. કારણ કે સૌને જીવવાનું ગમે છે, મરવાનું કોઈને ગમતું નથી. બીજાને મરવા દેવાનું નક્કી કરનાર આપણે નથી. મનુષ્યત્વ દુર્લભ છે. માનવતા દુલભ છે. આખરે સૌ પોતપોતાનાં કર્મ અનુસાર સુખ દુઃખ ભોગવે છે. જીવનમાં હર્ષ અને શોક તો આવ્યા જ કરશે. સમભાવ કેળવી બીજાને માટે સંવેદના અને કરુણાનો ભાવ કેળવવાનો છે. જ્યારે સમજીશું કે મૃત્યુ એ એક દેહ છોડી બીજો દેહ ધારણ કરવાની ક્રિયા છે ત્યારે મૃત્યુ દોહ્યલું નહીં લાગે, જીવન જીવવા જેવું છે કે છોડવા જેવું છે એમ કશું જ નહીં લાગે, માટે જ આનંદઘનજીએ તો કહ્યું છે– 'અબ હમ અમર ભયે, ન મરેંગે.'

ત્રીજે દિવસે પ્રથમ વ્યાખ્યાન પ્રો. અશ્વિનભાઈ કાપડિયાનું હતું. એમનો વિષય હતો: 'સાવિત્રી: શ્રી અરવિંદનું 'યોગદર્શન'. એમણે કહ્યું હતું કે પરમાત્મા સાથે જીવનપદાર્થનો નાતો છે. આવનાર યુગના જ્યોતિર્ધર શ્રી અરવિંદે ચોવીસ હજાર પંકિતના મહાકાવ્ય 'સાવિત્રી'માં સમગ્ર બ્રહ્માંડના વિષયોને આવરી લીધા છે. માનવજીવનને સ્પર્શતો કોઈ વિષય એવો નથી જેના ઉપર શ્રી અરવિંદે મૌલિક, પ્રગલભ અને અનુભવજન્ય ચિંતન ન કર્યું હોય. માનવ જીવતાંજીવતાં પણ પરાચૈતન્યના પ્રવાહનો અનુભવ કરી શકે છે. આધ્યાત્મિકતા અનુભવનો વિષય છે અનુકરણનો વિષય નથી. આવનાર યુગને નવા માનવત્વની પ્રાપ્તિ થવાની છે. આ ગ્રંથમાં સર્વ દર્શનોનો સમન્વય થયો છે. એમાં જીવન અને મૃત્યુ તથા પ્રેમ અને ધર્મની મીમાંસા છે. શ્રી અરવિંદનો સુપરમેન એ પરમાત્માનું ઋષિ સ્વરૂપ છે. પશ્ચિમના જગતના મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને સાપેક્ષવાદનો સિદ્ધાંત રજૂ કર્યો તે ભારતમાં હજારો વર્ષ પહેલાં ઋષિ-મુનિઓ આ બધું ઈશનો આવાસ છે, એ રીતે સત-ચિત-આનંદ રૂપે જોતા હતા. જીવનનું એકમાત્ર સત્ય ચૈતન્યરૂપે ચિરંજીવ રહ્યું છે. તે દિવસે બીજું વ્યાખ્યાન ડૉ. સાગરમલજી જૈનનું હતું. એમનો વિષય હતો 'જૈન ધર્મકી મનોવૈજ્ઞાનિકતા.' એમણે કહ્યું હતું કે સંસારરૂપી ધર્મશાળામાં જો આ ચાર પ્રશ્નોના ઉત્તર ન આવડે તો ધર્મશાળામાં રહેવાનો અધિકાર નથી. એ પ્રશ્નો છે: તમે કોણ છો?

કયાંથી આવ્યા છો? શા માટે આવ્યા છો? અને કયાં જવાના છો? આત્મા અમૂર્ત છે. ત્યાં બુદ્ધિની પહોંચ નથી. આત્મજ્ઞાન વિના કોઈ ગતિ નથી. આત્માને આત્માનાં કાર્યો દ્વારા સમજી શકાય છે. નિર્ગ્રંથ થવાને માટે મનને જાણવાની જરૂર છે. દરેક વસ્તુનું કારણ મન છે. આપણે મનના બગાડને ઢાંકી દઈએ છીએ એને જો ઉઘાડીશું તો જ ઘૃણા પેદા થશે અને તેને દૂર કરવા પ્રવૃત્ત થઈશું. આત્મા સમત્વરૂપ છે અને સમત્વ પ્રાપ્તિ કરવી એ એનું ધ્યેય છે. ચિત્તનાં ત્રણ કાર્ય છે: જાણવું, અનુભવવું અને સંકલ્પ કરવો. એને જ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય કહી શકાય.

બહિરાત્માથી પરમાત્માની પ્રક્રિયા મનથી જ શક્ય છે.

સુખ વસ્તુમાં શોધીએ છીએ પણ સુખ તો અંદર છે. રાગ દ્વેષને જોડયા વગર સાક્ષીભાવે જોવાથી દુઃખનું કારણ ઊભું નથી થતું.

ચોથે દિવસે પ્રથમ વ્યાખ્યાન ડૉ. નરેન્દ્ર ભાનાવતનું હતું. એમનો વિષય હતો 'ક્ષમા: સ્વરૂપ ઔર પ્રક્રિયા' એમણે કહ્યું હતું કે ક્ષમા એ જીવનની વસંત છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનના સમયમાં મનુષ્યની પ્રકૃતિ અતિ સરળ હતી. તે ભૂલ કરે તો તરત માફી માગી લે. પછી બીજા તીર્થંકરથી ત્રેવીસમા તીર્થંકર સુધી માણસ ઋજુપ્રાજ્ઞ હતો. બુદ્ધિનો વિકાસ થયો. ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના સમયમાં માણસ વક્ર અને જડ બની ગયો. પૃથ્વી ક્ષમાનો અવતાર છે, તે બધાં દુઃખ સહન કરે છે. ક્ષમા બધા ગુણોની જનની છે. ક્ષમાથી સંયમ અને વિનય આવે છે. ક્રોધનો અભાવ તે ક્ષમા એમ નથી. ક્ષમા, ક્રોધ વગર પણ હોઈ શકે. ક્રોધ વેરમાં પરિણમે છે. વેર એ ક્રોધનું અથાણું છે. ક્ષમા માગવામાં અહમ્ નડે છે. શેરડીમાં જ્યાં ગાંઠ હોય ત્યાં રસ ન હોય તેથી ક્ષ એટલે ગાંઠ અને મા એટલે નહીં, એમ કહ્યું છે. જે વીર હોય તે જ ક્ષમા આપી શકે તેથી જ ક્ષમાવીર કહેવાય છે. જ્યાં ક્ષમા તો આનંદ છે.

તે દિવસે બીજું વ્યાખ્યાન આચાર્યશ્રી જયેન્દ્ર ત્રિવેદીનું હતું. એમનો વિષય હતો: 'માણસ' મોળખું અને મૂલ્ય.' એમણે કહ્યું હતું કે મૂલ્યો વીસરાઈ જાય છે. મોળખાં રહી જાય છે. શિક્ષણ, આરોગ્ય, ન્યાયતંત્ર બધી જ જગ્યાએ માણસ ભૂલાતો જાય છે અને વ્યવસ્થાતંત્ર મુખ્ય બની રહે છે. આ ઉપરાંત રાજકારણમાં તો ખાસ આમ બન્યું છે. નહીં તો આઝાદી પછી આટલાં વર્ષે સાઠ ટકા પ્રજા ગરીબીની રેખા નીચે જીવતી હોય છતાં પ્રજાપાલકો-દેશ નેતાઓ સુખચેનથી કેમ રહી શકે? શિક્ષણ દ્વારા માત્ર શિક્ષિત બેકારો પેદા થાય છે. દર વર્ષે આડત્રીસસો કરોડ રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચાતા નથી પણ વેડફાય છે. મેડિકલ કાઉન્સિલ તબીબી ક્ષેત્રે જુદો અભ્યાસક્રમ મૂકવા નથી દેતી જેથી ગામડાં સુધી દાકતરો પહોંચે. પણ ત્યાં યોગ્યતા વગરના બિનકેળવાયેલા દાકતરો લોકોને મોંઘી દવાથી સસ્તા મૃત્યુની ભેટ ધરે છે. લોકશાહીમાં મોળખું કામ ન કરે તો તેને બદલવા જરૂર વિચારવું જોઈએ.

પાંચમા દિવસે પ્રથમ વ્યાખ્યાન ડૉ. ગુણવંત શાહનું હતું. એમનો વિષય હતો: 'અર્જુનનો નહિ, આપણો વિષાદયોગ.' એમણે કહ્યું કે ન્યૂટ્રોન બોમ્બની ખૂબી એ છે કે એ ઘોંઘાટ વગર વિનાશ સર્જે છે. શું આપણે ઘોંઘાટ વગર પ્રેમ ન કરી શકીએ? ન્યૂટ્રોન બોમ્બ બધું ભેદી શકે છે તો આપણે આપણી ગ્રંથિઓને ભેદી ન શકીએ?

આજે માનવજાતે, વનસ્પતિ, પ્રાણીમાત્ર અને ધરતીના કણેકણને ચાહવાનું છે. વિનાશ પછી વિજયનો સ્વાદ કેવો તૂરો હોય છે તેનો અનુભવ પાંડવોને થયો હતો. ૧૧મી ફેબ્રુઆરી ૧૯૩૩ના પૂનાથી પ્રસિદ્ધ થયેલા હરિજન બંધુના પ્રથમ અંકમાં કોઈએ ગાંધીજીને પૂછ્યું હતું: 'તમે જે ઉપવાસ કરો છો તે કોઈ પર દબાણ લાવવા માટે તો નથી?' ગાંધીજીએ કહ્યું હતું: 'મારા આત્માની વ્યથિત વેદનાની પ્રાર્થના રૂપે ઉપવાસ છે.' આજે વિષાદ પછી યુદ્ધની નહીં, પ્રાર્થના અને પ્રેમની જરૂર છે. વિશ્વના ત્રેપન નોબેલ પુરસ્કાર વિજેતાઓએ નિવેદન કર્યું છે કે આજના જગતની વિષમતા માટે આજની વ્યવસ્થા જવાબદાર છે. એને બદલવા માટે ગાંધીજીના સવિનય કાનૂન ભંગની જરૂર છે.

તે દિવસે બીજું વ્યાખ્યાન પ્રો. પુરુષોત્તમ માવળંકરનું હતું. એમનો વિષય હતો: 'એકલો જાને રે!' એમણે કહ્યું હતું કે કટોકટીના કાળ કરતાં આજે અબોલપણું વધી રહ્યું છે. સૌ ચૂપ રહેવામાં માને છે તેથી કદાચ ભૌતિક સુખસગવડો સહેલાઈથી મળી જતાં હશે! આજે દુનિયાને એકલવીરની જરૂર છે. સોક્રેટિસ અને ગાંધીજી આ પ્રકારના એકલવીર હતા. એકલો જનાર એકત્રવાયો નથી, એ પાછળ જોતો નથી, અનુયાયીઓ શોધતો નથી, કોઈની રાહ જોતો નથી. ઓછો સામાન લઈને પોતાના નિશ્ચિત ધ્યેય તરફ મક્કમ ડગલાં ભરે છે. એ રાજમાર્ગ લે છે. રાજમાર્ગ નથી લેતો. એ નિર્ભય, નિરાભિમાની અને નમ્ર હોય છે. એ વિરોધીઓની અવગણના નથી કરતો. સમાજ સાથે એને ઘનિષ્ઠ સંબંધ છે. એ આતડો નથી. આમ એકલા જનારમાં વીરદર્શન કરવાનું છે. વ્યક્તિપૂજા નહીં. આજના સમયમાં જે મૂલ્ય હ્રાસ, દુરાચાર, અત્યાચાર, અનાચાર અને શરમહિન ચોરીઓ થાય છે તે સામે જેહાદ જગાડવા એકલવીરની જરૂર છે.

છઠ્ઠા દિવસે પ્રથમ વ્યાખ્યાન શ્રી હરીન્દ્ર દવેનું હતું. એમનો વિષય હતો 'સ્વપ્ન અને અવતારસ્વપ્નો.' એમણે કહ્યું હતું કે માનવીને આવતા સ્વપ્નો વિશે આધુનિક મનોવિજ્ઞાને જગતમાં જે શાસ્ત્ર વિકસાવ્યું છે, તે ભારતમાં અઢી હજાર વર્ષ પહેલાં હતું. સ્વપ્ન વિશે ભારતીય પરંપરામાં વિગતવાર વિચાર થયો છે. સ્વપ્ન દ્વારા માર્ગદર્શન મેળવી, નિદાન અને ચિકિત્સા પણ થઈ શકે છે. આપણા ઘણાં મંદિરોની સ્થાપના પાછળ સ્વપ્નોની વાત રહેલી છે મનોવિજ્ઞાન ત્રણ અવસ્થાઓ કહે છે: જાગૃત, અર્ધજાગૃત અને અજાગૃત, પણ સ્વપ્નો વિશે ભારતીય શાસ્ત્રોમાં ચેતનાની પાંચસો બાર અવસ્થાઓ વર્ણવી છે. ભગવતી સૂત્રને અનુસરી ભદ્રબાહુ સ્વામીએ કલ્પસૂત્રમાં સ્વપ્ન અને મહાસ્વપ્નની વાત કરી છે. હિન્દુ પરંપરા કરતાં બૌદ્ધ અને જૈન પરંપરામાં અવતાર સ્વપ્નોનાં ઘણા પ્રમાણ મળે છે. ભગવાન બુદ્ધની માતા માયાદેવીને સ્વપ્ન આવ્યાં હતાં અને ભગવાન મહાવીર સ્વામીની માતા ત્રિશલાદેવીને પણ ચૌદ સ્વપ્નો આવ્યાં હતાં, જેનો સ્વપ્નપાઠકોએ અર્થ કહ્યો હતો. ખ્રિસ્તી અને ઈસ્લામ પરંપરામાં પણ સ્વપ્નનાં પ્રમાણો મળે છે. તેમ આદિવાસી જાતિઓમાં પણ અમુક સ્વપ્નના અમુક અર્થ થાય છે અથવા અમુક બનનાર ઘટનાની તે આગાહીરૂપ મનાય છે.

તે દિવસે બીજું વ્યાખ્યાન પૂ. મોરારી બાપુનું હતું. એમનો વિષય હતો: 'રામાયણમાં સંસ્કૃતિ દર્શન.' એમણે કહ્યું હતું કે સંસ્કૃતિમાં રામાયણનું દર્શન થાય છે અને રામાયણમાં સંસ્કૃતિનું દર્શન થાય છે. રામાયણનું દર્શન એટલે એકવચન, એક પત્નીવ્રત, નિઃસ્વાર્થ ભ્રાતૃભાવ, દિવ્ય દાંપત્ય વગેરે. સંસ્કૃતિનાં આ ઉમદા લક્ષણો જ છે. તુલસીદાસના રામ એ રાજમહેલ કે અયોધ્યાના રામ નથી. એ તો આશ્રમમાં રહેતા રામ છે. ઈશ્વરના સાક્ષાત્કારનો દરેકે

દરેક વ્યકિતને જન્મ સિદ્ધ અધિકાર છે.

સજ્જનમાં દુર્ગુણ દબાઈ જાય છે. સંતમાં નિર્મૂળ થઈ જાય છે. જેનો સ્વભાવ ખાલી છે, તેનો પ્રભાવ ભરેલો છે. આ દેશની સંસ્કૃતિ એવી મહાન છે કે એ બોલનારને આદર આપે છે અને આચારનારને આધીન થાય છે. શબરીનાં કપડાં ફાટેલાં હતાં. સંસ્કાર ફાટેલાં ન હતા. રામરાજ્ય એટલે માત્ર ધર્મ રાજ્ય નહીં, પણ પ્રેમ રાજ્ય અને ભાવ રાજ્ય પણ ખરું જ. તુલસીદાસના રામાયણમાં સ્વીકાર, સમન્વય અને સેતુબંધનાં દર્શન થાય છે.

સાતમા દિવસે પ્રથમ વ્યાખ્યાન ડો. હીરાબેન બોરડિયાનું હતું. એમનો વિષય હતો : "જૈન સાહિત્ય મેં માતા કા સ્થાન". એમણે કહ્યું હતું કે તીર્થંકરની માતાને ઈન્દ્ર અને દેવતાઓ પ્રણામ કરે છે. મરુદેવી માતા ભગવાન ઋષભદેવ કરતાં પહેલા મોક્ષમાં ગયાં. સીતા માતાએ લવકુશમાં એવા સંસ્કાર રેડયા કે તે જોઈને રામ પણ ચકિત થઈ ગયા. જૈન સાહિત્યમાં દેવકી, કૈકેયી, દેવાનંદા, ચેલ્લણા, ધારિણી, મદાલસા, અરણિક મુનિની માતા, હેમચંદ્રાચાર્યની માતા વગેરે માતાઓને ત્યાગમૂર્તિ અને સંસ્કારમૂર્તિરૂપે નિરૂપવામાં આવી છે. તે જ પ્રમાણે શિવાજી, ગાંધીજી, વિનોબા વગેરેની માતાઓએ પણ પોતાનાં બાળકોમાં કેવા ઉદાત્ત સંસ્કાર રેડયા હતા તે આપણને જોવા મળે છે. આજની માતાઓએ પોતાના બાળકોને બીજાના હવાલે મૂકી ન દેતાં, જાતે સંસ્કારસિચન માટે જાગૃત રહેવું જોઈએ.

તે દિવસે બીજું વ્યાખ્યાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું હતું. એમનો વિષય હતો: 'સ્વસ્થ સમાજ' એમણે કહ્યું હતું કે આજે વિષાદ અને કોલાહલ વધતાં જાય છે. મોટા ભાગના લોકોને રોટીની ચિંતા છે. કેટલાકને મનની અશાંતિ છે. અશાંતિ માટે એક તો પોતાનું મન જવાબદાર અને બીજું આસપાસનો સમાજ જવાબદાર છે. માણસ સંબંધો બાંધે છે અને એમાં અટવાતો જાય છે. વૈજ્ઞાનિક શોધો, યાંત્રિક સાધનો વધતાં જાય છે તેની સાથે સમસ્યાઓ વધતી જાય છે. સમાજ શાંત ન હોય તો વ્યકિત ગમે તેટલું ધ્યાન ધરે પણ શાંતિ નથી જ મળવાની. આપણાં શાસ્ત્રોએ ચાર પુરુષાર્થ કહ્યા છે: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. કાર્લમાર્કસ, ગાંધીજી અને ફ્રોઈડ મહાન ક્રાંતિકારીઓ હતા. કાર્લ માર્કસે અર્થ વિશે વિચાર કર્યો, ફ્રોઈડે કામ વિશે વિચાર કર્યો. માર્કસની વિચારણામાં ધર્મતત્ત્વ નહોતું. ગાંધીજીએ સર્વોદયની વાત કરી જેમાં ધર્મ તત્ત્વ પણ હતું જ. આજે ધર્મ નથી માટે અર્થ અને કામનો વિસ્ફોટ થયો છે. સૌએ ત્યાગ કરી ભોગવવાનું છે. સમાજ, ત્યાગ, બલિદાન અને યજ્ઞ માગે છે અને એના વડે જ સ્વસ્થતાપૂર્વક ટકી શકશે.

બુધવાર તા. ૨જી સપ્ટેમ્બરના રોજ સંવત્સરીના દિવસે આરંભમાં કુ. શૈલજા શાહે 'ભગવાન મહાવીર અને જૈન ધર્મ' એ વિષય ઉપર સંસ્કૃતમાં દશેક મિનિટનું વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યાર પછી 'નિયાણું' વિષય ઉપરના મારા વ્યાખ્યાનમાં મેં કહ્યું હતું કે 'નિયાણું' એ જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે. સંસ્કૃત 'નિદાન' ઉપરથી તે આવેલો છે. ઉગ્ર તપશ્ચર્યા કર્યા પછી તપના ફળ રૂપે કંઈક ઈચ્છા કરવી અને મનથી માંગી લેવું તે નિયાણું છે. મિથ્યાત્વ શલ્ય અને માયાશલ્યની જેમ નિયાણું પણ શલ્યરૂપ ગણાય છે. આત્મવિકાસમાં તે બાધારૂપ બને છે. સંભૂતિ, નંદિષેણ વગેરે મહાન મુનિઓએ ઘોર તપશ્ચર્યા પછી તપના ફળ તરીકે ભૌતિક રિદ્ધિ-સિદ્ધિની યાચના કરી હતી અને એને પરિણામે મળેલી એ રિદ્ધિ સિદ્ધિ ભોગવતાં દુર્ગતિમાં ગયા હતા. નિયાણું પ્રશસ્ત, અપ્રશસ્ત અને ભોગકૃત એમ ત્રણ પ્રકારનું શાસ્ત્રમાં બતાવાયું છે. બીજાનો અહિત કરવાનો દઢ સંકલ્પ તે અપ્રશસ્ત નિયાણું, ચક્રવર્તી, રાજા, શ્રેષ્ઠિ, સ્ત્રીપુરુષ વગેરેના ભોગ ભોગવવાની અભિલાષા કરવી તે ભોગકૃત નિયાણું અને સાધુ, આચાર્ય કે તીર્થંકરનું પદ પામવાની સમાધિ મરણ, બોધિલાભ, અરિહંતનું શરણ ઈત્યાદિની યાચના કરવી તે પ્રશસ્ત નિયાણું ગણાય છે. પ્રશસ્ત નિયાણું પણ અંતે તો બંધનકર્તા છે માટે અનાસકતભાવે તપશ્ચર્યા કરવી જોઈએ.

તે દિવસે બીજું વ્યાખ્યાન શ્રી મોરારજી દેસાઈનું હતું. એમનો વિષય હતો: 'ધર્માન્તર' એમણે કહ્યું કે ધર્મ વગરનો માણસ પશુ કરતાં પણ ખરાબ છે. માણસ બીજાને હેરાન કરવા પોતાની બુદ્ધિ વાપરે છે. ધર્મનો પાયો સત્ય અને અહિંસા છે. જૈન, બૌદ્ધ, હિન્દુ, શીખ કે પારસી ધર્મમાં ધર્માન્તર કયારેય લાલચ કે જોરજુલમથી નથી થયાં. મૂળભૂત રીતે તો બધા ધર્મોના સિદ્ધાંત એક સરખા જ છે. ધર્મનું પરિવર્તન અધર્મમાં હોય અને અધર્મનું પરિવર્તન ધર્મમાં થાય. વ્યકિતગત રીતે દરેકને કોઈ પણ ધર્મ પાળવાની છૂટ છે. પણ તેમાં લાલચ કે જોરજુલમની જરૂર નથી. ધર્મ એ સોદાબાજી કે નફાતોટાનો વિષય નથી. મારા જેવા બીજાને બનાવવાની વૃત્તિ ખોટી છે. ધર્મનું લક્ષણ અભય છે. જે ડરે નહીં તેમને ધર્માન્તરની જરૂર નથી. અત્યારે તો આપણે પોતે અપૂર્ણ છીએ. આપણી અપૂર્ણતા દૂર કરવા સંકલ્પ કરવો જોઈએ.

નવમા દિવસે પ્રથમ વ્યાખ્યાન શ્રીમતી બિન્દુબહેન મહેતાનું હતું. એમનો વિષય હતો: 'ધર્મનો પાયો તપ'. એમણે કહ્યું કે જીવ એ ઈશ્વરનો અંશ છે. જીવનનું ધ્યેય પરમાત્માને પામવાનું છે. વસ્તુનિષ્ઠ નહીં આત્મનિષ્ઠ બનવાનું છે; અહમ દૂર કરવાનો છે. ઈચ્છા કાઢવાની જરૂર નથી; પરંતુ એને ઉર્ધ્વગામી બનાવવાની છે. તપ એટલે સાધના કરવી. પ્રભુને સ્પર્શીને રહેલું તત્ત્વ તે ધર્મ છે. મારામાં ભગવાન છે, તેમ બીજામાં પણ ભગવાન છે એ ભાવ આપણામાં જાગવો જોઈએ. આપણી સંસ્કૃતિ કૃતજ્ઞતાની સંસ્કૃતિ છે. યજ્ઞમાં અહમ્‌નો સ્વાહા: કરવાનો છે. ભકિત એ ભીખ કે રોંદણાં નથી, પણ પ્રેમ છે. એ ભીતિ નથી, પણ પ્રીતિ છે. તપ એટલે દ્વંદ્વ સહન કરવાની સંપૂર્ણ તૈયારી. કર્યા વગર મળશે નહીં, કરેલું ફોગટ જશે નહિ. એમાં અખૂટ શ્રદ્ધા રાખવી જોઈએ. મદદ બહારથી નહીં અંદરથી માગવાની છે.

તે દિવસે બીજું વ્યાખ્યાન પૂ. મુનિ શ્રી અરુણવિજયજીનું હતું. એમનો વિષય હતો, 'જૈન ધર્મમાં મોક્ષનું સ્વરૂપ.' એમણે કહ્યું હતું કે સંસાર છોડવો નહિ અને મોક્ષ મેળવવો એ શકય નથી. મોક્ષનો અર્થ થાય છે મોહનો ક્ષય. મોક્ષ સાધ્ય છે. નિર્જરા સાધના છે. તપ એ સાધન છે અને આપણે સાધક છીએ.

જૈન ધર્મ પુણ્ય બાંધવાની નહીં, પાપ છોડવાની વાત કરે છે. કેટલા ઉપવાસ, તપ કે દાન કર્યું તેનું મહત્ત્વ નથી, પણ એ કેમ કર્યું એનું મહત્ત્વ છે. ભગવાનનો ભય રાખવાની જરૂર નથી. ભય પાપનો રાખવાનો છે. આપણે ભવભીરું બનવાનું છે.

આમ નવ દિવસ માટે યોજાયેલી આ પર્યુષણ વ્યાખ્યાનમાળા વ્યાખ્યાનોના વિષય, કક્ષા, રજૂઆત ઈત્યાદિની દૃષ્ટિએ તથા વ્યવસ્થા અને શ્રોતાઓની સંખ્યાની દૃષ્ટિએ સફળ રીતે યોજાઈ હતી એમ કહી શકાય. એ માટે વ્યાખ્યાતાઓ, ભજનિકો, સંઘના હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યો, કાર્યાલયના સ્ટાફના સભ્યો, રેકોર્ડિંગની વ્યવસ્થા કરનાર ત્રિશલા ઈલેકટ્રોનિકસના ભાઈઓ, સારી સંખ્યામાં સમય પૂર્વે ઉપસ્થિત રહેનાર શ્રોતાઓ વગેરે તમામને ભાવભર્યો સહકાર સાંપડયો હતો અને એ માટે તમામનો હું અંત:કરણપૂર્વક આભાર માનું છું.

વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓને થયેલું અર્થસિંચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૫૦૦૧ શ્રીમતી તારાબેન ચંદુલાલ ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ
૧૦૦૧ મે. રોયલ કેમીસ્ટસ
૧૦૦૦ શ્રીમતી કલાવતીબેન શાંતિલાલ મહેતા
૫૦૧ શ્રી ધીરજલાલ મોરારજી અજમેરા
૫૦૧ શ્રી રમણિકલાલ એસ. ગોસલિયા
૫૦૧ શ્રીમતી કંકુબેન ચનાભાઇ
૫૦૧ શ્રી રમેશ વિમલભાઇ શેઠ
૫૦૧ શ્રીમતી કમલાબેન મહાદેવીયા
૫૦૦ એક બહેન તરફથી
૩૫૧ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
૩૦૧ શ્રી રસિકલાલ એમ. ઝવેરી
૩૦૧ શ્રી પ્રવિણચંદ્ર કે. શાહ
૩૦૧ શ્રી ચીમનલાલ જે. શાહ
૩૦૧ શ્રી ઓ. જે. શાહ
૩૦૧ શ્રી ગણપતભાઇ એમ. ઝવેરી
૩૦૧ શ્રી ટોકરસી કે. શાહ
૩૦૧ શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ
૩૦૧ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૩૦૧ શ્રી ડુંગરશી રામજી ગાલા
૩૦૧ શ્રી વસનજી લખમશી શાહ
૩૦૧ શ્રી કે. પી. શાહ
૩૦૧ શ્રી લક્ષ્મીચંદ ચતુરભાઇ વોરા
૩૦૧ શ્રી રમેશભાઇ સી. શેઠ
૨૫૧ શ્રીમતી કાંતાબેન પી. વી. શાહ
૨૫૧ શ્રી એક સદ્ ગૃહસ્થ
૨૫૧ શ્રી કાંતિલાલ મણીલાલ એન્ડ કું.
૨૫૧ શ્રીમતી સુનિતાબેન એસ. શેઠ
૨૫૧ શ્રીમતી ઉમાબેન એચ. શાહ
૨૫૧ શ્રી ચંદેરિયા પરિવાર
૨૫૧ શ્રી અનિલ આર. શાહ
૨૫૧ શ્રી લખમશી નપુ સ્મારક સાધરણ ફંડ
૨૫૧ શ્રી બાબુભાઇ જે. શાહ
૨૫૦ શ્રીમતી મીરાંબહેન રમેશભાઇ મહેતા
૨૫૦ શ્રી છોટાલાલ નાથાલાલ શાહ
૨૫૦ શ્રી સ્ટુડન્ટ એજન્સી
૨૦૧ શ્રી સુબોધભાઇ એમ. શાહ
૨૦૧ શ્રી રતિલાલ સી. કોઠારી
૨૦૧ શ્રી મફતલાલ બી. શાહ
૨૦૧ શ્રી વીશા પ્રિન્ટરી
૨૦૧ શ્રી એક સન્નારી
૧૫૧ શ્રી હસમુખભાઇ એચ. દોઢીવાળા
૧૫૧ પ્રો. રમણલાલ સી. શાહ
૧૫૧ શ્રી અમર જરીવાલા
૧૫૧ શ્રીમતી નીરૂબેન એસ. શાહ
૧૫૧ શ્રી કમલબેન પીસપાટી
૧૫૧ શ્રી શાંતિલાલ દેવજી નન્દુ
૧૫૧ એક સદ્ ગૃહસ્થ
૧૫૧ શ્રી એસ. વી. લાઠીઆ
૧૫૧ શ્રી એચ. એસ. લાઠીઆ
૧૫૧ શ્રી વાય. એસ. લાઠીઆ
૧૫૧ શ્રી એ. વાય. લાઠીઆ
૧૫૧ શ્રી એક સદ્ ગૃહસ્થ
૧૫૧ શ્રીમતી રમાબેન એચ. ઝવેરી
૧૫૧ શ્રી લખમશી નેણસી
૧૫૧ શ્રી રાજેન્દ્ર મહેતા
૧૫૧ શ્રી રવિન્દ્ર ડી. દફ્તરી
૧૫૧ શ્રી કાંતિલાલ બી, શાહ
૧૫૧ શ્રીમતી ચંપાબેન સવઈ શેઠ
૧૨૦ શ્રીમતી અંજનાબેન સોનાવાળા
૧૦૧ પરિચય ટ્રસ્ટ
૧૦૧ શ્રીમતી તારાબેન આર. શાહ
૧૦૧ શ્રી પ્રવીણભાઈ ગંગળદાસ
૧૦૧ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
૧૦૧ શ્રી છોટાલાલ જીવરાજ શેઠ
૧૦૧ શ્રીમતી પુષ્પાબેન ભણશાળી
૧૦૧ શ્રી જિતુભાઈ દલાલ
૧૦૧ શ્રીમતી કોકિલાબેન લલિતભાઈ શેઠ
૧૦૧ શ્રી રસિકલાલ એમ. વોરા
૧૦૧ શ્રી દેવકુંવરબેન જે. શાહ
૧૦૧ શ્રીમતી હીરાબેન ઝવેરચંદ મહેતા
૧૦૧ શ્રીમતી છાયાબેન વિનય કાપડિયા
૧૦૧ શ્રીમતી મુકતાબેન એલ. સંઘવી
૧૦૧ શ્રી સમીથ દુષ્યંત પારેખ
૧૦૧ ડૉ. કિરણ એફ. શેઠ
૧૦૧ શ્રી નિરંજન એચ. ભણશાળી
૧૦૧ શ્રી પ્રવિણ પી. સરવૈયા
૧૦૧ શ્રી કીશન ગોરડિયા
૧૦૧ શ્રી મણિલાલ જેસીંગભાઈ શેઠ
૧૦૦ ડૉ. એમ. ડી. પારેખ
૧૦૦ શ્રી પન્નાલાલ બાલાભાઈ ઝવેરી
૧૦૦ શ્રી રતિલાલ એચ. શાહ
૫૧ શ્રી દલપતલાલ કેશવલાલ પરીખ
૫૧ શ્રીમતી સવિતાબેન નગીનદાસ કંપાણી
૫૧ સુખલાલ એમ. મહેતા
૫૧ શ્રી રજનીકાંત સી. મહેતા
૫૧ શ્રીમતી ઉષાબેન રમેશમાઈ ઝવેરી
૫૧ શ્રી વસંતલાલ જી. ઝવેરી
૫૧ શ્રી અશોક અંબાલાલ ચોકસી
૫૧ શ્રી પ્રકાશ ડી. શાહ
૫૧ શ્રી ચંદનબેન કાંતિલાલ પારેખ
૫૧ શ્રી જયંતીલાલ ગુનીલાલ શાહ
૫૧ શ્રી કે. આર. ચંદ્રા
૫૧ શ્રી એસ. એમ. શાહ
૫૧ શ્રી જગજીવન પી. શાહ
૫૧ ડૉ. કાંતિલાલ એચ. માથુકિયા
૫૧ શ્રી રાજેશકુમાર ધીરજલાલ શેઠ
૫૧ શ્રી પદમાબેન ખારા
૫૧ શ્રી આનંદલાલ ત્રિભોવનદાસ
૫૧ શ્રીમતી ઈલાબેન આનંદલાલ રાંગવી
૫૧ શ્રી પ્રવિણચન્દ્ર રમણલાલ શાહ
૫૧ શ્રી જયશ્રીબહેન શાહ
૫૧ સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહ
૫૧ સ્વ. પાર્વતીબેન અંબાલાલ શાહ
૫૧ શ્રી કાંતિલાલ આસુ શાહ
૫૧ શ્રી હીરજી એચ. ગાલા
૫૧ શ્રી નિરંજન આર. ઠીબા
૫૧ શ્રીમતી ભારતીબેન
૫૧ શ્રી મુગટભાઈ વી. શાહ
૫૦ શ્રી કાંતિલાલ સી. ભંડારી
૫૦ શ્રી પ્રભુદાસ વલ્લભદાસ મહેતા
૫૦ શ્રી વિનોદ જે. દોશી
૨૫-૨૫ શ્રી દિવ્યાંગનંદન ઋષિરાજ સચદે
૨૫ શ્રીમતી ઝવેરબેન નથુભાઈ પારેખ
૨૫ શ્રી રસિલાબેન ડી. કાકાબળિયા
૨૫ શ્રી અરુણ એસ. જોશી
૨૫ શ્રી રતનચંદ બી. પારેખ
૨૫ શ્રી નિર્મળાબેન હંસરાજ
૧૬૯ રૂા. ૨૫ની નીચેની રકમો

૨૫,૧૮૮-૨૫

લાઇબ્રેરીને ભેટ

૨૫૧ શ્રી ચંદેરિયા પરિવાર
૧૦૧ શ્રી છોટાલાલ જીવરાજ શેઠ
૧૦૧ ,, દેવકુંવરબેન જે. શાહ
૧૦૧ ,, એક સન્નારી
૫૧ ,, અશોક અંબાલાલ ચોકસી
૫૧ ,, કાંતિલાલ બી. શાહ
૫૧ ,, મુગટલાલ વી. શાહ
૫૦ ,, સોહનલાલ એમ. વર્ધન
૨૫ ,, રસિલાબેન ડી. કાકાબળિયા
૨૫ ડો. કાંતિલાલ એચ. માથુકિયા
૨૫ શ્રી રતનચંદ બી. પારેખ
૫૭ રૂા. ૨૫થી નીચેની રકમો

૮૮૯

દત્તક ખાળકો માટે

૪૦૦ શ્રી એક સદ્ ગૃહસ્થ

અંધ વિદ્યાર્થીઓ માટે

૧૫૧ શ્રી એસ. વી. લાઠીઆ
૧૫૧ ,, એચ. એસ. લાઠીઆ
૧૫૧ ,, વાય. એસ. લાઠીઆ
૧૫૧ ,, એ. વાય. લાઠીઆ

૬૦૪

કેન્સરના દર્દીની સારવાર માટે

૨૦૦ શ્રી શારદબેન ડી. મહેતા

"પ્રેમળ જ્યોતિ"

૪,૦૦૦ કી ખુશાલભાઈ ટીંબડિયા
૧,૧૦૦ શ્રી પન્નાલાલ ચીમનલાલ કોઠારી
૧,૦૦૨ શ્રીમતી નિર્મળાબેન દોશી
૧,૦૦૧ શ્રી એક સન્નારી
૧,૦૦૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૧,૦૦૧ શ્રીમતી કમલબેન પીસપાટી
૧,૦૦૧ શ્રીમતી કંકુબેન ચનાભાઈ
૧,૦૦૧ શ્રીમતી મંજુબેન દિવાનજી
૧,૦૦૦ શ્રી કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૧ શ્રી હિંમતલાલ ડાહ્યાભાઈ કોડારી
૫૦૧ શ્રીમતી કુસુમબેન શરદભાઈ દેસાઈ
૫૦૧ શ્રી ચંદેરિયા પરિવાર
૫૦૧ શ્રીમતી સુધાબેન ઝવેરી
૫૦૦ શ્રી વૃંદાવનદાસ હરજીવનદાસ શાહ
૫૦૦ શ્રી છોટાલાલ નાથાલાલ શાહ
૪૦૧ શ્રી એમ. આર. મહેતા
૪૦૦ શ્રીમતી કલાવંતીબેન શંકરલાલ ભગત
૪૦૦ શ્રીમતી વીરમતીબેન
૨૫૦ શ્રીમતી તારાબેન ચંદુલાલ ઝવેરી
૨૫૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૨૫૧ મે. ચીમકોબાયો મેડિકલ એન્જિ. કું.
૨૫૧ શ્રી ડાહ્યાભાઈ ડી. દફ્તરી
૨૫૧ શ્રી પ્રભાવતીબેન લાલભાઈ ઝવેરી
૨૫૧ શ્રી એક સન્નારી
૨૫૧ શ્રી અનસૂયાબેન કાંતિલાલ શાહ
૨૫૧ શ્રીમતી ઈન્દિરાબેન એચ. સોનાવાલા
૨૫૦ શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ
૨૫૦ શ્રીમતી આશિતાબેન કાંતિલાલ શેઠ
૨૫૦ શ્રી મનુભાઈ કેશવલાલ પારેખ
૨૦૨ શ્રી એક સન્નારી
૨૦૧ શ્રીમતી રેણુકાબેન એ. મહેતા
૨૦૦ શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ મહેતા
૨૦૦ શ્રી કાંતિલાલ મોદી
૨૦૦ શ્રીમતી લક્ષ્મીબેન જેરમલ મહેતા
૧૫૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૧૫૧ શ્રી એસ. વી. લાઠીયા
૧૫૧ શ્રી એચ. એસ. લાઠીયા
૧૫૧ શ્રી વાય. એસ. લાઠીયા
૧૫૧ શ્રી એ. વાય. લાઠીયા
૧૫૦ શ્રીમતી સવિતાબેન કોઠારી
૧૨૫ શ્રીમતી વિરૂબેન પ્રમોદભાઈ
૧૨૫ શ્રીમતી મંગળાબેન ઝાટકિયા
૧૦૧ ડૉ. ધીમંતલાલ શાંતિલાલ શાહ
૧૦૧ શ્રી દલપતલાલ કેશવલાલ પરીખ
૧૦૧ શ્રી એક સન્નારી
૧૦૧ શ્રી છોટાલાલ જીવરાજ શેઠ
૧૦૧ શ્રી જેઠાલાલ ડામરશી શાહ
૧૦૧ શ્રી શૈલેશ શાહ
૧૦૧ શ્રી ચીમનલાલ નાનાલાલ
૧૦૧ શ્રીમતી દેવકુંવરબેન જે. શાહ
૧૦૧ શ્રીમતી હીરાબેન ઝવેરચંદ મહેતા
૧૦૧ શ્રીમતી સદ્‌ગુણાબેન સૂર્યકાન્ત દલાલ
૧૦૧ શ્રીમતી ઈન્દુમતીબેન ર. શાહ
૧૦૧ શ્રીમતી અંબાબેન લક્ષ્મીચંદ સંઘવી
૧૦૧ શ્રી અનિલ આર. શાહ
૧૦૧ શ્રી વીરેન્દ્ર એચ. શાહ
૧૦૧ શ્રીમતી ઉર્મિલાબેન જે. શાહ
૧૦૧ શ્રી ઉષાબહેન મહેતા
૧૦૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦૧ શ્રી મૂલચંદ કે. શેઠ
૧૦૧ શ્રી મહેન્દ્રભાઈ શાહ
૧૦૧ શ્રીમતી પ્રભાવતીબેન એમ. શાહ
૧૦૧ શ્રી નિરંજન એચ. ભણશાલી
૮૦ શ્રી અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૫૧ શ્રી જેકીશનભાઈ ભાટીયા
૫૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫૧ શ્રીમતી સુજાતા સિદ્ધાર્થ શાહ
૫૧ શ્રી લક્ષ્મીચંદ છ. સંઘવી
૫૧ શ્રી દેવજી રાઘવજી નન્દૂ
૫૧ શ્રીમતી ભારતીબેન ભૂપેન્દ્ર શાહ
૫૧ શ્રીમતી સુષમાબેન ઠક્કર
૫૧ શ્રી આદર્શ બાલમંદિર
૫૧ શ્રી અશોક અંબાલાલ ચોકસી
૫૧ શ્રી મુગટભાઈ વી. શાહ
૫૧ શ્રીમતી રાજુલ જયંતિલાલ શાહ
૫૧ શ્રી રસિકલાલ શાહ
૫૧ શ્રી કાંતિલાલ સી. શાહ
૫૧ શ્રી એક શ્રોતાજન
૫૧ શ્રી મહેન્દ્રભાઈ
૫૧ શ્રી કાંતિલાલ બી. શાહ
૫૧ શ્રીમતી રેખાબેન હર્ષદરાય શાહ
૫૦ શ્રી કાંતિલાલ સી. ભંડારી
૫૦ શ્રીમતી હસુમતીબેન શાહ
૫૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૫૦ શ્રી પ્રભુદાસ વલ્લભદાસ મહેતા
૫૦ શ્રી કેશરબેન કે. દેઢિયા
૫૦ શ્રી ગુણવંતીબેન ચોકસી
૫૦ શ્રી સોહનરાજ એમ. વર્ધન
૫૦ શ્રી વિનોદ જે. દોશી
૫૦ શ્રીમતી જયવતીબેન રતનચંદ પારેખ
૩૧ શ્રીમતી વસુમતીબેન સી. પારેખ
૩૧ શ્રીમતી રંજનબહેન ગડા
૨૫ શ્રી કે. સી. શાહ
૨૫ શ્રી મોહનલાલ ટી. કોઠારી
૨૫ શ્રી વસંતલાલ જી. ઝવેરી
૨૫ શ્રી શર્મીબેન ભણશાળી
૨૫ શ્રીમતી રસિલાબેન ડી. કાકાબળિયા
૨૫ ડૉ. કાંતિલાલ એચ. માથુકિયા
૨૫ શ્રી રાજેશ બી. શાહ
૨૫ શ્રીમતી મુક્તાબેન એલ. સંઘવી
૨૫ શ્રી નવનીત એસ. શેઠ
૨૫ શ્રી રતનચંદ બી. પારેખ
૨૫ શ્રી પરમાનંદ ડી. શાહ
૧૫૬ રૂા. ૨૫ની નીચેની રકમો

૨૫,૧૩૮

વ્યાખ્યાનમાળા

૧૫૦૦૦ શ્રીમતી વિદ્યાબહેન શાહ તરફથી ખંભાતનિવાસી સ્વ. મહાસુખભાઈના સ્મરણાર્થે.
૧૦૦૦ શ્રી અમુભાઈ વી. દોશી
૫૦૧ „ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શ્રીમતી રમાબેન જયસુખલાલ વોરા
૫૦૦ શ્રી એસ. કે. વોરા
૫૦૧ „ ચંદેરિયા પરિવાર
૫૦૦ શ્રીમતી મંગળાબેન ઝાટકિયા
૫૦૧ „ જયશ્રીબેન વી. દોશી
૩૦૧ શ્રી રસિકલાલ લહેરચંદ
૨૫૧ શ્રી ચીમકો બાયો મેડીકલ એન્જી. કું.
૨૫૦ „ છોટાલાલ નાથાલાલ શાહ
૨૫૦ શ્રીમતી આશિતાબેન કાંતિલાલ
૧૨૫ „ વીરૂબેન પ્રમોદભાઈ
૧૧૧ „ શાંતાબેન માણેકલાલ પારેખ
૧૦૧ શ્રી કાંતિલાલ યુ. મહેતા
૧૦૧ શ્રીમતી રમાબેન નરેન્દ્ર કાપડિયા
૧૦૧ „ દેવકુંવરબેન જે. શાહ
૧૦૧ શ્રી રતિલાલ વી. સાવલા
૧૦૧ „ રમણલાલ કેશવલાલ ગાંધી
૧૦૧ „ ભિખુભાઈ ચીમનલાલ પરીખ
૧૦૧ „ વિનયચંદ્ર ચીમનલાલ પરીખ
૧૦૧ „ અનીલ આર. શાહ
૧૦૧ શ્રીમતી મધુબેન શાહ
૧૦૧ શ્રી રમેશભાઈ સી. શેઠ
૧૦૧ શ્રીમતી હીરાબેન દીપચંદભાઈ શેઠ
૧૦૧ શ્રી છોટાલાલ જીવરાજ
૧૦૧ „ જેઠાલાલ ડામરશી શાહ
૧૦૧ શ્રીમતી સુશિલાબેન સુમનલાલ મહેતા
૧૦૦ „ સુદેવીબેન ચાન્દ્રિવન દલાલ
૫૧ શ્રી મોહનલાલ ટી. કોઠારી
૫૧ „ નેમચંદ નાથાલાલ શાહ
૫૧ „ લક્ષ્મીચંદ કેશવજી શાહ
૫૧ „ રજનીકાંત હાજી
૫૧ „ અંબાલાલ શર્મા
૫૧ „ રજનીકાંત સી. શાહ
૫૧ શ્રીમતી મૃદુલાબેન મહેતા
૫૧ શ્રી દિનકરભાઈ પારેખ
૫૧ શ્રીમતી સુષમાબેન ઠક્કર
૫૧ શ્રી શાંતિલાલ સી. શાહ
૫૧ „ મુગટભાઈ વી. શાહ
૫૧ „ અશોક અંબાલાલ ચોકસી
૫૧ „ કીર્તિકુમાર શાહ
૫૧ „ એક સદ્‌ગૃહસ્થ

૫૧ ,, બચુભાઈ માંડણ નન્દુ
૫૧ ,, નેમચંદ હીરજી છેડા
૫૧ શ્રીમતી જ્યાબેન નગીનદાસ કામદાર
૫૧ શ્રી પી. કે. શાહ
૫૧ ,, કાંતિલાલ સી. શાહ
૫૧ ,, એક શ્રોતાજન
૫૧ ,, ખીમજી શીવજી
૫૧ ,, એક સન્નારી
૫૧ ,, રવિન્દ્ર ટ્રેડીંગ કું.
૫૧ ,, કાંતિલાલ બી. શાહ
૫૦ ,, પ્રકાશભાઈ ડી. શાહ
૫૦ ,, બળવંતભાઈ ઓમ. મહેતા
૫૦ શ્રીમતી કેશરબેન કે. દેઢિયા
૫૦ શ્રી સોહનરાજ ઓમ. વર્ધન
૫૦ ,, વિનોદ જે. દોશી
૫૦ શ્રીમતી જયમતીબેન રતનચંદ પારેખ
૨૫ ,, શર્મીબેન ભણશાળી
૨૫ ,, રસિલાબેન ડી. કાકાબળીયા
૨૫ ડો. કાંતિલાલ એચ. માથુકિયા
૨૫ શ્રી. રતનચંદ્ર બી. પારેખ
૧૮૨ રૂા. ૨૫ની નીચેની રકમો

૨૩૩૧૨

*

પ્રબુદ્ધ જીવન

૧૮૩૩૧ ઝોળીમાં આવ્યા

૧૦૦૦ શ્રી પ્રભુજી એસ. પટેલ
૫૦૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ ,, નાનજી લાલજી ભેદા
૫૦૧ ,, ચંદેરિયા પરિવાર
૫૦૧ શ્રીમતી સુધાબેન ઝવેરી
૫૦૦ ,, એક સન્નારી
૨૫૧ શ્રી લાભુભાઈ મહેથા
૨૫૧ ,, વાડીલાલ જેઠાલાલ શાહ
૨૫૧ શ્રીમતી ધીરજબાલ એમ. દોશી
૨૫૧ ,, ઉષાબેન ડી. શાહ
૨૦૧ ,, કુમુદબહેન એસ. શેઠ
૨૦૦ શ્રી જોરમલ મંગળજી મહેતા
૧૫૧ શ્રીમતી સૂરજબેન મનસુખલાલ કોઠારી
૧૫૧ શ્રી રોહિતભાઈ કોઠારી
૧૨૫ શ્રીમતી મંગળાબેન ઝાટકિયા
૧૦૧ શ્રી છોટાલાલ જીવરાજ શેઠ
૧૦૧ ,, પોપટલાલ મેઘજી
૧૦૧ ,, નવિનચંદ્ર રતિલાલ શાહ
૧૦૧ શ્રીમતી તારાબેન ચીમનલાલ શ્રોફ
૧૦૧ શ્રી કાંતિલાલ છોટાલાલ
૧૦૧ ,, મહેન્દ્ર છોટાલાલ શાહ
૧૦૧ ,, ટોકરશી લાલજી કપડિયા
૧૦૧ શ્રીમતી દેવકુંવરબેન જે. શાહ
૧૦૧ ,, કોકિલાબેન શાહ
૧૦૧ શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ
૧૦૧ ,, દીપચંદ ભાઈચંદ સોલિસીટર
૧૦૧ ,, વીરચંદભાઈ ક. કોરાણી
૧૦૧ શ્રીમતી શારદાબેન અરવિંદભાઈ ઠક્કર
૧૦૧ સ્વ. વિજ્યાબેન પરીખ
૧૦૧ ,, દુર્લભજી ઉમેદચંદ પરીખ
૧૦૧ શ્રીમતી ઈન્દુમતીબેન ર. શાહ
૧૦૧ શ્રી બીલારી બી. મહેતા
૧૦૧ ,, અ. ર. શાહ
૧૦૧ શ્રીમતી નિર્મળાબેન શાહ
૧૦૧ શ્રી રમેશભાઈ સી. શેઠ
૧૦૧ ,, મણિલાલ જેસીંગભાઈ શેઠ
૧૦૧ ,, અનિલ આર. શાહ
૧૦૦ ,, દીપચંદ કેશરીમલ
૧૦૦ ,, રસિકલાલ કાપડિયા
૧૦૦ ,, પ્રભુદાસ લીલાધર
૧૦૦ ,, પ્રવિણચંદ્ર ટી. શાહ
૧૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧ ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા
૫૧ ,, નેમચંદ નાનાલાલ શાહ
૫૧ ,, ધરમચંદ નાથુભાઈ શાહ
૫૧ ,, અંબાલાલ શર્મા
૫૧ શ્રીમતી વિદ્યાબહેન દલાલ
૫૧ ,, ચંચળબેન આનંદલાલ સંઘવી
૫૧ શ્રી મુગટભાઈ વી. શાહ
૫૧ ,, અશોક અંબાલાલ ચોકસી
૫૧ શ્રીમતી ચંદનબેન કાંતિલાલ પારેખ
૫૧ ,, નીલમબેન કામદાર
૫૧ ,, હસુમતીબેન શાહ
૫૧ શ્રી કાંતિલાલ એચ. માથુકિયા
૫૧ ,, શામજી નેણસી ધરોડ
૫૧ શ્રીમતી સવિતાબેન ના. મહેતા
૫૧ ,, કેશરબેન કે. દેઢીયા
૫૧ શ્રી કાંતિલાલ મોદી
૫૧ શ્રીમતી ગુણવંતીબેન ચોકસી
૫૧ શ્રી કાંતિલાલ સી. શાહ
૫૧ ,, જગદીશ અર્જુન ઠક્કર
૫૧ ,, કાંતિલાલ બી. શાહ
૫૦ ,, યશવંતભાઈ દોશી
૫૦ ,, શામજી ચનાભાઈ દેઢિયા
૫૦ ડો. રેણુકાબેન એ. મહેતા
૫૦ શ્રી રમણિકલાલ દલીચંદ શાહ
૫૦ શ્રીમતી સવિતાબેન કોઠારી
૫૦ શ્રી સોહનરાજ એમ. વર્ધન
૫૦ શ્રીમતી સરોજબહેન ત્રં. મહેતલીયા
૫૦ શ્રી વિનોદ જે. દોશી
૨૫ શ્રીમતી પ્રભાવતીબેન જાદવજી મહેતા
૨૫ શ્રી હીરજી કેશવજી ખોના
૨૫ ,, વસંતલાલ જી. ઝવેરી
૨૫ શ્રીમતી શર્મીબેન ભણશાળી
૨૫ ,, રસિલાબેન ડી. કાકાબળિયા
૨૫ શ્રી ભાણજી ઠાકરસી દેઢીયા
૨૫ ,, ધીરૂભાઈ મણિલાલ દેસાઈ
૨૫ ,, રાજેશ બી. શાલ
૨૫ ,, રતનચંદ બી. પારેખ
૨૫ શ્રીમતી મેનાબેન તથા શ્રી અજિત-ભાઈ દેસાઈ
૧૨૫ રૂા. ૨૫ની નીચેની રકમો

---

૨ ૮૧૮૮

(૯૮માં પાનાથી ચાલુ)

યોગ્યતા, નિષ્ઠા અને નમ્રતા અંગે હર્ષ વ્યકત કર્યો હતો અને પ્રાપ્ત થયેલ નિધિ ઉપરાંત મળેલાં વચનોથી આપણી જવાબદારી સવિશેષ વધી છે એવું જણાવી સભ્યોને જાગૃત રહેવા જણાવ્યું હતું. આ વર્ષે ઝોળીમાં અઢાર હજાર રૂપિયા જેવી માતબર રકમ અને પેટ્રન, આજીવન સભ્યો, શુભેચ્છકો તરફથી પણ મળેલી રકમ સહિત આશરે રૂપિયા સવા લાખનો નિધિ સંચય થયો. એ ઉપરાંત આવતાં બે-ત્રણ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચની જવાબદારી વહન કરવાની ભાવનાશીલ દાતાઓનું વચન મળ્યું છે, એ બરાબર ઊગી નીકળે એ રીતે કાર્ય પાર પાડવાની આપણી જવાબદારી વધી છે. એની યોગ્યતા આપણે પુરવાર કરવાની છે. સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈએ ત્યાર બાદ ડો. રમણભાઈનું સુખડના હારથી અભિવાદન કર્યું હતું.

અભિવાદનનો પ્રત્યુત્તર વાળતાં ડો. રમણભાઈએ પૂરી નમ્રતા સાથે કહ્યું કે હું તો નિમિત્ત માત્ર છું. વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન લેવાથી મારો આંતરિક વિકાસ થયો છે. બાકી વિદ્વાન વકતાઓ, શિસ્તબદ્ધ શ્રોતાઓ અને નાની મોટી જવાબદારી વહન કરતાં વ્યવસ્થાપક સમિતિના સભ્યો, બન્ને મંત્રીઓ અને કર્મચારીગણ તેમ જ અન્ય મિત્રોને સફળતાનું શ્રેય છે. વ્યાખ્યાનમાળા માટે વિષયો અને તારીખોના ત્રણ-ચાર વિકલ્પો મગાવીને નિર્ણય લેવાની પ્રક્રિયા સમજાવતાં એમણે કહ્યું કે પ્રત્યેક દિવસના વકતાઓની જોડી, પરસ્પર સહુની અનુકૂળતા આદિ જોઈને આયોજન થઈ શકે. સંઘ તરફથી યજમાન શ્રીમતી મુકતાબેન ઘેલાણીને તથા શ્રી વનેચંદભાઈ ઘેલાણીને સુખડનો હાર પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું અને એના આભાર સાથે ભોજનને ન્યાય આપવામાં આવ્યો હતો.

સંકલન : પન્નાલાલ આર. શાહ



વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણભાઈ ચી. શાહનું અભિવાદન

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિને લક્ષમાં રાખી, એ અંગેના આનંદની અભિવ્યકિત માટે એક સીમિત આકારનું સ્નેહમિલન અને વ્યાખ્યાનમાળાના વિદ્વાન અને નમ્રતાની સાક્ષાત મૂર્તિસમા પ્રમુખ ડૉ. રમણભાઈનું અભિવાદન, શનિવાર, તા. ૫-૯-૧૯૮૧ના રોજ સાંજના ૭-૦ કલાકે, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સહૃદયી, ખરા અર્થમાં પેટ્રન શ્રી વનેચંદ્રભાઈ ઘેલાણીના નિવાસસ્થાને યોજવામાં આવ્યું હતું. સંઘની અને જૈન સોશ્યલ ગ્રુપ (સાઉથ)ની વ્યવસ્થાપક સમિતિના સભ્ય-દંપતીઓ, 'પ્રવાસી' અને 'જન્મભૂમિ'ના તંત્રી શ્રી હરીન્દ્રભાઈ દવે, સ્નેહીજનો, પેટ્રનો, મિત્રો અને શુભેચ્છકોએ એમાં હાજરી આપી હતી. પ્રારંભમાં શ્રી સુમતિબહેન થાણાવાળાએ કંઠ્યસંગીત રેલાવ્યું હતું.

સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે સહુને આવકાર આપતાં પરમ કૃપાળુ પરમાત્માની આપણા પર અસીમ કૃપા વરસી રહી છે એમ જણાવ્યું હતું. શ્રી કૃષ્ણપ્રેમે કહ્યું છે તેમ અહમ્‌ને ઓગાળીએ તો કૃપાનો વિસ્ફોટ થાય એટલું જણાવી એમણે ઉમેર્યું હતું કે પર્યુષણ પર્વની આપણી જ્ઞાનયાત્રા સંતોષપ્રદ રીતે સફળ થઈ એમાં ડૉ. રમણભાઈની વિદ્વતા અને નમ્રતા, વિષયો અને વ્યાખ્યાતાની પસંદગી, ચેતનાના ભિન્ન ભિન્ન સ્તરે રહેલા વિશાળ શ્રોતાવર્ગને લક્ષમાં રાખી એમને સંતોષ થાય એ રીતે કરાયેલું આયોજન એના પાયામાં છે. ભકિતગીતો પીરસતાં સંગીતજ્ઞો, ઝોળી ફેલાવી સતત ત્રણ-ત્રણ કલાક ખડે પગે ઊભા રહેતા શ્રીમતી નિરુબહેન અને ઉષાબહેન, કાર્યવાહક સમિતિના સભ્યો, માનવંતા પેટ્રનો, શુભેચ્છકો, કાર્યાલયના કાર્યકરો વગેરે સહુનું એમાં યત્કિંચિત પ્રદાન છે એ સ્વીકારી સહુ પ્રત્યે એમણે કૃતજ્ઞતા વ્યકત કરી હતી.

સંઘના બીજા મંત્રી શ્રી કે. પી. શાહે અંતરનો ઉલ્લાસ વ્યકત કરતાં જણાવ્યું કે આગામી ત્રણ વર્ષોની પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચની જવાબદારી વહન કરવા આપણા ત્રણ શુભેચ્છકોએ ઔદાર્ય ભાવે તત્પરતા દાખવી છે. શ્રી શૈલેષભાઈ હિંમતલાલ ડાહ્યાભાઈ કોઠારી અને મે. વિજય ટ્રાન્સપોર્ટવાળા શ્રી જે. કે. શાહે અનુક્રમે ૧૯૮૨ અને ૧૯૮૩ના વર્ષ માટે વ્યાખ્યાનમાળાનો ખર્ચ આપવાની વ્યકત કરેલી ભાવનાને બિરદાવી હતી. ચાલુ વર્ષની વ્યાખ્યાનમાળાનો ખર્ચ શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ તરફથી મળ્યો એમની પણ તેમણે સરાહના કરી હતી. સંઘની વ્યવસ્થાપક સમિતિના સભ્ય શ્રી દામજીભાઈની 'પ્રેમળ જ્યોતિ'ની ભાવનાની પણ એમણે રજૂઆત કરી હતી. આ બધામાં પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતાના સંપૂર્ણ યશ અને અધિકારી તરીકે ડૉ. રમણભાઈને ઓળખાવી એમની આમ્રવૃક્ષ સાથે સરખામણી કરી હતી. આમ્રવૃક્ષને ફળ આવતાં જેમ લચી પડે છે, નમે છે તેમ વ્યાખ્યાનમાળાની સફળતાથી તેઓ સવિશેષ નમ્ર છે. આ એમનો આંતરવૈભવ છે.

'અભ્યાસ વર્તુળ'ના કન્વીનર શ્રી સુબોધભાઈએ ડૉ. રમણભાઈની ભાષા, સુંદર અવાજ, યાદશકિત અને આત્માર્થી જીવનના પાસાંની પ્રશસ્ય રજૂઆત કરી હતી. શ્રોતાઓની ભીડના ઉકેલ તરફ અંગૂલિ-નિર્દેશ કરીને જ્ઞાનયાત્રાના સહભાગી વિદ્વદ્ વકતાઓની તસવીર 'પ્રબુદ્ધ જીવન'માં અને 'જન્મભૂમિ અને પ્રવાસી'ના તંત્રી શ્રી હરીન્દ્રભાઈ દવેને પૂ. મુરારીબાપુ જેવા અપવાદરૂપ વિદ્વદ્‌જનની તસવીર જાહેર પત્રમાં પ્રગટ કરવાનું સૂચન કર્યું હતું. વર્તમાન શ્રોતાઓ અને વિદ્વદ્ વકતાઓનું ચૈતન્ય સ્તર ભિન્ન હોવા છતાં એકરૂપ છે એમ જણાવી, નવી પેઢીના, ભલે વૈચારિક આંદોલન જગાવે તેવા, થોડા જોખમ સાથે પણ, પ્રમાણમાં વધુ યુવાન એકાદ વકતાને નિમંત્રણ આપવાનું પણ એમણે સૂચન કર્યું હતું.

કારોબારીના સભ્ય શ્રી ગુણપતભાઈ ઝવેરીએ એમણે લીધેલી વ્યાખ્યાનોની નોંધ અને એ પરથી ટૂંકું તારણ રજૂ કરી સંતોષ વ્યકત કર્યો હતો. 'જન્મભૂમિ અને પ્રવાસી'ના તંત્રીશ્રી હરીન્દ્રભાઈએ પણ પ્રાસંગિક પ્રવચન કરતાં વ્યાખ્યાનમાળાની સજ્જતા અને પ્રતીતિ અંગે ઊંડી શ્રદ્ધા દર્શાવતાં સતત નવ-નવ દિવસ અને સતત ૫૦ વર્ષોથી આવી વ્યાખ્યાનમાળા વિશ્વમાં કયાંય ચાલતી હોવાની ઘટના બની નથી, એની નોંધ લેવાવી જોઈએ અને એ અભૂતપૂર્વ પણ લેખાવી જોઈએ, એમ એમણે કહ્યું હતું.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ડૉ. રમણભાઈની

[અનુસંધાન ૯૭મા પાને]

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૧: અંક: ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ ઓક્ટોબર, ૧૯૮૧, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ધર્મઝનૂન

[] ચીમનલાલ ચકુભાઈ

પંજાબમાં અકાલી દળના એક નાના વર્ગે ખાલિસ્તાનની માગણી કરી છે. શરૂઆતમાં આ માગણી પ્રત્યે દુર્લક્ષ કર્યું. તાજેતરમાં એક વિમાનનું અમૃતસરથી લાહોર અપહરણ થયું અને તેના ચાંચિયા ખાલિસ્તાનના સમર્થક હતા તેથી આ બાબત પ્રત્યે પ્રજાનું ધ્યાન ખેંચાયું. એમ કહેવાય છે કે ખાલિસ્તાનનો વિચાર કેનેડામાં વસતા કેટલાક શીખોમાં ઉદ્‌ભવ્યો. પંજાબમાં એક વર્ગે તે ઉપાડી લીધો. પંજાબમાં શીખ અને હિન્દુઓ વચ્ચે તંગદિલી રહી છે. આ પ્રવૃત્તિથી તેમાં વધારો થયો છે. થોડા સમય પહેલાં લાલા જગતનારાયણનું ખૂન થયું. તેમાં ખાલિસ્તાનના સમર્થકોનો હાથ હતો એમ કહેવાય છે. લાલા જગતનારાયણ કોંગ્રેસના જૂના ને જાણીતાં આગેવાન હતા. તેમની ૮૨ વર્ષની ઉંમર હતી. તેઓ જલંધરમાં ત્રણ પત્રો ચલાવે છે. હિન્દી, ઉર્દૂ અને પંજાબી. તેમના પત્રોમાં લાલા જગતનારાયણ ખાલિસ્તાનનો સખ્ત વિરોધ કરતા હતા. તેઓ આર્યસમાજી હતા. આ ખૂનની પાછળ સંત ભીંદરવાલા–અકાલી દળના એક વર્ગના આગેવાનનો હાથ હતો એમ તપાસમાં જણાતાં તેમની ધરપકડ માટે વોરંટ કાઢયું હતું પણ તેઓ પકડાતા ન હતા. થોડા દિવસ પહેલાં, તેઓ સ્વેચ્છાએ શરણે આવ્યા, પણ ખૂબ ધામધૂમથી અને જાણે સરકાર ઉપર ઉપકાર કરતા હોય તે રીતે.

કેટલાક મહિના પહેલાં શીખોના એક પંથ નિરંકારીના ગુરુ બાબા ગુરુચરણનું ખૂન થયું હતું. તેમાં પણ સંત ભીંદરવાલાનો હાથ હતો તેમ કહેવાય છે. આ ખૂનની તપાસ દિલ્હીના લેફ્. ગવર્નર અને સી.બી.આઈ.ને સોંપવામાં આવી છે, પણ પંજાબની પોલીસનો તેમને સહકાર ન મળ્યો. સંત ભીંદરવાલાની ધરપકડ થતાં ઘણાં તોફાનો થયાં. વિમાની ચાંચિયાઓની એક માગણી ભીંદરવાલાની મુક્તિ માટે હતી. ભીંદરવાલા શહીદ થેઠે જમીન પર છૂટવાની અરજ કરતા નથી. બે ખૂનનો જેના પર શક છે તેવાને કદાચ જામીન પર કોર્ટ છોડે પણ નહિ. પણ પંજાબની વર્તમાન સરકાર અને પંજાબનું ગંદુ રાજકારણ જોતાં, આજે અરજી થાય તો સરકાર કદાચ વિરોધ ન પણ કરે. વધતી જતી તંગદિલીમાંથી છૂટવાનો માર્ગ શોધે. [આ લખ્યા પછી તેઓ છૂટયા છે.]

અકાલી દળમાં મોટી ફાટફૂટ છે. શીખોના બહુ મોટા ભાગનો આ માગણીને ટેકો નથી. પણ શીખોમાંથી કોઈ તેનો વિરોધ કરી શકતું નથી. પાકિસ્તાનની માગણી જેવી કંઈક પરિસ્થિતિ થઈ છે. એ માગણી ખોટી હતી અને તેના વિરોધીઓ હતા તેવાઓ પણ તેનો જાહેર રીતે વિરોધ કરી શકતા નહિ. તેમ કહે તો મુસ્લિમ ન ગણાય, તેવી જ રીતે ખાલિસ્તાનની માગણીનો વિરોધ કરે તો શીખ ન ગણાય. પાકિસ્તાનનો વિચાર પણ લંડનમાં વસતા કેટલાક મુસ્લિમોને થયો. શરૂઆતમાં તેના પ્રત્યે ઉપેક્ષા કરી, હસી કાઢી. માગણી જોર પકડતી ગઈ અને અંતે સ્વીકારવી પડી. બધી અંતિમવાદી માગણીઓની આ સ્થિતિ હોય છે. તેના વિરોધીઓ અથવા મધ્યસ્થ વિચાર ધરાવતા લોકો તેનો ઉઘાડો વિરોધ કરી શકતા નથી અને છેવટ એવી પરિસ્થિતિ પેદા થાય છે કે અનિચ્છાએ પણ તેનો સ્વીકાર કરવો પડે છે. તેથી ખાલિસ્તાનની આ માગણી પ્રત્યે દુર્લક્ષ સેવવું પોસાય તેમ નથી.

દેશના ભાગલા પડયા ત્યારે સૌથી વધારે શીખોને અને પંજાબના હિન્દુઓને સહન કરવું પડયું. પશ્ચિમ પંજાબનું રાજ્ય થયા પછી શીખોની બહુમતી થાય તે માટે, પશ્ચિમ પંજાબનું વિભાજન કરી, પંજાબ અને હરિયાણા એવા બે રાજ્યો કર્યાં. પણ ભાગલા કરવાથી લઘુમતી-બહુમતીના પ્રશ્નનો કોઈ દિવસ નિકાલ થતો નથી તે અનુભવે બતાવ્યું છે. પંજાબમાં હિન્દુઓની વસતિ હજી લગભગ ૪૦ ટકા છે.

પંજાબના શીખો અને હિન્દુઓને દેશના ભાગલાથી સૌથી વધારે સહન કરવું પડયું હતું છતાં આજે પંજાબ અને હરિયાણા દેશના સૌથી સમૃદ્ધ રાજ્યો છે. પંજાબના શીખ અને હિન્દુ, મહેનતુ અને કુશળ કારીગર, અને ખેડૂત છે; જમીન ફળદ્રુપ છે. પંચનદના આ પ્રદેશમાં વધુમાં વધુ નવેરો છે. સમૃદ્ધ શીખો અને કેટલેક દરજ્જે હિન્દુઓ પણ વિલાસી જીવનમાં ડૂબેલા છે. દારૂની બદી વ્યાપક છે. શીખ લડાયક પ્રજા છે. આ માગણી વેગ પકડે તો દેશને માટે ખરેખર ચિંતાનો વિષય બને. એક તરફ પાકિસ્તાન અને બીજી તરફ ચીનની સરહદો છે. પંજાબ છૂટું પડે તો જમ્મુ, કાશ્મીર અને હિમાચલ પ્રદેશનો પ્રશ્ન વિકટ બને. કાશ્મીરને સ્વતંત્ર કરવાના પ્રયાસો તો ચાલુ છે જ.

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ને દિને આપણો દેશ આઝાદ થયો. પહેલાં, કોઈ દિવસ, રાજકીય દૃષ્ટિએ આપણો દેશ એક અને અખંડ ન હતો. બ્રિટિશ હકૂમત હતી ત્યારે પણ દેશનો એક તૃતિયાંશ ભાગ અનેક દેશી રાજ્યોમાં વહેંચાયેલો હતો. આઝાદી મળતાં, આપણા ઈતિહાસમાં પહેલી જ વખત કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કચ્છ સુધી દેશ એક અને અખંડ, એક રાજ્ય અને એક બંધારણ નીચે આવ્યો. અન્યથા આપણો ઈતિહાસ ભાગલા અને ફાટ ફૂટનો જ રહ્યો છે તે કારણે જ પરતંત્ર થયા. આઝાદી પછીના ૩૩ વર્ષમાં સમગ્ર દેશમાં ભાવાત્મક એકતા સર્જાઈ નથી. અનેક વિઘાતક બળો કામ કરી રહ્યાં છે. ભાવાત્મક એકતા ઉત્પન્ન કરી શકે એવી આગે-

વાની નથી. રાજકીય પક્ષોની છિન્ન-ભિન્નતા સમગ્ર પ્રજા જીવનને સ્પર્શે છે.

આઝાદી પછી, દેશના અમુક પ્રદેશોમાં અલગ થવાનો નાદ ઊઠતો રહ્યો છે. દ્રવિડીસ્તાનની માગણી એક સમયે જોરદાર હતી. હજી સર્વથા શાંત થઈ છે તેમ ન કહેવાય. આસામ અને પૂર્વાંચલના પ્રદેશો-નાગાલેન્ડ, અરૂણાચલ, મિઝોરમ, મણિપુર, ત્રિપુરા વગેરે ખૂબ અશાન્ત છે. અત્યારે મામલો કાબૂમાં છે તેમ લાગે.

પંજાબની માગણી કાંઈક જુદા પ્રકારની છે. ધર્મને નામે અને એક લડાયક વર્ગની છે. ધર્મઝનૂન, બીજા બધા પ્રકારના ઝનૂન કરતાં વિઘાતક છે. પાકિસ્તાનના પ્રશ્ને આપણે તે અનુભવ્યું. ધર્મને નામે ભાગલા કરવાથી કોઈ પ્રશ્ન હલ થતો નથી એવો અનુભવ છતાં, આ ઝનૂનને કોઈ કાબૂમાં લઈ શકતું નથી. એક જ ધર્મના હોય તે પ્રેમથી અને સહકારથી સાથે રહે છે એવો પણ અનુભવ નથી. નહિ તો પાકિસ્તાનના ભાગલા ન થાત.

આપણા દેશમાં ધાર્મિક સહિષ્ણુતાની દીર્ઘ અને ઊંડી પરંપરા છે. ભારતના ત્રણે ધર્મો-વૈદિક, જૈન અને બૌદ્ધ-સહિષ્ણુ છે. કોઈ આક્રમક નથી. હિન્દુ સમાજમાં ધર્મને નામે આક્રમકતાનું તત્ત્વ આર્ય-સમાજથી આવ્યું અને પ્રમાણમાં શાંત થઈ ગયું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં એ તત્ત્વ છે પણ તેને વ્યાપક ટેકો નથી. શીખ ધર્મ, એક રીતે હિન્દુ ધર્મની એક શાખા છે, પણ મોગલો અને મુસલમાનો સાથે લાંબી લડત કરવી પડી હોવાથી, ગુરુ ગોવિંદસિંહે, શીખ કોમને લડાયક બનાવી.

રાજકીય અલગતાવાદમાં ધર્મનું બહાનું હોય છે પણ બીજાં બળો પણ કામ કરતાં હોય છે. શીખો એમ કહી શકે તેમ નથી કે ભારતના રાજ્યમાં તેમની અવગણના થઈ છે અથવા તેમનો વિકાસ રુંધાયો છે, બલ્કે સૌથી સમૃદ્ધ કોમ છે. પંજાબમાં બહુમતીમાં છે. તેમના આંતરિક વિખવાદોને કારણે, રાજકીય સત્તા સદા ભોગવી શકતા ન હોય તો અલગ થવાથી તે સુધરી જવાનું નથી. પંજાબના હિન્દુઓ જેમાં આર્યસમાજની ચારી સંખ્યા છે, ખાલિસ્તાનની માગણીને વશ થાય તેમ નથી. દેશ પણ તે સ્વીકારી શકે નહિ.

આ માગણીને વિદેશી બળોનો ટેકો હોવા પૂરો સંભવ છે. પાકિસ્તાન, ચીન અને અમેરિકા આવી તકની રાહ જોઈ રહ્યાં છે. શીખોમાં અંદરના મતભેદો છે અને શાણા શીખો તેના વિરોધી હોય તો પણ ઉઘાડો વિરોધ ઓછા કરી શકશે. પંજાબની સરકાર, કોઈ પણ પક્ષની હોય, તેમાં આ પ્રશ્ન પરત્વે મતભેદ રહેવાના જ. તેથી પંજાબની સરકાર આ પરિસ્થિતિનો અસરકારક સામનો કરવા સમર્થ નહિ રહે. દેશના અન્ય ભાગોની પેઠે, પંજાબમાં કદાચ વિશેષ, કાયદો અને વ્યવસ્થાતંત્ર તૂટી પડયાં છે. પંજાબની પોલીસમાં પણ મતભેદો હોય તે સ્વાભાવિક છે.

શીખોને આવી માગણી માટે કોઈ વાજબી કારણ નથી. મુસલમાનો કે હરિજનો પેઠે શીખો એમ કહી શકે તેમ નથી કે તેમના ઉપર જુલ્મ થાય છે અથવા તેમને રાજ્યતંત્રમાં અને અન્યથા યોગ્ય સ્થાન મળતું નથી. છતાં માગણીઓની એક હારમાળા રજૂ કરી છે.

ખાલિસ્તાનની માગણીનો અર્થ શું તે વિષે હજી સ્પષ્ટતા થઈ નથી. પાકિસ્તાનનું પણ તેમ જ થયું હતું. શીખ બહુમતીનું એક રાજ્ય કરવું એટલી જ માગણી હોય તો તે અત્યારે છે જ. પંજાબને વિશેષ સ્વાયત્તતા આપવી–Autonomy એવી માગણી હોય તો તે સ્વીકારી શકાય નહિ. બધાં રાજ્યો તેવી માગણી કરે, બલ્કે અત્યારે થઈ રહી છે. દેશની એકતા અને અખંડિતતા માટે સબળ કેન્દ્ર સરકાર વર્તમાન સંજોગોમાં અનિવાર્ય છે. શીખોની ભાષા-ગુરુમુખીને યોગ્ય સ્થાન મળ્યું છે. ત્યાં, આસામની પેઠે, કોઈ વિદેશીઓનો પગપેસારો નથી. તામિલનાડુ અને દક્ષિણના રાજ્યો પેઠે, કોઈ ભાષાના પ્રશ્ન નથી. ભય તો એ છે કે આ માગણી અંતે પાકિસ્તાન પેઠે એક સ્વતંત્ર રાજ્યની માગણી થઈ ઊભી રહેશે. દેશને માટે એ ખતરનાક છે.

ઈન્દિરા ગાંધી આ બાબત પૂરાં સજાગ હશે એમ માનીએ, પણ તેઓ બીજાં પ્રશ્નોથી એટલાં બધાં વ્યસ્ત છે કે આ બાબત ઉપર પૂરું ધ્યાન આપવાનો તેમને સમય ન હોય તેમ બને તો ખેદજનક ગણાય. તેઓ વાટાઘાટ કરી રહ્યા છે.

અલ્સ્ટર-ઉત્તર આર્યલેન્ડમાં આપણે જોઈએ છીએ કે એક ધર્મના બે પંથોના અનુયાયીઓ વર્ષોથી ખૂનખાર લડી રહ્યા છે. ધાર્મિક ઝનૂન કહેવાતા શિક્ષિતોમાં ઓછું નથી હોતું, કદાચ વધારે હોય છે કારણ, તેઓ તેને માટે આકર્ષક કારણો શોધી કાઢે છે. વર્તમાનમાં દુનિયામાં ધાર્મિક ઝનૂનનું મોજું ફરીવળ્યું છે. ઈરાન અને મધ્યપૂર્વના દેશોમાં ઉગ્રતાથી ફેલાયું છે. તેનો પવન બીજા દેશોમાં પણ ફરીવળે અને આપણને સ્પર્શે.

આ પ્રશ્ન પૂરી ચિન્તાનો વિષય છે અને સમગ્ર દેશે તે માટે સજાગ રહેવું પડશે.

૯-૧૦-૧૯૮૧

છો !

☐ ગાતા પરીખ

દેવાળું જ દિવાળી કરતી,
હોળી હોમે ઝાળે,
ઉતરાણે ઉર–પતંગ તૂટે,
બળેવ ખિસ્સું બાળે.
તહેવારોનો અર્થ કશો જ્યાં
'અર્થ'' તણાયે જાયે ?
ને એમાં વહેવાર ભળે ત્યાં
હર્ષ હણાયે ક્યાંયે !
બાહ્યાંતરની ભીંસે માનવ
નિજને ક્યાંય ન ન્યાળે,
મથી મથીને ટાળે તોયે
અટવાતો ગોટાળે
અંતર આનરાધાર રૂવે છો
લોક હસંતો ભાળે,
દરવાજા જ્યાં મોકળા છો એ
ડૂચા મારે ખાળે !

વાર્ષિક સામાન્ય સભા

★

તારીખ નવ ઓક્ટોબરના રોજ બોલાવવામાં આવેલી સંઘની વાર્ષિક સામાન્ય સભા, સંજોગોવશાત મુલતવી રાખવી પડી હતી. તે સભા, સભ્યોને અગાઉ મોકલવામાં આવેલા પરિપત્રના એજંડા પ્રમાણેના કામો માટે હવે તા. ૭ નવેમ્બર, ૧૯૮૧ શનિવારના રોજ સાંજના પાંચ વાગે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે.

તેમાં સમયસર ઉપસ્થિત થવા આપને પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

જૈન સાહિત્યમાં માતાનું સ્થાન

☐ ડા. હીરાબાઇ બોરદિયા

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'માં બીરલા ક્રીડા કેન્દ્ર સભાગૃહ-ચોપાટીમાં તા. ૧-૯-'૮૧ના રોજ અપાયેલું વ્યાખ્યાન)

સર્વ પ્રથમ હું મારા પૂજ્ય માતાજી લક્ષ્મીબાઈ ઝવેરીને પ્રણામ કરું છું, જેમના આશીર્વાદથી હું આજે તમારા સૌની સામે ઊભા છું. 'મા' શબ્દના ઉચ્ચારણ માત્રથી હૃદય આનંદવિભોર થઈ જાય છે. માની તુલના પૃથ્વી સાથે કરવામાં આવી છે. 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ'–જો સ્વર્ગથી પણ કોઈ વસ્તુ દુનિયામાં મહાન હોય તો માતા છે અને ધરતીમાતાની ગોદ છે. નારીના જીવનમાં ત્રણ રૂપ દૃષ્ટિગોચર થાય છે: માતા, બહેન અને પત્ની. ત્રણે રૂપમાં એનું ગૌરવ અદ્‌ભુત છે. આ ત્રણે રૂપમાં એ સંસારને કંઈ ને કંઈ પ્રદાન કરે છે. જૈન ધર્મમાં માતાનું સ્થાન કેટલું ઊંચું છે, તેના પર પ્રકાશ પાડવા હું આજે આપની સમક્ષ ઉપસ્થિત થઈ છું.

સંતાનની પ્રથમ ગુરુ માતા છે. સંતાનને વિવેકપૂર્ણ સંસ્કારી બનાવવાની જવાબદારી એની જ છે. લગભગ બધા ધર્મોએ માતાના એકછત્રી વર્ચસ્વની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. જૈન કવિ માનતુંગાચાર્યે આ શ્લોકમાં માતાના ગુણગાન કર્યાં છે.

'સ્ત્રીણાં શતાની શતશો, જનયન્તિ પુત્રાન્
નાન્ય સુતં ત્વદુપમં, જનની પ્રસૂતા
સર્વાદિશો દધતિભાનુ, સહસ્ત્ર રશ્મિ
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ ।' ૨૨।।

સૂર્ય જેવા પ્રખર અને તેજસ્વી પુત્રને જેવી રીતે પ્રાચી (પૂર્વ) દિશા જ ધારણ કરે છે, તે જ રીતે ધાર્મિક અને આત્મકલ્યાણના પથ પર અગ્રેસર બનનારા પુત્રને ધર્મનિષ્ઠ તથા સર્વગુણસંપન્ન માતા જ જન્મ આપે છે.

મરુદેવી માતા–ભારતીય સંસ્કૃતિમાં આદિજનેતા ભગવાન ઋષભદેવનાં સર્વગુણસંપન્ન માતા મરુદેવીને કોણ નથી ઓળખતું? ગર્ભ ધારણ થતાં જ માતાએ શુભનું સૂચન કરનાર ચૌદ સ્વપ્ન જોયાં તથા મહાન મંગલકારી જીવનું ગર્ભમાં આગમન થયેલું જાણી માતાને ખૂબ હર્ષ થયો. સંસ્કૃતિનો પ્રારંભ કરનાર આદિ પુત્રની માતાને ઈન્દ્ર અને બીજા દેવો પણ પ્રણામ કરે છે. વખત જતાં પુત્રે દીક્ષા (પ્રવ્રજ્યા) લેવાથી વત્સલ માતા મરુદેવી પુત્રવિયોગ સહન નથી કરી શકતી અને વાત્સલ્યભાવથી વિહ્વળ બનીને આંખોમાં આંસુ સાથે પૌત્ર ભરતને ઠપકો આપતાં કહે છે, 'તમે તો રાજ્ય વૈભવ ભોગવી રહ્યા છો અને મારો પુત્ર જંગલોમાં ભટકી રહ્યો છે.' પરંતુ જ્યારે ઋષભદેવને સમવસરણમાં માતા જુએ છે તો મોહનો પડદો તૂટી જાય છે અને સમભાવ આવતાં જ હાથી ઉપર બેઠેલાં હતાં ત્યાં જ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

આ અવસર્પિણીમાં માતા મરુદેવીએ જ સૌ પ્રથમ મોક્ષમાં અક્ષય અમર સ્થાન પ્રાપ્ત કર્યું. એનાથી પણ આપણી અલૌકિક આદ્ય માતૃશક્તિનું ગૌરવ પ્રગટ થાય છે. માતા તરફ સર્વોચ્ચ ભાવનાઓનું આ જીવંત પ્રમાણ અને ઉત્કૃષ્ટ પ્રતીક છે. જૈન આચાર્યો અને કવિઓએ માતા મરુદેવીના વાત્સલ્યના ઉદ્‌ગારો ઉપર ઘણાં કાવ્યો, ગીત વગેરે પ્રકારનાં વિભિન્ન ભાષાઓમાં રચ્યાં છે, જે આજે પણ માતાના વાત્સલ્યભાવને પ્રગટ કરે છે. માતા મરુદેવીએ એવા કાલજયી (કાળને જીતનાર) પુત્રને જન્મ આપ્યો, જેથી એક સંસ્કૃતિને જન્મ આપ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નહીં થાય. બોંતેર કળાઓ પુરુષો માટે અને ચોસઠ કળાઓ સ્ત્રી માટે શીખવીને ઋષભદેવ ભગવાને ભારતીય સંસ્કૃતિને ઉચ્ચત્તમ શિખર પર પહોંચાડી.

સીતા– આપણું ધ્યાન વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના સમકાલીન સીતા માતા તરફ જાય છે. જેમણે રાજ્યથી દૂર આશ્રમમાં રહીને પોતાના બન્ને પુત્ર લવ અને કુશને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ જાતજાતની કળાઓમાં પારંગત બનાવ્યા. વિશેષ શિક્ષણને કારણે પુત્રો રામ જેવા રાજા સાથે યુદ્ધ કરી શકયા. પરિસ્થિતિ ગમે તેવી વિકટ કે વિષમ હોય પણ માતાનું ધ્યાન તો પુત્રના ભવિષ્ય પર જ હોય છે. પુત્રમાં ગુણ અને શક્તિનો વિકાસ થાય, પુત્ર યશસ્વી અને શૂરવીર બને એવી મંગલ ભાવનાઓ સાથે માતા પુત્રને વ્યાવહારિક અને આધ્યાત્મિક શિક્ષણ આપે છે. પરિસ્થિતિઓ સામે ઝઝૂમતાં તેમને અનુકૂળ બનાવવી એ જીવનનું લક્ષ્ય હોવું જોઈએ. Circumstances should not guide us, we should guide them.

કૈકેયી– સીતાની સાથે માતા કૈકેયીનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. વિમલસૂરિ કૃત જૈન રામાયણ 'પઉમચરિય'માં કૈકેયીને વિચારક અને મનોવૈજ્ઞાનિક નિરૂપવામાં આવી છે. માતા કૈકેયી પોતાના પુત્ર ભરતની ભાવનાઓને જાણતી હતી કે જો દશરથ રાજા દીક્ષા લેશે તો પુત્ર કયારેય પણ મહેલમાં રહેનાર નથી. પુત્રના આ મનોભાવોને ધ્યાનમાં રાખીને એણે ભરત માટે રાજ્ય માગ્યું હતું. કઈ માતા ઈચ્છશે કે પોતાનો 'લાલ' કસમયે દીક્ષા લઈ પોતાનાથી દૂર થઈ જાય. માતા તો પુત્રના હાવભાવ પરથી જ એની મનોદશા જાણી શકે છે. કહેવત છે કે 'પુત્રનાં લક્ષણ પારણામાં.' ભરત તો અયોધ્યામાં રહીને પણ સંન્યાસીની જેમ જ રહે છે.

કમલપ્રભા : જે મહા પુણ્યશાળી મયણા સુંદરી અને શ્રીપાળને યાદ કરી સિદ્ધચક્રના નવ આયંબિલનું વ્રત કરવામાં આવે છે, એ શ્રીપાળની માતાએ કઈ રીતે કષ્ટ સહન કર્યાં હતાં? રાજ્યમાં સંકટ હોવાથી પોતાના એકમાત્ર પુત્રને લઈ રાતે જ વનમાં ચાલી નીકળી. શત્રુઓથી બચવા પુત્રસહિત કુષ્ટ રોગીઓનાં ટોળામાં ભળી ગઈ. કઈ એવી માતા હશે જે જાણીબૂઝીને આવા અસાધ્ય રોગીઓ સાથે રહે? જીવનનો મોહ છોડી માતા કમલપ્રભાએ પુત્ર શ્રીપાળની રક્ષા કરી.

દેવકી : બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિના સમયમાં વાસુદેવ ભગવાન શ્રીકૃષ્ણની જનની દેવકીના હૃદયવિદારક ઉદ્‌ગાર વાંચતાં આંખ ભીની થઈ જાય છે. માતા દેવકી વાત્સલ્યભાવો સાથે અશ્રુભરી આંખે પુત્ર કૃષ્ણને કહે છે, 'આઠ આઠ પુત્રોની માતા હોવા છતાં મેં એક પણ પુત્રને ગોદમાં બેસાડી ન રમાડયો, ન એની કાલીઘેલી વાતો સાંભળી કે ન કદિ બાલક્રિડાનું સુખ પામી શકી.' માતાની આવી વાણીથી કૃષ્ણ દ્રવિત થઈ ગયા. સાચા ભાવથી ઈષ્ટદેવની તપશ્ચર્યા કરી. જેના ફળસ્વરૂપ પુત્ર માતા દેવકીની ગોદમાં રમવા લાગ્યો. માતાએ પોતાના પુત્રપ્રેમના કોડ પૂરા કર્યા. નારીની પૂર્ણતા માતાની ભૂમિકામાં જ પૂર્ણતા પામે છે.

થાવચ્ચામાતા : જૈન ધર્મના 'જ્ઞાતા ધર્મકથા' સૂત્રના પાંચમા અધ્યયનમાં થાવચ્ચામાતાની કથા આવે છે. માતા પુત્રને પ્રવ્રજ્યા (દીક્ષા) નહીં લેવા માટે ઘણું સમજાવે છે, પણ પુત્રની સંસારત્યાગની દૃઢ ઇચ્છા જોઈ છેવટે સંમતિ આપે છે. શ્રેષ્ઠિ માતા પ્યારા પુત્રનો નિષ્ક્રમણ ઉત્સવ રાજવી ઠાઠથી ઊજવવા ઇચ્છતી હતી. પોતાના વાત્સલ્યભાવોને દબાવી, નીડર બની માતા વાસુદેવ કૃષ્ણ

પાસે જઈ બોલી, 'દેવતાઓને પ્રિય એવા કૃષ્ણ, મારો એકમાત્ર પુત્ર તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થઈ રહ્યો છે. માટે મને છત્ર, દંડ અને ચામર આપો.' માતાનો આવો અદ્‌ભુત ત્યાગ જોઈને કૃષ્ણે કહ્યું, 'દેવાનું પ્રિયે, હું પોતે જ તેના દીક્ષા-મહોત્સવની બધી વ્યવસ્થા કરીશ.' આમ કહી બધી જવાબદારીઓ પોતાને માથે લઈ લીધી હતી.

ત્રિશલા : ઘણી જૈન કથાઓમાં વર્ણન મળે છે કે માતા અને શિશુ વચ્ચે સ્નેહનો સંબંધ ગર્ભધારણ સાથે જ શરૂ થઈ જાય છે. 'મારા હલનચલનથી મારી માતાને કષ્ટ થશે.' એમ વિચારી વર્ધમાન ગર્ભમાં સ્થિર થઈ ગયા. માતા ત્રિશલા એને અશુભ માની દુઃખી થઈ ગયાં. એનું વિસ્તૃત વર્ણન કલ્પસૂત્રમાં આપેલ છે. માતાના સ્નેહથી પ્રભાવિત થઈ પુત્ર વર્ધમાને સંકલ્પ કર્યો કે માતાપિતાની હાજરીમાં દિક્ષા નહીં લઉં.

દેવાનન્દા : તીર્થંકર મહાવીરની માતા દેવાનન્દાના ઉત્કૃષ્ટ વાત્સલ્યભાવને પણ ન ભૂલી શકાય. માતાએ માત્ર બેંસી દિવસ સુધી વર્ધમાનના જીવને ગર્ભમાં રાખ્યો હતો. તો પણ તીર્થંકર મહાવીરને સમવસરણમાં જોઈને પુત્રસ્નેહને કારણે એમના સ્તનમાંથી દૂધની ધારા વહેવા લાગી. ગણધર ગૌતમના પ્રશ્નનો ઉત્તર ભગવાન મહાવીરે ભરીસભામાં આપ્યો, 'આ મારી માતા હતી, ગૌતમ.' તે સમયે માતાનો કેટલો આદર થતો હતો.

મૃગાવતી – રાજનીતિમાં નિપુણ રાજા ચંડપ્રદ્યોતને લાલચ આપી પુત્ર ઉદયનને માટે રાજાની ચારે બાજુ પરકોટા કિલ્લો બનાવી દીધો. માનસિક દુઃખથી પીડિત પતિવિયોગિની આ માતાને પુત્રના સંરક્ષણની ચિન્તા હતી. ભૌતિક સૌરક્ષણની સામે માતાએ પુત્રને આત્મિકચિંતન પણ આપ્યું અને પુત્ર ઉદયનને ચંડપ્રદ્યોતને સોંપી ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી. આજની માતાઓ પુત્રને સંરક્ષણ તો આપે છે પણ એની ઉન્નતિ માટે કેટલું ચિન્તન કરે છે?

ભદ્રા – એ જ સમયમાં થયેલ મહાન ત્યાગી શાલિભદ્રની માતા ભદ્રા યાદ આવે છે. માતા ભદ્રાએ પુત્ર શાલિભદ્રને રાજા શ્રેણિકની ગોદમાં પરેશાન જોઈ કહ્યું, 'રાજન, શાલિભદ્ર બહુ સુકોમળ છે. એને મુકત વાતાવરણમાં રહેવાની આદત છે. જે માતાએ વેપારવણજનો બધો કારભાર જાતે સંભાળ્યો અને પુત્રના ભૌતિક સુખોમાં વિઘ્ન ન પડવા દીધા, તે માતા પુત્રને પરેશાન કઈ રીતે જોઈ શકે? મુકત વાતાવરણની જેમ મુકત ચિંતન બાળકને મળે એ જોવાનું કામ આજે પણ માતાનું જ છે.

ચેલણા – જૈન સાહિત્યમાં દોહદ (ડોહો) ઉપર ઘણું લખાયું છે. રાજા બિમ્બિસાર (શ્રેણિક)ની રાણી ચેલણાને ગર્ભધારણ પછી એવો દોહદ થયો કે જેનાથી એને ખબર પડી કે 'મારા ગર્ભમાં' મારા પતિ સાથે શત્રુતાનો વ્યવહાર કરનારો કોઈ જીવ આવ્યો છે. એ મનોવૈજ્ઞાનિક સત્ય છે કે જેવો જીવ ગર્ભમાં હશે એ પ્રકારની તીવ્ર ઈચ્છા માતાને થશે. પતિના કાળજાનું માંસ ખાવાની ઈચ્છા થતાં જ માતા ચેલણા ઉદાસ થઈ ગઈ. પુત્રજન્મ થતાં જ એવા ક્રૂર મનોભાવવાળા નવજાત શિશુને એણે દાસી સાથે જંગલમાં મોકલાવી દીધો. માતાએ પોતાની સ્વાભાવિક વાત્સલ્યની ભાવનાઓને કઈ રીતે દબાવી હશે?

પ્રસંગે વાત્સલ્યભાવને દબાવી, ફરજને લક્ષમાં રાખી માતા કેટલી સ્વસ્થ રહી શકે છે તે ચેલણાના ઉદાહરણમાં જોવા મળે છે.

પદ્માવતી– જ્ઞાન ધર્મકથાના ચૌદમા અધ્યાય અનુસાર રાજા કનકરથ રાજ્ય અને વૈભવમાં એટલા આસકત હતા અને એટલા મગ્ન હતા કે પુત્ર મારું રાજ્ય છિનવી લેશે એમ વિચારી નવજાત પુત્રોને વિકલાંગ બનાવી દેતા હતા. માતાનું હૃદય આ અમાનુષી કૃત્યથી આક્રાન્ત થઈ ગયું. પ્રસવ પછી વિશ્વાસુ ધાવ માતાદ્વારા અમાત્ય તૈતલિપુત્રને બોલાવી પોતાનો સ્નેહપિંડ સોંપી દીધો. માતા પદ્માવતીએ પુત્રને રાજમહેલોથી દૂર મોકલી પુત્રને વિકલાંગ થતો અટકાવ્યો.

મદાલસા– એમનાં ગુણગાન જૈન અને જૈનેતર વિદ્વાનોએ ખૂબ ગાયાં છે. હાલરડાં ગાતાં ગાતાં જ પુત્રમાં એવા વૈરાગ્યના સંસ્કાર એમણે રેડયા કે યુવાન થતાં જ સંસારના સુખોને અસાર સમજી વૈરાગ્યના માર્ગે ચાલ્યો ગયો. માતા મદાલસા જડ અને ચેતનના સૂક્ષ્મ જ્ઞાનની જ્ઞાતા હતી. બાળક કોમળ છોડ જેવું હોય છે, તેને જેમ વાળો તેમ વળી શકે.

અરણિક મુનિની માતા– એકવાર અરણિક મુનિ સંખત ગરમીમાં ગોચરી વહોરવા નીકળ્યા હતા. અનાયાસ જ વેશ્યાને ઘેર ગયા અને ત્યાં રહી ગયા. માતાને ખબર પડતાં એ વિહ્વળ બની ગઈ. ત્યાગી પુત્રને શોધવા નીકળી પડી. 'અરણિક', 'અરણિક', કરતી માતા ગલીએ ગલીએ, બજારે બજારે ફરવા લાગી. માતાનો દર્દભર્યો અવાજ શતરંજ રમતા પુત્રને સંભળાયો. તરત જ અરણિક મુનિ નીચે ઊતરી માતાને પગે પડયા, પોતાની ભૂલ માટે પ્રાયશ્ચિત્ત કરી ગુરુ પાસે ગયા. આ રીતે માતાપુત્રને વૈરાગ્યના માર્ગ પર પાછો લાવવા માટે બધું જ છોડી શકે છે.

શ્રીમતી– અગિયારમીથી તેરમી સદીમાં પણ કેટલીક તેજસ્વી માતાઓનાં ઉદાહરણ મળે છે. આબુના કલાત્મક અને સ્થાપત્ય કલાના અજોડ મંદિરો પાછળ પણ એવી જ કથા છે.

રાજા ભીમદેવના મંત્રી વિમલશાહની પત્ની શ્રીમતીને કોઈ સંતાન ન હતું. તે ઉદાસ રહેતી હતી. પતિને એ વાતની ખબર પડી. તે સમયે આબુ પર્વત પર સુંદર મંદિર બનાવવાનો આરંભ થયો હતો, પણ તેમાં વિઘ્નો આવવા લાગ્યાં. તેથી વિમલશાહે ત્રણ દિવસ સુધી અન્નજળનો ત્યાગ કરી દેવી અંબિકાની આરાધના કરી. પ્રસન્ન થઈ દેવીએ વરદાન માગવા કહ્યું. એણે પુત્ર પ્રાપ્તિ અને આબુ પર્વત પર મંદિર બંધાવવાના વરદાન માગ્યાં. દેવીએ એક જ વરદાન માગવા કહ્યું. તેથી વિમલશાહે પત્નીને પૂછીને કહેવા કહ્યું. શ્રીમતીને જઈને વાત કરી, એણે પુત્રમોહ છોડી કહ્યું, 'સંસાર અસાર છે. પુત્રથી તો સાંસારિક જીવનનો સંબંધ છે. તીર્થોદ્ધાર થશે એનું પુણ્ય જન્મજન્માન્તર સુધી મળશે. માટ પુત્રપ્રાપ્તિને બદલે મંદિરના તીર્થોદ્ધારનું વરદાન માગો.' શ્રીમતીની નિઃસંતાન રહેવાની ભાવના અનન્ય છે. શાસ્ત્ર વિશારદ આચાર્ય વિજયધર્મસૂરિજીએ આ શ્રાવિકાનો મહિમા 'આબુ' નામના પુસ્તકમાં વર્ણવ્યો છે.

પાહિણી– અગિયારમી સદીના મહાન આચાર્ય હેમચંદ્રાચાર્યની માતા પાહિણીએ જૈન સંઘના શ્રાવકોનો આગ્રહ જોઈ પોતાના પુત્ર ચાંગને આચાર્ય દેવચંદ્રને સોંપી દીધો. શ્રાવિકા પાહિણી દેવ-દર્શન અને ગુરુવંદના માટે ગઈ હતી. પુત્ર ચાંગ સાથે હતો, જે ઉપાશ્રયમાં આચાર્ય દેવચન્દ્રની પાટ ઉપર બેસી ગયો. જ્યોતિષિના જાણકાર આચાર્ય બાળકના આ વિશિષ્ટ લક્ષણ જોઈ પોતાનો શિષ્ય બનાવવા પાહિણીને કહ્યું. માતા અવાક્ થઈ ગઈ. પરંતુ સંઘના શ્રાવકો ઘરે આવી વિનવવા લાગ્યા ત્યારે સંમત થઈ. થોડો સમય માતાના હૃદયમાં વાત્સલ્ય અને ધર્મ વચ્ચેનો સંઘર્ષ ચાલ્યો. અંતે શાસનની પ્રતિષ્ઠા માટે માતાએ પોતાના પુત્રને સોંપી દીધો. એ જ હેમચંદ્રાચાર્ય માટે વિદ્વાન પિટર્સને કહ્યું છે 'હેમચન્દ્ર ઈઝ ધ ઓસન ઑફ ધ નૉલેજ.'

રુદ્રસોમા– વીર નિર્વાણ સંવત ૧૮૨માં દશપુરના રાજપુરોહિત સોમદેવજીની પત્નીએ રક્ષિત પુત્રને જન્મ આપ્યો. એને કિશોરા-

(અનુસંધાન ૧૧૮મે પાને)

✻ માનસિક તાણ : કારણ અને નિવારણ ✻

[] યુવાચાર્ય મહાપ્રજ્ઞ

આ દુનિયામાં એવી વ્યકિતઓ ઓછી મળશે જેમને માથાના દુખાવાનો અનુભવ ન હોય. એવી વ્યકિતઓ એથી પણ ઓછી મળશે જેમને પોતાના મનથી વિરુદ્ધ કંઈ થાય છતાં કષ્ટ ન થાય. માથાનો દુખાવો શા માટે થાય છે? નિરાશા શા માટે અનુભવાય છે? માનવી તાણ શા માટે અનુભવે છે? અને તે છેલ્લે તબક્કે આત્મહત્યા શા માટે કરે છે? તે ઘણી બધી બીમારીઓનો ભોગ શા માટે બને છે? તે ડોકટરો પાછળ શા માટે પડે છે? તેને દવાઓની આદત શા માટે પડી જાય છે? આ બધાંના મૂળમાં શોધીએ તો આપણને એક જ કારણ હાથ લાગશે અને તે છે પ્રતિક્રિયા. મનુષ્ય ક્રિયા ઓછી કરે છે, પ્રતિક્રિયા વધુ કરે છે. પ્રતિક્રિયાને કારણે જ બીમારી આવે છે. નિરાશા ઘેરીવળે છે અને ડગલે ને પગલે દુઃખની લાગણી થાય છે. એમાંથી લઘુતાગ્રંથિ બંધાય છે અને ધીમે ધીમે લઘુતાગ્રંથિ આત્મહત્યા તરફ પ્રેરી જાય છે.

પ્રતિક્રિયા ઘણી મોટી તાણ છે. હું માનું છું કે જૂના જમાનામાં માણસ પાસે સુખ-સગવડનાં સાધનો ઓછાં હતાં. એનું પરિણામ એક તો એ આવતું કે તે પોતાનું મન માન્યું ન કરી શકતો અને બીજું તે એ કે તેની સહનશકિત વૃદ્ધિ પામતી. આજના જમાનામાં તો માણસ માટે બધા પ્રકારની સગવડો હાજર છે, એનું એક પરિણામ તો એ આવ્યું કે તે પોતાને મનગમતી સગવડો મેળવી લે છે, જે ઈચ્છે તે વસ્તુ એને મળી જાય છે. બજારમાં વસ્તુઓની એટલી રેલમછેલ છે કે માણસ એમાંથી કઈ લેવી અને કઈ છોડવી એમાં જ મુંઝાઈ જાય છે. વસ્તુવિપુલતાનું પરિણામ એ આવ્યું કે માણસની સહનશકિત નષ્ટ થઈ ગઈ, એ જરા જેટલી પણ આગવડ સહન નથી કરી શકતો.

આજની સૌથી મોટી સમસ્યા છે-પ્રકિયા અને અસહિષ્ણુતા. આજે દુનિયામાં આ સમસ્યા પર વધુ ધ્યાન આપવામાં આવે છે. કેમ કે બધી બીમારીઓના મૂળમાં તાણ (ટેન્શન) છે. તાણ શારીરિક અને માનસિક બન્ને પ્રકારની હોય છે. માનસિક તાણ વધુ ખરાબ છે. મનોવિજ્ઞાનના વિદ્વાનો અને વિચારકોએ સમસ્યાની જડને પકડી લીધી છે. તીર્થંકરો અને પ્રબુદ્ધ વિચારકોએ ઓને ઘણા સમય પહેલા જ પકડી લીધી હતી. એક મહાન આચાર્યે કહ્યું, 'कषायमुक्तिः किल मुक्तिरेव' જેણે આ કહ્યું તેણે ચોક્કસ સમજી લીધું હતું કે દુઃખનું મૂળ છે-કષાય. કષાયનો અર્થ છે તાણ (તનાવ). ક્રોધ, માન, માયા, લોભ, દ્વેષ, ઈર્ષ્યા, કલહ, ધૃણા વગેરે કષાયનાં પ્રકારો છે. એ જ બધી સમસ્યાના મૂળમાં છે. જો ધર્મની રીતે ઓનું વિશ્લેષણ કરીએ તો કદાચ કોઈને ધર્મમાં આસ્થા હોય કે ન પણ હોય. કોઈ ધર્મનો સ્વીકાર કરે કે ન કરે. પરંતુ આજે પ્રશ્ન કેવળ ધર્મનો નથી. આજે પ્રશ્ન છે ચિકિત્સા અને સારવારનો. પ્રશ્નોને આ રીતે તપાસવામાં આવે છે. તબીબીક્ષેત્રે માત્ર શારીરિક રોગોને નહીં, માનસિક રોગો પણ હોઈ શકે એમ સ્વીકારવામાં આવે છે. બીમારીનું મૂળ શરીર માત્ર નથી, મન પણ છે. કેવળ શારીરિક બીમારીઓ ઓછી છે, માનસિક બીમારીઓ જ વધુ છે. આ બીમારીઓએ બધી વિચારધારામાં પરિવર્તન લાવી દીધું છે.

આજે એટલું પૂરતું નથી કે બીમાર પડયા કે ચાલો ડૉકટર પાસે, આજે તો ડૉકટર પાસે જતાં પહેલાં મનોચિકિત્સક પાસે જાઓ અને એ નિદાન કરાવી લો કે આ બીમારીનો પાછળ કઈ ગ્રંથિ કામ કરી રહી છે. મનને જાણવું-નાણવું બહુ જરૂરી છે. હૃદયરોગમાં શરીર કરતાં મન વધુ જવાબદાર છે. પેરેલિસિસ (પક્ષાઘાત) અને અલ્સર જેવા રોગોમાં પણ મનનો હાથ વધુ છે.

એક ડૉકટર મારી પાસે બેઠા હતા. એણે કહ્યું-વિટામિનની ગોળીઓ કંઈ નુકસાન નથી કરતી. શરીર જરૂર પ્રમાણે આમુક ભાગ રાખી લે છે, નકામો ભાગ ફેંકી દે છે. મેં કહ્યું-આ વાત તબીબી વિજ્ઞાનને અનુરૂપ નથી. તમે તો એ જાણો છો કે વધારાના ભાગને બહાર કાઢવા માટે આંતરડાને કેટલો વધુ શ્રમ લેવો પડે છે? શું એ હાનિકારક નથી? એમણે આ વાત સ્વીકારી. આપણા અસંયમને કારણે શરીરમાં શું શું પ્રત્યાઘાતો જન્મે છે એ આપણે નથી જાણતા. પરંતુ એ પ્રત્યાઘાતો જ બીમારીઓ પેદા કરે છે.

આજે શરીર કરતાં મન પર ધ્યાન દેવાની આવશ્યકતા છે. નવાઈની વાત તો એ છે કે જે મનદ્વારા આ શરીરની યાત્રાનું સંચાલન થાય છે એના તરફ માનવી દસ ટકા જેટલું પણ ધ્યાન નથી આપતો અને જે શરીર જીવનના સંચાલનનું એક સાધન માત્ર છે તે તરફ નેવું ટકા ધ્યાન આપે છે. શરીર પર નહીં, પણ માત્ર ઈન્દ્રિયોના સંતોષ અને તૃપ્તિ પર જ વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

સૌથી મોટી સમસ્યા તો એ છે કે વ્યકિત પોતાના તરફ સજાગ નથી, બહારની બાબતો તરફ સજાગ છે. એ બીજા તરફ વધુ સજાગ છે. આધુનિક મનોવૈજ્ઞાનિકોએ એક ચિકિત્સાપદ્ધતિનો વિકાસ કર્યો છે જેને 'બાયોફીડબેક' કહેવામાં આવે છે. ભારતમાં હજી એનો પ્રચાર ઓછો છે. અમેરિકા જેવા દેશોમાં એ પૂર્ણપણે વિકસિત અને પ્રચલિત છે. ઓનાં યંત્રો પણ મળે છે, જે ખરીદી લઈ પોતાની તપાસ કરી ચિકિત્સા કરી શકાય. આ કોઈ નવી વાત નથી. એ પ્રાચીન યોગપદ્ધતિની જ આધુનિક યાંત્રિક આવૃત્તિ છે. પોતાને જોવું જાણવું અને ઠીક કરવું. કિન્તુ આ પદ્ધતિથી પણ વધુ મહત્ત્વપૂર્ણ છે- કાયોત્સર્ગની પદ્ધતિ; 'ધ્યાનની પદ્ધતિ', પોતે જ પોતાને જોવાની પદ્ધતિ. જ્યારે માનવી કાયોત્સર્ગ કરી સંપૂર્ણ શિથિલ થઈ જાય છે અને પોતાને જોવા લાગે છે ત્યારે તાણ પોતાની મેળે ઘટી જાય છે. ઓનું સ્પષ્ટ કારણ છે. આપણે પ્રાણી છીએ અને આપણી જીવનયાત્રાનું પ્રાણ વડે સંચાલન થાય છે-જેટલી પણ બીમારીઓ છે તે બધી પ્રાણના અસંતુલનથી પેદા થાય છે. લોહીની શિરાઓ અસ્તવ્યસ્ત થઈ જાય છે. આજે એ સાબિત થઈ ચૂકયું છે કે પોતાની પ્રયોગશાળામાં બેઠાં બેઠાં એક મનોવૈજ્ઞાનિક રોગીની શિરાઓ અસ્તવ્યસ્ત કરી માથાનો દુખાવો પેદા કરી શકે છે. ફરી એ માથાની શિરાઓને વ્યવસ્થિત કરે છે' જેથી માથાનો દુખાવો મટી જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે માથાનો દુખાવો ઉપજાવી પણ શકાય અને મટાડી પણ શકાય. આ બધું પ્રાણશકિતના આધારે થાય છે. પ્રાણશકિતનું સંતુલન વ્યકિતને સ્વસ્થ રાખે છે અને અસંતુલન અસ્વસ્થ બનાવી દે છે. પોતાના પ્રતિ જાગૃત બનવાનો અર્થ છે, પ્રાણશકિતને પૂર્ણરૂપે સંતુલિત રાખવી.

પ્રેક્ષાનો અર્થ છે-જોવું. આપણે શરીરના બધા અવયવોને એક પછી એક જોઈ ગયા છીએ. જોવાનો અર્થ એ છે કે પ્રાણશકિતને આખા શરીરમાં સંતુલિત કરવી. એટલે જ્યાં પ્રાણશકિતનો સંચય વધારે છે ત્યાં ઓછો થશે અને જ્યાં કમી છે ત્યાં પૂર્તિ થશે. પ્રાણશકિતની સમતોલતા સ્થાપિત થશે. એટલે જ્યાં પણ તાણ છે ત્યાં તે વિસર્જિત થઈ જશે અને બીમારીઓ ઓછી થઈ જશે. આ ધ્યાનની પદ્ધતિ છે અને સાથે સાથે ચિકિત્સાની પણ અસરકારક

પદ્ધતિ છે. પ્રાણશક્તિ સમતોલ થાય પછી દવા લેવાની કોઈ જરૂર નથી. એની ત્યારે જ જરૂર પડે છે જ્યારે પ્રાણશક્તિ સમતોલ થતી નથી અને ઉપરથી રોગ મટાડવા માટે દવાઓ લેવામાં આવે છે. જૂના જમાનામાં કહેવામાં આવતું કે બીમારીને પાકવા દેવી જોઈએ. દવા લઈ એને સમાપ્ત ન કરવી જોઈએ, એને પોતાની મેળે પાકવા દેવી જોઈએ. દરેક બીમારીની હદ હોય છે. આજકાલ બીમારીઓને પાકવા દેવાની વાત જૂનવાણું લાગે છે. આજે માનવી ઓટલો શીઘ્રગામી-ઉતાવળિયો બની ગયો છે કે સવારે બીમાર પડયો કે બે કલાકમાં તો સાજોનરવો થઈ જવા ઈચ્છે છે. જો દવા લેવાની રીત બદલવામાં આવે તો જીવનના ઘણા પ્રશ્નો સરળ બની જાય. રોગને મટાડવા માટે દવા લેવાનો જે મિથ્યા દૃષ્ટિકોણ રચાયો છે એને જ દૂર કરવો જોઈએ. મિથ્યા ખ્યાલોથી તાણ પેદા થાય છે. જીવન તરફ, શરીર અને મન તરફ, પોતાની માન્યતાઓ તરફ જે મિથ્યા દૃષ્ટિથી જોવામાં આવે છે તેનાથી તાણ પેદા થાય છે. જો દૃષ્ટિ સાચી રીતે બદલાય તો તાણ ખતમ થઈ જાય. તાણ વિકટ સમસ્યા છે, પણ એનાથી પણ મોટી સમસ્યા છે– ખોટી માન્યતાઓની.

મનુષ્ય સમાજમાં રહે છે. સમાજમાં તાણ પેદા થાય એવા સો'કડો બનાવ બને છે. માણસ જો પોતાનું સમતોલપણું ન જાળવી શકે તો તે ડગલે ને પગલે તાણમાં દબાઈને દુ:ખી થઈ જાય છે. સમાજમાં કોઈ પણ માનવીને સો ટકા સારો કે ખરાબ માનવામાં નથી આવતો. વ્યકિતઓ વ્યકિતઓ પોતાનો આલગ દૃષ્ટિકોણ હોય છે. તે કોઈને સારો માને છે તો કોઈને ખરાબ. જે વ્યકિતઓ બહુ સંવેદનશીલ હોય છે તેઓ બીજાનું બોલેલું કંઈ સહન નથી કરી શકતા. તેઓ કામ કરે છે અને ઈચ્છે છે કે બધા એમની પ્રશંસા કરે. કોઈ પ્રશંસા કરે છે અને કોઈ નિંદા પણ કરે છે. તેઓ પ્રશંસાને સ્વીકારી લે છે; એમાં પોતે રાજી થાય છે, પરંતુ નિંદાને સહન નથી કરી શકતા. એમાં તાણ પેદા થાય છે. માણસ પોતાનું મૂલ્યાંકન બીજાના આધાર પર કરે છે. માણસનું આખું જીવન બીજા પર આધારિત બની જાય છે. બીજાના પ્રત્યાઘાતના પોતે પડઘા પાડે છે. આ દુનિયામાં તાણની ખોટ નથી. તાણને જ્યારે જોઈએ ત્યારે ભરી શકાય છે. આજનો માનવી તો એનાથી ભર્યો પડયો છે. વ્યકિતની અંદર વસતા કષાય અને બહારનું વાતાવરણ-તાણ માટે પૂરતી સામગ્રી છે. પ્રશ્ન એ છે કે તાણને કયાંથી દૂર કરવામાં આવે? તાણની શરૂઆત કયાં છે કે જ્યાં આપણે પ્રહારની શરૂઆત કરીએ? હું ધારું છું કે આધુનિક સમાજશાસ્ત્રી અને મનોવૈજ્ઞાનિકો એ વાત પર ભાર મૂકશે કે પરિસ્થિતિને સુધારવાથી તાણ ઓછી થઈ શકે છે. જે પરિસ્થિતિઓ તાણ પેદા કરે છે એને પહેલાં સુધારવામાં આવે; પરંતુ અધ્યાત્મ અને યોગ વિદ્યા જાણનાર આ વાતમાં સહમત નહીં થાય. તે માને છે કે તાણને સમાપ્ત કરવાનું પ્રારંભિક બિંદુ છે– અંદરના કષાયોને ઓછા કરવા. કષાયોને ઓછા કર્યા વગર તાણને મટાવી ન શકાય.

પરિસ્થિતિ જ બધું કંઈ નથી. એક પરિસ્થિતિ બદલાય છે અને બીજી પેદા થાય છે. પરિસ્થિતિઓને તો કદિ સમાપ્ત ન જ કરી શકાય ને?! ઠંડી જતાં ગરમી આવે છે અને ગરમી જતાં ઠંડી. વધુ ઠંડી પણ નથી ગમતી કે વધુ ગરમી પણ નથી ગમતી અને વધુ વર્ષા પણ કયાં ગમે છે? આખરે ત્રણ મુખ્ય ઋતુઓ છે. એક પછી બીજી આવે છે. દરેકને પોતપોતાની સમસ્યાઓ છે. સમસ્યાઓને કયાં સુધી હટાવી શકશો? એક સમસ્યાનું નિવારણ થાય છે ત્યાં બીજી માથું ઊંચું કરે છે. આ પ્રતિક્રિયા કયારેય સમાપ્ત નથી થવાની. એવો એક પણ યુગ નથી આવ્યો જેમાં સમસ્યાઓ ન ઊભી થઈ હોય. એવો એક પણ માનવી નથી જે પૂર્ણપણે સમસ્યાઓથી મુકત હોઈ શકે.

તાણ એક સમસ્યા છે. એને ઓછી કરવાનો સહેલો માર્ગ આ છે: પોતાની અંદર જોવું, પોતાની અંદરના ફેરફારની નોંધ લેવી.

જે વ્યકિત અંદર જોતાં શીખી લે છે તેના જીવનનું આખું વાતાવરણ બદલાઈ જાય છે. આ પ્રયોગાત્મક જીવન છે. માત્ર ઉપદેશથી કંઈ નથી થતું. પ્રયોગ એ રૂપાંતરના ઘટકરૂપે છે. ઉપદેશના શબ્દો માત્ર સ્થૂળ મગજને સ્પર્શે છે. માણસ એનાથી બદલાતો નથી, તે બદલવા માટે શબ્દો નકામા છે. શબ્દો ત્યાં પહોંચતા નથી. ઉપદેશ તો પ્રારંભમાં માત્ર પ્રેરણારૂપે છે. તે માણસને રસ્તા પર લઈ જાય છે. પોતાના ઉપર પ્રયોગો તો માણસે પોતે કરવા પડે છે. જો ધર્મ પ્રયોગરૂપ બને તો તાણની સમસ્યા ન રહે. કંઈ નહીં તો ધાર્મિક માણસ માટે તો આ સમસ્યા ન રહે.

એક બહેન ધ્યાનશિબિરમાં આવી. તે ગ્રેજ્યુએટ હતી. સમજદાર અને સુશીલ હતી. તે માથાના સખત દુખાવાથી ત્રાસી ગઈ હતી. માથાનો દુખાવો ઊપડે કે એ અસ્વસ્થ બની જતી. તે સમયે જો કોઈ ભાઈ કે બહેન એની પાસે આવે તો એને થતું કે જાણે યમદૂત આવ્યો. શિબિરમાં ત્રણ દિવસ સુધી વિવિધ પ્રયોગ થતા રહ્યા પણ કંઈ ફરક ન પડયો. તે નિરાશ થઈ ગઈ. ચોથા દિવસની સવાર થઈ. એના માથાનો દુખાવો મટી ગયો. દસ દિવસ પછી એણે કહ્યું– 'હું જીવનથી નિરાશ થઈ ચૂકી હતી. પણ શિબિરમાં ધ્યાન સાધનાએ મારી કાયાપલટ કરી દીધી. હું પચ્ચીસ વર્ષની છું, પણ મેં માની લીધું હતું કે હવે જીવન સમાપ્ત થઈ ચૂકયું છે. શિબિરના પ્રયોગથી મારામાં નવી આશા, નવો ઉત્સાહ અને નવો ઉમંગ આવી રહ્યાં છે. મારી વિચારવાની રીત જ બદલાઈ ગઈ છે.'

તાણને કારણે નિરાશાની લાગણી પેદા થાય છે. સમસ્યાના બહારના કારણો શોધવા વ્યર્થ નથી, પણ વધુ ઉપયોગી તો એ છે કે સમસ્યાની ભીતરમાં ખોદકામ કરવું. તાણનો અંત લાવવાનો આ સરળ અને સાચો માર્ગ છે.

માનવી ચીડિયો બને છે, ગાળો ભાંડે છે, બકવાસ કરે છે. આ બધા આંતરિક દોષ છે. બહારના નિમિત્તો ભલે એને વધારે, પણ ઉત્પત્તિ તો અંદર જ થાય છે. એનું એક કારણ ભોજનની વિષમતા પણ છે. ભોજનનો અસંયમ અપાન વાયુને દુષિત કરે છે. જેનો અપાન વાયુ દુષિત હોય છે તેનું મસ્તક પણ દુષિત થાય છે. જેનો અપાન વાયુ જેટલો સાફ હોય છે તેનું મસ્તક એટલું સ્વસ્થ હોય છે.

તાણની આ ટૂંકમાં ચર્ચા થઈ. એના થોડા મુખ્ય તથ્યો આ પ્રમાણે છે:–

* આપણે બહાર કરતાં અંદર તરફ વધુ સજાગ બનીને આપણે આપણા અંતઃકરણને વધુ સમજવા પ્રયત્ન કરીએ.
* ત્રણ ક્રિયાઓ છે– શ્વાસની ક્રિયા, શિથિલીકરણની ક્રિયા અને પોતાને જોવાની ક્રિયા. આ ત્રણેનો સમ્યક રૂપથી પ્રયોગ કરો.
* પ્રાણનું સમતોલપણું સાધો.
* ભોજનને સંયમિત કરી અપાન વાયુને શુદ્ધ રાખવા પ્રયત્ન કરીએ.
* આપણા મસ્તકમાં જે આગળનો ભાગ છે તે પોતાની પ્રતિક્રિયા કરે છે ત્યારે બધી ગડબડો ઊભી થાય છે. જો આપણે ધ્યાન દ્વારા મસ્તકના આ ભાગ તથા પિચ્યૂટરી ગ્લાન્ડનું સમતોલપણું જાળવી લઈએ તો બીજી બધી ક્રિયાઓ પોતાની મેળે વ્યવસ્થિત થઈ જશે.
* અધ્યાત્મની જે ભાષા છે તેને આપણે આધુનિક શરીરશાસ્ત્રની અને માનસશાસ્ત્રની ભાષામાં સાચી રીતે સમજીએ અને તેનો પ્રયોગ કરીએ.
* દરેક વ્યકિત પોતાનો ચિકિત્સક બને.
* ધ્યાનનો પ્રયોગ એ આધ્યાત્મિક સાધના અને ધર્મનો સૌથી મહત્ત્વપૂર્ણ પ્રયોગ છે. સાથોસાથ તે બધી બીમારીઓની ચિકિત્સા પણ છે. એનાથી વધુ સફળ ચિકિત્સા બીજી કોઈ નથી. એ આપણા જીવન માટે અમૃત છે.

('અમરભારતી' માંથી સાભાર)

☆ થોડા ગાંડા માણસોના હાથમાં દુનિયાના વિનાશની ચાવી ☆

[] વિજયગુપ્ત મૌર્ય

ગાંડપણના ઘણા પ્રકાર છે. તેમાં જ્યારે બહુ બુદ્ધિ અને અસીમ સત્તા ધરાવનાર માણસો ગાંડા થાય છે ત્યારે તેમની આસપાસના માણસો નહીં, પણ દૂરની આખી દુનિયા જોખમમાં મુકાઈ જાય છે. ઊતરતા ક્રમમાં આવા ગાંડા માણસો તરીકે અમેરિકાના પ્રમુખ રેગનને, રશિયાના પ્રમુખ બ્રેઝનેવને અને આંખો મીંચીને રેગનને અનુસરનાર માર્ગારિટ થેચરને ગણાવી શકાય. ૧૯૬૬ સુધીમાં રેગન, ૧૧ ઉપર અગિયાર મીંડાં ચઢાવો એટલા (એટલે ટ્રેલ ટ્રિલિયન) ડોલર લશ્કરી બળ માટે વાપરવા માગે છે. તેથી ફુગાવો બેકાબૂ બનશે તેની તેમને ચિંતા નથી. તેમણે અમેરિકાની પ્રજા માટેનાં વિવિધ લોકકલ્યાણના ખર્ચમાં અબજો રૂપિયાનો કાપ મૂક્યો છે અને સૃષ્ટિના સંહાર માટે અબજો ડોલર વધુ ફાળવ્યા છે. તેમના ગાંડપણનાં કૃત્યોમાં પાકિસ્તાનને (તે અણુબૉંબ બનાવતું હોવા છતાં) ત્રણ અબજ ડૉલરના ખર્ચે શસ્ત્રથી સજ્જ કરવું, તોપગોળા વડે ફેંકી શકાય તેવા ન્યુટ્રોન બૉંબનું યુદ્ધના ધોરણે ઉત્પાદન કરવું, અમેરિકાને ટેકો આપતા બધા જુલ્મી સરમુખત્યારોને પંપાળવા અને તેમને મદદ કરવી, માનવઅધિકારોની અવગણના કરવી, વગેરે કૃત્યોનો સમાવેશ થાય છે. વાઈલ્ડ વેસ્ટનાં સિનેમા ચિત્રોના આ ખલનાયક વાસ્તવિક જગતને પણ વાઈલ્ડ વેસ્ટની મારફાડની વેસ્ટર્ન ફિલ્મો જેવું બનાવી દેવા માગે છે. દુનિયાના કમનસીબે અમેરિકામાં જેઓ મારફાડમાં માનવાવાળા જડસુ પ્રત્યાઘાતીઓ છે તેઓ સંસદ અને રાજભવન સુધી ચૂંટાઈ આવ્યા છે.

વિયેટનામ ઉપર આક્રમણ કરીને અમેરિકા હાર્યું ત્યારે જો રેગન સત્તા પર હોત તો એ હારને જીતમાં ફેરવી નાખવા તેમણે નેપામ બૉંબને બદલે અણુબૉંબ નાખ્યા હોત.

રેગન અમેરિકાના ભૂમિદળમાં ચાર વધુ ડિવિઝનો, નૌકાદળમાં ૧૫૦ નવાં યુદ્ધજહાજો અને વિમાનીદળમાં પાંચ વધુ વિમાની ટુકડીઓ (વિંગ્સ) ઉમેરવા માગે છે. તેમને ૬૦૦ દરિયાઈ મનવારોનો કાફલો જોઈએ છે. તદુપરાંત અતિમોંઘાં બી-૧ નામનાં નવા બૉમ્બર વિમાનો, અણુબૉંબધારી ક્રુઝ મિસાઈલ્સ અને એમ-એકસ નામનાં મહાવિનાશક શસ્ત્રો જોઈએ છે. તેમની દૃષ્ટિએ સંભવિત બે યુદ્ધ ક્ષેત્રો છે: યુરોપ અને ઈરાની અખાત. ઈરાની અખાતમાં યુદ્ધ થાય તો તેની વિનાશક અસરમાંથી આપણે પણ મુક્ત રહી શકીએ નહીં.

અમેરિકાના શસ્ત્રાગારમાં વધુ ને વધુ કદાવર અને વિનાશક શસ્ત્રો ઉમેરાતાં જાય છે. એમ-૧ નામની નવી રણગાડીઓ યુરોપ અને ઈરાની અખાતનાં યુદ્ધ માટે બનાવવામાં આવી છે, પણ તે એવડી મોટી અને વજનદાર છે કે અમેરિકાના સૌથી મોટા અને રાક્ષસી કદનાં વિમાનમાં એક જ રણગાડી સમાઈ શકે. રેગનના લડાયક સંરક્ષણ પ્રધાન વાઈનબર્ગરને આવી ૭૦૦૦ રણગાડીઓ જોઈએ છે. પરંતુ એકેક રણગાડીને ઊંચકી શકે તેવાં માત્ર ૭૭ વિમાનો છે.

અમેરિકાના નાટો મોરચાની રણગાડીઓ કરતાં રશિયા પાસે ઘણી વધુ રણગાડીઓ છે, આથી તેના આક્રમણને તોડી પાડવા રેગન ન્યુટ્રોન બૉંબનો તોપગોળા અને રોકેટો તરીકે ઉપયોગ કરવા માગે છે. તેમની દલીલ એવી છે કે તોપગોળા વડે ફેંકી શકાય તેને અણુબૉંબ ન કહેવાય! અમેરિકા એમ માને છે કે અણુયુદ્ધ સળગાવ્યા વિના ન્યુટ્રોન બૉંબ વડે મર્યાદિત યુદ્ધ લડી શકાય; પરંતુ જો પોતાની રણગાડીઓનો નાશ થઈ જાય તો રશિયા વધુ કાતિલ શસ્ત્રો વાપર્યા વિના રહે ખરું? ન્યુટ્રોન બૉંબ માત્ર માણસોનો નાશ કરે છે, મિલકતનો નાશ ઓછો થાય છે એ દલીલ મૂડીવાદી અમેરિકાને મનપસંદ છે, પણ પશ્ચિમ યુરોપના દેશો તેનાથી પ્રભાવિત નથી થતા. તેમને બીક છે કે મારફાડની ફિલ્મોનો માજી અભિનેતા રેગન બળપ્રદર્શન કરીને યુદ્ધ નોતરી લે તો પહેલો સર્વનાશ પશ્ચિમ યુરોપનો થાય. આથી તેમને પોતાના રક્ષણ માટે ન્યુટ્રોન બૉંબ નહીં, પણ અમેરિકા અને રશિયા વચ્ચે સમાધાન માટે વાટાઘાટ જોઈએ છે.

ઈરાની અખાત આપણા ઉંબરા નજીક છે અને ત્યાં આપણાં અતિ મહત્ત્વનાં આર્થિક હિતો છે તેથી ત્યાં યુદ્ધ સળગે, યુદ્ધ મર્યાદિત રહે તો પણ આપણને તેની ઘણી ચિંતા છે. અમેરિકાએ ઈરાની અખાતના યુદ્ધનો મોરચો ગોઠવી રાખ્યો છે. હિંદી મહાસાગર અને અરબી સમુદ્રમાં અમેરિકાના અને તેના મિત્રોનાં ત્રણ ડઝન જેટલાં યુદ્ધજહાજો છે, જેમાં અમેરિકાના વિમાનવાહક જહાજો બે છે. સબમરીનો હોય તે જુદી. ભૂમિદળને રાખવા કોઈ દેશે અમેરિકાને રજા આપી નથી. આરબ દેશો એમ માને છે કે ઈરાનના શાહ અમેરિકાની સોડમાં વધુ ભરાયા તેથી જ શાહની શહેનશાહતનો નાશ થયો. પરંતુ હવે ઈજિપ્ત બિન-જોડાણવાદી મહોરું ત્યજીને અમેરિકાની છાવણીમાં વધુ ને વધુ સરકી રહ્યું છે. પ્રમુખ સાદતે મિથ્યા ગૌરવ લેતાં કહ્યું છે કે પશ્ચિમ એશિયામાં અમેરિકાના સાથી તરીકે ઈઝરાયલનું સ્થાન હવે ઈજિપ્તે લીધું છે.

તેમ છતાં પશ્ચિમ એશિયામાં અત્યારે ભૂમિદળ રાખવા જગ્યા ન મળવાથી આખાતી યુદ્ધ વખતે પૂર્વમાં પ્રશાંત મહાસાગરના ઓકિનાવા બેટમાંથી અને પશ્ચિમમાં છેક અમેરિકાથી ભૂમિદળ વિમાનોમાં લાવવાની જોગવાઈ છે.

દક્ષિણે હિંદી મહાસાગરમાં દિયેગો ગાર્સિયામાંથી સજ્જ થયેલાં યુદ્ધજહાજો ઈરાની અખાતમાં ધસી જાય. યુદ્ધ વખતે અમેરિકા સાઉદી અરબસ્તાન પાસેથી "રજા માગે" કે તમારા ધહરાન બંદરે અમારા સૈન્યવાહક વિમાનોને ઊતરવા દો. ઈરાનનું તેલક્ષેત્ર રશિયાના હાથમાં ન જાય તે માટે અમેરિકાએ ઈરાન ઉપર ચડાઈ કરીને તે કબજે કરી લેવું. અમેરિકાની દરિયાઈ સેના (Marines) ઈરાનના બંદર અબ્બાસ બંદરે ઊતરે અને હોરમઝની સામુદ્રધુની કબજે કરે. અમેરિકાનું નૌકાદળ ઈરાની અખાતમાં ફરી વળે અને આબાદાનમાં દરિયાઈ સેનાને ઊતારે. સાઉદી અરબસ્તાનમાંથી વિમાનો આબાદાનનાં હવાઈ મથકે ઊતરીને તે કબજે કરે. અમેરિકામાં કેલિફોર્નિયામાંથી સૈનિકો ભરીને વિમાનો ઈરાની અખાતનાં વિમાની મથકો પર ઊતરવા લાગે. રશિયન સૈન્યને આગળ વધતું અટકાવવા અમેરિકન વિમાનો ઈરાનની ઝાગ્રોસ પર્વતમાળાના ઘાટોમાં બૉંબમારો કરે, પરંતુ જો રશિયન સૈન્ય ઝાગ્રોસ પર્વતમાળા ઓળંગી આવે તો અમેરિકાનાં આ બધાં આક્રમણ એળે જાય.

પરંતુ કયી મર્યાદા વિના અણુશસ્ત્રોથી લડાય તેવો ત્રીજો વિશ્વવિગ્રહ નોતરી લેવા રશિયા આતુર છે ખરું? તે આતુર છે તેમ બતાવવા અમેરિકા અફઘાનિસ્તાન ઉપર રશિયાએ કરેલા આક્રમણ પર આંગળી ચીંધે છે. રશિયાએ અફઘાનિસ્તાન પર આક્રમણ કર્યું તે પછી બ્રિટનના નિષ્ણાતોએ પશ્ચિમ રોશિયાની મુલાકાત લીધી હતી અને એવા અભિપ્રાય પર આવ્યા હતા કે અફઘાનિસ્તાન પરનું રશિયન આક્રમણ અફઘાન પરિસ્થિતિને આભારી છે અને રશિયા ઈરાની અખાત અને અરબી સમુદ્ર સુધી પહોંચવા ઇરાન પર આક્રમણ કરવા માગતું નથી અને ઈરાની અખાતના કાંઠાના તેલના પ્રદેશો કબજે કરવા માગતું નથી.

રશિયા જાણે છે કે આ તેલક્ષેત્રો પશ્ચિમી દેશો માટે એટલાં બધાં મહત્ત્વના છે કે તેમની ઉપર હાથ નાખવામાં આવે કે ઈરાની અખાતમાંથી જતા તેલ પુરવઠામાં વિક્ષેપ પાડવામાં આવે તો વિશ્વવિગ્રહ ફાટી નીકળે. રશિયાની બધી તૈયારી આક્રમણ માટે નહીં, પણ અમેરિકા ફટકો મારે તો તેને સવાયો ફટકો મારવાની છે.

અમેરિકા પાસે વિગ્રહ લડવા કેટલીય વિકલ્પી યોજનાઓ છે. કાર્ટરના જમાનામાં ઘડાયેલી યોજના પ્રમાણે અણુશસ્ત્રો વડે ૩૦ દિવસમાં વિગ્રહનો અંત આવી જાય. (પણ એ અંત જોવા કોણ જીવતું રહે?) હવે પ્રમુખ રેગન જેવા જ તેમના લડાયક સંરક્ષણ પ્રધાન વાઈનબર્ગરે એવી યોજના તૈયાર કરી છે કે અણુશસ્ત્રો વિનાનો લાંબો વિગ્રહ લડવા માટે પણ અમેરિકાએ તૈયારી રાખવી. તે માટે માલ અને માણસોની ભરતી કરી રાખવી. અણુવિગ્રહ કરતાં સાદો વિગ્રહ વધુ ખર્ચાળ નીવડે, આથી સંરક્ષણ બજેટમાં ૯૦ ટકા ખર્ચની જોગવાઈ સાદા વિગ્રહ માટે કરવામાં આવી છે. તે માટે દુનિયાના કોઈ પણ પ્રદેશમાં લડવાની તૈયારી અમેરિકાએ રાખી છે.

લડાઈ માટે વિમાનીમથકને બીજે લઈ જઈ શકાતાં નથી, પણ તરતાં વિમાનીમથક જેવા વિમાનવાહક જહાજોને દુનિયામાં કોઈ પણ દરિયાકાંઠે લઈ જઈ શકાય છે. અત્યારે અમેરિકા પાસે આવાં બાર જહાજો છે અને સવા સાત અબજ ડોલરના ખર્ચે બીજા ત્રણ જહાજો જોડાઓ છે. આવા દરેક જહાજમાં ૯૦ લડાયક વિમાનો હોય છે. મુખ્યત્વે એફ-૧૪ પ્રકારનાં વિમાનો છે. આ વિમાનોરો લીબિયાના બે ઊતરતી કક્ષાનાં રશિયન બનાવટનાં વિમાનોને તોડી પાડયા તેની ઉપરથી તેની બહાદુરી ન માપી શકાય. કારણ કે આ વિમાનવાહક જહાજોનો નાશ કરે તેવાં બેકફાયર બોમ્બર વિમાનો રશિયા પાસે છે. અમેરિકા યુદ્ધના સમયે રશિયન નૌકાદળનો નાશ રશિયાનાં બંદરોમાં જ કરી નાખવા માગે છે.

જો રશિયાએ પશ્ચિમ યુરોપનો નાશ કરવો હોય તો તેને પાંચ-સાત મિનિટથી વધુ વાર ન લાગે. અમેરિકાનો નાશ કરવો હોય તો રશિયન રોકેટોને ત્યાં પહોંચતાં ૩૦ મિનિટ લાગે. પરંતુ રશિયન રોકેટો આવી રહ્યાં છે તેની જાણ થતાં અમેરિકાને એકાદ મિનિટ જ લાગે. જો અમેરિકા પાસે એવાં રોકેટો અથવા લેસર કિરણનાં યંત્રો હોય તો રશિયન રોકેટોને વચ્ચેથી જ આંતરી શકે, નહીંતર રશિયાના પહેલા જ ફટકામાં કંઈ નહીં તો અમેરિકાની ત્રીયા ભાગની વસતિ નાશ પામે. અમેરિકાએ જો રશિયા ઉપર આક્રમણ કરવું હોય તો તેનાં રોકેટોને રશિયા પર પહોંચતાં ઓછી વાર લાગે કારણકે તેનાં રોકેટો અમેરિકા અને કેનેડા ઉપરાંત પશ્ચિમ યુરોપમાં અને રશિયાની આસપાસના સમુદ્રોમાં અણુસબમરિનોમાં પણ ગોઠવાયેલાં છે. આથી રશિયાનો નાશ કરવામાં અમેરિકાને ઓછી વાર લાગે પરંતુ રશિયાનું વિશાળ કદ જોતાં આખા દેશનો નાશ કરવામાં વધુ વાર લાગે.

આધુનિક શસ્ત્રોમાં હવે મિનિટોની જ ગણતરી હોય છે. અમેરિકા પાકિસ્તાનને જે એફ-૧૬ જાતનાં અદ્યતન વિમાનો આપે છે તે થોડીક મિનિટોમાં જ ભારતનાં શહેરો પર (મુંબઈ અને અણુવીજળીનાં કારખાનાં ઉપર પણ) બોંબ અને રોકેટો વડે બહુ વિનાશક આક્રમણ કરી શકે. રશિયા અને અમેરિકા આખી દુનિયા ઉપર જાસૂસી ઉપગ્રહો ધરાવે છે તેથી તેઓ એકબીજાની હિલચાલ તત્ક્ષણ જાણીને વળતાં પગલાં લઈ શકે. પરંતુ પાકિસ્તાનની પ્રવૃત્તિ જાણવા આપણી પાસે જાસૂસી ઉપગ્રહો નથી. થોડાક ગાંડા માણસોના હાથમાં દુનિયાના વિનાશની ચાવી આવી પડી છે. તેમનાં કૃત્યોનાં પરિણામમાંથી આપણે પણ બચી શકીએ તેમ નથી.

આંતરરાષ્ટ્રીય પત્રકારત્વ

☐ કાન્તિ ભટ્ટ

તાજેતરમાં કેન્યાથી પાછા ફરીને વડા પ્રધાન શ્રીમતી ગાંધીએ બળાપો કાઢયો હતો કે "આફ્રિકન દેશોના વિકાસ અંગે જગતના વર્તમાનપત્રોમાં રચનાત્મક સમાચારો આવતાં નથી, ઉપરાંત આફ્રિકન દેશોનાં વર્તમાનપત્રોમાં પણ પરદેશનાં બહુ સમાચાર છપાતા નથી અને બહુ બહુ તો ન્યુટ્રોન બોમ્બ જેવા સમાચાર હોય તેને આફ્રિકન છાપાંઓ છાપે છે, કારણકે મોટે ભાગે પશ્ચિમ ન્યૂઝ એજન્સીઓ જે સમાચારો આપે છે તે જ આફ્રિકન છાપાંઓ પશ્ચિમી રંગ સાથે છાપવા પડે છે."

શ્રીમતી ગાંધીની વાત આંશિક રીતે સાચી છે. અત્યારે જગતમાં છાપાંઓમાં જે આંતરરાષ્ટ્રીય સમાચારો છપાય છે તેને પીરસનારી મહત્ત્વની ચાર ન્યૂઝ એજન્સીઓ પીરસે છે. એ.પી., યુ. પી. આઈ., રોઈટર્સ અને એજન્સી ફ્રાંસ - પ્રેસ (એ. એફ્. પી.) એ ચાર એજન્સીઓ જગતના ૯૦ ટકા સમાચારો પૂરા પાડે છે. જે કાંઈ જગતમાં બને છે કે વિચારો પ્રગટે છે તે તમામ ઉપર આ ચાર એજન્સીઓની જાણે મોનોપોલી છે. એટલે ગરીબ દેશોએ તો પોતાના વિષે જાણવું હોય તો પણ આ એજન્સીઓના પશ્ચિમી માનસવાળી દૃષ્ટિથી જ જોવું પડે છે અને આ એજન્સીઓ દ્વારા જે સમાચારો આપાય છે તેમાં શ્રીમતી ગાંધી કહે છે તેમ સમતુલા હોતી નથી અને જે કાંઈ થોડા ઘણા સમાચારો ગરીબ દેશોને લગતા આવે છે તેનું તથ્ય પણ બહુ ઓછું હોય છે. જગતની વસતિનો ૭૦ ટકા હિસ્સો ગરીબ દેશોનો છે પણ જે આંતરરાષ્ટ્રીય સમાચારો પીરસાય છે તેમાં માત્ર ૩૦ ટકા ગરીબ દેશોને લગતા હોય છે. આ એક મોટી અસમતુલા છે.

ગઈ ફેબ્રુઆરી ૧૯૮૧ના રોજ 'યુનેસ્કો' એ ગરીબ દેશોમાં પીરસાતા અધુકડા સમાચારોની સમસ્યા અંગે પેરિસમાં પરિષદ ભરી હતી ત્યારે એક ઠરાવ આવેલો કે પત્રકારોએ જગતના સમાચારો સમતોલ રીતે આપવા માટે એક આચારસંહીતા રચવી અને તેને લગતું એક પંચ નીમવું, પરંતુ પશ્ચિમના પત્રકાર-ડેલિગેટોએ આ ઠરાવને ઉડાવી મૂકયો હતો.

આમ પશ્ચિમની ન્યૂઝ એજન્સીઓ અને અમેરિકા - યુરોપના વર્તમાનપત્રો ઉપર જ આપણે ગરીબ દેશના કે સમૃદ્ધ દેશના સમાચારો ઉપર આધાર રાખવાનો હોય છે. 'જન્મભૂમિ', 'મુંબઈ-સમાચાર' કે બીજાં કોઈ ગુજરાતી દૈનિક કે મરાઠી દૈનિકોનો તંત્રી અમારા જેવા કટાર લેખકોને ધારો કે કેન્યા, મલયેશિયા કે અફઘાનિસ્તાન વિષે લેખ લખવાનું કહે છે ત્યારે સંદર્ભ - સાહિત્ય તરીકે અમારે પશ્ચિમના મેગેઝીનો ઉપર જ આધાર રાખવો પડે છે. 'જન્મભૂમિ' કે બીજા વર્તમાનપત્રો અમને અફઘાનિસ્તાન મોકલવાની નાણાકીય ગુંજાયશ રાખતાં નથી. એમ છતાં ય નસીબ જોગે મારા જેવો પત્રકાર અગાઉ આવા કોઈ દેશમાં જઈ આવ્યો હોય તો અમુક સમાચારોનું આંશિક મૂલ્યાંકન કરી શકે છે. છતાં વર્તમાન સ્થિતિ વિષે પરદેશી ન્યૂઝ એજન્સીઓ ઉપર જ આધાર રાખવો પડે છે. "ધી જીઓ-પોલિટિકસ ઓફ ઈન્ફોરમેશન' નામનું પુસ્તક શ્રી એન્થની સ્મિથ નામના પત્રકારે લખ્યું છે તે વાંચવા જેવું છે. તેણે પોતાના પત્રકારીતાને લગતા અનુભવો લખ્યા છે. દા.ત.: અફઘાનિસ્તાનમાં જે કાંઈ બનતું હતું તેના અહેવાલો અમેરિકન નજરે જ લખાતા હતા. જે કાંઈ પશ્ચિમના વર્તમાનપત્રોમાં છપાતું હતું તેમાં અફઘાન નેતાઓ (ભૂતકાળના કે વર્તમાનકાળ) અમેરિકા તરફી છે કે રશિયા તરફી છે વગેરે વિવરણ કરીને રાજકારણની ચર્ચા કરતા હતા. અફઘાનિસ્તાનની સંસ્કૃતિ વિષે, ત્યાંના લોકો વિષે, ત્યાંની

અનાજની પરિસ્થિતિ, ત્યાં પાકતા સૂકા મેવાના વેપારનું શું થાય છે તે વિષે કંઈ લખતા નહોતા!

જો કે આફ્રિકાના, ભારતીય કે બીજા લોકો વિષે લખાય તો પણ જેને "બેડ ન્યૂઝ" કહે છે તે ખરાબ સમાચારો જ છપાય છે. યુનેસ્કોમાં એક અમેરિકન પ્રતિનિધિએ કહ્યું: "આફ્રિકાના માલાવી દેશોમાં એક વિમાન સફળ રીતે ઊતરાણ કરે તો તે સમાચાર બનતા નથી. માત્ર તે વિમાન તૂટી પડે તો જ સમાચાર બને છે." પત્રકારીતાની આવી કોરીધાકોર અને નિષ્ઠુર દલીલ કરીને ગરીબ દેશોની સમતોલ સમાચારની માગણીનો છેદ ઉડાડી દેવાય છે. ઘણા લોકો દલીલ કરે છે કે ચાર ન્યુઝ એજન્સીઓ ભલે ગરીબ દેશોના સમાચાર ન છાપે પણ 'ટાઈમ' અને 'ન્યૂઝ વીક' તો કોઈ કોઈ વખત આ દેશો વિશે છાપે છે, પણ એ જાણવું રસપ્રદ થશે કે એ. પી. નામની વિદેશી સમાચાર સંસ્થા એક દિવસમાં જેટલા શબ્દોના સમાચાર આપે છે. તેટલા શબ્દો 'ટાઈમ' મેગેઝિનને છાપતાં પૂરા (૧૦) દસ વર્ષ લાગે છે! એ. પી. ના થોડા ટકા જેટલા સમાચાર કોઈ છાપે તો પણ આખું છાપું ભરાઈ જાય.

'ઓથિયન રેડિયો' નામનો ગરીબ દેશોના સમાચાર આપનો પશ્ચિમના દેશોનો રેડિયો અને પશ્ચિમના વર્તમાનપત્રો ન્યૂઝ એજન્સીઓ પાસેથી મળતા ગરીબ દેશોનાં સમાચારોમાંથી માત્ર ૨૦ ટકા જેટલા છાપે છે. રશિયન રેડિયો ૮૪ ભાષામાં દર સપ્તાહે ૨૦૦૦ કલાકના સંભાષણો કરે છે. તેમાં ગરીબ દેશોના સમાચારો હોય છે પણ આટલો બધો ખર્ચ છતાં મોસ્કો રેડિયોને માત્ર ૨ ટકા લોકો જ સાંભળે છે. જ્યારે લંડનનું બી. બી. સી. તેના કરતાં દસમા ભાગના કલાકોનું પ્રસારણ કરે છે તે ૫૦ ટકા લોકો સાંભળે છે, આમ ગરીબ દેશોના લોકો જે સમાચારો વાંચે કે સાંભળે તેના ઉપર પશ્ચિમની પકડ ભારે છે: ઘણા યુરોપના પત્રકારો દલીલ રજૂ કરે છે કે "ટેલિગ્રાફ, રેડિયો, ટેલિવિઝન અને વાયર-સર્વિસ એ બધું જ અમે શોધ્યું છે એટલે અમારી પકડ હોય જ. તમારે ભારતમાં ઈમરજન્સી હતી ત્યારે વાયર-સર્વિસ ઉપર સરકારનો અંકુશ હતો અને પ્રથમ અમારી કોપી વાયર સર્વિસવાળા વાંચતા હતા. આવી સ્થિતિમાં અમારે સાચા સમાચાર કેમ આપવા?" આ પત્રકારોની વાત અમુક દૃષ્ટિએ સાચી છે. મોંગોલિયા, આર્જેન્ટીના, ભારત અને પાકિસ્તાન વગેરે ઘણા દેશોની જેલોમાં પરદેશી પત્રકારને જવાની છૂટ નથી. જો કે ભારતીય પત્રકાર પણ ઘણી મહેનતે જેલની મુલાકાત લઈ શકે છે. જેલરોની મુનસફી ઉપર જ બધું હોય છે.

અમુક બે-ત્રણ સમાચાર સંસ્થાઓ ગરીબ દેશોના જ સમાચારો આપે છે તે ઘણાને ખબર નહિ હોય.' "ઈન્ટર પ્રેસ સર્વિસ ઓફ સાઉથ અમેરિકા" અને યુગોસ્લાવિયાની "તાન્જુગ નોન એલાઈન્ડ ન્યૂઝ પુલ" (ટી. એન. ઓ. પી.) નામની બે સંસ્થાઓ માત્ર ગરીબ દેશોના જ સમાચારો આપે છે, પણ તેમનો કોઈ પ્રભાવ નથી. ઘણા ભારતીય છાપાના તંત્રીઓએ કદાચ આ બે એજન્સીઓનાં નામ પણ સાંભળ્યા નહીં હોય.

નવાઈની વાત એ છે કે ગરીબ દેશોનાં સમાચારો છપાતા નથી એટલે ઘણા ગરીબ દેશોના વડા પ્રધાનો કે સરમુખત્યાર પ્રમુખો લંડન, ન્યુયોર્ક વગેરે શહેરોનાં છાપામાં જાહેરખબર રૂપે સમાચારો છપાવે છે. લીબિયા, ઉત્તર કોરિયા, ફિલિપાઈન્સ, તમામ ગલ્ફના દેશો અને કેટલાક આફ્રિકન દેશો તેમજ પાકિસ્તાન પણ લાખો ડોલર ખર્ચીને પોતાની 'ઈમેજ' (છાપ) સુધારવા જાહેરખબર રૂપે પોતાની સિદ્ધિઓ વિષે છપાવે છે. આફ્રિકા કે એશિયાના સરમુખત્યારોની ટીકા કરનારા છાપાઓ આ જાહેરખબર તો છાપે જ છે. જેમ કે સિગારેટ કે દારૂની ભયાનક અસરો વિષે લાલબત્તી ધરનારા છાપાઓ સિગારેટ અને દારૂની જાહેરખબરો તો છાપે જ છે. જો કે આમાં એક માત્ર અનેઅેક માત્ર અપવાદ મેં હમણાં જોયો. "કોલંબિયા જર્નાલિઝમ રિવ્યુ" નામના એક પત્રકારો અને છાપાઓની આલોચના કરનારા મેગેઝિનનો જુલાઈ-ઓગસ્ટ ૧૯૮૧નો અંક મારા હાથમાં આવ્યો. આ મેગેઝિન ખૂબ જ તટસ્થ રીતે પત્રકારોની પણ ટીકા કરે છે. કોઈ છાપાના તંત્રીના કૌભાંડ પણ છાપે છે. અમુક સરમુખત્યાર સરકારો વતી એક જાહેરખબરો આપતો દલાલ "કોલંબિયા જર્નાલિઝમ રિવ્યુ"ના પ્રકાશકો પાસે આવ્યો. તે સરકારોની પ્રતિષ્ઠા બંધાય અને પશ્ચિમમાં તેમની છાપ સુધરે એ માટે ૨૪ પાનાની પૂર્તિઓ દ્વારા તે જાહેરખબર છપાવવા માગતો હતો. આ પૂર્તિ માટે ઘણા નામચીન પત્રકારોએ ક્યારના પોતાના લેખો પણ ઊંચો પુરસ્કાર લઈને લખી આપ્યા હતા! આ પત્રકારોએ પોતાની કટારોમાં ઉક્ત સરકારોની ટીકા પણ અગાઉ કરી હતી, પરંતુ "કોલંબિયા જર્નાલિઝમ રિવ્યુ"ના પ્રકાશકે જાહેરખબર છાપવાની ના પાડીને રૂ. ૦૫ કરોડની આવક જતી કરી હતી. તેણે દલાલને ચોખ્ખી ના પાડતાં કહેલું કે "જે સરકાર તેના દેશના પત્રકારોને જેલમાં રાખે છે તેવી સરકારોનાં ગુણગાન ગાતી પૂર્તિ જાહેરખબર રૂપે પણ અમે છાપીશું નહીં."

વડા પ્રધાન શ્રીમતી ગાંધીએ જે દેશમાં જઈ આવીને આ લેખની શરૂઆતમાં લખેલા ઉદ્‌ગારો કાઢ્યા હતા તે દેશ-કેન્યાની જ આ વાત છે. કેન્યામાં પત્રકારો મુકત નથી. મારા મિત્રના આમંત્રણથી હું મારે ખર્ચે કેન્યા ગયો ત્યારે એ સુંદર દેશ જોઈને ઘડીભર મને ત્યાં રહી જવાનું મન થયું. ત્યાં "ધી નેશન" નામના આગાખાનની માલિકીના અંગ્રેજી વર્તમાનપત્રમાં હું કામ કરીશ તેવી મારી કલ્પના હતી. ત્યાં એક મહિનો રહ્યા પછી મેં જોયું કે તે સમયના પ્રમુખ કેન્યાટાની પત્ની, તેની પુત્રી અને જમાઈ બધા જ પોતપોતાના ધંધા ચલાવતા હતા. કેન્યાટાના જમાઈની માલિકીનો એક કેસિનો (જુગારખાનું) પણ ચાલતો હતો. આ બધી જ બાબતો છાપામાં કોઈ છાપી શકતું નહીં. તાજેતરમાં આગાખાન ઉપર દબાણ લાવીને 'ધી નેશન'ના એક તંત્રી જેણે હાલના પ્રમુખની ટીકા કરી હતી તેને બરતરફ કરાવી નાખ્યો હતો. એટલે અમુક આફ્રિકન દેશોની પરિસ્થિતિ એવી છે કે ત્યાંના જ પત્રકારો સાચી હકીકત છાપી શકતા નથી તો પશ્ચિમના પત્રકારો સાચી વાતો ન છાપે તેમાં આપણે તેમનો શું ટોપ કાઢીએ. ઘણી વખત આપણા પત્રકારો જ વિદેશના સમાચાર પત્રોમાં કટાર લેખક કે વૃત્તાંત નિવેદક તરીકે કામ કરતા હોય છે. "ઓબ્ઝરવર" (લંડન), "ધી ઈકોનોમિસ્ટ" (લંડન) અને 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ' (લંડન) વગેરે બ્રિટનના છાપામાં ઘણા ભારતીય પત્રકારો લખે છે. ધી ઈકોનોમિસ્ટ નામના આર્થિક સાપ્તાહિકે ૧૫-૨ મહિના પહેલાં ભારતને લગતી એક પૂર્તિ છાપી હતી. આ પૂર્તિમાં ભારતીય પત્રકારોએ કેટલાક લેખો આપ્યા હતા. એક લેખમાં ખેતીવાડીને લગતી બાબત હતી તેમાં પત્રકારે લખ્યું હતું કે "ભારતમાં અનાજનો વિપુલ પાક થયો હતો. આગામી વર્ષે પણ વધુ પાક થવાની સંભાવના છે અને છઠ્ઠી યોજના દરમિયાન અનાજનો એટલો ભંડાર હશે કે કદાચ અનાજ નિકાસ કરવાની સ્થિતિ આવશે." આ મતલબનું લખીને કેટલાક આંકડા ટાંકવામાં આવ્યા હતા. બહુ જ સલામત રીતે અનુમાન કરી શકાય કે ભારતના અન્ન મંત્રાલયે આ આંકડા પૂરા પાડ્યા હશે. આજે આપણે જોઈએ છીએ કે એ આંકડા ખોટી રીતે પૂરા પડાયા હતા. ૧૫ લાખ ટન ઘઉં આયાત કરવાની જાહેરાત પુરવાર કરી આપે છે કે માત્ર વિદેશમાં પ્રચાર કરવા અર્થે જ આપણી અન્નની પરિસ્થિતિ ઉજળી મુકાઈ હતી.

ઈમરજન્સીમાં સેન્સરશિપ મૂકનારા શ્રીમતી ગાંધી હવે કદી જ

પ્રેસ સેન્સરશિપ ન લાદે તો જ તેમના ઉદ્‌ગારોના રણકાને આપણે સાચો ગણી શકીએ. છતાંય તેમનાં ઉદ્‌ગારો ઉપર પશ્ચિમના પત્રકારોએ વિચાર કરવો જોઈએ જ. એમ છતાં હું પશ્ચિમના કેટલાક મેગેઝિનો (વર્તમાનપત્રો નહિ) જોઉં છું તે ઉપરથી લાગે છે કે "આટલાન્ટિક", "હાર્પર" અને "ધી નેશન" જેવા અમેરિકન મેગેઝિનો જે ભારતના અને વિદેશના બહુ ઓછા વાચકો સુધી પહોંચે છે તે મેગેઝિનોના તંત્રીઓ પોતાના લેખકોને રૂ. ૧ લાખ સુધીનો ખર્ચ કરીને ગરીબ દેશોમાં મોકલીને ત્યાંની તમામ સ્થિતિનો ઊંડો કયાસ કાઢે છે. દાખલા રૂપે 'આટલાન્ટિક'માં વી. એ. નાઈપોલ નામના મૂળ ભારતીય લેખકને પાકિસ્તાનમાં મોકલીને પાકિસ્તાન વિશે જે ઊંડાણવાળી સાચી પરિસ્થિતિ રજૂ કરી છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.' ★ ★

[૧૧૨ મા પાનાથી ચાલુ]

વસ્થામાં પાટલીપુત્ર ઉચ્ચ શિક્ષણ માટે મોકલ્યો. બધી વિદ્યાઓમાં પારંગત થઈ પુત્ર પાછો ફર્યો ત્યારે નાગરિકોએ એનું ભવ્ય સ્વાગત કર્યું. પુત્ર ઘરે આવ્યો ત્યારે માતા રુદ્રસોમા સામાયિક કરી રહી હતી. માતાએ વધુ લાગણી ન બતાવી તેથી પુત્ર રક્ષિતે પૂછ્યું, 'માતા, મારા આગમનથી કેમ પ્રેમવિભોર ન બની ગઈ? હું આટલા વરસો પછી વિદ્યા શીખીને આવ્યો છું.' માતાએ કહ્યું, 'બેટા, મને પણ પ્રસન્નતા તો છે, પણ આ વિદ્યાનું ફળ સાંસારિક છે. સ્વકલ્યાણ અને આધ્યાત્મિક ઉત્થાન માટે આ વિદ્યા બહુ સહાયક નથી થતી. મને સાચી પ્રસન્નતા ત્યારે થશે જ્યારે તું આધ્યાત્મિક માર્ગનો પથિક બની બીજાને એ માર્ગે ચાલવા પ્રેરણા આપીશ.'

પુત્રને માતાની એ વાત અસર કરી ગઈ. તરત પાછે પગલે રવાના થઈ ગયો. નગર બહાર પધારેલા આચાર્ય પાસે દીક્ષિત થઈ શાસ્ત્રોનું ગહન અધ્યયન કર્યું અને એક સફળ આચાર્ય બન્યા. માતાએ ઉચ્ચ કોટિના સંસ્કાર રેડી પુત્રને આધ્યાત્મિક પથનો પથિક બનાવ્યો જે આચાર્ય આર્યરક્ષિતના નામથી જૈન સમાજમાં પ્રસિદ્ધ છે.

અહીં મારે જૈનેતર મહાન આત્માઓને પણ યાદ કરવા છે જેમના જીવનને ઉચ્ચ બનાવવામાં એમની માતાઓની ધાર્મિક ભાવનાઓ અને સાત્ત્વિક જીવનની છાપ છે. છત્રપતિ શિવાજીની માતા જીજીબાઈએ તો રામાયણ અને મહાભારતની કથાઓ સંભળાવીને શિવાજીને વીર બનાવ્યા. પૂતલીબાઈની ધર્મનિષ્ઠાની ઝાંખી આપણને ઘણી રીતે થાય છે. વર્ષાઋતુમાં બાળક મોહનદાસ ગાંધી વાદળોમાં છુપાયેલા સૂર્યને જોવા ઊભા રહેતા અને જ્યાં સૂર્ય દેખાય કે દોડીને માતાને સૂચના આપતા, કેમ કે વર્ષા ઋતુમાં સૂર્યદર્શન વગર માતા અન્નજલ ગ્રહણ ન કરતી હતી.

સંત વિનોબાને ત્યાગનો પ્રથમ પાઠ એમની માતાએ જ શીખવ્યો હતો. કોઈ બ્રાહ્મણ ભિક્ષા માગવા આવ્યો, વિજ્ઞાન યુગના પુત્ર વિનોબાએ આનાકાની કરી ત્યારે માતાએ કહ્યું 'વિન્યા, ના જાણે કોણત્યા વેષાત નારાયણ મિળૂન જાય.' એ સંસ્કાર વિનોબામાં આજે મૂર્તિમંત થયેલા દેખાય છે.

આ રીતે આ ઘણા દૃષ્ટાંત માતાની ગૌરવ ગાથા વર્ણવનાર છે. આજના ભૌતિક યુગની આધુનિક માતાઓ ફરીથી એ ગૌરવ પ્રાપ્ત કરે અને વિનયશીલ, ત્યાગી, વિવેકી અને સંસ્કારી બાળકોની માતા બને એ જ આપણી સૌની શુભ કામના છે. માતાઓ ઉપર દેશની ભાવિ પેઢીનો ગુરુતમ ભાર છે.

રાજસ્થાની કવિએ કહ્યું છે,
'જનની તૂ એસા જણે, કાં દાતા કે સૂર
નહીં તો રહેજે વાંઝણી, મત ગવાયે નૂર.'

નૂતન વર્ષાભિનંદન

આગામી નવું વર્ષ સંઘના પેટ્રનો, શુભેચ્છકો, આજીવન સભ્યો, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો – આપ સર્વેને સઘળી રીતે સુખરૂપ નીવડે એવી અંતરની અભિલાષા સાથે નૂતન વર્ષાભિનંદન !

લિ.
ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

સાવિત્રી : શ્રી અરવિંદનું યોગદર્શન

અગાઉ જાહેરાત કર્યા મુજબ અભ્યાસ વર્તુળનાં ઉપક્રમે ઉપરોકત વિષય પર ત્રણ પ્રવચનોનો કાર્યક્રમ સુંદર રીતે પાર પડયો હતો. બીજી ઓકટોબરે સાંજે ૬ા વાગે, ત્રીજી ઓકટોબરે સાંજે ૬ વાગે અને ચોથી ઓકટોબરને રવિવાર, સવારે ૧૦ વાગે - એમ સતત ત્રણ દિવસનું એક પ્રકારનું જ્ઞાનસત્ર યોજવાનો આ પ્રથમ પ્રયાસ હતો ને તેને અદ્‌ભૂત સફળતા સાંપડી હતી.

ત્રણે દિવસના વકતા હતા, પ્રો. અશ્વિનભાઈ કાપડિયા, જેઓ ભરૂચથી ખાસ પધાર્યા હતાં, ભરૂચની કોમર્સ કોલેજમાં તેઓશ્રી અંગ્રેજીના પ્રાધ્યાપક તથા અંગ્રેજી વિભાગના વડા હોવા ઉપરાંત શ્રી અરવિંદ સાહિત્યનાં ઊંડા અભ્યાસી તેમ જ સાધક છે. બાર વર્ષની નાની વયથી શ્રી બાબુભાઈ પુરાણીના આશીર્વાદ સાથે શ્રી યશવંતરાવ જોષી પાસે શ્રી અરવિંદના તમામ ગ્રંથોનું તેમ જ સાવિત્રીની પંકિતઓપંકિતનું અધ્યયન કર્યું. સતત ૧૫ વર્ષ સુધી સ્વ. જોષીકાકાને ચરણે બેસવાનું પરમ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતાં- "અશ્વિન મારો સાચો માનસપુત્ર છે." એવું પરમ કૃપાવંત ટાઈટલ પ્રાપ્ત કર્યું.

શુકવારે તેમના વાર્તાલાપનો આરંભ માત્ર થોડી પ્રારંભિક વાત પૂરતો મર્યાદિત રહ્યો. પરંતુ શનિવારે તેમનો અસ્ખલિત વાક્‌પ્રવાહ સતત બે કલાક વહેતો રહ્યો. અનાયાસે અને અણધાર્યા આ વખતે પૂજ્ય શ્રી ચંપકલાલજી, તેઓની મુંબઈમાં ઉપસ્થિતિ હોઈ પ્રવચનમાં હાજર રહ્યા હતા અને વકતાને તથા શ્રોતાઓને તેમના આશીર્વાદ સાંપડયા હતાં. પરંતુ રવિવારે તો સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી ત્રણ કલાક લાગલગાટ શ્રી અશ્વિનભાઈ બોલ્યા હતાં ને છેલ્લે જાણે ઘણું બધું હજી કહેવાનું બાકી રહી જાય છે એવો ભાવ સૌના મનમાં હતો. શ્રોતાઓ મંત્રમુગ્ધપણે મહાયોગી શ્રી અરવિંદના તેમ જ પૂ. માતાજીના સ્પંદનોને ઝીલી રહ્યા હતાં.

પ્રથમ દિવસે શ્રી સુબોધભાઈ એમ. શાહે વકતાનો પરિચય અને આવકાર આપ્યા બાદ શ્રી અમર જરીવાળાને ત્રણે દિવસની સભાનું પ્રમુખસ્થાન લેવાની વિનંતી કરી હતી, અને ત્રણેય દિવસ શ્રી અમરભાઈએ પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. બીજે દિવસે તેમણે પૂ. શ્રી ચંપકલાલજીની ઉપસ્થિતીનો ઉલ્લેખ તેમ જ થોડો પરિચય આપીને તેમનો આભાર માન્યો હતો. રવિવારે શ્રી કે. પી. શાહે શરૂઆતમાં જ આભારવિધિ કરી હતી અને પ્રવચનના અંતે પ્રાર્થનાસભર વાતાવરણમાં સૌ વિખરાયાં હતાં.

ત્રણે પ્રવચનની ટેપ ત્રિશલા ઈલેકટ્રોનિકસવાળાએ ઉતારી છે અને જેને રસ હોય તેને કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

સંકલન
– શાંતિલાલ ટી. શેઠ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક : ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ નવેમ્બર, ૧૯૮૧, રવિવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

યોગ્ય નહીં ગણાય

ચીમનલાલ ચકુભાઇ શાહ

હાઈકોર્ટના જજોના રહેણાક માટે મહારાષ્ટ્ર સરકાર મુંબઈમાં જમીન આપશે એવી જાહેરાત થઈ છે. મુખ્યમંત્રી શ્રી. અંતુલેને ત્યાં વડાન્યાયમૂર્તિ અને બીજા જજોને બોલાવી, મુખ્યમંત્રીએ સરકારનાં આવા ઈરાદાની જાણ કરતો પત્ર આપ્યો. આ પ્રસંગને દૂરદર્શન ઉપર સારી પ્રસિદ્ધિ આપવામાં આવી. આ પ્રસંગને આવું સ્વરૂપ અપાશે તેવી જજોને ખબર નહિ હોય, પણ મુખ્યમંત્રીએ સહેતુ આવી વ્યવસ્થા કરી હશે. આ બાબત સ્વાભાવિક રીતે જાહેર વિવાદનો વિષય બની છે.

આ વિષયમાં જાણકાર સાધનો દ્વારા સાચી માહિતી મેળવવા મેં પ્રયત્ન કર્યો છે. જજો માટે આવી રીતે જમીન આપવાની વાત ૫૦-૧૨ વર્ષથી ચાલે છે. તે સમયે જમીનના ભાવ સામાન્ય હતા. થોડા કીફાયત દરે જમીન આપે તો પણ નામનો ફાયદો થાય. ઉચ્ચ સરકારી અમલદારોને આવી રીતે ફ્લેટો આપવામાં આવે છે. કેટલાક જજોને તે રીતે ફ્લેટો અપાયા પણ છે. બધા જજોને જજ હોય ત્યાં સુધી કાંઈ પણ લીધા વિના બંગલાઓ અપાય છે.

વર્તમાન પરિસ્થિતિ સર્વથા ભિન્ન છે, અસાધારણ છે. આ જમીન નરીમાન પોઈન્ટ ઉપર મંત્રાલય નજીક આપવાની છે. ત્યાં જમીનના ભાવ આસમાને ચડયા છે. શું ભાવે અથવા શું શરતોએ જમીન આપશે તે હજી નક્કી નથી થયું. પણ ઘણી સસ્તી કિંમતે આપશે તે સ્પષ્ટ છે. તેમ ન હોય તો લેવાનો કાંઈ અર્થ નથી અથવા જજોનું ગજું પણ ન હોય. કદાચ, જમીન લીઝ ઉપર આપશે તો જમીનનું ભાડું જ આપવાનું રહેશે અને તે પણ બહુ ઓછું હશે. અત્યારે ત્યાં રહેણાંકના ફ્લેટનો સ્કવેરફીટનો ભાવ રૂપિયા ૧૨૦૦થી ૧૫૦૦ ગણાય. જજો સહકારી મંડળી કરશે અને મકાન બંધાવી માલિકી ધોરણે ફ્લેટો આપશે. સંભવ છે, આ ફ્લેટો રૂપિયા ૪૦૦થી ૫૦૦ના સ્કવેર ફીટના ભાવે પડે. દરેક ફ્લેટ ૧૦૦૮થી ૧૩૦૦ સ્કવેર ફીટનો થશે. ૪૫ ફ્લેટો થવાના છે જેમાંથી પાંચ ફ્લેટો સરકારી અમલદારો માટે આપવાના રહેશે અને ૪૦ ફ્લેટો જજો માટે રહેશે. જેને ફ્લેટ મળે તેને દેખીતી વાત છે કે વર્તમાન સંજોગોમાં ઘણો મોટો લાભ થશે.

આ વિષયમાં આપણા જાહેરજીવનને લગતા ઘણાં અગત્યનાં મુદ્દાઓ ઊભા થાય છે. આ લખાણ હું ટીકા કરવાની દૃષ્ટિએ નથી લખતો પણ આ બાબત ઊંડી વિચારણા માગે છે તે તરફ લક્ષ દોરવા લખું છું.

બે વાત સ્પષ્ટ કરી દઉં. હાઈકોર્ટના જજોનો પગાર બહુ ઓછો છે અને સારી પેઠે વધારવાની જરૂર છે તે વિષે બે મત નથી. આ અસહ્ય મોંઘવારીમાં તેમના મોભા પ્રમાણે આટલા પગારમાં રહેવું અશકય છે. બીજું, જજોને આ રીતે જમીન આપવામાં આવશે તેથી કોઈ જજની સ્વતંત્રતા કે પ્રમાણિકતામાં લેશ પણ ઊણપ આવશે તેમ માનવાને કોઈ કારણ નથી. બલ્કે જે જજોને ફ્લેટ મળવાના છે તેમાંના કેટલાંક નિવૃત્ત હશે તો બીજા બે-પાંચ વર્ષે નિવૃત્ત થશે.

પ્રશ્નો જુદા પ્રકારના છે. આ ફ્લેટો કોને આપવામાં આવશે? મોટે ભાગે હાઈકોર્ટના વર્તમાન જજોને. પણ સુપ્રીમ કોર્ટના જૂના જજોએ પણ માંગણી કરી છે અને તેમને પણ અપાશે તેમ મને કહેવામાં આવ્યું છે. કોઈક નિવૃત્ત જજને પણ અપાશે તેમ જાણ્યું. હજી કાંઈ ધોરણ નક્કી નથી થયું. ધારો કે ૪૦ ફ્લેટો માટે ૫૦-૫૫ માંગણી આવી તો શું થશે? સહકારી મંડળી રચવા અને ફ્લેટો ફાળવવા પાંચ જજોની કમિટી નિમવામાં આવી છે. અંદરના ખટરાગ નહિ થાય?

વર્તમાન જજોને ફ્લેટો મળશે – હવે પછી જજો નિમાય તેમનું શું? મહારાષ્ટ્ર હાઈકોર્ટ માટે આ પહેલ થઈ. બીજી હાઈકોર્ટોમાં શું? આ નિર્ણય કરતા પહેલાં, મહારાષ્ટ્ર સરકારે કેન્દ્ર સરકારની મંજૂરી લીધી છે? હાઈકોર્ટના જજોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. આ અખિલ ભારતીય અને કાયમનો પ્રશ્ન છે. આવી રીતે એક પ્લોટ આપી દેવાથી શું વળ્યું? હાઈકોર્ટના જજો માટે આવી સુવિધા કે લાભ થાય તો બીજી નીચલી કોર્ટોના જજોનું શું? તેમની જરૂરિયાત ઓછી નથી.

સૌથી અગત્યનો પ્રશ્ન જાહેરજીવનની નીતિમત્તાનો છે. વર્તમાનના અત્યંત કલુષિત વાતાવરણમાં ચારે તરફ ભ્રષ્ટાચારનો પવન જોરથી ફૂંકાય છે ત્યારે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના જજો પ્રત્યે લોકોનો અનહદ આદર અને શ્રદ્ધા છે તે ડગી જશે. અંધકારમાં આ એક જ્યોત છે. તેને પણ ઝાંખપ લાગશે? તે પણ સરકારી લાલચનો ભોગ બનશે? જે કરવું હોય તે – અને ઘણું કરવાની જરૂર છે – ઉઘાડી રીતે, કાયદેસર, અખિલ ભારતીય ધોરણે કરો. પૂરો વિચાર કર્યા વિનાનું આવું પગલું, જજો અને સરકાર માટે અનેક શંકાઓ પેદા કરશે. દુર્ભાગ્યે આ વસ્તુ અત્યારે જ બની અને એવી વ્યકિતને હાથે કે જેની પ્રમાણિકતા વિષે વંટોળ ચડયો છે અને જેની સામે અત્યારે હાઈકોર્ટમાં કેસો ઊભા છે.

સમાજનું અધઃપતન થતું હોય ત્યારે એક વર્ગ તો એવો હોવો જોઈએ કે જે ત્યાગનો આદર્શ પૂરો પાડે અને કોઈ લાલચને વશ ન બને. જજો સ્વતંત્ર અને પ્રામાણિક હોય એટલું પૂરતું નથી. તે છે તેમ સ્પષ્ટ દેખાવું જોઈએ. તેમાં કોઈ શંકાને સ્થાન રહેવું ન જોઈએ.

હજી મોડું નથી થયું. સમાજના અને દેશના ક્ષેમકલ્યાણ માટે આ વાત હાલ પડતી મૂકી, પૂરો વિચાર કરી નિર્ણય થાય એવી આશા રાખવી વધારે પડતું નથી.

બળદોની અવિચારી કતલ

[] ચીમનલાલ ચકુભાઇ શાહ

આપણો દેશ ખેતીપ્રધાન છે અને દેશની ૭૫ ટકા વસતિ ગામડાંમાં વસે છે. ગાય અને તેની ઓલાદ બળદ, આપણા અર્થતંત્રના પાયામાં છે, તેથી, આપણા બંધારણમાં રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે કે ખેતીના વિકાસ અને પશુપાલન ઉપર રાજ્યોએ ખાસ ધ્યાન આપવું અને ગાય તેમજ અન્ય ઉપયોગી જાનવરોની કતલ થવા ન દેવી. આ આદેશ અનુસાર પશ્ચિમ બંગાળ અને કેરળ સિવાયના બધા રાજ્યોએ સંપૂર્ણ ગોવધબંધી કરી છે તેમ જ અન્ય ઉપયોગી અને દૂધાળાં જાનવરની કતલ પર પ્રતિબંધ મૂક્યો છે. અહીં મુખ્યપણે હું બળદ વિષે લખવા ઇચ્છું છું.

કેન્યાના નૈરોબી શહેરમાં થોડા સમય પહેલા વિશ્વ ઉર્જા પરિષદ થઇ, તેમાં મુખ્ય પ્રવચન કરતાં ઇન્દિરા ગાંધીએ કહ્યું કે આ જેટ વિમાન યુગના જમાનામાં બળદગાડીની વાત કરવી તે ભૂતકાળની વાત લાગે, પણ ભારતમાં વીજળી ઉત્પાદનના બધા પાવરહાઉસીઝ જેટલી શકિત નથી આપતા તેના કરતાં પશુઓ વધારે શકિત આપે છે. એટલી બધી શકિત ઉત્પાદન માટે પાવરહાઉસીઝ કરવા હોય તો સરકારે ૨૫૦ થી ૪૦૦ અબજ રૂપિયાનું ખર્ચ કરવું પડે અને તો પણ ખાતર અને બળતણ માટે છાણ મળે છે તે તો ગુમાવવું પડે.

આપણી ખેતી અને વાહનવ્યવહારમાં, બળદ ઉપર મુખ્ય આધાર છે. રેલવે, બસ તથા લોરી–વ્યવહાર આટલો થયો હોવા છતાં બળદગાડી હજી ગામડાંઓમાં વાહનવ્યવહારનું મુખ્ય સાધન છે. યાંત્રિક ખેતીનું પ્રમાણ નજીવું છે અને મુખ્ય સાધન બળદ છે.

જીવદયાની વાત એક બાજુ રાખીયે તો પણ, આર્થિક દૃષ્ટિએ બળદોની અવિચારી કતલ ભારે હાનિકારક છે તેનું આપણને પૂરું ભાન નથી.

મહારાષ્ટ્રની જ વાત લઇએ. ૧૯૭૭માં મહારાષ્ટ્ર સરકારે પશુરક્ષા માટે એક કાયદો કર્યો છે. તેમાં સંપૂર્ણ ગોવધબંધી તો છે, પણ અન્ય જાનવરો, ખાસ કરી બળદની, અવિચારી કતલ ન થાય તે માટે પ્રબંધ કર્યો છે. તે કાયદામાં એવી જોગવાઇ છેકે સરકારે નિયુકત કરેલ અધિકારીએ સર્ટિફિકેટ આપ્યું ન હોય તેવા કોઇ બળદની કતલ થઇ શકે નહિ. દરેક બળદની તપાસ કરવી જોઇએ અને તે ખેતી કે ભાર વહેવા માટે અથવા બીજી કોઇ રીતે ઉપયોગી નથી એવી ખાતરી થાય તેવા બળદની કતલ માટે જ સર્ટિફિકેટ આપવું. મતલબ કે સર્વથા નિરૂપયોગી હોય તેવા બળદની જ કતલ થઇ શકે. આ સર્ટિફિકેટમાં કતલની રજા આપવા માટે કારણો આપવા પડે છે. બળદને કોઇ રોગ નથી તેની પણ તપાસ કરવી પડે.

મહારાષ્ટ્ર સરકારે ૧૯૭૫-'૭૬ની સાલ માટે આંકડા બહાર પાડયા છે તે મુજબ, મહારાષ્ટ્રમાં ૧૭ લાખ લાકડાનાં હળ છે, ૨,૧૭,૦૦૦ લોખંડના હળ છે, ૧૫,૨૧,૦૦૦ બળદગાડીઓ છે. આ બધી જરૂરિયાતને પહોંચીવળવા, ૭૬,૧૯,૭૬૮ બળદની જરૂર પડે, જ્યારે રાજ્યમાં ૫૭,૮૫,૦૦૦ બળદ છે. પરિણામે, ૧૪,૫૬,૦૦૦ બળદનો તોટો છે અને માંગ ઉત્તરોત્તર વધતી જાય છે.

એક બળદની જોડીની કિંમત રૂ. ૧૦૦૭ હતી તે વધીને રૂ. ૫૦૦૦ થઇ ગઇ છે.

આમ છતાં, એકલા મુંબઇના દેવનારના કતલખાનામાં શું થાય છે તે જાણીયે તો આપણને દુઃખ અને આશ્ચર્ય થશે.

દેવનારમાં દર અઠવાડિયે ૫૫૦૦ બળદની કતલ કરવાની રાજ્ય સરકારે મંજુરી આપી છે અને તે ઉપરાંત, ઇદના એક જ દિવસે ૪૦૦૦ થી ૫૦૦૦ બળદની વિશેષ કતલ કરવાની મંજુરી અપાય છે. સરેરાશ દર વર્ષ એકલા દેવનારમાં એક લાખ બળદની કતલ થાય છે. આ રહ્યા તેના આંકડા :

૧૯૭૩–'૭૪–	૬૬,૭૮૭
૧૯૭૪–'૭૫–	૭૫,૫૩૭
૧૯૭૫–'૭૬–	૮૩,૭૬૮
૧૯૭૬–'૭૭–	૯૧,૧૯૦
૧૯૭૭–'૭૮–	૧,૦૯,૨૪૦
૧૯૭૮–'૭૯–	૧,૧૯,૨૪૮
૧૯૭૯–'૮૦–	૧,૨૧,૬૧૬

આ કતલ માટે મેં ઉપર જણાવ્યું તેમ સર્ટિફિકેટ હોવું જોઇએ કે આ બળદો સર્વથા નિરૂપયોગી છે. કાયદામાં આદેશ છે તેવી પુરી તપાસ કરી સર્ટિફિકેટ આપવું હોય તો એક બળદની તપાસમાં ઓછામાં ઓછો ૧૫-૨૦ મીનીટ જોઇએ. દરરોજ સરેરાશ ૩૫૦ બળદની કતલ થાય છે અને ઇદને દિવસે ૪૦૦૦ થી ૫૦૦૦ બળદની અનુભવ એવો છે કે સર્ટિફિકેટો યાંત્રિક રીતે, ઊંધું ઘાલીને અપાયે જાય છે. રૂ.૧૦, ફી ભરી દો એટલે સાઇકલોસ્ટાઇલ સર્ટિફિકેટ મળી જાય. આ કેટલું ફારસ જેવું થઇ પડ્યું છે, તે બતાવવા એક સર્વોદય કાર્યકર્તાને સર્ટિફિકેટ લેવા મોકલ્યા અને તેને પણ મળી ગયું.

કાયદા વિરુદ્ધ, ઉપયોગી બળદોની કેવી અવિચારી કતલ થાય છે તેની હકીકતો પૂરી જાણીયે તો દિલ કંપી ઉઠે.

આ બળદો કયાંથી અને કેવી રીતે આવે છે? દેશભરમાંથી રેલવે વેગનોમાં આવે છે. વાંદરા સ્ટેશન તેનું મથક છે. રેલવેમાં ૮-૧૦ દિવસ કાઢયા હોય અને અરધા ભૂખ્યા રહ્યા હોય એટલે અધમૂઆ થઈ જાય. પછી વાંદરાથી દેવનાર સુધી ચલાવીને લઈ જાય. દેવનાર કતલખાનાનું મોટું ગોગાન છે ત્યાં એક, બે, ત્રણ દિવસ રહે. મ્યુનિસિપાલીટી તેને ખવરાવે છે તેમ મનાય છે. પછી તે વેચાય અને ખરીદનાર વેપારી, બળદ કતલપાત્ર છે તેવું સર્ટિફકેટિ મેળવે અને પછી કસાઈને વેચે. દેવનારનું આ દશ્ય જોયું ન જાય, તેમાં પણ ઇદને દિવસે, લોહીની છોળો ઉડતી હોય.

તપાસ કરનાર વેટરીનરી ડોકટરોની સંખ્યા ઓછી, વેપારી કે કસાઈ માથે ઉભો હોય, ઉતાવળ હોય. બળદ અધમૂઓ થઈ ગયો હોય, ડોકટર નુરત સર્ટિફિકેટ લખી આપે.

મેં કહ્યું તેમ, જીવદયાની વાત જવા દઈએ. પણ કાયદા વિરુદ્ધ, ઉપયોગી બળદોની કેટલી કતલ થાય છે તે જાણીયે તો અરેરાટી છુટે.

જીવદયા મંડળી તરફથી ભાઈ માનકર અને હવે અખિલ કૃષિ ગોસેવા સંઘ વતી ભાઈ તુલસીદાસ વિક્રામ ખીમજી, કાયદા વિરુદ્ધ થતી આ કતલ અટકાવવા ઘણાં પ્રયત્નો કરી રહ્યા છે પણ તે અટકાવવામાં સફળતા મળી નથી.

પૂ. વિનોબાજી સુધી અનેકવાર આ વાત પહોંચી છે. પૂ. વિનોબાજીને મળવા મી. અંતુલે ગયા હતા ત્યારે તેમનું લક્ષ દોર્યું હતું. તે વિશે સરકાર સાથે ઘણો પત્રવ્યવહાર થયો છે. સરકારે સરકયુલર બહાર પાડયા છે કે અમલદારોએ બરાબર કાયદાનું પાલન કરવું અને પોલીસ ખાતાને ફરમાવ્યું છે કે ગેરકાયદેસર કતલ થતી હોય ત્યાં ચાંપતાં પગલાં લેવા. પણ આ બધું કાગળ ઉપર જ રહે છે.

છેવટ શ્રી તુલસીદાસભાઇએ મુંબઈ હાઈકોર્ટને રીટ અરજી કરી અને આ બીનકાયદેસર કતલ અટકાવવા વિનંતિ કરી. જસ્ટીસ પેન્ડસેએ આ બાબત તપાસ કરી કોર્ટને રીપોર્ટ કરવા ચાર વ્યકિતનું

પંચ નીમ્યું છે અને સર્ટિફિકેટો કાયદાના ધોરણ પ્રમાણે આપાય છે કે નહિ, અને તેમ ન થતું હોય તો શું સુધારા કરવા તે સૂચવવા રીપોર્ટ કરવા ફરમાવ્યું છે.

સર્ટિફિકેટો કાયદા પ્રમાણે અપાતા નથી તેના પુરાવારૂપે અખિલ કૃષિ ગોસેવા સંઘે કેટલાક દાખલાઓ રજૂ કર્યા. કતલપાત્ર ગણી સર્ટીફીકેટ આપ્યા હોય તેમાંથી કેટલાક બળદ કૃષિગોસેવા સંઘે ખરીદ કર્યા અને ખેડૂતોને આપ્યા, જે હજી પણ ખેડૂતોને ઉપયોગી કામ આપે છે. પણ ખરીદી કેટલી થઈ શકે? વધારે કિંમત આપવી પડે અને પરિણામે વધારે બળદો કતલ માટે આવે.

આ અનિષ્ટ અટકાવવા ગુજરાત સરકારે તાજેતરમાં કાયદો કર્યો છે કે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બળદની કતલ નહિ થાય. ૧૬ વર્ષ સુધી બળદ ઉપયોગી છે તેમ અનુભવે જોયું છે. તેમાં ઘણી ગેરરીતિઓ થાય છે તેની વિગતમાં અહીં નથી ઉતરતો.

આ અતિ મહત્ત્વના પ્રશ્ન પ્રત્યે આપણે બેદરકાર અને ઉદાસીન છીએ. જીવદયા માટે લાખો રૂપિયા ખરચીએ છીએ, પણ તેનો સદુપયોગ આવડતો નથી. કૃષિગોસેવા સંઘનું કામ અતિ ધીમી ગતિએ ચાલતું હતું. બે ત્રણ વર્ષથી તુલસીદાસભાઈએ તે કામ હાથમાં લીધું છે. શ્રી ધરમશીભાઈ ખટાઉ તેના પ્રમુખ છે અને તેમનો સારો ટેકો છે. તુલસીદાસભાઈએ મને પણ તેમાં જોડયો છે એટલે આ પ્રશ્નનો અભ્યાસ કરવાની મને ફરજ પડી અને તક મળી.

ખરેખર વિરાટ પ્રશ્ન છે. તેની પાછળ ઘણા ખર્ચ કરવું પડે તેમ છે. કૃષિગોસેવા સંઘ પાસે કોઈ ફંડ નથી. ખરી જીવદયાનું કામ છે તે સાથે દેશની આર્થિક આબાદીનો પણ પ્રશ્ન છે. આ વિષયના ઊંડો અભ્યાસ અને સરકાર તેમજ પ્રજાની સહાનુભૂતિ અને જાગ્રત લક્ષ્ય માગે છે.

તંત્રીશ્રીને પત્ર :

આદરણીય શ્રી ચીમનભાઈ
તંત્રીશ્રી "પ્રબુદ્ધ જીવન",

તા. ૧ ઓકટોબરના "પ્રબુદ્ધ-જીવનમાં" "તપશ્ચર્યા અને ઉત્સવ" વાળો તમારો લેખ ધ્યાનપૂર્વક વાંચ્યો. સંઘના પ્રમુખ તથા સમાજના આગેવાન તરીકે તમો આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં વિવેકપૂર્વક ભાગ લો છો અને તેથી સમાજ પાસેથી કેટલાંક લોકોપયોગી કામ કરાવી શકો છો તેનો એક પ્રકારનો સંતોષ પણ વ્યાજબી રીતે જ તમો અનુભવો છો.

તપ-ત્યાગ-સંયમ આદિ જીવનના નિત્યના વહેવારોમાં વણવા માટેની આધ્યાત્મિક બાબતો છે, અને તે વ્યકિત તથા સમષ્ટિ ઉભયને માટે લાભદાયી છે.

પણ તપ-ત્યાગ-સંયમ, એક વાત છે અને એના પાછળ ચાલતું ગાંડપણ, ઝનૂન અને કટ્ટરતા એ તેનાથી કેવળ ભિન્ન જ નહિ પણ સાવ જ વિરુદ્ધની બાબત છે.

જૈન-સમાજ અને ભારતના બીજા સમાજોની પણ ભોગ-વિલાસ અને પરિગૃહ-લાલસા, આ કહેવાતા તપ-ત્યાગ-સંયમનું આણગમતું અને જલ્દી ધડ ન બેસે તેવું પરોક્ષ પરિણામ લાગે છે.

આજે સમગ્ર માનવ-સમાજ અનેક પ્રકારની ઘેલછાઓ, ગાંડપણ, સંકુચિતતાઓ, વાડાબંધી, ગરીબાઈ, શ્રીમંતાઈ, અજ્ઞાન અને ભૂખમરા વિ. અનેકાનેક વ્યાધિઓથી પીડાઈ રહ્યો છે. સ્વસ્થ-માનવ અને તેનો સ્વસ્થ જીવનવ્યહવાર ભાગ્યે જ જોવા મળે છે.

જે અને જેવો સંઘ છે, તેના તમો પ્રમુખ અને આગેવાન છો. પ્રમુખ કે આગેવાન તરીકે, તમારી પાસેથી આનાથી વિશેષ જુદા વ્યવહારની ભાગ્યે જ આશા રાખી શકાય. પણ એક સંપ્રદાય-મૂકત-ચિન્તક તરીકે તપ-ત્યાગ-સંયમ અને તેને જળોની જેમ વળગી રહેલ ગાંડપણ-ઘેલછા-ક્રૂરતા-ઝનૂન-સાવ જ અલગ અને વિરોધી બાબતો છે એ વાત, તમો વધારે અસરકારક રીતે, તમારા લેખમાં મૂકી શકયા હોત. જેમ આત્મા અને દેહ ભિન્ન છે, તેમ તપ-ત્યાગ-સંયમ અને તેને વળગી રહેલાં ગાંડપણ-ઘેલછા-ઝનૂન સાવ જ ભિન્ન છે. પણ દેહ આત્માથી ભિન્ન હોવા છતાં તેને આત્મકલ્યાણનું સાધન બનાવી શકાય છે, જ્યારે તપ-ત્યાગ-સંયમ વિ. સાથે જોડાઈ ગયેલ ગાંડપણ, ઘેલછા, ઝનૂનમાંથી આપણે મૂકત ન થઈએ ત્યાં સુધી આ કહેવાતા તપ-ત્યાગ-સંયમ આત્મકલ્યાણમાં ક્યાંય સાધક થઈ શકતાં નથી, બલ્કે બાધક બની શકે છે તે વાત જૈન સમાજ પાસે ઠોકી-વગાડીને મૂકાય તે જરૂરી લાગે છે.

મારો જન્મ પણ જૈન કૂળમાં થયો હોવાથી એક નિકટના આત્મીય-જૈન તરીકે, જૈનોની ધાર્મિક કટ્ટરતાઓ, ઘેલછાઓથી ઠીક ઠીક પરિચિત છું. તેમનાં ધાર્મિક-સાંપ્રદાયિક વહેવારોમાં ભાગ લેવાનું મારાથી ભાગ્યે જ બને છે. વળી તેમના કટ્ટર સામાજિક રીત-રિવાજો અને વહેવારોને પણ મારું સમર્થન મળતું નથી. પણ તોય ઈશ્વરકૃપાથી સમાજના લોકો સાથે મારો અત્યંત પ્રેમ અને સદ્‌ભાવભર્યો આત્મીય સંબંધ રહ્યો છે. કારણકે વ્યકિત તરીકે તે બધાંને મેં ચાહ્યાં છે, તેમના તરફ મારો પૂરો સદભાવ સદાય રહ્યો છે.

તમારા સારા સ્વાસ્થ્યની શુભ કામના સહ.

તા. ક. જીવનમાં આનંદોલ્લાસ માટે ઉત્સવો જરૂરી છે. પણ જૈન અને જૈનેતર સમાજોમાં ચાલતા ઉત્સવો શુદ્ધ-જીવન-વ્યવહારની દૃષ્ટિએ સંસ્કારવા જેવા છે.

તમારો અપરિચિત નાનો ભાઈ
મણિભાઈ સંઘવી

નોંધ : વ્યવહારદૃષ્ટિએ કેટલુંક સહી લેવું પડે છે એવી મતલબનું મેં લખ્યું છે તેનો અવળો અર્થ કોઈ ન કરે અને મેં લખ્યું છે તે અત્યંત મર્યાદિત સંજોગો પુરતું છે, તે સ્પષ્ટ કરવા, આ પત્ર સહર્ષ પ્રકટ કરું છું. તેમાં વિવેકપૂર્વક કરેલી ટકોર વ્યાજબી છે.વ્યવહારને નામે પાખંડ નિભાવી ન લેવાય અથવા પોતાની નિર્બળતા ઢાંકવાનું નિમીત્ત વ્યવહારને ન બનાવાય.

ચીમનલાલ ચકુભાઈ

અભ્યાસ વર્તુળ
આગામી કાર્યક્રમો

[૧]

વિષય: આજની આર્થિક પરિસ્થિતિ
વકતાઓ:-(૧) શ્રી રામુ પંડિત (સેક્રેટરી ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર)
(૨) શ્રીમતી ચંદ્રાબેન દલાયા (રૂઈયા કોલેજ-અર્થશાસ્ત્ર વિભાગના વડા)
સમય: તા. ૧૩-૧૧-૮૧ સાંજે ૬-૧૫ વાગે

[૨]

ડિસે. ૯, ૧૦, ૧૧, :
વકતા: **ડો. રમણલાલ ચી. શાહ**
વિષય: જૈન ધર્મની દૃષ્ટિએ શ્રાવકનો આચારધર્મ
ડિસે. ૯, બુધ : અણુવ્રતો સાંજે ૬-૧૫
૧૦, ગુરૂ : ગુણવ્રતો સાંજે ૬-૧૫
૧૧, શુક્ર : શિક્ષાવ્રતો સાંજે ૬-૧૫
(વંદિત્તા સૂત્રનાં આધાર પર)
બન્નેનું સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ

લિ સુબોધભાઈ એમ. શાહ
કન્વીર અભ્યાસ વર્તુળ

પાંત્રીસ દિવસના રાષ્ટ્રપતિની લગરીક પીડાની વાત

□ કાન્તિ ભટ્ટ

ગુલઝારીલાલ નંદા અને ચરણસિંહ અમુક સંયોગોમાં થોડાક જ દિવસ માટે વડા પ્રધાન બની ગયા અને હવે એ બન્ને એ આસનથી ઘણા ઘણા દૂર છે, પણ ભારતના રાષ્ટ્રપતિ તરીકે માત્ર પાંત્રીસ દિવસ માટે આસનસ્થ થયા પછી મોહમ્મદ હિદાયતુલ્લાહ આ આસનની ઘણે નજીક છે. ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ અને હાલ ઉપરાષ્ટ્રપતિ તરીકે કામ કરતા એમ. હિદાયતુલ્લાહ, એ. એન. શાહના પુત્રી પુષ્પાને પરણ્યા છે અને તેમના પુત્ર અરશાદે પણ આંતરજાતિય લગ્ન કર્યા છે તે મને હમણાં જ તેમની આત્મકથા વાંચ્યા પછી જાણવા મળ્યું. તેમની આત્મકથામાં કાનૂનમાં રસ ધરાવનારા લોકોને ખૂબ રસ પડે તેમ છે; પરંતુ મને પત્રકાર તરીકે, હિદાયતુલ્લાહે પાંત્રીસ દિવસ સુધી કામચલાઉ રાષ્ટ્રપતિ તરીકે કામ કરીને કેટલાક અનુભવો કર્યા તેમાં રસ પડયો છે.

ખાન બહાદુર હાફીઝ મહમ્મદ હિદાયતુલ્લાહને ત્યાં ૧૭મી ડિસેમ્બર ૧૯૦૫ના રોજ જન્મેલા હિદાયતુલ્લાહે પોતે ગરીબી જોઈ નથી; પણ તેમના દાદા એક જમાનામાં પોતાનો વટ પાડવા માટે હાથી રાખવા મંડયા હતા. આ હાથીને ઘરમાં પ્રવેશવા માટે એક ખાસ ઊંચા દરવાજો બનાવવો પડયો હતો. એ પછી એ હાથીના ખર્ચમાં જ કુટુંબ આર્થિક રીતે પાયમાલ થયું હતું.

હિદાયતુલ્લાહના પિતા મેજિસ્ટ્રેટ હતા એટલે તેમને સારી કેળવણી મળી અને પિતાને પગલે હિદાયતુલ્લાહ પણ ધારાશાસ્ત્રી જ બન્યા. ધારાશાસ્ત્રી તરીકે તેમણે છૂટાછેડા અને બળાત્કારના કેસો પણ હાથમાં લીધા છે. એક બળાત્કારના કેસમાં હિદાયતુલ્લાહે દલીલને અંતે શેકસપિયરની એક પંકિત ટાંકી હતી અને તેનાથી ન્યાયાધીશ પ્રભાવિત થયા હતા અને તેને કારણે જ હિદાયતુલ્લાહ કેસ જીતી ગયા હતા.

હિદાયતુલ્લાહ ઉત્તરોતર પ્રગતિ કરીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ બન્યા. એ દરમિયાન તેમણે જે જે કેસો ધારાશાસ્ત્રી તરીકે કે ન્યાયમૂર્તિ તરીકે હાથ ધર્યા તેની વિગતો વાંચવા જેવી છે, પણ એક પિતા તરીકે તેમણે તેમની પુત્રીના અવસાનનું જે દુ:ખ અનુભવ્યું છે તે પણ વાંચવા જેવું છે. પ્રથમ પુત્રનું નામ મુસ્લિમ તરીકે અરશાદ રખાયું, પણ તેમની પત્નીની ઈચ્છાને માન આપીને પુત્રી થઈ તેનું નામ અવનિ રખાયું. પણ અવનિને જન્મ સાથે લોહીનો કોઈ રોગ હતો અને તે માત્ર આઠ વર્ષ જીવી. તેના ખાસ ઉપચાર અને ઓપરેશન માટે અવનિને લંડન લઈ જવામાં આવી ત્યારે તેનું અવસાન થયું. અવનિની દફનક્રિયા લંડનમાં જ કરવાની હતી અને જો કબર માટેના પૈસા ન અપાય તો અવનિની કબર નિરાધાર બાળકોની હરોળમાં જ રાખવી પડે. મધ્યપ્રદેશના ચીફ જસ્ટીસ તરીકે રહી ચુકેલા હિદાયતુલ્લાહે આડી રીતે લંડનમાંથી પૈસા મેળવવાને બદલે રિઝર્વ બેંકને અરજી કરી અને તુરંત તેમને અવનિની કબરમાં યોગ્ય તકતી મુકવાનું હુંડિયામણ મળી ગયું. દિલ્હીના ખુશનવિસ નામના શિલ્પીએ અવનિની કબર માટે સરસ પંકિત તૈયાર કરી આપી.

હુઈ સુરત ના કુછ ઉસકા શીફકી
દવા કી મુયસ્સર બરસોં દુઆ કી.

(એના દર્દનો કોઈ ઈલાજ ન જડયો. ડૉકટરો દવા કરતા ગયા અને અમે દુવા માગતા ગયા)

નવી દિલ્હીમાં પુત્રીના મરણના શોક સાથે હિદાયતુલ્લાહ સુપ્રીમ કોર્ટમાં પ્રેકટીસ કરવા આવ્યા હતા. એ પછી ૨૫ ફેબ્રુઆરી ૧૯૬૮ના રોજ તે ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાનો માનવંતો હોદ્દો મેળવી ચૂકયા. ૩જી મે ૧૯૬૯ના રોજ ભારતના સર્વોચ્ચ ન્યાયમૂર્તિ તરીકે તેઓ ઉપરાષ્ટ્રપતિ વી. વી. ગીરીને રાષ્ટ્રપતિ તરીકે સોગંદ લેવડાવવા ગયા ત્યારે તેમણે એક સરસ ટકોર કરી છે. ડો. ઝાકિરહુસેનનું તે દિવસે મૃત્યુ થયેલું. વી. વી. ગીરી રાષ્ટ્રપતિ બનવાની ભારે ધાંધલ અને ઉત્સાહમાં હતા. સોગંદવિધિ થઈ એટલે વી. વી. ગીરી ખૂબ ઉમંગભેર હિદાયતુલ્લાહને ભેટવા ગયા. તે સમયની સ્થિતિનું વર્ણન કરતાં હિદાયતુલ્લાહ કહે છે– "ઝાકિરહુસેનનો મૃતદેહ બાજુની રૂમમાં જ પડયો હતો ત્યારે આ પ્રકારે ભેટી પડવાનું મને યોગ્ય ન લાગ્યું..."

હિદાયતુલ્લાહ સર્વોચ્ચ ન્યાયમૂર્તિ હતા ત્યારે તેમના ચેમ્બરમાં જ રિસેસ વખતે ૧ વાગે એક સેન્ડવીચ અને કોફી લેતા. તે સમયે પંદર મિનિટ સુધી કોઈને પ્રવેશવાની મનાઈ રહેતી. ૧૫ જુલાઈ, ૧૯૬૮નો દિવસ હતો. તે સમયે તેમના પ્રિન્સિપાલ પ્રાયવેટ સેક્રેટરી શ્રી જી. વી. રાઘવાચારી ચેમ્બરમાં પ્રવેશ્યા તેથી હિદાયતુલ્લાહને નવાઈ લાગી. સેક્રેટરીએ કહ્યું, "અરજન્ટ કામ છે. રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરી આપના ફોનની રાહ જુએ છે. હિદાયતુલ્લાહે ફોન કર્યો એટલે વી. વી. ગીરીએ તેમને તુરત રાષ્ટ્રપતિભવનમાં બોલાવ્યા. વી. વી. ગીરી રાષ્ટ્રપતિની મુદત પૂરી થતા બીજી મુદત માટે ચૂંટણી લડવા માગતા હતા અને તે માટે તેઓ રાજીનામું આપવા માગતા હતા. તે દરમિયાન હિદાયતુલ્લાહે એકટિંગ પ્રેસિડન્ટ અર્થાત્ કામચલાઉ રાષ્ટ્રપતિ તરીકે કામ કરવાનું હતું.

હિદાયતુલ્લાહને વિશાળ રાષ્ટ્રપતિ ભવનમાં રહેવાનો મોકો મળે તેમ હતો, પણ તેઓ માત્ર બે દિવસ માટે જ રાષ્ટ્રપતિ ભવનમાં ગયા હતા. ૫, હેસ્ટીંગ્ઝ રોડ ઉપરના તેમના મકાનમાં જ હિદાયતુલ્લાહે રહેવાનું નક્કી કર્યું એટલે રાતોરાત તેમના મકાનની આજુબાજુ કાંટાવાળા તારની વાડ નંખાઈ ગઈ; ફ્લડ લાઈટો ગોઠવાઈ ગઈ. સંત્રીઓ માટેના ખોખાં આવી ગયા અને એક ટેલિફોન એક્ષચેન્જ ઉભો થઈ ગયો. હિદાયતુલ્લાહને આ બધું ગમતું નહોતું. એક ગમ્મત ખાતર તે બધું જોવા લાગ્યા. એ પછી કામચલાઉ રાષ્ટ્રપતિ તરીકે તેમને જે અનુભવો થયા તે હિદાયતુલ્લાહના જ શબ્દોમાં જોઈએ:

"રાષ્ટ્રપતિ ભવનમાં મારે માટે વિશાળ સ્ટાફ હતો. મિલિટરી સેક્રેટરી, ડેપ્યુટી મિલિટરી સેક્રટરી, ઘણા બધા એડીસીઓ, જુનિયર ઓડી. સી. ઓ. મારે રાષ્ટ્રપતિ તરીકે સોગંદવિધિ કરવાનો હતો તે મારા ઉપર ઠોકી બેસાડવામાં આવ્યો હોય તેમ લાગ્યું. તે માટેના મારી પાસે કપડાં નહોતા– શેરવાની તો ઓફિશ્યલ વેષ નહોતો. મારા ડ્રેસ માટે આજુબાજુમાં ગુસપુસ સંભળાઈ. સોગંદવિધિ પછી બીજે દિવસે મારે રાષ્ટ્રપતિની ફરજ બજાવવા જવાનું હતું... મેં જોયું કે મારા ઘર આસપાસ મોટરકારોનો મોટો કાફલો ખડકાઈ ગયો. પહેલાં એક જીપ હતી. પછી એક વાયરલેસવાળી મોટર હતી. એ પછી એક રોલ્સરોયસ ગાડી હતી. તેના પછી બીજી ઈમ્પાલા કાર હતી. ઈમ્પાલા પછી ત્રીજી એક ભપકાદાર કાર હતી અને તેના પછી જુદા જુદા મોડેલ, કદ અને બનાવટની આઠથી દસ મોટરકાર હતી તેના પછી પાછી એક મોટર અને જીપ હતી! આઉટરાઈડર્સ અને મોટરસાયકલોનો એક કાફલો હતો. કેટલી મોટરસાયકલો હતી તેની સંખ્યા મને યાદ નથી... અગાઉ જ્યારે હું જનપથ ઉપર

પગે ચાલીને ફરવા નીકળતો ત્યારે આવો કાફલો મારી બાજુમાંથી પસાર થતો જોતો હતો. હું પોતે સુપ્રીમ કોર્ટ જતો ત્યારે મારી કાર જાતે ચલાવતો અને મારો જમાદાર બાજુમાં બેસતો. પણ અહીં સ્થિતિ જુદી હતી."

"મારા એડીસીને પૂછ્યું, 'આટલી બધી કાર શું કામ?' જવાબમાં જાણવા મળ્યું કે રોલ્સ રોયસ ગાડી મારા માટે હતી. રોલ્સ રોયસ રસ્તામાં ખરાબ થઈ જાય તો પાછળની ગાડીમાં બેસી શકાય તે માટેની સ્ટેન્ડબાય કાર હતી. એ પછી સ્ટેન્ડબાય કાર નં. બે હતી. મેં કહ્યું કે માત્ર બે કિલોમીટર માટે આવો દેખાવ હાસ્યાસ્પદ લાગે છે. મને લાગ્યું કે રોલ્સ રોયસ બગડી જાય તો હું પગે ચાલીને કે પાછળની જીપમાં બેસીને રાષ્ટ્રપતિ ભવન જઈ શકું છું. સિક્યુરીટી ઓફિસરે ત્યારે ગભરાઈને કહ્યું "આવું કઈ કરશો નહિં. કાંઈક ગરબડ થાય તો મારી નોકરી જશે." એટલે તેની ખાતર મેં આ બધું સ્વીકારી લીધું."

"હું જ્યારે મારી કચેરીમાં રાષ્ટ્રપતિ તરીકે પ્રવેશ્યો ત્યારે મારું આગમન એક બ્યુગલદ્વારા જાહેર કરાયું. મને ગાર્ડ ઓફ હોનર અપાયું અને મારું સ્ટાન્ડર્ડ મને ઊંચું જતું લાગ્યું." કામ પતાવીને હું બપોરના ખાણા માટે પાછો કચેરીમાં આવ્યો. દિવસમાં ચાર વખત મને ગાર્ડ ઓફ ઓનર મળતું અને બે વખત બ્યુગલો બજતા હતા. ઘણી મહેનત પછી સાંજે અપાતું ગાર્ડ ઓફ હોનર મેં બંધ કરાવ્યું."

"૧૯૨૯માં રાષ્ટ્રપતિ ભવનને વાઈસરગલ લોજ તરીકે ઓળખવામાં આવતું. સૌપ્રથમ તેમાં લોર્ડ ઈરવીન રહ્યા હતા. ૬૩૦ ફૂટ પહોળું અને ૫૩૦ ફૂટ ઊંચું આ રાષ્ટ્રપતિ ભવન ૨૧૦૪૩૦ ચોરસ ફૂટમાં પથરાયેલું છે. વરસેત્સ ખાતેનો પેલેસ પણ માત્ર ૧૯૮૩૦૦ ચોરસ ફૂટ છે. ૩૩૦ એકર જમીનમાં ઉભેલી આ ઈમારતમાં ૧૫ માઈલની લાંબી ગલીઓ છે. ૩૪૦ ખંડો છે. ૨૨૭ સ્તંભો છે અને ૩૭ ફુવારા છે. એમાં ભવ્ય હોલ અને ઝુમ્મરો છે. ૧૨ એકરમાં મોગલ ગાર્ડન છે. સ્વીમીંગ પુલ, સિનેમા હોલ, ગોલ્ફ કોર્સ, લોકીનું મેદાન, ફુટબોલનું મેદાન, ક્રિકેટનું મેદાન, ટેનીસ કોર્ટ, પ્રાણીસંગ્રહાલય અને એક સ્કૂલ પણ રાષ્ટ્રપતિભવનમાં છે. આ ભવ્ય ભવનને રાષ્ટ્રપતિની એસેટ કહેવામાં આવે છે તેમાં કાંઈ નવાઈ નથી!

"ઉપરના ભવન ઉપરાંત સિમલા ખાતે ૭૦૫૦ ફૂટ ઉપર રાષ્ટ્રપતિ નિવાસ છે, તેમાં ૮૩ ખંડો છે. માશોબ્રા ખાતે રાષ્ટ્રપતિને હવાખાવાનો મહેલ છે, તેમાં ૨૬ ખંડો છે. હૈદ્રાબાદમાં રાષ્ટ્રપતિ માટેનો ખાસ બોલારામ તરીકે ઓળખાતો આવાસ છે. તેમાં ૧૯ ખંડો છે! રાષ્ટ્રપતિ માટે એક રોલ્સ રોયસ, ત્રણ મર્સીડીબેન્ઝ, ૩ કેડીલેક, ચાર શેવરોલેટ અને એક વોક્સોલ નામની મોટરકારો છે. નાની કારો, જીપ, બીજી ગાડીઓ અને એક એમ્બુલન્સ છે. રાષ્ટ્રપતિ માટે બે શાહી કોચ છે. બે વિકટોરીયા ગાડી છે અને ત્રણ લગેજબ્રેક રખાયેલી છે. બે બટાલિયન જેટલા બોડીગાર્ડ ઉપરાંત ૨૭૧ જેટલા પોલીસ ઓફિસરો છે. રાષ્ટ્રપતિ માટે પુસ્તકાલય અને મોટું ટેલિફોન એક્ષચેન્જ છે, વિલીયર્ડ રૂમ છે... અને ઘણી ઘણી સગવડો છે... એકંદરે મને લાગ્યું કે ૨૫૦૦ જણના સ્ટાફવાળી સુપર ડીલક્સ હોટલ છે. નસીબદાર આદમી જ આટલો વૈભવ ભોગવી શકે. મારા નસીબમાં આ વૈભવ ૩૫ દિવસ પૂરતો હતો, પણ મેં માત્ર પ્રમુખ નિક્સન મારા મહેમાન તરીકે આવ્યા ત્યારે બે દિવસ માટે ભોગવ્યો."

"ઉપર મેં તમને બહુ આંકડાઓ રજૂ કર્યા તો સાથે એ પણ કહી દઉં કે ૩૫ દિવસ દરમિયાન ૬૭૧૯ કાગળો અને તારો મને અભિનંદન માટે જ મળ્યા. એમાં એક તારનો નમૂનો આ રહ્યો... 'તમારા ઉપર મોટાઈ ઠોકી બેસાડવામાં આવી છે તે બદલ અભિનંદન.' રાષ્ટ્રપતિ તરીકે મારે શોભાના ઘણા કામ કરવાના હોય છે. કોઈ એલચી આવે ત્યારે રાષ્ટ્રપતિની છબી ચાંદીમાં મઢીને તેમને ભેટ અપાય છે... મારી છબી ૨૪ કલાકમાં ચાંદીથી મઢીને તૈયાર કરાયેલી તે મને યાદ છે... રાષ્ટ્રપતિ તરીકે મેં ઘણા એલચીઓને મુલાકાત આપી, શાહી ભોજનો લીધા... આ દરમિયાન મારી પસંદગીની ઘણી ફિલ્મો દિલ્હીના થિયેટરોમાં આવી અને ગઈ. મેં એક ફિલ્મ જોવા માટે મિલિટરી સેક્રેટરીને કહ્યું. તો તેણે કહી દીધું કે રાષ્ટ્રપતિ ભવનમાં ખાનગી થિયેટરમાં તે ફિલ્મ લઈ આવીએ... પણ મેં આવું કરવાની ના પાડી... જો કે પછી રાષ્ટ્રપતિ ભવનમાં બીજી જે કોઈ ફિલ્મો બતાવાઈ તે જોવા માટે જવું પડ્યું..."

"એક વખત મને રાષ્ટ્રપતિ એસ્ટેટમાંથી શાકભાજીનો એક જંગી જથ્થો મળ્યો ત્યારે મને નવાઈ લાગી. મને ૨૫ દિવસ સુધી ચાલે એટલા શાકભાજી અને ફળો હતાં. મેં માત્ર કોબીજ અને એક સફરજન લઈને બાકીનાં જંગી ટોપલા પાછા વાળ્યા. એ પછી મને આવા ટોપલા ન મળે તેમ મેં મિલિટરી સેક્રેટરીને કહ્યું... વી. વી. ગીરીએ રાજીનામું આપેલું પણ તેમના ખાનગી રસોડાને તે તાળું મારીને ગયા હતા. બીજું સત્તાવાર રસોડું હતું તેમાં મેં અને મારી પત્નીએ ભોજન લઈ બીલ માટે આગ્રહ રાખ્યો ત્યારે બીલની રકમ જોઈને હું દંગ થઈ ગયો..."

"હું અગાઉ નાગપુર અને જબલપુરમાં હતો એટલે ત્યાંના ધારાશાસ્ત્રીઓ અને મિત્રો મને નાગપુર આવવા આમંત્રણ આપવા માટે આવ્યા. મને કહેવામાં આવ્યું કે રાષ્ટ્રપતિનું ખાસ વિમાન લઈને આવજો, પણ મેં વિમાન વાપરવાની ના પાડી... મહારાજાઓ, ગવર્નરો, પ્રધાનો, એલચીઓ, હાઈકમિશનરો, ચીફ જસ્ટીસો, વગેરેને માટે રોજ મુલાકાત આપવી પડતી... આ બધા દિવસો દરમિયાન હું વ્યાયામ માટે ચાલવા જતો તે બંધ કરવું પડ્યું. એક દિવસ હું મારા બગીચામાં ચાલવા ગયો તો ત્યાં હથિયારધારી સંત્રીઓ મારી પાછળ પાછળ ચાલવા લાગ્યા. હું અકળાઈ ગયો. મારી પત્નીએ કહ્યું– રાષ્ટ્રપતિ ભવનના મોગલ ગાર્ડનમાં ફરવા જઈએ. ત્યાં પણ, બે એ.ડી.સી.ઓ. સાદા વેશમાં સી. આઈ. ડી. અને બગીચાનો સુપ્રિન્ટેન્ડન્ટ અને બીજા એક ડઝન જણા અમારી પાછળ પાછળ ફરતા હતા... એ પછી ફરવાનું બંધ કર્યું. પ્રમુખ નિકસન આવ્યા ત્યારે હું પત્ની સહિત બે દિવસ રાષ્ટ્રપતિભવનમાં રહેવા ગયો ત્યારે પણ મારા રૂમ પાસે સંત્રીઓ ઉભા હોય જ... મારી પત્નીએ એક દિવસ મજાકમાં કહ્યું, '...આનો અર્થ એમ કે આપણે બન્નેએ ઝઘડો કરવો હોય તો પણ ન કરી શકીએ.'

'પ્રમુખ નિકસન આવ્યા ત્યારે રાષ્ટ્રપતિ ભવનમાં અગાઉની સૌરાષ્ટ્ર સરકારે તૈયાર કરાવેલો 'દ્વારકા સ્વીટ' (દ્વારકાખંડ) તેમને માટે સજાવવામાં આવ્યો... પ્રમુખ નિકસન માટે અમેરિકાથી બુલેટપ્રુફ ગાડી આવી હતી. તે ગાડીમાં બેસીને હું અને પ્રમુખ નિકસન જતા હતા ત્યારે લોકોના ટોળા અમને હર્ષનાદથી વધાવતા હતા... પ્રમુખ નિકસને મને પૂછ્યું... 'તમે આવી રીતે પસાર થાઓ છો ત્યારે તમને રોજ આટલા બધા લોકો વધાવે છે?' પ્રમુખ નિકસને ધાર્યું હશે કે હું વિવેક કરીને કંઈક જુદું કહીશ. પણ મેં કહ્યું... "આ લોકો તો બુલેટ પ્રુફ ગાડી જોવા આવ્યા છે."

"ચાર દિવસની ચાંદની જોવા ૩૫ દિવસ વિતાવીને હું પાછો રાષ્ટ્રપતિમાંથી મારા મૂળ સ્થાને આવ્યો ત્યારે ઘણા દિવસ પછી એક સિનેમાગૃહની ટિકીટબારી પાસે લાઈનમાં ઉભા રહીને ટિકિટ ખરીદીને અમે નિરાંતે ફિલ્મ જોઈ."

6

શ્રી દેવજી રાઘવજી નંદુનો ૧૦૧માં વર્ષમાં પ્રવેશ

તા. ૧૯-૧૦-૮૧ સોમવારના રોજ બપોરના ૨થી સાંજના ૭ વાગ્યા સુધીનો એક નવતર સમારંભ માણ્યો.

કચ્છ-મુંદરાના વતની શ્રી દેવજી રાઘવજી નંદુએ ૧૦૧મા વર્ષમાં પ્રવેશ કર્યો તેના અનુસંધાનમાં, મુંદરા કચ્છી વીશા ઓસવાળ જૈન જ્ઞાતિ તેમ જ આગેવાન કચ્છી ભાઈઓ તરફથી વાડીલાલ નથુભાઈ સવાણી સભાગૃહ-સાયનમાં-૧૦૧મા વર્ષમાં પ્રવેશ કર્યો તેની ખુશાલીમાં શ્રી દેવજીબાપાનું બહુમાન કરવાને લગતા એક સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભનો સમય બપોરના બેથી સાંજના સાત સુધીનો રાખવામાં આવ્યો હતો. વ્યાપારનો ચાલુ દિવસ હોવા છતાં, આવડું મોટું સભાગૃહ શ્રોતાઓથી ભરાઈ ગયું હતું એ જોઈ આશ્ચર્ય તેમ જ આનંદ અનુભવ્યાં.

આ પ્રસંગે ત્રણ મહાસતીજીઓ પણ પધાર્યાં હતાં. તેમણે પ્રથમ માંગલિક સંભળાવ્યું અને ત્યારબાદ પ્રવચન કર્યું હતું અને વૃદ્ધ મા-બાપોને સારી રીતે સાચવવાને લગતી શીખામણ આપી હતી. ત્યારબાદ સ્તવનો તેમ જ ભક્તિ—સંગીત ગવાયાં હતાં તેમ જ ચાર અતિથિવિશેષો અને સમાજના આગેવાનોએ પ્રેરણાત્મક પ્રવચનો કરીને શ્રી દેવજીબાપાની પ્રશસ્તિ કરી હતી. આ પ્રવચનોનો સાર એવો હતો કે દેવજીબાપાને સમગ્ર સમાજ અનુસરે અને તેમનાં સંતાનો જે વયોવૃદ્ધ વડીલની સેવા કરે છે તેને સમગ્ર યુવાસમાજ અનુસરે.

શ્રી દેવજી રાઘવજી નંદુ

૧૦૧ વર્ષની ઉમરે કાર્યાન્વિત જીવન જીવી શકે અને ચાર પેઢી સાથે જ રહેતી હોય અને તે પણ અરસપરસ પ્રત્યેના સદભાવપૂર્વક—આવા દાખલાઓ જૂજ જ જોવા જાણવા મળતા હોય છે. એટલે સમાજની દરેક વ્યક્તિઓ માટે આ કુટુંબ માર્ગદર્શક બની રહ્યું છે, એમ બધા વક્તાઓના વક્તવ્યનો પ્રધાન સૂર હતો.

આપણે માનતા હોઈએ છીએ કે ગામડામાં માણસો વધારે જીવી શકે, પરંતુ દેવજીબાપાએ સમગ્ર જીવન મુંબઈના ધમાલિયા વાતાવરણમાં વિતાવ્યું છે અને એ માન્યતાને ખોટી ઠરાવે છે.

આ સમારંભના અધ્યક્ષસ્થાને ડૉ. રમણલાલ ચી. શાહ હતા, જેઓ મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના વડા છે. તેમણે બોલતાં જણાવ્યું કે :—

"શ્રી દેવજીબાપાનો જન્મ શરદપૂનમના શુભ દિવસે થયો એ જ તેમના ઉજ્જવળ જીવનનું કારણ નહિ હોય ને? એવો પ્રશ્ન થાય છે. તેમણે સો શરદપૂનમો જોઈ અને ૧૦૧મા વર્ષમાં પ્રવેશ કર્યો. હજારો નહિ પરંતુ લાખો માણસોમાંથી કોઈ એકાદ વ્યક્તિ જ આટલું લાંબું તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ભોગવી શકે છે. માનવીનું આયુષ્ય ક્ષીણ થતું ચાલ્યું છે, અને શાસ્ત્રોમાં કહ્યું છે કે છઠ્ઠા આરામાં માનવીનું વધારેમાં વધારે આયુષ્ય ૨૦ વર્ષનું જ હશે!

શ્રી દેવજીબાપાએ આટલું લાંબું આયુષ્ય ભોગવ્યું છે તે તેમના જીવનની પરમ સિદ્ધિ ગણાય. તેમણે શરીરની બાબતમાં પ્રમાદ સેવ્યો નથી. શરીરને ક્ષીણ બનાવનારા કારણો તે આચાર, વિચાર અને વ્યવહારમાંની અજાગૃતિ છે. જ્યારે દેવજીબાપાએ બધી બાબતોમાં સતત જાગૃતિ સેવી છે. જેણે દીર્ઘાયુષ્ય ભોગવવું હોય, તેણે આરોગ્યની ચાવીઓની જાણકારી રાખવી જોઈએ. આ શરીરયંત્રને સાચવવા માટે વધારેમાં વધારે જાગૃત રહેવું જોઈએ. આયુર્વેદશાસ્ત્રમાં પણ તેને લગતા ઉપાયો બતાવ્યા છે. દીર્ઘાયુષ્ય માટે અનેક વસ્તુઓ ભાગ ભજવતી હોય છે. આયુષ્યકર્મ બળવાન હોય તો આયુષ્ય વધે છે. ગૌતમસ્વામીના પ્રશ્નના જવાબમાં ભગવાન મહાવીરે કહ્યું છે કે, જે અલ્પાહાર લે છે, વધારેમાં વધારે જીવદયા પાળે છે અને એ રીતે બીજાના આયુષ્યનું રક્ષણ કરે છે તેને દીર્ઘાયુષ્ય ભોગવવા મળે છે. અન્યના જીવનમાં—તેના દુઃખમાં મદદ ન કરીએ તો તેના જીવાણુઓ અન્ય જીવાણુરૂપે પણ શરીરમાં પ્રવેશે અને આયુષ્ય ઘટાડે. માટે અનેક લોકો પ્રત્યે મૈત્રીભાવ અને અનુકંપા એ જ દીર્ઘાયુષ્યની ચાવી છે. દીર્ઘાયુષ્ય માટે વ્યવહારમાં ત્રણ સિદ્ધાંતો બતાવ્યા છે.

(૧) કમ ખાના, (૨) ગમ ખાના, (૩) નમ જાના.

સાત્ત્વિક આહાર લેવો, રોશ ન કરવો, હૃદયને સમતુલ રાખવું, નાડીને વધારે ધબકવા ન દેવી-તેથી હૃદયને સ્વસ્થ અને શુદ્ધ રાખી શકાય છે.

વૃદ્ધાવસ્થા ધૂતારી ધોબણ છે. તે સાબુ, પાણી કે બ્લીચીંગ પાવડર વગર કાળામાંથી ધોળા-શ્વેત વાળ કરી નાંખે છે. વૃદ્ધાવસ્થામાં સ્વજનો વિમુખ થતા જાય છે અને ત્યારે શ્રાપરૂપ લાગે છે. ઘણા વડીલો ત્રાહિત વ્યક્તિઓને ફરિયાદ કરતા હોય છે કે હવે ભગવાન છોડાવે તો સારું! મા-બાપ જ્યારે ઘરડા થાય ત્યારે સંતાનોની અને વહુઆરોની વાણીમાં ફરક પડતો જાય છે. તેમના પ્રત્યે તિરસ્કારભાવે બધો જ વ્યવહાર કરવામાં આવતો હોય છે—અનેક જાતના વાંધા પડે છે અને છેલ્લે પોતાનો દીકરો પણ દુશ્મન બની જાય છે. આજની આવી સામાજિક પરિસ્થિતિમાં દેવજીબાપાની વાત વિશિષ્ટ છે. તેમણે સો વર્ષ સુધી પુત્રો અને પ્રપૌત્રો સાથે પ્રેમ જાળવી રાખ્યો છે. તેમની અરસપરસની મૈત્રી ટકી રહી છે—તેનું કારણ દેવજીબાપા પોતે પણ છે. મેં સાંભળ્યું છે કે ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં તેમણે હંમેશા સમતાભાવ જ જાળવ્યો છે. તેઓ સતત ધાર્મિક જીવન જીવી રહ્યા છે.

તેમનાં પુત્રવધૂ તેમને પિતાતુલ્ય ગણીને તેમની સેવા કરે છે. આવી પુત્રવધૂઓ વડીલને ખીચડીમાં સોડમવાળું ગોકળું ઘી પીરસે છે અને એ રીતે પોતાની સુવાસ ફેલાવે છે, જ્યારે અન્ય કેટલાય કુટુંબોમાં પુત્રવધૂઓ વડીલોને સુકો રોટલો કે ઘેંશ સાથે ખાટી છાશ પીરસે છે અને એ રીતે વડીલ પ્રત્યેની પોતાની અણગમાની લાગણીનું પ્રદર્શન કરે છે.

દેવજીબાપાના સમગ્ર કુટુંબનો સહયોગ અને સહકાર અદ્‌ભુત પ્રકારનાં છે.

એક ઓવી દંતકથા છે કે મનુષ્ય, બળદ, કૂતરો અને ઘુવડ-એ ચારેયને ઈશ્વરે ચાલીશ-ચાલીશ વર્ષનું આયુષ્ય આપ્યું. પરંતુ મનુષ્ય સિવાય બધાએ એમ કહ્યું કે આટલું લાંબુ આયુષ્ય શું કામનું? મનુષ્યે તક ઝડપીને કહ્યું કે 'મારા પર દયા કરીને તેમનું વધારાનું આયુષ્ય મને આપો પ્રભુ.' ભગવાને તે કબૂલ્યું અને દરેકનું ૨૦-૨૦

વર્ષનું આયુષ્ય ઓછું કરીને તે મનુષ્યને આપ્યું. આ કારણે, માણસ ૪૦થી ૬૦ વર્ષ સુધી બળદ જેવો હોય છે–તેને બીજાનો ભાર વહન કરવો પડે છે. ૬૦થી ૮૦ વર્ષ કૂતરા જેવો તે હોય છે. બધા તેને હડે-હડે કરતા હોય છે અને ૮૦થી ૧૦૦ સુધી માણસ ધુવડ જેવો હોય છે-તેની ઊંધ હરામ થઈ જાય છે, આંખે દેખાતું બંધ થાય છે.

જ્યારે દેવજીબાપાનું જીવન પરમ સૌભાગ્યવંતુ ગણાય. આ ઉંમરે પણ તેઓ ઘણું ચાલે છે, સાંભળી શકે છે અને જોઈ શકે છે. તેમની સ્મૃતિ પણ સારી છે. તેઓ તંદુરસ્તીભર્યું વધારે દીર્ઘ આયુષ્ય પામે એવી મારી પ્રાર્થના છે.

રશિયાના "આઝર બૈજાન" પ્રાન્તમાં આજે પણ ૩૦૦૦ માણસો ૧૦૦વર્ષથી ઉપરની ઉંમરના છે. એક દાખલો ૧૮૨ વર્ષનો પણ છે.

એવા દાખલાઓ પણ સાંભળ્યા છે કે ૧૦૦ વર્ષ પછી બાળપણ ચાલુ થાય- નવા દાંતકૂ ટે–વાળ ઊગે–ધોળા વાળ કાળા થાય. આંખોનું તેજ વધે-નવું જીવન પ્રાપ્ત થાય.

દેવજીબાપા પણ આવું નવજીવન પ્રાપ્ત કરે અને લાંબુ આયુષ્ય ભોગવી અન્યજનોને પ્રેરણા આપતા રહે એવી પ્રાર્થના.

દેવજીબાપાના આશીર્વાદ અને શુભેચ્છા આપણને મળે તે આપણું પરમ સૌભાગ્ય ગણાય. આજે આશીર્વાદ આપનાર મોટી વયના વડીલો પણ બહું ઓછા મળે છે."

અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે કે શ્રી દેવજીબાપાના સુપુત્ર શ્રી શાન્તિલાલ દેવજી નન્દુએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી તરીકે ૧૯૫૫-૫૬માં બે વર્ષ સેવા આપેલી અને શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયના મંત્રી તરીકે છેલ્લા આઠ વર્ષથી હાલ સેવા આપી રહ્યા છે. અને સંઘની કાર્યવાહક સમિતિના પણ છેલ્લા ૨૮ વર્ષથી સભ્ય છે. આ રીતે સેવાક્ષેત્રે પણ તેમનું સારું પ્રદાન છે.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

ફીઝીયોથરાપી શું છે?

એક વિજ્ઞાન તરીકે ફીઝીયોથરાપી પ્રમાણમાં નવીન હોવા છતાં દર્દીઓને તેમની પૂર્વવત્ સ્થિતિ પર પાછા લાવવાને લગતી વૈદ્યકીય વિદ્યા તરીકે તેની અગત્ય પુરવાર થઈ ચૂકી છે. હલનચલન રૂંધાયેલું હોય એવા કિસ્સાઓમાં એ જરૂરી હોવા છતાં હલનચલન પ્રવૃત્તિ ફરીથી પૂર્વવત્ થાય તે માટે દર્દીનો પોતાનો સહકાર કેટલો પ્રાપ્ત થાય છે તે ખૂબ જ અગત્યનું બની રહે છે, આ કારણે ફીઝીયોથરાપીસ્ટે અમુક અંશે મનોવૈજ્ઞાનિક પણ બનવું પડે છે જેથી તે દર્દીને પોતાના કાર્યક્રમમાં રસ લેતો કરીને પ્રોત્સાહિત કરી શકે. આ વિષયમાં શ્રી હરકિસનદાસ નરોત્તમદાસ હોસ્પિટલના મુખ્ય ફીઝીયોથરાપીસ્ટ શ્રી નન્દુ છાબિયા સાથેની શ્રી જ્યોત્સના શેઠની પ્રશ્નોત્તરી કે જે તે હોસ્પિટલના મુખપત્ર 'ECHENECH'ના જુલાઈ '૮૧ના અંકમાં પ્રસિદ્ધ થઈ હતી તેમાંના અમુક મુદ્દા પ્રબુદ્ધ જીવનના વાંચકોને માટે રસપ્રદ બનશે એમ માની સાભાર ઉધૃત કરીએ છીએ:

ફીઝીયોથરાપી માટેની સહુ પ્રથમ સંસ્થા સ્વીડનના પેર હેનરી લીંગે ૧૮૧૩માં સ્ટોકહોમમાં શરૂ કરી હતી. સ્વીટઝરલેન્ડના ડો. એચ. ઓસ. ફ્રેન્કમે ૧૮૮૯માં જર્મનીમાં જ્ઞાનતંતુ વિભાગમાં એક નિબંધ રજૂ કરીને એ વિદ્યાને આગળ વધારી અને ડો. રોબર્ટ લોવેર નામના ઓર્થોપેડીક સર્જનને લકવા થયેલા સ્નાયુઓની ચકાસણી માટે 'ગ્રેવીટી ટેસ્ટ' યોજી, કે જે દુનિયાભરમાં હજુ આજે ય એટલી જ પ્રચલિત છે. આમ છતાં, આ વિદ્યાએ ખાસ ગતિ પકડી બીજા વિશ્વયુદ્ધ પછી, અને તેમાં ય છેલ્લા દસકામાં તો તેણે ઘણી ઘણી હરણફાળો ભરી છે. જો કે એ એક દુઃખદ હકીકત છે કે હજુ આજે ય ઘણા દાકતરો અને ફીઝીયોથરાપીસ્ટો છેલ્લામાં છેલ્લી શોધોથી વાકેફ ન રહેવાને કારણે જૂની પદ્ધતિઓ અજમાવતા હોય છે.

એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ મુજબ સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમોમાં જેમની સહુથી વધુ માગ છે એવા પહેલા દસમાં ફીઝીયોથરાપી પણ આવી જાય છે. શારીરિક ખોડખાંપણના [Orthopaedic] તેમ જ જ્ઞાનતંત્રની ગેરવ્યવસ્થાને લગતા [Neurological] લગભગ બધા કિસ્સાઓમાં ફીઝીયોથરાપી મદદરૂપ બની રહે છે. ફીઝીયોથરાપીની મદદથી વધુમાં વધુ ફાયદો મેળવવાનો હેતુ હોવા છતાં એ ખૂબ જ અગત્યનું છે કે દર્દી પોતાની સ્થિતિની વાસ્તવિકતાનો માનસિક સ્વીકાર કરે અને બહારની મદદ પરનું અવલંબન ઓછામાં ઓછું કરવા શક્ય સર્વ કાંઈ કરી છૂટે. કોઈ કોઈ કિસ્સામાં દર્દીની આજુબાજુનું વાતાવરણ તેને આમ કરવામાં બાધક બનતું હોય છે અને એ સમયે એક માત્ર ઉપાય તરીકે એ વાતાવરણને દર્દીની જરૂરિયાત મુજબ બદલવાનું અનિવાર્ય બની રહે છે. બીજી બાજુ, ફીઝીયોથરાપીસ્ટે પોતે પણ વાસ્તવવાદી વલણ અપનાવતા રહેવાનું હોય છે અને બાધક તત્ત્વોના નિવારણ માટે જરૂરી સાધનો, જેમ કે આંશિક રીતે પંગુ હોય તેમના માટે પૈડાંવાળી ખુરસી, ત્રણ પૈડાંની સાઈકલ, જરૂરી ફેરફારવાળી સ્કૂ ટર–રિક્ષા તો વળી વધારે પંગુ વ્યક્તિ માટે ઘરમાં રહી કરવાનાં કામ ઈત્યાદિ યોજતા રહેવું પડે છે.

સમજવા જેવી એક વાત એ પણ છે કે કોઈ કોઈ કિસ્સા ખરેખર મુશ્કેલ હોય છે અને ત્યારે દર્દી, તેના કુટુંબીજનો, દાકતર અને ફીઝીયોથરાપીસ્ટ એ સહુએ સમાન સ્તરે વિચારી દર્દીની ખોડમાંથી પંગુતા ઓછામાં ઓછી કેમ થાય તે માટે એક સાંકળની જેમ આગળ વધવાનું હોય છે. જ્યાં જ્યાં આ શક્ય બને છે ત્યાં ત્યાં દર્દીને આત્મનિર્ભર કરવાનું અશક્યવત્ કામ પણ શક્ય બની જાય છે, એ જોવા આપણે થોડા કિસ્સાઓ જોઈ જઈએ. ૧૭ વર્ષની એક નૃત્યાંગના પરીક્ષા આપીને ઘરે આવે છે અને બીજા દિવસે એના નૃત્યનો કાર્યક્રમ હોય છે. તેના ઉત્સાહમાં વધુપડતો પરિશ્રમ કરી બેસે છે અને પરિણામે 'વાયરસ માયલાઈટીસ'નો ભોગ બને છે, જે આજે સારવાર બાદ એક મોટી કંપનીની મેનેજિંગ ડાયરેકટર છે અને થોડા ફેરફાર સાથેની મોટર પોતે ચલાવે છે. એક બાળક કે જે પગ (ઇત્યાદિ શરીરના નીચલા ભાગો) વિના જ જન્મેલો તે સફળ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનીને પોતાના લાકડાના પગો પર આવનજાવન કરે છે. ગામડાંમાં રહેતો એક લકવાનો દર્દી ફરી પાછો પોતાના બળદગાડામાં હરતો ફરતો થઈ ગયો છે. એક છોકરી કે જેને પાણીમાં કૂદવા જતાં ફ્રેકચર અને પરિણામે આખા અંગે લકવા થયેલો, તે આજે એક યુવાન લશ્કરી અધિકારીને પરણીને એક નંદુરસ્ત બાળકીની માતા બની ચૂકી છે.

ભારતની અખંગ વ્યક્તિઓ ભલે, તેમની શ્રદ્ધા ઈશ્વરમાં રાખે પણ તેમનું ભવિષ્ય સુધારવા માટે તેમની મુશ્કેલીઓ અને કૂ ટ પ્રશ્નો દૂર કરવા માટે આ વ્યક્તિઓએ પુનર્વસન કરનારા થેરેપીસ્ટો પર જ વિશ્વાસ રાખવો રહ્યો.

સાર – અનુવાદ : અશોક એન. શાહ

વાર્ષિક સામાન્ય સભા

☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૯ ઓકટોબરના રોજ બોલાવવામાં આવી હતી તે સંજોગોવશાત્ મુલ્તવી રાખવાની ફરજ પડી હતી. તે સભા, સભ્યોને અગાઉ મોકલવામાં આવેલા પરિપત્રના એજંડા પ્રમાણેના કામો માટે હવે, શનિવાર, તા. ૭ નવેમ્બર ૧૯૮૧ના રોજ સાંજના ૫ વાગે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે.

સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ

કે. પી. શાહ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

અમે વિમાન 'હાઈજેક' કરી જઈએ છીએ...

મૂળ લેખક : જોસેફ અનુ.: રંભાબેન ગાંધી

વિમાન ઉપાડી જવાની વાતો આપણે અવારનવાર વાંચીએ છીએ, પરંતુ તેમાં બેસનારની પાઈલટ, કો–પાઈલટ, એરહોસ્ટેસ વગેરેની શી દશા થાય છે તેનો પૂરો ખ્યાલ આપણને હોતો નથી.

જોસેફે સત્યઘટના લખી છે, તેનો સારાંશ જ આપવા મેં પ્રયત્ન કર્યો છે.

દક્ષિણ અમેરિકી ફ્લાઈટ નંબર ૪૯, તેની એરહોસ્ટેસ ડોના, કેપ્ટન વિલિયમ હાસ, કો-પાઈલેટ બ્રીલી, પ્લેઈન બર્મિંગહામ આલ્બામાંથી ઉપાડ્યું પહેલું ઊતરાણ, મોન્ટેગોમરી હતું ને બીજું મિયામી હતું.

એમાં ત્રણ માણસો ચડી ગયા, ત્રણેયના હાથમાં ગન. પ્લેઈન ઉપડ્યા પછી જ્યારે એર-હોસ્ટેસ ચા-પાણી આપી રહી હતી ત્યારે એને પકડી, સીધી જ પાઈલટની કેબિનમાં ખેંચી ગયો. પાઈલોટે જોયું તો હાથમાં કોફીનો કપ, ને મોં ધોળી પૂણી જેવું, પાછળ ઊભેલ માણસ અને એના હાથમાં ગન. હોશિયાર પાઈલટ સમજી ગયો, સમયસૂચકતા વાપરી શાંત રહ્યો. પેલો ગર્જી ઊઠ્યો કે જો કોઈએ આમારા હુકમનો અનાદર કર્યો છે તો આમાંથી કોઈ જીવતું રહેવાનું નથી. એર હોસ્ટેસને પકડીને કોકપીટમાં લઈ જનારનું નામ જેક્સન, એનો સાગ્રીત મુર વચમાં ગન લઈને ઊભો હતો અને ત્રીજો સાગરીત મેલ્વીન છેવાડે ઊભો હતો.

પાઈલટ સમજી ગયો. વાત ગંભીર છે, એણે કહ્યું, તું જેમ કહીશ તેમજ કરીશું, પણ તું આને છોડી દે અને કોઈ મુસાફરોને ઈજા કરતો નહિ.

મુસાફરોમાં આ વાત જાણીને ગભરાટ ફેલાયો, કોઈ રડવા લાગ્યું, કોઈ ઈશ્વરને યાદ કરવા લાગ્યું. એક માતા એના બાળકને હિંમત આપવા લાગી. દમનો દરદી શ્વાસ ન લઈ શકતા ખાંસવા લાગ્યો. કોઈને ઘરની યાદ આવી, કોઈને પત્નીની, બાળકની કે મા-બાપની. સૌને થયું કે હવે તો માથે મોત જ ભમે છે.

જેક્સને પાઈલટને હુકમ કર્યો, પ્લેઈનને ડેટ્રોઈટ લઈ જા, આમારે ત્યાંથી દસ મીલિયન ડોલર્સ (લગભગ આઠ કરોડ રૂપિયા) લેવાના છે, જો એ નહિ મળે તો આમાંથી એક પણ વ્યકિત જીવતી રહેશે નહિ. હાસે (કેપ્ટન) કહ્યું ડેટ્રોઈટ લઈ જાઉં, પરંતુ ત્યાં પહોંચવા માટે વચમાંથી બળતણ લેવું પડશે.

લઈ લે બળતણ, પણ ધ્યાન રહે કે બળતણ લાવનાર સિવાય બીજું કોઈ નજીક આવે નહિ અને બળતણ લાવનાર પણ ફકત ગંજી અને ચડી પહેરીને જ આવે જેથી કોઈ જાતનું હથિયાર છુપાવી શકે નહિ.

મીસીસીપીમાં બળતણ લીધું તે દરમિયાન પેલો હાસના કાન પાસે જ રિવોલ્વર ધરીને ઊભો હતો. બળતણ લઈને ડેટ્રોઈટ પહોંચ્યા અને એના કહેવા પ્રમાણે રેડિયો પરથી ત્યાંના મેયરને સંદેશો પાઠવ્યો કે હમણાંને હમણાં આઠ કરોડ રૂપિયા પહોંચતા કરો.

સામેથી જવાબ મળ્યો કે આટલી મોટી રકમ કેમ જલદી ભેગી કરવી ! ઉપરાંત આ ગામમાંથી જ માગણી શા માટે કરે છે? પ્લેઈનમાંથી જવાબ મોકલ્યો કે ૨૫ વર્ષનો જેક્સન અને ૨૭ વર્ષનો મુર એ બેના કેસો આ ગામમાં જ ચાલેલા, એ જેલમાંથી ભાગી છૂટયા છે અને એમને સજા આ ગામે જ કરી છે, માટે આ ગામે એમને એટલો દંડ ભરવો જ જોઈએ.

લગભગ બે કલાક એ જ શહેરની ઉપર પ્લેઈન ઘુમાવ્યા જ કર્યું. અંતે સંદેશો મળ્યો કે પૈસા એકઠા કરવામાં આવી રહ્યા છે પણ સમય તો થશે જ.

ત્યાંથી પાછું બળતણ ખૂટયું, એ લેવા ક્લીવલેન્ડ ઉતરાણ કર્યું. ત્યાં બળતણ ભર્યું પછી જેક્સને હુકમ કર્યો કે હવે પ્લેઈનને ટોરેન્ટો લઈ જા અને પેલા મેયરને સંદેશો પહોંચાડ કે આમને પૈસા ત્યાં જ મોકલે.

જેમ જેમ બળતણ લેવા ઊતરાણ વધતા જતા હતા તેમ તેમ પેલા ત્રણેયના મિજાજનો પારો ઉપર ચડતો જતો હતો અને સાથે જ મુસાફરોનો ગભરાટ વધતો જતો હતો.

ટોરેન્ટો પહોંચ્યા ત્યાં રૂપિયા મોકલવામાં આવ્યા. પેલાએ જોયા અને કહ્યું કે અમે માગ્યા તેટલા નથી, ઓછા છે, એટલા નહિ ચાલે, માગ્યા છે તેટલા જ મોકલે નહિ તો ... અને નહિ તો પછીની ધમકી તો હતી જ, સૌના મોત. ફરી સંદેશો મોકલાયો કે માગ્યા છે તેટલા જ બધા જ નાણાં મોકલો. જો હવે જરા પણ ચાલાકી કરી છે તો અમે આ પ્લેઈન ઓકરી ઉપર જ લઈ જઈશું. (એટલે કે જ્યાં ત્રણ એટોમિક એનર્જી કમિશન ઈનસ્ટોલમેન્ટ છે ત્યાં.)

પ્લેઈન ચક્કરાવો લઈ રહ્યું હતું, હરપળે ભય વધતો જતો હતો, તે વખતે એટોમિક એનર્જી કમિશને એના ત્રણ ન્યુકલીચર રિસર્ચ રીએકટર બંધ કરી દીધા અને ખાસ માણસો સિવાય બીજા બધાને રજા આપી દીધી.

અંદરના ત્રણ તો મોતને માથે લઈને ભમતા હતા. કદાચ ધમકી ખરી પાડે અને પ્લેઈન રિએકટર પર જ અથડાવે તો–અને કલ્પના પણ ધ્રુજાવી મૂકે તેવી હતી.

પાઈલટના ખૂબ સમજાવ્યા પછી પેલાએ કહ્યું, ભલે તારી ઈચ્છા પ્રમાણે બાર વાગ્યા સુધી રાહ જોઈશું. જો તે સમયમાં બધા જ પૈસા આવી નહિ જાય તો રીએકટર પર જ પ્લેઈનને અથડાવીશું તે નક્કી છે, કહીને પાયલટને હુકમ કર્યો કે પ્લેઈન તું ત્યાં જ લઈ જા.

હાસે કહ્યું ધુમ્મસ બહુ છે, ઉપરાંત રીએકટર કયાં છે તે પણ હું જાણતો નથી, ઉપરાંત ખૂબ સમજાવીને કહ્યું, તારે તો પૈસા સાથે કામ છે ને? એ તને મળી જશે, પછી શું છે !

ઠીક છે. તારી વાત માનું છું, પણ જો પૈસા સમયસર નથી મળ્યા તો મારી યોજના પ્રમાણે જ કરીશ અને હા કહી દે કે પૈસા લાવે. તે સાથે બુલેટ પ્રુફ (જેમાં ગોળી ન જાય) કપડાં લાવે, ટોપા લાવે. નીચેથી સંદેશો મળ્યો કે એમની માંગણી મંજૂર રાખે છે. ટેનીસી એરપોર્ટ પર પૈસા પહોંચાડવામાં આવશે, તે પ્રમાણે પૂરા પૈસા એમને મળી ગયા એટલે પાઈલટે કહ્યું કે હવે તમારે ઊતરી જવું જોઈએ અને અમને મુકત કરી દેવા જોઈએ.

કદાચ એમ કરત, પરંતુ નીચે માણસોના ટોળાં જોયાં કે જેક્સને બૂમ મારી, બારીના પડદા બધા નીચે કરી દો. બે પગ વચ્ચે માથા ખોસી દો ને જો કોઈ એક પણ હરફ ઉચ્ચારશે કે અવાજ કરશે તો જીવનો જશે.

પાયલટને હુકમ કર્યો, ઉપાડ જલદી પ્લેઈન. ઉપાડવું જ પડ્યું. દરમિયાન એમણે એ કપડાં પહેરી લીધા, ટોપા પહેરી લીધા અને નાણાંના કોથળા જોઈને ખુશ થતાં બોલી ઊઠ્યા, હવે તો અમે કરોડાધીપતિ થઈ ગયા.

હવાના ઊતરવાનો વિચાર હતો. ઊતરતી વખતે એક હાથમાં ગન હતી, બીજા હાથમાં ગ્રેનેડ. બારીમાંથી જોયું તો પોલીસ દેખાણી અને ઉતરવાને બદલે ફરી અંદર ભરાઈ ગયા ને પાઈલોટને હુકમ કર્યો, ઉપાડ પ્લેઈન અહીંથી અને લઈ જા ફ્લોરિડા.

કેટલીવાર બળતણ લીધું, કેટલીવાર પ્લેઈનના ઊતરાણ કરાવ્યા અને એ બધું રીવોલ્વરના ભયે. પાઈલોટની શી દશા થઈ હશે

તે કલ્પી શકો છો? ધરતી પર કાર ચલાવતા સામે બીજી કાર આવે એને રસ્તો દેતા પણ આપણે ગભરાઈને અકસ્માત કરી દઈએ છીએ ત્યારે આ તો એટલે ઊંચે ઉડ્યન, અને સામે જ મોતનો ભય, સાથે જ ફરજનું ભાન અને મુસાફરોના જીવની ચિંતા ...

આમ પ્લેઈન નવી નવી જગ્યાએ ઊતરાણ કરી રહ્યું હતું, બળતણ લેવાઈ રહ્યું હતું, દરમિયાન નીચે નિર્ણય લેવાઈ ગયો હતો. અમુક જગ્યાએ બળતણ લેવા પ્લેઈન ઊતરે છે તે જાણ્યું અને તેમાં તેલ ભરવાનું હતું ત્યારે પાછળ પંદર જેટલા એજન્ટો અંધારામાં છુપાયેલા હતા, પ્લેઈન આવતા તે છપી રીતે પ્લેઈનની નીચે ગયા, એમણે ટાયરને વીંધી નાંખ્યા. ટાયર વીંધાવાનો અવાજ પેલાને સંભળાયો, જેકસન ગર્જ્યો ઊઠ્યો, મુરે કાબુ ગુમાવી દીધો ને ગોળી ચલાવી દીધી. કો-પાઈલટને ઘાયલ કરી જ દીધો, બીજાના હાથની પાસેથી ગોળી એની આંગળીઓ વીંધીને ચાલી ગઈ ...

જેકસને હુકમ કર્યો, અહીંથી જલ્દી પ્લેઈન ઉપાડ,
પણ કેમ ઉપાડું ટાયર ફાડી નાંખ્યા છે.

ગમે તે રીતે ઉપાડ, બોલ ઉપાડે છે કે બધાને ગોળીએ દઉં. શું કરે બિચારો, પ્લેઈન ઉપાડ્યું ત્યારે હજુ બેચાર એજન્ટો ટાયરને નુકસાન કરી રહ્યા હતાં, તેમાંનો એક ઘવાયો અને બે તો લગભગ ૪૫ મીટર દૂર ફેંકાઈ ગયા.

પ્લેઈન ઉપાડ્યું. ટાયરમાંથી રબ્બર ઉડ્યાં, આગના તણખા ઝર્યા. અંદર બેઠેલાના જીવ તાળવે ચોંટ્યા. થયું કે હવે સારી રીતે પ્લેઈન નીચે ઊતરી શકે તેવી કોઈ જ શકયતા નથી. એનો અર્થ સૌને માટે મૃત્યુ જ.

એરકન્ડીશન બંધ કર્યું. લાલ બત્તી દેખાડી. મુસાફરો સમજી ગયા કે હવે તો મોત જ.

ઊતરાણ કરવું જ પડે એમ હતું ત્યાં સંદેશો પાઠવ્યો કે કેમિકલ ફોમ રન વે પર પાથરો, જેથી પ્લેઈન ઊતરે ત્યારે આગ લાગતી અટકે, પેલાએ કહ્યું, એટલા ફોમ અમારી પાસે નથી. ભેગા કરીએ ત્યાં સુધી ઉપર ચક્કર મારીને બળતણ પૂરું કરી નાંખો.

નીચે ફોમની તૈયારી ચાલી, પ્લેઈનમાં એરહોસ્ટેસ મુસાફરોને સૂચના આપવા લાગી કે ગભરાતા નહિ, ઢીંચણ પર ઓશીકું મુકજો, એની ઉપર માથું મૂકજો. પ્લેઈન અટકે ત્યાં સુધી ઈશ્વરની પ્રાર્થના કરતા એમ જ બેસી રહેજો ને પ્લેઈન અટકે કે ઈમર્જન્સી બારણેથી નીકળવા લાગજો.

બળતણ બળી ગયું. પેલા ત્રણે યે એમના હથિયાર લીધા. નાણાંના કોથળા લીધા ને બારણા આગળ જઈને ઊભા રહ્યા. પ્લેઈન નીચે ઉતર્યું, બે પૈંડાં રન-વે પર જોરથી અથડાયા, તણખા ઝર્યા, પ્લેઈન જોરથી ઉછળ્યું,બારીઓ ધણધણી ઊઠી, કેબિનની દીવાલમાં તીરાડ પડી, પ્લેઈન અટકયું ને એની અંડરકેરેજ ધુમાડાના ગોટાથી ભરાઈ ગઈ.

નવથી દસ વખત ઊતરાણ કરીને ૩૦ કલાકથી વધુ સમય ઉડ્યન કરીને, મોતની સામે યુદ્ધ કરીને, ફલાઈટ નંબર ૪૯ આખરે અટકી. મુસાફરો માનસિક રીતે ખળભળી ઊઠયા હતા પરંતુ સદ્‌ભાગ્યે શારીરિક ઈજા કોઈને થઈ નહોતી. કો-પાઈલોટને હોસ્પિટલમાં મોકલ્યો. સદ્‌ભાગ્યે બહુ ઈજા થઈ નહોતી. મુસાફરોને જોઈતી સારવાર આપીને એમને સ્થાને પહોંચતા કર્યા અને પાઈલટને સૌએ શાબાશી આપી.

તમને કદાચ પ્રશ્ન થશે કે પેલા ત્રણનું શું થયું, રૂપિયાના કોથળા સાથે ભાગી શકયા? તો જવાબ છે ના, એ ત્રણે પકડાઈ ગયા ને આજે એ ક્યુબાની જેલમાં છે.

ત્રણ વિધાયક પરિબળો

[] નેમચંદ એમ. ગાલા

ઘણા વિવાદ, સંશોધન અને સર્વેક્ષણને અંતે વૈજ્ઞાનિકોએ તારવ્યું છે કે માનવીના જન્મથી શરૂ થતી વિકાસ-પ્રક્રિયા અને ક્ષમતાના આવિષ્કારમાં ઉછેર (Breeding) તેમ જ એને આનુશંગિક વાતાવરણ (Environment)નાં પરિબળો અને વારસાગત જીન થકી કાર્યાન્વિત વૃત્તિઓ (Genetic Traitts (બેઉ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આમાં ત્રીજું તત્ત્વ પણ ઉમેરાયું છે: માનવીની પોતાની ઈચ્છાશકિત અને પુરુષાર્થ...!

દરેક માનવીની પ્રતિભા-વિકાસની આગેકૂચમાં ચરમસીમા... ટોચ પણ આવે છે.

કઈ ઉંમરમાં માતા કે પિતાને કેવી બૌદ્ધિક કક્ષાનાં સંતાનો જન્મે, તેનું સર્વેક્ષણ સોવિયેત દેશના તેમ જ અન્ય વૈજ્ઞાનિકોએ કરેલું છે અને યુનાઈટેડ નેશન્સે પ્રગટ કરેલી 'ડેમોગ્રાફિક ઈયર બુક'માં એમનાં તારણો પ્રગટ કરવામાં આવ્યા છે.

સર્વેક્ષણમાં એવું પ્રતિપાદન થયું છે કે સાંપ્રત સમાજજીવનમાં ૭૦% સંતાનો એમનાં પિતાની વય ૩૫ વર્ષની અંદર હોય છે, ત્યારે જન્મે છે... અને સર્વસામાન્ય રીતે પ્રચલિત પિતાની ઉંમર ૨૭ અને માતાની ૨૬ હોય છે.

આ સર્વેક્ષણ પશ્ચિમના દેશોમાં કરવામાં આવ્યું છે એટલે વયની બાબતમાં આ આંકડાઓ ભારતને લાગુ ન પાડી શકાય... પણ તેથી મૂળભૂત તથ્યોમાં બહુ ફરક નથી પડતો.

જુદા જુદા ક્ષેત્ર, જેવાં કે વિજ્ઞાન, ઈજનેરી વિદ્યા, સાહિત્ય, ચિત્રકલા, સંગીત, વગેરેમાં અપ્રતિમ બુદ્ધિપ્રતિભા અને પ્રાવીણ્ય દાખવનાર હજારો લોકોનાં સર્વેક્ષણમાં એક જુદી જ બાબત બહાર આવી... ઈતિહાસમાં છાપ પાડી જનાર મહાન વિભૂતિઓના કિસ્સાઓમાં તેમનાં જન્મ સમયે પિતાની વય સર્વસામાન્ય પ્રચલિત વય કરતાં દસ વર્ષ મોટી હતી... ૪૧ ટકા કિસ્સાઓમાં પિતાની વય ૩૦ થી ૪૦ વચ્ચેની હતી... અને ૨૭ ટકામાં પિતાની વય ૪૦ થી ૫૦ની વચ્ચે હતી...

પરંતુ આશ્ચર્યજનક રીતે માતાની વયમાં નોંધપાત્ર ફેરફાર ન જણાયો...

જ્યાં મોટા ભાગના કિસ્સાઓમાં પિતાની સરેરાશ ઉંમર, ઉપર જણાવ્યા પ્રમાણે ૨૭ હોય, ત્યાં આ તારણ કુતૂહલ પેદા કરે એવું છે.

સૃષ્ટિની કેટલીક વિભૂતિઓનું સર્વેક્ષણ આ પ્રમાણે છે:

	જન્મ સમયે પિતાની વય	જન્મ સમયે માતાની વય
(૧) લીયાનાર્ડો વીન્સી	૨૫	૨૨
(૨) આલ્બર્ટ આઈન્સ્ટાઈન	૩૨	૨૧
(૩) બીથોવન	૩૨	૨૨
(૪) માર્ક ટેવઈન	૩૬	૩૨
(૫) ઈવાન જોલીઓ ક્યુરી	૩૮	૩૦
(૬) ગેટે	૩૯	૧૭
(૭) પિત્ર ટકાઈકોવસ્કી	૪૫	૨૭
(૮) બર્નાડ શૉ	૪૫	૨૮
(૯) કન્ફ્યુશીઅસ	૭૦	૧૬

એટલે કે ૩૬ થી ૪૦ વચ્ચેની વયનાં પિતાઓએ મેધાવી

સંતાનોને જન્મ આપ્યો છે... આ માત્ર આકસ્મિક યોગાનુયોગ ન હોઈ શકે...

પ્રાચીન ગ્રીસમાં, સોવિયેત વૈજ્ઞાનિકોમાં તેમ જ સર્વસામાન્ય રીતે જો મૂલ્યાંકન કરો તો ૪૦ વર્ષની ઉંમરે માનવી ટોચ પર હોય, હોઈ શકે એ સંભવિત છે. વિચારોની પરિપક્વતા, સામર્થ્ય, અનુભવ, શાણપણ વગેરે લક્ષમાં લેતાં માનવીની સીડીની ચરમ સીમા ચાળીસ-પિસ્તાળીસની આસપાસ સર્વસાધારણ રીતે આવી શકે.

હવે પ્રશ્ન એ થાય છે કે પિતાની જ વય કેમ મહત્ત્વનો ભાગ ભજવે છે, માતાની વય કેમ નહિ....?

સોવિયેત વિજ્ઞાની વાલ્ડામીર ગેડોકયાને આ પ્રશ્નનો ખુલાસો આપતાં એવી ધારણા રજૂ કરી છે કે સંતાન "Operative Memory"નું યોગદાન પિતા તરફથી અને "Permanent Memory"નું યોગદાન માતા તરફથી મળે છે... બીજા શબ્દોમાં કહીએ તો પરિવર્તાતા સંજોગો અને પ્રવાહોને અનુરૂપ-અનુકૂળ થવાન સ્થિતિસ્થાપક ક્ષમતા સંતાનને પિતા તરફથી પ્રાપ્ત થાય છે. જ્યારે વારસા પરંપરાગત માતાનાં વડવાઓમાંથી ઊતરી આવેલાં Genotype ગુણો, સંતાનનાં ઘડતરનાં પાયારૂપ ભાગ ભજવે છે અને આ સચવાયેલી સંપત્તિનાં આધારે ભવિષ્યની સંભવિત પ્રતિભા, બુદ્ધિકૌશલ્ય વગેરે વિકસાવવાની તક રહેલી હોય છે.

કુદરતે અહીં પણ પોતાનું સંતુલન જાળવ્યું છે અને ન્યાયપૂર્ણ આચરણ કર્યું છે. માતા ભૂતકાળમાંથી સંતાનને ભેટ ધરે છે... પિતા વર્તમાનમાંથી સંતાનને વિવિધ ક્ષમતાઓ બક્ષે છે...!

આ વાતો વિધિગત થઈ... પછી આવે છે ઉછેરની વાત. વૈજ્ઞાનિકોનું માનવું છે કે પિતાની વિકાસ-પ્રતિભાનો સુવર્ણકાળ સંતાનના સર્વાંગી-સર્વલક્ષી ઉછેર માટે ખૂબ સાનુકૂળ નીવડે છે.

એક ૧૮ કે ૨૦ વર્ષનો યુવક સંતાનનો પિતા થાય અને તેના સંતાનો જો ઉછેર પામે, એનાં કરતાં ૩૫ કે ૪૦ વર્ષની ઉંમરે પિતા થનાર વ્યકિતનાં સંતાનો વધુ સારો, સમુચિત ઉછેર પામે, એ વાત નિર્વિવાદ છે.

ઘરનું શાંત હુંફાળું વાતાવરણ, માતા-પિતાનું સુખી અને સ્વસ્થ દાંપત્યજીવન સંતાનના સમતોલ ઉછેર માટે મૂલ્યવાન ખાતરની ગરજ સારે છે.

પરંતુ સામે પક્ષે અચંબાભરી વિધિની વક્રતા એ છે કે જો બાળકે નાનપણમાં સંઘર્ષનો સામનો કર્યો હોય, કઠોર જીવનસંગ્રામ ખેલ્યો હોય અને ભાંગી પડવાને બદલે પોતાનાં પુરુષાર્થથી અડગપણે સામનો કરી પાર ઉતરી ગયો હોય, તો તે સંઘર્ષમાં તેને વારસાગત મળેલી જેનેટીક ક્ષમતાઓ સુષુપ્ત અવસ્થામાંથી જાગી ઊઠે છે. પડકારનો સામનો કરે છે અને ગૂંચળું વળી પડેલી સામર્થ્યવાન શકિતઓ તેજ-પ્રવાહો પૂર્ણ-રૂપે અભિવ્યકત થાય છે.

જેમ કોઈ જબરદસ્ત ધક્કો સ્વીચ ચાલુ કરવાનું કામ કરે છે. અને વીજળીનો પ્રવાહ શરૂ થતાં તોતીંગ યંત્ર કામ કરતું થઈ જાય છે તેવી રીતે બૌદ્ધિકપ્રતિભાને બહાર લાવવા એક ધક્કાની, ધૂનની, કોઈ ઉત્કટ કામના, અભિપ્સા, મહત્ત્વાકાંક્ષા કે અદમ્ય ઝંખનાની આવશ્યકતા હોય છે.

માતા પક્ષે પણ મોટી ઉંમરની માતા કરતાં યુવાન માતા સંતાન માટે વધુ અનુકૂળ હોય છે. કારણકે બાળકનું પિંડ માતાનાં ઉદરમાં બંધાય છે અને યુવાન માતાના પ્રજનન અવયવો વધુ સારી કામ-ગીરી બજાવી શકે છે.

સંઘર્ષનાં ખંડેરોમાંથી પણ મહાલયો સર્જાય છે અને પ્રતિભાઓ ખીલે છે. ચાર્લ્સડિકન્સે નાનપણમાં ખૂબ સંતાપ અનુભવ્યો... "ડેવિડ કોપરફિલ્ડ" નવલકથામાં એના બાળપણની યાતનાઓનું જ ચિત્રણ છે. રુડિયાર્ડ કિપ્લિંગને એનાં માતા-પિતાએ ભારતમાંથી બહાર એનાં કાકા-કાકી પાસે બ્રિટન મોકલાવી આપ્યો... બધી સુવિધા હોવા છતાં માતા-પિતાની હુંફનો અભાવ એને કોરી ખાતો હતો... એ હિજરાયા કરતો અને માત્ર પોતાનાં ભવ્ય પુરુષાર્થથી એણે વિકાસની ચરમસીમાને આંબી.

અહીં ઈચ્છાશકિત, વ્યકિતગત પુરુષાર્થ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવીને જ્યારે એવો બોધ થાય છે કે સંજોગોની ઉપરવટ-ન્એથી ઊંચે ઊડવાનું એનામાં કૌવત છે, ત્યારે એ સંજોગોની શૃંખલા-માંથી પોતાના સામર્થ્યથી બહાર નીકળી જાય છે.

માનવઈતિહાસમાં આવા સંખ્યાબંધ દાખલાઓ મળશે. નાન-પણમાં માંદગીનો ભોગ બનેલા કે અપંગ બનેલા માનવીઓ વ્યાયામ-વીર બન્યા છે અને વિવિધ ક્ષેત્રે વિક્રમો સ્થાપ્યા છે. તોતડા માનવીઓ ખ્યાતનામ વકતાઓ બન્યા છે. માનવી પોતાની ન્યૂનતાઓ પિછાણી બંને પાસાં સરખાં-સમતોલ કરવા ક્રિયાશીલ થાય તો ન્યૂનતાઓ અભિશાપને બદલે વરદાન પુરવાર થઈ શકે... ઠીંગણા, કદરૂપા માણસો સમ્રાટ બની શકયા છે. સૃષ્ટિને ધ્રુજાવી શકયા છે, તત્ત્વ-ચિન્તકો બની ગગન પર છવાઈ ગયા છે. સોક્રેટીસ કદરૂપો હતો. નાના પગ, મોટું પેટ, ચીબું નાક! જ્યુલીઅસ સીઝર, નેપોલિયન, લેનિન, બેન્જામીન ફ્રેન્કલીન, સિકંદર... બધા ઠીંગણા હતાં. એમની ઊંચાઈ ૪ ફૂટ ૧૧ ઈંચથી પાંચ ફૂટ ત્રણ ઈંચની વચ્ચે હતી. મહાન વિદુષી હેલન કેલર આંધ હતાં. મહાન સંગીતજ્ઞ બિથોવન બધિર હતો.

ન્યૂનતાઓ, ખોડખાંપણો, કુરૂપતાઓ, સંઘર્ષ, ઝંઝાવાત, સુષુપ્ત ઈશ્વરદત્ત પ્રતિભાને વંટોળિયાની જેમ જગાડી મૂકે છે. પ્રકૃતિદત્ત પાયા પર ભવ્ય ચણતર કરી શકાય છે.

એકધારું સુખસગવડભર્યું આરામી જીવન માણસને લાગણી-શૂન્ય, મિથ્યાભિમાની અને નિર્માલ્ય બનાવી દે છે. સુખસગવડો પણ વિકાસનાં પંથમાં અવરોધ બની જાય છે, એને પણ સમ્યક અને ઉપેક્ષાવૃત્તિથી નગણ્ય લેખી, ઓમાં અટવાયા વગર પાર ઊતર-વાનો ભગીરથ પુરુષાર્થ કરવો પડે છે.

વૃક્ષના વિકાસ માટે જેમ ચોમાસાની જરૂર હોય તેમ જ ઉના-ળાની પણ જરૂર રહે છે. પ્રકૃતિદત્ત જીન્સી ક્ષમતાઓ, વાતાવરણ, અને ઉછેર અને સંકલ્પશકિત-પુરુષાર્થ એ ત્રણે પરિબળો વ્યકિતની વિકાસ-પ્રક્રિયામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આલબત્ત, સર્વેક્ષણ અને આંકડાઓની માયાજાળ પર સંપૂર્ણ મદાર ન બાંધી શકાય. તેમ જ ભારતની દેશ-કાળ, ભાવ-દ્રવ્ય, ક્ષેત્ર, પરિસ્થિતિ વગેરે લક્ષમાં લેતાં પશ્ચિમી ધોરણો ભારતની પ્રજાને સર્વથા લાગુ ન પાડી શકાય, છતાં એક વાત તો નિશ્ચિતરૂપથી કહી શકાય કે શકયતાઓની તમામ ક્ષિતિજો સુધી વિકસિત પરિપકવ વ્યકિત જો ટોચનાં સમયે પિતા બને, તો ઉછેરની દક્ષતા, એનું સ્તર, તેમ જ સંતાનની પ્રતિભા ખીલવવા માટેના અનુકૂળ સંજોગો ઊભા થઈ શકે અને સંતાન માટે આશીર્વાદરૂપ પુરવાર થાય, એમાં કોઈ શંકા નથી... એથી જ કુદરતે બક્ષેલી તમામ શકયતાઓ, ક્ષમતાઓ ખૂબીઓને સૌએ કળાએ અભિવ્યકત કરી શકાય તેવું વાતાવરણ, ઉષ્મા, તાલીમ, ઈત્યાદિ પૂરાં પાડવાની દરેક માતા-પિતાની સંતાનો પ્રત્યે પવિત્ર ફરજ બની રહે છે.

લેંગ લાયબ્રેરી

રાજકોટનો ઉજ્જવલ સાંસ્કૃતિક વારસો

[] ડૉ. બળવંત જાની

રાજકોટ પાસે કોઈ રાજકીય કે ઐતિહાસિક વારસો ભલે ન હોય, પરંતુ એક પ્રકારનો ઉજ્જવલ સાંસ્કૃતિક વારસો આ શહેર પાસે છે અને તે છે અહીંની લેંગ લાયબ્રેરી. આ લાયબ્રેરી માત્ર લાયબ્રેરી જ ન રહેતાં એક વિદ્યાસંસ્થા જેવી અને જેટલી કાર્યરત રહી છે. એની, આજ લગીનો સવાસો વર્ષનો ઈતિહાસ તપાસતાં પ્રતીતિ થાય છે. જૈન સાહિત્ય અને પારસી સાહિત્ય તથા આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજકીય ઈતિહાસને લગતા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષાના ૬૦૦૦ જેટલા ગ્રંથોથી તથા જ્ઞાન-વિજ્ઞાનની અન્ય વિદ્યાશાખાઓને સ્પર્શતા કુલ મળીને ૬૦,૦૦૦ જેટલી ગ્રંથસમૃદ્ધિ આ લાયબ્રેરી ધરાવે છે.

૧૮૫૬માં ગુણગ્રાહક મંડળી નામે આરંભાઈને પછી વિદ્યાવિવર્ધક મંડળીમાંથી કાઠિયાવાડ જનરલ લાઈબ્રેરીમાં પરિણમ્યા બાદ 'લેંગ લાઈબ્રેરી'નું નામાભિધાન પ્રાપ્ત કરનાર આ ગ્રંથાલયની સવાશતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે તાજેતરમાં જ 'ભારતીય વિચારધારાના વિભિન્ન દૃષ્ટિકોણ' વિષયક જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન સુખ્યાત તત્ત્વચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કરેલું.

રાજકોટમાં પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગ સાહેબ હતા. તેઓ પરદેશી હોવા છતાં રાજકોટ પ્રત્યે અપાર મમતા અને ઊંડી લાગણી ધરાવતા. ફલસ્વરૂપે અહીં કન્યાશાળા લાયબ્રેરી જેવી સંસ્થાઓ તેઓએ ઊભી કરી. આમ લાયબ્રેરીના જનક એક અંગ્રેજ અમલદાર. આને એક ઐતિહાસિક ઘટના ગણીશું. આ અમલદારની કાયમી સ્મૃતિ લાયબ્રેરી સાથે તેમનું નામ જોડીને રાજકોટની પ્રજાએ રાખી છે તેમાં રાજકોટની પ્રજાનું ગુણપૂજક પાસું પ્રગટ થાય છે.

અત્યારે લાયબ્રેરી ભવ્ય રજવાડી બંગલામાં બેસે છે. ૬૦,૦૦૦થી પણ વધુ પુસ્તકો લાયબ્રેરી ધરાવે છે. અનેક સામયિકો, દૈનિકપત્રો રોજબરોજ સંસ્થામાં આવે છે, જેનો ચાર હજારથી વધુ સભ્યો અને વિશાળ જનસમુદાય લાભ લે છે. આમ, લેંગ લાયબ્રેરી એ રાજકોટનું એક વિદ્યાતીર્થ છે.

જૈન સાહિત્યના પુસ્તકોનું પ્રદર્શન અને બીજા પણ અનેક પ્રકારના પ્રસ્તુકોનું પ્રદર્શન પ્રસંગોપાત્ યોજીને પ્રજાની રુચિને કેળવવાનું એક સુંદર કાર્ય લાયબ્રેરી દ્વારા થઈ રહ્યું છે. ઉપરાંત સાહિત્યિક વાર્તાલાપો, જ્ઞાનગોષ્ઠીઓ, વકતૃત્વસ્પર્ધા, વાર્તામેળો વગેરે કાર્યક્રમો પણ સતત યોજાતા રહે છે, પરિણામે માત્ર વાંચન નહીં પણ સુંદર વકતાઓના શ્રવણપાન માટે પણ આ સંસ્થા રાજકોટનું એક સાંસ્કૃતિક કેન્દ્ર બની રહેલું છે.

મહેતાજી દુર્ગારામ, નવલરામ પંડ્યા, ડાહ્યાભાઈ દેરાસરી અને બ. ક. ઠાકોર જેવા સાક્ષરોએ પણ આ લાયબ્રેરીના વહીવટીસંચાલનમાં બહુ મોટો ભાગ ભજવ્યો છે. ઉપરાંત નિષ્ઠાવાન, કાર્યદક્ષ અને નિ:સ્વાર્થ સંચાલકો લાયબ્રેરીને પ્રાપ્ત થતા રહ્યા છે. ફલસ્વરૂપે લાયબ્રેરી સતત વિકસતી રહી છે.

હાલમાં પ્રમુખપદે જાણીતા ઉદ્યોગપતિ પદ્માકર મસુરેકર, ઉપપ્રમુખ તરીકે કાયદાશાસ્ત્રની કોલેજના આચાર્ય શ્રી યોગેશભાઈ મહેતા, માનદ્ મંત્રી શ્રી વિનુભાઈ દોશી તથા સહમંત્રી શ્રીરમણિકભાઈ પીઠડિયા અને પ્રવીણ રૂપાણી સતત સેવા આપી રહ્યા છે. સવાશતાબ્દીની પૂર્ણાહુતિ ૧૪- નવેમ્બરે ગુજરાત રાજ્યના ગવર્નર શ્રીમતી શારદાબહેન મુખર્જીની ઉપસ્થિતિમાં ઊજવાશે. આ પ્રસંગે એક સુવેનિયર 'નિરંતર' પ્રગટ થશે, જેમાં લાયબ્રેરીનો સવાસો વર્ષનો ઈતિહાસ છેલ્લા દોઢ સૌકા દરમિયાન રાજકોટના વિકાસમાં ફાળો આપનાર વ્યકિત, કુટુંબોનો પરિચય અને બીજી વિગતો આપવામાં આવશે.

આ રીતે રાજકોટના સાંસ્કૃતિક ઈતિહાસમાં લેંગ લાયબ્રેરીનું યોગદાન મહત્ત્વનું છે.

જીવનરસ

જીવનનો રસ મીઠો મીઠો,
જીવનનો રસ પીધો;
જ્યાં જ્યાં દીઠો,
ત્યાં ત્યાં પીધો,
પેટ ભરીને પીધો પીધો,
જીવનનો રસ મીઠો.

* * *

કર્ણે સુણ્યો શબ્દ મધુરો–
મધુબન બંસી સરીખો,
કર્કશ, કરવા, કઠોરને
ના નજીક ફૂંકવા દીધો... જીવનનો.

* * *

નયનને નિશદિન ફકત નિહાળી,
સૃષ્ટિ સુંદરતાની;
એક જ રંગ સદાયે જોયો
રંગ ન દૂજો – ત્રીજો ... જીવનનો.

* * *

જિહ્વાએ તો પલપલ પીરસ્યો,
સદાય મેવો મીઠો,
નાનાં-મોટાં, ઊંચા નીચાં –
સૌને સરખો દીધો ... જીવનનો

* * *

મનડું એકલ મોતી જેવું
પામ્યું હીરનો ધાગો,
નિજાનંદની સાથે તેણે
સંગ સનાતન કીધો ... જીવનનો.

* * *

જીવનનો રસ મીઠો મીઠો
જીવનનો રસ પીજો.

—ભાનુભાઈ પંડ્યા

પંચામૃત

□ બકુલ રાવળ

[મુકતકો]

સાંકડું વર્તુળ કરે તેનું જીવન મરતું રહે
જે વસંતો વેરતા તેને નવું મળતું રહે.
એટલે તો આ હિમાલય કાળની સામે ટકે
કેમકે એનું સદાયે હીમ વિસ્તરતું રહે. ૧

પત્થર ઉપાડી મારવો છે ભાઈ, પણ થોભો જરી
જે જે ન વાગે એ તમોને કયાંક તે પાછો ફરી.
પૂછો તમારી જાતને કે કેટલા નિષ્પાપ છો?
અધિકાર પાપીને નથી કો ફેંસલાનો આખરી. ૨

એક શ્રદ્ધાનો અહીં અત્યારે જનાજો નીકળે
કોઈ સીઝરની ઉપર બ્રુટસનું જ્યાં ખંજર પડે.
ઝંઝવાં, સરવર, નદીનાળાં તણું ના એ ગજું
ઓટ ને ભરતી પચાવે તે મહાસાગર બને. ૩

તેં ભલે, સંબંધને જડમૂળથી તોડી દીધો
જેમ પેલા પીટરે જીસસને તરછોડી દીધો;
ભીષ્મ છું–તેથી પ્રહારો ના નપુંસક પર કરું
જા શિખંડી જા; તને મેં જીવતો છોડી દીધો. ૪

લાગણીનાં ગીતને પામી ગયો છું
આપણાં સંબંધને જાણી ગયો છું;
જે ગ્રહણ લાગ્યું હતું છૂટી ગયું છે
હું હળાહળ ઝેરને જીરવી ગયો છું. ૫

બર્લિનની દીવાલ પાસે

☐ યશવંત ત્રિવેદી

[૧] વીઅર વોલન ક્રાઇહાઇટ

તા. ૩-૫-'૭૯એ બર્લિનની દીવાલ જોઈ ત્યારે
તેના પર લખ્યું હતું: "વીઅર વોલન ક્રાઈહાઈટ'
'અમને સ્વતંત્રતા જોઈએ છે.'
પશ્ચિમ બર્લિનની મિલિટરીના રોનિકો એ સૂત્ર ભૂંસતા હતા.
આમેય ક્યારેક આપણે આપણા જ લોહીને નથી લૂછતા?

બર્લિનની આંખો, નાક, કાન—આખો ચહેરો ત્યાં પૂર્વમાં
અને હૃદય, ફેફસાં, પગ—આખું ધડ અહીં પશ્ચિમમાં
એક કરુણાંતિકાનો કોમેડીમાં અનુવાદ!

આપણે પૃથ્વીના પ્રારંભથી જ ખોટી ભૂમિતિ નથી ભણ્યા?
પૂર્વ ને પશ્ચિમ વારુ ક્યાં હોય છે ખરેખર?
એ તો એક જ સીધી લીટીના બે નારી-ટુકડા કરવાની, ઈજનેરી કરામત છે!
વળી પૃથ્વીના તગતગતા એક આંસુને તમે 'જર્મની'નું નામ નથી આપ્યું?
નથી પાડ્યું તમે શોકવિહ્વલા માતાનું નામ 'યુરોપ'?

પ્રભુની આંખ જેવાં શ્લાખ્ટન અને ક્રુમે લાંકે સરોવરો
વિશ્વમાં બીજે ક્યાંય છે ગ્રૂનેવાલ્ડ વનની લીલાશ?
એની લીલાશના શેઈડઝની તો દરરોજ કોન્ફરન્સ ભરાય છે!
સ્પ્રે ને હાફેલ નદીઓમાં નહાય ત્યારે તો જર્મન કન્યાઓની આંખોને
ચઢે છે આસમાની ભૂરો રંગ—
—પણ ઘવાયેલાં પાણી અને વૃક્ષો પર અહીં પાટા બાંધેલા છે!

મિત્રો, એક દિવસ તમેય સ્વસ્તિકનો પટ્ટો વૃક્ષેવૃક્ષ પર બાંધ્યો હતો!
તમેય વૃક્ષોની બટાલીઓનો લઈને ક્યાંક જવા નીકળ્યા હતા
જ્યાં આગળ રસ્તો જ નહોતો!

મસ્કવામાં કે વોસોમાં, માલાયા કે મોઝોવાયા
હજી આજેય વિધવાઓ છે
એ દેશોમાં હજી આજેય જ્વાળામુખીના રેલાની જેમ ટ્યુબલાઈટો સળગે છે
વસંતનો પુલ તે દિવસે તૂટ્યો છે
ને તમે આજે બર્લિનમાં ફરિયાદ કરો છો કે વસંતને રસ્તો મળતો નથી!

સૌએ થોડું કે વધારે ખોયું છે—
પહેલી વર્ષાના પ્રથમ રોમાંચને
દ્રાક્ષમંડપોથી લચેલી પત્નીની આંખોને
માતાની આંખોમાં મોતીની સેરની જેમ ઊભાં રહી ગયેલાં આંસુને
પૃથ્વીના ચહેરા પર આ કંઈ ઓછા જખમ છે?

કેલ્ક્યુલેટરોમાં અંગત લાગણીઓના આંકડા બનાવવાની રમત રમતા લોકો
બાઈબલ ગિરવે મૂકીને 'ડ્રિમગર્લ' ને 'સેક્સ ઈન' લઈ આવતા લોકો
થોડાક સિક્કા માટે ગાંડાતૂર થઈને સમુદ્રને વેચી મારતા લોકો
મોડી રાત લગી કેબરેમાં
ગળું ફાડીફાડીને ગાતાં ઘેઘરી થઈ ગયેલી આપણી આ સદી...

દરેક દીવાલની આગળ અને પાછળ આપણે જ હોઈએ છીએ!
મુક્કો મારવા ઊગામેલા આપણા હાથ અને
બચાવ કરનારા આપણા જ હાથ વચ્ચે
આ દીવાલ જીવે છે—
પહેલાં આપણે દીવાલને બાંધીએ છીએ!
પછી દીવાલ આપણને બાંધે છે!

તમારા હાથને પાણીની ભરતીની જેમ લંબાવી દો, મિત્રો!
નહિતર સ્વતંત્રતાની કવિતા લખવાનું બહુ મુશ્કેલ છે,
બર્લિનની દીવાલ અને આ વૃદ્ધા શતાબ્દીની સામે ઊભા રહીને!

[બર્લિન: ૩-૫-'૭૯: મુંબઈ: ૨-૧૦-૮૧]

સાભાર સ્વીકાર

સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બો. નં. ૩૪, દરબારગઢ, ભાવનગર તરફથી સાહસકથા સંપુટના નીચે પ્રમાણે પાંચ પુસ્તકો મળ્યાં છે.

(૧) વિજ્ઞાન બાબુ—લે. એચ. જી. વેલ્સ, અનુ: રમણલાલ સોની
(૨) નાનસેન—લે: મૂળશંકર મો. ભટ્ટ.
(૩) ગગનરાજ—લે : જૂલે વર્ન અનુ.: મૂળશંકર મો. ભટ્ટ.
(૪) ૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા—લે: જૂલે વર્ન, અનુ. મૂળશંકર મો. ભટ્ટ.
(૫) દરિયાની વેળ—લે: પર્લબક અનુ. કાંતિલાલ શાહ

કિશોર કિશોરીઓના જીવનમાં સાહસિકતા અને વૈજ્ઞાનિક રૂચિ કેળવાય એવા આ પુસ્તકો છે. સંપુટની કિંમત ૫૦ રૂપિયા.

* * *

કૃષ્ણનગર, શિશુ વિહાર. ભાવનગર ૧, તરફથી નીચે પ્રમાણે બે પુસ્તિકાઓ મળી છે:

(૧) પ્રાથમિક સારવારની પ્રશ્નોત્તરી—યોજક પ્રેમશંકર ન. ભટ્ટ, કિંમત: રૂા. ૨—૫૦

(૨) કંડકટર—પ્રકાશક પ્રેમશંકર ન. ભટ્ટ, કિંમત ૫૦ પૈસા.

બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ ૧ તરફ નીચેનાં પુસ્તકો મળ્યાં છે: (૧) વિચાર—લે. ડો. શાસ્ત્રી જયેન્દ્ર દવે. કિંમત ૬ રૂા. (૨) ઝૂલે : વર્ન—લે: ઈશ્વરભાઈ પટેલ કિ.રૂા. ૩, (૩) આવા છે. મહારાજ લે: શિવાભાઈ ગો. પટેલ, ભાગ ૧, કિ. રૂા. ૨, ભાગ-૨, કિ. રૂા. ૨—૫૦, ભાગ ૩ કિ. રૂા. ૨ અને ભાગ-૪ કિ. રૂા. ૨—૫૦. (૪) માનવતાના સંસ્કારો ભાગ-૧, ૨, ૩ અને ૪. લે: બબલભાઈ મહેતા, કિ. દરેકની રૂા. ૪, (૫) નૃત્ય નાટિકાઓ—લે. અનિરુદ્ધ તન્ના કિ. રૂા. ૪-૫૦. (૬) ચણ ચણ બગલી—લે. અનિરુદ્ધ તન્ના, કિં. રૂા. ૩,

* * *

તો બ્રહ્મચર્ય સરળ છે. (બીજી આવૃત્તિ) લે: મલૂકચંદ રતિલાલ શાહ, પ્રકાશક: રસીલા મલૂકચંદ શાહ, ૧૫, સિદ્ધાર્થ એપાર્ટમેન્ટ, સિધી હાઈસ્કૂલ પાસે, ઉસ્માનાબાદ-અમદાવાદ-૧૩ કિં. રૂા. ૨૨.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૧: અંક: ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ નવેમ્બર, ૧૯૮૧, સોમવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૧ : પરદેશ માટે શિલિંગ ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

બોલતા આંકડા

☐ ચીમનલાલ ચકુભાઈ શાહ

આપણા દેશમાં ૧૯૦૧થી દર દસ વર્ષે વસ્તીગણતરી થાય છે. ૧૯૮૧ની શરૂઆતમાં તેવી ગણતરી થઈ, તેનો રિપોર્ટ બહાર પડયો છે. તે ઉપરથી ભાઈ જિતેન્દ્ર સંઘવીએ લખેલી 'પરિચય પુસ્તિકા' હમણાં જ પ્રકટ થઈ છે. તેમાં આપેલ આંકડા ચોંકાવનારા અને આંખ ઉઘાડનારા છે. તેમાંના કેટલાક અહીં આપું છું.

નીચેના કોઠામાં ૧૯૦૧ થી ૧૯૮૧ સુધી દેશની વસતિની સંખ્યા આપી છે. ૧૯૪૧ સુધી આપેલ સંખ્યા, દેશના ભાગલા પડયા પછી દેશનો જે ભાગ પાકિસ્તાન બન્યો, તેની તે સમયની સંખ્યા બાદ કરીને આપેલ છે.

ભારતની વસતિ

વર્ષ	વસતિ (કરોડમાં)	દાયકાનો વધારો (કરોડમાં)	દાયકાનો વધારો (ટકામાં)
૧૯૦૧	૨૩.૮	—	—
૧૯૧૧	૨૫.૨	૧.૪	૫.૮
૧૯૨૧	૨૫.૧	−૦.૧	−૦.૩
૧૯૩૧	૨૭.૯	૨.૮	૧૧.૦
૧૯૪૧	૩૧.૯	૪.૦	૧૪.૨
૧૯૫૧	૩૬.૧	૪.૨	૧૩.૩
૧૯૬૧	૪૩.૯	૭.૮	૨૧.૫
૧૯૭૧	૫૪.૮	૧૦.૯	૨૪.૮
૧૯૮૧	૬૮.૪	૧૩.૬	૨૪.૮

આ ઉપરથી જણાશે કે માત્ર છેલ્લા ત્રીસ વર્ષમાં ૧૯૫૧ થી ૧૯૮૧ સુધીમાં, સંખ્યા લગભગ બમણી થઈ છે. વધારાનો દર જોઈએ તો લગભગ ચક્રવૃદ્ધિ વ્યાજ પેઠે વધે છે. આ પ્રમાણે વધારો ચાલુ રહે તો આ સદીની આખરે, એટલે કે બીજા વીસ વર્ષમાં દેશની વસતિ એક અબજથી વધારે થશે.

કેટલાક લોકો કહે છે, વસતિ વધારાથી ચિંતા કરવાનું કારણ નથી. એટલા કામ કરવાવાળા માણસોની સંખ્યા વધે છે. ઝાઝા હાથ રળિયામણા, ઉત્પાદન વધશે, દેશ સમૃદ્ધ થશે. આવું બન્યું છે? બીજા આંકડા જોઈએ.

નીચેના કોઠામાં ૧૯૮૧માં રાજ્યવાર શહેરો અને ગામડાઓમાં ગરીબોનું પ્રમાણ આપ્યું છે. ગરીબની વ્યાખ્યા એવી કરી છે કે શહેરોમાં જેની માસિક આવક રૂપિયા ૮૮ કે તેથી ઓછી હોય અને ગામડાંમાં જેની માસિક આવક રૂપિયા ૭૬ કે તેથી ઓછી હોય. અત્યારની મોંઘવારીમાં માસિક આવક રૂપિયા ૩૦૦ હોય તો પણ બે ટંક પેટ પૂરતું ખાવા ન મળે. છતાં સેન્સસની સ્વીકારેલ વ્યાખ્યા લઈએ તો પણ કુલ ૬૮ કરોડમાંથી ગામડાંઓમાં ૨૧ કરોડ અને શહેરોમાં ૫ કરોડ, કુલ ૩૦ કરોડ ગરીબ છે. ગરીબી માટે આવકની મર્યાદા માસિક રૂપિયા ૩૦૦ લઈએ તો મને લાગે છે ૬૮ કરોડમાંથી ૪૫ થી ૫૦ કરોડ ગરીબ છે.

ગરીબોનું પ્રમાણ : ૧૯૭૭-૭૮

રાજ્ય	ગામડાંઓમાં લાખ	ગામડાંઓમાં કુલ વસતિના ટકા	શહેરોમાં લાખ	શહેરોમાં કુલ વસતિના ટકા	કુલ લાખ	કુલ વસતિના ટકા
આંધ્ર પ્રદેશ	૧૭૦	૪૪	૩૬	૩૬	૨૦૬	૪૨
આસામ	૮૮	૫૩	૭	૩૭	૯૫	૫૧
બિહાર	૩૩૯	૫૯	૩૩	૪૬	૩૭૨	૫૭
ગુજરાત	૯૫	૪૩	૨૬	૨૯	૧૨૧	૩૯
હરિયાણા	૨૨	૨૩	૭	૩૨	૨૯	૨૫
હિમાચલ પ્રદેશ	૧૦	૨૮	૧	૧૭	૧૧	૨૭
જમ્મુ-કાશ્મીર	૧૫	૩૩	૪	૩૯	૧૯	૩૪
કર્ણાટક	૧૨૪	૫૦	૩૯	૪૪	૧૬૩	૪૮
કેરળ	૯૪	૪૬	૨૨	૫૧	૧૧૬	૪૭
મધ્ય પ્રદેશ	૨૪૫	૬૦	૪૩	૪૮	૨૮૮	૫૮
મહારાષ્ટ્ર	૨૧૪	૫૬	૬૧	૩૨	૨૭૫	૪૮
મણિપુર	૩	૩૧	૧	૨૫	૪	૩૦
મેઘાલય	૬	૫૪	—	૧૮	૬	૪૮
નાગાલેન્ડ	—	—	—	૪	—	—
ઓરિસા	૧૫૯	૬૯	૧૦	૪૨	૧૬૯	૬૬
પંજાબ	૧૩	૧૨	૧૦	૨૫	૨૩	૧૫
રાજસ્થાન	૮૬	૩૪	૧૯	૩૪	૧૦૫	૩૪
તામિલનાડુ	૧૭૦	૫૬	૬૭	૪૫	૨૩૭	૫૨
ત્રિપુરા	૧૧	૬૪	૧	૨૬	૧૨	૬૦
ઉત્તર પ્રદેશ	૪૩૦	૫૦	૭૨	૪૯	૫૦૨	૫૦
પ. બંગાળ	૨૨૮	૩૯	૪૮	૩૫	૨૭૬	૫૩
કેન્દ્રશાસિત પ્રદેશો	૬	૩૪	૧૧	૧૮	૧૭	૨૨
કુલ	૨,૫૨૮	૫૧	૫૧૮	૩૮	૩,૪૬	૪૧

આ કોઠા ઉપરથી જણાશે કે ગરીબીનું પ્રમાણ સૌથી વધારે ઓરિસા (૬૬), મધ્ય પ્રદેશ (૬૮), બિહાર (૫૭)માં છે. ઓછામાં ઓછું પંજાબ (૧૫) અને હરિયાણા (૨૫)માં છે. મોટા ભાગના રાજ્યોમાં શહેરો કરતાં ગામડાંઓમાં ગરીબીનું પ્રમાણ વધારે છે.

શિક્ષણના ક્ષેત્રે શું પરિણામ આવ્યું છે તે નીચેના કોઠા ઉપરથી જણાશે.

ભણેલા અને અભણ

વર્ષ	ભણેલા (કરોડમાં)	અભણ (કરોડમાં)
૧૯૦૧	૧.૩	૨૨.૫
૧૯૧૧	૧.૫	૨૩.૭
૧૯૨૧	૧.૮	૨૩.૩
૧૯૩૧	૨.૬	૨૫.૩
૧૯૪૧	૪.૭૫	૩૪.૧૩
૧૯૫૧	૬.૦	૩૦.૧
૧૯૬૧	૧૦.૬	૩૩.૩
૧૯૭૧	૧૬.૧	૩૮.૭
૧૯૮૧	૨૩.૮	૪૪.૬

આ ઉપરથી જણાશે કે ૧૯૫૧માં છ કરોડ ભણેલા અને ૩૦ કરોડ અભણ હતા. ૧૯૮૧માં ૨૩.૮ કરોડ ભણેલા છે અને ૪૪.૬ કરોડ અભણ છે. ભણેલાની સંખ્યા વધી તેમ અભણની સંખ્યા વધી છે. સ્ત્રીશિક્ષણ સારા પ્રમાણમાં વધ્યું છે, તે સાથે અભણની સંખ્યા પણ વધી છે. શિક્ષણ વધ્યું તે સાથે નોકરી માટે શિક્ષિતોનો ધસારો વધ્યો છે.

નીચેનો કોઠો જન્મ અને મૃત્યુનું પ્રમાણ બતાવે છે.

જન્મ-મૃત્યુનું પ્રમાણ

[દર વર્ષે હજારની વસતિએ]

વર્ષ	જન્મપ્રમાણ	મૃત્યુપ્રમાણ
૧૯૦૧	૪૫.૮	૪૪.૪
૧૯૧૧	૪૯.૨	૪૨.૬
૧૯૨૧	૪૮.૧	૪૭.૨
૧૯૩૧	૪૬.૪	૩૬.૩
૧૯૪૧	૪૫.૨	૩૧.૨
૧૯૫૧	૩૯.૯	૨૭.૪
૧૯૬૧	૪૧.૭	૨૨.૮
૧૯૭૧	૪૧.૧	૧૮.૯
૧૯૮૧	૩૬.૦	૧૫.૦

જન્મના પ્રમાણ કરતાં મૃત્યુનું પ્રમાણ ઘણું વધારે ઘટ્યું છે. આધુનિક તબીબી સગવડો અને સમાજસેવાના વિકસીત ક્ષેત્રને કારણે મૃત્યુ પ્રમાણ ઘટ્યું છે, પરિણામે સરેરાશ આયુષ્ય પ્રમાણ સારી પેઠે વધ્યું છે. ૧૯૮૧માં સરેરાશ આયુષ્ય ૨૩ વર્ષનું હતું, તે ૧૯૮૧માં, ૫૪ વર્ષનું થયું છે તેથી વૃદ્ધોની સંખ્યા વધી છે.

શહેરો તરફનો ધસારો વધ્યો છે. ૧૯૮૧ની વસતિગણતરી પ્રમાણે વસતિના ૨૪ ટકા લોકો ૧૬-કરોડ-શહેરોમાં અને ૭૬ ટકા લોકો-૫૨ કરોડ-ગામડાંમાં વસે છે. શહેરો તરફનો પ્રવાહ હજી વધવાનો કારણકે ગામડાંઓમાં આજીવિકાનાં સાધનો ઘટતાં જાય છે. ખેતી ઉપર આધાર રાખતા લોકોની સંખ્યા વધતી જાય છે અને જમીન છે તે જ રહે.

નીચેના કોઠામાં ૧૦ દેશોની વસતિ અને ક્ષેત્રફળ આપ્યું છે.

દુનિયામાં ભારતનું સ્થાન

દેશ	વસતિ : ૧૯૮૦		ક્ષેત્રફળ	
	કરોડમાં	દુનિયાની વસતિના ટકા	લાખ ચોરસ કિલોમિટર	વિશ્વમાં ક્રમ
૧ ચીન	૯૭.૭	૨૧.૭	૯૬.૦	૩
૨ ભારત	૬૬.૪	૧૫.૦	૩૨.૯	૭
૩ રશિયા	૨૬.૬	૬.૦	૨૨૪.૦	૧
૪ અમેરિકા	૨૨.૮	૫.૨	૯૩.૬	૪
૫ ઈન્ડોનેશિયા	૧૫.૨	૩.૪	૧૯.૦	૧૮
૬ બ્રાઝિલ	૧૨.૩	૨.૮	૮૪.૬	૫
૭ જાપાન	૧૧.૭	૨.૭	૩.૭	૫૬
૮ બાંગ્લાદેશ	૮.૯	૨.૦	૧.૪	૯૧
૯ પાકિસ્તાન	૮.૨	૧.૯	૮.૦	૩૧
૧૦ નાઈજીરિયા	૭.૭	૧.૭	૯.૨	૩૧
દેશ	૨૭૧.૫	૬૨.૪	૭૮૨.૪	
અન્ય દેશો	૧૬૬.૦	૩૭.૬	૫૫૭.૬	
કુલ	૪૪૧.૫	૧૦૦.૦	૧,૩૪૦.૦	

દુનિયામાં વસતિ-સંખ્યાની દૃષ્ટિએ ચીન પછી ભારતનો બીજો નંબર છે. ચીનનું ક્ષેત્રફળ ૯૬ લાખ ચોરસ કિલોમીટર છે અને વસતિ ૯૭.૭ કરોડ છે. ભારતનું ૩૨.૯ લાખ કિલોમીટર ક્ષેત્રફળ છે અને વસતિ ૬૬.૪ કરોડ છે. જમીન ઉપર વસતિનું દબાણ કેટલું મોટું છે તે આ ઉપરથી જણાય છે. જાપાન અને બંગલાદેશમાં જમીનના પ્રમાણમાં વસતિ ઘણી વધારે છે. જાપાને અનેક રીતે આ પ્રશ્ન હલ કર્યો છે. બંગલા દેશમાં આપણા દેશ પેઠે, ગરીબાઈ અને બેકારી અનહદ છે.

વસતિવધારો ઓછો કરવા કુટુંબનિયોજન ઉપર આઝાદી પછી, સારી પેઠે ભાર મુકાતો રહ્યો છે. તેમાં નોંધપાત્ર સફળતા મળી નથી. કેટલાક લોકો સિદ્ધાંતથી અને નૈતિક દૃષ્ટિએ કુટુંબ-નિયોજનના વિરોધી છે. રોમન કેથલીક ચર્ચ વિરોધી છે. ગાંધીજીનો વિરોધ હતો. કૃત્રિમ ગર્ભનિરોધથી અનૈતિકતા વધશે એવી દલીલ છે. સ્વૈચ્છિક સંયમ હોય તે આવકારદાયક છે. વ્યાપક રીતે શક્ય છે? શિક્ષિત અને સુખી માણસો કૃત્રિમ ગર્ભ નિરોધનાં સાધનોનો વધારે ઉપયોગ કરે છે. ગરીબોમાં જન્મપ્રમાણ વધારે રહે છે. સંયમની જરૂરિયાત પૂરી રીતે સ્વીકારીને પણ, કૃત્રિમ ગર્ભનિરોધનો હું વિરોધ કરી શકતો નથી.

બીજો માર્ગ ગર્ભપાતનો છે. આ માર્ગનો હું પૂર્ણ વિરોધી છું.

વસતિ વધારાના આર્થિક પરિણામોની અત્યારે ચર્ચા કરતો નથી. તે વિષેનું મારું જ્ઞાન પણ અલ્પ છે. સરકારની આર્થિક નીતિ ઉપર તેનો મોટો આધાર છે, પણ એક વાત દીવા જેવી સ્પષ્ટ છે. આર્થિક અસમાનતા - મિલ્કત અને આવકની - ભયંકર રીતે વધી રહી છે. તે ખાઈ વધુ ને વધુ ઊંડી થતી જાય છે. તે માટે કેટલેક દરજ્જે

સરકારી નીતિ જવાબદાર છે. મોટે ભાગે આપણો લોભ અને પરિગ્રહ-લાલસા. આ આસમાનતાને સ્વૈચ્છિક રીતે ઓછી નહિ કરીએ તો ભડકો થવાનો છે અને બધા તેનો ભોગ બનશું. ગરીબી અને બેકારીનું પ્રમાણ વધતું રહે, શિક્ષણનું પ્રમાણ વધે, પોતાના હક્કોની સમાનતા વધે, ત્યાં સમૃદ્ધિના થોડા ટાપુઓ ટકી ન શકે.

૯-૧૧-૧૯૮૧

સદ્‌ભાવ અને સૌહાર્દ

☐ દાદા ધર્માધિકારી ☐ અનુ. : ગુલાબ દેઢિયા

આજના યુવકની એવી આકાંક્ષા છે કે હવે એ સંગઠનમાં નહીં, સંબંધમાં રહેશે. સદસ્યતાનો અંત આવશે. સંબંધનો આરંભ થશે. હવે સંબંધ–નાતો રહેશે; સદસ્યતા નહીં. એન્ટી એસ્ટાબ્લિશમેન્ટ = સંસ્થા નહીં. મનુષ્ય - મનુષ્યની સાથે રહેશે, જેમ કે પુરુષ પુરુષની સાથે સ્ત્રી સ્ત્રીની સાથે, સ્ત્રી - પુરુષ એકબીજાની સાથે. એનો પાયો શું હશે? કયા પાયા પર આ બધું ટકેલું રહેશે? ગુડવિલ એન્ડ ફેલોશિપ - સદ્‌ભાવ અને સૌહાર્દ (સુહૃદતા, મિત્રતા) સૌહાર્દનું નામ જ સખ્ય છે. સૌહાર્દ શબ્દનો અર્થ છે: સખ્ય અને સખ્યમાં મુખ્ય સ્થાને ભાવના છે. સંબંધ માટે ઉપાધિની જરૂર નથી. ઉપાધિનો અર્થ છે નિમિત્ત કે આધાર. એટલે કે મૈત્રીમાં કોઈ નિમિત્ત કે આધારની જરૂર નથી.

જ્યારે શાંતિસેનાની સ્થાપના થઈ ત્યારે વિનોબાજીએ મને ખૂબ આગ્રહ કર્યો કે મારે શાંતિ સૈનિકના સોગંદ લેવા જોઈએ. મેં કહ્યું કે હું સોગંદ નહીં લઉં. સોગંદ અને સંકલ્પમાં મારો વિશ્વાસ નથી. વિનોબાજીની સામે કોણ ટકી શકે? એમની કુશાગ્ર બુદ્ધિમત્તા અને તર્કકુશળતાની કોઈ સીમા જ નથી! તેઓ કહેવા લાગ્યા કે "તો શું વિવાહના સંકલ્પને પણ નથી માનતા?" અંદરથી અવાજ તો એવો આવ્યો કે હું નથી માનતો, પણ એમ કહેવાની હિંમત ન આવી. મારી પોતાની સાથે ઈમાનદાર ન રહી શકયો. પણ અવાજ તો એવો જ ઊઠી રહ્યો હતો કે વિવાહના પણ સોગંદ ન હોવા જોઈએ, કેમ કે જ્યાં સોગંદ છે ત્યાં પ્રેમ ન હોઈ શકે. જ્યાં સોગંદ છે ત્યાં બંધન છે, અનિવાર્યતા છે, નિયમનું દબાણ છે. હૃદય માટે ત્યાં અવકાશ નથી. વળી તેઓ કહેવા લાગ્યા, 'તો હવે તમે શું ઈચ્છશો?' મેં એમને કહ્યું કે મનુષ્યોમાં કૌટુંબિકતા હોવી જોઈએ; પારમાર્થિકતા નહીં. તેઓ પૂછવા લાગ્યા, 'એનું કેમ કહો છો?' મેં કહ્યું 'આર્થિક અને પારમાર્થિક બંને સંબંધોમાં હૃદય નથી હોતું. આર્થિક સંબંધોમાં હૃદય નથી હોતું એનો તો આપણને બધાને અનુભવ છે. બજારમાં હૃદય સાથે કોઈ સંબંધ નથી હોતો. પારમાર્થિક સંબંધોમાં પણ તમે ક્યારેય હૃદય નહીં જોયું હોય. બે પારમાર્થિક મનુષ્ય એકબીજાના મિત્ર કયારેય નથી હોતા, સાથી હોય છે.'

બે આધ્યાત્મિક મનુષ્યોની દોસ્તી આકાશકુસુમ જેવી હોય છે, જે ક્યારેય દેખાતી નથી. તેઓ ડરે છે, કેમકે દોસ્તીમાં થતાં આસકિત નહીં આવી જાય. કયાંક વિરકિત છૂ ન થઈ જાય! આધ્યાત્મિક અને પારમાર્થિક, પારમાર્થિક અને આર્થિક માનવોમાં કદી મિત્રતા નથી હોતી. તેઓ મૈત્રી થવા નથી દેતા. બલ્કે એ જોયું કે આર્થિક વ્યકિતઓમાં સ્પર્ધા થાય છે. પારમાર્થિક વ્યકિતઓમાં પણ હરીફાઈ થાય છે. બે સાધક એકમેકના પ્રહરી - ચોકીદાર હોય છે. સાધક એ જુએ છે કે બીજા સાધકની ભૂલ કયાં થાય છે અને બન્ને આપસમાં ખામીઓ શોધવામાં જ પ્રવૃત્ત રહે છે. જો દોષ નહીં. જુએ તો ગુણ જોશે, પરંતુ હૃદય હૃદયની પાસે નહીં જાય. કેમ કે માનવ માનવની નિકટ જશે, ભગવાનથી એટલો જ દૂર જશે, એવી ધારણા પારમાર્થિક ક્ષેત્રમાં છે અને આર્થિક સંબંધમાં માણસ માણસ વચ્ચે દિલ જેટલું નજીક આવશે, પૈસા એટલા દૂર જશે, એવી ધારણા છે.

નાગપુરના એક શ્રીમંત છે. એમણે પોતાનો બંગલો મને રહેવા માટે આપ્યો હતો. વળી તેઓ વગર માંગે મને ક્યારેક ક્યારેક પૈસા પણ મોકલી દેતા. એક દિવસ મારા એક મિત્ર મારું નામ લઈને એમની પાસે ગયા અને થોડી રકમ ઉધાર માગી. શ્રીમંતે કહ્યું 'ઉધાર નહીં, આપ એમ જ લઈ જાઓ. પૂછ્યું, 'ઉધાર શા માટે નથી આપતા?' તો તેઓ કહેવા લાગ્યા, 'આપસમાં પૈસાનો વ્યવહાર ન કરવો જોઈએ.' 'કેમ ન કરવો જોઈએ?. 'પૈસાના વ્યવહારથી મિત્ર દુશ્મન બની જાય છે.' આપે જોવું હશે, જ્યાં આર્થિક સંબંધ હશે, ત્યાં દોસ્તી નહીં હોય. જ્યાં દોસ્તી છે ત્યાં આર્થિક સંબંધ નથી. જ્યાં પારમાર્થિક સંબંધ છે, ત્યાં મિત્રતા નથી, સુહૃદયતા નથી. જ્યાં સૌહાર્દ સુહૃદયતા છે ત્યાં પારમાર્થિક સંબંધ નથી. જ્યારે હું મિત્રતા કહું છું ત્યારે એનો અર્થ એ છે કે એમાં કોઈ આધાર - નિમિત્ત ન હોય, એમાં કોઈ કન્વેન્શનલ – પરંપરાનો સંબંધ ન હોય. કન્વેન્શનલનો અર્થ છે સંસ્થાત્મક સંગઠનાત્મક મેમ્બરશિપ - સદસ્યતા - સભ્યપદ.

('પ્રતિબદ્ધ લોકસ્વરાજ્ય'માંથી સાભાર)

પ્રેમળ જ્યોતિ

આ સમાજસેવા શાખા શરૂ થઈ ત્યારથી દર વર્ષે દિવાળીના તહેવારોમાં તેની કાર્યકર બહેનોએ મુંબઈ શહેર અને પરાંમાં આવેલી સમાજોપયોગી સંસ્થાઓની મુલાકાત લેવાની પ્રથા અપનાવી છે અને તે સંસ્થાઓના સભ્યોને ફળો, મીઠાઈ તથા અન્ય ઉપયોગી વસ્તુઓની ભેટ આપી દિવાળી શુભેચ્છાઓ વ્યકત કરે છે.

ચાલુ વર્ષે પણ ધનતેરસને દિવસે આવી મુલાકાતો યોજાઈ હતી.

પ્રથમ હતી શેફર્ડ વિડોઝ હોમ. મુંબઈના ભાયખલા વિસ્તારમાં શેફર્ડ માર્ગ પર આવેલા નાના બેઠા ઘાટના મકાનમાં આ સંસ્થા આશરે ત્રીસ જેટલી વૃદ્ધ અને નિરાધાર વિધવાઓનું પાલન કરે છે. સવારના આશરે નવ વાગે ત્યાં જઈ, તેના નાનકડા હોલમાં ચારે તરફ તેના સભ્યોએ બેઠક લીધી અને પ્રેમળ જ્યોતની બહેનોએ ધુપસળીઓ સળગાવી પ્રાર્થના ગાઈ. ત્યાંની એક બહેને પણ સૌને માટે, પ્રેમળ જ્યોતિ માટે અને તેના સભ્યો માટે શુભેચ્છાઓ વ્યકત કરી પ્રાર્થના ગાઈ સંભળાવી. બધાએ એકબીજાને દિવાળી મુબારક તથા નવા વર્ષની શુભેચ્છાઓ આપી. સાથે લાવેલાં મીઠાઈના પેકેટ તેમને ભેટ આપ્યાં. દિવાળી જેવા પ્રસંગે તેમને યાદ કરી તેમને માટે ભેટ લઈ જવી તે આ નિરાધાર મહિલાઓ માટે ખૂબ જ આનંદનો પ્રસંગ હતો. તેમના ચહેરાઓ પર પોતાના સ્વજનોને મળ્યા જેટલો આનંદ જણાતો હતો અને આની પ્રતીતિ તો તેઓ સૌની વિદાય લેતાં થઈ કે બંને પક્ષે કેટલીય બહેનોની આંખ ભીની થઈ. ત્યાંના સંચાલક છેલ્લા પચ્ચીસ વર્ષથી એકલે હાથે આ સંસ્થા સંભાળી રહ્યા છે. વખત કાઢી આ સંસ્થાની મુલાકાત લેવા જેવી છે. ત્યારબાદ તેની નજીકમાં આવેલી સંસ્થા સેન્ટ જોસેફ હોમની મુલાકાત લીધી. મરાઠા મંદિરના પાછળના શાંત વિસ્તારમાં આવેલા આ મકાનમાં 'સીસ્ટર્સ ઓફ ધી ક્રોસ' નામની સંસ્થા તેમાં અનાથાલય ચલાવે છે. અવિવાહિત માતાઓના તથા ત્યજી દીધેલાં બાળકોને ઉછેરવાનું કાર્ય આ સંસ્થા કરે છે. એક દિવસની ઉંમરના બાળકને ઉછેરવાથી માંડીને અઢાર વર્ષની ઉપરની કન્યાઓના પુનર્વસવાટનું કાર્ય આ સંસ્થા કરે છે. જરૂર પડયે તેમને શહેરની બહાર પણ વધુ અભ્યાસ માટે મોકલે છે. કેળવાયેલી અને અનુભવી મહિલા સ્વયંસેવકો મારફતે સંસ્થાનું સંચાલન થાય છે અને દરેક બાળકનો માનસશાસ્ત્રીય અભ્યાસ કરી, તેમને માટે જરૂરી એવી અભ્યાસની અને ઉપચારની ગોઠવણ થાય છે. સંસ્થાના વિશાળ ચોગાનમાં સ્કૂલ અને નવરાશના સમયમાં ઉદ્યમ શીખવવા માટે પણ એક શાળા છે. રજાઓને કારણે કેટલીક બાળાઓ સંસ્થાની મુંબઈ બહારની શાળાઓમાં રહેવા ગઈ હતી. નવરાશના સમયમાં બાળાઓ થેલીઓ ગુંથવાનું તથા ભરતગૂંથણનું કાર્ય કરે છે અને તેના વેચાણનું સંસ્થાને નાણાંકીય મદદ થાય છે. ત્યાંના સંચાલિકા સાથે શુભેચ્છાઓની આપ-લે કરી અમો પરેલ તરફ જવા રવાના થયા.

આયોજિત કાર્યક્રમમાં અમે છેલ્લે, શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમની મુલાકાત લીધી. ડો. આંબેડકર માર્ગ પર આવેલ આ બાલાશ્રમમાં ૮ થી ૧૮ વર્ષનાં છોકરાઓને પ્રવેશ આપાય છે. નિરાધાર અને ગરીબ છોકરાઓને મફત રખાય છે અને ફી આપીને પણ રાખી શકાય છે. દિવાળીના તહેવારોને કારણે મોટાભાગના છોકરાઓ રજાઓ ગાળવા તેમને ત્યાં અથવા તો તેમના સગાંઓને ત્યાં ગયા હતા. હાજર રહેલા વિદ્યાર્થીઓને મીઠાઈ-ફળ આપી શુભેચ્છાઓ વ્યકત કરી અમોએ વિદાય લીધી.

દિવાળીના દિવસોમાં આપણે ઘરની અંદર અને બહાર, બંને ઠેકાણે દીપ પ્રગટાવીએ છીએ. તે જ પ્રમાણે આપણા ઘરની અંદર તેમ જ પૃથ્વી પર (જેમાં નાનું ઘર સમાઈ જાય છે) તેમાં વસતી દરેક વ્યકિત માટે, પ્રાણીમાત્ર માટે પ્રેમની જ્યોતિ પ્રગટાવીને આપણી શુભેચ્છા વ્યકત કરીએ.

—નટુભાઈ પટેલ

નિયાણું

□ ડૉ. રમણલાલ ચી. શાહ

(જૈન પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું વ્યાખ્યાન)

[૧]

'નિયાણું' એ જૈન શાસ્ત્રોનો પારિભાષિક શબ્દ છે. સંસ્કૃત 'નિદાન' શબ્દ ઉપરથી તે આવેલો છે. પ્રાકૃતમાં 'નિયાણ' અથવા 'નિયાણું' શબ્દ વપરાય છે. નિદાન શબ્દના મુખ્ય બે અર્થ છે: (૧) નિદાન એટલે પૃથક્કરણ અને (૨) નિદાન એટલે નિશ્ચિત દાન.

જૈન શાસ્ત્રોમાં 'નિયાણું' શબ્દ નિશ્ચિત દાનના અર્થની દૃષ્ટિએ પ્રયોજાયેલો છે. પરંતુ અહીં સ્થૂલ કોઈ દ્રવ્યના દાનના અર્થમાં તે વપરાયો નથી. ચિત્તનું દાન અર્થાત્ કોઈ પણ એક વિષય કે વિચારમાં ચિત્તને તીવ્રપણે અર્પી દેવું તે અર્થમાં 'નિદાન' - 'નિયાણું' 'નિયાણું' શબ્દ વપરાયો છે. નિશ્ચતં દાનં ઇતિ નિદાનં અથવા ભોગાકાઙ્ક્ષયા નિયતં દીયતે ચિત્તં તસ્મિંસ્તેનેતિ વા નિદાનમ્ એવી વ્યાખ્યા નિદાનની આપાય છે.

ચિત્તમાં અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ ઊઠે છે અને વિવિધ પ્રકારની અભિલાષાઓ જાગે છે. માણસની ઈચ્છાઓને કોઈ અંત હોતો નથી. ઇન્દ્રિયજન્ય વિવિધ પ્રકારનાં સુખ ભોગવવાની ઈચ્છા માણસને કુદરતી રીતે થાય છે. કેટલાંક સુખ સહજ પ્રાપ્ત હોય છે, કેટલાંકને માટે પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. ક્યારેક પુરુષાર્થ કર્યા વગર જ અચાનક પ્રાપ્ત થતાં સાંસારિક સુખો તે પૂર્વનાં સંચિત પુણ્યકર્મના ઉદયે જ થાય છે એમ માનવામાં આવે છે. કેટલાક એને પ્રારબ્ધ કહે છે; પરંતુ આવા પ્રારબ્ધમાં પણ કોઈક નિયમ પ્રવર્તતો હોય છે અને તે નિયમ છે કર્મનો.

કોઈક વખત એક તરફ શુભ કર્મનું ઉપાર્જન થતું હોય અને બીજી બાજુ ચિત્તમાં સુખોપભોગની તીવ્ર અભિલાષા જન્મતી હોય એવું બને છે. કોઈક વખત ઉપાર્જિત શુભ કર્મના ઉદય રૂપે એ અભિલાષા સંતોષાય છે. કર્મની નિર્જરા અને શુભ કર્મના ઉપાર્જન માટેનું મોટામાં મોટું એક સાધન તે બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યા છે. શુભ ભાવથી કરેલી કઠોર તપશ્ચર્યા ક્યારેય નિષ્ફળ જતી નથી, પરિણામ જન્માવ્યા વિના તે રહેતી નથી. કેટલીક સિદ્ધિઓ મનુષ્યને આવા પ્રકારનાં કોઈક ને કોઈક તપને પરિણામે મળતી હોય છે. આવી સિદ્ધિ વગર ઇચ્છાએ એની પોતાની મેળે મળે તેવું ઘણીવાર બને છે. કોઇક વાર માણસ પોતાના તપના બદલામાં કશુંક પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે અને એ રીતે તે પ્રાપ્ત પણ થાય છે.

કેટલીક વખત કોઈ વસ્તુની પ્રાપ્તિ અર્થે માણસ તપશ્ચર્યા કરે છે તો કેટલીક વખત તપશ્ચર્યા કરતાં કરતાં કે કર્યા પછી તેના ફળ રૂપે માણસ કોઈ ઇચ્છાનું ચિત્તમાં સેવન કરે છે. તપના બદલામાં કોઈક ફળ ઇચ્છવું તેને 'નિયાણું' કહે છે.' 'નિયાણું બાંધવું' અથવા 'નિયાણું કરવું' એવો રૂઢ પ્રયોગ વપરાય છે. નિયાણું બાંધવાનો કે કરવાનો જૈન શાસ્ત્રોમાં નિષેધ ફરમાવવામાં આવ્યો છે કારણ કે નિયાણું બાંધવાથી તેનું ફળ જો કે પ્રાપ્ત થાય છે, પરંતુ તેના પરિણામે પછીથી જે શુભાશુભ કર્મો બંધાય છે - વિશેષતઃ જે અશુભ કર્મો બંધાય છે એનાથી ભવપરંપરા વધે છે અને તે દુર્ગતિનું કારણ બને છે.

નિયાણું ત્રણ પ્રકારનાં ગણવામાં આવ્યાં છે: (૧) પ્રશસ્ત નિયાણું (૨) ભોગકૃત નિયાણું (૩) અપ્રશસ્ત નિયાણું.

તપના ફળ રૂપે સાધુપણું, આચાર્યપદ, તીર્થયાત્રા બોધિલાભ, સમાધિમરણ, ઇત્યાદિની અભિલાષા કરવી તે પ્રશસ્ત નિયાણું તપના ફળ રૂપે સ્ત્રીપુત્રાદિકની ઇચ્છા કરવી, ઇન્દ્રિયાર્થ પદાર્થોના સુખની અભિલાષા કરવી, ચક્રવર્તી કે દેવદેવીના સુખની વાંછના કરવી તે ભોગકૃત નિયાણું છે. તપના ફળરૂપે કોઈકને મારી નાખવાની, કોઈકને બાળી નાખવાની, કોઈકના શુભ કાર્યમાં વિઘ્ન નાખવાની કોઈકને તન કે ધનની હાનિ પહોંચાડવાની ઇચ્છા કરવી તે અપ્રશસ્ત નિયાણું છે.

તપના ફળ રૂપે વિશેષપણે જીવો ભોગકૃત નિયાણું બાંધે છે. તપના ફળ રૂપે ભોગોપભોગ ભોગવવાની ઇચ્છા માણસને વધુ થાય છે કારણ કે મોક્ષપ્રાપ્તિનું પોતાનું લક્ષ્ય ભૂલી જઈને સંસારમાં પોતાના કરતાં વધુ સાંસારિક સુખો ભોગવતા જીવોને જોઈને તેવું સુખ ભોગવવા જીવ લલચાય છે. એને પરિણામે ધનસંપત્તિ, સ્ત્રીપુત્રાદિક પરિવાર, સત્તા અને કીર્તિ વગેરેની અભિલાષા માણસને થાય છે. આવી અભિલાષા તીવ્ર બનતાં કયારેક સભાનપણે તો કયારેક અભાનપણે નિયાણું બંધાઈ જાય છે. ગૃહસ્થજીવન કરતાં સાધુજીવનમાં નિયાણું બંધાવાનો સંભવ વિશેષ છે, કારણ કે, સાધુનું સમગ્ર જીવન તપશ્ચર્યા રૂપ હોય છે. અલબત્ત, અન્ય પક્ષે સાચા સાધુજીવનમાં ગૃહસ્થ કરતાં ચિત્તની જાગૃતિનો સંભવ વિશેષ હોય છે એટલે કયારેક સાધુ જીવન કરતાં ગૃહસ્થજીવનમાં નિયાણાનો સંભવ વિશેષ હોય છે.

નિયાણું બાંધવાની બાબતમાં જૈન આગમ ગ્રંથોમાં સંભૂતિ મુનિ અને નદિષેણ મુનિનાં ઉદાહરણો સુપ્રસિદ્ધ છે. સંભૂતિ મુનિએ ઘણી કઠોર તપશ્ચર્યા કરી હતી અને તપસ્વી તરીકે તેમનું નામ ચારે બાજુ મશહૂર થઈ ગયું હતું. આવા મુનિને વંદન કરવા માટે અનેક લોકો આવવા લાગ્યા હતા. ખુદ સનતકુમાર ચક્રવર્તીને પણ આવા મુનિનાં દર્શન કરવા જવાનું મન થયું. પોતાના પરિવાર સાથે તેઓ ગયા અને વંદન કરવા લાગ્યા. એ વખતે સનતકુમાર ચક્રવર્તીની રાણીઓમાં સર્વશ્રેષ્ઠ રાણી-સ્ત્રીરત્ન જેવી રાણી સુનંદા જ્યારે વંદન કરતી હતી ત્યારે નીચા નમતાં તેના ચોટલાના વાળનો અગ્રભાગ સંભૂતિ મુનિને જરાક સ્પર્શી ગયો. આટલો સ્પર્શ થતાં જ સંભૂતિ મુનિને રોમાંચ અનુભવ્યો. તેમના મનમાં થયું કે આ સ્ત્રીના વાળનો જો આટલો પ્રભાવ હોય તો તે સ્ત્રી પોતે તો કેવી હશે? આવી કોઈ સ્ત્રી જન્માન્તરમાં પોતાને ભોગવવા મળે તો કેવું સારું? પરંતુ એવી રત્ન જેવી સ્ત્રી તો માત્ર ચક્રવર્તી રાજાઓને જ મળે. આથી સંભૂતિ મુનિએ નિયાણું બાંધ્યું: 'મેં જે કંઈ ઉગ્ર તપશ્ચર્યા કરી છે તેના ફળ રૂપે જન્માન્તરમાં મને ચક્રવર્તીપણું પ્રાપ્ત થાઓ' એ નિયાણાના પરિણામે પછીના એક જન્મમાં સંભૂતિ મુનિનો જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તી થાય છે અને સ્ત્રીસુખ ભોગવે છે. પરંતુ ચક્રવર્તીના જીવનમાં તો અનેક મોટાં પાપો કરવાના પ્રસંગો આવતા હોય છે. એટલે જ બધા ચક્રવર્તીઓ ભવાન્તરમાં નરક ગતિ પામતા હોય છે. તેવી રીતે બ્રહ્મદત્ત ચક્રવર્તી પણ નરક ગતિ પામે છે.

નદિષેણ મુનિ બીજા સાધુઓની વૈયાવચ્ચ કરવા માટે સુપ્રસિદ્ધ હતા. દેવો એમની કસોટી કરવા આવે છે અને એ કસોટીમાંથી પણ તે પાર પડે છે; પરંતુ એક વખત રૂપવતી રમણીઓને જોતાં યુવતીજનવલ્લભ થવાનું તેમને મન થાય છે. પરિણામે તેઓ

પણ એવું જ નિયાણું બાંધે છે. એમનું તપ ઓટલું મોટું હતું કે જન્માન્તરમાં તેઓ ચક્રવર્તી બને છે, પરંતુ પરિણામે ત્યાર પછી ભવાન્તરમાં તેઓ દુર્ગતિ પામે છે.

જૈન કર્મસિદ્ધાંત પ્રમાણે જેટલા ચક્રવર્તીઓ થાય છે તેટલા હમેશાં પૂર્વભવમાં નિયાણ બાંધવાપૂર્વક ચક્રવર્તી થાય છે અને ચક્રવર્તી થયા પછી ભવાન્તરમાં તેઓ અવશ્ય નરકે જાય છે. એટલા માટે કહેવાયું છે કે જેટલા વાસુદેવો અને પ્રતિવાસુદેવો (અથવા બલરામ) થાય છે તેમાં વાસુદેવ હમેશાં નીચ ગતિવાળા બને છે અને પ્રતિવાસુદેવ ઉર્ધ્વ ગતિવાળા બને છે.

उद्धंगामी रामा केसव सव्वेवि जं अहोगामी ।
तित्थवि नियाण कारण मइडं अमइउं इमं वज्जे ।।

(બધા બલદેવ ઉર્ધ્વગતિવાળા હોય છે અને બધા વાસુદેવો નીચ ગતિવાળા હોય છે. ત્યાં પણ એ નિયાણું જ કારણ જાણવું. માટે નિયાણાને વર્જવું.)

જૈન પાંડવકથા પ્રમાણે દ્રૌપદીને પાંચ પતિ પ્રાપ્ત થાય છે તે પૂર્વજન્મનાં નિયાણાને કારણે. દ્રૌપદી પૂર્વભવમાં સુકુમાલિકા નામની રૂપવતી શ્રેષ્ઠી પુત્રી હતી. તે નિરુપાયે દીક્ષા લઈ સાધ્વી થાય છે. એક વખત પાંચ પુરુષો સાથે સમાગમ કરતી દેવદત્તા નામની વેશ્યાને જોઈને તેવા સુખની અભિલાષ થઈ જતાં સુકુમાલિકા સાધ્વીથી નિયાણું બંધાઈ જાય છે. પરિણામે જન્માન્તરમાં દ્રૌપદીના ભવમાં તેને પાંચ પતિ મળે છે.

કોઈક વખત કઠોર તપશ્ચર્યા ચાલતી હોય ત્યારે તપનો ઉલ્લાસ ઘટી જાય અને કષ્ટ સહન ન થાય તેવે વખતે તપશ્ચર્યા ન કરનાર એવા જીવો પોતાના કરતાં કેટલા બધા સુખી છે એવો ભાવ તીવ્રપણે સેવાય તો તેવે પ્રસંગે અજાણતાં નિયાણું બંધાઈ જાય છે.

'કુવલયમાળા' માં એક ઉંદરની કથા આવે છે. ખંદરમા તીર્થંકર ધર્મનાથ ભગવાન વિચરતા હતા ત્યારે એક વખત સમોવસરણમાં એક ઉંદર આવે છે અને તલ્લીન બનીને ધર્મનાથ ભગવાનની દેશના સાંભળે છે. એ ઉંદરને જોતાં જ બધાને એમ લાગે છે કે આ કોઈ જેવો તેવો જીવ નથી. ધર્મનાથ ભગવાનને તેના વિશે પૂછવામાં આવે છે ત્યારે તેઓ કહે છે, 'આ ઉંદરને અત્યારે જાતિસ્મરણજ્ઞાન થયું છે અને તેથી તે અહીં ઉપદેશ સાંભળવા આવ્યો છે. પૂર્વના એક ભવમાં તે રાજકુમાર હતો. તેણે દીક્ષા લીધી હતી. આરંભમાં તેને સાધુજીવન સારું લાગ્યું; પરંતુ રાજવૈભવમાં ઉછરેલા એવા તેને પછીથી તે ઘણું કઠોર અને કષ્ટપૂર્ણ લાગવા માંડ્યું. તેનાથી ઉગ્ર વિહાર અને તપશ્ચર્યા થતાં નહોતાં. એક દિવસ વિહાર કરતાં કરતાં રસ્તામાં એક ખેતરમાં આમતેમ આનંદપૂર્વક દોડાદોડી કરતા ઉંદરોને જોઈને તેના મનમાં ભાવ થાય છે કે 'મારા કરતાં આ ઉંદરો કેટલા બધા સુખી છે. એમને વિહારનું કોઈ કષ્ટ નથી કે ગોચરીની કોઈ ચિંતા નથી.' આટલો વિચાર આવતાં જ તે યુવાન સાધુથી નિયાણું બંધાઈ જાય છે અને તે હવે ઉંદર બન્યો છે; પરંતુ ઉંદરના ભવમાં તેને હવે જાતિસ્મરણ જ્ઞાન થયું છે અને પોતાના નિયાણા માટે પશ્ચાતાપ થાય છે.'

આવી રીતે કોઈક વખત તપશ્ચર્યા દરમિયાન બીજા કેટલાંક જીવોને ભોગોપભોગ ભોગવતા જોઈને પોતાના કરતાં તેઓ કેટલા બધા સુખી છે એવો તીવ્રભાવ જન્મે તો તે દ્વારા નિયાણું બંધાઈ જાય છે.

કોઈક વખત તપશ્ચર્યા દરમિયાન પોતાને બીજાના તરફથી કષ્ટ પડે અથવા તપશ્ચર્યામાં વિક્ષેપ પડે તો તેવે વખતે ક્રોધ જન્મે અને તે ક્રોધના ભાવમાં અશુભ નિયાણું બંધાઈ જાય છે. પોતાને સતાવનાર કે પોતાના તપમાં જાણતાં કે અજાણતાં વિક્ષેપ નાખનાર માનવ, વ્યકિત કે પશુપક્ષી વગેરે ત્રિર્યંચને મારવાનો કે મારી નાખવાનો ભાવ જન્મે છે અથવા કોઈક વખત એનું અહિત થાઓ એવો ભાવ પણ પેદા થાય છે. આ પ્રકારનું નિયાણું તે અશુભ અથવા અપ્રશસ્ત નિયાણ કહેવાય છે. હરિભદ્રસૂરિએ રચેલી સમરાદિત્ય કેવલીની કથામાં પુરોહિતપુત્ર અગ્નિશર્મા અને રાજકુમાર ગુણસેન વચ્ચે આ પ્રકારની ઘટના બને છે. પોતાના બેડોળપણાની અવહેલના રાજકુમાર કરે છે તે અગ્નિશર્મા સહન કરી લે છે. પરંતુ દીક્ષા લીધા પછી માસખમણનું પારણા કરાવવા નિમંત્રણ આપ્યા પછી ગુણસેન દ્વારા અજાણતાં સાધુ અગ્નિશર્માની જે અવહેલના થાય છે તેને પરિણામે ગુણસેનને ભવોભવ મારી નાખવાનું નિયાણું અગ્નિશર્મા બાંધે છે. આવું નિયાણું બાંધવાને પરિણામે અગ્નિશર્માની પછીના ભવોમાં ઉત્તરોત્તર દુર્ગતિ થાય છે જ્યારે ગુણસેન ઉત્તરોત્તર ચડિયાતી ગતિ પામી નવમા ભવમાં સમરાદિત્ય બની કેવળજ્ઞાન પામે છે.

દ્વૈપાયન નામના એક તાપસનો પણ અપ્રશસ્ત નિયાણાનો પ્રસંગ છે. એમની ઉગ્ર તપશ્ચર્યામાં વિક્ષેપ પડે છે. તેને પરિણામે આખી નગરીને બાળી નાખવાનું નિયાણું તે બાંધે છે અને તે નગરીને બાળી નાખે છે.

ભગવાન મહાવીર સ્વામીના સોળમા ભવમાં પણ નિયાણાની ઘટના બને છે. તેઓ વિશ્વભૂતિ નામના મુનિ છે. તપશ્ચર્યાને કારણે શરીર અશકત બની ગયું છે. રસ્તામાં ચાલતાં ગાયની અડફેટમાં આવતાં પડી જાય છે. તે વખતે કોઈક એમની મશ્કરી કરે છે ત્યારે આવેશમાં આવી જઈને ગાયને શિંગડાથી પકડી જોરથી આકાશમાં ઉછાળે છે અને નિયાણું બાંધે છે કે ભવાન્તરમાં એથી પણ વધુ શકિત પોતાને મળે. તેને પરિણામે અઢારમાં ભવમાં તેઓ ત્રિપૃષ્ઠ વાસુદેવ બને છે.

શ્રેણિક રાજા અને ચેલ્લાણા રાણીનો પુત્ર અજાતશત્રુ કોણિક પણ અપ્રશસ્ત નિયાણું બાંધે છે અને એ નિયાણાના પરિણામે પોતાના પિતા શ્રેણિક રાજાને મારી નાખે છે.

(આવતા અંકે સંપૂર્ણ)

અભ્યાસ વર્તુળ

આગામી કાર્યક્રમો

ડિસ. : ૯, ૧૦, ૧૧

વકતા : **ડૉ. રમણલાલ ચી. શાહ**

વિષય : **જૈન ધર્મની દૃષ્ટિએ શ્રાવકનો આચારધર્મ**

ડિસે. ૯, બુધ : અણુવ્રતો સાંજે ૬-૧૫

૧૦, ગુરુ : ગુણવ્રતો સાંજે ૬-૧૫

૧૧, શુક્ર : શિક્ષાવ્રતો સાંજે ૬-૧૫

(વંદિત્તા સૂત્રના આધાર પર)

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

સુબોધભાઈ એમ. શાહ

કન્વિનર અભ્યાસ વર્તુળ

લેખકોને સૂચના

(૧) 'પ્રબુદ્ધ જીવન' માટેનું મૌલિક અને અપ્રકાશિત લખાણ ફૂલસ્કેપ કાગળ ઉપર એક બાજુએ સ્વચ્છ અક્ષરે શાહીથી લખેલું હોવું જરૂરી છે.

(૨) 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ લખાણ માટે પુરસ્કાર આપવાનું ધોરણ સ્વીકાર્યું છે.

(૩) લખાણ કોઈ વખત ટપાલમાં ગેરવલ્લે જાય છે માટે પોતાનું લખાણ મોકલતાં પહેલાં તેની નકલ પોતાની પાસે રાખવાની લેખકોને ભલામણ છે.

(૪) અસ્વીકૃત લખાણ લેખકને પરત કરવામાં આવતું નથી તથા તેના અસ્વીકારનાં કારણોની ચર્ચા કરવામાં આવતી નથી. - તંત્રી

ખરા અર્થનું ધન્ય દામ્પત્ય

[] ક્રાન્તિ ભટ્ટ

આજે વિક્રમ સંવતનો પ્રથમ દિવસ છે. તે દિવસે એક અમેરિકન ઋષિ વીલ ડુરાઁની અનુસુયા જેવી પત્ની એરિયેલ ડુરાઁના અવસાનના ખબર વાંચ્યા. ૮૨ વર્ષની વયે જે દિવસે ગજરા-બહેન મોરારજીભાઈને છોડીને ચાલ્યા ગયા તે દિવસે જ એરિયેલ ડુરાઁ પણ સ્વર્ગે સિધાવ્યાં. મોરારજીભાઈના દામ્પત્ય સાથે વીલ ડુરાઁના દામ્પત્યની સરખામણી કરવાનો આશય નથી. મોરારજીભાઈ જાહેર જીવનને કારણે ગજરાબહેન કે કુટુંબનું ધ્યાન રાખી શકયા નથી ત્યારે વીલ ડુરાઁ જેવા ઈતિહાસકાર, ચિંતક, ફિલસૂફ અને મહાન વિદ્વાન જીવનની એકેએક ક્ષણ એરિયલ ડુરાઁ સાથે જીવતા હતા. તમારા ઘરમાં વીલ ડુરાઁના પુસ્તકો હોય તો કોઈ ગુરુની જરૂર રહેતી નથી. વિપિન પરીખની જેમ હું કોઈને ગુરુ માનતો નથી. વર્નર એરહાર્ડનો (એસ્ટવાળા) તો ગુરુ તરીકે નંબર જ લાગે નહિ. ત્યારે વીલ ડુરાઁ અને તેની પત્નીએ સાથેસાથ જે અમૂલ્ય ગ્રંથો લખ્યા છે તે કોઈ પણ વાચક માટે જીવનસાથી જેવા થઈ પડે તેવા છે. "ધી સ્ટોરી ઓફ સિવિલાઈઝેશન" નામના અદ્‌ભુત ગ્રંથની હારમાળા વીલ ડુરાઁ એ અને એરિયલ ડુરાઁએ સાથે મળીને લખેલી. એ ગ્રંથમાળા લખવા પતિ-પત્નીએ જગતભરનો સાથે પ્રવાસ કર્યો. બન્ને ભારત પણ આવી ગયેલાં અને રામકૃષ્ણ પરમહંસને પણ મળી ગયેલાં. "ધી સ્ટોરી ઓફ સિવીલાઈઝેશન"નો દસમો ગ્રંથ આ દમ્પતીએ લખ્યો તે પછી તેમને પુલીત્ઝરનું ઈનામ મળેલું.

રામનારાયણ પાઠક તેમની શિષ્યા સરોજબહેનને પરણેલા તે રીતે વીલ ડુરાઁ અમેરિકાની એક કોલેજમાં પ્રોફેસર હતા ત્યારે પંદર વર્ષની એરિયલને પ્રથમ દૃષ્ટિના પ્રેમ પછી પરણી ગયા હતા. તે માટે તેણે કોલેજની નોકરી છોડવી પડી હતી. છૂટાછેડા અને મુકત જાતીય વ્યવહારની વાતોથી ખદબદતા અમેરિકામાં જો તમે પચાસ વર્ષથી વધુ વર્ષોનું દામ્પત્ય જીવન ટાંકવા માગતા હો તો વીલ ડુરાઁ અને એરીયલ ડુરાઁના નામો ટાંકી શકો.

તમારા કોલેજમાં ભણતા પુત્ર-પુત્રીને અલંકારી છતાં હૃદયને ચોટ કરી જાય તેવું લેખન વંચાવવા માગતા હો તો વીલ ડુરાઁની "ટ્રાન્ક્વીલીટી" નામની માનસિક-આત્મકથા વંચાવજો. ખાસ કરીને વીલ ડુરાઁએ એરિયલ ઉપર એક પ્રકરણ લખ્યું છે તે જરૂર વંચાવજો. પ્રેમથી તરબોળ કરી નાખે તેવા આ પ્રકરણની મૂળ અંગ્રેજીમાં વર્ણવેલી લાગણીને રજૂ કરી શકાય નહિ. છતાં પ્રયાસ કરું છું:—

"એરિયલ જેવી મુગ્ધબાળા મારા વિચાર-વિશ્વની ભ્રમણકક્ષામાં થનગનતી આવી ગઈ. અમારા બન્ને વચ્ચે કેટલો વિરોધાભાસ! હું નર્યા જ્ઞાનનો ખાડકો અને એરિયલ એક ધબકતા જીવંત ઝરણા જેવી. [I was all learning and she was all life] મેં દસેક હજાર પુસ્તકો વાંચી કાઢ્યા હતાં. જ્યારે એરિયલે જીવનના સંધ્યો જ જાણ્યા હતા. કુદરતે તેના ઉપર વિતાવી હતી તેમાંથી જ તે શીખી હતી. પણ મેં ભણેલા પાઠ કરતાં તેણે અનુભવેલા પાઠ વધુ પાકા હતા. મારી ફિલસૂફી તો તેના અનુભવો આગળ ફોતરા જેવી હતી. રણિયાની ઝૂંપડપટ્ટીમાં તે ઉછરી હતી..."

આ પંદર વર્ષની મુગ્ધ બાળા, વીલ ડુરાઁ ને પરણવાનો સંકલ્પ કરીને બેઠા ત્યારે મળી હતી. ફ્રી સેકસ અર્થાત્ મુકત જાતીય જીવન ને લગતા વિચારોને વીલ ડુરાઁ પાકા કરતા હતા તે વિચારોનાં એરિયલે ફૂરચાફૂરચા ઉડાવી દીધા હતા. એરિયલ સાથે શારીરિક સામિપ્ય અનુભવ્યા પછી અને તેમના વિચારોના ફૂરચેફૂરચા ઉડ્યા તે પછી વીલ ડરાઁ કહે છે કે એરિયલને કારણે મારે ઘણું જતું કરવું પડ્યું... પણ "પ્રેમ માટે આપણે કોઈ પણ કિંમત ચૂકવવા તૈયાર રહેવું જોઈએ."

ફિલસૂફી અને પ્રેમને એક પાટલીએ સફળતાપૂર્વક સાથે બેસાડી શકાય તે વાત એરિયલે વીલ ડુરાઁ અને પશ્ચિમના તત્ત્વચિંતકોને શીખવી. એરિયલથી લગભગ બમણી ઉંમર ધરાવતા વીલ ડુરાઁએ

ફિલસૂફ એકલા ન રહી શકયા

વીલ ડુરાઁની પત્ની એરિયલ ડુરાઁ હજી દસેક દિવસ પહેલાં જ મૃત્યુ પામ્યા ત્યારે એરિયલ વિષે લેખ લખ્યો હતો. મોરારજીભાઈ અને વીલ ડુરાઁ સાથેસાથ વિધુર બન્યા હતા. વીલ ડુરાઁએ 'ધી સ્ટોરી ઓફ ફિલોસોફી' નામનું જગપ્રસિદ્ધ પુસ્તક લખ્યું તે પહેલાં કોલેજકાળમાં આપઘાત કરવાનો વિચાર કરેલો. જે કોલેજમાં તે ભણતા હતા તેના પ્રોફેસરે સમાજવાદ વિરુદ્ધ ભાષણ આપેલું તે ભાષણની કડક ટીકા વીલ ડુરાઁએ વિદ્યાર્થી તરીકે કરી એટલે તેમને કોલેજમાંથી કાઢી મુકાયા. સ્કોલરશિપ લઈને ગરીબ માબાપને ટેકો દેવા ભણનારા વીલ ડુરાઁએ ત્યારે પ્રોફેસરની માફી માગવાને બદલે કોલેજ છોડી દેવાનું નક્કી કર્યું અને પછી આ સ્થિતિ સહન ન થઈ ત્યારે આપઘાત કરવાનું વિચાર્યું હતું. એ આપઘાત થયો નહિ અને વીલ ડુરાઁ જગતને ઉત્તમ ગ્રંથો આપવા જીવ્યા.

તેમની પત્ની એરિયલ તેનાથી પંદરેક વર્ષે નાની હતી એટલે 'સ્ટોરી ઓફ ફિલોસોફી'નું પુસ્તક લખ્યા પછી તે પુસ્તકમાં તેમણે તેની પત્નીને ઉદ્દેશીને એક કવિતા પ્રસ્તાવનામાં છાપી:

મારા જીવનસાથી, તું મજબૂત બનજે
જેથી જ્યારે હું પડી જાઉં ત્યારે
તું મક્કમતાથી તારા પગ ઉપર ઊભી રહે
મને ખાતરી જ છે કે તું
અડીખમ ઊભી રહીશ
અને જીવનના વિખરાયેલા
મારા કાવ્યના ટુકડાઓને
એકત્રિત કરીને વધુ
સારા સંગીત રૂપે તું
એકલી એકલી ગાઈશ
અને ત્યારે હું સંતોષપૂર્વક
મારા આત્માને સાંત્વના દઈશ કે
જ્યાં હું અટકયો
ત્યાંથી તેં શરૂઆત કરી છે.

આ કવિતા એવા ભાવથી લખાયેલી કે એરિયલ પહેલાં જ પોતાનું મોત થશે. પણ લગભગ બન્ને જણે સાથે સાથે જ વિદાય લીધી છે. ચાલીસ વર્ષની ઉંમરે અમેરિકામાં થયેલા લોકોના નૈતિક અધઃપતનથી વીલ ડુરાઁ નિરાશ થયા નહોતા. તેમણે લખેલું:

"કદાચ શેકસપીયર કરતાં કોઈ વધુ મહાન આત્મા અને પ્લેટો કરતાં વધુ ભવ્ય મનવાળા માનવી જન્મવા માટે રાહ જોઈ રહ્યા છે ... જ્યારે આપણે વ્યકિત સ્વાતંત્ર્ય અને સંપત્તિને માન આપતાં શીખીશું ત્યારે જ આપણામાં અને રાષ્ટ્રમાં પુનર્જીવન આવશે."

૫૪ વર્ષ પહેલાંની તેની આ આશા હજી પણ પ્રેરણાદાયી બની રહે તેવી છે.

મિત્રો કે સમાજની દરકાર કરી નહિ. બન્ને લગ્ન પછી સાથે બહાર નીકળતા ત્યારે કોઇ માની લેતું કે એરિયલ એ વીલ ડુરૉની પુત્રી છે. લગ્ન પછી વીલ ડરૉએ તેની બચત ગણી તો માત્ર ૩૦૦ ડોલર હતા. એ બચતથી તેણે આ મુગ્ધાને, બેકારીને, યુનિવર્સિટીના ભણતરને અને જીવનની ફિલસૂફીને સાચવવાનાં હતાં.

ચર્ચનો ક્લાર્ક વીલ ડુરૉ અને એરિયલના લગ્ન રજિસ્ટર કરવા તૈયાર નહોતો. એરિયલના માતાપિતાની મંજૂરી જરૂરી હતી. કારણ કે એરિયલ સગીર વયની (૧૫) હતી. ક્લાર્કે કહ્યું, "વડા પાદરીને મળો." એરિયલની આંખમાં આંસુ આવી ગયાં. બન્ને વડા પાદરી પાસે ગયા. વીલ ડુરૉનું નામ પાદરીએ સાંભળ્યું હતું. તે તો વીલ ડુરૉ સાથે વિજ્ઞાન અને ફિલસૂફીની ચર્ચા કરવા માંડ્યા... પણ પછી પૂછ્યું, "તમે શેને માટે આવ્યા છો?" વીલ ડુરૉએ મુશ્કેલી સમજાવી. પાદરીએ ગંભીર થઈને પૂછ્યું. "તમે ખરેખર આ માસુમ બાળાને પરણવા માગો છો?" વીલ ડુરૉએ કહ્યું "મારામાં જેટલો પ્રેમ ભરેલો છે તે તેના પ્રેમ સાથે અને હૃદયની ઉત્કટતાથી હું તેને પરણવા માગું છું." પાદરીએ જાણે એક અનૂટ દામ્પત્યની દિવ્ય મૂર્તિઓ જોઇ હોય તેમ તેના લગ્ન રજિસ્ટર કરવાની છૂટ આપી. પાદરીએ પછી એરિયલને પહેરાવવાની વીંટી વીલ ડુરૉ પાસે માગી.

"વીંટી? કેવી વીંટી? વીંટીને તો હું સ્ત્રીને ગુલામીમાં રાખવાની હાથકડી માનું છું." ફીલસૂફે આમ કહ્યું ત્યારે એરિયલની માની લગ્નની વીંટી એરિયલની માએ વીલ ડુરૉને આપી અને સાસુની વીંટીથી બન્ને પરણ્યા. તે સમયે અમેરિકન કવિ વૉલ્ટર વ્હીટમેનનું વાક્ય ઉછીનું લઈને વીલ ડુરૉએ એરિયલને પૂછ્યું, "આપણે જીવનભર એકબીજાના સાથી બની રહેવાનું છે. આ તને ખબર છે?" એરિયલે જવાબ આપ્યો :

"મરણપર્યંત હું સાથે રહીશ" અને ખરેખર આ ૨૦મી સદીના ફટકીયા મોતી જેવા સંબંધોના વાતાવરણમાં એરિયલ મરણપર્યંત એરિયલ વીલ ડુરૉની ખરા અર્થમાં ધર્મપત્ની બની રહ્યાં.

લગ્ન પછી વીલ ડુરૉ અને એરિયલ બન્ને અમેરિકાના રાજકીય અને નૈતિક અધ:પતનથી સરખા વ્યથિત થયાં હતાં. "લોકશાહીનું નામ જ રહ્યું હતું. મુકત જમીન, મુકત વેપાર અને મુકત સ્પર્ધાને નામે મોટી મોટી કંપનીઓ ઇજારા લઈને બેસી ગઈ હતી. લોકશાહી અદૃશ્ય થઈ ગઈ હતી. લોકશાહીને અમે અર્થહીન ગણવા લાગ્યા. સમાજવાદ અને ખ્રિસ્તી ધર્મ એ બંને રાનમાં પોક મૂકવા જેવા વિચારો હતા. બળીયાના બે ભાગ જેવી સ્થિતિ હતી. સમાજ પણ વંઠી ગયો હતો. પ્રેમને નામે લોકો ચરી ખાતા હતા. પ્રેમનું બીજું નામ માલિકીભાવ હતું. બે પ્રેમીઓનું સંવનન જુઓ તો તેમાંથી પ્રેમ નીતરતો નહિ પણ બે જણ કસરત કરતા હોય તેવું લાગતુ હતું: લગ્નમાં પતિ માસ્ટર બની જતો. લગ્નજીવન પણ રોજિંદા ઢસરડા જેવું થઈ ગયું હતું. કુટુંબમાં સૌ સ્વાર્થી રીતે વર્તતા હતા. દયા કે પરોપકાર જાણે શાંતિ મેળવવા માટેની લાંચ જેવા દેખાતા હતા. ધર્મ જાણે મરણના ભય સામેની ઢાલ જેવો બની ગયો હતો. સ્થાન અને મોભો ટકાવવા માટે સૌનો અહંમ ભૂખ્યો ડાંસ ફરતો હતો."

ઉપરના અધોગતિના વાતાવરણમાં વીલ ડુરૉ અને એરિયલે તેમનું જીવનનૌકા હંકારવી ચિંતન અને લેખનમાં જ સમય વીતાવવા વીલ ડુરૉએ ઊંચા પગારની નોકરી છોડી સતત એરિયલ સાથે રહીને લેખન શરૂ કર્યું. એ દામ્પત્યની મીઠાશના પરિપાકરૂપે આપણને "ટ્રાન્ઝીશન", "ધી સ્ટોરી ઓફ ફિલોસોફી", "ધી પ્લેઝર્સ ઓફ ફિલોસોફી." "એડવેન્ચર્સ ઇન જિનીયસ" અને 'ધી સ્ટોરી ઓફ સિવિલાઇઝેશન'ના ૧૧ ગ્રંથો મળ્યા. ૭૦ વર્ષની વયે પણ વીલ ડુરૉ પત્નીની સાથોસાથ "ઇન્ટરપ્રીટેશન ઓફ લાઇફ" અને "ધી લેસન્સ ઓફ હિસ્ટરી" જેવાં ઘરેણાં જેવાં પુસ્તકો લખી શકયા. "સ્ટોરી ઓફ ફિલોસોફી" નામના પુસ્તકના ૯ ભાષાઓમાં અનુવાદ થયા. તેમાં હિન્દી ભાષા પણ આવી જાય છે.

પ્લેટો, સ્પીનોઝા, વોલ્ટેર, શોપેનહાયર અને નિત્શે જેવા ફિલસૂફોને અમેરિકામાં વધુ પ્રચલિત કરનારા વીલ ડુરૉ હતા, તેમણે ફિલસૂફીની વાર્તા લખ્યા પછી આ બધા જ ચિંતકોના જીવનચરિત્રોની લાખ્ખો નકલો ખપવા માંડી હતી. અમેરિકામાં ૧૯૩૦ની સાલમાં સ્ટોરી ઓફ ફિલોસોફીનું પુસ્તક ઘરમાં રાખવું તે ફેશન થઈ પડી હતી. શેરબજારના સટોડિયા ભયંકર મંદીમાં સપડાઈને અકીંચન થઈ ગયેલા ત્યારે સ્ટોરી ઓફ ફિલોસોફીને ગીતાની માફક વાંચીને સાંત્વના મેળવતા હતા.

આ દમ્પતી વચ્ચેનો પ્રેમ એટલો અદ્‌ભૂત હતો કે બન્નેને સાથે સાથે સરખી સ્ફૂરણા થતી. કલમ વીલ ડુરૉની ચાલે પણ વિચારો એરિયલના હોય. આવું અરસપરસ ચાલતું. લેખનમાં ડૂબીને વીલ ડુરૉ પત્ની કે બાળકને ભૂલ્યાં નથી. તેમની આત્મકથાનાં છેલ્લા પ્રકરણનું છેલ્લું વાકય આ પ્રમાણે છે:-

"હું આ મારું પુસ્તક પૂરું કરું છું. હું વાચકોને શુભેચ્છા પાઠવું છું. વાચકોની રજા લઉં છું. કારણ કે મારે હવે ટેબલ છોડીને નીચે જવું જોઇએ. મારે મારી પુત્રી એથલ અને એરિયલને હેત કરવા જવાનું છે."

શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

જૈન સાહિત્યના ક્ષેત્રે સક્રિય કાર્ય કરનારા ગુજરાતનાં શહેરોમાં ભાવનગરનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. આજથી અડધી સદી પૂર્વે તો ભાવનગર જૈન સાહિત્યિક પ્રવૃત્તિઓથી ઘણું ગાજતું હતું. શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને શ્રી યશોવિજય - જૈન ગ્રંથમાળા જેવી ત્રણ ત્રણ માતબર સંસ્થાઓ એકલા ભાવનગર શહેરમાં જ પોતપોતાની રીતે જૈન સાહિત્ય અંગે મહત્ત્વનું કાર્ય કરતી હતી, જેને પરિણામે સંખ્યાબંધ ઉત્તમ જૈન પ્રકાશનો આ સંસ્થાઓ તરફથી આપણને સાંપડ્યાં છે ત્યારે સ્વ. કુંવરજી આણંદજી કાપડિયા અને સ્વ. ગિરધર આણંદજી કાપડિયાની બંધુબેલડીએ ભાવનગરમાં ધાર્મિક જીવનને ઉલ્લાસમય બનાવી દીધું હતું. ત્યાર પછી મોતીચંદ કાપડિયા, ફતેહચંદ ઝવેરભાઈ, પરમાનંદ કાપડિયા, ખીમચંદભાઈ શાહ વગેરેના સમયમાં પણ ભાવનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઠીક ઠીક વેગ મળતો રહ્યો હતો.

આ પેઢીના અગ્રગણ્ય સંનિષ્ઠ કાર્યકર્તાઓમાંના એક તે શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ પણ છે. તેઓ થોડા સમય પહેલાં શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખપદેથી નિવૃત્ત થયા છે. આ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા તરફથી તાજેતરમાં તેમનું સન્માન કરવાનો કાર્યક્રમ ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ પ્રા. શ્રી ઇન્દુભાઇ ધ્રુવના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો, જેમાં અતિથિવિશેષ તરીકે ડૉ. કુમારપાળ દેસાઇ ઉપસ્થિત હતા.

શ્રી ગુલાબચંદભાઈએ વર્ષો સુધી ભાવનગરમાં મહોદય પ્રિન્ટિંગ પ્રેસ નામનું મુદ્રણાલય ચલાવ્યું હતું. જેમાં જૈન ધર્મનાં અનેક પુસ્તકો છપાયાં છે. એમણે શ્રી જૈન આત્માનંદ સભાદ્વારા પણ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં ઘણા પ્રકાશનો તૈયાર કરાવ્યાં છે, જેમાં તત્ત્વાદર્શ, બૃહત્ કલ્પસૂત્ર, ત્રિષષ્ટિશલાકા - પુરુષચરિત્ર કર્મગ્રંથ, વસુદેવ હિંડી, પ્રાકૃત વ્યાકરણ, સુપાર્શ્વનાથ ચરિત્ર, દ્વાદશાર નયચક્ર ઇત્યાદિ ઘણાં મહત્ત્વનાં છે. પ. પૂ. મુનિશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબે સંપાદિત કરેલો ગ્રંથ 'દ્વાદશાર નયચક્ર' તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતો ગ્રંથ છે.

શ્રી ગુલાબચંદભાઈ ૮૭ વર્ષની ઉંમરે હજુ સારું સ્વાસ્થ્ય ધરાવે છે અને ઘણું કામ કરે છે. તેઓ સ્વભાવે વિનમ્ર, મિલનસાર, પ્રસન્ન, નિખાલસ, ઉદાર, ઉત્સાહી અને સેવાભાવી છે. જૈન આત્માનંદ સભા ઉપરાંત એમણે વડવા જૈન મિત્ર મંડળ નામની સંસ્થાના પ્રમુખ તરીકે, ભાવનગર જૈન સંઘના મંત્રી તરીકે, વડવા વિસા શ્રીમાળી જૈન જ્ઞાતિના પ્રમુખ તરીકે અને યશોવિજય જૈન ગ્રંથમાળાના ઉપપ્રમુખ તરીકે પણ સુદીર્ઘ સમયની સેવા બજાવી છે અને પુષ્કળ લોકચાહના મેળવી છે.

શ્રી ગુલાબચંદભાઈને અમે સ્વાસ્થ્યમય અને ધર્મમય દીર્ઘાયુષ્ય ઇચ્છીએ છીએ.

★ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક-વૃતાંત ★

અમને જણાવતાં આનંદ થાય છે કે ...

મુંબઈ જૈન યુવક સંઘે ૫૩માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

સંઘના આજીવન સભ્યોની સંખ્યા ૧૨૮૦ છે. સામાન્ય સભ્યોની સંખ્યા ૨૭૦ છે અને પ્રબુદ્ધ-જીવનના ગ્રાહકોની સંખ્યા ૧૨૦૦ સુધી પહોંચી છે અને અમને જણાવતાં આનંદ થાય છે કે આ વર્ષે ચેટ્રન સભ્યોની નવી યોજના કરી તેની સંખ્યા ૧૨૫ સુધી પહોંચી છે.

હવે અમો આપની સમક્ષ ગત વર્ષનો એટલે કે ૧૯૮૦ના વર્ષનો વૃતાંત રજૂ કરીએ છીએ.

આ વૃતાંત વહીવટી દૃષ્ટિએ તા. ૧-૧-૮૦ થી ૩૧-૧૨-૮૦ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૧૪-૬-૮૦ના રોજ મળી હતી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૭-૧૧-૮૧ સુધીનો છે.

પ્રબુદ્ધ-જીવન

પ્રબુદ્ધ-જીવન આજે પ્રથમ હરોળના વૈચારિક પત્રોમાં આગવું સ્થાન ધરાવે છે. ભારતના આગેવાન બૌદ્ધિકોની તે પ્રસંશા પામી શક્યું છે અને પ્રબુદ્ધ-જીવને એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એનું આપણને ગૌરવ છે.

"પ્રબુદ્ધ જીવનની આર્થિક બાજુ"

વર્ષ દરમિયાન "પ્રબુદ્ધ-જીવન"ને રૂા. ૩૭૪૭૪-૫૦ની આવક થઈ (જેમાં પરમાણંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી ભેટ તરીકે મળેલા રૂા. ૫૦૦૦નો સમાવેશ થાય છે.) અને રૂા. ૬૩૦૩૦-૬૮નો ખર્ચ થયો, પરિણામે વર્ષાંતે રૂા. ૨૫૫૫૬-૧૮ની ખોટ આવી છે. આ વર્ષે આટલી મોટી ખોટ આવવાનું કારણ એ છે કે પ્રિન્ટિંગના ભાવમાં સો ટકાનો વધારો તેમ જ કાગળના ભાવમાં ચાલીસ ટકાનો વધારો આપવો પડયો છે.

આપણા આ પ્રકાશનને પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી દર વર્ષે રૂા. ૫૦૦૦ મળે છે તે માટે આપણે તેમના ખૂબ જ આભારી છીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

પુસ્તકાલયમાં ગત વર્ષ દરમિયાન રૂા. ૧૧૨૧૭-૯૫ના પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૫૪૫૫૧-૧૨નો ખર્ચ થયો છે અને આવક રૂા. ૩૩૭૭૧-૬૩ની થઈ છે (જેમાં મ્યુનિસિપાલિટીની રૂા. ૨૦,૦૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે વર્ષાંતે રૂા. ૨૦૭૭૯-૪૯ની ખોટ આવી છે. આગલા વર્ષોની ખોટ રૂા. ૩૧૧૨૮-૫૪ આ રકમ ઉમેરતાં એકંદરે ખોટ રૂા. ૫૩૫૨૫-૦૧ વર્ષાંતે ઊભી રહે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન વાચનાલય-પુસ્તકાલયને રૂા. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ આપે છે તે માટે અમો તેમના આભારી છીએ. એ વાત જણાવતાં અતિ હર્ષ થાય છે કે આગામી વર્ષ માટે પણ મ્યુનિસિપલ કોર્પોરેશને રૂા. ૨૫,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરી છે. આનો યશ કાર્યવાહક સમિતિના સભ્ય અને ઘાટકોપર વિભાગના કોર્પોરેટર શ્રી હરિલાલ ગુલાબચંદ શાહને ફાળે જાય છે આને માટે આપણે તેમના આભારી છીએ.

પુસ્તકાલયનું ફંડ રૂા. ૫૫૦૦-૦૦ છે. હાલ પુસ્તકાલય પાસે ૧૨૩૦૦ પુસ્તકો છે. પુસ્તકાલયમાંથી ફાટી ગયેલા અને અતિ જૂના એવા ૧૫૦૦ પુસ્તકો આપણે રદ કર્યા છે. પુસ્તકો વાંચવા માટે ઘેર લઈ જનાર પાસેથી રૂા. ૧૫ ડિપોઝીટ અને વાર્ષિક લવાજમના રૂા. ૧૦ તેમ જ છ માસિક લવાજમના રૂા. ૫ લેવામાં આવે છે.

વાચનાલયમાં એકંદરે ૯૮ સામયિકો આવે છે. તેમાં ૬ દૈનિક, ૨૮ સાપ્તાહિક, ૧૪ પાક્ષિક, ૪૧ માસિક અને ૯ વાર્ષિક આવે છે. ભાષાની દૃષ્ટિએ જોઈએ તો ૮૧ ગુજરાતી, ૮ હિન્દી, ૭ અંગ્રેજી અને ૨ મરાઠી સામયિકો આવે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૬-૯-૧૯૮૦ થી તા. ૧૪-૯-૧૯૮૦ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી પર આવેલા બિરલા ક્રિડા કેન્દ્રના સભાગૃહમાં યોજવામાં આવી હતી. જગ્યાની વિશાળતાને કારણે ઘણા જ વધારે શ્રોતાઓ લાભ લઈ શકયા હતા.

આ વખતની વ્યાખ્યાનમાળાના ખર્ચ પેટે મેસર્સ હિન્દુસ્તાન મિનરલ્સ પ્રોડકટસ પ્રા. લિ. વતી તેના ડાયરેકટરો શ્રી રાંપકભાઈ ચોકસી, શ્રી ગિરિશભાઈ ચોકસી તથા શ્રી અતુલભાઈ ચોકસી દ્વારા રૂા. ૧૧૦૦૦ની રકમ ભેટ મળી હતી તે માટે અમો તેમના ઋણી છીએ. વ્યાખ્યાનમાળાનો એકંદર ખર્ચ રૂા. ૧૫૭૧૪-૫૦ નો થયો હતો.

દર વખતની માફક આ વખતની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડો. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું અને તેમણે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં નીચેના વકતાઓને નિમંત્રવામાં આવ્યા હતા. તેમના વ્યાખ્યાન-વિષયો તેમના નામોની સામે નીચે પ્રગટ કરવામાં આવ્યા છે.

શ્રી શશિકાન્ત મહેતા	જીવનમુકિતનો મંત્ર-નમસ્કાર
પૂજ્ય સાધ્વી શ્રી દિવ્યપ્રભાજી	સાધનાસિદ્ધિનું સોપાન
	સરણં પવજ્જામિ
શ્રી જગદીશભાઈ શાહ	ધર્મ અને વિજ્ઞાન
પ્રા. પુરુષોતમ ગણેશ માવળંકર	અસત્યમેવ કરતે
શ્રીમતી અંજનાબેન સોનાવાલા	ગીતાનો સંદેશ
ડો. કુમારપાળ દેસાઈ	મૌનની વાણી
વ્યાસ શ્રીપ્રકાશ ત્રિપાઠી	રામચરિત માનસ
શ્રીમતી મૃણાલિની દેસાઈ	જયોર્જ વૉશિંગ્ટન કાર્વર : એક કર્મયોગી
ડો. મધુસૂદન પારેખ	સુખની શોધમાં
પ્રો. રમેશભાઈ ભટ્ટ	પૂજ્ય શ્રી મોટાનું જીવનકાર્ય
ડો. કાન્તિલાલ કાલાણી	નિષ્કામ કર્મયોગ
ડો. સુરેશ દલાલ	હરમાન હેસ
આચાર્યશ્રી ચીનુભાઈ નાયક	કર વિચાર, તો પામ
ફાધર વાલેસ	દક્ષિણ આફ્રિકામાં પ્રવાસમંથન
પ્રા. તારાબેન શાહ	સામાયિક
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	મહાવીર, કૃષ્ણ અને ગાંધીજી
ડો. રમણલાલ ચી. શાહ	ક્ષમાપના
શ્રી મોરારજી દેસાઈ	ધર્મ અને વ્યવહાર
શ્રી ભરત પાઠક અને કલાવૃંદ	ભકિત-સંગીત

વસન્ત-વ્યાખ્યાનમાળા

છેલ્લા તેર વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ "વસન્ત વ્યાખ્યાનમાળા" ફલોરા ફાઉન્ટન પાસે આવેલા "તાતા ઓડિટો-

રિયમમાં આપણા સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એપ્રિલ માસની ૬-૪-૮૧ થી ૯-૪-૮૧ સુધી એમ ચાર દિવસ માટે યોજવામાં આવી હતી. તેમાં "પાર્લામેન્ટરી પદ્ધતિ કે પ્રમુખશાહી:" એ વિષય ઉપર બે વકતાઓના અને "અનામત બેઠકો" એ વિષય ઉપર બીજા બે વકતાઓના-એમ નીચેના ચાર વકતાઓના વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતા.

વકતા	: વિષય :
(૧) શ્રી એન. એ. પાલખીવાલા	'પાર્લામેન્ટરી પદ્ધતિ કે પ્રમુખશાહી?'
(૨) જસ્ટિસ જે. સી. શાહ	" "
(૩) ડો. મીસ આલુ દસ્તુર	"અનામત બેઠકો"
(૪) શ્રી એચ. એમ. સીરવાઈ	" "

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ "સંચાલિત અને ખંભાત નિવાસી સ્વ. મહાસુખભાઈ શાહ પ્રેરિત–

"પ્રેમળ જ્યોતિ"

આ પ્રવૃત્તિ સંઘે તા. ૨૧-૧૦-૭૬ના રોજ શરૂ કરી. તેના કન્વિનર તરીકે શ્રીમતી નીરુબેન સુબોધભાઈ શાહ તેમ જ તેમના સહાધ્યાયી તરીકે શ્રીમતી કમલબેન પીસપાટી ખૂબ જ સારી રીતે કામગીરી બજાવી રહ્યાં છે. તેમને અન્ય ભાઈ બહેનોનો પણ સારો સહકાર સાંપડી રહ્યો છે એટલે દિવસાનુદિવસ આ પ્રવૃત્તિને લોકોનો પણ સારો એવો સાથ મળી રહ્યો છે.

આ પ્રવૃત્તિમાં થોડા પાસાં આપણે ઉમેર્યાં છે, તેમાં ખાસ કરીને બાળકોને દત્તક લઈને તેમને વિદ્યાભ્યાસમાં મદદરૂપ બનીએ છીએ. વિવિધ સંસ્થાઓની મુલાકાત લઈને તેમની તાત્કાલિક જરૂરિયાતોમાં પણ આપણે આપણી શકિત પ્રમાણેનું પ્રદાન કરીએ છીએ.

આ વર્ષમાં દાદર સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ નામની સંસ્થાની મુલાકાત લીધા બાદ આ અંધશાળાના સામાજિક કાર્યકર કુમારી પરિમલા ભટ્ટ જેઓ જન્મથી અંધ છે. છતાં પરદેશની મુલાકાતે ભારતના પ્રતિનિધિ તરીકે જઈ આવેલા તેમના સન્માનને લગતું. "સીમિત આકારનું" આયોજન "બ્રિસ્ટોલ" હોટલમાં રાખવામાં આવ્યું હતું. ત્યારે સ્કૂલની અંધ બહેનોને આર્થિક ટેકા રૂપે રૂા. ૯૦૦૦ની રકમનું પ્રદાન કરવામાં આવ્યું હતું.

આ ખાતામાં આગલે વર્ષે રૂા. ૧૫૬૯૨–૪૭ની પુરાંત હતી. વર્ષ દરમિયાન ભેટના રૂા. ૭૫૩૭૪–૭૫ મળ્યા. એકંદર રકમ રૂા. ૯૧૦૬૭–૨૨ થઈ તેમાંથી રૂા. ૫૦૦૦૦–૦૦ રિઝર્વ ફંડમાં લઈ ગયા. એટલે બાકી રકમ રૂા. ૪૧૦૬૭–૨૨ની રહી. તેમાંથી વર્ષ દરમિયાન રૂા. ૨૦૪૦૦–૦૦ ખર્ચ થયો તે બાદ કરતા વર્ષની આખરે આ ખાતામાં રૂા. ૨૦૬૬૭–૨૨ની પુરાંત રહી. આ ઉપરાંત આ ખાતાના રિઝર્વ ફંડમાં રૂા. ૭૭૦૦૦–૦૦ જમા રહ્યા.

શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ

ઉપરોકત ટ્રસ્ટમાં આગલા વર્ષમાં રૂા. ૩૮૪૩૬–૨૮ની પુરાંત હતી. વર્ષ દરમિયાન રૂા. ૨૨૪–૦૦ ભેટના અને રૂા. ૧૦૫–૦૦ મહાવીર વાણી પુસ્તકના વેચાણના તથા વ્યાજના રૂા. ૩૮૪૦–૦૦ આવ્યા. આ ત્રણે રકમ તેમાં ઉમેરતા રૂા. ૪૨૬૦૫–૨૮ રહ્યાં. આ વર્ષે "નિન્હવવાદ" નામનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું તેના ૫૦૦ નકલોનો રૂા. ૨૩૦૧ ખર્ચ આવેલ છે. તે બાદ કરતા વર્ષની આખરે રૂા. ૪૦૩૦૪–૨૮ રહ્યા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત "વિદ્યાસત્ર પ્રવૃત્તિ"

ગયા વર્ષે આ ખાતામાં રૂા. ૧૦૭૨૮–૯૫ જમા હતા. તેમાં રૂા. ૯૨૩૫–૫૫ વિદ્યાસત્ર આવક ખાતે હવાલે નાખ્યો. તેમની મૂળ રકમ સરખી કરવા એટલે એ રકમ રૂા. ૧૯૯૬૪–૫૦ થઈ તેમાં ચાલુ વર્ષના વ્યાજના રૂા. ૨૧૦૦–૦૦ ઉમેરતા રૂા. ૨૨૦૬૪–૫૦ થયા. તેમાંથી ચાલુ વર્ષમાં વિદ્યાસત્ર અંગે રૂા. ૧૦૫૯–૫૦નો ખર્ચ થયો તે બાદ કરતા વર્ષની આખરે રૂા. ૨૧૦૦૫–૦૦ની પુરાંત રહી. આ ખાતામાં નવા વર્ષ જાન્યુઆરીમાં રૂા. ૧૯૭૨–૪૦નો ખર્ચ થયો છે. તે બાકી લેણા ખાતે ઊભો રાખ્યો છે એટલે એકંદરે ખર્ચ રૂા. ૩૦૩૧–૯૦ થયો ગણાય.

વિદ્યાસત્રના પાંચમા વર્ષની વ્યાખ્યાનમાળા જાન્યુઆરી માસની ૭-૮-૯ તારીખોએ બ્રુસ સ્ટ્રીટમાં આવેલા બોમ્બે હાઉસના "તાતા ઓડીટોરિયમ"માં ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. "માનવને ઉગવા દઈએ"એ વિષય ઉપર ડો. ગુણવંત શાહે ત્રણ વ્યાખ્યાનો આપ્યા હતાં.

ત્રણે દિવસ શ્રોતાઓની હાજરી સારી હતી. ત્રણે દિવસના વ્યાખ્યાનો ખૂબ ખૂબ રસપ્રદ નિવડ્યા હતાં.

"જીવનઘડતરલક્ષી પ્રવૃત્તિ"

શ્રી ચુનીલાલ ધરમશી આનંદપરા તથા તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૫૦૦૦નું દાન આ પ્રવૃત્તિ માટે મળેલું. ગયા વર્ષે આ ખાતામાં રૂા. ૨૯૭૪–૮૦ રહે છે. આ વર્ષે તેમની ઘરની લાયબ્રેરીમાંથી શ્રી ચન્દ્રકાન્તભાઈએ થોડા પુસ્તકો ભેટ પણ મોકલ્યા છે.

અભ્યાસ–વર્તુળ

સંઘની આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે. આ વર્તુળના કન્વિનર તરીકે શ્રી સુબોધભાઈ એમ. શાહ સારી રીતે સંચાલન કરી રહ્યા છે, તેમનો અમે આભાર માનીએ છીએ.

વર્ષ દરમિયાન યોજાયેલાં પ્રવચનો

(૧) વકતા-શ્રી પ્રવીણભાઈ કામદાર (ડેપ્યુટી મ્યુ. કમિશનર)
વિષય- આપણા નગરનાં ત્રણ પ્રશ્નો
તારીખ : ૧૨-૮-૮૦

(૨) વકતા–શ્રી વિપિન પરીખ અને શ્રી રસિક શાહ
વિષય– E.S.T. એક અનુભવ
તારીખ ૯-૧૦-૮૦

(૩) વકતા–શ્રી ચીમનભાઈ દવે
(ભૂતપૂર્વ પ્રી. એન. એલ. હાઈસ્કૂલ – મલાડ)
વિષય– જીવન; ગતિ અને પ્રગતિ
તારીખ ૧૬-૧૦-૮૦

(૪) વકતા–શ્રી ચીનુભાઈ ગી. શાહ
(તંત્રી : સ્વસ્થ માનવ)
વિષય– Figure & Fitness
તારીખ ૨૪-૧૧-૮૦

(૫) વકતા–શ્રી તુલસીદાસ વિશ્રામ
વિષય–ભગવાન શ્રીકૃષ્ણ: એક પ્રેમીની દૃષ્ટિએ
તારીખ ૧૦-૧૨-૮૦

(૬) વકતા–હેલ ડાઈઝેન
વિષય– E.S.T. ટ્રેનિંગ અને માનવ સંબંધો
તારીખ ૯-૨-૮૧

(૭) વકતા-શ્રી હરજીવન થાનકી
વિષય– જીવન વિશેનું ચિંતન
તા.: ૬-૫-૮૧

વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો

(૧) વકતા–ડૉ. રમણલાલ ચી. શાહ
વિષય: સોવિયેટ રશિયાની સફરના અનુભવો
તારીખ ૨૧-૮-૮૦

(૨) વક્તા-ડૉ. રમણલાલ ચી. શાહ

વિષય-જાપાન કોરિયા અને ફિલિપાઈન્સના પ્રવાસના અનુભવો

તારીખ ૨૩-૧૨-૮૦

આ ઉપરાંત

- તા. ૧૫ ઑગસ્ટ ૧૯૮૦ના રોજ "પ્રેમળ જ્યોતિ" અને ઈન્ટરનેશન ટ્રાવેલર્સ કલબના સંયુક્ત ઉપક્રમે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં "રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે ૬૮ બાટલીઓ રક્ત પ્રાપ્ત થયું હતું.
- તા. ૨૮-૯-૮૦ના રોજ વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહનું સન્માન તથા સંઘના પેટ્રન મેમ્બરોના મિલનને લગતો એક સમારંભ દાદરમાં આવેલ "નવનીત પ્રકાશન"ની ઓફિસમાં રાખવામાં આવ્યો હતો.
- તા. ૧૧-૧૧-૮૦ના રોજ "પ્રેમળ જ્યોતિ"ની પ્રવૃત્તિને પાંચ વર્ષ પૂરા થતાં હોઈ ધનતેરસના દિવસે પ્રેમળ જ્યોતિની બહેનોએ સાયન હોસ્પિટલ ગવરમેન્ટ રિમાન્ડ હોમ-માનખુર્દ, બાળકલ્યાણ નગરી, જૈન કલીનીક- આટલી સંસ્થાઓની મુલાકાત લેવામાં સવારના ૮ થી સાંજના ૫ વાગ્યા સુધીનો સમય ગાળ્યો હતો અને દરેક જગ્યાએ યોગ્ય પ્રદાન કરવામાં આવ્યું હતું.
- પ્રેમળ જ્યોતિની બહેનો જૈન કલીનીકમાં દર શનિવારે જાય છે અને જરૂરિયાતવાળા દરદીઓની તપાસ કરીને સહાય આપવાનું નક્કી કરે છે. આ રીતે જ્યારે બહેનો જૈન કલીનીકમાં જાય છે ત્યારે કલીનીકના હાઉસ સર્જન ડૉ. કાંતિભાઈ સાંઘાણીનો દરેક પ્રકારનો સહકાર બહેનોને મળી રહે છે. તે માટે અમો તેમનો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.
- તા. ૮-૧૨-૧૯૮૦ના રોજ પંડિત સુખલાલજી જન્મ શતાબ્દીના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પરિચય ટ્રસ્ટ તેમ જ અન્ય સંસ્થાઓના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આપણા મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સંઘની સતત ૨૫ વર્ષ મંત્રીતરીકે રહીને સેવા કરી તથા બીજી અનેક સંસ્થાઓમાં રસપૂર્વક કાર્ય કર્યું એ નિમિત્તે આપણા ઉપપ્રમુખ શ્રી રસિકભાઈ ઝવેરી તથા શ્રી ચીમનભાઈના મિત્રો, સાથી કાર્યકરો તેમ જ શુભેચ્છકો દ્વારા તા. ૩-૧-૮૧ના રોજ સાંજના બિરલા ક્રિડા કેન્દ્રમાં એક સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો.
- તા. ૧૧-૩-૮૧ના રોજ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને ૭૯ વર્ષ પૂરા થયા ત્યારે સંઘ દ્વારા એક અભિવાદન સમારોહ યોજવામાં આવેલ ત્યારે શ્રી ચીમનભાઈએ પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ માટે રૂ. ૧૦,૦૦૦ મેળવી આપવાની જાહેરાત કરી હતી. તે માટે સંઘ તેમનો આભારી છે.
- તા. ૧૭-૪-૮૧ના રોજ સ્વ. પરમાનંદભાઈની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે તેમના કુટુંબીજનો તરફથી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વ્યાખ્યાનોની કેસેટો

સંઘ દ્વારા યોજાતા પર્યુષણ વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનોની કેસેટો આપણે તૈયાર કરાવીએ છીએ. સભ્યો તે વ્યાખ્યાનો પોતાને ઘેર સાંભળી શકે તે માટે એ કેસેટો નજીવું ભાડું લઈને ઘેર આપવાની વ્યવસ્થા સંઘદ્વારા કરવામાં આવી હતી.

શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘના નિયમ પ્રમાણે આ સભાગૃહ વિવિધ સંસ્થાઓને નામના ભાડાથી આપવામાં આવે છે. આ કારણે ઘણી સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે છે. વિશેષ કરી બહેનોની સંસ્થાઓ આનો લાભ લે છે. નાની સંસ્થાઓ માટે આ સભાગૃહ આશીર્વાદરૂપ બની રહ્યું છે. વર્ષ દરમિયાન સભાગૃહ અંગેની આવક રૂ. ૧૮૩૩ થઈ હતી.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૮ સભાઓ બોલાવવામાં આવી હતી.

ગત વર્ષ દરમિયાન સંઘને રૂ. ૫૦૧૧૯–૧૬ની આવક થઈ હતી અને રૂ. ૪૫૪૬૬–૮૮નો ખર્ચ થયો હતો. સરવાળે રૂ. ૪૬૫૨.૨૮નો વધારો રહ્યો હતો. ટ્રસ્ટોને વ્યાજના રૂ. ૮૨૪૦ ચૂકવ્યા તેનો આ ખર્ચમાં સમાવેશ થઈ જાય છે.

સંઘના જનરલ ફંડમાં ગયા વર્ષે રૂ. ૧૩૫૭૫–૮૮ બાકી દેવા ઊભા રહ્યા હતા. તેમાં આ વર્ષની પ્રબુદ્ધ જીવનની ખોટ રૂ. ૨૫૫૫૬–૧૮ની ઉમેરતા તે રકમ રૂ. ૩૯૧૩૨–૦૬ થઈ. તેમાંથી સંઘનો વધારો રૂ. ૪૬૫૨–૨૮ બાદ કરતા વર્ષની આખરે આ ખાતામાં રૂ. ૩૪૪૭૯–૭૮ ઊભા રહે છે.

આપણું રિઝર્વ ફંડ ગયા વર્ષે રૂ. ૫૫૪૮૧૦–૧૮નું હતું, તેમાં ચાલુ વર્ષમાં આજીવન સભ્યોના લવાજમના રૂ. ૧૮૫૭૪ આવ્યા તે ઉમેરતા રૂ. ૫,૭૩,૩૮૪–૧૮ થયા. તેમાંથી આ વર્ષે જે આજીવન સભ્યો પેટ્રન સભ્ય થયા તેમને રૂ. ૨૫૧ મજરે આપવા પડ્યા તે રકમ રૂ. ૧૯૦૦૪ તેમાંથી બાદ કરતા રૂ. ૫,૫૪૩૮૦-૧૮ રહ્યા. પેટ્રન સભ્યોના લવાજમના રૂ. ૨૭૫૦૦૩-૦૦ આવ્યા તે તેમાં ઉમેરતા રૂ. ૮,૨૯,૩૮૩–૧૮ આ ખાતામાં વર્ષની આખરે જમા રહે છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂ. ૨૨૭૩–૨૫નું હતું તે તેમજ રહે છે.

આપણી પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિનો સારો વિકાસ થઈ રહ્યો છે. તેનો વધારે વિકાસ થાય એવો અવકાશ છે અને તે માટે અમારા પ્રયત્નો ચાલુ છે.

સંઘના કાર્યક્રમોને સારી પ્રસિદ્ધિ આપવા માટે ગુજરાતી દૈનિક તેમ જ "જૈન" પત્રોનો અમો આભાર માનીએ છીએ.

કાર્યવાહક સમિતિના સૌ સભ્યોએ અમને જે પ્રેમભર્યો સહકાર આપ્યો છે એ માટે અમો તેઓ સૌના ખૂબ જ આભારી છીએ. સૌનો સહકાર, પ્રેમ અમને કામ કરવાની પ્રેરણા અને જોમ આપશે અને અમારા ઉત્સાહમાં વધારો કરશે.

અંતમાં, આપણા સંઘની પ્રવૃત્તિઓ હજુ વધારે વેગ પકડે અને તેનો વધારે ને વધારે વિકાસ થતો રહે એમ કરવાનું અમને બળ મળે એવી અમારી ઈશ્વરને પ્રાર્થના છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

સંઘની વાર્ષિક સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૭-૧૧-૮૧ના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

તેમાં ગત વાર્ષિક સભા તા. ૧૪-૬-૮૦ની મિનિટ્સ વાંચવામાં આવી હતી અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

ત્યારબાદ નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું.

સંઘનો વાર્ષિક વૃત્તાંત તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયના ૧૯૮૦ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યા અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

ત્યારબાદ ૧૯૮૧ના વર્ષ માટેના અંદાજપત્રો રજૂ કરવામાં આવ્યા અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

ત્યાર બાદ ચાલુ વર્ષ ૧૯૮૧ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને પંદર સભ્યોની ચૂંટણીને લગતું કામ હાથ ધરવામાં આવ્યું.

ચૂંટણીનું પરિણામ

ગયા વર્ષે કાર્યવાહક સમિતિના ૨૫ સભ્યો હતા, તેમાંથી પાંચ

અધિકારીઓની ચૂંટણીનું કામ હાથ ધરતા, ગયા વર્ષે જે અધિકારીઓ હતા તેમને જ ચાલુ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

બાકીના ૨૦ સભ્યો ગયા વર્ષે હતા તેમના નામો વાંચવામાં આવ્યા. હાજર સભ્યોને બેલેટ પેપરો આપવામાં આવ્યા અને એકંદર ૨૦ નામોમાંથી ૧૫ સભ્યોનો ચૂંટવાનું કહેવામાં આવ્યું. જેનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું;

એટલે હવે ૧૯૮૧ના વર્ષ માટે કાર્યવાહક સમિતિ નીચેના સભ્યોની રહેશે:

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ–પ્રમુખ
શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી–ઉપપ્રમુખ
શ્રી પ્રવીણચન્દ્ર કે. શાહ–કોષાધ્યક્ષ
શ્રી ચીમનલાલ જે. શાહ–મંત્રી
શ્રી કે. પી. શાહ–મંત્રી
શ્રીમતી નીરુબહેન સુબોધભાઈ શાહ–સભ્ય
પ્રા. રમણલાલ ચી. શાહ ,,
શ્રી સુબોધભાઈ એમ. શાહ ,,
શ્રી એ. જે. શાહ ,,
શ્રી અમર જરીવાળા ,,
શ્રીમતી કમલબહેન પીસપાટી ,,
શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ ,,
શ્રી ટોકરશી કે. શાહ ,,
શ્રી દામજીભાઈ વેલજી શાહ ,,
શ્રીમતી તારાબહેન આર. શાહ ,,
શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ ,,
શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ ,,
શ્રી મફતલાલ ભીમચંદ શાહ ,,
શ્રી ગુણપતલાલ મગનલાલ ઝવેરી ,,
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ ,,

નોંધ:

કાર્યવાહક સમિતિમાં પાંચ સભ્યોની પુરવણી–શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય સમિતિ તેમ જ તેના મંત્રીની નિમણૂક હવે પછી કરવાની હોવાથી તેની વિગત આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

* વ્યાખ્યાનમાળા દરમિયાન થયેલા સંઘના નવાં આજીવન સભ્યો *

૧ શ્રી સુંદરજી એમ. મારુ
૨ ,, ચંદ્રાબેન હરસુખભાઈ શાહ
૩ ,, જયંત મફતલાલ શાહ
૪ ,, અમૃતલાલ જીવાચંદ શાહ
૫ ,, ડૉ. કિરણ જયંતીલાલ શાહ
૬ ,, જાંતીલાલ શામજી ગોસર
૭ ,, કાંતિલાલ હરિભાઈ દેસાઈ
૮ ,, કિશોર રામજી શાહ
૯ ,, શાંતિલાલ કે. ગોસર
૧૦ ,, દિનકર અમૃતલાલ કોઠારી
૧૧ ,, ભરત પી. શાહ
૧૨ ,, વિજય ઈશ્વરલાલ શાહ
૧૩ ,, વાસંતીબેન દાણી
૧૪ ,, બંકિમભાઈ દાણી
૧૫ ,, રાજેશ કે. શાહ
૧૬ ,, અશ્વિન બી. મહેતા
૧૭ ,, આર. જે. તુરખીયા
૧૮ ,, મનહરલાલ ગોવિંદજી શાહ
૧૯ ,, નટવરલાલ શાહ
૨૦ ,, જે. આર. મહેતા
૨૧ ,, તૃપ્તિબેન એસ. કાપડિયા
૨૨ ,, મુકેશ એ. શાહ
૨૩ ,, ભૂપેન્દ્ર એચ. શાહ
૨૪ ,, માવજી શીવજી ગડા
૨૫ ,, સવિતાબેન નગીનદાસ કંપાણી
૨૬ ,, ટોકરસી મુલજી ગડા
૨૭ ,, મંગલદાસ તુલસીદાસ શાહ
૨૮ ,, નરેન્દ્રકુમાર સેવંતીલાલ શાહ
૨૯ ,, ભરતકુમાર નેમચંદ શાહ
૩૦ ,, રસિકલાલ કે. શાહ
૩૧ ,, જગદીશભાઈ એસ. ઝવેરી
૩૨ ,, ડાહ્યાલાલ દલીચંદ વખારિયા
૩૩ ,, ભૂપતરાય છગનલાલ વીરાણી
૩૪ ,, મીતાબેન પ્રદીપભાઈ ઝવેરી
૩૫ ,, વસંતભાઈ કાન્તિલાલ શાહ
૩૬ ,, ભૂમિતા કાપડિયા
૩૭ ,, એસ. આઈ. મરચંટ
૩૮ ,, શિરીષભાઈ કામદાર
૩૯ ,, દિલપી એલ. લાલકા
૪૦ ,, પ્રવીણભાઈ ખેમચંદ
૪૧ ,, સુરેન્દ્ર તુલસીદાસ
૪૨ ,, મુગટલાલ વી. શાહ
૪૩ ,, જે. નંદા
૪૪ ,, રમેશભાઈ ન્યાલચંદ મહેતા
૪૫ ,, લક્ષ્મીચંદ ભાણજી નાગડા
૪૬ ,, સુલોચનાબેન એમ. શાહ
૪૭ ,, બિન્દુ હ. મહેતા
૪૮ ,, હેમલતાબેન શશીકાંત શાહ
૪૯ ,, નવીનચંદ્ર ઉમેદચંદ શાહ
૫૦ ,, સુરેન્દ્ર નાનજી નન્દુ
૫૧ ,, પ્રભુજી એસ. પટેલ
૫૨ ,, છોટાલાલ જે. દોશી
૫૩ ,, અશ્રુબેન શાહ
૫૪ ,, લલિતભાઈ સૂરજમલ શાહ
૫૫ ,, શામજી કોરશી વીરા
૫૬ ,, બંસરી પારેખ
૫૭ ,, પ્રફુલ્લચંદ રાયચંદ ઝવેરી
૫૮ ,, ઈન્દુમતીબેન એચ. મણિયાર
૫૯ ,, સરોજબેન ઘાટલિયા
૬૦ ,, હસમુખભાઈ એમ. શાહ
૬૧ ,, જયસુખ ટી. પારેખ
૬૨ ,, અમીશ હિમતભાઈ ખારા
૬૩ ,, અમુભાઈ વી. દોશી
૬૪ ,, રશ્મીકાંત હીરાલાલ શાહ
૬૫ ,, હર્ષદરાય હીરાલાલ શાહ
૬૬ ,, અનોપ આર. ગાઠાણી
૬૭ ,, યતીન એચ. સાવલા
૬૮ ,, પારસ બાવચંદ ઘાટલિયા
૬૯ ,, ધીરજલાલ કલ્યાણજી
૭૦ ,, કાન્તિલાલ હીરજી નીસર
૭૧ ,, કિશોરભાઈ એચ. છેડા
૭૨ ,, મંગલાબેન ઝાટકિયા
૭૩ ,, નગીનદાસ હરખચંદ
૭૪ ,, હરેશ પ્રવીણચંદ્ર જમનાદાસ શાહ
૭૫ ,, અમરચંદ આર. મોતીશા
૭૬ ,, મહિપતરાય પ્રભુદાસ શાહ
૭૭ ,, બી. ડી. શાહ
૭૮ ,, જયસુખલાલ પ્રતાપમલ
૭૯ ,, પી. પી. કરિયાણી
૮૦ ,, મનુભાઈ કેશવજી પારેખ
૮૧ ,, કૈલાસભાઈ હિમતલાલ વકીલ
૮૨ ,, જે. પી. શાહ
૮૩ ,, સુનિલભાઈ રસિકલાલ શેઠ
૮૪ ,, મોતીલાલ જીવાભાઈ મહેતા
૮૫ ,, અમૃતલાલ ડી. શાહ
૮૬ ,, ઉષાબેન દિલીપભાઈ શાહ
૮૭ ,, દિનેશ ભૂપતરાય શેઠ
૮૮ ,, મહેન્દ્રકુમાર પોપટલાલ શાહ
૮૯ ,, મનીષ નવીનચંદ્ર સંઘરાજકા
૯૦ ,, બી. આર. ગાલા
૯૧ ,, રમણીકલાલ વી. શાહ
૯૨ ,, નાનજીભાઈ પાલણ દેઢિયા
૯૩ ,, લીલાબેન હિમતલાલ શાહ
૯૪ ,, પ્રદ્યુમ્ન એમ. શાહ
૯૫ ,, પ્રવીણચંદ્ર એમ. જોબાળિયા
૯૬ ,, કસ્તુરચંદ મહેતા
૯૭ ,, વિક્રમભાઈ આર. દોશી
૯૮ ,, આર. કે. ગાંધી
૯૯ ,, સુરેશ સુરજમલ ચૌધરી
૧૦૦ ,, પ્રવીણચંદ્ર પી. મહેતા

આજની પરિસ્થિતિ

[] વિમલા ઠકાર [] અનુ. : ગુલાબ દેઢિયા

મુંબઈમાં જૂના મિત્રો અને સાથીઓ વચ્ચે આવવાનું થયું છે તેનો સંતોષ અને આનંદ છે. આજની પરિસ્થિતિ વિશે વિચાર કરું છું, આજે બધું જોઉં છું. પણ અહીં તો તમારી સાથે એ અંગે સંવાદ કરી શકું છું. નેતૃત્વ કે માર્ગદર્શનનો અધિકાર નથી કે ભૂમિકા પણ નથી.

આજે દેશ વિશે વિચારવું હોય તો દુનિયામાં શું ચાલી રહ્યું છે તે પ્રથમ જોવું પડે છે. કોઈ પણ દેશ, આજે દુનિયાથી અલગ પોતાનો વિચાર કરી શકે નહિ. દુનિયાના સંદર્ભમાં ભારતની સમસ્યાઓને સમજવી એ પહેલો ધર્મ છે. જે બીજાની સેવા કરનાર છે, મનુષ્યો માટે કંઈ કરનાર છે તેમનો તો ખાસ. છેલ્લા વીસ-પચીસ વર્ષથી હું જોઈ રહી છું કે ભારતમાં જ નહીં દુનિયાના બીજા દેશોમાં પણ સમજવાની ક્રિયા કે કર્મ, તેનું ચિંતન કરવું, સમસ્યાઓનો સંદર્ભ જોડીને તપાસવી-ચકાસવી એ બધું લોકોના મનમાંથી હટી ગયું છે.

સમસ્યાઓને સમજ્યા પહેલાં જ કોઈ ઉતાવળથી કાર્યક્રમ બનાવી દેવો, એ બધું કરવાથી સંભવ છે કે તાત્કાલિક ઉકેલ મળી જાય પણ જેમ કોઈ વૃક્ષની ઉપર ઉપરથી ડાળીડાંખળા કાપી લઈએ, તેમ સમસ્યાના વ્યક્ત સ્વરૂપનો ઉકેલ લાવવો કષ્ટપ્રદ નથી પણ એમ કરવાથી એના મૂળ સુધી નથી પહોંચાતું. બહાર દેખાતું વ્યક્ત સ્વરૂપ સુવિધાજનક છે પણ જે અવ્યક્ત છે, બહાર દેખાતું નથી એને પકડી પાડવું મુશ્કેલ છે.

સમાજ સાથે સમસ્યાઓ તો રહેશે જ. કોઈ એક પેઢીથી એનો ઉકેલ નહીં આવી જાય. મનુષ્ય જીવનનો વિકાસ થતો રહેશે તેમ એ વિકાસયાત્રા સાથે સમસ્યાઓનું સ્વરૂપ બદલાતું રહેશે. એ સ્વરૂપને સમજવાની મારી પહેલી દરખાસ્ત છે. ભાવનાઓના આવેશ અને આવેગ વધુ મહત્ત્વના બની ગયા છે. જે કંઈ પણ કાર્ય કરવાનું તેને પ્રથમ સમજવું પડશે, યથાર્થ શબ્દાંકન કરવું પડશે. એમ કરવા માટે સર્વ પ્રથમ મગજની સફાઈ ન થાય, દૃષ્ટિ વિશદ્ અને વિશાળ ન થાય ત્યાં સુધી કર્મ આંશિક હશે, ખંડિત હશે.

આજે દુનિયામાં મનુષ્યને બચાવવાની જેટલી ફિકર છે, એટલી માનવતાને બચાવવાની નથી. દેહ બચાવવાની ચિંતા, ખવડાવવાની ચિંતા, સુખ સગવડની ચિંતા–જેટલી માનવતા અને જીવન મૂલ્યોની ચિંતા નથી. આજે મૂલ્યોની કટોકટી છે. ગરીબોને માત્ર પૈસા, રોટી, કપડાં અને મકાન આપવાથી એમની સ્વાધીનતા, ગરિમા-ગૌરવ લૂંટાઈ જશે. સ્વાધીનતાની કિંમત ન રહેતાં એ ભોગપરાયણ અને સુરક્ષાપરાયણ બની જશે. આજે દુનિયાના સમાજવાદી કે મૂડીવાદી કે લોકશાહી બધા જ દેશોમાં માણસ સસ્તો થઈ ગયો છે. માનવતા મોંઘી થઈ ગઈ છે. માનવતાને કેવી રીતે બચાવીશું? પૂંજીવાદ, શસ્ત્રવાદ અને વેપારવાદની નાગચૂડમાંથી કેવી રીતે બચવું એ અમેરિકાની સમસ્યા છે. આણ્વોમ્બની સમસ્યા છે. ગરીબ દેશોને કારણે ક્યારે વિશ્વયુદ્ધ ફાટી નીકળે, એની ચિંતા માત્ર નોબેલ પુરસ્કાર મેળવનારને જ નથી, બધાને છે. તેવો જ પ્રશ્ન મોંઘવારીનો છે. કાળા નાણાંનો પ્રશ્ન ભારત, મધ્યપૂર્વ, અમેરિકા, ઈંગ્લેન્ડ બધે જ છે. ફુગાવાનો પ્રશ્ન છે.

યંત્રવિજ્ઞાન આજે સમાજરચનાની ટોચ પર છે. બોજ બની ગયું છે. એમાંથી બહાર કેમ નીકળવું એ પ્રશ્ન છે.

આપણા દેશ વિશે કેવા સ્વપ્ન સેવ્યાં હતાં અને આજે કેવી પરિસ્થિતિ છે? આપણા દેશની એકતા અને અખંડિતતા બચાવવા શું કરવું જોઈએ? લોકજાગૃતિ અને લોકશિક્ષણના કામમાં જે ગાંધીવાદી કાર્યકરો ઓતપ્રોત છે તેઓ જરૂર કંઈક કરી શકશે. ગાંધીજી માટે ભારત દેશની સેવા એ મનુષ્ય જાતિની સેવાના એક ભાગ રૂપે જ હતી. કદાચ સત્ય અને અહિંસા વગર સ્વરાજ મળે એ વાત ગાંધીજીને કબૂલ ન હતી. આમ સ્વરાજ મળે તો દુનિયા સામે કઈ વાત મૂકી શકીએ? આધ્યાત્મ અને સંસ્કૃતિ જેવું દુનિયા સામે શું રજૂ કરી શકીએ? જો બીજી કોઈ માત્ર રાજકીય કે રાષ્ટ્રવાદી વ્યક્તિ હોત તો સત્ય અને અહિંસા વગરના સ્વરાજ માટે શું નામરજી બતાવત? ગાંધીજી પરમ ભાગવત વ્યક્તિ હતા. તેઓ કેવળ રાષ્ટ્રીય નેતા કે રાજકીય વ્યક્તિ ન હતા. માનવપ્રેમી અને માનવતાના ઉપાસક હતા.

દેશની અખંડિતતા અને ધર્મનિરપેક્ષતાની તરફદારી કરનાર થોડા લોકો તો હજી આ દેશમાં છે. આ દેશની એકતા નહીં બચે તો દુનિયા માટે અનર્થ થશે. જનતંત્રવાદી સંવિધાન કાગળ પર રહી જશે. આજે રાજકીય પક્ષોને સત્તા સિવાય કંઈ સૂઝતું નથી. વિરોધ પક્ષો માત્ર ફરિયાદ કરે છે. આપણે સૌએ સામુદાયિક રીતે મુકાબલો કરવો પડશે. હવે આપણી વચ્ચે જયપ્રકાશ નથી, એ તો સૂર્ય સમાન હતા. આપણે બધાએ જનતંત્રને બચાવવા નાના નાના આગિયાની જેમ પ્રકાશ ફેલાવવાનો છે. આજે સર્વત્ર લાચારી અને અસહાયતાની લાગણી વ્યાપી વળી છે. ભલે કંઈ ન થાય પણ જટાયુની જેમ વિરોધ કરીને પાંખો ફફડાવીને મરી જવું સારું. જનતંત્ર વિરોધી અને વિનાશક પ્રવૃત્તિઓનો અસહયોગ કરવો, એનો પ્રતિકાર કરવો એ આપણો પહેલો ધર્મ છે. આજે દૃષ્ટિ સાફ થાય એ ઓછા સદ્‌ભાગ્યની વાત નથી.

અખબારોમાં લખવાથી ખાસ કશું નિપજતું નથી. કુલદીપ નાયર, જૈન, શૌરી બધા લખે છે પણ કયાંય પહોંચતું નથી. સુશિક્ષિત વર્ગના મનમાં ઉપેક્ષાનો ભાવ છે પણ સત્તારૂઢ પક્ષને એની કંઈ ચિંતા નથી. ખાસ તો એ જેમને 'વોટ બેન્ક' સમજે છે એ નાગરિકોની શક્તિ જગાડવાની જરૂર છે. વિધાયક, શુભ્રભ્ય અને શાંત પ્રતિકાર કરવાનો છે.

રાષ્ટ્રીય સ્તર પર નેતૃત્વ કરનારા ઉપર કોઈ આધાર નથી દેખાતો, પણ પોતપોતાના રાજ્યમાં પ્રતિકાર કરી શકે એવા કેટલાક ત્યાગી સેવકોની જરૂર છે જે પોતપોતાના રાજ્યમાં કાર્ય કરે. બધા રાજ્યોમાં કાર્યક્રમ, સાધનો અને મૂલ્યોની એકતા હોય પણ નેતૃત્વ વિકેન્દ્રિત થાય એ અગત્યની બાબત છે. હું અહીં માર્ગદર્શન નથી આપતી મિત્રો સાથે માત્ર સંવાદ કરું છું.

આજે કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંબંધ કુટિલ અને જટીલ બનતા જાય છે. શંકિત ક્ષીણ થતી જાય છે. દેશ માટે આ શુભ ઘટના નથી. જનતંત્રને અનુકૂળ કાર્ય કે યોજના સરકાર રજૂ કરે તો પણ એનો વિરોધ કરવો અનુચિત છે. સહયોગ આપવો જોઈએ. કયા મુદ્દા પર પ્રતિકાર કરવો એની ચર્ચા કરવી જોઈએ. પ્રથમ મનમાં ચોખવટ કરી લેવી જોઈએ.

હજારો વર્ષોથી એક વિજ્ઞાન હતું જેને હું અધ્યાત્મ કહું છું. આજે યંત્રવિજ્ઞાન, શસ્ત્રો અને રાજનીતિને લીધે એનો ભોગ લેવાય છે.

લોકશાહી એ માત્ર રાજકીય વ્યવસ્થા નથી, જીવનવ્યવસ્થા છે.

કયાં સુધી મૌન બેસીશું? મૌન પણ સંમતિ છે, લાચારી પણ સહયોગ છે. એમાંથી બહાર નીકળીએ. દીનહીન ના બનીએ. આત્મવિશ્વાસ અને આત્મપુરુષાર્થ પેદા કરીએ. ઘૂમી ઘૂમીને ગાંધીજીનો સંદેશો પહોંચાડીએ, તો મને શ્રદ્ધા છે કે આ કાલખંડમાંથી ભારત જરૂર બહાર નીકળી શકશે.

[મુંબઈમાં આપેલો વાર્તાલાપ] ★

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ્મેન પ્રેસ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક : ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧ ડિસેમ્બર, ૧૯૮૧, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ન્યાયતંત્ર અને સરકાર

☐ ચીમનલાલ ચકુભાઈ

કટોકટી દરમિયાન, પાર્લામેન્ટની સર્વોપરિતાના નામે શ્રીમતી ઈન્દિરા ગાંધીએ બંધારણમાં વ્યાપક ફેરફારો કરી, સરકાર–વહીવટી-તંત્રની સત્તા વધારી અને ન્યાયતંત્રની સત્તા કેટલેક દરજ્જે છીનવી લીધી અથવા ન્યુન કરી. જનતા સરકારે આ પરિસ્થિતિને મહદ્‌અંશે પલટાવી, યથાવત્ સ્થિતિ કરી. જાન્યુઆરી ૧૯૮૦માં શ્રીમતી ઈન્દિરા ગાંધી ફરી સત્તા પર આવ્યા એટલે આ ગજગ્રાહ શરૂ થયો. બંધારણમાં ફેરફાર કરવાને બદલે, વરિષ્ઠ અદાલતોના ન્યાયાધિશોને અંકુશમાં રાખવાના નવા નુસખા અજમાવ્યા. જજોની ફેરબદલી કરવાનો સરકારને અધિકાર છે એવો આગ્રહ રાખ્યો. કટોકટી દરમિયાન આ રીત અજમાવી હતી. એક કિસ્સામાં ગુજરાત હાઇકોર્ટના એક જજ-જસ્ટિસ શેઠ-સુપ્રીમ કોર્ટ સુધી ગયા હતા, પણ છેવટનો ચુકાદો આવે તે પહેલા સમાધાન થયું. સરકારી અધિકારીઓની ફેરબદલી થાય છે તો જજોની કેમ નહિ એવી દલીલ થઈ છે બીજો એક આગ્રહ એ રાખ્યો છે કે દરેક હાઇકોર્ટના વડા ન્યાયમૂર્તિ તે રાજ્યની બહારની વ્યક્તિ હોવી જોઈએ. વળી એમ પણ કહ્યું છે કે હાઈકોર્ટના જજોની સંખ્યાના એક તૃતીયાંશ જજો રાજ્ય બહારના હોવા જોઈએ. સ્થાનિક લાગવગ અને સ્થાપિત હિતોથી તણાઈ ન જાય માટે આ ફેરબદલીઓ જરૂરની છે એમ દલીલ કરવામાં આવે છે. ફેરબદલી કોઈ વખત લગભગ સજા કરવા જેવું થાય છે. આવી લટકતી તલવાર સદા માથે રહે તો જજો સરકારના દબાયેલા રહે. એક વિશેષ યુક્તિ શોધી કાઢી. વધારાના જજોની નિમણૂંક એક કે બે વર્ષની મુદત માટે થાય છે. કાયદાપ્રધાન શ્રી શિવશંકરે એક સરક્યુલર કાઢયો કે વધારાના બધા જજો પાસેથી લેખિત બાંહેધરી લેવી કે તેમની ફેરબદલી કરવામાં આવે તો તેઓ સ્વીકારશે.

આવી રીતે બિહારના વડા ન્યાયમૂર્તિની બદલી મદ્રાસ કરી અને મદ્રાસના વડા ન્યાયમૂર્તિની બદલી કેરળમાં કરી. દિલ્હી હાઈકોર્ટના બે વધારાના જજોની મુદત લંબાવી નહિ અને છૂટા કર્યા!

બિહારના વડા ન્યાયમૂર્તિએ તેમની ફેરબદલીના હુકમને કોર્ટમાં પડકાર્યો છે. દિલ્હી હાઇકોર્ટના એક વધારાના જજની મુદત લંબાવી નહિ તેને પણ પડકારવામાં આવ્યો છે. આ બન્ને કેસોની સુનાવણી લગભગ ત્રણ મહિના સુધી, સુપ્રીમ કોર્ટના સાત જજોની બેન્ચ પાસે થઈ. ચુકાદા આવવા બાકી છે. પણ આ સુનાવણી દરમિયાન જે બનાવો બન્યા તે અત્યંત શોચનીય અને વરિષ્ઠ અદાલતના ન્યાયમૂર્તિઓ તેમ જ સુપ્રિમ કોર્ટના વડા ન્યાયમૂર્તિને લાંછન લગાડનાર હતા.

હાઇકોર્ટના જજની નિમણૂક અથવા ફેરબદલીમાં સરકારે, તે હાઇકોર્ટના વડા ન્યાયમૂર્તિ તથા સુપ્રિમ કોર્ટના વડા ન્યાયમૂર્તિની સલાહ અને અભિપ્રાય લેવાના હોય છે. સરકાર અને વડા ન્યાય-મૂર્તિઓ વચ્ચે થતી આવી સલાહ–મસલત ખાનગી હોય છે, હોવી જોઈએ–જેથી નિર્ભયતાથી તેઓ પોતાનો અભિપ્રાય આપી શકે. આ બન્ને કેસોમાં, સાત જજોની બેન્ચે, આ બધો પત્રવ્યવહાર કોર્ટને બતાવવા સરકારને હુકમ કર્યો. સરકારે આ પત્રવ્યવહાર ખાનગી છે એમ જણાવી રક્ષણ માગ્યું, પણ કોર્ટે તે રજૂ કરવાની સરકારને ફરજ પાડી. એટલું જ નહિ, પણ એ પત્રવ્યવહાર સામા પક્ષને અપાવ્યો અને જાહેર કર્યો. આ સાત જજો ખાનગી રીતે આ પત્રવ્યવહાર જોઈ શકત. છતાં તેને જાહેર કરવાનું ઉચિત માન્યું. આ પત્રવ્યવહાર જોતાં, કોઈની શોભા વધી નથી અને સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિ તથા દિલ્હી હાઇકોર્ટના અને બિહાર હાઇકોર્ટના વડા ન્યાયમૂર્તિની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી છે એમ લાગ્યા વિના રહે નહિ. એટલું જ નહિ ભવિષ્યમાં જજોની નિમણૂંક કરવામાં, હાઇકોર્ટના વડા ન્યાય-મૂર્તિઓ તેમ જ સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિ નિર્ભયપણે અભિપ્રાય આપી નહિ શકે અને પરિણામે વરિષ્ટ કોર્ટોના ન્યાયમૂર્તિઓમાં પ્રજાનો વિશ્વાસ ડગી જાય એવી પરિસ્થિતિ સર્જી છે. સુપ્રીમ કોર્ટના સાત જજોએ આવું પગલું ભર્યું તેથી આશ્ચર્ય અને ખેદ થાય તેમ છે. સરકારને તો કદાચ મનગમતું થયું હશે કે વરિષ્ઠ અદાલતોના જજો પણ કેવા છે તે પ્રજા જોઈ લે.

બિહાર હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિના ફેરબદલીના કેસમાં તે ન્યાયમૂર્તિ તથા સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રચુડે સામ-સામા સોગંદનામા કર્યા અને બેમાંથી એક સાચું નથી બોલતા તેવી છાપ ઊભી થઈ. દિલ્હી હાઈકોર્ટના વધારાના જજની મુદત લંબાવી નહિ તે કેસમાં તેથી પણ ખેદજનક પરિસ્થિતિ પેદા થઈ. દિલ્હી હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિએ આ જજ વિષે એવો અભિપ્રાય આપ્યો હતો કે તેમની પ્રામાણિકતા વિષે શંકા છે અને તેમની સામે બીજા પણ આક્ષેપો કર્યા હતા. સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિએ આ જજ વિશે એવો અભિપ્રાય આપ્યો કે આ આક્ષેપોમાં વજૂદ નથી અને તેમની મુદત લંબાવવા સલાહ આપી. સરકારે દિલ્હી હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિનો અભિપ્રાય સ્વીકાર્યો છે એમ જણાવી મુદત લંબાવી નહિ.

સૌથી ખેદજનક ઘટના રાષ્ટ્રપતિ અને સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિ વિષે બની. શ્રી ચંદ્રચુડે પોતાના સોગંદનામામાં એમ કહ્યું હતું કે બિહાર હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિની ફેરબદલી બાબતમાં તેમણે રાષ્ટ્રપતિ સાથે મસલત કરી છે. રાષ્ટ્રપતિએ સરકારી વકીલ મારફત સુપ્રીમકોર્ટને નિવેદન કર્યું કે આવી કોઈ મસ-લત તેમની સાથે થઈ નથી. રાષ્ટ્રપતિને આવું નિવેદન કરવાની શું જરૂર પડી તે સમજાતું નથી. શ્રી ચંદ્રચુડે રાષ્ટ્રપતિ સાથે મસલતની

વાત કરી ત્યારે રાષ્ટ્રપતિ સાથે અંગત મસલત કરી તેમ કહેવાનો ઈરાદો ન હોય, પણ સરકાર સાથે મસલત કરી છે એમ કહેવાની મતલબ હોય એવો સંભવ છે. શ્રી ચંદ્રચુડને ઉતારી પાડવા ઈરાદાપૂર્વક આવું પગલું ભર્યું છે તેમ પણ કહેવાય છે. સુપ્રીમકોર્ટના જજો વચ્ચે અંગત મતભેદો છે તે કારણે આવી પરિસ્થિતિ ઊભી થઈ હોય એવું પણ છૂટથી બોલાય છે. આમાં કોઈની શોભા વધી નથી. દરેકની પ્રતિષ્ઠા ઘટી છે.

આ બધા બનાવોના પરસ્પર પ્રત્યાઘાતો સરકાર અને જજો ઉપર પડે તે સ્વાભાવિક છે. છેવટ સૌ માણસ છે. પૂર્વગ્રહો હોય અથવા થાય તે અશક્ય નથી. સુપ્રીમકોર્ટે બેરર બોન્ડનો કેસ દાખલ કર્યો અને લાંબો સમય તેનો ચુકાદો ન આપ્યો. છેવટે સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો. દેશના અર્થતંત્ર માટે આ અતિ મહત્ત્વનો કેસ હતો અને તુરત ચુકાદો આપવો જોઈતો હતો.

તેથી પણ વધારે શોચનીય બનાવ રંગા-બિલ્લાની ફાંસીની સજા સુપ્રીમ કોર્ટે મોકૂફ રાખી તે છે. સુપ્રીમ કોર્ટે રંગા-બીલ્લાની અપીલ રદ કરી ફાંસીની સજા કાયમ કરી હતી. રાષ્ટ્રપતિની દયા માગતી અરજી રંગા-બિલ્લાએ કરી તે રદ થઈ. તે સામે સુપ્રીમ કોર્ટમાં રિટ અરજી કરી તેમાં સજા મોકૂફ રાખી. કારણ એ આપ્યું કે રાષ્ટ્રપતિ આવી અરજીઓ મંજૂર રાખે કે રદ કરે તેનું કોઈ ધોરણ કે નિયમો છે કે નહિ તે જાણવું જરૂરી છે. ૩૦ વર્ષથી રાષ્ટ્રપતિ આ અધિકાર ભોગવતા આવ્યા છે. કોઈ નહિ અને રંગ-બિલ્લાના કેસમાં જ સુપ્રીમ કોર્ટને આવી દરમ્યાનગિરી કરવાની જરૂર લાગી તેથી ભારે આશ્ચર્ય થાય તેવું છે. આ અધિકાર, રાષ્ટ્રપતિનો અબાધિત અધિકાર છે. શું દરેક કેસમાં રાષ્ટ્રપતિએ આ અધિકાર વ્યાજબી રીતે ભોગવ્યો છે કે નહિ તેની સુપ્રીમ કોર્ટ તપાસ કરશે? તો આ અધિકારની વિડંબના થશે. જસ્ટિસ ચંદ્રચુડ અને તેમના બીજા બે સાથીઓએ આવો નિર્ણય કર્યો તેના ઘેરા પ્રત્યાઘાત રાષ્ટ્રપતિ અને સરકાર ઉપર પડે તેમાં આશ્ચર્ય થાય તેવું નથી.

હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટનું પ્રજા હૃદયમાં જે ઉચ્ચ સ્થાન છે તેને હાનિ પહોંચી છે. ન્યાયધિશ અને તેમાં પણ વરિષ્ઠ અદાલતોના ન્યાયાધિશો, સ્થિર બુદ્ધિના, ચારિત્રશીલ, સર્વથા નિષ્પક્ષ, સ્વતંત્ર અને નિર્ભય હોવાં જોઈએ. ન્યાય કરવો આત્માનો ગુણ છે, સહેલું નથી. પ્લેટોએ કહ્યું છે કે દરદીની પીડા જાણવા ડોકટરે માંદા પડવું જોઈએ પણ ગુનેગારને સમજવા ન્યાયાધિશે ગુનેગાર થવાની જરૂર નથી. એટલું જ નહિ પણ તેમ થાય તો તેના આત્માને હાથ પડે અને ન્યાય કરવા નાલાયક બને. ન્યાય કરવો આત્માનો ગુણ છે. માત્ર બુદ્ધિ હોય કે કાયદાનું જ્ઞાન હોય તે પુરતું નથી. અંતરમાંથી ન્યાય ઉગવો જોઈએ. સાચી લોકશાહીમાં ન્યાયતંત્રનું ઉચ્ચ સ્થાન છે. પ્રજાના હક્કોનું સરકારી આક્રમણ સામે રક્ષણ કરનાર શકિત છે. પણ ન્યાયાધિશની સત્તાને પણ મર્યાદા છે. સરકારે રાજય કરવાનું છે. પાર્લામેન્ટ અને વિધાનસભાએ કાયદા ઘડવાના છે. ન્યાયતંત્રે તેનો અર્થ અને અમલ કરવાનો છે. દરેક પોતાની મર્યાદામાં રહી, વિવેકપૂર્વક વર્તે અને પરસ્પરની પ્રતિષ્ઠા જાળવે તેમાં સમાજનું સ્વાસ્થ્ય છે. કોઈ પણ પક્ષ વધારે પડતી સત્તા હાંસલ કરવા પ્રયત્ન કરે તેમાં અનિષ્ઠ છે. સમતુલા જાળવવાની છે. અત્યારે બની રહ્યું છે તેમાં લોકોનું કલ્યાણ નથી. સર્વતોમુખી વિનિપાત ચારે તરફ અનુભવીએ છીએ તેમ ન્યાયતંત્ર પણ તેનો ભોગ બનશે તો એક જ્યોત બુઝાશે. ૨૭-૧૧-૮૧

સાભાર – સ્વીકાર

(૧) લોકગીતા (૨) ગાંધીજીના સમાગમમાં

લેખક અને પ્રકાશક: ઝવેરભાઈ પુરુષોતમ પટેલ, ૧૪, પ્રજ્ઞા સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ - ૯ (બન્ને ભેટ પુસ્તક)

શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે
જ્ઞાનસત્ર

શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે સુરત ખાતે આગામી તા. ૫ અને ૬ ઠ્ઠી ડિસેમ્બરના રોજ સુરત ખાતે જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગત નીચે મુજબ છે:-

તા. ૫-૧૨-૧૯૮૧ : સવારના ૯-૦૦ ઉદ્‌ઘાટન : બેઠક

ઉદઘાટક : દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માજી ઉપકુલપતિ શ્રી એ. આર. દેસાઈ

વ્યાખ્યાતા : મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. રમણલાલ સી. શાહ

વિષય : જૈન ધર્મનું મનોવિજ્ઞાન

અધ્યક્ષ : દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ : ડો. ગુણવંત શાહ

બપોરના : ૪-૦૦, દ્વિતિય બેઠક

વ્યાખ્યાતા : પ્રા. શ્રીમતી તારાબેન શાહ

વિષય : જ્ઞાનનો મહિમા

અધ્યક્ષ : ડો. ગુણવંત શાહ

રવિવાર : તા. ૬-૧૨-૧૯૮૧ : સવારના ૧૦-૦૦ : તૃતીય બેઠક

વ્યાખ્યાતા : : સુવિખ્યાત તત્ત્વચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

વિષય : ભારતીય જીવનદૃષ્ટિ

અધ્યક્ષ : ગુજરાત રાજ્યના માજી શિક્ષણ મંત્રી શ્રી ગોરધનદાસ ચોખાવાળા

બપોરના : ૩-૩૦ ચતુર્થ ને પૂર્ણાહુતિ બેઠક

વ્યાખ્યાતા : (૧) ડો. રમણલાલ સી. શાહ,

વિષય : નીતિ, ધર્મ અને અધ્યાત્મ

વ્યાખ્યાતા : (૨) પ્રા. શ્રીમતી તારાબેન ર. શાહ

વિષય : અનેકાન્તવાદ

અધ્યક્ષ : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

સ્થળ : "સમૃદ્ધિ", નાનપરા, સુરત.

આ ઉપરાંત શનિવાર, તા. ૫-૧૨-'૮૧ના રોજ રાત્રીના ૮-૦૦ કલાકે મહિલા પરિષદ સભાંગૃહમાં જૈન ધર્મ તેમ જ ભારતીય સંસ્કૃતિને લગતાં દસ્તાવેજી ચલચિત્રો બતાવવામાં આવશે.

*

પ્રેમળ જ્યોતિ

'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિનો વ્યાપ વધી રહ્યો છે. તેને સહયોગ પણ ઘણો સારો મળી રહ્યો છે. તેને લગતી વિસ્તૃત વિગતો આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

અપંગોને બે સ્ટાલો અપાવવા માટે 'નવિનચંદ્ર કેશવલાલ કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ' તરફથી પ્રેમળ જ્યોતિને રૂા. ૬૬૦૦નું દાન મળ્યું છે. તે માટે અમો તેમનો આભાર માનીએ છીએ.

આ જ રીતે શ્રી પિયુષભાઈ કોઠારી જેઓ 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિના સમર્થક છે. તેમણે પણ આપણે મોકલેલ ટી. બી.ના બાર દર્દીઓને સંપૂર્ણ સારવાર આપવાનું સ્વીકાર્યું છે. તેમના આપણે ખૂબ જ આભારી તેમ જ ઋણી છીએ.

જ્ઞાન અને આચરણ વચ્ચેનું અંતર

□ યુવાચાર્ય શ્રી મહાપ્રજ્ઞ □ અનુ : ગુલાબ દેઢિયા

વ્યક્તિત્વની બે બાજુ છે, એક છે વીતરાગતા અને બીજી છે છદ્મસ્થતા. એક છે શિખર અને બીજી છે તળેટી. વીતરાગ પૂર્ણતાનું પ્રતિક છે અને છદ્મસ્થ અપૂર્ણતાનું પ્રતીક છે. છદ્મસ્થની ઓળખનાં અનેક લક્ષણ છે. એમાં એક છે- 'નો જાણવાઈ તહાકારી' છદ્મસ્થ તે છે જે જેવું કહે છે તેવું કરતો નથી. કથની અને કરણીમાં ઐકય ન હોવું એ છદ્મસ્થનું લક્ષણ છે.

જ્યારે કથની અને કરણી વચ્ચેનું અંતર દૂર થઈ જાય છે ત્યારે ધર્મની મંઝિલ પ્રાપ્ત થઈ જાય છે. અન્યથા વ્યકિત ચાલતી જ રહે છે. ભટકતી જ રહે છે, મુકામ સુધી નથી પહોંચી શકતી.

જ્ઞાન અને આચરણ વચ્ચેનું અંતર સરળતાથી મટતું નથી. માનવી જાણે છે, પણ કરતો નથી, કરી શકતો નથી. મનોવિજ્ઞાન અને ધર્મ બન્ને સામે આ એક વિકટ સમસ્યા છે. ધર્મે આ અંતર ઘટાડવા પ્રયત્ન કર્યો પણ અંતર અંતર જ રહ્યું. માણસનું 'ઈચ્છવું' અને 'હોવું' પણ ભિન્ન હોય છે. એ ઈચ્છે કે પોતે સ્વસ્થ રહે, રોગનો ભોગ ન બને, પણ રોગ થાય છે. માણસ ઈચ્છે કે મનની અશાંતિ ન હોય તો સારું પણ અશાંતિ તો હોય જ છે. આવું કેમ થાય છે? ઈચ્છા પ્રમાણે કેમ થતું નથી? જો મનુષ્ય પોતાની ઈચ્છા પ્રમાણે બની શકત તો મનુષ્ય ચિન્તામણિ રત્ન હોત, કલ્પવૃક્ષ કે કામધેનુ હોત. ચિંતન અનુસાર ફળ આપે તે ચિન્તામણિ, કલ્પના અનુસાર ફળ આપે તે કલ્પવૃક્ષ અને કામનાનુસાર વર્તન કરે તે 'કામધેનુ. શું આપણે આપણી અંદર વિદ્યમાન શકિતઓને જ પદાર્થમાની અભિવ્યકિત આપી છે? આપણી અંદર ચિંતન, કલ્પના અને કામના છે. આ ત્રણ મહત્ત્વપૂર્ણ શકિતઓ છે. બધું જ અંદર હાજર છે જ, છતાં મનુષ્ય એને જાણતો નથી; પછી એ એની કલ્પના કેવી રીતે કરે?

જો ઈચ્છા અને ઉપલબ્ધિ વચ્ચેનું અંતર દૂર થઈ જાય, જો કથની અને કરણી વચ્ચેનું અંતર દૂર થઈ જાય, જો જ્ઞાન અને આચરણ વચ્ચેનું અંતર દૂર થઈ જાય તો આપણાથી કોઈ કલ્પવૃક્ષ અલગ નથી, કોઈ ચિન્તામણિ કે કામધેનુ અલગ નથી જ્યાં લગી છેટું છે ત્યાં સુધી આપણે છેટેના પદાર્થોને જોઈશું, તેમને મહત્ત્વ આપીશું, અંદર નહીં જોઈ શકીશું. આપણે દૂરની વાતો વિચારીશું, પોતાની વાત કદિ નહીં વિચારી શકીએ.

જ્ઞાન અને આચરણનું અંતર કઈ રીતે ઘટે એ મહત્વપૂર્ણ પ્રશ્ન છે. લોકો માને છે કે શાસ્ત્રો વાંચતાં જાઓ, પ્રવચનો સાંભળતાં જાઓ, બધું આપ મેળે સારું થઈ જશે. જો પોતાની મેળે કંઈક થઈ શકતું હોત તો આજ સુધીમાં બધું થઈ જાત. પણ પોતાની મેળે કંઈ નથી થતું. ભલેને કોઈ વ્યકિત ચાલીસ વર્ષ કે ચાલીસ જન્મ સુધી ચાલતી રહે, તે મુકામે નહીં પહોંચી શકે. પ્રયત્ન કર્યા વગર, વિધિને સમજ્યા વગર કશું થઈ નથી શકતું. આપણે પદ્ધતિને ઓળખવી પડશે. જે વ્યકિતને ચાવી ફેરવતાં નથી આવડતી, તે તાળું નહીં ખોલી શકે.

અંતર દૂર કરવાનો એક ઉપાય છે. જ્યારે સિદ્ધાંત સરસતામાં પલટાઈ જાય છે, ત્યારે આપોઆપ અંતર દૂર થઈ જાય છે. સરસતા માત્ર અધ્યાત્મ શાસ્ત્રનો સિદ્ધાંત નથી, કાવ્યશાસ્ત્રમાં પણ એ મુખ્ય છે. એ કાવ્ય સારું નથી થતું જેમાં રસ ન હોય. એ શેરડી પણ નકામી છે, જેમાં રસ નથી, એ ફળ પણ નકામું છે જેમાં રસ નથી. સરસતા જ શ્રેષ્ઠ હોય છે.

મનુષ્યનું બધું આકર્ષણ રસમાં છે, સુખમાં છે. નીરસને કોઈ નથી ચાહતું; દુ:ખ ને કોઈ નથી ચાહતું.

બરફ ખાવાથી ગળું ખરાબ થાય છે—આ સિદ્ધાંત તમે બાળકોને સમજાવ્યો. બાળકોએ સાંભળી લીધું. પરંતુ બરફને જોતાં જ બાળકનું મન એ ખાવા માટે લલચાય છે. કારણ કે એને સિદ્ધાંતમાં રસ નથી. એને રસ બરફ ખાવામાં છે. આપણે જેટલા સિદ્ધાંત બનાવીએ છીએ તે બધા કહે છે કે, 'આમ કરો' 'આમ ન કરો' સિદ્ધાંત મસ્તક સુધી જાય છે. જ્યારે ભાવનાની, ઈન્દ્રિયોની અને સંવેદનોની માગણી આવે છે ત્યારે વ્યકિત રો પ્રકારનું આચરણ કરી બેસે છે. એ સિદ્ધાંતને ભૂલી જાય છે. એવું કરવામાં એને રસ પડે છે, આનંદ મળે છે. જ્યારે રસ અને આનંદ હાજર હોય ત્યારે સિદ્ધાંતને કોણ અને શા માટે માને?

આ અંતર એટલા માટે છે કે સિદ્ધાંતમાં રસ નથી અને જ્યાં રસ ન હોય ત્યાં વ્યકિત એને માને નહીં. માણસને રસ છે. ઈન્દ્રિયોના સંવેદનોમાં, ઈન્દ્રિયોના ભોગમાં. આપણે એની ના કહીએ છીએ. એ કેવી રીતે બની શકે? આ સમાધાનનો માર્ગ નથી. સિદ્ધાંત પોતાની જગ્યા પર રહી જશે અને મનુષ્ય એ જ કામ કરશે જેમાં રસ પડે, જેમાંથી આનંદ મળે.

અધ્યાત્મમાં રસ છે, તે બહુ સ-રસ છે. અંતર દૂર કરવા અધ્યાત્મ એક ઉપાય બની શકે છે. ભૌતિક જગતમાં અંતર ઘટાડવા કોઈ સૂત્ર કામ નથી આવતું, કેમ કે ત્યાં ભોગ છે. ભોગમાં પામવાની ઈચ્છા હોય છે. ભેળું કરવાની ભાવના હોય છે. પદાર્થના જગતમાં સ્વાર્થ સર્વોપરિ હોય છે. પોતાને માટે, પોતાની ઈન્દ્રિયોને માટે, પોતાની લાગણીઓની પૂર્તિ માટે - એ સિવાય પદાર્થ જગતમાં બીજું કોઈ સૂત્ર નથી.

આજે બુરાઈને દૂર કરવા માટે, સમાજની ભલાઈ અને કલ્યાણ માટે તથા રાજ્ય વ્યવસ્થા માટે અનેક નિયમ અને કાયદા બનાવવામાં આવે છે. પરંતુ માણસના વ્યવહારમાં કોઈ ફેર નથી પડતો. દંડના ભયે પ્રત્યક્ષ રીતે અનૈતિક આચરણ કરવા તે અચકાય છે, પણ પરોક્ષ રીતે અચકાતો નથી. આ બધા નિયમ અને કાયદા એને પ્રકાશથી અંધકાર તરફ લઈ જાય છે. પ્રત્યક્ષ પ્રકાશ છે, પરોક્ષ અંધકાર છે. એ ઈચ્છે છે, મારા આચરણની કોઈને ખબર ન પડે. એને ઓ ચિંતા નથી કે આ અનૈતિક આચરણ છે. આ ન કરવું જોઈએ. એને માત્ર ચિંતા હોય છે કે કોઈને ખબર ન પડે. કેટલી ગંભીર બીમારી છે. બીમારીનાં મૂળ ઊંડાં છે. એથી જ અંતર પડે છે અને વધે છે. અધ્યાત્મ અને આચાર્યોની શોધથી જે મહત્ત્વપૂર્ણ સૂત્ર હાથ લાગ્યું છે તે અંતરને દૂર કરી શકે છે. તે સૂત્ર છે-આનંદની શોધ. જે આનંદ તમે પદાર્થમાંથી પામવા ઈચ્છો છો. એનાથી વધારે આનંદ તમારી પાસે છે. એને પ્રાપ્ત કરો. એક મોટા આનંદને મેળવ્યા વગર નાના આનંદને છોડી શકાતો નથી. મોટા સુખને પામ્યા વગર નાનું સુખ ત્યજી નથી શકાતું. મોટી લીટી તાણ્યા વગર નાની લીટી ભૂંસી નથી શકાતી. નાની વાતને છોડવા માટે મોટી વાત મેળવવી જોઈએ.

આનન્દ એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. હું એ આનંદની વ્યાખ્યા વૈજ્ઞાનિક શબ્દાવલિમાં રજૂ કરું છું. મેડિકલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (મદ્રાસ) એ એક સાધન બનાવ્યું છે. જેનાથી મનુષ્યના મસ્તકના અલ્ફા તરંગોને જોઈ શકાય છે અને મોકલી પણ શકાય છે. વૈજ્ઞાનિકોના મતે આપણા મસ્તકમાં વિભિન્ન પ્રકારના વિદ્યુત

તરંગો હોય છે. આલ્ફા, ડેરા બિટા વગેરે. જ્યારે આલ્ફા તરંગો વધુ હોય છે ત્યારે માનવી આનંદિત બની જાય છે. તેના બધા વિષાદ સમાપ્ત થઈ જાય છે. જ્યારે બિટા તરંગો વધુ હોય છે ત્યારે માનવી વિષાદથી ઘેરાઈ જાય છે. આ રીતે મસ્તકના વિદ્યુત તરંગોથી માણસ ક્યારે સુખ તો ક્યારેક દુઃખનો અનુભવ કરે છે. અધ્યાત્મનું સૂત્ર છે કે આલ્ફા તરંગોને પેદા કરવામાં આવે અને આનંદમાં વૃદ્ધિ કરવામાં આવે. એ આનંદની એટલી બધી વૃદ્ધિ કરવામાં આવે છે કે ઈન્દ્રિયોના સંવેદનોથી પેદા કરનાર ક્ષણિક આનંદની અનુભૂતિ એની સામે ફીકી પડી જાય. જ્યારે આમ બને ત્યારે વ્યક્તિનું બાહ્ય આકર્ષણ છૂટવું જાય અને આંતરિક આનંદની ઉપલબ્ધિ માટેના પ્રયત્ન શરૂ થઈ જાય. આ જ અંતરને ઘટાડવાનું આરંભ-બિંદુ છે. જ્યાં સુધી વ્યક્તિને એમ લાગે ઈન્દ્રિયજન્ય આનંદને છોડવાથી ઘણા મોટા આનંદથી પોતે વંચિત રહી જશે, ત્યાં સુધી વ્યક્તિ એને છોડી નથી શકતી. એ એને ત્યારે છોડી શકે જ્યારે એ આનંદ તુચ્છ બની જાય, અર્થહીન બની જાય. બધા જાણે છે કે, અબ્રહ્મચર્યથી શક્તિ ક્ષીણ થઈ જાય છે. પણ બધા બ્રહ્મચારી ક્યાં બની શકે છે? બ્રહ્મચારી ત્યાં સુધી નથી થઈ શકાતું જ્યાં સુધી એને મોટા આનંદની પ્રાપ્તિ ન થઈ હોય. આલ્ફા તરંગોનું ઉત્પાદન મોટા આનંદને ઉપલબ્ધ કરાવી શકે છે. તે સ્થિતિમાં બધી તાણ ઘટી જાય છે. મન આનંદ, સુખ અને શાંતિથી ભરાઈ જાય છે. ત્યારે એવો અનુભવ થાય છે કે પ્રાપ્ત કરવાનું હતું તે પ્રાપ્ત થઈ ગયું. પછી બજારના સંગીત કરતાં અંદરના મધુર સંગીત સાંભળતા ધરવ નથી થતો. પોતાની અંદર જ રસનું એવું ઝરણું વહી રહ્યું છે કે એની સામે બધું નીરસ લાગે છે. ધ્યાનમાં લીન થયા વગર આનંદ ઉપલબ્ધ નહીં થાય.

પ્રશ્ન એ છે કે આપણે આનંદ પ્રાપ્ત કઈ રીતે કરીએ? આલ્ફા તરંગ કઈ રીતે પેદા થઈ શકે? અધ્યાત્મની ભાષામાં આનંદપ્રાપ્તિ માટેનો માર્ગ છે - પ્રથમ ઉપાધિઓ મટાડવી. એનો અર્થ એ છે કે કષાયના બધા આવેગ સમાપ્ત થવાં જોઈએ. ઉપાધિઓને મટાડવાથી આધિ નાશ પામે છે. ઉપાધિઓ ન હોય તો વ્યાધિઓ શારીરિક રોગ નથી થતા. વ્યાધિ ન રહેતાં જીવન આનંદથી ભરાઈ જાય છે.

શરીરમાં રોગનું હોવું એમ બતાવે છે કે મનમાં રોગ છે. વ્યાધિ એ આધિની નિશાની છે. આધિ છે તો ઉપાધિ જરૂર હશે. કોનું નિદાન કરવું? વ્યાધિ, આધિ કે ઉપાધિનું? આપણે મૂળનું નિદાન કરવું જોઈએ. ઉપાધિ મૂળ છે. ઉપાધિની ચિકિત્સા કરવાથી આધિ મટશે; આધિના મટવાથી વ્યાધિ નહીં જન્મે.

ઉપાધિનું મૂળ છે - સઘન મૂર્છા. મનુષ્ય એટલો મૂર્છિત છે કે તે સચ્ચાઈને પકડી નથી શકતો. અંદરના આનંદ - ભંડારનો પત્તો કઈ રીતે લાગે? આપણી વ્યસ્તતા આનંદ શોધવા નથી દેતી. આજનો વ્યસ્ત માનવી વિશ્રામ કરવાનું જાણતો નથી. નિદ્રા માત્ર સ્થૂલ અવયવોને જ આરામ આપે છે. વધુ અધિક વિશ્રામ-દાયક એ ધ્યાન છે. હૃદય અને શ્વસનતંત્ર નિદ્રામાં પણ ક્રિયાશીલ રહેવાથી એમને આરામ ક્યાં મળે છે? માણસ ઘણું જાગે છે, ઓછું ઊંઘે છે. નિદ્રામાં પણ સપનામાં જાગતો રહે છે. નિદ્રા વગર થાક દૂર નથી થતો. વિશ્રામ ત્યારે મળે કે જ્યારે માત્ર સ્થૂળ અવયવો નહીં, શરીરનો એકે એક કોશ સૂઈ શકે. એ ધ્યાન અને કાયોત્સર્ગથી થઈ શકે. આ બન્નેથી હૃદયના ધબકારા ઓછા થાય છે અને શ્વાસ મંદ ગતિએ ચાલે છે. આ સ્થિતિમાં હૃદય અને શ્વસનતંત્રને થોડો આરામ મળે છે. મહાવીર સ્વામીએ કહ્યું હતું - સિદ્ધિનું સાધન છે અક્રિયા ક્રિયાથી સિદ્ધિ નથી મળતી.

સક્રિયતા અને વ્યસ્તતા મસ્તકને ભારેખમ બનાવી દે છે. જે કામની સાથે આરામ લેતો રહે છે તે વધુ કામ કરી શકે છે. જ્યાં સુધી વિશ્રામ કરવાના સિદ્ધાંતને આપણે પ્રાપ્ત ન કરી શકીએ ત્યાં સુધી આનંદની પ્રાપ્તિ પણ નહીં થાય. વ્યસ્ત રહેવાથી લોહીમાં લેકટર એસિડનું પ્રમાણ વધી જાય છે એ માનસિક અવરોધ ઉત્પન્ન કરે છે. બિટા તરંગો વધુ ઉત્પન્ન થાય છે અને તે માનસિક સમ-તુલાને અસ્તવ્યસ્ત કરી દે છે. વિશ્રામ વેળાએ આલ્ફા તરંગો પેદા થાય છે, જે આનંદની ઉત્પત્તિમાં કારણભૂત છે.

સાધક જ્યારે કાયાનો ઉત્સર્ગ કરી દે છે, શરીરના એકેએક કોષને નિષ્ક્રિય બનાવી દે છે, વાણી શાન્ત, શ્વાસ શાન્ત, મન શાન્ત, આખું કર્મતંત્ર શાન્ત, આવા વિશ્રામમાં મસ્તકમાં આલ્ફા તરંગોની વૃદ્ધિ થાય છે. એ તરંગો સાધકને આનંદવિભોર બનાવી દે છે. આજના મનોવૈજ્ઞાનિકો માને છે કે વીસ ટકા માનસિક રોગ એવા છે જે માત્ર આલ્ફા તરંગોની સહાયથી સાજા કરી શકાય. તેઓ માને છે કે એક વ્યક્તિના મસ્તકના આલ્ફા તરંગો બીજી વ્યક્તિના મસ્તકમાં મોકલી શકાય તો રોગનો ઉપચાર થઈ શકે, એ સંભવ પણ છે.

માણસ જ્યારે ગુરુ, યોગી કે સંત વ્યક્તિઓના સમાગમમાં બેસે છે ત્યારે એને અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. ગુરુ કે યોગીએ શું આપ્યું? કશું જ નહીં. છતાં જે આનંદ મળ્યો એનો વૈજ્ઞાનિક જવાબ એ છે કે જે મહાપુરુષના મસ્તકમાં આલ્ફા તરંગોની માત્રા વધુ હોય છે તે આસપાસ બેઠેલી વ્યક્તિઓના મસ્તકમાં જાય છે અને આનંદની અનુભૂતિ કરાવે છે. આજના વૈજ્ઞાનિકો આધ્યા-ત્મિક તથ્યોની વ્યાખ્યા જે રીતે આપી રહ્યા છે, લાગે છે કે વૈજ્ઞાનિક જગત સાચે જ આધ્યાત્મિક જગત પર ઉપકાર કરી રહ્યું છે.

આપણી વ્યસ્તતા ઓછી થાય, આપણે વિશ્રામ કરતાં કાયોત્સર્ગ વડે શરીરને વિશ્રામ આપીએ, અન્તર્જલ્પ મૌન અને નિર્વિચારતા વડે આપણે વાણીને વિશ્રામ આપીએ તથા પ્રેક્ષા અને દર્શન વડે મનને વિશ્રામ આપીએ - આમ કરવાથી આલ્ફા તરંગોની વૃદ્ધિ શરૂ થશે, જેનાથી આનંદ પ્રાપ્ત થશે.

માણસ જો અંતર્મનથી ત્યાગ કરે તો એના મસ્તકમાં આલ્ફા તરંગો વધશે. મુનિ સ્થૂલભદ્ર વેશ્યાના ઘરમાં રહ્યા. એ વેશ્યા ચિરપરિચિત હતી. જેના ઘરમાં સ્થૂલભદ્ર મુનિ બન્યા તે પૂર્વે રહી ચૂકયા હતા. શું એ વેશ્યાની સાથે નિષ્કલંક રીતે રહેવું શક્ય હતું? સામાન્ય માણસ કલ્પી પણ ન શકે. મુનિ ચાર મહિના રહ્યા છતાં પોતાના સફેદ વસ્ત્રોને ડાઘ લાગવા ન દીધો. એમના મસ્તકમાં આલ્ફા તરંગો એટલા હતા કે વેશ્યાનું કંઈ આકર્ષણ ન રહ્યું. સ્થૂલભદ્ર કામવિજયી બની શકયા અને વેશ્યાનું પણ પરિવર્તન થયું.

એક વ્યક્તિએ હેમચન્દ્રાચાર્યને પૂછયું-'ભંતે! સાધુઓ સરસ ભોજન કરે છે. ઘર ઘરની વાનગીઓ લે છે. છતાં બ્રહ્મચર્ય પાલન કઈ રીતે કરી શકે છે? સારા ભોજનથી શક્તિ વધે છે. તેનાથી કામવાસના ઉત્તેજિત થાય છે. આવી સ્થિતિમાં બ્રહ્મચારી રહેવું શું મુશ્કેલ નથી?'

હેમચન્દ્રાચાર્યે કહ્યું, 'ભદ્ર! સિંહ બળવાન પ્રાણી છે. તે હાથી અને સુવ્વરનું માંસ ખાય છે, છતાં વર્ષમાં એક વખત રતિ ક્રીડા કરે છે. કબૂતર ધાન અને કાંકરી ખાઈ પેટ ભરે છે છતાં તે કામવાસનાથી દિનરાત સંતપ્ત રહે છે. એનો શો હેતુ છે? બ્રહ્મચર્ય અને અબ્રહ્મચર્ય માટે માત્ર ભોજન જ નિમિત્ત નથી. બીજાં અનેક કારણો હોય છે.'

તર્કની વાત તર્કથી કપાઈ ગઈ. બળવાન તર્ક પાસે નિર્બળ તર્ક હારી જાય છે. સરસ કે નિરસ ભોજનની વાત ગૌણ છે. એ મુખ્ય બની જાય છે. જ્યારે મસ્તકમાં આલ્ફા તરંગ નથી હોતા, જ્યાં સુધી પરમ આનંદની અનુભૂતિ નથી થતી ત્યાં સુધી પદાર્થ-ગત આનંદ બાંધી રાખે છે. જ્યારે મસ્તકમાં આનંદ હોય છે ત્યારે બધા બાહ્ય પદાર્થો સારહીન લાગે છે.

જ્ઞાન અને આચરણ વચ્ચેના અંતરને હટાવવાનો એક માત્ર ઉપાય છે, આંતરિક આનંદની પ્રાપ્તિ અને આનંદની પ્રાપ્તિનો ઉપાય છે ધ્યાન. બીજા શબ્દોમાં કહીએ તો કાયગુપ્તિ, વચનગુપ્તિ અને મનોગુપ્તિ-આ ત્રણ ગુપ્તિનો અભ્યાસ એ વિસર્જનનો અભ્યાસ છે. આ વિસર્જન અમને જ્ઞાન અને આચરણની સમસરતામાં લઈ જાય છે. જેનાથી કથની અને કરણીનું અંતર મિટાવી શકાય છે.

ત્રણ ગુપ્તિની સાધના માત્ર અધ્યાત્મનું જ સૂત્ર નથી, વ્યાવ-હારિક જીવનનું પણ સૂત્ર છે. જે વ્યક્તિ પોતાના જીવનમાં સક્રિયતા અને નિષ્ક્રિયતાનું સંતુલન નથી કરી જાણતો તે સુખ કે આનંદનું જીવન નથી જીવી શકતો, પછી ભલે તે ધનકુબેર હોય.

卐 વર્નર એરહાર્ડ સાથે ત્રણ કલાક 卐

□ વિપિન પરીખ

થોડા દિવસ પર બે વિદેશી ચિંતકો - ચેતોવિસ્તારની પ્રવૃત્તિના પ્રણેતા મુંબઈને આંગણે આવી ગયા. એક 'એસ્ટ'ના વર્નર એરહાર્ડ બીજા 'કોમ્યુનિટી'ના સીલો. હજારોની સંખ્યામાં એમને સાંભળવા સન્મુખાનંદ હોલ કે ચોપાટી પર લોકો ભેગા થયા હતા. અલબત્ત, એ વર્નરના વકતવ્યને સાંભળવા રજનીશજીની જેમ એક કિંમત (રૂ. ૨૫) ચૂકવવાની હતી. છતાં સન્મુખાનંદ જેવો વિશાળ હોલ સમય અગાઉ ભરાઈ ગયો હતો તે લોકોની ઈંતેજારી તથા તેમની લોકપ્રિયતા જ દર્શાવે છે. અહીં આપણે ત્યાં સીલો અને વર્નર લોકોને ઘેલા કરે ત્યારે શ્રી મુકતાનંદ બાબા અમેરિકામાં લોકોને સ્પર્શ માત્રથી દુઃખથી મુકિત અપાવી આપણી ભૂમિ પર ત્રણ વર્ષ બાદ પાછા ફર્યા છે છે તે સહેજ.

આમ જુઓ તો શ્રી વર્નર કહે તેમ તેમના મિલનનો કોઈ હેતુ નહોતો, માત્ર સમાગમ (બી વીથ), સાથે મળીને આલાપ - પ્રલાપ નિરુદ્દેશ! એમણે જ કહ્યું કે એક વ્યકિત સ્ટેજ ઉપર હોય અને હજારો માણસો હોલમાં ખુરશી પર બેઠા હોય ત્યારે એક અકુદરતી ભાગ પડી જાય છે. જાણે સ્ટેજ પરની વ્યકિત જ્ઞાની છે - એણે કંઈક આપવાનું છે, બીજા જાણે શ્રોતા - ઓછું જાણતા. સત્યની ખોજમાં વિભાગીકરણ ખોટું - બિનજરૂરી છે તો પણ અંતે ખાસું ત્રણેક કલાક એમનું બોલવાનું થયું. એ વકતવ્યની અસ્ખલિત ધારા નહોતી કે કૃષ્ણમૂર્તિ કે રજનીશ જેવું ભાષામાં સંમોહન નહોતું. જુદા જુદા અનેક એસ્ટના ટ્રેઈનરોથી મોહિત થયેલા લોકોને ટ્રેઈનરોના ટ્રેઈનર ખુદ વર્નરને જ્યારે સાંભળવા મળશે એ જીવનનો એક લહાવો થશે. - મુગ્ધ થવાશે એવી અપેક્ષા હતી. એ અપેક્ષા પૂરી સંતોષાઈ નહીં. કેટલાકને વકતવ્ય કંઈક લાંબુ, તો કોઈને વધુ ગૂઢ - ઊંડું (એબસ્ટ્રેકટ) લાગ્યું. છતાં એમણે જે કહેવું હતું તે મૂળ તત્ત્વને સ્પર્શતું હતું અને એટલે જ ખાસ્સું દુર્ગ્રાહ્ય!

વર્નરને કહેવું હતું તે આ: કે આ હોલમાં બેઠેલા તમે ખાસ્સા યશસ્વી પુરુષો છો. જીવનમાં શું મેળવવું એ તમારું લક્ષ્ય ચોક્કસ છે. ધ્યેય પ્રત્યે નજર અવિચલિત છે અને તમે તમારું લક્ષ્ય પ્રાપ્ત પણ કરો છો. તમારી દિશા નક્કી છે. કયાં જવું તે ચોક્કસ છે અને છતાં એક ભૂલ થઈ જાય છે. કયાં જવું તે નક્કી હોય પણ તમે કયાંથી આવો છો, તમારું પગલું કયાંથી ભરો છો તે તમે નથી જાણતા. તેની તમે ફિકર નથી કરી, જેટલી તમે તમારા લક્ષ્ય માટે ચિંતા કરી છે. લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે એકલક્ષ્યતા, આવેગ વિ. જે ગુણોની જરૂર પડે તે ગુણો આ યશસ્વી માણસો પાસે હોય છે. પરંતુ આ પ્રકિયામાં જ આ લક્ષ્ય પર પહોંચતાં કે પહોંચીને જ બીજા અનેક પ્રશ્નો-સમસ્યા ઊભી કરે છે. અલબત્ત તે યશસ્વી વ્યકિતઓ કબૂલ નથી કરતી કે તેમને સમસ્યાઓ પીડે છે. દંભ કરે છે કે તેમને જાણે પ્રશ્નો જ નથી! આપણને ખબર નથી પડતી કે આ લક્ષ્ય પ્રતિ જવાના સંદર્ભમાં જ-એ વિચારની પ્રકિયા જ આ પ્રશ્નો ઊભા કરે છે. પ્રશ્નો કે સમસ્યા ઊભાં થાય એટલે વ્યકિત વધારે મહેનત કરવા માંડે, કદાચ એથી સમસ્યાનું નિરાકરણ થાય! પરંતુ એ ભૂલી જાય છે કે હજુ તે પોતે એ જ વાતાવરણ (ડાયેઈન) એ જ સંદર્ભમાંથી પોતાનું પગલું ભરે છે. વધુ પરિશ્રમ વધુ પ્રશ્નો ઊભા કરે છે – નિરાકરણ નહીં. બીજી વ્યકિત કરતાં જુદી રીતે વર્તવાનો પ્રયત્ન - તો પણ ત્યાં જ! હજુ સંદર્ભ તો તે જ છે, યશસ્વી થવાનો - કશું પ્રાપ્ત કરવાનો. ધ્યેય પૂરતો શકિતનો ઘોધ, હા, આવેગ - હા, પરંતુ લક્ષ્ય પર એક વખત પહોંચ્યા પછી લાગે જાણે એ સૌનો કશો અર્થ નહોતો. લક્ષ્ય જ જીવનની સર્વ ગતિનું કેન્દ્ર-તે સિવાય ઇતર સર્વ વસ્તુ પ્રત્યે દુર્લક્ષ, બેપરવાહી. પોતાના લક્ષ્ય - ધ્યેયના અજાણતાં જ તમે બંદીવાન થઈ જાઓ છો. એક જ ધ્યેય તમને સંમોહિત કરી પાગલ કરે છે. જીવન સતત પૂરેપૂરું જીવવામાં છે એથી કંઈક પણ ઓછું સંતોષકારક નથી બનતું. હું કે તમે જીવનમાં ગમે એટલું પ્રાપ્ત કરીએ, ભેગું કરીએ છતાં આપણું જીવન અર્થપૂર્ણ, મહત્ત્વપૂર્ણ (વર્થવાઈલ) રહ્યું એ કયારે ય પુરવાર નહીં કરી શકીએ. આપણે જે પ્રાપ્ત કર્યું તેની જ જાણે લેવડદેવડ કરીએ છીએ અને છતાં આપણા અસ્તિત્વ, હયાતિથી કોઈ ફરક પડે છે એવો સંતોષ નથી થતો. સતત ધબકતાં જીવનનો જાણે સ્પર્શ મળતો નથી.

અને આની પાછળ એક કારણ છે જે મહત્ત્વનું છે. જે આપણે ચૂકી જઈએ, આપણે કયાંથી આરંભ કરીએ છીએ તે જ આપણે શોધતા નથી–જોતા નથી. જેમ વધુ જોવાનો – શોધવાનો પ્રયત્ન કરીએ તેમ તે વધુ દુષ્કર, મુશ્કેલ બને છે.

અહીં આત્મજ્ઞાન, આત્મખોજની જરૂર પડે છે. આત્મ-ખોજ, આત્મજ્ઞાન આમ જુઓ તો સાવ સરળ છે; પરંતુ લોકો માને છે કે એ તો કોઈ ગૂઢ અને અઘરી વાત છે અને છતાં આત્મ કે સ્વયં (સેલ્ફ)ની ખોજ એ કાંદાના પડ ઉખેડવા જેવું છે. એક પડ ઉખેડો તો બીજું નીકળે, જેમ વધુ પડ કાઢતા જાઓ તો અંતે હાથમાં કશું જ નથી આવતું. તેમ કેન્દ્ર પર પહોંચો-શૂન્ય! આ થઈ શૂન્યવાદની વાત. ત્યારે વર્નર કહે તમને લોકોને–હિન્દસ્તાનના લોકોને શૂન્યની વાત કરવી તે કોલસાની ખાણના દેશમાં કોલસા વેચવા જેવું છે, સમુદ્રમાં પાણી ઉમેરવા જેવું! (તમારા તો લોહીમાં આ વાત છે!)

મૂળ વાત આ છે. આ કેન્દ્રમાંથી વિશ્વ તરફ પગલું ભરવાની એની કસોટી એ છે કે તમે એ શકિતને ક્રિયમાન – ગતિ-માન કરી શકો છો કે કેમ. એના વિષે એકઠી કરેલી માહિતી કામ-યાબ નથી આવતી. આમાં એક શકિત રહી છે. સામા પાત્રને પ્રેમ કરવાની, એની કદર કરવાની. સ્વયંની એ અભિવ્યકિત છે. એમાં પાશવી બળ નથી. ઈતરનું મારી મચડી પરિવર્તન કરવાની વૃતિ નથી, એને ખરીદવાની ઈચ્છા નથી. મારી કે તમારી એવી કોઈ 'હું' 'હું અથવા 'તું' એવી સ્થિતિ (પોઝિશન) નથી. એ દર્શન થયાની અનુભૂતિ છે. એ શકિતમાન કરે છે. ઉર્ધ્વગમન કરે છે. એ ભૂમિકા તુષ્ટતાની ભૂમિકા છે. તુષ્ટતા - તમે અહીં પગલું ભરો છો તે સ્થિતિ, તમે તુષ્ટતા ભણી પગલું નથી ચૂકતા. જેમને દર્શન થયું છે તે તુષ્ટતાની ભૂમિકાથી જ પગલાં મૂકે છે.

પોતા વિષે વર્નર કહે છે, "લોકો મારા પર અનેક જાતજાતના હેતુ કે ઈરાદાનું આરોપણ કરે છે; પરંતુ જિંદગી પાસેથી મારે જોઈતું નથી, કશું જ લેવાનું નથી. એનો અર્થ એ નથી કે હું સન્યાસી કે ત્યાગી છું."

આગળ કહે કે સ્વયંથી બહાર આવતા દર્શનની આ સ્થિતિ બીજા-નામાં ગુણો – શકિત પ્રેરે છે. હવે નેતાગીરીના દિવસો ભરાઈ ગયા છે. દરેકે પોતાની જ શકિતનો સ્રોત શોધી કાઢવાનો છે. પછી ઘેટાંની જેમ હુકમની રાહ જોવી નહીં રહે. આ દર્શન 'મારું' કે 'તમારું' એવા વિશેષણોથી બંધાતું નથી. માનવ ભાતૃત્વનો તમે

સ્વીકાર કરો છો ને સાથે હળીમળી કામ કરવું પછી અગત્યનું કે સહજ બની જાય છે. અહીં કોઈ ચીતરેલો, કંડારેલો, માર્ગ નથી. તમે પગલું મૂકો ને માર્ગ ફૂટે છે. આ દર્શન એક નમ્રતા આપે છે. એ નમ્રતામાં ગુલામી, લાચારી નથી હોતી. અહીં બીજી વ્યકિત, માનવમાં પણ દર્શન હોઈ શકે તે હકીકતનો ઊંડો આદર હોય છે.

સર્જન અને પરિવર્તનમાં જે ફરક છે તે ચીંધતાં વર્નરે કહ્યું કે, એક પરિવર્તન બીજા પરિવર્તનને આણે છે. ત્યારે સાચું સર્જન શૂન્યમાંથી–જ્યાં કશું જ હતું નહીં ત્યાંથી ઉદ્‌ભવે છે એનો અર્થ એ થાય છે કે, તમે જવાબદાર બનો છો, કટિબદ્ધ થાઓ છો (યુ બીકમ રિસ્પોન્સીબલ, કમિટેડ) હું કયાંથી આવું છું. કયાંથી પગલું ભરું છું એ મને જ્ઞાની, પંડિત નહીં બનાવે પણ મને બધી જ ઘટનાને આવરી શકે એવો સંદર્ભ આપશે. (કોન્ટેક્ષ) હા, આને માટે એક હિંમતની જરૂરત રહે છે. કારણ આ સર્જન માટે તમને કોઈનો આધાર નથી મળવાનો. તમે પોતે જ જવાબદાર બનો છો. આને માટે તમે જો પુરાવા માગો તો તમને કોઈ પુરવા નહીં મળે; પરંતુ પછી તમે પુરાવા શોધતા નથી. દરેક ઘટના એ માટે પુરાવો બની રહે છે. પરાજયથી તમે વિચલિત નથી થતા. કહેવાતી પ્રગતિમાં તમને રસ નથી રહેતો. તમે માત્ર તમારા દર્શનથી જ આલોકિત થઈ પગલાં ભરો છો - આ દર્શન જ તમારો ભોમિયો - તમારો પથદર્શક.

અલબત્ત, દર્શનની (વીઝન) આ વાત–તેમનું આ વકતવ્ય ખાસ્સું ત્રણ કલાક લંબાવ્યું. એની ધારા અસ્ખલિત નહોતી. કયાંક વાકયો તૂટક થતા કે અટકતા અને છતાં એનાં ઊંડાણ વિચારતા કરી મૂકે તેમ જ જાત પર નિર્ભર થવાની પ્રેરણા આપે તેવા રહ્યા. દર્શન કે સ્વયંની એક ભૂમિકા હોઈ શકે જે આપણે બધા જ પ્રાપ્ત કરી શકીએ (જે અપણામાં જ છે) અને એ ભૂમિકામાં સ્થિર રહી પછી જ વિશ્વભૂમિ, બહાર આપણે આવીએ તો આપણી સમસ્યાઓનો ઉકેલ આવે આ વાત નાનીસૂની નથી.

ભૂલ સુધાર

તા. ૧૬-૧૧-૮૧ ના અંકમાં ખરા અર્થનું દામ્પત્ય" વાળા શ્રી કાન્તિ ભટ્ટના લેખમાં પહેલી કોલમ બીજા પારિગ્રાફની પ્રથમ લીટીમાં–"રામનારાયણ પાઠક તેમની શિષ્યા "સરોજબહેન"ને "પરણેલા" એમ લખ્યું છે ત્યાં "હીરાબહેન"– એમ વાંચવું.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

વિદ્યાસત્ર

[વર્ષ છઠું]

વકતા : શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)

વિષય : હવે પછી જાહેર થશે.

સમય : સોમ, મંગળ, બુધ, તા. ૧૮-૧૯-૨૦- જાન્યુઆરી ૧૯૮૨ - સાંજના ૬:૦૦ વાગે

સ્થળ : તાતા ઓડિટોરિયમ, બોમ્બે હાઉસ, બ્રુસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૧

પ્રમુખ : ડૉ. રમણલાલ સી. શાહ.

સૌને સમયસર પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ,

નિયાણું

[] ડૉ. રમણલાલ ચી. શાહ

(ગતાંકથી સંપૂર્ણ)

વ્યવહારમાં ભોગકૃત નિયાણું મુખ્યત્વે નવ પ્રકારનાં બતાવવામાં આવ્યા છે. માણસને ભૌતિક સુખની વાંછના અતિશય હોય છે. તે પોતાના સુખને બીજાના સુખની સાથે વારંવાર સરખાવે છે અને બીજાના જેવું સુખ પોતાને પ્રાપ્ત થાય તેવો સંકલ્પ કરવા લાગે છે. આવો સંકલ્પ તપની સાથે સંલગ્ન થતાં નિયાણું બની જાય છે. રાજા, શ્રેષ્ઠિ, પુરુષ, સ્ત્રી, પરપ્રવિચાર, સ્વપ્રવિચાર, અલ્પ વિકાર, દરિદ્રી અને વ્રતધારી શ્રાવક એવાં મુખ્ય નવ પ્રકારનાં નિયાણું શાસ્ત્રોમાં ગણાવવામાં આવ્યાં છે. કોઈકને રાજા કે શ્રેષ્ઠિનું સુખ ભોગવવાની ઈચ્છા થાય છે, કોઈક પુરુષપણું કે કોઈકને સ્ત્રીપણું સુખ માટે વધુ અનુકૂળ અને યોગ્ય લાગે છે, કોઈકને દેવદેવીઓનાં ભોગ ભોગવવાની ઈચ્છા થાય છે, કોઈકને દરિદ્ર અર્થાત્ નિષ્કિંચન રહેવામાં સુખની શકયતા વિશેષ જણાય છે તો કોઈકને વ્રતધારી શ્રાવક બનવામાં વધારે સુખ લાગે છે. આમ મુખ્ય નવ પ્રકારનાં નિયાણું ગણાવવામાં આવે છે પણ તે ઉપરાંત બીજા અનેક પ્રકારનાં નિયાણું હોઈ શકે. દુનિયામાં સૌથી વધુ સુખી કોણ? એ પ્રશ્નના જવાબમાં ચક્રવર્તી રાજાથી માંડીને ભિખારી સુધીની તમામ અવસ્થાઓ ભિન્ન ભિન્ન અપેક્ષાએ વધુ સુખી લાગવાનો સંભવ છે. કાશીએ કરવત મુકાવવા ગયેલા કોઈક દુઃખી મોચીને 'ભવાન્તરમાં તારે શું થવું છે?' એમ પૂછવામાં આવતાં જે જે સુખી વ્યકિતઓના જીવનનો એણે વિચાર કર્યો તે દરેકના જીવનમાં દુઃખ પણ એટલું જ એણે જોયું અને છેવટે એને લાગ્યું કે, મોચી જેવું કોઈ સુખી જીવન નથી. માટે એણે કહ્યું, 'મેલ કરવત! મોચી ના મોચી.'

જેઓ ભોગકૃત નિયાણું બાંધે છે તેઓની આરાધના નિષ્ફળ જાય છે. એવા મનુષ્યો સર્વ દુઃખરૂપી રોગનો નાશ કરનાર સંયમનો ભોગકૃત નિયાણું દ્વારા નાશ કરે છે.

કોઈક વખત પોતાના તપના ફળ રૂપે આત્મવિકાસમાં સહાયરૂપ એવાં પુરુષત્વ, શરીરબળ, વજ્રવૃષભના રાચાદિ સંઘયણ વગેરે ઉત્તમ વસ્તુઓની યાચના માણસ કરે છે. આ પ્રકારનું નિયાણું તે પ્રશસ્ત નિયાણું કહેવાય છે. હું તીર્થંકર બનું અથવા તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરું, હું સિદ્ધ ભગવંત બનું, મને મોક્ષગતિ પ્રાપ્ત થાઓ, હું મહાન આચાર્ય બનું, હું મહાન સાધુ બનું, મને હમેશાં તીર્થંકર પરમાત્માનું શરણ મળી રહો. મારાં કર્મોનો ક્ષય થાઓ, મારાં દુઃખોનો ક્ષય થાઓ, મને સમ્યકબોધિ પ્રાપ્ત થાઓ, મને સમાધિમરણ સાંપડો - ઈત્યાદિ પ્રકારનાં નિયાણું તે પ્રશસ્ત નિયાણું ગણાય છે.

અલબત આ નિયાણું પણ અંતે તો શલ્ય છે.

ગૌતમસ્વામીનો ભગવાન મહાવીરસ્વામી પ્રત્યેનો રાગ જેમ પ્રશસ્ત હતો, પરંતુ તે કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાયરૂપ હતો, તેવી રીતે પ્રશસ્ત નિયાણું પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાયરૂપ બને છે. વળી, આવું શુભ નિયાણું પણ અભિમાનને વશ થઈ, માનકષાયથી પ્રેરાઈને, દ્વેષ કે ઈર્ષ્યાથી અન્ય જીવોને પરાજિત કરવાના કે પાછળ પાડી દેવાના આશયથી બંધાયું હોય અથવા બંધાયા પછી એવો કોઈ અશુભાશય ચિત્તમાં થવા લાગે તો તે નિયાણું પ્રશસ્ત મટીને અપ્રશસ્ત બની જાય છે.

પ્રશસ્ત નિયાણું સમ્યકભાવથી અને સાચી દૃષ્ટિથી જો બંધાયું હોય તો તે મોક્ષ માર્ગ પર દૃઢ રહેવામાં સહાયભૂત

બને છે. અજ્ઞાની જીવને ખબર નથી હોતી કે ભવાન્તરમાં પોતાને ક્યાં ક્યાં, કેવી રીતે રખડવાનું આવશે. કોઈક ભવમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો હોવા છતાં આખો અવતાર મિથ્યાત્વના અંધકારમાં પૂરો થઈ જાય છે. એટલા માટે ભવોભવ તીર્થંકર પરમાત્માનું શરણ પોતાને સાંપડે એવું પ્રશસ્ત નિયાણું અમુક કક્ષાના જીવોને માટે ઈષ્ટ ગણાયું છે. 'જયવિયરાય' નામના સ્તોત્રમાં વીતરાગ પ્રભુની સ્તુતિમાં કહેવાયું છે:

'वारिजजई जईवि नियाणबंध वीयराय तुह समये;
तहवि मम हुज्ज सेवा भवेभवे तुम्ह चलणाणं,

('હે વીતરાગ પ્રભુ! તમારા સિદ્ધાંત પ્રમાણે તો નિયાણું બાંધવાની મનાઈ ફરમાવવામાં આવી છે. તો પણ હે પ્રભુ! ભવોભવ તમારા ચરણોની સેવા કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડે એવું ઈચ્છું છું.)

આ નિયાણું પ્રશસ્ત છે અને જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી એ માર્ગથી વિચલિત ન થવાય એ માટેનું નિયાણું છે. આવું પ્રશસ્ત નિયાણું દોષરૂપ ગણાતું નથી. અલબત્ત એથી ઉચ્ચતર સ્થિતિ તો એ જ છે કે નિયાણું બાંધ્યા વગર પણ જીવાત્મા પોતાના સમ્યક દર્શન અને સમ્યક જ્ઞાન વડે મોક્ષ માર્ગ પર સ્વયમેવ દૃઢ રહી શકે, પરંતુ એમ બનવું તે કોઈક વિરલ આત્માઓ માટે જ શક્ય છે. બાધાજીવો માટે એ શક્ય નથી. નિયાણું ન કરવા છતાં રત્નત્રયીના સાચા આરાધકને અન્ય જન્મમાં માનવદેહ પુરુષત્વ, સુગુરુનો યોગ, સંયમની આરાધના વગેરે અવશ્ય પ્રાપ્ત થાય છે. કહ્યું છે:

पुरिसत्तादीणि पुणो संजमलाभो च होई परलाए।
आराधस्स णियमा तत्थमकदे णिदाणे वि ॥

શાસ્ત્રોમાં ત્રણ પ્રકારનાં શલ્ય બતાવવામાં આવ્યાં છે: માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય અને નિદાનશલ્ય. શલ્ય એટલે કાંટો. જેમ મિથ્યાત્વ અને માયા આત્મામાં કાંટાની જેમ ભોંકાયા કરે છે અને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિમાં અંતરાયરૂપ બને છે, તેવી રીતે નિયાણું માણસને પોતાની ઈચ્છા પ્રમાણે ભોગ વગેરેની પૂર્તિ જો કે કરાવે છે તો પણ અંતે તો શલ્ય રૂપે જ છે, કારણ કે એથી નિકાચિત કર્મ બંધાય છે અને એને પરિણામે તે આત્માને પ્રતિબંધક બને છે.

નિયાણું કરવામાં જે કર્મબંધન થાય છે તે ભલે શુભ કે અશુભ પ્રકારનાં હોય પણ તે નિકાચિત કર્મ હોય છે અને તેથી ઉદયમાં આવતાં તે કર્મ અવશ્ય ભોગવવાં જ પડે છે. એટલા માટે નિયાણું આત્મવિકાસમાં - મુક્તિ પ્રાપ્ત કરવામાં પ્રતિબંધક બને છે. જેઓ નિયાણું કરે છે તેમને માટે સમકિત અને સર્વવિરતિ દુર્લભ બને છે અને હોય તો પણ તે ચાલ્યાં જાય છે. માટે જ સાચા મુમુક્ષુ મુનિઓ ક્યારેય નિયાણું બાંધતા નથી.

એક પ્રશ્ન એવો થાય કે શું નિયાણું હમેશાં સફળ જ થાય? કોઈ વખત નિષ્ફળ ન જાય? એનો ઉત્તર એ છે કે જો તે નિયાણું હોય તો અવશ્ય સફળ થાય અને જો તે સફળ ન થાય તો તે નિયાણું નથી, પણ માત્ર અભિલાષા છે. માણસો વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરે છે. તેમાં મન, વચન અને કાયાનો ઉત્કૃષ્ટ યોગ હોય તો તે ઊંચા પ્રકારની તપશ્ચર્યા છે. કેટલીક વખત માણસની તપશ્ચર્યા કાયાથી સવિશેષ હોય પણ તેની સાથે મનના તેવા ઉચ્ચત્તમ ભાવો ન પણ જોડાયા હોય. કેટલીક વખત મનના ઉચ્ચત્તમ ભાવો હોય, પરંતુ તેને અનુરૂપ કાયિક તપશ્ચર્યા ન પણ હોય. પોતાની તપશ્ચર્યા કેવી થઈ રહી છે તે બીજાઓ કરતાં માણસને પોતાને વધારે સમજાય છે, પરંતુ કેટલીક વખત એવા મન, વચન અને કાયાના યોગોની ઉત્કૃષ્ટતા કેટલી છે છે તેની ખુદ પોતાને પણ ખબર નથી પડતી. એટલે તપશ્ચર્યા સાથે પોતે કરેલો સંકલ્પ નિયાણુમાં પરિણમ્યો છે કે નહિ, તેની ખુદ પોતાને પણ ખબર પડતી નથી. વળી ઈન્દ્રિયાર્થ પદાર્થોનો યોગ, અનુભવ, વાસના સ્મરણ, સંકલ્પ, ભાવના, ધ્યાન, અભિલાષ ઈત્યાદિ વિવિધ તબક્કાઓમાંથી ચિત પસાર થાય છે. એટલે દરેક ઈચ્છા એ નિયાણું નથી, પરંતુ ઉગ્ર તપશ્ચર્યા સાથે તીવ્ર રસપૂર્વક અભિલાષસહિત કરેલો દૃઢ સંકલ્પ માત્ર નિયાણું બને છે.

પ્રસંગ સાંપડ્યો હોય છતાં પણ નિયાણું ન બાંધે એવા મહાત્માઓના દૃષ્ટાંતો પણ જોવા મળે છે. જ્યારે ઘણી ઘોર તપશ્ચર્યા થઈ હોય ત્યારે દેવો આવીને કંઈ ઈચ્છા હોય તો તે પૂરી કરવા માટે વિનંતી કરતા હોય છે. પરંતુ તામલી તાપસ કે નમિ રાજર્ષિ જેવા મહાત્માઓએ પોતાના તપને વટાવી ખાવાનો ઈનકાર કર્યો છે. ભગવાન મહાવીર સ્વામીને પણ કેવળજ્ઞાન થયું તે પૂર્વે સંગમ દેવે પણ એવી વિનંતી કરી હતી, પરંતુ મહાવીર સ્વામીએ તેનો અસ્વીકાર કર્યો હતો. તપ દ્વારા જે કર્મની નિર્જરા થાય છે તે એટલી બધી મહત્ત્વની હોય છે કે તેના બદલામાં કંઈક યાચના કરવી એ મોંઘી વસ્તુ આપીને સસ્તી વસ્તુ લેવા બરાબર - છેતરાવા બરાબર છે. એથી અંતે તો આત્માને જ હાનિ થાય છે. એટલા માટે જ કહેવાયું છે કે:

सुबहुपि तवंपि तंसु दीहंमवी पालिअंसुसामन्नं।
तो काउण नियाणं. मुहाहि हारंति अत्तानं ॥

(રૂડી રીતે ઘણા તપને પણ આચર્યું તથા સુસાધુપણું પણ પાળ્યો, તો પણ નિયાણું કરીને શા માટે ફોગટ આત્માને હારે છે?)

सीलवाइं जो बहुफलाइं हंतुणसुहमहिलसइधिद्द।
दुब्बलो तवसी कोडीए कांगणि कुणइ ॥

(જે શીલવ્રતાદિક બહુ ફળ આપનારાં છે તે ફળને હણીને જે તુચ્છ સુખની વાંછા કરે તે દુર્બળ બુદ્ધિવાળો તપસ્વી કાંગણી જેવા તુચ્છ ધાનને માટે કોડી ધન ગુમાવે છે.)

તપશ્ચર્યામાં ઉત્કૃષ્ટ અને અતિ કઠિન એવી તે સંલેખના છે. સંલેખના એટલે કે મારણાંતિક અનશન છે. એવી તપશ્ચર્યા અંતિમ આરાધના રૂપે જ્યારે મહાત્માઓ કરતા હોય છે ત્યારે ચિત્તની વિશુદ્ધ સમાધિમાંથી તેઓ જો વિચલિત થઈ જાય તો આ લોકનાં કે પરલોકનાં સુખની વાંછા કરવા લાગે અથવા પોતાને માટે માનપાનયુક્ત મહોત્સવની ઈચ્છા કરવા લાગે અથવા એવા મહોત્સવો જોઈ વધુ જીવવાની ઈચ્છા કરવા લાગે. સંલેખના વ્રતના આ અતિચારો છે અને તેનું સેવન ન થાય તે માટે ચિત્તને સજાગ રાખવું ઘટે. કે જેથી તે નિયાણામાં ન પરિણમે.

પોતાનાથી નિયાણું ન બંધાય એ માટે માણસે ઈચ્છા નિરોધની વૃત્તિ કેળવવી જોઈએ. ચિત્તમાં તૃષ્ણાઓ સતત જાગતી રહે છે. ક્રમે ક્રમે તૃષ્ણાઓ ઓછી કરતા જવું જોઈએ. કેટલાક માણસો અચાનક વ્રત ધારણ કરતા હોય છે અને અનાસક્તભાવે પોતાનું કર્તવ્ય કરતા જતા હોય છે. બદલામાં સ્થૂલ લાભની ઈચ્છા તેઓ નથી કરતા, પણ પોતે કરેલા કાર્યની પ્રશંસાની કે માનપાનની સૂક્ષ્મ એષણા ક્યારેક તેમના મનમાં રહે છે. જેઓ ખરેખર મહાન છે તેઓ તો બીજી એષણાઓ ઉપરાંત લોકેષણાથી પણ પર થઈ ગયા હોય છે. આવા મહાત્માઓની નિયાણુરહિત તપશ્ચર્યા તેમને મુક્તિ તરફ ત્વરિત ગતિ આપાવે છે.

ન ર્યો કવિ

[] સુરેશ દલાલ

થોડા દિવસ પહેલાં જ કન્નડ ભાષાના કાવ્યપુરુષ ડી. આર. બેન્દ્રેનું અવસાન થયું. સાહિત્યની સૃષ્ટિમાં એ જાણીતા છે બેન્દ્રે તરીકે.

એમને એક જ વાર જોવા અને સાંભળવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું. ખ્યાલ છે ત્યાં સુધી, એમને જ્ઞાનપીઠ એવોર્ડ આપાયો છે. પછી સોમૈયા કોલેજમાં એ નિમિત્તે સમારંભ હતો, એમને સન્માનવાનો. શ્રી શાંતિભાઈ સોમૈયાને ત્યાં ડિનર હતું. એમને શ્રોતા તરીકે મંચ પર જોયા, સાંભળ્યા. ડિનરમાં નજીકતાથી જોયા.

આપણી પાસેથી જો પસાર થઈ જાય તો ખબર પણ ન પડે કે આ કન્નડ ભાષાનો ઊર્ધ્વમૂલ કવિ છે. મધ્યમ ઊંચાઈ, શ્યામ રંગ, ઘોતિયું, કાળો કોટ–મંચ પર પણ જ્યાં સુધી એ મધ્ય ખુરશી પર ન બેસે ત્યાં સુધી એમનું મહત્ત્વ કળાય જ નહીં. મેં એમને મંચ પર જોયા ત્યારે એક વાત ખૂબ જ સ્પર્શી ગઈ. એ છત્રી લઈને મંચ પર આવ્યા હતા. મારી બાજુમાં કોઈકે કહ્યું કે નર્યો કવિ છે આ. વરસાદની તો મોસમ નથી અને હોય તો પણ મંચ પર છત્રી લઈને અવાય? મેં કહ્યું, મારી દૃષ્ટિએ એ ભારે સમજુ માણસ છે. જાણે છે કે આજે એમનો સન્માન–સમારંભ છે, તો આ પ્રશંસાના વરસાદથી જેટલું ઓછું ભીંજાવાય એટલું સારું.

સોમૈયા પબ્લિકેશન્સે 'બેન્દ્રે : કવિ અને દ્રષ્ટા' એ નામનું વી. કે. ગોકાકે લખેલું એક સરસ પુસ્તક પણ પ્રગટ કર્યું છે. ગોકાક અને બેન્દ્રે મિત્રો જેવા. બેન્દ્રેની કવિતાના વ્યક્તિત્વનાં ભૂરકીયાં ગોકાક અંજાયેલા અને મંજાયેલા. વ્યક્તિ બેન્દ્રેનું વર્ણન કરતાં ગોકાક કહે છે કે બહારથી ઠીંગણા અને કઠોર લાગતા બેન્દ્રેનું આંતરવ્યક્તિત્વ ઉન્નત વિચારોથી ભવ્ય છે, જ્યારે એ પોતાને પણ ભૂલીને વાતો કરતા હોય છે ત્યારે એમનો અવાજ ચંડોળ પક્ષીની જેમ આકાશમાં ઊડે છે અને એમની આંખો તો પ્રાચીન પ્રજ્ઞાના ઊંડા કૂવા જેવી છે.

મોટા ભાગના કવિઓને કવિતા વાંચતાં નથી આવડતી. બેન્દ્રેનું કાવ્યપઠન આપૂર્ણ હતું એમ કહેવાય છે. કવિતા તમે સરસ રીતે વાંચો તો પછી કવિતા સમજાવવાની જરૂર ન રહે. તમારા ઉદ્‌ગારમાં જ કવિતાનો ઉઘાડ થતો આવે. ડિલન ટોમસ માટે એમ કહેવાય છે કે તેઓ જ્યારે કવિતા વાંચતાં ત્યારે શ્રોતાઓ પર એક સુવર્ણજાળ પથરાઈ જતી.

કન્નડ કવિતાના પ્રવાહને પલોટવામાં, વળાંક આપવામાં અને એને સ્થિર ગતિએ મૂકવામાં બેન્દ્રેની કવિતાનો ફાળો બહુમૂલ્ય છે. બેન્દ્રેને કવિતા લખવા કરતાં કવિતા જીવવામાં વધારે રસ હતો અને એ એટલી હદે કવિતા જીવ્યા કે એમની લખાયેલી કવિતા તો એમના વ્યક્તિત્વનો અર્ધસારાંશ પણ નથી. નિયતિવાદી હતા બેન્દ્રે. જીવનની સનાતન યાત્રામાં તેઓ પૂર્ણપણે ખીલ્યા અને ખૂલ્યા. વ્યક્તિત્વનો આંતર ઉઘાડ એ એમનું સારસર્વસ્વ કહેવાય છે કે કવિતા તો એમને માટે એક નાનકડું સસલું. મન થાય ત્યારે એને પંપાળે–થાબડે; પણ આ સસલું એમનાથી દૂર ભાગ્યું નહીં; એમની સાથે ને સાથે રહીને એમને કવિપદ અપાવ્યું. એલિસ જેવી એમની કવિતા માટે આ સસલાને કારણે સ્વપ્નનો અદ્‌ભૂત પ્રદેશ ખૂલ્યો અને બેન્દ્રે એ પ્રદેશના નાગરિક બન્યા. નિયતિથી નાસી છૂટે એવા આ કવિ નથી. સામે ચાલીને એનું ઉષ્માપૂર્વક સ્વાગત કરે એવો આ જીવ છે. એમનાં કેટલાંક કાવ્યો એવાં છે કે એને માટે એવું કહેવાયું છે કે કવિએ જાણે કે મેઘધનુષ્યમાં પીંછી બોળી હોય ને પછી લખ્યું હોય.

કવિઓ કવિતા લખે છે ત્યારે તો કવિ થાય છે. કવિ તરીકેની કીર્તિ પામ્યા પછી કવિઓ કવિતાને ભૂલીને કીર્તિ પાછળ પડે છે. લક્ષ્મણરેખામાં ન રહીએ તો, કીર્તિ તો માયાવી મૃગ જેવી છે. બેન્દ્રેને કવિતામાં રસ છે. એને કારણે મળતા કીર્તિ, ખિતાબો કે અમરપટામાં નહીં. એમને મતે 'કીર્તિ' તો પાણીમાં પડતા વાદળના પડછાયા જેવી છે. જીવંત માણસોએ મૃતાત્મા પર જે ધૂળ નાખી તે કીર્તિ. નામ અને કીર્તિ કરતાં કવિને વૈકુંઠ લાગે છે જીવતાઓની વચ્ચે જીવતા રહેવામાં. રસ એ જન્મ છે, વિરસ એટલે કે રસનો અભાવ એ મરણ છે. બેન્દ્રે તો કહે છે કે સમરસ એ જ જીવનનો સંવાદ છે.

ઈશ્વરે બેન્દ્રેને પ્રમાણમાં દીર્ઘ આયુષ્ય આપ્યું હતું; પણ સર્જક બેન્દ્રેનું આયુષ્ય કાળસીમિત નથી. કન્નડ ભાષાને એમણે ખોબેખોબા ભરીને આપ્યું છે. 'કન્નડ પ્રજાને જોવા માટે આંખ આપી અને સાંભળવા માટે કાન આપ્યા.' કોઈ પણ સર્જક જો આટલું કરી શકે તો એમનું જીવ્યું સાર્થક.

શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનથી એ પ્રભાવિત હતા અને પંદરમી ઑગસ્ટને, શ્રી અરવિંદના જન્મદિવસને પોતાની રીતે ઉજવાતા અને મિત્ર, શિષ્યો સાથે ઓચ્છવ મનાવતા. બેન્દ્રેના જન્મ દિવસના પણ ઉત્સવો પ્રજાએ ઉજવ્યા છે. એમને માયસોર અને કર્ણાટક યુનિવર્સિટીઓ ડી. લિટ.ની માનદ્‌ ઉપાધિ પણ આપી છે. કવિ બેન્દ્રે એટલા પ્રસિદ્ધ કે પ્રોફેસર બેન્દ્રે બહુ ઓછાને યાદ આવે. એ વિદ્યાર્થી પ્રિય હતા છતાં પણ.

બેન્દ્રેએ કવિતા દ્વારા પ્રકાશ આપ્યો છે અને આનંદનો ઉછાળ આપ્યો છે. શબ્દની અશક્તિ પણ જાણે છે અને એનું સામર્થ્ય પણ જ્યારે એમનો પાર્થિવદેહ ચિતામાં બળી રહ્યો હશે ત્યારે કન્નડભાષી કવિતાપ્રેમીને બેન્દ્રેના જ શબ્દો યાદ આવવાના–શાંતિ. ચાલો પાવકની પ્રાર્થના કરીએ. અતાગ શબ્દના ઊંડાણો નીરવ હોય છે.

આજની આર્થિક પરિસ્થિતિ

સંકલન : ગુણવંતલાલ મ. ઝવેરી

અભ્યાસ વર્તુળના ઉપક્રમે તા. ૧૩-૧૧-૮૧ની સંધ્યાએ પરમાણંદ કાપડિયા સભાગૃહમાં ઉપરોક્ત વિષય ઉપર બે પ્રવચનો રખાયાં હતાં. વક્તાઓ હતાં: (૧) શ્રી રામુ પંડિત-મંત્રી, ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર, (૨) શ્રીમતી ચંદ્રાબેન દલાયા–રૂઈયા કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગના વડા.

પ્રથમ, શ્રીમતી ચંદ્રાબેને પોતાના વક્તવ્યમાં કહ્યું, "ભારતમાં આર્થિક સમસ્યાઓનો સીધો સંબંધ મુખ્યત્વે વસતિવધારા સાથે સંકળાયેલો છે. વસતિ જેમ વધતી જાય તેમ આર્થિક પ્રશ્નો મુશ્કેલ બનતા જાય છે. તેમ છતાં, નિરાશ થયા વગર આપણે આપણા મનુષ્યબળનો યથોચિત ઉપયોગ કરવાનો છે. આપણા દેશની કુલ વસતિના ૪૦ ટકા જેટલું પ્રમાણ, ૧૪ થી ૧૮ વર્ષના યુવાનો-યુવતીઓનું છે. તેમાંથી આશરે બે કરોડ ને ત્રીસ લાખ જેટલા શિક્ષિત બેકારો છે. આમાંના અધિકાંશે યુવાવર્ગને કામ આપી શકાતું નથી અને એ કારણે આ યુવક વર્ગમાં હતાશા અને વિકૃતિ જન્મે છે. પરિણામે ક્વચિત સમાજવિરોધી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં એ શક્તિ વેડફાય છે તે જ પ્રમાણે 'Work ethics' નું યોગ્ય મૂલ્યાંકન થતું નથી તથા કામદાર મંડળો-યુનિયનોનું પીઠબળ મળતાં અને એમની માગોની વધુ ને વધુ અને વારંવાર થતી આળપંપાળને કારણે કામદાર વર્ગમાં કામ કરવાની વૃત્તિ ઓછી થતી જાય છે. પરિણામે ઉત્પાદન પર ઘેરી અસર થાય છે. આપણે સામૂહિક કાર્ય કરવાની કલા શિખ્યા નથી. તેથી સહઅસ્તિત્વનો સિદ્ધાંતનો લાભ મળી શક્યો નથી. બીજી તરફ, માટા અને મધ્યમ ઉદ્યોગપતિઓ ઉત્પાદન દ્વારા વધુ ને વધુ નફો મેળવવાની વૃત્તિ રાખે છે જેથી માલ મોંઘો મળે અને ખરીદશક્તિ ઘટે છે. ભારે કરવેરા પણ આર્થિક વિકાસને રૂંધે છે. એટલે, સરકાર, ઉદ્યોગપતિઓ, કામદાર વર્ગ અને પ્રજા આ બધા પક્ષો વચ્ચે સુમેળ, અને સંકલન હોય તો આર્થિક પ્રશ્નો ઉકેલવામાં ખૂબ સરળતા થઈ પડે અને દેશ પ્રગતિના માર્ગે અગ્રેસર થઈ શકે.

ત્યાર બાદ, શ્રી રામુ પંડિતે પોતાની બુલંદ વાણીમાં પ્રવચન આપતાં કહ્યું "આપણા દેશનું ભાવિ ખૂબ ધૂંધળું છે. વાર્ષિક નફો જે આયોજનપંચના નિર્ધારિત લક્ષ્યાંકો લેખે પાંચ ટકા જેટલો નીચો રખાયો હોવા છતાં પણ આપણે એ સિદ્ધ કરી શક્યા નથી. દુર્ભાગ્યે વિશ્વના વિકસિત દેશોમાં આપણો નંબર છેક પંદરમો આવે છે. ફિલિપાઈન્સ જેવા નાનકડા દેશની સરેરાશ વાર્ષિક 'growth' (પ્રગતિ) આપણાં કરતાં ઘણી ઊંચી છે. આપણે આપણી યુવાશક્તિનો રાષ્ટ્રીય ધોરણે સમુચિત વિકાસ અને સદુપયોગ કરી શક્યા નથી. જ્યારે, હોંગકોંગ અને સીંગાપુર જેવાં શહેરોએ 'Youth battallians' સ્થાપીને શ્રમ દ્વારા એ શક્તિનો સંચય કરી સદ્‌વ્યય કર્યો છે. આપણી વાર્ષિક સરેરાશ આવક આમ તો વધી છે; પરંતુ વધતી જતી કારમી મોંઘવારીને લીધે એનો છેદ ઊડી જાય છે. મારી દૃષ્ટિએ આ સૈકાના અંત સુધીમાં પણ આપણી આર્થિક સ્થિતિ સુધરે એવાં ચિહ્નો જણાતાં

નથી. તેનાં મૂળ કારણો આ પ્રમાણે છે: (૧) વસતિવધારો, (૨) સરકાર અને ક્ષમતા સંચાલિત રાષ્ટ્રીય મહાઉદ્યોગોની કંગાળ અને નિરાશાજનક સ્થિતિ, (૩) સત્તારૂઢ પક્ષની પક્ષીય રાજનીતિ, (૪) ભ્રષ્ટાચાર અને પ્રમાદ, (૫) અસહ્ય કરવેરા, (૬) ઉદ્યોગો અને કામદારો વચ્ચે સુમેળનો અભાવ છે.

આપણા દેશની ૭૨ ટકા પ્રજા ખેડૂત અને ખેતમજૂરોની છે. આપણી પાસે માનવબળ, યંત્રબળ અને સાહસવૃત્તિ છે, પણ મૂડી ઘણી ઓછી છે.

રાષ્ટ્રીય દેવું વધતું જાય છે અને રૂપિયાનું મૂલ્ય ઘટતું જાય છે. દેશની વસતિના લગભગ બાવન ટકા પ્રજાજનો ગરીબી રેખાના સ્તરની નીચે જીવે છે.

રાષ્ટ્રીય વિકાસ નીતિઓ કે પંચવર્ષીય યોજનાઓ સત્તારૂઢ પક્ષ અને સરકારી નીતિઓથી પર અને સ્વતંત્ર હોય તો જ રાષ્ટ્ર નિર્ધારિત અને ચોક્કસપણે પ્રગતિ સાધી શકે. સરકારી હસ્તક્ષેપ પ્રગતિ માટે અવરોધક બને છે. સરકાર અને પ્રજા બન્ને સાથે પુરુષાર્થ કરવાનો સંકલ્પ કરે અને એકબીજાના પૂરક બને તો જ રાષ્ટ્રીય ઉત્થાન શક્ય બને.

ત્યાર બાદ શ્રી રામુ પંડિતે ચાર્ટો (નકશાઓ) દ્વારા અનેક ક્ષેત્રોની પ્રગતિ ઉત્પાદન વિ.ના તુલનાત્મક આંકડાઓ દર્શાવ્યા હતા જે ખૂબ સૂચક અને આંખ ખોલનારા હતા. દેશની સર્વાંગીણ ઉન્નતિમાં કેવો અને કેટલો ભાગ ભજવે છે તેનું સ્પષ્ટ ચિત્ર તેમણે ચાર્ટો દ્વારા રજૂ કર્યું હતું.

તે પછી પ્રશ્નોત્તરી થઈ તેના અનુસંધાનમાં બન્ને વક્તાઓએ નીચે પ્રમાણે વિધાનો કર્યાં:-

○ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ ('I.M.F.') દ્વારા ભારતને રૂ. પચાસ અબજ જેટલી વિરાટ નાણાકીય સહાય મળી છે તે અભૂતપૂર્વ છે. આ મદદથી આપણી વર્તમાન કથળતી આર્થિક સ્થિતિ ઠીક પ્રમાણમાં સુધરશે. જો કે, આ જંગી રકમને નિર્ધારિત સમયમાં પરત કરવાની આપણા દેશની જવાબદારી ઘણી મોટી રહેશે.

○ શિક્ષણ ક્ષેત્રે આપણા દેશની પરિસ્થિતિ ખૂબ નિરાશાજનક છે. રાષ્ટ્રીય બજેટમાં પણ આ ક્ષેત્રે ખૂબ ઉપેક્ષા થઈ છે.

○ આપણાં વર્તમાન, કૌટુંબિક સામાજિક અને રાજકીય સંજોગો જોતાં યાંત્રિક અને સામૂહિક સધન ખેતી આપણા દેશ માટે લાભકારક નથી.

○ ગોલ્ડ બોન્ડ યોજના કાળાબજારિયાઓ અને કાળાનાણાને ઉત્તેજન આપશે અને પ્રામાણિકતાનું ધોરણ નીચું લાવશે.

આજનો વિષય ખૂબ વિસ્તૃત અને મહત્ત્વનો હતો. તે મુજબ આ વિષયના ખૂબ નિષ્ણાત અને અધિકારી બન્ને વક્તાઓએ ઘણા સીમિત સમયમાં પણ દેશની સાંપ્રત આર્થિક પરિસ્થિતિનું વિશદ્ રીતે વિશ્લેષણ કર્યું અને ખૂબ જ રસપ્રદ અને માહિતી પ્રચૂર ચિત્ર રજૂ કરીને શ્રોતાજનોને વૈચારિક ભાથું પૂરું પાડ્યું અને પ્રભાવિત કર્યા.

પ્રારંભમાં, કન્વિનર શ્રી સુબોધભાઈ શાહે બન્ને વક્તાઓનો ટૂંક પરિચય આપ્યો અને તેમને આવકાર્યા. અંતે શ્રી ગુણવંતભાઈ ઝવેરીએ આભાર વ્યક્ત કર્યો.

પંડિત સુખલાલજી સ્મારક બીજું વ્યાખ્યાન

પરિચય ટ્રસ્ટે શરૂ કરેલી પંડિત સુખલાલજી સ્મારક વ્યાખ્યાન શ્રેણીમાં બીજું વાર્ષિક વ્યાખ્યાન જાણીતા તત્વજ્ઞ અને વિદ્વાન ડૉ. કે. આર. શ્રીનિવાસ આયંગર "ધર્મ અને સામાજિક કાળજી" (Religion and Social Concern) વિષે ડિસેમ્બર ૮, ૧૯૮૧ મંગળવારે આપશે. આ વ્યાખ્યાનમાં હાજર રહેવાનું સૌને નિમંત્રણ છે.

વ્યાખ્યાન સ્થળ: મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, કૈવલ્યધામ પાછળ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨, સમય: સાંજે ૬ વાગે.

અસલામતીની સોનેરી શીખ

[] ક્રાન્તિ ભટ્ટ

'નેવર ડિસાઈડ ફોર સિક્યુરિટી
અધરવાઈઝ યુ વીલ ઓલવેયઝ
ડીસાઈડ રોંગલી
ઓલ્વેયઝ ડિસાઈડ ફોર લવ
હુ કેર્સ એબાઉટ સિક્યુરિટી
ઈફ ધેર ઈઝ લવ.'

એક ડાહ્યા વિદ્વાને અસલામત રહેવાની શીખ આપવા માટે ઉપર પ્રમાણે લખ્યું છે. તે કહે છે કે જ્યારે તમે સલામત થઈ જવાની ભાવના સાથે કોઈ નિર્ણય લો છો તે નિર્ણય ખોટા પડે છે. હમેશાં પ્રેમની તરફેણમાં આવે તેવા નિર્ણય લો. કારણ કે જો પ્રેમમાં તમે શ્રદ્ધા રાખો પછી સલામતીની ઐસી કી તૈસી. ઉપદેશ ઘણો આકરો છે. ખાસ કરીને જગતમાં ઠેર ઠેર સલામતીના સંસ્કાર અને વાતાવરણ હોઈ ત્યાં કોઈ અસલામતીમાં રહેવાનું અને પ્રેમ ઉપર ભરોસો રાખવાનું કહે ત્યારે આપણને ઝટકો લાગે છે. પ્રેમ હોય છતાં લગ્નના બંધન પછી જ સાથે રહી શકાય. બંધી જ સલામતીવાળી-પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી કે પેન્શનવાળી – નોકરી જ સ્વીકારાય. વિમાની મોટી રકમની પોલીસી દ્વારા સલામતી, પોતાનું જ ઘર કરી લઈને સલામત થવાની વૃત્તિ, દેશના રક્ષણ માટે સંરક્ષણ કરારો દ્વારા સલામતી, વોર્સો કરાર હેઠળ સામ્યવાદી દેશોની સલામતી, નાટો દ્વારા, મૂડીવાદી દેશોની સલામતી વગેરે સલામતીના સાર્વત્રિક વાતાવરણમાં કોઈ અસલામત થવાનું કહે તે કેવું લાગે? ક્રિકેટમાં અમ્પાયરો, કંટ્રોલ બોર્ડના પ્રમુખો અને અમ્પાયરો પણ મરતાં સુધી તેમને ટેસ્ટ મેચના પાસ મફતમાં મળે તેવી સલામતી રાખતા જાય છે. દરેક દેશના પ્રમુખો કે વડા પ્રધાનો અને સંસદસભ્યો પણ લોકશાહીને નામે પેન્શનોની જોગવાઈ કરતા જાય છે. આ નાણાંની સલામતી સાથે સાથે લોકો તંદુરસ્તીની સલામતી, માનસિક સ્થિરતાની સલામતી અને ગુરુ દ્વારા આધ્યાત્મિક આનંદની અને સુખની સલામતી પણ શોધતા હોય છે. હવે કૃષ્ણમૂર્તિની મોસમ આવી ગઈ છે. જગતમાં કૃષ્ણમૂર્તિ અને એલન વોટસ જેવા રડ્યાખડ્યા વિચારકો અસલામત રહેવાનું કહે છે. મારી પાસે ઘણા વખતથી એલન વોટસનું "ધી વિઝડમ ઓફ ઈનસીક્યુરિટી" નું પુસ્તક પડ્યું છે. એલન વોટસે સલામતીનાં ગ્રાહકોથી ભરેલા જગત સામે "અસલામતીના ડહાપણ' નો વિચાર મૂક્યો છે. આ લેખમાં માત્ર તેમના જ વિચારો હું રજૂ કરવા માગું છું. –

"આપણે આ જગતમાં માત્ર સુખના જ ગ્રાહક બની રહેવા માગીએ છીએ. પણ એ જાણી લેવું જોઈએ કે જેમ જેમ આપણે સુખના પગથિયા ચઢીશું તેમ તેમ દુ:ખની પછડાટ ખાવા માટે પણ તૈયાર રહેવું પડશે. માણસો આ જાણે છે. એટલે દુ:ખ જ ન આવે એ માટે ભવિષ્યની પણ તૈયારીમાં જીવતો હોય છે. અત્યારનો માનવી જાણે, તો જ જીવવા તૈયાર થાય જો તેની સામે કંઈક ભવિષ્ય હોય. માત્ર આ જીવનમાં નહિ, પણ કબરમાં ગયા પછી કે કાષ્ટમાં સળગી ગયા પછીના જીવનમાં પણ તે સ્વર્ગની કલ્પના કરતો હોય છે. એ હમેશાં જીવનમાં કોઈક "સારા સમય"ની રાહ જોતો હોય છે, પણ જ્યારે એનો એ "સારો સમય" આવે છે ત્યારે પણ આ સારા સમયનાં શીંગડાંપૂંછડા શણગારેલા હોય અને તે પછીના સમયમાં પણ કંઈક વધુ લાડવો મળી જવાનો હોય તો જ તે સારા સમયને ભોગવી શકે છે. ખરેખર આ એક કમનસીબી નથી? જો આપણું સુખ માત્ર આવનારા ભવિષ્યના સારા સમય ઉપર જ અવલંબિત હોય તો તે જીવન કેટલું પાંગળું હોવું જોઈએ?"

"દરેક માનવી કોઈને કોઈ માન્યતાને ચીટકીને સલામત થઈ જવા માગે છે. એ માનવીને પોતાના જીવનને મૂલ્યવાન બનાવવું છે. સલામત રહીને જ અર્થપૂર્ણ બનાવવું છે. આમ માન્યતા એવી ચીજ થઈ ગઈ છે કે જાણે તે એક ખીંટી હોય અને તે ખીંટીએ લટકીને આપણા જીવનને નિરાંતવાળું અને સલામત બનાવી દઈએ તેમ આપણે ઈચ્છીએ છીએ; પરંતુ જો જીવનના રહસ્યને સમજવું હોય તો આ પ્રકારે તેના રહસ્યને પકડીને અને ખિસ્સામાં મૂકી દઈને સમજી શકાતું નથી. એક નદીમાંથી એક બાલદી ભરીને પાણી લઈ લો એટલે તમે કહી શકો નહિ કે એ નદીને તમે ભરી લીધી છે. જો તમે દોડતા પાણીને કે ખળખળતા ઝરણાને બાલદીમાં પકડી લો તો, કહી શકો નહિ કે તમે પાણીને વશ કરી લીધું છે. એ સ્પષ્ટ છે કે તમે પાણીને કે ઝરણાંને સમજી શક્યા નથી. કારણ કે બાલદીમાં પાણી વહેતું નથી. જો તમારે પાણીને તમારું કરવું હોય તેને "પકડવું" હોય તો તમારે તેને વહેવા દેવું જોઈએ. આવું જ ઈશ્વર અને જીવનની બાબતમાં તમારે સમજવાનું છે: ઈશ્વરને કે જીવનને એક માન્યતા રૂપે પકડીને તમે કંઈ પામી ન શકો."

"મને લાગે છે કે આ પ્રકારે માન્યતાને પકડીને સલામત થઈ જવાની ભાવનાનું એક કારણ એ પણ છે કે તમે દુ:ખ કે પીડાથી દૂર રહેવા માગો છો. માત્ર માનવપ્રાણી જ આવું કરે છે. આપણને ઘણી વખત પ્રાણીઓના જીવનની ઈર્ષા આવે છે... પ્રાણીઓ પીડા ભોગવે છે અને મરી જાય છે, પણ તેમની પીડાને તેઓ સમસ્યા જેવી બનાવી દેતા નથી. પ્રાણીઓના જીવનમાં બહુ ઓછા ગુંચવાડા છે. પ્રાણીઓ માત્ર ભૂખ્યા થાય ત્યારે જ ખાય છે અને માત્ર થાકી જાય ત્યારે જ ઊંઘે છે. એમની આંતરિક વૃત્તિઓ જ તેમના જીવનને દોરે છે. એ લોકો વિમો ઊતરાવતા નથી. પ્રાણીઓનો દાખલો આપીને હું બીજી જ વાત કહેવા માગું છું. આપણે પ્રાણી તો નથી, આપણે તો માનવી છીએ. આપણી અનોખી ચંચળતાને કારણે આપણું જીવન પ્રાણીઓ કરતા અનેકગણું સમૃદ્ધ છે. પણ આ સમૃદ્ધિ માટે આપણે બહુ જ ઊંચી કિંમત ચૂકવવી પડે છે કારણ કે એકંદરે આપણી ચંચળતા, સંવેદનશીલતા અને ભાવુકતાને કારણે જ આપણે પીડા કે દુ:ખના દરવાજા વધુ મોકળા કરી નાખીએ છીએ. તમે જેટલા ઓછા ભાવુક કે ઓછા સંવેદનશીલ હો તેટલા તમે પીડાના ભોગ ઓછા બનો છો. હૃદયને પત્થર જેવું બનાવો તેટલી પીડા ઓછી હોય છે. પણ તો પછી તમે જીવનના અમુક આનંદથી વંચિત રહો છો. સંવેદનશીલતાનું પણ એક ઈનામ હોય છે અને તેની સજા પણ હોય છે. "સેન્સિટિવિટી રિક્વાયર્સ એ હાઈ ડિગ્રી ઓફ સોફ્ટનેસ એન્ડ ફ્રેજિલિટી"—તમે જેટલાં સંવેદનાથી ભરેલા હો તેટલા જ તમે કોમળ અને સહેલાઈથી નંદવાઈ જાવ તેવા હો છો. મારી આંખની કીકીઓ, કાનના પરદા, તમારા સ્વાદગ્રંથિઓ અને તમારા જ્ઞાનતંતુ વગેરે કેટલા નાજુક છે? એ નાજુક છે એટલે જ ચંચળ છે અને તેને જરા સરખી ઈજા થતાં તે ઘવાઈ જાય છે. આ તમામ કોમળ અંગોની નઝાકતને તમે જેટલી ઓછી કરો તેટલી તેની ચંચળતા અને કૌવત ઓછાં થાય છે.— "ઈફ વી આર ટુ હેવ ઈન્ટેન્સ પ્લેઝર્સ, વી મસ્ટ ઓલ્સો બી લાયેબલ ટુ ઈન્ટેન્સ પેઈન્સ" અર્થાત જો તમારે દિવ્ય આનંદ જોઈતો હોય તો તમારે તીવ્રમાં તીવ્ર પીડા પણ સહન કરવા તૈયાર રહેવું જોઈએ. પણ આનંદને આપણે ચાહીએ છીએ અને પીડાથી ભાગીએ છીએ. દુ:ખને ધિક્કારીએ છીએ પણ મારે તમને કહી દેવું જોઈએ કે જો તમારે તીવ્ર આનંદ જોઈતો હોય તો તીવ્ર પીડા માટે પણ જવાબદાર રહેવું જોઈએ.... જો આપણે પૂર્ણપણે માનવીય બનવું હોય અને પૂર્ણપણે જીવંતતા મહાલવી હોય તો આપણે આપણા સુખો સાથે સાથે દુ:ખોની સાથે સારી એવી ઓળખાણ કરી લેવી જોઈએ."

"જો સુખને પોતાનું કરીને તમારા દુ:ખને પરાયું કરો તો પછી તમારા અંતરાત્માના વિકાસને તમે સાધી શકો નહિ. પણ આપણને એક જોઈએ છે, બીજું જોઈતું નથી. આવા સંયોગોમાં આપણે ઘણા જ વિરોધાભાસમાં જીવીએ છીએ. જો માત્ર તમે સુખ અને સલામતી જ શોધતા હો તો તમારા અંતરાત્માને તમે પાછળ હડસેલી દો છો. તમારો અંતરાત્મા મરી જાય છે. તમે સુખ માટે જેટલો સંઘર્ષ કરો છો એ બધો તમારા આત્મઘાત તરફ દોરી જાય છે કારણ કે જે ખરેખર ચાહવા જેવો છે તે અંતરાત્મા તો મરી જાય છે."

"માણસ આખરે શું ઈચ્છે છે તે જ તેને ખબર હોતી નથી. ઘણા લોકો કહે છે કે 'આધુનિક સંસ્કૃતિ બહુ જ ભૌતિકવાદી બની ગઈ છે, હું આ વાતને સ્વીકારતો નથી. ભૌતિકવાદી એ માણસ છે જે ભૌતિક ચીજને ચાહતો હોય છે. પણ હું બીજું જ કહેવા માગુ છું. આધુનિક માણસ તેના મગજમાં પેદા કરેલા ભ્રમને ચાહે છે. એને કારણે આખી બ્રેઈની-ઈકોનોમી ઊભી થઈ છે. આધુનિક જગતનો મગજથી જ ઉપભોગ કરતો માણસ આંખે દેખી શકાય તેવી ચીજ નહિ, પણ ન દેખી શકાય તેવા માપને ચાહે છે. તેને કોઈ પીણું આપો તો તેમાં કેટલા ટકા આલ્કોહોલ છે તે જાણીને તે પીવે છે. તે રહેવા માટે ઘર બાંધતો નથી પણ વટ પડે તેવા દેખાવવાળું ઘર બાંધે છે. બીજા ઉપર છાપ પાડવા માટે મકાનો બંધાય છે. આરામથી રહેવા માટે નહિ. રસોડા ચોટલાં નાનાં બાંધે છે કે ત્યાં ઊભા રહેવાની પણ ભાગ્યે જ જગ્યા હોય છે. કોઈ પણ વસ્તુની માગ શરીરની નથી હોતી માત્ર મગજની જ હોય છે. એટલે જ હું તેને બ્રેઈની-ઈકોનોમી કહું છું. આને કારણે માનવીને સંતોષ જ થતો નથી. તે વધુ ને વધુ ભૌતિક ચીજો મેળવતો જાય છે."

"વધુ ને વધુ ચીજો મેળવીને પછી આપણે સુખની સલામતી ઈચ્છીએ છીએ. પણ આ જગત જે સ્વભાવગત રીતે જ અસલામત છે ત્યાં આપણે ચીજોની ઈચ્છા દ્વારા મનની શાંતિ અને સલામતી ક્યાંથી મેળવી શકીશું. સલામતી મેળવવા કંઈ કરવું જોઈએ? સલામતીમાં પણ સુખ નથી. તો પછી શું કરવું? મારો જવાબ એ છે કે કંઈ કરવાની જરૂર નથી. માત્ર વધુ પ્રકાશની જરૂર છે. પ્રકાશનો અર્થ હું એમ કરું છું કે આપણે જાગૃત રહેવું જોઈએ. જીવન પ્રત્યેની સજાગતા હોવી જોઈએ. તમે આ ક્ષણે જે અનુભવ કરતા હો તેની સાથોસાથ તન્મય રહેવું જોઈ તે, એ અનુભવ વિશે કોઈ ન્યાય તોળવો જોઈએ નહિ."

"માણસને પોતાની જાતને નિભાવવા માટે બહુ ઓછી જ જરૂરિયાતો હોય છે. જરૂરિયાતો વધારીને પછી તે વધુ જરૂરિયાતો માગ્યાં કરે તે માટે આપણે ફીકર કરીએ છીએ. પણ સલામતી માટેની ઈચ્છા અને અસલામતીની લાગણી એ બન્ને એક જ ચીજ છે. આપણે સલામત થવા માગીએ છીએ એટલું જ નહિ, પણ કંઈક અનોખા, કંઈક સ્પેશ્યલ કે ઈશ્વરના એક માત્ર લાડકવાયા રહેવા માગીએ છીએ. સલામતી માટે તીવ્ર ઈચ્છા રાખવી તે પણ એક પીડા છે. સલામતી માગીને તમે તમારી અનેક પીડાઓમાં વધારો કરો છો અને તમારે જાણી લેવું જોઈએ કે આ જગતમાં કશું જ સલામત નથી."

અભ્યાસ વર્તુળ

આગામી કાર્યક્રમો

ડિસે. : ૯, ૧૦, ૧૧

વક્તા : **ડૉ. રમણલાલ ચી. શાહ**

વિષય : **જૈન ધર્મની દૃષ્ટિએ શ્રાવકનો આચારધર્મ**

ડિસે. ૯, બુધ : અણુવ્રતો સાંજે ૬–૧૫

૧૦, ગુરુ : ગુણવ્રતો સાંજે ૬–૧૫

૧૧, શુક્ર : શિક્ષાવ્રતો સાંજે ૬–૧૫

(વંદિત્તા સૂત્રના આધાર પર)

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

લિ. **સુબોધભાઇ એમ. શાહ**

કન્વિનર અભ્યાસ વર્તુળ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૫: અંક: ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ ૧૬ ડિસેમ્બર, ૧૯૮૧, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫ : પરદેશ માટે શિલિંગ ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી: રમણલાલ ચી. શાહ

અરાજકતા

☐ ચીમનલાલ ચકુભાઈ

દેશમાં રાજકીય અસ્થિરતા અને આર્થિક કટોકટીનો અનુભવ સતત થતો રહે છે. આ પરિસ્થિતિ ચિન્તાનો વિષય છે જ પણ કાયદો અને વ્યવસ્થા તથા વહીવટીતંત્ર તૂટી પડયાં છે અને અસલામતીનો ભય સર્વત્ર પેદા થયો છે તે વધારે ચિન્તાનો વિષય છે. દરરોજ વર્તમાનપત્રોમાં ખૂન, લૂંટ, ચોરી, બળાત્કાર અને એવા બીજા હિંસક બનાવોના સમાચારો આવે છે. લોકો બસમાં ટ્રેનમાં; જાહેર રસ્તાઓ ઉપર લૂંટાય છે, તેમના ઉપર હુમલાઓ થાય છે. શહેરોમાં અને ગામડાંઓમાં સર્વત્ર આ સ્થિતિ છે. પંજાબમાં અને કેરલમાં, કેટલેક દરજ્જે અન્ય રાજ્યોમાં પણ—ખાસ કરી બિહારમાં, ઉત્તર પ્રદેશ વગેરે - રાજકીય ખૂનો થાય છે.

આ અરાજકતા સર્જવામાં બે અસામાન્ય તત્ત્વોએ વધારે ભાગ ભજવ્યો છે.

રાજકીય નેતાઓ અને આગેવાનો તથા રાજકીય કાર્યકર્તાઓ મોટા પ્રમાણમાં ગુંડાતત્ત્વોનો સાથ અને સહકાર લે છે. જો કોઈ પ્રામાણિક અમલદાર હોય અને સત્તાવાળાઓ અને પ્રધાનોને ગેરકાયદેસર કૃત્યો કરતાં અટકાવવા પ્રયત્ન કરે તો, તેવા અમલદારની બદલી થાય, કનડગત થાય અથવા તેને ફરજિયાત નિવૃત્ત થવું પડે. ચૂંટણીઓમાં વ્યાપક ગુંડાગીરી હવે સામાન્ય થઈ પડી છે. લાંચરુશ્વત, ભ્રષ્ટાચાર અને લાગવગશાહી અનહદ વધી પડયા છે. રાજ્યને પ્રધાનો સામે ગુનાઓની ફરિયાદો, ગવર્નરને, રાષ્ટ્રપતિને અથવા તેના પક્ષના વરિષ્ઠ મંડળને વારંવાર થાય છે અને તેવી ફરિયાદો તે જ રાજકીય પક્ષના માણસો પણ કરતા હોય છે. બિહારના મિશ્રા કે મહારાષ્ટ્રના અંતુલે, કર્ણાટકના ગુંડુરાવ કે હરિયાણાના ભજનલાલને કોઈ કાયદો કે નિયમ તેમના મનસ્વી વર્તનમાં નડતા નથી. તેમને કોઈનો ભય નથી, કારણ કે શ્રીમતી ઈન્દિરા ગાંધીનું તેમને રક્ષણ છે.

'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' શ્રીમતી ઈન્દિરા ગાંધી કે વર્તમાન સરકારનું આંધળી રીતે વિરોધી અથવા બિનજવાબદાર પત્ર નથી. તેને પણ તંત્રીસ્થાનેથી—તા. ૧૦-૧૨-૮૧ Heading for Chaos. આંધાધૂંધી ભણી દોટ - એ શીર્ષક હેઠળ આવા બધા બનાવોનો ઉલ્લેખ કરી લખવું પડયું:

What is emerging more and more clearly from all these episodes is the fact that in India, the rule of law itself is being subverted by those very people whose business it is to uphold it. There is now one law for the Rulers and their friends and quite another for the Ruled. And as if this is not bad enough, the friends of the rulers are increasingly composed of people who live by preying upon others.

'આ બધી ઘટનાઓમાંથી વધુ ને વધુ સ્પષ્ટપણે એ હકીકત આગળ તરી આવે છે કે ભારતમાં કાયદાના શાસનના રક્ષકો જ તેના પાયામાં સુરંગ ચાંપી રહ્યા છે. શાસકો અને તેમના મિત્રો માટે જાણે એક કાયદો છે અને શાસિત પ્રજા માટે તદ્દન જુદો કાયદો છે અને આ જાણે અપૂરતું હોય તેમ બીજાઓને ભોગે જ જેઓ જીવી રહ્યા છે તેવા લોકો વધુ ને વધુ પ્રમાણમાં શાસકોના મિત્રોમાં જોવા મળે છે.'

આ ગંભીર ચેતવણી છે. અંધકારમય ભાવિની આગાહી છે.

પ્રજા શું કરે? જેને હિંસા સામે હિંસા કે ગુંડાગીરી સામે ગુંડાગીરી કરવી નથી અથવા એવું કરવાની જેની શકિત નથી તેઓ પોલીસના રક્ષણ કે સહાયની અપેક્ષા રાખે અથવા કોર્ટમાંથી ન્યાય મેળવવાના પ્રયત્ન કરે.

દુર્ભાગ્યે આ બન્ને આશ્રાયો સર્વથા લુલા છે એવો અનુભવ ડગલે ને પગલે થાય છે.

પહેલા તો એ પ્રશ્ન થાય કે પોલીસ કેટલે સ્થળે પહોંચી શકે? અત્યારે છે તેથી ચારગણી પોલીસ! હોય તો પણ આવી વ્યાપક અરાજકતાને પહોંચી વળવું શક્ય નથી. બીજું પોલીસની કાર્યક્ષમતાનો અભાવ. મુંબઈ જેવા કોઈક સ્થળને બાદ કરીએ તો દેશના અન્ય ભાગોમાં અને મોટા શહેરોમાં પણ પોલીસમાં કાર્યક્ષમતા રહી નથી અથવા કાર્ય કરવાની વૃત્તિ નથી. ત્રીજું પોલીસમાં વ્યાપક ભ્રષ્ટાચાર, ઉપરથી નીચે સુધી. પોલીસ કોઈ ગુનાઓની નોંધ લે તો તેની તપાસમાં એટલો બધો સમય જાય છે અથવા ફરિયાદીની એટલી બધી કનડગત થાય છે કે ફરિયાદ કરવાની ઈચ્છા જ ન થાય. કદાચ કોઈ કેસ નોંધાય તો ચોટલો લાંબો ચાલે કે અંતે કદાચ સાક્ષી જ ન મળે અથવા ફરીબેસે. વ્યકિત પોતે કોર્ટમાં ફરિયાદ નોંધાવવા જાય તો ખર્ચમાં ડૂબી જાય અને લાંબા સમયની હેરાનગતિ થાય તે જુદું.

વર્તમાન ન્યાયપદ્ધતિ વિનાશક રીતે ખરચાળ અને વિલંબકારી છે અને કાયદા તેમજ તેની વિધિઓ એટલી આટપટી છે કે કોર્ટ જવું મુખાઈ થઈ તેમ લાગે.

હકીકત એ છે કે અરાજક અને અસામાજિક તત્ત્વોને હવે ભય રહ્યો નથી. તેમાં પણ, રાજકર્તાઓ અથવા રાજકીય પક્ષો પોતે જ જ્યારે એવા તત્ત્વોને ટેકો આપે અથવા તેનો સાથ લે ત્યારે આ તત્ત્વો પકરે તેમાં નવાઈ નથી. આનું નામ જ ફાસીઝમ.

આ સંજોગોમાં, એક નવી પરિસ્થિતિ ઉભી થઈ છે અને તે છે ખાનગી સલામતી દળો અથવા ખાનગી લશ્કર રાખવાની. મોટા ઉદ્યોગપતિઓ, મજૂર સંઘના આગેવાનો, મોટા ખેડૂતો, કોન્ટ્રાકટરો, રાજકીય પક્ષો, પૈસાદાર લોકો, વગેરે વર્ગો પોલીસ કે કોર્ટ પર આધાર ન રાખતા, પોતાના સલામતી દળો રાખે છે. સલામતી માટે આવા માણસો પૂરા પાડવા કંપનીઓ અને સંસ્થાઓ ઉભી થઈ છે. આવી એજન્સીઓ, ગુંડાઓ, બેકારો, ગુનેગારો નિવૃત્ત પોલીસો કે લશ્કરના જવાનો વગેરેને રોકે છે. આવા ખાનગી સલામતી દળોની સંખ્યા અને બળ વધતું જાય છે અને તેમનું રાજ્ય હોય તેમ કેટલાક વિસ્તારોમાં અને શહેરોમાં છડેચોક તેઓ હકુમત ભોગવે છે. એમાંના કેટલાક પાસે હથિયારો પણ સારા પ્રમાણમાં હોય છે.

ઈન્દિરા ગાંધી આ બધું નથી જાણતા તેમ નથી. પણ તેમણે પોતે જ પોતાની આસપાસ એવા માણસોને નોતર્યા છે કે આ જ પરિણામ આવે. હિટલર ને ગોરીંગ, ગોબેલ્સ કે હીમલર જેવા મળી

રહ્યા. ઈન્દિરા ગાંધીને જગન્નાથ મિશ્રા, અંતુલે, ગુંડુરાવ કે ભજનલાલ જેવા મળે છે. અંતુલેનો બચાવ કરી તેમણે હદ કરી છે.

વધારેપડતા નિરાશાવાદી થવાની ઈચ્છા ન હોવા છતાં એમ થાય છે કે લોકોને તેમના ઘરમાં પેસી લૂંટી લેશે તેવા દિવસો દૂર નથી. અત્યારે પણ કેટલાક પ્રમાણમાં આવું થઈ રહ્યું છે. પરિસ્થિતિ સુધરવાના કોઈ ચિહ્નો દેખાતાં નથી, બલ્કે વધારે પણ વણસશે એવો ભય છે.

તાજેતરમાં એક ધર્માદા ટ્રસ્ટની જમીનની બાબતમાં વર્તમાન અરાજકતાનો કડવો અનુભવ થયો. સત્તાવાળાઓ પાસેથી કાંઈ દાદ મળી નહિ.આ બાબત હાલ કોર્ટમાં હોવાથી વિશેષ લખતો નથી.

ચારે તરફ અશાન્તિ વધતી જાય છે. મજૂરો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, બધાના હિંસક આંદોલનો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. ક્યાંય જવાબદારીપૂર્વકનું વર્તન જણાતું નથી. આવી અંધાધૂંધીમાં પોતાનો સ્વાર્થ સાધવામાં કુશળ હોય એવા માણસો પૂરો લાભ ઉઠાવે છે. સામાન્ય જનની સહનશક્તિ ઘણી છે અથવા તે સહન કર્યા વિના તેને છૂટકો નથી પણ અતિ સ્ફોટક પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

આશાનું કિરણ એટલું છે કે હજી નિર્ભયતા હોય તો આટલું બોલી શકાય છે. લૂલુ, પાંગળું ગમે તેવું પણ હજી કોર્ટમાં દાદ-ફરિયાદ મેળવવાનું સાધન છે. કોઈક કિસ્સામાં, કાયદા પ્રમાણે વર્તવાની સરકારને ફરજ પાડી શકાય છે. હજી સંપૂર્ણ મનસ્વી મોગલાઈ કે હિટલરશાહી નથી, પણ આટલી સ્વતંત્રતા ક્યાં સુધી ટકશે તેની ચિંતા થાય તેવું છે.

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૧૯૮૧ના વર્ષ માટેની ચૂંટાયેલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા તા. ૧૭-૧૧-૮૧ના રોજ સાંજના સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી ત્યારે, નિયમ પ્રમાણે, પાંચ સભ્યોમાંથી હાલ તુરત નીચેના બે સભ્યોની કાર્યવાહક સમિતના સભ્યો તરીકે પૂરવણી કરવામાં આવી હતી.

(૧) શ્રી પન્નાલ આર. શાહ
(૨) શ્રી પન્નાલાલ કે. છેડા

નિયમ પ્રમાણે બે મંત્રીઓ નિમવામાં આવે છે, પરંતુ આ વખતે અખતરા તરીકે એક વધારાના સહાયક મંત્રી નીમવા એવી પ્રમુખસ્થાનેથી વાર્ષિક સભામાં દરખાસ્ત આવેલી. તેના પર વિચારણા કરીને શ્રી પન્નાલાલ આર. શાહને સંઘની કાર્યવાહક સમિતિના સહાયક મંત્રી તરીકે ૧૯૮૧ના વર્ષ માટે નીમવામાં આવ્યાં.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય સમિતિ

તા. ૧૭-૧૧-૮૧ના રોજ મળેલી સંઘની નવી ચૂંટાયેલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભાએ નીચે પ્રમાણે ચાર સભ્યોને લાયબ્રેરી સમિતિના સભ્યો તરીકે ચૂંટ્યા હતા.

(૧) શ્રી શાંન્તિલાલ દેવજી નન્દુ — મંત્રી
(૨) શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી — સભ્ય
(૩) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ — સભ્ય
(૪) શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ — સભ્ય

ઉપરના ચાર સભ્યો ઉપરાંત નીચેના પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ પુસ્તકાલય સમિતિના સભ્યો ગણાય છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
(૪) શ્રી ચીમનલાલ જે. શાહ
(૫) શ્રી સુબોધભાઈ એમ. શાહ

આ રીતે વાચનાલય-પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે.

આ સમિતિના મંત્રી તરીકે શ્રી શાન્તિલાલ દેવજી નન્દુની નિમણૂક કરવામાં આવી છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

'ખાલી'નો સભર ઈતિહાસ

□ ડૉ. રમણલાલ ચી. શાહ

અમારા મિત્ર શ્રી શૈલેશભાઈ મહાદેવિયાના નિમંત્રણથી હિમાલયમાં અલમોડા, નૈનિતાલ, જાગેશ્વર, નારાયણ નગર, નારાયણ આશ્રમ વગેરે સ્થળોએ ફરવાનો અમને ગયા સપ્ટેમ્બર - ઓક્ટોબરમાં એક સરસ અવસર પ્રાપ્ત થયો હતો.

નગાધિરાજ હિમાલય એની વ્યાપકતા અને ઉત્તુંગતાને કારણે વિશ્વમાં અદ્વિતિય ગણાય છે. ઊંચા ઊંચા હિમાચ્છાદિત શિખરો, મોટા મોટા પહાડો, કરાલ ખીણો, નાની નાની લીલીછમ સેંકડો ટેકરીઓ અને વચ્ચે વહેતી નાની પણ ધસમસતી નિર્મળ નદીઓના આ પ્રદેશમાં પ્રવેશતાં જ એક વિલક્ષણ તાજગી અનુભવાય છે. હિમાલયની હવા જ ન્યારી છે. ત્યાગી, સંન્યાસી અને સંત મહાત્માઓ પોતાની સાધના માટે આવાં સ્થાનો તરફ આકર્ષાય એ સ્વાભાવિક છે. એવી પ્રતીતિ હિમાલયમાં વિચરતાં પદે પદે આપણને થાય છે.

હિમાલય એટલે રમ્ય સ્થળોનું જાણે સંગ્રહસ્થાન. જોતાં જ નજર ઠરે અને કાયમ રહેવાનું મન થઈ જાય એવાં કેટલાં બધાં મનોહર સ્થળો હિમાલયમાં છે! આવાં કેટલાંય સ્થળોએ સાધુસંન્યાસીઓએ પોતાના મઠ કે આશ્રમ સ્થાપ્યા છે કે મંદિરો બંધાવ્યાં છે.

હિમાલયમાં આવાં કેટલાંક સ્થળોને પોતાના શાસનકાળ દરમિયાન અંગ્રેજોએ પણ વસવાટને માટે વિકસાવ્યાં છે. અંગ્રેજ લોકોને ઉનાળામાં સખત ગરમીવાળાં સ્થળો માફક ન આવે એટલે આવાં શીતલ સ્થળોએ પોતાના રસાલા સાથે તેઓ ત્યારે ચાલ્યા જતા અને ત્રણ-ચાર મહિના ત્યાં રહી પોતાનો વહીવટી કારભાર ચલાવતા. એ રીતે સીમલા, મસૂરી, નૈનિતાલ, અલમોડા, દાર્જિલિંગ વગેરે સ્થળોના વિકાસમાં અંગ્રેજોનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે.

ઓછું જાણીતું પણ અંગ્રેજોની પસંદગી પામેલું અને ત્યાર પછી ગાંધીજી, જવાહરલાલ, સરદાર પટેલ, સ્વામી આનંદ વગેરેને પણ પસંદ પડેલું એવું એક અત્યંત રમણીય સ્થળ તે બિનસર અને ત્યાં આવેલી તેની 'ખાલી' નામની એસ્ટેટ છે.

હાલ ત્યાં રહેતા શ્રી નવનીતભાઈ પારેખ અને એમનાં પત્ની પ્રસન્નાબહેનનાં અમે મહેમાન બન્યાં ત્યારે એમની 'ખાલી' એસ્ટેટનો રસિક ઈતિહાસ અમને વિગતે જાણવા મળ્યો.

અલમોડાથી પગ રસ્તે લગભગ પંદર કિલો મીટર છેટે (મોટર રસ્તે હવે લગભગ બાવીસ કિલોમીટર દૂર) આ સ્થળ આવેલું છે. જ્યાંથી હિમાચ્છાદિત શિખરોનું દર્શન થાય એવાં સ્થળોનું મહત્ત્વ હિમાલયમાં સવિશેષ છે. પાંચ-દશ હજાર ફૂટની ઊંચાઈએ તે હોય, વચ્ચે બીજા કોઈ ઊંચા પર્વતો આડા ન આવતા હોય અને જ્યાં હવામાન એકંદરે સારું અને સ્વચ્છ રહેતું હોય ત્યાં નિરભ્ર આકાશમાં હિમશિખરોનાં દર્શન કરવાં એ અનેરો આહ્લાદનો વિષય છે. અલમોડા, કૌસાની વગેરે સ્થળોની જેમ બિનસર પણ એવી રીતે લગભગ આઠ હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે. જ્યાંથી નંદાકોટ, નંદાદેવી, બદ્રીનાથ, કેદારનાથ, ત્રિશૂલ, નીલકંઠ વગેરે હિમશિખરોનું વિસ્તૃત હારમાળાનું ભવ્ય દર્શન ચિત્તને આનંદવિભોર બનાવી દે છે.

અલમોડા અને એની પાસેના નાના ડુંગરોનો વિસ્તાર કુમાઉ પ્રદેશ તરીકે સુવિખ્યાત છે. ગયા સૈકામાં બ્રિટિશ સરકારના ભારતના જુદા જુદા ઈલાકા માટે જે અંગ્રેજ અમલદારોની વિખતોવખત



આનંદ કુટિર

નિમણૂક કરતી તેમાં કુમાઉ વિભાગના કમિશનર તરીકે સર હેન્રી રામસે નામના એક અમલદારની નિમણૂક કરી હતી. સર હેન્રીને પ્રકૃતિસૌંદર્ય, આબોહવા અને પોતાના શોખની પ્રવૃત્તિઓની દૃષ્ટિએ આ કુમાઉ વિસ્તાર ખૂબ ગમી ગયો હતો. એટલે તે બીજે બદલી માગતો નહીં અને આવે તો ઈનકાર કરતો. લાગલગાટ ચુમ્માલીસ વર્ષ સુધી આ વિસ્તારમાં તે રહ્યો. ત્યાં બધે ઘૂમીને વિધવિધ દૃષ્ટિથી રમણીય લાગે અને અનુકૂળ આવે એવા એક સ્થળની એણે પોતાના કાયમી રહેઠાણ માટે પસંદગી કરી. એ સ્થળ તે બિનસરના પહાડની પડખે આવેલી એક નાનકડી રમ્ય ટેકરી, જે 'ખાલી' એસ્ટેટ તરીકે ઓળખાય છે. હિમાલયના પહાડોમાં સપાટ જગ્યા મળવી દુર્લભ છે. જ્યાં એવી જગ્યાઓ છે ત્યાં નાનાં નાનાં ગામો વસ્યાં છે. જ્યાં વસતિ વસી ન હોય એવી સપાટ જગ્યા તો વિરલ ગણાય. જંગલી પશુઓના ભયને કારણે અને ગીચ વનસ્પતિના કારણે અહીં કોઈનો વસવાટ નહોતો, માટે આસપાસના લોકો અને 'ખાલી' જગ્યા તરીકે ઓળખતા.

સર હેન્રીએ ઈ. સ. ૧૮૭૫માં ત્રીસ એકર જેટલી એ જગ્યા ફક્ત દસ પાઉન્ડમાં, ઈંગ્લેન્ડના તે સમયના સેક્રેટરી ઓફ સ્ટેટ સાથે દસ્તાવેજ કરી, પોતાને માટે વેચાતી લઈ લીધી અને એને પોતાની માલિકીની જાગીર-એસ્ટેટ બનાવી.

સર હેન્રી કોઈ વિલક્ષણ પ્રકૃતિનો અમલદાર હતો. વધુ વર્ષ એક જ સ્થળે રહેવાને કારણે તે કુમાઉનો સર્વસત્તાધીશ બની ગયો હતો. એ પોતે પણ કહેતો, 'હું કુમાઉનો રાજા છું. અહીં કોઈનું કંઈ ન ચાલે.' અલાહાબાદના એક બેરિસ્ટરને એણે સંભળાવી દીધેલું: "તમારો કાયદો તમારી પાસે; કુમાઉમાં તો હું કહું એ જ કાયદો."

હેન્રી પોતે ઘોડેસવારીનો શોખીન હતો અને પગનો પણ મજબૂત હતો. કુમાઉમાં બધે જ તે પગે ચાલીને કે ઘોડા ઉપર ફરી વળતો. તેણે કુમાઉના લોકોની પહાડી બોલી શીખી લીધી હતી. એથી તે લોકોની સાથે હળીભળી શકતો. એની ધાક પણ લોકો ઉપર ઘણી ભારે હતી. ચોરી, મારામારી કે ખૂન જેવો બનાવ ક્યારેક બન્યો હોય અને ગુનેગાર ન પકડાય તો પોતે વેશપલટો કરી, મોઢે માટી લગાડી રાતના સમયે ગામડાંઓમાં ઘૂમતો અને ગુનેગારને જાતે પકડી પાડતો.

સર હેન્રી રામસે જબરો પણ હતો અને ભલો પણ હતો. લોકકલ્યાણની ધગશ તેના હૈયે વસેલી હતી. સામાન્ય રીતે અંગ્રેજ અમલદારોને ગોરી ચામડી, વિભિન્ન સંસ્કાર અને વખતોવખત થતી બદલીને કારણે ભારતની સ્થાનિક પ્રજા સાથે આત્મીયતા ઓછી બંધાતી; પરંતુ હેન્રી રામસે અનોખો આદમી હતો. એના લોહીમાં જેટલી અમલદારી હતી, તેટલી જ માણસાઈ પણ હતી. તેથી જ પોતે કુમાઉની પ્રજા સાથે એકરૂપ બની ગયો હતો. એણે કુમાઉની પ્રજા માટે લોકકલ્યાણનાં કેટલાંક કાર્યો કર્યાં હતાં. એના નામથી હાલ નૈનિતાલમાં એક હોસ્પિટલ અને અમલમોડામાં એક કોલેજ ચાલે છે.

સર હેન્રી રામસેના અવસાન પછી આ જગ્યા ઉપર નજર પડી બીજા એક અંગ્રેજ અમલદારની. એનું નામ વિલ્સન. તે પોતે ઈન્ડિયન રેલવેમાં મુખ્ય એન્જિનિયર તરીકે કામ કરતો હતો. એણે સર હેન્રીના ઈંગ્લેન્ડમાં રહેતા કાયદેસરના વારસો સાથે પત્રવ્યવહાર કરી આ જગ્યા પોતાના માટે ખરીદી લીધી. પોતે ઈજનેર હતો. બાંધકામનો શોખીન હતો અને દૃષ્ટિવાળો હતો. તેણે સર હેન્રીનું બેઠા ઘાટનું નાનકડું કોટજ જેવું મકાન તોડી નાખ્યું અને ત્યાં, પથ્થરનો ઊંચો, સગવડભર્યો સરસ બંગલો બાંધ્યો. પોતાના આ બંગલા માટે એણે લાકડું, પથ્થર, કાચ વગેરેની બહુ ચીવટપૂર્વક પસંદગી કરી. કેટકેટલી વસ્તુઓ તો એણે ખાસ ઈંગ્લેન્ડથી મગાવી, મકાનનાં બારીબારણાં માટે વપરાયેલા મોટા મોટા કાચ એણે ઈંગ્લેન્ડથી સ્ટીમર રસ્તે મુંબઈ મગાવ્યા. ત્યાંથી કાઠગોદામ કે હલદ્વાની સ્ટેશને ઉતારી અને ત્યાંથી પંગદંડીએ ઘોડા કે માણસની પીઠ ઉપર સહીસલામત ખાલી એસ્ટેટ સુધી એણે એ દિવસોમાં કેવી રીતે પહોંચાડ્યા હશે તે આશ્ચર્યચકિત કરી નાખે એવી ઘટના છે. એ કાચમાં આજે પણ કોઈ તિરાડ પડેલી દેખાતી નથી.

દેવનારનાં મોટાં મોટાં ઝાડનાં લાકડાંમાંથી બનાવેલા વજનદાર

મોભ-છતમાં ઊંચે ક્રેન વગર કેવી રીતે ચડાવ્યા હશે તે પણ નવાઈ ઉપજાવે છે.

વિલ્સને આ બંગલાનું બાંધકામ વિશિષ્ટ દૃષ્ટિએ કર્યું છે. બંગલાની બહારની કમાનો સ્પેનિશ સ્થાપત્ય પ્રમાણે બનાવી. બંગલાની પ્લીન્થ જમીનથી એવી રીતે ઊંચી લીધી છે કે જેથી વરસાદ પડે તો પાણી નીચેથી વહી જાય, વળી જીવજંતુ કે જાનવરો બંગલામાં જલદી આવી ન શકે અને ધરતીકંપની અસર પણ બંગલાને ઓછી થાય. વળી છાપરા ઉપર પડેલું પાણી એકઠું થઈને સીધું બંગલાની ટાંકીમાં ચાલ્યું જાય. બંગલાનું હવામાન વાતાનુકૂલિત રહે એવી રીતે ફરસ અને બારીબારણાંની રચના કરી. વિલ્સનને ખેતીવાડી અને ફૂલઝાડનો ખૂબ શોખ હતો. એણે પોતાના બંગલાની આસપાસ વિવિધ પ્રકારનાં ફળ અને ફૂલના છોડઝાડ વાવ્યા અને પોતાની આ જગ્યાને નામ આપ્યું 'બિનસર ઓર્ચાર્ડ' અલબત્ત, આસપાસના ગ્રામજનો તો એને 'ખાલી' તરીકે જ ઓળખતા હતા.

વિલ્સનના ગુજરી ગયા પછી આ એસ્ટેટની દેખરેખ રાખનાર ખાસ કોઈ રહ્યાં નહીં. વિલ્સનને ફક્ત દીકરી-જમાઈ હતાં, પણ તે તો ઈંગ્લેન્ડમાં રહેતાં હતાં. તેમને આ એસ્ટેટમાં રસ રહ્યો ન હતો. પરિણામે આવી સરસ જગ્યા ઉજ્જડ બનવા લાગી હતી.

ઈ. સ. ૧૯૨૯માં ગાંધીજી હિમાલયમાં ગયા હતા. તેઓ કૌસાનીમાં ડાકબંગલામાં અગિયાર દિવસ રહ્યા હતા. ત્યાં એમણે શ્રીમદ્ ભગવદ્ ગીતા વિશે 'અનાસક્તિ યોગ' નામનું પુસ્તક લખ્યું. એ દિવસોમાં અલમોડા પાસે બાગેશ્વરમાં કૉંગ્રેસ કાર્યકર્તાઓની એક સભા યોજવામાં આવી હતી. ગાંધીજી એ સભામાં હાજર હતા અને તે વખતે હિમાલયમાં કૉંગ્રેસ કાર્યકર્તાઓના સ્વાસ્થ્ય અને અન્ય પ્રવૃત્તિઓ માટે 'ખાલી એસ્ટેટ' ખરીદીને ત્યાં એક આશ્રમ સ્થાપવામાં આવે તો સારું એવો વિચાર વ્યક્ત થયો. ગાંધીજીએ એ વાત મન પર લીધી અને એમણે જમનાલાલ બજાજને તે માટે સૂચના કરી. બજાજ, સ્વામી આનંદ, સરદાર પટેલ વગેરેએ સાથે મળીને એ અંગે તપાસ કરી અને વિલ્સનના જમાઈ પાસેથી ખાલી એસ્ટેટ વેચાતી લેવાનું નક્કી થયું. એ માટે બજાજે વિલ્સનના જમાઈનો સંપર્ક કર્યો અને 'ગાંધી સેવા સંઘ' નામની સંસ્થાના નામે રૂપિયા સત્તર હજારમાં ખાલી એસ્ટેટની ખરીદી કરવામાં આવી. આ રકમ જમનાલાલ બજાજે પોતે પોતાના તરફથી આપી હતી. ખાલી એસ્ટેટમાં નાના પાયા ઉપર આશ્રમ સ્થાપવામાં આવ્યો અને એનું 'શૈલાશ્રમ' એવું નામ રાખવામાં આવ્યું. શ્રી પ્રભુદાસ ગાંધી અને શ્રી શાંતિલાલ ત્રિવેદીને એનું સંચાલન સોંપાયું. પ્રભુદાસ ગાંધીને દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમનો અનુભવ હતો.

રાજકોટના શ્રી શાંતિલાલ ત્રિવેદીને ગાંધીજીએ અલમોડાનું કાર્યક્ષેત્ર સોંપ્યું હતું. (આજે પણ શ્રી શાંતિલાલ ત્રિવેદી અને એમનાં પત્ની ભક્તિબહેન ત્યાં સેવાકાર્ય કરી રહ્યાં છે.)

ઘણા સરસ હેતુથી શૈલાશ્રમની સ્થાપના થઈ, પરંતુ ૧૯૩૨માં ગાંધીજીની આઝાદીની લડત ભારતમાં ઘણા મોટા પાયા પર ચાલી અને હજારો કૉંગ્રેસ કાર્યકર્તાઓ જેલમાં ગયા. શ્રી પ્રભુદાસ ગાંધી, શ્રી શાંતિલાલ ત્રિવેદી વગેરે શૈલાશ્રમનો વહીવટ કરનાર કાર્યકર્તાઓ જેલમાં જવાને કારણે શૈલાશ્રમની સ્થિતિ લગભગ બંધ પડવા જેવી થઈ. એટલે આવી મોટી મિલકત વગર વપરાશે પડી રહેવા લાગી. લગભગ બે વર્ષ આ રીતે ચાલ્યું એટલે આ એસ્ટેટ વેચી દેવાનો નિર્ણય ગાંધી સેવા સંઘના ટ્રસ્ટીઓએ કર્યો.

તે વખતે આ એસ્ટેટ લેવામાં શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત અને એમના પતિ સ્વ. રણજિત પંડિતે રસ દાખવ્યો. સ્વ. રણજિત પંડિત પ્રકૃતિ સૌન્દર્યના ચાહક હતા. સંસ્કૃતના તેઓ પંડિત હતા. કાલિદાસના 'ઋતુસંહાર'નો એમણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. ગાંધી સેવા સંઘ પાસેથી એમણે આ જગ્યા ખરીદી લીધી અને એમણે તેનું નામ આપ્યું 'ઋતુસંહાર.'

રણજિત પંડિત અને વિજયાલક્ષ્મી પંડિતે ઘણાં વર્ષ આ જગ્યાનો ઉપયોગ કર્યો. પંડિત જવાહરલાલ નહેરુને પણ આ સ્થળ ઘણું ગમી ગયું હતું એટલે વખતોવખત પોતાની બહેનના આ બંગલામાં તેઓ હવાફેર માટે જતા. ભારતને આઝાદી મળી અને જવાહરલાલજી વડા પ્રધાન થયા. તે પછી પણ તેઓ કુમાઉની ટેકરીઓમાં અલમોડા પાસે આવેલા આ સ્વર્ગીય સ્થળે હવાફેર માટે જતા. (બંગલાના જે ઓરડામાં તેઓ રહેતા એ ઓરડામાં શ્રી નવનીતભાઈએ અમને ઉતારો આપ્યો હતો.) તેમને મળવા માટે દેશવિદેશથી ઘણા માણસો અહીં આવતા. આપણી આઝાદીની લડતના ઘણા બધા નેતાઓ પણ આ એસ્ટેટમાં આવીને રહી ગયા છે.

ભારત સ્વતંત્ર થતાં શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતને ભારતના એલચી તરીકે લાંબા સમય માટે એક કે બીજા દેશમાં વસવાટ કરવાનું થવા લાગ્યું. 'ઋતુસંહાર'નો એમને બહુ ઉપયોગ રહ્યો નહીં. એમણે એ જગ્યા વેચી દેવાનું વિચાર્યું. એ દિવસોમાં હિમાલયમાં ગુજરાતના એક ભાસ્કરસ્વામી કર્ણાટકના નારાયણસ્વામી સાથે હિમાલયમાં ઘણું ફરતા. યોગના અભ્યાસી ભાસ્કરસ્વામીએ યોગસાધના માટે આ જગ્યા લેવાનું વિચાર્યું.

વિજયાલક્ષ્મીના વહીવટકર્તાઓ સાથે આ જગ્યા માટે ભાસ્કરસ્વામીએ વાટાઘાટ ચાલુ કરી અને રૂપિયા પચાસ હજારમાં આ જગ્યા ખરીદી લીધી. ભાસ્કરસ્વામીએ આ જગ્યાને નામ આપ્યું 'યોગશિખર.' 'ઋતુસંહાર' હવે 'યોગશિખર' તરીકે જાણીતું થયું. અલબત્ત, લોકોમાં તો 'ખાલી' તરીકે જ આ સ્થળ ઓળખાતું રહ્યું. ભાસ્કરસ્વામીએ અહીં આશ્રમ ચાલુ તો કર્યો, પરંતુ આવડી મોટી જગ્યાનો વહીવટ કરવાનું કાર્ય તેમની પ્રકૃતિને અનુકૂળ ન હતું. વળી, તેઓ હિમાલયમાં એક સ્થળે સ્થિર થઈને બેસવા કરતાં જુદા જુદા સ્થળે ઘૂમવાની ઈચ્છા ધરાવતા હતા એટલે કેટલાક સમય પછી એમણે આ જગ્યા ખોટ ખાઈને પણ વેચી દેવાનો વિચાર કર્યો.

અમદાવાદના વતની અને મુંબઈમાં રહેતા એક શ્રીમંત ગુજરાતી યુવાન શ્રી નવનીતભાઈ પારેખને કિશોરાવસ્થાથી હિમાલયનું આકર્ષણ હતું. તેમણે ગંગોત્રી, યમનોત્રી, બદરીનાથ, કેદારનાથ, ઉપરાંત અતિશય વિકટ ગણાતી કૈલાસયાત્રા પણ કરી હતી. તેમણે કાશ્મીરથી આસામ – મણિપુર સુધી હિમાલયમાં પુષ્કળ પ્રવાસ કર્યો છે. તેઓ વારંવાર હિમાલયમાં જતા અને અલમોડા પાસે મિરતોલા (ઉત્તરપૂંદાવન)માં સ્વામી કૃષ્ણપ્રેમ સાથે અથવા કૌસાનીમાં સ્વામી આનંદ પાસે રહેતા. તેમને શાંત, એકાંતમય જીવન જીવવું વધુ પસંદ છે. પ્રતિવર્ષ તેઓ હિમાલયમાં ભિન્ન ભિન્ન સ્થળે અમૂક પરિભ્રમણ કરે. કુમાઉ વિસ્તારમાં સરકારી શાળાનાં આચાર્યા ગંગોત્રીબહેન ગર્બ્યાલ પણ કુમાઉવિસ્તારના એક સુખ્યાત સમાજ સેવિકા ગણાય છે. (છેલ્લા થોડા વખતથી નિવૃત્ત થઈ તેઓ હવે નારાયણ આશ્રમમાં રહે છે.) ગંગોત્રીબહેન જ્યારે અલમોડામાં રહેતાં ત્યારે તેમને મળવા નવનીતભાઈ પણ જતા.

ઈ. સ. ૧૯૫૬ના નવેમ્બરમાં એક દિવસ ગંગોત્રીબહેનને ત્યાં તેમને ભાસ્કરસ્વામીનો મળવાનું થયું. ભાસ્કરસ્વામી અમદાવાદના અને નવનીતભાઈને એમનો પરિચય હતો. ભાસ્કરસ્વામી નવનીતભાઈને ખાલી એસ્ટેટમાં ફરવા લઈ ગયા. નવનીતભાઈને

એ જગ્યા ઘણી ગમી ગઈ. તેઓ પોતે પણ હિમાલયમાં કાયમી વસવાટ માટે કોઈ સારી જગ્યાની તપાસમાં હતા. એવામાં એક દિવસ ભાસ્કરસ્વામીનો તેમને પત્ર મળ્યો અને પોતે 'યોગશિખર' વેચી દેવા માગે છે તેમ જણાવ્યું. નવનીતભાઈએ સ્વામી આનંદ શાંતિલાલભાઈ વગેરેનો અભિપ્રાય પૂછી જોયો. તેઓ બધાએ જગ્યા લઈ લેવા માટે એમને આગ્રહપૂર્વક ભલામણ કરી એટલે એમણે ૧૯૫૮માં ભાસ્કરસ્વામી પાસેથી રૂપિયા પાંત્રીસ હજારમાં એ જગ્યા લઈ લીધી.

કૃષ્ણભક્ત નવનીતભાઈએ આ જગ્યાનું નામ આપ્યું 'ગોવર્ધન', પોતાનાં દાદા ગોવર્ધનદાસની સ્મૃતિમાં. ભાસ્કરસ્વામીના સમયમાં આ જગ્યા પડતર થઈ ગઈ હતી. ઘણાં વૃક્ષો કપાઈ ગયા હતા. નવનીતભાઈએ ફરીથી વૃક્ષો અને ફૂલ છોડ વાવીને એસ્ટેટને વિકસાવી.

પોતાની આ કાયમી જગ્યા થતાં નવનીતભાઈએ હિમાલયમાં વધુ વખત રહેવાનું ચાલુ કર્યું. એમણે ત્યાં ઘણી ગાયો વસાવી અને દેવદાર, નીલગિરિ, ચીનાર, ઓક, ચેસ્ટનટ વગેરેનાં ઝાડો વાવ્યાં. ખાલી એસ્ટેટ ફરી પાછી સમૃદ્ધ બનવા લાગી. આજે જ્યારે આસપાસના જંગલોનાં ઘણાં વૃક્ષો કપાઈ ગયા છે ત્યારે આ એસ્ટેટ એ વિસ્તારમાં એક 'હરિયાળી ટાપુ' ની જેમ શોભે છે.

નવનીતભાઈ અને પ્રસન્નાબહેનનું દામ્પત્યજીવન પ્રસન્નતાથી સભર છે. એ બન્નેનો સુયોગ હિમાલયે જ કરાવી આપ્યો છે. પ્રસન્ન-બહેન કુમાઉનાં વતની છે. અલમોડામાં શાંતિલાલભાઈને ત્યાં બન્નેનું મિલન થયેલું. નવનીતભાઈ કહે, 'હિમાલયે જેમ શંકર ભગવાનને પાર્વતી આપી તેમ મને પ્રસન્ના આપી છે."

નવનીતભાઈ અને પ્રસન્નાબહેને અમારું ભાવાર્દ્ર સ્વાગત કર્યું. પોતાની એસ્ટેટમાં અમને બધે ફેરવ્યા અને ઘણી રસભરી વાતો કરી.

ખાલી એસ્ટેટમાં મા આનંદમયીની પ્રેરણાથી નવનીતભાઈએ શંકર ભગવાનનું નાનું પણ કલાત્મક મંદિર કર્યું છે. પ્રસન્નાબહેન રોજ નિયમિત ત્યાં પૂજા કરે છે.

પ્રસન્નાબહેનના સહકારથી નવનીતભાઈએ ગોવર્ધનને ખૂબ વિકસાવ્યું છે. બે હજાર જેટલાં તો સફરજનનાં વૃક્ષો ઉગાડ્યા છે. અખરોટ, ચેરી, પ્લમ, પીચ વગેરેનાં પણ પુષ્કળ વૃક્ષો છે. બંગલામાં થોડાં નવા ખંડો પણ તેમણે ઉમેર્યા છે. જેમાં એકમાં પોતાનું સરસ પુસ્તકાલય તેમણે કર્યું છે. એમાં એમણે હિમાલય વિશે ઘણાં પુસ્તકો એકત્ર કર્યાં છે. જેમાંના કેટલાંક તો કિંમતી અને અપ્રાપ્ય છે. બંગલાથી થોડે દૂર, પોતાના સ્વાધ્યાય માટે એમણે એક નાનકડી માળવાળી વર્તુળાકાર કુટિર પણ ઊભી કરી છે, જેમાં છત, દરવાજા, બેઠકો, વૉશ બેસિન, કૂંડાં, બાલદી, ખાલા વગેરે બધી ચીજ-વસ્તુઓ સ્થાનિક લાકડામાંથી બનાવેલી છે. મા આનંદમયીએ ગોવર્ધનની મુલાકાત લીધેલી એની યાદમાં આ કુટિરનું નામ તેમણે 'આનંદકુટિર' આપ્યું છે.

આમ ખાલી એસ્ટેટ એક ઐતિહાસિક સ્થળ બની ગયું છે. ૧૯૭૫માં એની શતાબ્દી ઊજવાઈ હતી.

બ્રિટિશ અને ભારતીય એવી ઘણી મહત્ત્વની વ્યક્તિઓએ આ સ્થળની મુલાકાત લીધી છે. અહીં ઘણી રાજદ્વારી મંત્રણાઓ યોજાઈ છે. ખાલી એસ્ટેટનું નામ વારંવાર બદલાયા કર્યું છે. બિનસર ઓચોર્ડ, શૈલાક્રામ, ઋતુસંહાર, યોગશિખર, ગોવર્ધન, પરંતુ લોકોમાં તો તે હમેશાં 'ખાલી' તરીકે જ ઓળખાતી રહી છે. એનું નામ 'ખાલી' છે, પરંતુ તેની કથા રસિક ઐતિહાસિક ઘટનાઓથી સભર છે.

સુરતનું જ્ઞાનસત્ર

☐ કૃષ્ણવીર દીક્ષિત

ગઈ તા. ૫–૬ ડિસેમ્બર, ૧૯૮૧ એ બે દિવસ સુરતમાં 'સમૃદ્ધિ' (નાનપરું) ના સભાખંડમાં શત્રુંજય વિહાર ધર્મ-શાળા ટ્રસ્ટના ઉપક્રમે એક જ્ઞાનસત્ર યોજાઈ ગયું. ગયે વર્ષે સુરતમાં મળી ગયેલા જૈન સાહિત્ય પરિષદના તૃતીય અધિવેશનની સફળ-તાથી પ્રગટેલો ઉત્સાહ આ જ્ઞાનસત્રમાં સાકાર થયો. જ્ઞાનસત્ર ખરા અર્થમાં જ્ઞાનસત્ર નીવડ્યું હતું.

તા. ૫મીએ સવારે તેનો આરંભ શ્રીમતી દામિનીબહેન ઝરી-વાળાની પ્રાર્થનાથી થયો હતો.

ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઈ ઝરીવાલાએ સહુનું સ્વાગત કરતાં જ્ઞાનસત્રને ટ્રસ્ટની એક નવી પ્રવૃત્તિ તરીકે ઓળ-ખાવ્યું હતું.

ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી નેમચંદભાઈ મદ્રાસીએ આ પ્રસંગે આવેલા સંદેશાઓનું વાચન કર્યા બાદ જાણીતા લેખક ડૉ. રતન માર્શલે મંગલદીપ પ્રગટાવી જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેની પ્રથમ બેઠકના વક્તા હતા મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રમણલાલ ચી. શાહ. અધ્યક્ષપદે હતા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના વડા ડૉ. ગુણવંતભાઈ શાહ.

જ્ઞાનસત્રનું સંચાલન ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી જગદીશભાઈ કચરાએ કર્યું હતું.

જૈન ધર્મનું મનોવિજ્ઞાન

ડૉ. રમણલાલ શાહના વ્યાખ્યાનનો વિષય હતો: "જૈન ધર્મનું મનોવિજ્ઞાન."

તેમણે કહ્યું: "દરેક ધર્મનું મનોવિજ્ઞાન જુદું જુદું નથી હોતું. મનોવિજ્ઞાન સંદર્ભે કહીએ તો માણસના ચહેરા ઉપરના ભાવથી એના મનની સ્થિતિ કળી જઈએ છીએ. ચહેરો સાધારણ રીતે માણસની જાતને છતી કરે છે. ચિત્તમાં પાર વગરની શક્તિ રહેલી છે. શક્તિ જુદા જુદા પ્રકારની છે. માણસના કર્મને આધારે ચિત્તની શક્તિ ઉપર ભારે મળવું આવરણ રહેલું છે. જો એની તમામ વૃત્તિઓનો ઉચ્છેદ થાય તો એને મોક્ષપ્રાપ્તિ થવામાં સરળતા રહે છે."

તેમણે વધુમાં કહ્યું હતું: સુકલકડી દેખાતા માણસમાં ઘણી તાકાત હોવાનું માલૂમ પડે છે ત્યારે આશ્ચર્ય એ વાતનું થાય છે કે એનામાં આટલી બધી શક્તિ આવી ક્યાંથી? આ શક્તિ ચિત્તની છે. ચિત્તની એકાગ્રતામાંથી કેવી તાકાત જન્મે છે અને કેવી વિવિધ શક્તિ ઉત્પન્ન થાય છે તે ડૉ. રમણભાઈએ રાજાના હાથીને તેનું પૂછડું પકડીને હાથી જરાક પણ ચસી ન શકે એવી ચિત્તની શક્તિ દાખવનાર એક બાવાની વાત ઉદાહરણ રૂપે કહીને ચિત્તની એકાગ્રતાની શક્તિનો તેમણે મહિમા કર્યો હતો. તેમણે કરાટેના પ્રયોગને પણ ચિત્તની શક્તિના આવિષ્કાર રૂપે લેખાવ્યો હતો.

ચિત્તની એક પ્રકારની શક્તિ તેજોલેશ્યા રૂપે પ્રગટ થાય છે, જે મધ્યાહ્નના સૂર્ય સામે બે હાથ ઊંચા કરીને આંખનું એક મટકું પણ માર્યા વગર સતત તાકી રહેવાની ટેવ કેળવવાથી, બ્રહ્મચર્ય, ક્ષમા, સંયમ તથા ઉપવાસ વગેરે સાધનાથી મેળવી શકાય છે. આ ઉગ્ર તપસ્યાને પરિણામે પ્રાપ્ત થતી તેજોલેશ્યા એ કેવી જબરદસ્ત સિદ્ધિ છે અને તેનો પ્રયોગ કેવો કાર્યસાધક નીવડે છે તે ડૉ. રમણ-લાલે ભગવાન મહાવીરના એક શિષ્ય ગોશાલકે તથા એક વૈશિકના પુત્ર વૈશીકાયને તપસ્યા દ્વારા તેજોલેશ્યા રૂપે પ્રાપ્ત

કરેલી સિદ્ધિના પ્રયોગના દાખલા આપીને દર્શાવ્યું હતું. તેમણે કહ્યું: 'આ તપોલબ્ધિરૂપ તેજોલેશ્યા પીત, કૃષ્ણ, લીલા કપોતી, લાલ તથા શ્વેત એમ વિવિધ વર્ણની છે. તે માણસના મનમાં ઉદ્‌ભવતા ભાવ અને શુભાશુભ વિચારોની ઉત્કટતા તથા પ્રબળતા પ્રમાણે વર્ણ ધારણ કરે છે: ભયંકર અને અશુભ વિચારોના પરિણામે ચિત્તમાંથી શ્યામ તથા અત્યંત શુભ ભાવ અને સારા વિચારોને પરિણામે ચિત્તમાંથી શ્વેત રંગ પ્રગટ થતા હોવાનું તથા વિષયવાસનાના પ્રાબલ્યને પરિણામે લીલા રંગની, સરળ પ્રામાણિક આદમીનાં ચિત્તમાં પીત વર્ણની તથા રાગદ્વેષ વિવર્જિત મનુષ્યના ચિત્તમાં શ્વેત વર્ણની લેશ્યા પ્રગટ થતી હોવાનું વક્તાએ જણાવ્યું. વળી તેમણે કહ્યું કે "પ્રતિક્ષણે ચિત્તમાં લેશ્યાનું પરિવર્તન થતું હોય છે. પરિસ્થિતિ પ્રમાણે મનુષ્યના ચિત્તમાં જે ભાવ, વિચાર, વૃત્તિ પ્રગટે છે તે મુજબ લેશ્યા વર્ણ ધારણ કરે છે. ઘટના સાથે ચિત્ત સંકળાતાં ગ્રન્થિ નિર્માણ અને પરિણામે ભ્રમ થાય, અકારણ ગુસ્સો આવે વગેરે વાત ડો. રમણલાલે અનેક દાખલાઓ આપીને રજૂ કર્યા બાદ કહ્યું કે "માણસ પોતાની લેશ્યા શુદ્ધ કરતો જ રહે તો એને મોક્ષ મળે અને મોક્ષ પામેલો આત્મા અલેશી તરીકે ઓળખાય છે.

ડો. રમણભાઈએ દ્રવ્ય લેશ્યા, ભાવ લેશ્યા વગેરે ક્રમાઓ અંગે કહ્યું, પશુપક્ષીઓની લેશ્યા અંગે પણ કહ્યું અને વિશેષમાં કહ્યું કે "માણસ મૃત્યુની ક્ષણે હોય ત્યારે જે છેલ્લી લેશ્યા લઈને આત્મા છૂટો પડે છે. તે લેશ્યા પ્રમાણે તેની ગતિ થતી હોય છે. લેશ્યા એ જૈન શાસ્ત્રોમાં જ જોવા મળતું પારિભાષિક અંગ છે. વિચાર આમ તો અમૂર્ત છે. છતાં તેના સૂક્ષ્મ પરમાણુઓને લઈને તેને આકૃતિ અને રંગ પ્રાપ્ત થાય છે. ચિત્તની પણ તસવીર લઈ શકાય છે.

ચિત્તની શક્તિ

ડો. ગુણવંત શાહે પૂર્તિ રૂપે ચિત્તની મહાન શક્તિ સંદર્ભે કહ્યું કે ચિત્તની શક્તિ તે યોગબળ છે. સંયમ, લાગણી અને કર્મ આ ત્રિવિધ સંદર્ભે યોગશ્ચિતવૃત્તિ નિરોધ:, સમત્વં યોગમુચ્યતે તથા યોગ: કર્મસુ કૌશલમ આ ત્રણ સૂત્રોનો મહિમા કર્યા પછી ડો. ગુણવંતભાઈએ કહ્યું: 'ચિત્તની શક્તિ ક્રોધમાં વહી જતી હોય છે. ઋષિમુનિઓ શાપ આપતા ત્યારે તેમની હજારો વર્ષની તપ:પ્રાપ્ત શક્તિનો દુર્વ્યય થતો. સંયમથી શક્તિનો સંચય થાય છે. ક્ષમાનો ગુણ કેળવવાથી પણ શક્તિનો દુર્વ્યય થતો અટકાવી શકાય છે. ક્ષમા સ્વત: એક શક્તિ છે. આપણને આપણી ચિત્તની શક્તિનો પરિચય નથી. આપણું ચિત્ત અભિસંધાનોથી જકડાયેલું છે. પૂર્વગ્રહોનાં, ગ્રંથિઓનાં વૃત્તિઓનાં જાળાં દૂર કરીએ તો આપણું ચિત્ત સ્ફૂર્તિ જેવું ઉજાગર રહે. એ ઓછામાં ઓછું વિક્ષિપ્ત રહે.

"કોસ્મોલોજિકલ કોનકોર્ડ" બ્રહ્માંડનો સૂક્ષ્મતમ કક્ષાએ પ્રવર્તતો સંવાદ ખોરવવાનું જ કામ આપણે કરતા હોઈએ છીએ. આ સંવાદ ઓછામાં ઓછો ખોરવે છે તે જૈન સાધુ છે. આપણે આપણી લેશ્યાઓ શુદ્ધ કરવાની જરૂર છે. ધર્મનો એ જ પુરુષાર્થ છે. ક્ષમા એ ધર્મનું મોટામાં મોટું લક્ષણ છે. જેમ સત્ય એ જ ધર્મ છે તેમ ક્ષમા એ જ ધર્મ છે. જૈન ધર્મ એ ક્ષમાનું ગૌરવ કરનારો ધર્મ છે. શ્રી રતનચંદ નાણાવટીએ આભાર માનતાં પ્રથમ બેઠક પૂરી થઈ હતી.

જ્ઞાનનો મહિમા

સાંજે મળેલી બીજી બેઠકમાં મુખ્ય વક્તા પ્રાધ્યાપિકા તારાબહેન શાહે 'જ્ઞાનનો મહિમા' એ વિષે વ્યાખ્યાન આપ્યું હતું. સરળ ભાષા અને પ્રવાહી શૈલી તથા સંખ્યાબંધ ઉદાહરણોથી તેમનું વ્યાખ્યાન રસપ્રદ નીવડ્યું હતું. અધ્યક્ષપદે હતા ડો. ગુણવંતભાઈ શાહ.

શ્રી શશિકલા જરીવાળાએ વક્તાનો પરિચય આપ્યો હતો. શ્રીમતી તારાબહેન શાહે કહ્યું: "મનુષ્યની ક્રિયાઓ પાછળ જ્ઞાનનું બળ રહ્યું છે. જ્ઞાન પ્રાપ્ત કરવું એ સદ્‌ગુણ છે. અજ્ઞાન રહેવું તે દુર્ગુણ છે. વાચન, મનન, ચિંતન એ સર્વ મંગળ પ્રક્રિયાઓ છે. તેમાંથી જ્ઞાન નીપજે છે. જ્ઞાન એ સમૃદ્ધિ છે. પરમ જ્ઞાન એ પરમ સમૃદ્ધિ છે. જ્ઞાનનો પ્રકાશ એ સૂર્યના પ્રકાશ જેવો છે. સૂર્ય કરતાં પણ વધુ તેજસ્વી હોય તો એ જ્ઞાન છે. જ્ઞાની પ્રથમ પોતાનું અને પછી બીજાનું અજ્ઞાન નિવારે છે. જ્ઞાન ગુરુ દ્વારા મળે છે. જ્ઞાન શાસ્ત્રાભ્યાસથી મળે છે. જ્ઞાન પુરુષાર્થના ફળરૂપ છે. જ્ઞાનીઓ જગતના અબૂઝ માનવીઓ માટે જ્ઞાનનો સંચય કરે છે. જ્ઞાનના માર્ગમાં વિઘ્નો આવે તો તે દૂર કરવાના ઉપાય શાસ્ત્રોએ ચિંતવ્યા છે. શાસ્ત્રો સંસારીઓએ વાંચવા જોઈએ. સાધુઓએ પણ તે વાંચવાં જોઈએ. જ્ઞાનપ્રાપ્તિ માટે પાત્રતા જરૂરની છે. પાત્રતા વગર મેળવેલા જ્ઞાનનો દુરુપયોગ થવાનો સંભવ છે. શાસ્ત્રનું જ્ઞાન એ ચમત્કાર દર્શાવવા માટે નથી. જ્ઞાનનું કામ માણસને અસદ્‌વૃત્તિમાંથી સદ્‌વૃત્તિ તરફ દોરવાનું છે. જ્ઞાન એવી વસ્તુ છે, એવી સંપત્તિ છે કે જે ગમે એટલું આપો તો પણ એ કદી ખૂટતું નથી. જ્ઞાન-વિતરણ એ આનંદલક્ષી પ્રવૃત્તિ છે.

શ્રીમતી તારાબહેને વધુમાં કહ્યું: "પ્રકાશને અજવાળે જેમ જીર્ણ વસ્ત્ર સાંધી શકાય છે એમ જ્ઞાનના અજવાળે આપણે આપણું જીર્ણશીર્ણ જીવન સાંધી શકીએ. પ્રકાશનો સ્વભાવ વસ્તુને ભેદીને પ્રવેશવાનો છે. જ્ઞાનનો પ્રકાશ પણ એવો છે, જે આપણી સંકુચિતતાઓને ભેદે છે.

જેમ સમ્યક જ્ઞાન છે તેમ મિથ્યા જ્ઞાન પણ છે. મિથ્યા જ્ઞાન એટલે જૂઠું જ્ઞાન. જેમ વરસાદનું પાણી સર્પના મુખમાં પડતાં ઝેર બને છે, તેમ મિથ્યા દૃષ્ટિવાળા માણસનું જ્ઞાન ભ્રમણાયુક્ત છે. ભ્રમણાયુક્ત જ્ઞાનનું મૂલ્ય નથી. મહત્ત્વ રાગદ્વેષ-વિહોણા જ્ઞાનનું છે.

મતિ જ્ઞાન, શુદ્ધ જ્ઞાન, અવધિ જ્ઞાન, મન:પર્ય જ્ઞાન, કેવળ જ્ઞાન એમ જ્ઞાનના પ્રકારો વિશે વાત કરીને વક્તાએ જ્ઞાન આપનાર ગુરુનું ગૌરવ કરવા ઉપર ભાર મૂકતાં, ગાંધીજી, સિદ્ધરાજ, કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, વગેરેના તે સંદર્ભે દાખલા આપ્યા અને કહ્યું કે જેમ પ્રતિમા ઘડાવવાથી પુણ્ય મળે છે તે જ પ્રમાણે જ્ઞાનનાં પુસ્તક લખાવવાથી પણ પુણ્ય હાંસલ થાય છે.

જ્ઞાન પ્રાપ્તિ અર્થે સદ્‌ગુરુનો નિર્મલ, પારદર્શી કાચ જેવા હૃદયનો, સ્વચ્છ ચિત્તનો, મનની પ્રશાન્ત અવસ્થાનો તથા સમતાનો, એમ આ સર્વનો મહિમા કર્યા પછી શ્રીમતી તારાબહેને કહ્યું: જ્ઞાનપ્રાપ્તિનું મહત્ત્વ ખરું, પરન્તુ વિશેષ મહત્ત્વ જ્ઞાન અનુભવમાં ઊતરે, આચારમાં ઊતરે તેનું છે. જ્ઞાન કરતાં અનુભવ મોટો છે. ગૌતમ સ્વામીના જીવનનો એક પ્રસંગ ટાંકી વક્તાએ કહ્યું કે જ્ઞાનપ્રાપ્તિમાં પ્રમાદ થવો ન જોઈએ. સમયનો પ્રમાદ ન કરવો જોઈએ. આ પ્રમાદ એ અમૃત છે. પ્રમાદ એ મૃત્યુ છે.

જ્ઞાનના ફળો વિશે વાત કરતાં વક્તાએ કહ્યું: જ્ઞાનથી ભ્રમણા ભાંગે છે. જ્ઞાન તૃષ્ણાનો તાર કાપી નાખે છે. જ્ઞાન વિવેકનું ભાન કરાવે છે. જ્ઞાની વિવેકી હોવો જ જોઈએ. જ્ઞાન વિવેકબુદ્ધિ બક્ષે છે. વિવેકથી જ જ્ઞાન શોભે છે. જ્ઞાનને અજવાળે ધાર્મિક અનુષ્ઠાનો સારી પેઠે કરી શકીએ છીએ. ક્રિયામૂલક જ્ઞાન અને જ્ઞાનમૂલક ક્રિયા પરસ્પરને ઉપકારક છે. જ્ઞાન પણ ક્રિયાથી જ શોભે છે. જ્ઞાનનો મોટામાં મોટો લાભ એ છે કે એથી કર્મનો ક્ષય થાય છે. પક્ષા-

ત્તાપ, પ્રાયશ્ચિત અને પચ્ચખાણ એટલે કે પ્રતિજ્ઞા, આ ત્રણનું મહત્ત્વ દર્શાવીને વકતાએ કહ્યું: "જ્ઞાનનું મોટું બળ જીવનને પુણ્યશાળી બનાવે છે. આત્મા અને દેહની ભિન્નતા સમજાવે છે. દુર્ભાવો દૂર થતાં આત્મા શુદ્ધ અને મુકત બને છે. જ્ઞાનથી ચિત્તની સ્થિરતા ટકે છે. આત્મા શુદ્ધ થાય છે અને આત્મા શુદ્ધ થતાં પ્રજ્ઞાનું પ્રાકટય થાય છે. કેવળજ્ઞાન પામતાં આત્માનો સાક્ષાત્કાર થાય છે.

ડો. ગુણવંત શાહે ઉપસંહાર કરતાં યાજ્ઞવલ્કયનું સ્મરણ કર્યું. મૈત્રેયી અને ગાર્ગીને સંભાર્યાં. ગાર્ગી અને યાજ્ઞવલ્કય વચ્ચેના સંવાદની વાત કરી. જ્ઞાન પરત્વે અનુભવનો મહિમા કરી ડો. ગુણવંત શાહે જ્ઞાનની કક્ષાઓ વિશે કહ્યું. માહિતી પછી જ્ઞાન અને જ્ઞાનને પરિણામે ડહાપણ વૈદગ્ધ્ય, અજ્ઞાનની સભાનતા આ સર્વ કક્ષાઓ વિશે કહ્યા પછી બુદ્ધિથી કંઈક વિશેષ એવી પ્રજ્ઞાની વાત કરી. બુદ્ધિવાન મનુષ્ય અને પ્રાજ્ઞ પુરુષ વચ્ચેનો ભેદ દર્શાવ્યો. તેમણે ગ્રંથનો મહિમા કર્યો. ગ્રંથનું સ્વજનના જેવું મહત્ત્વ દર્શાવ્યું. મંદિર કરતાં પણ ગ્રંથાલયનું મહત્ત્વ દર્શાવ્યું. પણ તે સાથે કહ્યું કે માણસે ગ્રંથકીટ થવાનું નથી. ગ્રંથ વાંચતાં વાંચતાં, અભ્યાસ કરતાં, કરતાં જ્ઞાન મેળવતાં મેળવતાં પ્રાજ્ઞ થઈ નિર્ગ્રંથ થવાનું છે. પચ્યું હોય તે જ જ્ઞાન કામનું છે. જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જીવન વિશેની દૃષ્ટિ ઊઘડે છે. જીવનના ઉદ્દેશનું ચિંતવન શરૂ થાય છે. જીવનની પ્રાપ્તિ થાય છે. અસ્તિત્વમાંથી મનુષ્યત્વનો વિકાસ થાય છે. "મારા અસ્તિત્વમાંથી મનુષ્યત્વ વહે છે ખરું?" આ પ્રશ્ન દરેકે પોતાની જાતને વારંવાર પૂછવો જોઈએ. જ્ઞાનીનું એ લક્ષણ છે.

શ્રી મહેન્દ્રભાઈ ઝવેરીએ આભાર માન્યો હતો.

(ક્રમશ:)

જૈન ધર્મની દૃષ્ટિએ શ્રાવકનો આચારધર્મ

અણુવ્રતો-ગુણવ્રતો-શિક્ષાવ્રતો

વંદિતા સૂત્રના આધાર પર

સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહના ત્રણ વ્યાખ્યાનો અભ્યાસ વર્તુળના ઉપક્રમે ઉપર દર્શાવેલા વિષય અંગે સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રાખવામાં આવ્યા હતા. ત્રણે દિવસ જિજ્ઞાસુઓની હાજરીથી સભાગૃહ ભરેલું રહ્યું હતું-આ ત્રણે વ્યાખ્યાનોએ શ્રોતાઓમાં મોટું આકર્ષણ ઊભું કર્યું અને શ્રોતાઓને ડો. રમણભાઈની ધર્મ વિષેની સમજણની ઊંડી જાણકારી મળી-તેમના વિષે શ્રોતાઓના દિલમાં ઊંચી છાપ અંકિત થઈ.

આ ત્રણે વ્યાખ્યાનોની ત્રણ કેસેટો ત્રિશલા ઈલેકટ્રોનિકસે ઉતારી છે. અને જેમને જોઈતી હશે તેમને એક કેસેટના રૂા. ૩૦ ત્રણના રૂા. ૯૦/ ના ભાવે મળી શકશે. પોતાની કેસેટમાં કોઈને વ્યાખ્યાનો ઉતારવા હશે તો તેના રૂા. ૧૦ આપવાના રહેશે.

સંપર્ક સાધો: ત્રિશલા ઈલેકટ્રોનિકસ, ૪-સી, ત્રિશલા બિલ્ડીંગ, ૪ માળે, (લીફટ છે) ખારા કુવાની સામે, ૧૨૨, ઝવેરી બજાર, મુંબઈ-૨. ફોન નં.: ૨૫૮૮૪૬

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

તા. ૭-૧૧-૮૧ના રોજ મળેલી સંઘની વાર્ષિક સામાન્ય સભાએ નીચે પ્રમાણે નિર્ણયો કર્યા છે તેની નોંધ લેવા વિનંતી.

"લવાજમમાં ફેરફાર"

સંઘના આજીવન સભ્ય માટે હાલ લવાજમ રૂા. ૨૫૧ છે, તેને બદલે ૧લી જાન્યુઆરી ૧૯૮૨થી રૂા. ૩૫૧/- લેવામાં આવશે.

સંઘના સભ્ય માટે વાર્ષિક લવાજમ હાલ રૂા. ૨૦-૦૦ છે તેને બદલે ૧લી જાન્યુઆરી, ૧૯૮૨થી રૂા. ૨૫-૦૦ લેવામાં આવશે.

o 'પ્રબુદ્ધ-જીવન'નું વાર્ષિક લવાજમ હાલ રૂા. ૧૫-૦૦ છે તેને બદલે હવેથી રૂા. ૨૦-૦૦ લેવામાં આવશે. જેમના 'પ્રબુદ્ધ જીવન'ના લવાજમો ભરાઈ ગયા છે તેમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

o નવા વર્ષ ૧૯૮૨ના વર્ષના લવાજમો સત્વર મોકલી આપવા સભ્યોને વિનંતી. ૧૯૮૧ના વર્ષના જેમના લવાજમો બાકી છે તે સભ્યો પણ સત્વર મોકલે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

અભ્યાસ વર્તુળ

આગામી કાર્યક્રમો

શ્રી બી. સિંહાનો વાર્તાલાપ

તા. ૨૪-૧૨-૮૧ ગુરુવાર સાંજે ૬-૦૦ વાગે.
વિષય: ઝેન (જાપાન) મેડિટેશન (પ્રયોગ સાથે)
વકતા:- શ્રી બી. પી. સિંહા. (બાર-એટ-લૉ.)
(પ્રવચનને અંતે ધ્યાનનો પ્રયોગ કરાવશે)
સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ,

તા. ૨૬-૧૨-૮૧ શનિવારે સાંજે ૬ વાગે.

શ્રી જગદીશભાઈ નાણાવટીનો વાર્તાલાપ

વકતા:- શ્રી જગદીશભાઈ નાણાવટી (સેક્રેટરી: હિમાલયન ક્લબ)
વિષય:- પર્વતારોહણનો આનંદ (પશ્ચિમઘાટ અને સિક્કીમ-હિમાલય વિષેની લગભગ ૧૦૦ સ્લાઈડો બતાવવામાં આવશે.)
સ્થળ:- પરમાનંદ કાપડીઆ સભાગૃહ.

વકતા દોલતભાઈ બી. દેસાઈ

શનિવાર તા. ૯ જાન્યુઆરીના રોજ શ્રી દોલતભાઈ દેસાઈનો એક વાર્તાલાપ શનિવાર તા. ૯ જાન્યુઆરી, ૧૯૮૨ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સાંજના ૬-૧૫ વાગે 'કૂલે કહ્યું: તમે સ્પર્શ્યા અને હું ખીલ્યું.' એ વિષય ઉપર એક રાખવામાં આવ્યો છે. રસજ્ઞ ભાઈ-બહેનોને હાજર રહેવા અમારું સપ્રેમ નિમંત્રણ છે.

સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર-અભ્યાસ વર્તુળ

"પ્રેમળ જ્યોતિ"

શુક્રવાર, તા. ૮-૧-૮૨ના રોજ, પ્રેમળ જ્યોતિના આશ્રયે, સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, બપોરના ૩-૦૦ વાગે, ડો. એન. વી. મોદીનું, "હિપ્નોટીઝમ દ્વારા દર્દ-ચિકિત્સા" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવેલ છે-એ સમયે આ વિષયને લગતી ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવશે. રસજ્ઞ ભાઈબહેનોને સમયસર હાજર રહેવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

નીરુબહેન શાહ
કન્વીનર, પ્રેમળ જ્યોતિ.

સંયુક્ત રાષ્ટ્રસંઘની બીજી બાજુ

[] કાન્તિ ભટ્ટ

૧૦મી ડિસેમ્બરે માનવહક્ક દિવસ ઉજવાયેલો તે ભારતમાં ટેલિવિઝન ઉપર ત્રણ મિનિટની ફિલ્મ બતાવાઇ ત્યારે જ ઘણાએ જાણ્યું પણ ૨૪મી નવેમ્બરના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસ ઉજવાયો ત્યારે ભાગ્યે જ કોઇને તેની જાણ હતી. સંયુક્ત રાષ્ટ્રસંઘને અમેરિકાના રાષ્ટ્રસંઘ ખાતેના એક વખતના પ્રતિનિધિ ડેનિયલ પેટ્રીક મોયનિહાને બહુ સરસ ઉપમા આપી હતી. "સંયુક્ત રાષ્ટ્રસંઘ એ એક એબ્સર્ડ થિયેટર છે અને તેના સ્ટેજ મેનેજર તરીકે મહાસચિવ કામ કરે છે." આ છપાશે ત્યારે આ સ્ટેજ મેનેજર કે સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવની વરણી થઇ ગઇ હશે. એ પદ જીતનારને વરસે કરવેરા વગરનો રૂા. ૯૦ લાખનો પગાર મળે છે અને દર વર્ષે રૂા. ૨ા લાખનો મનોરંજનનો ખર્ચ મળે છે. ઉપરાંત ન્યુયોર્કમાં એક ફ્લેટ મફત રહેવા મળે છે. ન્યુયોર્કના ફેશનેબલ મેનહટ્ટન વિસ્તારના બ્લુમિંગડેલ નામના સ્ટોરમાંથી તેઓ ઇચ્છે તે ચીજ મફત ખરીદી શકે છે.

આ પ્રકારના ધીંગા પગારવાળા મહાસચિવ પહેલાં ચૂંટાવા માટે પ્રચાર કરતા નહિ, પણ ચાલુ મહાસચિવ શ્રી કુર્ટ વાલ્ડહેમે પોતાની ઉમેદવારીનો પ્રચાર કરવા જગતના ઘણા દેશોનો પ્રવાસ ર્યો હતો. પાંચ વર્ષ પહેલ સંયુક્ત રાષ્ટ્રસંઘનું વાર્ષિક બજેટ રૂા. ૫૪૦ ક્રોડનું હતું તે અત્યારે લગભગ બમણું થઇ ગયું છે. ઘણી વખત સંયુક્ત રાષ્ટ્રસંઘને નાણાંની ભીડ પણ પડી જાય છે. ૧૫૬ જેટલા સભ્ય દેશો પૈકી ઘણા દેશો પોતાની સભ્ય-ફી પણ આપી શકતા નથી. ઉપરાંત રાષ્ટ્રસંઘે ભૂતકાળમાં શાંતિ માટે અમુક દેશોમાં લશ્કર મોકલ્યું હોય તેના ખર્ચાની ફાળવણી પણ કરતા નથી. ચીન પાસે રૂા. ૬૦ ક્રોડની રકમ લેણી હતી તે ચીન આપતું જ નહોતું. હવે હપ્તાવાર દર વર્ષે રૂા. ૫ ક્રોડ આપવા તૈયાર થયું છે. ઉપરાંત દક્ષિણ આફ્રિકા અને રશિયા સહિત ૨૨ દેશોએ પોતાને ભાગે પડતા ખર્ચની ફાળવણી કરી નથી.

સંયુક્ત રાષ્ટ્રસંઘની ક્વેરીને કારણે ન્યુયોર્કમાં હમેશાં હોટલની તંગી રહેતી હતી. હોટલોની એક લાખ રૂમો હમેશાં ભરેલી રહેતી એટલે સંયુક્ત રાષ્ટ્રસંઘે હયાટ ઇન્ટરનેશનલ નામની કંપનીના સહયોગમાં યુ. એન. હોટલ ઊભી ક્રવી હતી. તે હોટલનું નામ યુનાઇટેડ નેશન્સ પ્લાઝા હોટલ રખાયું છે. ચાલીસ માળની આ હોટલમાં પ્રથમ ૨૬ માળમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય દેશોની ઓફિસો છે. આ હોટલના ૨૭મે માળે સ્વિમિંગ પૂલ છે. બાર માળમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય દેશોના પ્રતિનિધિઓને કટુંબ સહિત ફ્લેટ ન મળે તો હોટલમાં રહેવાની સગવડ છે.

આ હોટલમાં દસ ભાષા જાણનારો સ્ટાફ રખાયો છે. હોટલનું રાત્રીનું ખાણું રૂા. ૨૦૦ થી રૂા. ૪૫૦ સુધીમાં વ્યક્તિ દીઠ મળે છે. રૂમોનું ભાડું ૨૪ ક્લાકનું રૂા. ૧૧૫૦ થી રૂા. ૬૦૦૦ સુધીનું છે. હોટલમાં સોના-બાથ, ડ્રેસીંગ રૂમો અને કસરત કરવાનો આખો અખાડો છે. ચાલીસમે માળે રાષ્ટ્રસંઘના મહેમાનો અને સભ્યો માટે ટેનિસ રમવાની કોર્ટ છે. ગરીબ દેશોના પ્રતિનિધિઓને કોકટેલની પાર્ટી આપીને કામ કઢાવવા માટે આ હોટલના ઘણા રૂમો વપરાય છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના સ્ટાફમાં નિમાવા માટે જબરા દબાણ અને હવે લાંચરુશ્વતનો પણ ઉપયોગ થાય છે. ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્રસંઘના આર્થિક સંશોધન ખાતામાં દર વર્ષે રૂા. ૩૦૦ ક્રોડનું બજેટ હોય છે તેમાં નિમણૂક મેળવવી તે મોભો ગણાય છે. આ ખાતામાં ૩૦૦૦ જેટલા અર્થશાસ્ત્રીઓ કામ કરે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ ગરીબ દેશો માટે શું શું કરે છે તેના સમાચારો પ્રગટ કરાવવા રાષ્ટ્રસંઘ આતુર હોય છે છતાં એવા સમાચાર છપાતા નથી એટલે ગયે વર્ષે રાષ્ટ્રસંઘે રૂા. ૪૩ લાખ ખર્ચીને ૧૦ દેશોના વર્તમાનપત્રોમાં જાહેરાત રૂપે ન દેખાય તેવી પૂર્તિઓ પ્રગટ કરાવીને પોતાનો પ્રચાર ર્યો હતો. ભારતના એક અંગ્રેજી છાપાને પણ આવી કિંમત ચુકવાયેલી પૂર્તિનો લાભ મળ્યો હતો.

ગરીબ દેશોની ગરીબી દૂર કરવાની વાતો કરનારા સમૃદ્ધ દેશો અને ખુદ ગરીબ દેશોના પ્રતિનિધિઓની લાઈફસ્ટાઈલ જોવા જેવી હોય છે. આ લોકો કેરીલિકમાં પોર્ટેબલ ફોન સાથે એરકન્ડીશન્ડ ઓફિસમાં આવે છે. ઘણાની ઓફિસમાં દારૂના બાર પણ હોય છે. સૌથી મોટો વિરોધાભાસ ઓક્ટોબર મહિનામાં મેક્સીકોના હિલ સ્ટેશન જેવા ગણાતા મોજશોખના ગામ કાનકૂન ખાતે મળેલી ગરીબ અને તવંગર દેશોની શિખર પરિષદમાં દેખાતો હતો.

ગરીબોનો ઉદ્ધાર કરવા કાનકૂન ખાતે ૨૨ સરકારોના વડાઓ આવ્યા હતા. તેમની સાથે ૧૫૮૪ જેટલા ડેલીગેટો હતા. ૩૪૨૨ જેટલા પત્રકારો કાનકૂન પરિષદનો અહેવાલ લેવા આવ્યાં હતાં. તે બધાના રક્ષણ માટે છ ગનબોટ ઊભી રખાઇ હતી. કાનકૂન ઉપર ૨૨ જેટલા હેલિકોપ્ટરો સતત ઘુમતા હતા અને ૫૦૦૦ જેટલા છૂપાવેશના જાસૂસો આસપાસ ફરતા હતા. રોનાલ્ડ રેગન અને બ્રિટનના માર્ગારેટ થેચર પોતપોતાના શાહી વિમાનોમાં આવ્યા હતા. સાઉદી અરેબિયાન કાઉન પ્રિન્સ ફહાદ તેનું ભભકેદાર જંબો જેટ વિમાન લઇને આવ્યા હતા, અલ્જિરિયા જેવા દેશના પ્રમુખ બેન જેડીદ પણ પોતાનું વિમાન લઇને આવ્યા હતા. ફિલિપાઇન્સના પ્રમુખ માર્કોસે પોતાની હોટલના રૂમમાં વાપરવા માટે મનીલાથી પોતાની પસંદગીનું ફર્નિચર અગાઉથી વિમાન વાટે મોકલ્યું હતું. માર્ગરેટ થેચર પોતાના હેર સ્ટાઇલિસ્ટને સાથે લાવ્યાં હતાં. કાનકૂનની કોઇ પણ હોટલમાં રૂા. ૭૨૦ની નીચેની દારૂની બોટલ મળતી નથી. હોટલનું ભાડું ૯૦૦થી નીચું હોતું નથી.

ગરીબ દેશો વિષેની સતત વાતો કરીને વિખરાઈ ગયેલા પ્રતિનિધિઓ કંઈ પણ ઉકાળ્યા વગર સ્વદેશ પાછા ફર્યા હતા, પણ સંયુક્ત રાષ્ટ્રસંઘની વિવિધ શાખાંઓમાં વરસભર સતત ગરીબી દૂર કરવાની વાતો થતી રહે છે. ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન ("ફાઓ") નામની સંસ્થા પણ ગરીબ દેશોની ભૂખ ભાંગવાની વાતો ર્યા કરે છે. તેનું વાર્ષિક બજેટ રૂા. ૩૬૦ ક્રોડનું છે. દર વર્ષે આ સંસ્થા જગતનું અન્ન ઉત્પાદન વધારવાનો ઠુંબેશ કરે છે, પણ ઉત્પાદન વધવાને બદલે 'ફાઓ'નો ખર્ચ વધતો જાય છે. રૂા. ૩૬૦ ક્રોડના બજેટમાંથી રૂા. ૨૪૦ ક્રોડની રકમ તો 'ફાઓ'ના સ્ટાફ અને નિષ્ણાતોના પગારમાં ચાલી જાય છે. "ફાઓ"ની દેશ-પરદેશની પરિષદો એટલી મળતી હતી કે તેના ડાયરેક્ટર જનરલ શ્રી સાઓમા જે એક ગરીબ દેશમાંથી આવતા હતા તેમણે ૧૫૫ જેટલી આંતરરાષ્ટ્રીય પરિષદો કેન્સલ કરાવીને પૈસા બચાવ્યા હતા. તેમણે ત્યારે કહેલું કે ગરીબ દેશોને ચર્ચાની નહીં, પણ ચોખાની જરૂર છે. જો કે પછી આ ડાયરેક્ટર જનરલ જૂના થયા એટલે તે પણ મોજમાં પડી ગયા અને તેમણે ફર્નિચર, ઓફિસ સજાવટ, મોટર વાહનો અને ફેશનેબલ ટેલિફોનો ઉપર ૨૫ ટકા ખર્ચ વધારી મૂક્યો હતો. આ ડાયરેક્ટર જનરલને પોતાનો આ હોદ્દો એટલો આકર્ષક લાગ્યો કે પછી ફરીથી ચૂંટાવા માટે તેમણે

આગાઉથી શ્રી ઑતુલેની માફક એક ભંડોળ પેદા કર્યું. તેનું નામ તેમણે "ટેકનિકલ કો-ઓપરેશન પ્રોગ્રામ" રાખ્યું. તે કાર્યક્રમ માટે રૂા. ૪૫ કરોડની રકમ મંજૂર કરાવી. એ પછી પોતાની ચૂંટણી માટે તેમાંથી અઢળક રકમ ખર્ચી, એ ખર્ચનો હિસાબ રજૂ કર્યો તેમાં તેમણે "બકામા ટાપુમાં જે ઘેટાઓ પુરાયા હોય તેનો ખોરાક" અને વેનેઝૂએલા જેવા પૈસાપાત્ર દેશમાં અન્નના કાર્યક્રમનો ખર્ચ ઉધાર્યો હતો!

એવો આક્ષેપ થાય છે કે સંયુકત રાષ્ટ્રસંઘના આર્થિક સંશોધન ખાતામાં ગરીબ દેશોની આર્થિક સ્થિતિના આંકડા બનાવટી હોય છે. યુનિવર્સિટી ઓફ પેન્સીલવેનિયાના અર્થશાસ્ત્રી ઈરવીંગ બી. ફ્રાવીસ કહે છે કે ઘણા ગરીબ દેશો આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ અને બીજી સહાય કરનારી સંસ્થાઓ પાસેથી આર્થિક મદદ મેળવવા પોતાના સ્ટેટીસ્ટીકસ નીચા બતાવે છે: 'અંકટાડ' નામની રાષ્ટ્રસંઘની વેપાર અને વિકાસની સંસ્થાના ઉત્પાદન ખાતાના ડિરેકટરોએ અમુક ગરીબ દેશોની પોલાદ પેદા કરવાની શકિતના એક લેખમાં વખાણ કર્યા હતા. તે લેખને પ્રગટ જ થવા દેવાયો નહિ. નોબેલ પારિતોષિક વિજેતા વાસીલી ડબલ્યુ લીઓનટીફે "ફ્યુચર ઓફ ધી વર્લ્ડ ઈકોનોમી" નામનો જગતના ભાવિ અર્થતંત્રનો સરસ અહેવાલ તૈયાર કર્યો, પણ રાષ્ટ્રસંઘના રશિયન પ્રતિનિધિએ તેને ફગાવી દીધો હતો. રૂા. ૩૦૦ કરોડને ખર્ચે આમ રાષ્ટ્રસંઘનું સંશોધન ખાતું ચલાવાય છે પણ તેને કોઈ ગણકારતું નથી. સંયુકત રાષ્ટ્રસંઘના અર્થશાસ્ત્રી તરીકે કામ કરી ગયેલાને યુરોપની સંસ્થાઓ રાખતી નથી. ઓ.ઈ.સી.ડી. નામની યુરોપના સમૃદ્ધ દેશોની આર્થિક સંસ્થા છે તે ગરીબ દેશોના અર્થશાસ્ત્રીને નોકરીમાં જ રાખતી નથી!

સંયુકત રાષ્ટ્રસંઘની કોઈ ઉપયોગીતા નથી તેવી ટીકા કરનારને કુર્ટ વાલ્ડહેમે જો કે સારો જવાબ આપતા હતા. તેમણે કહેલું "રાષ્ટ્રસંઘે છેલ્લા ૧૦ વર્ષમાં ત્રણેક ક્ષેત્રે સારો ફાળો આપ્યો છે. સૌ પ્રથમ તો બે મહાન સત્તાઓ વચ્ચેની લશ્કરી અથડામણને ટાળી છે. બીજું આફ્રિકામાં ગુલામ દેશોને જલદીથી સ્વતંત્રતા મળે તે માટેની પ્રક્રિયાને રાષ્ટ્રસંઘે ઝડપી બનાવી છે અને ગરીબ તેમ જ સમૃદ્ધ દેશો વચ્ચેની ખાઈને રાષ્ટ્રસંઘે પ્રગટ કરી બતાવી છે. કુર્ટ વાલ્ડહેમે કહ્યું હતું કે મધ્ય પૂર્વના રાષ્ટ્રસંઘના શાંતિદળને મોકલીને ખૂનખાર જંગને ટાળ્યું છે.

આ દાવાનો સન્ડે ઓબ્ઝરવરના ભૂતપૂર્વ તંત્રી શ્રી કોનોર ક્રુઈઝ ઓબ્રીયાન સરસ જવાબ આપે છે. તેઓ કહે છે કે રાષ્ટ્રસંઘ સાવ શકિતહીન છે. ઈરાન અને ઈરાક જેવા નાના દેશો યુદ્ધે ચઢે ત્યાં રાષ્ટ્રસંઘ કંઈ કરી શકતું નથી. ઈરાનમાં અમેરિકન બાનો પકડાયા ત્યારે તેમાં મધ્યસ્થી થવા ગયેલા કુર્ટ વાલ્ડહેમનો ભયંકર ઠઠ્ઠો ઉડાવાયો હતો અને જગતભરના લોકોએ ટી. વી. ઉપર વાલ્ડહેમ સામે ઈરાનના વિદ્યાર્થીઓ દાંતિયા કરતા હતા તે જોયું હતું. શ્રી ઓબ્રિયાન કહે છે કે સુએઝમાં ઈજિપ્ત અને બ્રિટન વચ્ચે યુદ્ધ થયેલું તેમાં રાષ્ટ્રસંઘે જો કંઈ કર્યું હોય તો બ્રિટનની આબરૂ બચાવવા માટે જ કર્યું હતું. ઈજિપ્ત ઉપર હુમલો કર્યા પછી બ્રિટનને તે ભારે પડી ગયો. આબરૂ રાખવા રાષ્ટ્રસંઘ દ્વારા શાંતિની અપીલ કરાવી હતી. આ પ્રકારે ક્યુબામાં મિસાઈલો લઈ જનારા રશિયાના વડા પ્રધાન કુશ્ચેવની આબરૂ બચાવવાનું કામ રાષ્ટ્રસંઘના તે સમયના મહાસચિવ ઉ થાને કર્યું હતું.

સંયુકત રાષ્ટ્રસંઘની ઉપયોગીતા વિષે ચર્ચા થાય ત્યારે ખુદ પ્રતિનિધિઓ જ રાષ્ટ્રસંઘની નિરર્થકતાની ચર્ચા કરે છે. એક ઈરાકી ડેલિગેટે કહ્યું, "અમારે ત્યાં અરબીમાં કહેવત છે કે જે માણસ ગધેડાને ઊંચા અને સાંકડા મિનારામાં ચઢાવીને લઈ જાય તેણે ગધેડાને પછી નીચે ઉતારતા પણ શીખવું જોઈએ." ત્યારે એક યુરોપિયન પ્રતિનિધિએ કહ્યું, "વાંધો નહિ, આપણે ત્યાં કોઈ ગધેડાને ઊંચે મિનારે લઈ જાય પછી તે નીચે ઉતારી ન શકે ત્યારે રાષ્ટ્રસંઘ તેની વહારે ચઢે છે.

'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' જેવો તાલ

☐ વિજયગુપ્ત મૌર્ય

પ્રમુખ રેગને પ્રમુખપદ સંભાળ્યા પછી પહેલા દસ મહિનામાં વધુ વિનાશક શસ્ત્રો બનાવવાના ત્રણ નિર્ણયો લીધા છે: યુદ્ધના ઘોરણે ન્યુટ્રોન બોમ્બ બનાવવાનો, અમેરિકા જેવા ધનવાન દેશ માટે પણ અતિ મોંઘાં બી-૧ નામનાં વિમાનો બનાવવાનો અને એમ-એકસ મિસાઈલ નામના અતિ મોંઘા લડાયક રોકેટો બનાવવાનો. આ ત્રણ શસ્ત્રોમાંથી ન્યુટ્રોન બોમ્બ બનાવવાનો નિર્ણય આણુવિગ્રહની શકયતાને નજીક લાવે છે, જો કે પ્રમુખ રેગનની વિતંડાવાદી દલીલ એવી છે કે અમેરિકા પાસે ન્યુટ્રોન બોમ્બ હાથવગા હશે તો રશિયા પશ્ચિમ યુરોપ પર આક્રમણ કરતાં ડરશે. આ દલીલમાં એમ માની લેવામાં આવ્યું છે કે રશિયાના નેતાઓ એવા પાગલ છે કે તેઓ પશ્ચિમ યુરોપ પર આક્રમણ કરીને આણુવિગ્રહ, વિશ્વવિગ્રહ, પોતાનો નાશ અને આખી દુનિયાનો નાશ વહોરી લેવા ઉત્સુક છે.

ન્યુટ્રોન બોમ્બ બનાવવાનો નિર્ણય જિમી કાર્ટર પ્રમુખ થયા તે પહેલાં લેવાઈ ગયો હતો. કાર્ટરે ન્યુટ્રોન બોમ્બ પશ્ચિમ યુરોપમાં ગોઠવવા દેવા પશ્ચિમ યુરોપના મિત્ર દેશોને સમજાવવાના પ્રયાસ કર્યા હતા; પરંતુ પશ્ચિમ યુરોપમાં ન્યુટ્રોન બોમ્બ ગોઠવાય તો તેની ઉપર પશ્ચિમી યુરોપી દેશોનો કાબૂ ન રહે અને તેને પ્રણાલિકાગત શસ્ત્ર તરીકે વાપરવાની લાલચને અમેરિકન સેનાપતિઓ અને પ્રમુખ વશ થઇ જાય તો તેમાંથી આણુશસ્ત્રોવાળો વિશ્વવિગ્રહ ફાટી નીકળે, જેમાં બંને બાજુથી હજારો આણુશસ્ત્રો ફેંકવામાં આવે. આવા યુદ્ધમાં યુરોપનો પહેલો સર્વનાશ થઈ જાય; આથી બ્રિટન, પશ્ચિમ જર્મની, નેધરલેન્ડ, બેલ્જિયમ વગેરે દેશોમાં અમેરિકાના આણુશસ્ત્રો ગોઠવવા દેવા સામે પ્રજાના ગણનાપાત્ર વર્ગનો વિરોધ છે. નવેમ્બરના પહેલા પખવાડિયામાં આ દેશોમાં તથા બ્રિટનમાં લાખો પ્રજાજનોએ અમેરિકન આણુશસ્ત્રો ગોઠવવાની યોજના સામે વિરોધમાં પ્રચંડ દેખાવો કર્યા હતા.

પ્રમુખ કાર્ટરને જ્યારે પશ્ચિમ યુરોપી મિત્ર દેશોની સંમતિ ન મળી ત્યારે ગુસ્સે થઈને તેમને સમજાવવાનું છોડી દીધું હતું અને ન્યુટ્રોન બોમ્બ વાપરવા માટે તૈયાર કરવાને બદલે તેના છૂટા ભાગ બનાવી રાખવાનો હુકમ કર્યો હતો. હવે રેગને કાર્ટરથી આગળ વધીને વાપરવાલાયક ન્યુટ્રોન બોમ્બનાં શસ્ત્રો તૈયાર કરવાનો હુકમ આપી દીધો છે. ન્યુટ્રોન શસ્ત્રો બે પ્રકારનાં છે: એક હોવિત્ઝર નામની કદાવર તોપો વડે ફેંકવાના તોપગોળાનો પ્રકાર અને બીજો લાન્સ નામનાં આશરે ૨૦ ફૂટ લાંબા રોકેટો વડે ફેંકવાનો. તોપગોળા તરીકે ન્યુટ્રોન બોમ્બગોળો ૧૬ કિલોમીટર દૂર ફેંકી શકાય અને લાન્સ રોકેટ વડે ૧૧૦ કિલોમીટરથી જરા વધારે. અમેરિકા તેને આણુશસ્ત્ર નહીં પણ પ્રણાલિકાગત સાદું શસ્ત્ર ગણવા માગે છે! તેની દલીલ એવી છે કે ન્યુટ્રોન શસ્ત્ર યુદ્ધમાં શત્રુના સૈન્ય ઉપર જ ફેંકવાનાં હોવાથી તેમાં નાગરિક ખુવારી ઘણી ઓછી થશે અને શત્રુ સૈન્યનો મોટી સંખ્યામાં નાશ થઇ શકશે. વળી ન્યુટ્રોન શસ્ત્રની સ્ફોટક શકિત ઘણી ઓછી હોવાથી તેના વડે મિલકતનો નાશ બહુ ઓછો થશે. એક મૂડીવાદી દેશ તરીકે અમેરિકાને માણસ કરતાં મિલકતનું મહત્ત્વ વધારે છે. ન્યુટ્રોન બોમ્બ કરતાં હાઈડ્રોજન બોમ્બ કંઈ નહીં તો દસ ગણો મોટો હોય, તેમ છતાં હાઈડ્રોજન બોમ્બ કરતાં ન્યુટ્રોન બોમ્બ દસમા ભાગની મિલકતનો જ નાશ કરે.

અમેરિકાની દલીલ એવી છે કે "નાટો" સૈન્ય પાસે માત્ર

૧૧ હજાર રણગાડીઓ છે, ત્યારે રશિયાના વૉર્સો કરારના દેશો પાસે ૪૪ હજાર રણગાડીઓ છે. આથી આવડી મોટી દુશ્મન સેનાના આક્રમણને ખાળવું હોય તો ન્યુટ્રોન બૉમ્બ વડે જ ખાળી શકાય. તાજેતરમાં અમેરિકાના વિદેશપ્રધાન હેગે કહ્યું છે કે શત્રુ સૈન્યની ઉપર આકાશમાં ન્યુટ્રોન બૉમ્બ ફોડવામાં આવે તો નીચે શત્રુની સેના નાશ પામે. પ્રમુખ રેગને કેટલીક બેજવાબદાર વાતો પણ કરી છે. તેમણે કહ્યું છે કે આણુશસ્ત્રો વાપર્યા વિના પ્રણાલિકાગત શસ્ત્રો વડે યુદ્ધ થઈ શકે. વળી જો આણુયુદ્ધ થાય તો તેને યુરોપ પૂરતું મર્યાદિત રાખી શકાય. તેના જવાબમાં રશિયાના સંરક્ષણપ્રધાને કહ્યું છે કે જેણે આપઘાત કરવો હોય એવો ગાંડો માણસ જ મર્યાદિત આણુયુદ્ધની વાતો કરી શકે. જો અમારા ઉપર એક પણ આણુશસ્ત્ર મોકલવામાં આવશે તો અમે અમારા તમામ બળ વડે સામનો કરશું પણ તેથી બધાનો નાશ થશે.

રશિયન નેતાઓના આ પ્રત્યાઘાત બતાવે છે કે દારૂગોળાના ભંડારમાં એક તણખો પણ પડે તો પણ વિશ્વવિગ્રહ ફાટી નીકળવાનો ભય છે. પશ્ચિમ યુરોપી દેશોને એવી ચિંતા છે કે અમેરિકાનાં આણુશસ્ત્રો યુરોપી દેશોમાં ગોઠવાયેલાં હોય તો પણ આ શસ્ત્રો પર યુરોપી દેશોનો કાબૂ ન હોવાથી અમેરિકનો જરૂર વિના પણ તેમનો ઉપયોગ કરી નાખવા લલચાય. બીજા વિશ્વવિગ્રહમાં હારી રહેલા જાપાન ઉપર આણુબૉમ્બ નાખવાની જરાય જરૂર ન હતી, છતાં અમેરિકાએ હિરોશિમા અને નાગાસાકી પર એકેક આણુબૉમ્બ ઝીંકી દીધો, કારણ કે તેની પાસે આણુબૉમ્બ હતા, અને બીજા કોઈ પાસે ન હતા. તે પછી કોરિયાના યુદ્ધમાં અને વિયેટનામના વિગ્રહમાં અમેરિકન નેતાઓએ આણુબૉમ્બ વાપરવાનું વિચારી જોયું હતું; પરંતુ રશિયા પાસે આણુબૉમ્બ હોવાથી વળતા ફટકાની બીકથી એ વિચાર માંડી વાળ્યો હતો. તેનો અર્થ એ કે આણુશસ્ત્રોનો ઉપયોગ ટાળવો હોય તો બંને પક્ષો વચ્ચે બળની સમતુલા જળવાવી જોઈએ, જેથી કોઈ પણ એક પક્ષ બીજા પક્ષની બીકના લીધે આણુશસ્ત્ર વાપરવાની હિંમત ન કરે.

પરંતુ પ્રમુખ રેગનની નીતિ એવી છે કે અમેરિકાએ રશિયા કરતાં કયાંય વધુ બળવાન થવું જોઈએ જેથી બળના સ્થાનેથી રશિયા સાથે વાત થઈ શકે. પ્રમુખ કાર્ટરે પ્રમુખ બ્રેઝનેવ સાથે વર્ષો સુધી વાટાઘાટો કરીને આણુશસ્ત્રોની મર્યાદા અને તેમના નિયમન વિશે સૉલ્ટ-૨ નામના કરાર કર્યા હતા, પણ રશિયા કરતાં સવાયા બળના સ્થાનેથી વાત કરવાના હિમાયતી રેગને આ કરાર મંજૂર કર્યા નથી અને કૉંગ્રેસ પાસેથી મંજૂર કરાવ્યા નથી. તેના જવાબમાં બ્રેઝનેવે અને તેમના સંરક્ષણપ્રધાન ઉસ્તિનોવે પડકાર ફેંકયો છે કે અમે બળની સમતુલા ખોરવાવા દઈશું નહીં અને અમેરિકાને વધુ બળવાન થવા દઈશું નહીં.

ન્યુટ્રોન બૉમ્બ તો તૈયાર થતા જાય છે તેમ અમેરિકામાં ખડકાતા જાય છે; પરંતુ નવી પેઢીનાં બે જાતનાં શસ્ત્રો યુરોપમાં ગોઠવવા દેવાના અમેરિકાના દબાણને બ્રિટન, પશ્ચિમ જર્મની અને ઈટાલીની સરકારો વશ થઈ ગઈ છે. તેની સામે પ્રજામાં પ્રચંડ વિરોધ ઉઠયો છે. આ શસ્ત્રો છે પર્શિંગ-૨ નામનાં રોકેટો અને ક્રુઝ મિસાઈલ નામનાં વિમાન જેવાં રોકેટો, જે બંનેમાં આણુશસ્ત્રો કે હાઈડ્રોજન બૉમ્બ હશે. તેમને પશ્ચિમ યુરોપમાં રશિયા સામે તાકીને ગોઠવવામાં આવે તો દેખીતી વાત છે કે યુદ્ધની સંભાવના વખતે સ્વરક્ષણ માટે રશિયાને તેમનો નાશ કરવાની લાલચ થાય. જો યુદ્ધના દારૂખાનામાં તણખો પડે તો પશ્ચિમ યુરોપી પ્રજા જાણે છે કે રશિયન રોકેટોને અમેરિકા પર ત્રાટકતાં ત્રીસ મિનિટ લાગે, પરંતુ તે પહેલાં પશ્ચિમ યુરોપ પર ત્રાટકતાં પાંચ મિનિટ પણ ન લાગે અને પહેલા જ ફટકામાં યુરોપના કરોડો પ્રજાજનો માર્યા જાય તથા પશ્ચિમ યુરોપી સમાજ અને સંસ્કૃતિનો નાશ થાય. આથી પર્શિંગ અને ક્રુઝ મિસાઈલનો વિરોધ કરનારા યુરોપી લોકો રશિયાને ઉશ્કેરાટ કે લાલચનું કારણ આપવા નથી માગતા.

ચર્ચિલનું અવિચારી અનુકરણ કરતા બ્રિટિશ વડા પ્રધાન માર્ગારેટ થેચર તો આંખો મીંચીને રેગનને અનુસરે છે, પરંતુ પશ્ચિમ જર્મનીના વડા પ્રધાન સ્મિથ મૂંઝવણમાં છે. તેમના પક્ષમાં પણ આ અમેરિકન શસ્ત્રો સામે વિરોધ છે. બીજી તરફ અમેરિકાની "નાટો" છાવણીમાં ભંગાણ પડે તે સ્મિથને પાલવે તેમ નથી આથી તેમણે બે શરતે અમેરિકન આણુશસ્ત્રો પોતાના દેશમાં ગોઠવવાની રજા આપી છે કે બીજા નાટો દેશો પણ સંમત થાય અને પ્રમુખ રેગન પ્રમુખ બ્રેઝનેવ સાથે આણુશસ્ત્રોની સંખ્યાની મર્યાદા અને તેમના નિયમન માટે નવેસરથી વાટાઘાટ કરે. રેગન વધુ બળવાન બન્યા પછી જ વાટાઘાટ કરવા માગે છે. આથી તેઓ વાટાઘાટને વિલંબમાં નાખવા માગે છે.

ક્રુઝ મિસાઈલ એક એવું શસ્ત્ર છે કે જે રશિયાને ચિંતા કરાવે છે. તે ૮૦૦ કિલોમીટરથી વધુ દૂર નથી જઈ શકતું, પણ ધરતી કે પાણીની સપાટી નજીક ઊડતું હોવાથી દુશ્મનો પોતાના રેડારમાં તેને આવતું જોઈ શકે નહીં.

ફ્રાન્સ અમેરિકાના લશ્કરી જૂથનું સભ્ય નથી, તેથી તે પોતાની ભૂમિ પર અમેરિકન શસ્ત્રો નહીં ગોઠવવા દે. પણ તે પોતાનાં આણુશસ્ત્રો ધરાવે છે અને હવે અમેરિકાએ ન્યુટ્રોન બૉમ્બ બનાવ્યો તેથી હવે ફ્રાન્સ પણ બનાવશે અને તેના જવાબમાં રશિયા પણ બનાવશે. ન્યુટ્રોન બૉમ્બ પશ્ચિમ જર્મનીમાં ગોઠવવા દેવા વડા પ્રધાન સ્મિથ સંમત થવાની વકી છે. તેથી જર્મન પ્રજામાં ઉગ્ર વિરોધ સળગી ઉઠયો છે. હજારો બસ અને સેંકડો ટ્રેન ભરીને લાખો જર્મનો વિરોધના પ્રદર્શનમાં ભાગ લેવા આવ્યા હતા. અમેરિકાના સંરક્ષણપ્રધાન વાઈનબર્ગર કહ્યું છે કે ન્યુટ્રોન બૉમ્બ હમણાં તો અમેરિકામાં જ એકઠા થવાના છે, તેથી પશ્ચિમી યુરોપી મિત્રોને પૂછવાની જરૂર નથી; પરંતુ અમેરિકન સૈન્યોને લગતા મુશ્કેલ નિર્ણયો લેવાનું કામ આપણા સૌથી વધુ ગાઢ મિત્રોને સોંપી શકાય નહીં.

આ શબ્દો બતાવે છે કે અમેરિકાનું રેગનતંત્ર પોતાનું ધાર્યું કરવા માગે છે.

રશિયા સામે બળના સ્થાનેથી વાત કરવા રેગને અમેરિકન પ્રજાના નબળા વર્ગ માટેનાં કલ્યાણના કામોના ખર્ચ પર અતિ ભારે કાપ કે ચોકડો મૂક્યો છે, અને ૧૯૮૨ના લશ્કરી ખર્ચ માટે ૨૨૧ અબજ ડૉલર તથા ૧૯૮૩ અને ૧૯૮૪ના લશ્કરી ખર્ચ માટે ૫૫૪ અબજ ડૉલર ફાળવ્યા છે! હવે એમ-એકસ મિસાઈલ તથા બી-૧ બૉમ્બર વિમાનો બનાવવાનું કામ હાથમાં લેતાં લશ્કરી ખર્ચ કયાંય વધી જશે. એમ-એકસ મિસાઈલ વિશેનું ગાંડપણ જાણવા જેવું છે. અત્યારે માઈન્યુટમેન નામનાં રોકેટો આણુશસ્ત્રોથી સજજ કરીને "ગુપ્ત" ભોંયરાં (સિલો)માં છુપાવવામાં આવ્યાં છે. અમેરિકન સરકારની દલીલ એવી છે કે રશિયન જાસૂસી ઉપગ્રહો આ રોકેટો ક્યાં છે તે જાણે છે. તેથી રશિયાએ પહેલો ફટકો મારવો હોય તો તે પોતાનાં રોકેટો વડે આ બધાં અમેરિકન રોકેટોને ભોંયરામાં જ ફૂંકી દે! આથી બીજા સેંકડો એમ-એકસ રોકેટો બનાવવાં અને તેમના માટે બીજાં હજારો ભોંયરાં ખોદવાં. પછી એમ-એકસ રોકેટોને આ ભોંયરામાં બદલ્યા કરવાં, જેથી અવકાશમાં રશિયન જાસૂસી ઉપગ્રહો થાપ ખાઈ જાય અને કયા ભોંયરામાં એમ-એકસ રોકેટો છે અને કયા ભોંયરાં ખાલી છે તે જાણી શકે નહીં. અથવા આ મિસાઈલોને રાક્ષસી કદની ટ્રકો ઉપર ગોઠવીને તેમની હેરફેર કર્યા કરવી, જેથી કયાં કેટલાં એમ-એકસ મિસાઈલ છે તેની જાણ આક્રમણ સમયે રશિયનોને હોય નહીં. તેથી આ મિસાઈલો બચી જાય અને તેમને રશિયા પર ઝીંકી શકાય.

આ બધાં શસ્ત્રો દુનિયા માટે કેવાં ભયરૂપ છે એનો ખ્યાલ આમાંથી મળે છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧.